डॉ. बाबासाहेब आंबेडकर ओपन युनिवर्सिटी

BAOU Education for All

# ES-232

# સમાજના વિશિષ્ટ વર્ગોનું શિક્ષણ-કન્યા કેળવણી

## વિભાગ

# 1

## મહિલા શિક્ષણ અને કન્યા કેળવણી


એકમ-1 કન્યા કેળવણીની સમસ્યા

એકમ-2 ભારતીય સમાજમાં સ્ત્રીઓની સમસ્યાઓ અને ઉપાયો

એકમ-3 મહિલા શિક્ષણ

એકમ-4 શિક્ષણમાં સમાન તક

**ES-232, સમાજના વિશિષ્ટ વર્ગોનું શિક્ષણ-કન્યા કેળવણી (વિભાગ-1)**


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200

દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-224-7**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-232 સમાજના વિશિષ્ટ વર્ગોનું શિક્ષણ-કન્યા કેળવણી

**વિભાગ-1 : મહિલા શિક્ષણ અને કન્યા કેળવણી**

1. કન્યા કેળવણીની સમસ્યા
2. ભારતીય સમાજમાં સ્ત્રીઓની સમસ્યાઓ અને ઉપાયો
3. મહિલા શિક્ષણ
4. શિક્ષણમાં સમાન તક

**વિભાગ-2 : સ્ત્રી સશક્તિકરણ**

5. સ્ત્રી સશક્તિકરણ - ૧
6. સ્ત્રી સશક્તિકરણ - ૨
7. સ્ત્રી સશક્તિકરણ - ૩
8. સ્ત્રી સશક્તિકરણ - ૪

**વિભાગ-3 : પછાત વર્ગના બાળકોની કેળવણી**

9. પછાત વર્ગોનાં બાળકોનું શિક્ષણ - ૧
10. પછાત વર્ગોનાં બાળકોનું શિક્ષણ - ૨
11. વંચિતો માટેની કેળવણી
12. અપવાદરૂપ બાળકોનું શિક્ષણ

**વિભાગ-4 : વિકલાંગ બાળકો, નિરક્ષરતા અને સ્ત્રી શિક્ષણ**

13. શારીરિક અશક્ત બાળકો
14. છેવાડાના બાળકો માટે નીતિ વિષયક માળખાની રચના
15. નિરિક્ષરતા નિવારણ કાર્યક્રમ
16. સ્ત્રીઓની સમસ્યાઓ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

**દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.**

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

**એકમ 1**

# કન્યા કેળવણીની સમસ્યાઓ

## : રૂપરેખા :


**1.1 પ્રસ્તાવના**

**1.2 કન્યા કેળવણી એટલે શું ?**

**1.3 કન્યા કેળવણીના અવરોધો**

**1.4 કન્યા કેળવણીના વિકાસ માટેના ઉપાયો**

**1.5 કન્યા કેળવણીના વિકાસ માટે થયેલાં પ્રયત્નો**

**1.6 કન્યા કેળવણીની સમસ્યા**

**1.7 કન્યા કેળવણીની સમસ્યા દૂર કરવાના ઉપાયો**

**1.8 કન્યા કેળવણીનું મહત્ત્વ**

**1.9 કન્યા કેળવણીના ઉદ્દેશ**

**1.10 સ્ત્રી શિક્ષણ**

**1.11 સારાંશ**

**1.12 એકમ સ્વાધ્યાય**

**1.13 તમારી પ્રગતિ ચકાસો**

**1.14 સૂચિત વાંચન સામગ્રી**


ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) કન્યા કેળવણીનો અર્થ સમજી શકશો.

(2) કન્યા કેળવણીના અવરોધો સમજી શકશો.

(3) કન્યા કેળવણીના વિકાસ માટેના ઉપાયો સમજી શકશો.

(4) કન્યા કેળવણીના વિકાસ માટે થયેલા પ્રયત્નો સમજી શકશો.

(5) કન્યા કેળવણીની સમસ્યા સમજી શકશો.

(6) કન્યા કેળવણીની સમસ્યા દૂર કરવાના ઉપાયોની ચર્ચા કરી શકશો.

(7) કન્યા કેળવણીનું મહત્ત્વ સમજી શકશો.

(8) કન્યા કેળવણીના ઉદ્દેશ સમજી શકશો.

(9) ભારતમાં સ્કૂલ શિક્ષણનો જાતિગત સંદર્ભ, પ્રગતિ અને પડકારો સમજી શકશો.

## 1.1 પ્રસ્તાવના

ભારતે તેના બંધારણમાં સ્ત્રી કે પુરુષ લિંગભેદ વિના દરેકને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મળે એ આદર્શ સ્વીકાર્યો છે. આથી ફરજિયાત ઉંમરમાં આવતી દરેક કન્યા શિક્ષણ મેળવે જ એ જરૂરી છે. આપણા દેશમાં પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવામાં કન્યા-કેળવણીની સમસ્યા દેશ માટે અતિ મહત્ત્વની સમસ્યા બની છે, કારણ કે દેશના ઘણા ભાગોમાં કન્યાઓને શાળાઓમાં મૂકવામાં આવતી જ નથી, તેઓનો શાળા પ્રવેશ ઇચ્છનીય ગણાતો નથી.

પ્રાચીન કાળમાં આપણા દેશમાં શિક્ષણમાં લિંગભેદ ન હતો. સ્ત્રીઓ પણ શિક્ષણ મેળવતી હતી. સમાજ પણ સ્ત્રી-શિક્ષણ તરફ જાગ્રત હતો, પરંતુ કાળક્રમે સ્ત્રીઓને શિક્ષણ મેળવવાથી દૂર રાખવામાં આવી, પરિણામે કન્યા-કેળવણી તરફ દુર્લક્ષ સેવાવા માંડ્યું.

આઝાદીની ચળવળથી દેશમાં આવેલી લોકજાગૃતિને લીધે કન્યા-કેળવણી તરફ ઝોક વધ્યો. કન્યા-કેળવણી ક્ષેત્રે સક્રિય પ્રયત્નો પણ થયા, પરંતુ વિવિધ અવરોધોને કારણે કન્યા-કેળવણીને જોઈએ તેટલો પ્રતિસાદ સાંપડ્યો નહિ. પ્રાથમિક શિક્ષણને ફરજિયાત અને સાર્વત્રિક બનાવાતા

કન્યાઓના શિક્ષણનો પ્રશ્ન કેવી રીતે હલ કરવો તે એક વિકટ સમસ્યા બની રહી છે. આ કારણને લીધે જ સ્ત્રી-શિક્ષણ પરની રાષ્ટ્રીય કમિટીએ સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના પ્રશ્નને છોકરીઓ માટે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના પ્રશ્ન તરીકે ઓળખાવ્યો હતો.

કન્યા-કેળવણી માટે આઝાદી પછી સક્રિય પ્રયત્નો થયા છે, છતાં ભારતનાં રાજ્યોમાં કન્યા-કેળવણીની સ્થિતિ એકસરખી નથી. ભારત ગામડાંનો બનેલો દેશ છે. શહેરોના પ્રમાણમાં ગ્રામપ્રદેશોમાં કન્યા-કેળવણી માટે ઓછી જાગૃતિ છે. સ્ત્રી-શિક્ષણ માટે તેઓમાં એક પ્રકારની સૂગ છે. આને કારણે કન્યા-કેળવણી ઝડપી બની નથી.

## 1.2 કન્યા કેળવણી એટલે શું ? (Meaning of Girl Education)

- શાળામાં કન્યાઓને નામકરણ કરીને શિક્ષણ મેળવે.
- પ્રાથમિક શિક્ષણ કન્યાઓ મેળવે તેવા પ્રયત્નોને કન્યા કેળવણી કહેવાય છે.
- કન્યા કેળવણી વ્યક્તિગત વિકાસ ન માનતા સમાજ અને રાષ્ટ્રનો વિકાસ જોવામાં આવે છે.
- કન્યા શાળામાં નામાંકન અને તેમની હાજરી નિયમિત શાળામાં રહે તે હેતુ રહેલો છે.
- કન્યા શાળામાં લિંગ, જાતિય, આર્થિક, સામાજિક વગેરે કોઈ પણ પ્રકારનો ભેદભાવ વગર શાળામાં નિયમિત આવે તેવો પ્રયાસ કરવામાં આવે.
- પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક છે તે હેતુ સિદ્ધ થાય તે માટે કન્યાઓ શાળામાં વધુ સંખ્યામાં પ્રવેશ મેળવે તથા શાળામાં નિયમિત રીતે આવે તેવા પ્રયત્નો કરવામાં આવે.

## 1.3 કન્યા-કેળવણીના અવરોધો :

સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી દેશમાં કન્યા-કેળવણી માટેના સક્રિય પ્રયત્નો કરવામાં આવ્યાં છે, છતાં કન્યા કેળવણીના વિસ્તૃતીકરણની આડે કેટલાક અવરોધો આવતા હોઈ કન્યા-કેળવણીના વિસ્તરણ અને વિકાસ અંગે આપણે પૂરતી સફળતા પ્રાપ્ત કરી શક્યા નથી.

- **કન્યા કેળવણીની સમસ્યા :**

  આપણા દેશમાં કન્યા-કેળવણીના વિસ્તરણ અને વિકાસમાં આડે આવતા અવરોધો નીચે પ્રમાણેના છે :

**(1) સામાજિક અવરોધો :**

આપણા દેશમાં સમાજનો અમુક વર્ગ કન્યા-કેળવણી પ્રત્યે ઉદાસીનતા દાખવે છે. તેઓ માને છે કે કન્યાઓને શિક્ષણ આપવાની જરૂર નથી. સમાજની કન્યા-કેળવણી પ્રત્યેની સૂગ અને ઉદાસીનતાભર્યો દૃષ્ટિકોણ કન્યા-કેળવણીના વિકાસમાં અવરોધક બને છે.

પછાત વિસ્તારો અને ગામડાંઓમાં કન્યા-કેળવણી માટે સંકુચિત અને નિરુત્સાહી વલણ જોવા મળે છે. આ વિસ્તારના વાલીઓને પોતાની કન્યાઓના શિક્ષણમાં રસ કે ઉત્સાહ નથી.

કન્યાઓ માટે ઘરકામ અને ઘરસંભાળની બાબત જ અગત્યની માનવામાં આવે છે. આથી ઘણાંખરાં માબાપ પોતાની દીકરી શિક્ષણ મેળવવા માટે શાળાએ જાય તે કરતાં ઘરમાં રહી ઘરકામ અને ઘર સંભાળતાં શીખે એ બાબતને મહત્ત્વ આપે છે, પરિણામે કન્યાઓને શાળાએ મોકલતાં નથી.

ભારતમાં બાળલગ્નની પ્રથા ઓછી થઈ હોવા છતાં, કેટલીક કોમોમાં હજુએ મોટા પ્રમાણમાં કન્યાઓનાં નાની વયે લગ્ન થઈ જાય છે. લગ્ન પછી તેના અભ્યાસને અટકાવી દેવામાં આવી છે અને તેને શાળામાંથી ઉઠાડી લેવામાં આવે છે.

આપણા દેશમાં કેટલીક જાતિઓમાં બુરખા-પડદા કે ઘૂમટાની પ્રથા હોવાથી વાલીઓ શાળાવયની કન્યાઓને શાળાએ મોકલતા સંકોચ અનુભવે છે.

સમાજના કેટલાક વર્ગમાં કન્યા લગ્ન પછી પારકે ઘેર જવાની હોવાથી તેને શિક્ષણની કશી જ જરૂર નથી એવી રૂઢ માન્યતા પ્રવર્તે છે. આથી તેઓ કન્યાઓને શિક્ષણ આપવાનું ઇચ્છતા નથી.

**(2) આર્થિક અવરોધો :**

કન્યા-કેળવણી આડે આર્થિક અવરોધો મહત્ત્વનો ભાગ ભજવે છે. પોતાનું ગુજરાન માંડ માંડ ચલાવતા વાલીઓ કન્યાઓના શિક્ષણ માટે વધારાનો બોજો ઉપાડી શકતા નથી. આમ, આર્થિક ભીંસ રહેતી હોય ત્યારે કન્યાઓને શિક્ષણ આપવા માટેનું વધારાનું ખર્ચ તેમને પોસાતું નથી.

ગરીબ કુટુંબમાં કન્યાઓ માબાપને મજૂરી દ્વારા આર્થિક ઉપાર્જનમાં મદદગાર બનતી હોય છે. વળી ઘરનાં બધાં મોટા માણસો મજૂરીએ જતાં હોય ત્યારે નાના બાળકોની સંભાળ તેમજ ઘરકામમાં મદદ કરવાનું કામ કન્યાઓને સોંપવામાં આવે છે. આથી પણ કન્યાઓને શાળાએ મોકલવામાં આવતી નથી.

**(3) અન્ય અવરોધો :**

કેટલાંક ગામડાંમાં આજે પણ શાળાઓ નથી. આવા ગામના લોકો પોતાની બાળાઓને બીજા ગામ ભણવા મોકલતાં નથી. તેઓને દૂર આવેલી પરગામની શાળા સુધી પોતાની દીકરીઓ ભણવા જાય તેવું પસંદ હોતું નથી.

કેટલાક લોકોને પોતાની દીકરીઓ મિશ્ર શાળામાં ભણવા જાય તે પણ પસંદ નથી. આથી તેઓ કન્યાઓને શિક્ષણ લેવા માટે મોકલતા હોતા નથી.

શાળાઓમાં શિક્ષિકાઓનું પ્રમાણ ઓછું હોવાને કારણે પણ કન્યાઓને શિક્ષણ મેળવવાની પ્રેરણા મળતી નથી. વળી કેટલાંક વાલીઓ પોતાની કન્યાઓ પુરુષ શિક્ષકના હાથ નીચે શિક્ષણ મેળવે એ પણ ઇચ્છતા નથી. કેટલીક શાળાઓમાં કન્યાઓની છેડતીના બનાવો બને છે, પરિણામે કન્યાઓને શાળામાં મૂકતાં વાલીઓ ગભરાય છે.

ઉપલા અને મધ્યમ વર્ગોમાં પુરુષોનું સ્ત્રીશિક્ષણ તરફનું વલણ સુધર્યું છે, પણ સમાજના નીચલા થરના પુરુષોમાં છોકરીઓના શિક્ષણ માટે હજુય પૂર્વગ્રહ અને સંકુચિત મનોદશા પ્રવર્તે છે.

ભારત સ્વતંત્ર થયાને ઘણાં વર્ષો વીત્યા છતાં કન્યાઓના શિક્ષણ આડે ઉપરના જેવા અવરોધો હોવાને લીધે કન્યા-કેળવણીમાં ધારેલી પ્રગતિ થઈ શકી નથી.

## 1.4 કન્યા-કેળવણીના વિકાસ માટેના ઉપાયો :

કન્યાઓના શિક્ષણ આડે સામાજિક કે આર્થિક અવરોધો ગમે તેટલા હોય તો પણ રાજ્યોએ કન્યાઓના શિક્ષણના વિકાસ માટે કોઈ માર્ગ કાઢ્યા સિવાય છૂટકો નથી. ભારતના રાજ્ય બંધારણે 6 થી 14 વર્ષની વયજૂથના તમામ છોકરાઓ છોકરીઓ બંનેને માટે પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક બનાવવાનો આદેશ આપ્યો છે. આથી બંધારણે લાદેલી ફરજ તરીકે ભારતનાં વિવિધ રાજ્યો અને કેન્દ્ર સરકારે કન્યા-કેળવણીને પ્રાથમિક કક્ષાએ મફત, ફરજિયાત અને સાર્વત્રિક બનાવવી જ રહેશે.

રાજ્યો તથા કેન્દ્ર સરકાર કન્યા-કેળવણીનો વિકાસ કરવા નીચે જેવાં ઉપાયો કરી શકે.

**(1) કન્યા-કેળવણી માટે જનજાગૃતિ :**

ગ્રામ્ય વિસ્તારો અને પછાત વિસ્તારોમાં કન્યા-કેળવણીના વિકાસ માટે ઉગ્ર પ્રચાર કાર્ય કરી જનજાગૃતિ પેદા કરવી જોઈએ. કન્યાઓનાં માબાપોને કન્યા-કેળવણીનું મહત્ત્વ સમજાવવું, તેઓના મનમાં રહેલાં વહેમ, અંધશ્રદ્ધા દૂર કરી કન્યા-કેળવણી માટેનું હકારાત્મક વલણ વિકસાવવું.

ગ્રામ્ય અને પછાત વિસ્તારોમાં વસતા વાલીઓનું સહશિક્ષણ કે મિશ્ર શાળાઓ તરફનું જોવા મળતું નકારાત્મક વલણ સુધારવા વ્યવસ્થિત ઝુંબેશ હાથ ધરી તેમના મનમાં સહશિક્ષણ કે મિશ્ર શાળાઓ અંગે ઘર કરી ગયેલા ભયને દૂર કરવો. પછાત કે ગ્રામ વિસ્તારોમાં છોકરીઓ માટેની જુદી શાળા કરતાં સહશિક્ષણ આપતી શાળા કેટલી સોંઘી પડે છે તે તેઓને સમજાવીને સહશિક્ષણનો સ્વીકાર કરતા કરાવી, કન્યા-કેળવણીનો વિકાસ કરી શકાય.

**(2) અલગ કન્યાશાળાઓની સ્થાપના :**

તદ્દન અનિવાર્ય હોય ત્યાં કન્યાઓ માટે અલગ કન્યાઓનો પ્રબંધ કરવો જોઈએ. ખાસ કરીને ગ્રામ વિસ્તારોમાં ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ અલગ કન્યાશાળાઓ સ્થાપવામાં આવે તો 11-14 વયજૂથની કન્યાઓનો શાળાપ્રવેશનો પ્રશ્ન મહદંશે ઉકેલી શકાય.

**(3) કન્યા-કેળવણી માટે આર્થિક સહાય :**

નબળી આર્થિક પરિસ્થિતિને કારણે કેટલાક વાલીઓ તેમના પુત્રોને શિક્ષણ આપી શકતા નથી. આવા વાલીઓ પાસે કન્યાઓના શિક્ષણની અપેક્ષા રાખવી એ વધારે પડતી છે. આવા વાલીઓને કન્યા-કેળવણી માટે પ્રોત્સાહન મળે તે માટે તેમને આર્થિક મદદ કરવી જોઈએ. જેથી

તેઓને કન્યા-કેળવણી અંગેનું આર્થિક ભારણ રહે નહિ. આ માટે કન્યાઓને ફી માફી ઉપરાંત ગણવેશ, પાઠ્યપુસ્તકો, લેખનસામગ્રી તથા ભોજન જેવી સુવિધાઓ મફત પૂરી પાડવી જોઈએ.

આ ઉપરાંત અંતરિયાળ વિસ્તારો કે પછાત વિસ્તારોની કન્યાઓ માટે વિનામૂલ્યે રહેવા-જમવાની સગવડ પૂરી પાડતાં કન્યા છાત્રાલયો સ્થાપવાં જોઈએ.

કન્યા-કેળવણી આર્થિક બાબતને કારણે ન રૂંધાય એ કેન્દ્ર સરકારે જોવું જોઈએ. આ માટે જે રાજ્યો કન્યા-કેળવણીમાં પાછળ હોય તેવાં રાજ્યોને કેન્દ્ર સરકારે ખાસ ગ્રાન્ટ આપવી જોઈએ.

**(4) શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવી :**

છોકરીઓ ચાલીને જઈ શકે તેટલા નજીકના અંતરમાં જ શાળાઓ સ્થાપવી. ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ જ્યાં સહશિક્ષણ પ્રત્યે વાલીઓમાં તીવ્ર વિરોધ હોય, ત્યાં અલગ કન્યાશાળાની જોગવાઈ કરવી અથવા પાળી પદ્ધતિ દાખલ કરી કન્યા, કુમારો માટે અલગ અલગ પાળીમાં શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવી.

શાળાઓમાં કન્યાઓ માટે અલગ મુતરડી-જાજરૂની સુવિધા ઊભી કરવી. વળી રમતગમતનાં મેદાનો અને સાધનોની અલાયદી સુવિધા દિન-પ્રતિદિન વધારતા જવું.

શાળાઓમાં સ્ત્રી-શિક્ષકોની સંખ્યા વધારવી જોઈએ. ગ્રામ વિસ્તારોમાં શિક્ષિકા બહેનોને કામ કરવા આકર્ષવા માટે રહેઠાણ, આરોગ્ય સુવિધા વગેરે સગવડો ઊભી કરવી.

કન્યા-કેળવણીને ઉત્તેજન મળે તે માટે શાળાઓના અભ્યાસક્રમમાં ગૃહસંચાલન, લલિતકળા જેવા વિષયો તથા કન્યાઓની રુચિઓને પોષક એવી પ્રવૃત્તિઓને સ્થાન આપવું. શાળાઓમાં કન્યાઓના રસને પોષક પુસ્તકો, સામયિકો, રમતગમત અને સંગીતના સાધનોની સગવડો પૂરી પાડવી.

## 1.5 કન્યા-કેળવણીના વિકાસ માટે થયેલા પ્રયત્નો :

પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવાતા દેશમાં કન્યાઓના શિક્ષણનો પ્રશ્ન કેવી રીતે ઉકેલવો એ એક વિરાટ સમસ્યા બની રહી છે. કન્યા-કેળવણીના વિકાસ આડે આગળ જોયા તે પ્રમાણેના અનેક અવરોધો છે છતાં તેના વિકાસ માટે દેશમાં ઘણા સક્રિય પ્રયત્નો થયાં છે.

1959માં સ્ત્રી-શિક્ષણની પુનર્રચના સમિતિએ કન્યા-કેળવણીના વિકાસ અંગે નીચે જેવી ભલામણો કરી :

- રાજ્યે અને રાષ્ટ્રે કન્યા-શિક્ષણને અગ્રીમતા આપવી.
- કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયમાં કન્યા-શિક્ષણનો અલગ વિભાગ શરૂ કરવો.
- રાજ્યોએ ખાસ મંડળો સ્થાપવાં.
- શિક્ષિકાઓની સંખ્યા અપૂરતી હોય ત્યાં તેમની અવેજીમાં શાળા-માતાઓની નિમણૂંક કરવી.

ઉપર્યુક્ત ભલામણોના સંદર્ભમાં કન્યા-કેળવણી માટે ઘણા બધા પ્રયત્નો થયા છતાં કુમારોના શાળાપ્રવેશની સરખામણીએ કન્યાઓના શાળા-પ્રવેશનું પ્રમાણ ઘણું ઓછું હતું. જોકે શરૂઆતની પંચવર્ષીય યોજનાઓ દરમિયાન કન્યા-કેળવણી પાછળ સક્રિય પ્રયત્નો થયા હતા, પરિણામે ભૂતકાળની સરખામણીએ કન્યાઓના શાળાપ્રવેશમાં સારો એવો વધારો નોંધાયો હતો. આથી જ કોઠારી શિક્ષણ પંચે (1964-66) કહ્યું છે કે પ્રથમ ત્રણ પંચવર્ષીય યોજનાઓમાં કન્યા-કેળવણીનો અદ્‌ભુત વિકાસ થયો છે.

પ્રાથમિક શિક્ષણક્ષેત્રે શિક્ષકની ખોટ પૂરવા પંજાબ અને રાજસ્થાન જેવાં રાજ્યોમાં શાળામાં કન્યાઓની દેખરેખ, સંભાળ અને સહાનુભૂતિ માટે ઓછું ભણેલી છતાં સમજદાર બહેનોની શાળા-માતા તરીકેની નિમણૂંક કરવામાં આવી હતી.

દેશમાં શિક્ષણના સાર્વત્રિક વિકાસ માટે નીમવામાં આવેલા કોઠારી પંચે કન્યા-કેળવણી અંગે નીચે જેવી બાબતો પર ભાર મૂક્યો હતો :

- લોકમત કેળવી કન્યા-કેળવણી અંગેનો પૂર્વગ્રહ દૂર કરવો.
- શિક્ષિકાઓની ભરતી કરવી.
- શક્ય ત્યાં સહશિક્ષણને પ્રોત્સાહન આપવું.

- લોકમાંગ હોય ત્યાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણક્ષેત્રે કન્યાશાળા ખોલવી.
- શૈક્ષણિક સામગ્રી તથા જરૂર પડે ત્યાં પોશાક પણ મફત આપવો.
- 11 થી 14 વર્ષની બહેનો માટે ખંડ સમયના શિક્ષણનું આયોજન કરવું.

કોઠારી પંચે કરેલાં સૂચનોના અમલ માટે દેશમાં સક્રિય પ્રયત્નો થયા છે. કન્યા-કેળવણીને ઉત્તેજન મળે તે માટે કન્યાઓને નજીકના અંતરે શાળા પૂરી પાડવામાં આવે છે. દેશમાં ઉચ્ચ પ્રાથમિક ક્ષેત્રે કન્યાઓ માટે અલગ શાળાઓ સ્થાપવામાં આવી છે. શાળાઓમાં શિક્ષિકાઓનું પ્રમાણ વધારવામાં આવ્યું છે. પછાત વિસ્તારની બાળાઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે તે માટે રહેવા-જમવાની મફત સગવડ ધરાવતાં છાત્રાલયો અને આશ્રમશાળાઓ સ્થાપવામાં આવી છે. ગુજરાત જેવા રાજ્યે તો કન્યાઓને શાળાએ જવા મફત સાઈકલ પણ પૂરી પાડવાનું શરૂ કર્યું છે. વળી કન્યા-કેળવણીને ઉત્તેજન મળે તે માટે શિક્ષણના તમામ સ્તરે મફત શિક્ષણની યોજના સ્વીકારી છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986માં સ્ત્રીઓની સમાનતા માટે શિક્ષણ અંગે નોંધ્યું છે કે, ‘સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઊંચું લાવવા માટેના એક સાધન તરીકે શિક્ષણનો ઉપયોગ કરવામાં આવશે. રાષ્ટ્રીય શિક્ષણ પદ્ધતિ સ્ત્રીઓના વિકાસ માટે હકારાત્મક અને દરમિયાનગીરી કરતી ભૂમિકા ભજવશે. નવાં મૂલ્યોના પ્રસ્થાપન માટે નવા અભ્યાસક્રમનું માળખું, પાઠ્યપુસ્તકો વગેરે તૈયાર કરીને તાલીમબદ્ધ શિક્ષકો તૈયાર કરવામાં આવશે અને આ સર્વના સંચાલન માટે શિક્ષણ સંસ્થાઓને પ્રવૃત્ત કરવામાં આવશે. સ્ત્રી વિકાસના કાર્યક્રમો હાથ ધરવા માટે જુદા જુદા અભ્યાસક્રમો અને કાર્યક્રમોને પ્રોત્સાહન આપવામાં આવશે.

સ્ત્રી-શિક્ષણમાં ઊભા થતાં અવરોધો દૂર કરવામાં આવશે અને અભ્યાસનાં વર્ષો દરમિયાન શાળામાં સ્થાયીકરણ પર ખાસ ધ્યાન આપવામાં આવશે. શિક્ષણ માટે મહિલાઓને અનુકૂળ સમય તેમજ ભણેલી સ્ત્રીઓને માટે નોકરીની ખાસ તકો આપવામાં આવશે. સ્ત્રીઓને ધંધાકીય, વ્યાવસાયિક અને તક્નિકી શિક્ષણ તરફ વાળીને ચીલાચાલુ વ્યવસાયો ઉપરાંત અન્ય વ્યવસાયોમાં અત્યારના કે હવે પછી વિકસતાં તક્નિકી ક્ષેત્રોમાં પણ જાતિભેદને ધ્યાનમાં લીધા સિવાય ભાગીદાર બનાવવામાં આવશે.’

આપણા દેશમાં આ રીતે કન્યા-કેળવણીના વિકાસ માટે ઘણા જ પ્રયત્નો થયા છે છતાં કન્યા-કેળવણીના વિસ્તાર અને વિકાસ માટે ઘણું બધું કરવાનું બાકી રહે છે. કન્યા-કેળવણીનો વિકાસ સાધવા માટે કન્યાઓમાં શિક્ષણ મેળવવાની ભૂખ જગાડવી પડશે. વળી આ માટેની સરકારી યોજનાઓના કાર્યક્રમનો અમલ થાય અને મૂળભૂત હેતુ બર આવે તે રાજ્યો અને કેન્દ્ર સરકારે જોવું જોઈએ.

## 1.6 કન્યા કેળવણીની સમસ્યા : (Problem of Girl Education)

કન્યા કેળવણી માટે નીચેની સમસ્યા જોવા મળે છે :

### (1) લિંગ અસમાનતા :

સમાજમાં છોકરી અને છોકરા માટે જાતિ ભેદ જોવા મળે છે. છોકરીઓને ઘરની ચાર દીવાલમાં કેદ રાખવામાં આવે છે. છોકરાઓને બધા જ પ્રકારની આઝાદી આપવામાં આવે છે. જાતિભેદને કારણે છોકરીઓને સમાન પ્રકારનું શિક્ષણ મળતું નથી.

### (2) રૂઢિવાદી વિચાર :

ભારતમાં નિરક્ષરતાને કારણે સમાજમાં રૂઢિવાદી વિચારધારા પ્રવેશ કરી ગયો છે. છોકરી પરાયું ધન છે, તે વંશવેલો વધારવાનું જ કાર્ય કરી શકે. છોકરીઓને શિક્ષણ આપવાથી વંશની આબરૂને ખતરો ઊભો થાય છે. છોકરીઓને શિક્ષણ આપવામાં આવે તો ઘર સારી રીતે ચલાવી ન શકે. દેવીય કોપને કારણે વિધવા પણ થઈ શકે છે. આવી રૂઢિવાદી વિચારધારાને કારણે છોકરીઓને શાળાએ મૂકવાનું પસંદ કરતા નથી.

### (3) નિરક્ષરતાનું વધુ પ્રમાણ :

વાલીઓ વધુ પ્રમાણમાં અભણ છે. રૂઢિવાદી વિચારધારા ધરાવે છે. શિક્ષણનું મહત્ત્વ સમજતા નથી. છોકરીઓને શાળાએ મોકલવાનું પસંદ કરતાં નથી.

**(4) સામાજિક સમસ્યા :**

સમાજમાં બાળ-વિવાહ, દહેજ પ્રથા વગેરેને કારણે છોકરીઓને શિક્ષણ આપવાનું અભણ વાલી પસંદ કરતાં નથી. વાલીઓ અભણ હોવાથી રૂઢિવાદી વિચારધારા પ્રવર્તે છે. છોકરા અને છોકરી વચ્ચે ભેદભાવ પણ જોવા મળે છે. છોકરી એ પારકું ધન છે તેવી માન્યતા ધરાવે છે.

**(5) આર્થિક સમસ્યા :**

વાલીઓની આર્થિક સ્થિતિ નબળી છે. ઘરની સંભાળ રાખવા માટે કે રોજીરોટી મેળવવા માટે કન્યાઓને શિક્ષણ આપવાનું પસંદ કરતાં નથી. શિક્ષણ આપવામાં આવે તો ખર્ચ પણ થાય અને જે આવક મળે તે પણ ઓછી થાય તે હેતુને કારણે કન્યાઓને શાળામાં મોકલવાનું વાલીઓ પસંદ કરતાં નથી.

**(6) ખામી ભરેલી શિક્ષણ વ્યવસ્થા :**

હાલની શિક્ષણ વ્યવસ્થા ખામી ભરેલી છે. કન્યા શિક્ષણ મેળવે તો પણ તરત જ નોકરી મળતી નથી. વ્યવસાયિક દૃષ્ટિકોણનો વિકાસ કરે તેવી શિક્ષણ વ્યવસ્થા નથી. પાઠ્યપુસ્તક પણ દોષપૂર્ણ જોવા મળે છે. ભૌતિક સગવડતાઓનો અભાવ, માનવીય સંસાધનનો અભાવ વગેરેને કારણે કન્યાઓને શાળાએ મોકલવાનું વાલી પસંદ કરતાં નથી.

**(7) મહિલા શિક્ષકનો અભાવ :**

શાળામાં મહિલા શિક્ષકનો અભાવ જોવા મળે છે. વાલીઓ પોતાની કન્યા પુરુષ શિક્ષક પાસે ભણે તેવું પસંદ કરતાં નથી. આથી કન્યાઓને શાળામાં મોકલતાં નથી.

**(8) હોસ્ટેલનો અભાવ :**

શાળામાં જરૂરિયાત પ્રમાણે કન્યાઓ માટે નજીકમાં હોસ્ટેલની સગવડો ઊભી કરવામાં આવેલ નથી. ભૌતિક સગવડતાઓ પણ નથી. સારા ભોજનની વ્યવસ્થા નથી. ઘર અને શાળા વચ્ચે અંતર જોવા મળે છે. ચાલીને શાળાએ જવું પડે છે તે વાલી પસંદ કરતાં નથી.

**(9) પુરુષ પ્રધાન સમાજ :**

સમાજમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે ભેદભાવ જોવા મળે છે. પુરુષના હુકમ પ્રમાણે સ્ત્રીઓએ કાર્ય કરવું પડે છે. કુટુંબમાં પુરુષ નેતા છે, તેનો હુકમ પરિવારના દરેક સભ્યોએ માનવો પડે છે. સ્ત્રીઓને સન્માન, તેમના વિચારો વગેરે લેવામાં આવતા નથી. સ્ત્રીનું સ્થાન કુટુંબમાં નીચું માનવામાં આવે છે.

**(10) રોજગારીલક્ષી શિક્ષણનો અભાવ :**

શાળામાં રોજગારીને ધ્યાનમાં રાખી શિક્ષણ આપવામાં આવતું નથી. શિક્ષણ મેળવ્યા પછી તરત જ નોકરી મળતી નથી. રોજગારી દૃષ્ટિકોણ વિકસાવે તેવી શિક્ષણ વ્યવસ્થા નથી. આથી કન્યાને શિક્ષણ મેળવવામાં અવરોધો નડે છે.

**(11) અપવ્યયનું વધુ પ્રમાણ :**

શાળામાં આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી અપવ્યયનું વધુ જોવા મળે છે. વહેલા લગ્ન થવાથી કે રોજગારી માટે મોકલવાને કારણે અપવ્યયનું પ્રમાણ વધી જાય છે.

**(12) સ્થગિતતાનું વધુ પ્રમાણ :**

શાળામાં કન્યાઓની અનિયમિત હાજરી હોવાથી સ્થગિતતાનું વધુ પ્રમાણ જોવા મળે છે. એક જ ધોરણમાં વધુ સમય રહેવાને કારણે વાલીઓ કન્યાઓને શાળામાંથી ઉઠાડી લે છે.

**(13) શાળાએ આવવા માટે સાધનોનો અભાવ :**

કન્યાઓને શાળાએ આવવા માટે સાધનોનો અભાવ જોવા મળે છે. શાળા અને ઘર વચ્ચે વધુ અંતર હોય તો કન્યાઓએ શાળાએ ચાલીને આવવું પડે, એકલા શાળાએ મોકલવાનું પસંદ કરતા નથી. પરા વિસ્તારમાં અન્ય સાધનોનો અભાવ જોવા મળે છે.

**(14) ઘર અને શાળા વચ્ચે વધુ અંતર :**

ઘર અને શાળા વચ્ચે વધુ અંતર જોવા મળે છે. શાળાએ આવવા માટે અન્ય કોઈ સગવડતાઓ નથી. કન્યાઓ શાળાએ ચાલીને આવે તેવું વાલી પસંદ કરતા નથી. ઋતુઓની અસર પણ થાય છે. રસ્તાઓ પણ સારા હોતા નથી. વર્ષા ઋતુમાં આવવા-જવા માટે મુશ્કેલી ઊભી થાય છે.

## 1.7 કન્યા કેળવણીની સમસ્યા દૂર કરવાના ઉપાયો : (Solution of Girl Education Problems)

કન્યા કેળવણીની કેટલીક સમસ્યા જોવા મળે છે.

**(1) સુરક્ષા પ્રત્યે વધુ ધ્યાન :**

શાળામાં કન્યાઓની સુરક્ષા પ્રત્યે વધુ ધ્યાન આપવું, કન્યા માટે અલગ શાળાની વ્યવસ્થા કરવી, કન્યાઓને પૂરતું રક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવી.

**(2) પ્રોત્સાહન યોજનાઓનો અમલ :**

કન્યા કેળવણી માટે પ્રોત્સાહન યોજનાનો અમલ કરવો. કન્યા કેળવણી માટે પ્રોત્સાહન મળે તે માટે વિવિધ યોજના અમલમાં મૂકવી જોઈએ. દા.ત. નોકરીમાં પ્રથમ પસંદગી આપવી, હૉસ્ટેલની વ્યવસ્થા કરવી, કન્યા કેળવણી માટે ફ્રી શિક્ષણ આપવામાં આવે છે.

**(3) સમાજમાં શિક્ષણનો પ્રચાર કરવો :**

કન્યા કેળવણી વધે તે માટે સમાજમાં શિક્ષણનો પ્રચાર કરવો. વાલીઓ શિક્ષણનું મહત્ત્વ સમજતા થાય તે માટે સમજ આપવી. કન્યા કેળવણી માટે વિવિધ યોજનાઓની સમજ આપવી. આથી વાલીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવશે.

**(4) પ્રૌઢ શિક્ષણ આપવું :**

વાલીઓમાં શિક્ષણનો અભાવ જોવા મળે છે. તેથી વાલીઓ શિક્ષણનું મહત્ત્વ સમજતાં નથી. શિક્ષણનું મહત્ત્વ સમજતાં થાય તે માટે પ્રૌઢ શિક્ષણ આપવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. વાલીઓ નિયમિત રીતે શિક્ષણ લેવા આવે તેવી વ્યવસ્થા ગોઠવવી.

**(5) મહિલા શિક્ષકની નિમણૂંક કરવી :**

શાળામાં દરેક જગ્યાએ મહિલા શિક્ષકની નિમણૂક કરવી, જેથી કન્યાઓને વાલીઓ શાળાએ મોકલતાં થશે. મહિલાને પણ નોકરી મળવાને કારણે પ્રોત્સાહન મળશે.

**(6) હૉસ્ટેલની વ્યવસ્થા કરવી :**

કન્યાઓ માટે હોસ્ટેલની વ્યવસ્થા કરવી. હોસ્ટેલની સંખ્યા વધે, હોસ્ટેલમાં સગવડતાઓ વધે તે માટેની વ્યવસ્થા કરવી. સારું ભોજન મળે તે માટે અવારનવાર ચેકીંગ કરવું. કન્યાઓના હૉસ્ટેલ અંગે અભિપ્રાયો લેવા.

**(7) શિક્ષણ રોજગારીલક્ષી બનાવવું :**

શિક્ષણ રોજગારીલક્ષી બને તે માટેની વ્યવસ્થા ગોઠવવી. અભ્યાસ પૂરો થાય કે તરત જ નોકરી મળે કે વ્યવસાય કરી શકે તે પ્રકારનું શિક્ષણ આપવું.

**(8) રસ પ્રમાણે પાઠ્યપુસ્તક તૈયાર કરવા :**

કન્યાના રસ પ્રમાણે પાઠ્યપુસ્તક તૈયાર કરવા. રસ પ્રમાણે અભ્યાસક્રમ પણ પસંદ કરી શકે. રસના ક્ષેત્રનો વિકાસ પણ થાય. અભ્યાસ કરવાનું પણ ગમે.

**(9) સમાજનો સહયોગ મેળવવો :**

કન્યાઓ વધુ સંખ્યામાં શિક્ષણ મેળવે તે માટે સમાજનો સહયોગ મેળવવો જોઈએ. સમાજમાં શિક્ષણ વધે, શિક્ષણ મેળવેલ વાલીઓને શાળાના ઉત્સવમાં આમંત્રણ આપો, વાલી મંડળ ઊભું કરવું, વાલીઓના અભિપ્રાય મેળવવા, આ રીતે વાલીઓનો સહયોગ વધશે.

**(10) સ્થાનિક જરૂરિયાત પ્રમાણે શાળાની સ્થાપના :**

કન્યા જે વિસ્તારમાંથી આવતી હોય તે વિસ્તારમાં શાળાની સંખ્યામાં વધારો થાય તે માટે પ્રયત્નો કરવામાં આવે. કન્યા જે વિસ્તારમાં રહે છે તે વિસ્તારની નજીક જ નવી શાળા ઊભી કરવામાં આવે. આથી કન્યાઓના શિક્ષણમાં વધારો થશે.

**(11) મહિલાઓને નોકરી માટે તક પૂરી પાડવી :**

કન્યાઓ પોતાનો અભ્યાસ પૂરો કરે કે તરત જ નોકરી મળી જાય તેવી વ્યવસ્થા કરવી. નોકરી નજીકમાં મળે તેવી વ્યવસ્થા કરવી. જે શાળામાં મહિલા શિક્ષક ન હોય ત્યાં નિમણૂંક આપવી.

**(12) શિક્ષણમાં પરિવર્તન લાવવું :**

લોકોની જરૂરિયાત પ્રમાણે શિક્ષણમાં પરિવર્તન લાવવું જોઈએ. સમાજમાં માંગને ધ્યાનમાં લઈ પરિવર્તન કરવું. વ્યાવસાયિકલક્ષી શિક્ષણ પર ભાર આપવો.

**(13) વ્યાવહારિક શિક્ષણ આપવું :**

કન્યાઓને ઉપયોગી થાય તે પ્રમાણે વ્યાવહારિક શિક્ષણ આપવું જોઈએ. કન્યા પોતાનો અભ્યાસ પૂરો કરે કે તરત જ તેને ઉપયોગી થાય તેવી વ્યવસ્થા કરવી.

## 1.8 કન્યા કેળવણીનું મહત્ત્વ :

કન્યા કેળવણીનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. કન્યાઓને કેળવણી આપવાથી સામાજિક પરિવર્તન લાવવામાં મદદરૂપ થાય છે. માતા પોતાના બાળકોને શિક્ષણ આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કન્યા શિક્ષિત હોય તો તેનું કુટુંબ શિક્ષિત બની જાય છે. કન્યા કેળવણીનું મહત્ત્વ નીચેની બાબતો માટે આવશ્યક છે.

**(1) કુટુંબનો વિકાસ કરવા :**

કુટુંબનો વિકાસ સ્ત્રીઓ પર આધારિત છે. તે વધુ સમય ઘરમાં રહે છે. બાળકનો વિકાસ કરવો, સારા સંસ્કાર આપવા, કુટુંબમાં હકારાત્મક ભાવનાઓનો વિકાસ કરવો, કુટુંબમાં પ્રેમ ઉત્પન્ન કરવો વગેરે બાબતો સ્ત્રીઓ ઉપર આધારિત છે. ભણેલી સ્ત્રી પોતાની કન્યાને શિક્ષણ આપવામાં માને છે.

**(2) યોગ્ય સંતાન મેળવવા :**

સ્ત્રીઓના ગર્ભમાં બાળક નવ માસ રહે છે. તેનો યોગ્ય વિકાસ થાય તે જરૂરી છે. ભણેલી સ્ત્રી હોય તો પોતાના બાળકની ગર્ભમાં સારી રીતે સાર સંભાળ રાખી શકે છે. આથી યોગ્ય સંતાનની પ્રાપ્તિ થાય છે.

**(3) આર્થિક સ્વાવલંબન મેળવવા :**

દૈનિક વ્યવહારમાં શિક્ષિત સ્ત્રીઓ સારી રીતે કરી શકે છે. નાણાંનો યોગ્ય વ્યવહાર કરી શકે છે. કરકસરભર્યો ઉપયોગ કરી શકે છે. કન્યાઓને આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી શિક્ષણ આપવામાં અવરોધક બને છે. નાણાંની બચત કરી કન્યાઓને શિક્ષણ આપવામાં મદદરૂપ થાય છે.

**(4) રાષ્ટ્રીય એકતા લાવવા :**

રાષ્ટ્રીય એકતા લાવવામાં સ્ત્રીઓની ભૂમિકા મહત્ત્વની છે. શાળામાંથી રાષ્ટ્રીય એકતા લાવવામાં મદદરૂપ થાય છે. રાષ્ટ્રનો વિકાસ કરવા માટે રાષ્ટ્રીય એકતા જરૂરી છે.

**(5) સાંસ્કૃતિક સંરક્ષણ લાવવા :**

શાળામાંથી કન્યાઓને સંસ્કૃતિની માહિતી આપવામાં આવે છે. પોતાના કુટુંબમાં સંસ્કૃતિનો વિકાસ ભણેલી સ્ત્રીઓ કરી શકે છે. કુટુંબની સંસ્કૃતિના વિકાસની સાથે સાથે ભારતીય સંસ્કૃતિનો વિકાસ કરવામાં મદદરૂપ થાય છે. ભણેલી સ્ત્રીઓ સંસ્કૃતિના વિકાસમાં હકારાત્મક વલણ અપનાવે છે. ભણેલી સ્ત્રીઓ સંસ્કૃતિના સંરક્ષણમાં પોતાનો ફાળો આપી શકે છે.

**(6) નેતૃત્વનો વિકાસ કરવા :**

શાળામાંથી કન્યાઓને નેતૃત્વનો વિકાસ કરવા માટે મદદરૂપ થાય છે. શાળામાંથી કુટુંબ, સામાજિક, આર્થિક, રાજનૈતિક પ્રબંધ વગેરે ક્ષેત્રોમાં નેતૃત્વ લેવા માટે તૈયાર થાય છે. કન્યાઓને શાળામાંથી જ નેતૃત્વના ગુણો પ્રાપ્ત થાય છે.

**(7) જાગૃતતા લાવવા :**

સમાજમાં રૂઢિગત માન્યતા, કુરિવાજો, દહેજ, અંધશ્રદ્ધા વગેરે ઘર કરી જાય છે. સ્ત્રી ભણેલી હોય તો આ બાબતોથી દૂર રહે છે. બાળ-વિવાહ વગેરેથી પણ દૂર રહે છે. સામાજિક પરિવર્તન લાવવામાં જાગૃતિ આવે છે. કુટુંબની સંભાળ સારી રીતે લઈ શકે છે.

**(8) સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા લાવવા :**

ભણેલી સ્ત્રી સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત બને તે જરૂરી છે. કુટુંબ સારી રીતે સંભાળી શકે છે. સારો પૌષ્ટિક ખોરાક લેવો, નાના બાળકોને કેવો ખોરાક આપવો તે ભણેલી સ્ત્રી સમજી શકે છે. કુટુંબને આરોગ્ય બાબત અંગે ખૂબ જ કાળજી લઈ શકે છે.

**(9) સામાજિક કુરિવાજો દૂર કરવા :**

સમાજમાં સામાજિક કુરિવાજો જોવા મળે છે. અભણ સ્ત્રી હોય તો કુરિવાજો વધુ જોવા મળે છે. સ્ત્રી શિક્ષિત હોય તો કુરિવાજોથી દૂર રહે છે. કુટુંબનો વિકાસ થાય તે રીતે ભણેલી સ્ત્રી વિચારે છે. બાળલગ્ન, અંધશ્રદ્ધા વગેરેથી દૂર રહે છે.

**(10) બંધારણનું રક્ષણ કરવા :**

શિક્ષિત સ્ત્રીઓ બંધારણનું રક્ષણ કરી શકે છે. બંધારણમાં 6 થી 14 વર્ષના બાળકો માટે મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણ આપવાની જોગવાઈ છે. શિક્ષિત સ્ત્રી પોતાના બાળકોને શાળાએ મોકલે છે. તે શિક્ષણનું મહત્ત્વ સમજે છે. છોકરા અને છોકરીને સમાન અધિકાર આપે છે. બંને માટે સમાન ખર્ચ કરે છે.

**(11) સભ્ય સમાજની સ્થાપના કરવા :**

ભણેલી સ્ત્રી સારા સમાજની સ્થાપના કરી શકે છે. કુટુંબનો વિકાસ કરી શકે છે. આથી સારો સમાજ ઊભો થાય છે.

## 1.9 કન્યા કેળવણીના ઉદ્દેશ - હેતુઓ : (Objective of Girl Education) (Aims of Girls Education)

કન્યા કેળવણીના ઉદ્દેશ નીચે પ્રમાણે દર્શાવી શકાય.

- **પ્રાચીન કાળ :**

**(1) આચરણની શુદ્ધતા મેળવવા :**

કન્યા કેળવણી દ્વારા આચરણની શુદ્ધતા મેળવવાનો ઉદ્દેશ રહેલો છે. કન્યા શિક્ષણ મેળવે તો વ્યવહાર સુધારો થાય છે. અભણ કન્યા અને ભણેલી કન્યા બંનેના વ્યવહાર અલગ જોવા મળે છે.

**(2) પવિત્ર જીવનની તૈયારી કરવા :**

કન્યાઓને શિક્ષણ આપવાનો ઉદ્દેશ પવિત્ર જીવનની તૈયારી કરવાનો છે. કન્યાએ શિક્ષણ મેળવવું હોય તો, તે મોટી થતાં સારું અને પવિત્ર જીવન જીવી શકે તે ઉદ્દેશ રહેલો છે. શિક્ષણ મેળવવાથી હકારાત્મક વલણ પેદા થાય છે. હકારાત્મક વલણને લીધે પવિત્ર જીવનની પૂર્વ ભૂમિકા પૂરી પાડે છે.

**(3) ચારિત્ર્યનું નિર્માણ કરવા :**

કન્યાઓમાં ચારિત્ર્યનું નિર્માણ થાય તે ઉદ્દેશ રહેલો છે. ભણેલી કન્યા સારી રીતે વિચારી શકે છે. સારું શું છે અને ખરાબ શું છે તેનો વિચાર કરીને સારી બાબતોનો વિચાર કરે છે. આથી ચારિત્ર્યનું નિર્માણ થઈ શકે.

**(4) જ્ઞાન પ્રાપ્તિ માટે :**

કન્યાઓ તેના જીવન વધુ સારું જ્ઞાન પ્રાપ્તિ કરે તે જરૂરી છે. સારું જ્ઞાન પ્રાપ્ત કરેલ હોય તો સારું અને પવિત્ર જીવન જીવી શકે. બાળકોની સારી સંભાળ રાખી શકે. કૌટુંબિક વિકાસ કરી શકે છે.

**(5) સત્યની શોધ મેળવવા :**

કન્યાઓને શિક્ષણ આપવાથી સત્યની શોધ કરી શકે તેવો ઉદ્દેશ રહેલો છે. સમાજમાં પડકારોનો સામનો કરવો પડે છે. પડકારોનો સામનો કેવી રીતે કરવો તે ભણેલી કન્યા વિચારી શકે છે. જીવનમાં સત્યનો હંમેશા વિજય થાય છે તેવું વિચારી શકે છે.

**(6) સુયોગ્ય સંતાનનો હેતુ :**

સારા સંતાનો પેદા થાય તે માટે શિક્ષણ જરૂરી છે. સંતાન ગર્ભમાં હોય ત્યારે સારું શિક્ષણ મેળવેલ હોય તો, સારું વિચારી શકે છે. તેની અસર બાળકના સંસ્કાર પર પડે છે. સારા સંતાનો પેદા થાય છે.

**(7) ઈસ્લામનું શિક્ષણ જાણવા :**

હિન્દુ શિક્ષણ અને ઈસ્લામનું શિક્ષણ બંને વચ્ચેનો ભેદ પારખી શકે. ભણેલી કન્યા બંને વચ્ચેની સરખામણી કરી શકે છે. કયો ધર્મ સારો છે તે સમજી શકે.

**(8) કુરાન અને શરિયતની જાણકારી મેળવવા :**

કુરાન અને શરિયતની જાણકારી ભણેલી કન્યા મેળવી શકે છે. જીવનમાં તેનો ઉપયોગ પણ કરી શકે છે.

**(9) ઈસ્લામ ધર્મનું પાલન કરવા :**

ઈસ્લામ ધર્મ શું છે ? તેની સારી બાબતો સ્વીકારવા શિક્ષણ જરૂરી છે.

**(10) જીવનમાં કર્તવ્યનું પાલન કરવા :**

ભણેલી કન્યા પોતાના જીવનમાં કર્તવ્ય શું છે તે સમજી શકે છે. તેની ફરજ શું છે ? કુટુંબમાં તેની જવાબદારી, તેને માતા તરીકેની ફરજ, બહેન તરીકે ફરજ, પત્ની તરીકેની ફરજ વગેરે સમજી શકે, કર્તવ્યનું પાલન કરવા શિક્ષણ મેળવવું જરૂરી છે.

- **વર્તમાન સમય :**

**(11) નોકરી મેળવવા :**

જીવનમાં નોકરી મેળવવી હોય તો શિક્ષણ મેળવવું જરૂરી છે. ભણેલી કન્યા સારી નોકરી મેળવી શકે તે માટેનો ઉદ્દેશ રહેલો છે. અભણ કન્યા હોય તો તેને મજૂરી જ કરવી પડે છે.

**(12) આર્થિક આત્મનિર્ભરતા મેળવવા :**

ભણેલી કન્યા હોય તો પોતાના પર પગભર થઈ શકે છે. નોકરી કે વ્યવસાય કરી શકે છે. બીજાં પર આધારિત રહેવું પડતું નથી. આર્થિક રીતે આત્મનિર્ભર બને છે. પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે છે.

**(13) લોકશાહી આદર્શોની પૂર્તિ માટે :**

ભારત લોકશાહી દેશ છે. લોકશાહીનો સ્વીકાર કરવો જરૂરી છે. જીવનમાં લોકશાહી આદર્શો માટે ખૂટતી બાબતોની પૂર્તિ માટે શિક્ષણ મદદરૂપ થાય છે.

**(14) રાષ્ટ્રીય વિકાસ કરવા :**

શિક્ષણ મેળવેલ કન્યા હોય તો પોતાના કુટુંબનો વિકાસ થાય છે. નોકરી કે વ્યવસાય કરી શકે છે. કુટુંબનો સારી રીતે વિકાસ થાય છે. કુટુંબનો વિકાસ થતાં આપોઆપ રાષ્ટ્રનો વિકાસ થાય છે. રાષ્ટ્રના વિકાસમાં કન્યાઓ પોતાની ભૂમિકા અદા કરી શકે તે ઉદ્દેશ રહેલો છે.

**(15) સભ્ય સમાજનું નિર્માણ કરવા :**

સારા સભ્ય સમાજનું નિર્માણ કરવું જરૂરી છે. શિક્ષણ મેળવેલ કન્યા સભ્ય સમાજનું નિર્માણ કરી શકે છે. સારું વિચારી શકે, કુટુંબનું ભરણપોષણ સારી રીતે કરી શકે, બાળકોની સારી સંભાળ રાખી શકે. સારા નાગરિકો તૈયાર કરી શકે. આથી સારો સમાજ ઊભો થાય છે.

**(16) સ્ત્રીઓના અસ્તિત્વ અને આત્મ સન્માન માટે :**

સ્ત્રીઓના અસ્તિત્વ માટે શિક્ષણ મેળવવું જરૂરી છે. સ્ત્રીઓ નોકરી કે વ્યવસાય કરતી હોય તો સમાજમાં સારું સ્થાન પ્રાપ્ત કરે છે. સમાજ માન-સન્માન મેળવે છે. કુટુંબમાં સારી આવક થવાથી કુટુંબ નિર્વાહ સારી રીતે થાય છે.

**(17) સારા નાગરિકો તૈયાર કરવા :**

સારા નાગરિક તૈયાર કરવા શિક્ષણ જરૂરી છે. કન્યાઓને શિક્ષણ આપવાથી તે એક આદર્શ નાગરિક બને છે. તેની ફરજ સમજતી થાય છે.

**(18) સર્વાંગી વિકાસ કરવા :**

જીવનમાં સારો વિકાસ કરવા આવક જરૂરી છે. શિક્ષણ મળવાથી સારી આવક મેળવી શકાય છે. નોકરી કે વ્યવસાય શિક્ષણ મેળવેલી કન્યા કરી શકે છે. હકારાત્મક વલણનો વિકાસ થાય છે.

## 1.10 સ્ત્રીશિક્ષણ : (Women Education)

ભારતમાં સ્કૂલ શિક્ષણનો જાતિગત સંદર્ભ : પ્રગતિ અને પડકારો :

વિકાસલક્ષી ચર્ચાઓમાં મહિલા સશક્તિકરણના ખ્યાલે મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિકાસલક્ષી ચર્ચાઓમાં મહિલા સશક્તિકરણનું મધ્યવર્તી સ્થાન સમાજમાં તકોની સમાનતાના માર્ગો સાથે નજીકથી જોડાયેલો છે. જોકે, વાસ્તવમાં મહિલા સશક્તિકરણનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવાની બાબત

વત્તે-ઓછે અંશે ખૂબ જ મુશ્કેલ બની રહેલ છે. હાંસિયામાં રહેલી મહિલાઓના પુરાવા વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે, તેમ છતાં મહિલાઓને હાંસિયામાંથી બહાર કાઢવા માટેની પ્રક્રિયા માટે નીતિ વિષયક દરમિયાનગીરી અને પગલાઓ ઉપરછલ્લા પ્રમાણમાં જોવા મળે છે. સામાજિક નિર્ણય લેવામાં મહિલાઓની ભાગીદારી નજરઅંદાજ કરવામાં વિકાસ પ્રક્રિયાની મૂળભૂત બેવડાંપણું પ્રતિબિંબ થાય છે અને સમાજમાં ધર્મગ્રંથોની સાથે મહિલાઓને પણ બિબાઢાળ પરિસ્થિતિમાં રખાય છે. લાંબા સમયનો ઈતિહાસ આપણને તે હકીકતની યાદ અપાવે છે કે આ પ્રકારનું બેવડાપણું હકીકતમાં તો મહિલાઓને તેમના અધિકારો અને તકોથી વંચિત રાખવાનું પ્રતિબિંબ છે.

સામાજિક ન્યાયના વ્યાપક સંદર્ભમાં જાતિ અને સિમમાંતતા સમજવી જરૂરી છે. સમાજની આર્થિક વ્યવસ્થા સિમાંતતાનો પ્રકાર અને રૂપરેખા નિર્ધારિત કરે છે. જ્યારે સિમાંતતાની પ્રક્રિયા અને અસ્તિત્વ ચોક્કસપણે આર્થિક વ્યવસ્થાના મૂળભૂત માળખાંને પેલે પાર જાય છે. સિમાંતતાને તેના ખરા અર્થમાં ઓળખ, સ્વમાન અને બાકાત રાખવાની રૂપરેખા સાથે ચકાસવાની જરૂર છે. આ બાબત તકો સાથે સંકળાયેલી છે જે મહિલાઓના શિક્ષણના ઊંચા સ્તરની પ્રાપ્તિને સાકાર કરે છે. આખરે આ બાબત સામાન્ય અને ચોક્કસ સામાજિક રીતે વંચિત જૂથોમાંથી આવતી મહિલાઓને સામાજિક વિમુખતા તરફ દોરી જાય છે.

આરક્ષણ અને મહિલાઓ માટે વિશેષ સંસ્થાઓ ખોલવાની તરફેણમાં ઉઠેલા અવાજ દ્વારા શિક્ષણમાં મહિલાઓનો દરજ્જો ઊંચો લાવવા માટે આદર્શલક્ષી પગલાઓ જોવા મળે છે. જોકે ભાગ્યે જ કોઈ યથાર્થ પ્રયત્નો જોવા મળે છે જે માત્ર ભાગીદારી જ નહીં પરંતુ મહિલાઓની ઓળખ, સ્વમાન અને અવગણના સાથે ખરેખર સંકળાયેલા હોય. શિક્ષણમાં મહિલાઓની સિમાંતતા મહત્તમ નહીં તો પણ અસરકારક રીતે જાળવવામાં આવી છે.

દેશની નીતિઓમાં પણ સ્ત્રી શિક્ષણની માન્યતા વધી રહી છે. ઉદાહરણ તરીકે બારમી પંચવર્ષીય યોજનામાં સ્વીકારાયું હતું કે સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપવું તે ગંભીર મુદ્દો છે. માત્ર યુવાનો સાથે યુવતીઓની ગતિ જાળવવાની જ કલ્પના કરાઈ નથી, પરંતુ 1986ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં નિર્ધારિત કરાયેલા દ્દષ્ટિબિંદુથી પણ કન્યા શિક્ષણ પર નજર કરવા ભાર મૂકાયો છે. આ નીતિ મુજબ શિક્ષણ દ્વારા મહિલાઓમાં પરિવર્તન લાવવું, આત્મવિશ્વાસ ઊભો કરવો અને સમાજમાં તેમની પરિસ્થિતિ સુધારવી. જોકે 12મા આયોજન સમયગાળા દરમિયાન કોઈ વિશેષ પ્રયાસ જોવા મળ્યાં નહોતા. નીતિગત દરમિયાનગીરીની રચના એવી રીતે કરવી જોઈએ કે શિક્ષણમાં જાતિ સમાનતાના સિદ્ધાંતને ગુણવત્તાનો મુદ્દો અને સમાનતાનો મુદ્દો એમ બન્ને દ્દષ્ટિકોણથી ધ્યાન પર લેવામાં આવે. કદાચ, આ ક્ષેત્રે 'કશુંક વધારે' કરવાની જરૂર છે ત્યારબાદ જ જાતિ-સંવેદનશીલતા, શૈક્ષણિક અભ્યાસો, શિક્ષક તાલીમ અને મૂલ્યાંકન ગોઠવી શકાય.

- **નીતિગત મનોબળ કન્યા શિક્ષણ :**

પરંપરાગત રીતે તમામ સમાજોમાં જ્યારે શૈક્ષણિક તકોની વાત આવે ત્યારે મહિલાઓ કરતાં પુરુષોને પ્રાધાન્ય અપાતું જોવા મળે છે. આજે શિક્ષણ પ્રાપ્ત કરવામાં અસમાનતા અને સાક્ષરતા દર વલણ પ્રતિબિંબિત કરે છે જેણે ભૂતકાળમાં સામાજિક અને શૈક્ષણિક નીતિઓ અને પ્રથાઓ દ્વારા આકાર લીધો છે, તેના પરિણામે લગભગ દરેક દેશ વત્તે-ઓછે અંશે જાતિ અસમાનતાનો સામનો કરે છે. GDP અને શૈક્ષણિક પ્રાપ્તિ વચ્ચે મજબૂત સહસંબંધ અસ્તિત્વ ધરાવે છે. દરેક દેશ તેમના માનવ સંસાધન સ્ત્રોતોનો શ્રેષ્ઠતમ સંભવ ઉપયોગ કરવા પ્રયત્ન કરે છે. શિક્ષણ અને જાતિ અંગે ચર્ચા કરતી વખતે 'જાતિ નિષ્પક્ષતા' અને 'જાતિ સમાનતા' વચ્ચે તફાવત જાણવો ઉપયોગી રહેશે. જાતિ નિષ્પક્ષતાની ખાતરી કરવા માટે થોડો વધારે પ્રયત્ન કરવાની જરૂર છે.

- **રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ 1986 (1992માં સુધાર્યા પ્રમાણે) :**

ઐતિહાસિક રીતે સ્વતંત્રતાના સમયથી વિવિધ શૈક્ષણિક નીતિઓએ શિક્ષણમાં સમાનતા ઉપર ભાર મૂક્યો છે. ખાસ કરીને રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ (NPE) 1986-1992 દ્વારા અસમાનતા દૂર કરવા ઉપર ખાસ ભાર મૂકાયો હતો. શિક્ષણનો ઉપયોગ મહિલાઓના દરજ્જામાં મૂળભૂત સુધારો કરવા મુખ્ય રીત તરીકે થવો જોઈએ. તેમાં એવી કલ્પના કરાઈ હતી કે આ પોલિસી મહિલાઓની

તરફેણમાં સારી રીતે ઘડાયેલી નીતિ દ્વારા ભૂતકાળથી એકત્રિત થયેલી અસમાનતાઓને નિર્મૂળ કરી દેશે. તે નવેસરથી રચાયેલાં અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો, શિક્ષકોની તાલીમ અને અભિગમ તથા નિર્ણયલક્ષી અને વહીવટી બાબતોમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં સક્રીય ભાગીદારીથી નવા મૂલ્યોના વિકાસને ઉત્તેજન આપશે. મહિલાઓમાં નિરક્ષરતા દૂર કરવા અને તેમને પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે અડચણો દૂર કરવા પ્રાથમિકતા અપાશે. તેમના માટે ખાસ સહાયક સેવાઓ, સમય નિર્ધારિત લક્ષ્યાંકો અને અસરકારક નિરીક્ષણની જોગવાઈ કરાઈ હતી. રોજગાર અને વ્યાવસાયલક્ષી અભ્યાસક્રમોમાં પરંપરાગત જાતિ અસમાનતા નાબૂદ કરવા બિન-ભેદભાવની નીતિ ભારપૂર્વક હાથ ધરાશે. ઉપરાંત પ્રવર્તમાન અને ઊભરતી ટેક્નોલોજીની સાથે સાથે બિન-પરંપરાગત વ્યવસાયોમાં મહિલાઓની ભાગીદારીને ઉત્તેજન અપાશે. NPEના નીતિ નિર્દેશકો અનુસાર મૂળભૂત શૈક્ષણિક કાર્યક્રમ BEP, OBB, DPEP, SSA અને RMSA જેવા કેટલાક રાજ્ય અને રાષ્ટ્રીય શૈક્ષણિક કાર્યક્રમો શરૂ કરાયા છે. મફત અને ફરજિયાત શિક્ષણનો બાળકોના અધિકારનો કાયદો, 2009 (RTE કાયદો) દેશમાં પ્રાથમિક શિક્ષણ માટે મહત્ત્વપૂર્ણ સિમાસ્તંભ છે.

- **નવી શિક્ષણ નીતિ 2016 અનુસાર પડકારો (NEP 2016ના ડ્રાફ્ટના કેટલાંક મુદ્દાઓ) :**

NEP 2016માં સમાવેશ કરાયેલાં મુદ્દાઓ એ બાબતનો સ્વીકાર થયો છે કે યુવા અને પુખ્ત સાક્ષર દરના પ્રમાણમાં રહેલો ઊંચો જાતિ તફાવત મુખ્ય પડકાર બની રહ્યો છે. ભારતમાં યુવા સાક્ષર દરમાં જાતિ તફાવતના ઊંચા સ્તર (8.2 ટકા)ની લાક્ષણિકતા જોવા મળે છે. 2011માં 15-24 વયજૂથના પુરુષોમાં 90 ટકા અને યુવતીઓમાં 81.8 ટકાનો સાક્ષરતા દર છે. વધુમાં પુખ્ત સાક્ષરતાની બાબતમાં પણ ભારતમાં જાતિ તફાવતનું ઊંચું સ્તર (19.5 ટકા) જોવા મળે છે. તે સ્પષ્ટ છે કે યુવતીઓ અને મહિલાઓમાં સાક્ષરતા સ્તર વધારવા માટે મોટા પ્રયત્નો કરવા જરૂરી છે.

- **શિક્ષણમાં કન્યાઓની ભાગીદારી વધારવા માટે કાર્યક્રમો :**

મહિલાઓ માટે શૈક્ષણિક તકો વિસ્તારવા માટેની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે ભારત સરકારે અનેક કાર્યક્રમો શરૂ કર્યા છે, તેમાં પ્રાથમિક સ્તરે યુવતીઓમાં શિક્ષણ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ મહિલા સામખ્ય (MS), કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV)નો સમાવેશ થાય છે. તાજેતરમાં ભારત સરકારે આ કાર્યક્રમમાં બે મુખ્ય કાર્યક્રમો સબલા અને બેટી બચાઓ બેટી પઢાઓ કાર્યક્રમનો સમાવેશ કર્યો છે.

SABLA ભારત સરકાર દ્વારા 1લી એપ્રિ, 2011માં મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલો કેન્દ્રીય રીતે પ્રાયોજિત કાર્યક્રમ છે. આ કાર્યક્રમ હેઠળ દેશના તમામ રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પસંદ કરાયેલાં 200 જિલ્લાઓને તમામ ICDS કાર્યક્રમ હેઠળ 11થી 18 વર્ષની વયજૂથની કિશોરીઓને આવરી લેવાશે. આ યોજનાનો મુખ્ય હેતુ કિશોરીઓને સ્વ-વિકાસ અને સશક્તિકરણ માટે સક્ષમ બનાવવાનો છે. કાર્યક્રમની સાથે સાથે કિશોરીઓમાં આરોગ્ય અને પોષણની સ્થિતિ સુધારવા, આરોગ્ય, સ્વચ્છતા, પોષણ, જાતિય આરોગ્ય, પરિવાર અને બાળ સંભાળ માટે જાગૃતિ પણ ફેલાવવામાં આવે છે. ઉપરાંત કાર્યક્રમ તેમના ઘરેલું કૌશલ્ય, જીવન જરૂરી અને વ્યાવસાયિક કૌશલ્યને સુધારવાનો હેતુ ધરાવે છે. આ કાર્યક્રમ હેઠળ સ્કૂલની બહાર રહેલી કિશોરીઓને ઔપચારિક અને બિન-ઔપચારિક શિક્ષણના પરિઘ હેઠળ પાછા લાવવાનો પણ સમાવેશ થાય છે. કિશોરીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પોસ્ટ ઑફિસ, બેન્ક, પોલીસ સ્ટેશન અને અન્ય પ્રવર્તમાન સેવાઓ અંગે માર્ગદર્શન પૂરું પડાશે.

'બેટી બચાઓ બેટી પઢાઓ' યોજના મહિલાઓ માટે બનેલી કલ્યાણકારી સેવાઓ અંગે જાગૃતિ ફેલાવવા અને તેની અસરકારકતા વધારવાનો હેતુ ધરાવે છે. આ યોજના રૂા. 100 કરોડના પ્રારંભિક ભંડોળ સાથે શરૂ થઈ છે. ઘટી રહેલા બાળ લિંગ દર (CSR) ના મુદ્દાનો સામનો કરવા માટે ઑક્ટોબ, 2014માં 'બેટી બચાઓ, બેટી પઢાઓ' (BBBP) યોજના શરૂ કરાઈ હતી. રાષ્ટ્રીય ઝુંબેશના ભાગરૂપે શરૂ થયેલી અને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતી આ યોજનામાં નીચો CSR ધરાવતાં 100 પસંદગીના જિલ્લાઓમાં બહુક્ષેત્રિય કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. આ કાર્યક્રમ મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને માનવ સંશાધન વિકાસ મંત્રાલયના સંયુક્ત પ્રયત્નોથી શરૂ કરાયું હતું.

- **તાજેતરની ઉપલબ્ધિ અને પડકારોનું વિશ્લેષણ**
- **સાક્ષરતા દર :**

સમગ્ર વિશ્વના 774 મિલિયન યુવા નિરક્ષરોમાંથી ભારતમાં ત્રીજા ભાગના નિરક્ષકો (287 મિલિયન) વસવાટ કરે છે. વિશ્વમાં કુલ નિરક્ષકોમાં બે તૃતીયાંશ મહિલાઓ છે. એક અંદાજ મુજબ 50 ટકા નિરક્ષકોએ ક્યારેય સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો નથી. જ્યારે અન્ય 50 ટકાએ સ્કૂલોમાં મોડો પ્રવેશ મેળવ્યો છે અને વહેલી સ્કૂલ છોડી દીધી છે.

પુરુષો અને મહિલાઓ બંનેના સાક્ષરતા દરમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. 1911 અને 2011 (એક સદી) વચ્ચેની સરખામણી દર્શાવે છે કે પુરુષ સાક્ષરતા દર 1911માં 10.1થી વધીને 2011માં 82.1 (71.5 ટકાનો વધારો) સૂચવે છે, જ્યારે મહિલા સાક્ષરતા દર 1911માં 1.1 ટકાથી વધીને 2011માં 65.5 (64.4 ટકાનો વધારો) દર્શાવે છે. પુરુષો અને મહિલાઓ વચ્ચેના સાક્ષરતા દરમાં તફાવત 1911માં 9.5 ટકાથી વધીને 2011માં 16.6 ટકા સુધી પહોંચી ગયો છે. સામાજિક કક્ષા મુજબ એકત્રિત કરાયેલાં આંકડા અનુસાર મહિલા સાક્ષરતા દર 56.5 ટકા છે અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં તે દર 49.4 છે જે સમગ્ર પારિવારિક સાક્ષરતા દર (65.6 ટકા)થી ઓછો છે. 2011ની વસ્તીગણતરી અનુસાર કેવળ સમગ્ર દેશમાં સૌથી ઊંચો 94 ટકા સાક્ષરતા દર (પુરુષો 96.1, મહિલાઓ 92.1) ધરાવતું હતું. ત્યારબાદ લક્ષદ્વિપ, મિઝોરમ, ગોવા અને ત્રિપુરાનો ક્રમ હતો. સાક્ષરતાદરના માપદંડમાં ટોપ 10માં 6 કેન્દ્રશાસિત પ્રદેશો અને 4 રાજ્યો (કેરળ, મિઝોરમ, ગોવા અને ત્રિપુરા)નો સમાવેશ થાય છે. મહિલા સાક્ષરતાની દૃષ્ટિએ પણ આ ચાર રાજ્યોનો ક્રમ સૌથી ઉપર છે. જ્યારે બીજી તરફ બિહાર સૌથી નીચો મહિલા સાક્ષરતા દર (51.5) ધરાવે છે. ત્યારબાદ રાજસ્થાન, ઝારખંડ અને જમ્મુ અને કાશ્મીરનો ક્રમ છે.

સૌથી ઓછો સાક્ષરતા દર ધરાવતા દસ રાજ્યોમાં અનુસૂચિત જાતિનું પ્રભુત્વ ધરાવતા (બિહાર, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ), અનુસૂચિત જનજાતિનું પ્રભુત્વ ધરાવતાં (મધ્યપ્રદેશ, ઓડિશા, છત્તીસગઢ, અરૂણાચલ પ્રદેશ) અને મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા રાજ્ય (જમ્મુ અને કાશ્મીર)નો સમાવેશ થાય છે. આથી, નીચા સાક્ષર દરની બાબતમાં રાજ્યોમાં કોઈ ખાસિયત જોવા મળતી નથી. કેટલાક સકારાત્મક ચિહ્નોમાં પ્રથમ તે બાબત છે કે છેલ્લા એક દાયકા દરમિયાન રાજ્યોએ નોંધપાત્ર વિકાસ (મોટા ભાગે બે આંકડામાં) સાધ્યો છે.

બીજી બાબત એ કે છેલ્લા એક દાયકા દરમિયાન ભારતે સમાજમાં 217 મિલિયન સાક્ષરોનો ઉમેરો કર્યો છે, જેમાં 110 મિલિયન સ્ત્રીઓ અને 107 મિલિયન પુરુષોનો સમાવેશ થાય છે.

- **જાતિદર :**

સ્કૂલોમાં કિશોરીઓની સંખ્યા વધારે હોય તેની ખાતરી કરવા માટેનો એક મહત્ત્વની બાબત વસ્તીમાં કિશોરીઓની ઉપલબ્ધતા છે. વીસમી સદીમાં સમગ્ર જાતિ દરમાં ભારત સાવ તળિયે સ્થાન ધરાવે છે. ભારતનો જાતિ દર 1901માં 972થી 1951માં 941 અને 2011માં 940 થયો હતો. 2001 (933)ના સ્તરેથી તેમાં સહેજ વધારો થયો છે. જોકે સૌથી ચિંતાજનક બાબત એ છે કે 2011માં 0-6 વયજૂથનો જાતિ દર અત્યાર સુધીનો સૌથી નીચે (914) જોવા મળ્યો હતો.

તેનો અર્થ એ છે કે આગામી વર્ષોમાં શાળાઓમાં યુવકોની સરખામણીએ યુવતીઓની સંખ્યા ઓછી હશે. 0-6 વયજૂથના જાતિ દરમાં બે ઉત્તર-પૂર્વીય રાજ્યો (મિઝોરમ 971 અને મેઘાલય 970) સૌથી આગળ હતા. જ્યારે બીજી બાજુ દેશમાં સૌથી ઓછો જાતિ દર ધરાવતા 'પ્રગતિશીલ' રાજ્યો (હરિયાણા 830 અને પંજાબ 846) સૌથી ઓછો જાતિ દર ધરાવતા હતા.

- **સ્કૂલની બહાર રહેલી કિશોરીઓ :**

MHRD દ્વારા તાજેતરમાં હાથ ધરાયેલાં અભ્યાસ અનુસાર કુલ વસ્તીના આશરે 3 ટકા જેટલા 6.01 મિલિયન જેટલાં બાળકો સ્કૂલની બહાર છે. આ જ સર્વેમાં સ્કૂલની બહાર રહેલાં બાળકોનો અંદાજ 2006માં 7 ટકા અને 2009માં 4.2 ટકા છે. સ્કૂલની બહાર રહેલાં બાળકોની જાતિવાર વહેંચણી સૂચવે છે કે કિશોરો (2.77 ટકા) કરતાં કિશોરીઓ (3.23 ટકા)નું પ્રમાણ તેમાં વધારે છે. સ્કૂલની બહાર રહેલી કિશોરીઓની સૌથી ઊંચી ટકાવારી રાજસ્થાન (7.5 ટકા),

ઉત્તરાખંડ (5.2 ટકા) અને ઉત્તરપ્રદેશમાં (4.6 ટકા) નોંધાઈ હતી. બીજી બાજુ મિઝોરમ અને કેરળ જેવા રાજ્યોમાં સ્કૂલની બહાર રહેલાં કિશોરો કરતા કિશોરીઓની ટકાવારી ઓછી હતી. અહેવાલમાં પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર કિશોરીઓમાં સ્કૂલની બહાર રહેવાનું મુખ્ય કારણ ઘરેલું કામમાં તેમની મદદની જરૂર અથવા તેમના નાના ભાઈ-બહેનોની સાર-સંભાળ જોવા મળ્યું હતું. સ્કૂલની બહાર રહેલી કિશોરીઓની ટકાવારી ગ્રામીણ (3.36 ટકા) અને શહેરી (2.86 ટકા) ક્ષેત્રોમાં જુદી-જુદી જોવા મળી હતી.

- **સ્કૂલોમાં યુવતીઓની ટકાવારી :**

વિવિધ પ્રકારના રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમોના પરિણામે તમામ સ્તરમાં કિશોરીઓની ટકાવારીમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. ખાસ કરીને સર્વ શિક્ષા અભિયાન (SSA) દરમિયાન 2005-06માં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં કિશોરીઓની ટકાવારી 45.8 ટકાથી વધીને 48.2 ટકા જેટલી નોંધપાત્ર વધી છે.

UDISE 2014-15ના આંકડા અનુસાર સરકારી અને ખાનગી સ્કૂલોમાં કિશોરીઓની નોંધણીની ટકાવારીમાં મોટો તફાવત જોવા મળે છે. આ તફાવત તમામ સ્તરે (પ્રાથમિક,ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) જોવા મળે છે. જોકે ઉચ્ચ સ્તરીય શિક્ષણ તરફ આગળ વધીને તેમ આ તફાવતમાં ઘટાડો નોંધાય છે. અહીં એ બાબત નોંધપાત્ર છે કે છેલ્લા એક દાયકા દરમિયાન ઉચ્ચતર શૈક્ષણિક સ્તરે કિશોરીઓની ટકાવારીમાં નોંધપાત્ર વધારો થયો છે. ઉદાહરણ તરીકે વર્ગ 8ના સ્તરે કિશોરીઓની ટકાવારી 2005-06માં 45 ટકાથી વધીને 2013-14માં 49 ટકા થઈ છે.

કિશોરીઓની ઊંચી ટકાવારી છેલ્લા દાયકા દરમિયાન શરૂ કરાયેલી કેટલીક શૈક્ષણિક યોજનાઓને આભારી હોઈ શકે છે. નીચે આ પ્રકારની યોજનાઓની ટૂંકી વિગતો આપેલી છે :

સ્કૂલમાં કિશોરીઓની ભાગીદારી વધારવા માટે હાથ ધરવામાં આવેલાં જુદાં-જુદાં કાર્યક્રમોમાં અનેક પગલાંઓ લીધા હોવાં છતાં પણ સ્કૂલ છોડી દેવાનો ઊંચો દર હજુ પણ મુખ્ય ચિંતાનું કારણ છે. MHRD 2014ના અહેવાલ મુજબ કુલ Out of School Children (OOSC) માંથી આશરે 36.5 ટકા પુરુષ અને 37.5 ટકા સ્ત્રીઓઓએ અભ્યાસ છોડી દીધો છે. આ અહેવાલ મુજબ, કિશોરીઓ સ્કૂલમાંથી બહાર રહેવાના મુખ્ય પાંચ કારણો નીચે મુજબ છે :

1. ગરીબી-આર્થિક કારણ (23.9 ટકા)
2. બાળક ને ભણવામાં રસ ન હોવો. (17.5 ટકા)
3. બાળક ઘરની આવકમાં મદદ કરતો હોય. (11.6 ટકા)
4. બાળક કોઈ અક્ષમતા અથવા નબળું આરોગ્ય ધરાવતો હોય (10.8 ટકા)
5. ઘરેલું કામકાજ માટે મદદ માટે જરૂર હોય. (8.7 ટકા)

UDISE 2014-15 અહેવાલનો ઉપયોગ કરીને ગણવામાં આવેલો સરેરાશ વાર્ષિક ડ્રોપઆઉટ દર સૂચવે છે કે તમામ સ્તરે ડ્રોપઆઉટ દરમાં કિશોરો અને કિશોરીઓમાં કોઈ ખાસ તફાવત રહેલો નથી. જોકે સમગ્રપણે ડ્રોપઆઉટ દર ઉચ્ચ પ્રાથમિક સ્તરે (યુવકો 3.1 ટકા, યુવતીઓ 4.5 ટકા) વધારો ઊંચો જોવા મળે છે. સંભવતઃ આ તે સ્તર છે કેજ્યાં વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. આ તે તબક્કો છે જ્યારે સ્કૂલનું અંતર વધે છે, કિશોરી શારીરિક ફેરફારોમાંથી પસાર થાય છે અને સ્કૂલ માટે સુવિધા માટે સામાજિક પ્રાપ્યતાની પણ ખાતરી કરવાની જરૂરી છે.

સરકારે ખાતરી કવાની જરૂર છે કે સ્કૂલમાં લઘુત્તમ મૂળભૂત માળખું ઉપલબ્ધ બને જેથી મૂળભૂત માળખાકીય સુવિધાઓના અભાવે કિશોરીઓમાં (અને કિશોરોમાં પણ) જોવા મળતા સ્કૂલ છોડવાના દરમાં ઘટાડો કરી શકાય. આ સંદર્ભમાં RTE એક્ટમાં તમામ પ્રાથમિક શાળાઓમાં ઉપલબ્ધ કરવા માટે જરૂરી લઘુત્તમ માળખાની યાદી આપવામાં આવી છે. તેમાં પીવાનું પાણી,કિશોરો અને કિશોરીઓ માટે અલગ શૌચાલય, નોંધણી અનુસાર વર્ગખંડો અને શિક્ષકો, રમતનું મેદાન, લાયબ્રેરી, રેમ્પ વગેરે જેવી મૂળભૂત સુવિધાઓનો સમાવેશ થાય છે. અન્ય બાબતોમાં ડ્રોપઆઉટ દર ઓછામાં ઓછો કરવા માટે કિશોરીઓ માટે અલગ શૌચાલય અત્યંત

મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. કિશોરીઓના શિક્ષણ માટે સ્કૂલમાં મહિલા શિક્ષકોની ઉપલબ્ધતા પણ અગત્યનું પરિબળ છે. તાજેતરમાં માહિતી અનુસાર સમગ્ર સ્કૂલ વ્યવસ્થામાં આશરે 46.7 ટકા મહિલા શિક્ષકો ઉપલબ્ધ છે. વર્ષો દરમિયાન પ્રાથમિક સ્તરે મહિલા શિક્ષકો ધરાવતી સ્કૂલોની ટકાવારીમાં એક ધારો વધારો જોવા મળ્યો છે.

આ જૂથ માટે NAR દર્શાવીને સંપતિ અને અન્ય ચાવીરૂપ અસમાનાતઓની આંતરપ્રક્રિયા અંગે કેટલીક માહિતી પૂરી પાડે છે. આકૃતિ-8 દર્શાવે છે કે 'અન્ય' જ્ઞાતિ જૂથ જે પરંપરાગત રીતે પછાત નથી તે બાકીની શ્રેણીઓ કરતાં સારી સ્થિતિમાં છે.જ્યારે આકૃતિ-9 દર્શાવે છેકે શહેરી બાળકો ગ્રામીમ બાળકો કરતાં સારી સ્થિતિમાં છે. બંને આકૃતિઓ સૂચવે છે કે મોટાભાગના કિસ્સામાં કિશોરીઓની સંખ્યા કિશોરો કરતાં ખરાબ છે. જોકે સામાજિક જૂથ અથવા રહેઠાણના વિસ્તારને ધ્યાન પર ન લેવામાં આવે તો પર ગરીબીની સ્થિતિ સૌથી મોટા તફાવત દર્શાવે છે. ગરીબ સમુદાય હંમેશા નોંધપાત્ર રીતે ધનિક સમુદાય કરતાં ખરાબ પરિસ્થિતિમાં જોવા મળે છે. આકૃતિ-1માં આ બાબત વધુ સ્પષ્ટ જોવા મળે છે. તેમાં જોવા મળે છેકે મુજબ ધનવાન અનુસૂચિત જાતિની કિશોરી 'અન્ય' (વધુ પછાત) જ્ઞાતિ સમુદાયોમાંથી આવતી ગરીબ કિશોરીઓ કરતાં 20 ટકા ઊંચો કુલ હાજરી ગુણોત્તર ધરાવે છે.

ઉપરોક્ત કોષ્ટક 2007 અને 2014માં વસ્તીમાં 12-25 વયે પ્રાથમિક સ્કૂલ પૂર્ણ કર્યાનો દર જાતિ અને સંપત્તિ જૂથના આધારે દર્શાવે છે. પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક સ્તરે પૂર્ણતા દરમાં નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો છે. કિશોરીઓ માટે પ્રગતિ ખૂબ સારી છે. પ્રાથમિક સ્કૂલ પૂર્ણ કરવાની બાબતમાં 2007 અને 2014ની વચ્ચે કુલ જાતિ અસમાનતા 10 ટકાથી ઘટીને 5 ટકા થઈ છે. તમામ સંપત્તિ જૂથમાં આ ઘટાડો જોવા મળે છે. જોકે પ્રાથમિક સ્તરે સ્કૂલ પૂર્ણ કરવામાં સંપત્તિ તફાવત (Q5-Q1) થોડોક નોંધપાત્ર જોવા મળે છે. જ્યારે ગરીબ અને ધનિક સમુદાયની વચ્ચે સરખામણી કરવામાં આવે ત્યારે સ્કૂલ પૂર્ણ કરવામાં તફાવત પુરુષોની સરખામણીએ મહિલાઓમાં ખાસ્સો વધારે છે. સંપત્તિ જૂથોની વચ્ચે પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરવાનો તફાવત પુરુષો માટે 18 પોઈન્ટ નોંધાયો હતો, જ્યારે 2014માં તે મહિલાઓ માટે 27 પોઈન્ટ હતો.

અસમાનતા માત્ર પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક સ્કૂલ પૂર્ણતાના દર સુધી મર્યાદિત નથી તે માધ્યમિક સ્તરે પણ વિસ્તરે છે. તે ગ્રેડ 10 પાસ કરેલા આંતર રાજ્ય જાતિ આધારિત તફાવતમાં નોંધપાત્ર રીતે અસ્તિત્વ ધરાવે છે. આસામ રાજ્ય બોર્ડમાંથી નોંધાયેલા ગ્રેડ 10 પાસ ટકાવારીમાં સૌથી ઊંચો જાતિ તફાવત ધરાવે છે. આ પરિણા તે કારણોસર મહત્ત્વપૂર્ણ છે કારણ કે રાજ્યોમાં કિશોરીઓ ઓછા પાસ થવાની ટકાવારી ધરાવે છે. આ બાબત તેઓ અવિકસિત હોવાની નિશાની દર્શાવે છે.

શૈક્ષણિક ઉપલબ્ધિના સંદર્ભમાં પ્રોત્સાહક પુરાવા છે. NCERT દ્વારા હાથ ધરાયેલા ધોરણ 10ના વિદ્યાર્થીઓના તાજેતરના નેશનલ એચિવમેન્ટ સર્વે અનુસાર કિશોરીઓની શીખવાની ઉપલબ્ધિ કિશોરો કરતાં નિમ્ન દરજ્જાની નથી.

અંગ્રેજી ભાષામાં કિશોરોના 248ની સરખામણીમાં કિશોરીઓએ પ્રાપ્ત કરેલો કુલ અંક 252, મોર્ડન ઈન્ડિયન લેંગ્વેજમાં કિશોરોના 246ની સરખામણીમાં કિશોરીઓનો 254 હતો. જોકે ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનમાં કિશોરો અને કિશોરીઓનો આંક બરાબર સમાન (દરેકના 250) હતા.

- **ઉપસંહાર અને ભલામણો :**

આ સંશોધન પેપરે ભારતમાં શૈક્ષણિક ભાગીદારીની બાબત રજૂ કરી છે. તેમાં સવાલોના જવાબ અપાયાં છે, ભારતમાં સાક્ષરતા દરની પેટર્ન શું છે અને ભારતમાં સ્કૂલ શિક્ષણમાં ભાગીદારી કેવી છે અને તેમાં કેવા ફેરફારો આવી રહ્યાં છે તે બાબત ધ્યાન પર લેવાઈ છે. આ સંશોધન પેપરના વિશ્લેષણમાં શિક્ષણમાં જાતિના સંદર્ભને રજૂ કરતાં ચાવીરૂપ મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. અગાઉના વિભાગમાં કરેલી ચર્ચા મુજબ ભારતે છેલ્લા બે દાયકાઓ દરમિયાન મૂળભૂત શૈક્ષણિક સૂચકાંકોમાં સુધારો કરવા બાબતે નોંધપાત્ર પ્રગતિ કરેલી છે. વસ્તીની સરેરાશ શૈક્ષણિક પ્રાપ્તિ વધી

રહી છે અને નોંધણી માટેની માંગ ધીમે ધીમે પ્રાથમિકથી માધ્યમિક સ્તર તરફ આગળ વધી રહી છે. જોકે જો સમાન શૈક્ષણિક તકનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવો હોય તો હજુ પણ કેટલાક નોંધપાત્ર પડકારો રહેલા છે. તે નોંધવા મહત્ત્વના છે, લગભગ પ્રાથમિક સ્તરે વૈશ્વિક કુલ નોંધણી દરમાં નીચે મુજબ મહત્ત્વની હકીકતો છૂપાયેલી હોય છે :

1. નોંધણી દર વધી રહ્યો હોવા છતાં પણ કિશોરીઓને તેમની ઉંમરમાં આપવો જોઈએ તેના કરતાં ખૂબ જ નીચેના વર્ગમાં પ્રવેશ અપાઈ રહ્યો છે.
2. જેઓ આખરે પ્રાથમિક શિક્ષણ પૂરું કરે છે તેઓ વધારે સમય પસાર કરે છે.
3. પ્રાથમિક સ્તરે ઉંમરથી નાની અને ઉંમર કરતા વધારે મોટી સંખ્યામાં કિશોરીઓની હાજરી (સ્કૂલમાં મોડો-વહેલો પ્રવેશ અને પુનરાવર્તન) શૈક્ષણિક પડકારો સર્જે છે.
4. સ્કૂલમાં પ્રવેશ માટે નોંધણીના દરમાં વધારો થયો હોવા છતાં સ્કૂલ શિક્ષણ પૂર્ણ કરવામાં અસમાનતા હજુ પણ ચિંતાનું કારણ છે. ભારતમાં પ્રાથમિક શિક્ષણનું આ લક્ષણ માધ્યમિક શિક્ષણમાં પ્રવેશ કરી રહેલાં વિદ્યાર્થીઓની પ્રોફાઈલ નિર્ધારિત કરે છે.

આ સંશોધન પેપરમાં રજૂ કરવામાં આવેલા પરિણામો દર્શાવે છે કે કુલ હાજરી દરના સંદર્ભમાં માપવામાં આવેલ ભાગીદારીના દરમાં અસમાનતા હજુ પણ થોડી ઊંચી જોવા મળે છે. કિશોરીઓનો કુલ હાજરી દર કિશોરોની સરખામણીમાં નોંધપાત્ર રીતે નીચો જોવા મળે છે. સમાજના સામાજિક રીતે પછાત વર્ગોના સંદર્ભમાં આ વલણ વધારે ચિંતાજનક જોવા મળે છે. જ્ઞાતિ અને આર્થિક દરજ્જાની પારસ્પારિક ક્રિયા કાયમી અસમાનતામાં પરિણમી છે. ભાગીદારીમાં રહેલી અસમાનતા માત્ર પુરુષો અને મહિલાઓ વચ્ચે રહેલા તફાવતને ઓળખવા માટે જ જોવાની જરૂર નથી, પરંતુ અન્ય જ્ઞાતિ જૂથોમાંથી આવતી કિશોરીઓની ભાગીદારીની સરખામણી સામાજિક રીતે પછાત વર્ગોમાંથી આવતી કિશોરીઓની સાથે પણ કરવાની જરૂર છે.

વધુમાં સ્થાનના સંદર્ભમાં અસમાનતાનું પ્રમાણ સતત ધ્યાન પર આવે છે. એક નિરીક્ષણ અનુસાર શહેરી વિસ્તારમાં રહેલી કિશોરીઓની સ્થિતિ ગ્રામીણ કિશોરીઓ કરતાં સારી છે. સમગ્ર રીતે જોતાં તમામ જ્ઞાતિઓમાં કિશોરીઓની સ્થિતિ કિશોરો કરતાં ખરાબ જોવા મળે છે. વધુમાં જોવા મળ્યું છે કે ધનિક અનુસૂચિત જાતિની કિશોરીઓ 'અન્ય' (વધારે પછાત) જ્ઞાતિઓમાંથી આવતી ગરીબ કિશોરીઓ કરતાં 20 ટકા જેટલો વધારે કુલ હાજરી દર ધરાવે છે.

છેલ્લા વર્ષો દરમિયાન જુદાં-જુદાં સ્તરોમાં શિક્ષણ પૂર્ણ કરવાના પ્રમાણમાં પણ અસમાનતા જોવા મળી છે. સ્કૂલ શિક્ષણ પૂર્ણ કરવામાં આર્થિક અસમાનતા વધારે ચિંતાનું કારણ છે. કિશોરીઓને તેમની કામગીરી અને વહેલા લગ્નના કારણે શિક્ષણ પ્રાપ્ત કરવાની તકો છિનવાઈ જવી તે બાબત ગંભીર ચિંતાનો વિષય છે. સ્કૂલોમાં કિશોરીઓનો સમાવેશ ન થવો અને તેમના માટે સ્કૂલ સલામત સ્થળ ન હોવાની હકીકત સમસ્યાને અત્યંત ગંભીર બનાવે છે. KGBV અને NPEGEL જેવી યોજનાઓ સફળ રહી હોવા છતાં તેની પહોંચ સીમિત સંખ્યા સુધી મર્યાદિત છે. સ્કૂલમાં પ્રવેશ નોંધાવ્યા બાદ કિશોરીઓને સ્કૂલની વ્યવસ્થામાં જાળવી રાખવા માટે આ પડકારોનો વધારે અસરકારતાથી સામનો કરવા માટે વ્યાપક શિક્ષણ પૂરું પાડતી વ્યવસ્થાએ તેનો સામનો કરવાની જરૂર છે.

મહિલા સશક્તિકરણમાં શિક્ષણની ભૂમિકા વધારવાની બાબત તકોની સમાનતાનો વ્યાપ વધારવા માટે કરાતાં મજબૂત પ્રયત્નો થકી જ હાંસલ કરી શકાય છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ સમાનતા વધારવા અને સમાજમાં મહિલાઓનો દરજ્જો ઊંચો કરવા માટે મહિલા કેન્દ્રિત કાર્યક્રમો શરૂ કર્યા છે. એક રસપ્રદ કાર્યક્રમ ઓડિશામાં કિશોરી પ્રોત્સાહન કાર્યક્રમ (2013-2016) 12 છે. આ કાર્યક્રમના અમલીકરણના માત્ર 2 વર્ષના સમયગાળામાં જ માધ્યમિક સ્તરે કિશોરીઓની હાજરીનો દર 75 ટકાથી વધીને 84 ટકા થઈ ગયો હતો. આ કાર્યક્રમનું મુખ્ય ધ્યાન હાજરી અને શૈક્ષણિક પરિણામ સુધારવા ઉપર કેન્દ્રિત કરવામાં આવે છે. ઉપરોક્ત વિશ્લેષણનો મુખ્ય નિષ્કર્ષ એ છે કે ધનિક વર્ગો વિસ્તરણનો સૌથી પહેલો ફાયદો ઉઠાવે છે. આથી જાતિ અસમાનતામાં ઘટાડો કરવા માટે મુખ્યત્વે ગરીબોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલી નીતિઓ ખૂબ જ જરૂરી સાધન છે.

3. વર્લ્ડ એટલાસ ઓફ જેન્ડર ઇક્વાલિટી ઇન એજ્યુકેશન, 2012, યુનેસ્કો
4. ફોટો ક્રેડિટ : <http://inkerackiononskikuke.org/illuskraking-equaliky-vs-equiky/>
5. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986 (1992માં સુધાર્યા મુજબ)
6. NEP 2016, MHRDના ડ્રાફ્ટમાંથી કેટલાંક મુદ્દાઓ
7. સ્ત્રોત : પુખ્ત અને યુવા સાક્ષરતા, રાષ્ટ્રીય, પ્રાદેશિક અને વૈશ્વિક વલણ, 1985-2005
8. ભારતમાં 6-13 વર્ષમાં સ્કૂલની બહાર રહેલા બાળકોનો નેશનલ સેમ્પલ સરવેનો અંદાજ
9. સ્ત્રોત : ફ્લેશ સ્ટેટેસ્ટિક, 2014-15
10. મોટા ભાગના રાજ્યોએ RTE કાયદા અંતર્ગત પ્રાથમિક માટે કિ.મી. અને ઉચ્ચતર પ્રાથમિક માટે 3 કિ.મી.નો નજીકતાનો નિયમ નિર્ધારિત કર્યો છે. જાતિ, સ્થાન અને સંપત્તિ જૂથ આધારિત કુલ હાજરી ગુણોત્તર-માધ્યમિક
11. શેલેન્દર શર્મા, ક્રોસિંગ બેરિયર્સ એક્સેસ ટુ એજ્યુકેશન (ચેલેન્જ), યોજના, જાન્યુઆરી, 2016
12. IPE ગ્લોબલ લિમિટેડ દ્વારા અમલી કરાયેલું

## 1.11 સારાંશ : (Let us sum up)

- કન્યા કેળવણીની સમસ્યા પછાત વર્ગોના બાળકોના શિક્ષણની સમસ્યા, વિચરતી જાતિના બાળકોના શિક્ષણની સમસ્યા, ક્ષતિ ધરાવતાં બાળકોના શિક્ષણની સમસ્યા વગેરે માટે પ્રાથમિક કક્ષાએ વિવિધ સમસ્યાઓ જોવા મળે છે.
- આ ચારેય પ્રકારના બાળકોની સમસ્યાના કારણો જાણીને તેને દૂર કરવાના ઉપાયો વિચારવા પડે. સરકારે પણ આ દિશામાં પ્રયત્નો કરવામાં આવે તો સુધારો લાવી શકાય તેમ છે.
- સરકાર પણ આ દિશામાં જોઈએ તેટલી પ્રયત્નશીલ જોવા મળતી નથી. લોકોની ભાગીદારી સાથે પ્રયત્નો કરવામાં આવે.
- લોકોમાં શિક્ષણ પ્રત્યે જરૂરિયાત છે તે અંગે જાગૃતિ લાવવામાં આવે, વાલીઓને સમજાવવામાં આવે તો સુધારો લાવી શકાય તેમ છે. સુધારા તરફ પ્રયત્નો કરવા જરૂરી છે. પ્રયત્ન વગર સફળતા ન મળે.

## 1.12 એકમ સ્વાધ્યાય : (Unit Exercises)

(1) કન્યા કેળવણી એટલે શું ?
(2) કન્યા કેળવણીના અવરોધો જણાવો.
(3) કન્યા કેળવણીના વિકાસ માટેના ઉપાયો જણાવો.
(4) કન્યા કેળવણીના વિકાસ માટે થયેલા પ્રયત્નો જણાવો.
(5) કન્યા કેળવણીની સમસ્યા જણાવો.
(6) કન્યા કેળવણીની સમસ્યા દૂર કરવાના ઉપાયો જણાવો.
(7) કન્યા કેળવણીનું મહત્ત્વ જણાવો.
(8) કન્યા કેળવણીના ઉદ્દેશો જણાવો.

## 1.13 તમારી પ્રગતિ ચકાસો :

- **તમારા ઉત્તરો આપેલ જગ્યામાં લખો :**

(1) કન્યા કેળવણી એટલે શું ?

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(2) કન્યા કેળવણીના ત્રણ અવરોધ જણાવો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

(3) કન્યા કેળવણીના વિકાસ માટેના ત્રણ ઉપાય જણાવો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

(4) કન્યા કેળવણીના વિકાસ માટે થયેલ ત્રણ પ્રયત્ન જણાવો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

(5) કન્યા કેળવણીની ત્રણ સમસ્યા જણાવો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

(6) કન્યા કેળવણીની સમસ્યા દૂર કરવાના ત્રણ ઉપાય જણાવો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

(7) કન્યા કેળવણીની ત્રણ મહત્ત્વની બાબત જણાવો.

............................................................................

............................................................................

............................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 1.14 સૂચિત સાધન સામગ્રી : (Suggested Readings)


(1) ત્રિપાઠી પ્રતિમા : લિંગ, વિદ્યાલય એવં સમાજ, અગ્રવાલ પબ્લિકેશન્સ, આગરા.

(2) દવે હર્ષિદા એચ : સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(3) પટેલ સી.કે. : પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ.

**એકમ 2**

# ભારતીય સમાજમાં સ્ત્રીઓની સમસ્યાઓ અને ઉપાયો

**: રૂપરેખા :**

**2.1 પ્રસ્તાવના - સ્ત્રી સમસ્યાનો અર્થ**
**2.2 ભારતીય સમાજમાં સ્ત્રી શિક્ષણ**
**2.3 સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ**
**2.4 ભારતીય સમાજમાં સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ**
**2.5 સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો**
**2.6 ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ**
**2.7 ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો**
**2.8 ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ**
**2.9 ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો**
**2.10 સ્ત્રીઓની સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો**
**2.11 સ્ત્રીઓનાં ઉત્કર્ષમાં બિનસરકારી સંગઠનોની ભૂમિકા**
**2.12 સારાંશ**
**2.13 એકમ સ્વાધ્યાય**
**2.14 તમારી પ્રગતિ ચકાસો**
**2.15 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**
**2.16 સૂચિત વાંચન સામગ્રી**

- **ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) ભારતીય સમાજમાં સ્ત્રીશિક્ષણનું મહત્ત્વ સમજી શકશો.
(2) ભારતીય સમાજમાં સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ સમજી શકશો.
(3) સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો સમજી શકશો.
(4) ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ સમજી શકશો.
(5) ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો સમજી શકશો.
(6) ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ સમજી શકશો.
(7) ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો સમજી શકશો.
(8) સ્ત્રીઓની સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો સમજી શકશો.
(9) સ્ત્રીઓનાં ઉત્કર્ષમાં બિનસરકારી સંગઠનોની ભૂમિકા સમજી શકશો.

## 2.1 પ્રસ્તાવના :

ભારતે તેના બંધારણમાં સ્ત્રી કે પુરુષ લિંગભેદ વિના દરેકને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મળે એ આદર્શ સ્વીકાર્યો છે. આથી ફરજિયાત ઉંમરમાં આવતી દરેક કન્યા શિક્ષણ મેળવે જ એ જરૂરી છે. આપણા દેશમાં પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવામાં કન્યા કેળવણીની સમસ્યા દેશ માટે અતિ મહત્ત્વની સમસ્યા બની છે. કારણ કે દેશના ઘણા ભાગોમાં કન્યાઓને શાળાઓમાં મૂકવામાં આવતી નથી, તેઓનો શાળા પ્રવેશ ઇચ્છનીય ગણાતો નથી.

આઝાદીની ચળવળથી દેશમાં આવેલી લોકજાગૃતિને લીધે કન્યા-કેળવણી તરફ ઝોંક વધ્યો. કન્યા કેળવણી ક્ષેત્રે સક્રિય પ્રયત્નો પણ થયા, પરંતુ વિવિધ અવરોધોને કારણે કન્યા કેળવણીને જોઈએ તેટલો પ્રતિસાદ સાંપડ્યો નહીં. પ્રાથમિક શિક્ષણને ફરજિયાત અને સાર્વત્રિક બનાવતા કન્યાઓના શિક્ષણનો પ્રશ્ન કેવી રીતે હલ કરવો એ એક વિકટ સમસ્યા બની રહી છે. આ કારણને લીધે જ સ્ત્રી-

શિક્ષણ પરની રાષ્ટ્રીય કમિટીએ સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના પ્રશ્નને છોકરીઓ માટે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના પ્રશ્ન તરીકે ઓળખાવ્યો હતો.

કન્યા-કેળવણી માટે આઝાદી પછી સક્રિય પ્રયત્નો થયાં છે. છતાં ભારતનાં રાજ્યોમાં કન્યા કેળવણીની સ્થિતિ એક સરખી નથી. ભારત ગામડાંનો બનેલો દેશ છે. શહેરોના પ્રમાણમાં ગ્રામ પ્રદેશોમાં કન્યા-કેળવણી માટે ઓછી જાગૃતિ છે. સ્ત્રીશિક્ષણ માટે તેઓમાં એક પ્રકારની સૂગ છે. આને કારણે કન્યા કેળવણી ઝડપી બની નથી.

પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ ન મેળવનાર કન્યા નિરક્ષર રહે છે. પ્રાથમિક શિક્ષણ પણ ન મેળવ્યું હોય તો માધ્યમિક શિક્ષણમાં પ્રવેશ ન મેળવી શકે તે બાબત નકારી ન શકાય તેવી છે. પ્રાથમિક શિક્ષણથી વંચિત કન્યા માધ્યમિક શિક્ષણ સુધી પહોંચી શકતી નથી.

પ્રાથમિક શિક્ષણથી વંચિત કન્યા ઉચ્ચશિક્ષણ સુધી પહોંચી શકતી નથી.

પ્રાથમિક શિક્ષણ ન મેળવનાર કન્યા મોટી ઉંમર સુધી શિક્ષણ ન મેળવવાને કારણે ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

કન્યા કેળવણી માટે સમસ્યાઓ, તેને દૂર કરવાના ઉપાયો વિષે માહિતી મેળવવા પ્રયત્ન કરીએ.

કન્યા માટે આપણે 'સ્ત્રી' શબ્દ વાપરીએ તો અયોગ્ય નહીં ગણાય.

- **સ્ત્રી સમસ્યાનો અર્થ : (Meaning of Women Problem)**
- વેદકાલીન ભારતીય સમાજમાં સ્ત્રીઓ સમાન સ્થાન અને ગૌરવ ભોગવતી હતી. વિદેશીઓના આક્રમણ બાદ સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતાની શરૂઆત થઈ. પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ થયા બાદ પુરુષો જે આધિપત્ય ભોગવે છે તે સ્ત્રીઓને મળતું નથી. સ્ત્રીઓના જીવન સંબંધી પરિસ્થિતિ લોકોનું ધ્યાન ખેંચે તેવી હોય છે.
- ટેક્નોલોજી અને વિજ્ઞાનની હરણફાળને કારણે સમાજે તમામ ક્ષેત્રે પ્રગતિ કરી છે, પરંતુ સ્ત્રીની બાબતમાં પીછેહઠ કરી છે. બંધારણે સ્ત્રી-પુરુષના સમાનહક અને અધિકારો આપ્યા છે. પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વજનિક બનાવેલ છે, પરંતુ તેનો વ્યાવહારિક અમલ થતો નથી.
- સ્ત્રી-પુરુષ સમાનતા જોવા મળતી નથી. અભ્યાસમાં પણ સ્ત્રી-પુરુષ વચ્ચે અસમાનતા જોવા મળે છે. વાસ્તવિક જીવનમાં સ્ત્રીઓને અનેક અસમાનતાઓ અને અન્યાયોનો ભોગ બનવું પડે છે.
- આપણી સંસ્કૃતિમાં જોવા મળતી કેટલીક પ્રથાઓ પણ આને માટે જવાબદાર છે. જેવી કે પુરુષો અને વડીલોની સર્વોપરિ સત્તા, સંયુક્ત કુટુંબ પ્રથાને કારણે ઊભી થતી સમસ્યાઓ, બાળલગ્નો, શિક્ષણનો અભાવ, બંધનકર્તા, રીતરસમોની વિપરિત અસર, સ્ત્રીઓના જીવન પર પડતી હોય છે.
- માનવ એક સામાજિક પ્રાણી છે. સમાજમાં રહે છે. તે સમાજમાં જન્મે છે. સમાજમાં રહી માનવીનો વિકાસ થતો જોવા મલે છે અને સમાજમાં મૃત્યુ પામે છે. વર્તમાન સમયમાં માણસ જે સમાજમાં જીવી રહ્યો છે તે સમાજમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરવા સતત પ્રયત્ન કરી રહ્યો છે.
- સમાજમાં જાતિ-જ્ઞાતિના ભેદભાવો ઉપર ઉપરથી દૂર થતા હોય તેમ છે, પરંતુ આંતરિક રીતે ભેદભાવો રખાતા હોય છે.
- આપણે જોઈ શકીએ છીએ કે ઘણા લાંબા સમયથી મહિલાઓને 33% પ્રતિનિધિત્વ આપવાનો ખરડો પસાર થઈ શકતો નથી. ખરેખર 50% પ્રતિનિધિત્વ આપવાનું હોય કારણ કે સ્ત્રી-પુરુષ એક રથના બે પૈડા સમાન છે, છતાં સમાજમાં બંને વચ્ચે ભેદભાવ રખાય છે.
- આજે જોઈએ તો સ્ત્રીઓનું શોષણ થાય છે, તેવી જ રીતે અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકો પ્રત્યે સરકારે ઘણી જ યોજનાઓ અમલમાં મૂકી છે, છતાં છેવાડાના ગામડાંમાં હજુ અસ્પૃશ્યતાની સમસ્યા છે. જેનો સુધારેલા સ્થળોએ આંતરિક ભેદભાવો જોવા મળે છે. આમ ભારતીય સમાજમાં અનેક સમસ્યાઓ જોવા મળે છે.

- સ્ત્રીની જાતિયતા નિયંત્રણ પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. કુટુંબની આબરૂ લેતી સ્ત્રીઓના કે ચારિત્ર્ય પર અવલંબે છે.
- સ્ત્રીઓને અંકુશમાં રાખવા પર ભાર અપાયો છે. સ્ત્રી-પુરુષના કાર્ય વિભાજનમાં સ્ત્રીનું કાર્યક્ષેત્ર ઘરની ગૃહિણી, માતા, પત્ની તરીકેની કામગીરીઓમાં સમાપ્ત થઈ જાય છે. જ્યારે પુરુષનું કાર્યતંત્ર ઘરબહારના સર્વ સમાજકારણ, રાજકારણ, અર્થકારણ અને જાહેરક્ષેત્રમાં વ્યાપે છે. જ્ઞાતિ અને ધર્મ વ્યવસ્થા પણ તેના પર ભાર મૂકે છે. આમ સ્ત્રીપુરુષમાં સમાનતાની વાતો કરવા છાતં સ્ત્રીનો દરજ્જો હંમેશા નિમ્ન રહેવા પામ્યો છે.

## 2.2 ભારતીય સમાજમાં સ્ત્રી શિક્ષણ :

- પ્રાચીન ભારતમાં સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. વેદકાલીન અને ઉપનિષદકાળમાં કેટલીક ભરેલી સ્ત્રીઓનાં ઉદાહરણ જોવા મળે છે. મુસ્લિમ શાસનકાળ દરમિયાન પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું અને સ્ત્રીઓનો દરજ્જો નીચે ઉતરતો ગયો.
- સ્ત્રીઓના શિક્ષણ પર પ્રતિબંધ ફરવવામાં આવ્યો હતો. ઓગણીસમી અને વીસમી સદીમાં સ્ત્રીઓની સ્થિતિમાં સુધારણા થઈ.
- ઈ.સ. 1982ના શિક્ષણપંચની ભલામણો અનુસાર મહિલાઓ માટે અલગ શાળાઓની શરૂઆત થઈ. આથી કેટલાક ખાનગી સંચાલકોએ પણ કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે કેટલાંક પગલાં ભર્યાં. તેમણે કેટલીક શાળા-કૉલેજ શરૂ કરી હતી. આને કારણે સ્ત્રીઓની સમસ્યાઓ ઊભી થાય છે.
- સ્ત્રીઓના જીવન પર અસર કરતી વિપરિત પરિસ્થિતિઓ, ધોરણો, મૂલ્યો, માન્યતાઓ અનિચ્છનીય ગણવામાં આવતી હોય તેમજ તેના નિવારણ માટે સામુહિક પગલાં લેવાના હોય તેવી પરિસ્થિતિને સ્ત્રીઓની સમસ્યાઓ કહેવાય છે.
- સ્ત્રીઓને સમસ્યાઓ એટલે પુરુષની તુલનામાં સ્ત્રીઓને નીચા સ્થાન અને દરજ્જાને સૂચિત કરતી સમસ્યાઓ. આવી સમસ્યાઓમાં સ્ત્રીઓનું ઓછું પ્રમાણ, ભૃણહત્યા, નિરક્ષરતા, અસમાનતા, કૌટુંબિક સમસ્યાઓ માટે સાંસ્કૃતિક બાબતો અને ધ્યેયો સમાજિક પરિવર્તન, સ્ત્રીનું વ્યક્તિત્વ પણ જવાબદાર હોય છે. આર્થિક પરાધીનતા, નિરક્ષરતા પણ સ્ત્રીની સમસ્યાનું કારણ બને છે. આમ વિવિધ પરિસ્થિતિઓ સ્ત્રીની સમસ્યા માટે કારણભૂત બને છે.
- **સ્ત્રીઓની વિવિધ સામાજિક સમસ્યાઓ :**

(1) દહેજ સમસ્યા

(2) વેશ્યા સમસ્યા

(3) સ્ત્રીઓની આત્મહત્યા

(4) જાતિય સતામણી

(5) મહિલાઓની વિરુદ્ધ થતી હિંસાઓ-અત્યાચારો

- અંગ્રેજોના આગમન પછી ભારતીય જીવન અને સંસ્કૃતિ પર અસર જોવા મળી. આમ તો વુડ ખરીતામાં પણ કન્યા કેળવણીમાં વિકાસ માટે અનુદાનની હિમાયત કરવામાં આવી હતી.
- ગાંધીજીના દક્ષિણ આફ્રિકામાંથી સ્વદેશ આગમન પછી તેમના જીવનદર્શનથી અને શિક્ષણ દર્શનની વ્યાપક અસરો જન્મવાથી તેમના રચનાત્મક કાર્યક્રમોને લીધે પણ કન્યા કેળવણીનો ભારતમાં વિકાસ થયો.
- ભારત જેવા લોકશાહી શાસન ધરાવતા દેશમાં કન્યા કેળવણીનું મહત્ત્વ સમજી શકાય તેવું છે. ઈ.સ. 1950ની 26મી જાન્યુઆરીએ ભારત પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું છે.
- ભારતના બંધારણ પ્રમાણે ધર્મ, જાતિ, લિંગ, વયકક્ષાના ભેદભાવ વગર ભારતમાં જન્મેલી 6થી 14 વર્ષની વયજૂથના પ્રત્યેક બાળકને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત આપવાનું નિશ્ચિત થયું છે.
- શિક્ષણના સાર્વત્રિકરણના પ્રયાસો પણ ચાલી રહ્યા છે. આથી કન્યા કેળવણીને સારું એવું

ઉત્તેજન મળી રહ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રયાસોથી કન્યા કેળવણીમાં વેગ આવ્યો છે. સ્ત્રીઓમાં જાગૃતિ પણ હવે વધતી જાય છે. સમાજમાં સ્ત્રી શિક્ષણની જરૂરિયાત માટે પરિવર્તન થયું છે.

## 2.3 સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ : (Importance of Women Education)

કોઈ પણ રાષ્ટ્રના સમાજિક અને સાંસ્કૃતિક વિકાસમાં નારી મહત્ત્વનો ભાગ ભજવે છે. તે પુરુષની અર્ધાંગિની છે. આથી સમગ્ર પરિવારમાં ભાર વહન કરવાની જવાબદારી પરિવારમાં સ્ત્રીની હોય છે. તે પરિવારનું હલનચલન છે તેથી પરિવારમાં જો સ્ત્રી અશિક્ષિત હોય તો તે પરિવારની જવાબદારી બરાબર રીતે વહન કરી શકતી નથી. આથી પરિવાર સારી રીતે ચલાવવા માટે સ્ત્રીશિક્ષણની જરૂર છે. જે નીચે મુજબની બાબતોથી સ્પષ્ટ થાય છે.

**(1) સમાજના કલ્યાણ માટે :**

સમાજમાં સ્ત્રીનું સ્થાન મહત્ત્વનું ગણવામાં આવે છે. ભારત જેવા દેશમાં સ્ત્રીને શક્તિ સ્વરૂપ ગણવામાં આવી છે, ત્યાં આ શક્તિ જો શિક્ષણ પામ્યા વિના શક્તિહીન બને તો તે પરિવાર અને સમાજનું કલ્યાણ કરી શકતા નથી. સમાજ અને કુટુંબમાં સ્ત્રી પરિવારમાં વહન કરવાની જવાબદારી તેના શિરે છે.

**(2) બાળકોને સંસ્કાર આપવા :**

સમાજમાં બાળકોને સંસ્કાર આપવાનું કાર્ય સ્ત્રીઓ જ કરતી હોય છે. જો માતા શિક્ષણ પામીને સારા સંસ્કારો પ્રાપ્ત કર્યાં હશે તો જ બાળકોને સારા સંસ્કાર આપી શકશે. માતાઓને શિક્ષણ આપવામાં અગ્રતાક્રમ આપો.

**(3) અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા :**

ભારતીય સમાજમાં અશિક્ષિત સ્ત્રીઓ સમાજના અન્યાય, શોષણ અને અત્યાચારનો ભોગ બને છે. સ્ત્રીઓ જો શિક્ષિત હોય તો જાગૃત બની સમાજના અન્યાય અને શોષણનો વિરોધ કરે છે. સ્ત્રીઓને મળતા અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા માટે સ્ત્રી શિક્ષણની જરૂર છે.

**(4) વહેમ અને અંધશ્રદ્ધા દૂર કરવા :**

સમાજમાં વહેમ અને અંધશ્રદ્ધાનું પ્રમાણ વધારે છે. શિક્ષણ લેવાથી સ્ત્રીઓ વહેમો, અંધશ્રદ્ધાઓ અને કુરિવાજોનો ભોગ બનતી નથી.

**(5) સ્ત્રી અને પુરુષ સમાન :**

સમાજમાં સ્ત્રી અને પુરુષ સમાન ગણવામાં આવે છે. સ્ત્રી અને પુરુષ એક રથના બે સમાન પૈડા છે, તેમાંથી એક પૈડું જો અસમાન હોય, અશિક્ષિત હોય તો રથ બરાબર ખેંચી શકાતો નથી. આથી કન્યા કેળવણીની ખાસ જરૂરિયાત છે.

**(6) સન્માન અને આદર આપવા :**

જ્યાં સમાજમાં સ્ત્રીને સન્માન અને આદર આપવામાં આવે છે ત્યાં દેવોનો વાસ હોય છે. સ્ત્રીની નિષ્ઠા અને પ્રતિષ્ઠા એ સમાજનું અવલંબન છે. આથી સ્ત્રીને સન્માન અને આદરની અધિકારીણી બનાવવી હોય તો કન્યાઓને કેળવણી આપવાની તાતી જરૂરિયાત છે.

**(7) અન્યાય અને શોષણનો વિરોધ કરવા :**

- સમાજમાં સ્ત્રીઓનું શોષણ થઈ રહેલ છે. સ્ત્રીઓના શારીરિક શોષણ અને જાતિય શોષણની સમસ્યાઓ જેવી કે વેશ્યા વ્યવસાય અને દેવદાસી પ્રથા સ્ત્રીઓ સામેના અત્યાચારો થઈ રહેલ છે. સ્ત્રીઓની મારપીટ, આત્મહત્યા, હિંસા વગેરે થાય છે. શિક્ષિત સ્ત્રી હોય તે અન્યાય અને શોષણનો વિરોધ કરી શકે તે માટે સ્ત્રી શિક્ષણની જરૂર છે.
- કોઈપણ રાષ્ટ્રના સામાજિક અને સાંસ્કૃતિક ઉત્થાનમાં નારી મહત્ત્વનો ભાગ ભજવે છે. તે પુરુષની સહધર્મચારિણી છે. તે પુરુષની અર્ધાંગિની છે. આથી સમગ્ર પરિવારનો ભાર વહન કરવાની જવાબદારી પરિવારમાં સ્ત્રીની હોય છે. તે પરિવારનું હલનચલન છે તેથી પરિવારમાં જો સ્ત્રી અથવા માતા અશિક્ષિત હોય તો તે પરિવારની જવાબદારી બરાબર વહન કરી શકતી નથી.

- ભારત જેવા દેશમાં સ્ત્રીને શક્તિ સ્વરૂપ ગણવામાં આવી છે. ત્યાં આ શક્તિ જો શિક્ષણ પામ્યા વિના શક્તિહીન બને તો તે પરિવાર અને સમાજનું કલ્યાણ કરી શકતી નથી.
- નારી જો શિક્ષણ પામેલી હશે તો તે કુટુંબ અને સમાજ તેમજ રાષ્ટ્રને તારે છે. અશિક્ષિત નારી કુટુંબ અને સમાજને ક્યારેક ડૂબાડે છે.

## 2.4 ભારતીય સમાજમાં સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ : (Problems of Women in Indian Society)

- ભારતીય સમાજમાં સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ નીચે મુજબ છે :

**(1) બાળ લગ્ન :**

સ્ત્રીઓની અસલામતીને કારણે દીકરી સાપનો ભારો, આ માન્યતાને કારણે તેના લગ્ન ઘણી નાની ઉંમરે કરવામાં આવે છે. બાળલગ્ન એ નાની ઉંમરે કરવામાં આવે છે. બાળલગ્ન એ સ્ત્રીઓની સામાજિક સમસ્યા જોવા મળે છે.

**(2) જાતિય શોષણ :**

સ્ત્રીઓના શારીરિક શોષણ અને જાતિય શોષણની સમસ્યાઓ જેવી કે વેશ્યા વ્યવસાય અને દેવદાસી પ્રથા વગેરે જેવી જાતિય શોષણને લગતી સમસ્યાઓ જોવા મળે છે.

**(3) અત્યાચાર :**

સ્ત્રીઓ સામેના અત્યાચારની સમસ્યાઓ જેવી કે સ્ત્રીઓની મારપીટ, આત્મહત્યા, હિંસા વગેરે.

**(4) બળાત્કાર :**

સમાજમાં સ્ત્રીઓને ફક્ત જાતિય વ્યવહારનું સાધન સમજી લેવામાં આવે છે. કેટલાંક પુરુષો સ્ત્રીઓ સાથે સંમતિ વિના, ધાકધમકીથી બળજબરીથી જાતિય વ્યવહાર કરતાં હોય છે. કેટલીક વાર મજબૂરીનો લાભ લઈને જાતિય વ્યવહાર કરતા હોય છે. અસલામતી સમાજમાં પ્રવર્તતી જોવા મળે છે.

**(5) બહુપત્ની લગ્ન :**

ઘણા પુરુષો એક કરતાં વધુ પત્ની સાથે જીવન જીવતા હોય છે. ખાસ કરીને મુસ્લિમોમાં આ પ્રકારની છૂટ વધુ જોવા મળે છે. સમાજમાં ઘણા પુરુષો એકપત્ની વ્રત પાળતા નથી.

**(6) છૂટાછેડાના પ્રશ્નો :**

સ્ત્રી-પુરુષ એકબીજા સાથે અનુકૂલન સાધવામાં નિષ્ફળ જાય તો છૂટાછેડા લેવાનો પ્રશ્ન ઊભો થાય છે. ઘણીવાર સ્ત્રી કે પુરુષ અન્ય સાથે પ્રેમ હોવાથી, માબાપની ઇચ્છા પ્રમાણે લગ્ન થતા હોવાથી, અંતે છૂટાછેડા લેવાનો પ્રશ્ન ઊભો થાય છે. 1955ના હિંદુ મેરેજ એક્ટ અનુસાર કેટલીક શરતોને આધિન સ્ત્રીને પણ છૂટાછેડા લેવાનો અધિકાર મળે છે.

**(7) સ્ત્રી પુરુષ અસમાનતા :**

સમાજમાં સ્ત્રીને પુરુષની સમકક્ષ ગણવામાં આવતી નથી. તેને બીજા દરજ્જાની ગણવામાં આવે છે. તેનું સ્થાન પણ પુરુષ પછી ગણાય છે.

**(8) સ્ત્રી વસ્તીમાં ઘટાડો :**

જાતિ પરીક્ષણમાં, ગર્ભપાત, દહેજ અને દીકરી સાપનો ભારો જેવી માન્યતાને કારણે સ્ત્રી વસ્તીમાં ઘટાડો થઈ રહ્યો છે. જે સમાજ માટે અયોગ્ય ઘટના બની રહેશે. પુરુષને વધુ મહત્ત્વ આપવામાં આવે છે.

**(9) લગ્ન કરવાનો હક :**

કન્યાઓનું ક્યાં લગ્ન કરવું તે નક્કી કરવાનું કાર્ય મા-બાપ કરે છે. માબાપ પસંદ કરેલ છોકરા સાથે કન્યાએ લગ્ન કરવા પડે છે. જો સ્ત્રી દૂર નોકરી કરવા જાય તો તેને એકલું રહેવું પડે છે. આવવા-જવાના ઘણા પ્રશ્નો રહે છે. કેટલીક વાર સ્ત્રીને ઘરની નજીક નોકરી મળે તો કરવા દેવાય છે. બીજી બાબત એ છે કે સ્ત્રીઓ પતિ કે નોકરી એમાંથી એકની પસંદગી કરવાની રહે છે.

**(10) સ્ત્રીનો સમાજમાં દરજ્જો :**

સમાજમાં સ્ત્રીનો દરજ્જો બીજો ગણવામાં આવે છે. સ્ત્રી-પુરુષ સમોવડી નથી તેમ માનવામાં આવે છે. આમાં સ્ત્રીઓ પણ કારણભૂત છે. તેને ઘર સંભાળવાનું રહે છે. કેટલીક સ્ત્રીઓ નોકરી કરતી હોવા છતાં તેના ખાતામાંથી પૈસા ઉપાડવાનું કાર્ય પુરુષ કરતા હોય છે. ત્યારે સ્ત્રી દરજ્જો નીચો રહે તે સ્વાભાવિક છે.

## 2.5 સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો : (Solution of Women Social Problems)

સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો નીચે મુજબ છે :

**(1) દહેજ પ્રથા નિવારણ :**

દહેજ પ્રથા નિવારણ માટે સામાજિક સુધારકોના પ્રયાસો પણ પ્રશંસનીય છે. આ ઉપરાંત આ પ્રથાના નિવારણ માટે 1961, 1983 તેમજ 1984ના દહેજ પ્રતિબંધક ધારાઓએ દહેજ લેવા-આપવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

**(2) બાળલગ્ન પ્રતિબંધક ધારો :**

બાળલગ્ન પ્રતિબંધક ધારો પણ અસ્તિત્વમાં છે. તેનો અમલ કરવામાં આવે છે. બાળલગ્ન કરનારને બંને પક્ષે કડકમાં કડક સજા કરવામાં આવે. નીતિનિયમો કડક બનાવવામાં આવે.

**(3) કાનૂની શિક્ષણ કાર્યક્રમ :**

શિક્ષણ દ્વારા સ્ત્રીઓમાં જાગૃતિ આવે તે માટે કાનૂની શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ. કાનૂની શિક્ષણ આપવાથી સ્ત્રીઓમાં જાગૃતિ આવશે તો પ્રશ્નો ઓછા ઊભા થશે.

**(4) સ્ત્રી શિક્ષણમાં વધારો કરવો :**

સ્ત્રી શિક્ષણમાં વધારો થાય તે માટે જાગૃતિ લાવવી તેમજ તેમને વધુ સગવડો મળી રહે તેવી વ્યવસ્થા કરવી. સ્ત્રી શિક્ષણ વધે તો સ્ત્રીઓ વિશેષ જાગૃત થાય અને તે સમાજમાં પોતાની છાપ ઊભી કરીને સ્થાન મેળવી શકે. હાલમાં શિક્ષણમાં વધારો કરવા માટે સ્ત્રીઓને શિક્ષણ ફીમાંથી મુક્તિ આપી છે.

**(5) સ્ત્રી મંડળ ઊભું કરવું (મહિલા મંડળ) :**

સ્ત્રીઓમાં વધુ જાગૃતિ આવે તે માટે મહિલા મંડળ ઊભું કરવામાં આવે. આ મહિલા મંડળ દ્વારા સ્ત્રીઓના પ્રશ્ન હલ કરવામાં આવે, તેમજ સ્ત્રીઓના પ્રશ્નો અંગે વધુ જાગૃતિ આવે તેવા કાર્યક્રમો યોજવાં જોઈએ. વક્તાઓને બોલાવી પ્રવચનો ગોઠવવામાં આવે.

**(6) કુરિવાજો વિરુદ્ધ કાયદા :**

સમાજમાં વર્તમાન કુરિવાજો વિરુદ્ધ કાયદા હોવાં જોઈએ. દહેજ પ્રથા, બાળલગ્ન, બહુપત્ની લગ્ન, બળાત્કાર, શોષણ વગેરે અંગે કાયદાઓ બનાવવા જોઈએ. કાયદાઓ બનાવી તેનો અમલ થાય તેવા પ્રયત્નો કરવા.

**(7) સમાજમાં જાગૃતિનો ફેલાવો :**

સ્ત્રીઓમાં શિક્ષણ, રક્ષણ અને કુરિવાજો સંદર્ભે સમાજમાં જાગૃતિ આવે તેવો ફેલાવો કે પ્રચાર કરવો. ફિલ્મ બતાવવી, પ્રવચન ગોઠવવા વગેરે.

**(8) સ્ત્રી સન્માન માટેની પ્રવૃત્તિઓ :**

- સમાજમાં સ્ત્રી સન્માન થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું. મહિલા મંડળ આ પ્રકારની પ્રવૃત્તિઓમાં વધુ રસ લે, સામાજિક સંસ્થાઓ પણ આ પ્રકારની પ્રવૃત્તિઓમાં વધુ રસ લે તેવું આયોજન વિચારવું જોઈએ.
- સ્ત્રી સારું કાર્ય કરે તેનું જાહેરમાં સન્માન કરવું. દા.ત. સ્ત્રી પોતાની લાયકાતમાં સુધારો કરે તો સન્માન કરવું. અધ્યાપક બને, આચાર્ય બને, કોઈ સારું સ્થાન પ્રાપ્ત કરે તો સન્માન કરવું જોઈએ.
- અન્ય સ્ત્રીઓને આગળ આવવાની પ્રેરણા મળે.

**(9) આંતર જ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન :**

કોઈ સ્ત્રી સમાજમાં અન્ય જ્ઞાતિના પુરુષ સાથે લગ્ન કરે તો તેનું સમાજમાંથી પ્રોત્સાહન આપવું જોઈએ. માબાપ તરફથી પરવાનગી આપવી જોઈએ. સ્ત્રીને પોતાના પસંદગીના લગ્ન કરવાની છૂટ આપવી.

**(10) વિધવાઓને પુનઃ લગ્ન કરવાની છૂટ આપવી :**

સમાજમાં કોઈ સ્ત્રી વિધવા બને તો તેને ફરી વખત લગ્ન કરવાની છૂટ આપવી જોઈએ.

**(11) કુટુંબ અદાલતોની શરૂઆત :**

- સમાજમાં કુટુંબ અદાલતોની શરૂઆત કરવી. સ્ત્રીઓના પ્રશ્નો, છૂટાછેડાના પ્રશ્ન હલ કરવા પ્રયત્ન કરવો.
- સ્ત્રીઓના પ્રશ્નો ઓછા થાય તેવા પ્રયત્નો કરવા. સ્ત્રી શોષણ ન થાય તે માટે વધુ તકેદારી રાખવી.
- બાળલગ્ન પ્રતિબંધક ધારો પણ અસ્તિત્વમાં છે. આ ઉપરાંત વર્તમાન કાયદાઓની અસરકારતા માટે કાનૂની સહાય યોજવા, કાનૂની શિક્ષણ કાર્યક્રમ, કુટુંબ અદાલતો પણ છૂટાછેડા વગેરે જેવા પ્રશ્નો હલ કરી આપે છે. વિધવાઓનું પુનઃલગ્ન કાયદા દ્વારા શક્ય બનાવ્યું છે. તેમજ સ્વપસંદગીના આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપવામાં આવે.
- જોકે આ બધા માટે સમાજમાં જાગૃતિ લાવવાની આવશ્યકતા છે. અખબારો, રેડીયો તેમજ દૂરદર્શન જેવા માધ્યમો પણ સ્ત્રીઓના દરજ્જાને સુધારવા માટે યથા યોગ્ય પ્રદાન કરી શકે તેમ છે.
- લગ્ન અને કુટુંબ બ્યૂરો જીવન સાથી શોધવામાં મદદ કરી શકે તેમ છે.
- વેશ્યા વ્યવસાય તેમજ દેવદાસી પ્રથાનો અંત લાવવા માટેની કાનૂની જોગવાઈઓ છે.
- સ્ત્રીઓ પરના શોષણ, અત્યાચાર તેમજ હિંસા કે આત્મહત્યા રોકવા માટે પણ ફોજદારી કાયદાઓનો આશ્રય લઈ શકાય તેમ છે.

## 2.6 ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ : (Problem of Education Subjecte Women in Indian Society)

- ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ નીચે મુજબ છે :

**(1) ઘર અને શાલા વચ્ચે વધુ અંતર :**

ઘર અને શાળા વચ્ચે વધુ અંતર હોવાથી વાલીઓ પોતાની છોકરીઓને શાળામાં મોકલવાનું પસંદ કરતાં નથી. છોકરીઓને શાળાએ ચાલીને જવું પડે છે. છોકરીઓને શાળાએ એકલા મોકલવાનું વાલી પસંદ કરતાં નથી.

**(2) સંયુક્ત શિક્ષણ :**

શાળામાં છોકરા-છોકરીઓ સાથે અભ્યાસ કરે છે. મોટાભાગની શાળામાં બંનેનું શિક્ષણ સાથે ચાલે છે. વાલીઓ સંયુક્ત શિક્ષણ પસંદ કરતા નથી. છોકરીઓના કેટલાંક પ્રશ્નો ઊભા થાય છે.

**(3) શાળામાં અલગ અલગ લેડીઝ રૂમનો અભાવ :**

શાળામાં અલગ અલગ લેડીઝ રૂમનો અભાવ જોવા મળે છે. છોકરીઓ માટે કેટલીક શારીરિક સમસ્યાઓ હોય છે. અલગ લેડીઝ રૂમ ન હોવાથી મુશ્કેલી ઊભી થાય છે. શાળાની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી અલગ રૂમનો અભાવ જોવા મળે છે.

**(4) સ્ત્રી શિક્ષકનો અભાવ :**

શાળામાં શિક્ષણ કાર્ય માટે સ્ત્રી શિક્ષકનું પ્રમાણ ઓછું જોવા મળે છે. પુરુષ શિક્ષક પાસે છોકરીઓ અભ્યાસ કરે તેવું વાલીઓ પસંદ કરતાં નથી. છોકરીઓના કેટલાક પ્રશ્નો હોય તે પુરુષ શિક્ષક પાસે રજૂ ન કરી શકે.

**(5) કન્યાઓ માટે વિશિષ્ટ પ્રકારના અભ્યાસક્રમનો અભાવ :**

શાળાઓમાં કન્યાઓ માટે વિશિષ્ટ પ્રકારનો અલગ અભ્યાસક્રમ હોય તેવું જોવા મળતું નથી.

છોકરાઓ અને છોકરીઓ માટે એક જ પ્રકારનો અભ્યાસક્રમ છે. છોકરી જ્યારે વાસ્તવિક જીવનમાં જાય ત્યારે હાલનો અભ્યાસક્રમ ખાસ ઉપયોગી બનતો નથી.

**(6) છોકરા-છોકરી વચ્ચે ભેદભાવ :**

કુટુંબમાં છોકરા-છોકરીઓના શિક્ષણમાં ભેદભાવ રાખવામાં આવે છે. છોકરાના શિક્ષણ પ્રત્યે વિશેષ ધ્યાન રાખવામાં આવે છે. વિશેષ ખર્ચ કરવામાં આવે છે. છોકરાની સરખામણીએ છોકરીઓના શિક્ષણ પ્રત્યે ઓછો રસ, ઓછું ખર્ચ, ઓછું ધ્યાન રાખવામાં આવે છે.

**(7) રૂઢીચુસ્ત માનસ :**

વાલીઓનું માનસ રૂઢીચુસ્ત જોવા મળે છે. છોકરીઓને વધારે શિક્ષણ આપવાનું પસંદ કરતાં નથી. છોકરી 18 વર્ષની થાય કે તરત જ લગ્ન કરી નાખવાનું પસંદ વાલીઓ કરે છે. છોકરી પાછળ ખર્ચ કરવામાં આવે તો મેરેજ પછી બીજાને આવક મળે તેવી માન્યતા ધરાવે છે. દહેજ પ્રથા, જ્ઞાતિ પ્રથા વગેરે જોવા મળે છે.

**(8) છોકરીઓ પ્રત્યેની માન્યતાઓ :**

છોકરીઓ વિષે સમાજમાં કેટલીક માન્યતાઓ જોવા મળે છે. તેથી શિક્ષણમાંથી બાકાત રાખે છે. 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય'. દીકરી સાપનો ભારો, ડોસો કુંવારો મરે પણ ડોશી કુંવારી ન મરે. દીકરી પારકી થાપણ વગેરે માન્યતાઓ સ્ત્રીઓને શિક્ષણમાં પછાત રાખે છે. છોકરી મોટી થતાં જ વાલીઓને ચિંતા થાય છે. કુદરતી શારીરિક રચનામાં પણ સ્ત્રી જુદાપણું છે. છોકરીઓના કેટલાક પ્રશ્નો હોય છે. આ બધાં કારણોસર વાલીઓ સ્ત્રીઓને શિક્ષણ આપવામાં પાછા પડે છે.

**(9) નબળી આર્થિક પરિસ્થિતિ :**

વાલીઓની નબળી આર્થિક પરિસ્થિતિ હોવાથી વાલીઓ છોકરીઓને ઘરકામ કે છૂટક મજૂરી માટે મોકલી દે છે. એટલે છોકરીને શિક્ષણ આપવાનું પસંદ કરતાં નથી.

**(10) સ્ત્રી શિક્ષણ અંગે અજાગૃકતા :**

સ્ત્રીઓના શિક્ષણ માટે સમાજમાં જાગૃતિનો અભાવ જોવા મળે છે. છોકરીના લગ્નની ચિંતા નથી. દીકરીઓને કૌટુંબિક જવાબદારીઓ વધુ પ્રમાણમાં સોંપવામાં આવે છે. અભણ અને રૂઢિચુસ્ત વાલીઓ દીકરીઓને છૂટક મજૂરી કરાવે છે. વાલીઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી સ્ત્રી શિક્ષણ માટે કોઈ વિચારણા થતી નથી.

**(11) શૈક્ષણિક સગવડતાઓનો અભાવ :**

સ્ત્રીઓ માટે અલગ શાળા-કોલેજોનું પ્રમાણ ઓછું છે. તે ઉપરાંત છાત્રાલયોની વ્યવસ્થા પણ ઓછી જોવા મળે છે. કુટુંબમાં પણ શૈક્ષણિક સગવડ ઓછી મળે છે.

## 2.7 ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો : (Solution of Education Subjecte)

ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો નીચે મુજબ છે :

**(1) વાલી જાગૃતિ :**

- કન્યાઓના શિક્ષણ માટે વાલીઓને વધુ જાગૃત કરવાની જરૂર છે. કન્યાઓને કેળવણીથી શું લાભ થશે તેની સમજ આપવી. સમાજમાં કેવા પરિવર્તન આવી રહેલ છે તેમાં સ્ત્રીની ભૂમિકા કેવી હશે તેની સમજ આપવી. વાલીઓમાં જાગૃતિમાં વધારો થતા કન્યાઓના શિક્ષણમાં વધારો થશે.

**(2) પ્રચાર માધ્યમનો ઉપયોગ :**

- પ્રચાર માધ્યમનો ઉપયોગ કરી સ્ત્રીઓની કેળવણીમાં વધારો થાય તેવી વ્યવસ્થાનું આયોજન કરવું. સમાજમાં કેવા પરિવર્તન થઈ રહેલ છે, સ્ત્રીઓનો શિક્ષણ આપવામાં આવે તો સમાજમાં કેવો ફાળો આપી શકે વગેરે અંગે પ્રચાર કરવો.

**(3) વાલી સંપર્ક :**

- વાલી સંપર્ક સાધી તેમને કન્યા કેળવણીનું મૂલ્ય સમજાવવું જોઈએ. સમાજમાં પરિવર્તન અંગે, કન્યાની ભૂમિકા, આર્થિક બાબતો, બાળ ઉછેર વગેરે સમજ આપવી જોઈએ.

**(4) ઉચ્ચ સ્થાને પહોંચેલી મહિલાઓના ઉદાહરણ :**

- સમાજમાં કેળવણી મેળવવાને કારણે ઉચ્ચ સ્થાને પહોંચેલી મહિલાઓના ઉદાહરણ વાલીઓને સંપર્ક દ્વારા, ફિલ્મ દ્વારા અન્ય માધ્યમનો ઉપયોગ કરી સમજ આપવી. ઉચ્ચ સ્થાને કાર્ય કરેલ મહિલાઓના નામ આપી માહિતી આપવી. દા.ત. રાજકીય ક્ષેત્રે, શિક્ષણક્ષેત્રે, ન્યાયક્ષેત્રે તેમજ અન્ય વ્યવસાયમાં સંકળાયેલ મહિલાઓના ઉદાહરણો આપવા.

**(5) આર્થિક મદદ :**

- વાલીઓ આર્થિક મદદ નબળી હોવાને લીધે ભણાવતા ન હોય તો વાલીઓને આર્થિક મદદ કરવી જોઈએ. કન્યાઓને ફી, ગણવેશ, પાઠ્યપુસ્તકો તેમજ અન્ય શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવવી જોઈએ.

**(6) સ્ત્રી શિક્ષકની નિમણૂંક :**

- પ્રાથમિક શાળાઓમાં ખાસ કરીને કન્યાઓ હોય ત્યાં શિક્ષિકાઓમાં નિમણૂંક કરી જોઈએ કે જેથી તે કન્યાઓને સારી રીતે સમજી શકે.

**(7) બાળલગ્નો અટકાવવા :**

- સમાજમાં બાળ લગ્નો થતા હોય તે અટકાવવા જોઈએ. કાયદાકીય જોગવાઈ કડક બનાવવી. બાળ લગ્ન ન થાય તે માટે કડક જોગવાઈ કરવી.

**(8) કન્યા માટે અલગ શાળા :**

- કન્યા માટે અલગ શાળાની વધુ પ્રમાણમાં જોગવાઈ થાય તેવું આયોજન કરવું. આ બાબત વાલીઓને સમજ આપવી.

**(9) કન્યા માટે અલગ છાત્રાલય :**

- કન્યા માટે અલગ શાળાની સાથે સાથે અલગ છાત્રાલયની વ્યવસ્થા કરવી જોઈએ. સરકાર દ્વારા નવી નવી છાત્રાલય ઊભી થાય તેવું આયોજન કરવું.

**(10) કન્યા માટે અલગ અભ્યાસક્રમ :**

- કન્યાની જરૂરિયાતને ધ્યાનમાં રાખી અલગ અભ્યાસક્રમ દાખલ કરવો જોઈએ. પોતાને જેમાં રસ હોય તે અભ્યાસક્રમમાં દાખલ થઈ શકે. દા.ત. કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય વગેરે ગૃહસુશોભન, ગૃહકલા, બાળઉછેર, ખોરાક અને પોષણ, ગૃહવિજ્ઞાન, ભરત, ગૂંથણ, સીવણ, નર્સિંગ, શિક્ષણ વગેરે જેવા અભ્યાસક્રમો શરૂ કરવા.

**(11) રહેઠાણની નજીક શાળા :**

- કન્યાઓ માટે રહેઠાણની નજીક વધુ શાળા ઊભી થાય તેવું આયોજન કરવું. સરકારને પણ આ અંગે રજૂઆત કરવી.

**(12) અલગ આરોગ્યની સગવડ :**

- શાળામાં કે નજીકના વિસ્તારમાં કન્યાઓ માટે આરોગ્યની સગવડ મળી રહે તેવી વ્યવસ્થા કરવી. કન્યા માટે જે શારીરિક તકલીફ પડે ત્યારે તરત જ સગવડ મળી રહે તે જરૂરી છે.

**(13) સ્થાનિક જરૂરિયાત પ્રમાણે શાળાનો સમય :**

- શાળાનો સમય સ્થાનિક જરૂરિયાતને ધ્યાનમાં રાખી રાખવો જોઈએ. કન્યાઓ વધુ પ્રમાણમાં શાળામાં આવે તેવો સમય પસંદ કરવો. આ માટે વાલી સંપર્ક કરવો.

**(14) શાળામાં સલામતીનું વાતાવરણ :**

- કન્યાઓ માટે શાળામાં કે શાળા બહાર સલામતીનું વાતાવરણ ઊભું થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. વાલીઓ ચિંતામાંથી મુક્ત રહે તે જરૂરી છે.

**(15) ખંડ સમયના શિક્ષણની સગવડ :**

- કન્યાઓ ઘરકામમાં રોકાયેલી હોય છે. ત્યારે તેઓને નવરાશના સમયે શિક્ષણ મેળવી શકે તેવી ખંડ સમયની શિક્ષણની સગવડ ઊભી કરવી જોઈએ.

**(16) સ્ત્રી જાગૃતિ :**

- સ્ત્રી શિક્ષણ માટે સ્ત્રીઓમાં જ જાગૃતિ લાવવી જરૂરી છે. માતાઓ પોતાની દીકરીઓ માટે શિક્ષણ આપવા આગળ આવે તો દીકરીઓને શિક્ષણ મળે.

**(17) ખંડ સમયની નોકરીની સગવડ :**

- શિક્ષણ મેળવ્યા પછી કન્યાઓને તરત જ ખંડ સમયની નોકરી મળી જાય તેવી સગવડ ગોઠવવી જોઈએ. નોકરીમાં કન્યાઓનું પ્રમાણ વધે તેવા પ્રયત્નો કરવા.
- જો આવા ઉપાયો યોજવામાં આવે તો કન્યાઓના શિક્ષણમાં અપેક્ષિત સિદ્ધિઓ મેળવી શકાય.

## 2.8 ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ : (Problems of Economi Women in Indian Society)

- ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ નીચે મુજબ છે :

**(1) નબળી આર્થિક પરિસ્થિતિ :**

ભારતમાં કેટલાંક લોકો અત્યંત ગરીબ હાલતમાં જીવે છે, તેથી તેઓ કન્યાઓને શાળામાં મોકલતા નથી.

**(2) આર્થિક વળતરનો અભાવ :**

છોકરા કરતાં છોકરીના શિક્ષણ પાછળ ખર્ચેલા નાણાંનું આર્થિક વળતર મળતું નથી એવી માન્યતાને લીધે બાળાઓને શાળામાં મોકલતા નથી.

**(3) આર્થિક મદદરૂપ :**

છોકરી ઘરકામ અને મજૂરી કરીને મા-બાપને મદદરૂપ થાય છે, તેથી શાળાએ જઈ શકતી નથી. વાલીઓની આર્થિક સ્થિતિ નબળી છે. છોકરી આર્થિક રીતે મદદરૂપ થતી હોવાથી શાળાએ મોકલવાનું પસંદ કરતાં નથી.

**(4) વારસા હક :**

સ્ત્રીઓને વારસાહક છે છતાં મળતો નથી. વારસામાં પુત્રને પ્રાધાન્ય મળે છે. સ્ત્રીને પારકી થાપણ ગણવામાં આવે છે. તેથી તે સાસરે જાય છે ત્યાં તે પુરુષના હકમાં તેણે રહેવું પડે છે. સ્ત્રી-પુરુષની જેમ મિલકત મેળવી શકતી નથી, ધારણા કરી શકતી નથી કે વેચી શકતી નથી. વારસાની બાબતમાં પુત્ર-પુત્રી વચ્ચે ભેદભાવ રખાય છે.

**(5) વ્યવસાય પસંદગી :**

- સ્ત્રીઓ માટે મર્યાદિત વ્યવસાય છે. અમુક જ વ્યવસાય સ્ત્રીઓ પસંદ કરે છે. અમુક વ્યવસાય સ્ત્રીઓ પસંદ કરતી નથી.
- સ્ત્રીઓ શિક્ષિકા, નર્સ, કારકુન, તબીબી, સહકારી અમલદાર, પોલીસ સુરક્ષાદળોમાં વગેરેમાં કાર્ય કરતી જોવા મળે છે. આ સિવાયના અન્ય ક્ષેત્રોમાં પણ સ્ત્રીઓએ પગપેસારો કરવા માંડ્યો છે. છતાં હજુ પણ કેટલાંક વ્યવસાયો તરફ સ્ત્રીઓની રુચિ નથી.
- વ્યવસાય પસંદગીમાં પિતા-પતિનો ફાળો રહે છે. પત્નીના વ્યવસાય પસંદ કરવાના અધિકારને સ્વીકારવામાં આવ્યો નથી. કેટલીક જ્ઞાતિઓની સ્ત્રીને વ્યવસાય કરવા દેવાતો નથી. વ્યવસાય કરવા કન્યાઓને પતિ દૂર મોકલવા પસંદ કરતા નથી.

**(6) રોજગારી ક્ષેત્રે શોષણ :**

- સ્ત્રીઓનું રોજગારી ક્ષેત્રે શોષણ થતું જોવા મળે છે. સ્ત્રીઓના કામના પ્રકારો, રજા, વેતન, લાભો, કામના કલાકો વગેરે બાબતમાં ભેદભાવ રખાય છે. કામના સ્થળે શોષણ થતું હોય છે. વધુ કામ કરાવવું અને ઓછો લાભ આપવો વગેરે બાબત આપણે જોઈએ છીએ.

(7) સ્ત્રી પરાધીનતા :

- સ્ત્રીઓ આર્થિક ક્ષેત્રે પકડ ધરાવતી નથી. કેટલીક વ્યવસાય કરતી સ્ત્રીઓ પણ આર્થિક બાબતો અંગે પતિ પર આધારિત હોય છે. આર્થિક બાબતો અંગે જ્ઞાન હોતું નથી. આથી આર્થિક સત્તા પુરુષના હાથમાં રહે છે.

## 2.9 ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો :

ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો નીચે મુજબ છે :

**(1) વ્યવસાય માટે લોન :**

- સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ જવા મળે છે. અભ્યાસ બાદ વ્યવસાય કરવા માટે લોનની વ્યવસ્થા કરવામાં આવે. લોન ઓછા વ્યાજ દરે આપવામાં આવે.

**(2) સ્ત્રી વ્યવસાયને ઉત્તેજન :**

- સ્ત્રીઓ વ્યવસાય ક્ષેત્રે આગળ આવે તે માટે પ્રોત્સાહન આપવું જોઈએ. સ્ત્રીઓમાં જાગૃતિ માટેના પ્રયાસો પણ કરવા જોઈએ. સ્ત્રીઓને પોતાનો અભ્યાસક્રમ પૂરો કરે કે તરત જ વ્યવસાય મળી જાય તેવી વ્યવસ્થા કરવી.

**(3) વ્યવસાયક્ષેત્રે શોષણ વિરોધી કાયદા :**

- વ્યવસાયના સ્થળે સ્ત્રીઓનું શોષણ ન થાય તે માટે કાયદાઓ ઘડીને તેનું ચુસ્ત રીતે અમલીકરણ કરવું જોઈએ.

**(4) મહિલા મંડળ :**

- મહિલા મંડળ સ્ત્રીઓને આર્થિક સધ્ધરતા માટે પ્રયાસો કરવા જોઈએ. કયા વ્યવસાયમાં જરૂરિયાત છે, કેવા શિક્ષણ કે તાલીમની જરૂર છે તેની માહિતી મહિલા મંડળ દ્વારા આપવામાં આવે.

**(5) જનજાગૃતિ લાવવી :**

- સમાજમાં સ્ત્રીઓ પણ આર્થિક રીતે આગળ વધે તે માટે જનજાગૃતિ લાવવાની જરૂર છે.

**(6) સ્ત્રી શિક્ષણનો વ્યાપ વધારવો :**

- સ્ત્રીઓ શિક્ષણ મેળવતી થાય તેમજ આર્થિક સમસ્યાઓ દૂર થાય તે માટે પ્રયત્નો કરવા જોઈએ. સ્ત્રીઓ માટે શિક્ષણમાં જે સમસ્યાઓ છે તે દૂર કરી શિક્ષણનો વ્યાપ વધારવા પ્રયત્ન કરવો.

**(7) કાયદાનું રક્ષણ :**

- સ્ત્રીઓને આર્થિક ક્ષેત્રે પગભર કરવા ઘણા કાયદાઓ ઘડાયેલાં છે, પણ સ્ત્રીઓ તે પ્રત્યે જાગૃત થાય તે જરૂરી છે. કાયદા દ્વારા તેનું રક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવી.

**(8) સ્ત્રીમાં જાગૃતિ લાવવી :**

- સ્ત્રીઓ સમાજમાં આર્થિક ક્ષેત્રે આગળ વધે તે માટે જનજાગૃતિ લાવવાની જરૂર છે. સ્ત્રીઓ આર્થિક રીતે પગભર કઈ રીતે થઈ શકે તે માટે સ્ત્રીઓમાં જાગૃતિ લાવવી જોઈએ.

**(9) સહકારી સંસ્થાનો સહકાર :**

- સ્ત્રીઓ આર્થિક પગભર બનાવવા માટે સરકારે પ્રયાસો કરવા જોઈએ. કેટલીક યોજના એવી ઘડાય કે જેથી સ્ત્રીઓ આગળ આવી શકે. વધુમાં વધુ સ્ત્રીઓ તેનો લાભ લઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

## 2.10 સ્ત્રીઓની સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો : (Solution of Women Problems)

- ભારતીય બંધારણમાં કન્યાઓને શિક્ષણમાં સમાન તકો આપવામાં આવી છે. છતાં હજી પણ કન્યા કેળવણી ક્ષેત્રે હજી ઘણું કરવાનું બાકી છે. જોકે ભારતના વિવિધ પ્રદેશોમાં રહેતી બહુવિધ પ્રજાઓને વિશિષ્ટ સમસ્યા હોય છે. છતાં આ અંગે ગંભીર ઉપાયોની વિચારણા કરવી જોઈએ.
- સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ, શિક્ષણ વિષયક સમસ્યાઓ, આર્થિક સમસ્યાઓ આ ત્રણેય પ્રકારની સમસ્યાઓને દૂર કરવાના ઉપાયો નીચે મુજબ છે :

**(1) સામાજિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો :**

(1) દહેજ પ્રથા નિવારણ

(2) બાળ લગ્ન પ્રતિબંધક ધારો

(3) કાનૂની શિક્ષણ કાર્યક્રમ

(4) સ્ત્રી શિક્ષણમાં વધારો કરવો
(5) મહિલા મંડળ ઊભું કરવું
(6) કુરિવાજો વિરુદ્ધ કાયદા
(7) સમાજમાં જાગૃતિનો ફેલાવો
(8) સ્ત્રી સન્માન માટેની પ્રવૃત્તિઓ
(9) આંતરજ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન
(10) કુટુંબ અદાલતોની શરૂઆત

**(2) સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો :**

(1) વાલી જાગૃતિ
(2) પ્રચાર માધ્યમનો ઉપયોગ
(3) વાલી સંપર્ક
(4) ઉચ્ચ સ્થાને પહોંચેલી મહિલાઓના ઉદાહરણ
(5) આર્થિક મદદ
(6) સ્ત્રી શિક્ષણની નિમણૂંક
(7) બાળલગ્નો અટકાવવા
(8) કન્યા માટે અલગ શાળા
(9) કન્યા માટે અલગ છાત્રાલય
(10) કન્યા માટે અલગ અભ્યાસક્રમ
(11) રહેઠાણની નજીક શાળા
(12) અલગ આરોગ્યની સગવડ
(13) સ્થાનિક જરૂરિયાત પ્રમાણે શાળાનો સમય
(14) શાળામાં સલામતીનું વાતાવરણ
(15) સ્ત્રી જાગૃતિ
(16) ખંડ સમયની નોકરીની સગવડ

**(3) સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો :**

(1) વ્યવસાય માટે લોન
(2) સ્ત્રી વ્યવસાયને ઉત્તેજન
(3) વ્યવસાય ક્ષેત્રે શોષણ વિરોધી કાયદા
(4) મહિલા મંડળ
(5) જનજાગૃતિ લાવવી
(6) સ્ત્રી શિક્ષણનો વ્યાપ વધારવો
(7) કાયદાનું રક્ષણ
(8) સ્ત્રીમાં જાગૃતિ લાવવી
(9) સહકારી સંસ્થાનો સહકાર

## 2.11 સ્ત્રીઓનાં ઉત્કર્ષમાં બિન સરકારી સંગઠનોની ભૂમિકા :

સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓ દૂર કરવા સરકાર વિવિધ યોજનાઓ ઘટે છે, પરંતુ યોજનાઓને એકત્રિત કર્યા પછી સૌથી મોટા બે સવાલો છે. એ ક તો આ લાભાર્થીઓને જાગૃત અને સંગઠિત કરવાનું અને બીજું આ યોજનાના લાભો સ્ત્રીઓ સુધી પહોંચાડવાનું બીજા રાજ્યોમાં જે હોય તે પણ ગુજરાતમાં તો બિનસરકારી સંસ્થાઓ અને કર્મશીલોની છેક ગાંધીજીના સમયથી રચનાત્મક પરંપરા છે. સૌ પ્રથમ સમાજમાં સ્ત્રીઓને રાજકીય રીતે જાગૃત કરવાનું કામ ગાંધીજી દ્વારા થયું. ગાંધીજીની લોક ચળવળનો ફાળો મહત્ત્વનો ગણાય છે.

રાષ્ટ્રની અડધી વસ્તી સ્ત્રીઓની છે. જોકે જાતિ પ્રમાણ ઘટતું જાય છે. સ્ત્રીઓની સામેલગીરી વગરના નીતિ-આયોજન કોઈપણ રાજ્ય સમુદાયને વિકાસની સંપૂર્ણતા અને દિશા તરફ લઈ જતા

નથી. સેંકડો વર્ષોથી સ્ત્રીઓ સમાજમાં શોષિત રહેવા પામી છે. તે સિલસીલો આજે પણ ચાલુ છે. સ્ત્રીઓના પ્રશ્નો ઉકેલવા સરકાર આજે ઘણાં પ્રયત્નો કરે છે, પણ બિનસરકારી સ્વૈચ્છિક સંગઠનોની મદદ વગર લક્ષ્યાંક સિદ્ધ કરવા અઘરા છે.

વૈશ્વિકરણ ઉદારીકરણના યુગમાં સ્ત્રીઓ પાછળ ફેંકાઈ ન જાય તે અર્થે તેમની આવડત કુશળતામાં વધારો કરે તેવી તાલીમની વ્યવસ્થાનો નીતિ-આયોજનમાં સમાવેશ થાય છે. સામાજિક ક્ષેત્રે સૌથી સળગતો પ્રશ્ન સતત ઘટતું જતું જાતિ-પ્રમાણ છે. જાતિ-પ્રમાણના સમતુલન અર્થે ઠોસ પગલા લેવાની તાત્કાલિક જરૂર છે. આમ, સ્ત્રીઓની સમસ્યા હલ કરવા બિનસરકારી સ્વૈચ્છિક સંગઠનોનો ફાળો ખૂબ જ ઇચ્છનીય છે.

- **સ્ત્રીઓની સમસ્યાઓ :**

સદીઓથી ભારતીય સમાજ પુરુષપ્રધાન રહેવા પામ્યો છે, તેથી સ્ત્રીઓની સ્થિતિ સતત કથળતી રહેવા પામી છે. સ્ત્રીઓને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. પ્રાચીન સમયથી સમાજમાં કુરિવાજો ઘર કરી ગયા છે, તેમાં બાળકીને દૂધપીતી કરવી, બાળલગ્ન, વિધવા-વિવાહ નિષેધ, દાસીપ્રથા, દહેજ, જાતિય અસમાનતા વગેરેનો ભોગ સ્ત્રીઓ બનતી આવી છે. આમાંની કેટલીક સમસ્યાઓ આજે પણ ચાલુ છે.

આ ઉપરાંત આધુનિક યુગમાં નવી સમસ્યાઓનો ઉમેરો થયો છે, જેમ કે જાતિય-પરિક્ષણ ભ્રુણ હત્યા, બળાત્કાર, જાતિય શોષણ, દહેજ, શાળા છોડી જવાનું પ્રમાણ, પાણી અને બળતરની સમસ્યા, શૌચાલયની અગવડ વગેરે આધુનિક સમસ્યાઓ છે.

આ સમસ્યાઓના ઉકેલ માટે સરકાર અને બિનસરકારી સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા મહત્ત્વની છે.

- **બિનસરકારી સ્વૈચ્છિક સંગઠનના સ્ત્રી સમસ્યા ઉકેલ માટેના પ્રયાસો :**

સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓ દૂર કરવા સરકાર વિવિધ યોજનાઓ ઘડે છે, પરંતુ યોજનાઓને એકત્રિત કર્યા પછી સૌથી મોટા બે સવાલો છે. એક તો આ લાભાર્થીઓને જાગૃત અને સંગઠિત કરવાનું અને બીજું આ યોજનાના લાભો સ્ત્રીઓ સુધી પહોંચાડવાનું બીજા રાજ્યોમાં જે હોય તે પણ ગુજરાતમાં તો બિનસરકારી સંસ્થાઓ અને કર્મશીલોની છેક ગાંધીજીના સમયથી રચનાત્મક પરંપરા છે. સૌ પ્રથમ સમાજમાં સ્ત્રીઓને રાજકીય રીતે જાગૃત કરવાનું કામ ગાંધીજી દ્વારા થયું. ગાંધીજીની લોક ચળવળનો ફાળો મહત્ત્વનો ગણાય છે.

લોકશાહી તત્ત્વ ઓછું જોવા મળે છે.

(3) સ્વૈચ્છિક સંસ્થામાં નેતૃત્વની બીજી હરોળ જોવા મળતી નથી.

(4) સ્વૈચ્છિક સંસ્થામાં પણ નોકરશાહીની જેમ જ ટોપડાઉન આદેશાત્મક કાર્યવાહી ક્યારેક જોવા મળે છે.

(5) સંસ્થાનો વ્યાપ વધતાં સંચાલકીય અભિગમ ન સ્વીકારાય તો પ્રશ્નો ઉદ્‌ભવે છે અને ધ્યેય સિદ્ધ થઈ શકતાં નથી.

(6) સ્વૈચ્છિક સંસ્થા પ્રોફેશનલની સેવાઓ પ્રાપ્ત કરી શકતી નથી કારણ તેઓ ખૂબ ઊંચું વળતર છે.

(7) સ્વૈચ્છિક સંસ્થાઓ પરાવલંબી બની રહે છે.

(8) સ્વૈચ્છિક સંસ્થાઓનું નેટવર્કિંગ શક્ય બનતું નથી.

(9) સ્વૈચ્છિક સંસ્થામાં અશાંત પરિસ્થિતિ, દુષ્કાળ વગેરે કુદરતી સમસ્યાની પરિસ્થિતિ અંગે ખાસ ચર્ચા કે કાર્ય થતાં નથી.

- **સ્ત્રી સ્વૈચ્છિક સંસ્થાની સમસ્યા સંદર્ભે કેટલાક ઉકેલ :**

(1) સ્વૈચ્છિક સંસ્થાઓના સંચાલન વિશે, માળખાં વિશે, ટીમ-બિલ્ડિંગ, શ્રમ-વિભાજન, નિર્ણયમાં ભાગીદારી તથા વ્યક્તિની લાયકાત તથા આવડત મુજબ એને કામ સોંપાયું છે કે નહિ વગેરે વિશે ચર્ચા થવી જોઈએ.

(2) સ્વૈચ્છિક સંસ્થામાં નેતૃત્વની બીજી હરોળ ઊભી કરવી જ જોઈએ.

(3) સ્વૈચ્છિક સંસ્થાઓએ મૂલ્યાંકન, ખુલ્લી ચર્ચા તથા નવી વ્યૂહરચના અંગે જાગૃત કરી સતત વિચારણા કરવી જોઈએ.

(4) સ્વૈચ્છિક સંસ્થામાં સત્તાની ભાગીદારી રહે તેવું વાતાવરણ સર્જવું જોઈએ.

(5) સમાન ધ્યેય ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓએ આદાન-પ્રદાન માટે નેટવર્કિંગ કરવાનો પ્રયત્ન કરવાં જોઈએ.

(6) સ્વૈચ્છિક સંસ્થાઓએ સ્વાવલંબી બનવું જોઈએ અથવા લોકો પાસેથી જ ફાળો પ્રાપ્ત કરી કાર્ય કરવું જોઈએ જેથી સ્વૈચ્છિક સંસ્થાઓની લડતની ધાર તીક્ષ્ણ રહે.

(7) સ્વૈચ્છિક સંસ્થા જો પ્રોફેશનલની સેવાઓ ન પ્રાપ્ત કરી શકે તો સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરોને તાલીમ આપવી જોઈએ.

(8) સ્વૈચ્છિક સંસ્થાઓમાં સ્થાનિક લોકોની ભાગીદારી પ્રાપ્ત કરવી જોઈએ.

(9) સ્વૈચ્છિક સંસ્થાઓનું રાજકીયકરણ ન થવું જોઈએ, તો જ સંસ્થા પોતાના ધ્યેય પોતાની રીતે પરિપૂર્ણ કરી શકે.

સમાજની સ્વૈચ્છિક સંસ્થાઓ સમાજની સમસ્યાઓની પારાશીશી છે, તે જ રીતે સ્ત્રી સ્વૈચ્છિક સંસ્થાઓએ સ્ત્રીઓની સમસ્યાની પારાશીશી છે. સ્ત્રી સ્વૈચ્છિક સંસ્થાઓ જે સમસ્યાઓ હાથ ધરે તે પરથી જ સમાજ પ્રત્યેનો અભિગમ સ્ત્રીનું સમાજમાં સ્થાન દરજ્જો સમજાશે.

સ્ત્રી સંસ્થાઓ જો બધાં જ કાર્યો માત્ર સરકારી સહાય કે સ્થાનિક સિવાયની મદદથી કરશે તો એની સ્વાયત્તતા ખોઈ બેસશે. તેનું ઉદાર વલણ ખોઈ બેસશે, તેની લડતની ધાર બુઠ્ઠી થઈ જશે, તેની કાર્યક્ષમતા ઓછી થઈ જશે. તમામ સ્વૈચ્છિક સંસ્થાઓએ તેના ઉદ્દેશોનું હાર્દ જળવાય તે જોવું જોઈએ.

સમગ્ર સ્વૈચ્છિક સંસ્થાઓની અસ્મિતા જાળવવા તથા પોતાના ઉદ્દેશ્યોની પરિપૂર્તિ માટે તમામ સ્વૈચ્છિક સંસ્થાઓએ હાથ મિલાવવા જ પડશે. સંસ્થાઓ જિલ્લા અને રાજ્યકક્ષાએ સંકલન અને સંગઠન કરે તો વધારે સક્રિય કાર્ય કરી શકે.

## 2.12 સારાંશ : (Let us sum up)

- મૂળ 'સ્ત્રી' શબ્દ સ્તૃ ધાતુ પરથી આવ્યો છે. સ્તૃ એટલે વિસ્તારવું, ફેલાવવું. સ્ત્રી દ્વારા કુટુંબનો વિસ્તાર અને વ્યાપકતા વધે છે. સ્ત્રીઓ પાસે જ સમાજ વિવિધ અપેક્ષા રાખે છે. આમ સ્ત્રીઓ કુટુંબ જીવનની મહત્ત્વની ધરી છે. કુટુંબની તમામ બાબતો અને વિકાસમાં તેમનું યોગદાન મહામૂલું છે.
- આપણી પરંપરાગત સમાજ વ્યવસ્થામાં તથા આચાર, વિચાર અને વ્યવહારમાં લૈંગિક ભેદભાવ જોવા મળતો હતો. સ્ત્રીપુરુષ અસમાનતા સાર્વત્રિક હતી. સ્ત્રીઓ બંધનમુક્ત જીવન જીવતી હતી.
- સ્ત્રી-પુરુષ સમાનતા સ્થાપવા પર ભાર મૂકવામાં આવ્યો છે, પરંતુ વ્યવહારમાં આ બાબત જોવા મળતી નથી. સ્ત્રીના સામાજિક સ્થાનમાં પરિવર્તન આવ્યું છે, પરંતુ વાસ્તવિકતા વચ્ચે વિશાળ અંતર છે. કેટલીક રૂઢિગત પરંપરાઓ સ્ત્રીના માર્ગમાં અવરોધક બને છે. જેનો સ્ત્રીઓને સામનો કરવો પડે છે, પરિણામે પુરુષ સમોવડી બની શકતી નથી.
- અસમાનતા, અન્યાય, અવરોધ, નિયંત્રણ, આત્મસન્માનનો અભાવ, લિંગભેદ, સત્તાની તાબેદારીની પરંપરા, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, કાનૂનીકરણ, સંપર્ક માધ્યમો, શિક્ષણ જેવાં પરિબળોને લીધે સમાનતા, સ્વતંત્રતા, સામાજિક ન્યાય, વ્યક્તિનું ગૌરવ અને લોકશાહીના નૂતન મૂલ્યો અને ધોરણો જેવા પરિબળો અને સમાયોજન સાધીને અવનવાં તત્ત્વોને સમાવી લઈને પરિવર્તન લાવવાની ભૂમિકાએ સ્ત્રી સમાનતાની દિશામાં પરિવર્તન આણ્યું છે. તો બીજી તરફ પુરાતન પરંપરાઓ તેમાં અવરોધ પેદા કરી મૂળભૂત સામાજિક રચનાને ટકાવી રાખવાની ભૂમિકા ભજવે છે. આને કારણે સ્ત્રીઓની સમસ્યાઓ પેદા થાય છે.

## 2.13 એકમ સ્વાધ્યાય : (Unit Exercises)

(1) સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ જણાવો.

(2) ભારતીય સમાજમાં સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ જણાવો.

(3) સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો જણાવો.

(4) ભારતીય સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ જણાવો.

(5) સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો જણાવો.

(6) ભારતીય સમાજમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ જણાવો.

(7) સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો જણાવો.

## 2.14 તમારી પ્રગતિ ચકાસો :

- **આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

(1) સ્ત્રી શિક્ષણની શા માટે જરૂર છે ?
(1) સમાજના કલ્યાણ માટે (2) પાડોશીના કલ્યાણ માટે
(3) વિદ્યાર્થીના કલ્યાણ માટે (4) વહેમ અને અંધશ્રદ્ધા ઊભી કરવા

(2) ભારતીય સમાજમાં સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ કઈ છે ?
(1) બાળલગ્ન (2) સ્ત્રીપુરુષ સમાનતા
(3) એક જ પત્ની (4) સ્ત્રી વસ્તીમાં વધારો

(3) ભારતીય સમાજમાં સ્ત્રીઓની સામાજિક સમસ્યાની કઈ બાબત વિસંગત છે ?
(1) બહુપત્ની લગ્ન (2) સ્ત્રી વસ્તીમાં ઘટાડો
(3) સ્ત્રી-પુરુષ અસમાનતા (4) સ્ત્રી-પુરુષ સમાનતા

(4) સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ દૂર કરવાના ઉપાય નીચેનામાંથી કયો છે ?
(1) જ્ઞાતિલગ્ન (2) દહેજ પ્રથા નિવારણ
(3) વિધવાને પુનઃ લગ્ન માટે નિયંત્રણ (4) કુરિવાજોમાં છૂટછાટ

(5) સ્ત્રીઓની સામાજિક સમસ્યા દૂર કરવા માટે કઈ બાબત વિસંગત છે ?
(1) મહિલા મંડળ (2) બાળલગ્ન પ્રતિબંધક ધારો
(3) જ્ઞાતિમાં જ લગ્ન (4) કાનૂની, શિક્ષણ કાર્યક્રમ

(6) સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યા કઈ છે ?
(1) સ્ત્રી શિક્ષણ પ્રત્યે જાગૃતતા (2) અલગ શિક્ષણ
(3) ઘર અને શાળા વચ્ચે અંતર (4) છોકરા-છોકરી વચ્ચે સમાનતા

(7) સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યામાં કઈ બાબત વિસંગત છે ?
(1) સંયુક્ત શિક્ષણ (2) સ્ત્રી શિક્ષકનો અભાવ
(3) છોકરા-છોકરી વચ્ચે ભેદભાવ (4) શાળામાં અલગ લેડીઝ રૂમ

(8) સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યા દૂર કરવા માટે કયો ઉપાય કરી શકાય ?
(1) રહેઠાણથી દૂર શાળા (2) મિશ્ર શિક્ષકની નિમણૂંક
(3) વાલી સંપર્ક (4) નિશ્ચિત શાળાનો સમય

(9) સ્ત્રીઓની શિક્ષણ વિષયક સમસ્યા દૂર કરવા માટે કઈ બાબત વિસંગત છે ?
(1) વાલીમાં જાગૃતિ (2) વાલી સંપર્ક
(3) આર્થિક મદદ (4) બાળલગ્નો પર ભાર

(10) સ્ત્રીઓની આર્થિક સમસ્યા કઈ છે ?
(1) સ્ત્રી સ્વતંત્રતા (2) રોજગારી ક્ષેત્રે શોષણ
(3) આર્થિક વળતર (4) સાર્વત્રિત વ્યવસાય

(11) સ્ત્રીઓની આર્થિક સમસ્યા માટે કઈ બાબત વિસંગત છે ?
(1) રોજગારીક્ષેત્રે શોષણ (2) સ્ત્રી પરાધીનતા
(3) વારસાહક (4) સાર્વત્રિક વ્યવસાય

(12) સ્ત્રીઓની આર્થિક સમસ્યા દૂર કરવા શું કરી શકાય ?

(1) સ્ત્રી વ્યવસાયને ઉત્તેજન (2) સ્ત્રી શિક્ષણ મર્યાદિત કરવું

(3) પુરુષ જાગૃતિ લાવવી (4) વ્યવસાય ક્ષેત્રે શોષણ

(13) સ્ત્રીઓની આર્થિક સમસ્યા દૂર કરવા માટે કઈ બાબત વિસંગત છે ?

(1) સ્ત્રી વ્યવસાયને ઉત્તેજન (2) મહિલા મંડળ

(3) સ્ત્રી શિક્ષણનો વ્યાપ ઘટાડવો (4) કાયદાનું રક્ષણ

## 2.15 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

1. સમાજના કલ્યાણ માટે
2. બાળલગ્ન
3. સ્ત્રી-પુરુષ સમાનતા
4. દહેજપ્રથા નિવારણ
5. જ્ઞાતિમાં જ લગ્ન
6. ઘર અને શાળા વચ્ચે અંતર
7. શાળામાં અલગ લેડીઝ રૂમ
8. વાલી સંપર્ક
9. બાળલગ્નો પર ભાર
10. રોજગારી ક્ષેત્રે શોષણ
11. સાર્વત્રિક વ્યવસાય
12. સ્ત્રી વ્યવસાયને ઉત્તેજન
13. સ્ત્રી શિક્ષણનો વ્યાપ ઘટાડવો

## 2.16 સૂચિત સાધન સામગ્રી : (Suggested Readings)

(1) પટેલ સી. કે. : પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ, ગૂર્જર પ્રકાશન,અમદાવાદ

(2) દવે હર્ષિદા એચ. : સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(3) બારૈયા વી. વી. : ભારતીય સમાજની સમસ્યાઓ અને શિક્ષણ ચિંતકો, પ્રતીક પ્રકાશન, આણંદ.

(4) રાવલ નટુભાઈ વી. : કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ.

**એકમ 3**

# સ્ત્રી શિક્ષણ

## : રૂપરેખા :

**3.1 પ્રસ્તાવના**

**3.2 શિક્ષણ એટલે શું ?**

**3.3 સ્ત્રી શિક્ષણ**

**3.4 સ્વતંત્ર ભારતમાં શિક્ષણ અને સ્ત્રીનું સ્થાન**

**3.5 સામાજિક પરિવર્તનમાં સ્ત્રીઓનો ફાળો**

**3.6 મુસ્લિમ મહિલાઓ માટે સમાનતા**

**3.7 દેશની સુપ્રસિદ્ધ મહિલાઓ**

**3.8 સ્ત્રી ભ્રૂણહત્યા**

**3.8.1 સ્ત્રી ભ્રૂણહત્યાના કારણો**

**3.8.2 સ્ત્રી ભ્રૂણહત્યા અટકાવવાના ઉપાયો**

**3.9 સારાંશ**

**3.10 એકમ સ્વાધ્યાય**

**3.11 તમારી પ્રગતિ ચકાસો**

**3.12 સૂચિત વાંચન સામગ્રી**

ઉદ્દેશો : **(Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે...

(1) સ્ત્રી શિક્ષણનો અર્થ સમજી શકશો.

(2) સ્ત્રી શિક્ષણ સમજી શકશો.

(3) સ્વતંત્ર ભારતમાં શિક્ષણ અને સ્ત્રીનું સ્થાન સમજી શકશો.

(4) સામાજિક પરિવર્તનમાં સ્ત્રીઓનો ફાળો સમજી શકશો.

(5) મુસ્લિમ સ્ત્રી માટે સમાનતા સમજી શકશો.

(6) દેશની સુપ્રસિદ્ધ સ્ત્રીઓનો પરિચય સમજી શકશો.

(7) સ્ત્રી ભ્રૂણહત્યાના કારણો સમજી શકશો.

(8) સ્ત્રી ભ્રૂણહત્યા અટકાવવાના ઉપાયોની ચર્ચા કરી શકશો.

## 3.1 પ્રસ્તાવના :

- સમાજ વ્યવસ્થાના પાયામાં સ્ત્રી અને પુરુષ બંને અનિવાર્ય અંગો છે. આ સંદર્ભમાં માનવી સામાજિક પ્રાણી હોવાની સાથે સાથે જીવનરૂપી રચના બે પૈડા તરીકે સ્ત્રી અને પુરુષનું સમાજના સ્થાપન અને વિકાસ માટે એટલું જ મહત્ત્વ રહેલું છે, પરંતુ માનવી દ્વારા જ ઘડાયેલી પિતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં સ્ત્રીના દરજ્જાને પુરુષના દરજ્જા કરતાં ઊતરતું સ્થાન આપવામાં આવ્યું છે.
- સમાજમાં સ્ત્રીનાં ઉતરતા દરજ્જાની સાથે સાથે તેના વ્યક્તિત્વ, તેની સ્વાયત્તતા અને સત્તા સાથે સંલગ્ન પ્રશ્નો અને પરિણામો આપણને વર્તમાન સમયમાં પણ દશ્યમાન થતાં જોવા મળે છે.
- ભારતીય સમાજ પુરુષ પ્રધાન છે. ભારતીય પરંપરા અનુસાર પુરુષ હંમેશા અર્થવ્યવસ્થા સંભાળે અને સ્ત્રીઓ હંમેશા ગૃહ વ્યવસ્થા સંભાળે છે. નાણાંના યોગ્ય ઉપયોગ દ્વારા ઉત્તમ ગૃહવ્યવસ્થાનું નિર્માણ થાય છે. ભારતીય સમાજમાં સ્ત્રીને 'ગૃહલક્ષ્મી' કહેવામાં આવે છે. કારણ કે ઉત્તમ સમાજનું નિર્માણ ત્યારે જ શક્ય બને જ્યારે તેનો પાયો ઉત્તમ હોય. ઘરથી પરિવાર, પરિવારથી કુટુંબ, કુટુંબથી જ્ઞાતિ, જ્ઞાતિથી સમૂહ અને સમૂહથી સમાજ.

- આમ, ઉત્તરોત્તર ચાલતી આ સાંકળ એ સમજાવે છે કે ઉત્તમગૃહ વ્યવસ્થા જ ઉત્તમ સમાજ વ્યવસ્થાનું નિર્માણ કરે છે અને આ ગૃહ વ્યવસ્થા સુવ્યવસ્થિત ઘરની નારી દ્વારા જ શક્ય બને છે.
- આથી જ તો કહેવામાં આવ્યું છે કે જે ઘરમાં નારી સુખી છે તે ઘર ઉપર દેવતાઓ પણ પ્રસન્ન રહે છે. આવું આપણા ધર્મ અને વેદોમાં પણ સમજાવવામાં-કહેવામાં આવ્યું છે. બીજી રીતે કહીએ તો જે ઘરની નારી સુખી છે તે દેશની પ્રજા સુખી અને સમૃદ્ધ છે.
- ભારતમાં સ્ત્રીઓને જો આર્થિક રીતે સધ્ધર બનાવવામાં આવે તો તેમનો સામાજિક દરજ્જો ઊંચો જશે.
- મહિલા શિક્ષણની ખાસ જરૂરિયાત છે. કુટુંબમાં મહિલાનો ખૂબ જ ફાળો રહેલો છે. સ્ત્રીની પત્ની તરીકેની ભૂમિકા, માતાની ભૂમિકા, ગૃહ વ્યવસ્થાપનની ભૂમિકા સાથે ઘરબહાર જઈ નોકરી કે વ્યવસાય કરી શકે તે માટે મહિલા શિક્ષણ જરૂરી છે.
- મહિલા તરીકેની ભૂમિકા વિવિધ રીતે ભજવી શકે તે માટે શિક્ષણ આપવું ખાસ જરૂરી છે. શિક્ષણ દ્વારા જ મહિલામાં પરિવર્તન લાવી શકાય તેમજ કુટુંબ અને સમાજમાં પોતાની ભૂમિકા સારી રીતે ભજવી શકે.

## 3.2 સ્ત્રી શિક્ષણ એટલે શું ? (Meaning of Women Education)

- પ્રાચીન કાળથી માનવી જ્ઞાનનો સંચય કરતો આવ્યો છે. પ્રત્યેક પેઢી નવી પેઢી પાસેથી વારસારૂપે જ્ઞાન મેળવે છે અને કેટલું ક અર્જિત કરે છે. માનવીની પ્રત્યેક પેઢીમાં શિક્ષણ પ્રક્રિયા હસ્તાંતરિત થાય છે તેને લીધે જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે.
- શિક્ષણને માનવીને સાંસારિક જીવનના પાઠશીખવીને વ્યક્તિનું ઘડતર અને ચણતર કરે છે. શિક્ષણ દ્વારા વ્યક્તિનો બૌદ્ધિક, માનસિક અને વૈચારિક વિકાસ થાય છે તથા સમાજ શક્તિ ખીલે છે. પરિણામે સમાજમાં પોતાની ભૂમિકા સારી રીતે ભજવી શકે છે.
- મહાત્મા ગાંધીજીના શબ્દોમાં જોઈએ તો, 'શિક્ષણ પરત્વે મારો અભિપ્રાય બાળકના શરીર, મન અને આત્મામાં વિદ્યમાન સર્વોત્તમ ગુણોનો સર્વાંગી વિકાસ કરવાનો છે.'
- ફિલિપ્સના મતાનુસાર, 'શિક્ષણ એવી સંસ્થા છે જેનું કેન્દ્રિય તત્ત્વ જ્ઞાનનો સંગ્રહ છે.'
- જે મહિલાઓ લખી-વાંચી શકતી ન હોય કે હિસાબ કરવાને અસમર્થ હોય તેને નિરક્ષર કરવામાં આવે. અભણ મહિલા અક્ષરો, આંકડાઓ કે શબ્દોને વાંચી શકતી નથી તેમજ પોતાના વિચારો લેખિત સ્વરૂપમાં વ્યક્ત કરી શકતી નથી.

## 3.3 સ્ત્રી શિક્ષણ :

- **ભારતમાં સ્કૂલ શિક્ષણનો જાતિગત સંદર્ભ : પ્રગતિ અને પડકારો :**

વિકાસલક્ષી ચર્ચાઓમાં મહિલા સશક્તિકરણના ખ્યાલે મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિકાસલક્ષી ચર્ચાઓમાં મહિલા સશક્તિકરણનું મધ્યવર્તી સ્થાન સમાજમાં તકોની સમાનતાના માર્ગો સાથે નજીકથી જોડાયેલો છે. જોકે, વાસ્તવમાં મહિલા સશક્તિકરણનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવાની બાબત વત્તે-ઓછે અંશે ખૂબ જ મુશ્કેલ બની રહી છે. હાંસિયામાં રહેલી મહિલાઓના પુરાવા વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે, તેમ છતાં મહિલાઓને હાંસિયામાંથી બહાર કાઢવા માટેની પ્રક્રિયા માટે નીતિ વિષયક દરમિયાનગીરી અને પગલાંઓ ઉપરછલ્લા પ્રમાણમાં જોવા મળે છે. સામાજિક નિર્ણય લેવામાં મહિલાઓની ભાગીદારી નજરઅંદાજ કરવામાં વિકાસ પ્રક્રિયાની મૂળભૂત બેવડાંપણું પ્રતિબિંબિત થાય છે અને સમાજમાં ધર્મગ્રંથોની સાથે મહિલાઓને પણ બિબાઢાળ પરિસ્થિતિમાં રખાય છે. લાંબા સમયનો ઈતિહાસ આપણને તે હકીકતની યાદ અપાવે છે કે આ પ્રકારનું બેવડાપણું હકીકતમાં તો મહિલાઓને તેમના અધઈકારો અને તકોથી વંચિત રાખવાનું પ્રતિબિંબ છે.

સામાજિક ન્યાયના વ્યાપક સંદર્ભમાં જાતિ અને સિમાંતતા સમજવી જરૂરી છે. સમાજની આર્થિક વ્યવસ્થા સિમાંતતાનો પ્રકાર અને રૂપરેખા નિર્ધારિત કરે છે. જ્યારે સિમાંતતાની પ્રક્રિયા અને અસ્તિત્વ ચોક્કસપણે આર્થિક વ્યવસ્થાના મૂળભૂત માળખાંને પેલે પાર જાય છે. સિમાંતતાને તેના ખરા અર્થમાં ઓળખ, સ્વમાન અને બાકાત રાખવાની રૂપરેખા સાથે ચકાસવાની જરૂર છે. આ

બાબત તકો સાથે સંકળાયેલી છે જે મહિલાઓના શિક્ષણના ઊંચા સ્તરની પ્રાપ્તિને સાકાર કરે છે. આખરે આ બાબત સામાન્ય અને ચોક્કસ સામાજિક રીતે વંચિત જૂથોમાંથી આવતી મહિલાઓને સામાજિક વિમુખતા તરફ દોરી જાય છે.

આરક્ષણ અને મહિલાઓ માટે વિશેષ સંસ્થાઓ ખોલવાની તરફેણમાં ઉઠેલા અવાજ દ્વારા શિક્ષણમાં મહિલાઓનો દરજ્જો ઊંચો લાવવા માટે આદર્શલક્ષી પગલાઓ જોવા મળે છે. જોકે ભાગ્યે જ કોઈ યથાર્થ પ્રયત્નો જોવા મળે છે જે માત્ર ભાગીદારી જ નહીં પરંતુ મહિલાઓની ઓળખ, સ્વમાન અને અવગણના સાથે ખરેખર સંકળાયેલા હોય. શિક્ષણમાં મહિલાઓની સિમાંતતા મહત્તમ નહીં તો પણ અસરકારક રીતે જાળવવામાં આવી છે.

દેશની નીતિઓમાં પણ સ્ત્રી શિક્ષણની માન્યતા વધી રહી છે. ઉદાહરણ તરીકે બારમી પંચવર્ષીય યોજનામાં સ્વીકારાયું કે સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપવું તે ગંભીર મુદ્દો છે. માત્ર યુવાનો સાથે યુવતીઓની ગતિ જાળવવાની જ કલ્પના કરાઈ નથી, પરંતુ 1986ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં નિર્ધારિત કરાયેલા દષ્ટિબિંદુથી પણ કન્યા શિક્ષણ પર નજર કરવા ભાર મુકાયો છે. આ નીતિ મુજબ શિક્ષણ દ્વારા મહિલાઓમાં પરિવર્તન લાવવું, આત્મવિશ્વાસ ઊભો કરવો અને સમાજમાં તેમની પરિસ્થિતિ સુધારવી. જોકે 12મા આયોજન સમયગાળા દરમિયાન કોઈ વિશેષ પ્રયાસ જોવા મળ્યાં નહોતા. નીતિગત દરમિયાનગીરીની રચના એવી રીતે કરવી જોઈએ કે શિક્ષણમાં જાતિ સમાનતાના સિદ્ધાંતને ગુણવત્તાનો મુદ્દો અને સમાનતાનો મુદ્દો એમ બન્ને દષ્ટિકોણથી ધ્યાન પર લેવામાં આવે. કદાચ, આ ક્ષેત્રે ‘કશુંક વધારે’ કરવાની જરૂર છે. ત્યારબાદ જ જાતિ-સંવેદનશીલતા, શૈક્ષણિક અભ્યાસો, શિક્ષક તાલીમ અને મૂલ્યાંકન ગોઠવી શકાય.

- **નીતિગત મનોબળ કન્યા શિક્ષણ**

પરંપરાગત રીતે તમામ સમાજોમાં જ્યારે શૈક્ષણિક તકોની વાત આવે ત્યારે મહિલાઓ કરતાં પુરુષોને પ્રાધાન્ય અપાતું જોવા મળે છે. આજે શિક્ષણ પ્રાપ્ત કરવામાં અસમાનતા અને સાક્ષરતા દર વલણ પ્રતિબિંબિત કરે છે જેણે ભૂતકાળમાં સામાજિક અને શૈક્ષણિક નીતિઓ અને પ્રથાઓ દ્વારા આકાર લીધો છે, તેના પરિણામે લગભગ દરેક દેશ વત્તે-ઓછે અંશે જાતિ અસમાનતાનો સામનો કરે છે. GDP અને શૈક્ષણિક પ્રાપ્તિ વચ્ચે મજબૂત સહસંબંધ અસ્તિત્વ ધરાવે છે. દરેક દેશ તેમના માનવ સંસાધન સ્ત્રોતોનો શ્રેષ્ઠતમ સંભવ ઉપયોગ કરવા પ્રયત્ન કરે છે. શિક્ષણ અને જાતિ અંગે ચર્ચા કરતી વખતે ‘જાતિ નિષ્પક્ષતા’ અને ‘જાતિ સમાનતા’ વચ્ચે તફાવત જાણવો ઉપયોગી રહેશે. જાતિ નિષ્પક્ષતાની ખાતરી કરવા માટે થોડો વધારે પ્રયત્ન કરવાની જરૂર છે.

- **રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ 1986 (1992માં સુધાર્યા પ્રમાણે) :**

ઐતિહાસિક રીતે સ્વતંત્રતાના સમયથી વિવિધ શૈક્ષણિક નીતિઓએ શિક્ષણમાં સમાનતા ઉપર ભાર મૂક્યો છે. ખાસ કરીને રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ (NPE) 1986-1992 દ્વારા અસમાનતા દૂર કરવા ઉપર ખાસ ભાર મૂકાયો હતો. શિક્ષણનો ઉપયોગ મહિલાઓના દરજ્જામાં મૂળભૂત સુધારો કરવા મુખ્ય રીત તરીકે થવો જોઈએ. તેમાં એવી કલ્પના કરાઈ હતી કે આ પોલિસી મહિલાઓની તરફેણમાં સારી રીતે ઘડાયેલી નીતિ દ્વારા ભૂતકાળથી એકત્રિત થયેલી અસમાનતાઓને નિર્મૂળ કરી દેશે. તે નવેસરથી રચાયેલાં અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો, શિક્ષકોની તાલીમ અને અભિગમ તથા નિર્ણયલક્ષી અને વહીવટી બાબતોમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં સક્રીય ભાગીદારીથી નવા મૂલ્યોના વિકાસને ઉત્તેજ આપશે. મહિલાઓમાં નિરક્ષરતા દૂર કરવા અને તેમને પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે અડચણો દૂર કરવા પ્રાથમિકતા અપાશે. તેમના માટે ખાસ સહાયક સેવાઓ, સમય નિર્ધારિત લક્ષ્યાંકો અને અસરકારક નિરીક્ષણની જોગવાઈ કરાઈ હતી. રોજગાર અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં પરંપરાગત જાતિ અસમાનતા નાબૂદ કરવા બિન-ભેદભાવની નીતિ ભારપૂર્વક હાથ ધરાશે. ઉપરાંત પ્રવર્તમાન અને ઉભરતી ટેક્નોલોજીની સાથે સાથે બિન-પરંપરાગત વ્યવસાયોમાં મહિલાઓની ભાગીદારીને ઉત્તેજન અપાશે. NPEના નીતિ નિર્દેશકો અનુસાર મૂળભૂત શૈક્ષણિક કાર્યક્રમ BEP, OBB, DPEP, SSA અને RMSA જેવા કેટલાક રાજ્ય અને રાષ્ટ્રીય શૈક્ષણિક કાર્યક્રમો શરૂ કરાયા છે. મફત અને ફરજિયાત શિક્ષણનો બાળકોના અધિકારનો કાયદો, 2009 (RTE કાયદો) દેશમાં પ્રાથમિક શિક્ષણ માટે મહત્ત્વપૂર્ણ સીમાસ્તંભ છે.

- **નવી શિક્ષણ નીતિ 2016 અનુસાર પડકારો (NEP 2016ના ડ્રાફ્ટના કેટલાંક મુદ્દાઓ) :**

NEP 2016માં સમાવેશ કરાયેલાં મુદ્દાઓ એ બાબતનો સ્વીકાર થયો છે કે યુવા અને પુખ્ત સાક્ષર દરના પ્રમાણમાં રહેલો ઊંચો જાતિ તફાવત મુખ્ય પડકાર બની રહ્યો છે. ભારતમાં યુવા સાક્ષર દરમાં જાતિ તફાવતના ઊંચા સ્તર (8.2 ટકા)ની લાક્ષણિકતા જોવા મળે છે. 2011માં 15-24 વયજૂથના પુરુષોમાં 90 ટકા અને યુવતીઓમાં 81.8 ટકાનો સાક્ષરતા દર છે. વધુમાં પુખ્ત સાક્ષરતાની બાબતમાં પણ ભારતમાં જાતિ તફાવતનું ઊંચું સ્તર (19.5 ટકા) જોવા મળે છે. તે સ્પષ્ટ છે કે યુવતીઓ અને મહિલાઓમાં સાક્ષરતા સ્તર વધારવા માટે મોટા પ્રયત્નો કરવા જરૂરી છે.

- **શિક્ષણમાં કન્યાઓની ભાગીદારી વધારવા માટે કાર્યક્રમો :**

મહિલાઓ માટે શૈક્ષણિક તકો વિસ્તારવા માટેની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે ભારત સરકારે અનેક કાર્યક્રમો શરૂ કર્યા છે, તેમાં પ્રાથમિક સ્તરે યુવતીઓમાં શિક્ષણ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ મહિલા સામખ્ય, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનો સમાવેશ થાય છે. તાજેતરમાં ભારત સરકારે આ કાર્યક્રમમાં બે મુખ્ય કાર્યક્રમો 'સબળા' અને 'બેટી બચાઓ બેટી પઢાઓ' કાર્યક્રમનો સમાવેશ કર્યો છે.

SABLA ભારત સરકાર દ્વારા 1લી એપ્રિ, 2011માં મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલો કેન્દ્રીય રીતે પ્રાયોજિત કાર્યક્રમ છે. આ કાર્યક્રમ હેઠળ દેશના તમામ રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પસંદ કરાયેલાં 200 જિલ્લાઓને તમામ ICDS કાર્યક્રમ હેઠળ 11થી 18 વર્ષની વયજૂથની કિશોરીઓને આવરી લેવાશે. આ યોજનાનો મુખ્ય હેતુ કિશોરીઓને સ્વ-વિકાસ અને સશક્તિકરણ માટે સક્ષમ બનાવવાનો છે. કાર્યક્રમની સાથે સાથે કિશોરીઓમાં આરોગ્ય અને પોષણની સ્થિતિ સુધારવા, આરોગ્ય, સ્વચ્છતા, પોષણ, જાતિય આરોગ્ય, પરિવાર અને બાળ સંભાળ માટે જાગૃતિ પણ ફેલાવવામાં આવે છે. ઉપરાંત કાર્યક્રમ તેમના ઘરેલું કૌશલ્ય, જીવન જરૂરી અને વ્યાવસાયિક કૌશલ્યને સુધારવાનો હેતુ ધરાવે છે. આ કાર્યક્રમ હેઠળ સ્કૂલની બહાર રહેલી કિશોરીઓને ઔપચારિક અને બિન-ઔપચારિક શિક્ષણના પરિઘ હેઠળ પાછા લાવવાનો પણ સમાવેશ થાય છે. કિશોરીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પોસ્ટ ઑફિસ, બેન્ક, પોલીસ સ્ટેશન અને અન્ય પ્રવર્તમાન સેવાઓ અંગે માર્ગદર્શન પૂરું પડાશે.

'બેટી બચાઓ બેટી પઢાઓ' યોજના મહિલાઓ માટે બનેલી કલ્યાણકારી સેવાઓ અંગે જાગૃતિ ફેલાવવા અને તેની અસરકારકતા વધારવાનો હેતુ ધરાવે છે. આ યોજના રૂા. 100 કરોડના પ્રારંભિક ભંડોળ સાથે શરૂ થઈ છે. ઘટી રહેલાં બાળ લિંગ દર (CSR) ના મુદ્દાનો સામનો કરવા માટે ઑક્ટોબ, 2014માં 'બેટી બચાઓ, બેટી પઢાઓ' યોજના શરૂ કરાઈ હતી. રાષ્ટ્રીય ઝુંબેશના ભાગરૂપે શરૂ થયેલી અને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતી આ યોજનામાં નીચો CSR ધરાવતા 100 પસંદગીના જિલ્લાઓમાં બહુક્ષેત્રિય કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. આ કાર્યક્રમ મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને માનવ સંશાધન વિકાસ મંત્રાલયના સંયુક્ત પ્રયત્નોથી શરૂ કરાયું હતું.

- **તાજેતરની ઉપલબ્ધિ અને પડકારોનું વિશ્લેષણ**
- **સાક્ષરતા દર :**

સમગ્ર વિશ્વના 774 મિલિયન યુવા નિરક્ષરોમાંથી ભારતમાં ત્રીજા ભાગના નિરક્ષકો (287 મિલિયન) વસવાટ કરે છે. વિશ્વમાં કુલ નિરક્ષકોમાં બે તૃતીયાંશ મહિલાઓ છે. એક અંદાજ મુજબ 50 ટકા નિરક્ષકોએ ક્યારેય સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો નથી. જ્યારે અન્ય 50 ટકાએ સ્કૂલોમાં મોડો પ્રવેશ મેળવ્યો છે અને વહેલી સ્કૂલ છોડી દીધી છે.

સામાજિક કક્ષા મુજબ એકત્રિત કરાયેલા આંકડા અનુસાર મહિલા સાક્ષરતા દર 56.5 ટકા છે અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં તે દર 49.4 છે જે સમગ્ર પારિવારિક સાક્ષરતા દર (65.6 ટકા)થી ઓછો છે. 2011ની વસ્તીગણતરી અનુસાર કેવળ સમગ્ર દેશમાં સૌથી ઊંચો 94 ટકા સાક્ષરતા દર (પુરુષો 96.1, મહિલાઓ 92.1) ધરાવતું હતું. ત્યારબાદ લક્ષદ્વીપ, મિઝોરમ, ગોવા અને ત્રિપુરાનો ક્રમ હતો. સાક્ષરતાદરના માપદંડમાં ટોપ 10માં 6 કેન્દ્રશાસિત પ્રદેશો અને 4 રાજ્યો (કેરળ, મિઝોરમ, ગોવા અને ત્રિપુરા)નો સમાવેશ થાય છે. મહિલા સાક્ષરતાની દૃષ્ટિએ પણ

આ ચાર રાજ્યોનો ક્રમ સૌથી ઉપર છે. જ્યારે બીજી તરફ બિહાર સૌથી નીચો મહિલા સાક્ષરતા દર (51.5) ધરાવે છે. ત્યારબાદ રાજસ્થાન, ઝારખંડ અને જમ્મુ અને કાશ્મીરનો ક્રમ છે.

સૌથી ઓછો સાક્ષરતા દર ધરાવતા દસ રાજ્યોમાં અનુસૂચિત જાતિનું પ્રભુત્વ ધરાવતાં (બિહાર, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ), અનુસૂચિત જનજાતિનું પ્રભુત્વ ધરાવતાં (મધ્યપ્રદેશ, ઓડિશા, છત્તીસગઢ, અરૂણાચલ પ્રદેશ) અને મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા રાજ્ય (જમ્મુ અને કાશ્મીર)નો સમાવેશ થાય છે. આથી, નીચા સાક્ષર દરની બાબતમાં રાજ્યોમાં કોઈ ખાસિયત જોવા મળતી નથી. કેટલાક સકારાત્મક ચિહ્નોમાં પ્રથમ તે બાબત છે કે છેલ્લા એક દાયકા દરમિયાન રાજ્યોએ નોંધપાત્ર વિકાસ (મોટા ભાગે બે આંકડામાં) સાધ્યો છે.

બીજી બાબત એ કે છેલ્લા એક દાયકા દરમિયાન ભારતે સમાજમાં 217 મિલિયન સાક્ષરોનો ઉમેરો કર્યો છે, જેમાં 110 મિલિયન સ્ત્રીઓ અને 107 મિલિયન પુરુષોનો સમાવેશ થાય છે.

- **જાતિદર :**

સ્કૂલોમાં કિશોરીઓની સંખ્યા વધારે હોય તેની ખાતરી કરવા માટેનો એક મહત્ત્વની બાબત વસ્તીમાં કિશોરીઓની ઉપલબ્ધતા છે. વીસમી સદીમાં સમગ્ર જાતિ દરમાં ભારત સાવ તળિયે સ્થાન ધરાવે છે. ભારતનો જાતિ દર 1901માં 972થી 1951માં 941 અને 2011માં 940 થયો હતો. 2001 (933)ના સ્તરેથી તેમાં સહેજ વધારો થયો છે. જોકે સૌથી ચિંતાજનક બાબત એ છે કે 2011માં 0-6 વયજૂથનો જાતિ દર અત્યાર સુધીનો સૌથી નીચે (914) જોવા મળ્યો હતો.

તેનો અર્થ એ છે કે આગામી વર્ષોમાં શાળાઓમાં યુવકોની સરખામણીએ યુવતીઓની સંખ્યા ઓછી હશે. 0-6 વયજૂથના જાતિ દરમાં બે ઉત્તર-પૂર્વીય રાજ્યો (મિઝોરમ 971 અને મેઘાલય 970) સૌથી આગળ હતા. જ્યારે બીજી બાજુ દેશમાં સૌથી ઓછો જાતિ દર ધરાવતા 'પ્રગતિશીલ' રાજ્યો (હરિયાણા 830 અને પંજાબ 846) સૌથી ઓછો જાતિ દર ધરાવતા હતા.

- **સ્કૂલની બહાર રહેલી કિશોરીઓ :**

MHRD દ્વારા તાજેતરમાં હાથ ધરાયેલા અભ્યાસ અનુસાર કુલ વસ્તીના આશરે 3 ટકા જેટલા 6.01 મિલિયન જેટલા બાળકો સ્કૂલની બહાર છે. આ જ સર્વેમાં સ્કૂલની બહાર રહેલા બાળકોનો અંદાજ 2006માં 7 ટકા અને 2009માં 4.2 ટકા છે. સ્કૂલની બહાર રહેલા બાળકોની જાતિવાર વહેંચણી સૂચવે છે કે કિશોરો (2.77 ટકા) કરતાં કિશોરીઓ (3.23 ટકા)નું પ્રમાણ તેમાં વધારે છે. સ્કૂલની બહાર રહેલી કિશોરીઓની સૌથી ઊંચી ટકાવારી રાજસ્થાન (7.5 ટકા), ઉત્તરાખંડ (5.2 ટકા) અને ઉત્તરપ્રદેશમાં (4.6 ટકા) નોંધાઈ હતી. બીજી બાજુ મિઝોરમ અને કેરળ જેવા રાજ્યોમાં સ્કૂલની બહાર રહેલા કિશોરો કરતા કિશોરીઓની ટકાવારી ઓછી હતી. અહેવાલમાં પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર કિશોરીઓમાં સ્કૂલની બહાર રહેવાનું મુખ્ય કારણ ઘરેલું કામમાં તેમની મદદની જરૂર અથવા તેમના નાના ભાઈ-બહેનોની સાર-સંભાળ જોવા મળ્યું હતું. સ્કૂલની બહાર રહેલી કિશોરીઓની ટકાવારી ગ્રામીણ (3.36 ટકા) અને શહેરી (2.86 ટકા) ક્ષેત્રોમાં જુદી-જુદી જોવા મળી હતી.

- **સ્કૂલોમાં યુવતીઓની ટકાવારી :**

વિવિધ પ્રકારના રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમોના પરિણામે તમામ સ્તરમાં કિશોરીઓની ટકાવારીમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. ખાસ કરીને સર્વ શિક્ષા અભિયાન (SSA) દરમિયાન 2005-06માં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં કિશોરીઓની ટકાવારી 45.8 ટકાથી વધીને 48.2 ટકા જેટલી નોંધપાત્ર વધી છે.

UDISE 2014-15ના આંકડા અનુસાર સરકારી અને ખાનગી સ્કૂલોમાં કિશોરીઓની નોંધણીની ટકાવારીમાં મોટો તફાવત જોવા મળે છે. આ તફાવત તમામ સ્તરે (પ્રાથમિક,ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) જોવા મળે છે. જોકે ઉચ્ચ સ્તરીય શિક્ષણ તરફ આગળ વધીને તેમ આ તફાવતમાં ઘટાડો નોંધાય છે. અહીં એ બાબત નોંધપાત્ર છે કે છેલ્લા એક દાયકા દરમિયાન ઉચ્ચતર શૈક્ષણિક સ્તરે કિશોરીઓની ટકાવારીમાં નોંધપાત્ર વધારો થયો છે. ઉદાહરણ તરીકે વર્ગ 8ના સ્તરે કિશોરીઓની ટકાવારી 2005-06માં 45 ટકાથી વધીને 2013-14માં 49 ટકા થઈ છે.

કિશોરીઓની ઊંચી ટકાવારી છેલ્લા દાયકા દરમિયાન શરૂ કરાયેલી કેટલીક શૈક્ષણિક યોજનાઓને આભારી હોઈ શકે છે. નીચે આ પ્રકારની યોજનાઓની ટૂંકી વિગતો આપેલી છે :

સ્કૂલમાં કિશોરીઓના ભાગીદારી વધારવા માટે હાથ ધરવામાં આવેલા જુદાં-જુદાં કાર્યક્રમો અને પગલાંઓ લીધા હોવાં છતાં પણ સ્કૂલ છોડી દેવાનો ઊંચો દર હજુ પણ મુખ્ય ચિંતાનું કારણ છે. MHRD 2014ના અહેવાલ મુજબ કુલ Out of School Children (OOSC) માંથી આશરે 36.5 ટકા પુરુષ અને 37.5 ટકા સ્ત્રીઓઓએ અભ્યાસ છોડી દીધો છે. આ અહેવાલ મુજબ, કિશોરીઓ સ્કૂલમાંથી બહાર રહેવાના મુખ્ય પાંચ કારણો નીચે મુજબ છે :

1. ગરીબી-આર્થિક કારણ (23.9 ટકા)
2. બાળક ને ભણવામાં રસ ન હોવો. (17.5 ટકા)
3. બાળક ઘરની આવકમાં મદદ કરતો હોય. (11.6 ટકા)
4. બાળક કોઈ અક્ષમતા અથવા નબળું આરોગ્ય ધરાવતો હોય (10.8 ટકા)
5. ઘરેલું કામકાજ માટે મદદ માટે જરૂર હોય. (8.7 ટકા)

UDISE 2014-15 અહેવાલનો ઉપયોગ કરીને ગણવામાં આવેલો સરેરાશ વાર્ષિક ડ્રોપઆઉટ દર સૂચવે છે કે તમામ સ્તરે ડ્રોપઆઉટ દરમાં કિશોરો અને કિશોરીઓમાં કોઈ ખાસ તફાવત રહેલો નથી. જોકે સમગ્રપણે ડ્રોપઆઉટ દર ઉચ્ચ પ્રાથમિક સ્તરે (યુવકો 3.1 ટકા, યુવતીઓ 4.5 ટકા) વધારો ઊંચો જોવા મળે છે. સંભવતઃ આ તે સ્તર છે કેજ્યાં વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. આ તે તબક્કો છે જ્યારે સ્કૂલનું અંતર વધે છે, કિશોરી શારીરિક ફેરફારોમાંથી પસાર થાય છે અને સ્કૂલ માટે સુવિધા માટે સામાજિક પ્રાપ્યતાની પણ ખાતરી કરવાની જરૂરી છે.

સરકારે ખાતરી કવાની જરૂર છે કે સ્કૂલમાં લઘુત્તમ મૂળભૂત માળકું ઉપલબ્ધ બને જેથી મૂળભૂત માળખાકીય સુવિધાઓના અભાવે કિશોરીઓમાં (અને કિશોરોમાં પણ) જોવા મળતાં સ્કૂલ છોડવાના દરમાં ઘટાડો કરી શકાય. આ સંદર્ભમાં RTE એક્ટમાં તમામ પ્રાથમિક શાળાઓમાં ઉપલબ્ધ કરવા માટે જરૂરી લઘુત્તમ માળખાની યાદી આપવામાં આવી છે. તેમાં પીવાનું પાણી,કિશોરો અને કિશોરીઓ માટે અલગ શૌચાલય, નોંધણી અનુસાર વર્ગખંડો અને શિક્ષકો, રમતનું મેદાન, લાયબ્રેરી, રેમ્પ વગેરે જેવી મૂળભૂત સુવિધાઓનો સમાવેશ થાય છે. અન્ય બાબતોમાં ડ્રોપઆઉટ દર ઓછામાં ઓછો કરવા માટે કિશોરીઓ માટે અલગ શૌચાલય અત્યંત મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. કિશોરીઓના શિક્ષણ માટે સ્કૂલમાં મહિલા શિક્ષકોની ઉપલબ્ધતા પણ અગત્યનું પરીબળ છે. તાજેતરમાં માહિતી અનુસાર સમગ્ર સ્કૂલ વ્યવસ્થામાં આશરે 46.7 ટકા મહિલા શિક્ષકો ઉપલબ્ધ છે. વર્ષો દરમિયાન પ્રાથમિક સ્તરે મહિલા શિક્ષકો ધરાવતી સ્કૂલોની ટકાવારીમાં એક ધારો વધારો જોવા મળ્યો છે.

આ જૂથ માટે NAR દર્શાવીને સંપત્તિ અને અન્ય ચાવીરૂપ અસમાનાતઓની આંતરપ્રક્રિયા અંગે કેટલીક માહિતી પૂરી પાડે છે. 'અન્ય' જ્ઞાતિ જૂથ જે પરંપરાગત રીતે પછાત નથી તે બાકીના શ્રેણીઓ કરતાં સારી સ્થિતિમાં છે.જ્યારે શહેરી બાળકો ગ્રામીણ બાળકો કરતાં સારી સ્થિતિમાં છે. મોટાભાગના કિસ્સામાં કિશોરીઓની સંખ્યા કિશોરો કરતાં ખરાબ છે. જોકે સામાજિક જૂથ અથવા રહેઠાણના વિસ્તારને ધ્યાન પર ન લેવામાં આવે તો પર ગરીબીની સ્થિતિ સૌથી મોટા તફાવત દર્શાવે છે. ગરીબ સમુદાય હંમેશા નોંધપાત્ર રીતે ધનિક સમુદાય કરતાં ખરાબ પરિસ્થિતિમાં જોવા મળે છે. આકૃતિ-1માં આ બાબત વધુ સ્પષ્ટ જોવા મળે છે. તેમાં જોવા મળે છે તે મુજબ ધનવાન અનુસૂચિત જાતિની કિશોરી 'અન્ય' (વધુ પછાત) જ્ઞાતિ સમુદાયોમાંથી આવતી ગરીબ કિશોરીઓ કરતાં 20 ટકા ઊંચો કુલ હાજરી ગુણોત્તર ધરાવે છે.

2014માં વસ્તીમાં 12-25 વયે પ્રાથમિક સ્કૂલ પૂર્ણ કર્યાનો દર જાતિ અને સંપત્તિ જૂથના આધારે દર્શાવે છે. પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક સ્તરે પૂર્ણતા દરમાં નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો છે. કિશોરીઓ માટે પ્રગતિ ખૂબ સારી છે. પ્રાથમિક સ્કૂલ પૂર્ણ કરવાની બાબતમાં 2007 અને 2014ની વચ્ચે કુલ જાતિ અસમાનતા 10 ટકાથી ઘટીને 5 ટકા થઈ છે. તમામ સંપત્તિ જૂથમાં આ ઘટાડો જોવા મળે છે. જોકે પ્રાથમિક સ્તરે સ્કૂલ પૂર્ણ કરવામાં સંપત્તિ તફાવત (Q5-Q1) થોડોક

નોંધપાત્ર જોવા મળે છે. જ્યારે ગરીબ અને ધનિક સમુદાયની વચ્ચે સરખામણી કરવામાં આવે ત્યારે સ્કૂલ પૂર્ણ કરવામાં તફાવત પુરુષોની સરખામણીએ મહિલાઓમાં ખાસ્સો વધારે છે. સંપત્તિ જૂથોની વચ્ચે પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરવાનો તફાવત પુરુષો માટે 18 પોઈન્ટ નોંધાયો હતો, જ્યારે 2014માં તે મહિલાઓ માટે 27 પોઈન્ટ હતો.

અસમાનતા માત્ર પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક સ્કૂલ પૂર્ણતાના દર સુધી મર્યાદિત નથી તે માધ્યમિક સ્તરે પણ વિસ્તરે છે. તે ગ્રેડ 10 પાસ કરેલા આંતર રાજ્ય જાતિ આધારિત તફાવતમાં નોંધપાત્ર રીતે અસ્તિત્વ ધરાવે છે. આસામ રાજ્ય બોર્ડમાંથી નોંધાયેલા ગ્રેડ 10 પાસ ટકાવારીમાં સૌથી ઊંચો જાતિ તફાવત ધરાવે છે. આ પરિણા તે કારણોસર મહત્ત્વપૂર્ણ છે કારણ કે રાજ્યોમાં કિશોરીઓ ઓછા પાસ થવાની ટકાવારી ધરાવે છે. આ બાબત તેઓ અવિકસિત હોવાની નિશાની દર્શાવે છે.

શૈક્ષણિક ઉપલબ્ધિના સંદર્ભમાં પ્રોત્સાહક પુરાવા છે. NCERT દ્વારા હાથ ધરાયેલા ધોરણ 10ના વિદ્યાર્થીઓના તાજેતરના નેશનલ એચિવમેન્ટ સર્વે અનુસાર કિશોરીઓની શીખવાની ઉપલબ્ધિ કિશોરો કરતાં નિમ્ન દરજ્જાની નથી.

અંગ્રેજી ભાષામાં કિશોરોના 248ની સરખામણીમાં કિશોરીઓએ પ્રાપ્ત કરેલો કુલ અંક 252, મોર્ડન ઈન્ડિયન લેંગ્વેજમાં કિશોરોના 246ની સરખામણીમાં કિશોરીઓનો 254 હતો. જોકે ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનમાં કિશોરો અને કિશોરીઓનો આંક બરાબર સમાન (દરેકના 250) હતાં.

- **ઉપસંહાર અને ભલામણો :**

આ સંશોધન પેપરે ભારતમાં શૈક્ષણિક ભાગીદારીની બાબત રજૂ કરી છે. તેમાં સવાલોના જવાબ અપાયાં છે, ભારતમાં સાક્ષરતા દરની પેટર્ન શું છે અને ભારતમાં સ્કૂલ શિક્ષણમાં ભાગીદારી કેવી છે અને તેમાં કેવા ફેરફારો આવી રહ્યાં છે તે બાબત ધ્યાન પર લેવાઈ છે. આ સંશોધન પેપરના વિશ્લેષણમાં શિક્ષણમાં જાતિના સંદર્ભને રજૂ કરતાં ચાવીરૂપ મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. અગાઉના વિભાગમાં કરેલી ચર્ચા મુજબ ભારતે છેલ્લા બે દાયકાઓ દરમિયાન મૂળભૂત શૈક્ષણિક સૂચકાંકોમાં સુધારો કરવા બાબતે નોંધપાત્ર પ્રગતિ કરેલી છે. વસ્તીની સરેરાશ શૈક્ષણિક પ્રાપ્તિ વધી રહી છે અને નોંધણી માટેની માંગ ધીમે ધીમે પ્રાથમિકથી માધ્યમિક સ્તર તરફ આગળ વધી રહી છે. જોકે જો સમાન શૈક્ષણિક તકનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવો હોય તો હજુ પણ કેટલાક નોંધપાત્ર પડકારો રહેલાં છે. તે નોંધવા મહત્ત્વના છે, લગભગ પ્રાથમિક સ્તરે વૈશ્વિક કુલ નોંધણી દરમાં નીચે મુજબ મહત્ત્વની હકીકતો છૂપાયેલી હોય છે :

1. નોંધણી દર વધી રહ્યો હોવા છતાં પણ કિશોરીઓને તેમની ઉંમરમાં આપવો જોઈએ તેના કરતાં ખૂબ જ નીચેના વર્ગમાં પ્રવેશ અપાઈ રહ્યો છે.
2. જેઓ આખરે પ્રાથમિક શિક્ષણ પૂરું કરે છે તેઓ વધારે સમય પસાર કરે છે.
3. પ્રાથમિક સ્તરે ઉંમરથી નાની અને ઉંમર કરતા વધારે મોટી સંખ્યામાં કિશોરીઓની હાજરી (સ્કૂલમાં મોડો-વહેલો પ્રવેશ અને પુનરાવર્તન) શૈક્ષણિક પડકારો સર્જે છે.
4. સ્કૂલમાં પ્રવેશ માટે નોંધણીના દરમાં વધારો થયો હોવા છતાં સ્કૂલ શિક્ષણ પૂર્ણ કરવામાં અસમાનતા હજુ પણ ચિંતાનું કારણ છે. ભારતમાં પ્રાથમિક શિક્ષણનું આ લક્ષણ માધ્યમિક શિક્ષણમાં પ્રવેશ કરી રહેલા વિદ્યાર્થીઓની પ્રોફાઈલ નિર્ધારિત કરે છે.

આ સંશોધન પેપરમાં રજૂ કરવામાં આવેલા પરિણામો દર્શાવે છે કે કુલ હાજરી દરના સંદર્ભમાં માપવામાં આવેલ ભાગીદારીના દરમાં અસમાનતા હજુ પણ થોડી ઊંચી જોવા મલે છે. કિશોરીઓનો કુલ હાજરી દર કિશોરોની સરખામણીમાં નોંધપાત્ર રીતે નીચો જોવા મળે છે. સમાજના સામાજિક રીતે પછાત વર્ગોના સંદર્ભમાં આ વલણ વધારે ચિંતાજનક જોવા મળે છે. જ્ઞાતિ અને આર્થિક દરજ્જાની પારસ્પારિક ક્રિયા કાયમી અસમાનતામાં પરિણમી છે. ભાગીદારીમાં રહેલી અસમાનતા માત્ર પુરુષો અને મહિલાઓ વચ્ચે રહેલા તફાવતને ઓળખવા માટે જ જોવાની જરૂર નથી, પરંતુ અન્ય જ્ઞાતિ જૂથોમાંથી આવતી કિશોરીઓની ભાગીદારીની સરખામણી સામાજિક રીતે પછાત વર્ગોમાંથી આવતી કિશોરીઓની સાથે પણ કરવાની જરૂર છે.

વધુમાં સ્થાનના સંદર્ભમાં અસમાનતાનું પ્રમાણ સતત ધ્યાન પર આવે છે. એક નિરીક્ષણ અનુસાર શહેરી વિસ્તારમાં રહેલી કિશોરીઓની સ્થિતિ ગ્રામીણ કિશોરીઓ કરતાં સારી છે. સમગ્ર રીતે જોતાં તમામ જ્ઞાતિઓમાં કિશોરીઓની સ્થિતિ કિશોરો કરતાં ખરાબ જોવા મળે છે. વધુમાં જોવા મળ્યું છે કે ધનિક અનુસૂચિત જાતિની કિશોરીઓ 'અન્ય' (વધારે પછાત) જ્ઞાતિઓમાંથી આવતી ગરીબ કિશોરીઓ કરતાં 20 ટકા જેટલો વધારે કુલ હાજરી દર ધરાવે છે.

છેલ્લા વર્ષો દરમિયાન જુદાં-જુદાં સ્તરોમાં શિક્ષણ પૂર્ણ કરવાના પ્રમાણમાં પણ અસમાનતા જોવા મળી છે. સ્કૂલ શિક્ષણ પૂર્ણ કરવામાં આર્થિક અસમાનતા વધારે ચિંતાનું કારણ છે. કિશોરીઓને તેમની કામગીરી અને વહેલા લગ્નના કારણે શિક્ષણ પ્રાપ્ત કરવાની તકો છિનવાઈ જવી તે બાબત ગંભીર ચિંતાનો વિષય છે. સ્કૂલોમાં કિશોરીઓનો સમાવેશ ન થવો અને તેમના માટે સ્કૂલ સલામત સ્થળ ન હોવાની હકીકત સમસ્યાને અત્યંત ગંભીર બનાવે છે. KGBV અને NPEGEL જેવી યોજનાઓ સફળ રહી હોવા છતાં તેની પહોંચ સીમિત સંખ્યા સુધી મર્યાદિત છે. સ્કૂલમાં પ્રવેશ નોંધાવ્યા બાદ કિશોરીઓને સ્કૂલની વ્યવસ્થામાં જાળવી રાખવા માટે આ પડકારોનો વધારે અસરકારતાથી સામનો કરવા માટે વ્યાપક શિક્ષણ પૂરું પાડતી વ્યવસ્થાએ તેનો સામનો કરવાની જરૂર છે.

મહિલા સશક્તિકરણમાં શિક્ષણની ભૂમિકા વધારવાની બાબત તકોની સમાનતાનો વ્યાપ વધારવા માટે કરાતાં મજબૂત પ્રયત્નો થકી જ હાંસલ કરી શકાય છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ સમાનતા વધારવા અને સમાજમાં મહિલાઓનો દરજ્જો ઊંચો કરવા માટે મહિલા કેન્દ્રિત કાર્યક્રમો શરૂ કર્યા છે. એક રસપ્રદ કાર્યક્રમ ઓડિશાનો કિશોરી પ્રોત્સાહન કાર્યક્રમ (2013-2016) 12 છે. આ કાર્યક્રમના અમલીકરણના માત્ર 2 વર્ષના સમયગાળામાં જ માધ્યમિક સ્તરે કિશોરીઓની હાજરીનો દર 75 ટકાથી વધીને 84 ટકા થઈ ગયો હતો. આ કાર્યક્રમનું મુખ્ય ધ્યાન હાજરી અને શૈક્ષણિક પરિણામ સુધારવા ઉપર કેન્દ્રિત કરવામાં આવે છે. ઉપરોક્ત વિશ્લેષણનો મુખ્ય નિષ્કર્ષ એ છે કે ધનિક વર્ગો વિસ્તરણનો સૌથી પહેલો ફાયદો ઉઠાવે છે. આથી જાતિ અસમાનતામાં ઘટાડો કરવા માટે મુખ્યત્વે ગરીબોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલી નીતિઓ ખૂબ જ જરૂરી સાધન છે.

3. વર્લ્ડ એટલાસ ઓફ જેન્ડર ઇક્વાલિટી ઇન એજ્યુકેશન, 2012, યુનેસ્કો
4. ફોટો ક્રેડિટ : <http://inkerackiononskikuke.org/illuskraking-equaliky-vs-equiky/>
5. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986 (1992માં સુધાર્યા મુજબ)
6. NEP 2016, MHRDના ડ્રાફ્ટમાંથી કેટલાંક મુદ્દાઓ
7. સ્ત્રોત : પુખ્ત અને યુવા સાક્ષરતા, રાષ્ટ્રીય, પ્રાદેશિક અને વૈશ્વિક વલણ, 1985-2005
8. ભારતમાં 6-13 વર્ષમાં સ્કૂલની બહાર રહેલા બાળકોનો નેશનલ સેમ્પલ સરવેનો અંદાજ
9. સ્ત્રોત : ફ્લેશ સ્ટેટેસ્ટિક, 2014-15
10 મોટા ભાગના રાજ્યોએ RTE કાયદા અંતર્ગત પ્રાથમિક માટે કિ.મી. અને ઉચ્ચતર પ્રાથમિક માટે 3 કિ.મી.નો નજીકતાનો નિયમ નિર્ધારિત કર્યો છે. જાતિ, સ્થાન અને સંપત્તિ જૂથ આધારિત કુલ હાજરી ગુણોત્તર-માધ્યમિક
11. શૈલેન્દર શર્મા, ક્રોસિંગ બેરિયર્સ એક્સેસ ટુ એજ્યુકેશન (ચેલેન્જ), યોજના, જાન્યુઆરી, 2016
12. IPE ગ્લોબલ લિમિટેડ દ્વારા અમલી કરાયેલું

## 3.4 સ્વતંત્ર ભારતમાં શિક્ષણ અને સ્ત્રીનું સ્થાન :

સ્વતંત્ર ભારતમાં સ્ત્રીના સ્થાનમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. તેમાં શિક્ષણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

**(1) સ્ત્રી-પુરુષ સમાન શિક્ષણ અધિકાર :**

સ્વતંત્ર ભારતના સંવિધાનમાં સ્ત્રીને પુરુષની જેમ જ સમાન શિક્ષણ અધિકાર આપવામાં આવ્યો છે. ભારતના દરેક રાજ્યે સ્ત્રીઓને શિક્ષણ આપવા માટે વિવિધ સુવિધાઓ ઊભી કરી છે. ગુજરાત જેવાં રાજ્યમાં સર્વશિક્ષા અભિયાન, વિદ્યાદીપ યોજના, વિદ્યાલક્ષ્મી

યોજના, ગંગા જમના યોજના જેવી વિવિધ યોજનાઓ દ્વારા સ્ત્રીશિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવે છે. સ્ત્રીશિક્ષણ અને સહશિક્ષણની સંસ્થાઓને રાજ્ય તરફથી નાણાંકીય સહાય મળી રહે છે.

**(2) સ્ત્રીશિક્ષણને સામાજિક સ્વીકૃતિ :**

સ્વતંત્ર ભારતમાં સ્ત્રીને સમાન શિક્ષણ અધિકાર મળવાથી તેમજ મૂલ્યોમાં પરિવર્તન આવવાથી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં સ્ત્રીઓની સંખ્યાવૃદ્ધિ થતી રહી છે. આમ છતાં, કેટલાક રૂઢિચુસ્ત સમાજોમાં સ્ત્રીશિક્ષણને જોઈએ તેટલી સ્વીકૃતિ મળી નથી.

**(3) મફત અને ફરજિયાત શિક્ષણ :**

2002ના 86મા બંધારણીય સુધારાથી 6થી 14 વર્ષની વયના તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવવામાં આવ્યું છે. રાજ્યોએ આ સિદ્ધાંતોનો અમલ કર્યો છે. કેટલાંક રાજ્યોએ સ્ત્રીઓના માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહન યોજનાઓ રજૂ કરી છે. જેમ કે ગુજરાત રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ કન્યાઓ માટે નિઃશુલ્ક બનાવવામાં આવ્યું છે.

**(4) સ્ત્રીશિક્ષણના પ્રમાણમાં વૃદ્ધિ :**

1947 પછી સ્વાતંત્ર્ય બાદ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે સ્ત્રીશિક્ષણમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. 1951માં શિક્ષિત સ્ત્રીઓ 7.9 ટકા હતી, 1961માં 13.0 ટકા, 1971માં 18.7 ટકા, 1981માં 24.8 ટકા અને 1991માં શિક્ષિત સ્ત્રીઓ 39.4 ટકા હતી. આમ 1951થી 1991ના 40 વરસોના ગાળામાં સ્ત્રીશિક્ષણમાં 32 ટકા જેટલો વધારો થયો છે. 2001ની વસતી ગણતરી મુજબ પુરુષ શિક્ષણ 75.85 ટકા જેટલું હતું. જ્યારે સ્ત્રીશિક્ષણ 54.16 ટકા જેટલું થયું છે. સ્વાતંત્ર્ય બાદ સ્ત્રીશિક્ષણમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. આથી સ્ત્રી સશક્તિકરણ વધવા લાગ્યું છે.

- **સ્ત્રીશિક્ષણ દ્વારા સ્ત્રીના સ્થાનમાં આવેલું પરિવર્તન :**

**(5) આર્થિક સ્વાવલંબન તરફ પ્રયાણ :**

સદીઓથી ભારતીય સ્ત્રી આર્થિક પરાધીનતામાં જીવતી હતી. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી આર્થિક રીતે સ્ત્રીઓ પગભર બનવા લાગી છે. શિક્ષિત સ્ત્રીઓનો વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રોમાં પ્રવેશ થયો છે. નોકરી કરતી સ્ત્રીઓ આર્થિક રીતે પગભર બની છે. હવે તેમને પોતાની આજીવિકા માટે પુરુષો પર આધાર રાખવો પડે તેમ નથી. તેમનામાં આત્મનિર્ભરતાની ખુમારી આવી છે. તેથી પુરુષો તરફથી થતા શોષણ સામે હવે ભણેલી સ્ત્રીઓ પોતાનો અવાજ વ્યક્ત કરવા લાગી છે.

**(6) આરોગ્ય સુધારણા :**

છેલ્લાં પચાસ વર્ષોમાં સમાજના આરોગ્ય સ્તરમાં સારો એવો સુધારો થયો છે. આરોગ્ય વિકાસના વિવિધ કાર્યક્રમો દ્વારા સ્ત્રીઓના આરોગ્યમાં સુધારો થવા પામ્યો છે. મોટી હોસ્પિટલો, ખાનગી દવાખાનાં, આરોગ્ય કેન્દ્રો, કુટુંબ નિયોજન કેન્દ્રો, માતૃકલ્યાણ અને બાળકલ્યાણ, પોષક આહારના કાર્યક્રમો દ્વારા સ્ત્રીઓનું આરોગ્ય સુધર્યું છે. સ્ત્રીઓના હેલ્થ સ્ટેટસમાં વધારો થયો છે. આનાથી બાળકોની આરોગ્ય સુધારણા શક્ય બની છે. સ્ત્રી સશક્તિકરણમાં આરોગ્ય સુધારણા પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(7) સ્ત્રીના વ્યક્તિત્વનો વિકાસ :**

શિક્ષણના પ્રચાર અને પ્રસારને લીધે તેમજ સ્ત્રીશિક્ષણ અંગે જાગૃતિને લીધે સ્ત્રીશિક્ષણથી સ્ત્રીના વ્યક્તિત્વનો વિકાસ થયો છે. આધુનિક સ્ત્રીઓનો શારીરિક, માનસિક, સાંવેગિક અને સામાજિક એમ સર્વાંગીણ વિકાસ શક્ય બન્યો છે. શિક્ષણથી સ્ત્રીઓની અનુકૂલન ક્ષમતામાં વધારો થયો છે. તેઓ નવી રીતે વિચારવા લાગી છે. શિક્ષણથી સ્ત્રીઓમાં સ્વાતંત્ર્ય, બિનસાંપ્રદાયિકતા અને સમાનતાવાદી મૂલ્યો વિકાસ પામ્યાં છે. તેમનામાં વૈચારિક પરિવર્તન આવ્યું છે. તેમની રીતભાત, વર્તન વ્યવહાર, બોલવા-ચાલવાની ઢબછબ, સમજદારી વગેરે નવા જમાનાને અનુરૂપ બન્યાં છે. તેથી શિક્ષિત સ્ત્રીઓ તરફ પુરુષો માન અને આદરપૂર્વક વર્તે છે.

**(8) સામાજિક ક્ષેત્રે સ્વીકૃતિ :**

સ્ત્રી સશક્તિકરણમાં આ પરિબળ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. સામાજિક વિકાસ થતાં સમાજમાં એક અગત્યની વ્યક્તિ તરીકે સ્ત્રીને સ્વીકૃતિ મળી છે. પહેલાં સ્ત્રીનું સ્થાન કુટુંબમાં અને સમાજમાં નિમ્ન ગણવામાં આવતું હતું, પરંતુ હવે તે પુરુષ સમોવડી બનવાથી તેની ગણના સમાજમાં પુરુષોની સમાન થવ લાગી છે. સ્ત્રીની પત્ની, માતા અને ગૃહિણી તરીકેની ભૂમિકા જરા પણ ઓછા મહત્ત્વની નથી તે બાબતનો સ્વીકાર થવા લાગ્યો છે. સ્ત્રીની શક્તિ, સામર્થ્ય અને સૂઝ-સમજ પુરુષ કરતાં જરા પણ ઊતરતાં નથી તે બાબત સ્વીકારાવા લાગી છે. વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રીને ભૂમિકા ભજવવાની તક મળી રહી છે. તે સામાજિક સ્વીકૃતિનો નિર્દેશ કરે છે.

**(9) હકો વિશેની સભાનતા :**

શિક્ષણ દ્વારા સ્ત્રીઓ સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં પોતાના હકો વિશે જાગૃત બની છે. બંધારણ અને કાયદાથી તેમને લગ્ન, કુટુંબ, મિલકતનો વારસો, છૂટાછેડા વગેરે બાબતોમાં મળેલા હકોથી સ્ત્રીઓ સભાન બની છે. આથી સ્ત્રી સશક્તિકરણમાં આ પરિબળ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(10) અબળામાંથી સબળા બની :**

ભારતમાં અંગ્રેજોના આગમન સુધી સ્ત્રી અબળા હતી. તેની શક્તિ અને સામર્થ્ય દબાઈ ગયાં હતાં. ગાંધીજીના આગમન પછી સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાવા માટે સ્ત્રીઓ સામૂહિક રીતે પ્રથમ વખત બહાર આવી ત્યારે ભારતીય સમાજને સ્ત્રીઓમાં પડેલી અખૂટ શક્તિનો પરિચય થયો. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી વિકાસની બહુલક્ષી પ્રક્રિયામાં સ્ત્રીઓ સહભાગી બની. સરકારી કાર્યાલયોમાં, ઉદ્યોગોમાં અને ખાનગી કંપનીઓમાં સ્ત્રીઓએ ક્લાર્ક, ટાઈપિસ્ટ, એક્ઝિક્યુટીવ, મેનેજર, પોલીસ ઓફિસર તરીકે સ્થાન પ્રાપ્ત કર્યા છે. આ ઉપરાંત સ્ત્રીઓ જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લેતી થઈ છે. ઘરની ચાર દીવાલોમાંથી બહાર લાવવામાં શિક્ષણે બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ઘર બહારના વ્યવસાય ઉપરાંત બીજી અનેક સામાજિક સાંસ્કૃતિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતી થઈ છે. સત્તામાં સ્ત્રીઓની ભાગીદારી વધી છે. સ્ત્રીઓમાં સાંસ્કૃતિક સંગઠનો, મહિલા મંડળો, રાજકીય પક્ષો, પંચાયત, વિધાનસભા અને સંસદની ચૂંટણીઓ વગેરેમાં સ્ત્રીઓ ભાગ લેતી થઈ છે. ઘર બહારની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાને કારણે સ્ત્રીઓને પોતાની શક્તિઓ અને પોતાનું વ્યક્તિત્વ, કાર્યદક્ષતા વગેરે વ્યક્ત કરવાની તક મળી છે. આથી પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો ઊંચો આવ્યો છે.

## 3.5 સામાજિક પરિવર્તનમાં સ્ત્રીઓનો ફાળો :

પ્રસ્તુત પેપરમાં મહિલાઓનું વૈશ્વિકરણમાં સ્થાન કર્યા છે. મહિલાઓની ચર્ચાના વિષયને વિસ્તૃતિકરણ કરવાનો પ્રયાસ કર્યો છે. કામ કરે તે કામદાર - પરંતુ ભારતીય સમાજમાં મહિલાઓને કામદાર તરીકે ગણવામાં આવતી નથી. વૈશ્વિકરણનો યુગ હોવા છતાં મહિલાઓ આજે ઘરમાં રહીને ગૃહિણીની ભૂમિકા અદા કરવાની સાથે સાથે આર્થિક પ્રવૃત્તિમાં પણ પોતાનું યોગદાન આપી રહી છે. છતાં પણ ભારતીય અર્થતંત્રની રાષ્ટ્રીય આવકમાં મહિલાઓની પ્રવૃત્તિને ગણવામાં આવતી નથી. જ્યારે મહિલા કામદારોને અન્ય કામદારો સાથે તુલના કરતા તે અદશ્ય કામદાર તરીકે ગણે છે.

સ્વતંત્રતા પછી રાજ્યોનું સ્ત્રી કલ્યાણનું અભિગમ કાનૂન અને અન્ય પરિબળોને કારણે મહિલાઓને નવા વ્યવસાયોની તક આપી છે. મહિલાઓના વ્યવસાયિકના સંદર્ભમાં પરંપરાગત ખ્યાલોમાં પરિવર્તન જોવામાં આવ્યું છે, પરંતુ વર્તમાન મહામંદીમાં અને મૂડીવાદી અર્થતંત્રમાં નફાને ઈશ્વરના રૂપમાં જોવામાં આવી રહ્યો છે.

- **કાર્યવિભાજનની દષ્ટિએ મહિલા-પુરુષ :**

ભારતમાં મહિલાઓ હવે દરેક પ્રવૃત્તિ જેવી કે શિક્ષણ, રાજકારણ, મિડિયા, કળા અને સંસ્કૃતિ, સેવાના ક્ષેત્રોમાં, વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રો વગેરેમાં ભાગીદારી લઈ રહી છે.

મહિલાઓ અને પુરુષોનું કાર્યવિભાજન સાર્વત્રિક છે. આ કાર્યની સમાનતા સર્વસમાજમાં તથા કુટુંબોમાં સમાનરૂપથી જોવા નથી મળતી. આ કાર્યવિભાજનનું આધાર કુટુંબ અથવા સમાજની સંસ્કૃતિ અને આંતરિક સંસ્કૃતિ ઉપર આધારિત છે. જુદાં જુદાં દેશોમાં સમાજને કેન્દ્રિત કરીએ અથવા આપણા ભારત દેશને ધ્યાનમાં લઈએ તો ભારતીય સમાજમાં પણ પ્રાચીન સમયથી મહિલા-પુરુષોનું કાર્ય વિભાજનનું વિતરણ નિર્ધારિત કરવામાં આવેલું છે. અનેક પ્રકારના કાર્યોના આધારે તેમનો હોદ્દો (આત્મ સન્માન) અને તેમના ફાળાને સમજી શકાય છે.

**ગુજરાતમાં કુલ શ્રમિકો તથા મહિલાઓનો ફાળો**

| ક્રમ | વિસ્તાર | વ્યક્તિઓ | પુરુષો | મહિલાઓ |
|---|---|---|---|---|
| 1. | કુલ | 21,255,521 | 14,477,286 | 6,778,235 |
| | (100%) | (68%) | (32%) | |
| 2. | ગ્રામીણ | 14,993,312 | 9,049,438 | 5,943,874 |
| | (100%) | (60%) | (40%) | |
| 3 | શહેર | 6,262,209 | 5,427,848 | 834,361 |
| | (100%) | (87%) | (13%) | |

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય કે ગુજરાતમાં કુલ શ્રમિકોની જાતિવાર વહેંચણી કરતાં પુરુષોની કુલ શ્રમિક કામદારોમાં 68 ટકા હિસ્સો છે, જ્યારે કુલ શ્રમિકોમાં મહિલાઓનો 32 ટકા ફાળો જોવા મળે છે, તેમાંય મહિલાઓનો ફાળો વિસ્તાર પ્રમાણે જોઈએ તો ગ્રામીણ ક્ષેત્રમાં મહિલાઓનો ફાળો શહેરી વિસ્તાર કરતા 27 ટકા વધારે જોવા મળે છે, પરંતુ ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓનો અક્ષરજ્ઞાન ઓછું હોવા છતાં શ્રમિક તરીકે કાર્ય કરતી હોય છે. ગ્રામીણ વિસ્તારમાં આર્થિક પરિસ્થિતિને આધારે મહિલાઓ શ્રમ ક્ષેત્રમાં જોડાતી હોય છે. આમ છતાં ભારતીય સમાજમાં પુરુષને પોતાના પરિવારની આજીવિકા ચલાવવા માટે કોઈને કોઈ પ્રવૃત્તિ કરવી પડતી હોય છે અને સાથે જ પુરુષોની આર્થિક પ્રવૃત્તિ સાથે મહિલાઓ પુરુષના ઘરમાં રહીને ગૃહસંચાલન, પ્રજનન, બાળકોનું પાલનપોષણની જવાબદારી વિગેરે સામાન્ય પ્રણાલિકા રૂપ પ્રવૃત્તિઓ જોવામાં આવે છે. નેશનલ કમિટીના રિપોર્ટના અનુસાર આજે પણ મહિલાઓની મુખ્ય ભૂમિકા ગૃહકાર્ય સાથે જોડાયેલી છે. ઘરના વિવિધ કાર્યોની જવાબદારી પણ મહિલાઓ સહન કરતી હોય છે.

- **મહિલાઓનું કુટુંબમાં સ્થાન :**

વૈદિક યુગમાં મહિલાઓનો સામાજિક દરજ્જો પુરુષની સરખામણીમાં સમ્માનીય રહ્યો છે, પરંતુ અનવેદિક યુગમાં મહિલાઓનો દરજ્જો કુટુંબમાં પડતું જોવામાં આવી રહ્યું છે. આ વર્તમાન સમયમાં પુત્રનું મહત્ત્વ વધવા લાગ્યું છે અને પુત્ર તો પિતાના મૃત્યુ પછી મોક્ષ અપાવનાર ગણવામાં આવે છે. અંગ્રેજ રાજ્ય મહિલાઓનું ઉત્થાનનું યુગ માનવામાં આવે છે. આ સમય અંગ્રેજ હકુમત અને સામાજિક સુધારકો તથા પુનરુત્થાનવાદીઓએ મહિલાઓને થનારા અન્યાય અને શોષણ સામે જેહાદનો આરંભ કર્યો હતો. આ સમય અનેક કાયદાઓનો ગઠન થયા, મહિલા જાગૃતિ માટે પ્રયત્ન કરવા છતાં બાળલગ્ન, નિરક્ષરતા, કુટુંબમાં ગૌણ સ્થાન, કુટુંબમાં મર્યાદિત ભૂમિકા વગેરે કારણોથી મહિલાઓનું આત્મસન્માન અને પુરુષોના આધીન અર્થાત નીચલા સ્તરનું રહી ગયું હતું. સ્વતંત્રતા પછી આપણે ઇચ્છિત સામાજિક પરિવર્તન કરવા માટેના પ્રયત્નો કર્યા છે. રાજ્ય બંધારણ અને સામાજિક કાયદાઓથી મહિલા-પુરુષને સમાન હકો અપાવ્યા છે. તેથી ભારતમાં બધી જાતિ માટે કાનૂન સમાન છે, પરંતુ મહિલાઓની કૌટુંબિક ફાળાના પ્રતિ દૃષ્ટિકોણ આજે પણ યથાવત રહ્યો છે. મહિલાઓ કુટુંબમાં રહીને પુત્રી, પત્ની, માતા વિગેરેના રૂપમાં પોતાની ભૂમિકા ભજવી રહી છે, જેમાં મહિલાઓની અસંખ્ય કૌટુંબિક જવાબદારીઓનો સમાવેશ થાય છે. સામાજિકરણની તાલીમ દ્વારા નવી પેઢીઓને તૈયાર કરવા માટે મુખ્ય જવાબદારી મહિલાઓની રહે છે અને મહિલાઓનો વાસ્તવિક વ્યવસાય માતાના સ્વરૂપ હેય છે. આ આદર્શ પ્રવૃત્તિના આધારે માતાનું વ્યવસાય આદર્શ નાગરિકોને તાલીમ તથા શિક્ષા આપીને તેને તૈયાર કરવાનો છે. મહિલાઓની ભૂમિકામાં મહિલા

વ્યવસાય કરી રહી છે કે નથી કરી રહી છતાં પણ અનિવાર્ય સંજોગોમાં પોતાની કૌટુંબિક ભૂમિકા નિભાવવી પડે છે. આ પ્રમાણે ઘરના કામકાજોમાં જેમ કે- ખોરાક બનાવવો, કપડાં ધોવા, સ્વચ્છતા રાખવી વિગેરે કાર્યો કરવા માટે હોય છે. છતાં પણ કુટુંબમાં મહિલાઓનો દરજ્જો નીચો જોવા મળે છે.

- **મહિલા અને શિક્ષા :**

''એક માણસને ભણાવશો તો એક વ્યક્તિ શિક્ષિત થશે. એક મહિલા (સ્ત્રી)ને ભણાવશો તો પૂરો પરિવાર શિક્ષિત થશે''

*- ગાંધીજી*

મહિલાઓને નિરક્ષરતા, સ્કૂલ સુવિધાઓનો અભાવ, જમીનદારોના શોષણનો શિકાર થવું અને આવી જ અન્ય સામાજિક આર્થિક અક્ષમતાઓની કેટલીક જાણકારી મળી છે, જેમનો સામનો ગ્રામીણ મહિલાઓને કરવો પડતો હોય છે. ભારતમાં જે ગણી-ગાંઠી શિક્ષિત મહિલાઓ છે અત્યારે ભારતીય પરંપરામાં મહિલાઓને સન્માન મળ્યું છે અને લગભગ ભારત એક માત્ર એવો દેશ છે જ્યાં કરોડો લોકો અર્ધનારિશ્વરની પૂજા કરે છે અને જ્યાં મનુએ ઘોષણા કરી હતી કે જ્યાં નારીનું સન્માન થાય છે ત્યાં દેવતાઓ પ્રસન્ન રહે છે. આ સત્ય છે કે ભારતીય મહિલાઓ આજે પણ કુલ મળીને નિરક્ષર અને અશિક્ષિત છે તથા વાંછિત રૂપમાં પોતાનો અવાજ સંસદ અથવા વિધાનમંડળમાં ઉઠાવવામાં અસમર્થ છે.

- **મહિલા સશક્તિકરણ :**

મહિલાઓ અને પુરુષોનું કાર્યવિભાજન સાર્વત્રિક છે. આ કાર્યની સમાનતા સર્વસમા ઓગસ્ટ, 1947માં સ્વતંત્રતા પ્રાપ્તિ પશ્ચાત આ પરિવર્તન વધુ તીવ્રગતિ સાથે થયું છે. ભારતીય નારી પોતાના પરમ્પરાબદ્ધ સ્વાભાવિક વિશેષતાથી મુક્ત થવા લાગી છે. સ્વતંત્ર ભારતમાં મહિલાઓ આજે અધિકાધિક સંખ્યામાં વૈતનિક અને લાભપૂર્ણ વ્યવસાયો અને કામકાજના ધંધાઓમાં આવવા લાગી છે. આપણા દેશના સમાજમાં નિમ્નવર્ગની મહિલાઓ તો હંમેશા મજદૂરી કરતી આવી છે, પરંતુ ઉચ્ચ વર્ગની મહિલાઓ અધિકતર પોતાના ઘરો સુધી જ સીમિત રહી છે. સ્વતંત્ર ભારતમાં આજે મહિલાઓ ઘરની ચાર દીવાલોમાંથી નીકળીને અનેક પ્રકારના ધંધાઓમાં જઈ રહી છે, જે વ્યવસાય પુરુષોને વર્ચસ્વ હતું. આ એક અપૂર્વ ઘટના છે અને એક સ્વતંત્ર રાષ્ટ્રના રૂપમાં ભારતની વિશેષતા પણ છે.

આથી સ્પષ્ટ થાય છે કે સમાજનો આટલો વિકાસ હોવા છતાં આજે પણ મહિલા કાર્યોજનના ક્ષેત્રમાં પ્રગતિ સાધી શકી નથી. કેમ કે અત્યારે પણ ઉચ્ચ શિક્ષણ-પરિક્ષણ પ્રાપ્ય યુવતીઓની ત્રણ ચતુર્થાંશ સંખ્યા રોજગાર ક્ષેત્રમાં જોડાઈ શકતી નથી. વિશેષ રૂપથી તકૂનિકી વ્યાવસાયિક ક્ષેત્રો માટે કરવામાં આવેલ પ્રશિક્ષણનો લાભ રાષ્ટ્રને મળી શકતો નથી. કેમ કે તેમાં અમુક રૂઢિઓ બાધક બને છે. એક તરફ તો બેરોજગારી છે અને બીજી તરફ રોજગાર ક્ષેત્રોમાં યોગ્ય વ્યક્તિ નથી મળતાં. યુવતિઓ કે મહિલાઓ માટે આવા પ્રકારના તેમના પ્રશિક્ષણ સમાજના કાર્ય માટે કામ નથી આવતા.

ભારતમાં મહિલા સમાનતા કે મહિલા સશક્તિકરણ એ કોઈ નવો બહુ મહેનત લેવો પડે તેવો વિષય નથી, પરંતુ ગુલામીના લાંબા સમય દરમિયાન સામાજિક પરિસ્થિતિએ એવો વળાંક લીધો છે કે બહેનોએ પોતાનું સ્થાન પ્રાપ્ત કરવા પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા એક સંઘર્ષમય વાતાવરણનો સામનો કરવો પડે છે. આવા ચુનૌતી સમાન વાતાવરણમાંથી એક નારી પોતાની જાતને ગૌરવભેર પ્રસ્થાપિત કરે તો ત્યારે સમગ્ર નારી જાતિ ગર્વ અનુભવશે.

કહેવાય છે કે એક પુરુષ ભણે છે ત્યારે એ વ્યક્તિગત જ ભણે છે, પરંતુ એક બહેન કે મહિલા કોઈ જ્ઞાન કે શિક્ષા પ્રાપ્ત કરે છે, ત્યારે આખો પરિવાર જ્ઞાનમય બને છે. 'યત્ર નાર્યન્તુ પૂજ્યતે. રમન્તે તત્ર દેવતાઃ' એટલે કે જ્યાં જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં ત્યાં દેવતાનો વાસ હોય છે. આપણી સંસ્કૃતિમાં નારીને શક્તિનો સ્ત્રોત માનવામાં આવે છે. નારીશક્તિનાં તમામ સ્વરૂપોનો મહિમા આપણા શાસ્ત્રોમાં ગવાયો છે. આપણા રોજબરોજનાં વ્યવહારમાં નારીના પૂજનને આવરી લેવાયું છે.

## 3.6 મુસ્લિમ મહિલાઓ માટે સમાનતા :

મુસ્લિમ મહિલાઓ પોતે એક સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતાં હોવાની વાતને નકારે છે. તેઓ અન્ય સમુદાયની મહિલાઓ સાથે પોતાની તમામ વાતો વહેંચે છે, તેમના ધર્મે તેમને શ્રેષ્ઠતમ પ્રદાન કર્યું છે, પણ તેમના મુસ્લિમ સમાજે તેમને તેમનો ભાગ આપ્યો નથી. ચાલો આપણે સૂરત અલ અહઝાબમાંથી કુરાનની સૌથી વધારે ટાંકવામાં આવેલી પંક્તિઓનો ઉપયોગ કરીને ઈસ્લામમાં આપેલી લૈંગિકતાનો અભ્યાસ કરીએ :

(1) મુસ્લિમ પુરુષો અને મહિલાઓ માટે
(2) શ્રદ્ધા ધરાવતાં પુરુષો અને મહિલાઓ માટે
(3) આજ્ઞાંકિત પુરુષો અને મહિલાઓ માટે
(4) સાચા પુરુષો અને મહિલાઓ માટે
(5) ધૈર્યવાન પુરુષો અને મહિલાઓ માટે
(6) વિનમ્ર પુરુષો અને મહિલાઓ માટે
(7) સખાવતી પુરુષો અને મહિલાઓ માટે
(8) પવિત્ર પુરુષો અને મહિલાઓ માટે
(9) અલ્લાહના ઝિક્રમાં વધુ વ્યસ્ત રહેતાં પુરુષો અને મહિલાઓ માટે
(10) તેવાં લોકો જેમના માટે અલ્લાહ મહાન માફી અને કૃપા વરસાવે છે.

આ મુસ્લિમ મહિલાઓ માટેના વૈશ્વિક મનાઈ હુકમ છે જે તેમને સમુદાયમાં પુરુષોની બરાબર લાવી મુકે છે. અહીં પ્રશ્ન આ ઉદ્‌ભવે છે કે આખરે પયગંબર અને કુરાને મહિલાઓ માટે જે સમાનતા અને સન્માનના દરજ્જાની કલ્પના કરી હતી તે દરજ્જો ક્યાં છે ? સમગ્ર વિશ્વમાં શા માટે મુસ્લિમ મહિલાઓ આજે પણ તેમને તેમની ઓળખ આપવાનો ઈનકાર કરનારી દમનની સંસ્કૃતિને તોડવા માટે પ્રયાસરત છે ? તેઓને આજે પણ શા માટે ચિન્હિત કરાય છે, તેમનું દમન કરાય છે અને તેમના અધિકારોનો ભંગ કરાય છે ? એક નબળા સમુદાયની તાબા હેઠળની વ્યક્તિ તરીકે તેમના દરજ્જાને વ્યાપક પ્રમાણમાં જોવામાં આવે છે અને તેને લેબલ કરાય છે. ટૂંકમાં કહીએ તો મુસ્લિમ મહિલાઓ શા માટે આજે પણ વિકાસના પંથથી આટલે દૂર છે ?

ઈસ્લામનો જન્મ એક સંદર્ભમાં થયો હતો. તેનો આશય ઈસ્લામ પૂર્વના સમયના સમાજમાં પ્રવર્તમાન બદીઓનો ઉકેલ લાવવાનો હતો. જ્યાં મહિલાઓને પશુઓ કરતા પણ નિમ્ન સ્તરની ગણવામાં આવતી હતી. તે તબક્કે પયગંબરના શિક્ષણે સમાજમાં ક્રાંતિ આણી હતી. તેમણે મહિલાઓને નિરાશાના કૂવામાંથી બહાર કાઢી હતી, જેમને સમાજે તેમાં ડૂબાડી દીધી હતી અને સર્વપ્રથમ વાર તેમને અધિકારો આપ્યા હતા, તેમને અન્ય અધિકારોની સાથે જ સંપત્તિનો અધિકાર પણ આપ્યો હતો. આમ કુરાન આપણને મહિલા સશક્તિકરણનો રસ્તો દેખાડે છે. તેને રોડમેપ તરીકે માનીને અનુસરવાના સ્થાને મુસ્લિમોની પિતૃપ્રધાન માનસિકતાએ તેને ગંતવ્ય તરીકે માન્યું હતું. સ્થાપિત હિતોએ ઈજિતહાદ (ઈનોવેશન અને અર્થઘટન)ના દરવાજા બંધ કરી દીધાં હતાં. અમે મુસ્લિમો બદલાયાં નથી, આપણે પ્રગતિ કરી નથી. આપણે માત્ર થોડાક મોટા ડગ ભર્યા હતા અને તે ત્યારબાદ ત્યાં જ ઊભા થઈ ગયા હતા.

આપણે પયગંબરના હદિસ (કહેલા શબ્દો)ને વાંચવાનું બંધ કરી દીધું અને તેમની સુન્નાહ (પ્રવૃત્તિ)નું અનુસરણ બંધ કરી દીધું. તેમના સંદેશને સમજતા રોકાઈ ગયા હતા અને અર્થઘટન પર આધાર રાખવાનો પ્રારંભ કરી દીધો હતો અને સ્વસ્થ પ્રક્રિયાને અપનાવવાના સ્થાને આપણે અન્ય ધર્મો અને સંસ્કૃતિમાંથી માત્ર તેમના પિતૃપ્રધાન મૂલ્યો જ સ્વીકાર્યા હતા. ઉદાહરણ તરીકે, દહેજ આપણી પ્રથા બની ગયો છે, જેની સામે ઈસ્લામમાં સંપૂર્ણપણે પ્રતિબંધ છે અથવા જાતિની વાત કહીએ, ઈસ્લામમાં જાતિનો કોઈ સિદ્ધાંત જ નથી. ઈસ્લામ જાતિવાદને નકારે છે, તેમ છતાં NSSOનાં આંકડાઓ અનુસાર 2004-05માં 41% મુસ્લિમો પોતાને OBC વર્ગના ગણતા હતા. જાતિ પ્રથા જ્યારે મુસ્લિમ મૂલ્યોમાં સામેલ થઈ ગઈ ત્યારે તે મહિલાઓ વિરુદ્ધના કથિત 'સન્માનને બચાવવા માટેના ગુના' માટેનું બહાનું બની ગયું હતું. તેનું સૌથી અસરકારક ઉદાહરણ 1997નો મારો

સર્વપ્રથમ કેસ હતો જ્યારે હું રાષ્ટ્રીય મહિલા પંચની સભ્ય હતી. મેં ત્યારે હરિયાણાના મેવાત જિલ્લાના સુદકા ગામની 19 વર્ષીય મૈમૂનના ઓનર કિલિંગને રોકવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.

NCW (1997-2000)ના સભ્ય તરીકે મેં દેશભરમાં મુસ્લિમ મહિલાઓની સ્થિતિનો અભ્યાસ કરવાનો, તેમને સાંભળવાનો અને તેમના અવાજને દેશ સમક્ષ વાચા આપવાનો નિર્ણય કર્યો હતો. મુસ્લિમ મહિલાઓ વચ્ચે જાહેર સુનાવણી ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ અને ઉત્તર-પૂર્વમાં, અમદાવાદ, ઈન્દોર, જબલપુર, મુંબઈ, કોલ્હાપુર, હૈદરાબાદ, બેંગલુરુ, ચેન્નાઈ, કાલિકટ, થિરુવનંતપુરમ, કલકત્તા અને તેઝપુરમાં આયોજિત કરવામાં આવી હતી. દરેક સુનાવણીમાં સેંકડો મહિલાઓ પોતાની કથની જણાવવા માટે આગળ આવી હતી. દરેક સ્થાને, સૌથી મોટો મુદ્દો ગરીબી હતો. જે બાદ મુસ્લિમ પર્સનલ લોનો ગાળીયો હતો. એકે બાદ એક કહાનીમાં બહુવિવાહ, ત્રણ તલાક અને મેહર અથવા નિભાવ ખર્ચ આપ્યા વિના પત્નીને છોડી દેવાના કેસો સામે આવ્યા હતા. ઝરદોસી કામદારો, બીડી વણનારા, ઘરેલુ કામદારો, કૃષિ શ્રમિક, તમામે પોતાના ગેરફાયદાની ગાથા વર્ણવી હતી. આ કવાયત મહત્ત્વપૂર્ણ અહેવાલ વોઈસ ઓફ ધ વોઈસલેસ સ્ટેટસ ઓફ મુસ્લિમ વિમેન ઈન ઈન્ડિયા, 2000 તરફ દોરી ગઈ હતી, જેણે આ તમામ બાબતોને પોતાની અંદર સામેલ કરીને રેખાંકિત કરી હતી.

તેની ભલામણોને સરકાર, ધાર્મિક સંગઠનો અને સભ્ય સમાજને નીતિ ઘડવા માટે સુપરત કરવામાં આવી હતી. અભ્યાસે ખૂબ જ સાવધતાપૂર્વક ધાર્મિક નેતાઓના અભિપ્રાયોને ધ્યાનમાં લીધા હતા, કારણ કે આ વાત સ્પષ્ટ છે કે તેઓ સમુદાયમાં અને મહિલાઓ વચ્ચે વ્યાપક અને ઊંડી પહોંચ ધરાવે છે. તે સમયે ઈસ્લામિક વિચારધારાનો અભ્યાસ કરાવતી મોખરાની ધાર્મિક સંસ્થા અને દેશભરના ધર્મગુરુઓના પ્રભાવશાળી સંગઠન મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડની અધ્યક્ષતા નામાંકિત વિદ્યાન અને ધર્મગુરુ મૌલાના અલી મીયાં કરી રહ્યાં હતાં. જેઓ ઈસ્લામમાં જાતિય સમાનતા અને પુરુષોના વર્ચસ્વને વધારવા અને મહિલાઓના દમન માટે મુસ્લિમ પર્સનલ લોના કરવામાં આવતા ઉપયોગ અને ઈસ્લામના દૂરુપયોગ મુદ્દે ચર્ચા કરવા માટે તૈયાર રહેતા હતા. AIMPLB એ મહિલા સભ્યોને પણ સામેલ કરવાનો પ્રારંભ કર્યો હતો. જોકે તેમની સંખ્યા ખૂબ થોડી હતી. AIMPLBના તેમના પછીના પ્રમુખ મૌલાના મુજાહિદુલ ઈસ્લામ કાસમી હતાં. જેમણે પણ પોતાના પુરોગામીની આ મવાળવાદી પરંપરાને જાળવી રાખી હતી.

આ કાર્યને આગળ વધારવાની અને અમારી ભલામણોની અસરકારકતા ચકાસવાની જરૂરિયાત હતી. વર્ષ 2001માં મેં ડૉ. સુધરા મેંહદી સાથે મળીને મુસ્લિમ વુમેન ફોરમની સ્થાપના કરી હતી. તેમના સંસ્થાપક પ્રમુખ બેગમ સઈદા ખુર્શિદા હતાં. જેઓ પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડૉ. ઝાકિર હુસૈનના પુત્રી હતા. પછી ફરીવાર દેશભરમાં અન્ય શ્રેણીબદ્ધ બેઠકો અને સુનાવણીઓનો પ્રારંભ થયો હતો જે પૈકીની કેટલીક બેઠકો અને સુનાવણીઓ તો પહેલાં યોજાઈ હતી તે શહેરોમાં જ ફરી કરાઈ હતી. જેના આધારે એક અન્ય મહત્ત્વકાંક્ષી રિપોર્ટ તૈયાર થયો હતો, જેનું શીર્ષક હતું, માય વોઈસ શેલ બી હર્ડ. આ રિપોર્ટના તારણોમાં જોવા મળ્યું હતું કે મુસ્લિમ મહિલાઓની સ્થિતિમાં કોઈ સુધારો અથવા પ્રગતિ થઈ નથી. આ દેખીતી વાત છે કે NCWના હસ્તક્ષેપથી પણ મુસ્લિમ મહિલાઓની સ્થિતિમાં કોઈ સુધારો થયો ન હતો. કદાચ પરિણામ જોવા માટે તે સમય વધારે પડતો વહેલો હતો. તે 2003ની વાત છે.

માય વોઈસ વિલ બી હિયર્ડ રિપોર્ટના પ્રકાશનના એક વર્ષ બાદ નવી સરકારે ન્યાયમૂર્તિ રાજિન્દર સાચરના વડપણ હેઠળ મુસ્લિમ સમુદાયની SRC (સામાજિક, આર્થિક અને સામુદાયિક) દરજ્જાના અભ્યાસ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી હતી, તેનો રિપોર્ટ 2007માં સરકારને સોંપવામાં આવ્યો હતો. તેના તારણોમાં જોવા મળ્યું હતું કે મુસ્લિમ સમુદાયની સ્થિતિ ખૂબ જ દારૂણ છે અને તે સ્વતંત્રતા પ્રાપ્તિના 67 વર્ષ બાદ પણ પરંપરાગત રીતે પછાત એવા દલિત અને આદિવાસી સમુદાયથી ઘણા સંદર્ભમાં પાછળ છે. વર્ષ 2001ની વસ્તી ગણતરીમાંથી લેવાયેલા ડેટાને તુલનાત્મક અભ્યાસ બાદ રજૂ કરાયો હતો, જેણે પણ મુદ્દાને સાબિત કર્યો હતો.

વર્ષ 2000થી, મુસ્લિમ મહિલા સંગઠનોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે, જેઓ

જાહેરમાં ઈસ્લામ અને કુરાનનો હવાલો આપીને મુસ્લિમ પર્સનલ લો (MPL) માં સુધારો કરવાનું, તેમની જાતિય સમાનતાની માગોને પૂરી કરવાની માગ કરી રહ્યાં છે. આ મહિલાઓ અને તેમની ગતિવિધિઓને સમગ્ર ઈસ્લામિક જગતમાં જોવા મળી રહેલાં પ્રવાહના અનુસરણ તરીકે જોવામાં આવી રહ્યો છે. જ્યાં નવી પેઢીની મુસ્લિમ મહિલા વિદ્વાનો ગંભીરતાપૂર્વક અને મહત્ત્વપૂર્ણ રીતે કુરાનનો અભ્યાસ મહિલાઓના સંદર્ભમાં કરી રહી છે.

મુસ્લિમ વિમેન્સ ફોરમની સ્થાપના બાદ અન્ય સિવિલ સોસાયટી ફોર્મેશન્સની રચના કરાઈ હતી જેણે મુસ્લિમ મહિલાઓના વિભિન્ન મુદ્દાઓ ઉઠાવ્યાં હતાં. ભારતીય મુસ્લિમ મહિલા આંદોલનની સ્થાપના 2006માં કરવામાં આવી હતી તે મહત્ત્વપૂર્ણ એડવોકેસી ગ્રુપ તરીકે કામ કરે છે. ઓલ ઇન્ડિયા મુસ્લિમ વુમેન પર્સનલ લો બોર્ડે મુસ્લિમ પર્સનલ લોના દાયરામાં રહીને મહિલાઓના મુદ્દા ઉઠાવવાનું શરૂ કર્યું હતું. અન્ય મહત્ત્વપૂર્ણ પ્રવાહ જેને તે સમયે શક્તિ મળી હતી તે મુસ્લિમ મહિલાઓની તરફેણમાં આવેલા કોર્ટના ચુકાદા હતા. 2009માં ગ્વાલિયરના શબાના બાનો અને ઈમરાન ખાનના કેસમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ 125 હેઠળ મહિલાઓ જ્યાં સુધી ફરીવાર લગ્ન ન કરી લે ત્યાં સુધી મુદ્દત બાદ ભરણ-પોષણ મેળવવા માટેની હકદાર છે. આ એક ફાયદાકારક ચુકાદો હોવાને કારણે તેને મુસ્લિમ મહિલાઓને લાભ થવો જોઈતો હતો.

પણ ખરેખર સમાચારોમાં જાતિય ભેદભાવ દર્શાવતા મથાળા ચમક્યા હતા. જેમકે ગુડિયા અને ઈમરાન્સ વિશેના સમાચારો, મુસ્લિમ મહિલાઓ જેઓને તેમના પોતાના પર્સનલ લૉને કારણે ભોગ બનાવાય છે. આવી ખબરો જોવા મળી હતી. પણ ઘણી અન્ય હકારાત્મક ખબરો મુસ્લિમ ગામો અને શહેરી વિસ્તારોમાં મુસ્લિમ વસાહતોમાં ધરબાયેલી પડી છે. સારી બાબતો સાથે હંમેશા જ નરસી બાબતો હોય જ છે, પણ મીડિયાને મુસ્લિમ મહિલાઓના સનસનાટીપૂર્ણ એક્સપોઝરમાં જ રસ હોય છે, ખાસ કરીને જો તે શરીયા સામે તહોમત લગાવતું હોય તો, આ વલણે 12 ઓગસ્ટ, 2008ના રોજ મેં જ્યારે પહેલીવાર લગ્ન કરાવ્યા ત્યારે લોકોને તેમાં ખૂબ રસ જાગ્યો હતો. હું સંભવતઃ પહેલી મુસ્લિમ મહિલા હતી જેમણે નિકાહ પઢાવ્યા હતા. મને નથી લાગતું કે મેં કોઈ વિશ્વવિક્રમ કર્યો હોય.

જોકે કેટલાંક વર્ગોએ દાવો જરૂર કર્યો હતો કે વિશ્વસ્તરે આમ પહેલીવાર બન્યું છે. મેં નૈશ હસન અને ઈમરાન અલીના લખનઉ ખાતે નિકાહ પઢાવ્યા હતાં. એક મહિલા કાઝી અને મહિલાઓ એક મહત્ત્વપૂર્ણ પળના સાક્ષી બન્યાં હતાં અને તે બીના બ્રેકિંગ ન્યૂઝ બની હતી, પણ જે બાબતને ક્યારેય દર્શાવાઈ નહોતી તે આ કે ઈસ્લામ એકમાત્ર એવો ધર્મ છે જેમાં મહિલાઓ નિકાહ પઢાવે તે સામે કોઈ મનાઈ નથી. મુસ્લિમ સમુદાયમાં કોઈ મહિલા કાઝી નહીં હોવાની હકીકત એ વિશુદ્ધ રીતે ચાલતી આવતી પ્રથાને કારણે હતું. એક અન્ય હકીકત આ હતી કે લખનઉ ખાતે થયેલી આ ક્રાંતિકારી ઘટના સામે કોઈ ટીકાત્મક ફતવો પ્રસિદ્ધ થયો નહોતો એ મીડિયાએ તેની જવલ્લે જ કોઈ નોંધ લીધી હતી.

ભારતમાં મુસ્લિમ મહિલાઓના કાનૂની દરજ્જામાં સુધારા માટે મુસ્લિમ મહિલા કાર્યકર્તાઓની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. સ્પષ્ટ રીતે, ઇસ્લામિક કાયદાઓની તેવી જોગવાઈઓ છે મહિલાઓને બંધનમુક્ત કરાવવા માટે કરાઈ હતી અને આજે જેની ધરાર અવગણના કરવામાં આવી રહી છે, તે જોગવાઈના અમલીકરણમાં ધાર્મિક સત્તાધીશોની સતત નિષ્ફળતાને સુધારવા માટે નક્કર પગલાં ભરવાની જરૂર છે. ત્રણ તલાક મુદ્દે સુપ્રિમ કોર્ટ દ્વારા અપાયેલો અદ્વિતીય ચૂકાદો કુરાનમાં મહિલાઓને અપાયેલાં અધિકારો તેમને પરત આપવાનો પ્રયાસ છે.

ન્યાયમૂર્તિ જસ્ટિસ કુરિયન જોસેફે પોતાના સાથી ન્યાયમૂર્તિઓ જસ્ટિસ આરએફ નરમન અને ન્યાયમૂર્તિ ઉદય ઉમેશ લલિત, જેમણે ત્રણ તલાક સામે પ્રતિબંધનો વિરોધ કરતા લઘુમતિ ચુકાદાના વિરોધાભાસને પકડ્યો હતો, તેમણે કહ્યું હતું કે, મુસ્લિમ પર્સનલ લૉ (શરિયા) એપ્લીકેશન કાયદો, 1937 અમલમાં મૂકાયા બાદ, કુરાનના સિદ્ધાંતો વિરુદ્ધની કોઈ પ્રથાને મંજૂરી ના આપી શકાય, તેથી, આવી ત્રણ તલાક જેવી પ્રથાને કોઈપણ રીતે બંધારણીય સંરક્ષણ ના મળી શકે અને તેથી હું વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિના ત્રણ તલાકને બંધારણીય દરજ્જો આપવાના મત સાથે અસહમત છું.

સમાન નાગરિક ધારા (UCC)નો પ્રશ્ન છેલ્લા 70 વર્ષથી જનતા વચ્ચે ચર્ચામાં છે. મુસ્લિમ સમુદાય વચ્ચે આ ધારણા છે કે નજીકના ભવિષ્યમાં જ UCC અથવા મુસ્લિમ પર્સનલ લો (MPL)ની અંદર હોય તેવા નવા કાયદાની રચના કરવામાં આવશે. MLP બોર્ડે ત્રણ તલાકને રદ કરવા મુદ્દે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટમાં આપેલી દલીલમાં આ ભય હતો કે તેનાથી UCCનો માર્ગ મોકળો બનશે.

સુપ્રીમ કોર્ટે UCC મુદ્દાની ત્રણ તલાકના કેસ સાથે સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો અને કહ્યું હતું કે આ બંને કેસ અલગ અલગ છે. આ મુદ્દો હવે રાજ્યસભામાં છે, જ્યાં વિપક્ષોએ આ ગંભીર સંવેદનશીલ મુદ્દા પર વધારે ચર્ચાની માગણી કરી છે.

આ અંગે સૌથી નવીનતમ ઘટનાક્રમ લૉ કમિશનનો રિપોર્ટ છે, જેને પંચ દ્વારા પોતાના કાર્યકાળની પૂર્ણાહુતિની પૂર્વસંધ્યાએ સુપરત કરવામાં આવ્યો છે.

બહુપત્નીત્વ, નિકાહ, હલાલા, વ્યભિચાર સંબંધિત કાયદાઓ સુપ્રીમ કોર્ટમાં હોવાને કારણે, લૉ કમિશનને સુધારાઓ અંગે ચર્ચા કરી હતી પણ તેણે પોતાની કોઈ ભલામણો કરી નથી. તેણે કહ્યું હતું કે, ઇસ્લામમાં બહુપત્નીત્વને મંજૂરી છે, પણ ભારતીય મુસ્લિમોમાં તે જવલ્લે જ જોવા મળે છે, બીજી બાજુ અન્ય ધર્મના લોકો જેઓ બીજા લગ્ન કરવા માટે મુસ્લિમ ધર્મનો અંગીકાર કરે છે, તેઓમાં આનો દૂરુપયોગ જોવા મળે છે. પંચે સૂચવ્યું હતું કે આદર્શ નિકાહનામાએ સ્પષ્ટ કરવું જોઈએ કે બહુપત્નીત્વ એક ફોજદારી ગુનો છે, એક એવી સ્થિતિ જે નૈતિકતા આધારિત નથી પણ આ હકીકતને આધારિત છે કે તેનો ઉપયોગ પુરુષના વિશેષાધિકાર તરીકે કરવામાં આવે છે.

તેણે UCC મુદ્દે એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરતા કહ્યું હતું કે હાલ તે કાયદો ઘડવાનો સમય આવ્યો નથી, તેનું વલણ 'સમુદાયો વચ્ચે અને મહિલાઓ અને પુરુષો વચ્ચે સમાનતા આણવાનું છે.' (UCC) કમિશને આ વાત પર ભાર આપ્યો હતો કે ભારતીય સંસ્કૃતિની વૈવિધ્યતાની ઉજવણીથી કોઈ ચોક્કસ જૂથ વંચિત ન રહેવું જોઈએ અને મહિલાઓને તેમના સમાનતાના અધિકાર સાથે કોઈપણ પ્રકારના સમાધાન કર્યા વિના તેમની આસ્થાની સ્વતંત્રતાનો અધિકાર અપાવો જ જોઈએ. કારણ કે મહિલાઓને એક અથવા બીજામાંથી પસંદગી કરવાની તક અપાવી જોઈએ.

લૉ કમિશને સાથે જ મુસ્લિમ વારસા અને ઉત્તરાધિકાર સંહિતાની પણ ભલામણ કરી હતી જે સુન્ની અને શિયા બંને સમુદાયોને લાગુ પડે છે, જેથી કરીને વારસો અને ઉત્તરાધિકાર મૃતકની નજીક રહેલા લોકો પર આધારિત રહે નહીં કે પુરુષ વારસ પર.

કચડાયેલી મુસ્લિમ મહિલાઓની પરંપરાગત છબીને તોડનારી વીસમી સદીની મુસ્લિમ મહિલાઓના પ્રયાસોને દર્શાવવા માટે મુસ્લિમ વુમેન ફોરમે તાજેતરમાં એક પ્રદર્શન અને પરિસંવાદનું આયોજન કર્યું હતું. જેનું શીર્ષક હતું, – પાથ બ્રેકર્સ : ધ ટ્વેન્ટીથ સેન્ચુરી મુસ્લિમ વુમેન ઓફ ઈન્ડિયા. આ મહિલાઓ મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ અને મૌલાના આઝાદ જેવાં કદાવર નેતાઓ સાથે રાષ્ટ્ર નિર્માતા બની છે.

તેઓ બંધારણીય ધારાસભાની સભ્ય અને પહેલી ત્રણ ચૂંટણીઓમાં સાંસદ અને ધારાસભ્ય તરીકે પણ ચૂંટાયા હતા. શરીફા હામિદ અલી, જેઓનો જન્મ સૂરતમાં થયો હતો, તેઓ બંધારણીય ધારાસભામાં બેઠા હતા અને તેમણે મહિલાઓની સ્થિતિ અંગે સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. અને તેમણે જ આદર્શ નિકાહનામું તૈયાર કર્યું હતું. મોફિદા એહમદ આસામના જોરહાટના ધારાસભ્ય હતા. અઝીઝ ઈમાન, અનિસ કિડવાઈ અને કુદસિયા એઝાઝ રસૂલ સાંસદ હતાં. કુદસિયા ઝૈદીને સ્વતંત્ર ભારતનું પહેલું થિયેટર શરૂ કર્યું તું. સરૈયા તૈયબજીએ ભારતીય રાષ્ટ્રધ્વજની ડિઝાઈન તૈયાર કરી હતી. તેમાં ભાગ લેનારા કેટલાંક લોકો પોતાના સમયના લેખકો, કવિ અને ઈતિહાસકાર હતા. તેમની સિદ્ધિઓની યાદી લાંબી છે.

ઈસ્માલ અંગે વર્તમાન હોબાળો કે તે મહિલા વિરોધી અને પિતૃપ્રધાન ધર્મ છે તે, હોબાલાને આ પથપ્રદર્શકો, તેમના મિત્રો અને મુસ્લિમ મહિલાઓના જૂથોએ, ઈસ્લામમાં મહિલાઓ માટે વાસ્તવિકતા અને તેમના સદ્અર્થ દર્શાવીને હોબાળા અને ખોટી ધારણા નકારી કાઢી છે.

**વસીમ બરેલવીના શબ્દોમાં કહીએ તો :**

''જહાં જલેગા વહીં રોશની લુટાયેગા કિસી ચિરાગ કા અપના મકાન નહીં હોતા.''

અર્થાત્

જયાં પણ તે હશે ત્યાં પ્રકાશ ફેલાવશે દીપકને પોતાનું ઘર નથી હોતું.

**તૈયબા ખેદિવ જંગ (1873-1921)**

તેમનો જન્મ હૈદરાબાદમાં થયો હતો, તેઓએ 1984માં મદ્રાસ યુનિવર્સિટીમાંથી બી.એ.ની ડિગ્રી મેળવી હતી અને ભારતના પહેલા મુસ્લિમ મહિલા બન્યા હતા જેઓ પાસે યુનિવર્સિટીની ડિગ્રી હોય, તેમણે ભારતીય લોકકથાઓના સંગ્રને લંડનથી પ્રકાશિત થતાં ઈન્ડિયન મેગેઝિનમાં પ્રકાશિત કરાવ્યો હતો. તે વીસમી સદીના ઊર્દૂ સાહિત્યમાં સૌથી પ્રશંસાત્મક કૃતિઓ પૈકી એક હતી, તેમણે બ્રહ્મસમાજની વાર્ષિક મહિલા બેઠકની અધ્યક્ષતા કરી હતી.

**શરીફા હામિદ અલી (1883-1971)**

બેગમ શરીફા હામિદ અલીનો જન્મ ગુજરાતના તેવા પરિવારમાં થયો હતો, જે પોતાના પ્રગતિશીલ અને રાષ્ટ્રવાદી વિચારો માટે જાણીતાં હતાં. 1907માં, તેઓ સ્વદેશી આંદોલન પ્રત્યે આકર્ષાયા હતાં અને તેમણે ચળવળ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. અને તેમણે હરિજનોના ન્યાય માટે કાર્ય કર્યુ હતું. તેમણે મુસ્લિમ મહિલાઓ માટે કાનૂની સુધારાનો પ્રચાર કર્યો હતો,જેમાં લગ્નની વય મર્યાદા વધારવી અને આદર્શ નિકાહનામાનો મુસદ્દો તૈયાર કરવો, સામેલ હતો.

## 3.7 દેશની સુપ્રસિધ્ધ મહિલાઓ :

દેશનાં વિકાસમાં મહિલાઓનો ફાળો સારા એવા પ્રમાણમાં જોવા મળે છે. અલગ-અલગ ક્ષેત્રમાં મહિલાઓએ પોતાના કારકિર્દી બનાવેલી છે અને વિકાસમાં ફાળો છે. તેવી દેશની સુપ્રસિદ્ધ મહિલાઓના જાણકારી નીચે મુજબ છે.

**(1) ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ :**

રાણી લક્ષ્મીબાઈ હિંમત, બહાદૂરી અને બ્રિટીશ હકુમત સામેની ઐતિહાસિક લડત આ દેશના ઘણાં લોકગીતમાં દેખાઈ આવે છે. આ દેશે કદી ન જોયેલ હોય તેવી તેણી અમર સૈનિક હતી. નાનપણથી જ તે ઘોડેસવારી અને તલવારબાજી શીખી હતી. તેમના પતિ રાજાગંગાધર રાવ અને એકના એક પુત્રના 1853માં થયેલ અવસાન પછી તેમણે એક પુત્ર દત્તક તરીકે લીધો અને તેને રાજગીદીએ બેસાડ્યો. તે વખતના બ્રિટીશ ગવર્નર જનરલ ડેલહાઈસીએ તેના દતક પુત્રને રાજગાદીના વારસ તરીકે માન્ય ન રાખ્યો અને ઝાંસીના રાજ્યને બ્રિટીશ રાજમાં ભેળવી દેવાનો હુકમ કર્યો. રાણી લક્ષ્મીબાઈએ આ હુકમનો વિરોધ કર્યો અને બ્રિટીશ સામ્રાજ્ય સાથે લડાઈ કરી બ્રિટિશરો સામે હિંમતથી સામી છાતીએ લડી. કમનસીબે તે આ લડાઈમાં સખત રીતે ઘાયલ થઈ અને 18-06-1858નાં દિવસે પોતાના છેલ્લા શ્વાસ લીધાં.

**(2) ચંદા કોચર :**

ચંદા કોચરનો જન્મ 17 નવેમ્બર 1961માં રોજ જોધપુર રાજસ્થાનમાં થયો હતો. તેઓ દેશની સૌથી મોટી પ્રાઈવેટ બેન્ક આઈ.સી.આઈ.સી.આઈ. (ICICI) મુખ્ય કાર્યકારી ઓફિસ અને પ્રબંધક નિર્દેશક (MD) છે. ICICI દેશની ચોથા નંબરની મોટી બેન્ક છે. ચંદા કોચર જમનાલાલ બજાજ કૉલેજમાંથી મેનેજમેન્ટ ગ્રેજ્યુએટ છે. બેન્કિંગ સર્વિસમાં સર્વોચ્ચ પ્રદાન બદલ ભારત સરકાર દ્વારા 2010માં પદ્મ વિભૂષણ એવોર્ડ આપવામાં આવ્યો છે. 9 નવેમ્બર 2011ના રોજ પ્રસિધ્ધ થયેલ ફોર્ચ્યુન વેપારી મહિલાની યાદીમાં ચંદા-કોચર ભારતના સૌથી શક્તિશાળા મહિલા તરીકે જાહેર થયાં.

**(3) કેપ્ટન લક્ષ્મી સહેગલ :**

લક્ષ્મી સહેગલ ભારતના સ્વાતંત્ર્ય સેનાની છે. આઝાદ હિન્દ ફોજના અધિકારી આઝાદ હિન્દ સરકારમાં મહિલા બાબતના મંત્રી હતા. વ્યવસાયે ડૉકટર અને આઝાદ હિન્દ ફોજના રાની લક્ષ્મી રેજમેન્ટના કમાન્ડર હતાં. 1943માં આઝાદ હિન્દ સરકારમાં કેબિનેટ પ્રથમ મહિલા સદસ્ય બન્યા. ભારત સરકાર દ્વારા તેમણે 1998માં પદ્મ વિભૂષણ એવોર્ડ આપવામાં આવ્યો તો.

**(4) કમલા બેનીવાલ :**

કમલા બેનિવાલ ગુજરાતનાં રાજ્યપાલ છે. તે પહેલા તેઓ ત્રિપુરાના ગર્વનર હતા. 83 વર્ષિય કમલા બેનિવાલ ઉત્તર-પૂર્વ રાજ્યનાં પ્રથમ મહિલા રાજ્યપાલ હતા. તેઓ રાજસ્થાનમાં કોગ્રેસ સરકારના મહત્ત્વના હોદ્દા પર કાર્યભાર સંભાળ્યો. તેઓ અશોક ગેહલોતના સરકારમાં

નાણામંત્રી રહી ચૂકેલ છે. તાજેતરમાં તેના દ્વારા ગુજરાતમાં લોકાયુક્ત આર.એ. મહેતાની નિમણૂંક કરી હતી. આ નિમણૂંકને ગુજરાત સરકારે ગેર બંધારણીય બનાવીને સખત વિરોધ કર્યો હતો.

**(5) બેચેન્કી પાલ :**

બેચેન્કી પાલ માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ ભારતીય પર્વતારોહી છે. તેણે એ ગંગોત્રી અને રૂદુગારીયા શિખરો પણ સર કર્યા છે. તેઓ મહિલા માટે પર્વતારોહણ પ્રશિક્ષણ સંસ્થા ચલાવે છે.

**(6) લજ્જા ગૌસ્વામી :**

લજ્જા ગૌસ્વામી ભારતીય શૂટર છે. તેણી 2010ની કોમનવેલ્થ ગેમમાં કાંસ્ય પદક જીત્યું હતું. તેઓ ગુજરાતના સાણંદ જિલ્લા સાથે સંબંધ ધરાવે છે. તેઓ NCC કેડેટ છે. તેઓને રક્ષામંત્રી મેડલ મળેલ છે.

**(7) પ્રતિભા પાટિલ :**

પ્રતિભા દેવિસિંહ પાટિલનો જન્મ 19 ડિસેમ્બર 1934ના રોજ જલગાંવ મહારાષ્ટ્રમાં થયો હતો. તેઓ ભારતનાં હાલના રાષ્ટ્રપતિ છે. તેઓ આ પદ મેળવનાર 12માં વ્યક્તિ અને પ્રથમ મહિલા છે. તેઓ વ્યવસાયે વકીલ છે. તેઓ 2004માં 10મી લોકસભામાં પોતાની અવધિ પૂર્ણ કર્યા બાદ પ્રતિભા પાટિલની રાજકીય નિષ્ક્રિયતા બાદ તેઓને રાજસ્થાનના પ્રથમ મહિલા ગવર્નર બનવાનું નિમંત્રણ મળ્યું. પ્રતિભા પાટિલ ભારત દ્વારા થયેલાં સુદર્શન શક્તિ નામના યુદ્ધાભ્યાસમાં મુખ્ય યુધ્ધક ટેન્ક ટી-90 પર સવારી કરનાર પહેલા મહિલા રાષ્ટ્ર પ્રમુખ બન્યાં. 19 જુલાઈ 2007નાં રોજ યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં નજીકના પ્રતિસ્પર્ધી ભૈરવસિંઘ શેખાવતને હરાવીને જીતી ગયાં.

**(8) વસુંધરારાજે સિંધિયા :**

વસુંધરારાજેનો જન્મ 8 માર્ચ 1953માં મુંબઈમાં થયો હતો. તેઓ અર્થશાસ્ત્ર અને રાજનીતિશાસ્ત્રમાં મુંબઈની સોફિયા કૉલેજમાંથી સ્નાતક છે. વસુંધરારાજે સિંધિયા રાજસ્થાનની પ્રથમ મહિલા મુખ્યમંત્રી હતાં. તેઓને રાજનીતિ વિરાસતમાં મળેલી છે. તેઓ મરાઠાના સિંધિયા રોયલ ફેમિલી વિજયરાજે સિંધિયાની પુત્રી છે. ઈ.સ. 2007માં (United Nation organization) દ્વારા મહિલાઓને સ્વસશક્તિકરણ અને સ્વરોજગારના કાર્ય માટે ''વુમન ટુ ગેધ'' એવોર્ડ મળેલ છે.

**(9) અમૃતા શેરગિલ :**

તેઓનો જન્મ બુડાપેસ્ટ, હંગેરી ખાતે થયો હતો. તેઓ દેશનાં જાણીતા સુપ્રસિધ્ધ ચિત્રકારો પૈકીના એક હતા. તેઓનો ભારતના નવ સર્વશ્રેષ્ઠ કલાકારોની યાદીમાં પણ સમાવેશ થયો હતો. જ્યારે તેઓએ ત્રણ છોકરીઓ, પહાડી મહિલાઓ અને હંગેરીની બજાર જેવી પ્રસિદ્ધ કલાકૃતિઓ આપેલી છે.

**(10) ઉમા ભારતી :**

ઉમા ભારતીનો જન્મ 3 મે 1959માં ત્રિકમગઢ મધ્યપ્રદેશમાં થયો હતો. તેઓ રાજકીય નેતા અને સામાજિક કાર્યકર્તા છે. ભારતીય જનતા પાર્ટી સાથે સંબંધ ધરાવે છે. તેઓ 2003થી 22 ઑગસ્ટ 2004 સુધી મધ્યપ્રદેશના મુખ્યમંત્રી રહી ચુકેલ છે. તેઓએ નવેમ્બર 2011માં આવેલ 51 ટકા મલ્ટી એફ.ડી.આઈ. રીટેલનો સખ્ત વિરોધ કર્યો હતો. ઉમા ભારતીએ અયોધ્યામાં રામ જન્મભૂમિ વિવાદમાં ખુબ અગત્યનો ભાગ ભજવ્યો હતો. અને સુત્ર આપ્યુ ંહતું કે ''રામ હમ આયેંગે, મંદિર હમ બનાયેંગે'' તેઓ પ્રથમ લોકસભા ચૂંટણી 1984માં લડ્યા હતા તેમાં તેમની હાર થી હતી. ત્યારબાદ તેઓ ખુજરોહ સીટ પરથી ચુંટાયા હતા.

**(11) રાજામાતા મીનળદેવી :**

મીનળદેવી સોલંકી વંશના રાજા સિધ્ધરાજ જયસિંહના માતા હતાં અને તેઓએ ગુજરાત વિરમગામમાં મુનસર તળાવ અને ધોળકામાં મલાવ તળાવ બંધાવ્યું હતું.

**(12) સુષ્મા સ્વરાજ :**

સુષ્મા સ્વરાજનો જન્મ 14 ફેબ્રુઆરી 1952માં પાલવાલ હરિયાણામાં થયો હતો. તેઓ વ્યવસાયે વકીલ છે. તેઓ ભારતીય જનતા પાર્ટીના 15મી લોકસભામાં વિપક્ષનાં નેતા છે. તેઓ

કેન્દ્રિય મંત્રીમંડળ તેમજ દિલ્હીનાં મુખ્યમંત્રી રહી ચુકેલ છે. સુષ્મા સ્વરાજ ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા બનનાર પ્રથમ મહિલા તેમજ ભાજપની સરકારના કેબિનેટ મંત્રી બનનાર પ્રથમ મહિલા છે. સુષ્મા સ્વરાજ દિલ્હીનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી છે. તેમજ સર્વશ્રેષ્ઠ સાંસદનો પુરસ્કાર મેળવનાર પ્રથમ મહિલા છે. તેઓ દિલ્હીના મુખ્યમંત્રી 13 ઓકટોબર 1998 થી 3 ડિસેમ્બર 1998 સુધી રહ્યાં હતાં. તો અટલ બિહારી વાજપેયી સરકારમાં માહિતી અને પ્રસારણ મંત્રી રહી ચુકેલ છે.

**(13) બરખા દત્ત :**

ભારતના ટોચની મહિલા પત્રકારો પૈકીના એક એવી બરખા દત્તાનો જન્મ 18 ડિસેમ્બર 1971નાં રોજ થયો હતો. તેઓ 1999નાં કારગિલ યુદ્ધના કવરેજ દરમિયાન રાતોરાત ચર્ચામાં આવી ગયા હતાં. NDTV પર ટૉક-શોનું સંચાલન કરી નામના મેળવી હતી.હાલમાં સ્ટારન્યૂઝ પર ન્યુઝ બુલેટિન વાંચે ચે.

**(14) રાણી પદ્મિની :**

રાણી પદ્મિની ચિત્રોડની રાણી હતી. તેઓ ચિત્તોડનાં રાજા રતનસિંહ સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતાં. રાણી પદ્મનીનાં સાહસ અને બલિદાનની ગૌરવગાથા ઈતિહાસમાં અમર છે. જેમની કથા કવિ મલિક મુહમ્મદ જાયસી દ્વારા અવધ ભાષામાં પદ્માથત ગ્રંથના રૂપે લખેલી છે. દિલ્હીનાં સુલતાન અલાઉદ્દીન ખીલજીની ખરાબ નજબ રાણી પદ્મિની પર હતી, જેથી તેઓને મેળવવા અલાઉદ્દીન ખીલજીએ ચિત્તોડ પર આક્રમણ કર્યુ અને હાર થતાં રાણી પદ્મિનીએ આગમાં કૂદી પોતાના પ્રાણોની આહુતિ આપી હતી.

**(15) અરૂંધતી રૉય :**

બ્રિટનના સાહિત્યક્ષેત્રમાં અત્યંત પ્રતિષ્ઠિત બુકર પ્રાઈઝ જીતનાર પ્રથમ ભારતીય મહિલા લેખિકાનું બહુમાન મેળવનાર, અરૂધંતી રૉયનો જન્મ 24 નવેમ્બર 1961નાં રોજ બંગાળમાં થયો હતો. પોતાની પ્રથમ નવલકથા 'ગોડ ઓફ સ્મોલ થીંગ'ના કારણે દેશ-વિદેશમાં વિખ્યાત થઈ ગયા તથા બુક પ્રાઈઝ પણ મેળવ્યું. વીસ હજાર પાઉન્ડનું ઈનામ મેળવનાર આ વાર્તાની ત્યારે એક જ માસમાં વિશ્વભરમાં ચાર લાખ કોપી વેચાઈ ગઈ હતી. અણુવિસ્ફોટ ચળવળ, નર્મદા બચાવો આંદોલનમાં ભાગ લઈને સક્રિય ભૂમિકા નીભાવી હતી.

**(16) ઈન્દુ જૈન :**

ભારતનાં સૌથી મોટા મીડિયા હાઉસ ટાઈમ્સ ગ્રુપનાં ચેરપર્સન ઈન્જુ જૈન અધ્યાત્મવાદી, શિક્ષણવિદ્, માનવતાવાદી, એન્ટરપ્રેન્યોર, કલા અને સંસ્કૃતિનાં સંરક્ષક વગેરે તરીકે પણ બહુમુખી પ્રતિભા ધરાવે છે. ટાઈમ્સ ફાઉન્ડેશનની સ્થાપના કરી તેઓ અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવા ઉપરાંત મહિલાઓનાં હક્કો માટે તેમને પગભર કરવા તથા પોતાની અલગ ઓળખ પ્રસ્થાપિત કરવા માટે પણ લડત ચલાવી રહ્યાં છે. ભારતીય સાહિત્યનાં સર્વોચ્ચ એવોર્ડ ભારતીય જ્ઞાનપીઠ ફાઉન્ડેશનનાં પણ તેઓ ચેરપર્સન છે. ફિક્કીના લેડઝી વિંગ (FLO) ના તેઓ સ્થાપક પ્રમુખ છે.

**(17) મધર ટેરેસા :**

મધર ટેરેસાનો જન્મ 26 ઓગસ્ટ 1910માં યુગોસ્લાવિયાનાં સ્કોપજે ગામમાં આલ્બેનિયમ મા-બાપને ત્યાં થયો હતો. નાનપણથી જ તેઓ ધાર્મિક વૃત્તિના હતા. 18 વર્ષની ઉંમરે તેમણે ઘર છોડ્યું અને રોમન કેથોલિક ચર્ચના સાધ્વી (NUN) બનવા ડબ્લીન, આપવા લાગ્યા. કોલકત્તાની સેન્ટ મેરી કોન્વેન્ટ સ્કૂલમાં તેઓ ભણાવવા લાગ્યા અને 15 વર્ષ સુધી બાળકોને શિક્ષણ આપ્યું. કોલકત્તાના ગંદા, ગોબરા, દીનહીન લત્તામાં તેમણે સેવાનો યજ્ઞ માંડ્યો અને જીવનભર દીનદુઃખિયાની સેવા કહી. 1962માં તેમણે ભારતીય નાગરિકત્વ મેળવ્યું. તેમને ભારતરત્ન, નોબેલ પ્રાઈસ અને મેગ્સેસ એવૉર્ડ જેવા અનેક એવોર્ડસ આપવામાં આવેલ. 5 સપ્ટેમ્બર, 1997માં 87 વર્ષની ઉંમરે હૃદયરોગના હુમલાથી તેઓનું કલકત્તામાં મૃત્યુ નિપજ્યું હતું.

**(18) ડૉ. ઈન્દિરા હિન્દુજા :**

ડૉ. ઈન્દિરા હિન્દુજાએ ભારતમાં પ્રથમ ટેસ્ટ ટ્યુબ બેબીનો પ્રયોગ કર્યો અને સફળ રહ્યાં.

**(19) ડૉ. ઉષા મહેતા :**

તેઓએ હિન્દ છોડો વગેરે જેવાં આંદોલનમાં ભાગ લીધો હતો અને તેઓએ અંગ્રેજોને ખ્યાલ ન આવે તે રીતે રેડિયો મથકની સ્થાપના કરી હતી.

## 3.8 સ્ત્રી ભૃણહત્યા :

### 3.8.1 સ્ત્રી ભૃણહત્યાના કારણો :

- સ્ત્રી ભૃણહત્યા એક સામાજિક સમસ્યા છે. દિવસે દિવસે તેમાં વધારો થઈ રહ્યો છે. દેશ માટે એક સમસ્યા રૂપ પડકરા ઊભો થયો. સ્ત્રી ભૃણહત્યાની સમસ્યાનો ઉકેલ લાવવા ખૂબ જ જરૂરી બન્યો છે.
- બેટી બચાવો.... દેશ બચાવો... આ સમસ્યાનો ઉકેલ લાવવો જરૂરી છે, જેથી સમસ્યા આગળ વધતી અટકાવી જરૂરી છે. સ્ત્રી ભૃણહત્યાના કારણો નીચે મુજબ દર્શાવી શકાય :

**(1) પુત્ર પ્રાપ્તિની જંખના :**

- સમાજમાં એવી માન્યતા ઘર કરી ગયેલી જોવા મળે છે કે પુત્ર હોય તો વંશ વેલો આગળ વધી શકે. પિતાના અવસાન સમયે અગ્નિદાહ આપવાનું કામ પુત્ર જ કરી શકે. ફક્ત પુત્ર જ... પુત્ર જ એવી માન્યતા પ્રવર્તેલી છે.
- એવા કયાં શાસ્ત્રોમાં લખેલ છે કે પુત્રી અગ્નિદાહ ન દઈ શકે. માની લોકે વંશવેલો આગળ વધારવો છે, આપણામાંથી કેટલાંને ખબર છે વંશવેલા અંગે માહિતીની, કેટલી પેઢીના નામ બતાવી શકે.
- ફક્ત ત્રણ થી ચાર પેઢીના જ નામ જ બતાવી શકે.
- એક પુત્રીનો જન્મ થયો, બીજી પુત્રીનો નહીં જ.... પુત્રની ઝંખનાના કારણે જો બીજી પુત્રી હોયતો તેની હત્યા કરી દેવામાં આવે છે.

**(2) અબળા મહિલા :**

- આપણા સમાજમાં સ્ત્રીઓને અબળા માનવામાં આવે છે. સ્ત્રીઓ પર ઘરમાં ઘણીબધી મર્યાદાઓ મૂકવામાં આવે છે. સ્ત્રીથી બહાર ન જવાય, વધુ શિક્ષણ ન મેળવાય, સ્ત્રી ફક્ત ઘરકામ જ કરે.
- બળાત્કાર થાય, છૂટાછેડા આપવામાં આવે છે. સ્ત્રીથી રાત્રે 12વાગે ઘર બહાર ન નીકળાય, આવા તો ઘણાં બધા પ્રશ્નો સ્ત્રીઓ માટે જોવામાં આવે છે.
- કંઈક પણ થાય તો તેની સજા માબાપને થાય છે. એટલે કોઈ માબાપ છોકરી માટે ઈચ્છા કરતા નથી. સ્ત્રી કંઈ પણ ન કરી શકે, આવી માન્યતા જોવા મળે છે.
- આમ સ્ત્રીને અબળા માનવામાં આવે છે. સ્ત્રીને બીચારી માનવામાં આવે છે.
- સ્ત્રીનો ઘરકામ માટે જ ઉપયોગ કરવો, તેનું સર્જન ઘરકામ માટે અને પુત્રના સર્જન માટે જ થયેલ છે.

**(3) સલામતીનું કારણ :**

- પુત્ર સલામત છે, સ્ત્રીને અસલામતીનું કારણ માનવામાં આવે છે. સ્ત્રી બહાર નીકળે તો... પાછી ઘરે ન આવે, ત્યાં સુધી માબાબને ચિંતા રહે છે. માબાપનો જીવ ઊંચો રહે છે, સ્ત્રી સલામત નથી એવી માન્યતા પ્રવર્તે છે. સ્ત્રી સમાજમાં સલામત નથી તે કારણે સ્ત્રી ભૃણહત્યા કરી નાખવામાં આવે છે.

**(4) આધુનિક સાધનોની શોધ :**

- આધુનિક સાધનોની શોધને કારણે સ્ત્રી ભૃણહત્યાનું પ્રમાણ વધી ગયું છે. સોનોગ્રાફી દ્વારા ચેક કરાવીને બાબો છે કે બેબી તેની ચકાસણી કરીને, જો બેબી હોયતો હત્યા કરી નાખવામાં આવે છે.
- સોનોગ્રાફી દ્વારા ચેક કરાવવા બાબતે નિયંત્રણ છે છતાં પણ ખાનગી રીતે ચેકઅપ કરાવવામાં આવે છે.
- ખૂબ જ ઓછા સમયમાં બાબો કે બેબીની ચકાસણી થઈ શકે છે.

**(5) ડૉકટરની ધન લાલસા :**

- ડૉકટરની ધન કમાવાની વૃત્તિ, વધુને વધુ ધન મેળવવા માટે સોનોગ્રાફી પર નિયંત્રણ હોવા છતાં ખાનગીમાં સોનોગ્રાફી કરીને ધન કમાય છે. ડૉકટરને પાપી કહેવા પડે, તે પાપનું કાર્ય કરે છે. ડૉકટરોની વૃતિને કારણે સ્ત્રી હત્યા પણ થાય છે.

**(6) દહેજ પ્રથા :**

- સમાજમાં સ્ત્રીઓ માટે દહેજ પ્રથાનું એક કારણ ગણાવી શકાય. મેરેજ સમયે વધુ ખર્ચ કરવો પડે છે. આર્થિક પરિસ્થિતિ સારી ન હોયતો, આવક ઓછી હોયતો, સ્ત્રી ભ્રૂણ હત્યા કરી નાખે છે. એક પુત્રી પછી, બીજી તો નહી જ એવી માન્યતા ઘર કરી જાય છે.

**(7) સામાજિક કારણ :**

- અગ્નિદાહ પુત્ર જ આપે, પીંડદાન તો પુત્ર જ કરે. પુત્રી નહીં, ન જ આપી શકે. પુત્રી સ્મશાનમાં ન જઈ શકે, સ્ત્રીથી ન જ જવાય. વંશવેલો આગળ વધારવો વગેરે કારણેને લીધે સ્ત્રી ભ્રૂણ હત્યા કરવામાં આવે છે.

**(8) સમાજમાં સ્ત્રીને નીચે દરજ્જો :**

- સ્ત્રીને સમાન હક નથી. સ્ત્રીની બુધ્ધિ કેટલી ? સ્ત્રીની બુધ્ધિ પગની પાનીએ, સમાજમાં છોકરા કે છોકરી નામના પાછળ પિતાનું નામ લખવામાં આવે છે, સ્ત્રી પારકી થાપણ છે તેવું માનવામાં આવે છે. સમાન હક આપવામાં આવતો નથી. કાયદો હોવા છતાં પણ સમાન સ્થાન નથી. કુટુંબના ખાસ નિર્ણયમાં સ્ત્રીને પૂછવામાં આવતું નથી.

**(9) પુત્ર જ નામ રોશન કરી શકે :**

- પુત્ર જ નામ રોશન કરી શકે, પુત્રી જ નહીં, સ્ત્રી પારકું ધન છે, ગમે તેટલું ભણાવો, ખર્ચ કરવામાં આવે તો, લાભ તો બીજાને મળે છે.

**કુટુંબમાં બે બાળકો હોય તો**

↓

| **પુત્ર** | **પુત્રી** |
|---|---|
| • સારી શાળા, | • ગુજરાતી શાળા |
| • અંગ્રેજી માધ્યમ, | • ઓછો ખર્ચ |
| • વધુ ખર્ચ | • ઓછી સગવડતા |
| • વધુ સગવડતાઓ | • ડોનેશન આપવા તૈયાર ન થાય |
| • ડોનેશન આપવા તૈયાર | |

**3.8.2 સ્ત્રી ભ્રૂણહત્યા અટકાવવાના ઉપાયો :**

**(1) માનવીનું વર્તન બદલવું :**

- સમાજમાં પુત્ર કે પુત્રી બંને સમાન છે, બંને નામ રોશન કરી શકે છે. બંને પાછળ સમાન ખર્ચ કરો. સ્ત્રીઓ પણ સારો હોદ્દો પ્રાપ્ત કરી શકે છે, તેવા દાખલા છે :
- આનંદીબેન પટેલ, કલ્પના ચાવડા
- માનવીનું વર્તન બદલવા માટે પ્રયત્નો કરવાં જોઈએ.

**(2) સેમિનાર કરી જાગૃતિ લાવવી :**

- માનવીનું વર્તન બદલાય તે માટે સેમીનાર કરીને જાગૃતિ લાવવા પ્રયત્નો કરવા, સમૂહ માધ્યમનો પણ ઉપયોગ કરી શકાય. કુટુંબમાં બીમાર પડે તો સંભાળ કોણ લે છે ?

**(3) યુવાનોને સમજ આપવી :**

- દામ્પત્ય જીવનના આરે આવીને ઊભા છે, તેવા યુવાનોને પુત્ર હોય તે પુત્રી બંને સમાન છે, બંને આગળ વધી શકે છે,પાણી પહેલા પાળ બાંધવી જોઈએ. યુવાનોનું માનસિક વર્તન બદલવા પ્રયત્નો કરવાં.

**(4) નવા યુગલોને સમજ :**

- નવા યુગલોને સમજ આપવામાં આવે, બંને સમાન છે, કોઈ ભેદ નથી.બંને આગળ વધી શકે છે. સમાન ખર્ચ કરો, બંનેને સારી શાળામાં ભણાવો, બંને માટે સમાન ખર્ચ કરો, સરખી સગવડો આપો.

**(5) સમાજના વડાઓને સમજ આપવી :**

- સમાજમાં વડીલોનું માનસિક વલણ બદલવા સેમિનાર ગોઠવવાં, જ્ઞાતિ પ્રમાણે પ્રવચન, ધર્મ પ્રમાણે, સંતો દ્વારા સમજ આપવી. પટેલ જ્ઞાતિ માટે સેમીનાર ગોઠવવા. સમાજમાં વડીલોનું વલણ બદલાય તે માટે પ્રયત્નો કરવાં.

**(6) લેખિત સાહિત્ય તૈયાર કરવું :**

- સમાજમાં વડીલો, યુવાનો વગેરેનું વલણ બદલાય તે માટે લેખિત સાહિત્ય તૈયાર કરવું જોઈએ. લેખિત સાહિત્ય સારા લેખકો દ્વારા તૈયાર થયેલ હોવું જોઈએ.
  દા.ત. સમાજના વડા, સંતો, દૂધ મંડળી, શાળા વગેરે
- સાહિત્યનો અભ્યાસ કરીને માનસિકતા બદલી શકાય.

**(7) વીડિયો કેસેટ તૈયાર કરવી :**

- અવાર નવાર વીડિયો કેસેટ સંભળવવામાં આવે. સાંભળીને પણ માનસિકતા બદલી શકાય. સારા સંતોના પ્રવચન સંભળાવી શકાય.

**(8) વર્તનમાન પત્રોમાં જાહેરાત આપવી :**

- અવાર નવાર વર્તનમાન પત્રોમાં જાહેરાત કરવામાં આવે તો અસર થાય. જાહેર સ્થળોએ વાંચનાલય ઊભું કરવામાં આવે. સ્ત્રીઓના સારા કાર્ય માટે સન્માન કરવામાં આવે, તેના સમાચાર વર્તમાન પેપરમાં આપવામાં આવે.

**(9) ટી.વી.માં જાહેરાત આપવી :**

- ટી.વી. પર અવારનવાર જાહેરાત આપવામાં આવે, સંતોના પ્રવચનો રજૂ કરવામાં આવે. છોકરીઓના કાર્યો, ઉચ્ચ હોદ્દાઓ બતાવવામાં આવે, રમતગમત ક્ષેત્રે છોકરીઓની માહિતી દર્શાવવામાં આવે.
- માનસિકતા બદલાય તેવી માહિતી રજૂ કરવામાં આવે. બધા તેનો ઉપયોગ કરી શકે.

**(10) દીકરીને વધુ રક્ષણ આપવું :**

- છોકરી વધુ સલામતી છે તેવા સમાચાર જાહેરાત આપવામાં આવે, દહેજ પ્રથા પર નિયંત્રણ મૂકવામાં આવે.સમૂહ લગ્ન ગોઠવવામાં આવે, છોકરીને મુશ્કરી કરનારને વધુ સજા કરવામાં આવે. છૂટાછેડા ના બને તે માટે પ્રયત્નો કરવામાં આવે. આ ક્ષેત્રમાં સરકાર દ્વારા વધુ સારા પ્રયત્નો થઈ રહ્યા છે. બળાત્કાર કરનારને જન્મ ટીપની સજા કરવામાં આવે છે.

**(11) માન્યતા બદલવી :**

- દીકરાને ખોળાનો ખૂંદનાર સમજી એ તો, દીકરીને... ''મેરે ઘર આઈ એક નન્હીં કલીં'' સમજી એને ખુશી ખુશીથી વધાવીએ.
- સમાજમાં લોકોની માન્યતા બદલવા માટે નવી નવી ટેકનિકનો ઉપયોગ કરવામાં આવે.

**(12) પુત્રી જન્મની વધામણીના પેંડાની વહેંચણી :**

- પુત્રીને જન્મ દિવસે જાહેરમાં પેંડા વહેંચવામાં આવે, પેંડા વહેંચનારનું સન્માન કરવું, પુત્રની જેમ જ ઉત્સવ ઉજવવામાં આવે.

**(13) કુટુંબ નિયોજન કાર્યક્રમ :**

- એક.... બે... પુત્રી પછી કુટુંબ નિયોજન કરાવનારને સામાજિક કાર્યક્રમમાં જાહેરમાં સન્માન કરો. એક... બે.. પુત્રી હોય તેને જાહેરમાં સન્માન ગોઠવો. પુત્રીને આદરભાવથી જુઓ, માન આપો, આત્મ વિશ્વાસ વધારો.

**(14) પુત્રી આખા સમાજની પુત્રી છે તેવું માનવું :**

- પુત્રીએ આખા સમાજની પુત્રી છે, સમૂહ લગ્ન ગોઠવો, દહેજ ન લેવું, કંકુ કન્યાનો મેસેજ

લગ્ન માટે જાય તેવા પ્રયત્નો કરવા. પુત્રીની સંયુક્ત જવાબદારી છે તેવું મનાવવા પ્રયત્ન કરવા.

- સાસરિયામાં છોકરીને ત્રાસ આપવામાં આવતો હોય તો આખો સમાજ તેની સાથે ઊભો રહે, ત્રાસ આપનારને જાહેરમાં ખુલ્લા પાડવામાં આવે. સ્ત્રી પર બળાત્કાર થાય કે કોઈ મુશ્કેલી કરે તો સમાજ દ્વારા સજા કરવામાં આવે.

**(15) ભ્રૂણ હત્યા કરનારને સામાજિક બહિષ્કાર કરવો.**

- જે કુટુંબમાં ભ્રૂણ હત્યા કરે તો તેવા કુટુંબનો સામાજિક બહિષ્કાર કરો, સમાજ બહાર મૂકવા, તેવા કુટુંબ સાથે સંબંધન રાખવો.

**(16) કાર્ય કરનાર ડૉકટરની જાહેરમં ટીકા કરવા :**

- ખાનગી રીતે સોનોગ્રાફીનું કાર્ય કરનાર ડૉકટરને ખુલ્લા પાડવા, જાહેરમાં અપમાન કરો, ટીકા કરો, વર્તમાન પેપરમાં સમાચાર આપો. આવા ડૉકટરનો બહિષ્કાર કરો. તેની પાસે કોઈપણ વ્યક્તિએ જવું નહીં.

**(17) પુત્રીને નોકરીમાં પસંદગી આપો :**

- પુત્રી હોય તેને નોકરીમાં પસંદગી આપો. એક પુત્રી હોય તેને નોકરી આપો.

**(18) વાલીને નોકરીમાં પસંદગી આપો :**

- એક પુત્રી હોય તેવા વાલીઓને નોકરીમાં પસંદ કરો. પ્રથમ સ્થાન આપો, સન્માન કરો.

**(19) કૃત્ય કરનાર સામે દંડનીય જોગવાઈ :**

- સ્ત્રી ભ્રૂણ હત્યા કરનાર અન કરાવનારને જાહેરમાં સજમા કરો. ટીકા કરો, વર્તમાન પેપરમાં માહિતી આપો.

**(20) શિક્ષણ ફીમાં સંપૂર્ણ માફી આપવી :**

- છોકરીને શિક્ષણમાં સંપૂર્ણ ફીમાં માફી આપવી. હાલમાં શાળા અને કૉલેજોમાં ફીમાં માફી આપવામાં આવે છે.

## 3.9 સારાંશ : (Let us sum up)

- મહિલાઓમાં શિક્ષણનું શાસ્ત્ર ભાગીદારીયુક્ત અને બિનધર્માધિકારી રીતનું બનાવવું પડશે. મહિલાઓને તેમના પોતાના જીવન કાર્યો અને અગ્રતા નક્કી કરવામાં સામેલ કરવાં જોઈએ. તેમની પોતાની શીખવાની પધ્ધતિ હોવી જોઈએ. શૈક્ષણિક પ્રયાસો એવા હોવાં જોઈએ કે તેનાથી તેઓ સારું અને ઉલ્લાસમય વાતાવરણનો અનુભવ કરી શકે, તેમનામાં વિશ્વાસ અને આત્મ સન્માનની લાગણી જગાવે. તેમનામાં રહેલી સર્જનતાને બહાર લાવે, તેમને ઊર્જામય બનાવે અને એક શબ્દમાં કહીએ તો તેમને શક્તિશાળી બનાવે.
- સ્વામી વિવેકાનંદનું કહેવું છે કે, મહિલાઓની સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી વિશ્વ કલ્યાણની કોઈ તક નથી. કોઈ પક્ષી માટે એક જ પાંખે ઊડવું શક્ય નથી. મહિલા સશક્તિકરણથી માત્ર તેમના પરિવાર જ નહીં રાષ્ટ્ર અને વિશ્વ પણ વધુ સુંદર બનશે.
- આ બધી બાબતો શક્ય બનાવવી હોય તો મહિલાઓને શક્તિશાળી બનાવી પડે.મહિલાઓને શક્તિશાળી બનાવવા માટે મહિલાઓને શિક્ષણ આપવાથી તે સારી બાબતો વિચારી શકશે. કુટુંબનું ભરણપોષણ, સારસંભાળ બાળઉછેર, આરોગ્યને લગતી બાબતો વગેરે સારી રીતે વિચારીને વ્યવસ્થા કરી શકશે. બાળકોને સારા સંસ્કારો આપી શકશે. બાળકને સારા સંસ્કારો આપી શકશે. બાળકને સારા સંસ્કાર મળશે તો તે એક સારો નાગરિક બનશે, તે પોતાના કુટુંબનું અને દેશનું સારું રક્ષણ કરી શકશે.
- પ્રાથમિક શાળાએથી જ કન્યા કેળવણી વધે તેવા પ્રયત્નો કરવા પડે. કન્યાને વધુ સગવડો પુરી પાડી, તેમાં વધારો થાય તેવા પ્રયત્નો કરવાં જોઈએ.
- સરકારે નવી નવી યોજના કન્યાઓ માટે મૂકવી જોઈએ. નોકરીમાં વધુ તકો ઉત્પન્ન થાય તે માટે પ્રયત્નો કરવાં જોઈએ.

- કન્યાના શિક્ષણમાં વધારો થતાં મહિલાઓનું શિક્ષણ આપોઆપ વધી જશે,તે સમાજને જ ફાયદો થશે.

## 3.10 એકમ સ્વાધ્યાય : (Unit Exercises)

(1) મહિલા શિક્ષણ એટલે શું ?

(2) સામાજિક પરિવર્તનમાં મહિલાનો ફાળો જણાવો.

(3) મુસ્લિમ મહિલાઓ માટે સમાનતા જણાવો.

(4) દેશની સુપ્રસિધ્ધ મહિલાઓના નામ જણાવો.

(5) સ્ત્રી ભૃણ હત્યાના કારણો જણાવો.

(6) સ્ત્રી ભૃણ હત્યા અટકાવવાના ઉપાયો જણાવો.

## 3.11 તમારી પ્રગતિ ચકાસો :

- **તમારા ઉત્તરો આપેલ જગ્યામાં લખો.**

(1) મહિલા શિક્ષણ એટલે શું તે જણાવો.

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................

(2) સામાજિક પરિવર્તનમાં મહિલાઓનો ફાળો જણાવો.

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................

(3) દેશની સુપ્રસિધ્ધ મહિલાઓના ફક્ત નામ આપો.

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................

(4) સ્ત્રી ભૃણહત્યાના ત્રણ કારણ જણાવો.

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................

(5) સ્ત્રી ભૃણહત્યા અટકાવવાના કોઈ પણ ત્રણ ઉપાય જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 3.12 સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)


(1) દવે હર્ષિદા એચ : સામાજિક, સમસ્યાઓ, યુનિવર્સિટીગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય,અમદાવાદ.

(2) શર્મા તથા તમ્ડા : યોજના, સપ્ટેમ્બર- 2016, યોજના કાર્યાલય, અમદાવાદ (મહિલા શિક્ષણ)

(3) ગજેરા જીતેન્દ્ર : યોજના, જૂથ-2012, યોજના કાર્યાલય, અમદાવાદ (દેશની સુપ્રસિદ્ધ મહિલાઓ)

(4) અગ્રવાલ હરિગોપાલ : યોજના, જૂથ-2012, યોજના કાર્યાલય, અમદાવાદ (સામાજિક પરિવર્તનમાં મહિલાઓનો ફાળો)

એકમ 4

# શિક્ષણમાં સમાન તક

## : રૂપરેખા :

**4.1 પ્રસ્તાવના**
**4.2 શૈક્ષણિક તકોની સમાનતાનો અર્થ**
**4.3 સમાન શૈક્ષણિક તકની અગત્ય**
**4.4 સમાન શૈક્ષણિક તકના અવરોધો**
**4.5 છોકરીઓના સંદર્ભમાં સમાન તક**
**4.5.1 છોકરીઓના શિક્ષણના અવરોધો દૂર કરવાના ઉપાયો**
**4.5.2 છોકરીઓના શિક્ષણના અવરોધો દૂર કરવાના ઉપાયો**
**4.6 પછાત વર્ગોના સંદર્ભમાં સમાન તક**
**4.6.1 પછાત વર્ગની સમાન કરના અવરોધો**
**4.6.2 પછાત વર્ગની સમાન તકના અવરોધો દૂર કરવાના ઉપાયો**
**4.7 ખોડખાંપણવાળા બાળકોના સંદર્ભમાં સમાન તક**
**4.7.1 ખોડખાંપણવાળા બાળકોના શિક્ષણમાં સમાન તકની મુશ્કેલી**
**4.7.2 ખોડખાંપણવાળા બાળકોના સમાન તકના અવરોધો દૂર કરવાના ઉપાયો.**
**4.8 શિક્ષણમાં સમાન તકર માટે કોઠારી પંચનાં સૂચનો**
**4.9 સારાંશ**
**4.10 એકમ સ્વાધ્યાય**
**4.11 તમારી પ્રગતિ ચકાસો**
**4.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**
**4.13 સૂચિત વાંચન સામગ્રી**

**ઉદ્દેશો : (Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે..........

(1) શૈક્ષણિક તકોની સમાનતાનો અર્થ સમજી શકશો.
(2) સમાન શૈક્ષણિક તકની અગત્ય સમજી શકશો.
(3) સમાન શૈક્ષણિક તકના અવરોધો સમજી શકશો.
(4) છોકરીઓની સમાનતકના અવરોધો સમજી શકશો.
(5) છોકરીઓના શિક્ષણના અવરોધો દૂર કરવાના ઉપાયો સમજી શકશો.
(6) પછાત વર્ગની સમાન તકના અવરોધો સમજી શકશો.
(7) પછાત વર્ગની સમાન તકરના અવરોધો દૂર કરવાના ઉપાયો સમજી શકશો.
(8) ખોડખાંપણવાળા બાળકોના શિક્ષણમાં સમાન તકની મુશ્કેલી સમજી શકશો.
(9) ખોડખાંપણવાળા બાળકોના સમાન તકરના અવરોધો દૂર કરવાના ઉપાયોની ચર્ચા કરી શકશો.

## 4.1 પ્રસ્તાવના :

ભારત એ લોકશાહી દેશ છે. તેણે સમાજવાદી સમાજ રચનાની ભાવના સ્વીકારી છે. આ ભાવના સાકાર કરવા માટે સૌને કેળવણી મળવી જોઈએ. કેળવણી દ્વારા જ સામાજિક અને આર્થિક ન્યાય આપી શકાય. વધુમાં વધુ લોકોને સામાજિક આર્થિક સીડી પર ઉચે લઈ જવામાં શિક્ષણ સહાયભૂત નીવડે છે, એવી ધારણા રહેલી છે. વધુ અને સારી કેળવણીને વધારે આવક અને ઊંચા સામાજિક મોભા માટે ચાવીરૂપ માનવામાં આવે છે. વાસ્તવમાં 'માનવીના ગૌરવ અને વ્યક્તિત્વના

મુક્ત વિકાસ માટે અનિવાર્ય પણે આવશ્યક એવા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિ હકો જેવા વધુ વ્યાપક માનવ હકોની અસરકારક અનુભૂતિ માટેના એક સાધન તરીકે શિક્ષણ સમાજમાં સત્તા માટેની ચાવી ધરાવે છે. ગરીબ અને નબળા વર્ગોના લોકો તેમના સામાજિક અને આર્થિક ભાવિની દૃષ્ટિએ વધુને વધુ શિક્ષણ માટેના હક આગળ ધરી રહ્યા છે સમાજની દરેક વ્યક્તિને ધર્મ, કોમ, રંગ અને આર્થિક અંતરાયો વગર શિક્ષણ દ્વારા પોતાના શક્ય તેટલો વિકાસ કરવાનો મૂળભૂત અધિકાર છે. લોકશાહીમાં વ્યક્તિને તેના શૈક્ષણિક વિકાસ માટે સમાનતક છે. સમાજના તમામ વર્ગને માટે સૈક્ષણિક સમાન તકનું નિર્માણ કરવું એ લોકશાહીની પ્રાથમિક જરૂરિયાત છે.

સમાજના દૃષ્ટિ બિંદુથી વિચારતા શૈક્ષણિક તકોની સમાનતાનો ખ્યાલ સમાજના આર્થિક વિકાસ સાથે ગાઢ રીતે સંકળાયેલ છે. સમાજની આર્થિક પ્રગતિ માટે શૈક્ષણિક તકો માત્ર વિસ્તૃત કરાય એ પૂરતું નથી. તે સમાનપણે વહેચવી પણ જોઈએ. સૌને કેળવણી ઉપલબ્ધ થાય એટલા માટે સમાન શૈક્ષણિક તકનું નિર્માણ થવું જોઈએ. દરેક લોકશાહી દેશ શૈક્ષણિક સમાન તકનો આદર્શ સ્વીકારે છે, આજે દુનિયામાં ભાગ્યેજ કોઈ રાષ્ટ્ર હશે, જેને એક યા બીજા સ્વરૂપે આ આદર્શ ન સ્વીકાર્યો હોય.

આપણા દેશમાં સ્વાતંત્ર્ય પૂર્વે જેઓને સિક્ષણની સમાન તકોની પ્રાપ્તિનો લાભ મળ્યો નથી તેવાં બાળકોને ચાર વિભાગમાં વહેંચી શકાય તે વિભાગોમાં :

- કન્યાઓ / છોકરીઓ
- પછાત વર્ગનાં બાળકો
- શારીરિક ખોડખાંપણવાળાં બાળકો

ઉપરનાં વિભાગોના બાળકોને બીજા બાળકો કરતાં ઉતરતી કક્ષાનાં માનવામાં આવ્યાં છે અને તેઓની સાથે એવું વર્તન કરવામાં આવ્યું છે કે જેને પરિણામે આ વિભાગનાં બાળકો શૈક્ષણિક વિકાસની પ્રક્રિયામાં પાછળ પડી ગયાં છે.

## 4.2 શૈક્ષણિક તકોની સમાનતાનો અર્થ :

સમાજનો જે વર્ગ આજ દિન સુધી શિક્ષણની સમાન તકોથી વંચિત રહ્યો છે, તેના તરફ વિશેષ ધ્યાન આપીને તેમની વિશિષ્ટ જરૂરિયાતો પર લક્ષ્ય આપવાની બાબત ઉપર 1986ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વધારે ભાર મૂકે છે, તેમાં ભલામણા કરવામાં આવી છે કે શિક્ષણની સમાન તકો માત્ર શિક્ષણના પ્રસાર માટે જ નહાં પરંતુ શિક્ષણમાં સફળતા પ્રાપ્ત કરવા માટે હોવી જોઈએ. આના સંદર્ભમાં શિક્ષણની ભૂમિકા ખૂબ અર્થ સભર છે.

શિક્ષણની સમાન તકો એ સંકલ્પના આજ સુધી માત્ર બાળકના રહેવાના સ્થળથી નજીકમાં નવી શાળા ખોલવાના સંદર્ભમાં વપરાતી હતી, પરંતુ પ્રવર્તમાન સમયમાં આમાં ફેરફાર થયો છે. બાળક પગે ચાલીને જઈ શકે એટલા નજીકના વિસ્તારમાં શાળા ખોલવા ઉપરાંત પ્રત્યેક બાળકને નિવાસની સગવડ, દરેક કોમના બાળકને શાળા પ્રવેશ, અવપવ્યયનું પ્રમાણ ઘટાડવું, વિવિધ પ્રવિધિઓ પ્રયોજી બાળકોનું શાળામાં સ્થાયીકરણ, ઔપચારિક શિક્ષણ પ્રાપ્ત કરી શકતાં ન હોય તેવાં બાળકો માટે અવૈધિક શિક્ષણનાં કેન્દ્રો શરૂ કરવાં. એસ.એસ.સી. પહેલાંની અને એસ.એસ.સી. પછીની આર્થિક મદદ મંજૂર કરવી, વિદ્યાર્થીઓ શાળામાં જઈ શકે તે માટે પૂરક સગવડો વિકસાવવી વગેરે મુદ્દાઓનો શિક્ષણની સમાન તક વિશે વિચારવામાં આવે ત્યારે ખ્યાલ રાખવો જોઈએ, તેમાં ઉપરના મુદ્દાઓનો સમાવેશ કરવો જોઈએ.

ભારત એક લોકશાહી દેશ છે વળી તે સમાજવાદી સમાજ રચનાને વરેલો દેશ છે. આવા દેશમાં આશ્રય લેતી તમામ વ્યક્તિને પોતાની બૌદ્ધિક મર્યાદાઓમાં રહીને પોતાનો મહત્તમ વિકાસ સાધવાનો અબાધિત અધિકાર છે. ભલે પછી તે વ્યક્તિ ગમે તે ધર્મ, વર્ણ, વર્ગ કે સ્તરની હોય. આર્તિક અંતરાયો પણ તેને નડવા ન જોઈએ. લિંગ ભેદનો કોઈ બાધ ન હોય, અન્ય તમામ અંતરાયો હોવા છતાં તે નાગરિક સૌની જેમ શિક્ષણ મેળવી શકે, આવી તકો ગમે ત્યાં મેળવી શકે એ જ આશય શિક્ષણની સમાન તક પાછળ રહેલો છે.

ધર્મ, અર્થ, વર્ણ કે લિંગની ભિન્નતાઓ અગર અંતરાયો હોવા છતાં વ્યક્તિ સોની જેમ અને જેટલી શૈક્ષણિક પ્રાપ્તિ અને શિક્ષણનો વિકાસ કરી શકે તે સમાન શૈક્ષણિક તક.

વ્યક્તિ પાસે પૈસા નથી, તે અમુક કોમની છે, તે સ્ત્રી છે માટે તેને અભ્યાસ કરવાની શી જરૂર છે ? તેને અભ્યાસ શા માટે કરવા દેવો ? આવા કોઈ પ્રશ્ન સમાન શૈક્ષણિક તકમાં કદી ઉપસ્થિત થતા નથી, સિવાય કે તેનું બૌદ્ધિક સ્તર, તે અપંગ હોય કે અપાહિજ હોય, નિર્ધન હોય કે ધનવાન હોય, સામાજિક રીતે ઉચ્ચવર્ણનો હોય કે સામાજિક રીતે પછાત વર્ગનો હોય, તે ગમે તે સ્તરનો હોય પરંતુ સૌની જેમ અને જેટલી તક આવા લોકશાહી દેશમાં સર્જવી એક સામાજિક ન્યાયની બાબત છે.

## 4.3 સમાજમાં શૈક્ષણિક તકની અગત્ય :

આપણા દેશને રાજકીય રીતે સ્વાદીન થયાં આટલાં વર્ષો વીત્યાં છતાં આ દિશામાં આપણે ક્યાં છીએ ? આમ થવાનું કારણ એ છે કે હજી સુધી સમાન શૈક્ષણિક તકની અગત્ય સમજ્યા નથી, તો આપણે સમાન શૈક્ષણિક તકની અગત્ય જાણી લઈએ :

1. આપણા દેશમાં નિરક્ષરતાનું પ્રમાણ ઘણું મોટું છે. નિરક્ષરતાનું પ્રમાણ આજે 64 ટકા જેટલું છે. આ નિરક્ષર લોકો મતદાનનું મહત્ત્વ કેટલું છે તે સાચા અર્થમાં સમજી શકતા નથી. મતદાનનું સાચું મહત્ત્વ સમજતા થાય તે માટે સમાન શૈક્ષણિક તકની જરૂર છે જેથી લોકશાહીના અસ્તિત્વ, રક્ષણ અને વિકાસ માટે નિશ્ચિત રહી શકાય.
2. કોઈપણ દેશ રાષ્ટ્રીય એકતા વગર બહારના આક્રમણ સામે ટકી શકતો નથી. આવી સમજ કેળવવા માટે સમાન શૈક્ષણિક તક પાયાનો પથ્થર બને છે.
3. સમાજના નીચલા વર્ગનો વિકાસ કરવા માટે સમાન શૈક્ષણિક તકની જરૂરિયાત છે.
4. આપણી પાસે વણવપરાયેલી માનવશક્તિનો પુષ્કળ જથ્થો છે. માનવશક્તિ ઔદ્યોગિક અને આર્થિક વિકાસમાં મદદરૂપ થાય તે માટે સમાન શૈક્ષણિક તક જરૂરી છે, આ વણવપરાયેલી માનવશક્તિ શૈક્ષણિક તકો પૂરી પડતાં કેળવી શકાય છે અને તેનો ઉપયોગ થઈ શકે છે.
5. દેશનો વિકાસ કરવા માટે પરિવર્તન ખૂબ જરૂરી છે. પરિવર્તન માટે શિક્ષણ ખૂબ જરૂરી છે. તેથી સમાન શૈક્ષણિક તકની જરૂર છે.
6. કોઈ પણ માનવી કોઈને કોઈ જૂથમાં સંકળાયેલો હોય છે.જૂથમાં રહેવા માટે નેતૃત્વ પૂરું પાડવું પડે છે. શિક્ષણ વિના યોગ્ય નેતાગીરી પૂરી પાડી શકાય નહીં, તેથી સમાન શૈક્ષણિક તકની જરૂર છે.
7. માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે. અમર્યાદિત જરૂરિયાતો સંતોષવા માટે શિક્ષણની જરૂર છે, તેથી સમાન શૈક્ષણિક તકરની જરૂર છે.
8. ભારત એક અલ્પ વિકસિત દેશ છે. તેના વિકાસમાં અનેક સમસ્યાનો ઊભી થયેલી જોવા મળે છે. આવતી સમસ્યાઓના ઉકેલમાં મદદરૂપ થાય તે માટે સમાન શૈક્ષણિક તકની જરૂર છે.
9. રોજિંદા જીવનમાં અનેક સમસ્યાઓ ઊભી થાય છે. સમસ્યાઓના ઉકેલ માટે શિક્ષણની સમાન તક ઘણી જ ઉપયોગી થઈ પડે છે.
10. રાષ્ટ્રીય મહત્ત્વકાંક્ષાઓની પરિપૂર્તિ માટે પણ આવી તકો જરૂરી છે.
11. રોજિંદા જીવનમાં કે વેપાર ધંધામાં ખરીદ-વેચાણ માટે શિક્ષણ જરૂરી છે, જેથી સમાન શિક્ષણ ખૂબ ઉપયોગી પૂરવાર થઈ પડે તેમ છે.

- **અગત્યના મુદ્દા :**

(1) મતદાનનું મૂલ્ય સમજાય તે માટે
(2) માનવ શક્તિનો યોગ્ય ઉપયોગ કરવા.
(3) ચાલકબળ પૂરું પાડવા.
(4) ભાવાત્મક એકતાનો વિકાસ કરવા
(5) પરિવર્તનની પ્રક્રિયા ગતિશીલ બનાવવા
(6) નેતાગીરી પૂરી પાડવા.
(7) સમસ્યાના ઉકેલ લાવવા.
(8) રાષ્ટ્રનો વિકાસ કરવા.
(9) રાષ્ટ્રના વિકાસના અતરાયો દૂર કરવા

(10) રોજિંદું જીવન સરળ બનાવવા.

(11) જીવન સુખી અને સરળ બનાવવા.

## 4.4 સમાન શૈક્ષણિક તકના અવરોધો :

સમાજવાદી સમાજ રચનાને વરેલા લોકશાહી દેશ ભારતે સમાન શૈક્ષણિક તકોનો આદર્શને સ્વીકાર્યો છે. ભારતની જેમ અન્ય લોકશાહી દેશોએ પણ આ આદર્શ સ્વીકાર્યો છે, છતાં ત્યાં શૈક્ષણિક અસમાનતા જોવા મળે છે. ભારતમાં સમાજના પછાત વર્ગોમાં, આર્થિક રીતે નબળા વર્ગોમાં અને સ્ત્રીઓમાં આપણે સમાન શૈક્ષણિક તકનું નિર્માણ કરી શક્યા નથી. સમાન શૈક્ષણિક તકોના નિર્માણને અવરોધનારાં કેટલાંક પરિબળો નીચે મુજબ છે.

1. શિક્ષણની સંસ્થાઓ અપૂરતી હોવાને કારણે અવરોધ આવે છે.શિક્ષણ સંસ્થાઓ ન હોવી એ માટે પણ જવાબદાર છે. આપણે ત્યાં શિક્ષણ સંચાલનમાં ખાનગી સાહસનું પ્રભુત્વ વધુ હોવાથી ખાનગી સંસ્થાો વિશેષ છે. સરકારી સંસ્થાઓ ઓછી છે જે સમાન શૈક્ષણિક તકના નિર્માણમાં અવરોધક બળ બની રહે છે.
2. તાલુકા-તાલુકા, જિલ્લા-જિલ્લા, અને રાજ્ય-રાજ્ય વચ્ચે શાક્ષણિક સુવિધા અને શૈક્ષણિક પ્રગતિમાં વિષમતા હોય છે. આ પ્રકારની અસમાનતા એક પરિબળ બની જાય છે.
3. આપણે ત્યાં શોષિત અને પોષક બે વર્ગો છે. તેથી મોટા ભાગના લોકો ઉપર ગણ્યાં ગાંઠ્યા લોકો સમૃદ્ધ થઈ બેઠાં છે. પરિણામે મોટા ભાગના લોકોમાં ગરીબાઈ જોવા મળે છે.
4. ખાનગી સિક્ષણ સંસ્થાઓમાં શિક્ષણ ફીનું ઊંચું ધોરણ તથા ખર્ચાલ શિક્ષણ હોવાથી મર્યાદિત સાધન સંપન્ન લોકો જ શિક્ષણનો લાભ પ્રાપ્ત કરી શકે છે.
5 વિવિધ પ્રકારનાં વિસ્તારમાંથી આવતાં બાળકો માટે એક સરખી તકનો અભાવ જોવા મળે છે. ગામડાઓમાંથી જે બાળકો આવે છે,ત્યાં તેમને ઘરમાં શિક્ષણનું કોઈ વાતાવરણ હોતું નથી, જ્યારે શહેરના શિક્ષિત કુટુંબમાંથી આવતું બાળક ગ્રામીણ બાળકની તુલનામાં ઘણું જ આગળ હોય છે, પરિણામે તે એક પ્રકારની વિષમતા ઊભી થાય છે.
6. વિભિન્ન પ્રકારની ગુણવતાવાળી શાળામાંથી તથા ગ્રામ વિસ્તાર અને પછાત વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રવેશ ન મળવો એ પણ એક સમાન શૈક્ષણિક તક માટે જ અવરોધનું પરિબળ છે.
7. છોકરી અને છોકરીઓના શિક્ષણ વચ્ચે ભારે અસમાનતા આ માટે જવાબદાર છે.
8. અનુસૂચિત વર્ગોના બાળકોના શિક્ષણના વિસ્મરણમાં અને તેમની ગુણવતામાં પછાતપણું જોવા મળે છે.
9. ભારતના મોટા ભાગનો વાલી સમાજ હજુ પણ નિરક્ષર છે. આવો નિરક્ષર વાલી પોતાનાં સંતાનોને શિક્ષણ આપવાનું ક્યાંથી સમજે ?
10. આપણો દેશ ધર્મ, જ્ઞાતિ, જાતિ તથા સંપ્રદાયના વર્તુળોમાંથી હજુ પણ બહાર નીકળ્યો નથી, પરિણામે શિક્ષણ સંસ્થાઓ પણ આવા વર્તુળોથી મુક્ત બની નથી.
11. માધ્યમિક શિક્ષણ ખર્ચાળ બની ગયું છે અને ત્યાં પણ ખર્ચનો આંક વધતો જાય છે. તેથી સામાન્ય આવકનો વાલી બાળકોને ભણાવવા પણ શક્તિમાન નથી. હજુ આપણા દેશમાં બધે માધ્યમિક શિક્ષણ મફત નથી જો કે ગુજરાતમાં ફી ઉપરાંત પાઠ્ય પુસ્તકો, પોષાક, નોટબુકો, સ્ટેશનરી ફી, પ્રવાસ ખર્ચ, ફંડ ફાળા વગેરેનો ખર્ચ ગરીબ વાલીને પોષાય તેમ નથી.
12. દેશમાં બધાં રાજ્યોમાં શિક્ષણનું ધોરણ સરખું નથી, વળી છોકરીઓને ઓછી તક છે.

## 4.5 છોકરીઓના સંદર્ભમાં સમાન તક :

ભારતમાં સ્ત્રીઓના સામાજિક દરજ્જા એ ઘણા તડકા-છાયાં જોયા છે. ઈતિહાસ સાક્ષી પૂરે છે કે વેદ સમય દરમિયાન સ્ત્રીઓ અને પુરુષોને સમાન સ્થાન આપવામાં આવતું હતું. સ્ત્રીઓ ધાર્મિક કર્મકાંટ અને યજ્ઞો કરતી હતી અને 'ધર્મ' ને ધારણ કરવા માટે ટકાવવામાં પુરુષોની સમોવડી હતી, તેઓ યુદ્ધો લડી શકતી, રણમેદાનોમાં જઈ શકતી, ઉત્સવોમાં ભાગ લઈ શકતી, જો તે ઈચ્છે તો તેના સામાજિક દરજ્જાને જરા પણ હાનિ પહોંચાડ્યા વગર અવિવાહિત પણ રહી શકતી, પરંતુ સમયના

વહેણની સાથે સાથે તેમાં પરિવર્તન આવ્યું, તેથી તેના મોભાનું અધઃપતન થયું. છેવટે મનુ ભગવાને જાહેર કર્યું કે :

'સ્ત્રી કદી સ્વાતંત્ર્યને લાયક નથી..... ' જો કે એ જ મનુ ભગવાને કહ્યું છે કે :-

'જ્યાં સ્ત્રીઓને આદર આપવામાં આવે છે ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે, પરંતુ જ્યાં તેઓને આદર આપવામાં આવતો નથી, ત્યાં કોઈ ધાર્મિક કર્મકાંડો ફળદાયી નીવડતાં નથી.'

આપણું રાજ્ય બંધારણ પુરુષો અને સ્ત્રીઓ માટે સમાન હકો આપે છે. રાજ્ય બંધારણના નિર્માણ પછી જે સામાજિક ધારાઓ રચાયા તેમાં સ્ત્રી માટે સમાનતાનું કાયદેસરનું માળખું દેશમાં ઊભું થવા માંડ્યું છે. કોઈ પણ દેશનો પ્રશ્ન કે સમસ્યા જેમાં પુરુષ વર્ગ રસ ધરાવતો હોય તેમાં સ્ત્રીઓની સમજ શક્તિની પણ તેટલી આવશ્યતા છે. આપણાં માનવ સાધનોના સંપૂર્ણ વિકાસ માટે ઘરની સુધારણામાં અને બાળકોના ચારિત્ર્ય ઘડતર માટે પુરુષો કરતાં સ્ત્રી શિક્ષણની વિશેષ અગત્ય છે. સ્ત્રી શિક્ષણ જન્મ પ્રમાણ ઘટાડવામાં ખૂબ જ સહાયરૂપ નીડવે તેમ છે. આધુનિક યુગમાં સ્ત્રીઓની ભૂમિકા માત્ર ઘર, ઘરકામ, અને બાલ ઉછેર પૂરતી મર્યાદિત બનતી નથી, તેઓ હવે પોતાની વ્યક્તિગત કારકિર્દી પસંદ કરી શકે છે અને સમાજના દરેક અંગના વિકાસ માટે તે પુરુષ સાથે સમાન જવાદારી વહન કરે છે. આ દિશામાં હવે આપણે ગતિ કરવી પડશે. આપણો દેશ સ્ત્રીઓના શિક્ષણની અવગણના કરીને તેની ભાવિ લડતોમાં સફળ થશે નહિ અને દેશ આર્થિક અને સામાજિક વિકાસ સાધી શકશે નહિ, ગુજરાતમાં સ્ત્રીને શિક્ષણ આપવા પાછળ ધ્યાન અપાયું હોય તેવું હવે જોવા મળે છે.

પુરુષ અને સ્ત્રી એક બીજાના પૂરક છે. ભારતમાં દ્વિતીય કક્ષાના નાગરિક તરીકેનો વર્તાવ શા માટે રાખવામાં આવે છે ? આ બાબત શિક્ષણ શાસ્ત્રીઓને મન ઠીક ઠીક સમયથી સંબંધ કર્તા બાબત બની રહેલ છે અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986ના સંદર્ભમાં સ્ત્રીઓ પ્રત્યેની અસમાનતાઓ દૂર કરવાની દૃષ્ટિએ તેમજ વિશિષ્ટ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, સમાન તકો પૂરી પાડવા માટે યોગ્ય જોગવાઈઓ કરવામાં આવશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986માં રજૂ થયેલાં 10 કોર પોઈન્ટમાં જાતિ અંગેનું વલણ-સ્ત્રીઓ પ્રત્યેનું સમાન વલણ પર ભાર મૂકવામાં આવ્યો છે.

- લિંગભેદને લક્ષમાં લીધા વિના શિક્ષણની તકોની નિર્માણ કાર્ય સમાન શૈક્ષણિક તકોનો એક ભાગ છે. પુરુષ માટે શિક્ષણ જેટલું ઉપયોગી છે તેના કરતાં વિશેષ ઉપયોગી સ્ત્રીઓ માટે છે. પુરુષનું શિક્ષણ તેના એકલા માટે જ ઉપયોગી બનશે, જ્યારે સ્ત્રીનું શિક્ષણ સમગ્ર કુટુંબનું શિક્ષણ બની રહે છે, તેથી કન્યા શિક્ષણનું મહત્ત્વ કોઈ રીતે ઓછું આંકવાની જરૂર નથી. માતા એકસો ગુરુની ગરજ સારે છે, તે વિચાર ભૂલી જવા જેવો નથી જ.

**4.5.1 છોકરીઓની સમાન તકના અવરોધો :**

છોકરીઓની સમાન તકરના કેટલાક અવરોધો નીચે પ્રમાણે છે :

(1) ઘર અને શાળા મવચ્ચે વધુ અંતર હોય તો વાલીઓ પોતાની છોકરીઓને શાળાએ મોકલવાનું જોખમ સ્વીકારતા નથી.

(2) અમુક જ્ઞાતિઓમાં, પૈઠણની પ્રથા વધુ જોવા મળે છે. શિક્ષિત કન્યા હોય તો તેને વધુ પૈઠણની જોગવાઇ કરવી પડે તેથી છોકરીઓનાં શિક્ષણમાં અવરોધ ઊભા થતાં જોવા મળે છે.

(3) માધ્યમિક કક્ષો છોકરીઓ ઉંમરલાયક થાય છે. આ સમય ગાળામાં રજોદર્શનનો સમય ભયસ્થાન ગણાય છે. શાળામાં સ્ત્રી શિક્ષક ન હોય તો છોકરીઓને મુશ્કેલીઓ ઊભી થાય છે.

(4) કેટલીક જાતિઓમાં છોકરીઓનાં લગ્ન વહેલા થઈ જાય છે.

(5) કૌટુંબિક જવાબદારીને કારણે લગ્ન કર્યા પછી છોકરીઓને આગળ વધવું હોય તો પણ મુશ્કેલી ઊભી થાય, બાળઉછેરની જવાબદારી સ્ત્રીએ નિભાવવાની હોય છે.

(6) છોકરીઓ અને છોકરાઓ માટે એક જ પ્રકારનો અભ્યાસક્રમ છે, તેથી છોકરીઓને રસ પડે તેવા અભ્યાસક્રમ ખાસ જોવા મળતો નથી.

(7) ગામડાઓમાં છોકરીઓ ખેતીવાડી માટે કે શ્રમ માટે મદદરૂપ થતી હોવાથી તેમને મન શિક્ષણનું મહત્ત્વ નથી.

(8) ગામડાઓમાં નોકરી મેળવવા માટે ખૂબ જ મુશ્કેલીઓ સહન કરવી પડે છે. નોકરી મળે તો પણ દૂરના સ્થળે નોકરી માટે જવું પડે છે.

(9) નિરક્ષર વાલીઓ છોકરીઓનાં શિક્ષણમાં રસ દાખવતાં નથી.

(10) સમાજમાં કોઈ પણ એક સ્થળે શિક્ષિત કન્યા વિધવા થઈ હોયતો લોકોમાં એવી માન્યતા છે કે ''કન્યાઓ ભણે એટલે વિધવા થાય'' આજ કારણે છોકરીઓનાં શિક્ષણમાં અવરોધો ઊભા થતા જોવા મળે છે.

(11) અમુક જ્ઞાતિમાં ભણેલાં છોકરાઓ મળતાં નહીં હોવાથી કન્યાઓ ભણેતો તેને જીવનસાથી મેળવવાની મુશ્કેલી નડે છે.

(12) મિશ્ર શાળાઓમાં છોકરીઓને મોકલવાનું કેટલાક રૂઢિચુસ્ત વાલીઓ પસંદ કરતાં નથી.

(13) રૂઢિચુસ્ત સમાજને પોતાની તરુણ છોકરી પુરુષ શિક્ષકના હાથ નીચે અભ્યાસ કરે તે રુંચતું નથી.

(14) આંતરજ્ઞાતિય લગ્ન છોકરી કરે તો સમાજ એ પગલાંને શિક્ષણનું પરિણામ ગણે છે, તે છોકરીઓનાં શિક્ષણમાં અવરોધક બને છે.

(15) પ્રાથમિક કે માધ્યમિક તબક્કે સર્જાતી સ્થગિતતા તથા અપવ્યય સવિશેષ છે.

**4.5.2 છોકરીઓનાં શિક્ષણના અવરોધો દૂર કરવાના ઉપાયો :**

કોઠારી શિક્ષણપંચે છોકરીઓના શિક્ષણના અવરોધો દૂર કરવા માટે પણ ભાર મુકેલ છે તે અવરોધો દૂર કરવા માટે પંચે કેટલાક સૂચનો સરકારને કરેલ છે, છોકરીઓના શિક્ષણના અવરોધો દૂર કરવા નીચે પ્રમાણે પ્રયત્નો કરવા જોઈએ :

(1) છોકરીઓને અનુકૂળ આવે તેવી ખંડ સમયની નોકરીની વ્યવસ્થા કરવી.

(2) છોકરીઓ નોકરીમાં જાય તે માટે વધુ પ્રલોભન પૂરા પાડવા જોઈએ.

(3) માધ્યમિક શાળોમાં છોકરી માટે ટકાવારીનું પ્રમાણ વધારવું જોઈએ.

(4) છોકરીઓ માટેની અલગ શાળાઓ ઊભી કરવી, તેમાં નોકરી માટે છોકરીઓને જ પસંદગી આપવી.

(5) છોકરીઓને માટે શિક્ષણનાં દરેક સ્તરે મફત કરવામાં આવેલ છે.

(6) છોકરીઓને રસ પડે તેમજ અનુકૂળ આવે તેવો અભ્યાસક્રમ દાખલ કરવો.

(7) રૂઢિચુસ્ત વાલીઓ શિક્ષણમાં રસ લેતા થાય તે માટે પ્રયત્ન કરવા, વાલીઓને સમાજ શિક્ષણ અને પૌઢ શિક્ષણ પૂરું પાડવું.

(8) છોકરીઓના શિક્ષણ માટે વધુ પ્રમાણમાં પ્રચાર કરવો.

(9) છોકરીઓ માટે પૂર્ણ સમયની નોકરી માટેની તકો વધારવી.

(10) અભ્યાસક્રમમાં ગૃહશિક્ષણને મહત્ત્વ આપવું જોઈએ.

ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યમાં તો તમામ કક્ષો છોકરીઓનું શિક્ષણ મફત કરવામાં આવ્યું છે, પરિણામે છોકરીઓની કેળવણીને કંઈક અંશે ઉત્તેજન મળ્યું છે.

**4.6 પછાત વર્ગોના સંદર્ભમાં સમાન તક :**

પછાત વર્ગોમાં હરિજનો, આદિવાસીઓ અને અન્ય વિચરતી જાતિઓનો સમાવેશ થાય છે. સાચી લોકશાહી સ્થાપવી હશે તો તેમને માટે પણ શિક્ષણની સમાન તકો પૂરી પડાવી પડશે. આદિવાસી પ્રજા ખૂબ રખડું જીવન પસાર કરે છે. તેમના શિક્ષણની વ્યવસ્થા કરવી ખૂબ મુશ્કેલ છે. તેઓ સ્થાયી જીવન જીવે તે માટે તેમને સહાય કરવી જોઈએ તેમના જીવનમાં પરિવર્તન લાવવા માટે પ્રયત્નો કરવા પડશે. પરિવર્તન લાવવા માટે તેની મુશ્કેલીઓનો પ્રથમ અભ્યાસ કરવો પડશે. ભારતની વસ્તીના 18.7 ટકા હરિજનો છે. જો સમાન તક હોત તો બીજી જાતિના જે બાળકો અભ્યાસ કરે છે, તેના 18.7 ટકા હરિજન હોત, પરંતુ હવે આ અસમાનતા ઘટી જાય છે. આદિવાસી વસ્તી પણ 6.4 ટકા છે. જો શિક્ષણની સમાન તકો આ જાતિ માટે હોત તો આ લોકોનો પણ વિકાસ થયેલો જોવા મળત.

**4.6.1 પછાત વર્ગને શિક્ષણની સમાન તકના અવરોધો :**

પછાત વર્ગો માટે શિક્ષણની સમાન તકના અવરોધો નીચે મુજબ છે :

**(1) ભટકતું જીવનઃ**

પછાત વર્ગના મોટા ભાગના લોકો ભટકતું જીવન પસાર કરે છે. તેમનું જીવન સ્થાયી ન હોવાથી તેમના બાળકોની નોંધણી કરવાનું કાર્ય મુશ્કેલરૂપ બની જાય છે. તેથી શિક્ષણમાં સમાન તકના અવરોધો ઊભા થતા જોવા મળે છે.

**(2) પૂરતી સગવડતાનો અભાવ :**

પછાત વર્ગના બાળકો માટે શિક્ષણની પૂરતી સગવડતાનો અભાવ જોવા મળે છે. 1988-89ના વર્ષમાં સરકાર પોતે 15 હાઈસ્કૂલ છાત્રાલયોની સગવડ સાથે શરૂ કરે એવી નાણાંકીય જોગવાઈ કરવામાં આવી હતી, પરંતુ કમનસીબે આવી હાઈસ્કૂલ શરૂ થઈ નથી. પછાત વર્ગના બાળકો માટે પૂરતા પ્રમાણમાં સગવડતાઓ ન મળવાથી શિક્ષણમાં સમાન તક લાવવામાં અવરોધો ઊભા થાય છે.

**(3) ચોક્કસ ભાષાનો અભાવ :**

પછાત વર્ગની કોઈ ચોક્કસ ભાષા નથી, તેમજ તેમની ભાષામાં શિક્ષણ આપી શકાય તેવી વ્યવસ્થાઓ પણ શાળામાં જોવા મળતી નથી, તેથી શિક્ષણમાં સમાન તકો લાવવા માટે અવરોધો ઊભા થાય છે.

**(4) તેમની ભાષામાં શિક્ષણ કાર્ય કરી શકે તેવા શિક્ષકોનો અભાવ :**

પછાત વર્ગની ભાષામાં શિક્ષણ કાર્ય થઈ શકે તેવી ભાષાના શિક્ષકોનો અભાવ જોવા મળે છે. તેમની ભાષામાં શિક્ષણ કાર્ય ન થતું હોવાથી શિક્ષણમાં રસ પડતો નથી.

**(5) પૂરતા પ્રમાણમાં હૉસ્ટેલનો અભાવ :**

પછાત વર્ગના બાળકોને જોઈએ તેટલી હૉસ્ટેલનો અભાવ જોવા મળે છે. સરકાર 1988-89નાં વર્ષમાં 15 હાઈસ્કૂલ છાત્રાલયો (હૉસ્ટેલ) ની સગવડ સાથે શરૂ કરશે તેવું આયોજન કરવામાં આવેલુ હતું, પરંતુ તે વ્યવસ્થા થઈ શકી નથી. તેથી પૂરતા પ્રમાણમાં હૉસ્ટેલની વ્યવસ્થા ન હોવાથી તેમજ ભટકતું જીવન ગાળતા હોવાથી હોસ્ટેલની સગવડની ખાસ જરૂર છે. તેના અભાવે અવરોધો ઊભા થાય છે.

**(6) નજીકના વિસ્તારમાં ઓછી શાળાઓ :**

પછાત વર્ગનો જે વિસ્તાર આવેલો છે તે વિસ્તારની નજીકમાં ખૂબ જ ઓછી શાળાઓ આવેલી છે. તેથી શિક્ષણ લેવા માટે રહેઠાણના સ્થળથી દૂરના સ્થળે જવું પડે છે.દૂરના સ્થળે શિક્ષણ માટે જવાની કેટલીક મુશ્કેલીઓ પડે છે. ખાસ તો છોકરીઓને દૂરના સ્થળે મોકલવાનું પસંદ કરતાં નથી.

**(7) વસ્તીથી દૂરના સ્થળે રહેવાનું વલણ :**

પછાત વર્ગના લોકો તેમાં ખાસ કરીને આદિવાસી લોકો વસ્તીથી દૂરના સ્થળે રહેવાનું વલણ ધરાવે છે. ત્યાં નજીકના વિસ્તારોમાં શાળાઓનો અભાવ જોવા મળે છે, તેથી શિક્ષણમાં સમાનતક પ્રાપ્ત થઈ શકતી નથી.

**(8) માનસિક શક્તિનો ઓછો આંક :**

પછાત વર્ગના બાળકોની માનસિક શક્તિનો આંક ઓછો જોવા મળે છે. અન્ય બાળકોની સરખામણીમાં તેઓ ખૂબ પાછળ રહી જાય છે. તેથી આ બાળકોમાં અપવ્યય અને સ્થગિતતાનું વધુ પ્રમાણ જોવા મળે છે. માનસિક શક્તિનો આંક ઓછો હોવાથી કંટાળી શાળા છોડી દે છે.

**(9) અભણ વાલીઓ :**

વાલીઓ મોટા ભાગે વધુ પ્રમાણમાં અભણ છે. તેથી તેમના બાળકોના શિક્ષણમાં ઓછો રસ લે છે. અભણ વાલી હોવાથી શિક્ષણમાં સમાન તક માટે અવરોધો ઊભા થાય છે.

**(10) શિક્ષણના પ્રચારના માધ્યમનો અભાવ :**

પછાત વર્ગમાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટે પ્રચારના માધ્યમનો અભાવ જોવા મળે છે. પ્રચાર માટેના માધ્યમોનો ઓછો ઉપયોગ થવાથી શિક્ષણનું મહત્ત્વ સમજતાં નથી, તેમજ તેમને રસ પણ પડતો નથી.

**(11) રૂઢિ ચુસ્ત માનસઃ**

રૂઢિચુસ્ત મનસ ધરાવતાં હોવાથી તેમનામાં વહેમ, અંધશ્રદ્ધા, અજ્ઞાનતા વગેરેનું પ્રમાણ વધુ જોવા મળે છે, આવી માન્યતાને કારણે શિક્ષણમાં ઓછો રસ પડે છે.

**4.6.2 પછાત વર્ગની શિક્ષણની સમાન તકરના અવરોધો દૂર કરવાના ઉપાયો :**

પછાત વર્ગની સમાન તકના અવરોધો દૂર કરવાના ઉપાયો નીચે પ્રમાણે છે :

**(1) અભ્યાસ માટે પૂરતી સગવડતાઓ ઊભી કરવી :**

વિદ્યાર્થીઓને અભ્યાસમાં જરૂર પડતી જરૂરી સગવડતાઓ ઊભી કરવી. રહેવા માટે હૉસ્ટેલ, પાઠ્યપુસ્તકો તેમજ અન્ય સગવડતાઓ આપવી જેથી અભ્યાસ પ્રત્યે વધુ રસ ઉત્પન્ન થાય.

**(2) રિસેસમાં નાસ્તાની વ્યવસ્થા કરવી :**

પછાત વર્ગના લોકો આર્થિક રીકે નબળા હોય છે. બે વખત ખાવાનું પણ મળતું નથી, ખાવાનું મેળવવા માટે કામે જવું પડે છે, તેથી શાળામાં અભ્યાસ માટે આવતાં નથી. શિક્ષણમાં સમાન તક ઊભી થાય તે માટે રિસેસમાં નાસ્તાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

**(3) પાર્ટ ટાઈમ શિક્ષણની વ્યવસ્થા કરવી :**

પછાત વર્ગના બાળકોને રોજી રોટી માટે કામે જવું પડે છે, તેથી વધુ સમય શાળામાં આવી શક્તા નથી, તેથી આ લોકોને તેના નવરાશના સમયે શિક્ષણ મળી રહે તેવી પાર્ટ ટાઈમ શિક્ષણની વ્યવસ્થા ઊભી કરવી જોઈ.

**(4) અનુકૂળ ભાષામાં પાઠ્યપુસ્તક તૈયાર કરવા :**

પછાત વર્ગના લોકોને અનુકૂળ હોય તેવી ભાષામાં પાઠ્યપુસ્તક તૈયાર કરવાં જોઈએ. પોતાની ભાષામાં પાઠ્યપુસ્તક તૈયાર થવાતી શિક્ષણ પ્રાપ્ત કરવામાં રસ ઉત્પન્ન થશે.

**(5) રૂઢિ ચુસ્ત માનસ દૂર કરવા પ્રયત્નો કરવા :**

પછાત વર્ગના લોકો માટે સમાજ શિક્ષણ અને પૌઢ શિક્ષણની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. શિક્ષણ મેળવવાથી તેમનામાં રૂઢિચુસ્ત માનસ દૂર થશે. શિક્ષણમાં રસ લેતા થશે.

**(6) આર્થિક સહાય :**

પછાત વર્ગના બાળકો આર્થિક રીતે નબળા છે, તેથી તેમને મદદરૂપ થઈ શકાય તે માટે શિષ્યવૃત્તિઓની સગવડતાઓ આપવી. આર્થિક સહાય મળવાથી શિક્ષણમાં રસ ઉત્પન્ન થશે.

**(7) જરૂરિયાત પ્રમાણે વેકેશન ગોઠવવું :**

વર્ષમાં અમુક સમયે ખેતીનું કામકાજ વધુ ચાલતું હોય છે. આવા સમયે બાળકો શાળાએ આવતા નથી, તેથી વેકેશન તેમની જરૂરિયાત અને અનુકૂળ સમયે ગોઠવવું જોઈએ.

**(8) શિક્ષણમાં જરૂરી શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો :**

પછાત વર્ગના બાળકો શિક્ષણમાં આર્થિક રીતે પછાત હોય છે તેથી શિક્ષણ કાર્યમાં વધુ સમયમાં શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે તો વધુ અસર થાય. શિક્ષણમાં વધુ રસ ઉત્પન્ન થાય.

**(9) શિક્ષકો માટે તાલીમ વર્ગો આ વિસ્તારમાં શરૂ કરવા :**

શિક્ષણ માટે વધુ વાતાવરણ ઊભું થાય તે માટે તાલીમ વર્ગો આ વિસ્તારમાં શરૂ કરવા, તેથી વાલીઓમાં પણ શિક્ષણ માટે વધુ વાતાવરણ ઊભું થશે, શિક્ષણમાં વધુ રસ લેતા થશે.

**(10) કાર્યાનુભવનો પ્રબંધ કરવો :**

શાળામાં કાર્યાનુભવનો પ્રબંધ કરવો જોઈએ, જેથી શ્રમ અને સમાજ સેવાના કાર્યો કરવા રસ

ઉત્પન્ન થશે. વાલીઓ પણ આ અંગે જાગૃત બનશે. તેથી કાર્યાનુભવના શિક્ષણ પર વધુ ભાર મૂકવો.

**(11) આ વર્ગના વિસ્તારમાં શિક્ષણ કાર્ય કરવા વધુ પ્રોત્સાહન પુરાં પાડવાં :**

શિક્ષકો આ વર્ગના વિસ્તારમાં શિક્ષણ કાર્ય કરવા તૈયાર થાય તેમજ તેમાં વધુ રસ લે છે તે માટે શિક્ષકોને વધુ પ્રોત્સાહનો પુરાં પાડવા જોઈએ, જેથી શિક્ષણનું વાતાવરણ ઉભું થશે. શિક્ષણમાં સમાન તકો ઊભી થશે.

**(12) છોકરીઓના શિક્ષણ પર વધુ ભાર આપવો :**

પછાત વર્ગની છોકરીઓ શિક્ષણમાં વધુ જોડાય તે માટે છોકરીઓના શિક્ષણ પર વધુ ભાર આપવો. છોકરીઓના શિક્ષણ માટે વધુ સગવડતાઓ પૂરી પાડવી, અલગ કન્યા શાળા ઊભી કરવી, મહિલા શિક્ષકની વધુ નિમણૂંક કરવી, જેથી શિક્ષણમાં સમાન તક પ્રાપ્ત થઈ શકે.

**(13) ધંધાકીય સહાય :**

પછાત વર્ગના બાળકો અભ્યાસ તરફ વધુ રસ લેતાં થાય તે માટે અભ્યાસ કર્યા પછી ધંધો શરૂ કરવા માટે વધુ લોનની સગવડતાઓ ઊભી કરવી, તેમજ આ વિસ્તારમાં નવા ઉદ્યોગો શરૂ કરવા પ્રયત્ન હાથ ધરવાં.

**(14) ફરતી શાળાઓ શરૂ કરવી :**

પછાત વર્ગના લોકો વધુ ભટકતું જીવન પસાર કરે છે. તેથી તેમના માટે ફરતી શાળાઓની વ્યવસ્થાઓ ગોઠવવી જોઈએ, જેથી અભ્યાસમાં વધુ રસ લેતાં થાય.

પછાત વર્ગોનાં બાળકોને સમાન તકો મળી રહે તે માટે ગુજરાત સરકારે કેટલાંક પ્રયત્નો પણ હાથ ધરેલાં છે. આ વર્ગોના બાળકો માટે જરૂરી શિક્ષણ ફી, પરીક્ષા ફી, શિષ્યવૃત્તિ, છાત્રાલય અને આશ્રમ શાળાઓની સગવડતાઓ આપવા માટેની વ્યવસ્થા કરેલ છે, આ વર્ગો માટે અઘરા વિષયો માટે વધારાના વર્ગો લેવાની વ્યસવ્થા ગોઠવેલી છે. સરકાર તરફથી આશ્રમ શાળાઓને ખાસ અનુદાન આપવામાં આવે છે. આમ આદિવાસીઓના વિકાસ માટે તેમજ અન્ય લોકો માટે ખાસ કાર્યક્રમો હાથ ધરેલાં છે, ગુજરાતમાં પ્રાથમિક શાળોમાં બપોરના વિશ્રાંતિ સમયમાં ભોજનની વ્યવસ્થા 'મધ્યાહ્ન ભોજન વ્યવસ્થા' કરવામાં આવેલી છે, પરંતુ તેમાં જોઈએ તેવી સફળતાઓ મળેલ નથી.

## 4.7 ખોડખાંપણવાળાં બાળકોના શિક્ષણનાં સંદર્ભમાં સમાન તક :

આપણી રાષ્ટ્રીય આરોગ્ય નીતિનો એક મહત્ત્વનો ઉદ્દેશ ખોડખાંપણવાળાં બાળકોની સંભાળ અને એમનો પુનર્વસવાટ છે. 1982ની રાષ્ટ્રીય આરોગ્ય નીતિના દસ્તાવેજમાં જણાવ્યું છે કે :

''મંદબુદ્ધિના, બહેરાં, મૂંગા, શારીરિક રીતે અપંગ, અશક્ત વગેરેને તંદૂરસ્તી લાવવા તેમજ એમની તબીબી સંભાળ માટે સુસંકલિત કાર્યક્રમો શરૂ કરવા, આની સાથોસાથ વિવિધ પ્રકારનું અપંગપણું દૂર કરી શકાય તે માટે પણ સુસંગઠિત કાર્યક્રમો શરૂ કરવા, વધુમાં 20મી ઓગસ્ટ 1986ના દિવસે જાહેર કરવમાં આવેલાં નવા વીસ સૂત્રી કાર્યક્રમમાં આઠમી વિગત તરીકે સહુને આરોગ્ય બક્ષવાના કાર્યક્રમનો સમાવેશ થાય છે અંધત્વ, અપંગો, મહારોગો વગેરેની નાબૂદી તરફ ખાસ ભાર આપવામાં આવ્યો છે.

સરકારે અપંગોના પ્રશ્નોના ઉકેલ માટે કેટલાંક લક્ષ્યાંકો સિદ્ધ કરવા કેટલાંક પ્રોજેક્ટ હાથ ધરેલ છે.

- **દેશની 1881ની વસ્તી ગણતરી મુજબ 68 કરોડની કુલ વસ્તીમાં :**

| | **લાખ** |
|---|---|
| • હાડકાંની ખોડખાંપણવાળાની વસ્તી | 54.3 |
| • અંધ જનો | 34.7 |
| • બહેરાં અને મૂંગા | 27.5 |
| • શારીરિક રીતે અશક્ત | 6.2 |
| • રક્તપિત્તથી પીડાતી લોકોની સંખ્યા | 32.0 |

શારીરિક રીતે ખોડખાંપણવાળા બાળકની શિક્ષણની જવાબાદીર સમાજની પણ ખરી જ. લૂંલા, લંગડાં, બહેરાં, મૂંગાં, અશક્ત, અંધ પાંગળાં વગેરે શારીરિક રીતે ખોડખાંપણવાળાં બાળકોનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986ના સંદર્ભમાં વિચારીએ તો શારીરિક ક્ષતિઓ ધરાવતાં બાળકોને માટે જિલ્લા કક્ષાએ ખાસ નિવાસી શાળાઓની જોગવી કરવામાં આવશે. શારીરિક રીતે અશક્તોને માટે વ્યવસાયિક તાલીમની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે. શારીરિક ક્ષતિવાળા બાળકોને શિક્ષણ આપનાર પ્રાથમિક શાળાના શિક્ષકોનો તાલીમી કાર્યક્રમો ઉપર આ શિક્ષણ નીતિ ખાસ ભાર મૂકે છે. દૃષ્ટિ ઓછી, બોલચાલની સાધારણ ક્ષતિવાળા તથા અપંગ બાળકોને સામાન્ય બાળકોની સાથે જ શિક્ષણ આપવામાં આવશે.

શિક્ષણમાં સમાન તક માટેના પ્રયત્નોમાં શારીરિક રીતે ખોડખાંપણવાળા બાળકોને શિક્ષણનો લાભ ન મળે તો અન્યાય જ લેખાય, લૂલાં, બહેરાં, લંગડા, મૂંગાં, અશક્ત વગેરે શારીરિક ખોડખાંપણવાળા બાળકોને વિશિષ્ટ શિક્ષણની જોગવાઈ કરી શિક્ષિત કરી શકાય. આ બાળકોમાં પણ કેટલીક વિશિષ્ટ શક્તિઓ પડેલી છે, તેથી તેને શિક્ષણમાં સમાન તકો મળવી જોઈએ. આ વર્ગના લોકો લઘુતાગ્રંથિથી ન પીડાય તે માટે પણ શિક્ષણમાં સમાન તકો ઊભી કરવી જોઈએ.

**4.7.1 ખોડખાંપણવાળા બાળકોના શિક્ષણમાં સમાન તકની મુશ્કેલી :**

ખોડખાંપણવાળા બાળકોના શિક્ષણમાં સમાન તક લાવવા માટે કેટલીક મુશ્કેલીઓ જોવા મળે છે જે નીચે મુજબ છે :

**(1) મૂલ્યાંકન :**

ખોડખાંપણવાળા બાળકોમાં વિવિધ પ્રકારના બાળકોનો સમાવેશ થાય છે. તેના માટે શિક્ષણની વ્યવસ્થા ગોઠવવામાં આવે પરંતુ આ બાળકોનું મૂલ્યાંકન કઈ રીતે કરવું તે એક મુશ્કેલી છે. તેથી શિક્ષણમાં સમાન તક લાવી શકાતી નથી.

**(2) સુવિધાઓનો અભાવ :**

આ વર્ગના બાળકો માટે જરૂરી શિક્ષણ માટે વ્યવસ્થાનો અભાવ જોવા મળે છે. આ વર્ગમાં વિવિધ પ્રકારનાં બાળકો જોવા મળે છે. આ બધા માટે સગવડ કરવી મુશ્કેલરૂપ બની જાય છે. સગવડતાને અભાવે શિક્ષણમાં સમાન તક લાવવામાં મુશ્કેલીઓ ઊભી થાય છે.

**(3) તાલીમી સંસ્થાઓનો અભાવ :**

લૂલાં,લંગડાં, બહેરાં, મૂંગા, અશક્ત, શારીરિક રીતે ખોડખાંપણવાળા વગેરે બાળકો માટે તાલીમી સંસ્થાઓનો અભાવને કારણે શિક્ષણ આપવાની વ્યવસ્થા મુશ્કેલ બની જાય છે.

**(4) ભાષાની મુશ્કેલીઓ :**

આ વર્ગની બાળકોને શિક્ષણ આપવામાં ભાષામાં મુશ્કેલીઓ ઊભી થાય છે. તેમની ભાષામાં શિક્ષણ આપનાર શિક્ષકોનો અભાવ જોવા મળે છે. તેથી અન્ય ભાષામાં શિક્ષણ મેળવવાની મુશ્કેલીઓ ઊભી થાય છે.

**(5) લઘુતાગ્રંથિ :**

આ વર્ગની શારીરિક ખોડખાંપણની મુશ્કેલી હોવાતી લઘુતાગ્રંથિથી પીડાય છે. અન્ય બાળકોની સાથે શિક્ષણ મેળવી શક્તાં નથી.

**(6) અન્ય બાળકો અપમાનની દૃષ્ટિથી જુએ :**

શાળામાં અન્ય બાળકો સાથે ખોડખાંપણવાળા બાળકો શિક્ષણ લેતાં અન્ય બાળકો અપમાનની નજરે જુએ છે. અન્ય બાળકો અપમાનની દૃષ્ટિથી જોતા હોવાથી લઘુતાગ્રંથિથી પિડાય છે. તેથી શિક્ષણમાં સમાન તક ઊભી કરવામાં મુશ્કેલીઓ ઊભી થાય છે.

**(7) વર્ગમાં અટૂલાં પડી જાય :**

વર્ગમાં આ પ્રકારના બાળકોની સંખ્યા ખૂબ જ ઓછી જોવા મળે છે. તેથી અન્ય વર્ગના બાળકો સાથે શિક્ષણ આપવામાં આવે તો વર્ગમાં તેઓની સંખ્યા ઓછી હોવાથી અટૂલાં પડી જતાં શિક્ષણમાં રસ રહેતો નથી.

**(8) સમાજ દ્વારા અવગણના :**

આ વર્ગના બાળકો તરફ સમાજ પણ તિરસ્કારની નજરે જુએ છે. આ બાળકોને એમ થાય છે કે અમારી અવગણના થઈ રહી છે. એટલે લઘુતાગ્રંથિથી પીડાય છે. શિક્ષણમાં પૂરતાં પ્રમાણે ધ્યાન કેન્દ્રિત કરી શકતાં નથી. તેથી શિક્ષણમાં સમાનતક લાવવા માટે મુશ્કેલીઓ ઊભી થાય છે.

**(9) વ્યાવસાયિક શિક્ષણનો અભાવ :**

આ વર્ગના બાળકોને જલદી નોકરી મળી જાય તે પ્રકારના વ્યાવસાયિક અંગેની તાલીમ આપવામાં આવતી નથી, વ્યાવસાયિક શિક્ષણમાં અભાવને લીધે શિક્ષણમાં તમાન તક લાવી શકાતી નથી.

તાલીમ આપવાની વ્યવસ્થા જોવા મળે છે ખરી, પરંતુ તે વસ્તુની બજારમાં માંગ ઓછી જોવા મળે છે.

દા.ત. વણાટકામ, મીણબત્તી, સાબુ વગેરે, અપંગો તેથી પૂરતા પ્રમાણમાં રોજી મેળવી શકતા નથી.

**(10) ગ્રામ વિસ્તારોની ઉપેક્ષા :**

ખાનગી સંસ્થાઓ મોટા ભાગે શહેરી વિસ્તારોમાં સારવાર માટેની સંસ્થાઓ સ્થાપવાનું પસંદ કરે છે.સગવડો મેળવવા માટે લાંબા અંતરની મુસાફરી કરવી પડે છે. કેટલાંક રાજ્યો એવાં છે કે અપંગોની સંભાળ માટે કોઈ સગવડ નથી. પોતાના કુટુંબના સભ્યને ક્યાં લઈ જવો એ મોટો પ્રશ્ન ઊભો થાય છે. ગરીબ લોકો મજૂરીની ચિંતામાં ડૂબેલાં હોય છે. મજૂરીને ધ્યાનમાં રાખી નિર્ણય લે છે. એમનાં સમગ્ર કુટુંબનો આધાર દૈનિક મજૂરી ઉપર હોય છે. ગ્રામ વિસ્તારોમાં અપંગોના ઘણાં બધાં કિસ્સાઓ અજ્ઞાનનું પરિણામ છે.

**4.7.2 ખોડખાંપણવાળાં બાળકોના સમાન તકના અવરોધો દૂર કરવાના ઉપાયો :**

આવા બાળકોના શિક્ષણ માટે શિક્ષણની વિશિષ્ટ પ્રકારની જોગવાઈ કરી શકાય. પ્રત્યેક લોકશાહી દેશ આવા બાળકોની શિક્ષણની વ્યવસ્થા કરે છે જ, સમાજને પણ ખ્યાલ આવી ગયો છે કે આવા બાળકોમાં પણ કેટલીક વિશિષ્ટ શક્તિઓ પડેલી છે. આવી શક્તિઓનો યોગ્ય વિકાસ કરવામાં આવે તો દેશના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપી શકે તેમ છે. આવા બાળકો શિક્ષણ લીધા વગરે લઘુતાગ્રંથિથી પીડાતાં હોય છે,તેથી સમાજે આવા  બાળકોના શિક્ષણ માટે સગવડતાઓ પૂરી પાડવી જોઈએ. સેવાનું કાર્ય સમાજે ઉપાડી લેવું જોઈએ. આ પ્રકારના બાળકોના શિક્ષણ અંગે નીચે જેવી કેટલીક બાબતો વિચારી શકાય :

**(1) અલગ શાળાની વ્યવસ્થા કરવી :**

આ વર્ગના બાળકો અન્ય વર્ગના બાળકો સાથે શિક્ષણ મેળવી શકતા નથી, તેના માટે કેટલાંક પ્રશ્નો ઊભા થાય છે, તેથી આ વર્ગના બાળકો માટે અલગ શાળાની વ્યવસ્થા કરવી, જેથી લઘુતાગ્રંથી વગર શિક્ષણ મેળવી શકે.

**(2) જીવન જરૂરિયાતની વસ્તુઓ તૈયાર કરે :**

આ વર્ગના બાળકો જીવન જરૂરિયાતન વસ્તુઓ તૈયાર કરી શકે તે માટે ઔદ્યોગિક તાલીમ આપવા માટેના શિક્ષણની વ્યવસ્થા કરવી જેથી સમાજમાં તેમનું માન સચવાય.

**(3) નોકરી માટે પ્રથમ પસંદગી :**

આ વર્ગના બાળકો શિક્ષણ મેળવ્યા પછી તરત જ નોકરી મળી જાય તે માટે અનામત જગ્યાઓ ઊભી કરવી જોઈએ. અનામત જગ્યાઓ પૂરાય જ તે માટેનો ખાસ આગ્રહ રાખવો. જેથી શિક્ષણ લેવા માટેનો રસ ઉત્પન્ન થાય.

**(4) જરૂરી વિશેષ સગવડો પૂરી પાડવી :**

આ વર્ગના બાળકોને જરૂરી હોય તેવી વિશેષ પ્રકારની સગવડો પૂરી પાડવી જોઈએ. શિક્ષણ માટે જરૂરી વિશેષ સગવડ મળવાથી શિક્ષણ લેવા માટે રસ ઊભો થશે.

**(5) વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ :**

આ વર્ગના બાળકોને અનુકૂળ હોય તેવી વિશિષ્ટ પ્રકારની શિક્ષણ આપવા માટેની પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ. તેને અનુકૂળ શિક્ષણમાં પદ્ધતિઓનો ઉપયોગ થવાથી શિક્ષણમાં સમાન તક લાવી શકશે.

**(6) વિશિષ્ટ લિપિનો ઉપયોગ :**

અંધ બાળકો માટે વિશિષ્ટ પ્રકારની લિપિ દ્વારા શિક્ષણ આપવાની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. આ બાળકોને તેને અનુરૂપ લિપિનો ઉપયોગ થવાથી શિક્ષણમાં સમાનતક લાવવામાં અનુકૂળતાઓ ઊભી થશે.

**(7) વાણી અને ભાષાનો ઉપયોગ :**

આ વર્ગના બાળકો માટે જે બાળકોને વાણી અને ભાષાના શિક્ષણ દ્વારા શિક્ષણ આપવાની જરૂર હોય તેને આપવા માટેની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. ખાસ કરીને મૂંગાં બાળકો માટે ખાસ ભાષાની જરૂર પડે છે.

**(8) મૂલ્યાંકન માટે વિશિષ્ટ જોગવાઈ :**

આ વર્ગમાં વિવિધ પ્રકારનાં બાળકો જોવા મળે છે. તેથી મૂલ્યાંકન માટે દરેકને એક સરખી રીત અનુકૂળ ન આવે તેથી જે પ્રકારના બાળકો હોય તે પ્રકારની મૂલ્યાંકન માટેની પદ્ધતિ અપનાવવી જોઈએ. જેથી યોગ્ય ન્યાય આપી શકાય.

**(9) શિક્ષક અને વિદ્યાર્થીઓનું પ્રમાણ મર્યાદિત રાખવું :**

આ વર્ગના બાળકો માટે વ્યક્તિગત શિક્ષણની જરૂર પડે છે. તેથી વર્ગમાં મર્યાદિત સંખ્યા રાખવી જોઈએ. વર્ગમાં 1:10નું પ્રમાણ હોય શિક્ષકો વ્યક્તિગત રીતે બરાબર ધ્યાન આપી શકે, જેથી બાળકોને જરૂરી માર્ગદર્શન મળવાથી શિક્ષણમાં વધુ રસ ઉત્પન્ન થાય.

**(10) શિક્ષકોને તાલીમ આપી તૈયાર કરવા :**

આ વર્ગના બાળકો માટે વિશિષ્ટ પ્રકારની શિક્ષણ વ્યવસ્થા કરવી પડે છે. તેથી શિક્ષકોને જરૂરી તાલીમ આપી તૈયાર કરવા જોઈએ. જેથી તેમને પણ શિક્ષણ કામ કરવામાં રસ ઉત્પન્ન થાય.

**(11) સંશોધન અને પ્રયોગો હાથ ધરવા :**

આ વર્ગના શિક્ષણ માટે તેમજ તેમનાં પ્રશ્નો અંગે જરૂરી સંશોધનો અને પ્રયોગો હાથ ધરવાં જોઈએ, તે માટે શિક્ષકોને જરૂરી પ્રોત્સાહન તેમજ નાણાંકીય જોગવાઈની વ્યવસ્થા પણ કરી આપવી જોઈએ. જેથી આ વર્ગના બાળકો માટે શિક્ષણમાં પરિવર્તન લાવી શકાય.

**(12) વિદેશી સહાય :**

અપંગોની સારવાર, તાલીમ, પુનર્વસવાટની સરકારી સંસ્થાઓના નિભાવ માટેનાં બધાં જ નાણાં સરકાર પૂરાં પાડે છે. એના કર્મચારી સરકારી નિયમોને આધીન છે. ખાનગી સંસ્થાઓની નાણાંકીય મદદ પણ મળે છે. દેશમાં ખાસ કરીને નાણાંકીય સાધનોની તંગી છે. એના કારણે આપણી ઘણી ખાનગી સંસ્થાઓ આજે ઘણાં વર્ષોથી વિદેશમાંના લોકો અને સંસ્થાઓના ફાળા ઉપર આધાર રાખતી થઈ છે. ગમે તેમ પણ હમણાંથી સરકારે આવા વિદેશી ફાળા સ્વીકારવા ઉપર અંકુશો મૂક્યા છે. ખ્રિસ્તી સંગઠનો આ ક્ષેત્રે કાર્ય કરે છે અને ફાળાઓ એકઠાં કરે છે.

## 4.8 શિક્ષણમાં સમાન તક માટે કોઠારી પંચના સૂચનો :

શિક્ષણમાં સમાન તક માટે કોઠારી પંચના સૂચનો નીચે પ્રમાણે દર્શાવી શકાય :

**(1) શિષ્યવૃત્તિઓ વધારવી :**

માધ્યમિક કક્ષાએ શિષ્યવૃત્તિઓની સંખ્યા વધારવી જોઈએ. આર્થિક રીતે ગરીબ વિદ્યાર્થીઓને તેનો લાભ મળી શકે.

**(2) મફત શિક્ષણ :**

શિક્ષણના તમામ તબક્કે ફી નાબૂદ કરી દેવીજોઈએ અને તમામ તબક્કાનું શિક્ષણ મફત કરવું જોઈએ. આ માટેનાં પગલાં ક્રમિક રીતે વિચારી કાઢવાં જોઈએ. ગુજરાતમાં માધ્યમિક કક્ષાએ શિક્ષણ ફીની નાબૂદી થઈ છે.

**(3) બુક બેંકો :**

પંચે આ કાર્ય અંગે ઉમદા સૂચન કર્યું છે. દરેક માધ્યમિક શાળામાં પાઠ્યપુસ્તકોના સેટ વસાવવાં જોઈએ, જેથી જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને તેનો લાભ મળી શકે. ગુજરાતમાં માધ્યમિક કક્ષાએ પાઠ્યપુસ્તકના સેટ મફત આપવામાં આવે છે.

**(4) કન્યાઓના શિક્ષણ પર ભાર મૂકવો :**

કોઠારી પંચે કન્યાઓના શિક્ષણ પર ભાર મૂક્યો છે અને ખાસ કરીને પછાત વર્ગની કન્યાઓના શિક્ષણ પર ભાર મૂક્યો છે. રાજ્યો દ્વારા યોગ્ય વહીવટી સ્ત્રી કેળવણીના કાર્યક્રમનું આયોજન, ખંડ સમયની નોકરીઓ તથા વ્યવસાયો ઊભા કરવાની પંચો ભલામણો કરે છે.

**(5) હૉસ્ટેલની વ્યવસ્થા :**

આદિવાસી વિસ્તારોમાં પછાત વર્ગના વિદ્યાર્થીઓ શિક્ષણની તકો સરળતાથી મેળવી શકે તે માટે હૉસ્ટેલની વ્યવસ્થા વધારવી જોઈએ. આવી શાળાઓમાં છાત્રાલયની પણ સગવડતા જોઈએ. આદિવાસી બાળકોનો ખર્ચ પણ સરકારે ઉપાડી લેવો જોઈએ. અન્ય શાળાઓમાં ભણતા આદિવાસી હરિજનોનાં બાળકોનો રહેવા-જમવાનો ખર્ચ પણ સરકારે ઉપાડવો.

ગુજરાતના સાબરકાંઠા, મહેસાણા, ડાંગ, વગેરે જેવા આદિવાસી વસ્તીવાળા જિલ્લાઓમાં આશ્રમશાળાઓ સ્થાપી છે.

**(6) પ્રતિભાની ખોજ :**

માધ્યમિક કક્ષા પ્રતિભાની ખોજ માટે મહત્ત્વની કક્ષા છે. આમાં સહાયભૂત થવા માટે દરેક રાજ્યે કસોટી સેવાનું આયોજન કરવું જોઈએ. ગુજરાતમાં આ પ્રકારનું આયોજન કરેલ છે.

**(7) આદિવાસીઓનું શિક્ષણ :**

પંચ જણાવે છે કે આદિવાસીઓના શિક્ષણનું વિકાસ ચિત્ર અસમતોલ છે. આદિવાસી બાળકોના શિક્ષણ ટકા કોઈ કક્ષાએ 25થી વધારે નથી. આમના માટે શિક્ષણનો વધુ વિકાસ કરવો પડશે. તેમના શૈક્ષણિક પ્રશ્નો, અભ્યાસ ટેવો, માનસિક યોગ્યતા વગેરેનો અભ્યાસ હાથ ધરવો જોઈએ.

**(8) પ્રાદેશિક અસમતોલન નાબૂદી :**

પ્રાદેશિક અસમતુલા શિક્ષણની સમાન તકોના નિર્માણ અંતરાયરૂપ છે. તેને દૂર કરવા કોઠારી પંચે ભલામણ કરી છે, જે રાજ્યોમાં શૈક્ષણિક સવલતો વિશેષ હોય છે ત્યાં શિક્ષણની તકોનો સારો લાભ લે છે. જ્યારે પછાત રાજ્યોમાં શિક્ષણનો ઓછો લાભ મળે છે.

આમ, પ્રાદેશિક અસમતુલાનું નિર્માણ થાય છે. પ્રાદેશિક અસમતુલા દૂર કરવા દરેક રાજ્યે વિકાસનો લઘુતમ આંક નક્કી કરવો જોઈએ. જે રાજ્યો આ આંકથી નીચે હોય તેમને ઉદાર આર્થિક સહાય અને માર્ગદર્શન આપી સમતોલન દૂર કરવું પડે છે.

રાષ્ટ્ર કક્ષાએ રાજ્ય રાજ્ય વચ્ચેની શૈક્ષણિક અસમાનતા દૂર કરવા ભારત સરકારે પ્રયાસ કરવા પડશે.

## 4.9 સારાંશ : (Let us sum up)

- શિક્ષણની સમાન તકના નિર્ણય માટે આપણા દેશે હજી પણ વિશેષ પ્રમાણમાં કામ કરવાનું બાકી છે. તેમના તરફ જાગૃત રહેવું પડશે. આપણા દેશમાં આઝાદી પછી ઉત્પાદન ક્ષેત્રે ઔદ્યોગિક ઉત્પાદન ક્ષેત્રે લગભગ ચાર ગણો વિકાસ થયો છે, પરંતુ શિક્ષણની અસમાનતા જોતા આ ક્ષેત્રે હજી પાછળ લાગે છે. રાજ્ય સરકારોએ તથા કેન્દ્રિય સરકારે આ દિશામાં હવે જાગૃત થઈને શિક્ષણની સમાન તકોના નિર્માણ માટે પ્રયાસ કરવો પડશે. જેથી આપણો દેશ તમામ ક્ષેત્રે વિશેષ પ્રમાણમાં વિકાસ સાધે તેમાં આપણું શિક્ષિત માનવબળ સહાયભૂત થઈ શકે. સરકારને આ કામમાં મદદરૂપ થવા માટે સમાજે પણ આ કાર્ય હાથમાં લેવું પડશે. આ લોકો પ્રત્યે સહકારની ભાવના ઉત્પન્ન કરવી પડશે, તો જ આપણા દેશનો યોગ્ય વિકાસ શક્ય બનશે અને સમાજમાંથી સુષુપ્ત શક્તિઓ બહાર આવશે.

- આપણા દેશમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ છે. તેથી મતદાનનું મહત્ત્વ સમજતાં નથી. લોકશાહી દેશમાં મતદાનનું મહત્ત્વ સમજતાં થાય તે માટે શિક્ષણમાં સમાન તકની જરૂર છે.
- આપણા દેશમાં માનવ શક્તિ વણવપરાયેલી પડી રહેલી છે. તેના યોગ્ય ઉપયોગ થાય તે જરૂરી છે. શિક્ષણમાં સમાન તક ઊભી કરીને પણ વણવપરાયેલ માનવશક્તિનો ઉપયોગ થઈ શકે.
- દેશમાં જરૂરિયાત પ્રમાણે પરિવર્તન થવું જોઈએ. પરિવર્તનની પ્રક્રિયા ગતિશીલ બનાવવા માટે શૈક્ષણિક સમાનતકની જરૂર છે.
- આપણા દેશમાં નેતાની ખાસ જરૂર છે. નેતાગીરી પૂરું પાડી શકે તેવી વ્યક્તિઓની પણ જરૂર છે. શૈક્ષણિક સમાન તક પૂરી પાડીને નેતા તૈયાર કરી શકાય.
- વ્યક્તિનાં જીવનમમાં વધારે પ્રમાણમાં સમસ્યા જોવા મળે છે, તેનો ઉકેલ લાવવો જરૂરી છે. શૈક્ષણિક સમાન તક પૂરી પાડીને સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે.
- રાષ્ટ્રનો વિકાસ કરવા માટે શૈક્ષણિક સમાન તકની જરૂર છે. વ્યક્તિનું જીવન સુખી અને સરળ બને તે માટે પણ જરૂરી છે.
- શિક્ષણની સમાન તકના નિર્માણ માટે આપણા દેશે હજી પણ વિશેષરૂપે જાગૃત રહેવું પડશે. આપણા દેશમાં આઝાદી ઉત્પાદન ક્ષેત્રે, ઔદ્યોગિક ઉત્પાદન ક્ષેત્રે લગભગ ચાર ગણો વિકાસ કર્યો છે, પરંતુ શિક્ષણની અસમાનતા જોતાં એ ક્ષેત્ર હજી પાછળ લાગે છે.
- રાજ્ય સરકારોએ તથા કેન્દ્રિય સરકારે હવે આ દિશામાં જાગૃત થઈને શિક્ષણની સમાન તકોના નિર્માણ માટે પ્રયાસ કરવો પડશે, જેથી આપણો દેશ તમામ ક્ષેત્રમાં વિશેષરૂપે વિકાસ સાધે તેમાં આપણું શિક્ષિત માનવબળ સહાયભૂત થઈ શકે.

## 4.10 એકમ સ્વાધ્યાય : (Unit Exercises)

(1) સમાન શૈક્ષણિક તકની સંકલ્પના સ્પષ્ટ કરી, ભારત જેવા લોકશાહી દેશમાં સમાન શૈક્ષણિક તકની શી અગત્યતા છે તેની ચર્ચા કરો.

(2) સમાન શૈક્ષણિક તકના અવરોધો દર્શાવી, તે અંતરાયોને દૂર કરવા તમે શા ઉપાયો સૂચવો છો ?

(3) છોકરીઓની સમાન તકના કયાં કયાં અવરોધો જોવા મળે છે ? તેની ચર્ચા કરો.

(4) છોકરીઓની સમાન તકના અવરોધો દૂર કરવાના કયા ઉપાયો સૂચવશો તેની ચર્ચા કરો.

(5) પછાત વર્ગોના સંદર્ભમાં સમાન શૈક્ષણિક તકના આડે આવતા અવરોધો દર્શાવી, તે અંતરાયો દૂર કરવા તમે શા ઉપાયો સૂચવો છો ?

(6) ખોડખાંપણવાળાં બાળકોના સંદર્ભમાં સમાન શૈક્ષણિક તકના અવરોધો દર્શાવી, તે અવરોધો દૂર કરવા તમે શા ઉપાયો સૂચવો છો ?

(7) માધ્યમિક શિક્ષણમાં સમાન તકો શા માટે જરૂરી છે ? (સ.પ. 1989)

(8) 'પછાત જાતિના બાળકોના વિકાસ માટે સમાન શૈક્ષણિક તકો પૂરી પાડવી જરૂરી છે' આ અંગે તમારા મંતવ્યો મંગાવ્યા છે, નોંધ તૈયાર કરો. (સ.પ. 1989)

(9) પછાત વર્ગના વિદ્યાર્થીઓને અપાતી આર્થિક સહાયની વિતરણ વ્યવસ્થા જણાવો. તેને વધુ ફળદાયી બનાવવા માટેના ઉપાયો બતાવો. (ગુ. યુ. 1986)

(10) શિક્ષક સંઘની સભાએ તમારે 'માધ્યમિક કક્ષાએ શિક્ષણમાં સમાન તક' અંગે પ્રવચન આપવાનું છે, તો તે અંગેની નોંધ તૈયાર કરો. (સ.પ. 1990)

## 4.11 તમારી પ્રગતિ ચકાસો :

- તમારા ઉત્તરો આપેલ જગ્યામાં લખો :

(1) શૈક્ષણિક તકોની સમાનતાનો અર્થ જણાવો.

..............................................................................

..............................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) સમાન શૈક્ષણિકની કોઈ પણ ત્રણ અગત્યતા જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(3) સમાન શૈક્ષણિક તકના કોઈ પણ ત્રણ અવરોધ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(4) છોકરીઓના શૈક્ષણિક સમાતકના અવરોધો દૂર કરવાના કોઈપણ બે ઉપાય જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(5) પછાતવર્ગના સમાન તકના કોઈપણ ત્રણ અવરોધ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(6) પછાત વર્ગના સમાન તકના અવરોધો દૂર કરવાના કોઈપણ ત્રણ ઉપાય જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(7) ખોડખાંપણવાળા બાળકોની શૈક્ષણિક તકની કોઈપણ ત્રણ મુશ્કેલી જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(8) ખોડખાંપણવાળા બાળકોની શૈક્ષણિક તકની મુશ્કેલી દૂર કરવાના કોઈ પણ બે ઉપાય જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 4.12 સૂચિત સાધન સામગ્રી : (Suggested Readings)


(1) બારૈયા વી.વી. : શિક્ષણમાં વર્તમાન પ્રવાહો, પ્રતીક પ્રકાશન, આણંદ

(2) રાવલ વિનુભાઈ એમ. તથા અન્ય : કેળવણીના તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ, નીરવ પ્રકાશન, આણંદ

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-232
# સમાજના વિશિષ્ટ વર્ગોનું
# શિક્ષણ-કન્યા કેળવણી

વિભાગ

# 2

## સ્ત્રી સશક્તિકરણ


એકમ-5 સ્ત્રી સશક્તિકરણ - ૧

એકમ-6 સ્ત્રી સશક્તિકરણ - ૨

એકમ-7 સ્ત્રી સશક્તિકરણ - ૩

એકમ-8 સ્ત્રી સશક્તિકરણ - ૪

**ES-232, સમાજના વિશિષ્ટ વર્ગોનું શિક્ષણ-કન્યા કેળવણી (વિભાગ-2)**


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-225-4**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copy-rights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to ac-knowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-232 સમાજના વિશિષ્ટ વર્ગોનું શિક્ષણ-કન્યા કેળવણી


**વિભાગ-1 : મહિલા શિક્ષણ અને કન્યા કેળવણી**

1. કન્યા કેળવણીની સમસ્યા
2. ભારતીય સમાજમાં સ્ત્રીઓની સમસ્યાઓ અને ઉપાયો
3. મહિલા શિક્ષણ
4. શિક્ષણમાં સમાન તક

**વિભાગ-2 : સ્ત્રી સશક્તિકરણ**

5. સ્ત્રી સશક્તિકરણ - ૧
6. સ્ત્રી સશક્તિકરણ - ૨
7. સ્ત્રી સશક્તિકરણ - ૩
8. સ્ત્રી સશક્તિકરણ - ૪

**વિભાગ-3 : પછાત વર્ગના બાળકોની કેળવણી**

9. પછાત વર્ગોનાં બાળકોનું શિક્ષણ - ૧
10. પછાત વર્ગોનાં બાળકોનું શિક્ષણ - ૨
11. વંચિતો માટેની કેળવણી
12. અપવાદરૂપ બાળકોનું શિક્ષણ

**વિભાગ-4 : વિકલાંગ બાળકો, નિરક્ષરતા અને સ્ત્રી શિક્ષણ**

13. શારીરિક અશક્ત બાળકો
14. છેવાડાના બાળકો માટે નીતિ વિષયક માળખાની રચના
15. નિરિક્ષરતા નિવારણ કાર્યક્રમ
16. સ્ત્રીઓની સમસ્યાઓ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 5

# સ્ત્રી સશક્તિ કરણ-૧

## : રૂપરેખા :


**5.1 પ્રસ્તાવના**

**5.2 સ્ત્રી સશક્તિકરણનો અર્થ**

**5.3 સ્ત્રી સશક્તિકરણનો મહત્ત્વ**

**5.4 સ્ત્રી સશક્તિકરણ માટેના કાર્યક્રમો**

**5.5 સ્ત્રી સશક્તિકરણ માટેના વિકાસ કાર્યક્રમો**

**5.6 સ્ત્રી સશક્તિકરણ માટે સમાવેશ થતી બાબતો**

**5.7 સ્ત્રી સશક્તિકરણ માટે અવરોધો**

**5.8 સ્ત્રી સશક્તિકરણ શિક્ષણનો ઈતિહાર**

**5.9 સારાંશ**

**5.10 એકમ સ્વાધ્યાય**

**5.11 તમારી પ્રગતિ ચકાસો**

**5.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**5.13 સૂચિત વાંચન સામગ્રી**


**ઉદ્દેશો : (Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યા પછી..

(1) સ્ત્રી સશક્તિકરણનો અર્થ સમજી શકશો.

(2) સ્ત્રી સશક્તિકરણનું મહત્ત્વ સમજી શકશો

(3) સ્ત્રી સશક્તિકરણ માટેના કાર્યક્રમ સમજી શકશો.

(4) સ્ત્રી સશક્તિકરણ માટેના વિકાસ કાર્યક્રમો સમજી શકશો.

(5) સ્ત્રી સશક્તિકરણ માટે સમાવેશ થતી બાબતો સમજી શકશો.

(6) સ્ત્રી સશક્તિકરણ માટે અવરોધો સમજી શકશો.

(7) સ્ત્રી સશક્તિકરણ શિક્ષણનો ઈતિહાસ સમજી શકશે.

## 5.1 પ્રસ્તાવના :

બ્રિટીશયુગથી શરૂ થયેલી નારીમુક્તિની પ્રક્રિયા ધીમે ધીમે વધુ ઝડપી બની અને સ્વતંત્ર ભારતમાં સ્ત્રી સશક્તિકરણનો પ્રારંભ થયો. 26 જાન્યુઆરી 1950થી અમલમાં આવેલા ભારતીય બંધારણમાં લૈંગિક સમાનતાનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. સ્ત્રી અને પુરુષ બંનેને દરજ્જા અને તકની સમાનતાની ખાતરી આપવામાં આવી છે. બંધારણના આર્ટિકલ 14 અને 15માં સમાનતાનો અધિકાર બક્ષવામાં આવ્યો છે અને આર્ટિકલ 15માં જણાવવામાં આવ્યું છે કે રાજ્ય કોઈપણ નાગરિક પ્રત્યે લિંગના પાયા પર ભેદભાવ નહીં રાખે. આમ સ્ત્રી અને પુરુષને સમાનતા બક્ષવામાં આવી છે. ભારતના સામાજિક કાનૂનીકરણનો ઈતિહાર આ સમાનતા પુરવાર કરે છે. શ્રીમતી તાયા ઝિન્કીન જણાવે છે કે ''ભારતમાં નારીમુક્તિની પ્રક્રિયા ગામડા સુધી પ્રસારણ પામી છે. સ્ત્રીશિક્ષણ, સામાજિક કાયદા અને આજીવિકાની તકોએ સ્ત્રી સશક્તિકરણ દ્વારા સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.''

આમ, સ્વતંત્ર ભારતમાં વિવિધ પરિબળોને લીધે સ્ત્રીઓનું સશક્તિકરણ થઈ રહ્યું છે. સ્ત્રીઓના સશક્તિકરણમાં નીચેનાં પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે.

વિદ્યાર્થીમિત્રો, એકમ-3માં આપણે સમાજના જુદા જુદા નબળા સમૂહો વિશે માહિતી મેળવી. એક સમય એવો હતો કે જેમાં સ્ત્રીઓને અબળા ગણવામાં આવતી હતી, પરંતુ વર્તમાન સમયમાં સ્ત્રી સશક્ત બનતી જાય છે. મહિતા સશક્તિકરણના સંદર્ભમાં સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે,''વિશ્વના કલ્યાણ માટે મહિલાઓની સ્થિતિ જ્યાં સુધી સુધરશે નહિ ત્યાં સુધી વિકાસની કોઈ તક મળી શકશે નહિં. કોઈ પણ પંખીને એક પાંખથી ઊડવું અશક્ય બની જતું હોય છે.'' આપણા સમાજમાં પણ આવું જ કાંઈક બન્યું છે અને તેથી મહિલાઓને અધિકાર આપવાનો મુદ્દો સમગ્ર વિશ્વમાં ધ્યાનાકર્ષિત બન્યો છે. સ્ત્રીઓના અધિકારોને સ્વતંત્ર, સમાન અને ન્યાયી રીતે ભોગવવાની બાબત સ્ત્રી સશક્તિકરણનું પ્રથમ પગથિયું છે. આ વિશેની વિભાવના, લક્ષણો અને મહત્ત્વને જોવાં જરૂરી છે. ભારતમાં વિવિધ બાબતો પૈકી લિંગપ્રમાણ સાથે તે સંબંધિત છે. જેમ જેમ મહિલાઓ વિશેના ખ્યાલો બદલાતા ગયા, એના વિકાસ વિશેના અભિગમો વિકસતા ગયા અને વિકાસની પ્રક્રિયામાં એને સામેલ કરવામાં આવી એમ શૈક્ષણિક, આર્થિક, સામાજિક, રાજકીય અને આરોગ્યના ક્ષેત્રે સ્ત્રીઓનું સશક્તિકરમ વધવા લાગ્યું. ભારતનું બંધારણ, કાયદાઓ તેમજ સ્ત્રીઓ વિશેની વિવિધ કલ્યાણ યોજનાઓ અને કાર્યક્રમોને લીધે સ્ત્રી-સશક્તિકરણને વેગ મળ્યો. વિદ્યાર્થીમિત્રો, આપણે આ એકમમાં સશક્તિકરણ, સ્ત્રી-સશક્તિકરણનો અર્થ અને તેનાં લક્ષણો, મહત્ત્વ, ભારતમાં લિંગપ્રમાણ, સ્ત્રી સશક્તિકરણ માટેના વિવિધ કાર્યક્રમો, કલ્યાણકારી યોજનાઓ અને સ્ત્રીઓ વિશેની કાયદાકીય માહિતી મેળવીશું.

## 5.2 સ્ત્રી-સશક્તિકરણનો અર્થ :

સશક્તિકરણ એટલે કે Empowerment. આ શબ્દનો ઉદ્ભવ 1970ના દાયકામાં લેટિન અમેરિકામાં શિક્ષણ અંગેની ચર્ચામાં થયો હોવાનું ઈવલિન હસ્ટ નોંધે છે. નારીવાદી વિચારકો અને કર્મશીલોએ એ ખ્યાલને આગળ વધાર્યો. 1980 પછી આ ખ્યાલનો વધુ ને વધુ ઉપયોગ થવા લાગ્યો.

ભારતના સમાજશાસ્ત્રી યોગેન્દ્ર સિંઘ નોંધે છે તેમ, સશક્તિકરણની વિભાવના વિશાળ સૂચિતાર્થો ધરાવે છે. સશક્તિકરણનો ખ્યાલ કાળા અને સીમાંત સમૂહોની સામાજિક ચળવળની વિચારસરણીમાંથી ઉદ્ભવ્યો. તેમાં સંસાધનોની ઉપલબ્ધિ, વ્યવસાય, શિક્ષણ, આરોગ્ય પર ભાર મૂકવામાં આવ્યો. ભારતના સંદર્ભમાં સ્ત્રીઓના સશક્તિકરણ માટેની ચળવળ અને વિચારસરણી, સ્વાતંત્ર્ય ચળવળ અને સ્ત્રી-મુક્તિના સંદર્ભમાં જોવા મળે છે.

સશક્તિકરણ એટલે કે Empowermentમાં power એટલે સત્તા-નિર્ણય લેવાની પ્રક્રિયા અંગે ઉદાર વિચાર સાથેનો ગાઢ સંબંધ. સ્ત્રી- સશક્તિકરણમાં શક્તિ (Power) મહત્ત્વની છે. જેમાં બળ અને પ્રભાવ સમાવિષ્ટ છે.

સરળ શબ્દોમાં જોઈએ તો, મહિલા સશક્તિકરણનો અર્થ મહિલાઓમાં એવા પ્રકારની શક્તિ હોવા જેમાં પોતાના જીવનનિર્વાહ માટે પોતાની ઈચ્છા અનુસાર કરવા માટે સક્ષમ તથા સ્વતંત્ર હોય.

રેણુકા પામેયા - ''મહિલા સશક્તિકરણ એટલે સામાજિક ન્યાય અને સમતા અથવા મહિલાની સ્વતંત્ર ઓળખ અથવા તેનો મનુષ્યના રૂપમાં સ્વીકાર થવો.''

સુશીલા પારીક - ''મહિલા સશક્તિકરણ એટલે મહિલાઓનું શક્તિ સંપન્ન થવું. શક્તિ અન સાધન બંને જીવનની ગુણવત્તા સાથે જોડાયેલ અવધારણાઓ છે.''

આમ, સ્ત્રી-સશક્તિકરણ પરિવર્તનશીલ અને બહુઆયામી અવધારણા છે, જેમાં સ્ત્રીઓની આત્મછબી અને સામાજિક છબીમાં પરિવર્તન આવે છે. મહિલાઓને એક વ્યક્તિ ગણી તેને સશક્ત બનાવી, નિર્ણયમાં સામેલ કરવી, સત્તા અને પદ આપવાં અને તેની શક્તિઓનો સ્વતંત્ર રીતે વિકાસ કરવો તે તેના મૂળભૂત પાયામાં છે.

**ચંદ્રિકા રાવલ સ્ત્રી-સશક્તિકરણને સમજાવતા તેનાં લક્ષણો નીચે મુજબ દર્શાવે છે :**

- સ્ત્રી-સશક્તિકરણ એક પ્રક્રિયા છે.
- આ પ્રક્રિયામાં સ્ત્રીઓને પોતાનું સ્થાન અને મોકળાશ મળે છે.
- આ પ્રક્રિયા સ્ત્રીઓ દ્વારા સામૂહિક રીતે સભાનપણે કરાયેલા પ્રયત્નોની શૃંખલા છે.
- તે સ્ત્રીઓને હકોની અનુભૂતિ કરાવે છે.
- તે સત્તાની નવી સંકલ્પના છે.
- તે સામાજિક પરિવર્તનની પ્રક્રિયા છે.
- તે સ્ત્રીઓની સભાનતા, અનુભવ, વિચાર, વર્તન વગેરે સાથે સંકળાયેલ છે.
- તે સ્ત્રીઓ વિશેની પરંપરાગત માન્યતાઓને બદલે છે.
- તે પુરુષ વિરોધી નથી, પણ સ્ત્રીઓ સમાજમાં પોતાનું આત્મગૌરવ અને આત્મવિશ્વાસથી આગળ વધે એવું લક્ષ્ય ધરાવે છે.

## 2.3 સ્ત્રી-સશક્તિકરણનું મહત્ત્વ :

ભારતીય સમાજમાં સમાજજીવનનાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય, કાનૂની વગેરે ક્ષેત્રમાં સ્ત્રી-સશક્તિકરણનું આગવું મહત્ત્વ રહેલું છે.

**(1) વ્યક્તિગત મહત્ત્વ :**

વિવિધ ક્ષેત્રો ઉપરાંત વ્યક્તિગત રીતે સ્ત્રીઓમાં જાગૃતિ આવે, પ્રશ્નો અને પડકારોનો સામનો કરી શકે, કુશળતા વિકસી શકે, નિર્ણયાત્મક સત્તા પ્રાપ્ત કરી શકે અને સ્ત્રીઓ પોતાનું મૂલ્ય સમજી, સામાજિક વિકાસમાં યોગદાન આપી શકે, સ્વમાન, સમજણ અને સન્માન મેળવી શકે તથા અન્યાયોને ગંભીરતાપૂર્વક દૂર કરવા કાર્યોન્તિવ બની શકે એવાં બહુવિધ પાસાંના સંદર્ભમાં સ્ત્રી-સશક્તિકરણ આવશ્યક છે.

**(2) સામાજિક મહત્ત્વ :**

સ્ત્રી-સશક્તિકરણ સમાજમાં સ્ત્રીઓ પ્રત્યેની હીન ભાવનાને અવગણે છે. સ્ત્રીઓને સન્માન આપવા તરફ પ્રયત્ન કરે છે. આ સંદર્ભમાં મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે, ''જો આપણે ભારત દેશનો વિકાસ કરવો હોયતો સૌથી પહેલાં ભારતીય નારીઓ વિકાસ કરવો પડશે. કારણ કે સ્ત્રી વડે કુટુંબ, કુટુંબ વડે સમાજ અને સમાજ વડે રાષ્ટ્ર બને છે. 'સ્ત્રી' સમાજનું પાયાનું એકમ છે.''

સ્ત્રી-સશક્તિકરણ સમાજમાં સ્ત્રીઓને થતા અન્યાય, શોષણ કે પજવણીમાંથી મુક્તિ આપી સ્વતંત્રતા તરફ લઈ જવા માટેની મહત્ત્વની પ્રક્રિયા છે. આ માટે આંદોલનો પણ થયાં છે. સ્ત્રી-સંગઠનો અને સામાજિક-સુધારકોએ સામૂહિક ચેતના પણ જગાવી છે.

સશક્તિકરણ સ્ત્રીઓને પોતાનાં સ્થાનમાં પરિવર્તન લાવવા અને પોતાનાં બાળકોનું યોગ્ય સામાજિકરણ કરવા સક્ષમ બનાવવામાં ઉપયોગી છે તેમજ નેતૃત્વશક્તિ અને આત્મવિશ્વાસ વધે તે માટે પણ તે આવશ્યક છે.

**(3) શૈક્ષણિક મહત્ત્વ :**

મહિલા સશક્તિકરણ શિક્ષણમાં આવશ્યક છે કારણ કે શિક્ષણથી સ્ત્રીઓ પોતાના મનપસંદ ક્ષેત્રમાં શિક્ષણ લઈ પોતાનાં ધ્યેય, સિદ્ધિ અને સફળતા પ્રાપ્ત કરી, આત્મવિશ્વાસ કેળવી, સ્વાવલંબી બનાવા સમર્થ બને છે.

શિક્ષણમાં સ્ત્રીઓને મળતી વિશેષ સવલતો સ્ત્રી-સશક્તિકરણને ગતિશીલ બનાવે છે. સ્ત્રીઓનાં પરંપરાગત વલણોને બદલવા  શૈક્ષણિક સશક્તિકરણ એવું માધ્યમ છે કે જે તેની સાચી દિશા તરફ લઈ જાય છે. સ્ત્રીઓમાં વ્યવસાયિક કુશળતા વધારવા સશક્તિકરણ આવશ્યક છે.

**(4) આર્થિક મહત્ત્વ :**

કોઈ પણ રાષ્ટ્રમાં વિકાસ માટે આર્થિક સશક્તિકરણ જરૂર છે. સ્ત્રીઓને મિલકતમાં સમાન હક આપવો, તે માટે જાગૃત કરવી, અર્થાપાર્જન કરતી મહિલાઓની આવક પર તેનો અધિકાર રહે, આર્થિક રીતે સ્વાવલંબી બને એ માટે સશક્તિકરણ આવશ્યક છે.

વિદ્યાર્થીમિત્રો, આપ જાણો છો કે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી ગુજરાતની SEWA (Self Employed Women's Association- સેલ્ફ એમ્પલોઈડ વિમેન એસોસિયેશન) જેવી અનેક સંસ્થાઓએ સ્ત્રીઓના આર્થિક સ્વાવલંબન માટે ગર્વનિષ્ઠ પ્રયત્નો કર્યા છે.

જે સ્ત્રીઓ ખેતી-ખેતી આનુષંગિક ગૃહઉદ્યોગ કે સ્વરોજગારમાં રોકાયેલ છે તેઓને પોતાના કાર્યનું યોગ્ય વળતર મળે અને તેના આર્થિક યોગદાનની ગણતરી થાય તે માટે સશક્તિકરણ આવશ્યક છે. આર્થિક સશક્તિકરણ વધશે તેમ વેતનમાં સમાનતા આવશે. જાતિગત ભેદભાવોની નાબૂદી થશે. મહિલાઓની બચત યોજનાઓ વધશે. આમ, દીર્ઘકાલીન સમતુલિત આર્થિક વિકાસ માટે સશક્તિકરણ આવશ્યક છે.

**(6) રાજકીય મહત્ત્વ :**

સશક્તિકરણનો ખ્યાલ રાજકીય ક્ષેત્ર સાથે સંકળાયેલો છે. ભારતના બંધારણમાં આર્ટિકલ 14, 15 અને 16માં રાજ્યે સ્ત્રી-પુરુષ સમાનતાનો અધિકાર, સ્ત્રી-પુરુષ લિંગભેદ સામે પ્રતિબંધ અને રોજગારીની તકોમાં સમાનતાનો અધિકાર આપ્યો છે. આમ છતાં, એનું વાસ્તવિક ચિત્ર જુદું જોવા મળતું, પરંતુ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલા આરક્ષણની જોગવાઈને લીધે સ્ત્રીઓને રાજકીય સશક્તિકરણનીતક આપવામાં આવી છે. મત આપવો, ઉમેદવારી નોંધાવવી, વિજેતા બનતા સત્તામાં ભાગીદાર બનવું વગેરે માટે સ્ત્રી-સશક્તિકરણ આવશ્યક છે. આ વિશેની વિસ્તૃત સમજ તમે એકમ-8માં મેળવશો.

તદુપરાંત ભારતમાં સ્ત્રીઓ વિશેના વિશેષ કાયદાઓ દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરમ કરવાનો પ્રયત્ન થયો છે. સ્ત્રીઓમાં આરોગ્ય અને સ્વાસ્થય સંબંધિત સભાનતા કેળવાય તે માટે મહિલા સશક્તિકરણ આવશ્યક છે.

## 5.4 સ્ત્રી-સશક્તિકરણ માટેના કાર્યક્રમો

ભારતના બંધારણના આમુખ, મૂળભૂત અધિકારો, મૂળભૂત ફરજો અને માર્ગદર્શક સિદ્ધાંતમાં જાતિ સમાનતા (Gender equality) નો ઉલ્લેક કરેલો છે. દેશનું બંધારણ મહિલાઓને સમાનતા આપે છે એટલું જ નહિ, પરંતુ રાજ્યની મહિલાઓની તરફેણમાં વિધેયાત્મક પગલાં ભરવાની સત્તા આપે છે.

સ્વતંત્રતા બાદ ભારતની વિકાસનીતિમાં પંચવર્ષીય યોજનાઓ સ્ત્રી-સશક્તિકરણ માટેના વિવિદ કાર્યક્રમોને સમર્થન મળે છે. પાંચમી પંચવર્ષીય યોજના સમયે (1974-1978) વિશ્વભરતમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ (1975), મહિલા દશાબ્દિ (1976-1985) એને સમર્થન આપે છે. 1990માં ભારતની સંસદે કાયદાની મહિલાઓ માટે રાષ્ટ્રીય કમિશનની રચના કરી, 1993માં મહિલાઓ સામેના તમામ પ્રકારની ભેદભાવની નાબૂદીનાં સંમેલનો થયાં અને ત્યારબાદ મહિલાઓની સમસ્યાઓના સંદર્ભમાં સ્વૈચ્છિક સંસ્થાઓને પણ મહિલા સશક્તિકરણ માટે મહત્ત્વની ભૂમિકા ભજવી.

વિદ્યાર્થીમિત્રો, મહિલા સશક્તિકરણ માટેના કાર્યક્રમો ઘણા વિશાળ ફલક પર જોઈ શકાય, પણ અહીં આપણે મહિલાઓના સશક્તિકરણ માટેની રાષ્ટ્રીયનીતિ-2001ના સંદર્ભમાં મૂલવવાનો પ્રયત્ન કરીશું. ગુજરાત નારી ગૌરવનીતિ ઘડાઈ છે. આ બંને નીતિમાં સ્ત્રી-સશક્તિકરણ માટેનાં ઘણાં પાસાંઓનો સમાવેશ થાય છે. જેનું ધ્યેય મહિલાઓની સત્તા, ઉત્કર્ષ અને વિકાસનું છે. આપણા અભ્યાસક્રમને અનુલક્ષીને આપણે શૈક્ષણિક, આર્થિક આરોગ્યલક્ષી કાર્યક્રમો તેમજ કલ્યાણકારી યોજનાઓની ચર્ચા કરીશું.

**(1) શૈક્ષણિક કાર્યક્રમો :**

ગાંધીજીએ કહેલું કે ''જો તમે એક છોકરાને શિક્ષણ આપો છો તો તમે એક વ્યક્તિને શિક્ષણ આપો છે, પરંતુ જો તમે એક છોકરીને શિક્ષણ આપો છો તો તમે આખા કુટુંબને શિક્ષણ આપો છો.''

સ્વતંત્ર ભારતમાં બંધારણ દ્વારા સ્ત્રી અને પુરુષ સમાનતાનાં મૂલ્યને સ્થાપિત કરવા સ્ત્રી-શિક્ષણ પર ભાર મુકાયો. સ્ત્રીઓને સંદર્ભમાં સશક્તિકરણની રાષ્ટ્રીય નીતિમાં પણ સ્ત્રી-શિક્ષણની આવશ્યકતાને સ્વીકારવામાં આવી. સ્ત્રી શિક્ષણને વેગ આપવા ભારત સરકાર તરફથી અનેક કાર્યક્રમો હાથ ધરાવામાં આવ્યા. ગુજરાતના સંદર્ભમાં કેટલકા કાર્યક્રમો જોઈએ.

- કન્યા કેળવણી રથયાત્રા : જેમાં પ્રાથમિક શિક્ષણમાં કન્યાઓને પ્રવેશદર વધારવા માટે તેમજ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા માટે શાળા પ્રવેશોત્સવ સમગ્ર રાજ્યમાં લોકભાગીદારીતી કરવામાં આવે છે.
- તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન : ધોરણ -10 અને ધોરણ-12ની બોર્ડની પરીક્ષામાં મહેનત, ધગશથી બોર્ડમાં ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરી વિશેષ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આવા વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ યોજીને અન્ય વિદ્યાર્થીઓને - ખાસ કરીને કન્યાઓનો શિક્ષણ પ્રત્યે રસ જાગ્રત કરવામાં આવે છે.
- સર્વ શિક્ષા અભિયાન : સ્ત્રી-શિક્ષણને વેગ આપવા માટે સર્વ શિક્ષા અભિયાન હેઠળ કન્યા કેળવણી અંગેના જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. પ્રચાર અને પ્રચાર માધ્યમોનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે.
- શાળા લોકાપર્ણ : ખાસ કરીને કન્યાઓ શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે અંતરિયાળ ગામોમાં શાળા સ્થાયીને કે શાળામાં સાધન-સગવડો વધારીને તેના લોકાપર્ણ કાર્યક્રમ દ્વારા સ્ત્રી-શિક્ષણને વેગ આપવામાં આવે છે.
- સાઈકલ વિતરણ : ઉચ્ચ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવતી કન્યાઓને ગામની 3 કિમીના અંતરે આવેલી શાળામાં જવા માટે સાઈકલ વિતરણ કાર્યક્રમ દ્વારા કન્યા કેળવણીમાં અવરોધરૂપ બનતી પરિસ્થિતિને દૂર કરવાના પ્રયત્નો થાય છે.
- અનાજનું વિતરણ : આદિવાસી વિસ્તરની 1 થી 7 ધોરણમાં ભણતી અને 70% હાજરી નોંધાવતી કન્યાઓને પ્રોત્સાહિત કરવા તેમજ વાલીઓના સ્ત્રી-શિક્ષણ પ્રત્યેના હકારાત્મક વલણને વેગ આપવા વિના મૂલ્યે અનાજ વિતરણના કાર્યક્રમ યોજીને આદિવાસી વિસ્તારમાં શાળાનો ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવામાં આવે છે.

તદુપરાંત શિક્ષણનો અધિકાર (RTE- Right to Education), સપ્તધારા, ગુણોત્સવ વગેરં સંબંધી જાણકારી આપતા કાર્યક્રમો યોજીને તેમાં પણ કન્યા-કેળવણી પર ભાર મૂકવામાં આવે છે.

આમ, શિક્ષણ સંબંધિત કાર્યક્રમોમાં કન્યા-કેળવણી પર ભાર મૂકીને સ્ત્રી-સશક્તિકરણના પ્રયાસો કરવામાં આવે છે.

**(2) આર્થિક કાર્યક્રમો :**

સ્ત્રી-સશક્તિકરણ માટે આર્થિક સ્વાતંત્ર્ય અનિવાર્ય છે. આર્થિક સ્વાવલંબન વ્યક્તિને સામર્થ્યવાન બનાવે છે. સ્ત્રીઓના આર્થિક સ્વાવલંબન માટે પણ રાષ્ટ્રીય નીતિમાં ભાર મૂકાયો છે.

- **રાષ્ટ્રીય નીતિમાં આર્થિક કાર્યક્રમો :**

રાષ્ટ્રીય નીતિ હેઠળ નીચે મુજબના કાર્યક્રમો દ્વારા સ્ત્રીઓને જાગ્રત કરીને સામર્થ્યવાન બનાવવાના પ્રયત્નો થાય છે :

- અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી સ્ત્રીઓને રોજગારીની તકો વિશે માહિતી.
- સમાન વેતન અંગે જાણકારી.
- મહિલાઓને ધિરાણ બચત સંબંધિત જાણકારી.

- આર્થિક કાર્યોની અસમાન વહેંચણીની નાબૂદી.
- નિર્ધારિત સમયના કામના કલાકો વિશે જાણકારી.
- કામનાં સ્થાને સલામતીભર્યા વાતાવરણ માટેની કાયદાકીય જોગવાઈ સંબંધિત જાણકારી.
- સંગઠિત ક્ષેત્રોમાં અર્થોપાર્જન માટે જરૂરી લાયકાતની માહિતીની જાણકારી.

આ પ્રકારના કાર્યક્રમો સ્ત્રીઓ માટે યોજીને સ્ત્રીઓનું આર્થિક સશક્તિકરણ કરવામાં આવે છે. ગુજરાતમાં પણ અનેકવિદ કાર્યક્રમો યોજનામાં આવે છે.

- **તાલીમ વર્ગો :** ઘર-આંગણો શાકભાજી ઉગાડવા, કેનિંગ તેમજ કિચન ગાર્ડનિંગ અંગેના તાલીમ વર્ગો દ્વારા સ્ત્રીઓને ડેમોસ્ટ્રેશન દ્વારા તાલીમ આપીને પગભર બનાવવાના પ્રયત્નો થાય છે.
- **વ્યવસાયનાં ક્ષેત્રો :** સ્ત્રીઓને સંગઠિત અને અસંગઠિત વિભાગના વ્યવસાયો અને રોજગારી વિશે માહિતી આપતા કાર્યક્રમોમાં સામેલ કરીને કૌશલ્યવર્ધનને વેગ અપાય છે.
- **પ્રદર્શન-વેચાણ :** રાષ્ટ્રીય-રાજ્યકક્ષાએ પ્રદર્શન-વેચાણ કાર્યક્રમો દ્વારા સ્વ-રોજગાર, નાના કે કુટિર ઉદ્યોગ સાથે સંકળાયેલ સ્ત્રીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. 'હુન્નરથી રોજગાર'નો હેતુ તેમાં કેન્દ્રસ્થાને હોય છે.
- **કૃષિરથ મેળા :** કૃષિ સાથે સંકળાયેલ સ્ત્રીઓને સામેલ કરીને કૃષિ સંબંધિત વૈજ્ઞાનિક જાણકારી આપવામાં આવે છે. જેથી ઉત્પાદનની માત્રામાં વધારો કરીને ઓછા શ્રમે તે વધુ રોજગારી મેળવી શકે.
- **સ્ત્રી-જૂથ અને રોજગાર કાર્યક્રમ :** સ્ત્રીઓના આર્થિક સ્વાવલંબનને વેગ આપવા માટે સખી-મંડળોને, સ્ત્રી જૂથોને સરકારની વિવિધ જાણકારી આપવા માટે અનેક કાર્યક્રમો યોજનામાં આવે છે. જેમાં ખાસ કરીને બજાર વ્યવસ્થા, ધિરાણની યોજનાઓ, બચત યોજનાઓ વગેરે વિશે જાણકારી આપવામાં આવે છે.

આમ, આર્થિક ક્ષેત્રે એક કાર્યક્રમો યોજીને સ્ત્રી-સશક્તિકરણ કરવાના પ્રયત્નો થાય છે.

**(3) આરોગ્યલક્ષી કાર્યક્રમો :**

ભારત સરકારની સ્ત્રી-સશક્તિકરણની રાષ્ટ્રીય નીતિમાં સ્ત્રીઓના આરોગ્ય પ્રત્યે ભાર મૂકવામાં આવ્યો છે.

ભારત સરકારના આરોગ્ય વિભા તેમજ મહિલા અને બાળ-કલ્યાણ વિભાગ સ્ત્રીના આરોગ્ય સંબંધિત કાર્યક્રમો યોજીને સ્વાસ્થય સંબંધિત જાણકારી આપવા નીચે મુજબના પ્રયત્નો કરે છે.

- **સામાજિક બદીઓ અને સ્ત્રી-સ્વાસ્થય :** સમાજના કુરિવાજોથી સ્ત્રીના કથળતા આરોગ્ય અંગે જાણકારી આપતા કાર્યક્રમો યોજવામાં આવે છે. દા.ત. બાળલગ્નથી આરોગ્યને જોખમ, ગેરકાયદેસર જાતિ પરીક્ષણથી શરીને થતું નુકશાન.
- **માતૃ-કલ્યાણ કાર્યક્રમો :** સ્ત્રીઓને ગર્ભાધાન, સ્તનપાન તેમજ બાળઉછેર સંબંધિત વૈજ્ઞાનિક જાણકારી આપીને સ્ત્રીઓનાં આરોગ્યનું જનત કરવામાં આવે છે.
- **કુટુંબ કલ્યાણ કાર્યક્રમો :** કુટુંબના મર્યાદિત કદ સહિત માતા અને બાળકનાં કલ્યાણ સંબંધિત કાર્યક્રમ વિશે જાણકારી આપતા કાર્યક્રમો યોજીને સ્ત્રીઓને કુટુંબ નિયોજનની પદ્ધતિઓની વૈજ્ઞાનિક ઢબે માહિતી અપાય છે. તદુપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ઉપયોગિતા તેમજ પરંપરાગત પ્રસૂતિ પદ્ધતિની ગેરલાભ વગેરેની સમજણ આપતા કાર્યક્રમો કરવામાં આવે છે.
- **પોષણક્ષમ આહારને લગતા કાર્યક્રમો :** સ્ત્રીઓના કુપોષણની માત્રાને ઘટાડવા માટે Nutrition Week દ્વારા પોષણક્ષમ આહારની જાણકારી આપતા કાર્યક્રમો ઘડવામાં આવે છે. ખાસ કરીને રોગપ્રતિકારણ શક્તિવર્ધક આહાર વિશે જાગૃતિ લાવવાના પ્રયત્નો થાય છે.

ગુજરાતમાં પણ  ઉપર્યુક્ત કાર્યક્રમો ઉપરાંત સ્ત્રીના આરોગ્યલક્ષી કાર્યક્રમો થાય છે. જેમ કે **બેટી બચાવો, બેટી વધારો અભિયાન :** સમાજના જાતિ પ્રમાણમાં ઊભી થયેલી અસમલુતાને દૂર કરવા, કન્યા જન્મને સ્વીકારીને સ્ત્રીઓનાં આરોગ્યને જાળવવા આ અભિયાન હેઠળ રેલી, નાટકો, શિબિરો, સેમિનાર, કોન્ફરન્સ, પરિસંવાદ, ચર્ચા જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે.

- **જાગૃતિ કાર્યક્રમો :** સ્ત્રી-સ્વાસ્થય સંબંધિત સંકુચિત માનસમાં પરિવર્તન લાવવા કાર્યક્રમો કરવામાં આવે છે. ખાસ કરીને ગ્રામીણ તથા આદિવાસી વિસ્તારોમાં સ્ત્રીઓનાં આરોગ્યને લગતા સંકુચિત લોકમાનસમાં બદલાવ લાવવા આરોગ્ય કેન્દ્રની સુવિધા વધારી, સ્વાસ્થય અધિકારીઓ દ્વારા જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવે છે.

આમ, આરોગ્ય સંબંધિત કાર્યક્રમો દ્વારા સ્ત્રીઓનુ સ્વાસ્થ્ય ક્ષેત્રે સશક્તિકરણ કરવામાં આવે છે.

આમ, સ્ત્રી-સશક્તિકરણ માટે શૈક્ષણિક, આર્થિક તેમજ આરોગ્યલક્ષી કાર્યક્રમો ઘડવામાં આવે છે અને તેના અમલીકરણ દ્વારા સ્ત્રી-સશક્તિકરણ કરવાના પ્રયત્નો થાય છે. જેમાં સરકારી, બિનસરકારી તેમજ સ્વાયત્ત સંસ્થાઓ પણ ફાળો આપે છે.

**(4) કલ્યાણકારી યોજનાઓ :**

ભારતના બંધારણમાં 'સર્વના કલ્યાણ'ની બાબત અભિપ્રેત છે. રાષ્ટ્ર તેમજ રાજ્યની નીતિઓમાં નાગરિકોના કલ્યાણ સંબંધિત યોજનાઓની જોગવાઈ પર ભાર મૂકાયો છે.

- **ગુજરાતમાં સ્ત્રીઓ માટેની કેટલીક મહત્ત્વની યોજનાઓ**

ગુજરાતમાં સ્ત્રી-સશક્તિકરણ માટે ઘડાયેલી કલ્યાણકારી યોજનાઓ તરફ દૃષ્ટિપાત કરીએ.

**(1) શૈક્ષણક ક્ષેત્રે :**

ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ કુલ સાક્ષરતા દર 78.03% જેટલો છે. જેમાં પુરુષ-સાક્ષરતા દર 85.75% અને સ્ત્રી-સાક્ષરતા દર 69.68% છે. ગુજરાતમાં ગ્રામીણ સાક્ષરતા દર 61.4% અને શહેરી સાક્ષરતા દર 81.0% જેટલો નોંધાયો છે. સ્ત્રી-સાક્ષરતામાં સુધાર કરવા માટે અનેકવિધ યોજનાઓ ઘડીને તેના અમલીકરણ માટે સઘન પ્રયત્નો થાય છે. આવી કેટલીક યોજનાઓની યાદી નીચે મુજબ છે.

- વિદ્યાલક્ષ્મી બોન્ડ
- કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય
- આદિજાતિ કન્યાના વાલીઓને અનાજ સહાય
- કન્યા સૈનિક શાળાની વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, યુનિફોર્મ અને તાલીમની જોગવાઈ
- કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ
- કન્યાઓ માટે  હોસ્ટેલ
- સાઈકલ સહાય
- સરકારી પોલિટેકનિકમાં અભ્યાસ કે સરકારી ઈજનેરી કૉલેજમાં અભ્યાસ કરતી કન્યાઓ માટે હોસ્ટેલની સુવિધાની જોગવાઈ
- આદિજાતિ વિસ્તારોમાં સરકારી પોલિટેકનિક કે ઈજનેરી કૉલેજમાં અભ્યાસ કરતી કન્યાઓને હોસ્ટેલની સુવિધા
- વિદ્યાસાધના યોજના
- એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમ માટે અનુસૂચિત જનજાતિની મહિલાઓને શિષ્યવૃત્તિ

**(2) આર્થિક ક્ષેત્રે :**

2011ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં કામકાજની ભાગીદારીનો કુલ દર 40.78% છે. જેમાં પુરુષનો ભાગીદાર દર 57.16% અને સ્ત્રીનો ભાગીદારી દર 23.38% છે.

ગુજરાતમાં સંગઠિત ક્ષેત્રમાં કામ કરનારી સ્ત્રીઓમાંથી જાહેર સંગઠિત ક્ષેત્રમાં 57.48% સ્ત્રીઓ તથા ખાનગી સંગઠિત ક્ષેત્રમાં 42.53% સ્ત્રીઓ કામ કરે છે.

સ્ત્રીઓની કામકાજમાં ભાગીદારી વધારવા માટે નીચે મુજબની અનેક યોજનાઓ ઘડવામાં આવી છે :

- સ્ત્રીઓ માટે તાલીમ યોજના
- સ્ત્રીઓ માટે ખાસ રોજગાર કચેરીઓની સ્થાપના
- મિશન મંગલમ્ ગૌરવનિધિ
- ઘર-દીવડાં યોજના
- વર્કિંગ વિમેન હોસ્ટેલ સુવિધા યોજના
- મહિલા સંચાલિત ગ્રામ્ય દૂધ ઉત્પાદક મંડળીઓ તેમજ મહિલા પશુપાલકો માટેના પ્રોત્સાહક સહાય યોજનાઓ વગેરે યોજનાોનું અમલીકરણ કરીને સ્ત્રીઓનું આર્થિક સશક્તિકરણ કરવામાં આવે છે.

**(3) આરોગ્ય ક્ષેત્રે :**

કોઈ પણ રાષ્ટ્ર કે રાજ્યમાં ગુણવત્તાયુક્ત વસ્તી પર ભાર મૂકવામાં આવે છે. જન્મ-મૃત્યુદરની સપ્રમામતા, આરોગ્ય અને પોષણક્ષમ આહાર, જાતિગત સપ્રમાણતા વગેરે બાબતોને લક્ષમાં રાખીને યોજનાઓ ઘડવામાં આવે છે. ગુજરાતમાં આરોગ્યની સુખાકારી માટે અનેક યોજનાઓ ઘડવામાં આવી છે : જેમ કે,

- ચિરંજીવી યોજના
- ઈ-મમતા
- બેટી વધાવો યોજના
- કસ્તુરબા પોષણ સહાય યોજના
- જનની સુરક્ષા યોજના
- દીકરી યોજના
- આશા વર્કર માટે પ્રોત્સાહન યોજના
- નર્સિંગ શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ
- માતા અને બાળહોસ્પિટલ માટે સહાય
- કિશોરી શક્તિ યોજના
- રાજીવ ગાંધી બાલિકા સમૃદ્ધિ યોજના - સબલા
- ઈંદિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના

વગેરે યોજનાઓ દ્વારા સ્ત્રીઓનાં આરોગ્યને સુધારવાના પ્રયત્નો થાય છે.

**(4) સામાજિક ક્ષેત્રે :**

નબળા વર્ગની સ્ત્રીઓના ઉત્કર્ષ માટે ગુજરાતમાં સામાજિક કલ્યાણના હેતુથી નીચેની વિવિધ યોજનાઓ ઘડાઈ છે :

- ભગવાન બુદ્ધ રાજ્ય શિષ્યવૃત્તિ
- ડૉ. આંબેડકર સરકારી છાત્રાલયો
- ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહન માટે સહાય
- કુંવરબાઈનું મામેરું/મંગળસૂત્ર યોજના

- માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમૂહલગ્ન યોજના
- મહિલાઓ માટે સિવણ વર્ગોની તાલીમ તથા આર્થિકસહાય
- સરસ્તવી સાધના યોજના
- વિકલાંગ વિધવા મકાન સહાય યોજના
- વિધવા પેન્શન યોજના
- વિધવાઓના આર્થિક પુનવર્સન માટે તાલીમ અને સાધન સહાય યોજના
- બળાત્કારનો ભોગ બનેલ મહિલાને આર્થિક વળતર યોજના
- વિવિધલક્ષી મહિલા કલ્યાણયોજના
- અભયમ્ - 181 મહિલા હેલ્પલાઈન યોજના
- સરકારી મહિલા આશ્રયગૃહોની સુધારણા
- માનસિક રીતે અસ્થિર અથવા HIV/AIDS ગ્રસ્ત મહિલાઓ માટે આશ્રયગૃહોની યોજના
- મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના
- સુરક્ષા સેતુ યોજના
- સમરસ મહિલા ગ્રામપંચાયતને સહાય યોજના

આ યોજનાઓ દ્વારા સમાજમાં વંચિત કે નબળા વર્ગની સ્ત્રીઓને સહાય કરીને તેનું સશક્તિકરણ કરવામાં આવે છે.

**(5) રમતગમત ક્ષેત્રે :**

સ્ત્રીઓના શારીરિક, માનસિક વિકાસ માટે સ્ત્રી-ખેલાડીઓને પ્રોત્સાહન આપવા ગુજરાતમાં અનેક યોજનાો ઘડવામાં આવી છે જે નીચે મુજબ છે :

- મહિલા આત્મરક્ષણ માટેની યોજના - 'પડકાર'
- મહિલા ખેલાડીઓને શિષ્યવૃત્તિ
- અનુસૂચિત જાતિની મહિલા ખેલાડીને પુરસ્કાર યોજના

આ પ્રોત્સાહન યોજનાઓ દ્વારા સ્વ-સુરક્ષાના હેતુથી સ્ત્રીઓની રમતગતમ ક્ષેત્રે ભાગીદારી વધારવામાં આવે છે.

સરકારની આવી પ્રોત્સાહક યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા સ્ત્રી-સશક્તિકરણ કરવામાં આવે છે. જેમાં સરકારી ઉપરાંત બિનસરકારી તેમજ સ્વાયત્ત સંસ્થાઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

## 5.5 સ્ત્રી સશક્તિકરણ માટેના વિકાસ કાર્યક્રમો :

**(1) સ્ત્રી શિક્ષણ વિકાસના કાર્યક્રમો :**

આપણે અગાઉ જોઈ ગયા તે મુજબ સ્ત્રીઓના શિક્ષણના વિકાસ માટે કેટલાંક ખાસ કાર્યક્રમો અલમમાં મૂકવામાં આવ્યા છે. સ્ત્રીના સશક્તિકરમ માટે આ કાર્યક્રમો ઉપકારક બની શકે તેમ છે. જેમ કે (1) મફત કન્યા કેળવણી (2) વિભિન્ન તબક્કે સ્ત્રીશિક્ષણને પ્રોત્સાહન આપવા માટે શિષ્યવૃત્તિઓ (3) મધ્યાહ્ન ભોજન યોજના(4) પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમો (5) શ્રમિક વિદ્યાપીછ (6) પ્રૌઢ સ્ત્રીઓને એટલે કે 15 થી 35 વર્ષની વયજૂથની સ્ત્રીઓમાં પ્રૌઢશિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ખાસ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ જે રાજ્ય સ્ત્રી સંબંધી શ્રેષ્ઠ કામગીરી કરે તે રાજ્યને કેન્દ્ર સરકાર રૂા.25 લાખનું ઈનામ આપે છે.

સ્વાધીન ભારતમાં સ્ત્રીશિક્ષણને ઉત્તરોત્તર પ્રોત્સાહન આપવા માટે વિવિધ વિકાસ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આથી સ્ત્રી આત્મનિર્ભર, સામર્થ્યવાન અને આત્મગૌરવયુક્ત બની શકે.

**(2) સ્ત્રી સશક્તિકરણ માટેના આર્થિક વિકાસ સંબંધી કાર્યક્રમો :**

સ્ત્રીઓનું આર્થિક પરાવલંબન દૂર થાય તેમજ સ્ત્રીઓ આર્થિક રીતે પગભર બને તે માટે સ્વાધીન ભારતના સંવિધાનમાં પુરુષની જેમ સ્ત્રીઓને પણ સમાનતાના ધોરણે વ્યાવસાયિક સ્વાતંત્ર્ય બક્ષવામાં આવ્યું છે. સ્વાધીન ભારતમાં લગભગ બધાં ક્ષેત્રોના વ્યવસાયોમાં સ્ત્રીઓએ પ્રવેશ કર્યો છે. આથી સ્ત્રીઓના સશક્તિકરણ માટે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. આવા મુખ્ય કાર્યક્રમો અને યોજનાઓ નીચે મુજબ છે.

**(I) કલ્યાણ, રક્ષણ અને સલામતીને લગતાં કાનૂની પગલાં :**

1948નો ફેક્ટરી,એક્ટ, 1951નો પ્લાન્ટેશન સેબર એક્ટ અને 1952નો માઈન્સ એક્ટ આ પ્રકારના ઉદ્યોગોમાં કામ કરતી સ્ત્રીઓને કલ્યાણ અને રક્ષણ પૂરું પાડે છે. 1948નો એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ એક્ટ સ્ત્રીકામદારોને ગર્ભાવસ્થા દરમિયાન તબીબી સગવડ અને આર્થિક મદદ પૂરી પાડવામાં આવે છે. જે સ્ત્રીઓને આ એક્ટ નીચે આવરી લેવામાં આવી ન હોય, તેવી સ્ત્રીકામદારો 1961ના મેટરનિટિ બેનિફિટ એક્ટ નીચે આવો લાભ મેળવી શકે છે.

**(II) સ્ત્રી કામદારો માટેની જોગવાઈઓ :**

સ્ત્રીના દરજ્જા વિષયક રાષ્ટ્રીય સમિતિએ સ્ત્રીકામદારો માટે ખાસ ભલામણો કરી છે. જેમાં (1) કારણો વિના સ્ત્રીને વ્યવસાયમાંથી છૂટી ન કરવી (2) સ્ત્રીઓ માટે રાજ્યકક્ષાએ લેસ ઊભું કરવું (3) મેટરનિટી બેનિફીટ એક્ટ સ્ત્રી કામદારોને લાગુ પાડવો. (4) રોજમદાર અને કોન્ટ્રેક્ટ મજૂરી કરતી સ્ત્રીઓના બાળકો માટે ઘોડિયાઘરની અને નજીકમાં રહેઠાણની વ્યવસ્થા કરવી યા વાહનવ્યવહારની સગવડ કરવી. (5) સ્ત્રીઓ માટે તાલીમની વ્યવસ્થા કરવી.

આ ઉપરાંત સ્ત્રીઓ માટે રોજગારીની વ્યવસ્થા કરવી, તેમના માટે વ્યાવસાયિક તાલીમની વ્યવસ્થા કરવી. આ ઉપરાંત સ્વતંત્ર રીતે વ્યવસાય કરવા માગતી સ્ત્રીઓ માટે ધિરાણ સુવિધાઓ ઊભી કરવી.

**(3) સ્ત્રી સ્વાસ્થય સુધારણાના કાર્યક્રમો :**

સ્ત્રી સશક્તિકરણ માટે સ્ત્રીઓની આરોગ્ય વિષયક સમસ્યાઓના નિવારણ માટે તેમજ તેમના આરોગ્યનું સ્તર સુધારવા આરોગ્ય કેન્દ્રો, પૂરક આહાર યોજના, બાળકોના આરોગ્ય માટે બાળવિકાસ કાર્યક્રમ, કુટુંબ નિયોજન કાર્યક્રમ વેગેર જેવાં કાર્યક્રમોનો અમલ ગંભીરતાપૂર્વક કરવો જોઈએ. આ ઉપરાંત તબીબી ગર્ભપાત કાનૂન, 1982નો યોગ્ય રીતે અમલ થવો જોઈએ. આ કાયદા હેઠળ અમુક ખાસ પરિસ્થિતિમાં ગર્ભપાતને માન્યતા આપવામાં આવે છે. આ કાયદા હેઠળ ખાસ કરીને કુમારિકાઓ તથા વિધવા સ્ત્રી ગર્ભવતી બને તો તેઓ ગર્ભપાત કરાવી શકે છે.

**(1) વિશિષ્ટ જૂથોની સ્ત્રીઓ માટેના કાર્યક્રમો :**

આ કાર્યક્રમો હેઠળ, વિધવા, વૃદ્ધા, ત્યક્તા અને અનાત સ્ત્રીઓને સુરક્ષા તથા સહાય પૂરાં પાડવામાં આવે છે. અનુસૂચિત જ્ઞાતિઓ અને જાતિઓની કન્યાઓને મફત કેળવણી, શિષ્યવૃત્તિ, આશ્રમશાળામાં મફત શિક્ષણ અને રહેવાની સગવડ આપવા માટેના કાર્યક્રમો વિવિધ રાજયોમાં અમલમાં મૂકવામાં આવ્યા છે. સ્ત્રીઓના દરજ્જા વિષયક સમિતિએ નોંધ્યું છે તેમ સ્ત્રીઓના જીવનમાં સુધારણા કરવા માટે, સ્ત્રી પુનર્વસવાટ માટે, સ્ત્રીઓના લોહીના વેપારને અટકાવવા, તેમાંથી મુક્ત કરાયેલી સ્ત્રીઓના પુનર્વસવાટ માટેનાં પગલાંઓ લેવામાં આવે છે. સ્ત્રી કેદીઓ માટે કલ્યાણકારી સેવાઓ પૂરી પાડવા સામાજિક સંરક્ષણ કાર્યક્રમોનો અમલ કરવામાં આવે છે. સંરક્ષણ ગૃહો બાંધવા કેન્દ્ર તરફથી મદદ કરવામાં આવે

છે. સંરક્ષણગૃહો અને આશ્રમકેન્દ્રોમાં સ્ત્રીઓને આર્થિક રીતે પગભર બનાવવાની તાલીમ આપવામાં આવે છે.

**(2) સ્ત્રીઓ નવાં મૂલ્યો સ્વીકારતી થઈ છે :**

સ્ત્રી સશક્તિકરણનું આ એક ઉજ્જવળ પાસું છે. નોકરી કે વ્યવસાય કરતી સ્ત્રીઓ પોતાની આત્મનિર્ભરતાને પરિણામે સ્વામાની બની છે. તેઓ જૂનાં રૂઢિવાદી મૂલ્યોને છોડીને આધુનિક નવાં મૂલ્યો સ્વીકારતા થઈ છે. એટલે કે, હવે સ્ત્રીઓ પુરુષોનું તાબેદારીપણું, પતિસેવા એટલે દેવસેવા, વગેરે રૂઢિવાદી મૂલ્યો અવગણી રહી છે અને સ્વાતંત્ર્ય, સભાનતા, ઉદારમતવાદ, સ્વપસંદગીના ં લગ્ન, પુખ્યવયે લગ્ન વગેરે નવાં મૂલ્યો અપનાવવા લાગી છે. ખાસ કરીને શહેરી મધ્યમ વર્ગમાં આ પરિવર્તન સ્પષ્ટ જોઈ શકાય છે. વ્યવસાય કે નોકરી કરતી સ્ત્રીઓ પોતાના હક્કો વિશે જાગૃત બની છે અને પોતાના હક્કો ભોગવવાનો આગ્રહ સેવવા લાગી છે. પુરુષવર્ગે તેની માન્યતા આપવી પડે છે. જે સ્ત્રી સશક્તિ દિશામાં ઉજ્જળ પગલું કહી શકાય.

## 5.6 સ્ત્રી સશક્તિકરણ માટે સમાવેશ થતી બાબતો :

- સ્ત્રીઓને સશક્ત બનાવી છે. સ્ત્રીઓના સશક્તિકરણ માટે નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

**(1) કુટુંબમાં સશક્તિકરણ :**

- કુટુંબમાં કન્યા સાથે ભેદભાવ વગર વ્યવહાર કરવામાં આવે. કન્યાના ભરણપોષણ, રહેણી કરણી શિક્ષણ વગેરેમાં યોગ્ય વ્યવસ્થા કરવી.
- આત્મ વધે તેવા પ્રયત્નો કરવા.
- મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં ભાગીદારી
- કન્યાનો આદર અને સન્માન કરવું.
- કુટુંબના ઉત્સવમાં કન્યાઓને મહત્ત્વ આપવું.
- મનપસંદ શિક્ષણમાં પ્રવેશ લેવાની છૂટ
- કાર્ય કરવા માટે સ્વતંત્રતા આપવી.
- મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં જરૂરી પ્રોત્સાહન આપવું.
- કુટુંબમાં છોકરાઅને છોકરી વચ્ચે કોઈ ભેદભાવ ન રાખવો. ભણવામાં ખાવા-પીવા પહેરવેશ મોજશોખ વગેરેમાં ભેદભાવ ન રાખવો. છોકરાઓ જન્મ ઉત્સવ સારી રીતે કરવામાં આવે છે. છોકરીના જન્મ પ્રસંગેને ખાસ કોઈ મહત્ત્વ આપવામાં આવતું નથી. આવો ભેદભાવ ન રાખવો. છોકરીને મારવાનું બંધ કરવું. છોકરીને સમાન અધિકાર આપવા.

**(2) સામાજિક સશક્તિકરણ :**

- કેટલાંક કુટુંબમાં છોકરા અને છોકરી વચ્ચે કોઈ ભેદભાવ નથી. કેટલાંક કુટુંબમાં ભેદભાવ જોવા મળે છે. સામાજિક પ્રસંગો એ છોકરીને ન લઈ જવી, સામાજિક ઉત્સવમાં ભાગદાર ન બનાવવી. આ બાબત સ્ત્રી સશક્તિકરણ માટે અવરોધ રૂપ બને છે.
- સામાજિક ઉત્સવ, લગ્ન પ્રસંગે વગેરેમાં છોકરીઓને પણ સાથે લઈ જાય, કોઈ ભેદભાવ ન રાખો. સ્ત્રી સશક્તિકરણ માટે સામાજિક વિકાસ જરૂરી છે.

**(3) સાંસ્કૃતિક સશક્તિકરણ :**

સમાજમાં અંધશ્રધ્ધા, કુરિવાજ, રૂઢિઓ વગેરેને લીધે સ્ત્રીઓનું શોષણ થાય છે. સાંસ્કૃતિક માન્યતા પર સ્ત્રીઓનું શોષણ થાય છે. અપ્રગતિશીલ સાંસ્કૃતિક બાબતોને સમાપ્ત કરવી જોઈએ.

- મૃત્યુ સમયે પિંડ- કર્મ ફક્ત પુત્ર જ કરી શકે છે. પતિ, માતા,પિતા, ભાઈ વગેરે ની આશા પ્રમાણે સ્ત્રીઓ એ કામ કરવું પડે છે. સ્ત્રીઓ સાંસ્કૃતિક સંરક્ષણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- સ્ત્રી સશક્તિકરણમાં છોકરા-છોકરી વચ્ચે કોઈ ભેદભાવ ન રાખવો જોઈએ. સાંસ્કૃતિક વિકાસ કરવો હોય તો સ્ત્રીઓને પણ સમાન હક છે. તેનો ન્યાય મળતો જોઈએ.

**(4) આર્થિક સશક્તિકરણ :**

- સ્ત્રીઓને પિતા કે પતિ તરફથી આર્થકિ કોઈ અધિકાર આપવામાં આવતો નથી. સ્ત્રીઓ પોતાની આવશ્યકતા માટે પુરુષ પર આધાર રાખવો પડે છે. સ્ત્રીઓને સશક્તિકરણ બનાવવા માટે આર્થિક વપરાશ પર છૂટ આપવી જોઈએ. આર્થિક બાબતનો વપરાશ છૂટથી કરી શકે તેવી છૂટ આપવી જોઈએ, તેને ઉપર કોઈ નિયંત્રણ ન હોવું જોઈએ.

**(5) રાજનૈતિક સશક્તિકરણ :**

- મત આપવા માટે પુરુષ અને સ્ત્રીઓને સમાન અધિકાર આપવામાં આવેલ છે. રાજનૈતિકમાં સ્ત્રીઓના મહત્ત્વની ભૂમિકા છે. સ્ત્રીઓ માટે અનામત પ્રથા હોવી જોઈએ, તેના અમલ પણ થવો જોઈએ. હાલમાં 33% અનામતની જોગવાઈ છે, તેનો અમલ થવો જોઈએ, રાજકારણમાં સ્ત્રીઓને પણ સ્થાન આપવું જોઈએ. હોદ્દા પર સ્ત્રીઓની નિમણૂંક કરવી જોઈએ.

**(6) ધાર્મિક સશક્તિકરણ :**

- ધાર્મિક ક્રિયાકાંડમાં સ્ત્રીઓની સાથે ભેદભાવ રાખવામાં આવે છે. ધાર્મિક સ્થળો પર સ્ત્રીઓને આપવા-જવા પર નિયંત્રણ હોય છે. ધાર્મિક બાબતો માટે કોઈ નિયંત્રણ સ્ત્રીઓ માટે ન હોવા જોઈએ. સમાન હક્કો આપવાં જોઈએ.

**(7) કાર્યક્ષેત્રમાં સશક્તિકરણ :**

- સ્ત્રીઓ જે જગ્યાએ કાર્ય કરે છે,તે જગ્યાએ ભેદભાવ રાખવામાં આવે છે, વેતનમાં તફાવત, સ્ત્રીઓનું શોષણ, અયોગ્ય વ્યવહાર વગેરે જોવા મળે છે.
- સરકાર તરફથી તમામ પ્રકારની કાનૂની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. સ્ત્રી કોઈપણ સ્થળે કાર્યકરતી હોય તો તેના તરફ કોઈપણ પ્રકારનો ભેદભાવ ન રાખવો જોઈએ.

**(8) મનોવૈજ્ઞાનિક સશક્તિકરણ :**

- સ્ત્રીઓને સશક્તિકરણ માટે મનોવૈજ્ઞાનિક અને સાર્વગિક રીતે સશક્તિ બનાવવી જોઈએ. પુરુષ પ્રધાન સમાજમાં તેની અવગણના થાય છે. તેનું મહત્ત્વ કોઈ સમજતું નથી. કુટુંબમાં સ્ત્રીઓનું મહત્ત્વ સમજવું જોઈએ. સ્ત્રીઓને સંરક્ષણ આપવું જોઈએ. સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ વધે તે માટે કુટુંબમાંથી પ્રયત્નો થવા જોઈએ. કુટુંબમાં પણ તેનો સંયુક્ત હિસ્સો છે, નિર્ણયો લેવામાં ભાગીદાર બનાવવી જોઈએ.

## 5.7 સ્ત્રી સશક્તિકરણ માટે અવરોધો :

- સ્ત્રી સશક્તિકરણ કરવા માટે નીચેની બાબતો અવરોધક બને છે.

**(1) ગરીબી :**

- ગરીબીને કારણે કન્યાઓને શિક્ષણ માટે મોકલતા નથી. વાલીઓ પણ અભણ છે. શિક્ષણનું મહત્ત્વ સમજતા નથી. ગરીબીને કારણે રોજીરોડી માટે જવું પડે છે તેમજ ઘરની જવાબદારી પણ સંભાળવી પડે છે. નાના ભાઈ -બહેનોની સંભાળ રાખવી પડે છે. ગરીબીને કારણે સ્ત્રી સશક્તિકરણ માટે અવરોધક બને છે.

**(2) અભણ વાલી :**

- વાલીઓ પણ અભણ છે, શિક્ષણનું મહત્ત્વ સમજતા નથી. વાલીઓ કન્યાઓને ઘરની જવાબદારી કે રોજગારી માટે લઈ જાય છે. વાલીઓ શિક્ષણનું મહત્ત્વ ન સમજતા હોવાથી સ્ત્રી સશક્તિકરણ કરવા માટે અવરોધક બને છે.

**(3) ખામી ભરેલી શિક્ષણ વ્યવસ્થા :**

- ખામી ભરેલી શિક્ષણ વ્યવસ્થાને કારણે છોકરીઓને પોતાના રસના ક્ષેત્રમાં પ્રવેશ મળતો નથી. વાલીઓ પણ તે અંગે અજાણ છે, તેથી સ્ત્રીઓને સશક્તિરણ માટે અવરોધક બને છે.

**(4) સાંસ્કૃતિક માન્યતાઓ :**

- ઘણીવાર સાંસ્કૃતિક માન્યતાઓને કારણે સ્ત્રીઓના સશક્તિકરણને લીધે અવરોધક બને છે. કુટુંબમાં સ્ત્રીઓને સમાનહક મળતા નથી. પુત્રપિંડની ક્રિયા માટે પુત્ર જ કરી શકે છે. પુત્રીને દૂર રાખવામાં આવે છે. પુત્રીનો જન્મ એક અભિશાપ માનવામાં આવે છે. સામાજિક કાર્યમાં સ્ત્રીનું મહત્ત્વ ઓછું આંકવામાં આવે છે. ધાર્મિક માન્યતા, અંધશ્રધ્ધા, વગેરેને કારણે સ્ત્રી સશક્તિકરણ માટે અવરોધક બને છે. ધાર્મિક માન્યતામાં હવે પરિવર્તન કરવાની જરૂર છે.

**(5) જાગૃતિનો અભાવ :**

- વાલીઓમાં જાગૃતિનો અભાવ જોવા મળે છે. વાલીઓ શિક્ષણનું મહત્ત્વ સમજતાં નથી, અંધશ્રધ્ધામાં સમાજ જીવે છે. વાલીઓ અંધશ્રધ્ધામાંથી હજી બહાર નીકળી શકતાં નથી. કન્યાઓને ઘરમી ચાર દીવાલમાં કેદ રાખવામાં આવે છે. જાગૃતિના અભાવે કન્યાઓને શાળામાં મોકલતા નથી.

**(6) સ્ત્રીઓ પ્રત્યે ભેદભાવ :**

- કુટુંબમાં સ્ત્રીઓ પ્રત્યે ઉછેર, શિક્ષણ, પહેરવેશ હક વગેરે બાબતમાં ભેદભાવ જોવા મળે છે. છોકરાની સરખામણીમાં છોકરીને ઓછા હકો મળે છે. શિક્ષણમાં છોકરીને સારી સગવડો મળતી નથી.

**(7) પિતૃપ્રથા :**

- કુટુંબમાં પિતૃપ્રથા જોવા મળે છે. પિતાને જ બધા અધિકારો મળે છે. તેની સરખામણીમં સ્ત્રીઓને પુરુષની સરખામણીમાં હકો મળતા નથી. પિતાના સંપત્તિમાં પ્રથમ હક છોકરાને મળે છે. છોકરીને કોઈ હક મળતો નથી. કુટુંબની બધી જ સંપત્તિમાં પુરુષનો હક છે. સ્ત્રીઓને પૂરતા પ્રમાણમાં સંરક્ષણ મળતું નથી. આથી સ્ત્રી સશક્તિકરણમાં અવરોધક બને છે.

**(8) સામાજિક રીતરિવાજો :**

- સામાજિક રીતરિવાજોને કારણે સ્ત્રીઓને ઘણુંબધું સહન કરવું પડે છે.
- દેવદાસી પ્રથા
- દહેજ પ્રથા
- સતી પ્રથા
- બાલ-વિવાહ
- પર્દા પ્રથા
- જૌહર પ્રથા
- વિધવા વિવાહ
- સામાજિક રીત રિવાજોને કારણે સ્ત્રી સશક્તિકરણ માટે અવરોધકર બને છે. સામાજિક કુરીવાજોને કારણે પુરુષની સરખારમણીમાં સમાન સમાનતા અને સ્વતંત્રતાથી દૂર રાખવામાં આવે છે. આથી સ્ત્રીઓનું સશક્તિકરણ થવા માટે અવરોધક બને છે.

**(9) પ્રૌઢ શિક્ષણનો અભાવ :**

- સમાજમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ જોવા મળે છે. વધુ સંખ્યામાં વાલીઓ અભણ છે. શિક્ષણનું મહત્ત્વ સમજતા નથી. સમાજમાં જોઈએ તેટલા પ્રમાણમાં પ્રૌઢ શિક્ષણ આપવામાં આવતું નથી. કન્યાના શિક્ષણ પર ભાર મૂકવામાં આવેલ છે, તેનો જોઈએ તેવો પ્રચાર થતો નથી, વાલીઓ સુધી માહિતી પહોંચતી નથી. વાલીઓ અભણ છે, સમાજમાં છોકરીઓને સિક્ષણ લેવાની અને સમાનતાની જરૂર છે, આથી સ્ત્રીઓને સશક્તિકરણ માટે અવરોધક બને છે.

**(10) માર્ગદર્શનનો અભાવ :**

- શાળામાં કે અન્ય જોઈએ માર્ગદર્શનનો અભાવ જોવા મળે છે. વાલીઓ અભણ હોવાથી પૂરતા પ્રમાણમાં શિક્ષણ અંગે માર્ગદર્શન મેળવી શકતા નથી. તેથી છોકરીઓ શિક્ષણથી વંચતિ રહે છે.આથી સ્ત્રી સશક્તિકરણમાં અવરોધક બને છે.

**(11) રાજકારણ :**

- સમાજમાં ગંદુ રાજકારણ જોવા મળે છે, સ્ત્રીઓના અનામતની વાત હોય કે સંરક્ષણની વાત હોય, તલાક માટેની વાત હોય ત્યારે વિરોધપણે કોઈ નિર્ણય લેવામાં બાધક બને છે. સ્ત્રીઓને સમાન હકો મળવા જોઈએ તે મળતા નથી.

**(12) શિક્ષણનો અભાવ :**

- વાલીઓમાં અભાવ જોવા મળે છે. સિક્ષણનું મહત્ત્વ સમજતા નથી. છોકરીઓને ભણીને શું કરવું ? છોકરીઓ વ્યવસાય ક્ષેત્રમાં પ્રવેશ કરે તે ક્યારે વાલીઓનો હજીપણ વિરોધ જોવા મળે છે,છોકરીઓ મેરજ પછી સાસરે જતી રહે છે. વ્યવસાય કરે તો તેની આવક પતિને મળે છે. આથી સ્ત્રી સશક્તિકરણ કરવામાં અવરોધક બને છે.

**(13) લિંગ ભેદભાવ :**

- સમાજમાં લિંગભેદ જોવા મળે છે. છોકારના જન્મ સમયે લાડુ વહેંચવામાં આવે છે. છોકરીના જન્મ સમયે શોક જોવા મળે છે. છોકરા અને છોકરીના ઉછેર, પહેરવેશ, શિક્ષણ વગેરેમાં ભેદભાવ જોવા મળે છે. છોકરીને સમાન હકો મળતા નથી.

## 5.8 સ્ત્રી સશક્તિકરણ શિક્ષણનો ઈતિહાસ

માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના મોટાભાગના દેશોમાં સ્ત્રીઓની સ્થિતિનું વાસ્તવિક ચિત્ર મેળવીએ તો સિધ્ધાંત અને વ્યવહારમાં ખૂબ મોટો તફાવત જોવા મળે છે. વિશ્વના બધા જ ધર્મ અને સામાજિક કાનૂનમાં સ્ત્રીઓને ખૂબ જ સન્માનિય અને મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે છે. જ્યારે હકીકતમાં ઘણાં બધાં સમાજમાં સ્ત્રીઓને સાંસ્કૃતિક, આર્થિક, સામાજિક, રાજકીય વગેરે અધિકારોથી વંચિત રાખવામાં આવે છે. કોઈપણ સમાજની પ્રગતિ જોવા હોય તો તે સમાજની સ્ત્રીઓની સ્થિતિના આધારે તે તપાસી શકાય.

સ્ત્રી સશક્તિકરણ અથવા નારીવાદી અભિગમનાં મૂળ 19મી સદીમાં ઈંગ્લેન્ડમાં થયેલી સ્ત્રી હકકના આંદોલનમાં છે, તેમ માનવામાં આવે છે. રાણી વિક્ટોરિયાના દરબારના સદ્સ્ય જે.એલ.મિલ એ સ્ત્રી હક્ક માટે લડત આપી. જેમાં સ્ત્રીને મતદાનનો અધિકાર, વારસાનો અધિકાર અને ફરજિયાત સ્ત્રી કેળવણીની માંગણી કરવામાં આવી. આમ, સ્ત્રી વિકાસ અને જાગૃતિની શરૂઆત થઈ. સ્ત્રી સશક્તિકરણની શરૂઆત ી.સ. 1985માં એક આંતરરાષ્ટ્રીય સંમેલન નૈરોબી (કેન્યા) ખાતે થઈ હતી. જેમાં સ્ત્રી સશક્તિકરણ એટલે ''સ્ત્રીઓને પુરુષોની જેમ જ વૈજ્ઞાનિક, શૈક્ષણિક, રાજનૈતિક, શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં તેમના કુટુંબ, સમુદાય, સમાજ અને રાષ્ટ્રની સાંસ્કૃતિક પૃષ્ઠ ભૂમિના અનુસંધાનમાં નિર્ણય લેવાના સ્વતંત્ર્યતા હોય.''

8મી માર્ચને ''આંતરરાષ્ટ્રીય મહિલા દિન'' તરીકે ઘોષિત કરવામાં આવ્યો. વિશ્વભરમં 20મી સદીની શરૂઆતનું વર્ષ એટલે ઈ.સ. 2001ના વર્ષને સ્ત્રી સશક્તિકરણના વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું.

ભારતમાં સ્ત્રી સશક્તિકરણનું બીજી રોપણ ઈ.સ. 1950માં ભારતના બંધારણમાં થઈ ગયું. ભારતીય બંધારણની કલમ 15 મુજબ સ્ત્રીને પુરુષોની સમકક્ષ માનીને રાજકીય, સામાજિક અને આર્થિક સમાનતાનો અધિકાર આપવામાં આવ્યો.

**સ્ત્રી શિક્ષણ :**

''જ્યારે તમે એક પુરુષને શિક્ષણ આપો છો ત્યારે એક વ્યક્તિ શિક્ષિત થાય છે. પણ જ્યારે તમે એક મહિલાને શિક્ષણ આપો છો ત્યારે તમે એક આખા પરિવારને શિક્ષિત કરો છો.''

*- જોનેટા કોલ*

સ્ત્રી શિક્ષણ એ સ્ત્રીના પોતાના વિકાસ માટે, કુટુંબના વિકાસ માટે અને રાષ્ટ્રના વિકાસ માટે ખૂબ જ જરૂરી બાબત છે. માટે કહી શકાય કે સ્ત્રી સશક્તિકણની વાતસીધી જ સ્ત્રી શિક્ષણ સાથે જોડાયેલી છે. સ્ત્રીએ શિક્ષણની મદદથી સામાજિક, આર્થિક, સંશોધનો પર નિયંત્રણ મેળવે છે. તેમજ તે પોતાના જીવનને સ્વયં નિર્દેશિત કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે. ઘરના તેમજ બહારના કામોમાં પરાવલંબી ન બનતા સ્વાવલંબી બની જીવન જીવી શકે છે.

**ભારતીય સ્ત્રી શિક્ષણનો ઈતિહાસ :**

ભારતમાં સ્ત્રી શિક્ષણનો ઈતિહાર પર નજર કરીએ તો હજારો વર્ષ પૂર્વ સ્ત્રી શિક્ષણની ગૌરવમય પરંપરા આપણે ત્યાં હતી. સ્ત્રીઓને પુરુષોને સમકક્ષ શિક્ષા મેળવવાનો અધિકાર હતો. સ્ત્રીઓ બધા જ ક્ષેત્રમાં પુરુષોની સાથો સાથ સંચાલન કરતી જોવા મળતી હતી. સમાજમાં તેમનું સન્માનીય સ્થાન હતું.

**વૈદિક યુગ :**

વૈદિકયુગમાં સ્ત્રીઓ શિક્ષણ મેળવતી હતી. તેના કેટલાય ઉદાહરણ જોવા મળે છે. ઋગ્વેદકાળમાં પુત્રની જેમ પુત્રીને પણ જનોઈ આપવામાં આવતી હતી અને અધ્યયનકાળ દરમિયાન તેને પણ બ્રહ્મચર્ય પાળવાનો નિયમ હતો. વેદોની ઘણી ઋચાઓ અને સુક્તની રચના એ સ્ત્રીઓ દ્વારા કરવામાં આવી હોવાનું વિદ્વાનોએ પ્રસ્થાપિત કર્યું છે. ઉપનિષદમાં રાજા જનકની સભામાં વિદુષી ગાર્ગીને શ્રેષ્ઠ વક્તા તરીકે ઓળખવામાં આવી છે. ઈન્દ્રાણી, શચિ, સુલભા, મૈત્રયી, ગાર્ગી, લોપામુદ્રા, વિશ્વાવારા, સિક્તા, વિભાવરી નારીઓ હતી. આમ વૈદિક યુગમાં સ્ત્રીઓમાં શિક્ષણ જોવા મળે છે.

**અનુવૈદિક યુગ :**

આ યુગમાં સ્ત્રીઓને શિક્ષણ ઉપરાંત સંગીત, નૃત્ય, પાકશાસ્ત્ર, ગૃહસ્થ જીવન માટે જરૂરી જ્ઞાન પણ આપવામાં આવતું. બાળકીઓ શિક્ષણ મેળવવા ગુરુકુળ જતી. તે સમયે સ્ત્રી અધ્યાપકો દ્વારા શિક્ષણ આપવામાં આવતું. મહિલા છાત્રાલયોની પ્રથા પણ જોવા મળે ચે. હેમાદ્રીના મત અનુસાર 'અવિવાહિત કન્યાઓને શિક્ષણ અને ધર્મનીતિ અવશ્ય શીખવા જોઈએ.''એ સમયે સ્ત્રીઓ શસ્ત્રવિદ્યા પણ શીખતી અને જરૂર પડ્યે રણમેદાનોમાં સ્ત્રીઓએ લડાઈ લડી હોવાના પ્રમાણો પણ મળે છે. ઈ.સ.500થી શિક્ષણમાં વિકાસદર ઘટેલો જોવા મળે છે. પરંતુ રાજવી પરિવાર અને સમાજના ઉપલા વર્ગના કુટુંબોની દીકરીઓ શિક્ષણ મેળવતી હોવાના પ્રમાણો મળ્યા છે. સમગ્ર રીતે જોઈએ તો એ ગાળામાં સ્ત્રી શિક્ષણમાં ઉતાર-ચઢાવ જોવા મળે છે. રામાયણ અને મહાભારત યુગમાં સ્ત્રીને શિક્ષણ આપવામાં આવતું હોવાનું જણાય છે. તો બુધ્ધ અને મહાવીરના સમયમાં માત્ર સમૃદ્ધ પરિવારની દીકરીઓ શિક્ષણ  અપાતું એમાં પણ સાંસ્કૃતિક વારસો (સંગીત-નૃત્ય) ગૃહકાર્યને લગતું તથા સામાન્ય સંસ્કૃત ભાષાનું તથા ધર્મગ્રંથોનું જ્ઞાન આપવામાં આવતું. આ ગાળાની ઘણી સ્ત્રીઓ કવિ અને વિદ્વતામાં જાણીતી બની હતી. (મંડન મિશ્રની પત્ની વિદ્વતા અને તર્કશક્તિ માટે પ્રસિધ્ધ છે.)

એટલે એવું કહી શકાય કે પ્રાચીન ભારતમાં સ્ત્રીઓ શિક્ષિત અને સશક્ત હતી અને પુરુષોની સમાન્તરે જ વિકાસ કાર્યમાં સહભાગી ગણવામાં આવતી હતી.

**મધ્ય યુગ :**

મધ્યયુગમાં ભારતમાં બાળલગ્ન, પડદાપ્રથા, વિધવા વિવાહ નિષેધ, અપહરણ વગેરે કારણોસર સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ઘટ્યું જ નહીં પણ નહિવત્ થયું. તે સમયે એક માન્યતા હતી કે જે કન્યા શિક્ષણ મેળવે છે, તે વિધવા બને છે. આ બધા કારણોસર ઈ.સ. 1891ની વસ્તી ગણતરીમાં માત્ર એક જ સ્ત્રી શિક્ષિત હોવાનું નોંધાયું છે.!!

બાદશાહ હુમાયુની બહેન ''ગુલબદન'' શિક્ષિત હતી. (અમીર ખુશરો - સંઃ સુલેમાન અશરફ, અલીગઢ, પાના નં. 35) અઠારમી સદીના અંતભાગમાં જાણવા મળ્યું છે કે ''વિદ્યા નામની

સ્ત્રી સ્ત્રી ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં ઉત્તીર્ણ હતી, ઈચ્છાવતી સાહિત્ય અને સંગીતમાં, રૂકમણિ વ્યાકરણ અને શાસ્ત્રોમાં ''આમ અપવાદરૂપ કિસ્સામાં-સ્ત્રી શિક્ષણ જોવા મળતુ.

મુસ્લિમ સમાજમાં સ્ત્રી શિક્ષણ પર પાબંદી હતી. માત્ર ચાર દિવાલમાં રહી જીવન પસાર કરવાનું હતું જ્યારે હિન્દુ સમાજમાં તો સ્થાન વધારે નીચું ગયેલું જોવા મળે છે. જેમાં શિક્ષણ અને જાહેર જીવન તો દૂરની વાત પણ બાળકીની જન્મને જ અપશુક્ત ગણવામાં આવતા અને બાળકીને ''દૂધપીતી'' કરવાના રિવાજો અસ્તિત્ત્વમાં આવ્યા.

આમ, મધ્યયુગમાં સ્ત્રી શિક્ષણને મરણતોલ ફટકો વાગ્યો અને સ્ત્રીઓના વિકાસની તક છીનવી લેવામાં આવી.

**બ્રિટીશ યુગ :**

ભારતમાં બ્રિટીશરોના શાસનકાળ દરમિયાન એવા ઘણાં કાયદાઓ ઘડાયા. જેમાં સ્ત્રીઓને પરંપરાગત બંધનથી મુક્ત કરવામાં આવતી હોય.ખાસ કરીને સતીપ્રથા, બાળલગ્ન, બાળકીને દૂધ પીતી કરવી. જેવા દુષણોની સામે કાયદાઓ દ્વારા સ્ત્રીઓને રક્ષણ આપવામાં આવ્યું. આ ઉપરાંત સ્વાતંત્ર્યની ચળવળમાં પણ સ્ત્રીઓને સક્રિયતા ઊડીને આંખે વળગે એવી છે. ગાંધીજીએ સ્ત્રીઓ, દલિતો અને શોષિતોને સમાનરીતે આઝાદીની લડતમાં સામેલ કર્યા. એનાથી સ્ત્રીણાં જાગૃતિ વધવા લાગી. આ ઉપરાંત અનેક સમાજ સુધારક દ્વારા સ્ત્રી ઉત્થાનની પ્રવૃત્તિો ચલાવવામાં આવી અને એટલે જ આ યુગને સ્ત્રી ઉત્થાનનો યુગ ગણવામાં આવે છે.

સમાજ સુધારકો, ખ્રિસ્તી મિશિનરીઓ અને બ્રિટીશ સરકારના કાનૂનની મદદથી સ્ત્રી શિક્ષણ માટેના પૂર્વાગ્રહો હળવા થયા. કેટલાંય દેશી રાજાઓ દ્વારા પણ કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવામાં આવ્યું અને વડોદરા, ગોંડલ, ભાવનગર જેવા રાજ્યોમાં કન્યા કેળવણીને ફરજિયાત કરવામાં આવતાં સ્ત્રી શિક્ષણની માત્રામાં ખાસ્સો વધારો થયો. મહાત્મા ગાંદી, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, એની બેસન્ટ વગેરેના પ્રયત્નથી કન્યાસાળા તેમજ સહશિક્ષણની શરૂઆત થઈ. બ્રિટીશ શાસક ચાર્લ્સવુડે સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપ્યું. ઈ.સ. 1883માં ભારતમાં બે સ્ત્રીઓએ સ્નાતકની પદવી મેળવી.

સામાન્ય રીતે ઈ.સ. 1881-82થી માંડીને ઈ.સ. 1947 સુધીમાં સ્ત્રી શિક્ષણની શરૂઆત થઈ. જેમાં સ્ત્રીઓ પ્રાથમિક શિક્ષણતી માંડીને ઉચ્ચ શિક્ષણ લેતી થઈ. પરંતુ તેનો વિકાસદર ખૂબ જ ધીમો હતો.

**સ્વતંત્રતા બાદ સ્ત્રી શિક્ષણ :**

સ્વતંત્ર ભારતના બંધારણમાં જ સ્ત્રી-પુરુષ સમાનતાની જોગવાઈ કરવામાં આવી છે. પંચવર્ષીય યોજનાઓમાં સાક્ષરતાનું પ્રમાણ વધારવા પર અને તેમાંય સાતમી યોજનામાં તો સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ધીમે ધીમે સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ વધી રહ્યું છે. જે નીચેના કોષ્ટકમાં જોઈ શકાય છે.

| ક્રમ | વર્ષ | કુલ સાક્ષરતા દર | પુરુષ સાક્ષરતા દર | સ્ત્રી સાક્ષરતા દર |
|---|---|---|---|---|
| 1 | 1951 | 18.33 | 27.16 | 8.86 |
| 2 | 1961 | 28.30 | 40.40 | 15.35 |
| 3 | 1971 | 34.45 | 45.96 | 21.97 |
| 4 | 1981 | 43.57 | 56.38 | 29.76 |
| 5 | 1991 | 52.21 | 64.13 | 39.29 |
| 6 | 2001 | 65.38 | 75.85 | 54.16 |

સ્ત્રોત : વસતી ગણતરી, ભારત સરકાર

ઉપરના કોષ્ટકમાં જોઈ શકાય છે કે પુરુષની સરખામણીમાં સ્ત્રીઓની સાક્ષરતાનું પ્રમાણ ઘણું ઓછું છે. (અન્ય માહિતી પ્રમાણે પ્રાથમિક, માધ્યમિક શિક્ષણના પ્રમાણમાં ઉચ્ચ શિક્ષણ લેતી સ્ત્રીઓનું પ્રમામ સાવ ઓછું છે.)

## 5.9 સારાંશ (Let us sum up)

- સ્વતંત્ર ભારતમાં કાનૂનીકરણ, સ્ત્રીશિક્ષણ વગેરે નવાં પરિબળોના વિકાસને કારણે સ્ત્રીનું સ્થાન વધુ ઊંચું આવ્યું છે. સ્ત્રી પુરુષ સમાનતાનાં નવાં મૂલ્યો વિકસી રહ્યાં છે. આમ છતાં સ્ત્રીનું સ્થાન સૈદ્ધાંતિક રીતે જેટલું ઊંચું આવ્યું છે તેટલું ક્યાંક વ્યવહારમાં જણાતું નથી. હજી પુત્રી કરતાં પુત્ર જન્મ વધુ ઈચ્છનીય ગણાય છે. સ્ત્રીશિક્ષણની બાબતમાં હજી કેટલાંક સમાજનોમાં ઈચ્છનીય વર્તન- પરિવર્તનો થયાં નથી, છતાં, સ્ત્રી સશક્તિકરણ અંગે સમાજમાં જાગૃતિ વધી છે તે એક આશાસ્પદ ચિહ્ન છે.
- એ વાત સાચી છે કે સ્ત્રીઓને સશક્ત બનાવવા મટે સામાજિક વાતાવરણમાં ખૂબ ઝડપથી બદલાવ આવી રહ્યો છે, જેમાં શિક્ષણે એક શાસ્ત્ર તરીકે નવચેતના જગાડે છે. સાથોસાથ અન્ય કાયદાઓના કારણે પણ સ્ત્રીઓ સશક્ત બનતી જોવા મળે છે. સ્ત્રી જાગૃતિના કારણે સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી સશક્તિકરણ એ માત્ર વાદ-વિવાદનો વિષય ન રહેતા વાસ્તવિક દૃષ્ટિએ જોઈએ તો વિકાસના પંથે ચડેલો જણાય છે.
- હા એનું પ્રમાણ નિર્ધારિતિ લક્ષ્યાંક કરતાં જરૂર ઓછું છે, પરંતુ સમાજના દરેક વર્ગની અને સમુદાયની સ્ત્રીઓ ક્રમશઃ શિક્ષણ સેવા તરફ વળી છે, એ હકીકત આપણી સામે છે, એથી આશા જરૂર બંધાય કે ધીમે ધીમે પણ સ્ત્રીઓની સ્થિતિમાં સુધારો આવી રહ્યો છે, જેના માટે સ્ત્રી શિક્ષણ એક સશક્ત ઉપાય છે.
- આવશ્યકતા એ બાબતની છે કે સ્ત્રી શિક્ષણનો વિકાસદર નિરંતર વધતો રહે તો સ્ત્રી સશક્તિકરણની દિશામાં સફતા આપો આપ મળશે જ.

## 5.10 એકમ સ્વાધ્યાય (Unit Exercises)

**1. નીચેના પ્રસ્નોના સવિસ્તાર જવાબ લખો :**

(1) સ્ત્રી-સશક્તિકરણની વ્યાખ્યા આપી, તેનું મહત્ત્વ સમજાવો.

(2) સ્ત્રી-સશક્તિકરણ માટેના મુખ્ય કાર્યક્રમો આપો.

(3) ગુજરાતમા સ્ત્રીઓ માટેની શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રની યોજનાઓ જણાવો.

**2. નીચેના પ્રસ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) સ્ત્રી-સશક્તિકરણની વિભાવના સમજાવો.

(2) સ્ત્રી-સશક્તિકરણના લક્ષણો જણાવો.

(3) ગુજરાતમાં સ્ત્રીઓ માટેની આરોગ્યલક્ષી યોજનાઓ જણાવો.

(4) સ્ત્રીઓને રક્ષણ પૂરું પાડતા મુખ્ય કાનૂનોની નોંધ લખો.

(5) સ્ત્રીઓના બંધારણીય અધિકારો જણાવો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

(1) ભારત અને ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ગ્રામીણ અને શહેરી લિંગપ્રમાણ જણાવો.

(2) સ્ત્રી-કલ્યાણલક્ષી કાનૂનના કોઈ પાંચ નામ આપો.

(3) સ્ત્રી-સશક્તિકરણની વ્યાખ્યા આપો.

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

(1) 'સશક્તિકરણ' શબ્દનો ઉદ્‌ભવ ક્યારે થયો ?

(2) લિંગપ્રમાણ એટલે શું ?

(3) SEWA નું પૂરું નામ જણાવો.

(4) ભારતમાં સ્ત્રી-સશક્તિકરણ માટેની નીતિ કયારે ઘડાઈ ?

(5) સ્ત્રીલક્ષી કાયદાઓને મુખ્યત્વો કયાં ત્રણ વિભાગોમાં વર્ગીકૃત કરી શકાય.

(6) ફેકટરી એક્ટ ક્યારે ઘડાયો ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) 1901માં ભારતમાં જાતિપ્રમાણ કેટલું હતું ?

(અ) 954 (બ) 946

(ક) 972 (જ) 952

(2) સાઈકલ સહાય યોજનાનો લાભ કોને આપવામાં આવે છે ?

(અ) છોકરીઓને (બ) છોકરાઓને

(ક) બંનેને (ડ) વૃદ્ધોને

(3) 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં સૌથી વધારે બાલિકાઓનું પ્રમાણ કયા રાજ્યમાં છે ?

(અ) રાજસ્થાન (બ) મિઝોરમ

(ક) તામિલનાડુ (ડ) ઉત્તરપ્રદેશ

(4) 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં સૌથી ઓચું બાલિકાઓનું પ્રમાણ કયા રાજ્યમાં છે ?

(અ) મધ્યપ્રદેશ (બ) બિહાર

(ક) છત્તીસગઢ (ડ) પંજાબ

(5) ચિરંજીવી યોજના કયા પ્રકારની યોજના છે ?

(અ) શિક્ષણ (બ) આર્થિક

(ક) આરોગ્ય અને પરિવાર કલ્યાણ (ડ) સામાજિક ન્યાય અને અધિકારિતા

(6) કુંવરબાઈનું મામેરું યોજના કયા વિભાગમાં સમાવિષ્ટ છે ?

(અ) સામાજિક ન્યાય અને અધિકારિતા (બ) આર્થિક

(ક) શિક્ષણ (ડ) આરોગ્ય અને પરિવાર કલ્યાણ

(7) ગર્ભપાતનો કાનૂન ક્યારે ઘડાયો ?

(અ) 1961 (બ) 1955

(ક) 1956 (ડ) 1971

(8) મહિલા રાષ્ટ્રીય પંચ કાનૂન ક્યારે ઘડાયો ?

(અ) 1990 (બ) 1954

(ક) 1955 (ડ) 1971

(9) કાર્યસ્થળે સ્ત્રીઓની જાતિય સતામણી અટકાયત કાનૂન ક્યારે ઘડાયો ?

(અ) 2005 (બ) 2013

(ક) 1971 (ડ) 1956

## પ્રવૃત્તિ

- સ્ત્રીઓના સશક્તિકરણ માટેની સરકારની વિવિધ યોજનાઓ વિશેની જાણકારી મેળવો.
- તમારા રહેઠાણ વિસ્તારમાં સ્ત્રી-સશક્તિકરણ વિશે જાગૃતિ કાર્યક્રમ યોજો.
- ભારતની અગ્રગણ્ય મહિલાઓનો ચાર્ટ તૈયાર કરી, તે વિશે ટૂંકી નોંધ લખો.

## 5.11 તમારી પ્રગતિ ચકાસો :

- તમારા ઉત્તરો આપેલ જગ્યામાં લખો :

(1) સ્ત્રી સશક્તિકરણનો અર્થ :

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(2) સ્ત્રી સશક્તિકરણના કોઈ પણ ત્રણ મહત્ત્વની બાબત જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(3) સ્ત્રી સશક્તિકરણ માટે કોઈ પણ ત્રણ કાર્યક્રમ જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(4) સ્ત્રી સશક્તિકરણમાં સમાવેશ થતી કોઈપણ ત્રણ બાબત જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(5) સ્ત્રી સશક્તિકરણ કરવામાં કોઈ પણ ત્રણ અવરોધ જણાવો.

..................................................................
..................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(6) સ્ત્રી સશક્તિકરણ શિક્ષણનો ઈતિહાસ ટૂંકમાં જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 5.13 સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)


(1) આચાર્ય આનંદ કે તથા અન્ય : સમાજશાસ્ત્ર ધોરણ-12 ગુજરાત રાજ્ય શાળા, પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

(2) ઠક્કર હેતલ : યોજના- જૂન- 2012, યોજના કાર્યાલય, અમદાવાદ

(3) ત્રિપાઠી પ્રતિમા : લિંગ, વિદ્યાલય એવં સમાજ, અગ્રવાલ પબ્લિકેશન્સ, આગ્રા.

એકમ 6

# સ્ત્રી સશક્તિકરણ -૨

## : રૂપરેખા :

6.1 પ્રસ્તાવના

6.2 સ્ત્રી સશક્તિકરણ માટે કાનૂની જોગવાઈઓ

6.3 સ્ત્રીઓ અને કાયદો

6.4 સ્ત્રીઓના બંધારણીય અધિકારો

6.5 સ્ત્રી કેળવણી દ્વારા મહિલા સશક્તિકરણ

6.6 મહિલા સશક્તિકરણ દશા અને દિશા

6.7 ગુજરાતમાં સ્ત્રી સશક્તિકરણ

6.8 સ્ત્રી સશક્તિકરણ માટેના આંતરરાષ્ટ્રીય પ્રયાસો

6.9 સ્ત્રી સશક્તિકરણ વર્તમાન યુગની જરૂરિયાત

6.10 સ્ત્રી સશક્તિકરણ- મૂલ્યાંકન

6.11 સારાંશ

6.12 એકમ સ્વાધ્યાય

6.13 તમારી પ્રગતિ ચકાસો

6.14 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

6.15 સૂચિત વાંચન સામગ્રી

**ઉદ્દેશો : (Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે....

(1) સ્ત્રી સશક્તિકરણ માટે કાનૂની જોગવાઈઓ સમજી શકશો.

(2) સ્ત્રીઓ અને કાયદો સમજી શકશો.

(3) સ્ત્રીઓના બંધારણીય અધિકારો સમજી શકશો.

(4) સ્ત્રી કેળવણી દ્વારા મહિલા સશક્તિકરણ સમજી શકશો.

(5) મહિલા સશક્તિકરણ-દશા અને દિશા સમજી શકશો.

(6) ગુજરાતમાં સ્ત્રી સશક્તિકરણ સમજી શકશો.

(7) સ્ત્રી સશક્તિકરણ માટેનાં આંતરરાષ્ટ્રીય પ્રવાસો સમજી શકશો.

(8) મહિલા સશક્તિકરણ વર્તમાન યુગની જરૂરિયાત સમજી શકશો.

(9) મહિલા સશક્તિકરણ- મૂલ્યાંકન સમજી શકશો.

## 6.1 પ્રસ્તાવના :

- મહિલાઓ કોઈપણ જાતની મર્યાદા વગર પોતાના નિર્ણયો જાતે લઈ શકે અને પોતાને પુરુષ સમોવડી ગણી શકે તે બાબત દેશના સમગ્રલક્ષી વિકાસ માટા આવશ્યક છે. આપણા બંધારણે સમાનતાની ખાતરી આપી છે અને જાતિ (પુરુષ કે સ્ત્રી)ના આધારે કોઈ ભેદભાવ કરવામાં આવે નહીં તેની પણ ખાતરી આપી છે.

- મિલકત ધરાવવાનો અધિકાર અને મહિલાઓ મિલકતની માલિક બની શકે તેવો અધિકાર એ ન્યાયિક ચૂકાદાઓ, સુધારા અને વૈજ્ઞાનિક કાયદા, અદાલતો ણાટે અર્થઘટન વિષય બની રહ્યો છે.
- લોકોને જાગૃત કરવા માટે મહિલાઓને જાગૃત કરવી આવશ્યક બની રહે છે, એકવાર તે જાગશે એટલે પરિવાર જાગશે, ગામ જાગશે, રાષ્ટ્ર જાગશે, પંડિત જવાહરલાલ નહેરુ
- ભારતને સ્વતંત્રતા મળ્યા પછી બંધારણ સભામાં આપણું બંધારણ મંજૂર થયું, તેમાં આમુખમાંજ સ્વતંત્રતા, સમાનતા અને સામાજિક ન્યાયની સિધ્ધાંત દર્શાવવામાં આવ્યાં છે.
- ભારતીય બંધારણના ઘડવૈયાઓ સ્ત્રીઓની અગાઉની સામાજિક પરિસ્થિતિની માહિતગાર હતા, તેથી તેમણે ખાસ કરીને સમાનતાનો અધિકાર અને સામાજિક ન્યાય અપાવવાના આદર્શોને ધ્યાનમાં રાખીને તેમના માટેની અનેકવિધ જોગવાઈ કહી.
- આ બધી જ જોગવાઈઓ હોવા છતાં, સ્ત્રીઓએ વિકાસની દિશામાં પગરવા માંડયા હોવા છતાં, તેમની તરફ જે અસમાનતા, ભેદભાવ, હિંસા વગેરેનું જે પ્રવર્તમાન વલણ જોવા આવે છે. તે દૂર કરવા સ્ત્રીઓએ જાતે જ શક્તિ કેળવીને આવા સામાજિક દૂષણ સામેના યુધ્ધમાં લાગી જવું પડશે.
- ભારતમાં સામાજિક પરિવર્તન લાવવા માટે કાયદાકીય જોગવાઈ કરીને સ્ત્રીને પુરુષ સમાન દરજ્જો અને તકની સમાનતા આપવામાં આવીછે.
- ભારતીય બંધારણે સ્ત્રીઓને કેટલાંક અધિકારો આપવામાં આવેલ છે.

## 6.2 સ્ત્રી સશક્તિકરણ માટે કાનૂની જોગવાઈઓ :

સ્વતંત્ર ભારતના બંધારણ અને કાનૂનોથી સ્ત્રી અને પુરુષના સ્થાન અંગે સમાન કાનૂની ધોરણો પ્રસ્થાપિત થયાં છે, તે નીચે મુજબ છે.

**(1) સમાન રાજકીય અધિકાર :**

સ્વતંત્ર ભારતનું બંધારણ સ્ત્રી-પુરુષ બંનેને સમાન રીતે પુખ્યવય મતાધિકાર આપે છે. સ્ત્રીને ગ્રામપંચાયતથી માંડીને પાર્લામેન્ટ સુધીના તમામ ક્ષેત્રોની ચૂંટણીઓમાં મતદાનનો અને ઉમેદવારી કરવાનો તેમજ પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ આવવાનો સમાન અધિકાર મળ્યો છે અને સ્ત્રી માટે અનામત બેઠકોની જોગવાઈ દ્વારા વિશિષ્ટ અધિકાર પણ મળ્યો છે.

**(2) લગ્ન અને છૂટાછેડાનો સમાન અધિકાર :**

1954ના સ્પેશિયલ મેરજે એક્ટ લગ્નક્ષેત્રે બિનસાંપ્રદાયિક મૂલ્યોનું પ્રસ્તાપન કરીને જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર વિશાળ બનાવે છે. આ કાયદો પ્રત્યક્ષ રીતે બાળલગ્ન ઉપર પ્રતિબંધ મૂકે છે. આ કાયદા અનુસાર લગ્નથી જોડાનાર પુરુષ 21 વર્ષની નીચેનો અને સ્ત્રી 18 વર્ષ નીચે ન હોવી જોઈએ. આ કાયદા મુજબ લગ્ન માટે કોઈ ધાર્મિક વિધિની આવશ્યકતા રહેતી નથી. માત્ર મેરેજ ઓફિસર અને ત્રણ સાક્ષી સમક્ષ પુરુષ અને સ્ત્રી પોતે પતિ-પત્નીતરીકે કાયદેસર રીતે જોડાય છે. 1954ના સ્પેશિયલ મેરેજ એક્ટ અને 1955ના હિન્દુ લગ્ન કાયદાથી સ્ત્રી પુરુષ બંનેને છૂટાછેડાનો એકસરખો અધિકાર મળે છે.

**(3) દહેજપ્રથા પ્રતિબંધ કાનૂન - 1961 :**

દહેજની કાનૂની વ્યાખ્યા મુજબ, ''લગ્ન સમયે બેમાંથી કોઈપણ પક્ષનાં મા-બાપ કે અન્ય વ્યક્તિ લગ્ન પહેલાં કે લગ્ન બાદ લગ્નની એક શરત તરીકે કોઈપણ મિલકત આપે, આપવા સંમત થાય કે લે તો તે ગુનો બને છે.'' આમ કાનૂની વ્યાખ્યા મુજબ દહેજનાં વરશુલ્ક અને કન્યાશુલ્ક બંનેનો સમાવેશ થઈ જાય છે.

**(4) મિલકત અને વારસાનો સમાન અધિકાર :**

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ સ્ત્રીને મિલકતનો સંપૂર્ણ અધિકાર બક્ષતો મહત્ત્વનો કાયદો 1956નો

હિંદુ વારસા ધારો ઘડવામાં આવ્યો છે. હિંદુ વારસા ધારા દ્વારા પુત્રીઓને પણ વારસો મેળવવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. પિતાની સ્વતંત્ર મિલકતમાં પુત્રના જેટલા જ અધિકારો પુત્રી પ્રાપ્ત કરે છે, તેમજ પુત્રીનાં લગ્ન તેના વારસા અધિકારને બાધક નીવડતાં નથી.

**(5) કાનૂની શિક્ષણ કાર્યક્રમ અને કુટુંબ અદાલતો :**

સ્ત્રી સશક્તિકરણ અંગે રાષ્ટ્રીય કાનૂની સહાય સમિતિએ કાનૂની શિક્ષણનો કાર્યક્રમ પ્રસ્તુત કર્યો છે. આ કાર્યક્રમ હેઠળ સ્ત્રીઓને કાનૂની સિક્ષણ આપવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત આ સમિતિએ કરેલી ભલામણો અનુસાર કુટુંબ અદાલત કાયદો 1984માં પસાર કરવામાં આવ્યો છે. આવી અદાલતોમાં કેટલાંક ગુના જેવા કે દહેજ, બળાત્કાર સંબંધી કેસ ચલાવવાની યોજના હાથ ધરવામાં આવી છે. આ કાયદાનો હેતુ લગ્ન, મિલકત અને અન્ય કૌટુંબિક ઝઘડા કે વિવાદોના ઝડપી ઉકેલ માટે પ્રોત્સાહન આપવાનો છે.

સ્ત્રીઓની સમસ્યાઓના નિવારણના ઉપાય તરીકે લેવાયેલ વિવિધ પગલાં સ્ત્રીઓની સમસ્યાઓ હલ કરવાની દિશામાં આવશ્યક પરિસ્થિતિનું નિર્માણ કરે છે. આ પગલાં સ્ત્રીના નીચે સ્થાનને ઊંચું લઈ જવાનું સહાય નીવડે છે, તેમજ સ્ત્રીને પુરુષ સમોવડી બનવા માટેની આવશ્યક પરિસ્થિતિ ઊભી કરે છે.

- **કાનૂની જોગવાઈઓ**
- **મહિલા સશક્તિકરણ : કાનૂની જોગવાઈઓ**

''લોકોને જાગૃત કરવા માટે મહિલાઓને જાગૃત કરવી આવશ્યક બની રહે છે, એકવાર તે જાગશે એટલે પરિવાર જાગશે, ગામ જાગશે, રાષ્ટ્ર જાગશે.''

***-પંડિત જવાહરલાલ નહેરૂ***

મહિલાઓ કોઈ પણ જાતની મર્યાદા વગર પોતાના નિર્ણયો જાતે લઈ શકે અને પોતાને પુરુષ સમોવડી ગણી શકે તે બાબત દેશના સમગ્રલક્ષી વિકાસ માટે આવશ્યક છે. આપણા બંધારણે સમાનતાની ખાતરી આપી છે અને જાતિ (પુરુષ કે સ્ત્રી)ના આધારે કોઈ ભેદભાવ કરવામાં આવે નહીં તેની પણ ખાતરી આપી છે. આમ છતાં જાતિને આધારે ભેદભાવ રાખવાની બાબત પ્રાચીન કાળથી ભારતીય સમાજના મૂળમાં પડેલી છે.

વર્તમાન લેખમાં ભારતની સર્વોચ્ચ અદાલતની બંધારણીય બેંચે તાજેતરનાં વર્ષોમાં ચર્ચા કરી હોય તેવા કેટલાંક મુદ્દા ઉપસાવવાનો પ્રયાસ કરાયો છે. સુપ્રિમ કોર્ટે જે કાયદાને જૂના પૂર્ણા થઈ ચૂક્યા હોય તેના કાયદા ગણ્યા હોય તેવા કાયદામાં ભારતીય દંડ સંહિતા (Indian Penal Code) 1860ની કલમ 376 અને કલમ 377ની જોગવાઈઓ કે જેમાં બળાત્કરાનો સમાવેશ થાય છે, આ ઉપરાંત કલમ 497 કે જેમાં પુરુષ વચ્ચેના જાતિય સંબંધો એ કલમ 497 કે જેમાં વ્યાભિચારનો સમાવેશ થાય છે તે સહિતની જોગવાઈઓ ધરાવતાં કાયદાઓની ચકાસણીમાં ખૂબ જ હકારાત્મક ભૂમિકા બજાવે છે. આ અંગે અદાલતની ઘોષણાઓની અહીં ચર્ચા કરવામાં આવી છે કે જે વર્તમાન સમયમાં ખૂબ જ રસપ્રદ નીવડે તેમ છે.

કલમ- 497માં અન્ય પુરુષની પત્ની સાતે તેની સંમતિ વગર અથવા તો મૂક સંમતિ છે તેવું માનીને ગેરકાયદે સંબંધો ધરાવતાં કોઈ પણ પુરુષને સજા કરવાની જોગવાઈ છે. આ એક અત્યંત જાતિય પૂર્વગ્રહ ધરાવતી જોગવાઈ છે અને તે બંધારણની કલમ-14 અને કલમ-15 બંનેનો ભંગ કરે છે. સૌ પ્રથમ તો એમાં સ્ત્રીને એક મિલકત હોય તેવું વલણ દાખવવામાં આવ્યું છે. જો આવું કાર્ય પતિની સંમતિથી કે મૂક સંમત છે એવું માનીને કરવામાં આવ્યું હોય તો તે ગુનો બનતો નથી. બીજે ગેરકાયદેસર સંબંધ ધરાવનાર પુરુષે બીજા પુરુષની પત્ની સાથે ગેરકાયદેસર સંબંધો બાંધ્યા હોય તો આ ગૂનામાં મદદગારી માટે પત્ની સજા પાત્ર બનતી નથી, કારણ કે તેને ભોગ બનેલી વ્યક્તિ માની લેવામાં આવે છે. ત્રીજુંજો પુરુષને લગ્નેતર સંબંધો હોય તો તેને અથવા તો જેની સાથે સંબંધ બાંધવામાં આવ્યો હોય તે મહિલા સામે કાયદેસર પગલાં લઈ શકાતાં નથી.

આ કાયદાનો મુસદ્દો સૌ પ્રથમ વાર 1860માં મેકોલે દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો અને તે પછી એમાં સમય જતાં કોઈ સુધારા કરાયા નથી અને તે ચાલુ રહ્યો છે. 1971ના 42મા લો રિપોર્ટ અને વર્ષ 2003ની માલીમય સમિતિના અહેવાલમાં જાતિય તટસ્થતા માટે ગુનાની વ્યાખ્યામાં સુધારો કરવા માટે ભલામણ કરવામાં આવી હતી, પરંતુ આ બાબકે કશું થઈ શક્તું નથી. વીતેલાં વર્ષોમાં અદાલતો દ્વારા જે (ચુકાદાઓ) આપવામાં આવ્યા છે. તેમાં આવી કલમોને બંધારણીય રીતે માન્ય ગણવામાં આવી છે. આ બાબત તાજેતરમાં જોસેફ શ્રાઈન વિરૂધ્ધ યુઓઈ (યુનિયન ઓફ ઈન્ડિયા)ના કેસમાં પ્રકાશમાં આવી હતી, જેમાં બંધારણીય યોગ્યતાને પડકારતી અરજી ભારતની સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી હતી. ન્યાયીધીશોની બેંચે એવું અવલોકન કર્યુ હતું કે, આ જોગવાઈમાં જાતિય તટસ્થતાનો સિદ્ધાંત ગેરહાજર છે અને જ્યારે પતિની સંમતિની વાત કરવામાં આવે છે તેનાથી મહિલાની વ્યક્તિગત ઓળખને હાનિ પહોંચે છે.

આથી સમાજમાં દરેક ક્ષેત્રમાં મહિલાને પુરુષ સમોવડી ગણવામાં આવે એવી સમજ માટેનો સમય પાકી ગયો છે. આથી આ જોગવાઈ પ્રથમ દ્રષ્ટીએ થોડી પુરાણી લાગે છે. આમ છતાં ભારતમાં લગ્નને નૈતિક પવિત્રતા સાતે સાંકળવામાં આવે છે ત્યારે કેન્દ્રવર્તી વલણ એ રહેવું જોઈએ કે કલમ 497 લગ્ન સંસ્થાની સલામતીને સમર્થન આપે છે અને આ કલમને રદ કરવામાં આવે તો એનાથી લગ્ન સંસ્થાને અત્યંત મહત્ત્વ આપતા ભારતીય સમાજની આંતરિક ભાવનાને વિપરીત અસર થશે. વિશિષ્ટ બાબત એ છે કે હિંદુ મેરેજ એક્ટ - 1955 હેઠળ અદાલત દ્વારા લગ્ન વિચ્છેદ માટે વ્યભિચારને ક્રિમિનલ ગુનો ગણવામાં આવ્યો છે. પુરુષ અને સ્ત્રી માટે આ કાયદાને તટસ્થ બનાવવાની બાબત ધ્યાન ઉપર લેતાં પહેલાં સવાલ એ આવે છે કે આ બાબતને ક્રિમિનલ ગૂનો ગણવાની જરૂર છે ખરી ? કે પછી તેને માત્ર લગ્ન વિચ્છેદ માટેની ભૂમિકા ગણવામાં આવે તે પૂરતું છે ?

એક અન્ય મુદ્દો કે જે ભારતની સુપ્રીમ કોર્ટ દ્વારા હાથ ધરવો પડે છે તે છે. તરત જ ટ્રિપલ તલાકની કહેવાતી જોગવાઈ. આ બાબત ખરેખર મુસ્લિમ પર્સનલ લૉનો એક હિસ્સો છે કે નહી તે બાબત અદાલત સમક્ષ એક મહત્ત્વનો મુદ્દો બની ગયો છે. તરત જ ટ્રિપલ તલાક એ સુન્ની મુસ્લિમોમાં અને ખાસ કરીને હનાફી પંછમાં તો વર્ષો જૂની પધ્ધતિ છે. આ જોગવાઈ હેઠળ મુસ્લિમ પુરુષો એક જ બેઠકમાં ત્રણ વખત તલાક શબ્દ બોલીને પોતાની પત્નીને એકતરફી અને નિર્ણયથી અને બદલી શકાય નહી તે રીતે તલાક આપી દે છે.

વીતેલાં વર્ષો દરમ્યાન આ પ્રથાનો મુસ્લિમ પુરુષો દ્વારા દુરુપયોગ થવાના કિસ્સા વધ્યાં છે અને મુસ્લિમ પતિઓ ટેકસ્ટ મેસેજ મોકલાવીને અથવા તો ફોન ઉપર તલાક આપવા માંડ્યા છે. આ અગાઉ તલાક અનિવાર્ય પરિસ્થિતિમાં અથવા તો મશ્કરીમાં આપવામાં આવતા હતા અને તેને માન્ય રીતે અસરકારક ગણવામાં આવતા હતા (રશીદ એહમદ વિરૂધ્ધ અનિતા ખાતૂન [AIR 1932 PC 25 ]) આવા કિસ્સાઓમાં એક માત્ર શરત એ રહેતી હતી કે પતિ એ સમયે ગંભીર અને મગજની સાબૂત સ્થિતિ ધરાવતો હોવો જોઈએ. એમાં પત્નીને સંબોધન કરવાની કોઈ જરૂર રહેતી નહીં અને તલાક અંગે જાણકારી મળે એ ક્ષણેથી જ અમલમાં આવી જતી હતી (પથાયી વિરૂધ્ધ મોઈનુદ્દીન [1968 KLT 763]) આમ છતાં હિના અને અન્ય વિરૂધ્ધ યુ.પી. એ અન્યના [2017 (1) RCR (Civil) 313] ના કેસમાં અલ્હાબાદ કોર્ટે એવું અવલોકન કર્યું છે કે વાજબી કારણ વગર અને બે લવાદની મધ્યસ્થી દ્વારા સમાધાનના પ્રયાસ વગર આપવામાં આવેલી તલાકને માન્ય લગ્ન વિચ્છેદ ગણી શકાય નહીં. (સમીમ અરા વિરૂધ્ધ યુપી રાજ્ય અને અન્ય [AIR 2002 Sc 3551]

આ રીતે વિચાર્યા વગર કે વચ્ચે વિરામનો સમય રાખ્યા વગર કે પછી આત્મનિરિક્ષણની તક આપ્યા વગર તલાક આપી શકાય નહીં. મુસ્લિમોની બહુમતી વસ્તી ધરાવતા પાકિસ્તાન સહિતના દેશોમાં આ પ્રથા રદ કરવામાં આવી છે. છેકે 2017માં તુરંત જ ટ્રિપલ તલાકની યોગ્યતાનો કિસ્સો ભારતની સુપ્રીમ કોર્ટ સમક્ષ આપ્યો ત્યારે (સાયરાબાનુ વિરૂધ્ધ ભારત સરકાર અને અન્ય [(2017)9SCC1]) 3:2ની બહુમતિથી આવા તલાકને ગેરબંધારણીય, આપખુદ કલમ-14ના ભંગ સમાન ગણવામાં આવ્યો હતો. આમ છતાં હજુ એ સવાલ રહે છે કે તુર્ત ટ્રિપલ તલાકને

ગેરબંધારણીય ગણવાને કારણે ભારતમાં સ્ત્રી પુરુષ  સમાનતાના ચિત્રમાં કોઈ ફેરફાર થયો છે ? તલાકનાં અન્ય સ્વરૂપો હજુ પણ અસ્તિત્ત્વ ધરાવે છે, જેમાં મુસ્લિમ પુરુષો કોઈ પ્રકારે કાયદાનો આશરો લીધા વગર લગ્ન વિચ્છેદ કરી દે છે. ડિસેમ્બર 2017માં મુસ્લિમ મહિલાઓ (લગ્ન અંગેના અધિકારોની સુરક્ષા) વિધેયક 2017 લોકસભામાં જેમાં તુર્ત ટ્રિપલ તલાકને સમજણપૂર્વક કરવામાં આવેલ અને જામીન મળી શકે નહીં તેવા ગૂના તરીકેનો ઉલ્લેક કરવામાં આવ્યો. આ વિધેયક હજુ રાજ્યસભામાં પસાર થવાનું બાકી છે.

હાલમાં આ વિધેયક જે સ્વરૂપે છે. તેનાથી સમસ્યાઓ દૂર થશે તેમ માની શકાય નહીં. આ ગુનાને સમજપૂર્વકનો ગુનો ગણવામાં આવે તેમાં શું મુસ્લિમ પુરુષોને ન્યાય મળે છે ? ભારતીય દંડ સંહિતા 1860 હેઠળ લગ્ન સંબંધી ગુનાઓ કે જેમાં પત્નીને કોઈ શારિરીક હાનિ કરવામાં આવી ન હોય તેને અણસમજમાં કાયેલો ગુનો ગણવામાં આવે અને તેને ફરિયાદ ગણવામાં આવે. આમ છતાં તુર્ત ટ્રિપલ તલાકને સમજપૂર્વકનો ગૂનો ગણવાને કારણે આખરે એવો અર્થ થશે કે મુસ્લિમ પત્નીનો ફરિયાદ કરવાનો ઈરાદો ના હોય તો પણ, મુસ્લિમ પુરુષો ઉપર કેસ ચકાવવામાં આવશે. જો આવું થશે તો મુસ્લિમ પુરુખોના અધિકારોને અસાવધપણે અન્યાય થશે. અને તેમની સાથે ભેદભાવ રાખવા સમાન ગણાશે.

મિલકત ધરાવવાનો અધિકાર અને મહિલાઓ મિલકતની માલિક બની શકે તેવો અધિકાર એ ન્યાયી ચુકાદો, સુધારા અને વૈધાનિક કાયદા અદાલતો માટે અર્થઘટનનો વિષય બની રહ્યો છે. હિંદુ વારસા ધારો 1956માં મહિલાઓને માતા-પિતા અને સાસરિયા એમ બંને સંયુક્ત કુટુંબની મિલકતમાં હિસ્સાનો અધિકાર આપવામાં આવ્યો છે. આ અગાઉ મહિલાઓને મિલકતોમાં મર્યાદિક અધિકાર હતો. જો મહિલાઓ સમાજની બહાર લગ્ન કરે તો તેમને વારસામાં અને પ્રોપર્ટી ધારણ કરવાનો અધિકાર મળતો ન હતો. તેવા વિવિધ આદિવાસી કાયદાઓમાં તથા વિવિધ ધાર્મિક કાયદાઓમાં જોગવાઈ હતી. છોટાનાગપુર ટેનન્સી એક્ટ 1908માં મહિલાઓ સમાજની બહાર લ્ગન કરે તો તેમને ''માતા-પિતાની મિલકતમાં અધિકાર'' ગુમાવવો પડતો હતો. સમાન પ્રકારે પારસી કાયદાઓમાં પારસી મહિલાઓ જો પોતાના સમાજની બહાર  લગ્ન કરે તો તેમની ધાર્મિક ઓળખ ગુમાવવી પડતી હતી. સમાજની બહાર લગ્ન કરનાર પારસી પુરુષના બાળકો પારસી બની શકે છે. આમ છતાં સમાજની બહાર લગ્ન કરનાર પારસી મહિલાનાં બાળકો પારસી બની શક્તાં નથી.

સમાજની બહાર લગ્ન કરનાર પારસી મહિલાને ''ટાવર ઓફ સાયલન્સ''માં મિલકતમાં અને પોતાના માતા-પિતાની અંતિમ વિધિમાં હાજર રહેવાની મંજૂરી મળતી નથી. આ જોગવાઈને પારસી મહિલા ગૂલરૂખ ગુપ્તાએ ગુજરાત હાઈકોર્ટમાં પડકારી હતી, જેમાં કોર્ટે પારસી મહિલાને ધાર્મિક પ્રણાલીઓમાં હાજરી નહીં આપવા દેવાની જોગવાઈને ખ્રિસ્તી, પારસી કે યહુદી સહિતની અન્ય ધાર્મિક પ્રણાલીઓને આધારે માન્ય રાખી હતી અને જણાવ્યુ હતું કે મહિલાની ઓળખ તેના પતિની ઓળખ સાથે ભળી જાય છે. આ ચુકાદાને જ્યારે ભારતની સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો ત્યારે પારસી ટ્રસ્ટ જૂની પુરાણી પરંપરાની વિરુદ્ધ ગયું હતું અને એવું જણાવ્યું હતું કે તેને ''ટાવર ઓફ સાયલન્સ'' માં માતા-પિતાની અંતિમ વિધિમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે.

પારસી મહિલાઓની સમસ્યા અંગે ચર્ચા કરતાં એવો નિર્દેશ કરાયો હતો કે પોતાની સમુદાયની બહાર લગ્ન કરનાર પારસી મહિલાઓ શું પોતાની ધાર્મિક ઓળખ ગુમાવે છે, કોઈ મહિલાને કઈ રીતે જ્ઞાતિ બહાર મૂકી શકાય ? એવું કહી શકાય કે મહિલાઓ પુરુષ સાથે લગ્ન કરીને પોતાની જાતને ગીરવે મૂકે છે અને પોતાની ધાર્મિક ઓળખ સહિતની ઓળખ ગુમાવે છે ? એવું કહી શકાય કે મહિલા પુરુષ સાથે લગ્ન કરીને પોતાની ઓળખને ગીરવે મૂકે છે અને પોતાની ધાર્મિક ઓળખ સહિત પોતાની ઓળખ ગુમાવે છે ?

ભારતમાં જ્યારે બળાત્કરાની ઘટનાઓ અતિશય પ્રમાણમાં વધી રહી છે ત્યારે, અદાલતો અને સાથે સાથે કાયદો ઘડનાર સંસ્થાઓએ પણ 2013 અગાઉના કાયદામાં સુધારા કર્યા છે અને ઈન્ડિયન પીનલ કોર્ડ 1860ની કલમ-375 હેઠળ બળાત્કારની વ્યાખ્યા સંકુચિત સ્વરૂપની હતી. અને

તેના વ્યાપમાં માત્ર જાતિય સંભોગનો સમાવેશ થતો હતો. ખૂબ જ કુખ્યાત નિર્ભયા સામૂહિક બળાત્કરાનો કેસ બન્યા પછી ક્રિમિનલ લૉ (એમેન્ડમેન્ટ) એક્ટ -2013 (બળાત્કાર વિરોધી વિધેયક)ને મંજૂર કરવામાં આવ્યું, જેની હેઠળ વ્યાખ્યાને વિસ્તૃત બનાવીને તેમાં ચીજવસ્તુઓ ઘૂસાડવાની કે દાખલ કરવા જેવી વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો.

વર્ષ 2018માં ભારતની સુપ્રીમ કોર્ટે આ કેસમાં 6 માંથી 4 આરોપીઓની મૃત્યુદંડની સજા યથાવત્ત રાખી. આરોપીઓમાંનીી એક વ્યક્તિ કે જેણે અત્યંત હંસક વર્તન કર્યું હતું તે 3 વર્ષ પછી છૂટી ગયો અને તે એટલા માટે કે તેની વય 18 વર્ષ કરતાં થોડાંક મહિના ઓછી હતી. આ ઘટના બન્યા પછી જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ - 2015ને બહાલી આપવામાં આવી અને એવી જોગવાઈ કરાઈ કે કોઈ સગરી વ્યક્તિ જો 16 વર્ષથી મોટી હોય અને તે જઘન્ય અપરાધ કરે તો (7 વર્ષ સુધીની જેલ અથવા તો વધુ સજાની જોગવાઈ) હેઠળ પુખ્ય વયની વ્યક્તિ તરીકે તેની સામે કેસ ચલાવાશે. કથુઆ ગેંગરેપ પછી ક્રિમિનલ લૉ (એમેન્ડમેન્ટ) વટહુકમ 2018ને રાષ્ટ્રપતિએ મંજૂરી આપી, જેમાં ખાસ કરીને જો છોકરી 16 વર્ષથી નાની હોય તો તેમાં બળાત્કારના કિસ્સામાં સજાની મુદત વધારવામાં આવી હતી. આ બાબતની નોંધપાત્ર વિશેષતા એ છે કે સુધારો કરાયા પછી પણ બળાત્કરાની વ્યાખ્યામાં 'લગ્ન વિષયક બળાત્કાર' ને જો છોકરીની ઉંમર 15 વર્ષથી ઓછી હોય તો 'બળાત્કાર' તરીકે ઓળખવામાં આવી નથી. આવા ગુનાઓ સામે જે વલણ લેવામાં આવ્યું છે તે આપણાં સમાજને લગ્ન સંસ્થાના અધઃપતન તરફ દોરી જશે.

ભારતના બંધારણના આમુખમાં એવું જણાવવામાં આવ્યું છે કે ''અમે ભારતના લોકો ગંભીરતાપૂર્વક ઠરાવ કરીએ છીએ કે સાર્વભૌમ સામાજિક ધર્મ નિરપેક્ષ લોકશાહી ગણતંત્ર તરીકે અને.....'' ધર્મ નિરપેક્ષતાનો અર્થ તમામ ધર્મો પ્રત્યે સરકાર દ્વારા એક સરખું વલણ. સમાન નાગરિક ધારો કે જે કોઈપણ ધર્મ ધરાવતા હોય, તો પણ તમામ નાગરિકોની વ્યક્તિગત બાબતોને પ્રભાવિત કરે છે. તે સાચા અર્થમાં ધર્મ નિરપેક્ષતા દર્શાવે છે.

એવા કાયદાની જરૂર છે કે હાલમાં ભારતમાં જે વિવિધ પ્રકારના પર્સનલ લૉ અમલમાં છે તે મહિલાઓ પ્રત્યે ભેદભાવ રાખે છે અને સ્ત્રી-પુરુષ સમાનતાને પ્રોત્સાહિત કરવા માટે હજી ઘણી મજલ કાપવાની બાકી છે. કલમ-14 હેઠળ દરેક નાગરિકને સિવીલ અને ક્રિમીનલ કાયદા સમાન પ્રકારે લાગુ પડે છે, પરંતુ પર્સનલ લૉ એમાં અપવાદરૂપ છે. કોર્ટના દ્વાર ખખડાવતી મહિલાઓની સંખ્યામાં જ્યારે વધારો થઈ રહ્યો છે ત્યારે તેમના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવા માટે લૉ કમિશનને ભારતમાં સમાન નાગરિક ધારો લાગુ કરવાની શક્યતા તપાસવા માટે કહેવામાં આવ્યું છે. અને એ દ્વારા મહિલાઓ અને પુરુષોને પર્સનલ લૉના સંદર્ભમાં એક સરખા ગણવાનો ઉદ્દેશ છે.

બંધારણની કલમ-44 (રાજ્યની નીતિની નિર્દેશાંત્મક સિધ્ધાંતો)માં સમાન નાગરિક ધારાની જોગવાઈ અંગે ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તેમાં જણાવવામાં આવ્યુ઼ંછે કે ''રાજ્યના નાગરિકો સમાન નાગરકિક ધારાથી સુરક્ષિત બને તે માટે રાજ્ય પ્રયત્નશીલ રહેશે.'' ભારતની સુપ્રીમ કોર્ટે મોહંમદ અહેમદ ખાન વિરુદ્ધ શાહ બાનો બેગમ અને અન્ય કેસમાં [AIR 185 ST 945] અવલોકન કર્યું છે કે બંધારણની કલમ 44 એક મૃત અક્ષરો સમાન બની રહી છે. કોઈ સમુદાય તેમાં નિઃસ્વાર્થ ભાવે આ મુદ્દે છૂટછાટ આપવા તૈયાર નથી. અને રાજ્યો કે જેમની દેશના નાગિરકોને સમાન નાગરિક ધારા હેઠળ સુરક્ષા આપવાની ફરજ છે તેમને કોઈ સવાલ કરાતો નથી.

રાજ્યો આવું કરવાની વૈધાનિક ક્ષમતા ધરાવે છે. આ મુદ્દે અનેક મુશ્કેલીઓ સંકળાયેલી હોવા છતાં બંધારણનો જો કોઈ અર્થ હોય તો શરૂઆત કરવી જરૂરી છે. ફરીથી સરલા મુદ્દગલ વિરૂધ્ધ ભારત સરકાર [(1995) SCC 3 635] માં સર્વોચ્ચ અદાલતે સમાન નાગરિક ધારા અંગે ચર્ચા કરી છે. આમ છતાં સમાન નાગરિક ધારો ઘડવાની બાબાતમાં મુશ્કેલીઓ ઓછી નથી અને તેપણ ભારત જેવા દેશમાં કે જ્યાં વિવિધ ધર્મો, જ્ઞાતિઓ વગેરેનું વ્યાપક સાંસ્કૃતિક વૈવિધ્ય જોવા મળે છે ત્યાં આવા સુધારાને ધાર્મિક સ્વતંત્રતાની અપાયેલી ખાતરી ઉપર પેશકદમી ગણવામાં આવે છે. આપણે ગમે તેટલા પ્રગતિશીલ હોઈએ તો પણ આવો કોઈ નિર્ણય લોકોને સ્વીકાર્ય ના બને તે રીતે તેમની ઉપર લાદી શકાય નહીં.

આ રીતે વીતેલાં વર્ષોમાં ભારતમાં કાનૂની સુધારાઓની જરૂરિયાત પારખવામાં આવી છે. અને કાયાદઓને ફરીથી આકાર આપીને તેમનં જૂનુંપુરાણું અસ્તિત્ત્વ નિવારવાની જરૂર છે. આમ છતાં આપણે મહિલાઓને સમાન દરજ્જો આપવા તરફ જવામાં હજુ પણ ઘણી લાંબી મજલ કાપવાની બાકી છે.

## 6.3 સ્ત્રીઓ અને કાયદાઓ :

સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે ઘડવામાં આવેલા સ્ત્રીલક્ષી કાયદાઓની જાણકારી ત્રણ વિભાગમાં વર્ગીકૃત કરીને સમજીએ.

### (1) સ્ત્રીઓના બંધારણીય અધિકારો :

બંધારણીય કાયદો એ કોઈ પણ દેશનો મૂળભૂત કાયદો કહેવાય. ભારતમાં સામાજિક પરિવર્તન લાવવા માટે સ્ત્રીઓના દરજ્જામાં સુધાર કરવા કાયદાકીય જોગવી કરીને સ્ત્રીને પુરુષ સમાન દરજ્જો અને તકની સમાનતા આપવામાં આવી છે. બંધારણની કલમો દ્વારા સ્ત્રીઓને માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે, એટલે કે સ્ત્રીઓને બંધારણીય અધિકારો આપવામાં આવ્યા છે. જેમાં જીવન જીવવાનો, પુખ્યવયે લગ્ન કરવાનો, સ્વ-પસંદગીથી લગ્ન કરવાનો, છૂટાછેડા મેળવવાનો, પુનર્લગ્ન કરવાનો, પતિ કે પિતાની મિલકતમાંથી વારસો કે હિસ્સો મેળવવાનો, ત્યક્તા સ્ત્રી તરીકે પતિ પાસેથી ભરણપોષણ મેળવવાનો, અત્યાચારથી બચવા પતિથી અલગ રહેવાનો, સ્વ-કમાણી અને સ્ત્રી-ધન પર સંપૂર્ણ હક મેળવવાનો, નબળા વર્ગની સ્ત્રીઓને મફત કાનૂની સહાય મેળવવાનો, શોષણાત્મક પ્રથાઓ સામે રક્ષણ મેળવવાનો, શિક્ષણ, વ્યવસાય અને રાજકારણમાં અનામત બેઠકો દ્વારા વિશેષ હકો મેળવવાનો વગેરેનો સમાવેશ થાય છે.

### (2) સ્ત્રીઓને રક્ષણ પૂરું પાડવા કાયદા :

સ્ત્રીઓના જૈવકીય, સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક ક્ષેત્રના સશક્તિકરણ માટે રક્ષણાત્મક કાનૂનો પણ ઘડવામાં આવ્યા છે. આપણે તેમાંથી કેટલાંક કાનૂનોની જોગવાઈઓનો ટૂંકમાં પરિચય મેળવીએ.

| કાનૂન | વર્ષ | કાનૂનનો હેતુ |
|---|---|---|
| અનૈતિક વેપાર અટકાયત કાનૂન | 1956 | જાતિય શોષણ સામે રક્ષણ |
| દહેજ પ્રતિબંધક કાનૂન | 1961 | દહેજનાં દૂષણની નાબૂદી |
| ગર્ભપાતને લગતો કાનૂન | 1971 | સ્ત્રીઓના જીવન અને ગૌરવની સુરક્ષા |
| બિભસ્ત પ્રદર્શન પર પ્રતિબંધ મૂકતો કાનૂન | 1986 | સ્ત્રીને અપમાનજનક કે હલકી રીતે નિરૂપવા સામે રક્ષણ |
| સતી પ્રતિબંધક કાનૂન (આ કાનૂન સૌપ્રથમ 1829માં ઘડાયેલો. ત્યાર પછી તેને સંપૂર્ણ નાબૂદ કરી, નવેસરથી 1987માં ઘડવામાં આવ્યો.) | 1987 | વિધવા સ્ત્રીને જીવન જીવવાની સુરક્ષા |
| કૌટુંબિક હિંસા નિવારણ કાનૂન | 2005 | સ્ત્રીને ઘરેલું હિંસા સામે રક્ષણ |
| કામના સ્થળે સ્ત્રીઓના જાતિય સતામણી અટકાયત કાનૂન | 2013 | કામના સ્થળે સ્ત્રીઓની જાતિય સતામણી સામે સુરક્ષાની જોગવાઈ |

ઉપર્યુક્ત કોષ્ટકમાં દર્શાવેલ કાનૂનો ઉપરાંત પણ અન્ય રક્ષણાત્મક કાનૂનો છે, જે સ્ત્રીઓ દરજ્જાને નુકસાન કરતી ઘટનાઓ સામે રક્ષણ પૂરું પાડીને સ્ત્રી-સશક્તિકરણને વેગ આપે છે.

**(3) સ્ત્રી- કલ્યાણલક્ષી કાયદા :**

ભારત એ કલ્યાણ રાજ્ય છે, આ આદર્શને ધ્યાનમાં રાખીને સ્ત્રી - કલ્યાણલક્ષી કાયદાઓ ઘડવામાં આવ્યા. આપણે તેમાંથી કેટલાંક કાનૂનોની જોગવાઈની જાણકારી મેળવીએ.

## 6.4 સ્ત્રીઓના બંધારણીય અધિકારો

ભારતને સ્વતંત્રતા મળ્યા પછી બંધરાણ સભામાં આપણું બંધરાણ મંજૂર થયું, તેમાં આમુખમાંજ સ્વતંત્રતા, સમાનતા અને સામાજિક ન્યાયના સિદ્ધાંત દર્શાવવામાં આવ્યા છે. ભારતીય બંધારણના ઘડવૈયાઓ સ્ત્રોની અગાઉની સામાજિક પરિસ્થિતિથી માહિતગાર હતા, તેથી તેમણે ખાસ કરીને સમાનતાનો અધિકાર, શોષણ વિરુદ્ધના અધિકાર અને સામાજિક ન્યાય અપાવવાના આદર્શોને ધ્યાનમાં રાખીને તેમના માટેની અનેકવિધ જોગવાઈ કરી.

આ બધી જ જોગવાઈઓ હોવા છતાં, સ્ત્રીઓએ વિકાસની દિશામાં પગરવ માંડ્યા હોવા છતાં, તેમની તરફ જે અસમાનતા, ભેદભાવ, હિંસા વગેરેનું જે પ્રવર્તમાન વલણ જોવામાં આવે છે તે દૂર કરવા સ્ત્રીઓએ જાતેજ શક્તિ કેળવીને આવા સામાજિક દૂષણ સામેના યુદ્ધમાં લાગી જવું પડશે.

ભારતના બંધારણના આમુખમાંજ દેશના દરેક નાગરિકે ન્યાય-સામાજિક, રાજકીય અને આર્થિક સમાનતા આપવાના ઉચ્ચ આદર્શો, ઉપરાંત દરજ્જા અને તકની સમાનાત વ્યક્તિનું ગૌરવ અને બંધુતા વિકસાવવાના આદર્શો દર્શાવવામાં આવેલા છે.

ભારતમાં સામાજિક પરિવર્તન લાવવા માટે કાયદાકીય જોગવાઈ કરીને સ્ત્રીને પુરુષ સમાન દરજ્જો અને તકની સમાનતા આપવામાં આવી છે.

ભારતીય બંધારણે સ્ત્રીઓને આ અધિકારો નીચે જણાવ્યા મુજબ આપેલા છે.

**મૂળભૂત અધિકારો અંતર્ગત :**

સ્ત્રી અને પુરુષને સમાન ગણવામાં આવે છે તથા સ્ત્રીઓ સાથે સમાનતા થાય તે માટે લાભાર્થે ખાસ જોગવી (વાજબી વર્ગીકરણ) કરવામાં આવી છે.

**રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અંતર્ગત :**

સમાજના નબળા વર્ગો, ખાસ કરીને સ્ત્રીઓ તથા બાળકોની પરિસ્થિતિની સુધારણા અર્થે રાજ્યે ખાસ પ્રયત્નો કરવા અને આ વર્ગોનું શોષણ થતું અટકે તે માટેનાં પગલાં લેવા.

**મૂળભૂત ફરજો અંતર્ગત :**

દરેક નાગરિક ઉપર સ્ત્રીઓના ગૌરવને હાનિકારક તમામ વ્યવહારોને ત્યાગ કરવાની મૂળભૂત ફરજ લાદવામાં આવી છે.

**મૂળભૂત અધિકાર અંતર્ગત :**

બંધારણે આપેલાં આ તમામ અધિકારો દરેક નાગરિકને પ્રાપ્ત છે. રાજ્ય પણ તેના ઈન્કાર કરી શકતું નથી. જે મુજબ :

**અનુ. 14 કાયદા સમક્ષ સમાનતા અને કાયદા વડે સમાન રક્ષણ :**

ભારતના પ્રદેશમાં રાજ્ય કોઈપણ વ્યક્તિને કાયદા સમક્ષ સમાનતા કે કાયદાના સમાન રક્ષણનો ઈન્કાર કરશે નહિ. તેનો અર્થ એ થયો કે વ્યક્તિ કાયદા સમક્ષ સમાન છે, પછી ભલે તે સ્ત્રી હોય કે પુરુષ, કાયદાના સમાન રક્ષણનો અર્થ એ થાય છે કે, દરેક વ્યક્તને એક સરખી રીતે કાયદો લાગુ પડશે. એટલે કે એક સરખા સંજોગોમાં મુકાયેલ વ્યક્તિઓ વચ્ચે ભેદભાવ કરવા પર પ્રતિબંધ છે, તેનો અર્થ એ થાય કે એક સરખા સંજોગોમાં ન હોય તેવી વ્યક્તિઓ વચ્ચે ભેદભાવ કરી શકાશે, પરંતુ આવું કરાયેલું વર્ગીકરણ વાજબી હોવું જોઈએ, કાયદેસર હોવું જોઈએ અને વાસ્તવિક તફાવત પર આધારિત હોવું જોઈએ.

સર્વોચ્ચ અદાલતે એક ઈન્ડિયા વિ. નરગિસ મીરઝાના કેસમાં જણાવ્યું હતું કે સગર્ભાવસ્થા સામે મુકાયેલી શરત, જે સ્ત્રીના સંદર્ભમાં અયોગ્ય પક્ષપાતકારી અને ગંરબંધારણીય છે. જેનાથી અનુ -14 (સમાનતાનો અધિકાર) નો ભંગ થાય છે. કેસની વિગત પ્રમાણે એરઈન્ડિયામાં નોકરી કરનાર, નોકરીમાં રખાયાના પછીના ચાર વર્ષના ગાળામાં તેપરણે અથવા તો પ્રથમ ગર્ભ ધારણ કરે ત્યારે તેને ફરજિયાત નિવૃત્તિની જોગવાઈ કરવામાં આવી હતી. કોર્ટે આ જોગવાઈને સ્ત્રીત્વના અપમાન ગણાવી તેને રદ કરી હતી.

**અનુ -15 ધર્મ, જ્ઞાતિ, જાતિ લિંગના કારણોસર ભેદભાવ પર પ્રતિબંધ :**

રાજ્ય કોઈપણ નાગરિક સામે માત્ર ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ જન્મસ્થાન અથવા તેમાંના કોઈ કારણોસર ભેદભાવ કરશે નહિ. તેનો અર્થ એ થયોકે લિંગ આધારિત એટલે કે સ્ત્રી કે પુરુષ હોવાને કારણે તેમની વચ્ચે ભેદભાવ કરવામાં આવશે નહિ. પરંતુ સાથે સાથે અનુ.-15 (3) અનુસાર રાજ્યને સ્ત્રીઓ કે બાળકો માટે ખાસ જોગવાઈ કરતા કોઈ અટકાવી શકશે નહિ કે તેમના માટેની કેટલીક ખાસ જોગવાઈ રાજ્ય કાયદેસર રીતે કરી શકશે, જેમ કે મહિલાઓ માટેના અલગ સ્નાનાગર, કોલેજો, રેલ્વે કે બસમાં અલગ બેઠકો વગેરે.

**અનુ -16 જાહેર નોકરીની બાબતોમાં તકની સમાનતા :**

રાજ્યની જાહેર સેવાઓ માટેની રોજગારી કે નિમણૂંક સંબંધિત બાબતોમાં તમામ નાગરિકોને તકની સમાનતા રહેશે. અને માત્ર ધર્મ, જ્ઞાતિ, જાતિ કે લિંગના કારણોસર તેમની સામે ભેદભાવ રાખવામાં આવશે નહિ. એટલે કે સ્ત્રીઓને જાહેર નોકરીની બાબતોમાં તકની સમાનતા રહેશે.

આ ઉપરાંત બાકીના તમામ મૂળભૂત અધિકારો મહિલાઓને સમાન રીતે પ્રાપ્ત છે. જે મુજબ

**અનુ- 17 અસ્પૃશ્યતાની નાબૂદી**

**અનુ - 18 ખિતાબોની નાબૂદી**

**અનુ -19 જે અંતરગ્ત જુદાં જુદાં પ્રકારનાં છ સ્વાતંત્ર્યો આપામાં આવેલ છે જે મુજબ**

1. વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય.
2. શસ્ત્રો વિના શાંતિથી રચવાનું સ્વાતંત્ર્ય.
3. મંડળો અને સંગઠનો રચવાનું સ્વાતંત્ર્ય.
4. ભારતના સમગ્ર પ્રદેશમાં નિવાસ અને સ્થાયી થવાનું સ્વાતંત્ર્ય.
5. ભારના કોઈપણ પ્રદેશમાં નિવાસ અને સ્થાયી થવાનું સ્વાતંત્ર્ય.
6. કોઈ પણ વ્યાપાર વ્યવસાય કે ધંધો કરવાનું સ્વાતંત્ર્ય.

ઉપરોક્ત બધા સ્વાતંત્ર્યો વાજબી નિયંત્રણોને આધીન રહેશે.

**અનુ -20 ગુનાઓના સંબંધમાં રક્ષણ.**

1. પશ્ચાદ્‌વર્તી કાયદા સામે રક્ષણ.
2. એક ગુના માટે એકથી વધુ વાર કામ ચલાવા સામે રક્ષણ અને સ્વદોષારોષણ સામે પ્રતિબંધ.

**અનુ. 21 જીવન અને વૈયક્તિક સ્વાતંત્ર્યનો અધિકાર.**

જે મુજબ કાયદાની સ્થાપિત પ્રક્રિયા અનુસર્યા સિવાય રાજ્ય કોઈપણ વ્યક્તને તેના જીવન અને વૈયક્તિ સ્વાતંત્ર્યથી વંચિત કરી શકશે નહિ.

અનુ-21 **એ :- મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર.**

**અનુ - 22 ધરપકડ અને અટકાયત સામે રક્ષણ.**

**અનુ-23-24 શોષણ વિરુદ્ધના અધિકાર.**

**અનુ- 25-26 ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર.**

**અનુ -29-30 સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર.**

**અનુ -32 બંધારણીય ઉપાયો મેળવવાનો અધિકાર.**

આ સમસ્ત મૂળભૂત અધિકારો મહિલાઓને પણ એક સમાન રીતે પ્રાપ્ત છે.

**રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અંતર્ગત :**

બંધારણના વિભાગ ચાર દર્શાવવામાં આવેલા આ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો રાજ્યની ફરજોનો નિર્દેશ કરે છે. આ અંતર્ગત કરેલી તમામ જોગવાઈઓ સર્વને સામાજિક અને આર્થિક ન્યાય મળી રહે તે માટે કરવામાં આવી છે. જો કે આ માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ અદાલતો દ્વારા કરાવી શકાતો નથી. આમ છતાં આવા સિદ્ધાંતો રાજ્યના સંચાલનમાં મૂળભૂત હોવાને કારણે તેમનું પાલન કરવાની રાજ્યની નૈતિક ફરજ બની રહેશે.

આ જોગવાઈઓ પણ સ્ત્રી અને પુરુષને સમાનરીતે લાગુ પડે છે. પરંતુ આમાંની કેટલીક જોગવાઈઓ મહિલાઓ માટે ખાસ કરવામાં આવી છે.

**અનુ-38 રાજ્યે આવી સમાજ વ્યવસ્થા કરવાની રહેશે કે જેથી લોક કલ્યાણની વૃદ્ધિ થાય.**

**અનુ-39 કેટલાંક નીતિવિષયક સિદ્ધાંતો**

પુરુષો અને મહિલાઓને માટે સમાન આજીવિકાના પુરતાં સાધન અને સમાન કામ માટે સમાન વેતન મળે તેવી જોગવાઈ ઉપરાંત બાળકોને ગૌરવયુક્ત વિકાસની તક અને સગવડો પ્રાપ્ત થાય તેમજ તેમના શોષણ સામે રક્ષણની જોગવાઈઓ કરવી.

**અનુ-39એ સમાન ન્યાય અને મફત કાનૂની સહાય :**

આ અનુચ્છેદ અનુસાર કોઈપણ સ્ત્રીને આવકની મર્યાદ સિવાય મફત અને સક્ષમ કાનૂની સહાય આપવાની છે.

**અનુ-40 ગ્રામ પંચાયતોની સ્થાપના :**

સ્થાનિક સત્તા મંડળમાં સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ :

ભારતીય બંધારણની અનુ-73માં અને 74માં બંધારણીય સુધારા તે સ્ત્રીઓ માટે પંચાયત મ્યુનિસિપાલિટીમાં અનામત જગ્યાએ રાખવાનું જણાવે છે.

**અનુ-41 કેટલાંક ખાસ પ્રસંગે કામ, શિક્ષણ અને મદદના અધિકાર.**

**અનુ -43 કામદારો માટેના વેતન અંગે.**

**અનુ-43એ ઉદ્યોગ અંગેના વહીવટમાં સામેલગીરી**

**અનુ-44 નાગરિકો માટે સમાન નાગરિક ધારો.**

**અનુ-45 બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ.**

**અનુ -46 અનુ.જાતિ-જનજાતિ તેમજ અન્ય નબળા વર્ગોની શૈક્ષણિક અને આર્થિક હિત માટેની જોગવાઈ.**

**અનુ-47 લોકોના જીવન ધોરણ અને પોષણનું સ્તર અને જાહેર આરોગ્ય સુધારવાની ફરજ.**

આ જોગવાઈઓમાંની કેટલીક જોગવાઈ ખાસ મહિલાઓના માટે જ કરવામાં આવી.

**મૂળભૂત ફરજો અંતર્ગત :**

ભારતીય બંધારણના વિભાગ-4 એ મુજબના અનુછેદ-51 એમાં દર્શાવવામાં આવેલ મૂળભૂત ફરજો મુજબ અનુછેદ-51એ (ઈ) માં દર્શાવ્યા મુજબ મહિલાઓને નીચી દર્શાવતા તેમના ગૌરવને હાનિ પહોંચાડે તેવા વ્યવહારોનો ત્યાગ કરવાની ભારતની દરેક નાગરિકની ફરજ બની રહેશે.

આમ મહિલાઓના રક્ષણાર્થે અનેક કાયદાઓની જોગવાઈઓ હોવા છતાં મહિલાઓને પ્રત્યેના અપરાધો દિનપ્રતિદિન વધી રહ્યા છે. મહિલાઓ જુદી જુદી રીતે અનેક દુષ્કૃત્યોનો ભોગ બનતી રહી છે. જે સમગ્ર સમાજ માટે ચિંતાનો વિષય બની રહ્યો છે.

કોઈપણ જીવનની સામે સંઘર્ષની શરૂઆત તેના જન્મથી થાય છે, પરંતુ સ્ત્રીના સંઘર્ષની શરૂઆત તો તે જ્યારે માના ગર્ભમાં હોય ત્યારથી જ શરૂ થઈ જાય છે. અને જન્મ પછી તો જાણે સંઘર્ષની વણાથંભી વણજાર શરૂ થઈ જાય છે. બાળવિવાહ, વિધવાપ્રથા, દહેજપ્રથા, સતીપ્રથા, બળાત્કાર, જાતિય સતામણી જેવા તો અનેક અત્યાચારો સ્ત્રીઓ સાથે થતા રહ્યા છે. આ અંગે સમાજ સુધારકોએ અને નારીવાદી સંગઠનોએ અવાજ ઉઠાવીને વિરોધ વ્યક્ત કર્યો છે અને આવાં સ્ત્રી વિરુદ્ધ હિંસાના બનાવોને નિયંત્રણમાં લાવવાનો સક્રિય પ્રયાસ કરેલ છે.

## 6.5 સ્ત્રી કેળવણી દ્વારા મહિલા સશક્તિકરણ

પંડિત જવાહરલાલ નહેરુના શબ્દોમાં કહું તો ''રાષ્ટ્રની સ્થિતિનું સાચું દર્શન તેમની મહિલાઓના દરજ્જા પ્રમાણે જાણી શકાય છે.'' સશક્તિકરણનો અર્થ અનેક દૃષ્ટિકોણથી કરવામાં આવે છે. પ્રવર્તમાન સમાજ વ્યવસ્થામાં મહિલાઓ પ્રત્યે જે ઓરમાયું વર્તન રાખવામાં આવે છે, તેનો ઉકેલ સ્થાયી અને ન્યાયી રીતે કરવો તે પાયાનો પ્રશ્ન છે. જીવનના દરેક ક્ષેત્રમાં મહિલા પર જે બોજો નાંકવામાં આવ્યો છે, જે સુવિધાઓથી તેમને વંચિત રાખવામાં આવે છે, તેમના વ્યક્તિત્ત્વને પૂર્વગ્રહોના ગ્રહણથી હંમેશા ઢાંકી દેવાની વ્યવસ્થા છે તે નિર્મૂળ થાય તો જ સશક્તિકરણનું સ્વપ્ન સાકાર થાય.

ભારત સરકારે 2000-2001ને સ્ત્રી સશક્તિકરણ વર્ષ જાહેર કર્યું છે. તેમજ સ્ત્રી કેળવણી અને મહિલા શિક્ષણ માટેની રાજ્ય રાષ્ટ્ર સરકારની અનેક યોજનાથી સ્ત્રી સશક્તિકરણની ઝુંબેશ ફળદાયી બની છે.

1. સ્ત્રી અને પુરુષ એક દરજ્જાનો છે. એક જ નથી, કુદરતી ભેદો છે. છતાં બે વચ્ચે કોઈ ઊંચ કે નીચ નથી. એ અપૂર્વ જોડી છે. એકબીજાની પૂરણી છે અને બંને અરસપરર ટેકારૂપ છે તે એટલે સુધી કે એકને અભાવે બીજાનો સંભવ નથી. પણ જો પુરુષ અથવા તો સ્ત્રી સ્થાનભ્રષ્ટ થાય તો બંનેનો નાશ થાય. સ્ત્રી-પુરુષ બંને સમાજના સરખાં મહત્ત્વનાં અને પ્રતિષ્ઠાપાત્ર અંગો છે.

2. પુરુષ સ્ત્રીજાતિને એક બાજૂથી દબાવે છે. અજ્ઞાન રાખે છે, અવગણે છે અને નિંદે છે.બીજી બાજૂથી એને પોતાના ભોગોને તૃપ્ત કરનારું કેવળ સાધન ગણે છે અને તે હેતુથી એને કઠપૂતળીની જેમ પોતાની ઈચ્છા મુજબ સજે છે તથા તેની ખુશામત કરે છે અને તે રીતે એની ભોગવૃત્તિને ઉશ્કેરવાનો પ્રયત્ન કરે છે. આ બેઉ પ્રકારોથી કેવળ સ્ત્રીજાતિનો જ નહી પણ પોતાનો અને આખા સમાજનો ભારે અધઃપાત થયો છે.

3. પરણિત જીવનમાં સ્ત્રી અને પુરુષ બંનેની બોધિક કે માનસિક કક્ષા કંઈક સરખી હોય તો જ એકબીજાના વિચારો સમજી શકે. બદલાતા જમાના સાથે જૂની દલીલો ચાલી શકે જ નહીં અને સ્ત્રી કેળવણીનો સ્વીકાર કરવો જ ઘટે.

4. પુરુષની જેમ સ્ત્રીને પણ કેળવણીનો પૂરો અધિકાર છે અને પુરુષને જેવી કેળવણી મેળવવાની અનુકુળતા હોય, તેવી સ્ત્રીને પણ હોવી જોઈએ. ગાંધીજીએ કહ્યુ ંછે કે''એક માણસને ભણાવશો તો એક વ્યક્તિ શિક્ષિત થશે, અને એક મહિલાને ભણાવશો તો આખો પરિવાર શિક્ષિત થશે.

5. પુરુષે સ્ત્રી પાસેથી જનસમાજના સ્વાભાવિક હક્કો છીનવી લેવાનું અથવા તેઓને તે હક્કો ન આપવાનું કારણ વિદ્યાનો અભાવ ન હોવો જોઈએ પણ એ સ્વાભાવિક હક્કો જોઈએ પણ એ સ્વાભાવિક હક્કો નિભાવવાનો સારુ, દીપાવવાને સારુ તેનો પ્રચાર કરવાને સારુ વિદ્યાની આવશ્યકતા છે જ.

6. સ્ત્રી જાતિ પ્રત્યે પોષાયેલો તુચ્છભાવ એ હિંદુ સમાજમાં પેઠેલો સડો છે, ધર્મનું અંગ નથી. ધાર્મિક પુરુષો પણ એવા તિરસ્કારના ભાવથી મુક્ત નથી. એ તે સડો કેટલો ઊંડો ગયેલો છે તે બતાવે છે.

7. ઉછેરવામાં અને કેળવવામાં દીકરા અને દીકરી વચ્ચે ભેદ કરી દીકરી પ્રત્યે ઓછી કર્તવ્યબુદ્ધિ રાખનાર માતાપિતા મહાપાપ કરે છે.

8. સ્ત્રીઓને કેળવણી આપવી એ સર્વને સ્વીકાર્ય છે. પરંતુ મતભેદ વાતનો છે કે સ્ત્રીને કઈ કેળવણી આપવી. સંસ્કૃતિ અને ધર્મને જીવંત રાખી રહી હોય તો તે સ્ત્રી છે. સંસ્કૃતિને પોષક અને સંરક્ષક કોઈ પણ કેળવણીમાં તે નિષ્ણાંત થઈ શકે છે. પ્રાચીન કાળમાં સ્ત્રી કાર્યેષુ મંત્રી કહેવાતી. તે સ્ત્રી-પુરુષના જીવનમાં પૂરક તરીકે કાર્ય કરતી. ગાર્ગી, આત્રેયી, સીતા, દમયંતી વગેરે સ્ત્રીઓ સંસ્કારો અને બુધ્ધિની બાબતમાં કોનાતી ઉતરે તેમ છે.

9. સ્ત્રી અબળા નથી, પણ પોતાની શક્તિ સમજે તો પુરુષ કરતાંયે વધરો સબળા છે. એ માતા થઈ જેવી રીતે બાળકને ઘડે છે અને પત્ની થઈ જેવી રીતે પતિને દોરે છે, મોટેભાગે, પુરુષે તેવા બને છે.

10 સ્ત્રી કેળવાયેલી હોય તો કુટુંબ જીવન સુખી થાય છે. ભવિષ્યની પ્રજામાં, સારા સંસ્કાર રેડી શકે છે.''જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે.'' સ્ત્રીની પ્રતિભા આ સૂત્રમાં દેખાય છે. તે એક આદર્શ માતા બની શકે છે તે અર્ધાગિની અને સહધર્મચારિણી બની શકે છે. તે બાળકોના સંસ્કાર ઘડતરમાં સો શિક્ષકની ગરજ સારે છે. શિક્ષિત સ્ત્રી સમાજનું મહત્ત્વનું અંગ બની શકે છે તે બાળકોના સંસ્કાર ઘડતરમાં સો શિક્ષકની ગરજ સારે છે. શિક્ષિત સ્ત્રી સમાજનું મહત્ત્વનું અંગ બને છે. કેળવાયેલી સ્ત્રી સામાજિક કુરૂઢિઓ, જેવી કે બાળલગ્ન કન્યાવિક્રય, પ્રૌઢલગ્નો, વરવિક્રય, ન્યાવરા, વરઘોડા, ભૂત-ભૂવા, દોરાધાગા, દહેજ, સ્ત્રીભૃણ હત્યા વગેરેને વશન થતા સમાજ સુધારાને સારો વેગ આપી શકે છે.

11. યોગ્ય ઉંમરે પહોંચતાં પુરુષ જેટલી સ્વતંત્ત્રાનો અધિકાર છે. તેટલી જ સ્ત્રી પણ છે.

12. સ્ત્રી રક્ષણ અને સ્ત્રી અધિકાર કાયદાઓ અંગે મહિલાઓને માહિતગાર કરવા. જવાબદાર અમલદારોએ નિષ્ઠાપૂર્વક અમલ કરાવવો. પ્રજાએ કાયદાઓના અમલમાં જરૂરી સાથ સહકાર આપવો અને મહિલાઓ માટે હકારાત્મક માનસિકતા વિકસાવવી ઘટે.

13. સ્ત્રીજાતિમાં રહેલી અપાર શક્તિ એની વિશિષ્ટતાને લીધે કે એના શરીરબળને લીધે નથી. પણ એનું કારણ એનામાં રહેલી તીવ્ર શ્રધ્ધા, ભાવનાનો વેગ અત્યંત ત્યાગશક્તિ અને સહનશક્તિ છે એ સ્વભાવે જ કોમળ અને ધાર્મિક વૃત્તિની છે અને પુરુષ જ્યાં શ્રધ્ધા ખોઈ બેસી ઢીલો પડી જાય છે અથવા ખોટા હિસાબો કરવામાં ગૂંચવાઈ જાય છે ત્યાં એ ધીર બની સીધે માર્ગે સ્થિર પગલે જાય છે.

14. જગતમાં ધર્મની રક્ષા મુખ્ય પણે સ્ત્રી-જાતિને લીધે થઈ છે.

15. સ્ત્રી જાતિએ સાર્વજનિક કાર્યોમાં પુરુષના જેટલો જ ફાળો આપવો જોઈએ. મદ્યપાન નિષેધ, પતિત સ્ત્રીઓનો ઉધ્ધાર વગેરે કેટલાંક કામો એવાં છે કે સ્ત્રી જ વધારે સફળતાપૂર્વક કરી શકે.

16. સ્ત્રીએ પરણવું જ જોઈએ એ મિથ્યા ભ્રમ છે. એને પણ યાવજીવન બ્રહ્મચર્ય પાળવાનો અધિકાર છે.

17. સ્ત્રી પોતાની ઈચ્છા વિરુધ્ધ પોતાની કામવાસના તૃપ્ત કરવા બંધાયેલી નથી. તેમ કરનાર પતિ વ્યભિચારના જેવો જ દોષ કરે ચે.

18. કન્યાના લગ્ન 21 વર્ષ અને છોકરાના લગ્ન 24 વર્ષ પહેલાં નહી તે સિધ્ધાંતનો સામાજિક સ્વીકરા થવો જોઈએ.

19. દહેજ મુક્ત લગ્ન માટે યુવકો અને યુવતીઓ આગ્રહી બને. વાલીઓ, સામાજિક આગેવાનો, સામાજિક કાર્યકરો આ બાબતે આગેવાની લેતા થાય તેવું વાતાવરણ સર્જવું ઘટે.

આપણા જ્યોતિષશાસ્ત્ર અનુસાર નવ ગ્રહોને દરેકને માટે અલગ-અલગ રત્નું વિધાન કરેલું છે. જેમ ગ્રહોના શમન અને શાંતિ માટે રત્નો પહેરવાનું વિધાન છે, તેમ સંસારમાં પુરુષના વિધ-વિધ

વિચાર અને વર્તનના શમન માટે નારીરત્નોનું વિધાન છે. રત્ન સમાજ નારી વજ્ર જેવી કઠોર, ચંદ્રકાન્ત મણિ જેવી આર્દ્ર, સૂર્યકાંત જેવી તેજસ્વી, પ્રનાલ જેવી નાજુક, મોતી જેવી પવિત્ર, હીરા જેવી અમૂલ્ય અને સ્ફટિક જેવી પારદર્શક છે. સ્ફટિક જેવા સ્વચ્છ હૃદયની સ્વામિની જ્યાં ઈચ્છે ત્યાં સામીપ્ય સમાન રંગ ગ્રહણ કરી લે છે અને સંસારમાં ઓતપ્રોત બની જાય છે. આથી નારીને સર્વત્ર સમાયોજન અને સર્વ સ્વીકાર બદલ ધન્યવાદ ઓછા પડે છે.

## 6.6 મહિલા સશક્તિકરણ : દશા અને દિશા

નારી શક્તિ દુનિયામાં નવી ક્રાંતિ લાવી રહી છે. આજે સમગ્ર વિશ્વમાં નારીની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બની રહી છે. હાર્વડ બિઝનેસ જર્નલના એક અહેવાલ વર્કપ્લેસ. માર્કેટ પ્લેસ અને મોલ્સમાં યોન અત્ર, તત્ર, સર્વત્ર મહિલા શક્તિનું પ્રભુત્વ વધી રહ્યું છે. વૈશ્વિક મંદીના સંદર્ભમાં બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપથી માંડીને હાર્વડ યુનિવર્સિટીનું રિચર્સ કહે છે કે મંદીને દૂર કરવામાં અને તેજીને ટકોરો મારવામાં શ્રેષ્ઠ પરિબળ વિમે પાવર છે. તો ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રી વિશે કહેવામાં આવ્યું છે કે ''યત્ર નારીસ્ય પૂજ્યતે રમંતે તત્ર દેવતા'' - માતા અને જન્મભૂમિક સ્વર્ગ કરતાં પણ વ્હાલા છે. સ્વામી વિવેકાનંદે પણ કહ્યું છે કે સ્ત્રીઓની સ્થિતિ સુધાર્યા વગરે વિશ્વનું કલ્યાણ શક્ય નથી. આમ, સશક્ત મહિલા સશક્ત સમાજનો આધાર છે. ''પ્રારંભિક સમયમાં સ્ત્રીઓનું સામાજિક રાજકીય સ્થાન ખૂબજ નીચું હતું તેમ કહેવાય છે, પરંતુ 20મી સદી પછી સ્ત્રીઓની રાજકીય સામાજિક સ્થિતિમાં ઉત્તરોત્તર સુધારો જોઈ શકાય છે. આધુનિક સમયમાં તો લગભગ તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓ સારું એવું કાઠું કાઢી રહી છે.''

**મહિલાઓની પ્રગતિ :**

આજે એકવીસમી સદીમાં સમગ્ર વિશ્વમાં અને ભારતમાં પ્રત્યેક ક્ષેત્રમાં પરિવર્તન આવ્યા છે. આધુનિક સ્ત્રીઓ આજે વિવિધ ક્ષેત્રોમાં પુરુષ સમોવડા કે ક્યાંક પુરુષથી ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવા લાગી છે. તે એક કુશળ વૈજ્ઞાનિક, સંનિષ્ઠ શિક્ષણકાર, આદર્શ ગૃહિણી, પાઈલોટ કે એસ્ટ્રોનેટ બની છે. તે માત્ર કાર્યેષુ મંત્રી કે ભોજનેષુ માતા જ નથી. તેમની પાસે સારું સિક્ષણ, સહજ કેરિયર, ગ્લેમર અને સ્વતંત્ર આવકની સાથે સાથે સંબંધિત બધી સુવિધાઓ છે. ''ભારતીય કંપનીઓમાં સીઈઓ પદે 11% મહિલાઓ છે, આ આંકડો ફોર્ચ્યુન 500 કંપનીઓમાં હાજર મહિલાઓની સંખ્યા કરતાં પણ વધારે છે. સોફટવેર ઉદ્યોગમાં કુલ 30% મહિલાઓ છે. પુરુષો કરતાં વધુ પગાર મેળવતી મહિલાઓનું પ્રમાણ પણ આઈ.ટી. ક્ષેત્રમાં ખૂબ ઊંચું છે. ચિકિત્સા ક્ષેત્રમાં કુલ 16 લાખથી વધુ મહિલાઓ છે. અગ્નિ મિસાઈલ પ્રોજેક્ટની ટીમમાં 20 મહિલા વિજ્ઞાની છે. તો છેલ્લા એક દાયકામાં આઈ.આઈ.ટીમાં 8% આઈએઈએમમાં 13% મહિલાઓની ઉપસ્થિતિ રહી છે. હાલમાં 59 મહિલા સાંસદો લોકસભામાં છે. આ સંખ્યા અત્યાર સુધીની તમામ લોકસભામાં સૌથી વધુ છે. 60% મહિલાઓકૃષિ અને પશુપાલન વ્યવસાયમાં કાર્યરત છે. આ ક્ષેત્રમાો રાષ્ટ્રીય આવકમાં ફાળો 18% છે. મહિલાઓના સાક્ષરતા દરની સાથે સાથે હાયર એજ્યુકેશન મેળવનારી મહિલાઓની સંખ્યા છેલ્લા દસ વર્ષમાં 70% વધી છે. વળી, સેકન્ડરી એજ્યુકેશન મેળવનારી 18% મહિલાઓ રીટર્ન એટલે આવક મેળવે છે. જ્યારે પુરુષોમાં આ પ્રમાણ 14% છે. આ સાથે ડિફેન્સ, એવીએસન સહિત તમામ ક્ષેત્રમાં મહિલાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ફોર્ચ્યુન 500 કંપનીઓના એક સર્વે અનુસાર પ્રમોશન મેળવનાર મહિલા પ્રોફેશનલ્સ પોતાના હરીફોને પછાડવાના પરફોર્મન્સમાં 41%થી 116%ની સરસાઈ ધરાવ છે.'' મહિલા પ્રોફેશનલ્સમાં વધુ ક્રિએટીવ, ઈનોવેટીવ (સર્જનાત્મકતા અને નાવીન્યતા) જોવા મળે છે. આમ, તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓની પ્રગતિનો ગ્રાફ ઊંચે જતો જોવા મળે છે. સામાજિક રીતે પણ નારીના દરજ્જામાં સુધારો થયો છે. ચંદાકોચર, વિનિતા બાલી, સાવિત્રી, જિંદાલ, શોભના ભરતિયા, એકતા કપૂર, કિરણ શો મજુમદાર જેવા મહિલા સાહસિકો કે જેઓએ પોતાની કારકિર્દીની શરૂઆત અતિ નાનકડા સાહસ કે નોકરીથી કરી પોત પોતાના વ્યવસાયમાં ટોચ પર પહોંચેલ છે. ભારતના સર્વોચ્ચ પદે રાષ્ટ્રપતિ પદે હાલ એક મહિલા બિરાજમાન છે. આ ઉપરાંત અનેક રાજ્યોના મુખ્ય મંત્રી, મંત્રી, કેન્દ્રીય મંત્રી તેમજ ગર્વનર પદે મહિલાઓ આરૂઢ છે.મોટા

ભાગની આ મહિલાઓ કૌટુંબિક રાજકીય પીઠબળ વગર પોતાની આગવી સૂઝબૂઝ સંઘર્ષ અને આવડતના આધારે અનેક મહિલાઓ આ વિશાળ લોકશાહી દેશમાં રાજકીય રીતે ટોચ પર રહી પોતાની ભૂમિકાઓ નિભાવી રહી છે. પરંતુ આવી મહિલાઓની સંખ્યા ઘણી ઓછી છે. આજે પણ અનેક દેશમાં મહિલાઓની સ્થિતિ અત્યંત દયનીય છે. આજે પણ શિક્ષણ, સંપત્તિ, સામાજિક અને રાજકીય અધિકારોથી વંચિત રાખવામાં આવી રહી છે. ક્યારેક ધર્મના નામ ઉપર તો ક્યારેક પરંપરાના નામે, ક્યારેક શારીરિક દુર્બળતાના નામે પુરુષો દ્વારા સ્ત્રીઓનું આજે પણ શોષણ થાય છે.'' ભારત જેવા પારંપારિક સમાજમાં તો આ વિશેષ રૂપે સાચું છે. જ્યાં લગભગ 2/3 વસતી ગામડાઓમાં રહેલી હોય. શિક્ષણનો વ્યાપ ઓછો હોય અને રૂઢિ કે પરંપરાનું વિશેષ મહત્ત્વ હોય.

**સ્ત્રીઓ અને અત્યાચાર :**

''રાષ્ટ્રીય મહિલા આરોગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ દર મિનિટમાં અંતરે એક મહિલા અપરાધ અને દર 24 મિનિટે એક મહિલા યૌન શોષણનો ભોગ બને છે. દર 43 મિનિટે એક સ્ત્રીનું અપહરણ થાય છે. દર 54 મિનિટે એક મહિલા સાતે છેડછાડ કે બળાત્કારનો પ્રયાસ થાય છે. 102 મિનિટે એક મહિલા દહેજ પ્રતાનો ભોગ બને છે. 50% સ્ત્રીઓ કામના સ્થળ પર જ યૌન શોષણનો ભોગ બને છે.'' ઘરેલું હિંસા એ પણ ખૂબ મોટી સમસ્યા છે. ''યુનિસેફે તૈયાર કરેલ 'ગ્લોબલ રિપોર્ટ કાર્ડ ઓન એડોલસન્ટસ' ના તારણો ઘણા આઘાત જનક છે. ભારતમાં માત્ર પુરુષો જ નહીં પરંતુ 15 થી 19 વર્ષની વયજૂથના મુગ્ધાવસ્થામાં જીવતો યુવાવર્ગના 57% પણ એવું માને છે કે પત્ની પર થતું તાડવ, તેની કરાતી મારપીટ સમર્થન પાત્ર છે. તેનાતી પણ ચોંકાવનારી બાબત એ છે કે 53% ભારતીય તરુણીઓ કે કન્યાઓ પણ એવો વિચાર ધરાવે છે કે પતિ તેની પત્નીને મારપીટ કરે તે સમર્થનીય છે.'' અહેવાલ મુજબ ઘરેલું હિંસાનો (યુવનીઓ કે નારીઓ દ્વારા) સ્વીકારઅથવા તેને વ્યાજબી ઠરાવવાના ઝોક ફલિત કરતું સામાજિક વલણ કન્યાઓને અને મહિલાઓને પીડન માટે વધુ સંભાવ્ય બનાવે છે. આવી ઘરેલું હિંસા માટે અનેક પરિબળો જવાબદાર હોય છે. દા.ત. બાળલગ્નો, જાતિ આધારિત સત્તાવાહી સંબંધો,મહિલાઓનો નીચો આર્થિક દરજ્જો અને પરંપરાગત રીતરસમો કે સામાજિક ધોરણો આવી હિંસાને વળ ચડાવે છે. 2012ના વર્લ્ડ ચિલ્ડ્રન રિપોર્ટમાં યુનિસેફે જણાવ્યું છે કે આજે આધુનિક ભારતમાં પણ બાળલગ્નો, કુમળી વયમાં બાળકોને જન્મ આપી માતૃત્વ ધારણ કરવું અને પતિ તેમજ સાસરિયા દ્વારા ઘરેલું હિંસાનું દુષણ પ્રવર્તે છે.

**સ્ત્રીઓ અને શિક્ષણ :**

કોઈપણ રાષ્ટ્રને આગળ લઈ જવા માટે શિક્ષણનું મહત્ત્વ ઘણું છે. એવીજ મહિલાઓએ ઈતિહાસ રચ્યાં છે જે પૂર્ણ શિક્ષિત હતી. પરંતુ ભારતમાં સ્ત્રીઓનો સાક્ષરતા દર પુરુષોની સરખામણીમાં નીચો છે. પુરુષોનો સાક્ષરતા દર 2011ની વસતી ગણતરી મુજબ 82.14 % છે. જ્યારે સ્ત્રીઓનો સાક્ષરતા દર માત્ર 65.46% છે. આજે સ્ત્રીઓનો જે સાક્ષરતા દર છે લગભગ તેટલો જ સાક્ષરતા દર પુરુષોનો 1991 (64.13%)માં હતો. જે બાબત સ્ત્રીઓ સાક્ષરતામાં પુરુષો કરતાં બે દશક પાછળ છે તેવો સ્પષ્ટ નિર્દેશ કરે છે. અલબત્ત, આમાં નોંધપાત્ર અને આશ્વાસન લઈ શકાય તેવી બાબત એ છે કે સ્ત્રીઓનો સાક્ષરતા દરમાં સતત વધારો થઈ રહ્યો છે અને સ્ત્રી-પુરુષ સાક્ષરતા તફાવત ઝડપથી ઘટી રહ્યો છે. 1951માં સ્ત્રીઓનો સાક્ષરતા દર માત્ર 8.86% હતો. તે આજે 65.46%છે તે દ્રષ્ટિએ પ્રગતિ નોંધપાત્ર ગણાવી શકાય. બાજુ સ્ત્રી-પુરુષ સાક્ષરતા 1961માં 25.16%, 1971માં23398%, 1981માં26.62%, 1991માં 24.84%, 2001માં 21.69% અને 2011માં 16.68% થયો છે. આમ સ્ત્રી-પુરુષ સાક્ષરતા તફાવતમાં ઝડપથી ઘટાડો થઈ રહ્યો છે. 1981 પછી ઉતરોત્તર આ તફાવત ઝડપથી ઘડી રહ્યો છે.

**સ્ત્રીઓ અને આરોગ્ય :-**

આજની ભારતીય મહિલાઓનું સરેરાશ આયુષ્ય અન્ય ઘણા દેશોની મહિલાઓની તુલનામાં ઓછું છે. ઘણાં પરિવારોમાં ઘણી વખત મહિલાઓ અને છોકરીઓ કુપોષણનો ભોગ બને છે. આથી તેનામાં લોહીનું પ્રમાણ ઓછું હોય છે તેમજ કુપોષણનો શિકાર થવાથી સરેરાશ નબળું સ્વાસ્થય

ધરાવે છે. માતૃત્વ ધારણ કરવું એ સમગ્ર સૃષ્ટિના અસ્તિત્ત્વ માટે અનિવાર્ય છે. તો સ્ત્રી માટે અસ્તિત્ત્વ માટે અનિવાર્ય છે. તો સ્ત્રી માટે માતૃત્વ કુદરેત આપેલી સૌભાગ્ય અને ગૌરવપૂર્ણ ભેટ છે. પરંતુ ભારતમાં પ્રસુતિ સ્ત્રીઓના જીવન માટે જોખમકારક બને છે. ફક્ત 42% જ પ્રસૂતિઓ ડોકટરની દેખરેખ નીચે થાય છે. મોટા ભાગની મહિલાઓ પ્રસૂતિ સમયે સ્થાનિક કે પરિવારની મહિલાઓનો જ આધાર લે છે. પરિણામે જોખમી સ્થિતિમાં આવડત અને સાધનોના અભાવે માતાનો જીવન બચાવવો મુશ્કેલ બને છે. માતૃત્વ સમયે થતાં મૃત્યુમાં ભારત વિશ્વમાં બીજા ક્રમે છે. તો વળી, UNDP ના માનવ વિકાસ અહેવાલ અનુસાર 88% સગર્ભા મહિલાઓમાં પોષણનો અભાવ જોવા મળે છે. આ ઉપરાંત અતિ સામાન્ય સાધનો વડે ઘરકામ (જેમકે ચૂલો ફૂંકવો, સફાઈ વગેરે) જેવા કાર્યો સતત કરવાથી પણ તેના સ્વાસ્થ્ય ઉપર હાનિકારક અસર થાય છે. યુનિસેફના આંકડાઓ જણાવે છે કે ભારતમાં 22% મહિલાઓ 18 વર્ષ પહેલાં જ માતા બની ચૂકી હોય છે. વિશ્વમાં 40% બાળલગ્નો ભારતમાં થાય છે અને કાચી કુમળી વયે જ 22% યુવતીઓ માતા બની જતી હોય છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં બાળ લગ્ન પર પ્રતિબંધ છે અને મહિલા અને પુરુષ માટે લગ્ન માટેની લઘુતમ વય ક્રમશઃ 18 અને 21 વર્ષ છે. આ બાબત પણ તેના આરોગ્ય પર ગંભીર અસર પહોંચાડે ચે.

**મહિલાઓની કામમાં ભાગીદારી :-**

રાષ્ટ્રીય અર્થતંત્રમાં સ્ત્રીઓના ફાળા વિષે કેન્દ્ર સરકાર દ્વારા થોડા વર્ષો પૂર્વ ગુજરાત સહિતના 6 રાજ્યોમાં કરવામાં આવેલા એક સર્વે મુજબ મહિલાઓ સરેરાશ 17 કલાક શ્રમ કરે છે. આમ છતાં સર્વેનું મુખ્ય પરિણામ એ છે સ્ત્રીઓનો કામમાં ફાળો ઓછો છે. લગભગ 60% અવેતનિક પારિવારિક કામ અને 98% ઘરેલું કામ મહિલાઓ કરે છે. રસોઈ,સફાઈ, બાળ ઉછેર, વૃધ્ધોની સંભાળ અને કુટુંબના બિમાર કે અપંગ સભ્યોની સંભાળ લેવા જેવા કાર્યો મહિલાઓ બજાવે છે. જેને હાલની એકાઉન્ટીંગ પધ્ધતિ દ્વારા અવગણવામાં આવે છે. સ્વતંત્રતાના આટલા વર્ષો પછી પણ 70% મહિલાઓ અકુશળ વ્યવસાયોમાં કામ કરે છે. આંકડાઓ સ્પષ્ટ કરે છે કે મહિલાઓ પુરુષ કરતાં 6 કલાક વધુ કામ કરે છે. પરંતુ તેના કામનું મહત્ત્વ અત્યંત ઓછું આકંવામાં આવે છે. વર્તમાન સમયમાં દુનિયાના કુલ કામના કલાકોમાંથી મહિલાઓ 60% કામ કરે છે. પરંતુ તે વૈશ્વિક સંપતિના 1% સંપતિની માલિક છે. ગતિશીલતામાં અવરોધો, સંપૂર્ણ બાળ ઉછેરની જવાબદારી, મહિલાઓને સમાજના મુખ્ય પ્રવાહમાં ન આવવા દેવું, શોષણ અને અત્યાચારનો શિકાર થવાની વધુ શક્યતા, માહિતી અને માસ મિડીયાની ઓછી પહોંચ, ઓછું શિક્ષણ તેમજ તેવી માન્યતા કે સ્ત્રીઓ શારીરિક અને અકુશળ કામો માટે જ છે તેવા તમામ કારણ સ્ત્રીઓની ઓછી આવક માટે જવાબદાર ગણી શકાય.

**મહિલાઓની રાજકીય ભાગીદારી :-**

સ્ત્રીઓના વિકાસ માટે તેઓ અગત્યની બાબતમાં નિર્ણયો લેવામાં ભાગીદારી કરતાં થાય તે જરૂરી છે. પ્રશ્નોની ઊંડી સમજ તેમજ અસરકારક અમલીકરણની શક્તિ મહિલાઓને સક્રિય ફાળા માટે જરૂરી છે. મહિલાઓ દ્વારા રાજકીય ક્ષેત્રે જેમ વધુ ફાળો તેમ તેમને વિકાસ ઝડપથી થશે. પરંતુ સંસદીય પરિષદ દ્વારા 1999માં કરવામાં આવેલા એક સર્વેક્ષણ મુજબ લગભગ 100 દેશોમાં 10% રાજકીય પાર્ટીઓનું નેતૃત્વ જ મહિલાઓ કરે છે. સમાજમાં સ્ત્રી-પુરુષોનું પ્રમાણ લગભગ અડધોઅડધ છે. પરંતુ ભારતની લોકસભામાં પુરુષોની સરખામણીમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ અત્યંત ઓછું છે. પ્રથમ લોકસબા 1952માં સ્ત્રી સભ્યોની સંખ્યા 4.4(22) હતી. 14મી લોકસભા સુધી આ પ્રમાણ 10%ની અંદર રહ્યું છે. પંદરમી વર્તમાન લોકસભામાં 61(પ્રથમ વખત 50 કરતાં વધુ) મહિલાઓ ચૂંટાઈને આવી છે. જે પ્રમાણ પણ તુલનાત્મક રીતે અત્યંત ઓછું છે. આ જ પ્રકારની સ્થિતિ ગુજરાત અને અન્ય રાજ્યોની વિધાનસભાઓમાં પ્રવર્તે છે.

1955માં 11મી લોકસબામાં રાજ્યસભાના ચેરપર્સન નઝમા હેપતુલ્લો આંતરરાષ્ટ્રીય મહિલા દિન (8 માર્ચે) સંસંદમાં મહિલાઓ માટે 33% બેઠકો અનામત રાખવાનો પ્રસ્તાવ રજુ કર્યો. સંસદમાં બંને ગૃહોએ આ ખરડાને વધાવી લીધો. પરંતુ આ ખરડો પસાર થાય તેપહેલા લોકસભાનું વિસર્જન

થઈ ગયું. અને મહિલા અનામતનો મુદ્દો અભરાઈ પર ચડી ગયો. હાલ પંદરમી લોકસભા પણ તેનો અડધાથી વધુ સમયકાળ વટાવી ચૂકી છે. પરંતુ આ ખરડો પસાર થવાના કોઈ ચિન્હો નથી. હા પંચાયત રાજની સંસ્થાઓમાં 73 અને 74માં બંધારણીય સુધારાલક્ષી કાયદા અનુસાર દરેક ચૂંટાયેલી પ્રાદેશિક સંસ્થાઓમાં 33% બેઠકો મહિલાઓ માટે અનામત રાખવી ફરજિયાત હોવાથી મહિલાઓ આ ફલકથી રાજકીય ક્ષેત્રે પ્રવેશે છે. તેમ છતાં પણ એ હકીકત છે કે ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ આ અધિકારો સાચા અર્થમાં ભોગવી શકતી નથી.

આ પરિસ્થિતિ સુધારવા માટે મહિલા સશક્તિકરણ જરૂરી છે.સશક્તિકરણ એક માનસિક સ્થિતિ છે. જે આંતરિક તેમજ બાહ્ય પરિસ્થિતિઓ પર નિર્ભર છે. જેના માટે નિર્ભયતા, આર્થિક, આત્મ નિર્ભરતા, નિર્ણય લેવાનો અધિકાર, સત્તા અને સંપત્તિમાં પુરુષોની સમકક્ષ હક્ક મળે તે જરૂરી છે. નિર્ભયતા માટે યોગ્ય અને પૂરતા કાયદાઓ અને તેનો અમલ જરૂરી છે. આત્મ નિર્ભરતા માટે ઉત્પાદન ક્ષમતાનો વિકાસ આવશ્યક છે. આર્થિક સંપન્નતા માટે પુરતા સાધનો મળે. પોતાની યોગ્યતા સાબિત કરવા અને વધારવા માટે પૂરતી તકો પ્રાપ્ત થાય. ધન સંપત્તિમાં સમાન હિસ્સો મળે, પોતાના વિચારો કે મત વ્યક્ત કરવાની પૂરતી તક મળે. આ બધાને લાયક કે યોગ્ય બનવા માટે યોગ્ય શિક્ષણ મળે તે અનિવાર્ય શરત ગણી શકાય. આ માટે નીચેના પ્રયત્નો કરી શકાય.

1. સમાજની માનસિકતામાં પરિવર્તન લાવવું જરૂરી છે. સ્ત્રીઓના કામનું ઉચિત મહત્ત્વ આંકવું પડશે.

   આજે જે રીતે વિવિધ સ્તાનો પર ભલે ઓછી સંખ્યામાં પણ મહિલાઓ ટોચ પર છે. જે રીતે વિવિધ બોર્ડ, યુનિવર્સિટીઓ કે અન્ય અભ્યાસક્રમોમાં મહિલાઓ ઝળકી રહી છે તે જોતા એ સ્વાભાવિક રીતે સાબિત થાય છે કે મહિલાઓ બુધ્ધિ શક્તિમાં કોઈથી પાછળ નથી. મહિલાઓનું વાસ્તવિક શક્તિઓને સ્વીકારવી જ પડશે. સ્ત્રીઓ પોતે પણ પોતાને અબળા ના સમજે તે પણ આવશ્યક છે. આ દિશામાં બિનસરકારી સંગઠનો મહત્ત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે.

2. શિક્ષણ માટે યોગ્યય જ સુભાશિત છે. ‘વિદ્યા ધનં સર્વ ધનં પ્રધાનમ’. મહિલાઓનું શિક્ષણ તેના વિકાસના અન્ય પાસાઓ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. શિક્ષણ અધિકારોને જાણવા, સમજવા અને ભોગવવા માટે તક આપે છે. આમ, શિક્ષણ સ્ત્રીવિકાસ માટે પ્રાથમિક જરૂરિયાત ગણી સ્ત્રીઓના શિક્ષણ માટે આવશ્યક પ્રયત્નો કરવાં જોઈએ.

3. મહિલાઓને આર્થિક રૂપથી આત્મ નિર્ભર બનાવવી જોઈએ. આ માટે તેને યોગ્ય શિક્ષણ, મહિલાઓ માટેની સ્વરોજગાર યોજનાઓનો અમલ, અયોગ્ય વેતન તફાવતો સામે કાયદાઓ દ્વારા રક્ષણ વગેરે પગલાઓ લઈ શકાય. આ ઉપરાંત મહિલાઓની કાર્યકુશળતા વધે તેવા પગલાંઓ લેવાં જોઈએ. જેથી કાર્યક્ષમતા વધવા આવક વધે અને આર્થિક તેમજ અન્ય સ્થિતિમાં સુધારો થાય.

4. મહિલાઓની રાજકીય ભાગીદારી ખૂબ ઓછી છે. શિક્ષણની જેમ ભારત જેવા લોકશાહી દેશમાં આ પણ એક પ્રબળ માધ્યમ છે. સ્ત્રીઓના વિકાસ માટે અને તેને લગતા કાયદાઓના ઘડતર અને અમલની બાબતમાં સ્ત્રીઓની ભાગીદારી વધે તે મહિલાઓનાં ઝડપી વિકાસ માટે આવશ્યક છે. આથી મહિલાઓની રાજકીય ભાગીદારી વધે તેવું વાતાવરણ બનાવવું જોઈએ. આ માટે મહિલાઓ માટે લોકસભામાં 33% બેઠકો અનામત રાખવાનો ખરડો વર્ષોથી પસાર થવાની રાહમાં છે તે ઝડપથી પાસ થાય, રાજકીય પક્ષો મહિલાઓને યોગ્ય પ્રતિનિધિત્વ આપે વગેરે બાબતો મહત્ત્વની છે.

5. મહિલાઓ વિરુધ્ધના અપરાધને પ્રભાવી રોક લગાવવી જોઈએ. જેથી તેનામાં અસુરક્ષાની ભાવના ઘટે. તેમજ મહિલાઓની સલામતી માટે જે કાયદો ઘડવામાં આવ્યા હોય તેનો યોગ્ય અમલ થાય તેવું વાતાવરણ સર્જવું પડશે.

6. સ્ત્રીઓને નિમ્ન દર્શાવે તેવી પરંપરાઓનું ખંડન કરવું. પીડિત મહિલાઓને સરકાર યોગ્ય સહાય કરે તે પણ જરૂરી છે.
7. મહિલાઓમાં જાગૃતિ અને આત્મવિશ્વાસ જગાવવો કે જેથી તે પોતાના કર્તવ્યોની સાથે સાથે અધિકારોને પણ સમજે અને એ દિશામાં સજાગ રહે.

## 6.7 ગુજરાતમાં સ્ત્રી સશક્તિકરણ :

મહિલાઓના આર્થિક સામાજિક, રાજકીય અને શૈક્ષણિક એમ ચારેય દિશાઓમાં વિકાસ માટે રાજ્ય સરકારે અનેક યોજનાઓ ઘડી વિકાસનો માર્ગ કંડાર્યો છે. મહિલાઓનો ઉત્કર્ષ થાય તથા સામાજિક દરજ્જો જળવાય તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે.

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને હાલના ફાસ્ટ ટ્રેક પર ચાલતી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે વિવિધ કાર્યક્રમો, યોજનાઓ અને નીતિઓ દ્વારા મહિલાઓને પુરુષ સમોવડી બનાવવાના પ્રયત્નો કર્યો છે :

**આરોગ્ય વિકાસ :**

- સગર્ભા માતાઓ, ધાત્રીમાતાઓ, કિશોરીઓ, બાળાઓ, આંગણવાડીનાં બાળકોનાં સ્વાસ્થ્ય રક્ષણ માટે વિવિધ યોજનાઓ અમલ બનાવી છે. તેજ દિશામાં આગળ વધતા ગુજરાતે કુપોષણ મુક્ત ગુજરાત અભિયાન યોજનાનો આરંભ કર્યો છે.
- કિશોરીઓમાં લોહતત્ત્વની ઉણપ દૂર કરવા કિશોરી શક્તિ યોજના અમલમાં મૂકી છે. લોહતત્ત્વની ઉણપ દૂર કરી કિશોરીઓનું આરોગ્ય જળવાય અને ભવિષ્યમાં તંદુરસ્ત બને તેવો કિશોરી શક્તિ યોજનાનો હેતુ છે.
- આંગણવાડીમાં કાર્યરત અને તેડાગર મહિલાઓને માતા યશોદા એવોર્ડ આપી યથોચિત સન્માન કર્યું છે.
- આ માટે આંગણવાડી કાર્યકરને રાજ્યકક્ષાનાં એવોર્ડ માટે રૂ. 51,000 જિલ્લા કક્ષાના એવોર્ડ માટે રૂા. 31,000, જિલ્લા કક્ષાના એવોર્ડ માટે રૂ. 31,000 અને ઘટક કક્ષાના એવોર્ડ માટે રૂ. 31,000 જિલ્લા કક્ષાના એવોર્ડ માટે રૂ. 21,000 પ્રોત્સાહક ઈનામની રકમ આપી તેમનો પ્રોત્સાહન અપાયું છે.
- મમતા દિવસની ઉજવણી દ્વારા 0 થી 5 વર્ષના બાળકો, કિશોરીઓ અને સગર્ભા તેમજ ધાત્રી માતાઓના આરોગ્ય અને પોષણ સ્તરની ચકાસણી કરવામાં આવે છે.
- મહિલા અભયમ્, ખિલખિલાટ વાન, પ્રસૂતિ સમયે તથા બાદની આરોગ્યલક્ષી કાળજી, મહિલા અદાલતો જેવા પગલાઓ દ્વારા રાજ્યમાં મહિલા સશક્તિકરણની નવી દિશા કંડારી છે.
- છેવડા સુધી આરોગ્ય સેવા પહોંચાડવા માટે આશા (એક્રેડિટેડ સોશિયલ હેલ્થ વર્કર) ની નિમંણૂક કરવામાં આવી છે.
- તંદુરસ્ત સમાજના નિર્માણ માટે ગુજરાતની નારી ગૌરવ નીતિ અમલમાં મૂકી છે.

**સામાજિક વિકાસ :**

- મહિલા સુરક્ષા, ચિરંજીવી યોજના, બેટી બચાવો, ઝૂંબેશ, મમતા દિવસ, કન્યા કેળવણી રથ, મહિલા આરોગ્યની રચના, કૉલેજોમાં મહિલા હેરેસમેન્ટ સેલની રચના જેવાં અનેક મહિલાલક્ષી પગલાં લેવાયા છે.
- ઉજ્જવલા યોજના દ્વારા મહિલાઓને ચૂલો ફૂંકવામાંથી મુક્તિ અપાવી છે.
- અભયન 181 મહિલા હેલ્પ લાઈન દ્વારા મહિલાઓને મુશ્કેલ પરિસ્થિતિમાંથી બચાવવા તથા વિક્ટ સમયમાં સંકટની સાંકળ 181 બન્યું છે. આ યોજના માટે રાજ્યમાં 45 જેટલી રેસ્ક્યુ વાન કાર્યરત છે.

- મહિલા સંમેલનો- નારી ગૌરવ દિનની ઉજવણી જેવા કાર્યક્રમો દ્વારા મહિલાઓમાં પોતાની ક્ષમતા વિશે જાગૃતિ કેળવાય તે માટે રાજ્યભરમાં સંમેલનો યોજી નારી શક્તિનું સશક્તિકરણ કર્યું છે.
- પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સ્પોર્ટ સેન્ટર (મહિલા સહાયતા કેન્દ્ર) દ્વારા મહિલાને ટૂંકા અને લાંબા ગાળાનું માર્ગદર્શન અપાયું છે. આ માટે રાજ્યનાં 33 પોલીસ સ્ટેશનોમાં પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સ્પોર્ટ સેન્ટર કાર્યરત કર્યા છે.
- કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત મામેરા માટે રૂા. 10 હજારની સહાય કન્યાના નામે ચેકથી આપવામાં આવે છે. તે જ રીતે મી રામાબાઈ આંબેડકર સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ લગ્નમાં બિનજરૂરી ખર્ચા અટકાવવા માટે લગ્નનું આયોજન કરનાર સ્વયંસેવી સંસ્થાને યુગલ દીઠ રૂા. 2 હજાર તથા યુગલ દીઠ રૂા. 10 હજારની સહાય શ્રીનીધિ બોન્ડ સ્વરૂપે આપવામાં આવી છે.
- સરકારની વિવિધ મહિલાલક્ષી યોજનાઓની પહેલને કારણે આજે રાજ્યની મહિલાઓ સ્વમાનભેર જીવન જીવી રહી છે.

**શૈક્ષણિક વિકાસ :**

- બેટી-બચાવો,બેટી ભણાવો જેવાં અભિયાન દ્વારા સ્ત્રી સમાનતાને બળ મળ્યું છે.
- સરસ્વતી સાધના યોજના અન્વયે વિદ્યાર્થીઓને સાયકલ આપવામાં આવે છે, જેથી દીકરીઓ પોતાનું શિક્ષણ પૂરું કરી શકે.
- મહિલા આઈ.ટી.આઈ બનાવી તેમના કલા-કૌશલ્યમાં વૃધ્ધિ કરી રોજગારક્ષમ બની છે, તો મહિલાઓ માટે જી.આઈ.ડી.સી. બનાવી ઉદ્યોગ ક્ષેત્રે પણ મહિલાઓ પાછળ ન રહે તે માટેના પગલાં ઉઠાવ્યાં છે.
- પોતાના ગામમાં શાળા કે કૉલેજ ન હોય અને અભ્યાસ કરવા માંગતા હોય તેવી કન્યાઓ માટે ડૉ.આંબેડકર સરકારી કન્યા છાત્રાલયોની સુવિધા ઊભી કરવામાં આવી છે.
- કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા ધો.1માં પ્રવેશ લેનાર કન્યાને રૂા. 2 હજારના નર્મદા શ્રીનીધિ બોન્ડ આપવામાં આવે છે. ધો.9માં પ્રવેશ મેળવનાર કન્યાને પણ રૂા. 2 હજારના નર્મદા શ્રીનીધિ બોન્ડ આપવામાં આવે છે.
- રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે શ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલીડીઓને 'શક્તિદૂત' યોજના હેઠળ પ્રોત્સાહિત કરવામાં આળે છે. તાજેદરમાં જ ઈન્ડોનેશિયાના જાકાર્તા ખાતે યોજાયેલ એશિયન ગેમ્સમાં 4 x 100 રીલે ગોડમાં ગોલ્ડમેડલ જીતનાર ડાંગની આદિવાસી કન્યા કુ. સરિતા ગાયકવાડને રૂા. 1 કરોડનું ઈનામ આપવામાં આવ્યું હતું અને ટેનિસમાં કાંસ્ય પદક જીતનાર કુ. અંકિતા રૈનાને રૂ. 50 લાખનું ઈનામ આપવામાં આવ્યું હતું.

**આર્થિક વિકાસ :**

- વર્ષ - 2018-19નાં બજેટમાં મહિલા સશક્તિકરણ અંગેની વિવિધ 720 સશક્તિકરણ અંગેની વિવિદ 720 જેટલી જોગવાઈઓ કરવામાં આવી છે. જેમાંથી 178 જેટલી યોજનાઓ તો ફક્ત મહિલાઓ માટેની છે.
- મિશન મંગલમ યોજના દ્વારા મહિલાઓને રોજદારીનાં વ્યાપક અવસરો ઉપલબ્ધ કરાવવાં સાથે મહિલાઓના જીવનમાં આર્થિક ઉજાસ ફેલાયો છે.
- સરકારે મહિલા મિલકતની માલિક બને તો મિલકતની રજિસ્ટ્રેશન ફી માંથી મુક્તિ આપી છે.
- ઘર દિવડાં યોજના દ્વારા ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારની મહિલાઓને આર્થિક સધ્ધરતા પ્રદાન કરી છે.

- નિરાધાર મહિલાઓને પુનઃવસવાટ માટે આર્થિક સહાય, વિધવા પેન્શન જેવી યોજનાઓ દ્વારા મહિલાઓને કોઈપણ રીતે આશ્રિત ન રહેવું પડે તેવા પગલાં ઉઠાવ્યાં છે.
- નોકરી કરતી મહિલાઓ સુરક્ષિત રહી શકે તે માટે રાજ્યમાં 15 વર્કિંગ વુમન હૉસ્ટેલ ચલાવવામાં આવે છે.
- ગ્રામ્ય લેવલે મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવા માટે મિલ્કિંગ મશીન, વિદ્યુત સંચાલિત ચાફક્ટર તતા દૂધ ઘર માટે જમીન ફાળવવામાં આવે છે.
- પ્રધાન મંત્રી આવાસ યોજના અંતર્ગત જો મહિલાઓનાં નામે ઘર ખરીદવામાં આવે તો 6.5 ટકાની સબસીડી આપવામાં આવે છે.

**રાજકીય વિકાસ :**

- મહિલાઓને પંચાયતોમાં 33 ટકાની જગ્યાએ 50 ટકા આરક્ષણ કરી મહિલાઓની રાજકીય ભાગીદારીને વધારવા બળ પૂરું પાડ્યું છે.
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં 50 ટકા અનામત અને પોલીસ ભરતીમાં 33 ટકા અનામત મહિલાઓને આપી છે.
- સંપૂર્ણ મહિલા સમરસ પંચાયતને વિશેષ મહિલા સન્માન દ્વારા, શિક્ષણ દ્વારા સશક્તિકરણને પ્રેરિત કરવાં મહિલાઓ અને કિશોરીઓને આરોગ્ય. શિક્ષણ, કાયદો અને આર્થિક પર્યાવરણની તાલીમ દ્વારા સુસજ્જ કરવામાં આવે છે. નારી શક્તિના ગૌરવ સન્માનથી આવતીકાલના આગવાં ગુજરાતનું નિર્માણ થયું છે. નવા ભારતના નિર્માણમાં ગુજરાતની ભૂમિકા અગ્રીમ રહે તે માટે મહિલાઓ પણ કદમતી કદમ મિલાવી સાથે ચાલે તે સમયની માંગ છે. 3 કરોડ નારી શક્તિનાં સામર્થ્યથી વિકાસની દોડમાં ગુજરાત તેજ રફ્તારથી આગળ વધી રહ્યું છે.

મહિલા સશક્તિકરમ એ સર્વાંગીણ સમાજ વિકાસની પહેલી શરત છે. પરિવારની પ્રગતિમાં અને રાજ્યની કે રાષ્ટ્રની ઝડપી વિકાસમાં મહિલાએ મહત્ત્વનું પરીબળ છે.

## 6.8 સ્ત્રી સશક્તિકરણ માટેના આંતરરાષ્ટ્રીય પ્રયાસો :

આંતરરાષ્ટ્રીય સ્તર પર મહિલાઓના વિકાસ તથા સશક્તિકરણ માટે યુ.એન. દ્વારા વિશ્વ મહિલા સંમેલન આયોજિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો, જેથી મહિલાઓ પોતાના વિકાસના સંદર્ભમાં પોતાના વિચારો રજૂ કરી શકે તથા નીતિ નિર્ધારણમાં તેના વિચારોને પ્રાધાન્યતા આપી શકાય. આ માટે સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય સ્તર પર મહિલા સંમેલનનું આયોજન અલગ અલગ સમયે કરવામાં આવેલ.

પ્રથમ મહિલા સંમેલન 1975માં મેકિસકોમાં યોજવામાં આવેલ. જેમાં સ્ત્રી શિક્ષણ પર ભાર લિંગ ભેદભાવ દૂર કરવો, મહિલાઓ માટે રોજગારીની તકમાં વૃદ્ધિ કરવી. નીતિ નિર્ધારણમાં મહિલાઓને સામેલ કરવી વગેરે બાબતો પર ભાર મૂકવામાં આવેલ.

મહિલાઓના પ્રશ્નો પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવા તથા રાજનૈતિક વિચાર વિમર્શ તરફ અગ્રેસર કરવા માટે મહિલા હિતોની સમિતિની સ્થાપના 1946માં કરવામાં આવી.

મહિલાઓના વિકાસના સંદર્ભમાં વિશ્વની તમામ મહિલાઓના ઉત્થાન અને વિકાસ પ્રત્યે ચેતના જગાવવા યુ.એન.ની મહાસભામાં 18 ડિસેમ્બર, 1975ની બેઠકમાં 1975ના વર્ષને આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ તરીકે ઘોષિત કરવાનો નિર્ણય કર્યો. તેના મુખ્ય ત્રણ ઉદ્દેશો હતા. (1) પુરુષ તથા મહિલાઓને સમાનતાનો દરજ્જો આપવો. (3) વિકાસ કાર્યોમાં સ્ત્રીઓનું યોગદાન (3) વિશ્વશાંતિની સ્થાપનાની દિશામાં મહિલાઓનો સહયોગ પ્રાપ્ત કરવો.

1975-1984ના સમય ગાળાને મહિલા સમાનતા, વિકાસ તથા શાંતિ માટે આંતરરાષ્ટ્રીય મહિલા દશકાની ઘોષણા કરી મહિલા વર્ષના કાર્યક્રમને નવીન દિશા તથા સહયોગ પર ભાર મૂકી નીચેના કાર્યક્રમો ઘડવામાં આવ્યાં.

1. મહિલાઓ પ્રત્યે થતાં તમામ પ્રકારના સામાજિક અન્યાયો બંધ થવાં જોઈએ.
2 મહિલાઓને દ્વિતીય શ્રેણીના માનવ ન સમજી એકસમાન માનવ સમજવાં જોઈએ.
3. દેશ તથા સમાજના નિર્માણમાં મહિલાઓની વધુમાં વધુ ભાગીદારી મેળવવી.
4. વિશ્વ શાંતિમાં મહિલાઓની વધુમાં વધુ ભાગીદારી સુનિશ્ચિત કરવી.
5. મહિલાઓના સમાન વૈધાનિકતાને સમાન સામાજિક દરજ્જામાં બદલવો.
6. મહિલાઓ સાથે જન્મજાત, જાતિગત, ધર્મ અને રાષ્ટ્રના આધારે ભેદભાવ થવો જોઈએ નહી.

બીજું વિશ્વ મહિલા સંમેલન 1980માં કોપનહેગન ખાતે યોજવામાં આવેલ. જેમાં નીચેના લક્ષ્યો રાખવામાં આવેલ.

1. રાજનીતિ તથા નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓને કાયદાકીય માન્યતા.
2. મહિલાઓને સંબંધિત કાર્યાલય અથવા આયોગ બનાવવા.
3. સરકારી તથા બિન સરકારી સગંઠનો વચ્ચે સહયોગ સ્થાપિત કરવો.
4. સામાજિક, આર્થિક વિકાસ માટે તમામને સમાન ધોરણે સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ ઉપલબ્ધ બનાવવી.
5. શિક્ષણ, પ્રશિક્ષણમાં તમામને સમાન દરજ્જો આપવો.
6. રોજગારના સંદર્ભમાં સમાનતા.

ત્રીજું વિશ્વ મહિલા સંમેલન 1985માં નૈરોબીમાં મહિલાઓ : સમાનતા, વિકાસ અને શાંતિની થીમ પર યોજનામાં આવેલ. આ સંમેલનમાં મહિલાઓના વિકાસ માટે પ્રગતિશીલ રણનીતિ તૈયાર કરવામાં આવેલ જેના ઉદ્દેશ નીચે પ્રમાણે હતાં.

1. મહિલાઓના સશક્તિકરણ માટે બંધારણીય તથા કાયદાકીય પગલાંઓ લેવાં.
2. મહિલાઓને સામાજિક ભાગીદારીમાં સમાનતા.
3. મહિલાઓને નિર્ણય પ્રક્રિયા તથા  રાજકીય ભાગીદારીમાં સમાનતા.

ચોથું વિશ્વ મહિલા સંમેલન 1995માં બેઈજીંગ ખાતે મળેલ. જે બેઈજીંગ કોન્ફરન્સના નામે ઓળખાય છે. જેમાં મહિલા સશક્તિકરણના સંખ્યાત્મક અને ગુણાત્મક માપદંડો નક્કી કરવામાં આવ્યા. બેઈજીંગ કોન્ફરન્સમાં મહિલાઓના સશક્તિકરણ માટે નીચેની બાબતો પર ભાર મૂકવામાં આવેલ.

1. આત્મનિર્ભરતા, વ્યક્તિગત અને સામૂહિક આત્મવિશ્વાસમાં વૃદ્ધિ કરવી.
2. આરોયગ્ય, પોષણ, પ્રજનન અધિકારો, કાનૂન અને સાક્ષરતા અંગેના જ્ઞાન અને સભાનતામાં વૃદ્ધિ કરવી.
3. કાર્યભારમાં ઘટાડો કરવો.
4. બાળ સંભાળના કાર્યના સમયમાં ઘટાડો કરવો.
5. કુટુંબ અને સમુદાયમાં જવાબદારીઓ અને ભૂમિકાઓમાં પરિવર્તન લાવવું.
6. મહિલાઓ અને છોકરીઓ પર થતી હિંસામાં ઘટાડો કરવો.
7. સામાજિક રિવાજો જેવા કે બાળલગ્ન, દહેજ તથા વિધવા પ્રત્યે ભેદભાવમાં પરિવર્તન લાવી પ્રતિક્રિયા આપવી.
8. મિટીંગમાં હાજર રહેવું, ભાગીદાર થવું, ભાગીદાર થવાની માંગ કરવી વગેરેમાં મહિલાઓની ભાગીદારીમાં પરિવર્તન લાવવું.
9. ઘર, સમુદાયમાં સામૂહિક રીતે સત્તામાં સોદાબાજીએ વાટાઘાટ શક્તિમાં વૃદ્ધિ કરવી.
10. મહિલાઓની સામૂહિકતાની રચના કરવી.

11. ચીજવસ્તુની વપરાશ અને ભેગી કરવાની મહિલાની શક્તિમાં વૃદ્ધિ કરવી.

12. મહિલાઓ પ્રત્યેના સામાજિક વલણમાં સકારાત્મક વધારો કરવો.

13. ઘરની બહાર અને અંદર મહિલાઓના આર્થિક ફાળાની જાગૃતિ તથા માન્યતા પ્રદાન કરવી.

આમ, મહિલાઓ પોતાના જીવન વિશેના નિર્ણયો સ્વતંત્ર રીતે લઈ શકે, કુશળતા વિકસાવી શકે, મહિલાઓના આત્મ વિશ્વાસમાં વૃદ્ધિ થાય, સમસ્યા નિવારી શકે, આત્મ નિર્ભરતા વિકસિત થાય એ મહિલા સશક્તિકરણની સાચી નીપજ છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા સમગ્ર વિશ્વમાં આંતરાષ્ટ્રીય મહિલા દિવસ 8 માર્ચે મનાવવામાં આવે છે. તેનો હેતુ નારી ઉત્કર્ષ માટે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.કુટુંબ જીવનના વિકાસમાં મહિલાઓની ભૂમિકા અગત્યની છે. સ્ત્રી સશક્તિકરણની માત્ર વાતો થાય તેના કરતાં અમલ થાય તે જરૂરી છે. સહસ્ત્રાબ્દી વિકાસના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે મહિલા સશક્તિકરણ આવશ્યક છે. મહિલાઓને સશક્ત કરી આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત કરાવવી એ એક મહત્ત્વપૂર્ણ કદમ છે. મહિલાઓની ક્ષમતાઓના સર્વાંગી વિકાસ વગર કોઈપણ આર્થિક વ્યવસ્થાનો વિકાસ સંભવ નથી અને રાષ્ટ્રીય વિકાસ પણ અપૂર્ણ છે.

## 6.9 મહિલા સશક્તિકણ વર્તમાન યુગની જરૂરિયાત

સમાજ વ્યવસ્થાના પાયામાં સ્ત્રી અને પુરુષ બંને અનિવાર્ય અંગો છે. આ સંદર્ભમાં માનવી સામાજિક પ્રાણી હોવાથી સાથે-સાથે જીવનરૂપી રથના બે પૈંડા તરીકે સ્ત્રી અને પુરુષનું સમાજના સ્થાપન અને વિકાસ માટે એટલું જ મહત્ત્વ રહેલું છે, પરંતુ માનવી દ્વારા જ ઘડાયેલી પિતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં સ્ત્રીના દરજ્જાને પુરુષના દરજ્જા કરતાં ઉતરતું સ્થાન આપવામાં આવ્યું છે. સમાજમાં સ્ત્રીનાં ઉતરતા દરજ્જાની સાથે-સાથે તેના વ્યક્તિત્ત્વ તેની સ્વાયતતા અને સત્તા સાથે સંલગ્ન પ્રશ્નો અને પરિણામો આપણને વર્તમાન સમયમાં પણ દશ્યમાન થતાં જોવા મળે છે.

ભારતીય સમાજ પુરુષ પ્રધાન છે. ભારતીય પરંપરા અનુસાર પુરુષ હંમેશા અર્થવ્યવસ્થા સંભાળે અને સ્ત્રીઓ હંમેશા ગૃહ વ્યવસ્થા સંભાળે છે. નાણાંની યોગ્ય ઉપયોગ દ્વારા ઉત્તમ ગૃહ વ્યવસ્થાનું નિર્માણ થાય છે. ભારતીય સમાજમં સ્ત્રીને ''ગૃહલક્ષ્મી'' કહેવામાં આવે છે. કારણકે ઉત્તમ સમાજનું નિર્માણ ત્યારે જ શક્ય બને જ્યારે તેનો પાયો ઉત્તમ હોય, ઘરની પરિવાર, પરિવારથી કુટુંબ, કુટુંબથી જ્ઞાતિ, જ્ઞાતિથી સમૂહ અને સમૂહથી સમાજ. આમ, ઉત્તરોત્તર ચાલતી આ સાંકળ એ સમજાવે છે કે ઉત્તમ ગૃહ વ્યવસ્થા જ ઉત્તમ સમાજ વ્યવસ્થાનું નિર્માણ કરે છે. અને આ ગૃહ વ્યવસ્થા સુવ્યવસ્થિત ઘરની નારી દ્વારા જ શક્ય બને છે. આથી જ તો કહેવામાં આવ્યું છે કે જે ઘરમાં નારી સુખી છે તે ઘર ઉપર દેવતાઓ પણ પ્રસન્ન રહે છે. આવું આપણાં ધર્મ અને વેદોમાં પણ સમજાવવામાં કહેવામાં આવ્યું છે. બીજી રીતે કહીએ તો જે ઘરની નારી સુખી છે તે દેશની પ્રજા સુખી અને સમૃદ્ધ છે.

પંડિત જવાહરલાલ નહેરુએ કહ્યું છે કે સ્ત્રીતો જીવન આપવાવાળી શક્તિ છે. માત્ર આબાદી વધારવાવાળું ઉપકરણ નથી. સ્ત્રી તો સ્વયમં પ્રકૃતિ છે. પરંતુ દુ:ખ એ વાતનું છે કે પ્રકૃતિના વિનાશનો પહેલો શિકાર સ્ત્રી જ બને છે. સ્ત્રી પુરુષ એકબીજાના જીવન સાથી છે. એક સિવાય બીજાનું સર્જન અસંભવ છે. જેવી રીતે સૃષ્ટિ સુરજથી જ સંભવ છે તેવી જ રીતે જીવન પણ સ્ત્રીથી જ સંભવ છે. ભારતમાં સ્ત્રીઓને જો આર્થિક રીતે સધ્ધર બનાવવામાં આવે તો તેમનો સામાજિક દરજ્જો ઊંચો જશે.

સમયાંતરે વિવિધ ચળવળોએ તેમજ કુટુંબની આર્થિક જરૂરિયાતોએ સ્ત્રીને ઘર બહાર નીકળવાની તક આપી છે. સ્ત્રીની પત્ની તરીકેની ભૂમિકા, માતાની ભૂમિકા, ગૃહ વ્યવસ્થાપનની ભૂમિકા સાથે ઘર બહાર અર્થોપાર્જન અને આર્થિક સ્વાયતત્તા માટેની ભૂમિકા પણ અનિવરાય બનતા સ્વીકારાતી જાય છે. પરંતુ તેની સાથે તેની પરંપરાગત ભૂમિકા સાથે બાંધછોડ કરવામાં આવતી નથી. સ્ત્રીની કમાણી ઉપર માલિકી અને વહીવટ પુરુષોનો જોવા મળે છે. સ્ત્રીના પૈસા, મિલકત અને સ્ત્રી ધન ઉપર ચાંપતી નજર રહે છે, તેની કોઈ સ્વતંત્ર ઓળખ નથી તેના વ્યક્તિત્ત્વને મોટાભાગે

સ્વાવલંબી ગણવામાં આવતું નથી. વર્તમાનમાં સ્ત્રીને સમાનતાના પ્લેટફોર્મ પર ઊભી રાખવા માટે હવે સમાજે પોતાની માનસિકતા બદલવાનું અનિવાર્ય રીતે સ્વીકારવું જ રહ્યું.

સમાજમાં સ્ત્રીઓ ઉપરના અત્યાચારોની ઘટનાઓનું મૂળકારણ ભારતીય સમાજમાં આર્થિક-સામાજિક દરજ્જાના સ્થાપિત થયેલા ક્રમમાં પુરુષો પ્રથમ સ્થાને છે. જ્યારે સ્ત્રીઓ બીજા સ્થાને છે. જો સ્ત્રીઓનો આ દરજ્જો પુરુષની સમકક્ષ લાવવો હોય તો જે કાર્યોનું બજારમાં વિનિમય મૂલ્ય હોય અને પુરુષોના કામના મૂલ્ય આંકવાના માપદંડો જે પ્રવૃત્તિઓને લાગુ પાડવામાં આવતા હોય તેવી પ્રવૃત્તિઓ અને કામગીરીઓમાં સ્ત્રીઓનું પ્રદાન વધે તે જરૂરી જ નહીં પરંતુ અનિવાર્ય છે.

આંતરરાષ્ટ્રી ક્ષેત્રે પણ સ્ત્રી સમાનતા અને સ્ત્રી સ્વાતંત્ર્ય આંદોલન શરૂ થયા. ધીમે-ધીમે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે 1945માં સંયુક્ત રાષ્ટ્રસંઘની બેઠકમાં મહિલા સશક્તિકરણ માટે પુરુષ અને મહિલાઓને સમાન અધિકારો મળવાની વાતનો સ્વીકાર કરવામાં આવ્યો. 1948માં રંગ, જાતિ, લિંગના ભેદભાવ વગર સમાન અધિકાર અને સ્વતંત્રતા આપવાનો ઠરાવ કર્યો, 1959માં રોજગાર અને ધંધાઓમાં લિંગ ભેદ સંબંધી અસમાનતા દૂર કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. 1975માં આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષની ઉજવણી કરવાનું નક્કી થયું 1975થી 1985ના સમયગાળાને મહિલા દશકની ઉજવણી તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. 8મી માર્ચ એ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ભારતનું સંવિધાન તમામ નાગરિકોને જાતિ, જ્ઞાતિ, સમુદાય ભાષા અને ધર્મના ભેદભાવ વિના સમાનતાની બાંહેધરી આપે છે. ભારતના સંવિધાનમાં 1992નો 73મો અને 74મો સુધારો જેમાં પંચાયતી રાજની સંસ્થાઓની બેઠકોની એક તૃતીયાંસ બેઠકો મહિલાઓ અને સમાજના નબળા વર્ગો માટે આરક્ષિત રાખવામાં આવી છે. તે ભારતીય મહિલાના રાજકીય અને સામાજિક સશક્તિકરણની દિશામાં સીમા ચિહ્નરૂપ છે. વર્ષોના ગાળામાં જાતિય સમાનતા રક્ષણ અને પ્રોત્સાહન માટે અનેક કાયદાઓ, નીતિઓ અને કાર્યક્રમો ઘડવામાં આવ્યાં છે અને અમલમાં મૂકવામાં આવ્યા છે.

સ્ત્રીઓ મહિલા સશક્તિકરણનું કેન્દ્ર બિંદુ છે. એક સ્ત્રી શિક્ષતિ, સમક્ષમ અને આત્મનિર્બર બને તો એક કુટુંબ, એક સમાજ અને એક રાજ્ય તથા અંતે એક રાષ્ટ્ર શિક્ષિત અને સશક્ત બને, એક માતા સો શિક્ષકની ગરજ સારે છે, એ કહેવત સાર્થક અને સાંપ્રત સમયમાં સ્ત્રીઓની અનુભવવી પડતી ગરીબી, અજ્ઞાન, કુપોષણ, ઘરકામનો બોજો, આરોગ્યની, બાળકોના ઉછેરની, આર્થિક, સામાજિક વગેરે સમસ્યાઓ દૂર થાય તે માટે સ્ત્રી શિક્ષણ અનિવાર્ય છે. જો સ્ત્રીને શિક્ષિત અને દિક્ષિત બનાવવામાં આવે, સ્ત્રીને તન અને મનથી સંપૂર્ણ સ્વસ્થ બનાવવામાં આવે, સ્ત્રીને વ્યવહારમાં બધા સમાન અધિકાર આપવામાં આવે તો સમય મર્યાદામાં સ્ત્રી સશક્તિકરણની પ્રક્રિયાને પરિણામે સ્ત્રી સામર્થ્ય પ્રગટે અને સમાજમાં સ્ત્રી, સ્ત્રીની દુશ્મન નહીં રહે કારણ કે તેની સમજનો વ્યાપ વિશાળ બનશે અને પોતે વિવેકપૂર્વકના યોગ્ય નિર્ણયો લેવા માટે અને નિર્ણયોનો અમલ કરવા માટે પૂરતી સમર્થ બનશે. તે એક નવી દિશા, નવું સ્વરૂપ ધારણ કરશે, સાથે- સાથે સાચી સમજણનાં વાવેતર થશે, તેથી સ્ત્રી જાતિની સમસ્યાઓ સાચી સંવેદનાપૂર્વક સમજી શકે તેવી પરિસ્થિતિનું સમાજમાં નિર્માણ થશે. આવા સમાજમાં સ્ત્રી, સ્ત્રી ભ્રૃણ હત્યા માટે તૈયાર નહિં થાય અને કોઈ દબાણ કરવામાં આવશે તો પ્રખર વિરોધ કરશે, આવી પરિસ્થિતિના નિર્માણ માટે આજે સ્ત્રી સશક્તિકરણ અતિ આવશ્યક જ નહિ પરંતુ અનિવાર્ય છે.

જ્યારે સ્ત્રીઓ આર્થિક રીતે આત્મનિર્ભર બની જશે ત્યારે તેઓ સામાજિક દષ્ટિએ પુરુષોની બરાબરી સરળતાથી પ્રાપ્ત કરી લેશે. સ્ત્રીઓ, પુરુષો સાથેની સમાનતાને આધારે માનવીય અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓ આચરી શકે અને ભોગવી શકે તેવી તેમને બાયંધરી આપવાના હેતુતી સ્ત્રીઓના સંપૂર્ણ વિકાસ તથા પ્રગતિની નિશ્ચિતતા માટે કાયદા ઘડવાથી માંડીને કેટલાંક પગલાં સંયુક્ત રાષ્ટ્રોના સંમેલનમાં સહી કરનાર રાષ્ટ્ર તરીકે ભારતે લીધા છે. સ્ત્રીઓ માટેના ચોક્કસ કાર્યક્રમો મહિલા સશક્તિકરણમાં હકારાત્મક પરિણામો દર્શાવે છે. મહિલા વિકાસ અને મહિલા સશક્તિકરણ માટે સરકાર, સરકારી વિભાગો, સરકાર દ્વારા ઊભી થયેલી સંસ્થાઓ, સ્વૈચ્છિક

સંસ્થાઓ, પંચવર્ષીય યોજનાઓ વિશિષ્ટ કાર્યક્રમો વગેરે દ્વારા પ્રયાસો થયા છે. તેમ છતાં મહિલાઓના આર્થિક-સામાજિક દરજ્જામાં નોંધપાત્ર સુધારો થતો હોય તેવું જણાતું નથી. હજુ પણ સવિશેષ પ્રયાસો કરવાની જરૂરિયાત છે. જેથી મહિલા સશક્તિકરણ ખરેખર સંભવી શકે અને સશક્ત, સમૃદ્ધ સમાજનું નિર્માણ શક્ય બની શકે. અંતે એટલું જ કહી શકાય ''નારી તું નારાયણી નારી રતનની ખાણ, નારીથી નર નિપજે નારી તને પ્રણામ.''

## 6.10 સ્ત્રી સશક્તિકરણ : મૂલ્યાંકન

ફ્રાન્સની 1798ની ક્રાંતિ સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાની ક્રાંતિ ગણાય છે, પણ આ ક્રાંતિએ મહિલાઓ અને ગુલામોને સ્વતંત્ર કર્યા નહોતા, કારણ કે ફ્રાંસની ક્રાંતિનું જાહેરનામું 'પુરુષ અને નાગરિકના અધિકારો' પર કેન્દ્રિત હતું. જ્યારે નાગરિકની વ્યાખ્યામાં મહિલાઓ અને ગુલામોનો સમાવેશ કરવામાં આવ્યો નહોતો તતા મહિલાઓ પુરુષ નથી. જો આપણે પુરુષ-મહિલા વચ્ચેના ફરકને શારીરિક, સામાજિક-સાંસ્કૃતિક પાસાંઓમાં જોઈએ, તો આપણને બંને વચ્ચેની સ્થિતિમાં સ્પષ્ટ ભેદભાવ, તફાવત અને અંતર જોવા મળે છે, ખાસ કરીને ગ્રામીમ ભારતીય સમાજના સંદર્ભમાં.

ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં પુરુષ અને સ્ત્રીની સ્થિતિની તુલના કરીએ તો તમને રોજિંદા જીવનમાં સ્પષ્ટ અસમાનતા દેખાશે, કારણ કે તમામ પ્રકારના નિર્ણયોમાં પુરુષોનું પ્રભુત્વ છે. ઉદાહરણ તરીકે શાળામાં શિક્ષણ મેળવવામાં ભરતી થતાં છોકરા-છોકરીઓના આંકડાની તુલના કરીએ. આપણે ત્યાં છથી નવ વર્ષના વયજૂથમાં છોકરાઓની સરખામણીમાં છોકરીઓની ભરતી 95.4 ટકા, 10 થી 14 વર્ષની વય જૂથમાં 93.7 ટકા અને 15થી 17 વર્ષના વયજૂથમાં 83.8 ટકા છે. કન્યા કેળવણીમાં ટોચના પાંચ રાજ્યો કેરળ, મહારાષ્ટ્ર, તમિલનાડું, તેલંગાણા અને જમ્મુ-કાશ્મીર છે, જ્યારે તળિયાના પાંચ રાજ્યો રાજસ્થાન, ગુજરાત, ઓડિશા, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ છે. વળી 1948માં સમાન વેતન ધારો બનાવવામાં આવ્યો છે, જે મુજબ એક જ પ્રકારના કામ માટે પુરુષ જેટલું જવેતન મહિલાઓને આપવાનું અને મહિલાઓ સાથે જ્ઞાતિ, જાતિ, ધર્મ કે વંશના ભેદભાવ ન રાખવાનું ઠરાવવામાં આવ્યું છે, છતાં પુરુષોની સરખામણીમાં 20 થી 50 ટકા ઓછું વેતન મહિલાઓને આપવામાં આવે છે. આ પ્રકારના ભેદભાવ ગ્રામીણ અને શહેરી એમ બંને પ્રકારના વિસ્તારોમાં જોવા મળે છે. ચોક્કસ, ગ્રામીણ વિસ્તારોની સરખામણીમાં શહેરી વિસ્તારોમાં પુરુષો અને સ્ત્રીઓ એમ બંનેને વધારે વેતન મળે છે. ઉપરાંત શિક્ષણનું સ્તર વધવાથી પુરુષો અને મહિલાઓ બંનેને વધારે પગાર મળે છે તથા બંને વચ્ચેના પગારમાં ફરક ઓછો છે. આ ત્રણ પ્રકારના આંતરસંબંધો ધરાવતી પ્રક્રિયા ઓ છે : (1) ગરીબ વર્ગમાં મહિલાઓનું અસમાન પ્રમાણ (2) રોજગારીની અસ્થિરતા અનૌપચારિકતા અને કરારબદ્ધતા અને (3) મહિલાઓનું જાતિય શોષણ મહિલાઓ, છોકરીઓ, કોલ ગર્લ્સ અને ગણિકાઓની હેરફેરમાં અનેક ગણો વધારો થયો છે.

ભારતમાં મહિલાઓના સ્વાસ્થયની સ્થિતિ હજુ પણ સંતોષકારક નથી. વર્ષ 2000માં માતૃત્વ મૃત્યુ દર લાક દીઠ 301 હતો, જે તબીબી સુવિધાઓમાં સુધારો થવાથી ઘટીને 2013માં લાખ દીઠ 167 થયો હતો. જોકે પ્રસૂતિમાં જટિલતાઓ ઊભી થવાથી હજારો મહિલાઓ હજુ પણ આ કારણોસર મૃત્યુ પામે છે : હેમરેજ 30 ટકા, એનિમિયા 19 ટકા, સેપ્સિસ 16 ટકા, ટોક્સેમિયા 8 ટકા, અન્ય 17 ટકા. આ માટે ગરીબી બેરોજગારી, જાગૃતિનો અભાવ અને તબીબી સુવિધાની ઊણપ (ઓછી હોસ્પિટલો, પથારીઓ, નર્સો, દવાઓ વગેરે). જોકે 2006 થી 2011 દરમિયાન રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય અભિયાનના કારણે દવાખાનાઓમાં પ્રસૂતિઓનું પ્રમાણ 42 ટકાથી વધીને 84 ટકા થયું હતું.

પછી સૌથી ગંભીર સમસ્યા ભારતમાં મહિલાઓ સાથે વધરતો અપરાધ દર છે, ખાસ કરીને, બળાત્કાર, અપહરણ, જાતિય શોષણ, છેડતી, દહેજમાં મૃત્યુ વગેરે. વર્ષ 2013માં મહિલાઓ સામે અપરાદના 3.095 લાક કેસ નોંધાયા હતા, પણ દોષિતોને સજા થવાનોદર અસંતોષકારક છે કુલ અપરાધોની સામે દોષિતોને સજા થવાનો દર વર્ષ 2013માં 22 ટકા, 2012માં 21 ટકા અને 2011માં 27 ટકા હતો (2011મં 500 ફાસ્ટ ટ્રેક કોર્ટ હતી, જ્યારે 2013 -14માં આવી કોર્ટની સંખ્યા 212

હતી). ભાહતમાં 2001--2013 દરમિયાન બળાત્કારના 2.63 લાખ કેસ નોંધાયા હતા અને ભારતમાં દર 20 મિનિટે એક બળાત્કાર થાય છે. કમનસીબે ભારતમાં 65 ટકા બળાત્કાર મહિલાઓ રાત્રે કુદરતી હાજતે જાય છે ત્યારે થયા હતા (હજુ પણ 50 ટકા વસતિ જાહેરમાં મળત્યાગ કરે છે). ઉપરાંત આ પ્રકારની ઘણાં અપરાધો જાગૃતિના અભાવે, અપરાધીઓના ડરથી, સ્થાનિક પોલીસના અસહકારથી, સમુદાયમાં આબરૂ જવાની બીકે પોલીસ સ્ટેશનમાં નોંધાતા પણ નથી. વળી સામૂહિક બળાત્કારના કેસોમાં પણ વધારો થઈ રહ્યો છે અને તેમાં ઘણી વખત મહિલા પીડિતાની હત્યા કરવામાં આવી છે - નવી દિલ્હીમાં 16 ડિસેમ્બર, 2012ના રોજ નિર્ભયાના ગેંગ રેપ અને તેની હત્યાના વિરોધમાં સામૂહકિ વિરોધ થયો હતો અને એક કિશોર અપરાધીને બાદ કરતાં આરોપીઓને મૃત્યુદંડ ની સજા કરવામાં આવી હતી, પણ તેમની અપીલ હજુ સુપ્રીમ કોર્ટમાં વિલંબિત છે.

**મહિલાઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય નીતિ (2001) :**

આ નીતિનો ઉદ્દેશ ઉત્તમ આયોજન, નીતિ ઘડવા અને સંસાધનોની પર્યાપ્ત ફાળવણી તથા જાતિ સંબંધિત માહિતી એકત્ર કરવા જાતિ વિકાસ સૂચકાંકો (જીડીઆઈ) વિકસાવવાનો છે. રાષ્ટ્રીય પરિષદ (અધ્યક્ષ પ્રધાનમંત્રી) અને પ્રાદેશિક પરિષદ (અધ્યત્ર મુખ્યમંત્રી) ની રચના કરવામાં આવી હતી, જેમાં સંબંધિત વિભાગો કે મંત્રાલયો, રાષ્ટ્રીય કે પ્રાદેશિક મહિલા પંચો, સામાજિક કલ્યાણ બોર્ડ, બિનસરકારી સંસ્થાઓ, મહિલા સંગઠનો, ટ્રેડ યુનિયન, કોર્પોરેટ ક્ષેત્ર, નાણાંકીય સંસ્થાઓ, એકેડેમિક્સ, નિષ્ણાંત વગેરે સામેલ હતા. મહિલાઓની ઘટક યોજના તમામ મંત્રાલયો કે વિભાગોમાંથી મહિલાઓના લાભ  કે ફંડનો 30 ટકા પ્રવાહ સુનિશ્ચિત કરે છે. તેની કામગીરીની સમિક્ષા કરવા મહિલા અને બાળ વિકાસ મંત્રાલયને નોડલ મંત્રાલય બનાવવામાં આવ્યું છે. આ નીતિની મુખ્ય બાબતો નીચે મુજબ છે :

(a) જીવનના તમામ ક્ષેત્રોમાં મહિલાઓની પ્રગતિ, વિકાસ અને સશક્તિકરણ,

(b) મહિલાઓની જરૂરિયાતો પ્રત્યે સંવેદનસીલ વધુ જવાબદારી અને સક્રિય ન્યાયિક વ્યવસ્થાઓ,

(c) અધિકારોની વહેંચણીમાં મહિલાઓની સમાનતા અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સક્રિય સહભાગીતા,

(d) વિકાસ પ્રક્રિયામાં જાતિ પરિપ્રેક્ષ્યને મુખ્ય પ્રવાહમાં લાવવો,

(e) પ્રસ્તુત સંસ્થાગત વ્યવસ્થાની રચના કરવી અને તેને મજબૂત કરવી,

(f) સમુદાય આધારિત સંસ્થાઓ સાથે ભાગીદારી,

(g) રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ, પ્રતિબદ્ધતાઓ અને સહકાર, ખાસ કરીને સીઈડીએડબલ્યુ, સીઆરસી અને આરસીડીડી + 5.

સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમોમાં આઠ સહસ્ત્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો (એમડીજી) જાહેર કરવામાં આવ્યાં હતાં અને તેમાં ત્રીજો લક્ષ્યાંક સીધો મહિલા સશક્તિકરણ સાથે સંબંધિત હ્તો, જેમાં 2015 સુધીમાં શિક્ષણના તમામ સ્તરે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં જાતિ આધારિત ભેદભાવ દૂર કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો હતો. આપણે 2015 સુધીમાં શાળા શિક્ષણમાં જાતિ સમાનતા હાંસલ કરી શક્યા નથી, છતાં ભારતમાં તમામ પ્રદેશો અને સમુદાયોમાં તમામ સ્તરે કન્યાઓની શાળાઓમાં ભરતીમાં વધારો થયો છે. ઉપરાંત આપણે નવજાત, બાળ અને માતૃત્વ મૃત્યુદરમાં ઘટાડો કરવાનો લક્ષ્યાંક હાંસલ કરી શક્યાં નથી, છતાં તેમાં ઘટાડો જરૂર થયો છે. તે જ રીતે રોજગારી અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી સંતોષકારક નથી, પણ ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણને કારણે મહિલાઓ માટે મોટા પાયે રોજગારીમાં વધારો થયો છે તેવો દાવો તેના હિમાયતીઓ કરે છે. વાસ્તવમાં ભારતીય અર્થતંત્રના મોટા ભાગના ક્ષેત્રો માટે રોજગારી વિનાની વૃદ્ધિ થઈ છે અને અત્યારે ઉત્પાદન ક્ષેત્રમાં સુધારો થઈ રહ્યો છે.ગરીબી રેખા પર તેંડુલકર સમિતિના જણાવ્યા મુજબ, 2009-10માં 29-8 ટકા વસતિ (35 કરોડ) લોકો ગરીબી

રેખા નીચે જીવતાં હતાં. 2002 થી 2015 વચ્ચે 7.5 ટકાથી વધારે વૃદ્ધિ થઈ હોવા છતાં સ્થિતિમાં બહુ ફરક પડ્યો નથી. સ્થાયી વિકાસ લક્ષ્યાંકો (વર્ષ 2030 સુધીમાં માતૃત્વ મૃત્યુ દર ઘટાડીને 70, નવજાત બાળકોનો મૃત્યુદર ઘટાડીને 12 અને બાળ મૃત્યુ દર ઘટાડીને 25 કરવાનો તથા તમામ સંપૂર્ણ સ્વાસ્થ્ય કવચ પ્રદાન કરવાનો, તમામને સામાન્ય શિક્ષણ આપવાનો, પુરુષો અને મહિલાઓ વચ્ચે સમાનતા લાવવાનો અને છોકરીઓ અને મહિલાઓ સામે તમામ પ્રકારની હિંસા અટકાવવાનો છે.

શિક્ષિત કે કામકાજી મહિલાઓ મોટી ઉંમરે લગ્ન કરવા છતાં નાનું કુટુંબ પસંદ કરશે. આ કારણે મહિલાઓના શિક્ષણ અને રોજગારી માટે ડિગ્રી સુધી શિક્ષણ ફ્રી કરવાની, શાળા કે કૉલેજનું માળખું સુધારવાની (બિલ્ડિંગ, શૌચાલયો, પુસ્તકાલયો, પીવાનું સ્વચ્છ પાણી વગેરે), પર્યાપ્ત તાલીમ ધરાવતા શિક્ષકો પ્રદાન કરવાની તથા તમામ શાળાો અને કૉલેજોમાં કૌશલ્ય, પુનઃકૌશલ્યો અને વિવિધ કૌશલ્ય માટે સંગઠિત તાલીમ આપવા વધારે સંસાધનોની ફાળવણી કરવાની તાતી જરૂરિયાત છે, જેમાં મહિલાઓ માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ અને પોલીટેકનિક્સ વધારવાની બાબત સામેલ છે. કૌશલ્ય સંવર્ધન અને ઉદ્યોગ સાહસિકતા માટે નવું મંત્રાલય ઊભું કરવામાં આવ્યું છે.

**મહિલાઓ માટે કેન્દ્ર સરકારની યોજનાઓ :**

સબળા (કિશોર કન્યાઓના સશક્તિકરણ માટે રાજીવ ગાંધી યોજના)નો અમલ ભારતમાં 205 જિલ્લાઓમાં આઈસીડીસી મારફતે થાય છે, જે પોષણ સિવાય (આયર્ન અને ફોલિક એસિડ, હેલ્થ ચેક અપ અને રેફરલ સેવાઓ, કુટુંબ કલ્યાણ પર સલાહ, બાળકની સારસંભઆળની પદ્ધતિઓ, 11 થી 18 વર્ષની છોકરીઓને જીવન કૌશલ્ય અને 16 થી 18 વર્ષની છોકરીઓને વ્યાવસાયિક તાલીમ) અન્ય માટે સંપૂર્ણપણે કેન્દ્ર સરકારની સહાય મળે છે અને પોષણ માટે કેન્દ્ર સરકારની 50 ટકા સહાય મળે છે. 2014-15 દરમિયાન (31-12-2014 સુધી) 98.15 લાખ લાભાર્થીઓને પોષણ માટેની સહાય આપવામાં આવી હતી અને 0.42 લાખ છોકરીઓને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવી હતી. તેમાં પશ્ચિમ બંગાળના માલ્દા જિલ્લામાં ઈંગ્લિશ બાઝારમાં કાજલ ભગતની સફળતા જાણીતી છે, જેણે 18 વર્ષની વય લગ્ન કરવાનો ઈનકાર કર્યો હતો અને આંગણવાડીના કાર્યકર્તા પાસેથી પ્રેરણા મેળવી હતી. બીજું, ભારતમાં પસંદ કરવામાં આવેલા 53 જિલ્લાઓમાં આઈસીડીએસ મારફતે માતૃત્વ સહયોગ યોજનાનો અમલ કરવામાં આવ્યો હતો. 19 વર્ષ અને તેનાથી વધારે વય ધરાવતી ગર્ભવતી મહિલાઓને ગર્ભાવસ્થા દરમિયાન બે બાળકો માટે દરેક બાળકના જન્મ પર રૂ. 6000ની સહાય બે સમાન હપ્તામાં મળે છે. આ યોજના વધુ 200 જિલ્લાઓમાં શરૂ કરવામાં આવી છે અને 2016-17માં તમામ જિલ્લાઓમાં શરૂ કરવામાં આવશે. 2015-16 દરમ્યાન તેમાં કેન્દ્ર સરકારનો હિસ્સો રૂ. 1497 કરોડ હતો, જે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા દારા (2013) ની જોગવાઈ મુજબ હતો, ત્રણ 2001-02માં કેન્દ્ર સરકારે વંચિત અને પછાત વર્ગની છોકરીઓ અને મહિલાઓને આશ્રય, ભોજન, વસ્ત્રો અને સારસંભાળ પ્રદાન કરવા સ્વ-આધાર યોજના શરૂ કરી હતી, જે મુશ્કેલ સ્થિતિ સંજોગોમાં મુકાયેલી મહિલાઓ માટે હતી (વિધવા, ત્યક્તા, છૂટી ગયેલી મહિલાઓ, રાષ્ટ્રીય આપત્તિઓમાંથી બચી ગયેલ બેઘર મહિલાઓ, હેરફેરમાં ઉગારવમાં આવેલી મહિલાઓ, આતંકવાદથી પીડિત મહિલા, એઈડ્સ કે એચઆઈવી ધરાવતી અને ત્યક્તા મહિલાઓ સામેલ છે). આ યોજના અંતર્ગત મહિલાઓને પુનર્વિવાસ માટે લાગણીશીલ ટેકો, ક્લિનિક્લ અને કાયદેસર ટેકો પ્રાદન કરવામાં આવે છે તથા તનાવમાં મહિલાઓને હેલ્પલાઈન પ્રદાન કરવામાં આવે છે. અત્યારે રાજ્ય સરકારના મહિલા વિકાસ નિગમ કે ટ્રસ્ટ વગેરે હેઠળ 311 સ્વાધાર હોમ કાર્યરત છે. 2013-14 દરમિયાન સ્વાધાર માટે કુલ રૂ. 75 કરોડની અંદાજપત્રીય જોગવાઈ કવરામાં આવી હતી, જેની સામે રૂ. 53.74 કરોડનો કુલ ખર્ચ થયો હતો અને 2014-15 દરમિયાન તેનું બજેટ રૂ. 115 કરોડ હતું, ચાર, ઉજ્જવલા યોજના વર્ષ 2007થી શરૂ કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ મહિલાઓની હેરફેર અટકાવવાનો, તેમને ઉગારવાનો, તેમનું પુનર્ગઠન કરવાનો છે.

2014-15 દરમિયાન 289 પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી (રૂ. 16 કરોડની ખર્ચ-

જોગવાઈ સાથે 165 સંરક્ષણાત્મક અને પુનર્ગઠનાત્મક ઘરો સામેલ છે). પાંચમું, મહિલાઓ માટે સ્ટેપ (તાલીમ અને રોજગાર કાર્યક્રમને ટેકો આપવા) 1986-87માં લોંચ કરવામાં આવ્યો હતો, જે કેન્દ્ર સરકારની યોજના છે અને જેનો ઉદ્દેશ 16 વર્ષથી વધુ ઉંમર ધરાવતી મહિલાઓને કુશળતા પ્રદાન કરવાનો છે. 2013-14 દરમિયાન વિવિધ રાજ્યોને રૂ.સાત કરોડની ફાળવણી કરવામાં આવી હતી. 31 ડિસેમ્બર, 2014 સુધી 915 કામકાજી મહિલાઓની હોસ્ટેલ હતી, જેમાં 68,631 કામકાજી મહિલાઓ રહેતી હતી. 2014-15 દરમિયાન કામકાજી મહિલાઓની હોસ્ટેલના નિર્માણ માટે રૂ. 25 કરોડની અંદાજપત્રીય ફાળવણી કરવામાં આવી હતી. છેલ્લે, છ સ્ત્રી શક્તિ પુરસ્કારો રાષ્ટ્રીય સ્તર વ્યક્તિઓ અને સંસ્થાઓને એનાયત કરવામાં આવે છે, જેમાં દરેક વિજેતાને રૂ. 3 લાખ આપવામાં આવે છે, દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ માટે એક રાજ્ય મહિલા સમ્માન ( રૂ. 40,000) તથા દરેક જિલ્લા માટે એક જિલ્લા મહિલા સમ્માન (રૂ. 20,000) આપવામાં આવે છે. બેટી બચાવો, બેટી પઢાઓ કેન્દ્ર સરકારની મુખ્ય યોજના છે.

**ભલામણો**

1. વાન સ્ટાવેરેને મહિલાઓની પ્રજનનતા સાથે સંબંધિત સ્વતંત્રતા સાથે છ અધિકારો ઉચિત રીતે સૂચવ્યાં છે :

(a) ગર્ભનિરોધક સાધનોની સુલભતા,

(b) બાળકો સાથે સંબંધિત નિર્ણય લેવામાં સહભાગિતા (કોની સાથે, કેટલાં અને ક્યારે),

(c) જાતિ શિક્ષણ અને યૌન સંબંધો પર માહિતીની સુલભતા,

(d) માતાપિતાઓ અને બાળકો માટે હેલ્થકેર (પ્રજોત્પાદક)ની સુલભતા,

(e) માતૃત્વ કે પિતૃત્વ સિવાય વૈકલ્પિક ભૂમિકાઓની સુલભતા,

(f) આર્થિક સુધારાઓની સુલભતા,

જોકે અત્યારે કુટુંબ કલ્યાણના પગલાંનો પ્રચાર અગાઉ જેટલો પ્રસ્તુત નથી, તેમ છતાં તેના પર ધ્યાન આપવું પડશે.

બીજું, કેન્દ્ર અને રાજ્ય સરકારોએ મૂળભૂત સ્તરે મહિલાઓ માટે 30 ટકા ભંડોળ સુનિશ્ચિત કરવું જોઈએ. તમામ સરકારી સંસ્થાઓએ સંગઠિત ક્ષેત્રમાં રોજગારી પર બાર મૂકવો જોઈએ અને ખાનગી ક્ષેત્રએ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીના ભાગરૂપે જાતિ સમાનતા સુનિશ્ચિત કરવા મહિલાઓની ભરતી કરવી જોઈએ. ધિરાણ માટે બેંકોની અસહકારતાના કારણે સ્વયંસહાય જૂથો સફળ રહ્યાં નથી.

બંધારણીય સંસ્થાઓમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓને હજુ સુધી ઉચિત પ્રતિનિધિત્વ મળ્યું નથી તથા લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે અનામતનો કાયદો 2010માં રાજ્યસભામાં પસાર થયો હોવા છતાં લોકસભાએ હજુ મંજૂરી આપી નથી. મહારાષ્ટ્ર, બિહાર, હિમાચલપ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાને પંચાયતી રાજમાં મહિલાઓ માટે 50 ટકા અનામત વ્યવસ્થા કરી છે, જ્યારે અન્ય રાજ્યોમાં હજુ 33 ટકા અનામતની જોગવાઈ છે.

ચાર, વૃંદાવન (ઉત્તરપ્રદેશ)માં હજારો વિધવાઓ અમાનવીય સ્થિતિમાં જીવન જીવે છે. તેમને રોટી, કપડા અને મકાન માટે અન્યો પર નિર્ભર રહેવું પડે છે. માફિયા બિલ્ડરોએ આશ્રમની જમીનો પચાવી પાડી હોવાથી તેમની પાસે રહેવા છત નથી. તેમને વિધવા પેન્શન મળતું નથી. તેમનું જાતિય શોષણ થાય છે. તેમની પાસે મતદાર ઓળખપત્રો નથી, રેશનકાર્ડ નથી અને મૃત્યુ પછી અંતિમ સંસ્કાર માટે પૂરતી સુવિધા નથી. તે જ રીતે 30 લાખ ગણિકાઓ રેડ લાઈટ એરિયાઓમાં અતિ દયનીય સ્થિતિમાં જીવે છે. તેમને પ્રાથમિકતાના ધોરણે આજીવિકાના વૈકલ્પિક માધ્યમો પ્રદાન કરીને પુનર્ગઠિત કરવાની જરૂર છે.

પાંચમું, પૂર અને દુષ્કાળ જેવી કુદરતી આફતોના કારણે, કૃષિ ઉત્પાદનો અને કલાકારોની

સેવાઓ તથા ઔદ્યોગિક ઉત્પાદનો વચ્ચે વેપારની અસમાન શરતોને લીધે, ફૂગાવાના ઊંચા દરને લીધે, ઓછા અને અસમાન વેતન, આરોગ્ય અને સાફસફાઈ વગેરેની નબળી વ્યવસ્થાના કારણે ખેડૂત મહિલાઓ અને કૃષિ મજૂરોની સ્થિતિ પણ કથળી છે. 2013-14માં એકલા બિહારમાં જ પ્રસૂતિ દરમિયાન 6000 મહિલાઓના મૃત્યુ થયાં હતાં, પણ જિલ્લા અધિકારીઓએ 352 જ નોંધ્યા હતાં તેવો સ્વીકાર બિહારની રાજ્ય આરોગ્ય સોસાયટીએ કર્યો હતો (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, 31-08-2014) એક વાત અનુસાર, 300 વર્ષ અગાઉ મુઘલ બાદશાહ શાહજહાંની બેગમ મુમતાજ મહલનું મૃત્યુ બાળકને જન્મ આપવા દરમિયાન થયું હતું અને તેણે મુમતાજની યાદમાં તાજમહાલનું નિર્માણ કર્યું હતું. બરોબર એ જસમયે સ્વીડનની મહારાણીને પ્રસૂતિ દરમિયાન જટિલતા ઊભી થઈ હતી અને રાજાએ ફ્રેન્ચ ડૉકટરોથી તેનો જીવ બચાવ્યો હતો અને પછી ડિલીવરી કેસમાં ગ્રામીણ મહિલાઓને તાલીમ આપવા નર્સિંગ સ્કૂલની સ્થાપના કરવામાં આવી હતી. અત્યારે સ્વીડનમાં માતૃત્વ મૃત્યુ દર આઠ અને નવજાત મૃત્યુ દર પાંચ જેટલો સૌથી ઓછો છે, જ્યારે ભારતવર્ષ 2014માં અતિ ઊંચો 38 હતો, જ્યારે બાંગ્લાદેશમાં 31 અને નેપાલમાં29 હતો. ભારતમાં વર્ષ 2013માં માતૃત્વ મૃત્યુ દર 167 હતો. 1990 થી 2012 દરમિયાન ભારતમાં નવજાત મૃત્યુદરમાં 50 ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે બાંગ્લાદેશમાં 67 ટકા અને નેપાળમાં 66 ટકાનો ઘટાડો થયો હતો, કારણ કે ભારતે જીડીપીના 1.3 ટકા ભાગ સ્વાસ્થ્ય પર ખર્ચ્યો હતો, ત્યારે બ્રિટને 7.6 ટકા અને અમેરિકાએ 8.1 ટકા હિસ્સાનો ખર્ચ કર્યો હતો. ભારતમાં સ્વાસ્થ્ય પર માથાદીઠ ખર્ચ 61 ડોલર હતો, જ્યારે શ્રીલંકામાં 102 ડોલર, બ્રિટનમાં 3598 ડોલર અને અમેરિકામાં 9146 ડોલર હતો. ભારતમાં હેલ્થ વીમો ફક્ત 18 ટકા લોકો ધરાવે છે. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના આ સંબંધમાં સારી શરૂઆત છે. તે જ રીતે બાળકો માટે કેટલીક સરીઓ સહિત ટેબલ મિશન ઈન્દ્રધનુષ પણ યોગ્ય દિશામાં ઉચિત પહેલ છે. સ્વચ્છ ભારત પણ પ્રશંસનીય પહેલ છે, કારણ કે સાફસૂફી પર એક ડોલરનો ખર્ચ આરોગ્ય, શિક્ષણ અને આર્થિક વિકાસ 529 ડોલરની બચત કરે છે. ભારતમાં 640 જિલ્લાઓમાંથી 193 જિલ્લા મેડિક્લ કૉલેજ અને હૉસ્પિટલ ધરાવે છે. ભારતમાં 70 થી 80 ટકા તબીબી સુવિધાઓ ખાનગી ક્ષેત્ર પ્રદાન કરે છે. એટલે સરકારી ક્ષેત્રનો ખર્ચ વધીને જીડીપીના 2.5 ટકાથી 3 ટકા થવો જોઈએ. આપણે વિવિધ યોજનાઓમાં અલગ અભિગમ ધરાવે છે. (નીચે ટેબલ 02)

**ટેબલ-2: ભારતમાં વિવિધ યોજનાઓના અભિગમના પ્રકાર**

| ક્રમ | અભિગમ | પ્રક્રિયા | યોજનાઓ |
|---|---|---|---|
| 1. | કલ્યાણકારક અભિગમ | શિક્ષણ માટે સ્ટાઈપેન્ડ, ખાસ કરીને હોમસાયન્સ, સીવણ, ભરતગૂંથણ | પહેલીથી પાંચમી યોજના (1951થી 1979 |
| 2. | વિકાસમાં મહિલા | ગરીબી નાબૂદી, શિક્ષણ અને સ્વાસ્થ્ય | છઠ્ઠી અને સાતમી યોજના (1980-1990) |
| 3. | મહિલાઓનું સશક્તિકરણ | મહિલાઓની જરૂરિયાતો પૂર્ણ કરવા વિકાસ પ્રક્રિયામાં જાતિ પરિપ્રેક્ષ્ય | 8મી યોજના (1992-97) |
| 4. | પરિવર્તનના વાહક | સ્વયંસહાય જૂથોની મહિલાની ઘટક યોજના મારફતે ગરીબ મહિલાઓને મદદ કરવી | 9મી યોજના (1997-2002) |
| 5. | માનવ વિકાસ | સાક્ષરતા, જાતિ અસમાનતા ઘટાડવા, વેતનનો દરે વધારવા અને માતૃત્વ મૃત્યુદરમાં ઘટાડો કરવાનો લક્ષ્યાંક | 10મી અને 11મી યોજના (2002-2012) |
| 6. | જાતિ સમાનતા | વંચિત મહિલાઓની તમામ કેટેગરીઓની સર્વેસમાને શક્યતા | 12મી યોજના (2012-17) |

છેલ્લે, મહિલાઓ સામે અપરાધના કેસો ચલાવવા સંપૂર્ણ દેશમાં ફક્ત 16 રાજ્યોએ 212 ફાસ્ટ ટ્રેક કોર્ટ સ્થાપિત કરી છે અને ઉત્તરપ્રદેશ, બિહાર અને ગુજરાતે આ પ્રકારની કોર્ટની સ્થાપના સમયસર કરી નથી એ આશ્ચર્યજનક બાબત નથી. કેન્દ્રિત કાયદા અને ન્યાય મંત્રાલયે આ માટે રૂ. 80 કરોડના ભંડોળની ફાળવણી કરી હતી. અગાઉ 2011માં કેન્દ્ર સરકારે સંપૂર્ણપણે ફાસ્ટ કોર્ટ કાર્યરત કરી હતી અને 500 આવી કોર્ટ ભારતમાં કાર્યરત થઈ હતી. એટલે આ પ્રકારની કોર્ટના સરળ સંચાલન માટે ભારત સરકાર પાસેથી 80 ટકા ભંડોળની જરૂર હતી એટલે બળાત્કર દોષિતને સજા થઈ હોય તેવા કેસનું પ્રમાણ વધીને 2013માં 22 ટકા થયું હતું. જોકે આ દર પણ સંતોષજકન નહોતો. ઉત્તરપ્રદેશ સરકારે ઓગસ્ટ 2014માં દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક ફાસ્ટ ટ્રેક કોર્ટ કાર્યરત કરવાનો નિર્ણય લીધો હતો. વર્ષ 2012માં ભારતમાં દહેજ સાથે સંબંધિત 8233 મૃત્યુ થયા હતા અને 2001-2012 દરમિયાન દહેજના કારણે કુલ 91202 મૃત્યુ થયા હતા, પણ આ પ્રકારના કેસમાં દોષિતને સજા થવાનો દર 15 ટકા જ હતો, કારણ કે કાયદાનું પાલન કરતી એજન્સીઓ અને કોર્ટ ગંભીર નથી. જોકે દહેજના કેટલાંક ખોટા કેસ પણ થયા હતા.

મહિલાઓનું સંપૂર્ણ અને મહત્ત્વપૂર્ણ સશક્તિકરણ (કુલ વસતિમાં 48 ટકા મહિલાઓ હોવાથી) ની તાતી જરૂર છે, જેમાં તમામ હિતધારકોએ મહિલાઓની સુરક્ષા, સર્વસમાવેશકતા અને વિકાસ માટે સંયુક્તપણે કામ કરવું જોઈએ તથા પુરુષોએ તેમાં સહયોગ આપવો જોઈએ.

## 6.11 સારાંશ :

- સ્ત્રી શક્તિનો ભંડાર છે. સ્ત્રી સમર્પણ અને સહનશીલતાની પ્રતિમા છે. સ્ત્રી એટલે સાક્ષાત શક્તિ સ્વરૂપા. સ્ત્રી એટલે મમતા. સ્ત્રી ખુદ સશક્ત છે. બોલવા, વાંચવા અને લખવા ગમે એવા દરેક વિધાનની સામે દેખાતી વાસ્તવિકતા વિરોધાભાસ સર્જે છે. રોજ એક શખ્સ સ્વરૂપા પર બળાત્કાર થાય છે. રોજ એક લક્ષ્મીને અભાવને કારણે ભૂખ્યા પેટે સૂવું પડે છે. કંગાળ બાપ રોજ એક સરસ્વતીને ભણતી અટકાવે છે.
- સ્ત્રી સશક્તિકરણ માટે સરકાર પ્રોજેક્ટ બનાવે છે, સંવેદનશીલ સમાજ સેવી સંસ્થાઓ એ દિશામાં કામ કરે છે. દેશના વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ સ્થાને મહિલાઓની સંખ્યા વધી છે, તે છતાં બહુમતી સ્ત્રી વર્ગ સશક્ત હોવાન અનુભવ નથી કરી શક્તો.
- જો દરેક વ્યક્તિ કે દરેક સંસ્થા કે દરેક સમાજ સ્ત્રીને સન્માન આપવાના વિચારને અનુમોદન આપતો જ હોય, તો સ્ત્રી સાથે જોડાયેલ સંઘર્ષ અને સમસ્યા હજી કેમ યથાવત છે ?
- સ્ત્રી સશક્તિકરણના વિચારને હવે નક્કર પગલાંઓ જરૂર છે, સમાજના દરેક પ્રતિનિધિ દ્વારા જો કોઈ એક વિચારનું અમલીકરણ થાય તો જ સશક્ત સ્ત્રીનું ચિત્ર પૂર્ણતા પ્રાપ્ત કરી શકે.
- આજના આધુનિક સમયમાં પણ ભારતનો બહુમતી વર્ગ જ્યારે તેમની જ્ઞાતિ અને તેમના સમાજ સાથે સંવેત્રિક રીતે જોડાયેલ છે,ત્યારે જે તે સમાજની સૌથી પહેલી ફરજ પરિવર્તન તરફ પગલાં માંડવાની છે. આ દેશમાં મોટા ભાગની સ્ત્રીઓને મૃત્યુ કરતાં પણ વધુ ભય લોકો શું કહેશે ? નો હોય છે.
- એક નાનકડો સમાજ જો પોતાના વિસ્તારમાં સ્ત્રીને આ વાતના વતેસરવાળા કાલ્પનિક ભયમાંથી મુક્તિ આપી શકે તો સ્ત્રી પોતાની ક્ષમતા અને શક્તિનો ઈચ્છા મુજબ ઉપયોગ કરી શકે. સ્ત્રી સશક્તિકરણ હવે વિચાર નહીં, વાતો નહીં પણ વર્તનનો ભાગ હોવો જોઈએ.

## 6.12 એકમ સ્વાધ્યાય : (Unti Exercises)

(1) સ્ત્રી સશક્તિકરણ માટે કાનૂની જોગવાઈઓ જણાવો.

(2) સ્ત્રીઓને બંધારણીય જોગવાઈ જણાવો.

(3) સ્ત્રી કેળવણી દ્વારા મહિલા સશક્તિકરણ જણાવો.

(4) મહિલા સશક્તિકરણ દશા અને દિશા જણાવો.

(5) ગુજરાતમાં સ્ત્રી સશક્તિકરણ જણાવો.

(6) મહિલા સશક્તિકરણ વર્તમાનયુગની જરૂરિયાત જણાવો.

(7) સ્ત્રી સશક્તિકરણ માટે આંતરરાષ્ટ્રીય પ્રયાસો જણાવો.

(8) મહિલા સશક્તિકરણ મૂલ્યાંકન જણાવો.

## 6.13 તમારી પ્રગતિ ચકાસો :

♦ તમારા ઉત્તરો આપેલ જગ્યામાં લખો :

(1) સ્ત્રી સશક્તિકરણ માટેની કાનૂની જોગવાઈઓ કોઈપણ ત્રણ જણાવો.

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

(2) સ્ત્રીઓને બંધારણીય જોગવાઈ કોઈ પણ ત્રણ જણાવો.

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

(3) સ્ત્રી કેળવણી દ્વારા મહિલા સશક્તિકરણ કોઈ પણ ત્રણ જણાવો.

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

(4) ગુજરાતમાં સ્ત્રી સશક્તિકરણ માટેના કોઈ પણ ત્રણ કારણો જણાવો.

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

(5) મહિલા સશક્તિકરણ વર્તમાનયુગની જરૂરિયાત કોઈ પણ ત્રણ બાબતો જણાવો.

.................................................................................................

.................................................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

(6) સ્ત્રી સશક્તિકરણ માટે આંતરરાષ્ટ્રીય પ્રયાસ કોઈ પણ ત્રણ જણાવો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

## 6.15 સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)


(1) લૂથરા ગીતા : યોજના ઓકટોબર-2018, યોજના કાર્યાલય અમદાવાદ (કાનૂની જોગવાઈઓ)

(2) સ્વામી અલ્કેશ : યોજના જૂન-2012, યોજના કાર્યાલય, અમદાવાદ (સ્ત્રીઓના બંધારણીય અધિકારો)

(3) દવે અંજના : યોજના જૂથ- 2012, યોજના કાર્યાલય, અમદાવાદ (સ્ત્રી કેળવણી દ્વારા મહિલા સશક્તિકરણ)

(4) પંડયા સંજય : યોજના - જૂન- 2012, યોજના કાર્યાલય, અમદાવાદ (મહિલા સશક્તિકરણ, દશા અને દિશા)

(5) રાણા મહેશકુમાર : યોજના- ઓકટોબર-2018, યોજના કાર્યાલય, અમદાવાદ (ગુજરાતમાં મહિલા સશક્તિકરણ)

(6) જાગાણી હિતેશ : યોજના- જૂન-2012, યોજના કાર્યાલય, અમદાવાદ. (મહિલા સશક્તિકરણ માટેના આંતરરાષ્ટ્રીય પ્રયાસો)

(7) ગજેરા કે.વી. : યોજના, જૂન-2012,યોજના કાર્યાલય, અમદાવાદ (મહિલા સશક્તિકરણ વર્માન યુગની જરૂરિયાત)

(8) શર્મા સુભાષ : યોજના, સપ્ટેમ્બર- 2016, યોજના કાર્યાલય, અમદાવાદ (મહિલા સશક્તિકરણ- મૂલ્યાંકન)

એકમ 7

# સ્ત્રી સશક્તિકરણ-3

## : રૂપરેખા :

7.1 પ્રસ્તાવના

7.2 સ્ત્રી સશક્તિકરણ કરવા માટેના પ્રયાસો

7.2.1 લઘુ ધિરાણથી સ્ત્રી સશક્તિકરણ

7.2.2 સતત સારસંભાળ દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરણ

7.2.3 સંચાર માધ્યમ દ્વારા સ્ત્રી સશક્તિકરણ

7.2.4 સ્ત્રીઓનું આર્થિક સશક્તિકરણ

7.2.5 સ્ત્રીઓમાં ઉદ્યોગ સાહસિકતા

7.2.6 આરોગ્ય ક્ષેત્રમાં સ્ત્રીઓનું સશક્તિકરણ

7.2.7 ઉદ્યોગ સાહસિક દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરણ

7.3 સારાંશ

7.4 એકમ સ્વાધ્યાય

7.5 તમારી પ્રગતિ ચકાસો

7.6 તમારી પ્રગતિના ઉત્તરો

7.7 સૂચિત વાંચન સામગ્રી

**ઉદ્દેશો : (Objectives)**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે..

(1) સ્ત્રી સશક્તિકરણ કરવા માટેના પ્રયાસો સમજી શકશો.

(2) લઘુ ધિરાણથી સ્ત્રી સશક્તિકરણ સમજી શકશો.

(3) સતત સાર સંભાળ દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરણ સમજી શકશો.

(4) સંચાર માધ્યમ દ્વારા સ્ત્રી સશક્તિકરણ સમજી શકશો.

(5) સ્ત્રીઓનું આર્થિક સશક્તિકરણ સમજી શકશો.

(6) સ્ત્રીઓમાં ઉદ્યોગ સાહસિકતા સમજી શકશો.

(7) આરોગ્ય ક્ષેત્રમાં સ્ત્રીઓનું સશક્તિકરણ સમજી શકશો.

(8) ઉદ્યોગ સાહસિક દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરણ સમજી શકશો.

## 7.1 પ્રસ્તાવના :

- વિકાસ માટે મહિલાઓના સશક્તિકરણ કરતાં વધુ સારું કોઈ સાધન નથી મહિલાઓની ક્ષમતાને અન્ય કોઈ રીતે વધુ સારી રીતે વર્ણવી શકાય તેમ નથી. પરંપરાગત કે વધુ આધુનિક ભૂમિકામાં મહિલાઓએ હાંસલ ન કર્યું હોય તેવું કશું નથી. માતા તરીકે તેઓ કાળજી રાખવાની જવાબદારી ઉઠાવે છે, બાળકને જન્મ આપે છે અને વિશ્વના ભાવી નાગરિકોની પાછળ ફરે છે, પુત્રી બહેન અને પત્ની તરીકે તેઓ વિવિધ રીતે પુરુષોને ટેકો આપે છે.
- આધુનિક ભૂમિકામાં તેઓ શિક્ષિકા, મેનેજર્સ, રાજકીય નેતા વગેરે છે. મહિલાઓએ પાછળથી સ્ત્રી પુરુષ વચ્ચેના અવરોધો પણ તોડયા છે અને અગાઉ માત્ર પુરુષોનું જ કાર્યક્ષેત્ર

ગણાતા ક્ષેત્રોમાં પ્રવેશ કરીને પર્વતારોહક, પાઈલોટ બની છે તેજમ યુધ્ધના મેદાનમાં ઉતરીને સશસ્ત્ર દળોમાં પણ જોડાઈ છે.

- જોકે, પહેલાં મહિલાઓ માટે આવી સ્થિતિ નહોતી. અગાઉના સમયમાં પુરુષો વિના મહિલાઓનું કોઈ અસ્તિત્ત્વ ન હોતું. તેઓ પુત્રી, પત્ની કે માતાની જ ભૂમિકામાં જોવા મળતી, તેઓ નેતૃત્વ લઈ શકતી નહીં અને હંમેશા તેમના જીવનમાં પિતા, પતિ કે પુત્ર તરીકે ‘પુરુષ’નું જ પ્રભુત્વ રહેતું હતું, તેમને નિર્ણાયક ભૂમિકા ભજવવાની સત્તા ન હોતી, જ્યાં પાછળથી મહિલાઓની પીડા પર ધ્યાન અપાતું ન હોતું.
- ભારતમાં પણ લગભગ એક સદીના સંઘર્ષ બાદ મહિલાઓને લગ્ન તથા રોજગારીની બાબતોમાં કાયદા પહેલા મિલકત, મતદાન અને સમાન નાગરિકના અધિકારો મળ્યા.
- ભારતની સ્વતંત્રતા બાદ બંધારણ ના ઘડવૈયાઓ અને રાષ્ટ્રીય નેતાઓએ પુરુષો સાથે મહિલાઓની સમાન સામાજિક ભૂમિકાને સ્વીકૃતિ આપી હતી. ત્યાર પછીના સરકારો દ્વારા આર્થિક, રાજકીય અને સામાજિક ક્ષેત્રોમાં મહિલાઓને સમાન દરજ્જો આપવા માટે કેટલાંક પગલાં લેવામાં આવ્યા હતા.
- મહિલાઓને તેમની પ્રતિભા દર્શાવવા અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ભાગીદારી વધારવા માટે કેટલાંક વધુ ક્ષેત્રો ખોલવામાં આવ્યાં. છેલ્લા કેટલાંક દાયકાઓ દરમિયાન સંસદ દ્વારા કેટલાંક કાયદા પસાર કરવામાં આવ્યા અને કેન્દ્ર તેમજ રાજય સરકારોએ વિવિધ યોજનાઓ રજૂ કરી, જેથી મહિલાઓની ભાગીદારી વધી.

## 7.2 સ્ત્રી સશક્તિકરણ કરવા માટેના પ્રયાસો

### મહિલા સશક્તિકરણ

### મહિલાઓનું સશક્તિકરણ - ભારતના પરિપ્રેક્ષ્યમાં

મહિલાઓનાં શિક્ષણનું શાસ્ત્ર ભાગીદારીયુક્ત અને બિનધર્માધિકારી રીતનું બનાવવું પડશે. મહિલાઓને તેમના પોતાના જીવન કાર્યો અને અગ્રતા નક્કી કરવામાં સામેલ કરવા જોઈએ.તેમની પોતાની શીખવાની પદ્ધતિ હોવી જોઈએ. શૈક્ષણિક પ્રયાસો એવા હોવા જોઈએ કે તેનાથી તેઓ સારું અને ઉલ્લાસમય વાતાવરણનો અનુભવ કરી શકે. તેમનામાં વિશ્વાસ અને આત્મસન્માનની લાગણી જગાવે. તેમનામાં રહેલી સર્જનતાને બહાર લાવે. તેમને ઊર્જામય બનાવે અને એક શબ્દમાં કહીએ તો તેમને શક્તિસાળી બનાવે.

આજના સમયમાં મોટાભાગના દેશોનું માનવું છે કે પરિવારો, સમાજ અને રાષ્ટ્રનું કલ્યાણ તથા ખુશી માટે જાતિસમાનતા અને મહિલાઓનું સશક્તિકરણ એક જરૂરિયાત બની ગયું છે. કુલ વસ્તીના 50 ટકા એટલે કે મહિલાઓ અને કન્યાઓને જો માનસન્માન ના મળે કે જો તેઓ ખુશ ના હોય તો કોઈ રાષ્ટ્ર, સમાજ અને પરિવાર ફૂલીફાલી શકે નહીં.

માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના મોટાભાગના દેશોમાં મહિલાઓ પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે, તમામ સ્તરના નિર્ણયો લેવાની પ્રક્રિયામાંથી બાકાત રખાય છે, તેમને એક બાજુએ હાંસિયામાં ધકેલી દેવાય છે અને તેમનું સશક્તિકરણ થતું નથી. આ એટલા માટે થાય છે કેમ કે સમાજમાં પિતૃસતા અમલમાં છે અને આ એક એવી સામાજિક પદ્ધતિ છે કે જેમાં પુરુષને સ્ત્રી કરતાં વધુ સક્ષમ, શક્તિશાળી માનવામાં આવે છે અને જેમાં પુરુષોનું સંસાધનો, નિર્ણયો લેવા અને સિદ્ધાંતોમાં વધુ અંકુશ હોય છે. પિતૃસત્તા કે પુરુષપ્રધાન પદ્ધતિમાં મહિલાઓ સામેની હિંસા અર્થાત્ મહિલા પર અત્યાચારો ગુજારવા જાણે કે તે પદ્ધતિનો એક ભાગ માનવામાં આવે છે. મહિલાઓને મારપીટ કે હિંસા આચરીને નિયંત્રણમાં રાખવામાં આવે છે અથવા તેમને મારપીટની ધમકી આપવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર (યુએન) ના મત મુજબ, પ્રત્યેક ત્રણ મહિલામાંથી એક મહિલાને હિંસા કે મારપીટનો અનુભવ થાય છે. તેનો મતલબ એ થાય કે એક બિલિયન કરતાં વધુ મહિલાઓ અને છોકરીઓને મારપીટ કે હિંસાનો અનુભવ થાય છે. વિશ્વમાં આ એક સૌથી મોટી લડાઈ ચાલી રહી છે અને સૌથી વધુ પીડાદાયક તો એ છે કે આ લડાઈ મોટાભાગે પરિવારમાં ચાલી રહી છે.

**ભારતમાં મહિલાઓ તમામ ધર્માધિકારીઓના તળિયે છે.**

ભારતમાં મહિલાઓ વિશે સામાન્યીકરણ કરવું વાસ્તવમાં ખૂબ જ મુશ્કેલ ભર્યું કામ છે, કારણ કે તેમનામાં ખૂબ મોટા તફાવતો રહેલાં છે. આ મહિલાઓ વિવિધ વર્ગો, જ્ઞાતિઓ, ધર્મ અને સમુદાયોમાં વહેંચાયેલી છે. આમ છતાં કોઈ એક ચોક્કસ કહી શકે કે મોટાભાગની મહિલાઓ પુરુષપ્રધાન માળખું અને વિચારધારાથી પીડિત છે. તેઓ લિંગભેદને કારણે અસમાનતાનો ભોગ બન્યાનું અનુભવે છે અને તેમને નીચલી પાયરીના માનવામાં આવે છે. સામાજિક અને માનવવિકાસના દિશાસૂચકોમાં મહિલાઓને પુરુષોની પાછળ દર્શાવવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં ભારત એક માત્ર એવો દેશ છે કે જ્યાં મહિલાઓ માટે વિપરીત સેક્સ રેસિયો પ્રવર્તે છે. મહિલાઓ માટે જીવન જીવવાની આશા પેલા પુરુષો કરતાં ઓછી હોય છે. મહિલાઓનું આરોગ્ય, પોષણ અને શિક્ષણનું સ્તર નોંધપાત્ર રીતે પેલા કરતાં ઓછો છે. મહિલાઓને ઓછી કુશળતા ધરાવતાં ક્ષેત્રમાં મોકલાય છે અને એકસરખું કામ છતાં ઓછું ચૂકવણું થાય છે, તેઓ પુરુષો કરતાં ઓછું વેતન અને ઓછી આવક મેળવે છે અને તેઓ ભાગ્યે જ પોતાની મિલકત ધરાવતા હોય છે. ઉત્પાદકતામાં પણ તેમની ઉપેક્ષા કરાય છે. મહિલા આધારિત ઘરોની સંખ્યામાં વધારો થયો છે અને તેઓ આપણા દેશમાં સૌથી વધુ ગરીબ છે. રાજકારણ અને સામાજિક નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી દેખીતી રીતે જ ઓછી છે. સંસદમાં પણ મહિલાઓની ભાગીદારીની ટકાવારી 10 ટકા કરતાં વધુ થઈ નથી. તેમને કાયદો ઘડનાર સત્તામંડળથી દૂર રાખવામાં આવ્યાં છે. જે તેમના જીવન પર શાસન કરે છે તેવા સામાજિક, આર્થિક, કાયદાકીય અને રાજકીય શાસનની રચનામાં તેમનો અવાજ ભાગ્યે જ સંભળાય છે.

તમામમાં નહીં પરંતુ ભારતના મોટાભાગના વિસ્તારોમાં કન્યાઓ બિનલાભદાયી, બોજા હેઠળ અને ડરના વાતાવરણમાં જીવે છે. તેઓ ભેદભાવનો બોજ વહન કરે છે, તેઓ ઘરકામ અન પોતાના ભાઈભાંડુંની સારસંભાળનો બોજ ધરાવે છે અને ઘરની બહાર કામનો બોજ પણ વહન કરે છે. કન્યાઓ ભય હેઠળ જીવે છે - તરછોડી દેવાનો ભય, ઝેર આપીને મારી નાંખવાનો ભય, ઉપેક્ષા કરવાનો ડર અને મારી નાંખવાનો ડર, લાગણીઓ નહીં ધરાવવાનો ડર, યોગ્ય કાળજી નહીં, યોગ્ય પોષણ નહીં અને યોગ્ય તબીબી સારવાર, ધ્યાન કે યોગ્ય શિક્ષણ નહીં આપવાનો ડર ધરાવે છે. આપણી દીકરીઓ જાતિય સતામણીના ડર હેઠળ પણ જીવે છે જે દુષ્કર્મ સુધી પહોંચી શકે છે. કડકમાં કડક અને શ્રેષ્ઠ કાયદાઓ બનાવવામાં આવ્યાં છતાં જઘન્ય સામૂહિક દુષ્કર્મના બનાવોમાં વધારો નોંધાયો છે. લગ્ન પછી તેઓ એકલતાનો ડર ધરાવે છે, નવા પરિવારમાં યોગ્ય સ્થાન નહિં ધરાવવાનો ડર અને માનસિક તથા શારીરિક યાતનાનો ભોગ બને છે.

મહિલાઓ દ્વારા ચળવળ અને સરકારો દ્વારા લેવાયેલા પગલાંઓ તથા નાગરિક સમાજ સંસ્થાઓ દ્વારા દબાણ વધવાથી મહિલાઓ પ્રત્યેના અભિગમમાં ચોક્કસપણે હકારાત્મક બદલાવ આવ્યો છે. જેમ કે લિંગભેદની સમસ્યા સામે જાગૃતિ આવી છે અને પરિણામે મહિલાઓની પણ અગત્યતા સમજાઈ છે તથા તેની સામેના પડકારો સૌ સ્વીકારતા થઈ ગયા છે, મહિલાઓ પરની હિંસાની નોંધ લેવાઈ છે અને તેને વખોડી કાઢવામાં આવે છે, નિર્ણય લેનારી દરેક બાબતો, દરેક સંસ્થાઓમાં મહિલાઓની ભાગીદારીની અગત્યતા જણાઈ છે. કેટલીક કાયદાકીય જોગવાઈઓમાં પણ સુધારો જોવા મળે છે, એ જ રીતે સિ7ણ અને રોજગારીની તકોમાં પણ મહિલાઓની નોંધલેવાય છે. ઉપરાંત નીતિવિષયક નિવેદનોમાં પણ લિંગભેદને વખોડી કાઢવાનું વલણ જોવા મળે છે. સરકાર અને બિનસરકારી સંસ્થાઓ (એનજીઓ)માં મહિલાઓની ભાગીદારી વધી છે તો પંચાયતી રાજ સંસ્થાઓમાં પણ મહિલાઓની ભાગીદારી વધી છે. આપણી સરકારોએ લિંગભેદના પ્રશ્નો ઉકેલવા અને સમાનતા માટે મહિલાઓના બ્યુરો, પંચો, વિભાગ અને/અથવા અલગ મંત્રાલયો શરૂ કર્યા છે. આમ છતાં આપણે લિંગ સમાનતા-સ્ત્રીપુરુષ, એક સમાનનો અભિગમ જીવવા માટે હજુ ઘણી લાંબી મજલ કાપવાની છે.

**સશક્તિકરણ એક શક્તિશાળી અને રાજકીય પ્રક્રિયા છે.**

લિંગ સમાનતા તરફ આગળ વધવા માટે આપણે એ લિંગભેદનું સશક્તિરણ કરવું છે કે જેની

પાસે કોઈ શક્તિ નથી જેમ કે મહિલાઓ અને છોકરીઓ, કોઈને પણ શક્તિશાળી બનાવવા માટે સત્તાની સમજદારી સમજવી જરૂરી છે. શક્તિ કે સત્તા એક ક્ષમતા કે કુશળતા છે કે જે દ્વારા મુક્ત અને સ્વતંત્રપણે પગલાં લેવાય છે, તે બીજાને નિયંત્રણમાં લેનારી કે તેના પર પ્રભાવ પાડનારી ક્ષમતા છે. સત્તા એટલે સ્વાયત્તતા, સ્વતંત્રતા, પોતાની પસંદ નક્કી કરવી અને પોતાનો અવાજ સંભળાય તે છે.

માનવીય સમાજમાં સત્તા સંસાધનો અને વિચારદારા પરના નિયંત્રણોમાંથી આવે છે. એ લોકો કે જેઓ સંસાધનો અને વિચારધારા (લોકોની વિચારશક્તિ, માન્યતા પદ્ધતિ વગેરે) પર નિયંત્રણ ધરાવે છે તેઓ નિર્ણય લેનારા બને છે. અને પરિવારો, સમુદાયો તથા દેશો પર નિયંત્રણો ધરાવતા હોય છે.

તેથી મહિલા સશક્તિકરણના અમલ માટે કે મહિલાઓને શક્તિશાળી બનાવવા માટે પુરુષપ્રધાન વિચાર અને માળખામાં પરિવર્તન લાવવાની જરૂર છે, મહિલાઓને સંસાધનો (કુદરતી, માનવીય, બૌદ્ધિક, નાણાંકીય, આંતરિક, સંસાધનો) પરનો નિયંત્રણ મળવો જોઈએ, નિર્ણય લેવાની ભૂમિકામાં તેમનો સમાવેશ થવો જોઈએ.

મારા મત પ્રમાણે, મહિલાઓને શક્તિશાળી બનાવવાથી આપણા જીવનમાં સુધારો થશે અને એ ત્યારે કે જ્યારે આપમી સત્તા-શક્તિની કલ્પના વર્તમાન સત્તા-શક્તિ કરતાં કંઈક અલગ હશે તો જ.

અમને સશક્તિકરણ કરવાનો મતલબ એવો નથી કે બીજા ઉપર સત્તા ધરાવવી, અમારા હિસ્સા કરતાં વધુ નિયંત્રણની સત્તા ધરાવવી એવો થતો નથી. તેનો મતલબ એવો હોવો જોઈએ કે સત્તા-શક્તિ પોતાના માટે, સત્તા શક્તિ કોઈ એકની પોતાની લોભ પર નિયંત્રણ હોવું, કોઈની લાલચ હોય અને બીજાની સારસંભાળ, કાળજી તથા પોષણ કરવાની સત્તા-શક્તિ હોવી જોઈએ. ન્યાય માટે લડવાની શક્તિ હોવી જોઈએ. વંશવાદ, નૈતિકતાના મુદ્દે લડવાની શક્તિ અને આંતરિક વૃદ્ધિ-સિદ્ધિ મેળવીને ડહાપણ તથા ધૈર્ય રાખવાની શક્તિ હોવી જોઈએ.

મહિલાઓનું સશક્તિકરણ એક પ્રક્રિયા છે કે જે સાતત્યપૂર્ણ અને જોશભેર એમ બંને રીતે ચાલે છે, એટલું જ નહીં જે માળખું અને જે વિચારધારા કે સિદ્ધાંતો તેમને નીચા ઠેરવે છે તેમાં પરિવર્તન માટેની શક્તિ મેળવવાની છે. આ પ્રક્રિયા તેમને વધુ સંસાધનો અને નિર્ણય લેવાની શક્તિ પર વધુ કાર્યક્ષમ બનાવે છે, પોતાના જીવન પર વધુ નિયંત્રણ મેળવે છે, વધુ સ્વાયત્તતા મેળવે છે. એ એક એવી પ્રક્રિયા છે કે જે મહિલાઓને આત્મસન્માન અને ગૌરવતા તરફ દોરી જાય છે અને તેનાથી તેઓની સ્વચ્છ છબી અને સામાજિક છબીમાં સુધારો થાય છે.

સશક્તિકરણની પ્રક્રિયા એક રાજકીય પ્રક્રિયા છે, કારણ કે તેનો હેતુ મહિલા અને પુરુષ વચ્ચેના વર્તમાન સત્તાલક્ષી સંબંધોમાં પરિવર્તન લાવવાનો છે.

મહિલા સશક્તિકરણનો હેતુ કે લક્ષ્ય ધર્માધિકારી લિંગભેદ સંબંધોમાં જ પરિવર્તન લાવવા પૂરતો નથી પરંતુ સમાજમાં પ્રવર્તતા તમામ ધર્માધિકારી સંબંધોમાં પરિવર્તન લાવવાનં છે જેમ કે વર્ગ, જ્ઞાતિ, કોમ, વંશીય અને ઉત્તર દક્ષિણ સંબંધો, કારણ કે લિંગભેદ સંબંધો શૂન્યાવકાશમાં સંચાલિત થતા નથી. કેમ કે તે અન્ય તમામ આર્થિક સામાજિક અને રાજકીય પદ્ધતિ સાથે સંબંધિત અને વર્ગ ધરાવનાર હોય છે, પરિણામે કોઈ એક અન્ય પદ્ધતિઓ અને પ્રાચીન પરંપરાઓ, માન્યતાઓ બદલ્યા સિવાય લિંગ ભેદ બદલી શકાશે નહીં.

મહિલા સશક્તિકરમ બાબતે કુદરતનું સશક્તિકરણ અને તમામ હાંસિયામાં ધકેલાયેલાં લોકોનું તથા એવા દેશોનું સશક્તિકરણ નહીં થાય ત્યાં સુધી મહિલાઓનું સશક્તિકરણ તેને આ તમામથી અલગ પાડી શકાય નહીં અને અલગ પડી શકે નહીં અને તેથી જ મહિલાઓનું સંઘર્ષ અને તેમની ચળવળોને શાંતિ માટે ચળવળો, પર્યાવરણીય ચળવળો, શ્રમિકો અને ખેડૂતોની ચળવળો, માનવ અધિકાર માટેની ચળવળો અને લોકશાહીકરણ તથા સમાજના વિકેન્દ્રીકરણ માટેની ચળવળો સાથે ખૂબ સરળતાથી અને સારી રીતે જોડી શકાય તેમ છે. આ અલગ અલગ ચળવળો અલગ હેતુઓ

માટે છે છતાં એક જ સંઘર્ષ માટે છે, એ જ સ્થાન માટેના વિવિધ ક્ષેત્રો માટેનું છે તેથી તેમની વચ્ચે ખૂબ જ મજબૂત સંપર્કો અને જોડાણ હોવું જરૂરી છે.

હું માનું છું કે, મહિલાઓના સશક્તિકરણની જ્યારે આપણે વાત કરતાં હોઈએ ત્યારે આપણે નારીવાદ વિચારસરણી અને વિચારધારાને મજબૂત કરવા અંગે પણ વિચારવું પડશે. ઉપરાંત સિદ્ધાંતો જેમ કે સમાનતા, ન્યાય, લોકતંત્ર અને મજબૂતીકરણને પણ શક્તિશાળી બનાવવા અંગે વિચારવું પડશે. તેનો મતલબ એવો પણ નથી કે આપણે તમામ મહિલા વર્ગને ટેકો આપવાનો છે. આપણે મહિલા આપખુદશાહીને સત્તા આપવાની નથી, મહિલાપ્રધાન વિચારસરણી, એવી મહિલાઓ કે જે જાતિવાદ અને પુરુષપ્રધાન સમાજને પ્રોત્સાહન આપે છે એમને ટેકો આપવાનો નથી. ભલે તેઓ મહિલાઓ છે છતાં બિનશરતી ટેકોને તેઓ પાત્ર નથી. આપણે એ પણ નોંધ્યું છે કે મહિલાઓ પણ આધિપત્ય ધરાવનાર અને પુરુષપ્રદાન સમાજનો ટેકો આપે છે તેથી એવા પીડિત પુરુષો તેની સામેની લડાઈમાં આપણાં ભાગીદાર છે અને ભાગીદાર બની શકે છે. આપણો જંગ-સંઘર્ષ કેટલાંક ચોક્કસ સિદ્ધાંતો માટેનો છે અને એક એવા સમાજ માટે કે જ્યાં તમામ સ્ત્રી-પુરુષને સમાન તકો મળે, એક સાથે ઉછેર થાય, વૃદ્ધિ થાય અને ભાગીદાર બને.

માત્ર મહિલાઓ જ નહીં પરંતુ મહિલાઓ પ્રત્યેના દૃષ્ટિકોણ કે પરિપ્રેક્ષ્યને પણ શક્તિશાળી બનાવવાની જરૂર છે કારણ કે મહિલાઓ કાંઈ અલગ ક્ષેત્ર નથી. તમામ બાબતોમાં મહિલાઓની ચિંતા થવી જોઈએ, તેમના પ્રત્યેના દૃષ્ટિકોણમાં અને તેમની બાબતોમાં મહિલાઓને યાદ કરવા જોઈએ. પછી તે સૈન્યકરણની બાબત હોય, માનવ અધિકારની બાબત હોય અથવા ટકાઉ વિકાસની બાબત હોય તમામમાં મહિલાની ભાગીદારી અનિવાર્ય છે. ટૂંકમાં તમામ બાબતો એ મહિલાઓની બાબતો છે.

મહિલાઓ મજબૂત અને બહોળી રીતે વ્યાપક પ્રમાણમાં ફેલાયેલી તમામ છતાં મહિલાઓનું સશક્તિકરણ તમામ સ્તરે અને તમામ વિભાગો કે ક્ષેત્રોમાં થવું જ જોઈએ. મહિલા ક્રિયાશીલો, મધ્યમ સ્તરીય ક્રિયાશીલો, સરકારમાં કાર્યરત મહિલાઓ, પત્રકારત્વ ક્ષેત્રની મહિલાઓ, મહિલા રાજકારણીઓ, મહિલા કલાકરો, મહિલા ઉદ્યોગ સાહસિકો વગેરેની વચ્ચે અસરકાર નેટવર્કિંગ હોવું જોઈએ. અમને એવા મહિલાઓ વચ્ચે નેટવર્કિંગની જરૂર છે કે જે સૂક્ષ્મ સ્તરથી લઈને ઊંચા સ્તરથી કાર્યરત છે. અમને તમામ સ્તરે અમારા પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર પુરુષોની પણ જરૂર છે.

મહિલાઓને શક્તિશાળી બનાવવાની પ્રક્રિયા એકતરફી નથી કે જેમાં કેટલાંક ક્રિયાશીલો જઈ શકે અને બીજાને સક્ષમ બનાવે. તે બેતરફી પ્રક્રિયા છે કે જેમાં અમે શક્તિશાળી બનીએ છીએ અને બીજાને શક્તિશાળી બનાવીએ છીએ. જે આપણાં સૌ  માટેની એક સતત ચાલતી મુસાફરી છે. કોઈએ પોતાના સારા માટે શક્તિશાળી થવું ના જોઈએ. બની શકે તેમણે બીજાને શક્તિશાળી બનવાની તજજ્ઞતા મેળવવી જોઈએ.

મહિલા સશક્તિકરણ એ બહુપરિમાણીય અને સંકલિત બાબત છે. આ પ્રક્રિયમાં નીચે દર્શાવેલી કેટલીક બાબતોનો સમાવેશ થાય છે :

- મહિલાઓનો સમાજ પ્રત્યેનો ફાળો દૃશ્યમાન થઈ શકે તેવો બનાવવો, જેમ કે જેમાં એક દેખાતું હોય કે મહિલાઓ બાબતે પેદા કરવા ને ઘરકામ કરવાની પ્રવૃત્તિઓની સાથે તેઓ ખેડૂતો પણ છે, શ્રમિકો પણ છે, કારીગરો પણ છે, વ્યવસાયીઓ પણ છે વગેરે ક્ષેત્રોમાં તેમનો ફાળો દેખાવવો જોઈએ. તેમનો ઉત્પાદનમાં હંમેસાં ફાળો હોવા જોઈએ અને દેશના જીડીપીમાં તેમનો ફાળો હંમેશાં મોટો હોવો જોઈએ. તેઓ પોતાના જીવનનું જાતે ઘડતર કરી શકે તેવી અને કુદરતી સંસાધનોનું વ્યવસ્થાપન કરી શકે તેવી હોવી જોઈએ.
- મહિલાઓ અને સમાજને એ રીતે બનાવો કે જેમાં મહિલાઓના જ્ઞાન, ક્ષમતા અને કુશળતાની નોંધ લેવાય જેથી મહિલાઓમાં ખાસ કરીને કૃષિ, આરોગ્ય અને હસ્તકલા ક્ષેત્રે જ્ઞાન, જાણકારી કે કુશળતા છે તે પુરવાર થાય.

- એક એવું સામાજિક વાતાવરણ બનાવવું કે જેમાં મહિલાઓ સ્વયંસેવી અને આત્મવિશ્વાસી બને.
- કન્યાઓ અને મહિલાઓને તેમનામાં રહેલી ક્ષમતા અને પસંદગી માટેની તકો મળવી જોઈએ. તેમને માત્ર થોડાંક જ પારંપારિક વ્યવસાયો કે ભૂમિકામાં ધકેલવા ન જોઈએ. તેમને એવું શિક્ષણ આપો કે જે તેમેને શક્તિશાળી બનાવે.
- નિર્ણયશષ્નિ ધરાવનાર મહિલાઓને પોતાના જીવન ઘડતરના નિર્ણયો લેવાની તક મળવી જોઈએ. જેમકે ક્યાં, ક્યારે અને કોની સાથે લગ્ન કરવા, ક્યારે શું અભ્યાસ કરવો તેનો નિર્ણય તેઓ જાતે લઈ શકે. આ ઉપરાંત પારિવારિક બાબતો, સમાજ અને રાષ્ટ્રીય બાબતો અંગે પણ નિર્ણયો લઈ શકે. તમામ સ્તરે રાજકારણમાં મહિલાઓની ભાગીદારી હોવી જોઈએ.
- કન્યા અને મહિલાઓની વાસ્તવિક જરૂરિયાતો પરિવાર અને પરિવારની બહાર તેમને દરજ્જો, તેમના હક્કો અને જવાબદારી અંગેની જાગૃતિ મહિલા-પુરુષમાં હોવી જોઈએ.
- મહિલાઓની પાયાની જરૂરિયાતો જેમ કે ખોરાક, વસ્ત્રો, આશ્રય અને આરોગ્ય તથા સુરક્ષામાં તેમની ખાસ જરૂર અંગે સુવિધાઓ હોવી જોઈએ અને મહિલાઓને તે સંસાધનો ઉપલબ્ધ હોવા જોઈએ.
- આવક, મિલકતો અને અન્ય સંસાધનો પર મહિલાઓના નિયંત્રણ અંગે તેમને મદદ મળે તેવું આયોજન હોવું જોઈએ.

**એવા મુદ્દાઓ કે જે ખાસ ધ્યાન અને પ્રયાસો માંગે લે છે....**

મહિલા સશક્તિકરણ માટે જે ક્ષેત્રો ખૂબ જ નિર્ણાયક છે તે તરફ ધ્યાન દોરવું ખૂબ જ મહત્ત્વનું છે. જોકે આ વિસ્તારો ક્ષેત્રો પ્રત્યે ભૂતકાળમાં પૂરતું ધ્યાન અપાયું નહોતું. આ ક્ષેત્રોની સારસંભાળ લેવાવી જોઈએ. કાળજી લેવાવી જોઈએ તથા તેને પહોંચી વળવાની અસરકારક રણનીતિ પણ હોવી જોઈએ.

મહિલાઓના ઉતરતા દરજ્જા માટેનું કારણ એ છે કે તેઓ મિલકતો અને અન્ય ઉત્પાદકીય સંસાધનો ઉપર નિયંત્રણ ધરાવતા હોતા નથી અને તેના કારણો મહિલાઓ સમગ્ર રીતે પોતાને બિનસુરક્ષિત અનુભવે છે. બીના અગ્રવાલે પોતાના પુસ્તક 'એ ફિલ્ડ ઓફ વન્સ ઓન જેન્ડર એન્ડ લેન્ડ રાઈટ્સ ઈને સાઉથ એશિયા'માં ઉલ્લેખ કર્યો છે. તેમણે પુસ્તકમાં લખ્યું છે કે માલિકી અને મિલકતો પર આધિપત્યમાં લિંગભેદને કારણે મહિલાઓ સૌથી વધુ અસરગ્રસ્ત હોય છે. આ પ્રકારની મહિલાઓને લાગે છે કે તેઓ આર્થિક રીતેસક્ષમ નથી. તેઓ સામાજિક દરજ્જો ધરાવતા નથી અને આ જ કારણોસર તેમનું સશક્તિકરણ થતું નથી. આ મુદ્દાઓનો તમામ સ્તેર તાકીદે ઉકેલ આવવો જોઈએ.

રોજગારી મેળવવામાં પડતી મુશ્કેલીઓ પણ એક મહત્ત્વનો મુદ્દો છે. પરિવારમાં રોકડ નાણાં કોણ લાવશે તે બાબતે ભારે ભાર મૂકવામાં આવે છે. અને તેના કારણે મહિલાઓને ભણવાની, શીખવાની તથા કૌશલ્ય પ્રાપ્ત કરવાની તકો ગુમાવવી પડે છે. તેના કારણે તેમનો રોજગારીની તકો પણ ખૂબ ઓછી મળે છે. મહિલાઓ દ્વારા કરાતા ઘરકામની કોઈ કિંમત આંકવામાં આવતી નથી, કેમકે તેનાથી ઘરમાં કોઈ આવક નથી નથી એમ માનીને તેમનું અવમૂલ્યન થાય છે તેમને બોજારૂપ માનવામાં આવે છે. જાણીતા અમર્ત્યસેન અને પ્રો.જીન ડ્રેઝ દ્વારા કરાયેલાં સંશોધનોમાં એવું તારણ એ છે કે પરિવારમાં આંતરિક વહેંચણી વખતે બહાર કામ કરીને અને વેતન રોજગાર મેળવીને અમે પરિવારમાં વધારે નાણાં કે આવક લાવીએ છીએ તેવી માન્યતા મહિલા વિરોધી પૂર્વગ્રહ ધરાવે છે. તેથી તેઓ સૂચવે છે કે ફળદ્રુપ કે લાભદાયી આર્થિક પ્રવૃત્તિઓમાં મહિલાઓની ભાગીદારી એક મહત્ત્વનું પરિબળ બનવું જોઈએ. વિશ્વના ઘણા ભાગોમાં આ અંગે કામગીરી થઈ રહી છે. અહીં ભારતમાં આપણે મહિલાઓ માટે આવક સર્જન પ્રવૃત્તિઓ વિશે ખૂબ બોલાય છે, ખૂબ ચર્ચારૂપ છે પરંતુ મહિલાઓને મદદ કરવામાં તેઓ નિષ્ફળ નિવડ્યા છે. તેમણે મહિલાઓની આવકમાં વધારો

કર્યો સિવાય તેમના કાર્યભારણમાં વધારો કર્યો છે. આ મુદ્દાઓની કાળજીપૂર્વક વિચારણા થવી જોઈએ.

પરિવારમાં ઘરકામની અને બાળકોને સાચવવાની કામગીરીની વહેંચણી એક અન્ય એવો મુદ્દો છે કે તે તરફ ધ્યાન આપવું જોઈએ. કેમ કે આ પ્રવૃત્તિઓને કારણે પરિવારમાં મહિલાનું મહત્ત્વ ઘટી જાય છે. મહિલાઓને દિન-રાત ઘરના કામકાજ કરવા પડે છે. તેમને આરામ મળતો નથી. તેમને ભણવાની કે ઉછેરની તક પણ મળતી નથી. મહિલા સમાનતા અને સશક્તિકરણના માર્ગમાં આ એક મોટી અડચણ છે. પરિવારમાં અન્યો જો કામની વહેંચણી કરે તો જ મહિલાઓની હેરાનગતિ ઓછી થઈ શકે. છોકરાઓ અને પુરુષોએ નાના બાળકોને સાચવવાની જવાબદારી લેવી જોઈએ. નાના બાળકોને પોષણ આહાર આપવાની કામગીરી કરવી જોઈએ જેથી મહિલાઓ આરામ કરી શકે અને પોતાના રસના વિષયમાં વિકાસ કરી શકે.

મહિલાઓની થતી જાતિય સતામણી પર અંકુશ મૂકવો એ એક અન્ય અભ્યાસ માંગી લે તેવો મુદ્દો છે તેને સમજવાની જરૂર છે. તેનો ઉકેલ લાવવાની જરૂર છે.જાતિય સતામણીથી બચાવવા માટે છોકરીઓના વહેલાં લગ્ન કરાવી દેવામાં આવે છે. તેમને પડદામાં રખાય છે. તેમની હલનચલન પર નિયંત્રણો મૂકાય છે. તેનાથી તેમની સ્વતંત્રતા અને સ્વાયત્તતા પર ગંભીર અવળી અસર પડે છે.

બીજો જે એક અગત્યનો મુદ્દો ઉકેલ માંગે છે કે તે વિચારધારા. આ વિચારધારા પુરુષપ્રધાન સમાજના માળખાને, વ્યવહારને અને વર્તણૂંક પદ્ધતિને ન્યાયી ઠેરવે છે. માધ્યમો વિચારધારાના સર્જન માટે શક્તિશાળી સર્જક છે અને આપણે સૌ જાણીએ છીએ કે મોટાભાગના માધ્યમો કેટલા મહિલા વિરોધીઓ અને ઉત્તેજનાજનક વલણ ધરાવે છે. મહિલાઓ પ્રત્યેની માધ્યમોની છબી બદલવાના ભરચક પ્રયાસો કરવામાં આવ્યા છેતેમ છતાં તેમ કરવા જતાં કમનસીબે સ્થિતિ વધારે નકારાત્મક બની છે.

પુરુષપ્રધાન વિચારધારાના સર્જક તરીકે ધર્મ પણ જવાબદાર કહી શકાય. ધાર્મિક લખાણો અને પૌરાણિક કથાઓ, દંતકથાઓ, ધાર્મિક અને સાંસ્કૃતિક રીવાજો વગેરે પુરુષપ્રધાનને પોષે છે. સમાજમાં પુરુષ જ સર્વોપરિ છે તેને ન્યાયી ઠરાવવાનો પ્રયાસ કરે છે. આ ધાર્મિક વિચારધારાને બદલવા માટેના પડકારોનો સામેનો કરવાનો છે. ભૂતકાળમાં જે પ્રયાસો થયાં છે તેના કરતાં વધારે પ્રયાસો કરવાના છે. વાસ્તવમાં આ એક એવું ક્ષેત્ર છે કે જેમાં સાવચેતીપૂર્વક પરિવર્તન લાવવાનું છે, પણ પરિવર્તન ચોક્કસપણે લાવવું જ રહ્યું. આ એક એવું ક્ષેત્ર છે કે જેમાં કાંઈ રાતોરાત પરિવર્તન થવાનું નથી. પરંતુ જો તે પ્રત્યે આપણે મૌન રહીશું તો તેમાં ક્યારેય પરિવર્તન નહીં આવે. એવા ધર્મો કે જે જાતિ, વર્ગ, લિંગભેદ વગેરેને ન્યાયી ઠરાવે તેવા ધર્મો ટીકાટિપ્પણી વગર આજના સમયમાં સ્વીકાર્ય નથી. એવા ધાર્મિક કાયદાઓ અને વ્યવહારો કે જે બંધારણની વિરુદ્ધ હોય કે જે મહિલાઓને તેના મૂળભૂત અધિકારો આપવાનો ઈન્કાર કરતાં હોય તેને પડકારવવાની જરૂર છે. આપણે તે માટે શું કરવું જોઈએ, કઈ રીતે કરવું જોઈએ તે ખૂબ જ નાજુક કાર્ય છે અને તેની ગંભીરતાથી ચર્ચા થવી જોઈએ. આરોજનબદ્ધ રીતે કાળજીપૂર્વક કામ કરવું જોઈએ કે જેથી તેના વિપરીત પરિણામો ના આવે.

**મહિલા સશક્તિકરણ માટે શિક્ષણ**

મહિલાઓના સશક્તિકરણ માટે મહિલાઓને શક્ષણ આપવાનું પગલું વાસ્તવમાં ખૂબ મહત્ત્વનું અંગ છે. મહિલા તરફી શિક્ષણ બંને રીતે વિષયવસ્તુ અને શાસ્ત્રોક્ત રીતે હોવું જોઈએ.

**કેવા પ્રકારનું શિક્ષણ આપણને જોઈએ છે..**

મહિલાઓને શિક્ષિત કરવાના ચાલી રહેલાં પ્રયાસોને આપણે મજબૂત કરવાની સાથે તેમાં ગુણાત્મક વધારો પણ કરવો પડશે. શિક્ષણ મેળવીને તેઓ એવી માહિતી-જાણકારી અને જ્ઞાન મેળવશે કે જે તેમને પુરુષપ્રધાન સમાજની માન્યતાનું જ્ઞાન, ધારાધોરણો, મૂલ્યો અને વર્તણૂક પદ્ધતિઓને પડકારવાની તાકાત આપશે. આપણે એવું શિક્ષણ આપવાનું છેકે મહિલાઓને માત્ર

'શબ્દ' વાંચવામાં અને સમજવામાં જ મદદ કરે એટલું નહીં પરંતુ આપણાં વિશ્વને વાંચી શકે, સમજી શકે અને નિયંત્રિત કરી શકે. અને જો તેમ થશે ત્યારે તે મહિલાઓને માત્ર ત્રણ આરએસમાં નિપુણતા મેળવવામાં મદદ નહીં કરે પરંતુ તેઓ તેમના જીવનના માસ્ટર-કર્તાહર્તા બનવામાં પણ મદદ કરે. તેઓ તેમના નિર્ધારિત મુકામ સુધી પહોંચી શકે. આપણને એવા શિક્ષણની જરૂર છે કે જે જીવનની ઝડપથી બદલાવી જતી વાસ્તવિકતાઓને પૃથક્કરણ દ્વારા સમજવાની કુશળતા મેળવી શકે. એવું શિક્ષણ કે જેમાં તેઓ વિશ્વાસ મેળવી શકે અને જે બિનગૌરવપૂર્ણ અને અમાનવીય સ્થિતિ સ્વીકારવાનો ઈન્કાર કરવાની શક્તિ આપી શકે. જો આપણે આપની જાતને મહિલા સાક્ષરતા સાથે સામેલ કરીએ તો મહિલાઓ માટેના સાક્ષરતા વર્ગો તેમના આત્મસન્માન અને આંતરસ્ફુરણા જગાવનાર બની રહેવા જોઈએ. સાક્ષરતા દ્વારા તેઓ મજબૂત જૂથો બનાવી શકે. જેથી તેઓ વધુને વધુ લાભ મેળવી શકે. તેમના જીવન પર વધુને વધુ નિયંત્રણ મેળવી શકે. તેમના મૌનને તોડવામાં મદદ કરી શકે છે. તેમને દૃષ્ટિમાન બનાવી શકે છે. આ સાક્ષરતા વર્ગો દ્વારા એક એવું વાતાવરણ સર્જવુ જોઈએ કે મહિલાઓને વધુ સ્વતંત્રતા આપી શકે. તેમને વધુ તકો મળે. પોતાના માનવીયપણાને શક્તિશાળી બનાવી શકે. મહિલાઓના સશક્તિકરણ માટેનું શિક્ષણ એક સંયુક્ત પગલું અને પ્રતિબિંબ પાડે તેવી સતત ચાલતી પ્રક્રિયા સમાન બની રહેવું જોઈએ. આપણાં શૈક્ષણિક પ્રયાસો મહિલાઓમાં રહેલી શક્તિઓ, કુશળતાઓ અને જ્ઞાન ઉપર નિર્માણ થવા જોઈએ. તેઓ હકારાત્મક બને અને તેમનામાં રહેલા શ્રેષ્ઠ તત્ત્વો તેઓ શિક્ષણ થકી પામી શકે.

મહિલાઓનાં શિક્ષણનું શાસ્ત્ર ભાગીદારીયુક્ત અને બિન-ધર્માધિકારી રીતનું બનાવવું પડશે. મહિલાઓને તેમના પોતાના જીવન કાર્યો અને અગ્રતા નક્કી કરવામાં સામેલ કરવા જોઈએ. તેમની પોતાની શીખવાની પદ્ધતિ હોવી જોઈએ. શૈક્ષણિક પ્રયાસો એવા હોવા જોઈએ કે તેનાથી તેઓ સારું અને ઉલ્લાસમય વાતાવરણનો અનુભવ કરી શકે. તેમનામાં વિશ્વાસ અને આત્મસન્માનની લાગણી જગાવે. તેમનામાં રહેલી સર્જનતાને બહાર લાવે તેમને ઊર્જામય બનાવે અને એક શબ્દમાં કહીએ તો તેમને શક્તિશાળી બનાવે.

આપણે એવા શિક્ષણની જરૂર છે કે જે નવી કુશળતા શોધવામાં અને સંપાદન કરવામાં તથા નવા જ્ઞાનની શોધ જ નહીં પરંતુ જે ભાગીદારીના ગુણ કેળવવામાં પણ મદદ કરે. જે ન્યાય, સમાનતા, પ્રામાણિકતા, સત્ય અને ભાઈચારાના મૂલ્યોને દબાયેલાં કચડાયેલાં લોકોમાં સર્જી શકે. તેમને મજબૂત બનાવી શકે. મહિલાઓને તેમના સંઘર્ષમાં વિવિધ સ્તરે હિંમત કેળવવામાં અને એવી ઊર્જા પેદા કરવામાં મદદ કરે.

આપણે એક એવા શિક્ષણની જરૂર છે કે જે માત્ર સ્પર્ધાઓ કે મહત્ત્વાકાંક્ષા જ નહીં પરંતુ જે મહિલાઓમાં વિશ્વાસ અને એકબીજાની સાથે રહેવાની શક્તિ પ્રદાન કરે. તેમને વિવિધ સ્તરે મંડળો, સંસ્થાઓ અને પોતાની જાળગૂંથણી બનાવવામાં મદદ કરે.

એક એવું શિક્ષણ કે જે મહિલાઓને તેમના મનમાં પૃથક્કરણ કઈ રીતે કરવું અને તેમને પ્રશ્નો કરતાં શીખવાડે. ઉપરાંત તેમની આસપાસના વાતાવરણની વાસ્તવિકતા સમજવામાં વૈજ્ઞાનિક અભિગમ રાખી શકે.તેઓ સૂક્ષ્મ અને જંગી વાસ્તવિકતા વચ્ચેની કડી સમજી શકે. તેઓ સૂક્ષ્મથી લઈ મોટી નીતિઓને સમજી શકે. તેઓ સ્થાનિકથી લઈને વૈશ્વિક વચ્ચેની કડી સમજી શકે.

અત્રે એ યાદ કરાવવું જરૂરી છે કે મહિલાઓનું સશક્તિકરણ માનવીય મૂલ્યોના સશક્તિકરણ અને તેની સાથે જ રહીને જ વિકાસ થાય તેવું બનાવવું જ પડશે અને જો તેમ થશે તો જ વધુ સમાનતા, વધુ ન્યાય અને વધુ શાંતિનું વાતવરણ આપણી આસપાસ હશે.

મહિલાઓનું સશક્તિકરણ એ પુરુષો માટે પણ સારું છે એમ સમજીશું તો તેમના સશક્તિકરણની પ્રક્રિયા ખૂબ ઝડપી થશે. મહિલા સશક્તિકરણ પરિવારો અને રાષ્ટ્ર માટે પણ સારું છે એમ પણ આપણે સમજવું પડશે. તેથી ચાલો, આપણે તેને સ્મરણમાં રાખીએ.

લેખિકા 1970થી વિકાસ મહિલાને લગતી બાબતો, શિક્ષણ અને પ્રચાર માધ્યમો સાથે સંકળાયેલ છે ગ્હાલમાં તેઓ સંગત નામનાં મહિલાઓને લગતાં નેટવર્કમાં સલાહકાર છે.

### 7.2.1 લઘુધિરાણની સ્ત્રી સશક્તિકરણ

તા. 6મે 2012ના રોજ આંતરરાષ્ટ્રીય અખબારો અને પ્રસાર માધ્યમોમાં રજૂ થયેલા અહેવાલો મુજબ શ્રીમતી હિલેરી ક્લિન્ટને બાંગ્લાદેશની સરકારને મહંમદયુનુસ અને ગ્રામીણ બેંકના કામકાજમાં હસ્તક્ષેપ ન કરવા સીધી ચિમકી આપેલ છે.

આપણને થશે કે કોણ હશે આ મહંમદ યુનુસ અને ગ્રામણ બેંક જને વ્યારે આજે વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ અમેરીકાએ બાંગ્લાદેશની સરકારે ખુલ્લે આમ ચીમકી આપી દીધી. આ મહંમદ યુનુસને લઘુધિરાણ (માઈક્રોક્રેડિટ)ના ખ્યાલ પિતા ગણવામાં આવે છે.

તેમનો ટુંકો પરિચય આપીએ તો લધુ ધિરાણની પ્રવૃત્તિ કે જેમાં ગરબી લોકોને કોઈ પણ પ્રકારની જામીનગીરી વગર ધિરાણ આપવાની પ્રવૃત્તી જે સમગ્ર વિશ્વમાં કેટલાંક સમયથી થઈ રહી છે તેવી આ આધુનીક લઘુધિરાણ પદ્ધતીનો જન્મ બાંગ્લાદેશમાં થયો. ઈ.સ. 1970ના દાયકામાં બાંગ્લાદેશની ચિંતાતોગ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના અધ્યાપક શ્રી મહોમદ યુનુસે પ્રયોગાત્મક ધોરણે એક નવો સંશોધન પ્રયોગાત્મક ધોરણે એક નવો સંશોધન પ્રોજેક્ટ હાથ ધર્યો જેમાંથી આ ગ્રામીણ બેંકની સ્થાપના થઈ. પાછળથી આજ ગ્રામીણ બેંકનાં લઘુધિરાણની પ્રવૃત્તિઓને આખા જગત વડે બિરદાવાયેલ છે.

પ્રોફેસર યુસુફ આજે વિશ્વના જુજ વ્યક્તિઓમાંના એક છે જેમને નોબલ શાંતિ પુરસ્કાર, યુનાઈટેડ સ્ટેટ કોંગ્રેસનલ ગોલ્ડમેડલ જેવાં ત્રણેય બહુમાન પ્રાપ્ત થયેલા છે. આ ઉપરાંત અન્ય પુરસ્કારોની નોંધ લઈએ તો તેમણે રમણ મંગસેસ એવોર્ડ (1884) વર્લ્ડ ફુડ પ્રાઈઝ (1994) ઈન્ટરનેશનલ સીમોન બોલીવર પ્રાઈઝ (1996) સીડની પીસ પ્રાઈઝ (1998) અને સી ઓલ પીસ પ્રાઈઝ (2007)થી નવાજવામાં આવ્યા છે.

આ સ્વસહાય જૂથ ચળવળ વડે લઘુધિરાણ અંગેની તમામ ગેરમાન્યતાઓ બદલીને લઘુધિરાણને સામાજિક વિકાસ અને મહિલા સશક્તિકરણ વિકાસ અને મહિલા સશક્તિકરણ માટેનું એક કારગર હથિયાર સાબિત કરી બતાવ્યું છે. આ નવીન અભિગમના મૂળ બાંગ્લાદેશમાં નંખાયા હતા જે ધીમે ધીમે સમગ્ર વિશ્વમાં ફેલાયા અને એવા જૂથો કે જેમને કોઈ પણ પ્રકારનું ધિરાણ નાણાંકીય સંસ્થાઓ આપતી નથી અને તેના કારણે જ તેઓ શાહુકારો અને અન્ય સ્ત્રોતો પર આધારિત બને છે, તેવા ગરીબ લોકો માટે આ સ્વસહાય જૂથ યોજના ખુબ જ ઉપયોગી સાબિત થઈ છે.

શ્રી મહોમદ યુનુસ જે ગ્રામીણ બેન્કના મેનેજીંગ ડાયરેક્ટર છે તેમજ લઘુધિરાણથી વિશ્વમાં પ્રસિદ્ધિ પામનારી ગ્રામીણ બેંકના સ્થાપક પણ છે. તેમને જયારે પુછવામાં આવ્યું કે તમે મહિલાઓને લોન આપવાનું કેમ વધારે પસંદ કર્યું ? ત્યારે તેમણે પ્રત્યુત્તર આપ્યો કે ''ગરીબ લોકો માટે એક અલગ બેંક બનાવવાને લગતો નિર્ણય હતો. શરૂઆતથી જ મને વર્તમાન બેંકીગ પ્રથાની બે બાબતો સામે વિરોદ હતો.''

(1) વર્તમાન બેંકીગ પ્રથા ગરીબોને કેટલાંક નિયમો બનાવી ધિરાણ આપવાનો ઈનકાર કરવી હતી.

(2) બીજો આક્ષેપ એ હતો કે બેંક મહિલાઓની સાથે સમાન રીતે વર્તતી ન હતી. જો તમે બાંગ્લાદેશની તમામ બેંકોમાં ધિરાણ લોન લેનારાઓનો કુલ સરવાળો કરો તો તેના 1% કરતાં પણ ઓછી મહિલાઓ લોન મેળવવામાં ન હતી. તેથી મને લાગ્યું છે આ લીંગ પૂર્વગ્રહથી પીડાતી પ્રથા છે. તેથી જયારે મે શરૂઆત કરી ત્યારે તે તકેદારી રાખી કે ગ્રામીણ બેંકમાં કે મારા કાર્યક્રમમાં નાણાં ઉછીના લેનાર વ્યક્તિઓમાં અડધી મહિલાઓ હોવી જોઈએ. જેથી તમને સમાનતા આપી શકાય, તેથી મે શરૂઆત કરી એ એટલુ સહેલુ ન હતું કે તેમને નાણાં ઉછીના ન લેવા જોઈએ. મારે તેમને સંમત કરવામાં ઘણા પ્રયત્નો કરવા પડ્યા. મેં તેમને પ્રોત્સાહિત કર્યા કે તેઓ નાણાં ઉછીના લઈ શકે, તેમાંથી પૈસા પર કમાઈ શકે. આ તેમને ભયમાંથી બહાર લાવવાનો પ્રયત્ન હતો અને એ વાત પર સાચી હતી કે સ્ત્રીઓએ પહેલા આ પ્રકારનો ધંધો

કરવાનો પ્રયત્ન કયારેય કર્યો ન હતો. પણ પરિણામો જોયાં ત્યારે જણાયુ કે પુરુષોની તુલનામં સ્ત્રીઓથી તેમનાં કુટુંબોને વધુ ફાયદો થયો, તેથી અમે અમારી નિતી બદલીને સ્ત્રીઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું, જેની ફળશ્રુતુએ આજે ગ્રામીણ બેંકના 60 લાખ ગ્રાહકોમાંથી 96 ટકા મહિલાઓ છે.''

**સ્વસહાય એટલે શું ?**

સ્વસહાય જૂથનો અર્થ નાણાંકીય લેવડ-દેવડ સાથે સંકળાયેલ છે. પરંતુ જ્યારે આપણે મહિલા સશક્તિકરણની વાત કરતાં હોઈએ ત્યારે તેનો અર્થ માત્ર નાણાંકીય લેવડ-દેવડ સુધી સીમિત ન રહેતા તેમાં સ્વ-વ્યવસ્થાપન, સામાજીક સંબંધો, સ્વ-વિકાસ, સ્વ- નિર્ભરતા અને આત્મ ગૌરવ જેવાં પાસાંઓનો પણ સમાવેશ થાય છે. સામાન્ય રીતે આવા જૂથો સરકારી સંસ્થાઓ વડે અથવા તો સ્વૈચ્છિક સંસ્થાઓ વડે અથાા તો સ્વૈચ્છિક સંસ્થાઓ વડે બનાવવામાં આવે ચે અને તેને ટેકો પૂરો પાડવામાં આવે છે.

**મહિલા સ્વસહાય જૂથ અને મહિલા સશક્તિકરણ**

સશક્તિકરણમાં શક્તિ મહત્ત્વના છે. જેમાં બળ, પ્રભાવ નિયુક્ત છે. સરળ અર્થમાં જોઈએ તો મહિલા સશક્તિકરણનો અર્થ મહિલાઓમાં એવા પ્રકારની સત્તા અને શક્તિ હોવી જેમાં પોતાના જીવનનો નિર્વાહ પોતાની ઈચ્છા અનુસાર કરવા માટે સક્ષમ અને સ્વતંત્ર હોય.

મહિલા સશક્તિકરણ એક પ્રક્રિયા છે. સ્ત્રી અને પુરુષ સમાન શક્તિ, સમાજ સ્વતંત્રતા અને સમાજ માટેનું સરખું યોગદાન, સરખી વિચારસરણી સાથે તેને સંબંધ છે. આ બધુ કરવું હોય તો મહિલાઓએ શારીરિક, માનસિક અને આર્થિક રીતે સશક્ત તવું પડે, સત્તા મેળવી પડે અનિવાર્ય છે. મહિલા સશક્તિકરણ અને ગ્રામ્ય મહિલા ઉદ્યોગ સાહસિકતા માટે મહિલા સ્વસહાય જૂથ ખૂબ જ અસરકારક અભિગમ સાબિત થયેલ છે. આ વ્યુહરચનાનો સૌ પ્રથમ ઉપયોગ બાંગ્લાદેશમાં ગ્રામીણ બેન્ક વડે કરવામાં આવ્યો અને ત્યારબાદ માત્ર ભારતે જ નહી પણ સમગ્ર વિશ્વના દેશોમાં વ્યુહરચનાની અસરકારક સાક્ષી બન્યા છે. આજે મહિલા સ્વસહાય જૂથોનો વિવિધ વિકાસાત્મક હસ્તક્ષેપ વ્યુહરચના તરીકે સફળ છે.

સ્વસહાય જૂથના માધ્યમથી ઉછીના નાણાં આપી ગ્રામ્ય સ્ત્રીઓનું સશક્તિકરણ કરવા માટેના એક અસરકારક સાધન તરીકે સ્વસહાય જૂથ પધ્ધતિ ઉપયોગી નીવડેલ છે. આ એક સંકલિત અભિગમ કે જેમાં ઉછીના નાણાં કે જરૂરિયાતવાળી સ્ત્રીઓના જૂથમાં જોડાવાનું આકર્ષણ બની રહે છે જ્યારે એકવાર સભ્ય બન્યા બાદ જૂથ ગતિશીલતા અને વ્યવસ્થાપનની પ્રક્રિયા વડે આ જૂથના સભ્યોને વ્યવસાયિક અભિગમ કેળવવાનું માધ્ય પુરૂ પાડે છે અને તેથી સભ્યો આપોઆપ સભાવ બને છે.

આજે સ્વસહાય જૂથને ટકાઉ વિકાસની સંસ્થા તરીકે જોવાય છે, જે ગ્રામ્ય ગરીબ સ્ત્રીઓને ખૂબ જ અનિવાર્ય નાણાંકીય અને જૂથોને બે પ્રકારના બળ પૂરા પાડે છે જે તેમને તેમના જીવન ઉપર નિયંત્રણ મેળવવા યોગ્ય પગલાં લેવા માટે દિશા ચિંધે છે. સ્વસહાય જૂથનો અભિગમ માત્ર નાણાંકીય, પરિસ્થિતિ પુરી પાડવા ઉપરાંત તેમનાં આરોગ્ય, સ્વચ્છતા, સેમિટેશન, પર્યાવરણ રક્ષણ, શિક્ષણનું મહત્ત્વ અને વિકાસ યોજનાઓને વિશે જાગૃત કરે છે.

**મહિલા સંગઠનના કેટલાંક સફળતાના દાખલાઓ જોઈએ તો તેમાં નીચે મુજબ છે.**

વર્કિંગ વિમેન ફોરમની સ્થાપના મદ્રાસમાં ઈ.સ. 1970માં થઈ હતી. જેમાં આજે 13 હજાર કરતા પણ વધુ ગ્રામ્ય ગરીબ મહિલાઓને નાણાંકીય ટેકો આપે છે. આ સંગઠનની મોટાભાગની સ્ત્રીઓ તે મદ્રાસની ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરે છે. અને પોતે નાના પાયે ધંધો ફેરિયા અથવા મજૂરી સાથે સંકળાયેલ છે. આ સ્ત્રીઓની ાવક તેમના કુટુંબની આવકનો અડધો અડધ હિસ્સો પૂરો પાડે છે. આવી કેટલીક સ્ત્રીઓની રૂબરૂ મુલાકાત લેતા જાણવામાં આવ્યું કે તેમનો ધંધો વિકસાવવાનો હતો. W.W.F. આવી મહિલાઓને નીચે વ્યાજ દર વાળી લોન પુરી પાડવામાં આવે તેમાંથી ધંધો તેઓ 10

ગણો વધારી શકાય . W.W.F. વડે એક જ વિસ્તારમાં રહેલી 10 થી 20 મહિલાઓનું જૂથ બનાવી એકબીજાની જામીન પુરી પાડી ધિરાણ પૂરું પડાયું જેના પરિણામે આજે 7000 કરતાં પણ વધુ મહિલાઓએ ધિરાણનો લાભ મેળવેલ છે. જેની પુનઃચુકવણી સફળતાનો દર 90 ટકા કરતાં પણ વધુ રહેલ છે. આવા ધિરાણ વડે 2800 જેટલાં નવા રોજગાર-ધંધા સ્થાપિત થાય છે. જ્યારે પહેલા વ્યવસાય કરતી મહિલાઓની આવકમાં સરેરાશ 50 ટકા નવા રોજગાર-ધંધા સ્થાપીત થયા છે. જ્યારે પહેલા વ્યવસાય કરતી મહિલાઓની આવકમાં સરેરાશ 50 ટકા કરતાં પણ વધારો નોંધાયો છે. W.W.F. વડે સ્વસહાય જૂથને નારી સશક્તિકરણના એક અસરકારક માધ્યમ વડે ઉપયોગ કરી શકાય છે. તે દર્શાવે છે.

'સેવા' 2 લાખ હજાર કરતાં પણ વધુ સભ્યો અને 16 કરતા પણ વધુ સંગઠનો ચલાવે છે. જેમાં સેવા બેંકનો પણ સમાવેશ થાય છે. અમદાવાદની ગરીબી સાથે સંઘર્ષ કરતી અનેક મહિલાઓ સેવા બેંકનો લાભ લઈ પોતે આર્થિક રીતે સ્વનિર્ભર બને છે.

આમ, મહિલા સશક્તિકરણ માટેના વિવિધ ઉ.દા. જોઈએ તો શ્રી મહિલા ગૃહઉદ્યોગ લિજ્જત પાપડ, હિન્દુસ્તાન લીવરનો પ્રોજેક્ટ શક્તિ, ગંગઈ વટારા જેવાં અનેક સંગઠનોનોના દાખલાઓનો અભ્યાસ કરતાં સ્પષ્ટ રીતે જણાય છે કે મહિલાઓને આવા માધ્યમોથી સંગઠિત કરીને સશક્ત બનવા માટેની તક પૂરી પાડી શકાય છે અને મહિલાઓમાં ઘણી શક્તિઓ રહેલી છે. સવાલ ફક્ત ભૂમિકા પરિવર્તનનો છે. આવા અનેક કિસ્સાઓનો અભ્યાસ કરતાં જણાયું છે કે મહિલાઓએ સંગઠનના માધ્યમથી એક બની સશક્તિકરણ થયાના પ્રમાણ પુરા પાડેલાં છે.

**ગુજરાત રાજ્યમાં સ્વસહાય જૂથનો ચિતાર**

ગુજરાત સરકારની માહિતી પ્રમાણે લગભગ 2007 સુધી ગુજરાતમાં કુલ 36000થી વધુ સ્વસહાય જૂથો નિર્માણ પામેલ છે. જેના નિર્માણમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ રાષ્ટ્રીય મહિલા કોષ, એસ.જી.એસ.વાય., સ્વયમ્ સિધ્ધા અને આઈસીડીઓ જેવી સંસ્થાઓ દ્વારા બનાવવામાં આવેલ છે. ત્યારબાદ તેની ક્રમશઃ સફળતાના આધારે ગુજરાત સરકારે સખી મંડળ યોજના અમલમાં મૂકેલી છે જે સફળ રીતે ચાલુ છે.

આજે ગ્રામીણ બેંકે વિશ્વના અનેક દેશોને લઘુ ધિરાણ માટેની એક નવી દિશા સૂચવી છે, અને આંતરરાષ્ટ્રીય વિકાસ યોજનાઓમાં ગરીબી નાબૂદી માટે લઘુ ધિરાણે એક મહત્ત્વની નીતિ તરીકે સ્થાન મેળવ્યું છે. આજે વિશ્વની મોટાભાગની બેંકો તેમજ નાણાંકીય સંસ્થાઓને લઘુધિરાણ ને એક સ્વતંત્ર દરજ્જો આપી તેના ઉપર ભાર મૂકતાં થયાં છે, અને માટે જ વર્ષ 2005ને સંયુક્ત રાષ્ટ્ર વડે INTERNATION YEAR OF MICOR CREDIT તરીકે ઉજવવામાં આવ્યું હતું. આમ જો ટૂંકમાં કહીએ તો યોગ્ય રીતે ઉદારનીતિ અપનાવી પધ્ધતિસરની અને સુઆયોજીત લઘુ ધિરાણનીતિને ચાલુ રખાશે તો આવનારા સમયમાં ભારતની મહિલાઓના સશક્તિકરણમાં તે અતિ મહત્ત્વની રણનીતિ પૂરવાર થશે.

**7.2.2 સતત સારસંભાળ દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરણ**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયમાં અમારું માનવું છે કે, મહિલાનું સશક્તિકરણ માતાની કૂખમાંથી થાય છે. મહિલાઓની સશક્તિકરણની દિશામાં પ્રથમ પગલું છે - ગર્ભનું જાતિ પરીક્ષણ અટકાવવું અને માતાનાં ગર્ભમાં છોકરીઓને ગર્ભપાત અટકાવવો. સરકારે ગર્ભધારણ પછી અને બાળકનાં જનમ અગાઉ જાતિ પરીક્ષણ અટકાવવા તથા જાતિ પરીક્ષણ તેમજ જાતિ પરીક્ષણ માટે પ્રસૂતિ પૂર્વની નિદાન પદ્ધતિઓનાં દુરુપયોગનું નિવારણ કરવા પ્રસૂતિ પૂર્વ જાતિનું નિદાન કરતી પદ્ધતિ (જાતિની પસંદગી અટકાવવા) કાયદો, 1994 (Pre-conception & pre-natal diagnositc techniques (prohibition of sex selection) Act, 1994) બનાવ્યો છે. આ કાયદાકીય જોગવાઈ ઉપરાંત અમે અમારી મુખ્ય પહેલ બેટી બચાઓ, બેટી ભણાવો દ્વારા સમાજ માટે છોકરીઓનું મહત્ત્વ અને મૂલ્ય, સમાજમાં વધારવાનાં સામાજિક આર્થિક પાસાં પર કામ કરી રહ્યાં છીએ.

જો દેશ સશક્ત, સમાન, સક્રિય અને રચનાત્મક મહિલાઓ ધરાવતી સંસ્કૃતિનું નિર્માણ કરવાનો ઉદ્દેશ ધરાવતો હોય,તો મહિલાઓને આરોગ્ય માટે ગુણવત્તાયુક્ત અને સમાન સ્વાસ્થ્ય સારસંભાળ મળે એ સુનિશ્ચિત કરવું જોઈએ. આ જરૂરિયાતને ઓળખીને મંત્રાલયે મહિલાઓનાં સ્વાસ્થ્યની ગુણવત્તા સુધારવા માટે કેટલાંક આરોગ્યલક્ષી કાર્યક્રમો શરૂ કર્યા છે, જેમાં એમનાં 'સતત સારસંભાળયુક્ત' જીવનચક્રનાં અભિગમને અનુસરવામાં આવે છે, જેનાં પરિણામે મહિલાઓનાં જીવનનાં વિવિધ તબક્કાઓ પર સમાનપણે ધ્યાન કેન્દ્રિત થયું છે. આ તબક્કાઓમાં ગર્ભવતી મહિલાઓ, નવજાત બાળકો, બાળકો, કિશોર બાળકોને પર્યાપ્ત પોષણ મળે એ માટે વિવિધ કાર્યક્રમો સામેલ છે તેમજ મહિલાઓ માટે પ્રજનન અવસ્થામાં કુટુંબ આયોજનનાં કાર્યક્રમો સામેલ છે.

સ્વાસ્થ્યની સારસંભાળ માટેની સેવાઓ ઉપરાંત સરકારી આરોગ્ય વિભાગોએ મહિલાઓને સાંકળીને મહિલાઓનાં આર્થિક સશક્તિકરણ માટેનો માર્ગ મોકળો કર્યો છે. તેમાં ગ્રામીણ સ્તરે માન્યતા પ્રાપ્ત સામાજિક આરોગ્ય કાર્યકર્તાઓ (આશા)થી લઈને બાળનાં જન્મમાં સહાય કરતી આનુષંગિક નર્સ (એ.એન.એમ.)થી લઈને પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે સ્વાસ્થ્ય સારસંભાળકર્તા વહીવટકર્તાઓ સામેલ છે. આશરે 10,31,805 આશા અને 2,20,707 એ.એન.એમ. (માર્ચ, 2018 સુધી) કાર્યરત હતી અને મુખ્ય પ્રવાહનાં આરોગ્ય કાર્યકર્તાઓ તરીકે કામ કરતી હતી. આ એ મહિલાઓ છે. જે દેશનાં સ્વાસ્થ્યની સારસંભાળનાં માળખાની કરોડરજ્જુ છે.

ગર્ભાવસ્થા દરમિયાન પ્રસૂતિ પૂર્વ અને પ્રસૂતિ પછીનાં તબક્કામાં દરેક મહિલાને ગુણવત્તાયુક્ત સારસંભાળ મેળવવાનો અધિકાર છે. આપણાં પ્રધાનમંત્રીનાં વિઝનને આગળ વધારીને પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન (પી.એમ.એસ.એમ.એ.) શરૂ કરવામાં આવ્યું છે,જેનો ઉદ્દેશ દરેક મહિનાની નવમા તારીખે (ગર્ભાવસ્થાનાં નવ મહિનાનાં પ્રતીકરૂપે) ગર્ભવતી મહિલાઓને ગુણવત્તાયુક્ત પ્રસૂતિ પૂર્વની સારસંભાળ (એએનસી) પ્રદાન કરવામાં આવે છે. જ્યારે સરકારી આરોગ્ય સુવિધાઓમાં આખો મહિલો ગર્ભવતી મહિલાઓને પ્રસૂતિ પૂર્વની સેવાઓ નિયમિતપણે પ્રદાન કરવામાં આવે છે, ત્યારે પી.એમ.એસ.એમ.એ હેઠળ સરકારી આરોગ્ય સુવિધાઓમાં વિશેષ એએનસી સેવીઓ ઓબ્સ્ટેટ્રિશિયન ગાયનેકોલોજિસ્ટ (ઓબીજીવાય) સ્પેશ્યાલિસ્ટ/રેજિયોલોજિસ્ટ/ફિઝીશયનસ દ્વારા પૂરી પાડવામાં આવે છે.

એપ્રિલ, 2018 સુધી 1.42 કરોડથી વધારે એએનસી પ્રદાન કરવામાં આવી છે અને પી.એમ.એસ.એમ.એ હેઠળ ઊંચું જોખમ ધરાવતી 7 લાખથી વધારે ગર્ભવતી મહિલાઓની ઓળખ કરવામાં આવે છે. ઉપરાંત ગ્રામીણ આરોગ્ય અને પોષણ દિવસો (વીએચએનડી) દ્વારા અને સ્વાસ્થ્ય સુવિધાઓમાં નિયમિતપણે મહિલાઓને ઓછામાં ઓછી ચાર એ.એન.સી. સુનિશ્ચિત કરવા ગ્રામીણ સ્તરે પ્રસૂતિ પૂર્વે સારસંભાળ સેવાઓ પણ પ્રદાન કરવામાં આવે છે. આ પ્રકારની ચકાસણી આવશ્યક છે, કારણકે ગર્ભવતી મહિલાઓને આર્યન ફોલિક એસિડ, કેલ્શિયમ વગેરે પ્રદાન કરવામાં આવે છે તથા ગર્ભાવસ્થાની કોઈ પણ પ્રકારની જટિલતા ઓળખવા અને સુરક્ષિત પ્રસૂતિ સુનિશ્ચિત કરવા પરીક્ષણો હાથ ધરવામાં આવે છે.

માતા અને બાળકની સુરક્ષા (એમ.સી.પી.) કાર્ડ અને સલામત માતૃત્વ માટેની પુસ્તિકાઓ પણ ગર્ભવતી મહિલાઓને આપવામાં આવે છે, જેમાં તેમને ગર્ભાવસ્થા દરમિયાન આવશ્યક સારસંભાળ વિશે માહિતગાર કરવામાં આવે છે. એટલું જ નહીં સૌથી વધુ નબળી અને સૌથી વધુ અપ્રાપ્ય મહિલાઓ સુધી પહોંચવા ઈન્ફોર્મેશન ટેકનોલોજી (આઈટી)નો ઉપયોગ કરવા મંત્રાલયે મધર એન્ડ ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ (એમ.સી.ટી.એસ.) રિપ્રોઈક્ટિવ ચાઈલ્ડ હેલ્થ (આર.સી.એચ.) પોર્ટલ શરૂ કરી છે તેમજ કિલ્કારી મોબાઈ સેવાઓનો પ્રારંભ કર્યો છે, જે મહિલાઓની સમયસર પ્રસૂતિ પર નજર રાખે છે અને એની સુવિધા પ્રદાન કરે છે, મહિલાઓને પ્રસૂતિ પછી સ્વાસ્થ્યની સાંરસંભાળ માટે સેવાઓ આપે છે તથા યોગ્ય રીતે તૈયાર કરવામાં આવેલી યાદી દ્વારા મુખ્ય કાર્યકર્તાઓ દ્વારા બાળકોને રોગપ્રતિકારક સેવાઓ પૂરી પાડે છે તેમજ વય મુજબ લક્ષિત સંદેશા અને કોલ પણ કરવામાં આવે છે.

જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ (જે.એસ.એસ.કે.) અંતર્ગત તમામ ગર્ભવતી મહિલાઓ સરકારી આરોગ્ય સંસ્થાઓમાં સંપૂર્ણપણે નિઃશુલ્ક અને કોઈ પણ પ્રકારના ખર્ચ વિના ડિલીવરીની સુવિધા મેળવે છે, જેમાં સિઝેરિયન વિભાગ સામેલ છે. આ પહેલ નિઃશુલ્ક દવાઓ, નિદાન, લોહી એ આહાર, ઘરની સંસ્થા સુધી મફત પરિવહન, રેફરલ અને ઘરથી સંસ્થા સુધી મફત પરિવહન,રેફરલ અને ઘરે પરત આવવા વચ્ચેની સુવિધાઓ સુનિશ્ચિત કરે છે. 1.33 કરોડથી વધારે ગર્ભવતી મહિલાઓએ આ સુવિધાઓ મેળવી છે.આ કાર્યક્રમ હેઠળ 102/108 પર કોલ કરીને મહિલાઓ નિઃશુલ્ક પરિવહન સેવાઓ મેળવી શકે છે અને તેમનાં નજીકમાં સ્થિત આશા/ એ.એન.એમ.નો સંપર્ક કરીને વધારે માહિતી મેળવી શકે છે.

સરકારી દવાખાનાઓમાં બાળકનાં જન્મને લઈને ગુણવત્તાયુક્ત સેવાઓ સુનિશ્ચિત કરવા અમે તાજેતરમાં લક્ષ્ય એટલે કે લેબર રૂમમાં ગુણવત્તા સુધારા પર કેન્દ્રિત પહેલ શરૂ કરી છે, જે લેબર રૂમ અને માતૃત્વ માટેનાં ઓપરેશન થિયેટર સાથે સંબંધિત મુખ્ય પ્રક્રિયાઓને મજબૂત કરવાનાં અભિગમ પર કેન્દ્રિત છે. આરોગ્ય અને બાળ કલ્યાણ મંત્રાલય સંસ્થાકીય પ્રસૂતિને પ્રોત્સાહન આપવા માટેની રોકડ હસ્તાતરણ યોજના જનની સુરક્ષા યોજના (જે.એસ.વાય.)નો અમલ કરે છે. ઉપરાંત ફર્સ્ટ રેફરલ યુનિટ (એફ.આર.યુ.), માતૃત્વ અને બાળ આરોગ્ય વિંગ, ઓબસ્ટેટ્રિક ઈન્ટેન્સિવ કેર યુનિટ અને ડિલિવરી પોઈન્ટ સ્થાપિત કરવામાં આવ્યાં છે, જે મૂળભૂત અને આકસ્મિત ઓબ્સ્ટેટ્રિક કેર સર્વિસ પ્રદાન કરે છે. આ તમામ પહેલો અને કાર્યક્રમોને પરિણો દેશમાં સંસ્થાગત પ્રસૂતિનું પ્રમાણ 47 ટકા (ડી.એલ.એ.એસ.-3, 2007-08)થી વધીને 78.9 ટકા (એન.એફ.એચ.એસ.-4, 2015-16) થયું છે.

બાળકનાં જીવનનાં પ્રથમ 1,000 દિવસો વ્યક્તિની આજીવન ક્ષમતા પ્રદાન કરાવવા અને એને આકાર આપવાનો પાયો છે. બે વર્ષની વય સુધીમાં વ્યક્તિનું 85 ટકા મગજ વિકસી જાય છે. આ ઘડતરનાં વર્ષો છે, જેમાં સ્વાસ્થ્ય સંબંધિત પર્યાપ્ત સારસંભાળ, સારું પોષણ, વહેલાસર શીખવું અને પ્રોત્સાહન, બાળકની ગુણવત્તાયુક્ત સારસંભાળ જેવી પદ્ધતિઓ તેમજ સ્વચ્છ, સલામત વાતાવરણ બાલકનાં ભવિષ્ય પર મહત્ત્વપૂર્ણ અને આવશ્યક પ્રભાવ પાડે છે. માતાપિતાઓ અને એની સારસંભાળ રાખતાં લોકોને બાળકનાં સારાં ઉછેર માટેનાં પ્રયાસો સતત કરવાનાં ભાગરૂપે ''આરોગ્ય મંત્રાલયે પ્રથમ 1000 દિવસની સફર'' નામની પુસ્તિકા પ્રસારિત કરી છે.

સ્વસ્થ કિશોરાવસ્થા મહિલાઓને તેમની સંપૂર્ણ ક્ષમતા હાંસલ કરવા માટે પ્લેટફોર્મ પ્રદાન કરે છે. માતૃત્વ અને બાળકનાં સ્વાસ્થ્યનાં પરિણામો પર અસરકરી શકે એવી સ્વાસ્થ્ય સંબંધિત વિવિધ સમસ્યાઓની તીવ્રતા અને કિશોરાવસ્થા સહિત વિવિધ જોખમી પરિબળોને ધ્યાનમાં લઈને આરોગ્ય મંત્રાલયે રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ (આર.કે.એસ.કે.) શરૂ કરી છે, જેનો ઉદ્દેશ કિશોરાવસ્થાનાં સ્વાસ્થ્ય સાથે સંબંધિત માહિતી વિશે જાગૃતિ વધારવાનો છે, જેમાં સેનિટરી નેપ્કિન્સ, આયર્ન ફોલિક એસિડ સપ્લિમેન્ટેશન વગેરે જેવી ચોક્કસ સેવાઓ પ્રદાન કરવામાં આવે છે તથા આરોગ્યલક્ષી સેવાઓ પર માર્ગદર્શન પ્રદાન કરવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ વીકલી આયર્ન-ફોલિક એસિડ સપ્લિમેન્ટેશન (ડબલ્યુ.આઈ.એફ.એસ.) શાળાઓમાં અભ્યાસ કરતાં છોકરાઓ અને છોકરીઓમાં આર્યન-ફોલિક એસિડ (આઈ.એફ.એ.) ટેબ્લેટ્સનાં સેવન પર સાપ્તાહિક ધોરણે નજર રાખવાની જોગવાઈ કરવામાં આવી છે તેમજ ફોલિક એસિડની ઉણપ ધરાવતાં એનિમિયાનાં નિવારણ માટે હેલમિન્થિકનાં નિયંત્રણ માટે દર વર્ષે બે વાર આલ્બેન્ડેઝોલની ગોળીઓ આપવામાં આવે છે.

એનાં ભાગ રૂપે 3.7 કરોડ કિશોર યુવતીઓને દર અઠવાડિયે આયર્ન ફોલિક એસિડ સપ્લીમેન્ટ આપવામાં આવે છે તથા એપ્રિલ 2018 સુધી સાથીદારોના સ્થાયી શિક્ષણ માટે 2 લાખ પીઅલ એજ્યુકેટર્સ (પી.ઈ.) તથા તાલીમબદ્ધ પી.ઈ.ની પસંદગી કરવામાં આવી હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય મુખ્યત્વે ગ્રામીણ વિસ્તારોમાં 10 થી 19 વર્ષની વયજૂથમાં કિશોરવસ્થાની છોકરીઓ વચ્ચે માસિક ધર્મ સાથે સંબંધિત સ્વચ્છતાને પ્રોત્સાહન આપવાની યોજનાઓ અમલ પણ

કરે છે, જેમાં કિશોરાવસ્થાની છોકરીઓ માટે સ્વાસ્થ્ય સુનિશ્ચિત કરવા પર વધારે ભાર મૂકવામાં આવે છે. કિશોરાવસ્થાની છોકરીઓને સારસંભાળ અને માર્ગદર્શન સેવાઓ પ્રદાન કરવા 7516 એડોલસન્ટ ફ્રેન્ડલી હેલ્થ ક્લિનિક્સ (એ.એફ.એચ.સી.)ની સ્થાપના પણ કરવામાં આવી છે.

દરેક મહિલા એનાં ગર્ભાવસ્થાની યોજના બનાવવાનો અધિકાર ધરાવે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા અમલ થતાં કુટુંબ આયોજન કાર્યક્રમ માતાપિતાઓને સ્વતંત્રપણે અને જવાબદારી સાથે એમનાં બાળકોની સંખ્યા નક્કી કરવાનો અને એમની વચ્ચે અંતર રાખવાનો નિર્ણય લેવામાં મદદરૂપ થાય છે. તાજેતરમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે નવી ગર્ભનિરોધક એટલે કે ઈન્જેકશન વાટે આપી શકાય એવી મેડ્રોક્સી પ્રોજેસ્ટેરોન એસિટેટ (એમપીએ)- અંતરા અને અંતઃસ્ત્રાવ ન ધરાવતી, સ્ટિરોઈડ ન ધરાવતી સાપ્તાહિક સેન્ટકોમન ગોળી છાયા પ્રસ્તુત કરી છે, જે લોકોની બદલાતી જરૂરિયાતો પૂર્ણ કરે છે.

આ કાર્યક્રમ પોસ્ટપાર્ટમ આઈયુસીડી (પી.પી.આઈ.યુ.સી.ડી.), પોસ્ટપાર્ટમ આઈ.યુ.સી.ડી. (પી.એ.આઈ.યુ.સી.ડી.) પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેથી મહિલાઓને બાળકો વચ્ચે પર્યાપ્ત અંતરમાં મદદ મળે છે. આશા દ્વારા ગર્ભનિરોધકોનાં વિતરણ દ્વારા ગર્ભનિરોધકોની સુલભતામાં વધારો કરવાનો છે. આશા લગ્ન અને પ્રથમ બાળક વચ્ચે બે વર્ષનું અંતર તથા પ્રથમ બાળક અને બીજા બાળકનાં જન્મ વચ્ચે ત્રણ વર્ષનું અંતર રાખવાનું સુનિશ્ચિત કરવા નવદંપતિઓને સલાહ આપે છે.

ઉપરોક્ત ઉપરાંત કન્યા બાળક માટે સ્વસ્થ બાળપણ સુનિશ્ચિત કરવા અનેક સેવાઓ ઉપલબ્ધ છે.જટિલતાનાં કિસ્સામાં નવજાત બાળકોને વિશિષ્ટ સેવાઓ પ્રદાન કરવા જિલ્લા સ્તરે સ્પેશ્યલ ન્યૂબોર્ન કેર યુનિટ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે તેમજ પેટાજિલ્લા સ્તરે ન્યૂબોર્ન સ્ટેબિલાઈઝેશન યુનિટ અને ન્યૂબોર્ન કેર કોર્નર્સ સ્થાપિત કરવામાં આવ્યાં છે. આશા નવજાત બાળકોને ઘરે જઈને સારસંભાળ પ્રદાન કરે છે. આ અતિ ગર્વની વાત છે કે, ભારત દુનિયાનો સૌથી મોટો સંપૂર્ણ રસીકરણ કાર્યક્રમ ધરાવે છે.

બે વર્ષ સુધીનાં બાળકો અને ગર્ભવતી મહિલાઓને રોગ સામે સંપૂર્ણ રક્ષણ સુનિશ્ચિત કરવા વર્ષ 2014માં મિશન ઈન્દ્રધનુષ શરૂ કરવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ જે બાળકો અને ગર્ભવતી મહિલાઓ રસીકરણમાંથી બાકાત રહી ગયા હોય એમનું રસીકરણ કરવાનો હતો. અત્યાર સુધી અમે 3.15 કરોડ બાળકો (જેમાંથી 80.58 લાખ બાળકોનું સંપૂર્ણ રસીકરણ થયું છે), 80.63 લાખ ગર્ભવતી મહિલાઓને રસી આપવામાં આવી છે અને 91.94 લાખ વિટામિન એનાં ડોઝ આપવામાં આવ્યાં છે. 1150 પોષણ પુનઃવસન કેન્દ્રો (એનઆરસી) પણ સ્થાપિત કરવામાં આવ્યાં છે, જેનો ઉદ્દેશ અતિ તીવ્ર કુપોષણ ધરાવતાં બાળકોને વિશેષ સારસંભાળ પ્રદાન કરવાનો છે. રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ (આર.બી.એસ.કે.) જન્મજાત ખામીઓ, રોગો, ઊણપો, વિકાસમાં વિલંબનું વહેલાસર નિદાન કરીને બાળકોનાં જીવનની સંપૂર્ણ ગુણવત્તા સુધારવા માટેની પહેલ છે. આ કાર્યક્રમનાં ભાગરૂપે સપ્ટેમ્બર 2017 સુધી આશરે 70.9 કરોડ બાળકોની ચકાસણી થઈ છે, જેમાંથી 1.55 કરોડ બાળકોને સારવાર મળી છે.

સરકારી આરોગ્ય સુવિધાઓમાં નિઃશુલ્ક દવાઓ અને નિઃશુલ્ક નિદાન યોજના, મોબાઈલ મેડિકલ યુનિટ વગેરે અનેય મંચો છે, જ્યાં મહિલાઓ સ્વાસ્થ્યની સારસંભાળ માટે નિઃશુલ્ક સેવાઓનો લાભ લઈ શકે છે. આ માટે છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન રાજ્યોને રૂ. 16,000 કરોડથી વધારે ભંડોળ ફાળવવામાં આવ્યું છે. આયુષ્માન ભારત પણ 'હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ' (એચ.ડબલ્યુ.સી.) દ્વારા મહિલાઓ માટે કેટલીક નિવારણાત્મક અને પ્રોત્સાહક સેવાઓ પ્રસ્તુત કરે છે, જે માતા અને બાળકને વિશેષ સારસંભાળ સેવાઓ ઉપરાંત વિસ્તૃત પ્રાથમિક સારસંભાળ સેવાઓ પ્રદાન કરશે.

એનો ઉદ્દેશ તબક્કાવાર રીતે આશરે 1.5 લાખ એચ.ડબલ્યુ.સી. સ્થાપિત કરવાનો છે. આ કેન્દ્રમાં ચેપી અને બિનચેપી રોગો માટે પ્રજાત્પાદક અને બાળકનાં આરોગ્યની સેવાઓ આ કેન્દ્રોમાં વિસ્તૃત રીતે પ્રદાન કરવા માટે મધ્યમ-સ્ત્રનાં પ્રદાતાઓને તાલીમ આપવમાં આવી છે. આ કેન્દ્રો ઘણી મહિલા આરોગ્ય કાર્યકર્તાઓને રોજગારી પ્રદાન કરશે.

ભારત સરકાર દેશભરમાં મહિલાઓને સ્વાસ્થ્યની સારસંભાળ માટે વિસ્તૃત સેવાઓ પૂરી પાડવા આતુર છે અને આ માટેનાં પ્રયાસોથી પાંચ વર્ષથી ઓછી વયનાં બાળકો અને માતાઓનાં મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. એટલું જ નહીં ભારતને એપ્રિલ 2015માં માતૃત્વ અને નવજાત ટેટનસ નાબૂદી (એમ.એન.ટી.ઈ.) માટે માન્યતા મળી હતી. જે ડિસેમ્બર, 2015ની આંતરરાષ્ટ્રીય સ્તરની લક્ષિત તારીખથી ઘણી વહેલાં મળી હતી. તાજેતરમાં ભારતે અન્ય એક સીમાચિહ્ન પણ મેળવ્યું છે.

અમે માતૃત્વ મૃત્યુદરે માટે સહસ્ત્રાબ્દિ વિકાસ લક્ષ્યાંક (એમ.ડી.જી.) પણ હાંસલ કર્યો છે. માતૃત્વ મૃત્યુદર રેશિયો (એમ.એમ.આર.)માં 37 પોઈન્ટનો મોટો અને નોંધપાત્ર ઘટાડો થયો છે. વર્ષ 2011-13માં આ રેશિયો લાખ બાળકોનાં જન્મદીઠ 167 હતો, જે અત્યારે લાખ બાળકોનાં જન્મદીઠ 130 છે. છેલ્લાં કેટલાંક દાયકાઓમાં આ સૌથી વધુ છે. એનો અર્થ એ થયો કે અમે અત્યારે વર્ષ 2011-13ની સરખામણીમાં 12,000 વધારે ગર્ભવતી મહિલાઓનાં જીવ બચાવીએ છીએ.

રાજ્ય સરકારોનાં તથા આપણાં પ્રતિબદ્ધ અને કટિબદ્ધ આરોગ્ય કાર્યકર્તાઓનાં સતત સાથ સહકાર સાથે અમને ખાતરી છે કે, સહસ્ત્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો (એસ.ડી.જી.) વર્ષ 2030ની સમયમર્યાદા અગાઉ હાંસલ કરવામાં આવશે, જે ભારતની મહિલાઓ માટે સ્વસ્થ,સક્ષમ અને ઉજ્જવળ ભવિષ્ય માટેનો માર્ગ મોકળો કરે છે.

**7.2.3 સંચાર માધ્યમ દ્વારા સ્ત્રી સશક્તિકરણ :**

માનવ સમુદાયમાં કમ્યુનિકેશનની ભૂમિકા ઘણી મોટી રહી છે. માહિતીના આદાનપ્રદાન માટે વિવિધ માધ્યમો, મૌખિક, બિન-મૌખિક, પ્રિન્ટ અથવા ઓડિયો વિઝ્યુઅલ ફોર્મેટમાં શબ્દો દ્વારા તે સામાજિક ક્રિયાપ્રતિક્રિયાની પ્રક્રિયા ખુલ્લી મૂકે છે. ખરેખર તો, કમ્યુનિકેશન આપણા રોજિંદા જીવનમાં લોહી પુરવાનું કામ કરે છે. સુક્ષ્મ સ્તરે, તે લોકોના સંપર્કમાં આવીને, અને સહભાગિતા દ્વારા અથવા વર્તણૂકમાં પરિવર્તન દ્વારા ક્રિયાઓમાં તેમના પર પ્રભાવ પાડીને વિકાસ અને સામાજિક પરિવર્તનની પ્રક્રિયાની શરૂઆત કરે છે.

આધુનિક ટેકનોલોજી આધારતિ સમાજ માસ મીડિયાની મદદથી હાલમાં જીવી રહેલા લોકોના જીવનમાં ઉન્નતિ લાવવા માટે કમ્યુનિકેશનની શક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ કરી રહ્યો છે. વર્તમાન યુગમાં માનવ જીવન અને માસ મીડિયાનું એકીકરણ થતા મોટા સમૂહોમાં સમાવેશની લાગણી વધુ ઉત્તેજિત કરવા માટે પ્રચૂર બળમાં વધારો કર્યો છે. સમાજમાં પરિવર્તન માટે તે આવશ્યક પૂર્વશરત છે.

જો આપણે ભૂતકાળ તરફ પાછુ વળીને નજર કરીએ તો, આપણા પ્રાચીન લખાણો (ગ્રંથો)માં સ્ત્રીત્વના લક્ષણોની પ્રશંસા કરવામાં આવી છે. ઉપનિષદોમાં જણાવ્યા અનુસાર, પુરુષ અને મહિલા બંને એક જ સર્વોપરિ ઈશ્વરની બે અભિવ્યક્તિઓ છે અને બંનેમાં સમાન શક્તિ, બળ અને સ્વભાવ છે. જેમજેમ સમય વીતતો ગયો તેમ, મહિલાઓ સમાજમાંથી બાકાત થવા લાગી, બહુવિધ પ્રકારે તેને વંચિત રાખવામાં આવવા લાગી, માનસિક અને શારીરિક ગેરવર્તણૂંકનો ભોગ બનવા લાગી. અસમાનતાના નીતિભ્રષ્ટ ચક્રના કારણે મહિલાઓનો દરજ્જો હંમેશ મટો નીચે આવી ગયો અને એકતરફી વિકાસને પ્રોત્સાહન મળવા લાગ્યું.

21મી સદીમાં જોકે, ઘણી વિરોધાભાસી સ્થિતિ જોવા મળી રહ્યો છે. હવે, મહિલાઓનો એક વર્ગ સોશિયો ઈકોનોમિક વિકાસના ફળો માણી રહી છે, અને તેમણે સમાજમાં પોતાનું એક આગવું સ્થાન ઊભું કર્યું છે. પરંતુ, તેમના જેવી સંખ્યાબંધ અન્ય મહિલાઓ હજી પણ સન્માન સાથે જીવવાના અધિકાર માટે પણ વલખાં મારી રહી છે.દીકરી સંતાન, ઘણી વખત જીવનમાં અયોગ્ય માનવામાં આવે છે.

માસ કમ્યુનિકેશન મીડિયાના સમયમાં પણ તમામ આર્થિક અને સામાજિક સેવાઓમાં મહિલાઓની અનિયમિત રજૂઆત આજના સમયમાં પણ છે તે વાત તદ્દન સાચી છે.

માસ મીડિયા, વર્તમાન સમયમાં, સુધારેલાં કમ્યુનિકેશન સાધનોની સજ્જ છે, અને તેને એક

શક્તિશાળી બળ પણ ગણી શકાય. તેનાથી આપણા જીવન અને જીવનશૈલી, આપણા વર્તન અને આસ્થા પર ઘણી ઘેરી અસર પડી રહી છે. આધુનિક ભારતમાં, પ્રિન્ટ, વિઝ્યુઅલ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં એક અસરકારક સંદેશાવાહક અને પરિવર્તનકાર તરીકે વિપુલ માત્રામાં સંભાવનાઓ ધરબાયેલી છે અને આ પ્રકારે હાંસિયામાં ધકેલાયેલી સંખ્યાબંધ મહિલાઓને વિકાસના મુખ્ય પ્રવાહમાં લાવીને તેમની ઉન્નતિ કરવાની તેનામાં શક્તિ છે.

બેશકપણે, સેટેલાઈટ ટેકનોલોજીના આ યુગમાં મીડિયા જગત જાહેર ચર્ચા, પ્રવચન અને એકબીજા સાથે સંકળાયેલાં રહેલા માટે સંખ્યાબંધ મંચ પૂરા પાડે છે. સોશિયલ મીડિયાના કારણે ઈન્ટરએક્ટિવ કમ્યુનિકેશન અને જોડા માટેનું એક નવું સ્વરૂપ સર્જાયું છે, જેમાં સમય, સ્પેશ, અને માહિતીના આદાનપ્રદાનના જથ્થાની કોઈ જ પરંપરાગત મર્યાદાઓનું બંધન નડતું નથી.

ICT માં વિકાસના કારણે કમ્યુનિકેશન કવરેજની સંભાવનાઓ હજુ પણ વધી છે અને ઔપચારિક તેમજ અનૌપચારિક શિક્ષણ, કૌશલ્ય વિકાસ, ક્ષમતા ઊભી કરવી, આર્થિ સમાવેશ, સ્વાસ્થ્ય સંભાળ વગેરેમાં વધારો થયો છે.

કમ્યુનિકેશન સુવિધાઓનું અમાપ વિસ્તરણ અસંખ્ય જાતિગત પ્રશ્નોને આગળ લાવવામાં એક મહત્ત્વનું સાધન બન્યું છે. અત્યાર સુધી આ પ્રશ્નો લોકોની નજરથી છુપાયેલા હતા. તેના કારણે અસ્વીકાર, વંચિતતા અને અન્યાયની અત્યાર સુધી વણકહી વાતો કરતી મહિલાઓની સંખ્યામાં ઘણો મોટો વધારો થયો છે જેમાં લક્ષિત વિકાસલક્ષી દરમિયાનગીરીના ફળો મેળવતી મહત્ત્વની લાભાર્થીઓ અને મુખ્યપાત્રતા ધરાવતી મહિલાઓ એમ બંને પ્રકારની મહિલાઓ છે.

મહિલાઓની રૂઢિચુસ્ત સ્થિતિ હજુ પણ ચાલુ જ છે. મહિલાઓ સાથે હિંસા અથવા જાતિય સતામણીની વાતો અખબારોમાં પહેલા પાને મુખ્ય સમાચાર તરીકે જોવા મળે છે, પરંતુ મોટેભાગે તેના રિપોર્ટિંગમાં પક્ષપાત જોવા મળે છે.

એક ગંભીર નિર્ણયકર્તા તરીકે અથવા એક મહેનતુ પ્રોફેશનલ તરીકે મહિલાઓની મોટાભાગે અનદેખી (અવગણના) કરવામાં આવે છે. તેમની સફળતાની વાતો માત્રને માત્ર ત્યારે જ બહાર આવે છે જ્યારે તેઓ પોતાના પર રહેલા મર્યાદાઓના કાચના બંધનને તોડે છે અને અથવા સફળતાના શિખરે પહોંચે છે. આવી બાકાતી સમાનતાના બળ તરીકેની કમ્યુનિકેશનની ભૂમિકાને ખતમ કરી નાખે છે.

પરંતુ, તેમની વચ્ચે એક આશાનું કિરણ છે. કમ્યુનિકેટર તરીકે મહિલાઓનું સંખ્યાબળ ભલે ગમે તે હોય, તેઓ તબક્કાવાર આગળ આવી રહી છે અને પોતાનો અવાજ ઉઠાવી રહી છે. તેઓ પોતાના જાતિગત પ્રશ્નોને નવો અભિગમ, પરિપ્રેક્ષ્ય અને નવું પાસું આપવા માંગે છે અને તેઓ પોતાની પીડાની તેમજ તેમની સંવેદનાઓ થતાં માનવાધિકારોના ભંગની વાતો જાહેરમાં કરવા લાગી છે. આ લાગણીશીલ ગ્રહણશક્તિના કારણે ચોક્કસપણે માસ મીડિયા (વિશાળ સમુદાય) વંચિતો વચ્ચે નવું જોડાણ સ્થાપતિ થશે. વધુને વધુ લોકો હાંસિયામાં ધકેલાઈ ગેયલી મહિલાઓએ ભોગવેલાં અનુભવોને સાચા પરિપ્રેક્ષ્ય સાથે જાણી શકશે.

આવા ધીમી ગતિએ બદલાઈ રહેલા પરિદશ્યમાં, માસ મીડિયા મહિલાઓના સશક્તિકરણ માટે મહિલા કેન્દ્રિત કાર્યક્રમોની અધિકતાને લોકપ્રિય કરવામાં તબક્કાવાર યોગદાન આપી રહ્યું છે. દાયકાઓના ગાળામાં આવા કાર્યક્રમોનું મુખ્ય લક્ષ્ય જાગૃતિ લાવવા અને સમુદાયોની ગતિશીલતાના પ્રબળ ઘટક સાથે કલ્યાણ પરથી ખસીને સશક્તિકરણ તરફ વધુ કેન્દ્રિત થઈ રહ્યું છે. વધુમાં, સહાયક માહોલ ઊભો કરવા માટે, સંસ્થાકીય અને કાયદાકીય હસ્તક્ષેપો પણ વધી રહ્યાં છે. આવી સક્ષમ સ્થિતિમાં, માસ મીડિયાએ પણ, અચૂકપણે પ્રસંગ અનુસાર આગળ આવવું જોઈએ અને પોતાની આસપાસના પરિઘમાં જીવતાં લોકોનું જીવન વધુ સરળ બનાવવા માટે એક મજબૂત ઉત્પ્રેરકની ભૂમિકા ભજવવી જોઈએ.

તાજેતરમાં ઘડવામાં આવેલી નીતિઓના નિવેદનો સૌના સમાવેશ અને સશક્તિકરણના લક્ષ્ય

સુધી પહોંચવાના દેશના અવિરત નિર્ધારને ચિહ્નિત કરે છે. રાષ્ટ્રીય મહિલા નીતિ (N.P.W.) 2016, એક સીમા ચિહ્નરૂપ દસ્તાવેજ છે, જે દેશના વિકાસમાં મહિલાઓના રચનાત્મક જોડાણને વાસ્તવિક કરવા માટે ઉકેલો આપે છે. કાર્યસ્થળે મહિલાઓ સાથે જાતિય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને નાબૂદી) એક્ટ, 2013, એવો એનો કાયદો છે જે દરેક નોકરીદાતાને કામ કરવા માટે સલામત માહોલ પૂરો પાડવા પર ભાર આગ્રહ કરે છે. આ એક્ટ ખાસ કરીને નોકરીદાતા દ્વારા મહિલાઓની સલામતી માટે ભરવામાં આવતા પગલાં અથવા તેના માટે કરવામાં આવતી જોગવાઈઓ પર વિશેષ ભાર મૂકે છે.

રાષ્ટ્રીય મહિલા સશક્તિકરણ મિશન (N.M.E.W.) યોજના 2016-17 મહિલાઓના કાર્યક્રમના આંતર-ક્ષેત્રિત સંપાતની સંયુક્ત વ્યૂહરચના છે જેમાં, મહિલાઓના સમર્થનમાં હાથ ધરાતાં અભિયાનો માટે બહુવિધ કમ્યુનિકેશન સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. તણાવમાં હોય તેવી મહિલાઓ સુધી પહોંચવા માટે મહિલા હેલ્પલાઈનનો પણ પ્રારંભ થયો છે. તાલીમ અને રોજગારી કાર્યક્રમને સહાય (S.T.E.P.), નવી કૌશલ્યપૂર્ણ મહિલાઓનો ઉમેરો કરવા માટે છે. વુમન્સ સેલ્ફ હેલ્પ ગ્રૂપ (S.H.G.) દ્વારા, પાયાની સંસ્થા તરીકે તેમણે મહિલાઓના વિકાસ માટે, તેઓ માહિતગાર રહે તે માટે અને આર્થિક અથવા સામગ્રી સ્ત્રોતો પૂરા પાડવા અથવા સેવાઓ આપવા માટે મહિલાઓને ગતિશીલ બનાવી છે અને તેમને સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે.

આવા મહિલા કેન્દ્રી કાર્યક્રમો, માહિતી, શિક્ષણ અને કમ્યુનિકેશન (IEC) એક અભિન્ન અંગનું સર્જન કરે છે. એકીકૃત મીડિયા કમ્યુનિકેશન વ્યૂહરચના, આવી યોજનાઓનો હિસ્સો અને ખંડ છે. ઈલેક્ટ્રોનિક, પ્રિન્ટ, ફિલ્મ, આંતર વ્યક્તિગત અને સોશિયલ સહિતના મલ્ટીમીડિયા પ્લેટફોર્મ્સને બોર્ડ પર લાવવામાં તે મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં છે. કમ્યુનિકેશન પહેલ પર તાજેતરમાં વધેલાં ઝૂકાવના કારણે તબક્કાવાર સકારાત્મક ઉત્તેજના લાવવામાં અને લક્ષિત પ્રેક્ષકોના સર્જનાત્મક જોડાણ માટે મદદ મળી રહેશે અને તેનાથી તેમની પાસેથી પ્રતિભાવો પણ મેળવી શકશે.

આ સંદર્ભે, પબ્લિક સર્વિસ બ્રોડકાસ્ટરે તેમના દેશવ્યાપી ફેલાવા અને બે પાંખો, ઓલ ઈન્ડિયા રેડિયો (A.I.R.), તેમજ દૂરદર્શનની મદદથી જાહેર કમ્યુનિસેશનમાં એક પ્રહરીની ભૂમિકા ભજવી છે. મહિલાઓના સશક્તિકરણનો મુદ્દે તેમના એજન્ડામાં ટોચે છે.

'સ્ત્રી શક્તિ' નામનો ડીડી નેશનલ પર આવતો એક કલાલનો શો, ખાસ કરીને સિદ્ધિ હાંસલ કરનારી મહિલાઓની સાફલ્યગાથા પર પ્રકાશ પાડે છે. ડીડી ન્યૂઝ પર આવતા 'તેજસ્વિની' નામના કાર્યક્રમના 100થી વધુ એપિસોડ અત્યાર સુધીમાં આવી ગયા છે. આ શોમાં એવી દૃષ્ટાંતરૂપ મહિલાઓની વાત રજૂ કરવામાં આવે છે જેમણે અત્યાર સુધી કોઈને સાહસ ન કર્યું હોય તેવા માર્ગે આગળ વધીને લક્ષ્ય હાંસલ કર્યું છે. દૂરદર્શન પર આવતો અન્ય એક કાર્યક્રમ 'મૈં કુછ ભી કર સકતી હૂં' દુનિયામાં સૌથી વધુ જોવાયેલાં કાર્યક્રમ તરીકે બહુમાન મેળવી શક્યો છે, અને અત્યાર સુધીમાં તેની દર્શક સંખ્યા 50 થી વધુ દેશોમાં 400 મિલિયનનો આંકડો વટાવી ગઈ છે. આ કાર્યક્રમનું 14 ભાષામાં ભાષાંતર થયું છે અને તેમના 170થી વધુ એપિસોડ પ્રસારિત થઈ ગયાં છે. 240 રેડિયો ચેનલ અને ઈન્ટરનેટ પર તેનું પ્રસારણ થઈ ચૂક્યું છે. આ શો માટે પ્રતિભાવો આપવાની હોટલાઈન પણ શરૂ કરવામાં આવી છે, તેના પરથી ખરેખરમાં એવા પૂરાવા પ્રસ્થાપિત થાય છે કે, વર્તણૂંક અને અભિગમમાં ફેરફાર માટે મનોરંજન માધ્યમમાં જાહેર કમ્યુનિકેશન વાસ્તવિક પ્રેરણાસ્ત્રોત તરીકે કામ કરે છે. આ શોના બીજાં સત્રનું ફિલ્માંકન થઈ રહ્યું છે, જે તેની વિશાળ વર્ગ પ્રત્યેની અપીલ અને લોકપ્રિયતા સિદ્ધ કરે છે.

AIR દ્વારા તેના દેશવ્યાપી નેટવર્કના માધ્યમ, અને જાહેર કમ્યુનિકેશનમાં તેના ભવ્ય ઈતિહાસ દ્વારા,તે પરિવાર કલ્યામ, ઉદ્યમશીલતા વિકાસ, અને જાતિગત પ્રશ્નો પર આધારિત સંખ્યાબંધ બહુભાષી કાર્યક્રમો શરૂ કરવામાં મોખરાના સ્થાને રહી શક્યો હતો. વધુમાં, સામુદાયિક રેડિયો, પાયાના સંસ્થાન સાથે, ચોક્કસ ક્ષેત્રના વધતા પ્રશ્નો, સ્વાસ્થ્ય સમસ્યા, સેનિટેશન, શિક્ષણ, ખાદ્ય આદતો, પારિવારિક સિસ્ટમ વગેરેને વાચા આપવા માટે મહિલાઓ માટે નવું વચન આપે છે.

ખરેખર તો,તેના કારણે મહિલા શ્રોતાઓને નવા નોકરી કૌશલ્યો અપનાવવા અને તેમને લાભદાયી આજીવિકા તકોમાં સાહસ ખેડવા માટે મદદ કરવા ઉપરાંત નેતૃત્વ વિકાસ અને રાજકીય સહભાગિતામાં તેના કારણે સુક્ષ્મ-સ્તરે એક ચળવળ શરૂ થઈ છે.

વિકાસ કમ્યુનિકેશન આપણા દેશમાં પ્રિન્ટ મીડિયાની દુનિયામાં પણ ધીમી પરંતુ એકધારી નિશ્ચિત ગતિએ ફેલાવો કરી રહ્યું છે. પ્રિન્ટ ઉદ્યોગ દુનિયામાં બાકીના પ્રદેશોમાં ઘટાડાના ટ્રેન્ડમાં છે જ્યારે ભારતમાં હજુ પણ તેની સ્થિતિ આગળ પડતી છે, અને ખાસ કરીને ગ્રામીણ પ્રદેશોમાં પ્રાદેશિક ભાષાના પ્રેની પકડ ખૂબ સારી છે, આ દિવસોમાં, મહિલાઓના બનાવો, સમસ્યાઓ અને વિજયોની કહાનીઓ અખબારના પાનાઓમાં પોતાનું સ્થાન જમાવી રહી છે અને કેટલીક વખત તો પહેલા પાને એન્કર રૂપે પણ તેને લેવામાં આવે છે.

ટી.વી. ઉદ્યોગ પણ ખૂબ જ વિશાળ જનસમુદાયને આકર્ષતો હોવાથી સિદ્ધિ હાંસલ કરનારી મહિલાઓની વાતો દર્શાવવામાં અને જાતિગત પ્રશ્નોના મુદ્દે એક ગંભીર ચર્ચા મંચ પૂરો પાડવામાં ક્યારેય પાછી રહી નથી.

વર્ષ 2015માં હરિયાણા ખાતે પાણીપતમાં વડાપ્રધાન દ્વારા જ્યારે ‘બેટી બચાવો, બેટી પઢાવો’ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે મહિલા સશક્તિકરણના મુદ્દાએ આખા દેશની કલ્પનાને ઝડપી લીધી હતી, કારણ કે અસમાન જાતિ જન્મદર (S.R.B.) માં સમગ્ર રાજ્યમાં આ જિલ્લો સૌથી ખરાબ અસરગ્રસ્તો પૈકી એક ગણવામાં આવે છે. આ કાર્યક્રમના કારણે SRB, ANC નોંધણી અને સંસ્થાકીય ડિલીવરીના બાબતમાં સકારાત્મક સુધારો પહેલાથી જ દેખાવાનો શરૂ થઈ ગયો છે અને તેના કારણે પ્રાથમિક તેમજ માધ્યમિક સ્તરના શિક્ષણમાં છોકરીઓના પ્રવેશમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. તેની સફળતાના કારણે શોધવા બહુ દૂર જવાની જરૂર નથી. આ સફળતાના કારણે શોધવા બહુ દૂર જવાની જરૂર નથી. આ સફળતા જાહેર કમ્યુનિકેશન વ્યૂહરચનાનું ફળ હતું જે નવીનત્તમ સ્થાનિક સ્તરના હસ્તક્ષેપો આધારિત હતી. એક તરફ, આ કાર્યક્રમના લોગો, બ્રાન્ડ અને U.S.P. ને લોકપ્રિય કરવામાં સ્થાનિક સેલિબ્રિટી, મંતવ્ય અગ્રણીઓ અને પાયાના સ્તરે કામ કરતા કાર્યકરોની મદદ લેવામાં આવી હતી, તો બીજી તરફ, બાળકીનો જન્મ અથવા શાળામાં તેના પ્રવેશ જેવી ઘટનાઓને ‘સ્કૂલ ચલેં હમ’, ‘આઓ સ્કૂલ ચલેં’ વગેરે જેવાં કાર્યક્રમો દ્વારા ઉજવણી દ્વારા સામુદાયિક સહભાગિતાને પણ સુનિશ્ચિત કરવામાં આવી હતી.

મહિલાઓની વધુ આર્થિક સ્વતંત્રતા અને આત્મ-નિર્ભરતા માટે માધ્યમો હસ્તગત કરવાના લક્ષ્યને હાંસલ કરવાના દિશામાં આપણો દેશ સતત પ્રગતિ કરી રહ્યો છે. તાજેતરમાં શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી જન ધન યોજના, અંતરગ્ત બે વર્ષમાં 16.34 કરોડ મહિલાઓ બેન્કિંગ સિસ્ટમ હેઠળ આવી છે અને નવા એકાઉન્ટ ખોલાવવા બાબતે તેઓ પુરુષો કરતા પણ આગળ નીકળી ગઈ છે. તેવી જ રીતે, છોકરીઓનું આર્થિક ભાવિ સુરક્ષિત કરવા માટે શરૂ કરાયેલી સુકન્યા સમૃદ્ધિ યોજના તે શરૂ થયાના માત્ર બે વર્ષમાં આ યોજના હેઠળ નવેમ્બર 2017 સુધીમાં 1.26 કરોડ નવા એકાઉન્ટ છોકરીઓના નામથી ખુલ્યા છે. ઉદ્યમશીલતા વિકાસ માટે મુદ્રા યોજના હેઠળ લોનની મંજૂરીમાં ફરી એક વખત પુરુષો કરતા મહિલાઓ આગળ નીકળી ગઈ અને 75% થી વધુ લોનની તેમને ફાળવણી કરવામાં આવી છે.

મહિલાઓના સશક્તિકરણ માટેની યોજનાઓમાંથી લાભદાયી પરિણામો હાંસલ કરવામાં અને વિશાળ પ્રેક્ષક સમુદાય સમક્ષ જાતિગત અધિકારોના પ્રશ્નો ઉજાગર કરવામાં માસ મીડિયાની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની રહી છે તેમાં કોઈ જ શંકાને સ્થાન નથી. કમ્યુનિકેશન અને નવી ટેકનોલોજીની અપાર શક્તિએ ખરેખર વધુ સહભાગીતાની પ્રેરણાને બળ પૂરું પાડ્યું છે અને તેના કારણે પરિવર્તનની માંગ ઊઠી છે.આજે, મોટાભાગની મહિલાઓ સમાજમાં તેમના અધિકારપૂર્ણ સ્થાન માટે લડત આપી શકે તેવી સ્થિતિમાં છે. મહિલાઓને નવો મળેલો આ આત્મવિશ્વાસ તેમના બહુપક્ષી વિકાસના નવા યુગમાં ઘણા લાંબા સમય સુધી તેમની સાથે રહેશે.

### 7.2.4 સ્ત્રીઓનું આર્થિક સશક્તિકરણ :

મારો એ વર્ષોમાં ઉછેર થયો છે,જ્યારે ભારત આઝાદી માટે અને સ્વતંત્ર રાષ્ટ્ર બનવા માટે લડી રહ્યું હતું, અમે યુવા સમુદાય તરીકે રાષ્ટ્રના પુનઃ નિર્માણના શપથ લીધા હતા, જેથી દરેક ભારતીય આઝાદીને માણી શકે. મહાત્મા ગાંધીએ અમને માર્ગ બતાવ્યો. તે રાજકીય આઝાદીની સાથે સાથે વ્યક્તિગત સ્વચ્છતાની પણ વાત કરતા હતા. તેમને મતે જાજરૂ અને ગામડાંના તળાવોની સફાઈ આત્મ શુદ્ધિ જેટલી જ મહત્ત્વની બની રહે છે. અમે અર્થતંત્રને જનસમુદાયની નજરે જોતાં શીખ્યા. મારી સંસ્થા 'સેવા' માટે તેમના વિચારો માર્ગદર્શનના સ્ત્રોત સમાન બની રહ્યા.

એક વાત તેમણે સાદાઈની કરી, કારણ કે જટિલતામાં ઉમેરો કરવાથી કોઈ પ્રગતિ થતી નથી. તેમણે બીજી વાત અહિંસાની કરી. મૂળભૂત રીતે અહિંસા અને આઝાદી બંને એક બીજા સાથે સુસંગત લાગતા નથી. ત્રીજી વાત તેમણે શ્રમના મહિમાની, શ્રમની પવિત્રતાની કરી. શ્રમ એ કુદરતનો કાયદો છે અને તેનો ભંગ વર્તમાન સમયના આર્થિક ગૂંચવાડાનું કારણ પણ છે. ચૌથી વાત તેમણે માનવ મૂલ્યની કરી. વ્યક્તની માનવતા અંગે સમાધાન કરવું પડે તે સ્વીકારી શકાય નહીં. મહત્ત્વના આ ચાર સિદ્ધાંતો સાદાઈ, અહિંસા, શ્રમનો મહિલા અને માનવ મૂલ્યો દ્વારા અમે ભારતના અર્થતંત્રના નિર્માણ માટે માર્ગદર્શન મેળવ્યું.

વિચાર પ્રક્રિયામાં માણસ કેન્દ્ર સ્થાને રહે છે. સેવામાં અમે ક્રમશઃ એવું સમજતા રહ્યાં છીએ કે વિકાસનો દૃષ્ટિકોણ સમગ્રલક્ષી અને સુસંકલિત હોવો જોઈએ. અમે તેને રચનાત્મક કામગીરી તરીકે ઓળખીએ છીએ. દરેક દૃષ્ટિકોણ લઈને અમે અમારી દરેક પ્રવૃત્તિઓના અમારા પર, સમાજ અને દુનિયા ઉપર જે અસર થાય તે થકી મૂલવતા રહીએ છીએ અને આ રીતે અમે જવાબદાર વિશ્વ નાગરિક બન્યા. આવું જોડાણ અમારી સેવા અને સેવા ચળવળના પાયામાં છે.

આમ છતાં, મારા હૃદયની નિક્ટ જે બાબત છે તે કામ (કર્મ) છે. હું કામને માણસના જીવનમાં કેન્દ્ર સ્થાને મૂકું છું. કામ, ઉત્પાદકીય કામ (પ્રોડક્ટિવ વર્ક) આપણને વિકાસ અને વૃદ્ધિ તરફ લઈ જાય છે. અમે ગરીબ મહિલાઓ સાથે કામ કરતાં કરતાં જોયું છે કે તેમના જીવનમાં પણ કામ કેન્દ્ર સ્થાને છે. કામ તેમના જીવનને અર્થ પૂરો પાડે છે. કામ એક ઓળખને ઘડે છે. કામ એક આજીવિકા છે અને તે માલસામાન અને સર્વિસિસનું ઉત્પાદન કરે છે. આ રીતે તે સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ કરે છે, પણ ગરીબ આ સમલુતાને તોડી નાંખે છે. આપણને દરેક સ્તેર વ્યક્તિનું સમુદાયનું અને પર્યાવરણ તેમજ પ્રકૃતિનું શોષણ થતું જોવા મળી રહ્યું છે.

ગરીબીમાં આપણને દરેક સ્તરે ભેદભાવ વર્તાતો હોય છે. પછી તે ભેદ કોઈ વર્ગ, જ્ઞાતિ, રંગ, પ્રદેશ, જમીન, માલિકી, સ્ત્રી-પુરુષ અને ભાષાનો પણ હોઈ શકે છે. સાથે સાથે આપણને સમાન પ્રકારની વિષમતાઓ પણ જોવા મળે છે. આ વિષમતાઓ આર્થિક, સામાજિક, માનસિક અને આધ્યાત્મિક હોઈ શકે છે. લોકો પોતાના વિશ્વાસ ગુમાને ત્યારે ગેરમાર્ગે દોરતી શ્રદ્ધા તરફ વળે છે. ગરીબી એ સમાજની સંમતિથી પેદા થયેલી હિંસા છે. ગરીબી અને આઝાદીનો અભાવ બંને સ્થિતિઓને અલગ કરી શકાય નહીં. કોઈ દેશ જ્યારે જ આઝાદીને માણી શકે, ત્યારે જ ગરીબમાં ગરીબ નાગરિક પણ પોતાના અધિકાર અદા કરી શકતો હોય છે ગરીબો, મહિલાઓ અને કામકાજના અનુભવને આધારે મળેલું મારું આ તારણ છે. આથી મહિલાઓના નેતૃત્વમાં આપણને કશુંક વિશેષ લાગતું હોય છે.

સેવા ખાતે અમે ખૂબ દયાજનક સ્થિતિમાં જીવતી મહિલાઓ સાથે કામ કરીએ છીએ, પણ અમારો સમુદાય એ અમારી તાકાત છે.

અમે કામને આધારે મળીએ છીએ અને નેટવર્ક ઊભું કરીએ છીએ. અમારી કામની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અમે યુનિયનનું નિર્માણ કરીએ છીએ, જેથી વેપારીઓ, કોન્ટ્રાક્ટરો, આપણી સરકારો, વૈશ્વિક સમુદાય અને સિસ્ટમ તેમજ માળખા દ્વારા થતું શોષણ અટકાવી શકાય. સેવમાં અને સાથે મળીને અમારી નાણાંકીય જરૂરિયાતો પૂર્ણ કરવા માટે બેંકનું નિર્માણ કર્યું છે. એમાં અમે બચત, ઉછીના નાણાં અને અસ્કયામતોનું નિર્માણ કરી સ્ત્રોતોનો ઉપયોગ

કરીએ છીએ. આ કારણે અમારા જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર ફેરફાર થયો છે. અમે બધાંએ સાથે મળીને સહકારી મંડળીઓ રચી છે, જે અમને અમારા દેશની ઉત્પાદન પ્રક્રિયા સાથે જોડે છે. અમે પ્રસૂતિલક્ષી જરૂરિયાતો માટે તેમજ જીવન અને આરોગ્ય વીમા માટે એક સામાજિક સલામતીનું નેટવર્ક ઊભું કર્યું છે. અમે સ્થાનિક અને વિશ્વના બજારો સાથે સેતુ બાંધવા પ્રયત્ન કરતા રહીએ છીએ, જેથી મહિલા ખેડૂતો અને કસબીઓ માટે દુનિયાભરમાં વેપારની સુગમતા ઊભી કરી શકાય. અમે અમારી ક્ષમતાઓના નિર્માણ માટે, અમારા કામકાજના વ્યવસ્થાપન માટે શાળાઓ ઊભી કરી છે, જેથી અમે બહારની દુનિયા ઉપર અસરપેદા કરી શકીએ.

સેવા એ પ્રોજેક્ટ નથી. તે સંસ્થા પણ નથી. તેમાં અર્થશાસ્ત્ર કે નાણાંની વાત નથી. હકીકતમાં તે વંચિતો અને સાધનસંપન્ન લોકો વચ્ચે સમતુલા સાધવાની કડી છે. તે વ્યક્તિગત અને સામૂહિક રીતે નાણાંકીય આત્મનિર્ભરતા માટે અને વ્યક્તિગત તથા સામૂહિક નિર્ણયો લેવાનો માર્ગ કરી આપે છે અને તેથી જ તે અમને તે સશક્તિકરણ તરફ દોરી જાય છે.

વૈશ્વિક સ્તરની વાત કરીએ તો મારો મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ (ધ્યેય) એવો છે કે જે મોટાભાગના સમુદાયોને કંઈક નોખો જ લાગશે. માત્ર વિઝન તરીકે જ નહીં, પણ સંદેશાવ્યવહારની પદ્ધતિ તરીકે પણ આપણે વિકાસની ભાષામાં વાત કરીએ તો મને લાગે છે કે વિકાસના ધ્યેયો માટે, લોકોમાં હિસ્સારૂપ બનવા માટે એક અલગ પ્રકારની ભાષા હોવી જોઈએ. આ ભાષાની શક્તિ એવી છે કે જેનાથી શક્તિ વગરના લોકોને સંબોધન થઈ શકતું નથી. ગરીબી એ અશક્તિનું સ્વરૂપ છે. એ એવા લોકોનું લક્ષણ છે કે જેમનું નિર્ણયો પર નિયંત્રણ નથી અને સાધનો પણ ઉપલબ્ધ નથી. ગરીબીની અશક્તિને માર્ગદર્શન દ્વારા એક મર્યાદિત સ્તર સુધી નિવારી શકાય. એક વાર ગરીબીને અશક્તિના સ્વરૂપ તરીકે જોવામાં આવે તો આપણને એક એવી પદ્ધતિ દેખાય છે કે જેનો ઉકેલ શોધી શકાય. સમુદાયોને શક્તિ મળતી જોઈએ, ખાસ કરીને મહિલાઓના સમુદાયને, જેથી તે પોતાના કામ, આજીવિકા, આરોગ્ય, શિક્ષણ, શહેરીકરણ, નિર્વાસિતપણું, શાંતિ અને ભવિષ્ય અંગે વાત કરી શકે. દેશના ઘોષણાપત્રમાં જો કોઈ શબ્દ ખૂટતો હોય તો તે સમુદાય છે. અર્થશાસ્ત્ર અને અર્થતંત્ર બંને માટેનો દાવો લોકો તરફથી થવો જોઈએ. એવું નહીં બને તો વિકાસ અને આજીવિકા જીવનનાં સમાંતર અને વિરોધાભાસી પરિબળ બની જશે.

હું નીચે મુજબ વિનંતી કરું છું :

પહેલું, ગરીબ મહિલાઓને આર્થિક સુધારાના કેન્દ્રમાં રાખો અને ખાસ કરીને પાયાની રોજગારીના ક્ષેત્રો જેવા કે અનાજ, પાણી, કપડાં, આવાસ, પ્રાથમિક આરોગ્ય, શિક્ષણ અને પ્રાથમિક બેંકિંગ. બીજુ, કામને કોઈપણ સુધારાના કેન્દ્રમાં રાખો અને તે દ્વારા ગરીબો માટેના એવાં પ્રયાસોમાં રોકાણ કરો કે જે દ્વારા એક અર્થક્ષમ સ્તર સુધી વૃદ્ધિ થઈ શકે. ચોથું સમગ્રલક્ષી સામાજિક સલામતી વિકસાવો અને વિસ્તારો તથા મહિલાઓને સુરક્ષાનું આવરણ પૂરું પાડો. આપણે એ બાબત સમજવાની જરૂર છે કે દરેક કિસ્સામાં આર્થિક માળખું સામાજિક માળખા સાથે ઘનિષ્ટપણે સંકળાયેલ હોય છે. પાંચમું કામ પાયાના સ્તરે સ્વરોજગાર મહિલાઓને સ્થાનિક અને વૈશ્વિક સ્તરે બજારના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે ક્ષમતા નિર્માણનું છે.

હું એક, હળવા અર્થતંત્ર માટે વિનંતી કરું છું. આનો અર્થ ઉછેરનું અર્થતંત્ર એવો થાય છે. વ્યક્તિનો, સમુદાયનો અને સૃષ્ટિનો ઉછેર.... પણ આ બધું કોણ કરશે ? મારા અનુભવ મુજબ સમાજના પુનઃનિર્માણમાં મહિલાઓ કેન્દ્ર સ્થાને રહે છે. તમે મહિલાઓમાં ધ્યાન કેન્દ્રિત કરો અને તમને સાથીદારો મળી રહેશે. એવા સાથીદારો કે જે સ્થિર સમુદાય ઈચ્છતા હોય. મહિલાઓ તેમના પરિવારના મૂલને વળગી રહેવા ઈચ્છતી હોય છે. મહિલામાં તમને કામદાર, સર્વિસ પ્રોવાઈડર, કેર ટેકર, શિક્ષણ આપનાર અને નેટવર્ક રચનાર મળી રહેશે, તે સેતુઓ બાંધે છે. પોતાની સાથે અને ખાસ કરીને સર્જક અને સાચવનાર સાથે. હું મહિલાઓની સહભાગિતા અને પ્રતિનિધિત્વને આપણી શાંતિ પ્રક્રિયાનો દરેક અંતર્ગત હિસ્સો સમજું છું. મહિલાઓ રચનાત્મક, સર્જનાત્મક અને પર્યાવરણલક્ષી ઉપાયો શોધી કાઢે છે.

વધુમાં, જો મહિલાઓ કેન્દ્ર સ્થાને હોય તો મહિલાઓનું ઉત્પાદનલક્ષી કામ સમાજને જોડનાર તંતુ બની રહેશે, મહિલાઓનું ઉત્પાદકીય કામ સમાજને એક તંતુ દ્વારા જોડી રાખે છે. જો તમારી પાસે કામ હોય તો તમને સ્થિર સમાજ ટકાવવાનું પ્રોત્સાહન મળી રહે છે. તમે માત્ર ભવિષ્યનો વિચાર કરતા નથી, પણ ભવિષ્ય માટે આયોજન પણ કરો છો. તમે અસ્કયામતોનું નિર્માણ કરો છો અને દયાજનક હાલતમાં ઘટાડો પણ કરો છો. તમે નવી પેઢીમાં રોકાણ કરી શકો છો. જીવન લાંબુ ટકાવી રાખવા માટે નહીં, પણ તેમાં ભવિષ્ય માટે રોકાણ કરવાનું જરૂરી બની રહે છે. કામથી શાંતિનું નિર્માણ થાય છે કારણ કે કમ લોકોને મૂળિયાં આપે છે, અને સમાજનું નિર્માણ કરે છે અને વ્યક્તિના જીવનને ગૌરવ બક્ષે છે.

મેં અગાઉ જણાવ્યું તે મુજબ, હું મારું તમામ ધ્યાન કર્મ પર આપું છું. હું કામનો ઉલ્લેખ કરું છું ત્યારે તેનો અર્થ ફેક્ટરીની નોકરીઓ થતી નથી. હું પરસેવા પાડતાં કારખાનાં કે અયોગ્ય સસ્તી મજૂરીની વાત કરતી નથી, કારણ કે તે શોષણનો વધુ એક પ્રકાર છે. કામનો ઉલ્લેખ કરીને હું ખોરાકના ઉત્પાદનની અને પાણીની ઉપલબ્ધિની વાત કરું છું. હું વર્તમાન સમયમાં લોકો પાસે હજારો વર્ષથી પડેલી ખેતી, પશુપાલન, માછીમાર, આવાસ નિર્માણ અને કાપડ ક્ષેત્રના પરંપરાગત કૌશલ્યને અપગ્રેડ કરવાની વાત કરું છું. આ કામ લોકોને આહાર આપે છે ને માણસ પોતાની સાથે અને સાથી માનવો સાથે, ધરતી સાથે અને પર્યાવરણ સાથે સંબંધ સ્થાપે છે અને આપણામાં આપણે સર્જેલી મહાનતાની ભાવના ઊભી થાય છે.

વર્તમાન સમયમાં આપણી પો જે પડકાર છે તે વણઉપયોગી પડેલી અસ્ક્યામતોમાંથી બિઝનેસની તકો શોધવાનો છે. આપણે વૃક્ષો રોપવાની પ્રવૃત્તિને વધુ નફાકારક બનાવી શકીએ તેમ છીએ તથા રિસાયકલિંગને નવા ઉત્પાદન કરતાં પણ વધુ નફાકારક બનાવી શકીએ તેમ છીએ. આપણે અસ્કયમતોની સામુદાયિક માલિકીને પ્રોત્સાહન આપીને ખાનગી અસ્ક્યામતોનું નિર્માણ કરી શકીએ. જોયોગ્ય તક અપાય તો, સહકારની ભાવના આપણને નફાકારક ડોઝ પૂરો પાડીને તંદુરસ્ત સ્પર્ધા તરફ દોરી જઈ શકે છે. આપણાં વિચારોમાં પરિવર્તનની સાતે સાથે આપણે આપણી શબ્દાવલિ પણ બદલવાની જરૂર છે. મારા મતે સેવા બેંક, મોટી અસ્કયામતો ધરાવતી નેશનલ બેંક બનવાના બદલે હજારો નાના બચતકારો અને સ્વસહાય જૂથો માટે જિલ્લા સ્તરની એક બેંક તરીકે ઓલખ આપવામાં સફળ થઈ છે.

હું જોઉં છું કે મહિલાઓ પ્રગતિ કરી રહી છે. મહિલાઓના નેતૃત્વને પોષવાની જરૂર છે, કારણ કે તે જ એક માત્ર આશા છે. આપણે જો સમાવેશી અને ન્યાયી સમાજની તથા પર્યાવરણલક્ષી વાતાવરણની જરૂર હોય તો તેનું સર્જન કરવું પડશે.

ઘણાં લાંબા સમયથી મહિલાઓને, હંમેશાં ઉપલબ્ધ હોય તેવા સસ્તા સ્ત્રોત તરીકે ઓળખવામાં આવે છે પણ, ના દુનિયાને એ બાબતનું ભાન કરાવવાની જરૂર છે કે મહિલાઓ દુનિયા માટે અસ્કયામતો છે. મહિલાઓ સારા અને ખરાબ સમયમાં કાયમી આંચકો ખમનાર (શોક એબ્સોર્બર)નું કામ કરે છે. મહિલાઓને અસામાન્ય તરીકે નહીં પણ ભાગીદાર તરીકે જોવી જોઈએ.

મહિલાઓની રીતે કેટલાંક ધ્યેય અને મૂલ્યો પણ છે. આ પ્રક્રિયા ખુલવાની પ્રક્રિયામાંથી શીખવાની છે અને તે પ્રક્રિયા પણ ખુદ સશક્તિકરણ કરનારી છે. મહિલાઓમાં સમયની એક નોખા પ્રકારની સેન્સ હોય છે. તે ગમે તેટલો સમય લઈ શકે છે. સેવાને 10 લાખ લોકો સુધી પહોંચવામાં 30 વર્ષ લાગ્યા હતા. મહિલાઓ પોતાને એક સમગ્ર જૂથ અને સમુદાય તરીકે જુએ છે અને પાછળ રહી ગયેલા લોકોની પ્રતિક્ષા કરવામાં પણ માને છે. આ પ્રકારની વિલંબ થતો હોય છે. મહિલાઓ માટેના જે ઉદ્દેશો છે, તેમાં પ્રભુત્વના બદલે સમાવેશિતા, આખરી ધ્યેયને બદલે પ્રક્રિયા તથા વ્યક્તિને બદલે જૂથ તથા ભાગલાના બદલે એકજૂથતાને મહત્ત્વ મળે છે.

સેવાની બહેનો સાથેના મારા સતત અનુભવને કારણે હું કહીશ કે, આ અનુભવ વર્તમાન સમયમાં શા માટે પ્રસ્તુત છે. દુનિયાને આજે મહિલાઓના વધુ પ્રમાણમાં નેતૃત્વની જરૂર છે, કારણ કે આપણે આપણાં સમયમાં પરિવર્તનનું પડકારજનક કામ ઉપાડવાનું છે અને આ માટે મહિલાઓની માત્ર વધુ નેતૃત્વ માટે જ નહીં, પણ એવા સ્વરૂપે જરૂર પડશે કે જેમાં મહિલાઓને મહત્ત્વ મળતું હોય.

**7.2.5 સ્ત્રીઓમાં ઉદ્યોગ સાહસિકતા :**

સ્ત્રીઓમાં ઉદ્યોગ સાહસિકતામાં થયેલો વધારો અને તેનો દેશના આર્થિક વિકાસમાં ફાળો ભારતમં સ્પષ્ટપણે જોઈ શકાય છે, મહિલાઓએ પોતાની ફરતે રહેલું કોચલું તોડીને દરેક ધંધાકીય પ્રવૃત્તિમાં પાપડથી માંડીને પાવર કેબલ સુધી પોતાનો ફાળો નોંધાવ્યો છે. આપણા દેશ પાસે ઘણી સફળ મહિલા ઉદ્યોગ સાહસિકોના ઉદાહરણો છે. છતાં, આપણી સંસ્કૃતિ પુરુષપ્રધાન હોવાથી મહિલા ઉદ્યોગ સાહસિકોના પરિવાર અને સમાજ તરફથી ઘણા પડકારોનો સામનો કરવો પડે છે. મહિલા ઉદ્યોગ સાહસિકતાની સફળતાનો આધારે તેઓના વિધિવત શિક્ષણ અને તાલીમની પ્રાપ્યતા પર રહેલો છે. જો યોગ્ય કાર્યક્રમો કરવામાં આવે એ મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવામાં આવે તેમ જ વખતોવખત બિરદાવવામાં આવે તો ઈશ્વરના આ શ્રેષ્ઠ સર્જન પાસેથી આ દિશામાં પણ ઘણી આશાઓ સેવી શકાય.

ઉદ્યોગ સાહસિકતા એટલે નવા ઉદ્યોગની સ્થાપના કરવી અથવા કોઈ ચાલુ ધંધામાં નવી તકોનો લાભ લઈ શકાય તે રીતે નવીનીકરણ કરવું. ઔદ્યોગિક ઉદ્યોગ સાહસિક કહેવાય. તે પરિવર્તનને ઓળખે છે અને તે અંગે પ્રતિક્રિયા આપે છે. અર્થશાસ્ત્રમાં ઉત્પાદનના ચાર સાધનોમાંનું ચોથું સાધન નિયોજક એટલે જ ઉદ્યોગ સાહસિક. આમ, ઉદ્યોગ સાહસિકતાનું મહત્ત્વ સહેજ પણ ઓછું ન આંકી શકાય.

સમાજવિદ્દો એવું માને છે કે કેટલીક પ્રજાતિઓ અને સંસ્કૃતિઓમાં ઉદ્યોગ સાહસિકતા જન્મજાત વણાયેલી હોય છે. જેમ કે ગુજરાતીઓ અને સિંધીઓ નવા ઔદ્યોગિક સાહસો માટે વધુ જાણીતા છે. કેટલાંક વિદ્વાનોનું એવું માનવું છે કે ઉદ્યોગ સાહસિકો એટલે નવી વિચારો, પેદાશો, સેવાઓ, વેચાણકળાની અવનવી તરકીબો લઈને આવતા ધંધાકીય સ્થાપકો. આમ. ઉદ્યોગ સાહસિકો નવી સંપત્તિના સર્જન દ્વારા, નવી રોજગારીની તકો દ્વારા અને નવી પેદાશો અને સેવાઓના સંશોધન દ્વારા દેશના અર્થતંત્રને નવો આકાર આપે છે.

પણ, સત્ય માત્ર આટલું જ નથી. એક તલસ્પર્શી અભ્યાસ એવું દર્શાવે છે કે નાણાં કમાવા, વેચાણકળા સાબિત કરવી કે નવી રોજગારી ઊભી કરવી એ જ ઉદ્યોગ સાહસિકતા નથી. ખરેખર કશુંક નવસર્જન કરવાનો અને તે દ્વારા મૂલ્યસર્જન કરતી પ્રવૃત્તિમાં રસ લઈને સામાજિક-આર્થિક માળખાને નવો આયામ આપવાનો અભિગમ એ જ ઉદ્યોગ સાહસિકતા. ઉદ્યોગ સાહસિકતા એટલે વ્યક્તિની એવી માનસિકતા જેમાં તે પોતાના પર્યાવરમ અને ભૂતકાળના અનુભવોને આધારે પ્રાકૃતિક રીતે વિકાસ પામે, જે તેને એક ચોક્કસ દિશામાં જીવન જીવવા માટે અને કારકિર્દી ઘડવા માટે પ્રેરણા આપે.

યુગોથી ઉદ્યોગ સાહસિકતાના ક્ષેત્રમાં પુરુષોનું વર્ચસ્વ રહ્યું છે. મોટા ભાગની સંસ્કૃતિમાં એવી માન્યતા રહી છે કે ઘરની સારસંભાળ, રસોઈ અને બાળઉછેર એ જ સ્ત્રીના કામો છે. પરંતુ હવે સમય બદલાયો છે, પ્રવાહ બદલાયો છો અને આજના યુગની આધુનિક ભારતીય નારી આ ક્ષેત્રે પણ પુરુષોની બરાબરી કરી રહી છે. વધી રહેલા ઔદ્યોગિક વિકાસ અને વૈશ્વિકીકરણની લહેરની સાથે 21મી સદીમાં સ્ત્રીઓની પરિસ્થિતિ સુધરી છે. શિક્ષણ અને જાગૃતિના ફેલાવાને પરિણામે સ્ત્રી રસોડામાંથી બહાર નીકળી કોર્પોરેટ ઓફિસ સુધી પહોંચી છે. દેશના આર્થિક વિકાસ માટે આવી સ્ત્રીઓની ભૂમિકા સહેજ પણ ઓછી ન આંકી શકાય. ભારતમાં એવી કેટલીય પ્રખ્યાત અને પ્રેરણાદાયી મહિલા ઉદ્યોગ સાહસિકોના ઉદાહરણ જોવા મળે છે. એક અંદાજ મુજબ ભારતના કુલ ઉદ્યોગ સાહસિકોમાં મહિલાઓનું પ્રમાણ 20 થી 25% જેટલું જ છે અને આ ટકાવારી ઉત્તરોઉત્તર વધી રહી છે, કારણકે સ્ત્રી સશક્તિકરણની દિશામાં ચોક્કસ પ્રયત્નો થઈ રહ્યા છે. ભારત સરકાની દસમી પંચવર્ષીય યોજનાનો મુખ્ય અભિગમ સ્ત્રી સશક્તિકરણ હતો અને આજની ભારત સરકાર પણ વિશ્વના અન્ય વિકાસશીલ દેશોની માફક સ્ત્રી સશક્તિકરણ પર ભાર મૂકે છે.

**મહિલા ઉદ્યોગ સાહસિકતાના કારણો :**

મહિલા ઉદ્યોગ સાહસિકતા એટલે એક એવી પ્રક્રિયા કે જેમાં સ્ત્રી કે સ્ત્રીઓના સમૂહ નવા

ધંધાની શરૂઆત કરે અને તેનું સફળ સંચાલન કરે. પ્રશ્ન એ થાય છે કે સદીઓથી રસોડામાં રહેવા ટેવાયેલી ભારતીય સ્ત્રીને ઉદ્યોગ સાહસિકતાના ક્ષેત્રમાં પ્રવેશવાની જરૂર કેમ પડી ? એનો જવાબ છે સ્ત્રીનું આત્મસન્માન અને ગૌરવ વધે તે માટેના સમાજના પ્રયત્નો. પોતાના સ્વતંત્ર નિર્ણયશક્તિ, કામની કદરની અપેક્ષા અને કારકિર્દી માટેના નિશ્ચિત ધ્યેયોને કારણે એક સ્ત્રી ઉદ્યોગ સાહસિક બનવાનું પસંદ કરે છે. ક્યારેક સ્ત્રી એવો કારકિર્દી પથ પસંદ કરે છે જેનાથી તેની આંતરિક શક્તિ, સૂઝ અને બુદ્ધિક્ષમતાના ઉપયોગથી તેને આત્મસંતોષ પ્રાપ્ત થાય.

ઉપરના મનોવૈજ્ઞાનિક પરિબળો ઉપરાંત કેટલાંક સામાજિક અને આર્થિક પરિબળો જેવા કે નકામા જતા સમયનો શ્રેષ્ઠ ઉપયોગ થઈ શકે, આ ઉપરાંત નબળી આર્થિક પરિસ્થિતિ, પરિવારના પુરુષ સભ્યોની બેરોજગારી કે તૂટી રહેલાં પરિવાર અને છૂટાછેડા જેવા પ્રશ્નો પણ સ્ત્રીઓને ઉદ્યોગ સાહસિકતા તરફ ધકેલે છે.

બીજા કેટલાંક પરિબળો પણ ધ્યાનમાં લેવા જેવા છે, જેવા કે સ્ત્રીઓમાં વધી રહેલું શિક્ષણનું પ્રમાણ, સર્જનાત્મક વિચારધારા, રોજગારીનું સર્જન, કૌટુંબિક ધંધામાં જરૂરિયાત, બાળકોના ઉજ્જવળ ભવિષ્યનું સ્વપ્ન, અન્ય સ્ત્રીઓ માટે દષ્ટાંતરૂપ બનવાની ઈચ્છા, નિર્ણય લેવાની સ્વતંત્રતા અને નવા પડકારો અને તકોનો સામન કરવાની તત્પરતા. આ પરિબળો સ્ત્રીઓને ઉદ્યોગ સાહસિકતા તરફ પ્રેરે છે.

**ભારતમાં મહિલા ઉદ્યોગ સાહસિકતાની પરિસ્થિતિ :**

જુલાઈ 2013માં થયેલા એક સર્વેક્ષણના અહેલામાં એવું દર્શાવાયું છે કે સ્ત્રી ઉદ્યોગ સાહિસિક્તાના ક્ષેત્રમાં ભારત અન્ય દેશોની સરખામણીએ બહુ પાછળ છે. 17 દેશોના આ સર્વેક્ષણમાં ભારતનું સ્થાન 16મું રહ્યું છે અને માત્ર યુગાન્ડાની પરિસ્થિતિ ભારત કરતાં પણ પછાત છે, જ્યારે તુર્કી, મોરોક્કો અને ઈજીપ્ત જેવા અલ્પવિકસિત દેશો પણ ભારત કરતા આગળ છે.

હાલમાં પણ વિશાળ પાયાના ઉદ્યોગો અને ટેક્નોલોજી આધારિત ઉદ્યોગોમાં મહિલા ઉદ્યોગ સાહસિકોની ભૂમિકા નહિવત્ છે. જ્યારે, નાના કદના ઉદ્યોગોમાં પણ મહિલા ઉદ્યોગ સાહસિકો બહુ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. નાના કદનાં ઉદ્યોગોના રાષ્ટ્રકક્ષાના સર્વેમાં એવું જોવા મળ્યું કે માત્ર 10.11% ઉદ્યોગોમં સ્ત્રીઓની માલિકી છે અને તેમના માત્ર 9.46% ઉદ્યોગોનું સંચાલન ખરેખર સ્ત્રીઓ દ્વારા થાય છે.

વિશ્વ કક્ષાએ મહિલા ઉદ્યોગ સાહસિક્તાની ટકાવારી વધી રહી છે, ત્યારે ભારતીય સ્ત્રી ઉદ્યોગ સાહસિકોને મૂડીની અછત, ચુસ્ત સામાજિક બંધનો, સમયનો અભાવ અને જરૂરી કૌશલ્યનો અભાવ જેવી અડચણોનો સામનો કરવો પડે છે.

**ગુજરાતમાં મહિલા ઉદ્યોગ સાહસિકતાની સ્થિતિ :**

ભારતની કુલ વસ્તીનો 50% હિસ્સો સ્ત્રીઓનો છે, છતાં ખાનગી ધંધાઓમાં માત્ર 10% મહિલા ઉદ્યોગ સાહસિકો જોવા મળે છે. સ્ત્રી ઉદ્યોગ સાહસિક્તાનો દર દરેક રાજ્યમાં જુદો જુદો છે. તેનો આધાર સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ, વ્યાવસાયિક કૌશલ્યોનો વિકાસ, સાહસિક મનોવૃત્તિ, સામાજિક અને સાંસ્કૃતિક માળખું જેવા પરિબળો પર રહેલો છે. આ બધા પરિબળો પર રહેલો છે. આ બધા પરિબળોની વાત કરીએ તો ભારતના બીજા રાજ્યોની સરખામણીએ ગુજરાત અને મહારાષ્ટ્રમાં સ્ત્રી ઉદ્યોગ સાહસિક્તાનું પ્રમાણ સરાહનીય છે.

એવું કહેવાય છે કે ધંધો દરેક ગુજરાતીના લોહીમાં ભળેલો છે. એટલે જ ધંધાના ક્ષેત્રમાં ગુજરાતીઓએ અમેરિકા, કેનેડા સહિતના અનેક દેશોમાં પોતાનો ડંકો વગાડ્યો છે. ગુજરાતમાં 1970માં સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ (સી.ઈ.ડી)ની સ્થાપના થઈ. આ સંસ્થા વેપારીઓની ધંધાકીય નિપુણતા વધે અને ધંધો વધુ સરળ બને તે માટે મદદરૂપ થાય છે. મહિલા ઉદ્યોગ સાહસિક્તાને પ્રોત્સાહન મળે તે માટે આ સંસ્થાએ સ્ત્રીઓને વાણિજ્ય વિષયક તાલીમ આપવાના અનેક કાર્યક્રમો શરૂ કર્યા છે.

આ ઉપરાંત ભારતને સ્વતાંત્ર્ય મળ્યું ત્યારથી જ ગુજરાત સરકારે સ્ત્રી ઉદ્યોગ સાહસિકોની કારકિર્દીનું ઘડતર થાય તે માટે પ્રયત્નો કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં તેમના એક પ્રવચન દરમિયાન કહ્યું હતું કે ઉદ્યોગ સાહસિકતા ગુજરાતીની માનસિક બાંધા સાથે વણાયેલી છે અને સ્ત્રી ઉદ્યોગ સાહસિકો ગુજરાતના આર્થિક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપી રહી છે. તેમના કહેવા મુજબ ડેરી ઉદ્યોગ જેવા ઉદ્યોગમાં પુરુષો કરતા પણ સ્ત્રી ઉદ્યોગ સાહસિકો વધુ સરળ થઈ છે. તેમણે સૂચવ્યું હતું કે ધંધાવ્યાપારને લગતા નિર્ણયો લેવામાં સ્ત્રીઓની સૂઝ પુરુષો કરતા પણ વધારે છે. આ માટે તેમણે ગુજરાતની કેટલીક સફળ સ્ત્રી ઉદ્યોગ સાહસિકોના ઉદાહરણ આપ્યા હતા. જેવી કે જસુબેન્સ પીઝા, લિજ્જત પાપડ, ઈન્દુબેન ખાખરાવાળા વગેરે.

આ ઉપરાંત ગુજરાત સરકાર દરિયાકાંઠાના વિસ્તારની સ્ત્રીઓ ધંધાવ્યાપારમાં પ્રવેશવા માટે પ્રોત્સાહિત કરવા અનેક પગલાં લઈ રહી છે. આ માટે ગુજરાત સરકારે એક યોજના અમલમાં મૂકી છે. આ યોજનાને 'ફીશ એન્ટરપ્રિન્યોરશીપ યોજના' એવું નામ અપાયું છે. આ યોજના અંતર્ગત ગુજરાતના દરિયાકાંઠે વસતી અનુસૂચિત જાતિ કે અનુસુચિત જનજાતિની સ્ત્રીઓને માછલી વેચીને પોતાનું ગુજરાન ચલાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. આ માટે વજન કાંટાકે ઈન્સ્યુલેટેડ બોક્ષ જેવાં સાધનોની મદદ પણ કરવામાં આવે છે.

ગુજરાતનો એવો અનુભવ રહ્યો છે કે જ્યારે પણ કોઈ સ્ત્રીએ ઉદ્યોગ સાહસિક્તાને પોતાની કારકિર્દી બનાવી છે ત્યારે તેનો ફાયદો તે સ્ત્રીની સાથે સાથે સમગ્ર સમાજને મળ્યો છે. ઉદાહરણ તરીકે જોઈએ તો માત્ર સાત સ્ત્રીઓના પ્રયત્નોથી શરૂ થયેલી 'લિજ્જત પાપડ' આજે ભારત કક્ષાને ભરપૂર નામના મેળવી ચૂકી છે. ઓક્ટોબર 1984માં લિજ્જત પાપડના ભદ્રાબેન ભટ્ટે યુનેસ્કો દ્વારા આયોજિત એક આંતરરાષ્ટ્રીય કાર્યશાળામાં હિસ્સો લઈ વિશ્વ કક્ષાએ ગુજરાતની ખમીરવંતી સ્ત્રીઓની સુગંધ પહોંચાડી હતી. એવી જ રીતે પોતાના બાળકો માટે ગુજરાતી સ્વાદના પીઝા બનાવવાનો પ્રયત્ન કરતા જસુબેનના પીઝા પડોશીઓએ વખાણ્યા અને ભારત કક્ષાએ પીઝાની ગુજરાતી બ્રાંડ જસુબેન્સ પીઝાનો આરંભ થયો. આવી તો કેટલીયે સિદ્ધિઓ ગુજરાતી સ્ત્રી ઉદ્યોગ સાહસિકોના નામે નોંધાયેલી છે.

ગુજરાતની મહિલાઓની આ સિદ્ધિઓ પોકારી પોકારીને કહે છે કે ઉદ્યોગ સાહસિક્તા એ માત્ર પુરુષોનો જ ઈજારો નથી. સ્ત્રીઓ કૌટુંબિક જવાબદારીઓ નિભાવવાની સાથે ધંધાકીય પ્રવૃત્તિઓ પણ ખૂબીપૂર્વક કરી જાણે છે. ગુજરાતી મહિલાઓ ધંધાના સંશોધન, કાર્યક્ષમ સંચાલન અને એ રીતે ધંધાની સફળતા મેળવવા માટે સક્ષમ છે.

**મહિલા ઉદ્યોગ સાહસિકો સામેના પડકારો :**

1. **કામ અને ઘરેલું જવાબદારીઓ વચ્ચે ઘર્ષણ :**

   વિકસિત કે વિકાસશલી તમામ દેશોમાં સ્ત્રીઓની સામાજિક જવાબદારીઓ તેમને સફળ ઉદ્યોગ સાહસિક બનતા અટકાવે છે. બાળકો, ઘર અને વડીલોની સારસંભાળની પ્રાથમિક જવાબદારીને લીધે સ્ત્રીઓ પોતાનો તમામ સમય ધંધાકીય પ્રવૃત્તમાં રોકી શકતી નથી.

2. **શિક્ષણ માટે જાતિગત ભેદભાવ :**

   આજે પ્રાથમકિ અને માધ્યમિક શિક્ષણના ક્ષેત્રમાં છોકરીઓ મેદાન મારી જાય છે, પરંતુ ઉચ્ચ અભ્યાસ માટેની પરવાનગી આ તમામ છોકરીઓને મળતી નથી. આથી તેઓ પોતાના શિક્ષણ તથા વ્યવસાયી અને તકનિકી કૌશલ્ય વચ્ચે સાયુજ્ય સાધી શકતી નથી. તેમને ઊંચી ઉત્પાદકતા ધરાવતા ધંધાના વિકાસ માટે પુરતો અનુભવ પણ મળતો નથી.

3. **નાણાંનો અભાવ :**

   કોઈ પણ ઉદ્યોગ સાહસિક માટે નાણાંની પ્રાપ્પતા બહુ મહત્ત્વનો પ્રશ્ન હોય છે. તેમાં પણ સ્ત્રી ઉદ્યોગ સાહસિકો માટે આ પ્રશ્ન વધુ વિકરાળ છે કારણ કે તેમની પાસે વ્યક્તિગત ઓળખ હોતી નથી, તેમની પોતાની માલિકીની કોઈ સંપત્તિ હોતી નથી અને ઘણાં કાયદાકીય દસ્તાવેજો પર તેમણે પતિની સહી લેવાની જરૂર પડે છે.

**4. ઘરની વધુ જવાબદારી :**

પુરુષોની સરખામણીએ સ્ત્રીઓ પર ઘરનો ભાર વધુ હોય છે. આપણી સમાજ રચનામાં ઘર સંભાળવું એ સ્ત્રીની પ્રાથમિક જવાબદારી છે. ખાસ કરીને ગ્રામીણ તેમ જ વધુ બાળકો ધરાવતી સ્ત્રીઓ વધુ જવાબદારી વેંઢારતી હોય છે. તેમણે તેમની ગૃહિણી તરીકેની પારંપરિક ભૂમિકા ફરજિયાત નિભાવવી પડે છે અને તેથી પુરુષોની સરખામણીએ તેની પાસે ધંધાકીય પ્રવૃત્તિઓ માટે ફાળવવાનો સમય ઓછો હોય છે.

**5. કાયદાકીય અડચણો :**

સ્ત્રી દ્વારા સંચાલન થતું હોય તેવા ઔદ્યોગિક સાહસો માટેનું કાયદાકીય પર્યાવરણ ખૂબ અટપટું છે. લગ્ન વારસાઈ હક અને જમીનને લગતા કાયદાઓ સ્ત્રીઓને સંપત્તિની માલિક બનતા રોકે છે. ક્યારેક તે પતિની કે પુત્રની સાથે સંપત્તિની સહમાલિક હોય છે પણ છતાં એ સંપત્તિ પર પણ તેનો હક હોતો નથી.

**6. કુટુંબમાંથી સહકારનો અભાવ :**

ઘણી વખત પતિ તેમ જ કુટુંબના અન્ય સભ્યો ધંધાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલી સ્ત્રીને સતત એ વાતનો અહેસાસ કરાવ્યા કરે છે કે તે ઘરની જવાબદારી સરખી રીતે સાંભળી શકતી નથી. પરિણીત સ્ત્રીએ ઘરની જવાબદારી પૂરી કરીને જ બહારનું કામ કરવું જોઈએ તેવી એક સામાજિક ગોઠવણ છે. પતિનો સહકાર અને પરવાનગી એ સ્ત્રીઓના ઉદ્યોગ સાહસિક્તાના ક્ષેત્રમાં પ્રવેશની પહેલી શરત છે.

**7. મૂડીનો અભાવ :**

બેંક જેવાં નાણાંની પારંપરિક સ્ત્રોતો સ્ત્રીઓને ધિરાણ આપતા ખચકાય છે. ખાસ કરીને ત્યારે, જયારે તેને કોઈ પુરુષનો ટેકો ન હોય. સ્ત્રીઓ પાસે મૂડીના અભાવ ઉપરાંત ધંધો શરૂ કરવા માટેની કાયદાકીય જાણકારીનો પણ અભાવ હોય છે.

**8. આત્મવિશ્વાસનો અભાવ :**

આપણા સમજામાં સફળ મહિલા ઉદ્યોગ સાહસિકોના દૃષ્ટાંત આંગળીના વેઢે ગણાય તેટલા છે, ત્યારે કોઈ સફળ મહિલાનું દૃષ્ટાંત ન લઈ શકતી સ્ત્રીઓમાં આત્મવિશ્વાસની કમી જોવા મળે છે. બીજું, પેદાશોના વેચારણ સાથે સંકળાયેલી સ્ત્રીઓને સમાજ ધિક્કારની નજરે જુએ છે.

**9. કાચા માલ સામાનની અછત :**

મોટા ભાગના સ્ત્રી ઉદ્યોગ સાહસિકોને કાચા માલસામાન તથા ઉત્પાદનના અન્ય સાધનોની અછત તેમ જ તેના ખૂબ ઊંચા ભાવોની સમસ્યા નડતી હોય છે.

**10. ગળાકાપ હરીફાઈ :**

સ્ત્રી ઉદ્યોગ સાહસિકો પાસે પોતાની પેદાશનું વેચાણ વધારવા માટે ભારે જાહેરાત ખર્ચ કરવા માટે પૂરતા નાણાં હોતાં નથી. તેથી તેમણે પોતાની પેદાશોના વેચાણ માટે સંગઠિત બજારો અને અન્ય પુરુષ હરીફો સાથે તીવ્ર હરીફાઈનો સામનો કરવો પડે છે.

**11. શિક્ષણનો અભાવ :**

ભારતમાં હજુ મોટા ભાગની સ્ત્રીઓ નિરક્ષર છે. નિરક્ષરતા જ સામાજિક તેમ જ આર્થિક સમસ્યાઓ માટેનું મૂળભૂત કારણ છે. શિક્ષણના અભાવને લીધે સ્ત્રીઓ ધંધાની ટેક્નોલોજીના અને બજાર અંગેની જ્ઞાનથી વંચિત રહે છે.

**12. સમાજમાં પુરુષોનું વર્ચસ્વ :**

ભારતીય બંધારણમાં કોઈ જાતિગત ભેદભાવ નથી, છતાં વ્યવહારુ જગતમાં સ્ત્રીઓને બધી રીતે નબળી ગણવામાં આવે છે. આથી સ્ત્રીઓ ધંધાકીય ક્ષેત્રમાં પ્રવેશતાં ખચકાય છે.

**13. જોખમ સહન કરવાની ઓછી શક્તિ :**

સ્ત્રીઓ અશિક્ષિત કે અલ્પ શિક્ષિત હોય છે અને નાણાંકીય સ્વાવલંબનનો પણ અભાવ વર્તાય છે. તેથી તેમની ધંધાકીય જોખમ ઉપાડવાની ક્ષમતા પુરુષોની સરખામણીએ ઘણી ઓછી હોય છે.

**14. માર્કેટિંગ કૌશલ્યનો અભાવ :**

સ્ત્રી ઉદ્યોગ સાહસિકોએ તેમની પેદાશના વેચાણ માટે મધ્યસ્થીઓ પર આધારિત રહેવું પડે છે. કારણ કે તેમણે ધંધા માટે મોકાનું સ્થળ, વાહન વ્યવહારની સગવડ, વિશાળ કદના સ્થાપિત થઈ ચુકેલા ઉદ્યોગો સાથે તીવ્ર હરીફાઈ જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

**15. પુરુષો પાસેથી કામ લેવાની અણઆવડત :**

ઘણી મહિલા ઉદ્યોગ સાહસિકો પાસે ધંધાની સૂઝ અને કૌશલ્ય હોય છે પણ તેઓ પુરુષો પાસેથી કામ લેવામાં કાચી પડે છે. કેટલીક વાર પુરુષ કામદારો પોતે જ સ્ત્રીના વર્ચસ્વ નીચે કામ કરવા તૈયાર હોતા નથી. મોટા ભાગના અલ્પસિક્ષિત કે અશિક્ષિત પુરુષો સ્ત્રીને બોસ તરીકે સહન કરી શકતાં નથી.

**16. વ્યાવસાયિક તાલીમનો અભાવ :**

ગરીબી અને નિરક્ષરતો સ્ત્રીઓની ઉદ્યોગ સાહસિકતામાં ઓછી ભાગીદારીના મહત્ત્વના કારણો છે. આપણે સ્ત્રીઓને શિક્ષિત કરીએ તો પણ તે વ્યાવસાયિક તાલીમ હોતી નથી. ખુદ માતાપિતા જ પોતાની દીકરીઓ વ્યાવસાયિક તાલીમ પામે તેવું પસંદ કરતા નથી.

**સ્ત્રીઓમાં ઉદ્યોગ સાહસિકતાનું પ્રમાણ વધારવા માટે માર્ગદર્શક સૂચનો :**

ઉદ્યોગ સાહસિકતાના ક્ષેત્રમાં પ્રવેશતી સ્ત્રીઓની અડચણો દૂર કરવી હોય તો તેમના માટે માત્ર તકોનું સર્જન કરવાને બદલે આપણી પારંપરિક વિચારસરણી અને માનસિક્તામાં મોટો બદલાવ લાવવો પડશે. વર્તનમાં પરિવર્તન, વ્યાવસાયિક તાલીમ અને મદદરૂપ સેવાઓ માટેના કાર્યક્રમો કરવા જોઈએ. સ્ત્રીઓમાં ઉદ્યોગ સાહસિક્તાના વિકાસ માટે તેને સહયોગ જેવી બાબતો અંગે જાગૃત કરવી જોઈએ. આ માટેની શરૂઆત સ્ત્રીઓની બાળવયથી જ થાય તે જરૂરી છે. અહીં મહિલા ઉદ્યોગ સાહસિકોની ભૂમિકા વધારવા માટે કેટલાંક સૂચનો નોંધ્યા છે.

**1. માળખાકીય સુવિધાઓનો વિકાસ :**

કોઈ પણ ધંધાકીય એકમ માટે માળખાકીય સુવિધાની પ્રાપ્યતા એક મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઔદ્યોગિક જમીનની ફાળવણી, શેડની ફાળવણી કે અન્ય સગવડોની વહેંચણી સમયે સરકારે સ્ત્રી ઉદ્યોગ સાહસિકોને પ્રાથમિકતા આપવી જોઈએ. જો કે, આવી સગવડોનો મહિલાઓના નામે પુરુષો દ્વારા દુરૂપયોગ ન થાય તે માટે તકેદારી ચોક્કસ રાખવી જોઈએ.

**2. વ્યક્તિત્ત્વ વિકાસ :**

સ્ત્રીઓનું સામાન્ય શિક્ષણનું સ્તર ઊંચું લાવવા પ્રયાસો થવા જોઈએ. સાથે જ તેમની વ્યવસાયિક તાલીમ, વ્યવહારૂ અનુભવ અને વ્યક્તિત્ત્વ વિકાસના કાર્યક્રમો માટે પણ યોગ્ય જોગવાઈ હોવી જોઈએ જેથી તેમના સમગ્ર વ્યક્તિત્ત્વનું સ્તર ઊંચું લાવી શકાય.

**3. મહિલા ઉદ્યોગ સાહસિકોની સ્વમદદ માટેની તૈયારી :**

આ પ્રકારની સ્વમદદ કરતા જૂથો મહિલા ઉદ્યોગ સાહસિકોને ઉત્પાદનના સાધનો અને મૂડીભંડોળ એકઠું કરવામાં મદદરૂપ થવા જોઈએ, જેથી કરીને ઉદ્યોગો અને વ્યાપાર-વાણિજ્યના ક્ષેત્રમાં મહિલાઓ કાઠું કાઢી શકે.

**4. ધંધાકીય વિકાસના તાલીમ કાર્યક્રમો :**

આવા કાર્યક્રમોમાં રોજબરોજના ધંધાકીય સંચાલનની તાલીમ આપવામાં આવે છે. જેમ કે,

હિસાબો સંભાળવા, કરવેરાનું સંચાલન કરવું અને ધંધાને લગતા કાયદાકીય નીતિનિયમોનું પાલન કરવું. આવા કાર્યક્રમો નિયમિત થવાં જોઈએ અને સ્ત્રી ઉદ્યોગ સાહસિકોએ તેનો પુરતો લાભ ઉઠાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**5. નાણાંની પ્રાપ્યતા :**

સ્ત્રીઓને ઉદ્યોગમાં પ્રવેશ કરવા માટે પૂરતા નાણાં પ્રાપ્ય બને તે માટે બેંકો તેમજ નાણાંકીય સંસ્થાઓએ આગળ આવવું જોઈએ. જરૂર પડે ત્યાં સરકારે પણ હસ્તક્ષેપ કરવો જોઈએ.

**6. રાષ્ટ્રકક્ષાની સંસ્થાઓ સ્થાપવી :**

સ્ત્રી ઉદ્યોગ સાહસિકોના પ્રશ્નોની, તકલીફોની કે અન્ય બાબતોની ચર્ચા કરવા રાષ્ટ્રકક્ષાએ સંસ્થાઓની સ્થાપના થવી જોઈએ. આવી સંસ્થાઓમાં મહિલા ઉદ્યોગ સાહસિકોની તકલીફો અને ફરિયાદોને સ્થાન હોવું જોઈએ અને તેના સમાધાન માટેના પ્રયત્નો થવા જોઈએ.

**ઉપસંહાર :**

સ્ત્રીઓમાં ઉદ્યોગ સાહસિક્તામાં થયેલો વધારો અને તેનો દેશના આર્થિક વિકાસમાં ફાળો ભારતમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે. મહિલાઓએ પોતાની ફરતે રહેલું કોચલું તોડીને દરેક ધંધાકયી પ્રવૃત્તિમાં પાપડથી માંડીને પાવર કેબલ સુધીપોતાનો ફાળો નોંધાવ્યો છે. આપણા દેશ પાસે ઘણી સફળ મહિલા ઉદ્યોગ સાહસિકોના ઉદાહરણો છે. છતાં, આપણી સંસ્કૃતિ પુરુષપ્રધાન હોવાથી મહિલા ઉદ્યોગ સાહસિકોએ પરિવાર અને સમાજ તરફથી ઘણાં પડકારોનો સામનો કરવો પડે છે. મહિલા ઉદ્યોગ સાહસિક્તાની સફળતાનો આધાર તેઓના વિધિવત્ શિક્ષણ અને તાલીમની પ્રાપ્યતા પર રહેલો છે. જો યોગ્ય કાર્યક્રમો કરવામાં આવે અને મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવામાં આવે તેમ જ વખતોવખત બિરદાવવામાં આવે તો ઈશ્વરના આ શ્રેષ્ઠ સર્જન પાસેથી આ દિશામાં પણ ઘણી આશાઓ સેવી શકાય.

**7.2.6 આરોગ્યક્ષેત્રમાં સ્ત્રીઓનું સશક્તિકરણ :**

ઐતિહાસિક, પરંપરાગત અને સામાજિક રચનાઓ અને પૂર્વગ્રહોને પરિણામે ભારતનાં મોટાં ભાગનાં રાજ્યો (અને દુનિયાનાં અન્ય દેશોમાં) છોકરીઓ અને મહિલાઓ પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે. છોકરીઓ અને મહિલાઓને એમનાં જીવનકાળ દરમિયાન મર્યાદિત સ્વતંત્રતા આપવાને કારણે મહિલા સશક્તિકરણનાં પ્રયાસોને આંશિક સફળતા મળી હતી. આ સ્વાયતત્તાનાં અભાવે શિક્ષણમાં નોંધણી અને એને જાળવી રાખવામાં, જ્યારે જરૂર પડે ત્યારે આરોગ્યલક્ષી સેવાઓની સુલભતામાં ઘટાડો, સામૂહિક માધ્યમોમાં ઓછી ભાગીદારી, લાભદાયક રોજગારીની ભાગીદારી, નાણાંની સુલભતા અને તેમની અવરજવરમાં નિયંત્રણ જેવા પરિણામો મળ્યાં છે, જેવી મહિલાઓની સક્ષમતામાં વધારો ઘટાડો થયો છે.

ચોક્કસ, મહિલા સશક્તિકરણ અને ગુણવત્તાયુક્ત આરોગ્યલક્ષી સેવાઓની સરકારી જોગવાઈ સરકારની સામાજિક જવાબદારીઓ છે. આ લેખમાં ભારતમાં મહિલા સશક્તિકરણમાં આરોગ્ય ક્ષેત્રની ભૂમિકા અને અસર વિશે વાત કરવામાં ાવી છે.

ઈજિપ્તનાં કેરો શહેરમાં વર્ષ 1954માં વસ્તી અને વિકાસ પર આંતરરાષ્ટ્રીય પરિષદ (આઈ.સી.પી.ડી.) પછી મહિલા સશક્તિકરણ સાથે આરોગ્યનાં સંબંધ પર વધારે ધ્યાન કેન્દ્રિત થયું હતું, જેમાં આ બંને વચ્ચેનાં સીધા સંબંધમાં સુધારો થવાથી સમાજને લાભ થઈ શકશે એવી રજૂઆત કરવામાં આવી હતી. આ પરિષદનાં જાહેરનામામાં જણાવવામાં આવ્યું હતું કે, ''મહિલાઓનું સશક્તિકરણ અને સ્વાયતત્તા તથા તેમનાં રાજકીય, સામાજિક, આર્થિક અને સ્વાસ્થ્ય દરજ્જાનો સુધારો અતિ મહત્ત્વપૂર્ણ છે. મહિલાઓ અને પુરુષો એમ બંનેની સંપૂર્ણ ભાગીદારી અને જોડાણ રચનાત્મક જીવન માટે જરૂરી છે, જેમાં બાળકોનાં પાલનપોષણ અને કુટુંબનાં જતન માટે સહિયારી જવાબદારી સામેલ છે.'' પછી મહિલાઓનાં સ્વાસ્થ્યનો એજન્ડા અને સશક્તિકરણ સાથે એવું સીધું જોડાણ ધીમે ધીમે સ્થાપિત થઈ ગયું છે.

**આરોગ્ય સેવાઓ વધારે સુલભ કરીને મહિલાઓનું સશક્તિકરણ :**

ભારતમાં વિવિધ સરકારી નીતિ અને કાયદાકીય પગલાઓ દ્વારા આરોગ્ય સેવાઓની સુલભતા વધારવા અને મહિલા સશક્તિકરણનાં સ્થાયી પ્રયાસો કરવામાં આવ્યાં છે. છતાં વસ્તીજન્ય અને આરોગ્યનાં સર્વે એટલે કે રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય સર્વે (એન.એફ.એચ.એસ.) અને જિલ્લા સ્તરીય કુટુંબ સર્વે (ડી.એસ.એચ.એસ.)નાં સફળ અભ્યાસોમાં દેશનાં તમામ વિસ્તારોમાં મહિલાઓ વચ્ચે (પુરુષોની સરખામણીમાં) સેવાઓનાં ઉપયોગમાં મોટી અસમાનતા હોવાની જાણકારી મળી છે. ઉપરાંત મહિલાઓનો મોટો વર્ગ તેમનાં પોતાનાં સ્વાસ્થ્યની સમસ્યાઓ માટે આરોગ્યલક્ષી સેવાઓનાં ઉપયોગ અને સુલભતા વિશે નિર્ણય લેવામાં સ્વતંત્ર નથી. ભારતીય મહિલાઓનાં આરોગ્ય અને સુખાકારીમાં માહિતીની ઉણપ અને વ્યાપક બેદરકારીથી એમનું પર્યાપ્ત સશક્તિકરણ થઈ શકતું નથી આ પૃષ્ઠભૂમિમાં આરોગ્યલક્ષી સેવાઓ (મહિલાઓ દ્વારા)ની સુલભતા (અને વપરાશ) ઘણી વખત ઘટે છે, એમાં વિલંભ થાય છે. જોકે આ માટેનાં કારણો અલગઅલગ હોઈ શકે છે.

નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેસન (એન.એસ.એસ.ઓ.)નાં 71માં રાઉન્ડનાં અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં સરકારી આરોગ્ય સુવિધાઓમાં સેવાઓ નિઃશુલ્ક હોવાની ધારણા હોવા છતાં આ સુવિધાઓ મેળવવા માટે લોકોને અલગ અલગ પ્રમાણમાં ખર્ચ કરવો પડે છે. આરોગ્ય સેવાઓ, ખાસ કરીને મહિલા અને બાળકો માટેની આરોગ્ય સેવાઓ પર કોઈ ખર્ચતી આ બંને વર્ગ આરોગ્યલક્ષી સેવાઓ મેળવવાથી બાકાત રહી જાય છે અથવા એમાં વિલંભ થાય છે. બાળકો અને મહિલાઓ સહિત વિવિધ નબલાં વર્ગો માટે આરોગ્યલક્ષી સેવાઓની સુલભતા અને ઉપલબ્ધતામાં વધારો મહિલાઓનું સશક્તિકરણનું માધ્યમ છે. આ દલીલનાં ટેકામાં તાજું ઉદાહરણ દિલ્હીનાં મહોલ્લાં કે સામુદાયિક દવાખાના છે, જેમાં અડધાથી વધારે લાભાર્થીઓ મહિલાઓ,બાળકો અને વયોવૃદ્ધ છે, જેમાંથી ઘણાંએ પહેલીવાર સરકારી દવાખાનાનો લાભ લીધો હતો. મહિલાઓની અંગતતા જાળવીને અને તેમને અસર થતી સેવાઓનો અવકાશ વધારીને આરોગ્યલક્ષી સેવાઓ વધારે સુલભ બનાવી શકાશે. પરંપરાગત માતૃત્વ અને બાળક સ્વાસ્થ્ય (એમ.સી.એચ.)થી વિસ્તૃત જાતિય અને પ્રજોત્પાદક આરોગ્ય (એસ.આર.એચ.) સુધીનાં આવશ્યક પેકેજમાં વધારા પર ધ્યાન કેન્દ્રિત થયું છે. તાજેતરમાં જાતિ આધારિત હિંસા (જી.બી.વી.) માટે સેવાઓ ઉમેરવા પર પણ ધ્યાન કેન્દ્રિત થયું છે.

**ઔપચારિક રોજગારી દ્વારા મહિલા સશક્તિકરણ :**

મહિલાઓનાં સશક્તિકરણમાં આર્થિક સ્વનિર્ભરતા મહત્ત્વપૂર્મ ભૂમિકા ભજવે છે. જોકે ભારતમાં ઔપચારિક વર્કફોર્સ અને લાભદાયક રોજગારીમાં મહિલાઓની ભાગીદારી પરંપરાગત રીતે ઓછી છે. આપણી કુલ વર્કફોર્સમાં આશરે 28 ટકા ભાગ મહિલાઓનો છે (ટેબલ1). આ દ્રષ્ટિએ અન્ય તમામ ક્ષેત્રો કરતાં આરોગ્ય ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી પ્રમાણમાં વધારે છે. આરોગ્ય ક્ષેત્રમાં ઔપચારિક વર્કફોર્સ અંદાજે 12.05 લાખ (અતવા 1.2 મિલિયન) છે, જેમાં 581,000 (48.2 ટકા) મહિલાઓ અને 6.24 લાખ પુરુષ કાર્યકર્તાઓ છે. (સ્ત્રોતઃ ભારતમાં રોજગારીની સ્થિતિ પર પ્રથમ ત્રિમાસિક રિપોર્ટ. શ્રમ અને રોજગાર મંત્રાલય. 2016). અન્ય ઔપચારિક સેવાઓની સરખામણીમાં આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રોમાં ઔપચારિક વર્કફોર્સમાં મહિલાઓની ભાગીદારી નોંધપાત્ર રીતે ઊંચી છે (ટેબલ 1). આ સ્થાયી પ્રવાહ છે અને જુલાઈથી સપ્ટેમ્બર, 2017 (માર્ચ 2018માં જાહેર થયો હતો) માટે ભારતમાં રોજગારીનાં ક્ષેત્ર પર સાતમો ત્રિમાસિક અહેવાલ છે. તેમાં જણાવવામાં આવ્યું હતું કે, સપ્ટેમ્બર 2016માં પ્રથમ ત્રિમાસિક અહેવાલ જાહેર થયા પછી દરેક ત્રિમાસિક ગાળામાં વધુને વધુ મહિલા કાર્યકર્તાઓ (પુરુષ કાર્યક્તાઓની સરખામણીમાં) ની સંખ્યા વધી રહી છે. ઉદાહરણ તરીકે, જુલાઈથી સપ્ટેમ્બર, 2017માં આરોગ્ય ક્ષેત્રમાં કુલ 1,000 રોજગારી વધી હતી, જેમાં તમામ વધારો મહિલા વર્કફોર્સને આભારી હતો. જ્યારે આ ક્ષેત્રની સાઈઝની સરખામણીમાં આ અહેવાલમાં અન્ય 7 ઔપચારિક ક્ષેત્રો સાથે સરખામણીમાં કરવામાં આવે છે,

ત્યારે વધારો રોજગારી આરોગ્ય ક્ષેત્રમાં થઈ છે. સ્પષ્ટ છે કે,આરોગ્યક્ષેત્રએ મહિલાઓનાં સશક્તિકરણમાં ઔપચારિક અને સંગઠિત વર્કફોર્સમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

**કામ કરવાની તકો દ્વારા મહિલાઓનું સશક્તિકરણ**

ભારતમાં ગ્રામીણ સ્તરો સ્વાસ્થ્યલક્ષી સારસંભાળની વિસ્તૃત વ્યવસ્થાનો પાયો ઔપચારિક અને સ્વૈચ્છિક મહિલા કાર્યકર્તાઓ છે. એમાં આશરે 187,000 સરકારી પ્રાથમિક આરોગ્ય સુવિધાઓ સામેલ છે. આરોગ્ય સુવિધાઓનાં આ નેટવર્કનો આશય દેશમાં 650,000થી વધારે ગામડાઓને સેવા પ્રદાન કરવાનો છે. આ સેવાઓ પ્રદાન કરવાની વ્યવસ્થામાં મહિલાઓ કેન્દ્રમાં છે. ગ્રામીણ સ્તરે ટ્રિપલ ''એ'' કે 'AAA' - બાળકોને જન્મ આપવામાં સહાય કરતી મહિલા નર્સ (એ.એન.એમ.), આંગણવડી કાર્યકર્તા (એ.ડબલ્યુ.ડબલ્યુ.) ★ અને માન્યતા પ્રાપ્ત સામાજિક આરોગ્ય કાર્યકર્તાઓ (આશા)★★ સંકલિતપણે ડિલિવરી સુનિશ્ચિત કરવા કામ કરે છે તથા સ્વાસ્થ્ય અને પોષણ સેવાઓની સુલભતા વધારે છે (ગર્ભાવસ્થાનું નિયંત્રણ કરવા સ્વાસ્થ્ય શિક્ષણથી કુટુંબ આયોજન સેવાઓ વગેરે સામેલ છે).

માર્ચ, 2018નાં,અંતે ભારતમાં ગ્રામીણ આરોગ્ય સુવિધાઓમાં આશરે 210,000 એ.એન.એમ. છે. એ જ રીતે રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય અભિયાન (એન.આર.એચ.એમ.) હેઠળ ગ્રામીણ અને શહેરી એમ બંને સ્તરે આશરે 1,00,000 સ્વયંસેવક મહિલા કાર્યકર્તાઓ એટલે કે માન્યતાપ્રાપ્ત સામાજિક આરોગ્ય કાર્યકર્તાઓ (આશા) છે, જે દેશભરમાં કાર્યરત છે. ઉપરાંત આશરે 530,000 ગ્રામીમ સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને પોષણ સમિતિ (વી.એચ.એસ.એન.સી.) છે, જેમાં આશા અને એએનએસ સામેલ છે તથા નિર્ણય લેવામાં મહિલાઓની ભૂમિકા સુનિશ્ચિત કરે છે. વળી મહિલાઓને સક્ષમ બનાવી આરોગ્ય સેવાઓની જોગવાઈને અસરકારક બનાવવા અને પોતાનાં આરોગ્ય પર નિયંત્રણ મેળવવા આશરે 73,000 મહિલા આરોગ્ય સમિતિ (એમ.એ.એસ.) અને 33,000 રોગી કલ્યાણ સમિતિ (આર.કે.એસ.) બનાવવામાં આવી છે.

**આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કટિબદ્ધતા :**

મહિલાઓનાં સશક્તિકરણ અને આરોગ્ય માટે આંતરરાષ્ટ્રીય સ્તરની સાત રાષ્ટ્રીય નીતિગત માળખું સ્થાપિત કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થાયી વિકાસ લક્ષ્યાંકો (એસ.ડી.જી.) 2030 પર સંમતિ સાધવામાં આવી છે, જેમાં આરોગ્ય (લક્ષ્યાંક 3) અને જાતિગત સમાનતા (લક્ષ્યાંક 5) પર પ્રતિબદ્ધ લક્ષ્યાંકો છે. એસ.ડી.જી.-5માં સ્પષ્ટપણે ''તમામ મહિલાઓ અને છોકરીઓ માટે જાતિગત સમાનતા અને સશક્તિકરણ'' નો સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આરોગ્ય પર એસ.ડી.જી. -3 સાર્વત્રિક આરોગ્ય કવચ (યુ.એચ.સી.) પર 3.8નો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે, જેનો ઉદ્દેશ તમામ માટે ગુણવત્તાયુક્ત અને વાજબી સેવાઓની સુલભતા વધારવાનો છે. યુએચસી હાંસલ કરવાની મહિલાઓ માટે આરોગ્યલક્ષી સેવાઓની સુલભતા વધવાથી તેમનું સશક્તિકરણ જળવાઈ રહેશે તથા સેવાઓનાં ઉપયોગ અને આરોગ્યનાં પરિણામોમાં અસમાનતા ઘટશે. ભારતની નવી રાષ્ટ્રીય આરોગ્ય નીતિ 2017નો ઉદ્દેશ દેશમાં યુએચસી હાંસલ કરવાનો છે.

**આયુષ્માન ભારત પ્રોગ્રામ દ્વારા સંભવિતતા અને તકો**

ભારતમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પી.એચ.સી.) વ્યવસ્થાનું વિસ્તૃત નેટવર્ક છે, જે મજબૂત કરી શકાય. ઘણી ગ્રામીણ અને આદિવાસી મહિલાઓ માટે પીએચસી વ્યવસ્થા તેમને બહારનાં વાતાવરણનો પરિચય કરાવે છે અને તેમનાં સ્વાસ્થ્ય વિશે શીખવાની પ્રથમ તક આપે છે. પ્રાથમિક આરોગ્ય વ્યવસ્થા ચેપી અને બિનચેપી રોગો (એન.સી.ડી.) એમ બંનેનું નિવારણ કરવા, સાફસફાઈ, સ્વચ્છતા, સ્વસ્થ જીવનશૈલી, કુટુંબ આયોજન પર જાણકારીને પ્રોત્સાહન છે તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વધારો કરે છે, સ્વયં-સહાય કાર્યક્રમો અને આરોગ્યલક્ષી શિક્ષણ મહિલાઓનાં સશક્તિકરણમાં મહત્ત્વપૂર્ણ માધ્યમ પુરવાર થશે. કેન્દ્ર સરકારે વર્ષ 2018-19નાં બજેટમાં જાહેર કરેલો આયુષ્માન ભારત કાર્યક્રમ દેશભરમાં 150,000 હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ (એચ.ડબલ્યુ.સી.)

સ્થાપિત કરવાની દરખાસ્ત છે, જેથી પ્રાથમિક આરોગ્ય સેવાઓની સુલભતામાં વધારો થશે. એનાથી મહિલાઓની સુલભતામાં વધારો થશે અને તેમને તેમનાં પોતાના સ્વાસ્થ્ય પર નિયંત્રણ મેળવવામાં સક્ષમ બનાવશે.

આયુષ્માન ભારત કાર્યક્રમનું બીજું ઘટક પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પી.એમ.જે.એ.વાય.) છે, જેનો ઉદ્દેશ આશરે 10.74 કરોડ (107.4 મિલિયન) ભારતીય કુટુંબોને રૂ. 5,00,000નું વીમાકવચ પ્રદાન કરવાનો છે, જેના લાભાર્થી માટે હોસ્પિટલમાં દાખલ થઈને આરોગ્યલક્ષી સેવાઓ મેળવવાનું વાજબી અને સુલભ બનાવશે અને મુખ્ય લાભાર્થી મહિલાઓ હશે એવી અપેક્ષા છે. અગાઉનાં અનુભવ મુજબ, હૉસ્પિટલમાં ભરતી થઈને સેવા મેળવવાની સુલભતામાં વધારો થવાથી મહિલાઓને વધારે લાભ થસે અને તેઓ વધારે સશક્ત થશે એવી શક્યતા છે. વર્તમાન આરોગ્યલક્ષી પહેલો સાથે એ.બી.પી.નાં આ બંને ઘટક સરકારી આરોગ્ય વ્યવસ્થા ઊભી કરવા તરફ ભારત માટે વધુ એક તક પ્રદાન કરે છે, જે મહિલાઓની જરૂરિયાતો પૂર્ણ કરવા અને યુએસસી હાંસલ કરવા માટે આવશ્યક છે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના 25 સપ્ટેમ્બર, 2018નાં રોજ શરૂ થશે, જેમાં 100,000 આરોગ્ય મિત્રની ભરતી કરવાનો પ્રસ્તાવ છે, જે આ કાર્યક્રમ અંતર્ગત સામેલ દરેક આરગ્ય સુવિધા માટે એક છે. આ પોઝિશન માટે મહિલાઓની ભરતીને પ્રાધાન્ય આપવાથી મહિલાઓ માટે રોજગારીનું સર્જન થશે.

**નિષ્કર્ષ :**

નવી જાહેર થયેલી ભારતની રાષ્ટ્રીય આરોગ્ય નીતિ (2017), તાજેતરમાં જાહેર થયેલી એ.બી.પી. (2018) તથા સ્થાયી વિકાસ લક્ષ્યાંકો (એસ.ડી.જી.) પર આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ધ્યાન કેન્દ્રિત કરવાથી તેમજ સાર્વત્રિક આરોગ્ય કવચ (યુ.એસ.સી.)માં મહિલાઓનાં સ્વાસ્થયમાં સુધારો કરવાની અને એને સક્ષમ બનાવવાની સંભવિતતા ધરાવે છે. આ બંને પાસાં એકબીજા સાથે વધારે જોડાયેલા હોવાથી ઓળખ થઈ છે. જો કે ભારતમાં મહિલા સશક્તિકરણ અને શ્રેષ્ઠ સ્વાસ્થ્યમાં સમન્વય અને ઝડપી સફળતા હાંસલ કરવા ઉચ્ચ સ્તરીય અને સ્તાયી રાજકીય ઈચ્છાશક્તિની જરૂર પડશે, વિવિધ ક્ષેત્રો, વિવિધ પક્ષો અને સક્ષમ વાતાવરણ વચ્ચે સંકલિત કામગીરીની જરૂર પડશે.

**સંદર્ભ :**

- આંગણવાડી કાર્યકર્તાઓ મહિલા અને બાળવિકાસ મંત્રાલય હેઠળ સંકલિત બાળક વિકાસ સેવાઓ (આઈ.સી.ડી.એસ.)ની માન્યતા ધરાવે છે, છતાં તેઓ આરોગ્ય ક્ષેત્ર સાથે ગાઢપણે કામ કરે છે અને આરોગ્યલલક્ષી સેવાઓમાં પ્રદાન કરે છે.
- આશા આરોગ્ય વ્યવસ્થાનો ઔપચારિક કર્મચારી નથી અને સ્વયંસેવક છે, જે પ્રવૃત્તિઓ/ કામગીરી સાથે સંબંધિત વેતન મેળવે છે.

**વધુ વાંચન :**


- ભારત સરકાર, ભારતમાં રોજગારીની સ્થિતિ પર પ્રથમ ત્રિમાસિક અહેવાલ (2016), (શ્રમ અને રોજગાર મંત્રાલય, 2016, શ્રમ બ્યૂરો, ચંદીગઢ, સપ્ટેમ્બર- 2016).
- આયોજન, આંકડાકીય અને અમલીકરણ મંત્રાલય, આરોગ્ય પર સર્વેનાં 71મા રાઉન્ડનો અહેવાલ, નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન, જૂન, 2014.

**પરિશિષ્ટ :**

**ટેબલ -1 : જાતિમુજબ આઠ ક્ષેત્રોમાં અંદાજિત રોજગારી (100,000માં) (એપ્રિલ 2016માં)**

| ક્ષેત્ર | કુલ રોજગારી | કુલ વર્કફોર્સમાં પ્રદાન %માં | મહિલા કાર્યકર્તાઓ | કુલ વર્કફોરમાં મહિલા વર્કફોર્સ %મા |
|---|---|---|---|---|
| ઉત્પાદન | 10.1.2 | 49.3 | 18.57 | 18.4 |
| નિર્માણ | 3.67 | 01.8 | 0.56 | 15.3 |
| વેપાર | 14.45 | 07.0 | 2.63 | 18.2 |
| પરિવહન | 5.80 | 02.8 | 0.66 | 11.38 |
| મકાન અને રેસ્ટોરાં | 7.74 | 03.8 | 1.21 | 15.6 |
| આઈટી/બીપીઓ | 10.36 | 05.1 | 3.24 | 31.3 |
| શિક્ષણ | 49.98 | 24.4 | 24.47 | 48.9 |
| સ્વાસ્થ્ય | 12.05 | 05.9 | 5.81 | 48.2 |
| કુલ | 205.22 | 100.0 | 57.15 | 27.8 |

નોધ : ભારત અંદાજે 47 કરોડ કે વધારે કાર્યકર્તાઓ ધરાવતો હતો. ક્યુઈએસનાં તારણો એ ગાળા દરમિયાન ભારતમાં 2.4 કરોડ કામદારો કે (અંદાજિત વર્કફોર્સનાં 5 ટકા) ધરાવતાની જાણકારીમાંથી અંદાજો પર આધારિત હતાં.

**7.2.7 ઉદ્યોગ સાહસિકતા દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરણ**

ભારતે છેલ્લી અડધી સદીમાં તકોની અંદર ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં કોઈપણ જાતની વૃદ્ધિને અનુકુળ બનાવ્યા વિના વસ્તીમાં ત્રણ ઘણો વધારો નોંધાવ્યો છે.મહિલાઓ કુલ વસ્તીનો 50% ભાગ ધરાવે છે અને તેઓ પરિવારની કરોડરજ્જુ સમાન છે. તાજેતરના વર્ષોમાં મહિલાઓની પારંપરિક ભૂમિકાની અંદર કેટલાંક પરિવર્તનો આવ્યા છે અને સમાજના વિકાસ અને સમગ્રતયા વૃદ્ધિની અંદર મહિલાઓના યોગદાનને દ્રષ્ટિગોચર બનાવવા તેમજ મુખ્ય ધારામાં લાવવા માટે કેટલાંક પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે. સ્વસહાયજૂથો (એ.એચ.જી.) એ લગભગ તમામ વિકાસશીલ દેશોની અંદર ગરીબ મહિલાઓના સશક્તિકરણ માટેના મહત્ત્વના સાધન બની રહ્યા છે જેમાં ઉદ્યોગસીલતા વિકાસના માધ્યમથી ભારતનો પણ સમાવેશ થાય છે (અંજલિ 2017).

ઉદ્યોગશીલતા વિકાસ અને આવક નિર્માણ કરતી પ્રવૃત્તિઓ એ મહિલાઓને સશક્ત બનાવવા માટેના સૌથી અનુકુળ ઉપાયો છે.

સશક્તિકરણના ખ્યાલને એકે વી પ્રક્રિયા દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે કે જેના દ્વારા મહિલાઓ તેમની પોતાની પસંદગી અનુસાર પોતાના હાથમાં નિયંત્રણ અને માલિકી લઈ શકે. સશક્તિકરણના કેન્દ્રસ્થ ધ્રુવોને એજન્સી (વ્યક્તિના પોતાના લક્ષ્યો નિર્ધારિત કરવા અને તે અનુસાર વર્તન કરી શકવાની ક્ષમતા), જાતિગત સત્તાના માળખા અંગે જાગૃતિ, આત્મ સન્માન અને આત્મવિશ્વાસ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે (કબીર 2001), સશક્તિકરણએ વિવિધ સ્તરના પદક્રમ ઉપર અસ્તિત્ત્વમાં આવી શકે છે- વ્યક્તિગત, ઘરને લગતું, સમુદાય અને સામાજિક તથા તેને પ્રોત્સાહન આપવા ઘટકો પુરા પાડીને (દા.ત. નવી પ્રવૃત્તિઓ પ્રત્યે બહિર્ગમન કે જે ક્ષમતા નિર્માણ કરી શકે) અને નિષિદ્ધ ઘટકોને દૂર કરીને (દા.ત. સંસાધનો અને કૌશલ્યોની કમી) દ્વારા તેને સુવિધા પૂરી પાડી શકાય છે.

આ સંદર્ભમાં મહિલા ઉદ્યોગશીલતા અને નાણાંકીય સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે સ્વસહાય જૂથો (એસએચજી) સહિત માઈક્રો ફાયનાન્સ એ અસરકારક ભૂમિકા નિભાવી શકે છે. તે ગરીબી સામે લડવા માટેનું માત્ર એક અસરકારક સાધન જ નથી પરંતુ સમાજની વસ્તીના હાંસિયામાંથી સૌથી વધુ બહાર ધકેલાઈ ગયેલા વર્ગો અને ખાસ કરીને મહિલાઓના સશક્તિકરણને પ્રોત્સાહન આપતું એક માધ્યમ પણ છે. એચએચજીનો ખ્યાલ એ ભારતના કેટલાંક રાજ્યોની અંદર

ગ્રામ્ય મહિલાઓ માટે આશીર્વાદ રૂપ સાબિત થયો છે. તેના વડે તેઓની માત્ર આવક જ નથી ઊભી થઈ પરંતુ તેમનો સામાજિક દરજ્જો પણ ઉપર ઉઠ્યો છે. વર્તમાન સમયમાં મહિલાઓનું સશક્તિકરણ અને જાતિગત સમાનતાને વૈશ્વિક કક્ષાએ તમામ ક્ષેત્રોમાં પ્રગતિ હાંસલ કરવા માટેના કેન્દ્રિય તત્ત્વ તરીકે સ્વીકારવામાં આવ્યું. (સંજય કાંતિદાસ,2012).

સુક્ષ્મ ઉદ્યોગશીલતા એ મહિલા સશક્તિકરણને મજબૂતી આપી રહ્યું છે અને જાતિગત અસમાનતાને દૂર કરી રહ્યું છે. એસ.એચ.જી.નું માઈક્રો ક્રેડીટ મિકેનીઝમ એ સભ્યોને અન્ય સમુદાય વિકાસની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રેરણા આપે છે. માઈક્રો ક્રેડિટ એ નાના સ્તરના ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે અને તેથી સૌથી મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે આવક નિર્માણની પ્રવૃત્તિઓ દ્વારા ગરીબીને દૂર કરવામાં આવે. અભ્યાસમાં એસ.એચ.જી. જેવા કે અભિનવ ફાર્મર્સ કોઓપરેટીવ સોસાયટી, ગ્રાસરૂટસ, ગ્રામીણ બેંક, આસામ ટી કોર્પોરેશન વગેરે, કુદુંબશ્રી, ઈન્દિરા ક્રાંતિપધમારે એ મહિલાઓને નાણાંકીય ધિરાણ અને સ્વસહાય કરતી ઉદ્યોગની પ્રવૃત્તિઓના માધ્યમથી ટેકો પૂરો પાડીને સક્રિય રીતે મહિલાઓના સશક્તિકરણમાં ભાગ લઈ રહી છે.

અભ્યાસના તારણો એ પણ તથ્યને છતું કરે છે કે એસ.એચ.જી.ની સ્થાપના પ્રાથમિક તબક્કે મહિલાઓ માટે કરવામાં આવી હતી અને તમિલનાડુ અને કેરલાં જેવાં રાજ્યોમાં તો તે અભૂતપૂર્વ રીતે સફળ રહી છે. નાબાર્ડે પણ કમર્શિયલ બેંકો અને પ્રાદેશિક ગ્રામીણ બેંકોના સહયોગથી એસએચજી ઉપર મહિલાઓ માટે એક પાયલોટ પ્રોજેક્ટ પણ શરૂ કર્યો હતો. આ ઉપરાંત બિનકૃષિ ક્ષેત્ર અંતર્ગત નાણાંકીય સહાય માટે રાષ્ટ્રીય બેંકોના માધ્યમથી પુનઃનાણાંકીય ધિરાણ આપવાની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.

ત્રણ રાજ્યોમાં કરવામાં આવેલ અભ્યાસ જણાવે છે કે એસએચજીની સ્થાપના થવાની લોનની રિકવરી, કરકસરનો વિકાસ અને સભ્યોની અંદર સ્વસહાય, આવક ઊભી કરતા સંસાધનો ખરીદવા માટે નાણાંનો અસરકાર ઉપયોગ તથા મહિલાઓનું સશક્તિકરણ કરવા માટે ઘણી મદદ મળી છે કે જ્યાં એસએચજીની વ્યાપક મદદના પરિણામે મહિલા ઉદ્યોગસાહસિકતા અને સૂક્ષ્મ ઉદ્યોગોનો વિકાસ થયો છે. તેમણે મહિલાઓને તાલીમ આપીને સૂક્ષ્મ નાણાંકીય ધિરામ, ક્ષમતા નિર્માણ કાર્યક્રમો પૂરા પાડ્યા છે અને તેમના આર્થિક ટેકા વડે તેમનું સંવર્ધન કર્યું છે. વર્તમાન સમયમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આર.બી.આઈ.) પણ ફાયનાન્સિગમાં એસ.એચ.જી.ના મહત્ત્વને અને ભૂમિકાને સમજે છે અને આથી તેણે નાબાર્ડની સહાયથી મહિલા ઉદ્યોગ સાહસિકોને મધ્યમ કદની લોન આપવાનું પણ શરૂ કર્યું છે. મહિલા ઉદ્યોગસાહસિકોની સુંદરતા એ અન્ય મહિલાઓ માટે આગળ આવવા અને સમાનતકો સાથે તેમને ઉદ્યોગને નિભાવવા માટે આ કાર્યક્રમમાં ભાગીદાર બનવા એક પ્રેરણાસ્ત્રોત સમાન છે. સમગ્ર વિશ્વમાં મોટા ભાગના સ્ટાર્ટ અપ્સ મહિલા ઉદ્યોગકારો દ્વારા સહન કરવી પડતી નાણાંકીય સમસ્યાને કારણે નિષ્ફળ નીવડ્યા છે પંરતુ વર્તમાન સમયમાં એસ.એચ.જી.ના કારણે મિહલા ઉદ્યોગકારોની અંદર તે બાબતનો અનુભવ કરવા અને તેમના સ્વપનોને સાકાર કરવા માટે વિશ્વાસનું સંપાદન થયું છે. આથી, આ પ્રકારની વૃદ્દિ એ ભારતમાં સાચા અર્થમાં સંકલિત વૃદ્ધિ છે કે જે મહિલાઓના નાણાંકીય સશક્તિકરણનું નેતૃત્વ કરશે (સબીરા ફઝલ ભોય, 2014).

**ભારત સરકારની પહેલ :**

મહિલા ઉદ્યોગકારોના મહત્ત્વ અને રાષ્ટ્રના વિકાસ તથા સમૃદ્ધિને સફળ બનાવવા માટે તેમની આર્થિક ભાગીદારીના મહત્ત્વને સમજીને ભારત સરકારે એ બાબતની ખાતરી કરી છે કે તમામ નીતિગત પહેલો મહિલાઓ માટે સમાન તક પૂરી પાડવા માટેની હોય તે દિશામાં આગળ વધે. સરકાર લોન, નેટવર્ક, માર્કેટ અને તાલીમ સુધી પહોંચ પૂરી પાડીને ભારતના ઉદ્યોગસાહસિક માળખામાં મહિલાઓને આગળની હરોળમાં લાવવા માંગે છે.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો વિકાસ સંસ્થાન (એમ.એસ.એમ.ઈ.ડી.ઓ.), વિવિધ સ્ટેટ સ્મોલ ઈન્ડસ્ટ્રીસ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એસ.એસ.આઈ.ડી.સી.), રાષ્ટ્રીયકૃત બેંકો અને

એનજીઓ પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી પ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ (ઈ.ડી.પી.)નો સમાવેશ થાય છે, તેનો ઉદ્દેશ્ય ક્ષમતા ધરાવતી મહિલા ઉદ્યોગકારો કે જેમની પાસે બની શકે કે જરૂરી શૈક્ષણિક પાર્શ્વભૂમિકા અને કૌશલ્ય ના હોય તેમની જરૂરિયાતોને પૂરી કરવાનો છે. એમ.એસ.એમ.ઈ.ડી.ઓ. દ્વારા ટીવી રિપેરીંગ, પ્રિન્ટેડ સર્કીટ બોર્ડ, ચામડાની વસ્તુઓ, સ્ક્રીન પ્રિન્ટીંગ વગેરે જેવા ક્ષેત્રોની અંદર પ્રક્રિયા/ઉત્પાદન કેન્દ્રિત ઈડીપીનો પ્રારંભ કર્યો છે. મહિલાઓ દ્વારા મેળવવામાં આવેલ સિદ્ધિની સરાહના કરવા માટે અને મહિલા ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા માટે વર્ષ દરમિયાન 'અદ્ભૂત મહિલા ઉદ્યોગ સાહસિક'ને એક ખાસ ઈનામ આપવામાં આવે છે. અમુક ચોક્કસ સમસ્યાઓ અનુભવતી મહિલા ઉદ્યોગકારોને સહાયતા અને સંકલન પૂરું પાડવા માટે ડીસી (એમ.એસ.એમ.ઈ.)ની કચેરીએ એક મહિલા સેલ પણ ખોલ્યું છે.

સરકારની અન્ય પણ અનેક યોજનાઓ છે જેવી કે આવક નિર્માણ યોજના કે જેને મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી છે, જે જરૂરિયાતમંદ મહિલાઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવા માટે તાલીમ કમ આવક નિર્માણ કરતી પ્રવૃત્તિઓ ઊભી કરવા માટે સહાયતા પૂરી પાડે છે.

સ્મોલ ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (સીડબી) વડે મહિલાઓ માટે બે વિશેષ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે, પ્રથમ છે મહિલા ઉદ્યમ નિધિ કે જે મહિલા ઉદ્યોગકારોને ઈક્વિટી પૂરી પાડવા માટેની એક માત્ર યોજના છે અને બીજી મહિલા વિકાસ નિધિ કે જે મહિલાઓને આવક ઊભી કરતી પ્રવૃત્તિઓ ઊભી કરવા માટે વિકાસાત્મક સહાયતા આપે છે. સીડબીએ મહિલાઓ ઉપર ભાર મુકીને હળવી શરતો ઉપર નાણાંકીય જરૂરિયાતો પૂરી કરવા માટે એક અનૌપચારિક ચેલન શરૂ કરવાની પહેલ પણ હાથ ધરી છે. આ ઉપરાંત મહિલા માટે કામ કરતી સેવા ભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ માટે ક્રેડીટ યુટિલાઈઝેશન અને ક્રેડીટ ડીલીવરી સ્કીલ અંગેની તાલીમ પણ પૂરી પાડે છે. સેન્ટ્રલ સોશ્યલ વેલ્ફેર બોર્ડના સામાજિક આર્તિક કાર્યક્રમ અંતર્ગત ઉત્પાદન એકમ શરૂ કરવા માટે ગ્રાન્ટ પણ ઉપલબ્ધ છે.

**ઉદ્યોગશીલતા અને નવીનીકરણને પ્રોત્સાહન આપતા ભારતના કેટલાંક પ્રયત્નો નીચે મુજબ છે :**

સ્ટાર્ટ અપ ઈન્ડિયા : સ્ટાર્ટ અપ ઈન્ડિયા પહેલના માધ્યમથી ભારત સરકાર સ્ટાર્ટ અપને તેમના સંપૂર્ણ કાર્યકાળ દમરિયાન તેમની દેખરેખ રાખીને, તેમનું સંવર્ધન કરીને અને તેમની જરૂરી સુવિધાઓ પૂરી પાડીને પ્રોત્સાહન આપી રહી છે. જાન્યુઆરી 2016માં તેના પ્રારંભથી લઈને આ પહેલે ઘણા બધા મહત્ત્વાકાંક્ષી ઉદ્યોગકારોને શરૂઆત કરવાની પ્રેરણા પૂરી પાડી છે. સ્ટાર્ટ અપને સફળ બનાવવા માટેના 360 ડીગ્રીની પહોંચ સાથે આ પહેલ ચાર અઠવાડિયાનો એક વ્યાપક મફત ઓનલાઈન કાર્યક્રમ પૂરો પાડે છે, તેમજ શિક્ષણવિદો અને ઔદ્યોગિક સંસ્થાઓના એક મજબૂત માળખાનું નિર્માણ કરીને સમગ્ર દેશમાં એક સંશોધન પાર્ક, ઈન્કયુબેટર્સ અને સ્ટાર્ટ અપ્સ કેન્દ્રોની પણ સ્થાપના કરી છે.

**મહિલાઓ માટે તાલીમ અને રોજગારી કાર્યક્મને સહાયતા (STEP) :**

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા એવી મહિલાઓ કે જેમની પાસે કોઈ ઔપચારિક કૌશલ્ય તાલીમની સુવિધા નથી ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રોમાં તેમને તાલીમ પૂરી પાડવા માટે સ્ટેપની શરૂઆત કરવામાં આવી હતી. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય તેમજ નીતિ આયોગ દ્વારા તાજેતરમાં જ 30 વર્ષ જૂની પહેલની માર્ગદર્શિકાઓને વર્તમાન સમયની માંગણીઓને પહોંચી વળવા માટે ફરીથી તૈયાર કરવામાં આવી . આ પહેલ 16 વર્ષથી ઉપરની તમામ ભારતીય મહિલાઓને આવરી લે છે. આ કાર્યક્રમ અનેક ક્ષેત્રોમાં કૌશલ્ય પૂરું પાડે છે જેમ કે કૃષિ, બાગાયતી, ખાદ્યાન્ન પ્રક્રિયા, હેન્ડલુમ, પારંપરિક ક્રાફ્ટ જેવાં કે એમ્બ્રોઈડરી, મુસાફરી અને પ્રવાસન, આતિથ્ય, કમ્પ્યુટર અને આઈ.ટી. સેવાઓ.

સ્ટેન્ડ અપ ઈન્ડિયા : 2015માં જાહેર કરવામાં આવેલ સ્ટેન્ડ અપ ઈન્ડિયા સંસ્થાગત મૂડીને ભારતના વંચિત સમુદાયના લાભ માટે મહત્તમ ઉપયોગ કરવા માંગે છે. તે મહિલા ઉદ્યોગકારો,

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યોને આર્થિક ભાગીદારી માટે સક્ષમ બનાવવા અને તેમની વચ્ચે ભારતના વિકાસના ફાયદાઓની વહેંચણી કરવા તરફ લક્ષ્યિત છે. આ સંદર્ભમાં ઓછામાં ઓછી એક મહિલા અને એસ.સી. અને એસ.સી. સમુદાયમાંથી એક વ્યક્તિને ઉત્પાદન, સેવાઓ અથવા વેપાર ક્ષેત્રમાં એક ગ્રીનફિલ્ડ ઉદ્યોગ શરૂ કરવા માટે 1 મિલિયનથી લઈને 10 મિલિયન રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે. સ્ટેન્ડ અપ ઈન્ડિયા પોર્ટલ એ નાના ઉદ્યોગકારો માટે એક ડીજીટલ મંચ પર પૂરું પાડે છે અને નાણાંકીય તેમજ ક્રેડીટ બાહેંધરીને લગતી માહિતી પૂરી પાડે છે.

**ટ્રેડ સંબંધી એન્ટરપ્રિન્યોરશીલ આસીસ્ટન્સ એન્ડ ડેવલપમેન્ટ (TREAD):**

ભારતની વંચિત મહિલાઓને નાણાંકીય મદદ પૂરી પાડવાના ગંભીર મુદ્દાને સંબોધવા માટે ટ્રેડ કાર્યક્રમ રસ ધરાવતી મહિલાઓને બિન સરકારી સેવાભાવી સંસ્થાઓ (એન.જી.ઓ.)ના માધ્યમથી નાણાંકીય મદદ મેળવવા માટે સક્ષમ બનાવે છે. તદનુસાર, મહિલાઓ લોન સુવિધાઓ મેળવવા અને પ્રસ્તાવિત ઉદ્યોગોને શરૂ કરવા માટે તાલીમની તકો અને માર્ગદર્શન પ્રાપ્ત કરવા એમ બંને માટે નોંધાયેલ એનજીઓની સહાયતા મેળવી શકે છે જેથી કરીને મહિલાઓને બિન કૃષિને લગતી પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે એક પથપ્રદર્શન મળી શકે.

**પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના(પીએમકેવીવાય) :**

કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિક મંત્રાલય (એમ.એસ.ડી.ઈ.) ની એક ફ્લેગશીપ પહેલ એવી આ સ્કીલ સર્ટીફીકેશન પહેલ કે જે આજીવિકા રળવા તેમજ રોજગારી નિર્માણ કરવા માટે ઉદ્યોગને સંલગ્ન કૌશલ્યમાં તકો વધારવા માટે યુવાનોને તાલીમ આપવા ઉપર લક્ષિત છે. અગાઉ શિક્ષણનો અનુભવ અથવા કૌશળ્ય ધરાવતા લોકો પણ તેમાં સામેલ થઈ શકે છે અને તેમને પણ પ્રાયર લર્નિંગના રીકગ્નીશન તરીકે પ્રમાણભૂત કરવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત તાલીમ અને મુલવણીની ફી સંપૂર્ણ રીતે સરકાર દ્વારા ભોગવવામાં આવે છે.

**સાયન્સ ફોર ઈક્વિટી એમ્પાવરમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ (SEED):**

સીડ એ ઉત્સાહી વૈજ્ઞાનિકો અને ફિલ્ડ લેવલના કાર્યકરોને તકો પૂરી પાડવા તરફ લક્ષિત છે કે જેઓ મહિલાઓ આધારિત પ્રક્રિયા કેન્દ્રી, સામાજિક આર્થિક ફાયદા માટે ચોક્કસ સ્થાન લક્ષિત છે અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં રાષ્ટ્રીય લેબોરેટરી અને અન્ય વિશેષણ વિજ્ઞાન અને ટેકનોલોજીને લગતી સંસ્થાઓને તદ્દન નીચલા સ્તરે નવીનીકરણ સાથે મેળવવાના પ્રયત્નો થઈ રહ્યા છે જેથી કરીને નિષ્ણાંતો અને ગુણવત્તાયુક્ત માળખાગત બાંધકામ પાસેથી ઈનપુટ મેળવી શકાય. સીડ વિકાસમાં ઈકિવટી ઉપરભાર મુકે છે જેથી કરીને ટેકનોલોજીના ફાયદાઓ વસ્તીના વિશાળ વિસ્તારને અને ખાસ કરીને વંચિતો સુધી આવરી શકાય.

**નીતિ આયોગ :**

આ યોગના ભારત સરકાર દ્વારા એવી વ્યક્તિગત મહિલાઓ માટે પ્રારંભ કરવામાં આવી છે કે જેઓ નાના નવા ઉદ્યોગ એકમો અને વ્યવસાયો શરૂ કરવા માંગે છે જેમ કે બ્યુટી પાર્લર, ટેઈલરીંગની દુકાન, ટ્યુશન કેન્દ્રો વગેરે, સાથે સાથે એવા મહિલાઓના સમુદાયને પણ કે જેઓ સાથે મળીને કોઈ કામ શરૂ કરવા માંગે છે. આ લોન મેળવવા માટે કોઈ સમાંતર સુરક્ષાની જરૂર નથી પડતી અને તે 3 યોજના અંતર્ગત મેળવી શકાય છે.

1. શિશુ-લોનની રકમની મર્યાદા 50000 રૂપિયા સુધીની છે અને તે એવા વ્યવસાયો માટે મેળવી શકાય છે કેજે તેના પ્રારંભના તબક્કામાં છે.
2. કિશોર-આ શ્રેણીમાં લોનની રકમ 50000થી 5 લાખ રૂપિયા સુધી વિસ્તૃત છે અને તે એવા લોકો દ્વારા મેળવી શકાય છે કે જેમની પાસે સ્થાપિત કરેલો સારો એવો ઉદ્યોગ છે.
3. તરુણ- તેમાં લોનની રકમ 10 લાખ રૂપિયા છે અને તે એવા લોકો દ્વારા મેળવી શકાય છે કે જેઓ સારી રીતે સ્થપાયેલા છે પરંતુ તેમના વ્યવસાયના વિસ્તરણ માટે તેમને વધુ નાણાંની જરૂરિયાત છે.

## 7.3 સારાંશ : (Let us sum up)

- ભારતને સ્વતંત્રતા મળ્યા પછી બંધારણ સભામાં આપણું બંધારણ મંજૂર થયું, તેમાં આમુખ માંજ સ્વાતંત્રતા, સમાનતા અને સામાજિક ન્યાયના સિધ્ધાંત દર્શાવવામાં આવ્યાં છે. ભારતીય બંધારણના ઘડવૈયાઓ સ્ત્રીઓની અગાઉની સામાજિક પરિસ્થિતિથી માહિતગાર હતા, તેથી તેમણે ખાસ કરીને સમાનતાનો અધિકાર, શોષણ વિરૂધ્ધના અધિકાર અને સામાજિક ન્યાય અપાવવાના આદર્શોને ધ્યાનમાં રાખીને તેમના માટેની અનેકવિધ જોગવાઈ કરી.

  આ બધી જ જોગવાઈઓ હોવા છતાં સ્ત્રીઓએ વિકાસની દિશામાં પગરવ માંડ્યા હોવા છતાં, તેમની તરફ જે અસમાનતા, ભેદભાવ,હિંસા વગેરેનું જે પ્રવર્તમાન વલણ જોવામાં આવે છે તે દૂર કરવા સ્ત્રીઓએ જાતે જ શક્તિ કેળવીને આવા સામાજિક દૂષણ સામેના યુધ્ધમાં લાગી જવું પડશે.
- ભારતમાં સ્ત્રીના સામાજિક દરજ્જાને ઘણાં તડકા-છાંયા જોયાં છે, ઈતિહાસ સાક્ષી પૂરે છે કે વેદકાલીન સમયમાં સ્ત્રીનો સામાજિક દરજ્જો ખૂબ ઊંચો હતો. ધીરે ધીરે સમયના વહેમ સાથે સ્ત્રીનું સામાજિક સ્થાન ઉતરતું ચાલ્યું. પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થામાં સ્ત્રી ઘરની ચાર દિવાલોમાં કેદ થતી ચાલી. ઘર ગૃહસ્થી ચલાવવી. બાળકો ઉછેરવા, ઘરની વડીલો તથા પુરુષ વર્ગની સેવા કરવી એજ સ્ત્રીનો ધર્મ બની રહ્યો ! ઘણા વર્ષો સુધી સ્ત્રીની આ સામાજિક સ્થિતિ રહ્યા પછી જેમ જેમ કન્યા કેળવણીનો વ્યાય વધતો ગયો તેમ તેમ સમાજમાં જાગૃતિ આવતી ચાલી.
- આજે તો કન્યાઓના સામાજિક સ્વાતંત્ર્યને સમાજે સ્વીકૃતિ આપવા માંડી છે. આજે કન્યાઓને બહાર ભણવાની, સામાજિક સંબંધો વિકસાવવાની, આધુનિક વસ્ત્રો ધારણ કરવાની, વાહનો ચલાવવાની તથા કોઈ પણ ક્ષેત્રમાં નોકરી કરવાની સ્વતંત્રતા મળવા લાગી છે.
- આજે સ્ત્રીઓ ખૂબજ ઊંચા સ્થાન પર પહોંચી છે. તે તેમની સામાજિક ઉન્નતિની નિશાની છે.

## 7.4 એકમ સ્વાધ્યાય : (Unit Exercises)

(1) લઘુ ધિરાણથી મહિલા સશક્તિકરણ કઈ રીતે થાય છે તે જણાવો.

(2) સતત સાર સંભાળ દ્વારા મહિલા સશક્તિકરણ કઈ રીતે થાય છે તે જણાવો.

(3) સંચાર માધ્યમ દ્વારા મહિલા સશક્તિકરણ કઈ રીતે થાય છે તે જણાવો.

(4) સ્ત્રીઓનું આર્થિક સશક્તિકરણ કઈ રીતે થાય છે તે જણાવો.

(5) મહિલા ઉદ્યોગ સાહસિકતાના કારણો જણાવો.

(6) મહિલા ઉદ્યોગ સાહસિકો સામેના પડકારો જણાવો.

(7) સ્ત્રીઓમાં ઉદ્યોગ સાહસિકતાનું પ્રમાણ વધારવા માટે માર્ગદર્શક સૂચનો જણાવો.

(8) આરોગ્ય સેવાઓ વધારે સુલભ કરીને મહિલાઓનું સશક્તિકરણ જણાવો.

(9) ઔપચારિક રોજગારી દ્વારા મહિલા સશક્તિકરણ કેવી રીતે થાય છે તે જણાવો.

(10) ઉદ્યોગ સાહસિકતા દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરણ કઈ રીતે થાય છે તે જણાવો.

## 7.5 તમારી પ્રગતિ ચકાસો

- **તમારા ઉત્તરો આપેલ ખાનામાં લખો :**

(1) લઘુ ધિરાણથી મહિલા સશક્તિકરણ કઈ રીતે થાય છે તે ટૂંકમાં જણાવો.

.....................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) સતત સાર સંભાળ દ્વારા મહિલા સશક્તિકરણ કઈ રીતે થાય છે તે જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) સંચાર માધ્યમ દ્વારા મહિલા સશક્તિકરણ કઈ રીતે થાય છે તે જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) મહિલા ઉદ્યોગ સાહસિકતાના કારણો ટૂંકમાં જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(5) મહિલા ઉદ્યોગ સાહસિકતા માટેના પડકારો ટૂંકમાં જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(6) સ્ત્રીઓમાં ઉદ્યોગ સાહસિકતાનું પ્રમાણ વધારવા માટે માર્ગદર્શક સૂચનો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(7) ઔપચારિક રોજગારી દ્વારા મહિલા સશક્તિકરણ કેવી રીતે થાય છે તે જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(8) આરોગ્ય સેવા વધારે સુલભ કરીને મહિલાઓનું સશક્તિકરણ ટૂંકમાં જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 7.7 સૂચિત વાંચન સામગ્રી : (Suggested Readings)


(1) ભસીત કમલા : યોજના, સપ્ટમ્બર- 2016, યોજના કાર્યાલય,અમદાવાદ (મહિલાઓનું સશક્તિકરણ)

(2) રાવલ ગાર્ગી : યોજના, જૂન-2012, યોજના કાર્યાલય, અમદાવાદ (લઘુ ધિરાણથી મહિલા સશક્તિકરણ)

(3) સુદાન પ્રીતિ : યોજના, ઓકટોબર-2018,યોજના કાર્યાલય,અમદાવાદ (સતત સાર સંભાર દ્વારા મહિલાઓનું સશક્તિકરણ )

(4) મુખોપાધ્યાય અર્ચના દત્તા : યોજના, આકટોબર-2018, યોજના કાર્યાલય, અમદાવાદ (સંચાર માધ્યમ દ્વારા મહિલા સશક્તિકરણ)

(5) ભટ્ટ ઈલા આર : યોજના, સપ્ટેમ્બર- 2016 યોજના કાર્યાલય, અમદાવાદ (મહિલાઓનું આર્થિક સશક્તિકરણ)

(6) શાહ ઋચા : યોજના, સપ્ટેમ્બર- 2016, યોજના કાર્યાલય, અમદાવાદ (મહિલાઓમાં ઉદ્યોગ સાહસિકતા)

(7) લાહરિયા ચંદ્રકાંત : યોજના, ઓકટોબર-2018, યોજના કાર્યાલય, અમદાવાદ (આરોગ્ય ક્ષેત્રમાં મહિલાઓનું સશક્તિકરણ)

(8) માધુરી એન. વી. : યોજના, ઓકટોબર-2018, યોજના કાર્યાલય, અમદાવાદ (ઉદ્યોગ શિલતા વિકાસ)

એકમ 8

# સ્ત્રી સશક્તિકરણ-૪

## : રૂપરેખા :


8.1 પ્રસ્તાવના

8.2 સ્ત્રીઓનું સશક્તિકરણ- સરકાનો અભિગમ

8.3 આદિવાસી સ્ત્રી સશક્તિકરણ

8.4 જાતિય સશક્તિકરણના પડકારો

8.5 સ્ત્રીઓ અને અર્થતંત્ર

8.6 સામાજિક પરિવર્તનમાં મહિલાઓનો ફાળો

8.7 સામાજિક ઉન્નતિનો આધાર સ્તંભ : મહિલા સશક્તિકરણ

8.8 સશ્કત સ્ત્રી શસક્ત દેશ

8.9 કૃષિક્ષેત્રમાં સ્ત્રી-શસક્તિકરણ માટે જરૂરિયાત

8.10 સારાંશ

8.11 એકમ સ્વાધ્યાય

8.12 તમારી પ્રગતિ ચકાસો

8.13 સૂચિત વાંચન સામગ્રી


**ઉદ્દેશો : (Objectives)**

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ............

(1) સ્ત્રીઓનું સશક્તિકરણ-સરકારનો અભિગમ સમજી શકશો.

(2) આદિવાસી સ્ત્રી સશક્તિકરણ સમજી શકશો.

(3) જાતિય સશક્તિકરણના પડકારો સમજી શકશો.

(4) સ્ત્રીઓ અને અર્થતંત્ર સમજી શકશો.

(5) સામાજિક પરિવર્તનમાં સ્ત્રીઓનો ફાળો સમજી શકશો.

(6) સામાજિક ઉન્નતિનો આધાર સ્તંભ- સ્ત્રી સશક્તિકરણ સમજી શકશો.

(7) કૃષિક્ષેત્રમાં સ્ત્રી- સશક્તિકરણ માટે જરૂરિયાત સમજી શકશો.

## 8.1 પ્રસ્તાવના :

- મહિલાઓના સશક્તિકરણની પ્રક્રિયા એક સતત ચાલતો પ્રયાસ છે અને તેની દરખાસ્ત નેશનલ પોલીસી ફોર વિમેનમાં કરવામાં આવી છે. આરોગ્ય, શિક્ષણ, આર્થિક બાબતો, સુશાસન અને નિર્ણય પ્રક્રિયા, આવાસ અને માળખાગત સુવિધાઓ મળી રહે તેવું વાતાવરણ, મહિલાઓ સાથે હિંસાનું નિવારણ, પીવાનું સલામત, પાણી અને તથા સેનિટેશન, ખાસ મીડિયા, રમત ગમત, સામાજિક સુરક્ષા વગેરે જેવી સાત અગ્રતાઓ નક્કી કરીને યોગ્ય વાતાવરણ ઊભું કરીને સગવડો આપવામાં આવી રહી છે. આ ડ્રાફ્ટ પોલિસીમાં પર્યાવરણ અને વાતાવરણમાં પરિવર્તન જેવા મુદ્દાઓની પણ રૂપરેખા આપવામાં આવી છે.
- મહિલાઓ માટે સાયબર સ્પેસ સલામત બનાવવાની તથા જાતિય આધારે કામગીરી માટેના નાણાં ચૂકવાતાં ન હોય તેવી પ્રક્રિયાઓનું પુનઃ ગઠન તથા વ્યક્તિલક્ષી અને પરંપરાગત

કાયદાઓની બંધારણની જોગવાઈઓ મુજબ સમીક્ષા કરવા, આર્ટિફિશ્યલ રિપ્રોડક્ટિવ ટેકનિકસ અપનાવતી મહિલાઓના અધિકારોને સુરક્ષા આપવા, સિંગલ વુમનની જરૂરિયાતો પારખીને તેમના માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવા તતા મહિલાઓ ઉદ્યોગ સાહસિક પ્રવૃતિઓમાં સામેલ થઈ શકે તેવી નિષ્ઠા સાથે આ બધા પડકારોને હલ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

- મહિલાઓને આરોગ્ય, શિક્ષણ, સલામતી તથા સમાન દરજ્જો આપવા જેવા હેતુ માટે ઘડાયેલી સામાજિક નીતિના પાયામાં હંમેશા પછાત, ગરીબ અને વંચિત વર્ગની મા-બહેન-દીકરી અભિપ્રેત હોય છે. અંતરિયાળ ક્ષેત્રમાં વસવાટ કરતા સમાજને બેઠો કરવા માટે મહિલાઓનું ઉત્થાન અનિવાર્ય બને છે, કારણ કે પરિવર્તનની પ્રણેતા તરીકે એક સ્ત્રી અદ્ભુત ભૂમિકા અદા કરી શકે છે.

## 8.2 સ્ત્રીઓનું સશક્તિકરણ : સરકારનો અભિગમ

પુરુષ અને સ્ત્રી વચ્ચેની જાતિય સમાનતા (Gender equality) ને ભારતના બંધારણના આમુખ, મૂળભૂત હક્કો, મૂળભૂત ફરજો અને દિશાસૂચક સિદ્ધાંતોમાં સમાવેશ કરીને પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. બંધારણ મહિલાઓને માત્ર સમાનતા બક્ષતું નથી પણ રાજયને મહિલાઓની તરફેણમાં પગલાં ભરવાની સત્તા પણ આપે છે. સમાનતા બક્ષતું નથી પણ રાજયને મહિલાઓની તરફેણમાં પગલાં ભરવાની સત્તા પણ આપે છે. સમાનતા અને સમાવેશી વિકાસના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને, મહિલાઓને સશક્તિકરણ અને બાળકોને પોષણ આપવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. મહિલાઓ એ બાળકો ભેગાં મળીને H ભારતની કુલ વસ્તીનો અંદાજ 70 ટકા હિસ્સો ધરાવે છે. મહિલાઓના જીવન માટે અસરકર્તા બની શકે અને સ્પષ્ટ પરિણામો આપી શકે તેમજ દેખીતાં પરિણામો આપી શકે તેમજ દેખીતાં પરિણામો આપી શકે તેવા વિવિધ કાયદાઓ ઘડવામાં આવ્યા છે અને એ દ્વારા મહિલાઓના જીવનમાં હકારાત્મક અસર પેદા થાય તે હેતુથી આયોજનો, નીતિઓ અને કાર્યક્રમો ઘડી કાઢવામાં આવે છે.

મહિલાઓનું સશક્તિરણ જટિલ વિષય હોવાથી તતા તેના વ્યાપક નિર્દેશકો હોવાને કારણે, વર્તમાન અભ્યાસ લેખમાં સરકાર દ્વારા આર્થિક અને સાથે સાથે સામાજિક પરિવર્તનના ઉદ્દેશથી કેટલીક મહત્ત્વની દરમ્યાનગીરીઓ (interventions) હાથ ધરવામાં આવી છે. સશક્તિકરણ એ એક ક્ષમતા સર્જતી પ્રક્રિયા છે અને તે મહિલાઓની આરોગ્ય, શિક્ષણ, સલામતી અને નાણાંકીય સલામતી સહિતની સ્થિતિમાં સુધારો થાય ત્યારે જ હાંસલ થઈ શકે છે.

### આરોગ્ય

ભારતની મોટી વસતિને અને ખાસ કરીને ગરીબ અને વંચિતો ને ગુણવત્તાયુક્ત અને પોસાય તેવી આરોગ્ય અંગેની સગવડો પૂરી પાડવાની બાબત ભારત સરકાર માટે એક પ્રચંડ કામગીરી છે. છેક 2005થી નેશનલ રૂરલ હેલ્થ મિશન (NHRM) ચાલે છે. હવે તેને નેશનલ હેલ્થ મિશનનું નવું નામ આપવામાં આવ્યું છે. તેના દ્વારા ગામડામાં વિવિધ સ્તરે બહેતર માળખાગત સુવિધાઓ, ઔષધો અને સાધનો વગેરે પહોંચાડવાની પરિસ્થિતિમાં સુધારો થાય તેમજ આરોગ્ય સેવાઓ માટે માનવ સંસાધન (સ્ટાફ) ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

જીવન ટકાવવા માટેના જે નિર્દેશકો છે તેમાં આરોગ્ય એ એક પૂર્વ અપેક્ષિત (પહેલાંથી જ જરૂરી) બની રહે છે. ભારતમાં એક તૃતિયાંશ કરતાં વધુ (35.6 ટકા) વર્ગને નીચા બોડીમાસ ઈન્ડેક્સ (BMI) ની સ્થિતિ સાથે સગર્ભાવસ્થામાં પોષણના અભાવની બાબત ભારતમાં મોટો પડકાર છે. એવી જ રીતે, ભારતની મોટાભાગની મહિલાઓને કુપોષણની સ્થિતિ વિપરિત અસર કરી રહી હોવાને કારણે દર ત્રીજી મહિલાને પૂરતું પોષણ મળતું નથી અને દર બીજી મહિલા એનિમિયાનો માતા અને બાળકને પૂરતા પોષણના અભાવની સ્થિતિ નિવારવા માટે ઘનિષ્ઠ બાળ વિકાસ સેવાઓ (Integreted Child Development Services- (ICDS) ને સર્વ વ્યાપી બનાવવામાં આવી છે તથા મજબૂતી બક્ષવામાં આવી છે. આઈસીડીએસને વિશ્વની સૌથી મોટા અને બાળકોમાં નાની વયે

આરોગ્યની સંભાળ તથા વિકાસ ક્ષમતા પૂરી પાડવા અનોખા પ્રસાર કાર્યક્રમમાંના એક તરીકે થાય છે. તે 14 લાખ આંગણવાડીઓ દ્વારા દેશના તમામ બ્લોક અને જિલ્લાઓને આવરી લે છે અને 1.9 લાખ સગર્ભા તથા બાળકોનું પાલનપોષણ કરતી માતાઓ તથા છ વર્ષથી ઓછી ઉંમર ધરાવતાં 8.4 કરોડ બાળકોની પોષણની જરૂરિયાતોને આવરી લે છે. આ યોજનાની પ્રસાર પ્રવૃત્તિના ભાગ તરીકે માતા અને બાળકોને આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ આરોગ્ય અને પોષણ દિવસનું આયોજન કરવામાં આવે છે.

માતાઓના મૃત્યુનો ગુણોત્તર (Maternal Mortality Ratio-MMR) ઘટાડવા માટે સરકાર દ્વારા કેટલીક દરમ્યાનગીરીઓ હાથ ધરવામાં આવી છે. એમાં જનની સુરક્ષા યોજના હેઠળ જે કેટલાંક મહત્ત્વનાં પગલાં લેવામાં આવે છે તેમાં જાહેર આરોગ્ય સંસ્થામાં પ્રસૂતિ કરાવનાર તમામ મહિલાઓને તદ્દન વિના મૂલ્યે પ્રસૂતિની સગવડ તથા સિઝેરિયન સેક્શન માટે પણ કોઈ પણ ખર્ચ લીધા વગર જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ (JSSK) હેઠળ સંસ્થાકીય ધોરણે પ્રસૂતિને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ ઉપરાંત સગર્ભા માતા અને બાળકોને આરોગ્યલક્ષી સુવિધા પૂરી પાડવા માટે માતા અને બાળ સુરક્ષા કાર્ડ આપવામાં આવે છે. એન્ટિનેટલ, ઈન્ટ્રાનેટલ તથા પોસ્ટનેટલ સંભાળ ઉપરાંત રસીકરણ સર્વિસ માટે માતા અને બાળકનું ધ્યાન રાખી શકાય તે માટે ટ્રેકિંગ સિસ્ટમ વિકસાવવામાં આવી છે. યોગ્ય સ્તરે સુધારાત્મક પગલાં લઈ શકાય તે માટે પ્રસૂતિ આસપાસના દિવસોમાં મૃત્યુ અંગે સમીક્ષા માટે મેટરનલ ડેથ રિવ્યુ (MDR) હાથ ધરવામાં આવે છે. રજિસ્ટ્રાર સિસ્ટમ (RGI-SRS) દ્વારા બહાર પાડવામાં આવેલા એક તાજા અહેવાલ અનુસાર યોગ્ય સ્તરે સુધારત્મક કામગીરી હાથ ધરવાને કારણે સગર્ભા અને પ્રસૂતા માતાની કાળજીમાં પ્રશંસાપાત્ર સુધારો નોંધાયો છે. 2007-09 થી 2010-12 દરમ્યાન માતાઓના મૃત્યુનો ગુણોત્તર દર 1,00,000ની સંખ્યાને 2012 હતો તે ઘટીને 178 સુધી આવ્યો છે.

NFHS-4 ના તાજા આંકડા (2015-16) અનુસાર 13 રાજ્યોના બહાર પાડવામાં આવેલી વિગતોમાં એવું પુરવાર થયું છે કે સગર્ભા અવસ્થા અને બાળકના જન્મ વખતે બહેતર સંભાળ અને સગવડ મળી રહેવાને કારણે ભારતમાં બાળકો જીવતાં રહેવાના દરમાં સુધારો નોંધાયો છે. વધુને વધુ મહિલાઓ હવે તબીબી સુવિધા ઉપલબ્ધ હોય એવા સ્થળે બાળકને જન્મ આપે છે. છેલ્લા દાયકામાં તો કેટલાંક રાજ્યોમાં આ સંખ્યા બમણા કરતાં પણ વધુ થી છે. નેશનલ હેલ્થ પોલિસી 2015માં પણ મહિલાઓની પ્રજનનલક્ષી, બાળકોની તબિયતને લગતી તથા આરોગ્યલક્ષી ચોક્કસ જરૂરિયાતોને પહોંચી વળવાની બાબતને જરૂરી ગણાવવામાં આવી છે. એમાં પુરુષોને નસબંધી તથા ગર્ભ નિરોધકના ઉપોયગનો લક્ષ્યાંક વધારવાની આવશ્યકતા દર્શાવવામાં આવી છે.

**શિક્ષણ**

શિક્ષણ એ મહિલાઓના દરજ્જો જાણવા માટેનું અત્યંત મહત્ત્વનું માપ છે પરંતુ મહિલાઓને શિક્ષણના લાભ ઉપર પૂરતો પાડવા ઉપર વધુ ઝોક દાખવી શકાયો નથી. મહિલાઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા માટે અને તેમનાંમાં યોગ્ય કૌશલ્ય વિકસાવવા માટે સરકારે પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણના સ્તેર ટેક્નિકલ શિક્ષણના ઘણા કાર્યક્રમો અમલમાં મૂક્યા છે. કોઈ પણ ખર્ચ વગર અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મેળવવા માટે તમામ બાળકોને અધિકાર આપવાના હેતુથી રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ (આરટીઈ) 2009, એપ્રિલ 2010માં કાયદાનું સ્વરૂપ પામ્યો છે. પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના સ્તરે વ્યાપક શિક્ષણ સુવિધા ઉપલબ્ધ બને તે હેતુથી સર્વ શિક્ષા અભિયાન (SSA) શરૂ કરવામાં આવ્યું છે. આને પરિણામે ગામડાંની અને શહેરી વિસ્તારની શાળાઓમાં બાળકોને દાખલ કરવાનું પ્રમાણ વધ્યું છે અને તેમાં વિતેલાં વર્ષોમાં સ્થિર દરે પ્રગતિ થઈ રહી છે.

સર્વ શિક્ષા અભિયાનના વિકાસની સાથે સાથે દેશમાં માધ્યમિક શિક્ષણની માંગ પણ વધતી ચાલી છે. 14 થી 18 વર્ષની વયનાં બાળકોને માધ્યમિક શિક્ષણ ઉપલબ્ધ બને તે હેતુથી વર્ષ 2009પછી રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાલ હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત સર્વ શિક્ષા અભિયાન હેઠળ સી.બી.એસ.ઈ. પણ અભ્યાસ કરવા માગતી છોકરીઓ માટે ઉડાન નામની એક યોજના લઈને

આવી છે. તેમાં માર્ગદર્શન ઉપરાંત શિષ્યવૃત્તિ આપવામાં આવે છે અને તેનો ઉદ્દેશ એન્જિનિયરિંગ કૉલેજોમાં છોકરીઓના ઓછા પ્રવેશની સ્થિતિ નિવારવાનો, પ્રવેશ પરીક્ષાની સ્થિતિ નિવારવાનો, પ્રવેશ પરીક્ષા બહેતર બનાવવાનો તથા તમામને ફ્રી ઓનલાઈન સાધનો પૂરા પાડીને શાળાના સ્તેર ગણિત અને વિજ્ઞાનનું બહેતર શિક્ષણ ઉપલબ્ધ કરવાનો છે.

ઉચ્ચ શિક્ષણના સમગ્રલક્ષી વિકાસ માટે રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. સરકારે પ્રધાનમંત્રી વિદ્યાલક્ષ્મી કાર્યક્રમ હેઠળ વિદ્યાલક્ષ્મી (www.vidyalakshmi.co.in) નામના એક વેબ આધારિત પોર્ટલનો પ્રારંભ કર્યો છે, જેની હેઠળ ઉચ્ચ શિક્ષણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ધિરામ આપવામાં આવે છે. વિદ્યા લક્ષ્મી એક અનોખું પોર્ટલ છે જે વિદ્યાર્થીઓને માહિતી મેળવવા માટે તથા બેંકો દ્વારા મળતા અભ્યાસ ધિરાણ તથા સરકારી શિષ્યવૃત્તિ મેળવવા માટે અરજી કરવા માટે અરજી કરવા માટે સિંગલ વીન્ડો પૂરી પાડવાનું કામ કરે છે.

ભારતની મહિલાઓ વિવિધ ક્ષેત્રોમાં વગદાર સ્થાનો ધરાવીને ઉચ્ચ શિક્ષણમાં નવી ઊંચાઈઓ સર કરી રહી હોવા છતાં હજુ પણ સમાજમાં જાતિય ભેદભાવ પ્રવર્તે છે. યુવાન છોકરા છોકરીઓને જાતિયતા અંગે સંવેદનાશીલ બનાવવા માટે હકારાત્મક સામાજિક ધોરણો પ્રસ્થાપિત કરવાની જરૂર છે. દેશભરની કૉલેજોમાં જેન્ડર ચેમ્પિયનશિપ યોજવાની જોગવાઈ કરવામાં આવી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને આ બાબતે તમામ કોલેજો અને યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરોને માટે જાહેરનામું બહાર પાડી દીધું છે અને તેના અમલ માટેની માર્ગરેખાઓ પણ બહાર પાડવામાં આવી છે.

**સુરક્ષા અને સમાલતી**

પુરુષ સ્ત્રી વચ્ચે સમાનતાની ખાતરી માટે તથા મહિલાઓ સાથે ભેદભાવ અને હિંસા સામે લડત આપવી તે વિકાસલક્ષી અને સમાવેશી સોસાયટીના નિર્માણના રાષ્ટ્રીય ધ્યેયનો એક ભાગ છે. સરકાર મહિલાઓ અને છોકરીઓ સાથેની તમામ પ્રકારની હિંસાઓ અંત લાવવા માટે કટિબધ્ધ છે અને સરકારે આ સ્થિતિ શક્ય બને તેવા કાયદા પણ ઘડ્યા છે. ભોગ બનેલી મહિલાઓને સહયોગ આપવો તથા ભોગ બનેલી વ્યક્તિઓની સુરક્ષા માટે પોલીસ અને અન્ય એજન્સીઓ પાસે યોગ્ય સાધનો ઉપલબ્ધ કરવાની બાબત સરકારના અભિગમમાં કેન્દ્ર સ્થાને છે. બળાત્કાર અને જાતિય હિંસાના કિસ્સાઓમાં,ભોગ બનેલી મહિલાનો અવાજ સાંભળવામાં આવે અને તેમને ન્યાય મળી રહે એ બાબતની સરકાર ખાતરી રાખી રહી છે.

મહિલાઓ સાથે જાતિય ભેદભાવની સ્થિતિ હલ કરવા તતા તેમની સાતે આચરવામાં આવતી હિંસા નિવારવા માટે તાજેતરમાં ઘડાયેલાં કેટલાંક કાયદા મહિલાઓને કામ કરવા માટે તથા તેમની ક્ષમતા સંતોષાય તે રીતે કામ કરવા માટેનું વાતાવરણ પૂરું પાડે છે. દા.ત. ક્રિમિનલ લો (એમેન્ડમેન્ડ) એક્ટ 2013 બળાત્કાર જેવા ગુનો કરનારને વધુ કડક શિક્ષા થઈ શકે એટલા માટે ઘડવામાં આવ્યો છો. એમાં જાતિય હુમલા (sexual assualt) અને જાતિય સતામણી અંગેની વ્યાખ્યાને વધુ વ્યાપક બનાવવામાં આવી છે. એસિડ એટેક, જાતિય સતામણી, છુપાઈને જાતિય સમાગમ જોવાની કે જાતિય અંગે જોવાની પ્રવૃત્તિ (Voyeurism) તથા મહિલાને નિર્વસ્ત્ર કરવા જેવા ગુનાઓને ઈન્ડિયન પીનલ કોડ હેઠળ સમાવી લેવામાં આવ્યા છે. હિંસાગ્રસ્ત મહિલાને તાત્કાલિક રાહત મળી રહે તે માટે આ કાયદામાં આરોગ્યલક્ષી લેવાઓ આપતા તંત્ર સહિત સરકારી અધિકારીઓ માટે પણ વધુ જવાબદારીની જોગવાઈ કરી છે. સેકસ્યુઅલ હેરેસમેન્ટ ઓફ વિમેન એટ વર્ક પ્લેસ (પ્રિવેન્શન, પ્રોહિબિશન એન્ડ રિડ્રેસલ) એક્ટ 2013નો ઉદ્દેશ મહિલાઓને કામના સ્થળ સલામત અને સુરક્ષિત વાતાવરણ પુરૂં પાડવાનો છે. આ કાયદાઓને પ્રોટેકશન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ 2005ને પૂરક માનવામાં આવ્યો છે. પિવારમાં કોઈપણ પ્રકારની હિંસાનો ભોગ બનેલી મહિલાઓના અધિકારોની સુરક્ષા થઈ શકે તે માટે જોગવાઈઓ કરાઈ છે. પ્રોહિબિશન ઓફ ચાઈલ્ડ મેરેજ એક્ટ 2006 બાળ લગ્નોને પ્રતિબંધિત કરે છે. બાળકોને જાતિય ગુનાઓથી સુરક્ષા આપતો 2012નો કાયદો બાળકો ઉપરના જાતિય હુમલા સામે સુરક્ષા આપે છે. પ્રિકન્સેપ્શન અને પ્રિનેટલ ડાયગ્નોસ્ટિક ટેકનિક એક્ટ (PC&PNDT) 1994, ગર્ભધારણ થયા પછી અને તે પહેલાં

બાળકની જાતિ નક્કી કરવા પર પ્રતિબંધ મુકે છે. જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ 2015 બાળકની વિકાસ માટેની જરૂરિયાતો પૂર્ણ કરીને યોગ્ય સુરક્ષા અને સારવાર પૂરી પાડે છે અને તેમાં બાળકો સાથે મૈત્રીપૂર્ણ અભિગમ અપનાવવાની જોગવાઈ છે. મેટરનિટી બેનિફીટ (એમેન્ડમેન્ટ) બિલ 2016ને રાજ્યસભાએ મંજૂરી આપી દીધી છે. આ વિધેયકમાં નોકરી કરતી મહિલાઓ માટે પ્રસૂતિની રજાઓ 12 અઠવાડિયાથી વધારીને 26 અઠવાડિયા કરવામાં આવી છે, જેનાથી ચોક્કસપણે ભારતના શ્રમદળમાં મહિલાઓનો સહયોગ વધશે.

મહિલાઓને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સલામતી, સુરક્ષા અને પુનઃવસવાટની ખાત્રી મળી રહે તે માટે સરકારે મહત્ત્વના પ્રોગ્રામો તથા મહત્ત્વની કાર્યક્રમલક્ષી દરમ્યાનગીરી દ્વારા નિર્ભયા ફંડ ઊભું કર્યું છે અને અત્યાર સુધીમાં આશરે રૂા. 2000 કરોડની દરખાસ્તો દ્વારા નિર્ભાય ફંડ હેઠળ ભલામણો કરવામાં આવી છે, જેમાં મહિલાઓને તબીબી સહાય, પોલીસ સહાય, કાનૂની માર્ગદર્શન/કોર્ટ કેસ મેનેજમેન્ટ જેવી સહાય, સાયકોસોશ્યલ કાઉન્સેલિંગ અને હિંસાનો ભોગ બનેલી મહિલાને કામચલાઉ આશરો આપવા માટેની વ્યવસ્થા આપતા વન સ્ટોપ સેન્ટર્સ રચવામાં આવ્યા છે. આ ઉપરાંત તાકીદની પરિસ્થિતિમાં 24 કલાક સર્વિસ આપતી વિમેન હેલ્પ લાઈન અને નોન-ઈમરજન્સી રિસ્પોન્સ તેમજ દેશના તમામ પોલીસ સ્ટેશનોમાં મહિલાઓ સાતેના ગુનાઓ માટે ઈન્વેસ્ટીગેટિવ યુનિટ (IUCAW) ની દેશના પોલીસ જિલ્લાઓમાં રચના કરાઈ છે. ટ્રેનના વિવિધ કોચમાં સીસીટીવી સર્વેલન્સ કેમેરા લગાવવામાં આવ્યા છે. નેશનલ ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ દ્વારા સેન્ટ્રલ વિક્ટીમ કમ્પેન્સેસન ફંડ (CVCF) ની રચના તથા મહિલાઓ એ બાળકો સાથે સાયબર ક્રાઈમ પ્રિવેન્શન (CCPWC) જેવી જોગવાઈઓ કરાઈ છે.

વિવિધ ક્ષેત્રોમાં હાથ ધરાયેલ બેટી બચાવો, બેટી પઢાવો, (BBPP) ઝૂંબેશનો ઉદ્દેશ પણ ભારતની કન્યાઓના ઉજ્જવળ ભાવિ અને કલ્યાણ માટેનો છે અને તેમાં છોકરાઓ અને છોકરીઓના કથળતા જતા ગુણોત્તર અને તેને લગતા મુદ્દાઓ તેમજ જીવનચક્રમાં મહિલાની શક્તિ ઘટવા અંગેના મુદ્દાઓને આવરી લેવાયા છે. બીબીપીપી પ્રોગ્રામને કારણે સ્થાનિક સ્તરે આશરે ડઝન જેટલી કન્યાઓને પ્રોત્સાહન માટેના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. આ કાર્યક્રમના પ્રોત્સાહન પરિણામો મળવાને કારણે તથા એમાં પરિવર્તન ક્ષમતાને કારણે નીચે સીએસઆર (Child Sex Ratio) ધરાવતા 100 જિલ્લાઓ ઉપરાંત વધુ 61 જિલ્લાઓમાં આ કાર્યક્રમ લંબાવવામાં આવ્યો છે. હિંસાનો બોગ બનેલી મહિલાઓને રાહત અને સહયોગ મળી રહે તે માટેના અન્ય કાર્યક્રમોમાં વિક્ટીમ કમ્પેનસેસન સ્કીમ, સ્વ-આધાર અને બળાત્કરાનો ભોગ બનેલી મહિલાઓને કપરાં સંજોગોમાં રાહત અને પુનર્વસવાટ ઉપરાંત ટૂંકા ગાળા માટે નિવાસ વ્યવસ્થા આપવા જેવી યોજનાઓ અમલી બનાવાઈ છે.

પોલીસ દળમાં મહિલાઓની હાજરી સ્વાભાવિકપણે વર્તાય તે માટે કેટલાંક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પોલીસ દળમાં મહિલાઓ માટે 33 ટકા અનામત રાખવામાં આવી છે. પોલીસદળમાં મહિલાઓ માટે સંવેદનશીલતા વધે તે હેતુથી તાલીમ કાર્યક્રમો, પરફોર્મન્સની ચકાસણી તથા મહિલાઓ સાથેના ગુનાઓ હલ કરવા માટે મહિલા પોલીસ સ્ટેશનોની રચના કરવામાં આવી છે. આટલું જ નહીં, પણ પોલીસ સર્વિસ મહિલાઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતી બને તે માટે તથા જાતિય મુદ્દાઓને વ્યવસ્થિત રીતે સાંકળી શકાય તે માટે નીતિઓ, પ્રોટોકોલ અને સંચાલન પ્રક્રિયાઓની નવી યોજનાઓ પાયલોટ ધોરણે શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રાસ રૂટ લેવલે મહિલાઓ અને પોલીસ સાથેની કડી જોડાય તે માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મહિલા પોલીસ વોલેન્ટીયર્સ (MPVs) ની ભરતી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે, કે જેથી મહિલાઓ સાથે આચરતા ગુનાઓની ઘટનાઓ જેવી કે ઘરેલું હિંસા, બાળલગ્નો, દહેજ માટેની સતામણી વગેરે નજીકના વિસ્તારમાં બને ત્યારે પોલિસને જાણ કરી શકાય.

**નાણાંકીય સુરક્ષા**

આ બધા પડકારો ઉપરાંત ભારતની લાખો મહિલાઓ પરંપરાગત અવરોધો પાર કરીને

પોતાના ભવિષ્ય માટેનો માર્ગ કંડારી રહી છે. આ માટેના ફ્લેગશીપ કાર્યક્રમોમાં મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પલોયમેન્ટ ગેરંટી સ્કીમ અને નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન (NRLM) નો સમાવેશ થાય છે, જેના દ્વારા હજારો ગ્રામ્ય મહિલાઓને આજીવિકાની સુરક્ષા પૂરી પાડવા ઉપરાંત તેમને આર્થિક સુરક્ષા પૂરી પાડી ગ્રામ્ય અસ્ક્યામતો ઊભી કરીને તેમનું સમાંતરપણે સશક્તિકરણ કરવામાં આવે છે. મહિલાઓને અર્થતંત્રના મુખ્ય પ્રવાહમાં લાવવા માટેની યોજનાનું વધુ એક ઉદાહરણ રાષ્ટ્રીય મહિલા કોષ (RMK) છે, જે માત્ર ગરીબ મહિલાઓ માટે કામ કરે છે અને તેમને નિયમિત ભંડોળ અને બજાર સાથેની કડી જોડી આપીને સહાયરૂપ થવામાં આવે છે. આ પ્રકારના મહિલા ઉદ્યોગ સાહસિકોને તથા સેલ્ફ હેલ્પ ગ્રુપ્સને સહાય માટે સ્ટાર્ટઅપના પ્રયાસ તરીકે રાષ્ટ્રીય મહિલા કોષ દ્વારા મહિલા ઈ-હાટ શરૂ કરવામાં આવ્યા છે, જેથી મહિલાઓની મહેચ્છાઓ અને મહિલા ઉદ્યોગ સાહસિકોની જરૂરિયાતો પૂર્ણ કરી શકાય. ડિજિટલ ઈન્ડિયા યોજના હેઠળ વેબ આધારિત માર્કેટિંગ ઉપલબ્ધ થતાં મહિલાઓને વિશ્વનું બજાર હાંસલ થશે અને બિઝનેસ સમુદાય સાથે સંબંધો વિકસાવવાની બાબતને પ્રોત્સાહન મળશે. સરકારની સર્વોચ્ચ અગ્રતાઓમાં નાણાંકીય સમાવેશિતા અગ્રસ્થાને છે. પ્રધાનમંત્રી જનધન યોજનાએ લાખો મહિલાઓને પોતાનું બેંકનુંખાતુ ખોલાવીને આત્મવિશ્વાસ આપ્યો છે. અને ગરીબી અને દેવાના વિષચક્રમાંથી બહાર નિકળવાનો માર્ગ બતાવ્યો છે. ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા કરાયેલાં ત્રીજા વાર્ષિક સર્વેક્ષણ અનુસાર 47 ટકા મહિલાઓ પાસે હવે પ્રધાનમંત્રી જનધન યોજના હેઠળ બેંકના ખાતાો છે. વધુમાં, મહિલાઓની રોજગાર પાત્રતા માટે કૌશલ્યને પ્રોત્સાહન આપવામાં આવે છે. જે ક્ષેત્રો મહિલાઓને મોટા પ્રમાણમાં રોજગારી આપી શકે તેમ છે તેવા ક્ષેત્રોને નેશનલ સ્કીલ ડેવલપમેનેટ પોલીસી હેઠળ તથા પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY) હેઠળ ઓળખી કાઢવામાં આવ્યા છે અને મહિલાઓ ગરીબીમાંથી બહાર આવે તે માટે આવાં ક્ષેત્રોમાં સારી નોકરી હાંસલ કરવામાં સહાય કરવામાં આવે છે. છોકરીઓનું નાણાંકીય ભાવિ સુરક્ષિત કરવાના ઉદ્દેશથી નાની બચતની યોજના સુકન્યા સમૃદ્ધિ યોજના શરૂ કરવામાં આવી છે. આયોજના બેટી બચાવો, બેટી પઢાઓ યોજના હેઠળ શરૂ કરાઈ છે અને જૂન 2016 સુધીમં આ યોજના હેઠળ દેશમાં 87 લાખ ખાતા ખોલવામાં આવ્યા છે.

**ઉપસંહાર**

એ બાબતમાં કોઈ શંકા નથી કે આટલી મોટી વિવિધતા ધરાવતી લોકશાહીમાં મહિલાઓ માટે નોંધપાત્ર પગલાં લેવામાં આવ્યા છે. આમ છતાં પુરુષ પ્રદાન માનસિકતાને કારણે મહિલાઓને પોષણ, શિક્ષણ અને રોજગારી જેવા વિવિધ ક્ષેત્રોમાં સમાનતાની તકો નકારવામાં આવે છે. આ ઉપરાંત મહિલાઓ સાથે થતી હિંસા પણ એક પડકાર તરીકે ચાલી રહી છે. આ પરિસ્થિતિ સામૂહિક ધોરણે હલ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. મહિલાઓના સશક્તિકરણની પ્રક્રિયા એક સતત ચાલતો પ્રયાસ છે અને તેની દરખાસ્ત નેશનલ પોલિસી ફોર વિમેનમાં કરવામાં આવી છે. આરોગ્ય, શિક્ષણ, આર્થિક, બાબતો, સુશાસન અને નિર્ણય પ્રક્રિયા, આવાસ અને માળખાગત સુવિધાઓ મળી રહે તેવું વાતાવરણ, મહિલાઓ સાથે હિંસાનું નિવારણ, પીવાનું સલામત પાણી તથા સેનિટેશન, માસ મીડિયા, રમતગમત, સામાજિક સુરક્ષા નગેરે જેવી સાત અગ્રતાઓ નક્કી કરીને યોગ્ય વાતાવરણ ઊભું કરીને સગવડો આપવામાં આવી રહી છે. આ ડ્રાફ્ટ પોલિસીમાં પર્યાવરણ અને વાતાવરણમાં પરિવર્તન જેવા મુદ્દાઓની પણ રૂપરેખા આપવામાં આવી છે. મહિલાઓ માટે સાયબર સ્પેસ સલામત બનાવવાની તથા જાતિય આધારે કામગીરી માટેનાં નાણાં ચૂકવાતાં ન હોય તેવી પ્રક્રિયાઓનું પુનઃગઠન તથા વ્યક્તિલક્ષી અને પરંપરાગત કાયદાઓની બંધારણની જોગવાઈઓ મુજબ સમીક્ષા કરવા, આર્ટિફિશ્યલ રિપ્રોડક્ટીવ ટેકનિક્સ અપનાવતી મહિલાઓના અધિકારોને સુરક્ષા આપવા, સિંગલ વુમનની જરૂરિયાતો પારકીને તેમના માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવા તથા મહિલાઓ ઉદ્યોગ સાહસિક પ્રવૃત્તિઓમાં સામેલ થઈ શકે તેવી નિષ્ઠા સાથે આ બધા પડકારોને હલ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને એસડીજી અમલમાં આવતાં સાચા અર્થમાં સમાવેશી, સમાનતા ધરાવતાં, સ્ત્રીપુરુષ ભેદભાવ દૂર કરવા માટેનો પ્રજાલક્ષી અને પરિવર્તનકારી એજન્ડા તૈયાર થઈ

રહ્યો છે. આ બધું નાગરિક સમાજ અને ખાનગી ક્ષેત્રના તમામ સંબંધિત સહયોગીઓના સંયુક્ત પ્રયાસ વગર શક્ય બની શકે તેમ નથી.

## 8.3 આદિવાસી સ્ત્રી સશક્તિકરણ

ભારતમાં અંદાજે 705 અનુસૂચિત જનજાતિ (ST) સૂચિત છે. તેમાં અંદાજે 75 વિશેષરૂપે વિનાશના આરે પહોંચેલા આદિવાસી જૂથો (પર્ટીક્યુલર્લી વલ્નેરેબલ ટ્રાઈબલ ગ્રુપ્સ -PVTG) નો પણ સમાવેશ થાય છે. વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ દેની કુલ વસ્તીમાં અનુસૂચિત જનજાતિ સમાજની વસ્તી અંદાજે 8.6% છે. આંકડાકીય દૃષ્ટિએ આદિવાસીઓની વસ્તી ભારતમાં વર્ષ 1961માં 3 કરોડથી વધીને વર્ષ 2011માં 10.4 કરોડ થઈ છે. આદિવાસી મહિલાઓની વસ્તી 5.19 કરોડ છે, જે કુલ આદિવાસી વસ્તીમાં 49.7% છે.

આદિવાસી મહિલાઓ સામાજિક માળખામાં હંમેશા મહત્ત્વનું સ્થાન ધરાવે છે. દેશમાં સામાન્ય વસ્તીનો જાતિય દર (પ્રતિ 1000 છોકરાઓ સામે છોકરીઓની સંખ્યા) ચિતાંની બાબત છે. ત્યારે આદિવાસી સમાજને સંબંધ છે ત્યાં સુધી તે વર્ષ 2001માં 978થી વધી ને 2011માં 990 થયો છે. દેશમાં સામાન્ય સમાજમાં પણ જાતિય દર એકંદરે નીચે રહ્યો છે. ભારતના આદિવાસીઓમાં સાક્ષરતાનો દર 73%ની રાષ્ટ્રીય સરેરાશ કરતાં નીચો છે. એટલું જ નહીં આદિવાસી સમાજમાં પુરુષોના 69%ની સરખામણીમાં મહિલાઓનો સાક્ષરતા દર 49% છે, જે પ્રમાણમાં ઓછો છે.

ભારતમાં આદિવાસી વસ્તીનો સામાજિક આર્થિક દરજ્જો વધારવા, તેમની સંસ્કૃતિ અને ગૌરવ જાળવી રાખવા, પ્રક્રિયાઓની પુનઃ બનાવટ અને ઉપલબ્ધ સંશોધનોના કેન્દ્રીકરણ દ્વારા પરીણામલક્ષી અભિગમ દ્વારા અન્ય સામાજિક જૂથો સામે આદિવાસીઓના માનવ વિકાસ ભાવાંક (HDI) માં રહેલું અંતર દૂર કરવા માટે એક મિશન સાથે વર્ષ 1999માં સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયમાંથી આદિવાસી બાબતોનું મંત્રાલય (MOTA) અલગ કરવામાં આવ્યું. આદિવાસી બાબતોનું મંત્રાલય વિશેષ રીતે બનાવાયેલી શૈક્ષણિક, માળખાકીય અને આજીવિકા યોજનાઓના અસરકારક અમલ મારફત આદિવાસીઓના વિકાસ માટે કટિબદ્ધ છે.

ભારતીય બંધારણની વિવિધ જોગવાઈઓ મહિલાઓને માત્ર સમાનતાનો અધિકાર જ નથી આપતી, પરંતુ તેમની તરફેણમાં સકારાત્મક ભેદભાવોને અપનાવવા રાજ્યોને સક્ષમ બનાવે છે. આ ઉપરાંત બંધારણની કલમ 338માં બંધારણીય (89માં સુધારા) કાયદા, 2003 દ્વારા અનુસૂચિત જનજાતિ માટે રાષ્ટ્રીય પંચ (NCST) ની સ્થાપના કરાઈ હતી. NCST બંધારણ હેઠળ અનુસૂચિત જનજાતને પૂરી પાડવામાં આવતી સલામતીઓના વિવિધ અમલ પર નજર રાખે છે. MOTA ની મોટાભાગની નીતિઓને આશય ST પુરુષો અને મહિલાઓ બંનેના એકંદર વિકાસની ખાતરી કરવાનો છે.

આદિવાસી મંત્રાલય (MOTA) ની ફ્લેગશિપ યોજનાઓમાંથી એક એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (EMRS) છે, જે ગુણવત્તાપૂર્ણ શિક્ષણની ઉપલબ્ધતા સુધારવા પર કેન્દ્રિત છે. આ સ્કૂલોમાં 50%થી વધુ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે અને તેમણે શૈક્ષણિક, સ્પોર્ટ્સ અને ઈતર પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં વર્ષોવર્ષ અભૂતપૂર્વ દેખાવ કર્યો છે. એ જરીતે આશ્રમ શાળામાં ST કન્યાઓના અભ્યાસ પર કેન્દ્રીત છે. ST સિવાયની ચોક્કસ શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓને પર્યાપ્ત વાતાવરણ પૂરું પાડવા માટે વિવિધ જગ્યાઓ પર ST ગર્લ્સ હૉસ્ટેલ્સ બનાવવામાં આવી છે. ST વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ માટે વિવિધ સ્તર પર નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવી છે. ST વિદ્યાર્થીઓ માટે પ્રી અને પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ પણ આપવામાં આવે છે અને તેમાંથી મોટાભાગની વિદ્યાર્થીઓ 12મા ધોરણ સુધીનો તેમનો અભ્યાસ પૂરો કરવા સક્ષમ છે.

'ST વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ માટે રાષ્ટ્રીય અધ્યયન વૃત્તિ અને શિષ્યવૃત્તિ' હેઠળ કૉલેજ / યુનિવર્સિટી સ્તરે ST વિદ્યાર્થીઓને એમ.ફિલ અને પી.એચ.ડી. જેવું ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ પ્રકારની કુલ અધ્યયન વૃત્તિ (ફેલોશિપ) માંથી 30%

ST કન્યાઓ માટે છે. એ જ રીતે વિદેશમાં પોસ્ટ ગ્રેજ્યુએશન, પી.એચ.ડી. અને પોસ્ટ ડોક્ટરલ અભ્યાસ માટે નેશનલ ઓવરસીસ સ્કોલરશિપ્સ (NOS) હેઠળ ST વિદ્યાર્થીઓને 30% એવોર્ડ્સ અપાય છે. 'લો લિટરસી ડિસ્ટ્રીક્ટ્સ માં અનુસૂચિત જનજાતિઓ (ST) કિશોરીઓના શિક્ષણને મજબૂત બનાવવા'ની યોજના હેઠળ ST કન્યાઓમાં NGO દ્વારા ચલાવાતી શાળાઓને પણ સહાય કરવામાં આવે છે.

STના આર્થિક વિકાસ માટે આદિવાસી બાબતોના મંત્રાલય હેઠળ નેશનલ શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ ફાઈનાન્સ અને ડેવલપમેન્ટ કોર્પોરેસિન એક સર્વોચ્ચ સંસ્થા છે. આ કોર્પોરેશન 'આદિવાસી મહિલા સશક્તિકરણ યોજના' (AMSY)ના શીર્ષક હેઠળ ST મહિલાઓના આર્થિક વિકાસ માટે વિશેષ યોજનાઓ ચલાવે છે. આ યોજના હેઠળ, કોર્પોરેશન 4%ના વ્યાજદર પર રૂા. 1 લાખના મૂડીરોકાણ સાથેના પ્રોજેક્ટ્સમાં 90% સુધીની નાણાંકીય સહાય પૂરી પાડે છે. કોર્પોરેશને અન્ય આવક ઉપાર્જન યોજનાઓ હેઠળ લાભાર્થી મહિલાઓ માટે નાણાંકીય સહાય લંબાવી છે. આ બધા ઉપરાંત ગૌણ વન પેદાશો માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP ટુ MFP) જેવી યોજનાઓ અને ટ્રાઈબલ કોઓપરેટીવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (TRIFED) દ્વારા આદિવાસી કલાકારોને સહાયનો પણ ST મહિલાઓને લાભ મળી રહ્યો છે.

અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વન્ય રહેવાસીઓ (રિકગ્નિસન ઓફ ફોરેસ્ટ રાઈટ્સ) કાયદો, 2006 બધા જ સ્તર પર મહિલાઓની પૂર્ણ અને અનિયંત્રિત ભાગીદારીનું સમર્થન કરે છે. આ કાયદામાં અન્ય મહત્ત્વની જોગવાઈ એ છે કે 'અધિકારોની પતિ-પત્ની બંનેના નામથી સંયુક્ત રીતે નોંધણી કરવામાં આવશે.' વન અધિકાર સમિતિ અનુસૂચિક જનજાતિમાં ઓછામાં ઓછા બે તૃતીયાંશ અને આવા સભ્યોમાં ઓછામાં ઓછા એક તૃતીયાંશ મહિલા સભ્યોને સહાય પૂરી પાડે છે.

વિશેષ કેન્દ્રીય સહાયથી આદિવાસી પેટા સહાય (SCA ટુ TSS) એ બંધારણની કલમ 275(1) હેઠળ ગ્રાન્ટ્સની યોજનાઓ હેઠળ સ્કીલ ડેવલપમેન્ટ અને ST મહિલાઓના ક્ષમતા વિસ્તરણની યોજનાઓને આદિવાસી મંત્રાલય (MOTA) ની સહાયથી રાજ્યો દ્વારા પૂરી કરવામાં આવે છે. આદિવાસી સંશોધન સંસ્થાઓ નેતૃત્વ વિકાસ, મહિલા સશક્તિકરણ,PESA, FRA વગેરે અંગે જાગૃતિ જેવાં કેટલાંક મુદ્દાઓ પર ST મહિલા પંચાયતી રાજ સંસ્થાઓ (PRI)નાં સભ્યો માટે તાલીમ અને જાગૃતિ કાર્યક્રમો તેમજ વર્કશોપ્સ ચલાવે છે. રસ્તાઓના જોડાણ, આદિવાસી હાટ (બજારો)ના આધુનિકરણ, પ્રોસેસિંગ અને સ્ટોરેજ સુવિધાઓમાં સુધારો સહિતના કામો માટે આદિવાસી વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા માટે પણ પગલાં લેવાઈ રહ્યા છે. આદિવાસી બાબતોનું મંત્રાલય (MOTA) વિવિધ કળા સ્વરૂપોમાં મહિલાઓની કુશળતા અને પ્રતિભાઓની સમૃદ્ધિ દર્શાવવા આદિવાસીઓ માટે એક બારી તરીકે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે આદિવાસી તહેવારોને પ્રોત્સાહન આપે છે.

આદિવાસી મંત્રાલય અન્ય મંત્રાલયોના પ્રયાસોથી ચાલતા વિવિધ કાર્યક્રમોના અમલીકરણમાં રહેલું અંતર દૂર કરવા માટે કટીબદ્ધ છે. મંત્રાલયનું 50%થી વધારે બજેટ આદિવાસી વસ્તી ખાસ કરીને આદિવાસી મહિલાઓના લાભાર્થે શિક્ષણ,સ્વાસ્થ્ય, પોષણ અને આજીવિકા સહિતના ક્ષેત્રોમાં ખર્ચ કરવામાં આવે છે. સરકાર દ્વારા પહોંચી ન શકાય તેવા ભાગોમાં પહોંચીને કામ કરી સ્વયંસેવી સંસ્થાઓ (NGO) દ્વારા ભજવાતી ભૂમિકાના મહત્ત્વને ધ્યાનમાં રાખીને મંત્રાલય વિવિધ વિસ્તારોમાં આદિવાસીઓને સ્વાસ્થ્ય અને શિક્ષણની સુવિધા પૂરી પાડવા સ્વયંસેવી સંસ્થાઓ (NGO)ને સહયોગ કરે છે.

મહિલા સશક્તિકરણ એક સતત ચાલતી પ્રક્રિયા છે અને આદિવાસી મંત્રાલય (MOTA)તેના માટે કટિબદ્ધ છે. શ્રેષ્ઠ પ્રયાસો છતાં મંત્રાલયે અનેક પડકારોનો સામનો કરવો પડે છે અને તેનો ઉકેલ લાવવો પડે છે. સામાન્ય વસ્તી અને અનુસુચિત જનજાતિ તેમજ અનુસૂચિત જનજાતિઓમાં આતરિક અંતર દૂર કરવાની ખૂબ જ જરૂર છે. તાજેતરના ભૂતકાળમાં આદિવાસી મંત્રાલય

(MoTA) દ્વારા લેવામાં આવેલા પગલાંથી પ્રોત્સાહનજનક પરીણામો મળ્યા છે અને આદિવાસીઓને દેશના મુખ્યપ્રવાહમાં લઈ આવવા માટે મંત્રાલય તેમના પ્રયાસો બમણા કરશે. જોકે, આ સાથે આદિવાસી મંત્રાલય આદિવાસીઓ તેમના મૂળ સાથે જોડાયેલા રહે અને તેમની સાંસ્કૃતિક અને પારંપરિક અખંડતા જળવાઈ રહે તે બાબતની પણ ખાતરી કરશે.

## 8.4 જાતિય સશક્તિકરણના પડકારો :

સરકાર અને યુએન એજન્સીઓ મહિલાઓની સમાનતા અને સશક્તિકરણ, શોષણ સામે લડત અને જાતિય પરીક્ષણ માટે કામ કરી રહ્યા છે. જીવશાસ્ત્રની દ્રષ્ટિએ મહિલાને નીચું સ્થાન આપવાનું સામાજિક વલણ અપનાવાતું હોય છે. આમ છતાં વિકાસ પ્રક્રિયાઓને કારણે સમાન વિતરણ વગરનો વિકાસ આગળ વધ્યો છે અને સમૃદ્ધિની સાથે સાથે જાતિય અસમાનતા વધતી જાય છે. આ લેખમાં મહિલાઓએ પોતાના રોજબરોજના જીવનના અનુભવો સમાન પરિસ્થિતિમાં અન્ય મહિલાઓ સાથે વ્યક્ત કરીને મહદ્ અંશે વાસ્તવિક સ્થિતિ વર્ણવવા પ્રયાસ કર્યો છે અને એ દ્વારા સશક્તિકરણને સમજવા માટે બિનપશ્ચિમી અને વૈકલ્પિક થિયોરાઈઝેશનનો પ્રયાસ કર્યો છે.

છેક 1990ના દાયકાથી મહિલાઓની સમાનતા અને સશક્તિકરણ સાતત્યપૂર્ણ વિકાસની સાથે સાથે પછાતપણાને કારણે કંગાલિયત, ગરીબી અને સામાજિક ભેદભાવનો અનુભવ ગામડાંની અને શહેરોની મહિલાઓને એક સરખો થઈ રહ્યો છે. સરકાર દ્વારા વિવિધ પ્રયાસો દ્વારા આ સ્થિતિ નિવારવાની કામગીરી થઈ રહી છે. આ પ્રક્રિયામાં, શર્મા (2008) એવી દલીલ કરે છે કે વિકાસના ક્ષેત્રે કામ કરતી મહિલા કાર્યકરોએ જાતિય સમાનતા અને ન્યાયી વિકાસ હાંસલ કરવા માટે સાનુકૂળ વ્યૂહરચના તથા સશક્તિકરણના અભિગમનું વૈશ્વિકરણ કરવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી છે. તેમના કામથી પ્રેરાઈને વિશ્વ બેંકે સૂચન કર્યું કે મહિલાઓનું સશક્તિકરણ તમામ સામાજિક વિકાસ કાર્યક્રમોમાં કેન્દ્ર સ્થાન રહેવું જોઈએ (વિશ્વ બેંક 2002)

ભારતમાં સરકારી કાર્યક્રમો મહિલા સશક્તિકરણનું લક્ષ્ય રાખે છે, પરંતુ અપેક્ષિત પરિણામો હાંસલ થયાં નથી. મહિલાઓ ભારતની વસ્તીનો 48 ટકા (વસ્તી ગણતીર 2011) હિસ્સો ધરાવતી હોવા છતાં મહિલાઓ માટેની સશક્તિકરણ નીતિમાં મહિલાઓની જરૂરિયાતો અને હિતોની વાત થયા છે તથા આર્થિક પછાતપણું અને સામાજિક પછાતપણું એક બાજુએ રહી જાય છે. આને પરિણામે ઘણી મહિલાઓ અને તેમની સંસ્થાઓ દ્વારા સશક્તિકરણ ભંડોળ મેળવવા માટેનો એક સરલ ઉપાય બની રહ્યો છે.

ઘણીવાર પ્રોજેક્ટસના ઉદ્દેશો અને દરમ્યાનગીરી શંકાસ્પદ હોય છે. મહિલાઓનું સશક્તિકરણ એ એક એવી પ્રક્રિયા છે કે જેમાં મહિલાઓની પસંદગરીઓ અને ભાગ લેવાની સ્વતંત્રતા, વાટાઘાટ કરવાની ક્ષમતા, પ્રભાવ અને તેમના જીવને સ્પર્શથી બાબતોમાં યોગ્ય પગલાં દ્વારા જવાબ આપી ઠરાવી શકે તેવી સ્થિતિ હોવી જોઈએ. આમ છતાં જ્યારે મહિલાઓ સાચા અર્થમાં જે ધ્યેય માટે પ્રયત્નશીલ છે તે હાંસલ થશે ત્યારે જ મહિલાઓનું સશક્તિકરણ થશે. આવી સ્થિતિ પેદા કરવા માટે મહિલાઓની શક્તિમાં વધારો કરવો જોઈએ, તેમની ક્ષમતાનો ઉપયોગ કરવો જોઈએ અને મહિલાઓના નિર્ધારિત ધ્યેયને હાંસલ કરવા માટે પ્રોત્સાહિત કરવી જોઈએ. એવી પરિસ્થિતિઓનું નિર્માણ કરવું જોઈએ કે જેમાં આવા ધ્યેય હાંસલ કરવાની માંગ વધે એ મહિલા સશક્તિકરણની નીતિઓ અને કાર્યક્રમોમાં મહિલાઓનો અવાજ ધ્યાનમાં લેવાય તે સ્થિતિ સુધારવા માટેની પૂર્વ શરત છે (વર્લ્ડ બેંક,2014).

### સશક્તિકરણની વ્યાખ્યા કરવી

મહિલા સશક્તિકરણની માંગણી કરતાં પહેલાં આપણે યોગ્ય રીતે મહિલા સશક્તિકરણની વ્યાખ્યા બાંધવી જોઈએ. આ કામ સરળ નથી, કારણ કે મહિલા સશક્તિકરણની ભાવનાને ઘણાં લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય સ્તરે કાનૂની કાયદેસરતા પ્રાપ્ત થઈ છે. હકીકતમાં સશક્તિકરણમાં જે બાબતોનો સમાવેશ થાય છે તેમાં તેનું માન કઈ રીતે કાઢવું તેની ચર્ચા વિકાસ સાહિત્યમાં થતી રહી છે. (Malhotra et al 2002).

વિશ્વ બેંક (2002) સશક્તિકરણને લોકોની પસંદગીઓ અને કામ કરવાની તથા સામેલ થવાની વાટાઘાટો કરવાની, પ્રભાવક બનવાની, નિયંત્રણની તતા તેમના જીવનને અસર કરતી સંસ્થાઓની જવાબદારી નક્કી કરવાની આઝાદી તરીકે ઓળખે છે. સશક્તિકરણની વિભાવના અંગે આ લેખમાં કેટલાંક સવાલો કરાયા છે.આમ છતાં અમે કબીરના (2001) વિભાવનાકરણને ઉપયોગી ગણીએ છીએ.

''લોકોના જીવનની વ્યૂહાત્મક પસંદગીઓનું વિસ્તરણ એ એવી સ્થિતિમાં રજૂ થાય છે કે જ્યાં અગાઉ તેની અવગણના કરવામાં આવી હતી. કબીરના અભિગમનો ઉપયોગ કરીને સશક્તિકરણનો અભ્યાસ કરીએ તો તેને થિયરી સાથે જોડી શકાય છે અને સશક્તિકરણના સમર્થન માટે અનુભવ આધારિત વ્યવસ્થા ગોઠવી શકાય તેમ છે અને સશક્તિકરણના સમર્થન માટે અનુભવ આધારિત વ્યવસ્થા ગોઠવી શકાય તેમ છે. મહિલાઓ જે જીવન જીવે છે તેની ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ તો સશક્તિકરણના હેતુલક્ષી પાસાંઓને ઊંડાણપૂર્વક સમજવાની સંભાવના ઊભી થાય છે અને એ દ્વારા મહિલાઓ જેની સાથે જોડાયેલી છે, તે સાંસ્કૃતિક, આર્થિક, સામાજિક અને રાજકીય સંદર્ભે અભિપ્રાય ઉભો કરવાની તક પ્રાપ્ત કરે છે.''

**વિભાવનાની આલોચના**

એ બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે સશક્તિકરણનું સીધી રીતે અવલોકન થઈ શકતું નથી, પરંતુ વ્યક્તિઓના વિષયલક્ષી અભિપ્રાયોને આધારે અને સાંસ્કૃતિક સંદર્ભમાં તેનું મૂલ્યાંકન થતું રહેતુ હોય છે. જાતિય બાબતો સહિતની વિવિધ કેટેગરીમાં જે પરસ્પર સંબંધો છે તેનાથી મહિલાઓની જરૂરિયાતો, અગ્રતાઓ અને માન્યતાઓના સંદર્ભમાં સશક્તિકરણનો કયો અભિગમ કેટલી હદે અપનાવવો તે બાબતે સવાલ ઉભા થાય છે. વર્તમાન સમયમાં સરકારી તથા અન્ય સશક્તિકરણની નીતિઓમાં જાતિય સંબંધો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે, પંરતુ પરસ્પર વિરોધાભાસ ધરાવતા આ જૂથો એ બાબત પારખવામાં નિષ્ફળ જાય છે કે મહિલાઓ ભિન્ન પ્રકારના અભિપ્રાયો ધરાવતું જૂથ છે. ગતિશીલ અને ભાવનાશીલ વ્યક્તિ તરીકે તથા તેમની ભરપૂર પ્રતિભા અને ગુણવત્તા તરફ ઓછું ધ્યાન અપાયું છે.

આ બધી બાબતો મહિલાઓના સશક્તિકરણમાં યોગદાન આપી શકે તેમ છે, એટલે કે મહિલાઓના સશક્તિકરણમાં તેમનો જ સ્ત્રોત તરીકે ઉપયોગ થાય છે. આને પરિણામે પરંપરાગત રીતે એક જ પ્રકારના બીબા ઢાળ સશક્તિકરણના કાર્યક્રમો હાંસિયામાં રહેલી મહિલાઓની સમસ્યા હલ કરવામાં નિષ્ફળ નીવડે છે, કારણ કે મહિલાઓની અપેક્ષાઓ અને જરૂરિયાતો સંકુલ પ્રકારની છે અને ઘણીવાર વિરોધાભાસી પણ હોય છે અને એક સરખી ચાલી રહેલી પરિસ્થિતિને પડકારવી કે નહીં પડકારવી તે બાબતે મહિલાઓના ભિન્ન ઉદ્દેશો હોય છે. (Nightingale 2011).

આવા પ્રોજેક્ટસમાં મહિલાઓ પોતાની જરૂરિયાતો વ્યક્ત કરે તેવા પ્રયાસનો સમાવેશ નહીં થતો હોવાને કારણે સશક્તિકરણના અવરોધો દૂર કરવામાં નિષ્ફળતા મળે છે. મહિલાઓની ભિન્ન પ્રકારની ઓળખમાં જાતિ, વર્ગ, વંશીય સ્થિત તથા વિવિધ સામાજિક સ્થળોએ તથા પરિવારોમાં કન્યાઓ, વહુઓ, માતાઓ, સાસુઓ, પત્નીઓ અને વિધવાઓ મહિલાઓને હાંસિયામાં ધકેલી દે છે અને પાયાના માનવ અધિકારોની બાબતે તથા તકો તેમજ સ્ત્રોતો અંગે તેમની સ્થિતિ ભેદભાવપૂર્ણ વર્તન કરીને દયનીય બનાવી મૂકે છે. જુઓ (crenshaw 1991; Mccall 2005).

ઊંચનીચના ભેદભાવ તથા પિતૃપ્રધાન સમાજ વ્યવસ્થા અને શક્તિ માટેના રાજકારણમાં સશક્તિકરણની નીતિ અને કાર્યક્રમો વિવિધ ઓળખોના રૂપાંતરને કઈ રીતે સમજવું અને મહિલા સશક્તિકરણ અંગે કેવી નીતિ અપનાવવી તે સવાલ રહે છે. એવા કાર્યક્રમો કે જેમાં નીચેની ઉપરની તરફ જવાનું હોય ("Bottom up") તેમાં મહિલાઓના અવાજ અને અભિપ્રાયો તકલીફ ઊભી કરે તેવા નિર્દેશકો ઉપર આધાર રાખીને તથા વાસ્તવિક પરિસ્થિતિ અને મહિલાઓની સ્થિતિ અંગે ભાગ્યે જ પ્રતિબિંબ પાડે તેને બદલે કબીરની વિભાવના પ્રમાણે સહયોગીઓને સશક્તિકરણની પ્રક્રિયામાં ધ્યાન કેન્દ્રિત કરવાની તક આપે છે.

પોતાનો અવાજ હોવો તે નાગિરકતા છે (Dreze and Sen 2002) પરંતુ સાંભળવામાં ના આવે તે પ્રકારનો અવાજ હોવો તે નાગરિકતાના ઈન્કાર બરોબર છે. મહિલા સશક્તિકરણના ધ્યેય હાંસલ કરવા માટે આપણે મહિલાઓને સાંભળવી જોઈએ અને તે જે કંઈ કહે તે બાબતે ગંભીરતા દાખવવી જોઈએ. જો જાતિય સશક્તિકરણ હાંસલ કરવું હોય તો વ્યાપકપણે મહિલાઓનો અવાજ પરિવારથી માંડીને દેશની સંસદ સુધીના દરેક નિર્ણાયક મંચને સંભળાવો જોઈએ. મહિલાઓ પોતાની જરૂરિયાતો અંગે અવાજ ઉઠાવી શકે તથા જાતિય ધોરણોને પોતાના સમુદાયમાં વ્યક્તિગત અને સામૂહિક રીતે ભય વગર પડકારી શકે તેવું સ્થાન મહિલાને મળવું જોઈએ. (Markham 2013).

ઉપર ચર્ચા કર્યા મુજબ મહિલાઓની દયનીય સ્થિતિ ભેદભાવયુક્ત સામાજિક ધોરણોને કારણે છે અને તેને પરિણામે વિવિધ ઓળખોનો પરસ્પર છેદ ઉડાવી સામાજિક, આર્થિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં મહિલાઓની અસરકારક સામેલગિરીને રોકે છે. આથી ખાસ કરીને મહિલાઓ અને કન્યાઓને લક્ષમાં રાખીને હાથ ધરાવતાં કાર્યક્રમોમાં સામાજિક શિક્ષણ અને વ્યવહારને સ્થાન હોવું જોઈએ. (Elias et al 2017).

આ સ્થિતિ અંશતઃ જવાબદારીઓના વિકેન્દ્રીકરણ અને મહિલાઓ તથા તેમના સ્વસહાય જૂથો, મહિલા મંડળો, સહકારી મંડળીઓ વગેરેને મોખરાના અમલ કરનાર પાયાના સંગઠનો તરીકેનું સ્થાન આપીને હાંસલ કરી શકાય. આમ છતાં એ બાબત સ્વીકારવી જોઈએ કે ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલી મહિલા પણ જીવનના અનુભવો તરીકે મૂલ્યાકન સ્ત્રોત બની શકે છે અને તેના દ્વારા પરિવર્તનલક્ષી ફેરફારો શક્ય બની શકે છે.

વધુમાં, મહિલાઓના રોજબરોજના જીવનના અનુભવો પર ધ્યાન કેન્દ્રિત કરીને સશક્તિકરણની પસંદગી કરવાથી સંખ્યાબંધ પ્રત્યાઘાત પડી શકે છે. મહિલા જ્યારે બીજી મહિલા સાથે પોતાના વ્યક્તિગત અનુભવ અંગે વાત કરતી હોય ત્યારે તેને માન્યતા પ્રાપ્ત થાય છે અને એક નવી હકીકત ઊભી થાય છે. મહિલાઓ જ્યારે પોતાના અનુભવો વર્ણવતી હોય છે ત્યારે પોતાની દુનિયામાં અને તેમની વાસ્તવિકતાઓ વચ્ચે સંબંધ સ્થાપવામાં એજન્ટ તરીકે કરામ કરે છે. આ પરિબળ મૂલ્યવાન છે અને તે સ્વયં નષ્ટ થઈ જાય છે. મહિલાઓના અવાજને વિસ્તૃત સ્વરૂપ આપવું અને તેમની એજન્સીમાં વધારો કરવાથી વિકાસના વ્યાપક લાભ તેમને એ તેના પરિવાર, સમુદાય અને સમાજને પ્રાપ્ત થાય છે.'' (World Bank 2014: 2).

**સ્વસહાય જૂથો : માઈક્રો ક્રેડીટ અને માઈક્રો સશક્તિકરણ (કાચું-પાકું સશક્તિકરણ)**

આ રીતે થિયરીને સિદ્ધાંતને આધારે ટેકો આપીને સાંકળવા, આપણે ગ્રામ્ય સંદર્ભમાં હાંસિયામાં ધકેલાયેલી મહિલાઓને તેમની મૂળભૂત હક્કો જેની સાથે વણાયેલા છે તે સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણમાં રોજબરોજનો અનુભવ વહેંચવામાં સંગઠિત ક્ષેત્રે સ્વસહાય જૂથો સાથે સંકળાવાથી આ મહિલાઓમાં સામૂહિક સભાનતા પ્રવેશે છે. તે સશક્તિકરણ આપે છે અને તેમને પારિવારિક નિર્ણયોમાં સક્રિય એજન્ટ બનાવે છે. તે અભિપ્રાયના સ્વરૂપમાં અવાજ ઊંચો કરી શકે છે, પણ મર્યાદિત વર્તુળમાં.

વિકસતી દુનિયામાં સ્ત્રીઓ હોવાને કારણે મહિલાઓએ જે ભેદભાવનો સામનો કરવો પડતો હતો તે અને ગરીબી નિવારવાની વ્યૂહરચના તરીકે 1980ના દાયકામાં અને 1990ના દાયકાની શરૂઆતમાં સ્વસહાય જૂથોને ભેળવવી દેવામાં આવ્યાં. મહિલાઓના આર્થિક દરજ્જામાં પરિવર્તન લાવવા માટે ધિરાણની ઉપલબધીને નોંધપાત્ર દરમ્યાનગીરી ગણવામાં આવે છે, અને તે મહિલાઓના આર્થિક દરજ્જાને સામાજિક સશક્તિરણ તરફ દોરી જાય છે અને સમાંતરપણે સ્વસહાય જૂથો એકતા, એકબીજાને મદદ તથા લોકશાહી પધ્ધતિથી (Kolloju 2013; sugana 2006) કામ કરવાને કારણે જાગૃતિ તરફ આગળ વધે છે. મહિલાઓ ધીમે ધીમે સંગઠિત થઈ છે. એકબીજાંને નામાં આપીને ટેકો આપે છે આ રીતે સામૂહિક બચતો તેમના ક્રમશઃ વિકાસ માટે તથા આર્થિક અને સામાજિક પ્રગતિનો માર્ગ બની રહે છે. (Parthasarathy 2012).

**ફિલ્ડમાંથી પ્રાપ્ત થયેલા પ્રતિભાવો**

ફિલ્ડમાંથી પ્રાપ્ત થયેલા અનુભવોથી સંશોધકોનાં કેટલાંક અવલોકનો એકત્ર સ્વરૂપે મૂકીને જોઈ શકે છે કે સ્વસહાય જૂથો કે જેમણે સૂક્ષ્મ સ્વરૂપે હાંસિયામાં ધકેલાઈ ગયેલી મહિલાઓને સામાજિક મોકળાશ પૂરી પાડીને પરિવરાની અંદર બહેતર નિર્ણય લેવા માટે અથવા તો વાટાઘાટો કરી ચોક્કસ પરિસ્થિતિ જાળવી રાખવા માટે તેમના અવાજને ઊંચો લઈ જઈ શકે છે. ફિલ્ડમાં ચાલી રહેલા સંશોધનના હિસ્સા તરીકે પ્રાથમિક ડેટા ઓડિશાના મયૂરભંજ અને કંધમાલ જિલ્લામાંથી મેળવાયા છે. ફિલ્ડમાંથી જે અવલોકનો પ્રાપ્ત થયાં છે તે પાંચ સ્વસહાય જૂથોના સભ્યોની સમૂહ બેઠકો યોજીને મેળવેલાં તારણો ઉપર આધારિત છે.

સ્વસહાય જૂથના  સભ્યો પોતાની બેઠકોમાં દારૂના દૂષણ, રોજબરોજની રસોઈમાં વૈકલ્પિક બળતણના લાભ, બાળકોની સંભાળ અંગેની બાબતો અને માતાના આરોગ્ય અને તેના શરીર સૌષ્ઠવ વગેરે અંગે પોતાને સંબંધિત બાબતો દઢપણે વાત કરે છે. કેટલાંક કિસ્સાઓમાં મહિલાઓ પોતાના દારૂડિયા પતિના હાથે થતી ઘરેલું હિંસાનો પ્રતિકાર કરવા લાગી છે. સમાન પ્રકારે મહિલાઓએ પોતાના ગામમાં પીવાના પાણીની સગવડ પૂરી પાડવા માટે, જંગલની પેદાશોના બળતણ તરીકે વપરાશ મટો, ખાસ કરીને પાણી તેમજ બળતણ મેળવવામાં પોતાનો વ્યય થતો સમય બચાવવા માટે વહીવટી તંત્ર સામે અવાજ ઉઠાવ્યો છે.

સ્વસહાય જૂથોને તમામ સભ્યોને સામાજિક ઓળખ પૂરી પાડવા ''મહિલાઓ માટેના સમુદાય'' તરીકે ઓળખવામાં આવે છે. આ માળખું મહિલાઓ પોતે જ્યારે સમુદાય સ્તરનાં કામોમાં જોડાઈ હોય ત્યારે વાટાઘાટો કરવાની અને નિર્ણય લેવાની પ્રાથમિક સામાજિક ક્ષમતા પ્રાપ્ત કરવાની તક પૂરી પાડે છે. તે ઘણી વાર પોતાના પરિવારની સરહદ વટાવીને પોતાને દારૂના દૂષણ ઉપર પ્રતિબંધ મૂકવામાં, દેશી બિયારણની જાળવણી, માતાના આરોગ્ય માટે ઝુંબેશ તથા સલામત રસીકરણ તથા ઈમારતી લાકડા સિવાયની વન્ય પેદાશના માર્કેટિંગ (NTFS) જેવી સામૂહકિ પ્રવૃત્તિમાં જોડે છે. આ પ્રવૃત્તિઓને કારણે તેમનામાં સ્વ અંગેની ભાવના ઊભી થાય છે જે વ્યક્તિગત અથવા સામૂહિક ભાવના તરીકે હોઈ શકે છે અને તે રીતે આ અભિગમની બાબતો સશક્તિકરણ થાય છે.

આવી રીતે ફિલ્ડનાં ક્ષેત્રોમાં સ્વસહાય જૂથો સંગઠિત બન્યાં છે, જેનાથી હાંસિયામાં રહેલી ગ્રામ વિસ્તારોની મહિલાઓમાં એકતા તથા સંગઠીત ઓળખ પ્રાપ્ત થાય છે અને તેમને ઘરઆંગણે ધિરાણ આપવા માટેની શક્યતા વધી જાય છે. તેનાથી તદ્દન ઊલટુ ફિલ્ડમાંથી મળેલા ડેટા બતાવે છે કે તેમણે માઈક્રો ફાયનાન્સ સંસ્થા પાસેથી લીધેલું ધિરાણ ચૂકવવાનું દબાણ વધતુ જાય છે. આપણે એવું તારણ બાંધી શકીએ કે મહિલાના આર્થિક દરજ્જામાં થયેલો વધારો અને તે અંગેનો તેમનો હક્ક, પરિવારમાં ચાલ્યા  આવતા પિતૃપ્રધાન અભિગમને કારણે પ્રતિકાત્મક અથવા તો મર્યાદિત સ્વરૂપને હોય છે.

**સમાપન :**

સમાપનમાં કહીશ કે જાતિય સમાનતા માટેની સ્થિતિ ઊભી કરવા માટે સશક્તિકરણ નીતિઓ અને કાર્યક્રમો આવશ્યક બની રહે છે તથા અને તેમાં મહિલા સશક્તિકરણ માટેનો અવાજ અને એજન્સી હોવી તે મૂળભૂત શરત છે. મહિલાઓને તમામ સ્તરે સાંભળવામાં આવે તેની ખાતરી થાય તે માટે વ્યક્તિગત સ્તરે, સમુદાયોમાં અને દેશમાં સશક્તિકરણની વ્યાખ્યા એ રીતે ઘડવી જોઈએ કે જે આ કામગીરી માટે યોગ્ય હોય. જો ધ્યેયને સમજવામાં આવે તો એ તરફ દોરી જતી પ્રક્રિયાને થિયરીનું સ્વરૂપ આપવું પડે અને પ્રયોગમૂલક રીતે સિધ્ધાંતોને આધારે તેનું વિશ્લેષણ જરૂરી બને છે.

આ પ્રકારની નિષ્ઠામાં એ બાબત સ્વીકારવાની રહે છે કે મહિલાઓ એવાં ભિન્ન પ્રકારનાં જૂથોમાંથી આવે છે કે જ્યાં ભિન્ન પ્રકારના વિસ્તારોમાં અને અલગ અલગ સમયે ભેદભાવ અને પિતૃપ્રધાન વ્યવસ્થાને કારણે પીડાવું પડતું હોય છે. આ બાબતને આપણે જો વ્યાપક સ્વરૂપે સમજવા પ્રયાસ કરીએ તો માત્ર મહિલાઓનો અવાજ સંભળાવાને કારણે અથવા તો એજન્સી માટે કામ કરવાનો અવકાશ ઊભો કરવાને કારણે જાતિય સશક્તિકરણ હાંસલ થતું નથી.

કારણ કે ખાઈ ખોદીને કિલ્લાબંધી ઊભી કરવાની તરાહ વડે હાંસિયાની સ્થિતિ નાબૂદ કરવી તે પૂરતું નથી. આમ છતાં માત્ર શાબ્દિક સર્વિસ પૂરી પાડવાને બદલે મહિલાઓના જરૂરિયાતો પૂર્ણ કરીને એક વિઝન પેદા કરવા તરફનું કદમ જરૂરી બની રહે છે. નૂતન ભારતના નિર્માણમાં મહિલાઓનું સશક્તિકરણનાં ધ્યેય હાંસલ કરવાનો પડકાર છે પણ તે આંતરિક તાકાત, જ્ઞાન અને ભારતની 48 ટકા વસ્તીને જાતિય સશક્તિકરણની કામગીરીમાં જોડ્યા વગર તે નહીં હોય ત્યાં સુધી તે હાંસલ થઈ શકશે નહીં.

## 8.5 મહિલાઓ અને અર્થતંત્ર

મહિલાઓ : અર્થતંત્રનું ચાલક બળ

મહિલાઓને આરોગ્ય, શિક્ષણ, સલામતી તથા સમાન દરજ્જો આપવા જેવા હેતુ માટે ઘડાયેલી સામાજિક નીતિના પાયામાં હંમેશા પછાત, ગરીબ અને વંચિત વર્ગની મા-બહેન-દીકરી અભિપ્રેત હોય છે. અંતરિયાળ ક્ષેત્રમાં વસવાટ કરતા સમાજને બેઠો કરવા માટે મહિલાઓનું ઉત્થાન અનિવાર્ય બને છે, કારણ કે પરિવર્તનની પ્રણેતા તરીકે એક સ્ત્રી અદ્‌ભુત ભૂમિકા અદા કરી શકે છે. બહેનોની પ્રગતિ માટે કાર્યક્રમ કે નીતિ ઘડતા નિષ્ણાત ઘણીવાર એવું માનતા હોય છે કે પછાત વરર્ગની સ્ત્રી બહારની દુનિયા સાથે કામ પાડી શકતી નથી અને પુરુષનું છત્ર સ્વીકાર્યા વગર તેનો છૂટકો નથી. વાસ્તવમાં હકીકત જુદી છે. સૌથી ગરીબ વર્ગમાં મહિલાઓ સૌથી સક્રિય હોય છે, પરિવારનું નેતૃત્વ કરતી હોય છે.

પરિવારનું પાલન-પોષણ કરનાર મહિલાની પ્રવૃત્તિ કદી આર્થિક મૂલવણી પામતી નથી એટલે તેની મહેનત વાહવાહ મેળવવાથી દૂર રહે છે. ગામડાની એક મહિલા ઘર માટે પાણી ભરવું, છાણા લાકડા લાવવા, કૂવા- તળાવે કપડાં ધોવા જવું અને ખેતીકામમાં મદદ કરવા જેવા કામ સહેજે કરે છે. આ બધી સેવા જો પગારથી લેવાની હોય તેમ માની સરવાળો માંડો તો ખબર પડશે કે ગરીબ ઘરની બહેન દીકરી દ્વારા થતી કાળી મજૂરીની કિંમત કેટલી ગણાય. ઉપર લખેલા કામમાં રસોઈ અને બાળઉછેર જેવા કામ ઉમેરવા હજુ બાકી છે. નોબેલ પારિતોષિક વિજતા ડૉ. અમર્ત્ય સેન પણ મહિલાઓના યોગદાનને ગરીબી નિવારણના દૃષ્ટિકોણથી મુલવતા લખે છે કે માનવજાતની વર્તમાન દશા બદલવાની સમર્થતા ધરાવતા લોકો કોણ તે શોધવા નજર દોડાવવી હોય તો ગરીબ મહિલાનું યોગદાન તમારે માપવું જ પડશે. સમાજના દરેક વર્ગની મહિલાનું જીવન જો બહેતર બનાવી શકાય તો આપોઆપ સમાજની ભાવિ પેઢી સંસ્કારી અને સશક્ત બનવાની જ છે, માત્રે ક પેઢી બદલાય ત્યાં સુધી પરિવર્તનની રાહ જોવાની તમારી તૈયારી હોવી જોઈએ.

મહિલાઓનું સ્થાન ઉન્નત બનાવવા માટે ઘડાતી નીતિનું કેન્દ્રબિંદુ હવે સમયાંતરે બદલાવ્યા વગર ભારત અને દુનિયાનો છૂટકો નથી. 1970ના દાયકામાં મહિલાઓની મોજણીમાં કેટલી વિધવા છે, કેટલી ત્યક્તા છે, કેટલી નિરાધાર છે તેવું શોધી તેમની આજીવિકાનો બંદોબસ્ત કરવાના કાર્યક્રમ ઘડાતા, કાળક્રમે મહિલાઓને આર્થિક પ્રગતિના એજન્ટ તરીકે મુલવણી કરતી વિચારધારા શરૂ થઈ જેણે ચોખ્ખું સાબિત કર્યું કે અબળાને મદદ કરવાનો ઉપકારભાવ ઘૂંટવાનો બંધ કરે અને મહિલાશક્તિને અનેક જગ્યાએ વિકાસ પ્રક્રિયામાં વિનિયોગ કરવાનો દૃષ્ટિકોણ અપનાવો. હવે મહિલાશક્તિનું યોગદાન આર્થિક પ્રગતિમાં હાંસલ કરવા માટે તેમને સામાજિક ટેકો આપવાની વાત સર્વત્ર બની ચૂકી છે. અલબત્ત આવો દૃષ્ટિકોણ જ્યાં અંગિકાર થયો ત્યાં બહેનોએ સારા પરિણામ પણ લાવી બતાવ્યા છે.

પરિવારનું જતન કરવાની સેવા બજાવતી મહિલાની ભૂમિકા માટે દુનિયાભરમાં એવી માગણી અને લાગણી ફેલાવી શરૂ થઈ છે કે બાળકોનો ઉછેર અને ઘરડા માબાબની સારસંભાળ પાછળ દિવસનો મોટાભાગનો સમય દરેક મહિલા વ્યતિત કરતી હોવાથી તેના માટે ઘરબહાર નીકળી પુરુષ માફક કમાણીમાં જોતારવું સંભવ હોતું નથી. તેથી દરેક મહિલાની આ સેવાની નાણાંકીય આકારણી કરી તેની રકમ ચૂકવી દેવી. સમાજમાં કામકાજ કરતી મહિલાઓની તેમાં ગણતરી થતી નથી, પરિણામે ખોટું સામાજિક ચિત્ર મોજણીમાં ઝીલાય છે. પરિવારનો મોભી પુરુષ કમાતો હોય તે

આંકડામાં તેની પત્ની દ્વારા પરિવાર સંભાળ પાછળ ખર્ચાતા સમય-શક્તિનું મૂલ્ય ગણી તેનો ઉમેરો કરવો જોઈએ. પરિવાર માટે પૂરક આવક ઊભી કરતી મહિલા તેની તમામ ફરજ અદા કર્યા પછી કામ ધંધો કરી કમાણી મેળવે છે તે ભૂલાવું જોઈએ નહીં. મહિલાનું યોગદાન શહેરી અને ગ્રામીણ પરિવારમાં સરખે ભાગે અનિવાર્ય ગણાય છે. ભારતમાં આવકની મોજણી કરવાવાળા પરિવારમાં કેટલા સભ્ય કમાય છે તે પૂછે છે, પણ રૂપિયા નહીં કમાતી પ્રશ્નાવલિમાં સ્થાન પામતું નથી. આ બાબત હવે તાબડતોબ અને માનભેર સુધારો માંગે છે.

રેહાના જાબવાલાએ પોતાના અભ્યાસપત્રમાં બહાદુરીપૂર્વક નોંધ્યું છે કે સમાજની આર્થિક હલચલમાં અદૃશ્ય અને અજ્ઞાન મજૂરીનું યોગદાન આપતી મહિલાની નોંધ લેવાનો કોણ જાણે રિવાજ જ નથી. સફળ ગૃહિણીનું યોગદાન અર્થતંત્રમાં અવશ્ય નોંધ પામવું જોઈએ. પોતાના ખેતરમાં કે પરિવારના ધંધા વેપારમાં મદદરૂપ બનતી બહેનોની સેવાનું આર્થિક મૂલ્ય પણ ગણતરી પામવું જ જોઈએ. અર્થતંત્રની તબિયતત સુધારવા માટેની દરેક નીતિ જો મહિલાનું જ્ઞાન ઉન્નત બનાવવાને અગ્રતા આપે તો આપોઆપ બધાનું કલ્યાણ થાય છે. વસતિનો અડધોઅડધ હિસ્સો ગણતી બહેનોને હવે સમોવડી ગણ્યે જ છૂટકો.

આયોજન પંચ દ્વારા 2007-2012 માટેની 11મી પંચવર્ષીય યોજના ઘડાતી હતી ત્યારે ''મહિલા અને વિકાસ'' જેવું શીર્ષક ધરાવતું પ્રકરણ તૈયાર કરવાની જવાબદારી મહિલા અર્થશાસ્ત્રીઓના અગ્રણી જૂથને સોંપવામાં આવેલી. આ કામ પૂરું થયા પછી બધા પ્રકરણનું મૂલ્યાંકન શરૂ થયું ત્યારે આયોજન પંચને ખબર પડી કે પેલી મહિલા અર્થશાસ્ત્રીના જૂથ દ્વારા એવી સજ્જડ ભલામણ કરવામાં આવેલી કે ''ઈન્ફ્રાસ્ટ્રક્ચર''નો ઉમેરો કરવામાં આવે. નિર્જીવ ઢાંચામાં નિર્માણ પાછળ સૌથી વધુ ભંડોળ માત્ર પ્રગતિ આણવા માટે ફાળવાતું હોય તો સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગર પેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિરાધાર જ રહેવાનું છે.

સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ખીલવણી એટલે સમાજના ગરીબ, વંચિત, શોષિત અને પછાત વર્ગની મા-બહેન-દીકરીનું સ્થાન ઉન્નત બનાવી તેમનું યોગદાન અર્થતંત્રમાં સાંપડે તેવો ટેકે આપવો. મહિલા અર્થશાસ્ત્રીઓ દ્વારા એક આઈડિયા એવો આપવામાં આવેલ કે સરકારે નાનામોટા ગામ શહેરમાં એવું વિરાટ સંકુલ બહેનો માટે બાંધી ત્યાં બાલવાડી, આંગણવાડી, સ્નાનઘર, પાણી ભરવાની વ્યવસ્થા, રસોઈ બનાવવાની વ્યવસ્થા તથા કપડા ધોવાની સગવડ વગેરે હોય. મતલબ મહિલાને ખપ પડે તેવી બધી સગવડ એક જ સ્થળે તેને ઊભી કરી આપવી જેથી તેની મહેનત અને સમય બચે. આ સગવડ માટેના બાંધકામ ખર્ચનો સમાવેશ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખાતામાં કરવો. ગરીબ મહિલાનો દૈનિક શ્રમ ઘટાડવાનો આ રામબાણ ઉપાય હતો.

1970ના દાયકામાં એક વિચાર એવો રમતો થયેલો કે મહિલા મૃત્યુ દર અને કામકાજમાં મહિલા ભાગીદારીનો દર જેવા બે માપદંડ વચ્ચે ગુણોત્તર કાઢવો અને તુલનાત્મક અર્થઘટન કરવું. આ દૃષ્ટિકોણથી મૂલવણી કરાઈ ત્યારે ખબર પડી કે 25 થી 35 વર્ષની મહિલાઓમાં કામકાજમાં યોગદાનનું પ્રમાણ સર્વોચ્ચ હતું તો મૃત્યુના પ્રમાણ પણ આ વયજૂથમાં જ સૌથી વધારે હતું. ગરીબ પરિવારોની સૌથી વધુ સંખ્યા ધરાવતા બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન તથા ઉત્તર પ્રદેશમાં આ પ્રમાણ સૌથી વધુ હતું. મતલબ કે પોતાની તબિયતના ભોગે પણ મહિલાઓને એટલી મહેનત કરવી પડતી હતી કે જિંદગી ટૂંકી બને તેનો વિચાર પણ પરવડે નહીં. પરિણામે, હવે આયોજન પ્રક્રિયા સાથે જોડાયેલા તજજ્ઞો નક્કી સમજી ચૂક્યા છે કે સમાજનો વિકાસ કરવા માટેની નીતિ ઘડતી વખતે મહિલાને તેના કેન્દ્રસ્થાને રાખ્યા વગર ચાલશે નહીં.

મહિલાઓનું આર્થિક યોગદાન હવે અવગણી શકાય તેમ નથી ત્યારે મહિલાઓ વચ્ચે જ વિચાર ચેતના ફેલાવવી જોઈએ કે તમારી સેવાની પૂરેપૂરી નોંધ લેવામાં આવે તો તમે હજુ વધુ યોગદાન શી રીતે આપી શકશો. મહિલા વચ્ચે જન્મેલા નેતૃત્વને આવું પૂછવાની જવાબદારી નેતૃત્વને આવું પૂછવાની જવાબદારી સોંપી શકાય. વેપાર ઉદ્યોગ, છૂટક વેપાર, નાની ખેતી કે વનપેદાશ એકત્રીકરણ જેવા કામ મહિલાને સોંપી તેનું મૂલ્ય આર્થિક ગણતરીમાં લેવાતું થાય તે જોવાની

જવાબદારી મહિલા નેતૃત્વને સોંપવાની તૈયારી સરકાર અને સમાજે કરી લેવાનો સમય પાકી ગયો છે.

વાત અહીં અર્થશાસ્ત્રીની છે નહિતર ગુજરાતી કવિતા તો કહેતી આવી છે કે, ''જે કર ઝુલાવે પારણું, તે જગ પર રાજ કરે.''

વિચારદિશા બદલવાનું પુણ્ય હવે પુરુષોએ કમાવાનું છે.

## 8.6 સામાજિક પરિવર્તનમાં સ્ત્રીઓનો ફાળો

પ્રસ્તુત પેપરમાં મહિલાઓનું વૈસ્વિકરણમાં સ્થાન કર્યા છે. મહિલાઓની ચર્ચાના વિષયને વિસ્તૃતીકરણ કરવાનો પ્રયાસ કર્યો છે. કામ કરે તે કામદાર - પરંતુ ભારતીય સમાજમાં મહિલાઓને કામદાર તરીકે ગણવામાં આવતું નથી. વૈશ્વિકરણનો યુગ હોવા છતાં મહિલાઓ આજે ઘરમાં રહીને ગૃહિણીની ભૂમિકા અદા કરવાના સાથે સાથે આર્થિક પ્રવૃત્તિમાં પણ પોતાનું યોગદાન આપી રહી છે. છતાં પણ ભારતીય અર્થતંત્રની રાષ્ટ્રીય આવકમાં મહિલાઓની પ્રવૃત્તિને ગણવામાં આવતું નથી. જ્યારે મહિલા કામદારને અન્ય કામદારો સાથે તુલના કરતા તે અદશ્ય કામદાર તરીકે ગણે છે.

સ્વતંત્રતા પછી રાજયોનું સ્ત્રી કલ્યાણનું અભિગમ કાનૂન અને અન્ય પરિબળોને કારણે મહિલાઓને નવા વ્યવસાયોની તક આપી છે. મહિલાઓના વ્યવસાયિકના સંદર્ભમાં પરંપરાગત ખ્યાલોમાં પરિવર્તન જોવામાં આવ્યું છે. પરંતુ વર્તમાન મહામંદીમાં અને મૂડીવાદી અર્થતંત્રમાં નફાને ઈશ્વરના રૂપમાં જોવામાં આવી રહ્યું છે.

**કાર્યવિભાજનની દષ્ટિએ મહિલા પુરુષ**

ભારતમાં મહિલાઓ હવે દરેક પ્રવૃત્તિ જેવી કે શિક્ષણ, રાજકારણ, મિડીયા, કળા અને સંસ્કૃતિ, સેવાના ક્ષેત્રોમાં, વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રો વગેરેમાં ભાગીદારી લઈરહી છે.મહિલાઓ અને પુરુષોનું કાર્યવિભાજન સાર્વત્રિક છે. આ કાર્યની સમાનતા સર્વસમાજમાં તથા કુંટુબોમાં સમાનરૂપથી જોવા નથી મળતી. આ કાર્યવિભાજનનું આધાર કુટુંબ અથવા સમાજની સંસ્કૃતિ અને આંતરિક સંસ્કૃતિ ઉપર આધારિત છે. જુદાં જુદાં દેશોમાં સમાજને કેન્દ્રિત કરીને અથવા આપણા ભારત દેસને ધ્યાનમાં લઈએ તો ભારતીય સમાજમાં પણ પ્રાચીન સમયથી મહિલા-પુરુષોનું કાર્ય વિભાજનનું વિતરણ નિર્ધારિત કરવામાં આવેલું છે. અનેક પ્રકારના કાર્યોના આધારે તેમનો હોદ્દો (આત્મ સન્માન) અને તેમના ફાળાને સમજી શકાય છે.

**ગુજરાતમાં કુલ શ્રમિકો તથા મહિલાઓનો ફાળો**

| ક્રમ | વિસ્તાર | વ્યક્તિઓ | પુરુષો | મહિલાઓ |
|---|---|---|---|---|
| 1. | કુલ (100%) | 21,255,521 (68%) | 14,477,286 (32%) | 6,778,235 |
| 2. | ગ્રામીણ (100%) | 14,993,312 (60%) | 9,049,438 (40%) | 5,943,874 |
| 3. | શહેર (100%) | 6,262,209 (87%) | 5,427,848 (13%) | 834.361 |

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય કે ગુજરાતમાં કુલ શ્રમિકોની જાતિવાર વહેંચણી કરતા પુરુષોની કુલ શ્રમિક કામદારોમાં 68 ટકા હિસ્સો છે, જ્યારે કુલ શ્રમિકોમાં મહિલાઓનો 32 ટકા ફાળો જોવા મળે છે. તેમાંય મહિલાઓનો ફાળો વિસ્તાર પ્રમાણે જોઈએ તો ગ્રામીણ ક્ષેત્રમાં મહિલાઓનો ફાળો શહેરી વિસ્તાર કરતા 27 ટકા વધારે જોવા મળે છે. પરંતુ ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓનો અક્ષરજ્ઞાન ઓછુ હોવા છતાં શ્રમિક તરીકે કાર્ય કરતી હોય છે. ગ્રામીણ વિસ્તારમાં આર્થિક પરિસ્થિતિને આધારે મહિલાઓ શ્રમ ક્ષેત્રમાં જોડાતી હોય છે. આમ છતાં ભારતીય

સમાજમાં પુરુષને પોતાના પરિવારની આજીવિકા ચલાવવા માટે કોઈ ને કોઈ પ્રવૃત્તિ કરવી પડતી હોય છે અને સાથે જ પુરુષોની આર્થિક પ્રવૃત્તિ સાથે મહિલાઓ પુરુષના ઘરમાં રહીને ગૃહસંચાલન, પ્રજનન, બાળકોનું પાલનપોષણની જિમ્મેદારી વિગેરે સામાન્ય પ્રણાલિકા રૂપ પ્રવૃત્તિઓ જોવામાં આવે છે. નેશનલ કમિટીના રિપોર્ટના અનુસાર આજે પણ મહિલાઓની મુખ્ય ભૂમિકા ગૃહકાર્ય સાથે જોડાયેલી છે. ઘરના વિવિધ કાર્યોની જવાબદારી પણ મહિલાઓ સહન કરતી હોય છે.

**મહિલાઓનું કુટુંબમાં સ્થાન**

વૈદિક યુગમાં મહિલાઓનું સામાજિક દરજ્જો પુરુષની સરખામણીમાં સમ્માનીય રહ્યું છે. પરંતુ અનવેદિક યુગમાં મહિલાઓનો દરજ્જો કુટુંબમાં પડતું જોવામાં આવી રહ્યું છે. આ વર્તમાન સમયમાં પુત્રનું મહત્ત્વ વધવા લાગ્યું છે.એ પુત્રતો પિતાના મૃત્યુ પછી મોક્ષ અપાવનાર ગણવામાં આવે છે. અંગ્રેજ રાજ્ય મહિલાઓનું ઉત્થાનનું યુગ માનવામાં આવે છે. આ સમય અંગ્રેજ હુકૂમત અને સામાજિક સુધારકો તથા પુનરૂત્થાનવાદીયોએ મહિલાઓને થનાર અન્યાય અને શોષણ સામે જેહાદનો પ્રારંભ કર્યો હતો. આ સમય અનેક કાયદાઓનો ગઠન થયા, મહિલા જાગૃતિ માટે પ્રયત્ન કરવા છતાં બાળલગ્ન, નિરક્ષરતા, કુટુંબમાં ગૌણ સ્થાન, કુટુંબમાં મર્યાદિત ભૂમિકા વિગેરે કારણોથી મહિલાઓનું આત્મ સન્માન અને દરજ્જો કુટુંબમાં અને સમાજમાં પુરુષોના આધિન અર્થાત નીચલા સ્તરનું રહી ગયું હતું. સ્વતંત્રતા પછી આપણે ઈચ્છિત સામાજિક પરિવર્તન કરવા માટેના પ્રયત્નો કર્યા છે. રાજ્ય બંધારણ અને સામાજિક કાયદાઓથી મહિલા-પુરુષને સમાજ હક્કો અપાવ્યા છે. તેથી ભારતમાં બધી જાતિ માટે કાનૂન સમાન છે. પરંતુ મહિલાઓની કૌટુંબિક ફાળાના પ્રતિ દૃષ્ટિકોણ આજે પણ યથાવત રહ્યું છે. મહિલાઓ કુટુંબમાં સ્ત્રીને પુત્રી, પત્ની, માતા વિગેરેના રૂપમાં પોતાની ભૂમિકા ભજવી રહી છે. જેમાં મહિલાઓની અસંખ્ય કૌટુંબિક જવાબદારીઓનો સમાવેશ થાય છે. સામાજિકરણની તાલીમ દ્વારા નવી પેઢીઓને તૈયાર કરવા માટે મુખ્ય જવાબદારી મહિલાઓની રહે છે અને મહિલાઓનો વાસ્તવિક વ્યવસાય માતાના સ્વરૂપ હોય છે. આ આદર્શ પ્રવૃત્તિના આધારે માતાનું વ્યવસાય આદર્શ નાગરિકોને તાલીમ તથા શિક્ષા આપીને તેને તૈયાર કરવાનું છે. મહિલાઓની ભૂમિકામાં મહિલા વ્યવસાય કરી રહી છે કે નથી કરી રહી છતાં પણ અનિવાર્ય સંજોગોમાં પોતાની કૌટુંબિક ભૂમિકા નિભાવવી પડે છે. આ પ્રમાણે ઘરના કામકાજોમાં જેમ કે- ખોરાક બનાવું, કપડાં ધોવા,સ્વચ્છતા રાખવી વિગેરે કાર્યો કરવા પડતા હોય છે. છતાં પણ કુટુંબમાં મહિલાઓનો દરજ્જો નીચો જોવા મળે છે.

**મહિલા અને શિક્ષા**

> ''એક માણસને ભણાવશો તો એક વ્યક્તિ શિક્ષિત થશે. એક મહિલા (સ્ત્રી)ને ભણાવશો તો પૂરો પરિવાર શિક્ષિત થશે.''
>
> *-ગાંધીજી*

મહિલાઓને નિરક્ષરતા, સ્કૂલ સુવિધાઓનો અભાવ, જમીનદારોના શોષણનો શિકાર થવું અને આવી જ અન્ય સામાજિક આર્થિક અક્ષમતાઓની કેટલીક જાણકારી મળી છે. જેમનું સામનો ગ્રામીણ મહિલાઓને કરવું પડતું હોય છે. ભારતમાં જે ગણી-ગાંઠી શિક્ષિત મહિલાઓ છે અત્યારે ભારતીય પરંપરામાં મહિલાઓને સમ્માન મળ્યું છે એ લગભગ ભારત એક માત્ર એવો દેશ છે જ્યાં કરોડો લોકો અધનારીશ્વરની પૂજા કરે છે અને જ્યાં મનુએ ઘોષણા કરી હતી કે જ્યાં નારીનું સમ્માન થાય છે ત્યાં દેવતાઓ પ્રસન્ન રહે છે. આ સત્ય છે કે ભારતીય મહિલાઓ આજે પણ કુલ મળીને નિરક્ષર અને અશિક્ષિત છે તથા વાંછિત રૂપમાં પોતાની આવાજ સંસદ અથવા વિધાન મંડળમાં ઉઠાવવામાં અસમર્થ છે.

**મહિલા સશક્તિકરણ**

મહિલાઓ અને પુરુષોનું કાર્યવિભાવન સાર્વત્રિક છે. આ કાર્યની સમાનતા સર્વસમા ઓગસ્ટ 1947માં સ્વતંત્રતા પ્રાપ્તિ પશ્ચાત આ પરિરવર્તન વધુ તીવ્રગતિ સાથે થયું છે. ભારતીય નારી

પોતાના પરમ્પરાબદ્ધ સ્વાભાવિક વિશેષતાતી મુક્ત થવા લાગી છે. સ્વતંત્ર ભારતમાં મહિલાઓ આજે અધિકાધિક સંખ્યામાં વૈતનિક અને લાભપૂર્ણ વ્યવસાયો અને કામકાજના ધંધાઓમાં આવવા લાગી છે. આપણા દેશના સમાજમાં નિમ્નવર્ગની મહિલાઓ તો હંમેશા મજદૂરી કરતી આવી છે. પરંતુ ઉચ્ચ વર્ગની મહિલાઓ અધિક્તર પોતાના ઘરો સુધી જ સીમિત રહી છે. સ્વતંત્ર ભારતના આજે મહિલાઓ ઘરની ચાર દિવાલોમાંથી નીકળીને અનેક પ્રકારના ધંધાઓમાં જઈ રહી છે, જે વ્યવસાયો પુરુષોને વર્ચસ્વ હતું. આ એક અપૂર્વ ઘટના છે અને એક સ્વતંત્ર રાષ્ટ્રના રૂપમાં ભારતની વિશેષતા પણ છે.

આથી સ્પષ્ટ થાય છે કે સમાજનું આટલું વિકાસ હોવા છતાં આજે પણ મહિલા કાર્યોજનના ક્ષેત્રમાં પ્રગતિ સાધી શકી નથી. કેમ કે અત્યારે પણ ઉચ્ચ શિક્ષણ-પરિક્ષણ પ્રાપ્ત યુવતીયોની ત્રણ ચતુર્થાશ સંખ્યા રોજગાર ક્ષેત્રમાં જોડાઈ શકતી નથી. વિશેષ રૂપથી તકનિકી વ્યાવસાયિક ક્ષેત્રો માટે કરવામાં આવેલ પ્રશિક્ષણનો લાભ રાષ્ટ્રને મળી શકતો નથી, કેમકે તેમાં અમુક રૂઢિઓ બાધક બને છે. એક તરફ તો બેરોજગારી છે અને બીજી તરફ રોજગાર ક્ષેત્રોમાં યોગ્ય વ્યક્તિ નથી મળતા યુવતીઓ કે મહિલાઓ માટે આવા પ્રકારના તેમના પ્રશિક્ષણ સમાજના કાર્ય માટે કામ નથી આવતા.

ભારતમાં મહિલા સમાનતા કે મહિલા સશક્તિકરણ એ કોઈ નવો બહુ મહેનત લેવો પડે તેવો વિષય નથી.પરંતુ ગુલામીના લાંબા સમય દરમિયાન સામાજિક પરિસ્થિતિએ એવો વળાંક લીધો છે કે બહેનોએ પોતાનું સ્થાન પ્રાપ્ત કરવા પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા એક સંઘર્ષમય વાતાવરણનો સામનો કરવો પડે છે. આવા યુનૌતિ સમાન વાતાવરણમાંથી એક નારી પોતાની જાતને ગૌરવભેર પ્રસ્થાપિત કરે તો ત્યારે સમગ્ર નારી જાતિ ગર્વ અનુભવશે.

કહેવાય છે કે એક પુરુષ ભણે છે ત્યારે એ વ્યક્તિગત જ ભણે છે. પરંતુ એક બહેન કે મહિલા કોઈ જ્ઞાન કે શિક્ષા પ્રાપ્ત કરે છે, ત્યારે આખો પરિવાર જ્ઞાનમય બને છે. યત્ર નાર્યન્તુ પૂજયતે. રમનતે તત્ર દેવતાઃ એટલે કે જયાં જયાં નારીની પૂજા થાય છે ત્યાં ત્યાં દેવતાનો વાસ હોય છે. આપણી સંસ્કૃતિમાં નારીને શક્તિનો સ્ત્રોત માનવામાં આવે છે. નારીશક્તિનાં તમામ સ્વરૂપોનો મહિલા આપણાં શાસ્ત્રોમાં ગવાયો છે. આપણા રોજબરોજનાં વ્યવહારમાં નારીનાં પૂજનને આવરી લેવાયું છે.

## 8.7 સામાજિક ઉન્નતિનો આધાર સ્તંભ : મહિલા સશક્તિકરણ

ભારતમાં સ્ત્રીના સામાજિક દરજ્જાએ ઘણાં તડકા-છાંયા જોયા છે. ઈતિહાસ સાક્ષી પૂરે છે કે વેદકાલીન સમયમાં સ્ત્રીનો સામાજિક દરજ્જો ખૂબ ઊંચો હતો. ધીરે ધારે સમયના વહેણ સાથે સ્ત્રીનું સામાજિક સ્થાન ઉતરતું ચાલ્યું. પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થામાં સ્ત્રી ઘરની ચાર દિવાલોમાં કેદ થતી ચાલી. ઘર ગૃહસ્થી ચલાવવી, બાળકો ઉછેરવા, ઘરના વડીલો તથા પુરુષ વર્ગની સેવા કરવી એ જ સ્ત્રીનો ધર્મ બની રહ્યો ! ઘણાં વર્ષો સુધી સ્ત્રીની આ સામાજિક સ્થિતિ રહ્યા પછી જેમ જેમ કન્યા કેળવણીનો વ્યાય  વધતો ગયો તેમ તેમ સમાજમાં જાગૃતિ આવતી ચાલી.

આજે તો કન્યાઓના સામાજિક સ્વાતંત્ર્યને સમાજે સ્વીકૃતિ આપવા માંડી છે. આજે કન્યાઓને બહાર ભણવાની,સામાજિક સંબંધો વિકસાવવાની, આધુનિક વસ્ત્રો ધારણકરવાની, વાહનો ચલાવવાની તથા કોઈપણ ક્ષેત્રમાં નોકરી કરવાની સ્વતંત્રતા મળવા લાગી છે. ત્યાં સુધી કે આજની દીકરીઓ અવકાશીય સંશોધન ક્ષેત્રે, સંરક્ષણ ક્ષેત્રે, બેંકીંગ ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે અને કોર્પોરેટ જગતમાં પણ ઉચ્ચ સ્થાનો શોભાવતી થઈ છે. આપણાં પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરાગાંધી, પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ શ્રીમતિ પ્રતિભા પાટીલ, પ્રથમ આઈ.પી. એસ. અધિકારી ડૉ.કિરણ બેદી, કલ્પના ચાવલા, સુનિતા વિલિયમ્સ, વિશ્વની દસ શ્રેષ્ઠ સી.ઈ.ઓ. માના એક બનવાનું જેને ગૌરવ પ્રાપ્ત કર્યું તેવા પેપ્સીકો કંપનીનાં સી.ઈ.ઓ. મહિલા ઈન્દિરા નુઈ, 2006નું બુકરપ્રાઈઝ મેળવનાર સૌથી નાની વયના લેખિકા કિરણ દેસાઈ, સાનીયા મિર્ઝા, પી.ટી.ઉષા.... આ નામોની ખૂબ મોટી યાદી આ વાતની સાક્ષી પૂરે છે.

સમાજએ તથ્ય સ્વીકારતો થયો છે કે સ્ત્રીનો દરજ્જો ચાહે પત્નીનો હોય, માતાનો હોય કે બહેનનો હોય, તે અશિક્ષિત રહે એ રહે તે પાલવે તેમ નથી. આ તથ્યના વ્યાપક સ્વીકારને લીધે સ્ત્રી સાક્ષરતાનો દર વધવા લાગ્યો છે. તેમ છતાં દેશમાં સાક્ષરતાના ક્ષેત્રે ગુજરાતનો 15મો ક્રમ છે. તો સ્ત્રી સાક્ષરતામાં ગુજરાત 21માં ક્રમે છે.યુનોસ્કોની એક શાખા ''એજ્યુકેશન ફોર ઓલ'' દ્વારા તાજેતરમાં હાથ ધરાયેલાં એક ચોંકાવનારા સર્વેક્ષણ અનુસાર હજુ પણ કન્યા-કેળવણીના સંદર્ભમાં ભારતનું સ્થાન ઘણું પાછળ છે. પછાત ગણાતા બાંગ્લાદેશ કરતાં પણ પાછળ ! ઈ.સ. 2000માં 'ડકાર સંમલેન'માં તમામ સભ્ય રાષ્ટ્રોએ નક્કી કર્યું હતું કે ''સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પોતાના દેશના એક એક બાળકને આવરી લેવાશે અને તેમાં છોકરા-છોકરીને સમાન તક અપાશે, પરંતુ ભારતમાં તેવું થયું નથી. આજે પણ આપણે ત્યાં શાળાએ જતા છોકરાઓ અને છોકરીઓની સંખ્યામાં ઘણો મોટો તફાવત છે.

કન્યા કેળવણી તરફના સમાજના આ દુર્લક્ષ્યને ટાળવા ગુજરાત સરકારે કન્યા કેળવણી તરફ પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરીને ''ગુજરાત કન્યા કેળવણી નિધિ''નીરચના કરી છે. ગુજરાતના મુખ્ય પ્રધાનના અધ્યક્ષપદ અને શિક્ષણ પ્રધાનના ઉપાધ્યક્ષ પદ હેઠલ રચાયેલી સમિતિ આ નિધિનું સંચાલન સંભાળે છે. કોઈપણ દાતા પછી તે વ્યક્તિ હોય, સંસ્થા હોય, કોર્પોરેટ એકમ હોય કે સરકારી એકમ હોય, જે કન્યાઓના શૈક્ષણિક વિકાસ માટે દાન આપવા ઈચ્છે તે આ દાન ''ગુજરાત કન્યા કેળવણી નિધિ''માં જવા કરાવે છે. આ નિધિમાં અત્યાર સુધીમાં રૂા.11.50 કરોડ રૂપિયાનું ફંડ એકત્રિત થયું છે. જેની એક એક પાઈ જરૂરિયાતવાળી કન્યાઓના ઉચ્ચ શિક્ષણ માટે વપરાશે. આ ભંડોળ ગુજરાતની પ્રતિભાવંત કન્યાઓની ઉચ્ચ શિક્ષણની કારકિર્દીને ઉજ્જવળ કરવા સીમાચિહ્નરૂપ સાબિત થશે. ગુજરાતના પ્રબુદ્ધ નાગરિકો, કોર્પોરેટ જગતના માંધાંતાઓ તથા વિદેશમાં વસતા ગુજરાતી એન.આઈ.લોકો એ ''ગુજરાત કન્યા કેળવણી નિધિ'' ને જોરદાર પ્રતિસાદ આપ્યો છે. કારણકે આજે સૌને એ સત્ય સમજાયું છે કે સ્ત્રીઓ જો સાક્ષર થશે તો જ તે પોતાના બાળકોનું ઘડતર સારી રીતે કરશે તથા ''હોમ મેનેજમેન્ટ'' પણ કુશળતાથી કરી શકશે, અને તો જ ખરા અર્થમાં સામાજિક પરિવર્તન આવશે.

છેલ્લા બે દાયકામાં મહિલા મંડળો દ્વારા ચાલતા નાના પાયાના ગૃહઉદ્યોગોને પ્રોત્સાહન આપી તેમના દ્વારા ઉત્પાદિત માલને વિવિધ સહકારી મંડળીઓ દ્વારા વેચાણ કરાવીને મહિલા ઉત્કર્ષને સરકાર દ્વારા ખૂબ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સરકાર આવા મંડળોને લોન અને સબસીડી આપી સહાય કરે છે. રાજકીય ક્ષેત્રે પણ મહિલાઓને આગળ પડતું સ્થાન આપવામાં આવી રહ્યું છે.

તાજેતરમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં 50% મહિલા અનામત બેઠકો રાખવા અંગે કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા નિર્ણયનો બંધ રાખવા હવે પાલવે તેમ નથી.

હાલમાં સંતાનમાં માત્ર એક દીકરી ધરાવતાં હોય તેવા માતા-પિતાનું સરકાર સન્માન કરે છે. દીકરીના ભણતર માટે ફી-માફી, વિદ્યાલક્ષ્મી બોન્ડ, તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ફી-માફી, શિક્ષણ સંલગ્ન વિવિધ સુવિધાઓની કન્યાઓને પ્રાપ્તિ જેવી અનેક યોજનાઓ સરકારે અમલમાં મૂકી છે, ત્યારે હવે ભવિષ્યમાં જે પરિવાર પોતાની દીકરીને ઉચ્ચ શિક્ષણ આપે તે પરિવારનું જાહેરમાં સન્માન જો સરકારશ્રી દ્વારા કરવાનું આયોજન થાય તો તે કદાચ સમાજની માનસીકતામાં પરિવર્તન લાવવા માટેનું એક સ્તુત્ય પગલું ગણાશે.

## 8.8 સશક્ત સ્ત્રી-સશક્ત દેશ

**''મહિલાઓ પાછળ રહી જશે તો દેશ આગેકૂચ નહીં કરી શકે''**

***-સ્વામી વિવેકાનંદ***

સમાનતા, માનવ મુક્તિ એ તમામ માટે આઝાદીનો આદર્શ સાર્થક કરવા માટે સશક્તિકરણ તે એક સતત પ્રક્રિયા છે. નેવુના દાયકાના આરંભિકકાળમાં વિકાસ અંગેના માપદંડો બદલાયા અને ''વિકાસથી સશક્તિકરણ''ની વાત વહેલી થઈ. સશક્તિકરણ એટલે લોકોના જીવનને સ્પર્શતી

જવાબદાર સંસ્થાઓ પર લોકોનું નિયંત્રણ વધારવા લોકોની ક્ષમતા અને અસ્કયામતોમાં વૃદ્ધિ (વિશ્વ બેન્ક સ્ત્રોત પુસ્તિકા) મહિલાઓના સંદર્ભમાં કેલર અને મ્બેવે (1991) (સુગુના 2000માં થયેલા ઉલ્લેખ મુજબ) કહે છે કે મહિલા સશક્તિરણ એટલે એક એવી પ્રક્રિયા કે જે મહિલાઓની આત્મનિર્ભરતામાં વૃદ્ધિ કરે, પસંદગી કરવા માટેના પોતાના અધિકારોનો મહિલા ઉદ્‌ઘોષ કરી શકે અને સંસાધનો પર મહિલાઓનું આધિપત્ય સ્થપાય કે જેથી કરીને મહિલાને અવગણતા પરિબળોને તે પડકારી શકે.

સશક્તિકરણ એક બહુ આયામી પ્રક્રિયા છે. સામાજિક, આર્થિક, રાજકીય અને ક્ષમતા વૃદ્ધિ સહિતના અનેક પાસા અન્યોન્ય સંકળાયેલાં છે. સશક્તિકરણની પ્રક્રિયા આમ તો પરસ્પર સંકળાયેલા અનેક પાસાં સાથે સંકળાયેલી પ્રક્રિયા છે. પરંતુ, આર્થિક આત્મનિર્ભરતા સાથે તેની શરૂઆત થાય છે. આર્થિક આત્મનિર્ભરતા એટલે ઉત્પાદન સંસાધનો સુધીના પહોંચ અને તેના પર નિયંત્રણ સશક્તિકરણના અન્ય પાસાની વાત કરીએ તો બીજુ પાસુ તે જ્ઞાન અને જાગૃતિ, ત્રીજું તે સેલ્ફ ઈમેજ અને અંતિમ પાસું સ્વાયત્તતાત છે. મહિલા સશક્તિકરણના વિચારને સાર્થક કરવા તેમના આરોગ્ય, શિક્ષણ અને રોજગારી પર ખાસ ધ્યાન આપવામાં આવે છે. ટકાઉ વૃદ્ધિ કે વિકાસ માટે આટલું જરૂરી છે.

ભારતમાં મહિલાઓની સંખ્યા પર નજર નાખવામાં આવે તો કેટલાંક દેશોની કુલ વસતી કરતાં પણ તેમની સંખ્યા વધી જાય છે. આ સંજોગોમાં ભાતીય મહિલા સામાજિક રીતે શક્તિશાળળા બને અને સશક્ત વર્ગના રૂપમાં બહાર આવે તે ઈચ્છનીય છે. પરંતુ વાસ્તવિકતા ઉપર નજર નાખવામાં આવે તો એ જુદી જ છે. બંધારણમાં જાતિ સમાનતાની વાત કરવામાં આવી છે, મહિલાની તરફેણ રાજ્ય હકારાત્મક પગલાં લેવા સત્તા પણ ધરાવે છે, પરંતુ ભારતમાં મહિલાઓ સામાજિક ભેદભાવનો ભોગ બનતી જ આવે છે. તંદુરસ્તી, શિક્ષણ કે મૃત્યુદર એમ વિકાસના માપદંડરૂપ કોઈપણ મોરચે ભારતની મહિલા પછાત શ્રેણીમાં જ આવે છે. એક સદીથી ભારતની મહિલાનો સામાજિક દરજ્જો ઊંચો લાવવા પ્રયાસ થઈ રહ્યા હોવા છતાં 8 વર્ષ 2008ના માનવ વિકાસ સૂચકઆંકમાં જાતિ સમાનતાના મુદ્દે 177 દેશોમાં ભારત 118મા ક્રમે આવે છે.

સ્વાધીનતા હાંસલ થયા પછી અને ખાસ કરીને 1990ના દાયકાથી ભારત મહિલા સશક્તિકરણની દિશાના પ્રયાસ કરી રહ્યું છે. સરકારી અને બિનસરકારી ક્ષેત્રો એમ બંને મહિલાઓને બહેતર આરોગ્ય સેવા, જીવન નિર્વાહના સાધનો તેમજ ઘર અને સમાજના નીતિ વિષયક નિર્ણયોમાં સહભાગી બનવાની તક આપીને મહિલા સશક્તિકરણના રાહમાં આગળ વધી રહ્યા છે. બાળકીઓને પોતાનું અસ્તિત્ત્વ ટકાવી રાખવાની ટક મળે અને સુખી સંપન્ન જીવન જીવવાની તક મળે તે હેતુસર ખાસ ધ્યાન અપાઈ રહ્યું ચે.

1993માં આપણા બંધારણમાં થયેલો 73મો સુધારો આ દિશામાં સીમાચિહ્નરૂપ પગલું છે. પંચાયત ક્ષેત્રે અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે અનામત બેઠકોની જોગવાઈ ઉપરાંત મહિલાઓ માટે એક તૃતીયાંશથી ઓછી નહીં એ રીતે અનામત બેઠકોની આ સુધારાથી જોગવાઈનો અમલ થતાં જ મહિલા રાજકીય અને સામાજિક એમ બંને રીતે સશક્ત થઈ. ભારતમાં આજે પંચાયતોના 2,60,000 પ્રતિનિધિઓ પૈકી 75 હજાર મહિલા પ્રતિનિધિઓ છે. વિશ્વમાં ચૂંટાયેલી મહિલાઓનો આ સૌથી મોટો આંકડો છે.

તો રાજ્યસભામાં મહિલા અનામત વિધેયક 2010 પસાર થવાની ઘટના એક બીજું મહત્ત્વનું પગલું છે. તેના પગલે મહિલાઓને વધુ રાજકીય મોકળાશ મળી છે અને વિકાસ પ્રક્રિયામાં તેમની સક્રિય સહભાગિતા વધી છે.

પંચાયત અને સંસદ એમ બંનેમાં મહિલા અનામતની જોગવાઈ મહત્ત્વની ઘટના છે.પરંતુ ઘરમાં અને સમાજમાં લેવાતા નિર્ણયોમાં મહિલાઓની સહભાગિતા એક પડકારરૂપ બાબત છે. આ પડકારો જ તેમની ક્ષમતા વધારશે અને તેમની ભૂમિકા યોગ્ય રીતે અદા કરી શકશે.

હકીકત એ છે કે સ્વાધીનતા હાંસલ થયાથી અડધી સદી પછી પણ મહિલાઓના પગ બેડીઓથી જકડાયેલા છે. શિશુ બાળકીના કિસ્સામાં ગર્ભપાતની ઘટના મહિલાઓ પ્રતિના જાતિ ભેદભાવનો પુરાવો છે. પંજાબ, હરિયાણા અને દિલ્હી જેવા ધનવાન રાજ્યોના શહેરો અને ગામેગામ તેમાંથી બાકાત નથી. આવી અમાંગલિક શરૂઆતમાં જ જાતિય સતામણી, દહેજ પજવણી, દહેજ મૃત્યુ, મહિલામાં શિક્ષણનું નીચું પ્રમાણ, કામના સ્થળે ભેદભાવભરી નીતિ, ઘરમાં નીચો દરજ્જો સહિતની બાબતોના બીજ રહેલાં છે. યાદી એટલી લાંબી છે કે મહિલા માટે તેમાંથી છટકવું મુશ્કેલ બની રહે છે.

આમ તો પુરુષ કરતાં મહિલાનો દરજ્જો નીચો જ રહે છે અને વિવિધ સંસ્કૃતિમાં તેનું પ્રમાણ વત્તુઓછું રહે એટલું જ, સંયુક્ત રાષ્ટ્રે 1980માં આ અસમાનતાના બોજની સમીક્ષા કરી હતી. તેમાં ધ્યાને આવ્યું હતું કે વિશ્વની અડધી જનતાનું પ્રતિનિધિત્વ કરનારી મહિલા, વિશ્વના બે તૃતીયાંશ જેટલા કાર્યબોજનો ભાર ઉપાડે છે, પંરતુ તેની આવક વૈશ્વિક આવકના દશમા ભાગ જેટલી જ છે. તો વિશ્વની અસ્કયામતોમાં તેમની માલિકીનો હિસ્સો તો એક દશાંશ જેટોલ નીચો છે.

**વિશ્વભરના મહિલા સંબંધી અંકો :**

- વિશ્વના 1.3 અબજ ગરીબો પૈકી 70 ટકા મહિલા છે.
- વિશ્વના 2.7 કરોડ રેફ્યુજી પૈકી 76 થી 80 ટકા રેફ્યુજી મહિલા અને બાળકો છે.
- વિશ્વભરમાં એક એક અબજ અશિક્ષિતો પૈકી બે તૃતીયાંશ મહિલા છે.
- વિશ્વભરમાં 13 કરોડ બાળકો શાળાએ નથી જતા તેમાં બાળકીઓનો હિસ્સો બે તૃતીયાંશ છે.
- મોટાભાગના દેશોમાં પુરુષોના મુકાબેલ મહિલાઓ બિનચૂકવણીએ થતું બમણું કામ કરે છે.
- વિકાસોત્મુખ દેશોમાં ગ્રામીણ મહિલાઓ કુલ અનાજ ઉત્પાદનનો 55 ટકા હિસ્સો પેદા કરે છે.
- વૈશ્વિક જી.ડી.પી.માં મહિલાઓ દ્વારા વિના ચૂકવણીએ થતા ઘરકામ અને સામાજિક કામોનો હિસ્સો 35 ટકા છે.
- મહિલાઓમાં એચઆઈવીનું પ્રમાણ વધી રહ્યું છે. આજના એચઆઈવી કેસો પૈકી 42 ટકા કેસ મહિલાઓના છે.
- પ્રતિવર્ષે બે કરોડ બિનસલામત ગર્ભપાત થાય છે, જેમાં અંદાજે 70,000 મહિલાના મોત થાય છે.

**ભારતમાં બાળકીની સ્થિતિ :**

- દેશમાં પ્રતિહજારે બાળકીનું સરેરાશ પ્રમાણ 927નું હોવા છતાં ધનવાન ગણાતા રાજ્યોમાં પણ બાળકીઓના કિસ્સામાં ભ્રુણહત્યાનું પ્રમાણ વધી રહ્યું છે.
- વર્ષ 2006માં ભ્રૃણહત્યાના બનેલા કેસો પૈકી 25 ટકા કેસ નજ નોંધાયા હતા.

**શાળા શિક્ષણ :**

- પ્રાથમિક અને માધ્યમિક શાળામાં કિશોરોના મુકાબલે શાળામાં કિશોરીઓ ઓછા પ્રવેશ લે છે.
- શાળા પ્રવેશ બાદ છઠ્ઠા ધોરણ સુધીમાં 50 ટકા જેટલી બાળકીઓ શાળા છોડી દે છે.
- માત્ર 36.22 ટકા બાળકીઓજ માધ્યમિક શાળા સુધીનો અભ્યાસ કરે છે.

**આરોગ્ય અને પોષણ :**

- બાળ મૃત્યુદરમાં 59 ટકા બાળકીઓ હોય છે.

**લગ્ન :**

- ઓછી આવક ધરાવતા જૂથમાં 49.78 ટકા કિશોરીઓના કિસ્સામાં લગ્ન માટેની કાયદેસરની 18 વર્ષની ઉંમર પહેલાં જ લગ્ન થઈ જાય છે.

**શ્રમ :**

- કિશોરીઓ કિશોરના પ્રમાણમાં વધુ પ્રમાણમાં બાળમજૂર તરીકે જોવા મળે છે.
- સંખ્યાબંધ કિશોરીઓ રૂપજીવની વ્યવસ્થા અને કામવાળી બાઈ તરીકે જોતરાઈ જાય છે.
- બાળમજૂરીનું સૌથી ઊંચું પ્રમાણ અનુસૂચિત જનજાતિ અને મુસ્લિમોમાં જોવા મળે છે. તે પછીના ક્રમે અનુસૂચિત જાતિ આવે છે.

**અપહરણ :**

- કિશોરીઓના અપહરણના કિસ્સા સતત વધતાં રહે છે.
- 10 વર્ષથી મોટી ઉંમરની કન્યાના અપહરણના કિસ્સા નાટ્યાત્મક રીતે વધ્યાં છે, કારણકે ઘેરથી ભાગી જવાના કેટલાંક કિસ્સામાં પણ અપહરણના કેસ નોંધાવાય છે.

**ગરીબીનો સિધ્ધાંત :**

- ગરીબની વ્યાખ્યાના મુદ્દે એક સહમતી તો પ્રર્વતી જ રહી છે કે પોતાની બુનિયાદી માનવીય જરૂરિયાતોથી જે વંચિત રહે તેને ગરીબ કહેવાય. સર્વવિદીત છે કે પુરુષપ્રધાન સંસ્કૃતિ અને સામાજિક રિવાજોને કારણે ત્રીજા વિશ્વના દેશોમાં બહુમત મહિલાઓ બુનિયાદી જરૂરિયાતોથી વંચિત રહે છે.

**ગરીબીમાં મહિલા :**

1995ના માનવ વિકાસ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે વિકાસોન્મુખ દેશોમાં વસી રહેલાં 13 અબજ ગરીબો પૈકી 70 ટકા મહિલા છે. ગ્રામીણ પુરુષના મુકાબલે મહિલાઓમાં ગરીબીનું વધુ પ્રમાણ પ્રવર્તી રહ્યું છે. છેલ્લા 20 વર્ષ દરમિયાન ગ્રામીણ વિસ્તારના અત્યંત ગરીબ પુરુષોના આંકડામાં 30 ટકા જ્યારે મહિલાઓના જિલ્લામાં 50 ટકા વૃદ્ધિ જોવા મળી છે. ભારતમાં મહિલાઓ 89 ટકા બિનઔપચારિક અને બિનમાન્યતા પ્રાપ્ત ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરે છે. ગ્રામીણ વિસ્તારમાં થતા શ્રમમાં મહિલાઓ ઊંચી ભાગીદારી ધરાવે છે.ભારતમાં મહિલાઓ શ્રમકાર્યમાં એક તૃતીયાંશ હિસ્સો ધરાવે છે. 90 ટકા જેટલી ગ્રામીણ મહિલા શ્રમિકો અને 10 ટકા જેટલી શહેરી મહિલા શ્રમિક કૌશલ્ય ધરાવતી નથી હોતી.

**ભારતમાં મહિલા :**

**બંધારણીય બાંહેધરીઓ :**

ભારતનું બંધારણ તમામ મહિલાઓને સમાનતા (અનુચ્છેદ-14) રાજ્ય દ્વારા ભેદભાવની નીતિ નહીં (અનુચ્છેદ 15-1), તકની સમાનતા (અનુચ્છેદ 16), સમાન કાર્ય માટે સમાન વેતાન (અનુચ્છેદ 39(ડી), મહિલા ગૌરવને હાનિકારક રીતરસમો દૂર કરવા (અનુચ્છેદ-51(એ) (સી) સહિતની બાંહેધરી આપે છે. બંધારણ રાજ્યોને મહિલા અને બાળકોની તરફેમમાં ખાસ જોગવાઈઓ કરવાની સત્તા પણ આપે છે.)અનુચ્છેદ 15)3)), કાર્યના સ્થળે માનવીય વાતાવરણ (અનુચ્છેદ 42) જેવી જોગવાઈઓ પણ ધરાવે છે. ભારત સરકારે વર્ષ 2001ને ''મહિલા સશક્તિકરણ વર્ષ'' ઘોષિત કર્યું હતું અને એ જ વર્ષથી મહિલા સશક્તિકરણ માટેના રાષ્ટ્રીય નીતિ અમલી બની હતી.

**મહિલા ખેડૂતો અને કૃષિ :**

ભારત એક ખેતીપ્રધાન દેશ છે, મહિલાઓ કૃષિ કાર્યબળનો 66 ટકા હિસ્સો છે. ખેતી એક સ્વરોજગારી મેળવવા વર્ગમાં 48 ટકા મહિલાઓ છે અને ખેતી આધારિત બિનઔપચારિક ક્ષેત્રમાં પણ 64 ટકા મહિલાઓ કાર્યબોજ ઉઠાવે છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારની મહિલાઓ પોતાના પરિવારોના ભરણપોષણ માટે સદીઓથી પોતે કરેલી મજૂરીનું ખૂબ જ નીચું વળતર મેળવીને અસહ્ય

જિંદગી જીવીને દેશના 1.13 અબજ લોકોને અનાજની સુરક્ષા પુરી પાડતી આવી છે. ગ્રામીણ મહિલાને બળતમ પણ વીણવું પડે છે, પીવા માટે કૂવેથી પાણી પણ લાવવું પડે છે, પોતાના કામની સંભાળ લેવી પડે છે, પશુઓ માટે ઘાસ શોધવું પડે છે તો પોતાના કે બીજાના ખેતરોમાં પણ શ્રમકાર્ય કરવું પડે છે. આ સંજોગોમાં આ મહિલાઓ સદીઓથી અસહ્ય જિંદગી જીવી રહી છે. ભારત કુપોષણનો શિકાર બનતા વિશ્વના કુલ પૈકી 40 ટકા બાળકો ધરાવે છે અને યુએનડીપી માનવ વિકાસ સુચકઆંક મુજબ 177 દેશોમાં ભારતનો ક્રમ આ મુદ્દે 126મો છે.

**સ્વ-સહાય જૂથો :**

સ્વસહાય જૂથ આધારિત બેંક કાર્યક્રમો 4.51 કરોડ લોકો અને 34.7 લાખ સ્વસહાય જૂથોને આવરી લે છે. સ્વસહાય જૂથો પૈકી 90 ટકા ધિરાણ મેળવનાર મહિલા હોય છે. પોતાની કઠોર જિંદગી અને બાળકોને અનાજ, તંદુરસ્તી અને શિક્ષણ પૂરું પાડવાની પોતાની પ્રતિબદ્ધતાને અકબંધ રાખીને પણ નાણાંકીય બેંકો તરફ પણ વફાદારીભર્યું વર્તન દાખવી રહી છે. મહિલાઓ 95 ટકા લોન ધિરાણ પરત ભરપાઈ કરીને પોતાની વફાદારીના દર્શન કરાવે છે. આટલું હોવા છતાં લાંબી મુદતના પુરતા ધિરાણો મેળવવામાં મહિલાઓ મુશ્કેલીનો સામનો કરી રહી છે.

**ચૂંટાયેલાં મહિલા પ્રતિનિધિ :**

અમેરિકા અને યુરોપ જેવા વિકસીત અર્થતંત્રો મહિલાઓના દરજ્જા અને અધિકારો અંગેના કાયદાઓનો અસરકારક વહીવટી અને ન્યાયતંત્રની મદદથી અમલ કરીને બતાવી ચૂક્યા છે. ભારત પણ સુપર આર્થિક તાકાત તરીકે ઉભરવાની આશા સેવી રહ્યું છે, ત્યારે કાદો અને વ્યવસ્થાના અમલનો ભાર ખેંચી રહેલા તંત્રો વધુ સુદૃઢ બને તે દિસામાં કામ કરવા પંચાયતો, રાજ્ય વિધાનસભા અને સંસદ, રાજ્ય સભામાં ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓ પ્રતિબદ્ધ થાય તે પણ જરૂરી છે. નીચે દર્શાવેલા જે મોરચે કાયદાનો અમલ નબળો છે તે મોરચે મહિલા પ્રતિનિધિઓ વધુ ધ્યાન આપે તે પણ જરૂરી છે.

**નબળો અમલ :**

1860માં બાળલગ્ન ધારો અમલમાં આવ્યો અને 1929થી બાળલગ્ન પ્રતિબંધક ધારો અમલમાં હોવા છતાં બાળ લગ્ન આજે સામાન્ય રિવાજ રહ્યો છે. બાળ લગ્નની સૌથી કરૂણ બાબત એ છે કે બાળ વિધવાઓને માથે મુંડન કરાવીને સમાજથી અલગ રહેવા બાધ્ય કરવામાં આવે છે તે સૌથી કરૂણ ઘટના છે. યુનિસેફના ''બાળકોની સ્થિતિ અંગેના વિશ્વ અહેવાલ, 2009માં જણાવ્યા મુજબ ભારતની 20 થી 24 વર્ષ વચ્ચેની ગૃહિણીઓ પૈકી 47 ટકા ગૃહિણીઓના લગ્ન 18 વર્ષની કાયદેસરની લગ્ન ઉંમર પહેલાં જ થઈ ગયા હતા. તે પૈકીના 56 ટકા કિસ્સા ગ્રામીણ વિસ્તારના છે. વિશ્વમાં થતા બાળલગ્નો પૈકી 40 બાળલગ્નો ભારતમાં થાય છે.

બીજા મુદ્દાની વાત કરીએ તો 1956માં અનૈતિક ટ્રાફિક (પ્રતિબંધક) અધિનિયમ પસાર થયો, પરંતુ ત્યારપછી પણ ટ્રાફિકના કિસ્સાઓમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહી છે. ભારત સરકારે 1961માં દહેજ પ્રતિબંધક અધિનિયમ પણ અમલી બનાવ્યો હતો. ભારતમાં ગર્ભજાતિ પરીક્ષણ પર પ્રતિબંધ મૂકાયો હોવા છતાં ભારતમાં પુરુષ જાતિની સંખ્યા જ વધુ છે.જાતિ આધારિત ગર્ભપાત થતાં રહેલા હોવાનું આ પરિણામ છે. જાતિ આધારિત ગર્ભપાતનું મુખ્ય કારણ દહેજ પ્રથા છે. 26 ઓક્ટોબર, 2006થી ઘરેલું હિંસા અધિનિયમ (2005) અમલમાં આવ્યો નીચલા સામાજિક-આર્થિક પરમાં ઘરેલું હિંસા ઘટના બનતી જ રહે છે.

**મહિલાના વડપણ હેઠળના પરિવારો :**

1992-93ના વર્ષના અંકો મુજબ ભારતમાં માત્ર 9.2 ટકા પરિવારો જ મહિલાના વડપણ કેમ્પના પરિવાહો હતા. આવા પરિવારો પૈકીના 35 ટકા પરિવારો તો ગરીબી રેખા નીચેનું જીવન જીવતા હતા.

**જમીન અને મિલકતના અધિકારો :**

ભારતના મોટાભાગના પરિવારોમાં મહિલાઓ પોતાના નામે મિલકતો ધરાવતી નથી. પૈતૃક મિલકતમાં પણ તેમને હિસ્સો મળતો નથી, આ અંગેના કેટલાંક કાયદા પણ મહિલા સાથે ભેદભાવભર્યું વલણ ધરાવે છે.લગ્ન કરીને સાસરે ગયેલી પુત્રીઓને સાસરિયે પજવણીનો ભોગ બનવું પડે એવા કિસ્સામાં પણ તેમના પૈતૃક ઘરમાં વસવાના અધિકારો પ્રાપ્ત નથી.

**શિક્ષણ :**

અભ્યાસોના તારણ કહે છે કે મહિલાઓના સામાજિક-આર્થિક દરજ્જાને ઊંચો લાવવામાં મહિલા શિક્ષણ અગત્યની ભૂમિકા નિભાવી શકે છે.પુરુષોના મુકાબલે મહિલા શિક્ષણ દર ખૂબ જ નીચો છે. શાળામાં પ્રવેશ મેળવ્યા પછી પણ કિશોરીઓના શાળા છોડવાનું પ્રમાણ ઊંચું જોવા મળે છે.

**મહિલા સશક્તિકરણ :**

ભારત સરકારે મહિલા સશક્તિકરણ માટે ત્રણ પાસાંને ધ્યાને રાખીને વ્યૂહો ઘડી રાખ્યાં છે. પંચવર્ષીય યોજનાઓમાં મહિલાઓના સામાજિક સશક્તિકરણ, આર્થિક સશક્તિકરણ અને ન્યાય ખાસ સૈદ્ધાંતિક ભાર મૂકવામાં આવે છે.

મહિલા અને બાળ કલ્યાણ માટે અલગ મંત્રાલયની રચના, તેમજ મહિલાઓને લગભગ સમાન કાનૂની દરજ્જો આપવા કાયદા ઘડીને સરકાર આ દિશામાં ખાસ ધ્યાન આપી રહી છે.

ઘરેલું હિંસા અધિનિયમ, 2005 મહિલાઓને અસરકારક સુરક્ષા પુરી પાડે છે. આ રાહે મહિલાઓને ઘરેલું હિંસાના કિસ્સામાં કાયદાનું શરણ લેવાની તક મળે છે.

હિન્દુ મહિલાઓને પણ પુરુષોની બરોબરીના અધિકારો પ્રાપ્ત થાય તે હેતુસર હિન્દુ વારસા અધિનિયમ 1955ને સરકારે અમલી બનાવ્યો છે.

સરકારે કાયદામાં કરેલા સુધારાને પગલે સૂર્યોદય પહેલાં કે સૂર્યાસ્ત પછી મહિલાની ધરપકડ થઈ શકતી નથી, બળાત્કારનાકે તેવા પ્રયાસના આરોપીની ફરજીયાત તબીબી તપાસ, તેમજ પોલીસ કસ્ટડીમાં થયેલા બળાત્કારના કેસની ફરજીયાત ન્યાયકીય તપાસ સંભવ બની છે.

મહિલાઓ માટે રોજગારીની તક વધે તે માટે ભારત સરકારે ફેમીટ એક્ટ 1948માં સુધારા સૂચવતું વિધેયક રજૂ કર્યું છે.

**લશ્કરમાં મહિલા અધિકારીઓ :**

પુરુષ કે સ્ત્રીના ભેદ વિના લશ્કરમાં હવે તમામ અધિકારીઓને તેમની યોગ્યતા પ્રમાણે કેપ્ટન અને લેફટન્ટ કર્નલનો દરજ્જો મળી શકશે. સાથે જ શોર્ટ સર્વિસ કમિશન અધિકારી માટેના મુદત પણ 10 થી વધારીને 14 કરવામાં આવી છે.

વિશ્વભરમાં વસી રહેલી અનેય નારીઓની જેમ ભારતીય મહિલાઓ પણ હિંમતભરે આગેકૂચ કરી રહી છે. ઉજવવામાં આવતા પ્રત્યેક મહિલાદિને તેમના ગૌરવ અંગેની અંક માહિતી ભલે એકત્ર ના થતી હોય પરંતુ ભાવી પોતાની મુઠ્ઠીમાં સુરક્ષિત કરતી મહિલાઓની સંખ્યા વધી રહી છે. ખેલકૂદ, મનોરંજન એમ તમામ મોરચે નારી આગળ વધી રહી છે. પરંતુ ''વુમન હોલ્ડ અપ હાફ ધ સ્કાય'' એ મુજબની મઓત્સે તંગની ઉક્તિ સાકાર કરવા હજી લાંબી સફર કાપવાની બાકી છે.

નારી અને પુરુષની અર્થપૂર્ણ સહભાગિતાથી જ એક ન્યાયી દેશનું નિર્માણ શક્ય બની શકે. દેશના રથને આગળ ધપાવવા નર અને નારી નામના બંને પૈડા મજબૂત હોવા જોઈએ.

દાંતે, સેક્સપિયર અને મૂરેથી માંડીને હેનરી જેમ્સ અને બેલ્ઝેક નારી સ્વરૂપને મહિલા વર્ણવતાં રહ્યાં છે કે પછી તેને સમજાવી સમજાવવા પ્રયાસ કરતા રહ્યા છે. આજે નારીઓએ એક નવતર પડકાર ઝીલી લીધો છે. પુરુષોના મેદાનને સર કરીને તારીને આંબવા નારી જંગ લડી રહી છે.

## 8.9 કૃષિક્ષેત્રમાં સ્ત્રી સશક્તિકરણ માટે જરૂરિયાત

ભારતને 13 થી 15 માર્ચ 2012 વચ્ચે નવી દિલ્હીમાં કૃષિક્ષેત્રમાં મહિલા અંગે વૈશ્વિક પરિષદની યજમાની કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. કૃષિમાં વૃદ્ધિ સહિત મહિલા સશક્તિકરણના લક્ષ્યાંક સાથેના આ પરિષદને દિલ્હી સ્થિત ટ્રસ્ટ ફોર એડવાન્સમેન્ટ ઓફ એગ્રિકલ્ચર સાયન્સે (ટી.એ.એ.એસ.) ગ્લોબલ ફોરમ ઓન એગ્રિકલ્ચરલ રિચર્સ (જીએફએઆર) અને એશિયા પેસિફિક એસોસિએશન ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ ઈન્સ્ટીટયૂટ (એપીપીએએઆરઆઈ) અને અનેય સહિત ઈન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ દ્વારા પ્રાયોજીત કરવામાં આવી હતી. મહામહિમ ભારતના રાષ્ટ્રપતિ, શ્રીમતિ પ્રતિભા પાટિલે તેમના સમાપન સમારોહમાં મહિલાઓને નવા જ્ઞાન અને કૌશલ્ય સાથે મહિલાઓને કૃષિ વિકાસની મુખ્ય ધારામાં લાવવા અને તે રીતે જાતિય તફાવત ઘટાડવા ઉપર ભાર મૂક્યો હતો. આજે મોટાભાગનું વૈજ્ઞાનિક જ્ઞાન અને ટેકનોલોજી વિવિધ કારણોસર ગ્રામીણ મહિલાઓ સુધી પહોંચતી નથી. તેમાં સુધારાની જરૂર છે. સંશોધન પદ્ધતિમાં મહિલાઓને સાંકળી લેવાની જરૂર છે. જેથી તેઓ પ્રમાલીકાગત જ્ઞાન અને નવીનીકરણ રીતે સીમાચિન્હ રૂપ સ્ત્રોત બને.

કૃષિ સંશોધન અને વિકાસમાં મહિલાઓને આગળ પડતી લાવવા માટે નેશનલ એગ્રિકલ્ચર રિસર્ચ સિસ્ટમના પ્રયત્નને બિરદાવતાં તેઓએ મહિલાઓને કૃષિના અને સંબંધિત પ્રવૃત્તિઓની વિવિધ દૃષ્ટિએ શિક્ષિત કરવા માટે દરેક ગામમાં મહિલા કિસાન મંડળ રચનામાં સુચન કર્યું હતું.

મહિલા વૈશ્વિક સ્તરે અને ભારતમાં કૃષિ ક્ષેત્રે આવે તે સંબંધે આ પેપરની સમીક્ષા હાથ ધરાઈ હતી મહિલાઓ સમજણ કેળવે અને કૃષિમાં કામ કરતી થાય તે માટે ભારત સરકારે એક શરૂઆત હાથ ધરી હતી અને વાસ્તવમાં સશક્તિકરણની વ્યાખ્યાના બહોળા વ્યાપમાં મહિલા સશક્તિકણની જરૂરિયાતોના સૂચનો થયા હતા.

**હિતસંબંધ :**

ખાદ્ય અને કૃષિ સંગઠન (2011) મુજબ, મહિલા ખેડૂતોનો હિસ્સો વિશ્વ વસ્તીના એક ચતુર્થાસમો ભાગ છે. વિકાસશીલ દેશોમાં કૃષિ કામદળમાં મહિલાનો સમાવેશ સરેરાશ 43% થાય છે. ટકાવારીમાં લેટિન અમેરિકામાં 20%થી લઈને પૂર્વીય એશિયામાં અને સબ સહારા આફ્રિકામાં 50% છે. આમ છતાં કૃષિ સંબંધિત યોગદાન અને સેવાઓમાં પુરુષ કરતાં મહિલાઓ ઓછી જોવા મળે છે. જો તેઓના પુરુષની જેમ સરળતાથી સમયસર અને વિશ્વસનીય રીતે તેઓનો ઉપયોગ થાય તો મહિલાની ટકાવારીમાં 20 થી 30% વધારો થાય તે મુજબ વિકાસશીલ દેશોમાં સર્વગ્રાહી કૃષિ ઉત્પાદનમાં 2.5%થી 4%નો વધારો થાય. આ ઉત્પાદન લાભથી વિશ્વમાં ભૂખ્યા લોકોની સંખ્યામાં લગભગ 12% થી 17% ઘટાડો થાય. આ ઉપરાંત મહિલાઓની આવકમાં વધારો થાય.

હવે રાષ્ટ્રીય, પ્રાદેશિક અને વૈશ્વિક પહેલ અને ભાગીદારીથી બહોળા ફલકમાં કૃષિ વૃદ્ધિમાં જાતિય સંબંધી મુદ્દાઓને રજૂ કરતાં વૈશ્વિક સમુદાયમાં ટકાઉપણું પ્રાપ્ત કરવા વચનબદ્ધતા વધી રહી છે. હવે આંતરરાષ્ટ્રીય સંસ્થાો, એફએઓ, કૃષિ સંશોધનના વૈશ્વિક ફોરમ, આંતરરાષ્ટ્રીય કૃષિ સંશોધનના વિચાર-વિનિમય કરતા જૂથો પ્રાદેશિક ફોરમો અને ઘણી રાષ્ટ્રીય કૃષિ સંશોધન પધ્ધતિઓ દ્વારા બહોળા ફલકમાં સંકલન, મસલત અને પહેલ હાથ ધરવામાં આવે છે.

વૉશિંગ્ટન સ્થિત ઈન્ટરનેશનલ ફૂડ પૉલિસી રિચર્સ ઈન્સ્ટીટયૂટના સંશોધનમાં છેલ્લા 15 વર્ષથી કૃષિમાં મહિલાઓની ભૂમિકા આગળ પડતી છે. આઈએપપીઆરઆઈ દ્વારા ડબલ્યુ.ઈ.એ.આઈનું નવું સાધન વિકસાવ્યું છે. અમેરિકા સરકારની પોષણ અને ભાવિ પહેલ, યુ.એસ.એડ. ઓક્સફોર્ડ પોવર્ટી અને હ્યુમન ડેવલપમેન્ટ પહેલના પગલાંઓ સશક્તિકરણ, સંસ્થાઓ અને કૃષિ ક્ષેત્રમાં મહિલાઓનો સમાવેશ કરાયો છે. ડબલ્યુ.ઈ.એ.આઈ.એ.સંયુક્ત માપદંડનું સાધન છે. જે સંશોધકને અબળા મહિલાને ઓળખવા અને સમજવામાં મદદરૂપ થાય છે કે શેનાથી તેઓને સ્વાયત્ત અને નિર્ણય કરવામાં વર્ચસ્વવાળી બનાવી શકાય.

**ભારતીય સિનારીયો :**

ખેડૂતો તરીકે, કૃષિ કામદારા અને ઉદ્યોગ સાહસિક તરીકે મહિલા ભારતીય કૃષિ અને ગ્રામીણ અર્થકરણની કરોડરજ્જુ બની છે. આમ છતાં બાળકો સાથે તે ટીકાપાત્ર જૂથ ગણાય છે. મહિલાઓ તેમની ઉપર ઘરની બાળકોની તથા અન્ય જવાબદારીઓ ઉઠાવે છે. મહિલાઓ તેમની ખેતીની પ્રવૃત્તિઓ દરમિયાન ઘણી મુશ્કેલીઓ ઉઠાવે છે. (1) 50% વાવણીમાં અને 26.5% કાપણીમાં પ્રવૃત્તિમાં (2) 50% દાણા છૂટા પાડવામાં, 33% સૂકવણીમાં અને 67% કાપણી બાદની પ્રવૃત્તિઓમાં (3) 47%શેડ સફાઈ, 23% ઘાસચારો એકત્રિત કરવો ને 27.5% દૂધ વિગેરેની પ્રવૃત્તિઓમાં તેઓની સખત મહેનતનું વળતર મળતું નથી. તેટલું નહીં પરંતુ તેઓના કામને મોટાભાગે માન્ય ગણવામાં આવતું નથી. તેઓ કૃષિ, પશુ સંભાળ અને ઘરકામમાં દૈનિક વેતન પ્રમાણે અનેક મુશ્કેલીજનક કામ કરે છે. તેઓને સમાન કૃષિ કામ માટે પુરુષ કરતાં ઘણું ઓછું વેતન ચૂકવવામાં આવે છે. જમીનની માલિકી મોટાભાગે પુરુષના નામે હોય છે.પુરુષ મોટાભાગે ખેતી સંબંધિત નિર્ણોય પોતાની મનસુબીથી લે છે અને મહિલાને ફરજીયાત તેને અનુસરવું પડે છે.

ખેતીની ઉપજ પુરુષ જ બજારમાં લઈને જાય છે. જેનાથી તે ઘરખર્ચમાં પોતાનું પૂરતું નિયંત્રણ ધરાવે છે. હવે વધુ ને વધુ મહિલાઓ પુરુષની જેમ કે ખેતીના કામમાં જોતરાય છે અને પુરુષ કામ માટે શહેર તરફ જાય છે.પંરતુ તેઓ તેનો જશ મહિલાઓને આપતા નથી. ફકત 11% મહિલાઓ જમીન માલિકી ધરાવે છે. તે પણ મોટાભાગે નાના અને હાંસિયામાં લખેલ સમાન હોય છે.

તાજેતરમાં વર્ષોમાં મોટાભાગે અસમાન શિક્ષણ અને ટેકનોલોજી અને અન્ય સામાજિક-આર્થિક બાબતો જોઈએ તો મહિલા ખેડૂતો ઉપર ઉલટી અસર જોવા મળી છે. તેઓમાં ધગશ હોવાં છતાં તેઓ નવી ટેકનોલોજી, શોધખોલ અને બજારની તકનો લાભ લઈ શકતી નથી. કૃષિમાં મહિલાઓ મુશ્કેલીઓ અને તકમાં જે સામનો કરી રહી છે તે દેશના ભૌગોલિક વિસ્તાર કૃષિ પરિસ્થિતિ તેમજ સામાજિક-આર્થિક સાંસ્કૃતિક પૂર્વા પર સંબંધ ઉપર આધાર રાખે છે. આમ છથાં ઘણી નીતિઓમાં સુધારો અને નાના સ્તરે જાતિના મુદ્દે દરમિયાનગીરી કરવા છતાં આ મુદ્દાઓને મળવાપાત્ર અગ્રતા મળતી નથી.

ભારતીય પહેલ : એ બાબતને માન્યતા મળી છેકે મહિલાઓ ગ્રામીણ ભારતનો ચહેરો બદલી શકે છે. મહિલા સશક્તિકરણ માટે ભારતમાં નીચે મુજબના પગલાંઓ હાથ ધરવા શરૂ કરાયા છે. ગ્રામ પંચાયતમાં મહિલાઓ માટે એક તૃતીયાંસ બેઠકો અનામત રાખવામાં આવી છે.

કૃષિમાં મહિલાઓની ભૂમિકાને ધ્યાનમાં લીને 1996માં નેસનલ રિચર્સ સેન્ટર ફોર વુમન ઈન એગ્રિકલ્ચર (એન.આર.સી.ડબલ્યુ.એ.) બૂવનેસ્વરમાં સ્થાપવામાં આવ્યું હતું. આવી સ્થાપના કરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ બન્યો હતો. એનઆરસીડબલ્યુએ, ભુવનેશ્વરમાં ખેતીની પધ્ધતિઓમાં જાતિઓની ઓળખની, પધ્ધથિઓ વિકસાવવાની સાથે ખેતીની પધ્ધતિઓનો અભિગમ અને વિવિધ ઉત્પાદન પધ્ધતિઓમાં ફક્ત મહિલાઓ માટે ખાસ ટેકનોલોજી વિકસાવવામાં આવે છે. કૃષિ અને જીવનધોરમાં જાતિના અભ્યાસ ફલકમાં સૌથી અગત્યનાં સંશોધન યોજનામાં (1) પૂર્વ ભારતમાં ખેતી કરતા મહિલાઓ માટે આગવી પધ્ધતિનો વિકાસ (2) મહિલાઓ ચોક્કસ ક્યા પ્રકારનું કાર્ય કરે તેનું ધોરણ નક્કી કરવું. (3) ખેતી કરતી મહિલાને વ્યવસાયી તરીકે જોવામાં આવે. (4) અનાજ અને બિયારણ સંગ્રહ પધ્ધતિમાં સુધારો. (5) સુધારેલા સાધનો અને ટેકનિકના ઉપયોગથી કૃષિની કામગીરીમાં મહિલાઓનો કાર્યબોજ ઘટાડવો. (6) ... ગ્રસ્ત દરિયાઈ પટ્ટી વિસ્તારોમાં એગ્રો-ઈકો વ્યવસ્થાપન કરવું. (7) મહિલાઓને પોષણ અને આર્થિક સલામતી મળી રહે તેવી બાબતોમાં સાંકળવી. (8) કૃષિ અને પશુપાલન, પ્રવૃત્તિઓમાં આવક ઊભી કરવા, બજારની માહિતીથી વાકેફ કરવા, પારિવારિક જીવનધોરણોના વિવિધ મુદ્દે શિક્ષિત કરવા અને નિર્ણયશક્તિ વિકસાવવામાં સક્ષમ બનાવવા અને આવડત વધારવાના ભાગરૂપે સ્વયં મદદ જૂથની રચના કરવી.

મહિલા સશક્તિકરણના વ્યુહાત્મક ઉપયોગ માટે જ્ઞાનના પ્રસાર, સોફટવેરનો વિકાસ, પ્રેરણાદાયી કાર્યક્રમો આયોજિત કરવા, માસ કૉમ્યુનિકેશન ઈન્ડિયા દ્વારા સારા કાર્યક્રમોનું આયોજન

સહિત, ટેકનોલોજી કિટનો વિકાસ કરવો જોઈએ.તેમજ દરેક એઆઈસીઆરપી કેન્દ્ર દ્વારાં એક ગામ દત્તક લઈ,ટકી રહેવા, આત્મનિર્ભર અને લોકકેન્દ્રિત વિકાસ માટે ગ્રામીણ મુલ્યાંકન ટેકનિકની હિસ્સેદારી કરવી કે જે સામાજિક, આર્થિક રીતે અનુકુળ,અસરકારક અને ગ્રામીણ મહિલાના સશક્તિકરણ માટે આર્થિક સાનુકુળ હોય. સશ્ત્રીકરણની પ્રક્રિયા, શૈક્ષણિક આદાનપ્રદાન, ટેકનોલોજીની તબદિલી, શક્ય પ્રયત્ને અને જ્ઞાનના વિનિમય દ્વારા મજબૂત બને છે.

એન.આર.સી.ડબલ્યુ.એ અનેય આઈસીએઆર સંસ્થાઓ અને જેવી કે મહિલાઓને ગધ્ધાં વૈતરું કરવામાંથી છોડાવવા માટે તેઓએ સમય અને ઓછી મહેનત કરવી પડે તેવા સાધનો, આ ઉપરાંત વૈકલ્પિક તાલીમનું આયોજન જેનાથી વિવિધ વ્યવસાયમાં જરૂરી કૌશલ્ય પ્રાપ્ત થાય તે માટેના સંસોધનમાં ધ્યાન કેન્દ્રિત કરે છે.

કેવીકે દ્વારા 2 લાખ કરતાં વધુ કૃષિ મહિલા, છોકરીઓને મહિલાઓના વિકાસશીલ કામમાં તાલીમબદ્ધ કરી હતી.

એઆઈસીઆરપી દ્વારા હોમ સાયન્સનો વ્યૂહાત્મક ઉપયોગ કરીને મહિલાઓને નિમ્નસ્તરના આયોજન, માહિતીનુ વિભાજન અને સામાજિક, સંસોધનો (માનવ અને મટિરિયલ) દ્વારા પ્રોત્સાહિત કરીને યોજનાઓમાંથી લાભ મેળવતી કરવામાં આવી છે. અનુભાવિક પુરાવાઓ સૂચવે છે કે મહિલાઓ લાભકર્તાઓમાંથી સશક્તિકરણના ઢાંચામાં પ્રવૃત્તિ ભાગીદાર બને છે.

કૃષિમાં મહિલાઓની ભૂમિકાને બહાલી આપતાં ડૉ. સ્વામીનાથને રાજયસભામાં મહિલા ખેડૂતોને માન્યતા વિધેયક-2011 લાવવાની દરખાસ્ત કરી હતી. જળ, શાક અને ઈનપુટ્સની ચકાસણી, મહિલા ખેડૂતો માટે યોગ્ય વાતાવરણ નીતિ સુધારણાનો સમાવેશ કર્યો હતો.

ભારતને કૃષિમાં મહિલાની વૈશ્વિક પરિષદની યજમાની કરવાની તક મળી હતી. જેને ગરીબ નાના,ખેડૂતો, ખાસ કરીને મહિલા ખેડૂતોના જીવનધોરણના સાધનોમાં, હયાત વિકાસમાં આવનાર પડકારનો સામનો કરવા, હયાત ત્રૂટિમાંથી બહાર આવવા માટેનો કૃષિ સંશોધન એજન્ડા ગણવામાં આવ્યો હતો. આ પરિષદનો ઉદ્દેશ કૃષિમાં જાતિ સહિત, વૈશ્વિક ભાગીદારી કાર્યક્રમનો સમાવેશ કરીને વૃદ્ધ અને વિકાસ દ્વારા મહિલાઓને એકત્રીકરણ અને મહિલા સશક્તિકરણ ઢાચામાં વિકાસ કરવાનો હતો.

જરૂરી : કૃષિમાં મહિલાઓને અસરકારક અધિકાર આપવા નીચેના પગલાંઓ હાથ ધરવા જરૂરી છે.

વધુને વધુ મહિલાઓ જમીન માલિક બને તેવી ખાત્રી મેળવવા માટે જરૂરી છે કે વિવિધ વિભાગો અને સરકારો આગ્રહપૂર્વક દરમિયાનગીરી કરે અને કૃષિ ભાગીદારીમાં જાતિ માટે કૃષિ અંગેનું પ્લેટપોર્મ અનેપરિષદમાં જે ભલામણો કરવામાં આવી તે દિશામાં કામ કરવા માટે વિવિધ દેશોમાં અને દેશના પ્રદેશોમાં હબ સ્થાપવામાં આવે તે જરૂરી છે. આ મંચ દ્વારા જાતિની ચિંતા વ્યક્ત કરવામા ંઆઈસીએઆરે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

કૃષિમાં મહિલાઓના સંપૂર્ણ સશક્તિકરણ માટે પગલાઓનું અમલીકરણ થવું જોઈએ તેવું પરિષદમાં ઉપસી આવ્યું હતું. જેમાં મહિલાઓની ભૂમિકા, જ્ઞાન અને સહયોગનો પુરાવો, વૈશ્વિક મુદ્દાઓનો પૂર્વાપર સંબંધ કે જે સ્થાનીક જરૂરિયાત માટે યોગ્ય હોય. આ ઉપરાંત ઈચ્છિત પરિણામ પ્રાપ્ત કરવા માટે વધુમાં નીતિનો સહયોગ અને સંસ્થાકીય વ્યવસ્થાપન જરૂરી છે. મહિલા સશક્તિકરણ માટે સર્વગ્રાહી પગલાઓ જરૂરી છે જેથી આગળ વધવા માટે તેઓ એક જ મંચ ઉપર એકત્રિત થાય. લગભગ 36% વિદ્યાર્થીનીઓ રાજ્યકૃષિ યુનિવર્સિટીમાં વિવિધ કોર્ષમાં અભ્યાસ કરી રહી છે. તેઓને મહિલાઓને કૃષિમાં સશક્તિકરણ કરવા માટે યોગ્ય તાલીમ, ક્ષમતામાં વધારો કરવા, અને અનુકૂળતા મુજબનું પ્રોત્સાહન પુરુ પાડવાની જરૂરિયાત છે.

ડૉ. સ્વામીનાથન દ્વારા ભલામણ કરેલ, પાંચ મુદ્દાના કાર્યક્રમ ઉપર ધ્યાન આપવાની જરૂરિયાત છે. જેનાથી મહિલા અને ગ્રામીણ યુવાનોને બૌધ્ધિક પ્રોત્સાહિત અને આર્થિક વળતર ખેતી

દ્વારાં ઊભું થઈ શકે. જેમાં (1)જમીન, પાણી અને વંશીય સંભાળ. (2) ટેકનોલોજી અને આંકડાઓ (3) ઉધારી અને વીમો (4) લાવણીબાદનું વ્યવસ્થાપન (5) વળતરયુક્ત બજારની તકો આ તમામથી ખેતી રસપ્રદ ઉત્સાહીત અને આર્થિક રીતે વળતર આપનાર બને.

હેતુ, પહેલ અને ટેકનોલોજી એનઆઈસીડબલ્યુએ અને અન્ય આઈસીએઆર સંસ્થાઓ દ્વારા ઊભી કરવામાં આવી, તેને  ગ્રામીણ મહિલાઓના લાભાર્થે તત્કાળ બહોળા પ્રમાણમાં ફેલાવવી જોઈએ. દુઃખદ બાબત એ છે કે તે ખૂબ જ ધીમી ગતિ એ ચાલે છે.

મહિલાઓને એકત્રિત કરવા, જૂથો બનાવવા, ટેકનિક, સંગઠન અને વાણિજ્યક (બિઝનેસ માઈક્રો એન્ટરપ્રાઈસ) ક્ષેત્ર અને સહયોગ પધ્ધતિ (ક્રેડિટ ઈનપુટ માર્કેટ) યોગ્ય સંસાધનો ઊભાં કરી, નવાં કાર્યક્રમો આયોજિત કરવા જોઈએ. આ બાબતો મહિલા, અન્ય સંગઠનો (જાહેર, ખાનગી અને સ્વૈચ્છિક) સાથે મસલત કરી સંયુક્તપણે તૈયાર કરવા જોઈએ. જેથી તે શક્યતા પૂરી થાય અને કૃષિના રાજ્ય એકમનો પણ વધારાનો સહયોગ સાંપડે

31 માર્ચ 2010ના રોજ બેંક ઓફ ઈન્ડિયાએ એસએલજી બેંક લિંકેજ કાર્યક્રમ, હેઠળ 38,97,797 મહિલાઓને અને 25,13,152 એસીએચજી મહિલાઓને સરકારી પુરસ્કૃત કાર્યક્રમ સુવર્ણજંયતી ગ્રામ, સ્વરોજગાર યોજના હેઠળ સહાયભૂત બન્યા હતાં.  મોટાભાગની આ એચેચજી મહિલાઓ કૃષિ કામદાર નાની અને માર્જીનલ ખેડૂતો હતી. જેઓને કૃષિ અને પશુપાલનના કામનો સાચા અર્થમાં અનુભવ હતો. તેઓને તાલીમ આપી કૃષિમાં મહિલાઓને શક્તિશાળી બનાવવાનો આ પ્રયત્ન ધ્યાનાકર્ષક હતો.

મહિલા સશક્તિકરણ : આએક નોંધનીય બાબત છેકે એમઆરસીડબલ્યુ એ કેવીકે એસ અને આઈસીએઆર સંસ્થાઓ કૃષિમાં મહિલાઓની સુચારુતા અંગે કેટલાંક સંશોધનો હાથ ધર્યાં હતાં. વાસ્તવમાં મહિલાઓને મજબૂત કરવા માટે સર્વકાલિન સશક્ત કરવાની જરૂરિયાત અહીંયા વિસ્તારપૂર્વક ચર્ચવામાં આવી છે. સાહિત્યિક રીતે સશક્તિકરણ એટલે કોઈ ઉપર શ્રેષ્ઠ શક્તિ અને અધિકાર.જેથી મહિલા સશક્તિકરણમાં મહિલાઓને વિચારવાથી મળતી શક્તિ, અન્યથા તેઓ કચડાયેલ રહે. જેમાં મહિલાઓને અસરકારક નિર્ણય કરવાની શક્તિ/સત્તા અને આર્થિક,સામાજીક-સામાન્ય છૂટછાટ આપવાનો સમાવેશ થાય છે. સશક્તિકરણની વ્યાખ્યા જોઈએ તો સત્તા વાપરવાની ક્ષમતામાં વધારો કરવો. ભારત અને મોટાભાગના વિકાસશીલ દેશોમાં મહિલાઓને પુરુષ કરતાં ઉતરતી માનવામાં આવે છે. વધુમાં મહિલા અને પુરુષના જીવનધોરણમાં અસમાન જાતિ સંબંધોનું મિશ્રણ છે. જેથી મહિલાઓના સશક્તિકરણ માટે લીગમાં અસમાનતાનો ઘટાડો જરૂરી છે. બીજા શબ્દોમાં કહીએ તો આવક, કૌશળ્ય અને આત્મવિશ્વાસમાં વધારાનો બદલવાથી સારી રીતે સમજી શકાય છે કે મહિલાઓને સશક્તિકરણ માટે ઉત્તેજન આપવું જોઈએ. આમ છતાં મહિલાઓ અર્થસૂચક રીતે પોતાના અગાઉના લક્ષાંકો પરિપૂરઅમ કરવા માટે પ્રથમ ઘરમાં જ સત્તા મળવી જોઈએ. મહિલા સશક્તિકરણમાં સૌથી મહત્ત્વની બાબતોમાં તેઓને સામાજિક દરજ્જો, હોદ્દો અને ન્યાય પૂરો પાડવો જોઈએ એવું ઠરાવાયું છે કે મહિલા સશક્તિકરણમાં મહિલાઓને શિક્ષણ સામાજિક સમાનતા અને દરજ્જો, તેમના આરોગ્યમાં સુધારો, આર્થિક અથવા નાણાંકીય સ્થિરતા અને રાજકીય ભાગ લેવામાં હિસ્સેદારી આપવી જોઈએ. ભારતમાં પુરુષોના 24% ની તુલનામાં 56% મહિલાઓ અભણ માનવામાં આવે છે. તેવા કારણોસર અસમાનતા માનવામાં આવે છે.

પાંચ વર્ષના સમયગાળળામાં અર્થપૂર્ણ રીતે તેના માત્રા વધારી શકાય. શિક્ષણ મેળવવાનો હક્ક લાગુ કરવામાં છોકરીઓને શિક્ષિત કરવાનું પૂર્ણતહ બાબત બની ચૂકી છે. જેના કારમે પાંચ વર્ષની સમયમર્યાદામાં પુરુષોની તુલનામાં મહિલાઓના સાક્ષરતા સ્તરમાં ઘણો વધારો થઈ શકે. આ ઉપરાંત પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ ગામડાંઓમાં શરૂ કરવો જોઈએ. જેથી મહિલા સાક્ષરતામાં યોગદાન આપી શકાય.

## 8.10 સારાંશ : (Let us sum up)

- ભારત સરકારે મહિલા સશક્તિકરણ માટે ત્રણ પાસાને ધ્યાને રાખીને વ્યૂહો ઘડી રાખ્યાં છે. પંચવર્ષીય યોજનાઓમાં મહિલાઓના સામાજિક સશક્તિકરણ, આર્થિક સશક્તિકરણ અને ન્યાય ખાસ સૈધ્ધાંતિક ભાર મૂકવામાં આવે છે.
- મહિલા અને બાળ કલ્યાણ માટે અલગ મંત્રાલયની રચના, તેમજ મહિલાઓને લગભગ સમાન કાનૂની દરજ્જો આપતાં કાયદા ઘડીને સરકાર આ દિશામાં ખાસ ધ્યાન આપી રહી છે.
- ઘરેલું હિંસા અધિનિયમ, 2005 મહિલાઓને અસરકારક સુરક્ષા પૂરી પાડે છે. આ રાહે મહિલાઓને ઘરેલું હિંસાના કિસ્સામાં કાયદાનું શરણે લવાની તક મળે છે.
- હિન્દુ મહિલાઓને પણ પુરુષોની બરોબરીના અધિકારો પ્રાપ્ત થાય તે હેતુસર હિન્દુ વારસા અધિનિયમ 1955ને સરકારે અમલી બનાવ્યો છે.
- સરકારે કાયદામાં કરેલા સુધારાને પગલે સૂર્યોદય પહેલાં કે સૂર્યાસ્ત પછી મહિલાની ધરપકડ થઈ શકતી નથી, બળાત્કરા ના કે તેવા પ્રયાસના આરોપીની ફરજિયાત તબીબી તપાસ તેમજ પોલીસ કસ્ટડીમાં થયેલા બળાત્કરાના કેસની ફરજિયાત ન્યાયકીય તપાસ સંભવ બની છે.

## 8.11 એકમ સ્વાધ્યાય : (Unit Exercises)

(1) સ્ત્રીઓનું સશક્તિકરણ -સરકારનો અભિગમ જણાવો.

(2) આદિવાસી સ્ત્રી સશક્તિકરણ જણાવો.

(3) જાતિય સશક્તિકરણના પડકારો જણાવો.

(4) મહિલાઓ અને અર્થતંત્ર વિષે જણાવો.

(5) સામાજિક પરિવર્તનમાં મહિલાઓનો ફાળો જણાવો.

(6) સામાજિક ઉન્નતિનો આધાર સ્તંભ મહિલા સશક્તિકરણ જણાવો.

(7) કૃષિક્ષેત્રમાં મહિલા સશક્તિકરણની જરૂરિયાત જણાવો.

(8) સશક્તિકરણ-સશક્ત દેશ વિષે જણાવો.

## 8.12 તમારી પ્રગતિ ચકાસો :

- તમારા ઉત્તરો આપેલ ખાનામાં લખો

(1) સ્ત્રી સશક્તિકરણ માટે સરકારનો અભિગમ ટૂંકમાં જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(2) આદિવાસી મહિલા સશક્તિકરણ ટૂંકમાં જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................

..................................................................................................

..................................................................................................

(3) જાતિય સશક્તિકરણના પડકારો ટૂંકમાં જણાવો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

(4) સામાજિક પરિવર્તનમાં મહિલાનો ફાળો ટૂંકમાં જણાવો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

(5) સામાજિક ઉન્નતિનો આધાર સ્તંભ મહિલા સશક્તિકરણ છે તે ટૂંકમાં જણાવો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

(6) કૃષિક્ષેત્રમાં મહિલા સશક્તિકરણની જરૂરિયાત ટૂંકમાં જણાવો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

## 8.13 સૂચિત વાંચન સામગ્રી : (Suggeted Readings)


(1) નાયર લીના : યોજના, સપ્ટેમ્બર- 2016, યોજના કાર્યાલય, અમદાવાદ (મહિલાઓ-સરકારનો અભિગમ)

(2) ખાંડેકર દીપક : યોજના, ઓકટોમબર- 2018, યોજના કાર્યાલય, અમદાવાદ (આદિવાસી મહિલા સશક્તિકરણ)

(3) શ્રીવાસ્તવ નીલિમા : યોજના, ઓકટોબર-2018, યોજના કાર્યાલય, અમદાવાદ (જાતિય સશક્તિકરણના પડકારો)

(4) જૈન દેવકી : યોજના, સપ્ટેમ્બર -2016,યોજના કાર્યાલય, અમદાવાદ (મહિલાઓ અને અર્થતંત્ર)

(5) અગ્રવાલ હરિગોપાહ : યોજના, જૂન-2012 યોજના કાર્યાલય, અમદાવાદ (સામાજિક પરિવર્તનમાં મહિલાઓનો ફાળો)

(6) થાનકી મીની : યોજના, જૂન -2012, યોજના કાર્યાલય, અમદાવાદ (સામાજિક ઉન્નતિનો આધાર સ્તંભ)

(7) રામ્ડી શાહિન : યોજના, જૂન-2012, યોજના કાર્યાલય, અમદાવાદ (સશક્ત મહિલા- સશક્તિ દેશ)

(8) પટેલ અમિત : યોજના, જૂન-2012, યોજના કાર્યાલય, અમદાવાદ (કૃષિક્ષેત્રમાં મહિલા)

डॉ. बाबासाहेब आंबेडकर ओपन युनिवर्सिटी



# સમાજના વિશિષ્ટ વર્ગોનું શિક્ષણ-કન્યા કેળવણી

વિભાગ

# 3

## પછાત વર્ગના બાળકોની કેળવણી


એકમ-9 પછાત વર્ગોનાં બાળકોનું શિક્ષણ-૧

એકમ-10 પછાત વર્ગોનાં બાળકોનું શિક્ષણ-૨

એકમ-11 વંચિતો માટેની કેળવણી

એકમ-12 અપવાદરૂપ બાળકોનું શિક્ષણ

**ES-232, સમાજના વિશિષ્ટ વર્ગોનું શિક્ષણ-કન્યા કેળવણી (વિભાગ-3)**


| **લેખક** | |
|---|---|
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-226-1**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copy-rights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to ac-knowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-232 સમાજના વિશિષ્ટ વર્ગોનું શિક્ષણ-કન્યા કેળવણી

**વિભાગ-1 : મહિલા શિક્ષણ અને કન્યા કેળવણી**

1. કન્યા કેળવણીની સમસ્યા
2. ભારતીય સમાજમાં સ્ત્રીઓની સમસ્યાઓ અને ઉપાયો
3. મહિલા શિક્ષણ
4. શિક્ષણમાં સમાન તક

**વિભાગ-2 : સ્ત્રી સશક્તિકરણ**

5. સ્ત્રી સશક્તિકરણ - ૧
6. સ્ત્રી સશક્તિકરણ - ૨
7. સ્ત્રી સશક્તિકરણ - ૩
8. સ્ત્રી સશક્તિકરણ - ૪

**વિભાગ-3 : પછાત વર્ગના બાળકોની કેળવણી**

9. પછાત વર્ગોનાં બાળકોનું શિક્ષણ - ૧
10. પછાત વર્ગોનાં બાળકોનું શિક્ષણ - ૨
11. વંચિતો માટેની કેળવણી
12. અપવાદરૂપ બાળકોનું શિક્ષણ

**વિભાગ-4 : વિકલાંગ બાળકો, નિરક્ષરતા અને સ્ત્રી શિક્ષણ**

13. શારીરિક અશક્ત બાળકો
14. છેવાડાના બાળકો માટે નીતિ વિષયક માળખાની રચના
15. નિરિક્ષરતા નિવારણ કાર્યક્રમ
16. સ્ત્રીઓની સમસ્યાઓ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 9

# પછાત વર્ગોનાં બાળકોનું શિક્ષણ-1

## : રૂપરેખા :

**9.1** પ્રસ્તાવના

**9.2** અનુસૂચિત જાતિ એટલે શું ?

**9.3** અનુસૂચિત જાતિનાં બાળકોની શિક્ષણની સમસ્યા

- **9.3.1** અનુસૂચિત જાતિનાં બાળકોની શિક્ષણની સમસ્યા
- **9.3.2** અનુસૂચિત જાતિની શૈક્ષણિક સમસ્યાઓ
- **9.3.3** અનુસૂચિત જાતિની આર્થિક સમસ્યાઓ

**9.4** અનુસૂચિત જાતિના બાળકોની સમસ્યાઓ નિવારણના ઉપાયો.

**9.5** અનુસૂચિત જાતિનું વર્ગીકરણ

**9.6** અનુસૂચિત જનજાતિના બાળકોની શિક્ષણની સમસ્યા

- **9.6.1** પ્રસ્તાવના
- **9.6.2** અનુસૂચિત જનજાતિ એટલે શું ?
- **9.6.3** ભારતની અનુસૂચિત જનજાતિના લક્ષણો.
- **9.6.4** અનુસૂચિત જનજાતિની સામાજિક સમસ્યાઓ
- **9.6.5** અનુસૂચિત જનજાતિની શૈક્ષણિક સમસ્યાઓ
- **9.6.6** અનુસૂચિત જનજાતિની આર્થિક સમસ્યાઓ
- **9.6.7** અનુસૂચિત જનજાતિની સમસ્યા ઉકેલવાના ઉપાયો
- **9.6.8** અનુસૂચિત જનજાતિની સાંસ્કૃતિક વૈવિદ્ય
- **9.6.9** ભારતની આદિમજાતિનું વર્ગીકરણ

**9.7** અનુસૂચિત જનજાતિ કલ્યાણ યોજનાઓ :

**9.8** અનુસૂચિત જનજાતિઓમાં રહેલી પ્રાદેશિક વિભિન્નતાઓ :

**9.9** અનુસૂચિત જનજાતિની સામાજિક વ્યવસ્થા

**9.10** ભારતનું બંધારણ અને અનુસૂચિત જનજાતિ

**9.11** સારાંશ

**9.12** એકમ સ્વાધ્યાય

**9.13** તમારી પ્રગતિ ચકાસો

**9.14** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**9.15** સૂચિત વાંચન સામગ્રી

---

**ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે .....

(1) અનુસૂચિત જાતિ એટલે શું તે સમજી શકશો.

(2) અનુસૂચિત જાતિનાં બાળકોની શિક્ષણની સમસ્યાઓ સમજી શકશો.

(3) અનુસૂચિત જાતિના બાળકોની સમસ્યાઓ નિવારવાના ઉપાયો સમજી શકશો.

(4) અનુસૂચિત જાતિનું વર્ગીકરણ સમજી શકશો.

(5) અનુસૂચિત જનજાતિ એટલે શું ? તે સમજી શકશો.

(6) ભારતની અનુસૂચિત જનજાતિનાં લક્ષણ સમજી શકશો.

(7) અનુસૂચિત જન જાતિની સમસ્યાઓ સમજી શકશો.

(8) અનુસૂચિત જનજાતિની સમસ્યા ઉકેલવાના ઉપાયો સમજી શકશો.

(9) અનુસૂચિત જનજાતિ સાંસ્કૃતિક વૈવિધ્ય સમજી શકશો.

(10) ભારતની આદિમજાતિનું વર્ગીકરણ સમજી શકશો.

(11) વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણની સમસ્યા સમજી શકશો.

(12) વિચરતી જાતિનાં બાળકોનાં શિક્ષણ માટેના ઉપાયો સમજી શકશો.

(13) પછાત વર્ગો માટેની ગુજરાત સરકારની યોજનાઓ સમજી શકશો.

## 9.1 પ્રસ્તાવના

**પછાત વર્ગો :**

ભારતમાં પછાત વર્ગોને યથાર્થ રીતે સમજવા માટે ભારતીય સમાજનું મૂળભૂત સ્વરૂપ જે સંખ્યાબંધ વિભિન્ન દરજ્જાવાળા અને બંધ જ્ઞાતિ સમૂહોનાં બનેલાં છે તે સમજવુ જરૂરી છે. 'પછાત વર્ગો' એ એક સમષ્ટિ કે સમૂહ બનતો નથી; પરંતુ વિવિધ સમાજમાં વિભિન્ન સ્થાન અને દરજ્જાવાળા તથા સામાજિક દરજ્જાની દૃષ્ટિએ ચડતા-ઊતરતા ક્રમમાં ગોઠવાયેલાં સામાજિક જૂથો છે.

પછાતવર્ગોમાં (1) અનુસૂચિત જાતિઓ (2) અનુસૂચિત જનજાતિઓ અને (3) અન્ય પછાત વર્ગોનો સમાવેશ થાય છે.

બંધારણીય રીતે 'દલિતો'નો અનુસૂચિત જાતિમાં, 'આદિવાસીઓ'નો અનુસૂચિત જનજાતિમાં તથા 'અન્ય પછાત વર્ગો'નો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત સમૂહોમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

એક વિદ્યાર્થી તરીકે આપ સૌને એ પ્રશ્ન જરૂર થાય કે આ બધી જ્ઞાતિઓનો ઉદ્ભવ કેવી રીતે થયો હશે ? એનાં લક્ષણો ક્યાં છે તેમજ આપણા બંધારણમાં આ જ્ઞાતિઓની ઓળખ કેવી રીતે આપવામાં આવી છે. આ બધી જ્ઞાતિઓના સર્વાંગી વિકાસ માટે કયા કાર્યક્રમો છે વગેરે. આપણે આ બધા પ્રશ્નોની સમજ આ એકમમાં ક્રમશઃ મેળવીશું.

- પ્રાચીન સમયમાં આર્યોએ સમાજને જીવનની વ્યવસ્થા સંદર્ભે કાર્ય વ્યવસ્થા ગોઠવેલી હતી, જેમાં બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણો હતા. તે વ્યવસ્થા કર્મ આધારિત હતી. આ વ્યવસ્થા શ્રમ વિભાજન માટેની હતી.
- શિક્ષણના પ્રચારના કારણે સામાજિક પરિવર્તન થયું. વર્ણ વ્યવસ્થા હતી તેમાં પરિવર્તન થયું. કાર્ય વ્યવસ્થામાં પરિવર્તન આવતા જન્મ આધારિત કાર્યવ્યવસ્થા ગોઠવાઈ.
- ભારતમાં અંગ્રેજોના આગમન સાથે આ જાતિભેદોમાં જાગૃતિ આવી. આંબેડકરના નેતૃત્વમાં અસ્પૃશ્યોની સમસ્યાઓ અંગે આંદોલનો થયાં. આ જાતિની સમસ્યાઓ આજે પણ દૂર થઈ શકી નથી. શિક્ષણનો થોડો પ્રચાર થવાથી થોડા પરિવર્તનો આવ્યા છે, પરંતુ હજુ ઘણું કરવાનું બાકી છે.
- આ જાતિમાં હરિજનો, વણકર, રોહિત વગેરેનો સમાવેશ થાય છે.
- સાચી લોકશાહી સ્થાપવી હશે તો તેમને પણ શિક્ષણની સમાન તકો નોકરીની તકો, પૂરી પાડવી પડશે.

- વિશ્વના કોઈપણ દેશના સામાજિક જીવનને તપાસવાનો અને સમજવાનો પ્રયત્ન કરીએ ત્યારે એવું સ્પષ્ટ છે કે જે તે દેશમાં એક થી વધુ સામાજિક વિભાગો હોય છે. આ વિભાગો ભિન્ન ભિન્ન લાક્ષણિકતાઓ ધરાવે છે, તેની સાથે સાથે તેઓ એકબીજાના સંદર્ભમાં ચડતા-ઉતરતા સામાજિક-આર્થિક ક્રમમાં ગોઠવાયેલા હોય છે.

## 9.2 અનુસૂચિત જાતિ એટલે શું ?

- અનુસૂચિત જાતિઓને 'દલિતો' તરીકે ઓળખવામાં આવે છે.
- ઐતિહાસિક રીતે ભારતીય સમાજ વ્યવસ્થાના સામાજિક સંગઠન તરીકે જ્ઞાતિઓનું અસ્તિત્વ સદીઓથી રહ્યું છે. ખાસ કરીને હિંદુધર્મીઓમાં જ્ઞાતિ-વ્યવસ્થાનો ઉદ્ભવ અને વિકાસ થયો છે.
- સમાજશાસ્ત્રીઓના એક મત પ્રમાણે હિંદુઓમાં ભૂતકાળમાં જોવા મળતી ચાર વર્ણોની વ્યવસ્થામાંથી કાળક્રમે જ્ઞાતિઓનો જન્મ અને વિકાસ થયો છે.
- વર્ણ પ્રમાણે વ્યવસાય અને પોતાના વર્ણમાં લગ્ન એ બે લક્ષણો વર્ણ વ્યવસ્થાના પાયામાં હતાં. સમય જતાં ઉદ્ભવેલી જ્ઞાતિ-વ્યવસ્થામાં પણ જ્ઞાતિ અનુસાર વ્યવસાય અને પોતાની જ્ઞાતિમાં જ લગ્ન એ લક્ષણો પ્રમુખ રહ્યાં. આ કારણે અનુસૂચિત જાતિની જ્ઞાતિઓમાં પરંપરાગત વ્યાવસાયનું અસ્તિત્વ આજ સુધી ચાલુ રહ્યું છે.
- આ પરંપરાગત વ્યવસાયોમાં વણાટકામ, ચામડાનું કામ તેમજ સફાઈ કામ મુખ્ય છે. વળી સદીઓથી અનુસૂચિત જાતિઓને અસ્પૃશ્યતાના આચરણોનો ભોગ બનવું પડતું હતું. આથી 1955માં ભારત સરકારે અસ્પૃશ્યતા નાબૂદી માટે કાનૂન બનાવ્યો અને તેના અમલ માટેનાં પગલાં પણ લીધાં.

ભૂતકાળમાં વર્ણવ્યવસ્થા પછી જ્ઞાતિ વ્યવસ્થાના કોટિક્રમમાં અંતિમ સ્તરે સમાવિષ્ટ થતી જ્ઞાતિઓને 'અસ્પૃશ્ય જ્ઞાતિ' તરીકે ઓળખાવાતી. આ જ્ઞાતિઓ જુદાં જુદાં સમયે જુદાં જુદાં પ્રાંતમાં વધુવિધ નામથી ઓળખાતી ગાંધીજીએ એમને 'હરિજન' નામ આપ્યું, તો કેટલાંકે એમને 'કચડાયેલા વર્ગ' (depressed class) તરીકે ઓળખાવ્યા; પરંતુ ભારતની આઝાદી પછીથી બંધારણમાં આ જાતિઓના વર્ગને 'અનુસૂચિત જાતિ' (Schedule Castes) એવું નામ આપવામાં આવ્યું.

અનુસૂચિત જાતિ એ કોઈ એક જાતિ કે જ્ઞાતિ માટે પ્રયોજાતું નામ નથી પરંતુ કેટલીક જ્ઞાતિઓને તેમના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પછાતપણાને કારણે એક જૂથમાં એકઠી કરીને જે વર્ગ હેઠળ (અનુસૂચિ) મૂકી તે વર્ગને અપાયેલું સમૂહવાચી નામ છે.

## 9.3 અનુસૂચિત જાતિનાં બાળકોની શિક્ષણની સમસ્યા

આપણા દેશમાં પછાત વર્ગોમાં સામાન્ય રીતે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિચરતીજાતિના લોકોનો સમાવેશ થાય છે. આથી અહીં 1.અનુસૂચિત જાતિનાં બાળકોના શિક્ષણની સમસ્યા, 2. અનુસૂચિત જનજાતિનાં બાળકોના શિક્ષણની સમસ્યા અને 3. વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણની સમસ્યાની ચર્ચા કરીશું.

### 9.3.1 અનુસૂચિત જાતિનાં બાળકોની શિક્ષણની સમસ્યા

- અનુસૂચિત જાતિની સામાજિક સમસ્યાઓ નીચે પ્રમાણે જોવા મળે છે :

**(1) જ્ઞાતિવાદ :**

- જ્ઞાતિ પ્રથાથી જ્ઞાતિવાદ વિકાસ પામ્યો છે, તેમાં એક બીજી જ્ઞાતિ તરફ પણ ભેદભાવ જોવા મળે છે. જ્ઞાતિના નામે સંસ્થાઓ ઊભી કરાય છે. દરેક જ્ઞાતિ પોતાની જ્ઞાતિના વિકાસ માટે સતત પ્રયત્ન કરે છે. અન્ય જ્ઞાતિનું શોષણ કરે છે. અપમાનની નજરે જુએ છે.

**(2) હિંદુ સમાજનું અલગ વિભાજન :**

- સમાજમાં જ્ઞાતિ વ્યવસ્થા જોવા મળે છે, જેથી તે સમાજ જુદી જુદી જ્ઞાતિઓનાં વિભાગોમાં

વિભાજિત થયેલો છે. પ્રત્યેક જ્ઞાતિ એક અલગ જ્ઞાતિ તરીકે અસ્તિત્વ ધરાવે છે. સમાજમાં હિંદુ સમાજનું અલગ વિભાજન જોવા મળે છે.

**(3) અલગ વસવાટ :**

- અનુસૂચિત જાતિના લોકોને ઉચ્ચ જ્ઞાતિના લોકો પોતાની સાથે વસવાટ કરવા દેતા નથી. શહેરોમાં પણ હજી ઘણી સોસાયટીમાં અનુસૂચિત જાતિની વ્યક્તિ વસી શક્તી નથી. ગામડામાં અલગ વિભાગમાં રહેવું પડે છે. દા.ત. હરિજનવાસ, વણકરવાસ, રોહિતવાસ વગેરે.

**(4) ઊંચનીચના ભેદભાવ :**

- સમાજમાં ઉચ્ચ અને નીચ જ્ઞાતિ એવા બે ભેદભાવો જોવા મળે છે. બ્રાહ્મણો સૌથી ઊંચો અને અનુસૂચિત જાતિના સૌથી નિમ્ન માનવમાં આવે છે. અનુસૂચિત જાતિના લોકોને અપમાનની નજરે જોવામાં આવે છે. શિક્ષણ અને વ્યવસાયમાં પણ પછાત જાવા મળે છે.

**(5) શોષણનો ભોગ :**

- અનુસૂચિત જાતિના લોકોનું શોષણ કરવામાં આવે છે. તેઓનું વધુ શોષણ કરી, ત્રાસ આપવામાં આવે છે. કેટલાંક વિસ્તારોમાં સારાં કપડાં પણ પહેરી શકતા નથી. અમુક રીતે જીવન વ્યવહાર કરવો પડે છે. મજૂરીમાં પણ વેતન ઓછું આપવામાં આવે છે. સફાઈ કામ કરાવવામાં આવે છે. કેટલાંક પુરુષો સ્ત્રીઓ સાથે સંપત્તિ વગર, ધાકધમકીથી, બળજબરીથી જાતીય વ્યવહાર કરતાં હોય છે.

**(6) વ્યસનની બદી :**

- અનુસૂચિત જાતિના ઘણાં લોકોમાં વ્યસનની બદી જોવા મળે છે. જે કાંઈ આવક મેળવે છે તે આવક વ્યસન પાછળ ખર્ચી નાખે છે. સ્વાસ્થ્ય માટે હાનિકારક નિવડે છે.

**(7) દહેજ પ્રથા :**

- ઉચ્ચ જ્ઞાતિમાં દહેજ પ્રથા છે તેવી જ સામાજિક બદી અનુસૂચિત જાતિમાં જોવા મળે છે. કન્યા પક્ષ પાસે વરપક્ષ પૈસા લે છે. દહેજ વગર લગ્ન થતાં નથી.

**(8) સામાજિક વ્યવહાર પર પ્રતિબંધો :**

- અનુસૂચિત જાતિના લોકો સાતે અન્ય જ્ઞાતિઓ ભોજન વ્યવહાર રાખતી નથી. તેઓની સાથે બેસીને જમવામાં પણ ઘણા લોકો દૂર રહેવા માગતા હોય છે. લગ્ન વ્યવસ્થાઓ જ્ઞાતિગત છે, જેથી તે વ્યવહાર પણ થતો નથી.

**(9) અસ્પૃશ્યતા :**

- સમાજમાં અનુસૂચિત જાતિના લોકોને અસ્પૃશ્ય ગણવામાં આવે છે. તેઓનો તિરસ્કાર કરવામાં આવે છે. ગામના કૂવે પાણી ભરવા પર પ્રતિબંધ, જેવી સમસ્યાઓ આવે પણ છેવાડાના વિસ્તારોમાં જોવા મળે છે. ગાંધીજી અને આંબેડકર જેવા અગ્રણી નેતાઓએ અસ્પૃશ્યતા દૂર કરવા પ્રયાસો કરેલ હતાં. હજીપણ સમાજમાં અનુસૂચિત જાતિના લોકો માટેની લોકોની દૃષ્ટિ બદલાતી નથી.

**(10) ઉતરતી કક્ષાનો વ્યવસાય :**

- આજે પણ સમાજમાં આ લોકોને ઉતરતી કક્ષાનો વ્યવસાય કરવો પડે છે. દા.ત. સફાઈ કાર્ય

**(11) છૂટાછેડાનો ભોગ :**

- સ્ત્રી-પુરુષ એક બીજા સાથે અનુકૂલન સાધી શકતાં નથી, તેના લીધે કેટલાંક પ્રશ્નો ઊભા થાય છે, અવારનવાર સંઘર્ષ ઊભા થાય છે. સ્ત્રીઓ અંતે કંટાળી છૂટા છેડા લેવાનો વિચાર કરે છે. 1955ના હિન્દુ એક્ટ અનુસાર કેટલીક શરતોને આધિન સ્ત્રીને પણ છૂટાછેડા લેવાનો અધિકાર મળે છે.

**(12) બાળ લગ્નનું પ્રમાણ :**

- સમાજમાં કન્યાની અસલામતીને કારણે, દીકરી સાપનો ભારો, આવા પ્રકારની માન્યતાને કારણે તેના લગ્ન તેના લગ્ન ઘણી નાની ઉંમરે થવાથી કુટુંબમાં કેટલાંક પ્રશ્નો ઊભા થાય છે.

**(13) બહુપત્ની ધારણ :**

- આ સમાજમાં ઘણા પુરુષો એક પત્નીવ્રત પાળતાં નથી, પરંતુ તેઓ બે-ત્રણ પત્ની સાથે જીવન જીવતાં હોય છે. સમાજ બહુપત્ની ધારણ કરવાને કારણે સામાજિક પ્રશ્નો ઊભા થતાં જોવા મળે છે.

**9.3.2 અનુસૂચિત જાતિની શૈક્ષણિક સમસ્યાઓ**

- પ્રાચીન સમયમાં જ્ઞાતિ વ્યવસ્થાને કારણે અનુસૂચિત જાતિના લોકને શિક્ષણ લેવાનો અધિકાર હતો નહીં, જેના કારણે તેઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળતું.. આઝાદી બાદ સામાજિક પરિવર્તન કારણે શિક્ષણ માટે સુધારો થતો જોવા મળે છે જે નીચે મુજબ છે.

**(1) શિક્ષણના પ્રચારનો અભાવ :**

- આઝાદી પછી પણ શિક્ષણના પ્રચારનો અભાવ હોવાથી અન્ય જ્ઞાતિઓની સરખામણીમાં આ જ્ઞાતિમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. તેઓ પ્રચારના અભાવે શિક્ષણ લેવા આગળ આવતાં નથી. શિક્ષણ માટે જાગૃત નથી, જાગૃત છે ત્યાં આર્થિક પરિસ્થિતિ અવરોધ રૂપ બને છે.

**(2) ભેદભાવપૂર્વક વ્યવહાર :**

- ગ્રામીણ વિસ્તારમાં આ જાતિના લોકો સાથે ભેદભાવપૂર્વક વ્યવહાર થતો જોવા મળે છે. આ જાતિના બાળકો શાળામાં શિક્ષણ લેવામાં સંકોચ અનુભવે છે.

**(3) અયોગ્ય માન્યતાઓ :**

- આ લોકોમાં કેટલીક અયોગ્ય માન્યતાઓને કારણે શિક્ષણના જ્ઞાનથી તેઓ અજાણ છે. અંધશ્રદ્ધાઓ, વહેમ, ભૂવા, માતાજી વગેરેમાં વધુ માને છે. હજી કોઈ કુટુંબમાં બીમાર પડે તો ડૉક્ટર પાસે લઈ જવાનું પસંદ કરતાં નથી. ભૂવા પાસે લઈ જવાનું પસંદ કરે છે.

**(4) શિક્ષણ માટે માર્ગદર્શન અભાવ :**

- આ જાતિના લોકો આખો દિવસ મજૂરી કરીને પોતાનું ગુજરાત ચલાવે છે. તેઓ ઘરે આવે ત્યારે થાકેલા હોય છે. બાળકો શાળાએ જતા હોય પણ થાકેલા હોવાથી બાળકો તરફ ધ્યાન આપી શકતા નથી. બાળકોની શિક્ષણ માટે જરૂરી માર્ગદર્શન મળતું નથી તેમજ અન્ય જગ્યાએથી પણ માર્ગદર્શન મળતું નથી. એટલે શિક્ષણમાં પાછળ રહી જાય છે. કંટાળીને કેટલીકવાર શિક્ષણ છોડી દે છે. વાલીઓ પણ અભણ હોવાથી ધ્યાન આપી શકતાં નથી.

**(5) નાના બાળકોને સંભાળવાનું કાર્ય :**

- આ જાતિના લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી વાલીઓ જ્યારે મજૂરી કામ માટે બહાર જાય ત્યારે ઘરમાં નાના બાળકોની સંભાળ લેવી પડે છે. ત્યારે ઘરમાં જે બાળકો મોટા હોય તે બાળકો નાના બાળકોની ઘરમાં સંભાળ લે છે, એટલે શાળાએ જઈ શકતાં નથી.

**(6) નબળી આર્થિક પરિસ્થિતિ :**

- આ જાતિના લોકોની નબળી આર્થિક પરિસ્થિતિ જોવા મળે છે. સરકાર મદદ કરે છે, પરંતુ તેની ખાસ કોઈ માહિતી તેમની પાસે ન હોવાથી શિક્ષણ કેળવી શકતાં નથી. નાનાં બાળકોને સંભાળવાનું કાર્ય કે મજૂરી કામે જવું પડે છે.

**(7) ઘર અને સાળા વચ્ચે વધુ અંતર :**

- આ જાતિના લોકો ગ્રામીણ વિસ્તારમાં છેવાડે રહે છે. ઘર અને શાળા વચ્ચે વધુ અંતર હોય છે. શાળા એ ચાલીને જવું. છોકરી હોય તો એકલી મોકલવાનું પસંદ કરતાં નથી.

**(8) અભણ વાલીઓ :**

- આ જાતિના લોકોમાં વધુ પ્રમાણમાં અભણ જોવા મળે છે. વાલીઓ અભણ હોવાથી શિક્ષણનું મહત્ત્વ સમજતાં નથી, જેથી કરીને બાળકોને શાળાએ મોકલતાં નથી.

**(9) રૂઢિચુસ્ત માનસ :**

- આ જાતિના લોકો વધુ અભણ હોવાથી અમુક માન્યતાઓથી હજુ સુધી બહાર આવ્યાં નથી. તેઓ વહેમ અને અંધશ્રદ્ધાઓમાં માને છે. છોકરીને શાળાએ ભણવા ન મોકલાય.

**(10) માનસિક શક્તિઓનો ઓછો આંક :**

- આ જાતિના લોકોમાં માનસિક શક્તિઓનો આંક ઓછો જોવા મળે છે. આ માટે ઘરનું વાતાવરણ જવાબદાર ગણી શકાય. વાલીઓ અભણ છે. પ્રચારના માધ્યમોમાં અભણ, માર્ગદર્શન મળતું ન હોય તો જોઈએ તેવો વિકાસ થતો નથી. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી શિક્ષણમાં બરાબર ધ્યાન રાખતા નથી. મજૂરી કામે પણ જવું પડે છે.

**(11) આર્થિક વળતરની અપેક્ષા :**

- આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી આર્થિક વળતરની અપેક્ષાઓ શાળામાં શિક્ષણ લેવા મોકલતા નથી.

**(12) અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ :**

- આ જાતિના લોકોમાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ વધુ જોવા મળે છે. ઘરમાં શિક્ષણનું વાતાવરણ નથી, તેમજ આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી મજૂરી કામે જવું પડે છે. શાળામાં દૈનિક હાજરી ઓછી જોવા મળે છે, જેને પરિણામે શાળામાં બાળકો ઊઠી જાય છે, કે તે જ ધોરણમાં નાપાસ થાય છે.

**9.3.3 અનુસૂચિત જાતિની આર્થિક સમસ્યાઓ**

- ◆ આ જાતિના લોકોની આર્થિક સમસ્યા નબળી જોવા મળે છે. મજૂરી કાર્ય કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. વહેમ અને અંધશ્રદ્ધા માં વધુ માને છે. વ્યસનનું પ્રમાણ વધુ જોવા મળે છે. દૈનિક જે આવક થાય તે વ્યસનને કારણે ખર્ચ કરી નાખે છે. આ જાતિના લોકોની આર્થિક સમસ્યાઓના કારણે નીચે પ્રમાણે વિચારી શકાય.

**(1) આર્થિક શોષણનું વધુ પ્રમાણ :**

- આ જાતિના લોકો મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. મજૂરીના પૈસા મળવા જોઈએ તેટલા પૈસા મળતાં નથી. ટાઈમસર મજૂરીના પૈસા મળતા નથી. ઓછુ વેતન આપી વધુ કાર્ય લેવામાં આવે છે.

**(2) આર્થિક પછાતપણું :**

- આ જાતિના લોકો પહેલેથી મજૂરી કામ સાથે સંકળાયેલ છે. આ લોકોને પહેલેથી જ સંપત્તિથી દૂર રાખવામાં આવેલ છે. તેઓ જમીન, મકાન, દુકાન, ઉદ્યોગ વગેરે ધરાવતા નથી. આ જાતિના લોકો શિક્ષણના અભાવને વધુ આવક મેળવી શકતાં નથી. તેથી તેઓ ગરીબાઈમાં સપડાયેલા રહે છે, જે તેમના વિકાસ માટે અવરોધરૂપ બને છે.

**(3) વ્યસનની બદી :**

- આ જાતિના લોકોમાં વ્યસનની બદી પડી ગયેલ જોવા મળે છે. મજૂરી કામેથી આવ્યા પછી દારૂ પીવા તો જોઈએ જ. આર્થિક મુશ્કેલી ભોગવવી પડે છે. આર્થિક મુશ્કેલી, વ્યસનની બદી વગેરે ને કારણે બાળકો શિક્ષણથી વંચિત રહે છે.

**(4) બેરોજગારી :**

- આ જાતિના લોકોને કાયમ માટે રોજગારી મળતી નથી. અમુક સમય રોજગારી મળે છે. અમુક

સમય મળતી નથી. તેથી બેકાર રહેવું પડે છે. દા.ત. વરસાદ ઋતુમાં કામ મળી રહે છે. બીજી ઋતુમાં કામ મળતું નથી.

**(5) નોકરીમાં તકોનો અભાવ :**

- નોકરીમાં આ જાતિના લોકોને ઓછી તકો મળે છે. ટકાવારીનું ઓછું પ્રમાણ જાણકારીનો અભાવ, ઓછી સંખ્યામાં ભરતી, વધુ સમયે ભરતી વગેરેનો કારણે નોકરીમાં તકો મળતી નથી. ઘણીવાર નોકરીમાં ભ્રષ્ટાચાર, સગાવાદ, જ્ઞાતિવાદ વગેરેને કારણે પણ નોકરી મળતી નથી.

**(6) અભાણ વાલીઓ :**

- આ બધી જાતિના લોકોમાં વડીલો ઓછું ભણેલા જોવા મળે છે. શિક્ષણમાં ઓછો રસ લે છે. બાળકો ભણાવવાનું પસંદ કરતાં નથી.

**(7) આર્થિક અસમાનતા :**

- આ જાતિના લોકો બીજી જ્ઞાતિઓના સંદર્ભમાં આર્થિક રીતે નબળા છે. પૈસાદાર ને ગરીબ વર્ગ એમ બે વર્ગ ઊભા થયેલ જોવા મળે છે. આથી સમાજમાં આર્થિક અસમાનતા ઊભી થયેલી જોવા મળે છે.

**(8) વ્યવસાયની પસંદગીમાં તકલીફો :**

- આ જાતિના લોકો અમુક જ વ્યવસાય કરી શકે એવી માન્યતા સમાજમાં જોવા મળે છે. આ જાતિના લોકો ફક્ત સફાઈ કામ જ કરી શકે. એટલે અન્ય વ્યવસાયની તકો મળતી નથી. પૈસાદાર લોકો આ જાતિના લોકોને નોકરીમાં રાખવા તૈયાર નથી.

## 9.4 અનુસૂચિત જાતિના બાળકોની સમસ્યાઓ નિવારણના ઉપાયો.

- અનુસૂચિત જાતિની સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સમસ્યાઓ જોવા મળે છે. આ સમસ્યાઓને ધ્યાનમાં રાખી તેને નિવારવાના ઉપાયો વિચારી શકાય, જે નીચે મુજબ છે.

**(1) શિક્ષણ માટે પ્રચાર :**

- અનુસૂચિત જાતિનાં લોકોમાં જાગૃતિ આવે તે માટેના શિક્ષણ લેવા માટે પ્રયત્ન કરવો જોઈએ. તેમના મળતા લાભો, હકો, કાયદા વગેરેથી માહિતગાર કરવા જોઈએ, જેથી કરીને તેમનામાં જાગૃતિ આવે.

**(2) શૈક્ષણિક સગવડમાં વધારો :**

- આ જાતિના લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી છે. ગરીબાઈને કારણે વાલીઓ શાળાએ મોકલતા નથી. આવા સમયે જો શૈક્ષણિક સગવડો કરવામાં આવે તો શિક્ષણ અંગેની સમસ્યાઓમાં સુધારો થઈ શકે. દા.ત. પાઠ્યપુસ્તકો, ગણવેશ, સ્ટેશનરી, સ્કોલરશીપ, છાત્રાલય વગેરે પુરી પાડવી જોઈએ.

**(3) અલગ છાત્રાલયની વ્યવસ્થા :**

- આ જાતિના લોકો માટે અલગ છાત્રાલયની વ્યવસ્થા ગોઠવવામાં આવે.

**(4) સ્વરોજગારીની તાલીમ :**

- સમાજમાં કે વ્યવસાયમાં જેની માંગ હોય તેવા સ્વરોજગાર માટેના વ્યવસાયની તાલીમ આપવામાં આવે. ઉદ્યોગમાં કેવા માણસની જરૂર છે તે પ્રમાણે તાલીમ ગોઠવી શકાય.

**(5) કન્યા કેળવણીને ઉત્તેજન :**

- અભણ વાલીઓ કન્યાઓને નાની ઉંમરે લગ્ન કરી નાખે છે. કન્યાઓ શિક્ષણ મેળવીને આગળ આવે, વ્યવસાય કરે તો શિક્ષણનો વ્યાપ વધે. તેના બાળકોને સારા સંસ્કાર આપી શકે. શિક્ષણમાં વધુ રસ લેતાં થાય, કન્યા મેળવણી માટે બધી જ સગવડો ઊભી કરવી જોઈએ.

**(6) આંતરરાષ્ટ્રીય લગ્નને ઉત્તેજન :**

- આ જ્ઞાતિના લોકો આંતર જ્ઞાતીય લગ્ન કરે તે માટે જરૂરી ઉત્તેજન આપવું જોઈએ. તે માટે જરૂરી માર્ગદર્શન અને પ્રચાર કરવો.

**(7) સંયુક્ત રહેઠાણની વ્યવસ્થા :**

- પૈસાદારની નજીક જ રહેઠાણની વ્યવસ્થા થાય તેવું આયોજન વિચારવું જોઈએ, જેથી પૈસાદાર લોકોનો સંપર્ક વધવાથી શિક્ષણમાં રસ લેતા થાય.

**(8) શોષણનો વિરોધ :**

- આ જ્ઞાતિના લોકોનું મજૂરી કામ અંગે શોષણ થતું અટકાવવા પ્રયત્નો થવાં જોઈએ. આ જ્ઞાતિના લોકો માટે એક સંગઠન ઊભું કરવામાં આવે, તેમનામાં જાગૃતિ લાવવામાં આવે, શોષણ માટેના કાયદાઓ બનાવામાં આવે. તેનો પ્રચાર કરવામાં આવે તો સુધારો થઈ શકે.

**(9) કાયદાનો અમલ :**

- આ જ્ઞાતિના લોકો માટેજ જે કાયદાઓ બનાવવામાં આવેલ છે તે કાયદાનો અમલ થાય તેવા પ્રયત્ન હાથ ધરવા.

**(10) નવોદય શાળાઓ :**

- આ જ્ઞાતિના લોકો માટે નવોદય શાળાઓ વધુ પ્રમાણમાં ઊભી કરવામાં આવે. આ શાળામાં પ્રવેશ માટે પ્રચાર, વાલી સંપર્ક કરવામાં આવે.

**(11) સમાન નોકરીની તકો :**

- આ જાતિના લોકો માટે સમાન નોકરીની લાયકાત પ્રમાણમાં તકો ઊભી કરવી જોઈએ. જરૂરિયાત પ્રમાણે તાલીમ આપી શકાય.

**(12) શિક્ષણ ફી નાબૂદી :**

- આ જાતિના લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી છે તેથી આ જાતિના બાળકોને પાસેથીકોઈપણ પ્રકારની ફી લેવામાં ન આવે તે જરૂરી છે.

**(13) જરૂરિયાત પ્રમાણે વેકેશન ગોઠવવું :**

- વર્ષમાં અમુક સમયે ખેતીનું કામકાજ વધુ ચાલતું હોય છે. આવા સમયે બાળકો શાળાએ આવતા નથી, તેથી વેકેશન જરૂરિયાત અને અનુકૂળ સમયે ગોઠવવું જોઈએ.

**(14) અલગ મંડળની સ્થાપના :**

- અનુસૂચિત જાતિની સમસ્યાઓ દૂર કરવા માટે અલગ મંડળની સ્થાપના કરવામાં આવે તે જરૂરી છે. આ મંડળ દ્વારા અન્યાયો સામે સંઘર્ષ કરવાં જોઈએ. ન્યાય માટે આંદોલનો કરવા જોઈએ.

## 9.5 અનુસૂચિત જાતિનું વર્ગીકરણ

ભારતમાં અનુસૂચિત જાતિ કોઈ એક જ પ્રદેશમાં રહે છે એવું નથી. ચોક્કસ સમૂહો કે જૂથોમાં જુદાં જુદાં રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તે વસવાટ કરે છે. એક જ રાજ્યમાં એકથી વધુ પ્રકારની અનુસૂચિત જાતિ વસે છે. આ બધામાં ઘણી જ પ્રાદેશિક અને સાંસ્કૃતિક ભિન્નતા છે. આ બધી યાદી મોટી છે. આહીં આપણે ભારત અને ગુજરાતમાં એનું પ્રમાણ કેટલું છે એની માહિતી મેળવીએ.

ભારતમાં વર્ષો સુધી અનુસૂચિત જાતિને સામાજિક કોષ્ટકમાં નિમ્ન દરજ્જો અપાયો હતો. તેમના વ્યવસાયોમાં પણ ચામડાંનું કામ, સફાઈ કામ, વણાટકામ વગેરે હતાં. જેને લીધે આર્થિક વળતર પણ ઓછું મળતું. તેઓ આ દેશના નાગરિક હોવા છતાં કેટલીક અસમર્થતાઓ ભોગવવી પડતી, જેથી 1955માં ભારત સરકારે અસ્પૃશ્યતા નાબુદી કાનૂન બનાવ્યો.

આ ઉપરાંત શિક્ષણ, નવું વ્યવસાયીકરણ અને નોકરી, જાહેર વાહન-વ્યવહારનું વધતું જતું પ્રમાણ, સંસાર માધ્યમો, શહેરીકરણ અને ઔદ્યોગિકરણ, સંસ્કૃતિકરણ વગેરેને લીધે અનુસૂચિત જાતિ સાથેના વ્યવહારોમાં પરિવર્તન આવ્યું.

વિશેષમાં અરૂણાચલ, નાગાલેન્ડ, લક્ષદ્વીપ અને આંદમાન-નિકોબારમાં અનુસૂચિત જાતિનાં કુટુંબો જોવા મળતાં નથી.

**કોષ્ટક - 1**

**ભારત અને ગુજરાતની કુલ વસ્તીના પ્રમાણમાં અનુસૂચિત જાતિનું પ્રમાણ (ટકામાં)**

| અ.નં. | વર્ષ | ભારત | ગુજરાત |
|---|---|---|---|
| 1. | 1961 | 14.64 | 6.33 |
| 2. | 1971 | 14.60 | 6.84 |
| 3. | 1981 | 15.65 | 7.15 |
| 4. | 1991 | 16.48 | 7.41 |
| 5. | 2001 | 16.20 | 7.10 |
| 6. | 2011 | 16.02 | 7.10 |

**(સંદર્ભ : સેન્સર રિપોર્ટ - 2011)**

ઉપરના કોષ્ટક પરથી જાણવા મળે છે કે વર્ષ 1961માં અનુસૂચિત જાતિનું પ્રમાણ કુલ વસ્તીના 14.64 હતું. જે વર્ષ 2011માં 16.02% જોવા મળ્યુ હતુ. જ્યારે ગુજરાતમાં એનું પ્રમાણ અનુક્રમે 6.33 અને 7.10 ટકાનું રહ્યું છે.

ભારતમાં 2001 અને 2011માં અનુસૂચિત જાતિમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ નીચે મુજબ છે :

**કોષ્ટક - 2**

**ભારતમાં અનુસૂચિત જાતિનું પ્રમાણ (મિલિયનમાં)**

| | 2001 | 2011 | તફાવત |
|---|---|---|---|
| કુલ વ્યક્તિ | 166.63 | 201.41 | + 20.8 % |
| પુરુષ | 86.1 | 103.5 | + 20.3 % |
| સ્ત્રી | 80.5 | 97.9 | + 21.5 % |

**(સંદર્ભ : સેન્સર રિપોર્ટ - 2011)**

આ કોષ્ટક પરથી કહી શકાય કે છેલ્લા દાયકામાં અનુસૂચિત જાતિનું પ્રમાણ 21% જેટલું વધ્યું છે; પરંતુ પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

ભારતમાં અનુસૂચિત જ્ઞાતિઓમાં સૌથી મોટી સંખ્યા ધરાવતી જ્ઞાતિ રોહિતની છે, તે અનુસૂચિત જ્ઞાતિઓનો ચોથો ભાગ બને છે. અનુસૂચિત જાતિઓનું સૌથી વધુ પ્રમાણ પંજાબ (31.9%) રાજ્યમાં છે અને સૌથી ઓછી વસ્તી મિઝોરમ (0.1%) રાજ્યમાં છે.

ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિઓમાં સૌથી વધુ વસ્તી ધરાવતી મુખ્ય ચાર જાતિઓ છે. જેમાં (1) માયાવંશી, વણકર (2) ભાભી, રોહિત (3) વાલ્મિકી, મહેતર, રૂખી (4) મેઘવાળનો સમાવેશ થાય છે.

### ◆ અનુસૂચિત જાતિની નવી ઓળખ

સ્વતંત્રતા બાદ અનુસૂચિત જાતિઓના સામાજિક-આર્થિક વિકાસ માટે બંધારણીય જોગવાઈઓ અર્થે અને કલ્યાણ અર્થે લેવાયેલાં વિવિધ પગલાંઓ તેમજ સમાજ સુધારકોએ કરેલાં પ્રયત્નોને લીધે ભારતના જ્ઞાતિ આધારિત સામાજિક સ્તરરચનાના માળખામાં પરિવર્તન આવ્યું છે.

અનુસૂચિત જાતિઓએ એનો લાભ પણ લીધો છે. સંસ્કૃતિકરણની પ્રક્રિયા, બૌદ્ધ ધર્મ અંગીકાર, અનામત પ્રથા, શિક્ષણ, વ્યાવસાયિક પરિવર્તન અને સ્વજાગૃતિએ એમની નવી ઓળખ ઊભી કરી છે. આ માટે કેટલાંક આંદોલનો પણ થયા છે; પરંતુ ધીમે ધીમે ભેદભાવભર્યા વર્તન અને હાલાકીમાંથી મુક્ત થઈ ઉત્કર્ષ તરફ જઈ રહ્યાં છે. સમાજના મુખ્ય પ્રવાહમાં આવી વિધાયક ઓળખ પ્રાપ્ત કરી છે એવું કહી શકાય.

## 9.6 અનુસૂચિત જનજાતિના બાળકોની શિક્ષણની સમસ્યા

### 9.6.1 પ્રસ્તાવના

- વિશ્વમાં આફ્રિકા પછી આદિવાસીઓની સૌથી વધુ વસ્તી ભારતમાં વસે છે. ભારતના મોટા ભાગનાં રાજ્યોમાં આદિવાસીઓ જોવા મળે છે. બંધારણીય રીતે તેઓને અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવે છે. તેઓ મહ્દઅંશે જંગલો અને પર્વતીય વિસ્તારોમાં સ્થાયી થયેલા છે. પરિણામે જળ, જંગલ અને જમીન તેઓની સંસ્કૃતિનાં મહત્ત્વનાં પાસાંઓ છે.
- જાતિ, બોલી, સંસ્કૃતિ અને માન્યતાઓની રીતે પરસ્પર નોંધપાત્ર રીતે જુદાં પડતા ભારતના આદિવાસીઓ એક વિશિષ્ટ પ્રકારની સામાજિક-સાંસ્કૃતિક તરાહ ઉપસાવે છે. આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સંદર્ભમાં મર્યાદિત વિકાસ થવાને કારણે તેમજ જંગલો અને પર્વતીય અંતરિયાળ વિસ્તારોમાં વસવાટને કારણે તેઓનો સમાવેશ વંચિત જૂથોમાં કરવામાં આવે છે.

અનુસૂચિત જાતિની જેમ બીજો સમૂહ અનુસૂત્ત જનજાતિ છે. જેને Scheduled Tribes તરીકે ઓળખવામાં આવે છે. સાર્વત્રિક રીતે સંમત હોય એવી વ્યાખ્યા 'આદિવાસી' કે 'અનુસૂચિત જનજાતિ'ની મળતી નથી. આ માટે ભિન્ન ભિન્ન પ્રકારની સમજ અને લક્ષણો આપવામાં આવે છે.

વિશ્વમાં સૌથી વધુ આદિવાસી વસ્તી ધરાવતો દેશ આફ્રિકા છે, ભારત બીજા ક્રમે આવે છે.

વિદ્યાર્થીમિત્રો, અનુસૂચિત જનજાતિનો અર્થ આપણે પ્રથમ પ્રકરણમાં મેળવ્યો છે.

સામાન્ય રીતે બંધારણની કલમ 342(ક)માં રાષ્ટ્રપતિ દ્વારા બહાર પાડેલ સૂચિમાં જેનો સમાવેશ થયો છે. તે અનુસૂચિત જનજાતિઓ.

### 9.6.2 અનુસૂચિત જનજાતિ એટલે શું ?

- અંગ્રેજી શબ્દ ટ્રાઈબ (Tribe) લેટિનમાંથી ઊતરી આવ્યો છે. ઐતિહાસિક અને ભૌગોલિક સંદર્ભ બદલાતાં ટ્રાઈબ શબ્દનો અર્થ પરિવર્તન પામતો રહ્યો છે. જો કે 'આદિમ જન' એ ટ્રાઈબનો સમાનાર્થી શબ્દ છે એમ કહી શકાય.
- પશ્ચિમના અને ભારતના માનવશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ ટ્રાઈબ, આદિમજાતિ કે આદિવાસીની વ્યાખ્યા ભારતીય સંદર્ભમાં કરવાનો પ્રયત્ન કર્યો છે તેમ છતાં ભારતના આદિવાસીઓની એક સર્વ સામાન્ય વ્યાખ્યા કરવી મુશ્કેલ છે.
- અંગ્રેજોના શાસન દરમિયાન આદિવાસી વિસ્તારોમાં થયેલાં સંસ્થાનવાદી આક્રમણોનો ત્યાંની પ્રજાએ સખત પ્રતિકાર કર્યો હતો અને તેના પરિણામે આદિવાસીઓની સામાજિક, સાંસ્કૃતિક ઓળખ વિકસતી ગઈ. આદિમતા અને પછાતપણાના આધાર સાથે અનુસૂચિત જનજાતિઓની યાદી તૈયાર કરવામાં આવી. આ યાદીમાં સમાવિષ્ટ આદિવાસીઓની ચાર લાક્ષણિકતાઓ છે.

  (1) આદિમ મૂળ (2) આદિમ જીવન શૈલી

  (3) અંતરિયાળ વિસ્તારોમાં નિવાસ (4) સર્વાંગી રીતે પછાતપણું

- **ગુજરાતમાં આદિવાસી સમૂહો :**

- ભારતના આદિવાસીઓ કુલ 450 વિભાગોમાં વહેંચાયેલો છે, તેમાંના કેટલાંક મુખ્ય

વિભાગોના પેટા વિભાગો માત્ર છે. વસ્તી દૃષ્ટિએ નવ આદિમ જાતિઓ એવી છે કે તેમાં એકપણ સભ્ય નથી.

- બીજી બાજુ આ જાતિઓ એવી છે કે તેની વસ્તી પાંચ લાખથી પણ વધુ છે. ગુજરાતમાં કુલ 25 જાતિઓમાં આદિવાસીઓ વહેંચાયેલા છે, તેઓના નામ આ પ્રમાણે છે :

| | | | |
|---|---|---|---|
| (1) | બરડા | (14) | કોલીઢોર, કોલઘા |
| (2) | બાવચ | (15) | કુનબી |
| (3) | ભરવાડ | (16) | નાયક-નાયકડા |
| (4) | ભીલ | (17) | પઢાર |
| (5) | ચારણ | (18) | પટેલિયા |
| (6) | ચૌધરી, ચૌધરા | (19) | પોમલા |
| (7) | ધાનકા, તડવી, તેતરિયા | (20) | રબારી |
| (8) | ઢોડિયા | (21) | રાઠવા |
| (9) | હળપતિ | (22) | સીદી |
| (10) | ગામીત, ગામટા, ગાવીન, માવશી | (23) | વારલી |
| (11) | ગોંડ - રાજ ગોંડ | (24) | કોરવાલિયા |
| (12) | કાથોડી - કાતકરી | (25) | પારઘી અડવિચિંચર |
| (13) | કોકના, કોકની, કુકના | | ફણસે પારઘી (સૌરાષ્ટ્ર સિવાયના) |

- અંબાજીથી શરૂ કરી દક્ષિણના ડાંગ જિલ્લાના વડા મથક આહવા સુધીના સમગ્ર વિસ્તારમાં રાજ્યના મોટાભાગના આદિવાસીઓનો વસવાટ છે. આ જિલ્લાઓમાં સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરત, વલસાડ, નવસારી અને ડાંગનો સમાવેશ થાય છે.
- વર્ષ 2001 ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની કુલ વસ્તી 506.11 લાખની હતી, તેમાં આદિવાસીઓની વસ્તી 74.81 લાખ (37.90 લાખ પુરુષો અને 36.91 લાખ સ્ત્રીઓ) હતી. રાજ્યની વસ્તીમાં આદિવાસીઓનું પ્રમાણ લગભગ 15 ટકા થવા જાય છે.
- આદિવાસીઓમાં સાક્ષરતાનું પ્રમાણ 47.7 ટકા નોંધાયું છે. પુરુષોમાં આ પ્રમાણ 59.2 ટકા અને સ્ત્રીઓમાં 36 ટકા છે.

**9.6.3 ભારતની અનુસૂચિત જનજાતિના લક્ષણો.**

ડૉ.મજમુદાર અને મદને અનુસૂચિત જનજાતિનાં સર્વસામાન્ય લક્ષણો નીચે મુજબ દર્શાવ્યા છે :

**(1) નિશ્ચિત પ્રદેશ :**

- અનુસૂચિત જનજાતિને પ્રદેશિક સમૂહ તરીકે ગણાવી શકાય. તેઓને નિશ્ચિત પ્રદેશ હોય છે, જ્યાં તેઓ નિવાસ કરે ચે. કેટલીક આદિમ જાતિઓ સંપૂર્ણપણે પ્રાદેશિકતાને વળગી રહે છે. મૂંડા, હો, ગારો પૂર્ણપણે પ્રાદેશિક હોય છે. જ્યારે સંથાલ, ભૂમિજ, ભીલ વગેરે સભ્ય સમાજના લોકો સાથે પણ વસવાટ કરે છે; પરંતુ મહ્દંશે એમનો નિશ્ચિત પ્રદેશ તેમજ એ પ્રદેશમાં સમગ્ર જીવન જીવવાની ઉત્કંઠા તોઓમાં દૃષ્ટિગોચર થાય છે.

**(2) નિશ્ચિત પ્રદેશ :**

- દરેક અનુસૂચિત જનજાતિને પોતાનું એક વિશિષ્ટ નામ હોય છે. એ નામની આસપાસ કેટલીક દંતકથાઓ વણાયેલી હોય છે. નિશ્ચિત નામ તેઓનો ચોક્કસ સમૂહ સૂચવે છે. ભારતની કેટલીક આદિમ જાતિઓમાં જ્ઞાતિઓનાં નામ જેવી વિવિધતા જોવા મળે છે. ગુજરાતમાં

ભીલ, ગામીત, રાઠવા વગેરેમાં પણ એવી જ પરિસ્થિતિ પ્રવર્તે છે. તેમનામાં સમૂહગત નામનું સવિશેષ મહત્ત્વ જોવા મળે છે.

**(3) નિશ્ચિત બોલી :**

- આ સમૂહને પોતપોતાની નિશ્ચિત બોલી કે ભાષા હોય છે. કેટલીક આદિમ જાતિઓ પ્રાદેશિક ભાષાને અપનાવે છે. દા.ત., ભીલ, ભૂમિજ વગેરે. જ્યારે કેટલીક આદિમજાતિઓ પોતાની જ બોલી અને ભાષા પ્રત્યે મહત્ત્વ ધરાવે છે.

**(4) સગાઈ-સંબંધોનું ગૂંફન :**

- સગાઈ-સંબંધોના ગુંફનમાં દરેક અનુસૂચિત જનજાતિની વ્યક્તિ જીવન વ્યતીત કરે છે. સગાઈ-સંબંધોનો વૈજ્ઞાનિક અભ્યાસ દર્શાવે છે કે આદિમજાતિઓના જીવનના મહત્ત્વના પ્રસંગો જેવાં કે જન્મ, મૃત્યુ તેમજ ધાર્મિક વિધિઓમાં પણ સગાઈ-સંબંધોનું વિશિષ્ટ મહત્ત્વ હોય છે. શ્રાદ્ધવિધિ, પૂર્વજપૂજા કે શુભ-અશુભ પ્રસંગોએ સગાઈ-સંબંધો પર આધારિત રૂઢિઓ, આચારો, નિયમો અને રિવાજો દ્વારા વ્યક્તિના વર્તનને નિયંત્રિત તેમજ અમુક જ દિશામાં પ્રવાહિત કરવામાં આવે છે.

**(5) આદિમજાતિ પંચ :**

- અનુસૂચિત જનજાતિમાં પંચની પ્રભાવશાળી અસર હોય છે. 'પંચ કહે તે પરમેશ્વર'ની દૃષ્ટિએ તેઓના સમાજમાં ન્યાયાધીશ અને કોર્ટનું કાર્ય પંચાયત કરે છે. કોઈને દંડ કરવો હોય, ગુના બદલ શિક્ષા કરવી હોય કે છૂટાછેડા લેવા હોય - એ સર્વ બાબતોમાં 'આદિમજાતિ પંચ'ની સર્વોપરિ સત્તા કામ કરે છે. રાજકીય દૃષ્ટિએ રાજ્ય સરકારનું નિયંત્રણ હોવા છતાં તેઓમાં આંતરિક વ્યવસ્થા તેમજ સામાજિક નિયંત્રણ અર્થે પંચ-પ્રથાને પ્રાધાન્ય આપવામાં આવે છે.

**(6) યુવાગૃહ :**

- યુવા - સંગઠનો કોઈ પણ આદિમજાતિમાં કેન્દ્રસ્થાને હોય છે. આવાં સંગઠનો યુવાગૃહો (Youth Organization) તરીકે પણ ઓળખાય છે. બધી જ આદિમજાતિઓ આવાં યુવાગૃહો ધરાવતી નથી; પરંતુ કેટલીક આદિમજાતિઓમાં આવાં યુવાગૃહો અસ્તિત્વ ધરાવે છે. સંયુક્ત અને વિભક્ત યુવાગૃહો દ્વારા આદિમજાતિના અપરિણીત યુવક-યુવતીઓનું સમાજીકરણ (Socialization) અને તેઓની સંસ્કૃતિનું આત્મસાતીકરણ (Assimilation) કરવામાં આવે છે.

**(7) અર્થવ્યવસ્થાનું અવિકસિત સ્વરૂપ :**

- આદિમજાતિઓમાં અર્થવ્યવસ્થાનું સ્વરૂપ સભ્ય સમાજોની દૃષ્ટિએ ઘણું અવિકસિત જોવા મળે છે. શૅર, ડિપૉઝિટ, બૅન્ક-વ્યવસ્થાને બદલે શાહુકારો દ્વારા ધિરાણનું કાર્ય વધુ થતું હોય છે.

**(8) અદૃશ્ય શક્તિઓમાં શ્રદ્ધા :**

- અનુસૂચિત જનજાતિઓ અદૃશ્ય અને અમાનવીય શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે. કોઈક ટોટેમ સાથે પોતાની આદિમજાતિને અલૌકિક સંબંધ છે એમ તેઓ માને છે તેમજ એ માન્યતાની આસપાસ અનેક માન્યતાઓ અને વહેમોને તેઓ વણી લે છે. અંધશ્રદ્ધાને તેઓ પોષે છે. શામન, બડવો કે ભગત જેવી ચમત્કારિક વ્યક્તિમત્તા ધરાવતી વ્યક્તિનું તેઓ પર સવિશેષ પ્રાધાન્ય જોવા મળે છે.

**(9) વિશિષ્ટ નૈતિક નિયમાવલિ :**

- દરેક આદિમજાતિને પોતાની વિશિષ્ટ નૈતિક નિયમાવલિ હોય છે. એ નીતિમત્તાને તેઓ કદી છોડતાં નથી. દરેકે તેનું ચુસ્તપણે પાલન કરવું પડે છે. સમૂહજીવનમાં નીતિમત્તાને તેઓ સૌથી વિશેષ પ્રાધાન્ય આપે છે.

**(10) સામાજિક-ધાર્મિક નિષેધાવસ્થા :**

- અનુસૂચિત જનજાતિઓમાં સામાજિક ક્ષેત્રે તેમજ ધાર્મિક ક્ષેત્રે અનેક નિષેધો (Taboos) નું પાલન કરવાનું હોય છે. સામાજિક સંબંધોમાં, 'પરિહારના સંબંધો' તેઓની સામાજિક નિષેધાવસ્થાનું દર્શન કરાવે છે. જ્યારે ધાર્મિક વિધિઓ અને ક્રિયાઓમાં પણ 'પવિત્રતાનો ખ્યાલ' તેઓમાં સુસ્પષ્ટ હોય છે. શામન માટે, સ્ત્રીઓ માટે અનેક નિષેધો પાળવાના હોય છે. આવા નિષેધો વ્યક્તિની વર્તણૂંકને નિયંત્રિત કરે છે.

**(11) ગૂઢ શક્તિઓનું પ્રાધાન્ય :**

- આદિમજાતિના લોકો વિવિધ પ્રકારોની ગૂઢ શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે. ટેકરીની ગૂઢ શક્તિઓ, જંગલની ગૂઢ શક્તિઓ, પૂર્વજોની ગૂઢ શક્તિઓ, મૃત-વીરોની ગૂઢ શક્તિઓ, ગામની ગૂઢ શક્તિઓ તેમજ ભૂત, ચુડેલ, ડાકણ જેવી અનિષ્ટકર ગૂઢ શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે.

**(12) મૃત્યુ પછીના જીવનમાં શ્રદ્ધા :**

- અનુસૂચિત જનજાતિના સભ્યો મૃત્યુ પછીના જીવનમાં શ્રદ્ધા ધરાવે છે. પૂર્વજ-પૂજા અને પ્રકૃતિ-પૂજા, શરીરમાંથી મુક્ત થઈને આત્માનું અસ્તિત્વ ટકી રહે છે એ ફિલસૂફીમાંથી ઉદ્‌ભવેલી જોવા મળે છે. મૃત્યુ પામેલી વ્યક્તિઓને ખુશ કરવા 'સમૂહ શ્રાદ્ધ' પણ ઉજવવામાં આવે છે તેમજ મૃત્યુ પામેલી વ્યક્તિની સાથે તેને વાપરવા માટે વસ્તુઓ મૂકવામાં આવે છે. આ સર્વ રિવાજો તેઓની મૃત્યુ પછીના જીવનની શ્રદ્ધા પ્રગટ કરે છે.

**(13) ગોત્રચિહ્ન (Totem), નિષેધ (Taboo) અને છૂંદણા (Tattoo) નું મહત્ત્વ :**

- ભારતની અનેક અનુસૂચિત જનજાતિઓ ગોત્રચિહ્નમાં શ્રદ્ધા ધરાવે છે. ગોત્રચિહ્નમાં આસપાસ વણાયેલી વર્તન પ્રણાલીમાંથી ગોત્રચિહ્નમાં આસપાસ વણાયેલી વર્તન પ્રણાલીમાંથી ગોત્રચિહ્નવાદ (Totemism) ઉદ્‌ભવે છે. તે જ રીતે નિષેધોનું પ્રાધાન્ય તેઓમાં સવિશેષ પ્રાપ્ત થાય છે. તેમજ છૂંદણા છુંદાવવાનો રિવાજ લગભગ ઘણીખરી આદિમજાતિઓમાં જોવા મળે છે.

  આમ 'ટોટેમ', 'ટેબૂ' અને 'ટેટૂ' - એ ત્રણેનું અસ્તિત્વ લગભગ બધી જ આદિમજાતિઓમાં પ્રાપ્ત થાય છે.

**(14) ઓછાં વસ્ત્રો :**

- જે આદિવાસીઓ જંગલના ઊંડાણવાળા વિસ્તારોમાં રહે છે, તેઓ હજી પણ ઓછાં વસ્ત્રો પહેરે છે.

**(15) કેફી પીણાંનો ઉપયોગ :**

- આદિમજાતિના લોકો ને કોઈ કેફી પદાર્થ કે પીણાંનું સેવન કરતાં હોય છે. અફીણ અને ગાંજા, મહુડાં અને તાડીનો કેફ ચડાવવામાં ઉપયોગ કરે છે. સામાજિક-ધાર્મિક પ્રસંગોએ દારૂનો તેઓ વિપુલ પ્રમાણમાં પીણાં તરીકે ઉપયોગ કરે છે.

**(16) શિક્ષણનું ઓછું પ્રમાણ :**

- શહેરી સમાજની તુલનામાં અનુસૂચિત જનજાતિમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. ખાસ કરીને જ્યાં શાળા કે કૉલેજ ઉપલબ્ધ નથી એવા અંતરિયાળ વિસ્તારોમાં.

**(17) સમૂહનૃત્ય, સમૂહ ગીતોનું અસ્તિત્વ :**

- અનુસૂચિત જનજાતિઓનાં વિશિષ્ટ સમૂહ નૃત્યો હોય છે. પ્રદેશે પ્રદેશે તેમાં વિભિન્નતા દૃષ્ટિગોચર થાય છે. સમૂહનૃત્યો સમયે ખાસ પ્રકારનાં વાજિંત્રો અને સંગીત વગાડવામાં આવે છે. સમૂહ ગીતોનું ત્યાં વિશેષ પ્રાધાન્ય હોય છે. આખ્યાનો, દંતકથાઓ, ભજનો વગેરે તેઓ સામૂહિક રીતે ગાતાં હોય છે.

**(18) મેળાઓ અને ઉત્સવોની મહત્તા :**

- આ સમૂહ જીવનમાં મેળાઓ અને ઉત્સવો દ્વારા તેઓ ઉલ્લાસ, આનંદ અને ઉત્સાહની અભિવ્યક્તિ કરે છે. વિવિધ ઋતુઓ સમયે ઊજવાતા ઉત્સવો, તહેવારો અને મેળાઓ તેમને ઉત્સાહસભર બનાવે છે.

**(19) જૂથ-એકતા અને જૂથ-સભાનતા :**

- અનુસૂચિત જનજાતિઓમાં જૂથ એકતા (Group Solidarity)નું સવિશેષ પ્રમાણ જોવા મળે છે. સમગ્ર સમૂહ એક તાંતણે બંધાયેલ હોય તેવી એકતાનું દર્શન થાય છે. તેવી જ રીતે તેઓમાં જૂથ સભાનતા (Group Consciousness) નું પ્રમાણ હવે વિકસતું જાય છે. તેઓ રાજકીય અધિકારો મેળવવાનો સજાગ પ્રયત્ન કરે છે. કેટલીક આદિમજાતિઓમાં બળવો પણ સંભવ્યો છે. એટલે કે પોતાની સંગઠનશક્તિ અને સંઘબળ વિકસાવીને તેઓ સ્વાયત્ત થવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. સામાજિક, ધાર્મિક અને રાજકીય આંદોલનોનું અસ્તિત્વ તેઓમાં જોવા મળે છે.

  વિદ્યાર્થીમિત્રો, અહીં એ પણ સમજવું જરૂરી છે કે ભારતની આદિમજાતિઓ વિશે ઉપર દર્શાવેલાં લક્ષણો તેઓની સમગ્ર વ્યવસ્થા અને જીવનપદ્ધતિનો સુસ્પષ્ટ ખ્યાલ પ્રસ્તુત કરે છે. દરેક આદિમજાતિમાં આ સર્વ લક્ષણો હોવાં જ જોઈએ, એવું અનિવાર્ય નથી. આ સર્વ લક્ષણોનો એક સાથે સમાવેશ કરતી આદિમજાતિઓ પણ પ્રમાણમાં ઓછી છે.

**9.6.4 અનુસૂચિત જનજાતિની સામાજિક સમસ્યાઓ**

- અનુસૂચિત જનજાતિની સામાજિક સમસ્યાઓ નીચે મુજબ જોવા મળે છે :

**(1) અનુકૂલનની સમસ્યા :**

- આ જાતિના લોકો ભટકતું જીવન પસાર કરે છે, તેમનું જીવન સ્થાયી ન હોવાથી તેમના માટે અનુકૂલનની સમસ્યા ઊભી થાય છે. આ જાતિના લોકો સભ્ય સમાજથી દૂર પહાડી વિસ્તારોમાં રહેતાં હોવાથી તેઓ સભ્ય સમાજ સાથે અનુકૂલન સાધી શકતાં નથી. સમાજમાં ઓછા સંપર્કમાં રહે છે.

**(2) શોષણ :**

- આ જાતિમાં ખાસ કરીને આદિવાસી સમાજનો સમાવેશ થાય છે. આ જાતિના લોકોનું બહારના સમૂહો દ્વારા વ્યાપક પ્રમાણમાં શોષણ થઈ રહ્યું છે. શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાથી તેનો ગેરલાભ ઉઠાવીને કારખાનેદારો, ખેતરોના માલિકો, કોન્ટ્રાક્ટરો વગેરે લોકોનું શોષણ કરે છે. કામના પ્રમાણમાં પૂરતા પ્રમાણમાં રોજી મળતી નથી. વધુ કામ કરાવે છે.

**(3) ભાષાની સમસ્યા :**

- આ લોકોની ભાષા-બોલી તેમની પોતાની આગવી વિશિષ્ટ ઓળખ ધરાવે છે. તે અન્ય લોકોની ભાષાની બાબતમાં જુદાં પડે છે. અન્ય લોકોના સંપર્કમાં આવવાથી મૂળ ભાષાની ઓળખ જાળવી રાખવાની સ્થિતિ ન હોવાથી ભાષાકીય સમસ્યા ઊભી થવા પામી છે.

**(4) માનસિક શક્તિનો ઓછો આંક :**

- આ જાતિના લોકોની માનસિક શક્તિનો આંક ઓછો જોવા મળે છે. અન્ય લોકોના સંપર્કમાં ઓછા આવવાથી, નવું શીખવાની જાણવાની શક્યતા ઓછી રહે છે. ટી.વી.નો ઓછો ઉપયોગ વગેરેને કારણે તેની માનસિક શક્તિનો આંક ઓછો જોવા મળે છે, જેથી કરીને સામાજિક સમસ્યા ઊભી થાય છે.

**(5) રૂઢિચુસ્ત માનસ :**

- આ લોકોની જાતિનું રૂઢિચુસ્ત માનસ જોવા મળે છે. ખાસ કોઈ પરિવર્તન જોવા મળતું નથી. અંધશ્રદ્ધા અને વહેમ વચ્ચે પોતાનું જીવન પસાર કરે છે. શિક્ષણમાં ઓછો રસ લે છે.

**(6) સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ :**

- તેઓ હજી કેટલીક રૂઢિચુસ્ત માન્યતાઓ છોડી શકતા નથી. ઓછા વસ્ત્રો પહેરવાને લીધે તેમના શરીર પર ચામડીના રોગો જણાય છે. દારૂના વ્યસનમાં રહેવાથી તેમના આરોગ્ય પર ગંભીર અસરો પડી છે. આર્થિક પરિસ્થિતિ નબળી, પોષણયુક્ત ખોરાકનો અભાવ વગેરેને કારણે સ્વાસ્થ્ય પર વિપરીત અસરો પડી છે.

**(7) ભટકતું જીવન :**

- આ જાતિના લોકોનું જીવન ભટકતું જોવા મળે છે. રોજીરોટી માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે. સ્થાયી ન હોવાથી સામાજિક સમસ્યા ઊભી થતી જોવા મળે છે.

**(8) સંસ્કૃતિની સમસ્યા :**

- અન્ય લોકોના સંપર્કમાં આવવાથી પોતાની મૂળ સંસ્કૃતિ પર અસર થઈ છે. એકબાજુ હિંદુ ધર્મ, બીજી બાજુ ખ્રિસ્તી ધર્મ વગેરેના પ્રભાવને લીધે તેની સામાજિક સાંસ્કૃતિક ઉપર અસર થઈ છે.

### 9.6.5 અનુસૂચિત જનજાતિની શૈક્ષણિક સમસ્યાઓ

અનુસૂચિત જન જાતિની શૈક્ષણિક સમસ્યાઓ નીચે મુજબ જોવા મળે છે.

**(1) ભટકતું જીવન :**

- આ જાતિના લોકોનું ભટકતું જીવન છે. તેમનું જીવન સ્થાયી ન હોવાથી તેમના બાળકોની નોંધણી કરવાનું કાર્ય મુશ્કેલરૂપ બની જાય છે, તેથી શિક્ષણ આપવાની સમસ્યા ઊભી થાય છે.

**(2) પૂરતી સગવડતાનો અભાવ :**

- આ જાતિના વર્ગના બાળકો માટે શિક્ષણની પૂરતી સગવડતાનો અભાવ જોવા મળે છે. આ જાતિના લોૉક મોટા ભાગે જંગલ વિસ્તારમાં વધુ પ્રમાણમાં રહે છે. પર્વતીય વિસ્તારમાં શાળાકીય ભૌતિક સગવડો આપવાનું શક્ય બનતું નથી.

**(3) શિક્ષકની સમસ્યા :**

- પૂરતી સગવડતાના અભાવને કારણે તેમજ જંગલ અને પહાડી વિસ્તારમાં જવા માટે શિક્ષક તરીકે જવા તૈયાર થતાં નથી. શિક્ષણની સમસ્યાને લીધે શૈક્ષણિક સમસ્યાઓ ઊભી થાય છે.

**(4) પાઠ્યપુસ્તકોની સમસ્યા :**

- આદિવાસી લોકો ભટકતું જીવન ગાળતા હોવાથી જંગલ વિસ્તારમાં વધુ રહે છે. આ જાતિના બાળકોની બોલી-ભાષા વિસ્તારે વિસ્તારે અલગ જોવા મળે છે. તેમના માટે ખાસ પ્રકારના પાઠ્યપુસ્તકો તૈયાર કરવા પડે, તેની સાથે સાથે આ જાતિના લોકોની ભાષા પ્રમાણે શિક્ષકો તૈયાર કરવા પડે. આ કાર્ય કરવાનું મુશ્કેલરૂપ હોવાથી શૈક્ષણિક સમસ્યા ઊભી થાય છે.

**(5) શિક્ષણમાં ઓછો રસ :**

- આ જાતિના લોકોમાં ભટકતું જીવન પસાર કરતાં હોવાથી શિક્ષણમાં ઓછો રસ લે છે. શિક્ષણ માટે વાલીઓ અભણ હોવાથી જાગૃતિ આવતી નથી. આથી શિક્ષણ માટે ખાસ કોઈ પ્રયાસ કરતા નથી.

**(6) પ્રવેશની સમસ્યા :**

- આ જાતિના લોકો સ્થાયી ન હોવાથી ભટકતું જીવન, પહાડી વિસ્તાર જુદી જુદી જગ્યાએ રહેઠાણ વગેરેને કારણે શાળામાં પ્રવેશ આપવાનો પ્રશ્ન ઊભો થાય છે. શાળા અને ઘર વચ્ચે વધુ અંતર જોવા મળે છે.

### 9.6.6 અનુસૂચિત જનજાતિની આર્થિક સમસ્યાઓ

- અનુસૂચિત જનજાતિની આર્થિક સમસ્યાઓ નીચે મુજબ છે.

**(1) રહેઠાણની સમસ્યા :**

- આર્થિક નબળી પરિસ્થિતિને કારણે ભટકતું જીવન ગુજારે છે. એક જગ્યાએથી બીજી જગ્યાઓ જાય છે. સ્થાયી રહેઠાણ નથી. બાળકોનું શિક્ષણ કઈ જગ્યાએ લેવુ, કઈ શાળામાં પ્રવેશ મેળવવો, જંગલની પેદાશ પર પ્રતિબંધ આવતા આવક ઘટી છે.

**(2) ભટકતું જીવન :**

- જંગલો છીનવાઈ જતાં તેઓ ખાણોમાં, શહેરનાં બાંધકામોમાં, રોડ કામમાં, ખેત મજૂરીમાં વગેરેને કારણે વારંવાર સ્થળાંતર કરે છે. આ સંદર્ભે તેઓ આર્થિક શોષણનો ભોગ બને છે અને તેઓ આખી જિંદગી દેવાદાર બની રહે છે.

**(3) ગરીબી :**

- આ જાતિના લોકોને અમુક જ ઋતુમાં કામ મળે છે. અન્ય ઋતુમાં કામ મળતું નથી. રોજી રોટીનો પ્રશ્ન ઊભો થાય છે. પૂરતા સમય માટે કામ ન મળતું હોવાથી ગરીબીમાં વધારો થાય છે.

**(4) રોજી રોટીનો પ્રશ્ન :**

- આ જાતિના લોકોને રોજી રોટી મેળવવા માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું પડે છે. કોઈ સ્થાયી જીવન નથી. શિક્ષણનો પ્રશ્ન ઊભો થાય છે.

**(5) ભૂમિ વ્યવસાયની સમસ્યા :**

- જીવન સ્થાયી ન હોવાથી, પોતાના અધિકારવાળી જમીન ન હોવાથી કાયદા કાનૂનોને કારણે પોતાની જમીન તેઓ કરી શકતા નથી. નવા કાયદાઓને લીધે તેઓ સ્થાયી ખેતીની વ્યવસ્થા કરી શક્તા નથી.

**(6) શોષણ :**

- આ જાતિના લોકોનું શોષણ થતું હોવાથી આર્થિક રીતે નબળાં પડી ગયેલ છે. પૂરતી રોજી મળતી નથી. વધુ કામ કરાવીને, ઓછી રોજી આપવામાં આવે છે.

**(7) જંગલ સંબંધિત સમસ્યા :**

- અનુસૂચિત જનજાતિ માટે પહેસાના જેવા જંગલો પર તેમનો અધિકાર રહ્યો નથી. પહેલાં કોઈપણ પ્રતિબંબ વિના તેઓ જંગલ પેદાશ મેળવી શકતા હતા. હવે વિવિધ પ્રકારના પ્રતિબંધોને કારણે તેઓ જંગલોની ઉપજ મેળવી શકતાં નથી. તેઓ જંગલની ઉપજો મેળવવા માટે અધિકારો, ઠેકેદારો કે જમીનના માલિકોના શોષણનો ભોગ બને છે.

**9.6.7 અનુસૂચિત જનજાતિની સમસ્યા ઉકેલવાના ઉપાયો**

- અનુસૂચિત જનજાતિની સમસ્યાઓ ઉકેલવાના ઉપાયો નીચે મુજબ છે.

**(1) નિવાસી આશ્રમ શાળાઓનો પ્રારંભ :**

- આ જાતિના લોકોના બાળકો માટે આ વિસ્તારોમાં નિવાસી આશ્રમ શાળાઓ શરૂ કરવી. આ શાળામાં સંપૂર્ણ વ્યવસ્થા કરવી. શિક્ષણની વ્યવસ્થા, રહેવાની વ્યવસ્થા, જમવાની વ્યવસ્થા વગેરે વિના મૂલ્યે થાય તેવી વ્યવસ્થા ગોઠવવી, જેથી બાળકો ત્યાં સ્થાયી રહીને શિક્ષણ મેળવી શકે.

**(2) આદિવાસી શિક્ષકોની નિમણૂંક કરવી :**

- જે વિસ્તારમાં નિવાસી શાળાઓ તેમજ અન્ય શાળામાં, આજ વિસ્તારના આદિવાસી શિક્ષકોની નિમણૂંક કરવી જેથી તેઓ તેમના સમાજને સમજાવીને શિક્ષણ મેળવવા માટે શાળામાં પ્રવેશ બાળકોને અપાવી શકે.

**(3) શોષણમાંથી મુક્તિ :**

- આ લોકોને સામાજિક અને આર્થિક શોષણમાંથી મુક્ત કરાવવા માટે સરકારે અને એન.જી.ઓ.ના સંયુક્ત પ્રયાસો કરવાં જોઈએ, તેમજ આર્થિક શોષણ થતું હોય તો તેમાંથી મુક્ત કરવાં જોઈએ. આ લોકો દેવાદાર હોય છે. તેઓ તેમના દેવામાંથી મુક્તિ મેળવી શકે તે માટે સરકાર અને સમાજ સેવા સંસ્થાઓએ આગળ આવવું જોઈએ.

**(4) મજૂર કલ્યાણ પ્રવૃત્તિઓ :**

- આદિવાસીઓ મજૂરી સાથે વિશેષ સંકળાયેલાં છે, તેઓનું શોષણ ન થાય અને કલ્યાણ થાય તે માટેની પ્રવૃત્તિઓ શરૂ કરવી જોઈએ.

**(5) આરોગ્ય કલ્યાણ યોજના :**

- આ વિસ્તારમાં આરોગ્યને લગતી સેવાઓ મળી તે માટે આરોગ્ય કેન્દ્ર શરૂ કરવાં જોઈએ. ઓછા દરે આરોગ્યને લગતી સેવા મળે તેવી વ્યવસ્થા કરવી.

**(6) સંસ્કૃતિ બચાવો અભિયાન :**

- આદિવાસીઓ પોતાની સંસ્કૃતિ બચાવી શકે, તે માટે આદિવાસી મંડળ ઊભું કરવું, આ મંડળ દ્વારા સંસ્કૃતિ બચાવ માટે શિક્ષણ આપવું જોઈએ.

**(7) અનુકૂલન મેળવવાના પ્રયત્નો :**

- આદિવાસીઓ બીજા સાથે અનુકૂલન સાધી શકે તેવા પ્રકારના કાર્યક્રમો ગોઠવવા જોઈએ. તેઓ વધુમાં વધુ સ્થાયી થાય તે માટેના પ્રયત્નો હાથ ધરવાં જોઈએ.

**(8) કાનૂની શિક્ષણની વ્યવસ્થા :**

- આદિવાસીઓને વિવિધ પ્રકારનું કાનૂની શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

**(9) વહેમ અને અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ :**

- આદિવાસીઓમાં કેટલાંક વહેમ અને અંધશ્રદ્ધા જોવા મળે છે. આ લોકોમાંથી વહેમ અને અંધશ્રદ્ધા દૂર થાય તે માટેના કાર્યક્રમો હાથ ધરવાં.

**(10) સ્થાયી જીવન માટેની વ્યવસ્થા :**

- આદિવાસી લોકો સ્થાની જીવન જીવે તેવી વ્યવસ્થા કરવી. રોજી રોટી સ્થાનિક મળી રહે તે માટે નવા ધંધાઓ આ વિસ્તારાં શરૂ થાય તેવી વ્યવસ્થા કરવી. તેઓને જમીન મળે અને તેના પર ખેતી કરે તેવી વ્યવસ્થા પણ કરવી જોઈએ. રોજીરોટી કાયમી ધોરણે મળે તેવું લાંબાગાળાનું આયોજન વિચારવું જોઈએ.

**(11) શિક્ષકોને તાલીમ આપવા :**

- આદિવાસી વિસ્તારમાં નોકરીમાં જોડાતાં શિક્ષકોને આદિવાસીઓના સંદર્ભે તેમની બોલી, ભાષા, સંસ્કૃતિ, સભ્યતા વગેરે બાબતો ધ્યાનમાં રાખી તાલીમ આપવી જોઈએ. તાલીમ મળવાથી તેઓ સારી રીતે કાર્ય કરી શકે.

**(12) શિષ્યવૃત્તિઓ :**

- આદિવાસીના બાળકો વધુ પ્રમાણમાં શિક્ષણ મેળવે તે માટે શિષ્યવૃત્તિઓની વ્યવસ્થા કરવી.

**(13) નોકરીમાં અનામત પ્રથા દાખલ કરવી :**

- આદિવાસીના બાળકો માટે નોકરીમાં અનામત પ્રથા દાખલ કરવી જોઈએ. તરત જ નોકરી મળવાને કારણે શિક્ષણમાં રસ લેતાં થાય.

**(14) શિક્ષકોને વિશેષ લાભ :**

- આદિવાસી વિસ્તારમાં જે શિક્ષકો નોકરી માટે તૈયાર થાય તે માટે વિશેષ લાભ આપવા જોઈએ.

**(15) વ્યાવસાયિક શિક્ષણ :**

- આદિવાસી વિસ્તારના બાળકોને વ્યાવસાયિક શિક્ષણ આપી વ્યવસાયો તરફ વળે તેવું શિક્ષણ આપવું જોઈએ.
- આ ઉપરાંત તેજસ્વી બાળકો હોય તેની ખોજ કરીને ઉચ્ચ શિક્ષણ મેળવે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. ઉચ્ચ શિક્ષણ મેળવીને તેના વિસ્તારમાં, તેના સમાજની સારી સેવા કરી શકે તેવું આયોજન વિચારવું જોઈએ.
- કેટલીકવાર આ જાતિના બાળકો શિક્ષણથી વંચિત રહે તો વધારાના રાત્રિ વર્ગો શરૂ કરી શિક્ષણ આપવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.
- રિસેષમાં નાસ્તાની વ્યવસ્થા પણ ગોઠવી શકાય.
- અનુકૂળ ભાષામાં પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવે તો પણ વધુ અનુકૂળતા પ્રાપ્ત થાય.
- રૂઢિચુસ્ત માન્યતાઓ જોવા મળે છે. તે દૂર થાય તે માટે પ્રયત્નો કરવા જોઈએ. તેઓને વાલી મિટિંગ કરીને શિક્ષણ આપવામાં આવે તો સુધારો થઈ શકે.
- આ વિસ્તારની છોકરીઓ શિક્ષણ વધુ પ્રમાણમાં લેતી થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ, તેમજ ફરતી શાળાઓ પણ થરૂ કરી શકાય.

**9.6.8 અનુસૂચિત જનજાતિની સાંસ્કૃતિક વિવિધતા**

વિદ્યાર્થી મિત્રો, અનુસૂચિત જનજાતિની લગ્નવ્યવસ્થા, સગાઈ-સંબંધ, મિલકત વ્યવસ્થા, ધર્મસંસ્થા, જાદુ, ન્યાયતંત્ર, કલા અને સંગીત, દંતકથાઓ વગેરે તેમના સામાજિક અને સાંસ્કૃતિક જીવન સાથે દર્શાવે છે. અહીં ભારતના અનુસૂચિત જનજાતિ સમૂહની થોડીક સાંસ્કૃતિક વિવિધતાને જોઈએ.

ભારતીય આદિમસમૂહ પ્રકૃત્તિ ગોત્રચિહ્ન, જાદુ, નૃત્ય, લોકસંગીત, કલા વગેરેમાં માને છે. પ્રકૃત્તિનાં વિભિન્ન તત્ત્વો જેવા કે સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ તેમજ વનસ્પતિનો તેમનાં સાંસ્કૃતિક જીવન સાથે ગાઢ સંબંધ છે. પ્રકૃતિ પૂજા એમના જીવનનો અભિન્ન ભાગ છે. આદિવાસીઓમાં ગોત્ર ચિહ્નવાદ-ટોટેમવાદ છે. આ એક સામૂહિક ચેતનાનું પ્રતીક છે, જેમાં જે-તે ગોત્રના સભ્યો કોઈ ગૂઢ અલૌકિક અને પવિત્ર સંબંધ રાખે છે. ટોટેમ પ્રત્યે સમૂહના સભ્યો આદર, શ્રદ્ધા-ભક્તિ ઉપરાંત ભયની લાગણી ધરાવે છે. આદિમજાતિ સમાજમાં ધર્મ અને જાદુ સાંસ્કૃતિક જીવનનાં અભિન્ન પાસાં છે, તેઓ આ વિશે જ્ઞાન ધરાવે છે.

જાદુમાં તેઓ મંત્ર અને તંત્રનો ઉપયોગ કરે છે. સફેદ જાદુ જે રક્ષણાત્મક અને કલ્યાણકારી છે, જ્યારે કાળો જાદુ તાંત્રિક વિદ્યા અને ભૂતપ્રેત સાથે સંકળાયેલ છે, તેઓ માને છે કે જાદુ દ્વારા અલૌકિક શક્તિ ઉપર આધિપત્ય જમાવી શકાય છે.

કલા

આદિવાસીઓ વર્ષોથી કલા અને સૌંદર્ય સાથે સંકળાયેલ છે, તેમની કલામાં સૌંદર્ય અને સંવેગની સાથે સામાજિક તત્વ પણ સંકળાયેલ છે, તેમના વિચારો, મૂલ્યો, ધર્મ, પરંપરા, સામાજિક અને ભૌગોલિક પરિસ્થિતિ સાથે એની ઉપયોગિતા સંકળાયેલ છે. દા.ત., કલાત્મક કાંસકી, વાંસની ટોપલીઓ.

કલાની અભિવ્યક્તિની શૈલી એમનાં સંગીત, તાલ અને સૂરમાં પણ અભિવ્યક્ત થાય છે.

ડૉ.વેરિયર એલ્વિન જણાવે છે તે મુજબ ભારતીય આદિમજાતિની કળામાં યથાર્થવાદ અને પ્રતીકવાદ બંનેનો સમાવેશ થાય છે, તેઓ મૂર્તિકળા અને ચિત્રકળા બંનેનો સમાવેશ કરે છે, તેમની દીવાલો, ઓજારો ઉપરાંત આભૂષણોમાં એ વ્યક્ત થાય છે. આદિવાસીઓ તહેવારો, ઉત્સવો અને લગ્નપ્રસંગે ઘરની દીવાલો સુશોભિત કરે છે. ભીંત ચિત્રોમાં એ વ્યક્ત થાય છે. દા.ત., ગુજરાતના રાઠવાનું પીઠોરા. એ જ રીતે મૂરિયા લોકો હાથી, ઘોડા અને માનવની મૂર્તિઓ દેવને અર્પણ કરે છે.

સાંથાલ લગ્ન વખતે ડોલીને સુંદર રીતે શણગારે છે. ભારતના આદિવાસીઓમાં સંગીત અને નૃત્યમાં તાલ, સૂર અને વાદ્યતંત્રનો ત્રિવેણી સંગમ જોવા મળે છે, એમનાં વાંજિત્રો ઈલેક્ટ્રોનિક્સ નથી હોતાં; પરંતુ ફૂંક મારવી, હવા ભરવી, થાપ આપવી વગેરેથી વાગે છે. સારંગી, વાંસળી, તૂર, તંબૂર, બીન, ઢોલ, ઘંટ, મૃદંગ વગેરે એમાં સમાવિષ્ટ છે.

લગ્ન, ધાર્મિક પ્રસંગ, તહેવાર, ઉત્સવ વગેરેમાં તેઓ નૃત્ય કરે છે. ઘણીવાર રાજા, શિકારી પશુનાં મ્હોરાં પણ પહેરે છે, તેઓ સમૂહનૃત્ય પણ કરે છે. લોકગીતો દ્વારા સામૂહિક જીવનની એકતા દર્શાવે છે, તેઓની ભાષા, શૈલી, લોકકથા પણ એમાં વણાયેલાં હોય છે.

◆ **સાંસ્કૃતિક વૈવિધ્ય :**

(1) પ્રકૃતિપૂજા-સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરે

(2) ગોત્ર વિઘ્નવાદ-ટોટેમવાદ-સામૂહિક ચેતનાનું પ્રતીક

(3) જાદુ સાંસ્કૃતિક જીવનના પાસાં-મંત્ર અને તંત્રનો ઉપયોગ જાદુ દ્વારા અલૌકિક શક્તિ ઉપર આધિપત્ય જમાવી શકાય, સફેદ જાદુ દ્વારા એ રક્ષણાત્મક અને કલ્યાણકારી છે. અને કાળો જાદુ તાંત્રિક વિદ્યા ભૂતપ્રેત સાથે સંકળાયેલ છે.

(4) નૃત્ય :

તેઓ લગ્ન ધાર્મિક પ્રસંગ, તહેવાર, ઉત્સવ વગેરેમાં નૃત્ય કરે છે. આનંદનો અનુભવ કરે છે.

(5) લોક સંગીત :

લોક સંગીત એ શોખનો વિષય છે. સમૂહમાં લોક સંગીત કરે છે. લગ્ન પ્રસંગે, તહેવાર, ઉત્સવ, ધાર્મિક પ્રસંગ વગેરેમાં લોક સંગીત દ્વારા આનંદ મેળવે છે.

(6) કલા :

કલાઓને સૌંદર્ય સાથે સંકળાયેલ છે, તેમની કલામાં સૌંદર્ય અને સંવેગની સાથે સામાજિક તત્વ થવા સંકળાયેલ છે. તેમના વિચારો, મૂલ્યો, ધર્મ, પરંપરા સામાજિક અને ભૌગોલિક પરિસ્થિતિ સાથે તેની ઉપયોગિતા સંકળાયેલ છે.

દા.ત. કલાત્મક કાંસકી, વાંસની ટોપલીઓ વગેરે.

(7) તહેવારની ઉજવણી :

તેઓ તહેવારની ઉજવણી લોક સંગીત, નૃત્ય સાથે કરે છે ? તહેવારની ઉજવણી નૃત્ય સાથે ફરી આનંદ મેળવે છે.

(8) લોકગીત :

લોકગીત દ્વારા સમૂહ જીવનની એકતા દર્શાવે છે તહેવારો માં લોકગીત દ્વારા આનંદ મેળવે છે.

**9.6.9 ભારતની આદિમજાતિનું વર્ગીકરણ**

ભારતની આદિમજાતિઓનું વર્ગીકરણ છ રીતે કરી શકાય :

**(1) ભૌગોલિક રહેઠાણની દૃષ્ટિએ :**

નીચેના ત્રણ ભૌગોલિક વિસ્તારોમાં આદિવાસીઓની વસ્તી પથરાયેલી જોવા મળે છે :

- **ઉત્તર - ઉત્તરપૂર્વ વિસ્તાર :** આમાં લદાખ (જમ્મુ અને કાશ્મીર), હિમાચલ પ્રદેશ, ઉત્તરનો ઉત્તર પ્રદેશ, સિક્કિમ તથા ઉત્તરપૂર્વ વિસ્તાર (જેમાં અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, મણિપુર અને ત્રિપુરા, આ સાત રાજ્યો)નો સમાવેશ થાય છે.
- **મધ્યવર્તી કે કેન્દ્રનો વિસ્તાર :** આમાં પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, બિહાર, દક્ષિણ ઉત્તર પ્રદેશ, દક્ષિણ રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે.

- **દક્ષિણ વિસ્તાર :** આમાં આંધ્રપ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક, કેરળ અને આંદામાન તથા નિકોબારના બે કેન્દ્રશાસિત વિસ્તારો અને લક્ષદ્વિપનો સમાવેશ થાય છે.

  મધ્યવર્તી વિસ્તારોમાં સૌથી વધુ આદિવાસી વસ્તી વસે છે અને અહીં વસેલા આદીવાસીઓ અન્ય વિસ્તાર કરતાં વધુ જાણીતા બન્યાં છે.

**(2) વસ્તી પ્રમાણની દૃષ્ટિએ :**

ડૉ. બ્રિજરાજ ચૌહાણ આદિમજાતિઓનાં વસ્તી પ્રમાણના બે ભાગ પાડે છે :

- ખૂબ જ ઓછી વસ્તીવાળા પ્રદેશો અને રાજ્યો
- ખૂબ જ મોટા પ્રમાણમાં વસ્તીવાળા પ્રદેશો અને રાજ્યો

**(3) સાંસ્કૃતિક દૃષ્ટિએ :**

ડૉ.વેરિયર એલ્વિન અને પ્રોફેસર દાસ તથા સામાજિક કાર્યકર પરિષદે સાંસ્કૃતિક દૃષ્ટિએ વર્ગીકરણ કર્યું છે. ડૉ.વેરિયર એલ્વિને સાંસ્કૃતિક દૃષ્ટિએ ચાર વિભાગ દર્શાવ્યા છે :

**પ્રથમ વિભાગ :** જેમાં સહિયારી જમીનવાળા લોકોનો સમાવેશ થાય છે. તેઓ ખૂબ પછાત જીવન જીવે છે. અજાણ્યા લોકોના સંપર્કમાં આવતાં ડરે છે. દા.ત., બસ્તરના મુરિયા, ઓરિસ્સાના બોંદો અને જુઆંગ.

**બીજો વિભાગ :** જેઓ જંગલો અને ડુંગરોમાં રહે છે, સમૂહ જીવન જીવે છે. બહારના લોકો સાથે સંપર્ક ઓછો છે.

**ત્રીજો વિભાગ :** આ વિભાગના લોકોની સંખ્યા વિશેષ છે. પોતાની સંસ્કૃતિમાં હવે બદલાવ લાવી રહ્યાં છે. તેમાંના કેટલાંક પરંપરાગત સંસ્કૃતિને ત્યજી તેઓ વિચલિત વર્તન તરફ પણ વળ્યાં છે.

**ચોથો વિભાગ :** આ વિભાગમાં ભીલ, સરદારો, મુરિયા જેવા જમીનદારોનો સમાવેશ થાય છે. તેઓ આર્થિક રીતે સદ્ધર અને સમૃદ્ધ છે.

**(4) આર્થિક દૃષ્ટિએ :**

કેટલાંક માનવશાસ્ત્રીઓએ આદિમજાતિઓનું વર્ગીકરણ આર્થિક રીતે કર્યું છે. જેમાં શિકાર, પશુપાલન, ખેતી, કારખાનાં, ઉદ્યોગો વગેરેના સંદર્ભમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

**(5) ભાષાકીય દૃષ્ટિએ :**

ભારતની સર્વ આદિમજાતિને ભાષાકીય દૃષ્ટિએ મહત્ત્વનાં ત્રણ ભાષા કુટુંબો સાથે વર્ગીકૃત કરવામાં આવે છે :

- **ઓસ્ટ્રિક ભાષા કુટુંબ :** પૂર્વ ભારતના આદિવાસીઓ જેમાં કોલ, મુંડા અને ખાસી આદિવાસી બોલીઓ ઓસ્ટ્રોએશિયાટીક ભાષા કુટુંબમાં સમાવેશ થાય છે.
- **દ્રાવિડિયન ભાષા કુટુંબો :** જેમાં તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમનો સમાવેશ થાય છે. આંધ્રમાં વસતા ગોંડ, દક્ષિણ ભારતના કાદર, ઈસલા, ચેચું. ટોડા વગેરે આદિમજાતિનો એમાં સમાવેશ થાય છે.
- સીનો તિબેટમ ભાષા કુટુંબો : જેમાં તિબેટ-બર્મી અને સિયામી-ચીનીનો સમાવેશ થાય છે. દાર્જિલિંગ અને હિમાલયમાં વસતી આદિજાતિઓ આ ભાષા બોલે છે.

**(6) જાતિતત્ત્વોની દૃષ્ટિએ :**

આમાં નિશ્ચિત શારીરિક લક્ષણો જેમાં માથું, નાક, ખોપરીનું ઘનત્વ, કદ, રક્તસમૂહ વગેરેને આધારે સમાવેશ થાય છે.

ભારતમાં અનેક વિદ્વાનોએ આ મુજબ વર્ગીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં આ નિશ્ચિત શારીરિક લક્ષણોમાં ત્વચા તથા આંખનો રંગ, વાળની બનાવટ, રુવાંટી, હોઠ વગેરેનો સમાવેશ થાય છે.

## 9.7 અનુસૂચિત જનજાતિ કલ્યાણ યોજનાઓ :

- ગુજરાત સરકારના આદિવાસી વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા અનુસૂચિત જનજાતિ કલ્યાણ યોજનાઓ દ્વારા તેઓનો બહુમુખી વિકાસ કરવાનો પ્રયત્ન થયો છે. આ અંગે તમે આ સંદર્ભે માહિતગાર બને તે માટે કેટલીક માહિતી યોજનાઓ અત્રે ટૂંકમાં રજૂ કરવામાં આવી છે.

**(1) શૈક્ષણિક યોજનાઓ :**

- શૈક્ષણિક યોજનાઓમાં નીચે મુજબની યોજના અમલમાં છે.
  - (1) પૂર્વ એસ. એસ. સી. થી કૉલેજ કક્ષાના અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ.
  - (2) પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગણવેશ.
  - (3) વિદ્યા સાધના સાઇકલ યોજના હેઠળ ધોરણ-8માં ભણતી કન્યાઓને સાઈકલ
  - (4) સૈન્યમાં ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કરી શકે તે માટે વિદ્યાર્થીઓ માટે સાબરકાંઠા જિલ્લામાં ખેરંચા મુકામે સૈનિક સ્કૂલની સ્થાપના.
  - (5) રાજ્યમાં આદિ જાતિના વિદ્યાર્થીઓ માટે આશ્રમ શાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ છાત્રાલયોની વર્તમાન વ્યવસ્થા ઉપરાંત છોટા ઉદેપુર અને વ્યારા ખાતે પી.ટી.સી. કૉલેજોની સ્થાપના.

**(2) સામાજિક ઉત્કર્ષની યોજનાઓ :**

- સામાજિક ઉત્કર્ષની યોજનાઓ નીચે મુજબ છે.
  - (1) છેલ્લા પાંચ વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અને સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ સ્ત્રીઓને વધુ સન્માનભેર જીવવાની તકો પૂરી પાડવી.
  - (2) આવાસ યોજનાઓ હેઠળ વર્ષ 2001 થી 2005 દરમ્યિાન 18,400 વ્યક્તિઓને આવાસ બાંધકામ માટે સલાહ.

**(3) આર્થિક વિકાસ યોજના :**

- આર્થિક વિકાસ યોજનામાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.
  - (1) આદિજાતિ લોકોને દુધાળા પશુ પૂરાં પાડવાની યોજના.
  - (2) સિંચિત ખેતીમાં ખેતીની આધુનિક પદ્ધતિઓ, વૈજ્ઞાનિક પદ્ધતિથી શોધાયેલાં બીજરોપાં અને ખેતી વિષયક ઓજારો પૂરાં પાડવાની યોજના.
  - (3) કૌશલ્ય નિર્માણ અને ક્ષમતા વર્ધન માટે આદિવાસી તાલીમાર્થીઓને આધુનિક અને વ્યાવસાયિક તાલીમ.

## 9.8 અનુસૂચિત જનજાતિઓમાં રહેલી પ્રાદેશિક વિભિન્નતાઓ :

**(1) પશ્ચિમ ભારત :**

- રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા અને દીવ, દમણ તેમજ દાદરા અને નગર હવેલી જેવાં પ્રદેશોમાં મુખ્યત્વે ભીલ આદિવાસીઓ રહે છે. આ વિભાગના આદિવાસીઓ મુખ્યત્વે ઓસ્ટ્રોલોઈડ જાતિ સમૂહની લાક્ષણિકતાઓ ધરાવે છે. આ વિભાગના ગુજરાતમાં કુલ 27 આદિવાસી સમુદાયો છે.

**(2) દક્ષિણ ભારત :**

- આ વિભાગમાં કેરળ, તમિલનાડુ, કર્ણાટક અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે. અહીં એ એંચુ, ઈરુલા, દાહાર, કોટા, ટોંગ વગેરે આદિવાસીઓ રહે છે. નેગ્રીટી, ડોકસોઈ અને પ્રોટોઓસ્ટ્રો લોઈડ જાતિના છે.

**(3) મધ્યભારત :**

- અહીં બિહાર, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળામાં ગોંડ, સાંથાલ, ભુમજી, હો, મામિયો, મુંડા, કોરવા અને અન્ય જાતિના આદિવાસીઓ છે, તેમાં મોટાભાગના પ્રોટો ઓસ્ટ્રોલોઈડ જાતિના છે.

**(4) પૂર્વ પેટા હિમાલય વિસ્તાર :**

- આ વિભાગમાં ઈશાન ભાગના પહાડી વિસ્તારનાં રાજ્યો અરુણાચલ પ્રદેશ, અસમ, મણીપુર, મેઘાલય, મિહોરમ, નાગાલેન્ડ અને ત્રિપૂરા છે. અહીં આપોટ, ગારો, ખાસી, કુડી અને મોંગોલોઈડ જાતિના આદિવાસીઓ છે.

**(5) પશ્ચિમ અને મધ્ય પેટા હિમાલય પ્રદેશ :**

- આ વિભાગમાં હિમાલય પ્રવેશ, ઉત્તર પ્રદેશ, સિક્કિમ, હરિયાણા, પંજાબ અને જમ્મુ-કશ્મીર રાજ્યોનો સમાવેશ થાય છે, તેમાં લેટકા, રાજા, થારૂ વગેરે જાતિઓ છે. આ આદિવાસીઓ મોંગોલોઈડ જાતિ સમૂહના છે.

**(6) ટાપુ વિસ્તાર :**

- આંદામાન અને નિકોબાર, લક્ષદ્વીપ ટાપુઓમાં નેગ્રીટો અને મોંગોલોઈડ જાતિના આદિવાસીઓમાં ઓંગે, સન્ટીનેલેસ, નિકોબારીઓનો સમાવેશ થાય છે.

## 9.9 અનુસૂચિત જનજાતિની સામાજિક વ્યવસ્થા

- ભારતના મોટા ભાગના આદિવાસીઓ પિતૃસત્તાક પિતૃવંશીય અને પિતૃસ્થાની કુટુંબ વ્યવસ્થા ધરાવે છે, જ્યારે અસમના ખાસી, ગારો આદિવાસી જાતિઓ માતૃ સપ્તાક, માતૃવંશીય કે માતૃસ્થાની કુટુંબ વ્યવસ્થા ધરાવે છે, તેમનામાં સામાજિક, આર્થિક અને ધાર્મિક રીતે સ્ત્રીનો દરજ્જો ઊંચો અને વચ્ચે સરવાળો છે. લગભગ બધાજ આદિવાસીઓ ગોત્ર વ્યવસ્થા ધરાવે છે. દરેક ગોત્રના જુદાં-જુદાં દેવી-દેવતાઓ અને પ્રતીકો હોય છે, તેમના આ ગોત્રો લગ્ન વ્યવસ્થા, જાતિ સંબંધો અને જાતિ સંગઠનને મજબૂત બનાવવા મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- મોટા ભાગની જાતિઓમાં એક કરતાં વધુ પત્ની કરવાનો રિવાજ હોય છે. ખાસ કરીને ભીલ, ગોંડ, બૈગા, નાણા હોડા, ગામીત વગેરેમાં ટોડા અને ટોટાઓમાં ભાતૃબહુપતિ પ્રથા જોવા મળે છે. દિયરવટુ, છૂટાછેડા, પુનઃલગ્નની પ્રથા આદિવાસીઓમાં જોવા મળે છે. કન્યા શૂલ્ક લેવાય છે. જીવનસાથી મેળવવાની રીતોમાં અપહરણ, સાટા, હઠ, સેવા વગેરે પ્રચલિત છે.
- ગોન્ડ, ધોડિયા, ભીલ, ચૌધરી, બારલી વગેરેમાં સેવાલગ્ન, ધરજમાઈ અને ખંધાડ પ્રથા જોવા મળે છે. દિયરવટુ, છૂટાછેડા, પુનઃલગ્નની પ્રથા આદિવાસીઓમાં જોવા મળે છે. કન્યા શૂલ્ક લેવાય છે. જીવન સાથી મેળવવાની રીતોમાં અપહરણ, સાટા હઠ, સેવા વગેરે પ્રચલિત છે. ગોન્ડ, ધોડિયા, ભીલ ચૌધરી, બારલી વગેરેમાં સેવા લગ્ન, ઘરજમાઈ અને ખાંધાડ પ્રથા જોવા મળે છે.
- લગ્ન મોટે ભાગે પુખ્તવયે થાય છે. લગ્નની બાબતમાં છૂટાછેડા કે પુનઃલગ્નમાં ખાનગી મિલકતમાં સ્ત્રીઓ સમાન અધિકાર ધરાવે છે, પરંતુ ધાર્મિક અને જાતિ પંચમાં તેમને સ્થાન મળતું નથી. ગૃહ તેમનું એક મહત્ત્વનું સામાજિક સંસ્થાન છે, જેમાં અપરણિત છોકરા-છોકરીઓ નાચે, કૂદે, સહશયન, જાતિય જ્ઞાન તેમજ સામાજિક, આર્થિક કાર્યની તાલીમ મેળવે છે.
- મધ્યપ્રદેશ, ઓરિસ્સા, અસમ, બિહાર અને આંધ્રપ્રદેશમાં આ સંસ્થા સક્રિય છે.

**(1) અનુસૂચિત જનજાતિમાં પછાતપણું :**

- અનુસૂચિત જનજાતિઓની સામાજિક વ્યવસ્થા અન્ય સમાજોની વિશિષ્ટ પ્રકારની છે, તેમના

સમાજમાં સ્ત્રીઓનો સામાજિક દરજ્જો ઊંચો છે, છતાં પણ દેશની આઝાદીના છ દાયકા પછી પણ તેમનામાં આર્થિક અને શૈક્ષણિક પછાત પણું જોવા મળે છે. આ સમાજના મોટા ભાગના લોકો જંગલ અને પર્વતીય વિસ્તારોના ગ્રામ્ય પ્રદેશોમાં રહે છે.

- 50 ટકાથી વધારે આદિવાસીઓ ખેતીમાંથી આજીવિકા મેળવે છે. 30 ટકાથી વધારે ખેતમજૂરો છે. વેપાર વાણિજ્ય અને અન્ય આધુનિક સેવાઓમાં 8 ટકાથી પણ ઓછા આદિવાસી જોવા મળે છે. વર્તમાન સમયમાં મોટાં શહેરોમાં આ લોકો મકાનો બાંધવામાં તેમજ રસ્તાઓ બનાવવાના કાર્યોમાં જોડાયેલા છે. આ પ્રકારની નિમ્ન આર્થિક પ્રવૃત્તિના કારણે આ સમાજ આર્થિક રીતે ખૂબ જ પછાત છે. આર્થિક પછાત પક્ષના કારણો તેઓ શિક્ષણ મેળવી શકતા નથી, તેથી તેમનામાં નિરક્ષરતાનું પ્રમાણે ઘણું ઊંચું છે.
- આમ એક બાજુ નબળી ખેતી અને મર્યાદિત ખેત મજૂરી અને બીજી તરફ શિક્ષણના અભાવના કારણે આદિવાસીઓનો આર્થિક અને શૈક્ષણિક વિકાસ અલ્પ છે.

**(2) અનુસૂચિત જનજાતિમાં સ્થળાંતર :**

- ભારતમાં છેલ્લા પાંચ-છ દાયકામાં અનુસૂચિત જનજાતિમાં સ્થળાંતરની પ્રક્રિયા ઝડપી જોવા મળે છે. પોતાના વતનમાં રોજગારીના અભાવને કારણો પરિસ્થિતિવશ બનીને આ પ્રજા અન્ય જિલ્લા કે રાજ્યોમાં સ્થળાંતર કરે છે. સ્થળાંતરના કારણો ખાસ કરીને બાળકોને થવા મંજૂરી કરવી પડે છે. આને પરિણામે તેઓ શાળામાં જઈ શકતાં નથી મફત અને ફરજિયાત શિક્ષણની વ્યવસ્થા હોવા છતાં સ્થળાંતરિત આદિવાસીઓનાં બાળકો શિક્ષણનો લાભ લઈ શકતાં નથી.

## 9.10 ભારતનું બંધારણ અને અનુસૂચિત જનજાતિ

- અનુસૂચિત જનજાતિ સમુદાયના હિતોની રક્ષા માટે ભારતના બંધારણમાં અનેક વ્યવસ્થાઓ કરવામાં આવી છે, તેમના કલ્યાણ અને ઉત્કર્ષ માટે નીચે પ્રમાણે જોગવાઈ કરવામાં આવી છે.

(1) બંધારણની કલમ 15 (4) પ્રમાણે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત આદિમજાતિઓના વિકાસ માટે ખાસ જોગવાઈ કરવાની રાજ્ય સરકારને સત્તા આપવામાં આવી છે.

(2) કલમ 16 (4) અને 335 અનુસાર દરેક રાજ્યને સરકારી નોકરીઓમાં આદિવાસીઓ માટે અનામત રાખવાની વિનંતી કરવામાં આવી છે. આથી સરકાર પોતે જ જાહેર સેવાઓમાં તેઓની વસ્તીના પ્રમાણમાં જગ્યાઓ અનામત રાખે છે.

(3) કલમ 46 પ્રમાણે આદિવાસીઓના શૈક્ષણિક અને આર્થિક હિતોનું સંવર્ધન કરવા રાજ્ય ખાસ કાળજી લેશે તથા તેઓને કોઈ પણ જાતના સામાજિક અન્યાય તથા શોષણમાંથી બચાવવાની જવાબદારી રાજ્ય પર નાખી છે.

(4) કલમ 244 (1)થી સંલ્ગ્ન પાંચમી સૂચિ અનુસાર રાજ્યપાલે દર વર્ષ રાષ્ટ્રપતિને અનુસૂચિત વિસ્તારો અને આદિવાસીઓના વહીવટ સંબંધી અહેવાલ આપવો પડશે.

(5) કલમ 244 દ્વારા રાષ્ટ્ર પ્રમુખને એવી સત્તા આપવામાં આવી છે કે જે પ્રદેશમાં આદિવાસી લોકોની વસ્તી સારા પ્રમાણમાં હોય તેને અનુસૂચિ અન્વયે અનુસૂચિત વિસ્તાર તરીકે જાહેર કરી શકે છે.

(6) કલમ 275 અનુસાર પ્રત્યેક રાજ્યને આદિવાસીઓના કલ્યાણ અર્થે વિકાસ યોજનાઓ પાછળ અથવા આદિવાસી વિસ્તારોના વહીવટને રાજ્યના બાકીના વિસ્તારોના વહીવટની કક્ષાએ લાવવા પાછળ થતા ખર્ચને પહોંચવા ભારત સંચિત નિધિમાંથી વિશેષ અનુદાન સહાય આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

(7) બંધારણની કલમ 330, 332 અને 334માં એવી જોગવાઈ છે કે અમુક મુદત સુધી લોકસભા તથા રાજ્ય વિધાન સભાઓમાં આદિવાસીઓ માટે અનામત જગ્યાઓ રાખવામાં આવી છે.

(8) કલમ 338 પ્રમાણે આદિવાસીઓનાં હિતોની ખાસ સંભાળ લેવા એક વિશેષ અધિકારીની નિમણૂંક કરવાની સત્તા રાષ્ટ્રપતિને આપવામાં આવી છે.

- આ અધિકારી અનુસૂચિત જનજાતિઓના કમિશ્નર તરીકે ઓળખાશે. આદિવાસીઓની સ્થિતિ અંગેનો અહેવાલ અને તેને સુધારવા અંગે રાષ્ટ્રપતિને સૂચનો મોકલે છે.

## 9.11 સારાંશ

- અનુસૂચિત જન જાતિ લોકો પ્રકૃતિ પૂજા કરે છે. તેઓ સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વગેરેની પૂજા કરે છે. સાંસ્કૃતિક વિવિધતા જોવા મળે છે.
- ગોત્ર વિઘ્નવાદમાં માને છે, જેને ટોર્ટેમ વાદ કહે છે. તેઓ માટે ચેતનાનું પ્રતીક છે.
- તેઓ માટે જાદુ એ સાંસ્કૃતિક જીવનનાં પાસાં છે. તહેવાર પ્રસંગે આનંદ મેળવે છે, નૃત્ય કરે છે. સંગીત સાથે નૃત્ય કરે છે. આભૂષણો પહેરે છે.
- તેઓ કલાના શોખીન છે દિવાલોને શરગારે છે.
- અનુસૂચિત જનજાતિમાં આદિવાસીઓનો સમાવેશ કરવામાં આવે છે. ઓછું શિક્ષણ મેળવેલ હોય છે, શિક્ષણમાં માનતા નથી છોકરીઓને શાળાએ મોકલવાનું પસંદ કરતાં નથી, અંધશ્રદ્ધામાં માને છે.
- આ લોકોની વિવિધ સમસ્યાઓ જોવા મળે છે. ભટકતુ જીવન, પૂરતી સગવડતાનો અભાવ, શિક્ષકની સમસ્યા, પ્રવેશની સમસ્યા, પાઠ્યપુસ્તકોની સમસ્યા, શિક્ષણમાં ઓછો રસ વગેરે જોવા મળે છે.
- સમસ્યાના ઉકેલ માટે પ્રયત્નો કરવા પડે તો સુધારો લાવી શકાય. શિક્ષણ પ્રત્યે વધુ રસ લેતાં થાય.
- આ લોકો માટે કલ્યાણકારી યોજનાઓ અમલમાં પણ મૂકવી જોઈએ, તેની વધુ પ્રમાણ જાહેરાત કરવી જોઈએ. વાલી સંપર્ક વધુ પ્રમાણમાં કરવો જોઈએ શિક્ષણમાં શ્રદ્ધા વધે તેવા પ્રયત્નો કરવો પડે.

## 9.12 એકમ સ્વાધ્યાય

1. અનુસૂચિત જાતિની સામાજિક સમસ્યાઓ કઈ કઈ છે તે જણાવો.
2. અનુસૂચિત જાતિની શૈક્ષણિક સમસ્યાઓ કઈ કઈ છે તે જણાવો.
3. અનુસૂચિત જાતિની આર્થિક સમસ્યાઓ કઈ કઈ છે તે જણાવો.
4. અનુસૂચિત જાતિની સમસ્યાઓ નિવારવાના ઉપાયો જણાવો.
5. અનુસૂચિત જનજાતિની એટલે શું ?
6. અનુસૂચિત જનજાતિની સામાજિક સમસ્યાઓ જણાવો.
7. અનુસૂચિત જનજાતિની શૈક્ષણિક સમસ્યાઓ જણાવો.
8. અનુસૂચિત જનજાતિની આર્થિક સમસ્યાઓ જણાવો.
9. અનુસૂચિત જનજાતિની સમસ્યાઓ ઉકેલ લાવવાના ઉપાયો જણાવો.

## 9.13 તમારી પ્રગતિ ચકાસો

**1. આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

(1) અનુસૂચિત જાતિની સામાજિક સમસ્યાઓ કઈ છે ?

(A) અલગ વસવાટ (B) સંયુક્ત રહેઠાણ

(C) પ્રચારનો અભાવ (D) દહેજ નાબૂદી

(2) અનુસૂચિત જાતિની સામાજિક સમસ્યાની કઈ બાબત વિસંગત છે ?

(A) અસ્પૃશ્યતા (B) અલગ વસવાટ

(C) જ્ઞાતિવાદ (D) દહેજ નાબૂદી

(3) અનુસૂચિત જાતિની શૈક્ષણિક સમસ્યા કઈ છે ?

(A) યોગ્ય માન્યતાઓ (B) નબળી આર્થિક પરિસ્થિતિ

(C) શિક્ષણ માટે માર્ગદર્શન (D) ઘર નજીક શાળા

(4) અનુસૂચિત જાતિની શૈક્ષણિક સમસ્યાની કઈ બાબત વિસંગત છે ?

(A) શિક્ષણ માટે માર્ગદર્શનનો અભાવ (B) અભણ વાલીઓ

(C) ઘર અને શાળા વચ્ચે વધુ અંતર (D) ભણેલાં વાલીઓ

(5) અનુસૂચિત જાતિની આર્થિક સમસ્યા કઈ છે ?

(A) અભણ વાલીઓ (B) આર્થિક સમાનતા

(C) સરળ વ્યવસાયની પસંદગી (D) નોકરીની તકો

(6) અનુસૂચિત જાતિની આર્થિક સમસ્યાની કઈ બાબત વિસંગત છે ?

(A) બેરોજગારી (B) ભણેલાં વાલીઓ

(C) વ્યસનની બદી (D) આર્થિક શોષણ

(7) અનુસૂચિત જાતિની સમસ્યાઓ નિવારવાનો ઉપાય કયો છે ?

(A) જ્ઞાતિમાં લગ્ન (B) કન્યા કેળવણીને ઉત્તેજન

(C) અસમાન નોકરીની તકો (D) અલગ રહેઠાણ

(8) અનુસૂચિત જાતિની સમસ્યાઓ નિવારવાના ઉપાયોની કઈ બાબત વિસંગત છે ?

(A) સંયુક્ત છાત્રાલય (B) શૈક્ષણિક સગવડો

(C) રોજગારીની તાલીમ (D) અલગ છાત્રાલય

**2. આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

(1) અનુસૂચિત જનજાતિની સામાજિક સમસ્યાઓ કઈ છે ?

(A) આરોગ્ય સંબંધી સમસ્યા (B) સ્થાયી જીવન

(C) અનુકૂલન (D) માનસિક શક્તિનો આંક વધુ

(2) અનુસૂચિત જનજાતિની સામાજિક સમસ્યાની કઈ બાબત વિસંગત છે ?

(A) અનુકૂલનની સમસ્યા (B) ભાષાની સમસ્યા

(C) સંસ્કૃતિની સમસ્યા (D) સ્થાયી જીવન

(3) અનુસૂચિત જનજાતિની શૈક્ષણિક સમસ્યા કઈ છે ?

(A) સ્થાયી જીવન (B) પાઠ્યપુસ્તકની સમસ્યા

(C) શિક્ષણમાં વધુ રસ (D) પૂરતી સગવડતા

(4) અનુસૂચિત જનજાતિની શૈક્ષણિક સમસ્યાની કઈ બાબત વિસંગત છે ?

(A) ભટકતું જીવન (B) પૂરતી સગવડતાનો અભાવ

(C) શિક્ષકની સમસ્યા (D) પ્રવેશમાં સરળતા

(5) અનુસૂચિત જનજાતિની આર્થિક સમસ્યા કઈ છે ?

(A) સ્થાયી જીવન (B) અસ્થાયી જીવન

(C) રોજી રોટીમાં સરળતા (D) રહેઠાણની વ્યવસ્થા

(6) અનુસૂચિત જનજાતિની આર્થિક સમસ્યાની કઈ બાબત વિસંગત છે ?

(A) ભટકતું જીવન (B) ગરીબી

(C) શોષણ (D) રોજી રોટીમાં સરળતા

(7) અનુસૂચિત જનજાતિની સમસ્યા ઉકેલવા માટે કઈ બાબત જરૂરી છે ?

(A) કાનૂની શિક્ષણ (B) અસ્થાયી જીવન

(C) વહેમ અને અંધશ્રદ્ધા (D) શોષણ

(8) અનુસૂચિત જનજાતિની સમસ્યા ઉકેલવા માટે કઈ બાબત વિસંગત છે ?

(A) આદિવાસી શિક્ષકોની નિમણૂંક (B) નિવાસી આશ્રમશાળાની શરૂઆત

(C) મજૂર કલ્યાણ પ્રવૃત્તિ (D) અનુકૂલનની સમસ્યા

(9) અનુસૂચિત જનજાતિ કલ્યાણ શૈક્ષણિક યોજના કઈ છે ?

(A) શિષ્યવૃત્તિ આપવી (B) ભાઈઓને સાઈકલ આપવી

(C) પાઠ્યપુસ્તક આપવા (D) અલગ વર્ગ શરૂ કરવો

(10) અનુસૂચિત જનજાતિની કલ્યાણ શૈક્ષણિક યોજનાઓ માટે વિસંગત બાબત કઈ છે ?

(A) શિષ્યવૃત્તિ આપવી (B) ગણવેશ આપવો

(C) કન્યાઓને સાઈકલ આપવી (D) ભાઈઓને સાઈકલ આપવી

(11) અનુસૂચિત જનજાતિની માટે સામાજિક ઉત્કર્ષની યોજના કઈ છે ?

(A) કુંવરબાઈનું મામેરૂં (B) ખેતીના સાધનો આપવા

(C) અક્ષરજ્ઞાન આપવું (D) જાગૃતિ લાવવી

(12) અનુસૂચિત જનજાતિ માટે સામાજિક ઉત્કર્ષની વિસંગત બાબત કઈ છે ?

(A) કુંવરબાઈનું મામેરૂં યોજના (B) અક્ષરજ્ઞાન યોજના

(C) સાત ફેરા સમૂહ લગ્ન (D) અક્ષરજ્ઞાન યોજના

(13) અનુસૂચિત જનજાતિ માટે આર્થિક વિકાસ યોજના કઈ છે ?

(A) પશુઓ પૂરાં પાડવા (B) દુધાળા પશુઓ પૂરાં પાડવા

(C) લોન આપવી (D) લોન ન આપવી

(14) અનુસૂચિત જનજાતિ માટે આર્થિક વિકાસ યોજના માટે વિસંગત બાબત કઈ છે ?

(A) દુધાળા પશુઓ પૂરાં પાડવા (B) ખેતી વિષયક ઓજારો પૂરાં પાડવા

(C) બીજ રોપા પૂરા પડવા (D) બીજ રોપા પૂરા ન પાડવા

(15) નીચેનામાંથી કઈ જાતિ અનુસૂચિત જનજાતિ જણાય ?

(A) લુહાર-સુથાર (B) વસાવા-ગામીત

(C) તળપદા-ભોઈ (D) પરમાર-રાણા

## 9.14 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**(1) બહુવિકલ્પ પ્રશ્નનાં સાચા ઉત્તરો**

1. (A) અલગ વસવાટ
2. (D) દહેજ નાબૂદી
3. (B) નબળી આર્થિક પરિસ્થિતિ

4. (D) ભણેલા વાલીઓ

5. (A) અભણ વાલીઓ

6. (B) ભણેલા વાલીઓ

7. (B) કન્યા કેળવણીને ઉત્તેજન

8. (A) સંયુક્ત છાત્રાલય

**(1) બહુવિકલ્પ પ્રશ્નનાં સાચા ઉત્તરો**

1. (A) આરોગ્ય સંબંધી સમસ્યા

2. (D) સ્થાયી જીવન

3. (B) પાઠ્યપુસ્તકની સમસ્યા

4. (D) પ્રવેશમાં સરળતા

5. (B) અસ્થાયી જીવન

6. (D) રોજી રોટીમાં સરળતા

7. (A) કાનૂની શિક્ષણ

8. (B) નિવાસી આશ્રમશાળાની શરૂઆત

9. (A) શિષ્યવૃત્તિ આપવી

10. (D) ભાઈઓને સાઈકલ આપવી

11. (A) કુંવરબાઈનું મામેરૂં

12. (B) અક્ષરજ્ઞાન યોજના

13. (B) દુધાળાં પશુઓ પૂરાં પાડવા

14. (D) બીજ રોપા પૂરાં ન પાડવા

15. (B) વસાવા-ગામીત

## 9.15 સૂચિત વાંચન સામગ્રી


(1) બારૈયા વી.વી. : ભારતીય સમાજની સમસ્યાઓ અને શિક્ષણ ચિંતકો, પ્રતીક પ્રકાશન, આનંદ.

(2) પટેલ સી.કે. : પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ ગુર્જર પ્રકાશન, અમદાવાદ

(3) તલાટી જિનેશકુમાર તથા અન્ય : માધ્યમિક શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો, અમોલ પ્રકાશન, અમદાવાદ

(4) માવાણી આઈ.પી. : તજ્જ્ઞો માટે સાહિત્ય રાજ્ય શિક્ષણ ભવન, અમદાવાદ (1988-89)

# એકમ 10

# પછાત વર્ગોનાં બાળકોનું શિક્ષણ

## : રૂપરેખા :


10.1 વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણની સમસ્યા

10.1.1 પ્રસ્તાવના

10.1.2 વિચરતી જાતિ એટલે શું ?

10.1.3 વિચરતી જાતિનાં બાળકોનાં શિક્ષણ માટેનાં અવરોધો

10.1.4 વિચરતી જાતિનાં બાળકોનાં શિક્ષણ માટેનાં ઉપાયો.

10.1.5 વિચરતી જાતિની સમસ્યા

10.2 અન્ય પછાત વર્ગો

10.3 ગુજરાતમાં અન્ય પછાત વર્ગો

10.4 ભારતનું બંધારણ અને અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત સમૂહો

10.5 ભારતમાં રાજ્યવાર અનુસૂચિત જનજાતિની વસ્તી

10.6 ગુજરાતમાં જિલ્લાપાટ અનુસૂચિત જનજાતિની વસ્તી

10.7 પછાત વર્ગો માટેની ગુજરાત સરકારની યોજનાઓ

10.8 દલિતોના મસીહા ડૉ.બાબા સાહેબ આંબેડકર

10.9 જનજાતિઓ અને હાંસિયામાં રહેલી જાતિઓ

10.10 જનજાતિય મહિલાઓ વર્તમાન સમયે

10.11 સારાંશ

10.12 એકમ સ્વાધ્યાય

10.13 તમારી પ્રગતિ ચકાસો

10.14 સૂચિત વાંચન સામગ્રી


**ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે .....

(1) વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણની સમસ્યા સમજી શકશો.

(2) વિચરતી જાતિનો અર્થ સમજી શકશો.

(3) વિચરતી જાતિનાં બાળકોનાં શિક્ષણ માટેના ઉપાયો સમજી શકશો.

(4) વિચરતી જાતિની સમસ્યા સમજી શકશો.

(5) અન્ય પછાત વર્ગો સમજી શકશો.

(6) ગુજરાતમાં અન્ય પછાત વર્ગો સમજી શકશો.

(7) ભારતનું બંધારણ અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત સમૂહો સમજી શકશો.

(8) ભારતમાં રાજ્યવાર અનુસૂચિત જનજાતિની વસ્તી સમજી શકશો.

(9) ગુજરાતમાં જિલ્લાવાર અનુસૂચિત જનજાતિની વસ્તી સમજી શકશો.

(10) દલિતોના મસીહા ડૉ.બાબા સાહેબ આંબેડકર સમજી શકશો.

(11) જનજાતિઓ અને હાંસિયામાં રહેલી જાતિઓ સમજી શકશો.

(12) જનજાતિય મહિલાઓ-વર્તમાન સમયે સમજી શકશો.

## 10.1 વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણની સમસ્યા

### 10.1.1 પ્રસ્તાવના

આપણા દેશમાં વણજારા, ભરવાડ, ઓડ, સરાણિયા, બજાણિયા વગેરે જેવી અનેક કોમો એવી છે કે જેઓ પોતાના જીવનનિર્વાહ માટે એક સ્થાનેથી બીજે સ્થાને વિચરતી રહે છે. આ જાતિઓને વિચરતી જાતિઓ તરીકે ઓળખવામાં આવે છે. આ બધી જાતિઓ કોઈ સ્થળે સ્થાયી વસવાટ કરતી હોતી નથી. આથી એમનાં બાળકોના શાળાપ્રવેશ માટેની નોંધણી કરવી એ જ પાયાની સમસ્યા છે. વળી ભટકતું જીવન જીવતી આ જાતિઓ માટે શાળા શરૂ કરી, તેને નિભાવવી પણ મુશ્કેલ છે.

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના ધ્યેયને સિદ્ધ કરવા વિચરતી જાતિનાં બાળકોને શિક્ષણ પૂરું પાડવા અંગેની સમસ્યા પણ એટલી જ મહત્ત્વની બની છે.

### 10.1.2 વિચરતી જાતિ એટલે શું ?

આપણા દેશમાં અમુક કોમો એવી છે કે જેઓ પોતાના જીવન નિર્વાહ માટે એક સ્થાનેથી બીજે સ્થાને વિચરતી રહે છે. આ જાતિઓને વિચરતી જાતિઓ તરીકે ઓળખવામાં આવે છે.

દા.ત. વણજારા, ભરવાડ, ઓડ, સરાણિયા, બજાણિયા વગેરે.

- આ બધીજ જાતિઓ કોઈ એક જ સ્થળે વસવાટ કરતી હોતી નથી.
- આ લોકોને જે જગ્યાએ રોજી રોટી મળી રહે ત્યાં વસવાટ કરે છે. રોજી રોટી બંધ થાય તો બીજી જગ્યાએ રોજી રોટી માટે થાય છે.
- આ લોકોની જગ્યા કોઈ ચોક્કસ નથી હોતી એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકતા રહે છે.
- વિચરણ એટલે ફરવું, એક જગ્યાએ સ્થાયી ન રહેવું, ફરતા રહેવું.
- આ જાતિના લોકો ગ્રામ્ય વિસ્તારમાં ખેતી માટેના સાધનો બનાવી આપે, જેને ગાદલીપાના નામે ઓળખવામાં આવે છે. લુહારી કામ કરે છે. જેટલા દિવસ કામ મળે તેટલા દિવસ તે ગામમાં રહે છે. ત્યાંથી બીજા ગામ જાય છે.
- આ લોકો લુહારી કામ માટે ફરતા રહે છે. કેટલાંક લોકો મનોરંજન માટે એક ગામથી બીજા ગામ જાય છે. તે ગામમાં મનોરંજન પૂરું પાડે છે.
- વિચરતી જાતિના લોકોનું જીવન સ્થાયી નથી, કોઈ તેનું મૂળ વતન પણ નથી તે કયાં ગામના છે તેની પણ તેને ખબર નથી.
- કામ માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ કુટુંબ સાથે ભટકતું જીવન ગાળે છે.
- આ જાતિના બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા કરવી ખૂબ જ મુશ્કેલીરૂપ છે, તેનું કોઈ સ્થાયી સરનામું નથી. જન્મનો દાખલો પણ નથી, શાળામાં દાખલ કેવી રીતે કરવા તે એક પ્રશ્ન છે.

### 10.1.3 વિચરતી જાતિનાં બાળકોનાં શિક્ષણ માટેનાં અવરોધો

વિચરતી જાતિનાં બાળકોનાં શિક્ષણ આડેના મુખ્ય અવરોધો નીચે પ્રમાણે છે :

**(1) અસ્થાયી જીવન**

આ જાતિના લોકો સ્થિર જીવન જીવતા ન હોવાથી તેમનાં બાળકોને શિક્ષણ મળી શકતું નથી.

**(2) આર્થિક પરિબળ**

આ જાતિના લોકોની આર્થિક સ્થિતિ પન નબળી હોવાથી તેઓ પોતાનાં બાળકોને શાળાએ મોકલવાને બદલે મજૂરીએ લગાડી દેતા હોય છે.

**(3) શિક્ષણ તરફ નકારાત્મક વલણ**

આ જાતિના લોકોના વ્યવસાય જ એવા ચે કે તેમને હંમેશાં એવું લાગ્યા કરે છે કે એમનાં બાળકોને શિક્ષણની શી જરૂર ? વળી તેઓ શિક્ષણ તરફ નકારાત્મક વલણ ધરાવે છે, પરિણામે તેઓ નથી તો બાળકોની નોંધણી કરાવતા કે નથી તો બાળકોને શાળાએ મૂકતા. તેઓને બાળક શાળાએ જાય એ કરતાં ઘરે રહે તે વધુ ઉપકારક લાગતું હોય છે.

**(4) લોકબોલીની સમસ્યા**

વિચરતી જાતિના લોકોને પણ પોતાની જાતિની એક વિશિષ્ટ લોકબોલી હોય છે. આ જાતિના લોકોને શિક્ષણ મેળવવામાં તેમની વિશિષ્ટ લોકબોલી અવરોધરૂપ થાય છે.

**(5) સ્થાયી રહેઠાણનો અભાવ**

આ જાતિના બાળકો માટે કોઈ સ્થાયી રહેઠાણ નથી, સરનામાના અભાવે શાળામાં પ્રવેશ આપી શકતો નથી.

**(6) જન્મના દાખલાનો અભાવ**

શાળામાં દાખલ કરવા માટે આ લોકો પાસે જન્મનો દાખલો પણ હોતો નથી. જન્મ તારીખ વગર કઈ રીતે દાખલ કરી શકાય.

**(7) અભણ વાલીઓ**

આ લોકોમાં વાલીઓ અભણ છે. શિક્ષણનું મહત્ત્વ સમજતાં નથી. પોતાના બાળકોને ભણાવવા જોઈએ તેવું માનતા થતા નથી.

**(8) પોતાની જ્ઞાતિના શિક્ષકોનો અભાવ**

પોતાની જ્ઞાતિના શિક્ષકોનો અભાવ જોવા મળે છે. જેથી તેની ભાષા, બોલી સમજી શકે, આ જ્ઞાતિના લોકો વધુ આગળ અભ્યાસ કરેલ ન તેવાથી તેની જ્ઞાતિ કોઈ શિક્ષક જોવા મળતાં નથી.

**(9) હોસ્ટેલની વ્યવસ્થાનો અભાવ**

આ જ્ઞાતિના બાળકો સરળતાથી અભ્યાસ કરી શકે તે માટે હોસ્ટેલનો અભાવ જોવા મળે છે. હોસ્ટેલની શરૂઆત થઈ છે. પરંતુ વધુ સંખ્યામાં રાખી શકાય તેવી વ્યવસ્થા નથી.

**(10) રોજી રોટી માટે ભટકવું જીવન**

આ લોકો રોજી રોટી માટે ભટકતું જીવન ગુજારે છે. કોઈ જગ્યાએ સ્થાયી જીવન નથી, તેથી શાળામાં પ્રવેશ મેળવવો મુશ્કેલરૂપ છે.

**10.1.4 વિચરતી જાતિનાં બાળકોનાં શિક્ષણ માટેનાં ઉપાયો.**

વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણના વિસ્તરણ અને વિકાસ માટે નીચેના ઉપાયો હાથ ધરવાથી તેની આડેના અવરોધો દૂર થઈ શકશે.

- વિચરતી જાતિનાં કુટુંબો શક્ય એટલા વધુ પ્રમાણમાં એકી જથ્થે વસે એ પ્રકારની સુવિધાઓ ઊભી કરવી. આ માટે એક સમાન કામ કરનારાનાં કેન્દ્રો વિકસાવવા.
- વિચરતી જાતિનાં બાળકોની સંખ્યા અપૂરતી હોય ત્યાં ફરતી શાળાઓ શરૂ કરવી.
- વિચરતી જાતિનાં લોકોના ધંધાને અનુરૂપ શિક્ષણની જોગવાઈ કરવી. વળી આ જાતિનાં બાળકો શાળામાં પ્રવેશ મેળવે તે માટે ખાસ પ્રોત્સાહન પૂરું પાડવું.

- વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણ માટે ખાસ પ્રકારની આશ્રમશાળાઓ શરૂ કરવી. આ શાળાઓમાં તેમના ધંધાને પોષક અને સુધારક અભ્યાસક્રમ તૈયાર કરવો જોઈએ.
- વિચરતી જાતિના લોકોને ધંધાકીય મદદ, લોન તથા બીજી જરૂરી સવલતો આપી સ્થિર વસવાટ તરફ દોરવા.

આપણા દેશમાં વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણના વિકાસ માટે સારા એવા પ્રયત્નો થયા છે છતાં આ જાતિનાં બાળકોના શિક્ષણની બાબતમાં જોઈએ તેટલી પ્રગતિ આપણા દેશમાં થઈ શકી નથી.

**10.1.5 વિચરતી જાતિની સમસ્યા**

વિચરતી જાતિના સમુદાયના સામાજિક તેમજ આર્થિક વિકાસમાં આજે આઝાદીના આટલા વર્ષોથી પણ બહુ ફેર પડ્યો નથી. સતત વિચરતા રહેવાને લીધે આ સમુદાયને રેશનિંગ કાર્ડ કે બીપીએલ કાર્ડ મેળવવામાં ઘણી મુશ્કેલી પડે છે. આ સંજોગોમાં બનાસકાંઠામાં ફેલોશિપ અર્થે ગયેલાં મિત્તલબેન પટેલે આ સમુદાયની મુશ્કેલીઓને સમજીને તેને નિવારવાના સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે. પ્રસ્તુત લેખમાં વિચરતી જાતિની સમસ્યા અને મિત્તલ પટેલના પ્રયત્નો દ્વારા આ સમુદાયને અપાયેલાં હક્કની સાફલ્યગાથાનું નિરૂપણ છે.

બનાસકાંઠાની કલેક્ટર કચેરીમાં ચઢવાના પગથિયાં પાસે એક 50-60 વર્ષના વડીલ, હાથમાં વડીલ, હાથમાં કાગળિયાં લઈ, માથે હાથ દઈ બેઠાં હતાં, તેમને પહેરેલી પાઘડી, ધોતી, કુર્તી પરથી જ લાગી આવતું કે કાકા કોઈ ગામડેથી આવ્યાં હશે. આંખોમાં થાક, કંટાળાના મિશ્રભાવ, ચહેરા ઉપર ઉંમરનો ભાર અને હાથમાં કાગળિયાં, એ ઘણું બધું કહી દેતાં હતાં. કાકાની નજીક જઈ મેં પૂછ્યું, ''શું થયું કાકા, કઈ તકલીફ છે ? મદદ કરી દઉં.''

''હે... હા ! બેન આ કાગળીયાની વિગતો ખબર નઈ પડતી.''

મેં કાગળ હાથમાં લીધો, મતદાર નોંધણી માટેનું ફોર્મ હતું.

''કાકા, તમે કયા ગામથી આવો ? તે ગામમાં પંચાયત નથી ? ત્યાં નોંધણી કરાવી દો, સરળતાથી પતી જશે, છેક આટલે સુધી કેમ હેરાન થાઓ છો ?''

''બેન, તિયાં જ ગ્યોતો પે'લા. પણ પંચાયતવાળા કે, કે તમે અહીંના નથી, વસાહતી નથી એટલે તમારી નોંધણી અહીં ન થાય.''

''એવું કેવું કાકા, તો તમારું મૂળ વતન કયું ?''

''ભઈ. ઈ જ તો તકલીફ છે, અમારું કોઈ મૂળ વતન જ નહિ.''

''હે !''

''હા, અમે રહ્યાં વણઝારા નાતના ને ઠેઠ બાપદાદાના વર્ષોથી ભઈ. અને ફરીએ. આજે અહીં તો કાલે તહીં, ને આ ફરતા રહેવાનું આજકાલનું નહિ, પણ ભાઈ વર્ષોનું. તાણેતો જનમ ય ન'તો થ્યો.''

''પણ કાકા, એ તો પહેલાંની વાત, હાલતો તમે ક્યાંક રહેતાં હશો ને.''

''હા, અમે તો ગામની ભાગોળે રહીએ. પણ ગામમાં અમને કોઈ પેસવા ન દે, કે કે રહેવું હોય તો આઈ પડયા રો, નીંકર હેંડતા થાઓ, એટલે અમે ચાર-પાંચ જણ ગામની સીમે ઝૂંપડા બાંધી રહીએ,અને ઈ જ અમારું ગામ, અહીં રહેતા '' જ અમને 10 વર્ષ થઈ ગીયાં, હજું ય અહીંથી પંચાયત અમને વસાહતી ગણી રેશનકાર્ડ કે મતદારકાર્ડ નથી આપતી કહે કે કચેરીએ જાઓ, અહીં તમારો હક ન લાગે. તમે ગામની સીમમાં નથી આવતા, પણ ભઈ અહીંની વિગતો જ સમજમાં નથી આવતી શું કરું''

ઉપરના ડાયલોગ આપણને આજથી 30-35 વર્ષ પહેલાંની કોઈ સ્ક્રિપ્ટના હોય તેવું લાગે. પણ આ ડાયલોગ 2010ની સાલમાં જ બોલાયેલા છે. વાંચીને આશ્ચર્ય થયું ને ! પણ હા, કલેક્ટર કચેરીમાં

મળેલા એ કાકા, કે એમના જેવા અનેક વિચરતી જાતિના લોકો એ આપણા જ સમાજનો એક ભાગ છે, પણ કદાચ આપણાથી છૂટો પડી ગયેલો પણ આપણો જ ભાગ !

અભ્યાસના એક ભાગરૂપે ! વિચરતા સમુદાય સમર્થન મંચ દ્વારા જ્યારે બનાસકાંઠાની મુલાકાત લેવાનું થયું ત્યારે ત્યાં વસતા વિચરતા-વિમુક્ત સમુદાયો સાથે કામ કરવાનું થયું. ત્યારે એ અલગ જ અનુભવ થયો. થોડા સમય તો મન એ સ્વીકારવા જ તૈયાર ન થયું. 40 લાખ કરતાં પણ વધુ આ સમુદાયની વસ્તી છે. જેમાં વિચરતી જાતિના કુલ 28 સમુદાયો છે, જ્યારે વિમુક્ત જાતિના 12 સમુદાયો તેમાં સામેલ છે. જે રઝળતું, ભટકતું જીવન જીવે છે.

એટલે કે આ સમુદાયોની કોઈ વ્યક્તિને એમ પૂછવામાં આવે કે, ''ભાઈ, તમારું મૂળ વતન કયું ? '' એટલે તરત જ જવાબ મળે કે, ''આમ તો અમારા દાદા સિંધથી આયા, બાપા રાજસ્થાન બાજુ રહ્યાં. પછી અમે અહીં આવ્યા. બેન, આમ તો અમારું કોઈ વતન જ નહીં.'' ને ખરખર આ પ્રજા કોઈ એક ગામ કે શહેરના મૂળથી બંધાયેલી નથી. કહેવું હોય તો કદાચ કહી શકાય કે બે ગામ વચ્ચેથી સરહદો એ તેમનો મુખ્ય પડાવ, (ગામ !) પણ એ પરમેન્ટ નહિ, સમય, સંજોગ અને પરિસ્થિતિ આધારે બદલાતા રહે.

આવા વિચરતા સમુદાયમાં, બજાણિયા, ભાંડ, ગારૂડી, કાઠોડી, મદારી, નાથ, ભરથરી, કોટવાળિયા, તુરી, વિંટોળિયાં, વાદી, વાંસફોડા, બાવા-વૈરાગી, ભવૈયા, ગરો, મારવાડા, વાઘરી, ઓડ, પારઘી, રાવળ, શિરલીગર, સરાણિયા, વણઝારા, જોગી, ભોયા, ગોંડલિયા, કાંગસિયા અને ઘાંટીયા સમુદાયોનો સમાવેશ થાય છે.

આ સમુદાયના લોકો આજ-કાલના સમયથી નહિ પણ રાજા-મહારાજાઓના સમયથી આ પ્રકારની જીવનશૈલી જીવે છે. જો કે, તેમાં તફાવત હતો, એટલે કે સમાજમાં તેમનું એક સ્થાન હતું, માન સન્માન હતું. કહેવાય છે કે, ખેડૂત ઉગેલું ધાન ઘરે લઈ જતા પહેલા નટબજાણિયા કે સરાણિયા જેવા સમુદાયોને તે ખુશીથી વહેંચતો. તો આ સમુદાયની સેવાથી ખુશ થઈ રાજા-મહારાજાઓએ કે ગામલોકોએ તેમને જમીન-જાગીર આપ્યાના ઉલ્લેખો જોવા મળે છે. એ પછી ગામમાં રામલીલા કે કૃષ્ણલીલા કરનારા ભવૈયા હોય કે, ખેલકુદ, નાચગાન કરનારા બજાણિયા. ગામમાં લોકો ટોળે વળી તેમના મનોરંજનને માણતાં અને ખૂબ માન-અંકરામ આપતા. તો અન્ય કેટલાંક સમુદાય ચીજવસ્તુઓના વેચાણ દ્વારા સમાજને ઉપયોગી બનતો. જેમ કે, સરાણિયાએ ચપ્પા, છુરીની ધાર કાઢતાં તો ગાડલિયા લુહાર એ અન્ય સાધનો કે હથિયાર બનાવાનું કામ કરતાં. જ્યારે આંડ એ પખાડનું કે મહાન સબંધિત માટીકામનું કામ કરતાં, વાદીએ ટોપલા-ટોપલી બનાવતા આમ, આ સમુાયો એક ગામથી બીજે ગામ પડાવ નાંખતા અને ત્યાંથી વેપાર કરી ફરી કોઈ નવા ગામ જતાં, આમ, સતત ફરતાં રહેવાને પરિણામે તેઓ કોઈ ગામ કે વસાહતને ''પોતાની'' ન બનાવી શક્યાં. એટલે કે સ્થાયી વસવાટ ન સ્થાપી શક્યાં અને જેમ જેમ સમય બદલાયો, એટલે કે રાજાઓને બદલે અંગ્રેજોનું શાસન આવ્યું. અંગ્રેજી હકૂમત સમયે રાજાઓના રાજ્યોએ ખાલસાપદ્ધતિ કે સહકારી યોજના તહત પડાવી લેવામાં આવ્યાં. પરિણામે, રાજાને આશ્રિત રહેતી આ સમુદાયની પ્રજા નિરાશ્રિત બની. બીજી તરફ, અન્ય રાજ્યની શાંતિ કે વહીવટ ખોરવા માટે આ સમુદાયોની ટોળકીઓ રખાતી. તેનું હવે કોઈ રણીઘણી રહ્યું નહિ અને અંગ્રેજોએ આ પ્રજાને લોકો ને ત્રાસ આપનારી, રંજાડનારી પ્રજા ગણી. તેમના આખેઆખા સમુદાયને ગુનેગાર ગણી લીધા. હવે કોઈ ગામમાં ચોરી કે લૂંટફાટ થાય તો માત્ર શંકાને આધારે પણ આ પ્રજાને ''ગુનેગાર'' ઠેરવી દેવામાં આવતી. એથી આખા સમુદાયોની હાજરીનો નિયમ લદાયો. એટલે કે રોજ સવાર-સાંજ પોલીસ દ્વારા તેમની હાજરી લેવાતી જેથી, ચોરીની કોઈ ઘટના બને તો વ્યક્તિ ચોરી સમયે ક્યાં હતો. તેનો પુરાવો મળી રહે. ઝવેરચંદ મેઘાણી રચિત ''માણસાઈના દીવા'' માં પણ આ વાતનો ઉલ્લેખ જોવા મળે છે. સરકારી અમલદાર હાજરી લે, તેમાં સ્ત્રીઓની પણ હાજરી લે. લાજ ઓઢેલી, મોઢું ઢાંકેલી સ્ત્રીઓને હાજરી બોલનારા તે જ સ્ત્રી છે કે બીજી તે જોવા મોંઢા ઉઘાડાવે આમ, આ પ્રજાને કંઈ કેટલાંય અન્યાય સહન કર્યા છે. પોતીકા વસવાટનો અભાવ અને અન્ય પ્રજા તરફથી સતત મળતો જાકારો છેવટે

કેટલાંક સમુદાયોએ ચોરી-લૂંટફાટમાં જોતરાઈ ગયા તો કેટલાંકે ભિક્ષાવૃત્તિનો ધંધો અપનાવ્યો. તો કેટલાંક હજુ પણ પોતાના પારંગત વ્યવસાયને વગળી રહ્યાં છે.

''વિશ્વ માનવ હક દિન'' ની ઉજવણી કરતી આપણી પ્રજા ખબર નહિ કેમ પણ આ 40 લાખ લોકો પ્રત્યે સાવ નિષ્ઠુર થઈ ગઈ ? આપણા તરફથી મળેલા અસ્વીકાર જ કદાચ, આ પ્રજાને ચોરી, લૂંટફાટ તરફ દોરી ગયો. તો બીજી તરફ સતત વધતો ઔદ્યોગિક પ્રવાહ અને પ્રભાવ અને આધુનિક ટેકનોલોજીના સમયમાં આ પ્રજામાં ટેક્નોલોજી અને નવી મશીનરી સાથે કામ પાર પાડવાની શક્તિ અને કૌશલ્ય ધરાવતાં ન હતાં. તો તેમને અપનાવેલ પરંપરાગત વ્યવસાયો પણ વધતા ઉદ્યોગોના પ્રમાણ સામે નાશપ્રાય બન્યાં હતાં.

જ્યાં, પાંચ રૂપિયામાં સ્ટીલનું ચપ્પુ આરામથી ઘર બેઠા મળે ત્યાં સરાણિયા પાસે ધાર કોણ કઢાવે ? પ્લાસ્ટિક અને સ્ટીલની પ્લેટ્સને પરિણામે નાની છાબડીઓનો વપરાશ ઘટવા લાગ્યો. એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીઝના વધતા પ્રમાણ સામે ભવૈયા કે નટબજાણિયાના ખેલ. નાચ સાવ ફિક્કા લાગવા લાગ્યા. આમ, આ પ્રજા આર્થિક રીતે ખૂબ જ પછાત રહી ગઈ. અભાવની પરિસ્થિતિ અને લાચારીથી ત્રાસી કેટલીક બહેનો દેહવ્યવસાયમાં સંકળાઈ ગઈ. આજે પ્રતિષ્ઠિત મેગેઝિન કે છાપાઓ અને ન્યૂઝ ચેનલોની કવરસ્ટોરી બનેલું ''વાડિયા'' ગામ એ તેનું ઉદાહરણ ગણી શકાય. કદાચ, આપણે આ પ્રજાને કરેલા અન્યાયનું પણ ?

થરાદની ઉત્તરે 17 કિમી. દૂર આવેલ વાડિયા ગામ. ગુજરાત કે તેની બહાર અહીંની સ્ત્રીઓના દેહ વ્યવસાયને કારણે વધુ પ્રચલિત છે. જો આ ગામમાં ગયા વિના કોઈ વ્યક્તિ આ ગામ વિશે વિચારે તો કદાચ તેની કલ્પના ખૂબ સુંદર હશે. સુંદર સ્ત્રી, સમૃદ્ધ ઘર, એવું ઘણું બધું પણ કદાચ, જ્યારે તમે આ ગામમાં પ્રવેશો તો કદાચ, તમારી રંગીન ફેન્ટ્સી માત્ર ફેન્ટ્સી જ રહી જાય છે. કારણ કે અહીંની અડધી પ્રજા ગરીબીમાં જીવે છે. અહીંના પુરુષો પણ ગામની દુકાનો પાસે કે ખૂણે ખાંચરે પત્તા રમતાં કે ટોળામાં નજરે પડે છે. પણ હા, ગામમાં તમને 12ની ઉંમરથી લઈ 20 વર્ષ સુધીની કોઈ છોકરી જોવા ન મળે. પૂછો તો, બેન એ તો ખેતરમાં હશે.'' જોકે, અહીંના પુરુષો એ ખાસ કોઈ વ્યવસાય કરતા નથી. તેનું કારણ, જ્યારે જ્યારે અહીંના કોઈ પુરુષો બહારગામ કામ કરવા જાય ત્યારે પહેલાં તો ખબર પડે કે તે વાડિયા ગામનો છે, એટલે એને કોઈ કામ જ ન આપે, અને આપે પછી, તમારા ઘરની સ્ત્રીને અહીં મોકલતો હોય તો, કહી તેમનું અપમાન કરવામાં આવતું. આ અપમાનજનક નજરો અને પરિસ્થિતિથી કંટાળી અહીંના પુરુષો કામ છોડી દે છે. જોકે કેટલાંક પુરુષો ગામમાં જ ખેતીમાં ખેતમજૂરી તરીકે જોડાય છે. પણ આ પરિસ્થિતિ બદલાઈ છે અને પરિવર્તન ભલે મૂળથી નથી આવ્યું પણ છતાં, પહેલાં કરતાં સ્થિતિ વધુ સારી થઈ છે. અહીંની સ્ત્રીઓ જે પહેલેથી જ આ ધંધામાં હતી તેમને હવા છૂટવું છે. માત્ર પોતાની 10-12 વર્ષની છોકરીને આ ધંધામાં મૂકતી માતા હવે કંટાળી ગઈ છે, એને છૂટવું છે, આ દોઝખમાંથી પણ. કદાચ આ સડો એટલો વ્યાપક છે કે કદાચ, આ કાર્ય મુશ્કેલ લાગે છે તેમ છતાં, આ મુશ્કેલ કાર્યને પાર કરવાનું બીડું માત્ર 30 વર્ષની વય ધરાવતી એક યુવતીએ ઉઠાવ્યું છે. એટલું જ નહીં પણ શહેરની આ છોકરીની વાત અહીંના લોકો માને પણ છે. ગામમાં તમે કહો કે, ભાઈ બેનનાં ત્યાંથી આવ્યા. એટલે ગામની કોઈપણ ડેલી હોય તેમને પ્રેમપૂર્વક, અધિકારપૂર્વક, આવકાર મળે. કદાચ, આ વાત માનવમાં આવે તેવી નથી પણ હકીકત છે અને હકીકત બનાવનાર છે, મિત્તલ પટેલ.

ચરખા સંસ્થા દ્વારા શેરડી કામદારોની સ્થિતિ અંગે મળેલી ફેલોશિપના આધારે તેઓ ગામડે કામ કરવા ગયા. જેમ જેમ ઉંડાણથી અભ્યાસ કરતા ગયા તેમ લોકોની સ્થિતિ, મુશ્કેલીઓ વિશે વધુ વિગતથી સમજતાં ગયા. બસ ! પછી શું નક્કી કર્યું, મારે આ આ લોકો માટે કંઈક કરવું છે. અને બાળકોના શિક્ષણ, આપવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે શરૂ થયેલુ આ કામ આજે આ સમુદાયોને સ્થાયી વસવાટ, વોટીંગ કાર્ડ, એજ્યુકેશનની જરૂરિયાતો પૂરી કરી આપી છે.

આ કામ કદાચ આપણે વિચારીએ તેટલું સરળ નથી. કારણ કે જે પ્રજા ક્યાંય સ્થાયી ન હોય. જો ક્યાંય સ્થાયી બને તો ગામની ભાગોળ, છેવાડે વસ્તી પ્રજાને કોઈ પાણી પણ ન આપે. તેવી

પ્રજાની વચ્ચે જઈ તેમના હક વિશેની વાત કરવાની ખૂબ અઘરું છે. આજે અહીં તો કાલે ક્યાંકમાં માનનારી આ પ્રજાની તો શરૂઆતમાં વસાહતો શોધવામાં આવી. જ્યાં લોકો ધોળા દિવસે પણ જવાનું સલામત ન ગણે. તેવા ડફેર, વાદીઓના ડંધામાં મિત્તલ એકલારાત રહેતાં.

''વસાહતો શોધીને બાળકોને શિક્ષણ આપવા સમજાવામાં આવ્યાં. પણ શાળામાં રહેઠાણના પુરાવા વગર, જન્મ પ્રમાણપત્ર વગર કેવી રીતે લે, હવે આ બંને લાવવા કેમ ? કારણ કે સતત વિચારતાં રહેવાને પરિણામે અહીંની સ્ત્રીઓ તેમનાં બાળકોને જન્મ હોસ્પિટલમાં કે સરકારી દવાખાનામાં કરાવતી નહીં. વળી, બાળકના જન્મ બાદ પણ કયાં ગામને પોતાનું ગણી ત્યાંની કચેરીમાં નોંધણી કરાવે તે પ્રશ્ન રહેતો ! તો બીજી તરફ, મોટાભાગે આ સમુદાયી બધી જ પેઢીમાં શિક્ષણનો અભાવ જોવા મળતો. જેને લીધે કદાચ, તેમનામાં નોંધણી કરાવવાં જેવી સભાનતા જોવા ન મળતી.'' અને આજ મોટો પ્રશ્ન ઉભો થતો. એક તો વ્યક્તિના જન્મના આધારરૂપ કોઈ પૂરાવો નહિ. બીજી તરફ શાળાના પ્રમાણપત્રો નહીં. હવે શું કરવું ? આવા લોકોની નોંધણી માટે ક્યારેક સરકારી અધિકારીઓ, કલેક્ટર પાસે આખા  સમુદાયના લોકોને લઈ જવામાં આવ્યા, કે તેમની વસાહતોમાં બોલાવવામાં આવ્યા. સામે સાથે બેસી તેમની વસાહતોમાં બોલાવવામાં આવ્યા. સામે સાથે બેસી તેમની વસાહતોમાં બોલાવવામાં આવ્યા. સામે સાથે બેસી તેમની સ્થિતિની વાત કરાઈ. આમ કેટલાંક અધિકારીઓની મદદ પણ મળી જેને લીધે કેટલાંક નિયમોમાં છૂટછાટ લેવાઈ. તો કેટલીકવાર સિવિલ કે અન્ય હૉસ્પિટલોમાં ડોક્ટરો પાસેથી ઉંમરના પ્રમાણપત્રો મેળવવામાં આવ્યા.

પણ આ બધામાં વાડિયાની સ્થિતિ થોડી અલગ હતી. શરૂઆતમાં અહીં કેટલીક સ્ત્રીઓ એવી હતી જેની પાસે પોતાના બાળકના પિતાનું ચોક્કસ નામ ન હતું. હવે શું કરવું ? તેનો પણ ઉપાય વિચારાયો. દીકરીના નામ પાછળ તેમની પાસે આવેલા કોઈ ગ્રાહકનું નામ પિતા તરીકે લખાવી નોંધણી કરવામાં આવી. બીપીએલ કાર્ડની નોંધણી સમયે એક અધિકારીએ કહ્યું કે અરે આમની પોસ્ટકાર્ડ હોવા માટે કંઈક પુરાવો તો હોવો જોઈએ ને ! આ સમયે મિત્તલબેને કહ્યું કે, ભાઈ, જેને પેટ ભરવા દેહ વેચવાની ફરજ પડતી હોય તેનીથી મોટી બીપીએલ માટે કઈ રીકવાયરમેન્ટ ગણી શકાય? અને આખરે કામ શરૂ થયું. આજે આ ગામમાં 150 ઘરની વસ્તીમાં 50% કરતાં વધુ લોકો પાસે રેશનકાર્ડ અને વોટીંગકાર્ડ છે અને અન્ય માટે આ પ્રક્રિયા ચાલુ છે.

રેશનકાર્ડ અને વોટીંગ કાર્ડ મળવાને પરિણામે હવે આ સમુદાયોએ કોઈ એક ગામના વસાહતી, નાગરિક બન્યા. ખરેખર તેમના આટે આ ખૂબ મહત્ત્વની બાબત હતી. કારણ કે તમારું મૂળ ગામ કયું ? એ પ્રશ્નનો જવાબ હવે, તેમની આવનારી પેઢી પાસે હશે. તેનો તેમને સંતોષ હતો.

પણ અહીં, મુખ્ય વાત એ શિક્ષણની હતી એટલે કે સંસ્થાનો મુખ્ય હેતુ, બાળકોને શિક્ષિત કરી પોતે જ પોતાનો વિકાસ સાધી શકે તેવા પગભર બનાવવાનો હતો. પણ આ માટે તેમનો શાળા સુધી લઈ જવાના હતાં. પણ તે સરળ ન હતું. કારણ કે અહીંના લોકોમાં શિક્ષણની અગત્યતાની સમજ ન હતી. જ્યારે બીજી તરફ જે પેઢીઓ પોતાના માતા-પિતા કે અન્ય વડીલો તે ભિક્ષા માંગતા, ચોરી કરતાં જોયા છે, તેમના બાળકો માટે આ પ્રકારના કામ સહજ હતા. તેમનામાં આ કામ પ્રત્યે સૂગ ન હતી. એટલે હવે જો તમારે શિક્ષણની વાત કરવી હોય તો સૌ પ્રથમ તેમના મનોવલણો, માનસિકતામાં પરિવર્તન લાવવું જરૂરી હતું. તો સાથે સાથે વૈકલ્પિક શાળાઓની મદદ દ્વારા બાળકોને શાળાના વાતાવરણથી પરિચિત બનાવી અને શાળામાં ભણવા માટે દાખલ કરવામાં આવ્યા છે.

આજે, બનાસકાંઠા થરાદ તાલુકો, વાવ, દિયોદર, ભાભર, ડિસામાં આ પ્રવૃત્તિ પૂરજોશમાં ચાલે છે. પણ પોતાના આ કામનો સંતોષ લેવાને બદલે જો મિત્તલબેનના શબ્દોમાં કહીએ તો, હજુ તો અડધી સદી જતી રહે તેટલું કામ કરવાનું બાકી છે. આ તો હજુ શરૂઆત છે. કહેવાય છે કે જેનો પ્રારંભ શુભ તેનો અંત પણ શુભ જ.

## 10.2 અન્ય પછાત વર્ગો

વિદ્યાર્થીમિત્રો, આપણે આગળ જોયું તેમ બંધારણમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે વિશેષ જોગવાઈ છે. આ બંને સમૂહો ઉપરાંત ભારતના બંધારણમાં 'અન્ય પછાત વર્ગો'નો ઉલ્લેખ છે. જેમાં સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પછાત વર્ગોનો સમાવેશ થાય છે. અન્ય પછાત વર્ગો માટે સમગ્ર ભારતની કોઈ સૂચિ કે યાદી નથી, પણ શિક્ષણ મંત્રલય અને રાજ્ય સરકારોએ આવી યાદી બનાવી છે. આ યાદીઓમાં કેટલીક વિસંગતતા જોવા મળે છે.

ભારતમાં શ્રી કાકાસાહેબ કાલેલકરની અધ્યક્ષતામાં સૌપ્રથમ 1953માં કમિશન (પંચ) નિમાયું. આ કમિશને દેશમાં 2399 જ્ઞાતિઓને પછાત જ્ઞાતિઓની યાદીમાં સમાવિષ્ટ કરી. આ કમિશને સામાજિક દરજ્જાનો કોટિક્રમ અને પછાતપણાનો માપદંડ સ્વીકાર્યો પરંતુ એમની ભલામણનો સ્વીકાર ન થયો.

ભારત સરકારે બંધારણના અનુચ્છેદ 15 અને 16ના હેતુઓને અનુલક્ષીને 1979માં બીજા પંચને નીમ્યું. આ પંચના અધ્યક્ષ શ્રી.બી.પી.મંડલ હતા. આ પંચ 'મંડલ કમિશન' તરીકે ઓળખાય છે. આ પંચના તજ્જ્ઞોની સમિતિના અધ્યક્ષ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ભારતના સમાજશાસ્ત્રી એમ.એન.શ્રીનિવાસ હતા. મંડલ પંચને નીચેની કામગીરી સોંપવામાં આવી હતી :

(1) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો નક્કી કરવા માટેના માપદંડો નક્કી કરવા માટેના માપદંડો નક્કી કરવા.

(2) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિકાસ માટેનાં પગલાંની ભલામણ કરવી.

(3) જાહેર સેવાઓમાં પર્યાપ્ત પ્રતિનિધિત્વ નથી તેવા પછાતવર્ગોને નોકરીઓમાં અનામતની જોગવાઈ અંગે ભલામળ કરવી.

મંડલ પંચે સામાજિક અને શૈક્ષણિક પછાતપણું નક્કી કરવા અપનાવેલા માપદંડો

મંડલ પંચે સામાજિક અને શૈક્ષણિક પછાતપણું નક્કી કરવા માટે સામાજિક, શૈક્ષણિક અને આર્થિક એવા ત્રણ વિભાગમાં નીચેના માપદંડો અપનાવ્યાં હતા. આ માપદંડો નીચે મુજબ છે :

**(1) સામાજિક માપદંડ :**

સામાજિક પછાતપણું નક્કી કરવા માટે નીચેના ચાર માપદંડ નક્કી કરવામાં આવ્યા હતા :

- જે જ્ઞાતિઓ કે વર્ગો સામાજિક રીતે પછાત ગણાતા હોય.
- જે જ્ઞાતિઓ કે વર્ગો એમની આજીવિકા માટે શારીરિક શ્રમ ઉપર આધાર રાખતા હોય :
- જે જ્ઞાતિઓ કે વર્ગોના ગામડામાં વસતા લોકોના 25 ટકા સ્ત્રીઓ અને 10 ટકા પુરુષો અને શહેરમાં વસતા લોકોના 10 ટકા સ્ત્રીઓ અને 5 ટકા પુરુષો રાજ્યની સરેરાશ કરતાં વધારે સંખ્યામાં 17 વર્ષની નીચેની ઉંમરે લગ્ન કરતા હોય.
- જે જ્ઞાતિઓ કે વર્ગોમાં રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા વધુ સ્ત્રીઓ આજીવિકા માટે કામ કરતી હોય.

**(2) શૈક્ષણિક માપદંડ :**

શૈક્ષણિક પછાતપણું નક્કી કરવા માટે નીચેના ત્રણ માપદંડ અપનાવવામાં આવ્યા હતા :

- રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા વધારે જ્ઞાતિઓ કે વર્ગોનાં 5 થી 15 વર્ષની વયજૂથનાં બાળકો નિશાળે ગયાં જ ન હોય.
- રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા વધારે જે જ્ઞાતિઓ કે વર્ગોના 5 થી 15 વર્ષનાં બાળકો અધવચ્ચે અભ્યાસ છોડી દેતાં હોય.
- રાજ્યની સરેરાશ કરતાં 25 ટકા ઓછા જે જ્ઞાતિઓ / વર્ગોમાં મૅટ્રિક ભણેલા હોય.

**(3) આર્થિક માપદંડ :**

સામાજિક અને શૈક્ષણિક પછાતપણું નક્કી કરવા માટે નીચેના ત્રણ આર્થિક માપદંડ અપનાવવામાં આવ્યા હતા :

- રાજ્યની સરેરાશ કરતાં જે જ્ઞાતિઓ/વર્ગોનાં કુટુંબોની મિલકતની કિંમત 25 ટકા કરતાં ઓછી હોય.
- રાજ્યની સરેરાશ કરતાં જે જ્ઞાતિઓ/વર્ગોના 25 ટકા કરતાં વધારે કુટુંબો કાચા મકાનમાં રહેતા હોય.
- જે જ્ઞાતિઓ/વર્ગોના 25 ટકા કરતાં વધારે કુટુંબોને રોજબરોજની જરૂરિયાત માટે લોન લેવી પડતી હોય છે.

મંડલ પંચે નિષ્ણાતોની સમિતિ નીમીને સર્વેક્ષણ કરાવ્યું હતું. આ સર્વેક્ષણનો હેતુ માહિતી દ્વારા સામાજિક અને શૈક્ષણિક પછાતપણાના એકમો તરીકે જ્ઞાતિનો માપદંડ તરીકે ઉપયોગ કર્યો અને અન્ય પછાત વર્ગોની યાદી તૈયાર કરીને પોતાની ભલામણ સાથેનો અહેવાલ 1980માં ભારત સરકારને સુપ્રત કર્યો. 1982માં આ અહેવાલની ચર્ચા સંસદમાં થઈ.

અમલ, પ્રત્યાઘાત, ન્યાય અને પગલાં

13મી ઑગસ્ટ, 1990ના જાહેરનામાથી તે વખતની ભારત સરકારે મંડલ પંચની ભલામણોનો અમલ કર્યો. આ જાહેરનામાથી ભારત સરકારની સનદી જગ્યાઓ અને સેવાઓમાં અન્ય પછાતવર્ગો (OBCs) ને માટે 27 ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી. અનામતની આ જોગવાઈનો વિશાળ પાયા ઉપર વિરોધ થયો અને સર્વોચ્ચ અદાલતમાં અનામતની જોગવાઈને પડકારતી રિટપિટિશનો થઈ. નામદાર સર્વોચ્ચ અદાલતે 16 નવેમ્બર 1992માં બહુમતીથી ચુકાદો આપ્યો. આ ચુકાદામાં એવી શરત મૂકવામાં આવી કે અનામત અંગેના જાહેરનામાનો અમલ કરવામાં અન્ય પછાતવર્ગોમાં જે વ્યક્તિઓ સામાજિક રીતે વિકસિત છે, તેઓને અનામતના લાભોથી બાકાત રાખવા. આ ઉપરાંત સર્વોચ્ચ અદાલતે ભારત સરકાર અને બધી રાજ્ય સરકારોને અન્ય પછાતવર્ગોની યાદી અંગે લોકોની ફરિયાદ - રજૂઆતને લક્ષમાં લઈને તેમાં આવશ્યક સુધારા-વધારા કરવા માટે કાયમી તંત્ર ઊભું કરવાનો આદેશ આપ્યો. આ આદેશને અનુલક્ષીને 1993માં પછાતવર્ગો માટેના રાષ્ટ્રીય પંચની રચના કરવામાં આવી. પ્રસંગોપાત તેની પુનર્રચના કરવામાં આવે છે. 1999માં ભારત સરકારે નિષ્ણાંતોની સમિતિ નીમી. આ સમિતિને અન્ય પછાતવર્ગોમાંથી વિકસિત વ્યક્તિઓને ઓળખી કાઢવાનું કામ સોંપવામાં આવ્યું. જેથી અન્ય પછાતવર્ગોને મળતા અનામતના લાભોથી તેઓને બાકાત રાખી શકાય અને જરૂરિયાતમંદ વંચિત રહેવા ન પામે.

## 10.3 ગુજરાતમાં અન્ય પછાત વર્ગો

આનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સિવાયના સમાજના બીજા કયા કયા સ્તરના લોકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે, તે નક્કી કરવા માટે ગુજરાત સરકારે 1972માં ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ અને કાયદાપંચના અધ્યક્ષ શ્રી એ. આર.બક્ષીના અધ્યક્ષપદ હેઠળ પંચ (કમિશન)ની નિમણૂંક કરી. આ પંચ 'બક્ષીપંચ' તરીકે જાણીતું છે. આ પંચે નિષ્ણાતોની સમિતિ નીમી. આ સમિતિના સભ્યોમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ગુજરાતના સમાજશાસ્ત્રી આઈ.પી.દેસાઈ પણ હતા. આ પંચે હાથ ધરેલા સર્વેક્ષણના કામમાં આઈ.પી.દેસાઈએ 'ટેક્નિકલ એરિયા કન્સલ્ટન્ટ' તરીકે માનદ્ સેવા આપી હતી. ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગનાં તત્કાલીન અધ્યક્ષ તારાબહેન પટેલ અને એમની ટીમનું પણ યોગદાન મહત્ત્વનું રહેલું. બક્ષીપંચે કોઈ સમૂહના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતપણાને નક્કી કરવા 'જ્ઞાતિ'ને એકમ તરીકે ગણી હતી.

બક્ષીપંચે જુદાં જુદાં સમૂહોની સામાજિક-આર્થિક, શૈક્ષણિક પરિસ્થિતિનો અભ્યાસ કરીને તથા જુદાં-જુદાં રજૂઆતો સાંભળીને વિવિધ ધર્મની 82 જ્ઞાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે

પછાત ગણવાની ભલામણ કરી, 1976માં બક્ષીપંચે પોતાનો અહેવાલ ગુજરાત સરકારને સુપરત કર્યો. બક્ષીપંચે જે જ્ઞાતિઓ/વર્ગો/જૂથોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણી તેને અંગ્રેજીમાં Socially and Educationally Backward Classes (SEBC) કહે છે. આ યાદીમાં પ્રસંગોપાત સુધારો થતો રહ્યો છે. આ અન્ય પછાતવર્ગો માટે 'પક્ષીપંચની જ્ઞાતિઓ' જેવો શબ્દ પણ પ્રચલિત થવા પામ્યો. બક્ષીપંચે નક્કી કરી આપેલી આ 82 પછાતજ્ઞાતિઓને રાજ્ય સરકારે ગુજરાતમાં સરકારી, અર્ધસરકારી ખાતાંઓ તથા શિક્ષણસંસ્થાઓમાં અનામત બેઠકો આપી. કેટલીક પછાતજ્ઞાતિઓ કે જેઓને બક્ષીપંચની યાદીમાં સમાવિષ્ટ કરવામાં નહોતી આવી, તે જ્ઞાતિઓએ પોતે પછાત હોવાનો દાવો રજૂ કરીને પોતાનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતજ્ઞાતિઓની યાદીમાં સમાવેશ કરવાની માગણી કરી. આથી ગુજરાત સરકારે 1981માં સામાજિક અને આર્થિક પછાતપણું નક્કી કરવા માટે ન્યાયમૂર્તિ શ્રી રાણેના અધ્યક્ષપદે પંચની નિમણૂક કરી. આ પંચે 'રાણે પંચ' તરીકે ઓળખાયું.

આ પછી ગોપાલકૃષ્ણ કમિશન અને સુજ્ઞાબેન ભટ્ટ કમિશનનો સમાવેશ થાય છે. 2004 સુધી ગુજરાતમાં 135 જેટલી જ્ઞાતિઓને અન્ય પછાત વર્ગોમાં સમાવિષ્ટ કરવામાં આવી. હાલમાં લગભગ 145 જેટલી જ્ઞાતિઓનો એમાં સમાવેશ થાય છે. જેને 27 ટકા લેખે શિક્ષણ, નોકરી અને રાજકીય ક્ષેત્રે અનામત મળે છે. આ બધાં ક્ષેત્રોમાં આવક મર્યાદાને લક્ષમાં લેવામાં આવે છે. એટલે કે ક્રીમીલેયરમાં આવતા SEBCનાં લોકોને અનામતનો લાભ મળતો નથી.

આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત સમૂહો ઉપરાંત વિચરતી-વિમુક્ત જાતિઓ, લઘુમતી કોમ વગેરે પણ સમાજમાં જોવા મળે છે.

## 10.4 ભારતનું બંધારણ અને અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત સમૂહો

પ્રજાસત્તાક ભારતે પોતાનું આગવું બંધારણ સ્વીકાર્યું. ડૉ.બી.આર.આંબેડકરે બંધારણ સંબંધી ડ્રાફ્ટ કમિટીના અધ્યક્ષ તરીકેની ભૂમિકા ભજવી. બંધારણના ઘડવૈયાઓએ ભારતને એક સાર્વભોમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકતંત્રાત્મક અને પ્રજાસત્તાક તરીકે સસ્થાપિત કરવાનો ગંભીરતાપૂર્વકનો સંકલ્પ કર્યો. દરેક નાગરિકને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા મળી રહે એવી જોગવાઈ કરી.

બંધારણમાં કેટલાંક સમૂહોને વિશિષ્ટ લાભ આપવા માટે અલગ તારવવામાં આવ્યા. જેવા કે (1) અનુસૂચિત જાતિઓ (2) અનુસૂચિત જનજાતિઓ (3) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત સમૂહો. આ ઉપરાંત લઘુમતીઓ માટે પણ કેટલીક વિશેષ જોગવાઈઓ કરવામાં આવી.

**બંધારણ અને અનુસૂચિત જાતિઓ.**

અનુસૂચિત જાતિઓને બંધારણમાં ખાસ સંરક્ષણ આપવામાં આવ્યું. સામાજિક અન્યાયો અને શોષણમાંથી બંધારણીય રીતે મુક્તિ આપવામાં આવી છે એટલું જ નહિ આ માટે રાજ્યને ફરજ પાડવામાં આવે છે.

બંધારણના ત્રીજા ભાગ ઉપરાંત નાગરિકના મૂળભૂત અધિકારોની કેટલીક જોગવાઈ કરવામાં આવી છે. આ વિશેની માહિતી તમે ધોરણ-10માં મેળવી છે.

બંધારણીય જોગવાઈઓ :

કલમ : 14 થી 17, 46, 330, 332, 334, 335

કલમ : 14 - કાયદા સમક્ષ સમાનતા.

કલમ : 15 - ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનના કારણે ભેદભાવનો નિષેધ

કલમ : 16-જાહેર નોકરીઓ બાબતમાં તકની સમાનતા

કલમ : 17 અસ્પૃશ્યતા નાબૂદી

કલમ : 46-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય નબળા વર્ગોનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની અભિવૃદ્ધિ

કલમ : 330- લોકસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામત બેઠકો

કલમ : 332-રાજ્યોની વિધાનસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામત બેઠકો

કલમ : 334-રાજકીય અનામત બેઠકોનો સિત્તેર વર્ષ પછી અંત આવશે.

કલમ : 335-અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના સેવાઓ અને જગ્યાઓ માટે હક દાવાઓ

**અનુસૂચિત જાતિ કલ્યાણ યોજનાઓ**

ભારત સરકાર અને ગુજરાત સરકારે અનુસૂચિત જાતિ કલ્યાણ યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા ઉત્કર્ષ પ્રવૃત્તિઓ હાથ ધરી છે. વિદ્યાર્થીમિત્રો, તમારે એ જરૂર જાણવું જોઈએ કે સરકાર દ્વારા અનુસૂચિત જાતિઓનાં શિક્ષણ માટે યુનિફૉર્મ, આશ્રમશાળા, છાત્રાલય, ફી માફી, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન, અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓનાં બાળકોને શિષ્યવૃત્તિ, નિઃશુલ્ક ભોજન, ઓછા વ્યાજે લોન, વિદેશી તાલીમ વગેરે માટે સરકાર પ્રોત્સાહિત કરે છે.

અનુસૂચિત જાતિઓના આર્થિક વિકાસ માટે ખેડૂતોને સહાય, લઘુ ઉદ્યોગ માટે લોન, તબીબી સ્નાતકો, વકીલો વગેરેને લોન ઉપરાંત મહિલા ઉદ્યોગ સાહસિકોને મદદ કરાય છે.

આ ઉપરાંત આંતરજ્ઞાતીય લગ્નને પ્રોત્સાહન, ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર બાંધવા સહાય, સમૂહલગ્નને પ્રોત્સાહન, સમૂહ વીમા અને કેટલીક આફતો પર સહાય આપવાનું વિચારાયેલું છે.

ભારતમાં આદિવાસીઓના વિકાસ અર્થે વિવિધ વિકાસ કાર્યક્રમોનું આયોજન થયું છે.

**આદિવાસી વિકાસ માટેના કાર્યક્રમો :**

(1) અનુસૂચિત જનજાતિને ધ્યાનમાં લઈ ઘડાયેલ કાર્યક્રમો - 1951

(2) પંડિત જવાહરલાલ નહેરુએ આપેલ પંચશીલનો સિદ્ધાંત - 1956

(3) અનુસૂચિત જનજાતિના વિકાસ માટે આદિવાસી બ્લૉકની રચના - 1961

(4) ગુજરાત આદિવાસી વિકાસ નિગમની રચના - 1972

(5) સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેક્ટ - 1974

(6) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ - 1976

(7) અનુસૂચિત જનજાતિનાં કુટુંબોને ગરીબી રેખાથી ઉપર લાવવા ગરીબી નિવારણ કાર્યક્રમો - 1982

(8) અનુસૂચિત જનજાતિ સરકારી બજાર સંઘ (નાણાકીય સંસ્થા) - 1987

(9) રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને જનજાતિ નાણાં અને વિકાસ નિગમ - 1989

(10) અનુસૂચિત જાતિ-જનજાતિ અત્યાચાર નિવારણ ધારો - 1989

(11) પંચાયતોમાં પ્રતિનિધિત્વ સંદર્ભે બંધારણનો 73 અને 74મો સુધારો - 1993

(12) પંચાયત સંદર્ભે પેસા (pesa) ઍક્ટ જેમાં પંચાયત રાજની સંસ્થાઓ અને ગ્રામસભાને પાયાગત કક્ષાએ અનુસૂચિત જનજાતિના સહભાગી વિકાસને ટેકો આપવો - 1996

(13) અભિગમ બદલાવ - કલ્યાણથી વિકાસ અને જનજાતિ સશક્તિકરણ - 1997

(14) ન્યૂ ગુજરાત પેટર્ન - 1998-99

(15) મિનિસ્ટ્રી ઑફ ટ્રાયબલ અફેર્સ સ્થાપના - 1999

(16) વનબંધુ કલ્યાણ યોજના - 2007

**અન્ય પછાત સમૂહો માટે ભારત અને ગુજરાતમાં વિવિધ કલ્યાણ યોજનાઓની ટૂંક માહિતી :**

- શૈક્ષણિક યોજનાઓમાં આવક મર્યાદાને ધ્યાનમાં રાખી ટ્યૂશન ફી તેમજ પરીક્ષા ફીમાંથી મુક્તિ.
- વિવિધ અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ
- ગણવેશ સહાય યોજના
- ઓછા વ્યાજે લોન
- વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ માટે સરકારી છાત્રાલયોની સુવિધા
- તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન

**આર્થિક યોજનાઓ**

(1) માનવ ગરિમા યોજના હેઠળ કુટિર ઉદ્યોગો સહિત સ્વ-રોજગારી માટે નાણાકીય સહાય.

(2) કાયદા અને તબીબી સ્નાતકોને પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે વાર્ષિક 4 ટકાના દરે લોન.

(3) શિક્ષણ વર્ગો અને કમ્પ્યુટરની તાલીમ માટે માસિક સ્ટાઈપેન્ડ આપવાની યોજના.

(4) આઈ.એ.એસ./આઈ.પી.એસ.ની તાલીમ માટેના વર્ગો માટે સ્ટાઈપેન્ડ તેમજ પુસ્તકો ખરીદવા આર્થિક સહાય.

**અનામત નીતિ**

સમાજના નબળા વર્ગના સમૂહો તરીકે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત સમૂહો માટેનાં રક્ષણ અને વિકાસ માટે વિવિધ કલ્યાણ પ્રવૃત્તિઓ ઉપરાંત અનામતની જોગવાઈ કરવામાં આવી છે. અનામતની નીતિ સમાજના નબળા વર્ગોની તરફેણમાં રક્ષિત ભેદભાવની નીતિ છે. સામાજિક સમતા અને ન્યાયની સ્થાપના માટેનું કલ્યાણકારી પગલું છે.

આ ઉપરાંત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અને સરકારી નોકરીઓમાં વય મર્યાદામાં છૂટછાટ આપવામાં આવે છે.

વિદ્યાર્થીમિત્રો, આપણે જોયું કે, સમાજના નબળા સમૂહોને સશક્ત બનાવવા પ્રયત્નો થયા છે. તેવી જ રીતે મહિલાઓના સશક્તિકરણ માટે પ્રયત્નો થયા છે જેના વિશેની માહિતી હવે પછીના એકમમાં મેળવીશું.

**10.5 ભારતમાં રાજ્યવાર અનુસૂચિત જનજાતિની વસ્તી**

| ક્રમ | રાજ્ય/કેન્દ્રશાસિત વિસ્તાર | કુલ વસ્તી | આદિવાસી વસ્તી | કુલ વસ્તીમાં ટકા |
|---|---|---|---|---|
| 1. | જમ્મુ-કશ્મીર | 12548926 | 1493299 | 11.89 |
| 2. | હિમાચલ પ્રદેશ | 6856509 | 392126 | 5.72 |
| 3. | પંજાબ | 27704236 | 0 | 0 |
| 4. | ચંદીગઢ | 1054686 | 0 | 0 |
| 5. | ઉત્તરાંચલ | 10116752 | 291903 | 2.88 |
| 6. | હરિયાણા | 25353081 | 0 | 0 |
| 7. | દિલ્હી | 16753235 | 0 | 0 |
| 8. | રાજસ્થાન | 68621012 | 9238534 | 13.46 |

| | | | | |
|---|---|---|---|---|
| 9. | ઉત્તરપ્રદેશ | 199581477 | 1134273 | 0.57 |
| 10. | બિહાર | 103804637 | 1336573 | 1.29 |
| 11. | સિક્કીમ | 607688 | 206360 | 33.96 |
| 12. | અરુણાચલ પ્રદેશ | 1382611 | 951821 | 68.84 |
| 13. | નાગાલૅન્ડ | 1980602 | 1710973 | 86.39 |
| 14. | મણિપુર | 2855794 | 902740 | 31.61 |
| 15. | મિઝોરમ | 1091014 | 1036115 | 94.97 |
| 16. | ત્રિપુરા | 3671032 | 1166813 | 31.78 |
| 17. | મેઘાલય | 2964007 | 2555861 | 86.23 |
| 18. | આસામ | 31169272 | 3884371 | 12.46 |
| 19. | પશ્ચિમ બંગાળ | 91347736 | 5296953 | 5.79 |
| 20. | ઝારખંડ | 32966238 | 8645042 | 26.22 |
| 21. | ઓરિસ્સા | 41947358 | 9590756 | 22.8 |
| 22. | છત્તીસગઢ | 25540196 | 7822902 | 30.63 |
| 23. | મધ્યપ્રદેશ | 72597565 | 15316784 | 21.09 |
| 24. | ગુજરાત | 60439692 | 8917174 | 14.75 |
| 25. | દમણ અને દીવ | 242911 | 15363 | 6.32 |
| 26. | દાદરા અને નગરહવેલી | 342853 | 178564 | 52.08 |
| 27. | મહારાષ્ટ્ર | 112372972 | 10510213 | 9.35 |
| 28. | આંધ્રપ્રદેશ | 84665533 | 5918073 | 6.98 |
| 29. | કર્ણાટક | 61130704 | 4248987 | 6.95 |
| 30. | ગોવા | 1457723 | 149275 | 10.24 |
| 31. | લક્ષદ્વિપ | 64429 | 61120 | 94.86 |
| 32. | કેરાલા | 33387677 | 484839 | 1.45 |
| 33. | તમિલનાડુ | 72138958 | 794697 | 1.1 |
| 34. | પોંડિચેરી | 1244464 | 0 | 0 |
| 35. | આંદામાન-નિકોબાર | 379944 | 28530 | 7.51 |
| | **ભારત** | **1210854977** | **104281034** | **8.61** |

**(સંદર્ભ : ભારતની વસ્તી ગણતરી - 2011)**

**10.6 ગુજરાતમાં જિલ્લાપાટ અનુસૂચિત જનજાતિની વસ્તી**

| ક્રમ | રાજ્ય/કેન્દ્રશાસિત વિસ્તાર | કુલ વસ્તી | આદિવાસી વસ્તી | કુલ વસ્તીમાં ટકા |
|---|---|---|---|---|
| 1. | કચ્છ | 2092371 | 24228 | 1.16 |
| 2. | બનાસકાંઠા | 3120506 | 284155 | 9.11 |
| 3. | પાટણ | 1343734 | 13303 | 0.99 |
| 4. | મહેસાણા | 2035064 | 9392 | 0.46 |
| 5. | સાબરકાંઠા | 2428589 | 542156 | 22.32 |
| 6. | ગાંધીનગર | 1391573 | 18204 | 1.31 |
| 7. | અમદાવાદ | 7214225 | 89138 | 1.24 |
| 8. | સુરેન્દ્રનગર | 1756268 | 21453 | 1.22 |
| 9. | રાજકોટ | 3804558 | 24017 | 0.63 |
| 10. | જામનગર | 2160119 | 24187 | 1.12 |
| 11. | પોરબંદર | 585449 | 13039 | 2.23 |
| 12. | જૂનાગઢ | 2743082 | 55571 | 2.03 |
| 13. | અમરેલી | 1514190 | 7322 | 0.48 |
| 14. | ભાવનગર | 2880365 | 9110 | 0.32 |
| 15. | આણંદ | 2092745 | 24824 | 1.19 |
| 16. | ખેડા | 2299885 | 40336 | 1.75 |
| 17. | પંચમહાલ | 2390776 | 721604 | 30.18 |
| 18. | દાહોદ | 2127086 | 1580850 | 74.32 |
| 19. | વડોદરા | 4165626 | 1149901 | 27.6 |
| 20. | નર્મદા | 590297 | 481392 | 81.55 |
| 21. | ભરૂચ | 1551019 | 488194 | 31.48 |
| 22. | ડાંગ | 228291 | 216073 | 94.65 |
| 23. | નવસારી | 1329672 | 639659 | 48.11 |
| 24. | વલસાડ | 1705678 | 902794 | 52.93 |
| 25. | સુરત | 6081322 | 856952 | 14.09 |
| 26. | તાપી | 807022 | 679320 | 84.18 |
| | **ગુજરાત** | **60439692** | **8917174** | **14.75** |

**(સંદર્ભ : ગુજરાતની વસ્તી ગણતરી - 2011)**

## 10.7 પછાત વર્ગો માટેની ગુજરાત સરકારની યોજનાઓ

આજે દરેક દેશ કે રાજ્યનું મુખ્ય ધ્યેય ઝડપી આર્થિક વિકાસ છે. આર્થિક વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે છેવાડાના લોકો સુધી વિકાસના લાભ પહોંચી શકે. ભારતનો ઈતિહાસ એ સાક્ષી છે કે ગુજરાત હંમેશા પથદર્શક બનતુ રાજય છે. જેણે અનુસૂચિત જાતિની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લઈ સામાજિક આર્થિક અને શૈક્ષણિક વિકાસ સાધી શક્યા છે. અનુસૂચિત જાતિઓના સર્વાંગી વિકાસ માટેની વિવિધ કલ્યાણકારી વિકાસલક્ષી અને પરિણામલક્ષી યોજનાઓ જેવી કે શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય, ગૃહનિર્માણ અને અન્ય યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. વંચિતોના જીવનમાંથી ગરીબી, લાચારી, બેકારી અને નિરક્ષરતા નાબૂદ કરી તેમને શક્તિશાળી બનાવવા, ગૌરવપૂર્વક જીવન બક્ષવા અને સમગ્રરીતે વિકાસ થાય તે માટે અનેક પગલા ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવ્યા આમ ગુજરાતે દેશને મહાન રાષ્ટ્રના નિર્માણ અને પ્રગતિમાં નવીજ દિશા દેખાડવાનું ધ્યેય પ્રાપ્ત કર્યું છે.

- **સમાજના પછાત વર્ગો માટેની યોજનાઓ :-**

- અનુસૂચિત જાતિ કલ્યાણક્ષેત્રે વર્ષ 2011-12માં રાજયના 34 હજાર વિદ્યાર્થીઓએ સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો, આશ્રમશાળાઅને આદર્શ નિવાસ શાળાઓનો લાભ લીધો હતો.
- ધો.11-12 થી અનુસ્નાતક સુધીનો અભ્યાસ કરતી પછાત વર્ગની કન્યાઓ શિક્ષણથી વંચિત રહી ન જાય તે માટે રાજ્ય સરકારના ફંડમાંથી રૂ.230 થી 1200 સુધીની શિષ્યવૃત્તિ આપવાનો નિર્ણય કરાયો છે. આ હેતુ માટે રૂ.3 કરોડની જોગવાઈ કરાઈ છે.
- ધો.1 થી 10 માં ભણતાં વિદ્યાર્થીઓને અપાતી શિષ્યવૃત્તિ તથા ગણવેશ સહાયના દરોમાં વધારો કરવામાં આવ્યો. એક જ વર્ષમાં 45 લાખ 66 હજાર વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ અને ગણવેશ પાછળ રૂ.244.21 કરોડ ખર્ચ થયો છે.
- કોમર્શિયલ પાયલોટ બનવા મો અપાતી લોન રૂ.15 લાખથી વધારીને રૂ.20 લાખ કરવામાં આવી.
- વિદેશમાં કોમ્પ્યુટર, આઈ.ટી., એમ.બી.એ., જેવા ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમો માટે લોન આપવામાં આવે છે.
- જે યોજનાઓમાં આવક મર્યાદાનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.27,000 અને શહેરી વિસ્તાર માટે રૂ.36,000 થી ઓછુ હોય તેવી યોજનાઓમાં આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ.27,000 અને શહેરી વિસ્તારમાં રૂ.36,000 રાખવાનો નિર્ણય કર્યો છે.
- ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ 2,300 સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને આવાસનો લાભ આપવામાં આવ્યો છે.
- ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ભણતા પછાત જાતિના વિદ્યાર્થીઓને અપાતી શિષ્યવૃતિમાં વધારો કરવામાં આવ્યો.
- પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત છેવાડાના અતિ પછાત, વિચરતી, વિમુક્ત જાતિના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક રીતે પછાત વર્ગના 6,913 લાભાર્થીઓને મકાન બાંધવા મો રૂ.19.37 કરોડની સહાય ચૂકવવામાં આવી.
- એઈડ્સ પીડિતો મો રૂ. 500 પ્રતિ માસ સહાય.
- આગામી 5 વર્ષમા વનબંધુ કલ્યાણ યોજનાના બીજા તબક્કાના ભાગ એ રૂ.40,000 કરોડનું આયોજન કરવામાં આવ્યું છે.
- આદિજાતિ વનબંધુઓના 10,000 જેટલા કુટુંબોને સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ દૂધાળાં પશુઓ પુરા પાડવામાં આવ્યા છે.

- **પછાત વર્ગની મહિલાઓના કલ્યાણ પર વિશેષ ધ્યાન :-**

- અનુસૂચિત જાતિની કન્યાઓને વાર્ષિક આવક મર્યાદાને ધ્યાનમા લીધા વિના પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ નો લાભ આપવામાં આવે છે. આ રીતે 6,102 કન્યાઓને રૂ.2.71 કરોડના ખર્ચે આવી શિષ્યવૃત્તિ આપવામાં આવી છે.
- મહિલા નોકરિયાતો તથા ઉચ્ચ અભ્યાસ કરતી મહિલાઓ માટે શહેરોમા વિમેન્સ હોસ્ટેલો બનશે.
- કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત પછાત જાતિઓની કન્યાઓના લગ્ન પ્રસંગે અપાતી સહાય રૂ.5,000 થી વધારીને 10,000 કરવામા આવી છે.
- સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધો.8માં ભણતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગની 27154 કન્યાઓને રૂ.5 કરોડના ખર્ચે વિનામૂલ્યે સાયકલ આપવામાં આવી છે.
- સેલ્ફ ફાયનાન્સ કૉલેજોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને રૂ.50,000 સુધીની સહાય આપવાની યોજના શરૂ કરવામાં આવી છે.

- **ગુજરાતમા વિકસતી જાતિના કલ્યાણ માટેની ધ્યાનાકર્ષક યોજનાઓ :-**

- રાજ્ય સરકારે બક્ષીપંચની ભલામણોનો તા.1-4-1978 થી અમલ કરતા રાજ્યના સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના સર્વાંગી વિકાસ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી આ યોજનાઓને ચાર વિભાગમાં વહેચવામાં આવી છે.

  1. શૈક્ષણિક યોજનાઓ
  2. આર્થિક ઉત્કર્ષની યોજનાઓ
  3. આરોગ્ય ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ
  4. નિર્દેશ અને વહીવટ

આ યોજનાઓના ઝડપી અને અસરકારક અમલ માટે તા.6-10-1990થી રાજ્યકક્ષાએ અલગ નિયામકની કચેરી કાર્યવંત કરવામાં આવી.

- **(1) શૈક્ષણિક યોજનાઓ :**

- ધો.1 થી 8 મા અભ્યાસ કરતા બક્ષીપંચના વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.250/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- પછાત વર્ગોના ધો.9 થી 10 મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.400/- શિષ્યવૃત્તિ આપવામા આવે છે.
- અતિપછાત જાતિના ધો.1 થી 10 મા ભણતા હોસ્ટેલર અને ડે સ્કોલર વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.250/- થી રૂ.2500 સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- બક્ષીપંચના વિદ્યાર્થીઓને પોસ્ટ એસ.એસ.સી. ના અભ્યાસક્રમો માસિક રૂ.115 થી 425 સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- ઉચ્ચતર માધ્યમિક ધો.11 અને 12 મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ.475/- સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- ધો 1 થી 7 મા ભણતાં બાળકોને બે જોડ ગણવેશ માટે રૂ.300/- રોકડા આપવામા આવે છે.
- ધો 1 થી 7 મા અભ્યાસ કરતા વિચરતી-વિમુક્ત જાતિ પૈકી અતિપછાત જાતિના કુમારને વાર્ષિક રૂ. 450/- અને કન્યાને રૂ.600/- ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિ આપવમાં આવે છે.
- આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરતાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને માસિક રૂ.400/- સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

- સ્વ નિર્ભર કૉલેજમા અભ્યાસ કરતા વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન ફી, શિક્ષણ ફી તેમજ શિષ્યવૃત્તિ માટે રૂ.50,000/- સુધીની સહાય આપવાની નવી યોજના શરૂ કરવામાં આવી છે.
- રાજ્યમા બક્ષીપંચના વિદ્યાર્થીઓ મો રહેવાની અને જમવાની સંયુક્ત સુવિધાવાળા 723 ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયો ચાલે છે. જેમા 35183 વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યાં છે.
- બક્ષીપંચના વિદ્યાર્થીઓ મો 187 આશ્રમશાળાઓ ગ્રાન્ટ-ઈન-એઈડ ના ધોરણો ચાલે છે. જેમા 22000 વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવા, જમવા તેમજ ભણવાની સવલતો આપવામા આવી રહી છે.
- કૉલેજ કક્ષાના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં બક્ષીપંચના વિદ્યાર્થી માટે રાજ્યના 63 સરકારી છાત્રાલયો ચાલે છે જેમા 3595 વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા અને જમવાની સંયુક્ત સુવિધાવળી 33 આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે. જેમાં 4025 વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યાં છે.
- બક્ષીપંચના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે રહેવા અને જમવાની સંયુક્ત સુવિધાવાળી 33 આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે. જેમા 4025 વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યાં છે.
- ધો. 8 મા ભણતી બક્ષીપંચની કન્યાઓને વિનામૂલ્યે સાયકલ આપવામા આવી છે.
- સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશમા ઉચ્ચ અભ્યાસ માટે રૂ.10 લાખની 4% ના દરે લોન આપવામા આવે છે.
- સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને એમ.ફિલ. ના અભ્યાસ ક્રમ માટે માસિક રૂ.2500 અને Ph.d માટે માસિક રૂ.3000/- પ્રતિકા આપવામાં આવે છે.

◆ **આર્થિક ઉત્કર્ષની યોજનાઓ :**

- બક્ષીપંચના ઈસમોને નાના ગૃહઉદ્યોગ ધંધાઓ માટે બેંકેબલ યોજના હેઠળ રૂ.10,000/- સુધીની સબસીડી આપવામા આવે છે.

◆ **સત્યવાદી રાજા હરિચંદ્ર મરણોત્તર સહાય :**

- કફન કાઠી સહાય પેટે રૂ.2500/- ની સહાય આપવામા આવે છે. વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્યવિસ્તાર માટે રૂ.27,000/- શહેરી વિસ્તાર માટે રૂ.36,000 છે.

◆ **છેલ્લા દસકામાં ગુજરાતમાં વંચિતોનો વિકાસ માટે લેવાયેલા પગલાંઓની સમીક્ષા :**

વર્ષ 1990 મા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ આર્થિક પછાતવર્ગ, લઘુમતિ અને વિચરતી-વિમુક્ત જાતિઓ માટેની યોજનાઓના અમલ માટે રાજ્ય કક્ષાએ અલગ નિયામક કચેરી શરૂ કરવામાં આવી હતી.

- વર્ષ 2000 પહેલા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય શાળાઓ ખુલ્યા પછી નવેમ્બર-ડિસેમ્બર મહિનામાં ચુકવવામાં આવતી હતી. છેલ્લા દસકામાં શિષ્યવૃત્તિ ચુકવવાની પદ્ધતિમા ફેરફાર કરીને પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શાળા ખુલતાની સાથે જ પ્રવેશોત્સવમાં શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય ચુકવવાની નીતિ અમલમા મુકવામા આવી છે. 2001 પછી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ વખતે જ 7.49 કરોડ વિદ્યાર્થીઓને રૂ.1948.25 કરોડની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય ચૂકવવામા આવેલ છે.
- વર્ષ 2000 પહેલાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે સહાય આપવાની કોઈ યોજના અમલમા ન હતી. જ્યારે 2001-2012 ના સમયગાળામા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને વિદેશમા મેડીકલ, એન્જિનિયરિંગ, કમ્પ્યુટર, પી.એચ.ડી. સંશોધન જેવા ઉચ્ચકક્ષાના અભ્યાસ માટે રૂ.10 લાખની લોન આપવાની નવી યોજના શરૂ કરવામા આવી છે આ યોજના હેઠળ 2001-2012 સુધીમા 254 વિદ્યાર્થીઓ ને રૂ.18.67 કરોડની લોન આપવામાં આવી છે.

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને વર્ષ 2000 પહેલાં પાયલોટની તાલીમ માટે માત્ર રૂ. 2 લાખ આપવામા આવતી હતી. પરંતુ છેલ્લા દસકાથી પાયલોય માટેની લોન વધારીને રૂ.20 લાખની આપવામાં આવે છે.
- વર્ષ 2000 પહેલાં આદર્શ નિવાસી શાળાઓમા મદદનીશ શિક્ષકો અને આચાર્યોની પુરતી જગ્યાઓ પૂરતી ન ભરાવાને લીધે S.S.C. નું પરિણામ 40 થી 45% જેટલું આવતુ હતુ પરંતુ પરિણામમાં ઉત્તરોત્તર વધારો થતાં હાલ આદર્શ નિવાસી શાળાઓનું પરિણામ 99.66% જેટલું આવે છે.
- પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામા વર્ષ 2000 પહેલા 31.135 લોકોને રૂ.17.94 કરોડની સહાય આપવામા આવી છે. જ્યારે 2001-2012ના સમયગાળામા 1.38 લાખ લાભાર્થીઓને મકાન બનાવવા રૂ.295.67 કરોડની સહાય આપવામા આવી છે. જેમાં કલસ્ટર સહિત 530 વસાહતો બાંધવામા આવી છે.
- રાજયમા સરકારી છાત્રાલયો વર્ષ 2000 પહેલા ફક્ત એક જ સરકારી મકાન હતું જેના કારણે વિદ્યાર્થીઓને પૂરતી સુવિધાનો અભાવ હતો. જ્યારે 2001-2012 સુધીમા નવા 18 સરકારી છાત્રાલયો રૂ.17.13 કરોડના મકાનો બનાવેલ છે. જ્યારે રૂ.14 કરોડના બીજાં નવા 11 સરકારી છાત્રાલયના મકાન નિર્માણધીન છે.
- રાજયમા આવેલ આદર્શ નિવાસી શાળાની વર્ષ 2000 પહેલા ફક્ત 4 આદર્શ નિવાસી શાળા સરકારી મકાનોમા ચાલતી હતી. પરંતુ 2001-2012 મા રૂ.8.07 કરોડના ખર્ચે કુલ 3 નવા સરકારી મકાનો બનાવામા આવ્યા જ્યારે રૂ. 29 કરોડના ખર્ચે 6 સરકારી મકાનો બનાવવાનું કામ ચાલુ છે. આ ઉપરાંત ચાલુ વર્ષ બીજા રૂ.40 કરોડના ખર્ચે નવી 6 આદર્શ નિવાસી શાળાના સરકારી મકાનો બનાવવામા આવશે.
- વર્ષ 2000 પહેલા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક રીતે પછાતવર્ગની 28.214 કન્યાઓના લગ્ન પ્રસંગે મામેરા માટે રૂ.35.70 કરોડની સહાય આપવામાં આવી છે.
- વર્ષ 2000 પહેલા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના 619 યુગલોને સમૂહ લગ્ન માટે રૂ.34.55 લાખની સહાય ચૂકવવામા આવી હતી. પરંતુ આજે 2001-2012 સુધીમા 9720 યુગલોને સમૂહ લગ્ન માટે રૂ.4.22 કરોડની સહાય આપવામા આવી છે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ધો.8માં ભણતી કન્યાઓને વર્ષ 2000 સુધીમાં 64611 કન્યાઓને રૂ.7.58 કરોડની સાયકલ/સાયકલ સહાય આવવામા આવી હતી. જ્યારે 2001-2012ના ગાળામા 3.52 લાખ કનયાઓને રૂ.59.67 કરોડની સાયકલ સાયકલ સહાય આપવામાં આવી છે.
- વર્ષ 2000માં પછાતવર્ગના યુવક યુવતીઓને એરહૉસ્ટેસ એન્ડ હોસ્પિટાલિટી મેનેજમેન્ટની તાલીમ આપવા અંગેની કોઈ યોજના અમલમા નહતી. પરંતુ આજે વિદ્યાર્થીઓને એરહૉસ્ટેસ એન્ડ હોસ્પિટાલિટી મેનેજમેન્ટ મો રૂ.1.25 લાખના ખર્ચે તાલીમ આપવા માટે નવી યોજના શરૂ કરવામાં આવી.
- 2005 પહેલાં બક્ષીપંચના 515 છાત્રાલયમા 19,144 વિદ્યાર્થીઓને રહેવા-જમવાની મફત સુવિધા આપવામા આવતી હતી. જ્યારે 2005-2012 સુધી ના સમયગાળામા નવા 208 છાત્રાલયો શરૂ કરવામાં આવ્યા. આમ આજે કુલ 723 છાત્રાલયોમાં 36183 વિદ્યાર્થીઓને સુવિધા આપવામાં આવે છે.

આમ ગુજરાત રાજ્યે છેવાડાના વિસ્તાર સુધી સામાજિક શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રના સમતોલ અને સર્વાંગી વિકાસ માટે અનેક યોજનાઓ અમલમા મૂકી છે. આ યોજનાઓ વિવિધલક્ષી છે. વ્યક્તિગત લાભાર્થીલક્ષી પણ છે. ગુજરાત સરકારે આ યોજનાઓના ફળ છેવાડાના વિસ્તાર સુધી પહોંચાડવા અનેક હકારાત્મક પરિણામો હાંસલ કર્યા છે.

## 10.8 દલિતોના મસીહા ડૉ. બાબાસાહેબ આંબેડકર

આપણા લોકલાડીલા નેતા બાબાસાહેબ આંબેડકરે ભાવિ પ્રજાને ધ્યાનમાં રાખીને નવા સમાજની રચના કરવામા સૂચન કર્યું છે. અહીં બાબા સાહેબની દીર્ઘદૃષ્ટિનું આપણને દર્શન થાય છે. આપણા આ બંધારણમાં નાગરિકતા વ્યક્તિત્વના વિકાસને માટે આમુખની સાથે જરૂરી એવા મૂળભૂત હક્કોની યાદીને પણ સમાવવામાં આવી છે. સમાનતાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર, શોષણ સામેના રક્ષણનો અધિકાર, ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર, સાંસ્કૃતિક અધિકાર અને શૈક્ષણિક અધિકાર અને શૈક્ષણિક અધિકાર અને બંધારણીય ઈલાજોનો અધિકાર નાગરિકોને આપવામાં આવ્યો છે.

દલિતોના મસીહા આપણા લોકલાડીલા રાષ્ટ્રીયનેતા અને સામાજિક ન્યાયના સેનાની ડૉ.બાબાસાહેબ આંબેડકર એ આપણા સૌના માટે એક આદર્શ છે.

આપણે જાણીએ છીએ કે 14-4-1990ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી આર.વેંકટરામને ડૉ.બાબાસાહેબ આંબેડકરના ધર્મપત્ની ડૉ.સવિતાબેન આંબેડકરને આપણા દેશનો સર્વોચ્ચ ખિતાબ 'ભારત રત્ન' એનાયત કરી બાબાસાહેબના કાર્યોનું સાચે જ યોગ્ય મૂલ્કાંકન કર્યું છે. આપણી સંસજમાં 12 એપ્રિલ, 1990ના રોજ એકનું તૈલચિત્ર પણ મૂકવામાં આવ્યું હતું.

આપણે સૌ ડૉ.બાબાસાહેબને ભારતના બંધારણના ઘડવૈયા તરીકે જાણીએ છીએ. પણ દલિતભાઈઓ માટેતો એ મુક્તિદાતા બની રહ્યાં. વિદ્વાનોએ તોઆ મહાપુરુષના વિદ્યાપુરુષ કહીને બિરદાવ્યા હતાં. લોકશાહીના પ્રવક્તા સમાજ સુધારક અને ધર્મપુરુષ તરીકે પણ સમાજમાં એમનું સ્થાન મહત્ત્વનું હતું.

15 મી ઓગષ્ટ 1947, એ દિવસે આપણે ભારતવાસીઓ અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયા. બંધારણ સભાની રચના કરવામાં આવી અને 26મી જાન્યુઆરી 1949ના દિવસે પ્રજાકીય આકાંક્ષાને ઝીલતું ભારતનું ભવ્ય સંવિધાન પૂરું કર્યું. પ્રજા અને પ્રજાવતી શાસન કરતી સરકાર વચ્ચે લેખિત પવિત્ર કરારના સ્વરૂપમાં બંધારણ અસ્તિત્વમાં આવ્યું. 26મી જાન્યુઆરી 1950ના મંગલદિને અમલમાં આવેલા આપણા આ બંધારણના પહેલા પાના ઉપર ભારતની પ્રજાની આકાંક્ષાઓ, અરમાનો અને આશાઓને અભિવ્યક્ત આપતા આમુખમાં લખવામાં આવ્યું છે કે, ''અમે ભારતના સમાજવાદી પ્રજાસત્તાક અને બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર બનાવવા માટે તથા તેના બધા નાગરિકોને ન્યાય, આર્થિક સામાજિક અને રાજકીય ન્યાય મળે, સ્વતંત્રતા મળે, સમાનતા હોદ્દો અને તકની સમાનતા મળે, ભાતૃભાવ-વ્યક્તિના ગૌરવ અને રાષ્ટ્રની એકતા માટે ભાતૃભાવ સિદ્ધ થાય'' આપણા બંધારણમાં બંધારણ ઘડીને આપણે અપનાવ્યું છે.

તમે દુનિયાના બંધારણમાં જુઓ, કોઈ બંધારણમાં આવી સ્પષ્ટ ખાતરી પવિત્ર કરાર રૂપે ક્યાંક તમને જોવા નહીં મળે.

આપણા બંધારણની વિશેષતા એ પણ છે કે, આપણા લોકલાડીના નેતા બાબાસાહેબ આંબેડકરે ભાવિ પ્રજાને ધ્યાનમાં રાખીને નવા સમાજની રચના કરવા સૂચન કર્યું છે. અહીં બાબા સાહેબની દીર્ઘદૃષ્ટિનું આપણને દર્શન થાય છે. આપણા આ બંધારણમાં નાગરિકના વ્યક્તિત્વના વિકાસને માટે આમુખની સાથે જરૂરી એવા મૂળભૂત હક્કોની યાદીને પણ સમાજવામાં આવી છે. સમાનતાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર, શોષણ સામેના રક્ષણનો અધિકાર, ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર, સાંસ્કૃતિક અધિકર અને શૈક્ષણિક અધિકાર અને બંધારણીય ઈલાજોનો અધિકાર નાગરિકોને આપવામાં આવ્યો છે.

બાબાસાહેબ આંબેડકરના જન્મ વિશેની એક સરસ વાત છે, કે જ્યારે એમના પિતા સૂબેદાર મહુની છાવણીમાં રહેતા હતાં ત્યારે એમના પરિવારની એક સ્ત્રી કપડાં ધોવા માટે નદી ઉપર જઈ રહી હતી ત્યારે રસ્તામાં એમને સાધુની જમાત મળી. આ જમાતમાં રામજીરાવના એક કાકા સાધુ થઈ ગયા હતા તે પણ હતા. રામજીરાવને આ વાતની ખબર પડી ત્યારે સંન્યાસી કાકાની ભાવપૂર્વક ઘરે

પધરામણી કરી. એમનો આદર સત્કાર કર્યો. આ સંન્યાસી મહારાજે રામજીરાવનું ઘર છોડતાં પહેલાં આશીર્વાદ આપ્યાકે ''તારા ઘેર એક પુત્રનો જન્મ થશે, જે કુટુંબનું અને રાષ્ટ્રનુંનામ ઉન્નત કરશે.'' સંન્યાસીના આશીર્વાદ સાર્થક થયાં, અને બાળક તે આપણા બાબાસાહેબ આંબેડકર, આ દેશના પનોતા પુત્ર.

પછી તો વડોદરા રાજ્યના દીર્ઘદ્દષ્ટિવાળા રાજવી સયાજીરાવ ગાયકવાડે બાબાસાહેબના કૉલેજ શિક્ષણ માટે પચ્ચીસ રૂપિયાની છાત્રવૃત્તિ મંજૂર કરી, બાબાસાહેબના અભ્યાસનો માર્ગ સરળ કરી આપ્યો. 1912માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી.એ.ની પરીક્ષા પાસ કરી વડોદરાના મહારાજાએ લાયક વિદ્યાર્થીઓને પરદેશમાં વધુ અભ્યાસ મોકલવાનું નક્કી કર્યું હતું. આ વખતે મુંબઈ રાજ્યમાં ભીમરાવ આંબેડકર દલિત સમાજના એક માત્ર ગ્રેજ્યુએટ હતા. મહારાજાએ એમને પરદેશ મોકલવાનો વિચાર કર્યો અને આપણા બાબાસાહેબ 1913માં ઉચ્ચ શિક્ષણ મેળવવા અમેરિકા ગયા.

અમેરિકા પહોંચી બાબાસાહેબે કોલંબિયા યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. 'નેશનલ ડિવન્ડ ફોર ઈન્ડિયા' વિષય પર 1916માં એમણે પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. આ શોધ પ્રબંધ 1924માં 'ધી ઈવોલ્યુશન ઑફ પ્રોવિન્સિયલ ફાઈનાન્સ ઈન બ્રિટિશ ઈન્ડિયા' ના નામથી પ્રકાશિત કરવામાં આવ્યો. ઓક્ટોબર 1916માં બાબાસાહેબે એમ.એસ.સી. (ઈકોનોમિક્સ)ની પદવી માટે લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં જોડાયા પરંતુ વડોદરાના મહારાજા સાહેબ સાથે થયેલા કરાર મુજબ સમયની અવધિ પૂરી થઈ ગઈ હતી એટલે એમને આગળનો અભ્યાસ પડતો મૂકીને ભારત પાછા ફરવું પડ્યું. ગરીબાઈના કારણે અભ્યાસ અધૂરો મૂકવો પડ્યો. એનું એમના મનમાં ખૂબ જ દુઃખ હતું. તેઓ ભારત પાછા ફર્યા ત્યારે એમણે મનોમન નિર્ણય કર્યો કે ભારત પાછા આવ્યા પછી તેઓ પૈસા બચાવી ને ફરી વિદેશમાં આવશે અને પોતાની ઈચ્છા પ્રમાણે અભ્યાસ પૂરો કરીને જ રહેશે.

વડોદરા નરેશે તો એમને પોતાના રાજ્યમાં સંરક્ષણ મંત્રીના હોદ્દા પર મૂક્યા. પરંતુ છૂત-અછૂતની સમસ્યા તેમને અહીં પણ નડી. ભીમરાવને અપમાન અને તિરસ્કારના ઝેરના ઘૂંટડાં અહીં પણ ગળવા પડ્યા. વડોદરામાં રહેવા માટે એમને કોઈએ મકાન આપ્યું નહીં. ઓફિસનો નોકર દૂરથી જ એમના ટેબલ પર છૂટી ફાઈલ ફેંકતો. એમના માટે પીવાના પાણીનું માટલું પણ અલગ રાખવામાં આવેલું અધિકારીઓ પણ તેમને અછૂત હોવાનું ભાન ટીકા-ટિપ્પણી કરી કરાવતા રહેતા. છેવટે પોતાની જાતિ અને નામ બદલીને એક પારસીની હોટલમાં એમણે આશ્રય મેળવ્યો પણ માલિકને સાચી વાતની જાણ થઈ જતાં ગુંડાઓને બોલાવીને એમના પર હુમલો કરાવ્યો. એમનો સામાન બહાર ફેંકી દેવામાં આવ્યો. ભીમરાવને આ પ્રસંગથી ખૂબ જ આઘાત લાગ્યો. તેઓ વડોદરા છોડીને મુંબઈ આવ્યા. વિદેશમાંથી આટલી બધી ડિગ્રીઓ મેળવીને સ્વેશ પાછા ફરેલા બાબા સાહેબનો દૃઢ સંકલ્પ હતો કે ભારતની વસતિને છૂત-અછૂતની ધૃણિત અવસ્થામાંથી મુક્તિ અપાવ, અને આ સંકલ્પને સાકાર કરવા પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેવાની પ્રતિજ્ઞા પણ તેમણે લીધી.

બાબા સાહેબે 14 ઓક્ટોબર 1956માં નાગપુરમાં પોતાના 10 લાખ અનુયાયીઓ સહિત બૌદ્ધ ધર્મનું શરણ સ્વીકાર્યું. એમનું રાજનૈતિક જીવન 1918માં શરૂ થયું અને મૃત્યુ સુધી રાજનૈતિક ક્ષેત્રે એમણે અવિરત પ્રવૃત્તિઓ ચલાવી હતી.

1942માં તેઓ વાઈસરૉયની એક્ઝીક્યુટીવ કાઉન્સિલના શ્રમમંત્રી તરીકે નિયુક્ત થયા અને મજદૂરોના કલ્યાણ માટે અનેક પ્રકારની યોજનાઓ ઘડીને તેનો અમલ કરાવ્યો.

1947માં ડૉ.આંબેડકર સ્વતંત્ર ભારતમાં જવાહરલાલ નહેરૂના મંત્રી મંડળમાં કાયદાપ્રધાન તરીકે નિયુક્ત થયા અને એમણે ખૂબ મહેનત કરી બંધારણ ઘડી કાઢ્યું.

આ વિદ્યાપરુષ બાબા સાહેબ આંબેડકર ઈતિહાસ, રાજનીતિ શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, નૃવંશશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, કાનૂન અને ધર્મશાસ્ત્રના વિવિધ વિષયોમાં પ્રકાંડ પંડિત હતા. એમણે જીવનભર જ્ઞાન સાધના કરી હતી. એમનું વ્યક્તિગત પુસ્તકાલય ભવ્ય હતું. પુસ્તકો જ એમના સાચા મિત્ર હતા.

જીવનભર સંઘર્ષ કરનાર આ મહામાનવે દલિતોના ઉદ્ધાર માટે ખૂબ જ શ્રમકર્યો. 6 ડિસેમ્બર 1956ના દિવસે એમના અંતિમ પુસ્તક 'ભગવાન બુદ્ધ અને તેમનો ધર્મ' ની પ્રસ્તાવના લખીને ચીરનિંદ્રમાં પોઢી ગયા.

## 10.9 જનજાતિઓ અને હાંસિયામાં રહેલી જાતિઓ

દરેક રાષ્ટ્રની સંસ્કૃતિના બીજ તેની આદિવાસી પ્રજામાંથી ઉદ્ભવેલાં છે. તેવી રીતે ભારતની સંસ્કૃતિના મૂળ બીજ તેની આદિવાસી પ્રજાની સંસ્કૃતિમાં ધબરાયેલાં જોવા મળે છે. પણ તે બીજ આદિવાસી પ્રજા ઔદ્યોગિક ક્રાંતિથી અલગ પડી જતાં યથાવત રહ્યાં જ્યારે એજ આદિવાસી પ્રજા જે અન્ય પ્રજા અને રાષ્ટ્રોના સમાગમમાં આવતાં ગયા તેમ તેમ સંસ્કૃતિના બીજ મિશ્ર સ્વરૂપે વિકસતા ગયા, આદિમ પ્રજાથી જુદાં પડ્યા ત્યારે અન્ય પ્રજા બિન આદિવાસી કે આગળ વધેલી પ્રજા તરીકે ઉભરતી રહી, ભારતની આદિવાસી પ્રજામા પહાડો, ડુંગરોમાં અલાયદી રીતે જવતી આવી છે. તે તેમની અલગ લાક્ષણિકતા વાળી સંસ્કૃતિ ધરાવતી આવી છે. આસામના આદિવાસીઓ અને ગુજરાતની આદિવાસી પ્રજા, ઓરિસ્સાની પ્રજા, મધ્યપ્રદેશની આદિવાસી પ્રજા એકબીજાથી ભિન્ન છે તેમ છતાં પ્રાથમિક જીવન પ્રણાલી એક સરખી છે.

પ્રાચીનકાળમાં એટલે કે વૈદિકકાળમાં ભારતમાં અબુરત એટલે કે રીત રિવાજોથી જુદાં તથા ''અપ અબુરત-'' અપવ્રતં ધર્યવિહીન. આ સિવાય અયોગ્ય એટલે કે જે બલિદાન આપતાં નથી અને અ બ્રાહ્મિણ એટલે પ્રાર્થના વગરના અથવા ઓછા વિકસિત, આ શિવા-અ-ઈન્દ્ર એટલે વગરના અહિં અ'' નો નકારાત્મ ઉલ્લેખ છે ઉપરના સંદર્ભો જોવા મળે છે. આ સિવાય રામાયણ યુગમાં ''નિશાન'' ''ભીલ'' જેવા શબ્દો જોવા મળે છે. આપણે અત્રે માત્ર ગુજરાતના આદિવાસી પૂરતો વિચાર રજૂ કર્યો છે.

2001ની વસતિ ગણતરી મુજબ ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસતિ 35.93 લાખની છે. જ્યારે અનુસૂચિત જનજાતિની વસતિ 74.81 લાખની છે જે રાજ્યની (506.71ની) કુલ વસતિના અનુક્રમે 7.09 ટકા અને 14.76 ટકા છે. આમ રાજ્યની વસતિનો ગણના પાત્ર ભાગ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને આર્થિક રીતે પછાત વર્ગોનો બનેલો છે. લઘુમતીઓની વસતિ 50 લાખ ઉપરાંતની છે.

- **વિસ્તાર :**

ગુજરાતની પૂર્વ સરહદેની સમગ્ર પટ્ટીનો વિસ્તાર ઉત્તરે આબુની ગિરિમાળાથી શરૂ થઈ, ગુજરાતી પૂર્વ સરહદે બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, ભરૂચ, રાજપીપળાની સરહદો ભેદી સુરતના ઉચ્છલ, નિઝર અને વ્યારા સોનગઢની આરપાર નીકળી છેક ધરમપુર, વાંસદા અને ડાંગ સુધીનો વિસ્તાર આદિવાસીઓથી છલોછલ છે. આથી એમ કહી શકાય કે ઉત્તરે અરવલ્લી પર્વતની હારમાળાથી શરૂ થઈ દક્ષિણ પૂર્વ પટ્ટીમાં વિઘામલ અને પછી સાતપુડા પર્વતની ગિરિમાળા અને પછી સૈહ્યાદ્રિ ગિરિમાળાના સંગમની વિસ્તાર એ આદિજૂથોનુંમૂળ વતન અને વસવાટ કહી શકાય અને ત્યાંથી આજુબાજુની ચારે દિશાની સરહદમાં પ્રસરતા રહ્યાં. તેમાં ગુજરાતની બીજી તરફ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના પર્વતોને અડીને આવેલી સરહદીનો સમાવેશ થાય છે.

આદિજાતિઓને આ પર્વતીય તથા પ્રાદેશિક રાજ્યોની સરહદની ભેદ રેખા ભેદી શકી નથી. બાકી બાર ગાઉએ બોલી બદલાય તે સિદ્ધાંતમાંથી આ જૂથો પણ બાકાત રહ્યાં નથી.

ગુજરાતનાં કાંઠાળ વિસ્તારમાં આદિવાસીઓની વસતિ નથી, પણ સૌરાષ્ટ્રમાં ગિર, આલેમ અને બરડાના વન વિભાગના ડુંગરાળ પ્રદેશમાં નેશ વિસ્તારમાં વસતા રબારી, ભરવાડ અને ચારણના સમૂહને તથા કોળી, પારઘી વાઘરીને માત્ર કચ્છ જિલ્લા પુરતા અને સદીને માત્ર સૌરાષ્ટ્રના બધા જિલ્લા પૂરતા જ તથા અડ વીચીન્ચર અને ફણસે પારઘી ને કચ્છ અને સૌરાષ્ટ્ર સિવાયના વિસ્તાર માટે આ આદિવાસી જાતિઓ અને તેની ઉપજાતિઓનો આદિવાસીઓમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાતના આદિમ-જૂથો આંદામાન નિકોબાર તરફના ટાપુઓમાં વસતાં આદિજુથો જેવાં તદ્દન જંગલી અવસ્થામાં વસતા જૂથો જેવાં તદ્દન પ્રાથમિક દશામાં નથી તેમજ આસામ અને મધ્ય પ્રદેશના બસ્તર વગેરેની અંદરના ભાગોમા વસતાં આદિજુથો તુલ્ય જીવન પણ નથી. તેમનાથી આ આદિવાસીઓનું સ્તર ઊંચું છે.

- **વસવાટ :**

સૌથી ઘનિષ્ટ વસતિ ડાંગમાં જ છે. લગભગ આખો ડાંગ આદિવાસીથી ભરપૂર કહી શકાય. સંખ્યા બળની દૃષ્ટિએ પંચમહાલ પ્રથમ આવે. એ પછી અનુક્રમે સુરત અને વલસાડ જિલ્લો આવે તે પછી ભરૂચ અને અન્ય પૂર્વ સરહદના જિલ્લા આવે. આમ ગુજરાતનો સમગ્ર પૂર્વપટ્ટો આદિવાસી પટ્ટો જ છે. બાકી છૂટાછવાયા વિસ્તારોમાં આદિવાસીઓ ફેલાયા તો છે જ અને ધીરે ધીરે વધુ વિસ્તારોમાં રોજગાર અર્થે ફેલાઈ રહ્યાં છે.

આ આદિમ જાતિ જૂથમાં ગુજરાતમાં 29 મુખ્ય આદિમજાતિ જૂથોનો સમાવેશ થાય છે તેમાં સૌથી વધુ વસતિ આદિમ જૂથમાં ભીલોની ચે અને તેઓ ગુજરાતની આદિમજૂથોની કુલ વસતિના 41.88 ટકા છે. બીજા નંબરે દુબળા અને ત્રીજાનંબરે ધોડિયાનો સમાવેશ થાય છે. તેમની વસતિ અનુક્રમે 9.69 અને 9.26 ટકા છે. આમ બંનેની વસતિ લગભગ સરખી ગણાય. ચોથા, પાંચમા અને છઠ્ઠા નંબરે 'રાઠવા' અને નાયકડા-નાયકા અને ગામીતનો છે અનુક્રે તેની વસતિ 6.37 ટકા 5.78 ટકા અને 5.17 ટકા છે. સાતમા નંબરે ચૌધરીના 5.54 ટકા અને વારસીના 3.1 ટકા છે. બાકીના બધાની વસતિ ત્રણ ટકાથી નીચે છે.

આ બધી જાતિઓના રીતરિવાજ, તહેવાર તથા સગાઈ, લગ્નવિધિ, મૃત્યુ વગેરે સમયે ગાવા માટેના તેમના પોતાના આગવાં લોકગીતો અને લકકથાઓ છે અને પ્રસંગને ઉચિત નૃત્ય પણ જુદાં જુદાં છે તેમાં તેમના લોકજીવનની લોકકથા પણ જોવા મળે છે.

આ જાતિઓના સંરક્ષણ માટે બંધારણમાં 14,15(4), 16, (4), 46,332 (1), 335 (1), 338 (1 થી 4), 339 (1), 340 (1), 341 (1), 342 (1), કલમોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ સિવાય અનામત બેઠકો માટેની જોગવાઈનો સમાવેશ કલમ નં. 243, 244 અને 235 માં કરવામાં આવેલ છે.

વધુમાં ગુજરાત સરકારે તેમના આર્થિક ઉત્કર્ષ માટે અલગ નિગમની રચના કરી છે આ નિગમ દ્વારા કુટિર ઉદ્યોગ, લઘુ ઉદ્યોગ, બેકેબલ યોજના, માનવ ગરીમા તથા 20 મુદ્દાના કાર્યક્રમ હેઠળ તેમજ 72 જેટલી વિકાસ યોજનાઓ અમલમાં મૂકેલ છે. આ ઉપરાંત શૈક્ષણિક જુદી જુદી સહાય, નોકરી અનામત વગેરેને લીધે જેમ જેમ જાગૃતિ આવતી જાય છે. એમ એમ આ જાતિઓ વિકાસ સાધી રહી છે.

## 10.10 જનજાતિય મહિલાઓ વર્તમાન સમયે

આદિવાસી સમાજમાં સ્ત્રી શિક્ષણ નહિવત જણાય છે. તેઓ પોતાની કન્યાઓને શાળાઓમાં ન મોકલતા ઘરકામ કે પછી અન્ય ખેતી પશુપાલન જેવા સામાન્ય કાર્યોમાં જકડી રાખે છે. વધુમાં આદિવાસી સમાજોમાં કન્યાઓની નાની ઉંમરથી જ ઘરકામમાં અને આર્થિક પ્રવૃત્તિઓમાં લાગી જાય છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણને બાદ કરતાં ઉચ્ચશિક્ષણમાં આદિવાસી મહિલાઓનું સ્થાન ખુબજ ઓછું છે. જે દર્શાવે છે કે હજી આજિવાસીઓમાં ખાસ કરીને સ્ત્રીઓ માટે માટે સાર્વત્રિક શિક્ષણનો સ્વીકાર થયો નથી.

ભારત વિશ્વના એ ગણ્યા ગાંઠ્યા દેશોમાંનો એક દેશ છે. જેની ઐતિહાસિક પ્રાચીનતા, ભૌગોલિક વિશાળતા અને સાંસ્કૃતિક વિવિધતા પર ગર્વ કરી શકાય છે. કોઈ પણ સમાજ જેટલો પ્રાચિન હોય છે એમાં તેટલી અધિક બહુલતા અને વિવિધતા હોય છે. એ જ કારણ છે કે આપણા અહીંયાં સામાજિક સાંસ્કૃતિક અને ભૌગોલિક વિવિધતા ચરમ રુપમાં હયાત છે. જયાં એક બાજુ મહાનગરોમાં આધુનિકતાની ચમક અને ગતિ આપણને રોમાંચિત અને સ્તબ્ધ કરી દે છે તો બીજી

બાજુ દેશના દૂર અને અંદરના ક્ષેત્રો, વન પ્રદેશો અને પહાડીઓમાં વસેલા સમુદાયોનું જનજીવન આપણને એ વિચારવા મજબુર કરે છે કે અમે કેટલા મંદગતિથી આગળ વધી રહ્યાં છીએ. કેટલાંક વર્ગો ખાસ કરીને જનજાતિઓ ને જોઈને આભાસ થાય છે કે જીવન લગભગ સ્થિર છે. આ જનજાતિઓ અથવા આદિવાસી સમુદાયો આપણી વિવિધતા અને પ્રાચિનતાની પુષ્ટિ કરતા પ્રતીકો છે.

- **જનજાતિય મહિલાઓનું સામાજિક જીવન :**

વાસ્તવમાં જનજાતિય સમાજોની આર્થિક તેમજ સામાજિક સંરચનામાં મહિલાઓની અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહેતી હોય છે. પોતાના જીવનમાં દરેક પ્રકારના નિર્ણય લેવાની બાબતમાં સામાન્ય મહિલાઓની તુલનાએ તેઓ વધુ સ્વતંત્રતા અને ઊંચું સ્થાન ધરાવે છે. ભારતીય સમાજની જટિલ અને કઠોર જાતિ વ્યવસ્થામાં ફસાયેલી મહિલાઓની તુલનાએ જનજાતિય સમુદાયોની મહિલાઓનું સ્થાન ઘણું વધુ સમ્માનજનક અને સશક્ત છે. જે જનજાતિઓમાં માતૃસત્તાક વ્યવસ્થા છે ત્યાં તો મહિલાઓની સ્થિતિ અન્ય સમાજો કરતા સારી છે. પરંતુ જનજાતિય મહિલાઓનું સ્થાન પોતાના સમુદાયના પુરૂષોથી નિમ્ન છે જ. વર્તમાન શહેરી સમાજના સંપર્કને કારણે સામાજિક બાબતોમાં આદિવાસી મહિલાઓથી ઘણી વધુ અધિક સ્વતંત્રતા અને સ્વાભિમાનની સાથે નિર્ણય લઈ શકે છે. જેમકે અનેક જનજાતિય સમુદાયોમાં મહિલાઓ પોતાના જીવનસાથી પસંદ કરવા અને પત સાથે રહેવામાં મુશ્કેલી વખતે છુટાછેડા લેવામાં સ્વતંત્ર છે. આ સમુદાયોમાં વિધવા વિવાહ પર કોઈ નિયંત્રણ નથી. જનજાતિય સમુદાયોમાં વિધવાઓ અને ત્યકતા સ્ત્રીઓને નીચી નજરે જોવામાં આવે છે. અને તેઓની સાથે વિવાહિત મહિલાઓની જેમ જ વ્યવહાર કરવામાં આવે છે. તે દહેજ જેવી કુપ્રથાથી મુક્ત છે. એટલું જ નહીં કેટલીય જનજાતિઓમાં કન્યાવિક્રય વધુ મૂલ્ય પ્રચલિત છે. જેમાં દિકરા સંતાનના માતા-પિતા દિકરી સંતાનના માતા-પિતાને ધન આપે છે. આ મુલ્ય ધન ઉપરાંત કોઈ વસ્તુ અથવા સેવાના સ્વરુપમાં પણ અપાય છે. આ પ્રથા સમાજમાં સ્ત્રીઓની આર્થિક ઉપયોગિતા અને સામાજિક મહત્ત્વને રેખાંકિત કરે છે. આ વાત પણ ઉલ્લેખનીય છે કે પરંપરાગત જનજાતિઓમાં છે કે પરંપરાગત જનજાતિઓમાં મહિલાઓને અધિક સ્વતંત્રતા પ્રાપ્ત છે. જે જનજાતિઓમાં શિક્ષણનો પ્રસાર, ઔદ્યોગિકરણ અને આધુનિક રહેણીકરણી તથા હિન્દુત્વની કુપ્રથાઓથી પ્રભાવિત થઈ રહી છે એમાં મહિલાઓની પ્રતિષ્ઠા અને સામાજિક સત્તા ઓછી થઈ રહી છે.

- **આર્થિક સ્તર અને મહિલાઓ :**

આદિવાસી સમાજોમાં સામાજિક જીવનની જેમ જ આર્થિક ગતિવિધીઓમાં પણ સ્ત્રીઓનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આગળ કન્યાવિક્રય પ્રથાનો ઉલ્લેખ કરવામાં આવ્યો તે પરિવારમાં સ્ત્રીની ઉપયોગિતાનું પરિણામ છે. પાછળના કેટલાંક દશકોમાં બિન આદિવાસી સમુદાયોના વધતા પ્રભાવને કારણે આવેલાં કેટલાંક પરિવર્તનોના છતાં પણ જનજાતિય મહિલા પોતાના સમુદાયના આર્થિક જીવનમાં વિશેષ ભૂમિકા ભજવી રહી છે. કૃષિમાં સમાન હિસ્સેદારીની સાથે સાથે તે પરિવારને સાચવવામાં ભરપૂર યોગદાન આપી રહી છે. પરંતુ એ ઘરમાં દાસીની રીતે નહીં પણ ગૃહસ્થીની સંચાલન બનીને અને તેઓની મરજી અને ઈચ્છાઓને પુરતું મહત્ત્વ મળેલું છે. અન્ય મહિલાઓની જેમ તેઓ જમવાનું બનાવવું, સફાઈકાર્ય, વગેરે જેવા સામાન્ય ઘરેલું કાર્ય સંભાળવાની સાથે સાથે પાણી ભરવું, પશુપાલન, ઈંધણ અને વન ઉત્પાદન એકત્ર કરવાનું કાર્ય પણ કરે છે. જનજાતિઓમાં ફરતી ખેતી પ્રચલિત છે ત્યાં બીજની વાવણી અને વણણી કરવાનું  કાર્ય પણ મહિલાઓ સંભાળે છે. જ્યારે પુરુષ જંગલોમાં સ્થાન શોધવા તેમજ ખેતીલાયક જમીન તૈયાર કરવા જેવા કાર્ય કરે છે. કેટલીક જનજાતિઓમાં કેટલાંક વ્યવસાયો ફક્ત મહિલાઓની જવાબદારી ગણવામાં આવે છે. જનજાતિય જીવનનું જંગલોથી વધુ ગાઢ સંબંધ હોય છે કે ઘરની ગૃહસ્થી સંભાળવાનું કાર્ય મહિલાઓનું છે એ માટે પાણી લાવવું પશુઓ માટે ચારો લાવવો, ઈંધણ માટે લાકડાં, ફળ ફૂલ, કંદમુળ વગેરે એકત્ર કરવાં માટે જંગલમાં જાય છે. વિશેષ અર્થમાં એમનું જીવન તેમજ અસ્તિત્વ જંગલો પર આધારિત છે. એ

સત્ય છે કે બહુ ઓછી જનજાતિઓમાં મહિલા જમીન માલિકીના હક પ્રાપ્ત કરે છે પણ આ બાબતમાં એમની સ્થિતિ અન્ય મહિલાઓની સરખામણીએ એકંદરે સારી છે.

- **શિક્ષણ :**

શહેરી પ્રભાવથી મહિલાઓના પરંપરાગત અધિકાર ઓછા થતાં જાય છે. ઔદ્યોગિકરણથી એમની જમીન અને જંગલક્ષેત્રોમાં કમી વર્તાઈ રહી છે. જેનાથી એમના દૈનિક જીવનના સ્ત્રોત પર વિપરીત અસરોનો પ્રભાવ પડી રહ્યો છે. જંગલોની મોટા પાયે કાપણી થવાથી મહિલાઓને ઈંધણ અને વનઉત્પાદન મેળવવા માટે ખૂબ દૂર સુધી જવું પડે છે. એ જ નહીં વન સ્ત્રોત ઘટી જવાથી મહિલાઓ વધુ નિર્ધન, પરાશ્રિત અને લાચાર બનતી જાય છે. જનજાતિના લોકોનું શોષણ પણ વધી રહ્યું છે. અજ્ઞાન અને અશિક્ષિત હોવાના કારણે એમના શ્રમ સંબંધી શોષણની સાથે સાથે મહિલાઓનું શારીરિક શોષણ પણ થઈ રહ્યું છે. આદિવાસી સમાજમાં સ્ત્રી શિક્ષણ નહિવત્ જણાય છે. તેઓ પોતાની કન્યાઓને શાળાઓમાં ન મોકલતા ઘરકામ કે પછી અન્ય ખેતી પશુપાલન જેવા સામાન્ય કાર્યોમાં જકડી રાખે છે. વધુમાં આદિવાસી સમાજોમાં કન્યાઓ નાની ઉંમરથી જ ઘરકામમાં અને આર્થિક પ્રવૃત્તિઓમાં લાગી જાય છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણને બાદ કરતાં ઉચ્ચશિક્ષણમાં આદિવાસી મહિલાઓનું સ્થાન ખૂબ જ ઓછું છે. જે દર્શાવે છે કે હજી આદિવાસીઓમાં ખાસ કરીને સ્ત્રીઓ માટે માટે સાર્વત્રિક શિક્ષણનો સ્વીકાર થયો નથી.

**જનજાતિય મહિલાઓના શૈક્ષણિક ઉત્કર્ષમાં બાધારુપી પરિબળો**

- છોકરીઓને પારકી થાપણ માનીએ તેના માટે શિક્ષણને અનુપયોગી ગણવું.
- શિક્ષણ મેળવવા તરફની અજ્ઞાનતા.
- પરંપરાગત ગ્રામીણ વ્યવસાયોમાં શિક્ષણની અનુપયોગિતાનો અભિગમ.
- શિક્ષણ સુવિધાઓનો અભાવ, તથા તે પ્રત્યે કુશંકાઓનો બહોળો વ્યાપ.
- અંધવિશ્વાસની સાથે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો અભાવ.
- આર્થિક પછાતપણા ઉપરાંત વિવિધ વ્યવસાયો, કાર્યોનો ભાર.
- પરિવારનું પુરુષ બાળકની સરખામણીએ ઓછું મળતું પ્રોત્સાહન.
- ભાગ્યવાદી દૃષ્ટિકોણ

આમ એક નહીં પણ અનેક જનજાતિય મહિલાઓના માત્ર શૈક્ષણિક જ નહીં પરંતુ સામાજિક અને આર્થિક જીવનમાં પણ પુરુષ સમોવડી બનવાથી દૂર રાખે છે. ઉપર્યુક્ત મુખ્ય સમસ્યાઓના કારણોના વિશ્લેષણ કરવાથી સ્પષ્ટ થાય છે કે તેઓના મૂળમાં સૌથી મોટું કારણ અશિક્ષા છે. સમાજ શિક્ષણમાં સાક્ષરતાની સાથે કૃષિ, અને ઉદ્યોગોનું શિક્ષણ, આરોગ્ય સુખાકારી, મનોરંજન, ઘરેલું તેમજ આર્થિક જીવન અને નાગરિકતાની કેટલીક સમગ્ર બાબતોનો સુમેળ અત્યંત આવશ્યક છે. શિક્ષણની સાથે સાથે સામાજિક જાગૃતિ, આર્થિક સુધાર, રસ્તા બાંધકામને લગતા નિર્માણ કાર્યો, કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહન આધુનિક ખેતી માટે નવા નવા ખેત ઓજારો, પદ્ધતિઓ, બિયારણો, ખાતર, દવાઓ, સિંચાઈની પર્યાપ્ત સગવડો વિકસાવવી અને આવા વિકાસ કાર્યોને વેગવાન બનાવવા આવશ્યક છે.

## 10.11 સારાંશ

- વિચરતીજાતિઓ ભટકતું જીવન ગુજારે છે. તેનું કોઈ જીવન સ્થાપી નથી. એક જગ્યાએથી બીજી જગ્યાએ કામ માટે ભટકતું જીવન ગુજારે છે. તેઓ હંમેશા કાર્ય માટે વિચરતા રહે છે. તેઓના બાળકોને શિક્ષણ આપવા માટે ઘણાં બધાં અવરોધો નડે છે.
- તેઓનું જીવન અસ્થાયી છે, કોઈ સરનામું હોતું નથી, જન્મ તારીખનો દાખલો પણ હોતો નથી. એટલે શાળા પ્રવેશનો પ્રશ્ન ઊભો થાય છે. તેનું નામકરણ કરવું કઈ રીતે તે એક પ્રશ્ન છે.
- તેમની ભાષા અને બોલી અલગ છે તેની જ્ઞાતિના શિક્ષકોનો પણ અભાવ જોવા મળે છે. વાલીઓ અભણ હોવાથી શિક્ષણનું મહત્ત્વ સમજતાં નથી. રોજી રોટી માટે એક જગ્યાએથી

બીજી જગ્યાએ ભટકતું જીવન ગુજારે છે, તેઓની આર્થિક પરિસ્થિતિ નબતી છે. રોજી રોટી માટે હંમેશા ભટકતાં રહે છે. તેઓને જ્યાં કામ મળે ત્યાં થોડા દિવસ રહે છે. પછી કામ માટે બીજાં ગામ જાય છે. તેઓ માટે હોસ્ટેલનો અભાવ જોવા મળે છે.

## 10.12 એકમ સ્વાધ્યાય

(1) વિચરતી જાતિ એટલે શું ?

(2) વિચરતી જાતિના બાળકોની શિક્ષણની સમસ્યાઓ જણાવો.

(3) વિચરતી જાતિના બાળકોની શિક્ષણની સમસ્યા દૂર કરવાના ઉપાયો જણાવો.

(4) પછાત વર્ગો માટે ગુજરાત સરકારની યોજનાઓ જણાવો.

## 10.13 તમારી પ્રગતિ ચકાસો

(1) વિચરતી જાતિ એટલે શું ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) વિચરતી જાતિની શિક્ષણની કોઈપણ ત્રણ સમસ્યા જણાવો ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(3) વિચરતી જાતિના બાળકોની શિક્ષણની સમસ્યા દૂર કરવાનો કોઈપણ ત્રણ ઉપાયો જણાવો ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(4) વિચરતી જાતિની સમસ્યા ટૂંકમાં જણાવો. ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(5) પછાત વર્ગો માટે ગુજરાત સરકારની કોઈપણ ત્રણ યોજનાઓ જણાવો ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 10.14 સૂચિત વાંચન સામગ્રી


(1) જાદવ તેજલ : યોજના, ફેબ્રુઆરી-2011, યોજના કાર્યાલય, અમદાવાદ (વિચરતી જાતિની સમસ્યા)

(2) દવે સારિકાબેન તથા અન્ય : સમાજ શાસ્ત્ર, ધોરણ-12, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

(3) થાવરી નેહા : યોજના, ડિસેમ્બર-2013, યોજના કાર્યાલય, અમદાવાદ. (પછાત વર્ગો માટે ગુજરાત સરકારની યોજનાઓ)

(4) કડીકર પશવંત : યોજના, ડિસેમ્બર - 2009, યોજના કાર્યાલય, અમદાવાદ, (દલિતોના મસીહા ડૉ. બાબાસાહેબ આંબેડકર)

(5) પટેલ દેવશી : યોજના જાન્યુઆરી-2014, યોજના કાર્યાલય, અમદાવાદ (જનજાતિઓ અને હાંસિયામાં રહેલી જાતિઓ)

(6) પટેલ મહેશ : યોજના, જુલાઈ - 2010, યોજના કાર્યાલય, અમદાવાદ. (જનજાતિઓ મહિલાઓ-વર્તમાન સમયે)

એકમ 11

# વંચિતો માટેની કેળવણી

## : રૂપરેખા :


11.1 પ્રસ્તાવના

11.2 આદિવાસી અને પછાત વિસ્તારના લોકોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ

11.3 આદિવાસી અને પછાત વિસ્તારના શિક્ષણના પ્રશ્નો

11.4 આદિવાસી અને પછાત વિસ્તારનાં બાળકોના શાળાપ્રવેશ, ઊઠી જવાનાં કારણો અને તેમનાં શિક્ષણ માટે થયેલાં પ્રયત્નો

11.5 આદિવાસી બાળકોના પ્રાથમિક શિક્ષણ અને ઢેબર પંચની ભલામણો

11.6 આદિવાસી બાળકોના શિક્ષણ અંગે કોઠારી પંચની ભલામણો.

11.7 સામાજિક અને આર્થિક રીતે પછાત જ્ઞાતિઓનાં બાળકોનું શિક્ષણ

11.7.1 પછાત જાતિઓમાં શૈક્ષણિક અસમાનતાનાં કારણો

11.7.2 પછાત જ્ઞાતિઓમાં બાળકો માટેના શૈક્ષણિક પ્રયત્નો

11.8 રાજ્યની વિશિષ્ટ યોજનાઓ

11.9 વિકલાંગો અને લઘુમતીઓનું શિક્ષણ

11.10 શિક્ષણ દ્વારા આદિવાસી સમાજમાં આવેલ પરિવર્તન

11.11 વન વસાહતી આદિવાસીઓનાં વિકાસમાં અવરોધક પરીબળો

11.12 આદિવાસી સમુદાયની સ્ત્રીઓના શિક્ષણિક પ્રશ્નો.

11.13 આદિવાસી સમુદાયની સ્ત્રીઓના શૈક્ષણિક પ્રશ્નોના ઉકેલો

11.14 આદિવાસી મહિલાઓમાં સશક્તિ કરણના અભાવના કારણો

11.15 આદિવાસી મહિલાઓને સશક્ત બનાવવા માટેના સૂચનો

11.16 વનબંધુ કલ્યાણ યોજના

11.17 સારાંશ

11.18 એકમ સ્વાધ્યાય

11.19 તમારી પ્રગતિ ચકાસો

11.20 સૂચિત વાંચન સામગ્રી


ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે .....

(1) આદિવાસી વિસ્તારના પ્રશ્નો સમજી શકશો

(2) આદિવાસી વિસ્તારના બાળકોના ઉઠી જવાના કારણો સમજી શકશો.

(3) આદિવાસી બાળકોના પ્રાથમિક શિક્ષણ અંગે ઢેબર પંચની ભલામણો સમજી શકશો.

(4) આદિવાસી બાળકોના શિક્ષણ અંગે કોઠારી પંચની ભલામણો સમજી શકશો.

(5) શિક્ષણ દ્વારા આદિવાસી સમાજમાં આવેલ પરિવર્તન સમજી શકશો.

(6) વન વસાહતી આદિવાસીઓનાં વિકાસમાં અવરોધતા પરિબળો સમજી શકશો.

(7) આદિવાસી સમુદાયમાં મહિલા શિક્ષણ સમસ્યાઓ અને ઉકેલો સમજી શકશો.

(8) આદિવાસી મહિલાઓમાં સશક્તિકરણ સમજી શકશો.

(9) વનબંધુ કલ્યાણ યોજના સમજી શકશો.

(10) આદિવાસી વિસ્તારોમાં હેલ્થકેર સમજી શકશો.

(11) પછાત જાતિઓમાં શૈક્ષણિક અસમાનતાનાં કારણો સમજી શકશો.

(12) પછાત જાતિઓના બાળકો માટેના શૈક્ષણિક પ્રયત્નો સમજી શકશો.

(13) રાજ્યની વિશિષ્ટ યોજનાઓ સમજી શકશો.

## 11.1 પ્રસ્તાવના

લોકશાહી શાસનપ્રણાલીમાં સમાનતા અને સામાજિક ન્યાયને સિદ્ધ કરવાના પ્રયત્નોને અગ્રતા આપવી જોઈએ. આવા સમાજનું નિર્માણ કરવા માટે ગુણવત્તાયુક્ત શિક્ષણનું સાર્વત્રિકરણ અનિવાર્ય બાબત છે. અદનાને ગરીબમાં ગરીબને પાયાની જરૂરિયાતો હાંસલ કરવા માટે શિક્ષણને ટોચની અગ્રતા આપવા વૈશ્વિક યોજનાઓ હાથ ધરાય છે. શિક્ષણ લીધા વગર માણસ સાચા અર્થમાં માનવી બની શકતો નથી.

રાજ્યના ગરીબ અને પછાત વર્ગના રક્ષણ માટે વિશેષ દરકાર લેવાની જોઈએ. ભારતના રાજબંધારણમાં તે માટે વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવી છે.

'રાજ્યના નબળા વર્ગોના લોકો ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની ઉન્નતિ વિશેષ કાળજીથી કરશે અને સામાજિક અન્યાય તેમજ તમામ શોષણ સામે તેમનું રક્ષણ કરશે.'

વિવિધ જાતિઓની શિક્ષણ સુવિધાઓ અંગે સરકાર ખાસ વિચારણા કરતી રહેશે, તે જાતિઓમાં અનુસૂચિત જાતિ (S.C.), અનુસૂચિત જનજાતિ (S.T.), વિચરતી અને વિમુક્ત જાતિ (N.T., D.N.T.), વિકસતિ જાતિ (બક્ષીપંચ) (S.E.B.C.), લઘુમતી અને આર્થિક રીતે પછાત વર્ગ (E.B.C.) આવે છે.

ગુજરાત રાજ્યમાં સાક્ષરતાની સ્થિતિ સમજીએ. ગુજરાત રાજ્યની સ્થાપના 1960માં થઈ. 1991ની વસ્તી ગણતરી મુજબ રાજ્યની કુલ વસ્તી 4.1.3 લાખ છે. સમગ્ર દેશની વસ્તીના 5% ગુજરાત રાજ્યની વસ્તી છે, તેમાં 2.1.3 લાખ પુરૂષો અને 2.00 લાખ સ્ત્રીઓ છે. રાજ્યમાં 18569 ગામડાં છે અને તેમાં 2 કરોડ 70 લાખની છે.

અનુસૂચિત જાતિની વસ્તી 7.41% છે. અને અનુસૂચિત જનજાતિઓની વસ્તી 14.92% છે. સમગ્ર ભારતમાં અને તે રીતે ગુજરાતમાં બક્ષીપંચની વસ્તી 45 થી 50% જેટલી હશે.

ગુજરાતમાં 1991ની વસ્તી ગણતરી મુજબ સાક્ષરતાનો દર 61.29 છે જેમાં પુરુષો 73.13 અને સ્ત્રીઓ 48.64 છે. 65% અને શહેરી સ્ત્રીઓમાં 67.70% સાક્ષરતાનો દર ગ્રામ્ય પુરૂષોમાં 66.84% અને શહેરી પુરૂષોમાં 84.56% છે જ્યારે ગામડાની સ્ત્રીઓમાં 38% રહ્યો છે.

ગુજરાતનો સાક્ષરતા દર 65.4% જ્યારે અનુસૂચિત જાતિનો દર 61.07% અને અનુસૂચિત જનજાતિનો સાક્ષરતાનો દર 36.45% છે. ગુજરાત સરકારે શિક્ષણને અગ્રતા આપી છે. ગરીબ વિદ્યાર્થીઓને સ્નાતક સુધીનું શિક્ષણ મફત આપવામાં આવે છે. આમ છતાં, પછાત વર્ગમાં શિક્ષણનું પ્રમાણ નીચું છે. કન્યા કેળવણીનું પ્રમાણ સંતોષજનક નથી. બાળકો અધવચ્ચેથી શિક્ષણ છોડી દે છે, તેનું મુખ્ય કારણ આર્થિક હોય છે. સામાજિક કારણ પણ હોય છે અને રહેઠાણ વગેરેના કારણે શિક્ષણનું વાતાવરણ નથી હોતું.

એસ.ટી.નું અને એસ.સી. વર્ગના બાળકોનાં શાળાપ્રવેશ પ્રમાણ ઘણું નીચું અને દરેક કક્ષાએ અપવ્યયનું પ્રમાણ વધારે છે. આ જાતિની કન્યાઓનો આ બાબતે પ્રશ્ન વધુ ગંભીર છે. આ દૃષ્ટિએ આદિવાસી અને પછાત વિસ્તારોનાં વિચરતી જાતિનાં બાળકોના શૈક્ષણિક વિકાસ પરત્વે સવિશેષ

પદ્ધતિસર પ્રયત્નો હાથ ધરવાં જરૂરી છે. કારણ કે, વિવિધ આદિવાસી જૂથો એમનાં આગવાં સાંસ્કૃતિક લક્ષણો ધરાવતાં હોય છે, તેમની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે :

- પ્રત્યેક જાતિ સામાન્ય રીતે તદ્દન પ્રાથમિક સ્તરે જીવતી હોય છે.
- તેમનું જીવનધોરણ તદ્દન નીચું હોય છે.
- તેમની ધાર્મિક માન્યતાઓ આગવી હોય છે.
- તેઓ પોતાના જીવનનિર્વાહ માટે જમીન, ગોચર, જંગલો કે પર્વતો પર આધાર રાખે છે.
- ગરીબી, રોગો, નિરક્ષરતા, વહેમો વગેરે તેમની મર્યાદાઓ છે.
- તેમનાં કુટુંબોમાં પુરૂષોની વડીલશાહી, નૈતિક આચારસંહિતા, પંચાયતોમાં વયોવૃદ્ધ પુરુષોનું વર્ચસ્વ જોવા મળે છે.

છેલ્લા દાયકાઓથી ભારતમાં સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય પરિવર્તનોનો પવન ફૂંકાઈ રહ્યો છે. આમ છતાં આદિવાસીઓની સ્થિતિ કંગાળ અને નિરાશાજનક છે.

◆ **આદિવાસીઓની અસ્મિતા :**

ભારતની પ્રજામાં જોવા મળતાં આ વિવિધ જૂથોમાં એક વિશાળ જૂથ આદિવાસીઓનું વિશ્વમાં આફ્રિકા પછી ભારતમાં આદિવાસીઓની સૌથી વધુ વસ્તી છે. 1991ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતની કુલ વસ્તીમાં  લગભગ 8.08% વસ્તી આદિવાસીઓની છે. એટલે કે આજે ભારતમાં કુલ વસ્તીના લગભગ 6.5 કરોડથી વધુ આદિવાસી લોકો છે. આ આદિવાસીની લાક્ષણિકતાઓને જોતા તેમને 'વનવાસી', 'ગિરિજન', 'આદિમજાતિ' દેશના મૂળ વતનીઓ તરીકે જુદાં જુદાં ઓળખાવે છે.

ભારતના લોકશાહી બંધારણમાં તેમને અનુસૂચિત જનજાતિઆ (Scheduled Tribes) તરીકે ઓળખવામાં આવ્યાં છે. બંધારણે 427 આદિવાસી સમૂહોને માન્યતા આપી છે.

## 11.2 આદિવાસી અને પછાત વિસ્તારના લોકોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ

આદિવાસીઓની ભૌગોલિક ખાસિયતોને લક્ષ્યમાં લઈ નૃવંશશાસ્ત્રી ડી.એન.મજમુદાર જણાવે છે કે, ''આદિવાસી એ પ્રાદેશિક જોડાણ ધરાવતું અંતર્વિવાદ સામાજિક જૂથ છે.'' જેમાં કાર્યોના વિશેષીકરણનો અભાવ છે. પોતાની વિકસાવેલી શાસનવ્યવસ્થા હોય છે. ભાષા કે બોલીની સમાનતા હોય છે. અન્ય આદિવાસી કે જ્ઞાતિસમૂહોની તેઓ સામાજિક અંતર ધરાવે છે અને તેઓ આદિમ પ્રણાલિકાઓ, માન્યતાઓ અને રિવાજોને અનુસરે છે.

તેઓનું સામાજિક જીવન,  ખાસ પ્રકારના પ્રદેશમાં વસવાટ, પોતાની અલાયદી ભાષા અથવા બોલી, લગ્ન અને કુટુંબવ્યવસ્થા, ધાર્મિક માન્યતાઓ અને વિધિવિધાનો, આદિવાસી પંચ, જીવન નિર્વાહની વિવિધ રીતો, આ બધી બાબતો તેમના સામાજિક પાસાને સ્પર્શે છે. સામાન્ય પ્રકારના ધંધા, રોજગારી કરી તેઓ જીવનનિર્વાહ કરે છે. દા.ત., જંગલ વિસ્તારમાં સામાન્ય ખેતી, જંગલ પેદાશોનું ઉત્પાદન, મધ, ગુંદર કે લાકડાં એકઠાં કરવાં. આમ, આર્થિક રીતે ખૂબ જ નબળું પાસું જોવા મળે છે.

ગુજરાતમાં ડાંગ જિલ્લો 90% આદિવાસીઓથી ભરેલો છે. જ્યારે -

- વલસાડમાં ઉમરગામ, વાંસદા, પારડી અને ધરમપુર તાલુકા
- સૂરતમાં ઉચ્છલ, વ્યારા, સોનગઢ, માંગરોળ, વાકલ અને વાલોડ
- ભરૂચમાં સાગબારા, વાલિયા, ડેડિયાવાડા, નાંદોદ અને ઝગડિયા તાલુકા
- વડોદરામાં છોટા ઉદેપુર અને નસવાડી તાલુકા
- પંચમહાલમાં લીમબાડા, દેવગઢ ખેરિયા સંતરામપુર અને ઝાલોદ, તાલુકા
- સાબરકાંઠામાં ખેડબ્રહ્મા, ભીલોડા, મેઘરજ અને વિજયનગર તાલુકા અને
- બનાસકાંઠાનાં દાંતા તાલુકામાં આ પ્રકારની વસ્તી જોવા મળે છે.

## 11.3 આદિવાસી અને પછાત વિસ્તારના શિક્ષણના પ્રશ્નો

ભારતના બંધારણમાં પછાત વર્ગની વિવિધ જાતિઓની એક યાદી તૈયાર કરવામાં આવેલ છે. અનુસૂચિત જાતિઓમાં હરિજનોનો અને અનુસૂચિત જનજાતિમાં આદિવાસીઓ અને વિચરતી જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **શિક્ષણના પ્રશ્નો :**

- જે પ્રજાને રોજિંદું જીવન જીવવા અસ્થાયી અને ભટકતું જીવન ગાળવું પડતું હોય તેમનાં બાળકોને અસ્થાયી રહેવાને લીધે શિક્ષણ કેવી રીતે આપવું તે પ્રશ્ન છે.
- જંગલો અને પર્વતીય વિસ્તારોમાં શાળાકીય ભૌતિક સગવડો ઊભી કરવાનું કાર્ય મુશ્કેલભર્યું છે.
- અન્ય જાતિના શિક્ષિત લોકો શિક્ષક તરીકે જવા તૈયાર થતાં નથી.
- વળી આ જાતિનાં બાળકોની બાલી-ભાષાના પ્રશ્નો છે. તેમની બોલીમાં શૈક્ષણિક સાહિત્ય ઉપલબ્ધ નથી.
- નિરક્ષરતા અને વિશિષ્ટ બોલીને કારણે બાળકો ખાસ પ્રકારનું સાહિત્ય સરળતાથી સમજી શકતાં નથી.
- પ્રવેશ અને સ્થાયીકરણના પ્રશ્નો વિકટ છે. તેથી સ્થગિતતા અને અપવ્યયનું પ્રમાણ પણ વિશેષ જોવા મળે છે.
- કેટલાંક વિસ્તારોમાં શિક્ષણ અંગે આ પ્રજામાં જાગૃતિ નથી.

## 11.4 આદિવાસી અને પછાત વિસ્તારનાં બાળકોના શાળાપ્રવેશ, ઊઠી જવાનાં કારણો અને તેમનાં શિક્ષણ માટે થયેલાં પ્રયત્નો

આઝાદી પહેલાં આ પ્રજાના વિકાસ માટે કોઈ પણ જાતના પ્રયત્નોની ઉપેક્ષા સેવવામાં આવી છે. તેમના શિક્ષણ માટે કોઈ ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા નથી. સ્વાતંત્ર્યની ચળવળ દરમ્યાન પૂ.ગાંધીજી, ડૉ.આંબેડકર અને પૂ.ઠક્કરબાપા જેવાં લોકનેતાઓ અને સમાજસેવકો દ્વારા તેમના પ્રત્યે માનવલક્ષી સહાનુભૂતિ દર્શાવવામાં આવી હતી. ખ્રિસ્તી મિશનરીઓ ધર્મપ્રચારના હેતુથી પ્રાથમિક શિક્ષણ આપવાનો પ્રયત્ન કરતા હતા, પરંતુ તેમનું કાર્યક્ષેત્ર ઘણું મર્યાદિત હતું. આઝાદી બાદ રાષ્ટ્રીય પંચવર્ષીય યોજનાઓમાં તેમના ઉત્થાન માટે વિવિધ યોજનાઓ અને શિક્ષણક્ષેત્રમાં અનેક પ્રયત્નો થયા.

- ભારતના બંધારણમાં પરિચ્છેદ 15 અને 29માં આ પ્રજાના શિક્ષણ માટે જરૂરી કાયદા કરી શિક્ષણવિકાસ માટે પ્રયત્નો કર્યા.
- આદિજાતિ સેવાસંસ્થાઓ તથા અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પછાત વર્ગો માટે શાળાઓ, ઉત્તર બુનિયાદી વિદ્યાલયો અને છાત્રાલયો મારફત શૈક્ષણિક વિકાસ માટેના પ્રયત્નો થયા છે.
- ગુજરાત રાજ્યમાં સરકારે કાયદાકીય જોગવાઈ કરી. આ જાતિના વિકાસ માટે પ્રયત્નો કર્યા છે.
- વિચરતી જાતિ પોતાના જીવનનિર્વાહ માટે એક સ્થળેથી બીજે સ્થળે જાય તેમાં બાળકોના શાળા પ્રવેશ, સ્થાયીકરણના પ્રશ્નો હલ થાય તે માટે એક સ્થળે વસવાટ અને આશ્રમશાળાઓ જેવી શિક્ષણસુવિધાઓ આપવામાં આવી છે.
- આદિવાસી જેવી પછાત પ્રજાને ભણવા માટે જરૂરી શિષ્યવૃત્તિ, ધંધાકીય લોન, માટે જરૂરી સગવડ આપી ઘનિષ્ટ પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે.
- વિશેષ આર્થિક સુવિધાઓ પૂરી પાડવાના કાર્યક્રમો રાષ્ટ્ર અને રાજ્યોએ હાથ ધર્યા છે.

- આદિવાસી બાળકોનું પ્રાથમિક શિક્ષણ તેમની બોલીમાં થાય તેવા પ્રયત્નો રાજ્યોએ છે. 13 જેટલી બોલીમાં 18 જેટલાં પુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં છે.
- એસ.સી/એસ.ટી. શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. શૈક્ષણિક લાયકાતમાં આપી છે.
- બિનતાલીમી શિક્ષકો માટે અભિસ્થાપન વર્ગો પણ યોજવામાં આવ્યા હતા.

આ ઉપરાંત સ્કૉલરશિપ, યુનિફોર્મ, પુસ્તકો અને અન્ય જરૂરી શૈક્ષણિક વસ્તુઓ આવા વિદ્યાર્થીઓને આપવામાં આવી છે.

## 11.5 આદિવાસી બાળકોના પ્રાથમિક શિક્ષણ અને ઢેબર પંચની ભલામણો

સને 1961માં ભારત સરકારે શ્રી.યુ.એન.ઢેબરની અધ્યક્ષતામાં આદિવાસીઓના શિક્ષણ અને અન્ય સાંસ્કૃતિક કાર્યો માટે એક પંચ રચ્યું હતું. આ પંચે તેમના સામાજિક પ્રશ્નો, આર્થિક, સામાજિક સ્થિતિનો અભ્યાસ કરીને અહેવાલ રજૂ કર્યો, જેમાં નીચેના જેવી ભલામણો કરવામાં આવી છે.

1. આદિવાસી સંસ્થાઓ અને આશ્રમશાળાઓની સંખ્યા વધારવી.
2. આશરે 1.6 કિ.મી.ની ત્રિજ્યાથી દૂર ન પડે તે રાતે નવી શાળાઓ ખોલવી.
3. આ પ્રકારની શાળાઓમાં બાળકોને મફત મધ્યાહ્ન ભોજન આપવું. મફત ગણવેશ અને પુસ્તકોની સગવડ સરકારે આપવી.
4. પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક સાધનો પૂરાં પાડવાં.
5. ઉત્પાદનલક્ષી શિક્ષણ પર ભાર મૂકવો.
6. આદિવાસી સંસ્કૃતિ ધરાવતા શિક્ષકોની વધુ પ્રમાણમાં ભરતી કરવી.
7. આવા શિક્ષકોને વિશેષ ભથ્થું આપવું.
8. બિન આદિવાસી ભાઈ-બહેનો આદિવાસીઓના પ્રશ્નો સમજતા થાય અને સહાનુભૂતિ દર્શાવે તે માટે આ વિસ્તારમાં પ્રશિક્ષણ કેન્દ્રો સ્થાપવાં.
9. આવાં બાળકો પ્રાથમિક શિક્ષણ લઈ ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશે ત્યારબાદ અનામત બેઠકો રાખીને વિશેષ સુવિધાઓ આપવી. નોકરીમાં પણ 13% જેટલી બેઠકો અનામતની ભલામણો.

## 11.6 આદિવાસી બાળકોના શિક્ષણ અંગે કોઠારી પંચની ભલામણો.

આદિવાસી અને પછાત વર્ગોના શિક્ષણ માટેના ઘણા પ્રયત્નો થાય છે છતાં ઘણું કરવાનું બાકી રહે છે. રાષ્ટ્રીય શિક્ષણપંચે (કોઠારી શિક્ષણપંચે) નીચેના જેવી ભલામણો કરી છે.

- કન્યા કેળવણી પર વિશેષ ભાર મૂકવો જોઈએ.
- પછાત વર્ગનાં તેજસ્વી બાળકોની ખોજ કરી વધુ અભ્યાસ માટેની તકો મળી રહે તેવાં છાત્રાલયો શરૂ કરવાં.
- આ પ્રકારનાં બાળકોને ધંધાકીય અને ટેક્નિકલ શિક્ષણ મળી રહે તેવા પ્રકારની સંસ્થાઓમાં તેમને પ્રવેશ મળે તેવી વ્યવસ્થા કરવી.
- પછાત વિસ્તારોમાં આવાસી સંસ્થાઓ શરૂ કરવી.
- એમની વિશેષ સંસ્કૃતિ અને સભ્યતાને અનુરૂપ સાહિત્ય તૈયાર કરવું.
- તેમને ઉચ્ચ શિક્ષણ માટે શિષ્યવૃત્તિઓ પૂરતા પ્રમાણમાં આપવી.
- આ જાતિનાં બાળકોની પ્રતિભા, યોગ્યતા, રસ, રુચિ પ્રમાણે ખોજ કરી તેને અનુરૂપ શિક્ષણ યોજના ઘડવી જોઈએ.

આ દૃષ્ટિએ આદિવાસી બાળકો અને વિચરતી જાતિનાં બાળકોનું શિક્ષણ ઘણાં પ્રશ્નો ઊભા કરે છે. તેઓમાંની કેટલીક જાતિઓનું સ્થિર જીવન ન હોવાથી ક્યાં ભણાવવાં તે પણ પ્રશ્ન છે, તેથી આ બંને પંચોની ભલામણોનો અમલ થયો છે.

## 11.7 સામાજિક અને આર્થિક રીતે પછાત જ્ઞાતિઓનાં બાળકોનું શિક્ષણ

સમાજના જે વર્ગોની જરૂરિયાતોને ધ્યાન પર લઈ તેઓની જે ઉપેક્ષા સેવવામાં આવી છે તે વિસંવાદિતાઓ દૂર કરવા અને સમાનતા માટેના શિક્ષણ પર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ખૂબ ભાર મૂકે છે.

ભારતમાં મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, અરૂણાચલ પ્રદેશ, મેઘાલય, બિહાર, ઓરિસ્સા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, જમ્મુ અને કાશ્મીર વગેરે રાજ્યો શૈક્ષણિક રીતે પછાત રાજ્યો છે, તેના વિસ્તારોમાં રહેતા નાગરિકોને શિક્ષણની તકો પ્રમાણમાં ઓછી છે. શૈક્ષણિક આયોજન દ્વારા આ પછાત રાજ્યોને શિક્ષણમાં બીજા રાજ્યો જેટલી પ્રગતિ સાધવામાં સહાય થવી જોઈએ.

ગુજરાત રાજ્યમાં ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, ખેડા, મહેસાણા, વલસાડ, વડોદરા અને સુરત શૈક્ષણિક રીતે વિકસેલાં જિલ્લાઓ છે જ્યારે બનાસકાંઠા, પંચમહાલ, ડાંગ, કચ્છ, સુરેન્દ્રનગર, સાબરકાંઠા, અમરેલી વગેરે શૈક્ષણિક રીતે પ્રમાણમાં પછાત જિલ્લાઓ છે. ગુજરાતના 19 જિલ્લાઓમાં પુરૂષ-સ્ત્રીના અક્ષરજ્ઞાન દરની ટકાવારીમાં સમતોલન જોવા મળે છે, તેનું મુખ્ય કારણ પછાત જિલ્લાઓમાં વિસ્તારની દષ્ટિએ આર્થિક રીતે પછાત વિસ્તાર રણપ્રદેશ અને ઝૂંપડપટ્ટીનું પ્રમાણ વિશેષ જોવા મળે છે.

આ જિલ્લાઓમાં વસ્તી  જાતિઓમાં વાલી સ્વયંશિક્ષણનું મૂલ્ય સમજતા નથી પરિણામે બાળકોને ભણાવતા નથી. વિચરતી જાતિ, ભટકતુ જીવન ગાળવાવાળા લોકોનાં બાળકોનું શિક્ષણ તો નહિવત્ જ છે. ઉપરાંત બક્ષી પંચની જ્ઞાતિઓમાં પણ સામાજિક અને આર્થિક કારણોસર શિક્ષણની ઉપેક્ષા સેવાય છે. જેવી કે રબારી, કાઠોર, ભીલ, ભટકતી જાતિઓ, વગેરે જેવી જ્ઞાતિઓમાં પ્રાથમિક શિક્ષણ સામાન્ય પ્રકારનું જોવા મળે છે.

### 11.7.1 પછાત જાતિઓમાં શૈક્ષણિક અસમાનતાનાં કારણો :

- કેટલીક જ્ઞાતિઓ ભટકતું જીવન ગાળે છે.
- કેટલાંક રોજીરોટી માટે સ્થળાંતર કરે છે.
- જોઈએ તેટલા આદિવાસી શિક્ષકો (કે જેઓ આ વિસ્તારમાં કામ કરી શકે શિક્ષકો)ની અછત
- તેમની વિવિધ બોલીઓ અને ભાષાઓ હોય છે.
- વાલીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ મોટું છે.
- અંધશ્રદ્ધા, વહેમ અને અજ્ઞાનતાનું પ્રમાણ વિશેષ જોવા મળે છે.
- આર્થિક રીતે ખૂબ જ નબળા છે.
- ધંધાકીય કેળવણીની ઓછી સગવડો.

સાર્વત્રિક પ્રાથમિક કેળવણીની સફળતા માટે પછાત વર્ગના શિક્ષણનો મંદ વિકાસ ઉપરોક્ત કારણોસર દેશને નડી રહ્યો છે, છતાં રાજ્યો તરફથી તેમના વિકારના પૂર્ણ પ્રયત્નો થઈ રહ્યાં છે, તેનો લાભ પછાત જાતિઓએ લઈ શકતી નથી.

### 11.7.2 પછાત જ્ઞાતિઓમાં બાળકો માટેના શૈક્ષણિક પ્રયત્નો

- શિક્ષણના દરેક સ્તરે અને તબક્કે પછાત જ્ઞાતિઓના શિક્ષણ અને વિકાસને બિન પછાત વસ્તીની સાથે સમાનતાના ધોરણે લાવવા સ્ત્રી/પુરુષ બંને માટે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાંનીચેનાં જેવા પગલાં લેવાય છે :
- જરૂરિયાતવાળા ગરીબ કુટુંબનાં બાળકોને 14 વર્ષની ઉંમરનાં થા ત્યાં સુધી પ્રાથમિક શિક્ષણ લેવા પ્રોત્સાહન આપવું.
- સતત ઝીણવટભર્યા, આયોજનપૂર્વક અને તપાસણી કરી જોવું જોઈએ કે પછાત બાળકોને શાળાપ્રવેશ, સ્થાયીકરણ અને છેલ્લા તબક્કા સુધી શિક્ષણ લે તેવી ઊજળી તકો પૂરી પાડવી.
- પછાત જ્ઞાતિઓના શિક્ષકોની ભરતી કરવી.

- વિસ્તાર પ્રમાણે અવૈધિક શિક્ષણ કેન્દ્રો ખોલવાં. બાળકોનું પ્રમાણ ઓછું હોય તો બહુશ્રેણીય અભિગમ દ્વારા શિક્ષણની વ્યવસ્થા કરવી.
- પછાત જ્ઞાતિના બધા લોકો શિક્ષણમાં ભાગીદાર થાય તે માટે બાલવાડી, પ્રૌઢ શિક્ષણ કેન્દ્રો અને શાળાનાં મકાનોની સગવડ કરવી.
- પછાત વર્ગનાં બાળકોને જરૂરી શૈક્ષણિક સુવિધાઓ આપવી.
- દૂરના ગ્રામ્ય વિસ્તારોમાં પર્વતીય પ્રદેશો કે રણવિસ્તારમાં શિક્ષકોને પ્રોત્સાહન આપી બાળકોના શિક્ષણની વ્યવસ્થા કરવી.
- આશ્રમશાળાઓ કે નિવાસી શાળાઓની વ્યવસ્થા કરવી.
- આવાં બાળકો માટે શૈક્ષણિક સાધનસામગ્રી, ગણવેશ અને સ્કૉલરશિપની વ્યવસ્થા કરવી.
- શિક્ષકોના રહેઠાણની સુવિધાઓ કરવી.
- પછાત પ્રદેશમાં શિક્ષક માટે ખાસ ભથ્થું આપવું.
- કન્યાકેળવણી પર સૌથી વધુ ભાર મૂકવો.
- પછાત બાળકોમાં તેજસ્વી વિદ્યાર્થીઓની શોધ કરી વધુ અભ્યાસ માટે પ્રોત્સાહન આપવું, જરૂરી સુવિધાઓ આપવી.
- પછાત જાતિની સ્થાનિક બોલીને ભાષાનું સ્વરૂપ આપી અભ્યાસક્રમ બનાવવો. પર્યાવરણલક્ષી કાર્યક્રમો બનાવવા જેથી બાળકો આકર્ષાય.
- શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન આપવું.

## 11.8 રાજ્યની વિશિષ્ટ યોજનાઓ

ગુજરાત રાજ્યે પૂર્વ પ્રાથમિકથી કૉલેજ કક્ષાના બધા જ તબક્કે પછાત વર્ગના શિક્ષણને પ્રોત્સાહન અથવા વિશિષ્ટ યોજનાઓનો અમલ કર્યો છે. નબળા વર્ગો અન્ય વર્ગોની હરોળમાં જોડાઈ શકે, તેમની મુશ્કેલીઓ અને મૂંઝવણો દૂર થાય તેવા પ્રયત્ન કર્યા છે.

પછાત વર્ગો માટેની યોજનાઓનો અસરકારક અને ઝડપથી અમલ થાય તે માટે રાજ્ય અને જિલ્લાકક્ષાએ તેનાં જુદાં ખાતા કે વિભાગો શરૂ કરવામાં આવ્યાં છે. ગાંધીનગરના સચિવાલયમાં સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગમાં આ વર્ગોના વિકાસ અને ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ ઘડાય છે અને સંચાલન થાય છે. ચાલુ યોજનાઓમાં સુધારાવધારા કરવા અને જરૂર પ્રમાણે નીતિવિષયક નિર્ણયો કરવામાં આવે છે. યોજનાઓના અમલીકરણ માટે જિલ્લાકક્ષાએ આદિજાતિ વિકાસ તકેદારી અધિકારી નિમવામાં આવે છે અને તાલુકા કક્ષાએ મદદનીશ સમાજકલ્યાણ અધિકારી-નિરીક્ષક હોય, જેઓ ગ્રામ્યકક્ષા સુધી યોજનાઓના અમલમાં મદદરૂપ થાય છે.

◆ **પૂર્વપ્રાથમિક શિક્ષણ :**

ગુજરાતમાં નબળા વર્ગોનાં બાળકોના શિક્ષણ માટે 'બાલવાડી' યોજના ચલાવાય છે. ગરીબાઈમાં જીવન ગુજારી રહેલ પછાત અને નબળા વર્ગનાં બાળકોમાં શરૂઆતથી જ સારા સંસ્કાર આવે તેને શિક્ષણ માટે રસ જાગે તે માટેની આ યોજના છે. બાલવાડી સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત ચલાવવામાં આવે છે જે માટે સરકાર અનુદાન આપે છે. ખાનગી બાલમંદિરમાં જતાં પછાત વર્ગનાં બાળકોને ફી આપવાની યોજના પણ સરકારે અમલમાં મૂકી છે.

◆ **પ્રાથમિક શિક્ષણ :**

ગુજરાત રાજ્ય સરકારે પછાત વર્ગોના અને રાજ્યનાં નબળા વર્ગોનાં હિતોની જાળવણી માટે વિવિધ યોજનાઓ ઘડી છે. કેન્દ્ર સરકાર પણ કેટલીક યોજનાઓમાં મદદ કરે છે. રાજ્ય સરકાર પ્રાથમિક વિભાગમાં શિષ્યવૃત્તિઓ અને ગણવેશ આપે છે. આશ્રમશાળાઓ દ્વારા ખૂબ જ મોટી સંખ્યાનાં બાળકોને પ્રાથમિક શિક્ષણની નિવાસી સુવિધા પૂરી પાડવામાં આવે છે, તેનું જિલ્લાવાર

ચિત્ર નીચે મુજબ છે. 80 જેટલી ઉત્તર બુનિયાદી શાળાઓ સાથે ખૂબ ઉદાર અનુદાન સાથે આ યોજના ચાલે છે. તેના કારણે પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ પર સારી અસર થાય છે.

◆ **આશ્રમશાળાઓની જિલ્લાવાર સંખ્યા**

| અ.નં. | જિલ્લાનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત જનજાતિ | વિકસતી જાતિ | વિચરતી અને વિમુક્ત જાતિ |
|---|---|---|---|---|---|
| **1** | **2** | **3** | **4** | **5** | **6** |
| 1. | જામનગર | 1 | 1 | 10 | 1 |
| 2. | રાજકોટ | 3 | - | 4 | 4 |
| 3. | સુરેન્દ્રનગર | 4 | - | 6 | 2 |
| 4. | ભાવનગર | 5 | - | 10 | - |
| 5. | અમરેલી | 1 | - | 1 | - |
| 6. | જુનાગઢ | 8 | 5 | 5 | 1 |
| 7. | કચ્છ | 1 | 5 | 3 | 4 |
| 8. | બનાસકાંઠા | 9 | 37 | 19 | 3 |
| 9. | સાબરકાંઠા | 9 | 37 | 19 | 3 |
| 10. | મહેસાણા | 14 | - | 17 | 2 |
| 11. | ગાંધીનગર | 3 | - | 2 | 1 |
| 12. | અમદાવાદ | 11 | 2 | 14 | 3 |
| 13. | ખેડા | 10 | - | 17 | 4 |
| 14. | પંચમહાલ | 7 | 107 | 13 | - |
| 15. | વડોદરા | 2 | 50 | 5 | 1 |
| 16. | ભરૂચ | - | 54 | 2 | - |
| 17. | સુરત | - | 119 | 1 | 1 |
| 18. | વલસાડ | - | 74 | - | - |
| 19. | ડાંગ | - | 15 | - | - |
| **કુલ** | **83** | ***496** | **139** | **21** | |

(નોંધ : *ઉ.બુ. આશ્રમશાળા 80 સહિત.)

આ યોજનામાં શિક્ષકો અને કાર્યકર્તાઓના પૂરા ખર્ચ ઉપરાંત વિદ્યાર્થીદીઠ 350 રૂપિયા નિભાવ ભથ્થું, મકાન બાંધકામ માટે ગ્રાન્ટ અને અનાવર્તક ખર્ચ પેટે 43,100 જેટલી રકમ અપાય છે.

આ ઉપરાંત પ્રાથમિક શિક્ષણ, આદર્શ નિવાસી શાળા, છાત્રાલયો, પ્રોત્સાહક ઈનામો અને ઉચ્ચ શિક્ષણ માટે પ્રવેશ અનામત અને આર્થિક સહયોગ અપાય છે. કન્યાઓ માટે સાઈકલ યોજના પણ પ્રોત્સાહક બને છે.

આ વિવિધ યોજનાઓ નબળા વર્ગનાં બાળકોના શિક્ષણ માટે ખૂબ જ પ્રોત્સાહક બની રહે છે. શિક્ષણમાં પ્રોત્સાહન નબળા વર્ગને સામાજિક ન્યાય અને સમાનતા માટે જરૂરી છે.

## 11.9 વિકલાંગો અને લઘુમતીઓનું શિક્ષણ

વિકલાંગ બાળકો અને પ્રૌઢોના શિક્ષણની ખૂબ મોટી સમસ્યા રાષ્ટ્ર સમક્ષ પડકાર બનીને ઊભી છે. કેટલાંક બાળકો શારીરિક અને કેટલાંક બાળકો માનસિક રીતે વિક્ષિપ્ત હોય છે. અંધ બાળકો અને પ્રૌઢો પણ ઘણીવાર શિક્ષણથી વંચિત રહે છે. આવા પ્રૌઢો પણ છે જે વંચિતો છે. સમાજના સામાન્ય પ્રવાહમાં તેઓ ભળી શકતા નથી. જોકે અંધજનોને માટે બ્રેઈલ લિપિ દ્વારા શિક્ષણ મેળવવાનું સુલભ બન્યું છે, પરંતુ આવા લોકોના શિક્ષણ પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

◆ **ભારતમાં વિકલાંગો :**

વિકલાંગ બાળકોને ફૂલવા-ફાલવાનો અધિકાર છે, તેમને બધાં જ બાળકો જેવા વિકાસના અધિકારો મળવાં જોઈએ, તેમનામાં પણ અંતર્ગત સુષુપ્ત શક્તિઓ હોય છે, તેમને પણ જો શિક્ષણની યોગ્ય તકો પૂરી પાડવામાં આવે તો તે પણ સામાન્ય બાળકોની જેમ વિકાસ સાધી શકે તેમ છે, તેઓ પણ ભારતના નાગરિકો છે અને નાગરિકો જેવા સમાન હક્કો ધરાવે છે. યુનિસેફના અહેવાલ પ્રમાણે વિશ્વમાં જન્મતાં 10 ટકા જેટલાં બાળકો, શારીરિક, માનસિક અને સંવેદનાત્મક ખોડખાંપણવાળાં જન્મે છે, તેમના વિકાસ માટે અને શિક્ષણ માટે યોગ્ય ઉપાયો યોજવા જોઈએ. જોકે ખૂબ વિશ્વસનીય આંકડા ઉપલબ્ધ ન હોવા છતાં વિશ્વ આરોગ્ય સંસ્થાનું સામાન્ય સર્વેક્ષણ જણાવે છે કે વિકાસશીલ દેશોમાં 120 મિલિયન જેટલાં બાળકો વિકલાંગ છે. આ સદીને અંતે વિશ્વમાં 800 મિલિયન જેટલો લોકસમૂહ અસ્તિત્વ ધરાવતો હશે.

1983ના ભારતના સર્વેક્ષણ અનુસાર ભારતમાં લગભગ 12 મિલિયન લોકો એક યા બીજી ખાંડખાંપણ ધરાવે છે. આમાંના કેટલાંક અંધત્વની, બહેરાશની, બોલચાલની ખોડખાંપણ ધરાવે છે. કેટલાંક હાડકાંની અને સ્નાયુઓની ખોડખાંપણ ધરાવે છે. સ્નાયવિક હલનચલનની ખોડખાંપણ ધરાવનાર 5.43 મિલિયન લોકો છે.

◆ **શૈક્ષણિક ઉપાયો :**

- તેમની ખોડખાંપણ અનુસાર સામાન્ય શાળામાં દાખલ કરી શકાય તેવા હોય તો તેમને કરવા જોઈએ.
- તેમની ખોડખાંપણ અનુસાર તેમને ટ્રાઈસિકલ જેવા સાધનોનું વિતરણ કરવું જોઈએ.
- શારીરિક રીતે પગની ખોડખાંપણ ધરાવનારને નકલી પગોનું વિતરણ કરવું જોઈએ.
- સરકારશ્રીએ અંધશાળાઓ, બહેરાંમૂંગાની શાળાઓ માટે વિશિષ્ટ જોગવાઈઓ કરવી જોઈએ.
- આવાં બાળકો માટે સમાજે અને શાળાએ પણ સહાનુભૂતિપૂર્વક વર્તાવ કરી તેમને વ્યક્તિગત મદદ કરવી જોઈએ, તેમના શિક્ષણ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.
- તેઓ લઘુતાગ્રંથિ ન અનુભવે તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.
- આવા અપંગ કે વિકલાંગ વૃદ્ધોને માટે પણ ખાસ ઉપાયો યોજવા જોઈએ.

◆ **લઘુમતીઓનું શિક્ષણ :**

જોકે કેટલાંક રાજ્યોમાં લઘુમતી ભાષા, ધર્મને અનુસરતાં બાળકો શિક્ષણની ક્યારેક વંચિત રહી જાય છે. જોકે બંધારણની 29 અને 30મી કલમ અનુસાર લઘુમતી કોમોના શિક્ષણ માટે ખાસ પ્રબંધ કરવામાં આવ્યો છે. ભારત એ બહુભાષી અને બહુધર્મી દેશ છે. તેથી લઘુમતી કોમના બાળકો માટે -

- ખાસ શિક્ષણ સંસ્થાઓનું આયોજન કરવું જોઈએ.
- તેમને રાજ્ય સરકારે પૂરતી સુવિધાઓ પૂરી પાડવી જોઈએ.
- પોતાની ભાષા અને સંસ્કૃતિનું તેઓ સંરક્ષણ કરી શકે, તેવી ખાસ જોગવાઈઓ કરવી જોઈએ.

## 11.10 શિક્ષણ દ્વારા આદિવાસી સમાજમાં આવેલ પરિવર્તન

પરિવર્તન એ સંસારનો સર્વવ્યાપી નિયમ છે. જો પરિવર્તનને શિક્ષણ સાથે જોડીએ તો વાત અહીંયા અટકતી નથી. સામાજિક સંસ્થાઓમાંથી એક શિક્ષણ સંસ્થા છે, જે સામાજિક પરિવર્તનમાં અગત્યનો ભાગ ભજવે છે. બહુમુખી પ્રતિભા ધરાવતી આ સંસ્થા સભ્ય સમાજ હોય કે અન્ય કોઈ સમાજ તેને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે અસર કરે છે. રૂઢિવાદી માનસિકતા ધરાવતા માણસો સાથે જૂના વલણો ત્યાગીને નવા મૂલ્યો ધરાવતા બન્યો છે. અભ્યાસના વિસ્તારમાં અંગ્રેજ સરકારના સમયમાં શિક્ષણ અંગેના પ્રયાસો થયા છે. અને એના પરિણામે સમાજમાં પરિવર્તનો જોવા મળે છે, પરંતુ દરેક જ્ઞાતિમાં શિક્ષણની અસર એક સરખી જોવા મળતી નથી. ઉચ્ચ વર્ગ પર શિક્ષણની અસર વધુ જોવા મળે છે, તે લોકોનો વિકાસ આર્થિક સામાજિક અને શિક્ષણના પરિબળને કારણે જોવા મળે છે, પરંતુ આ વિસ્તારમાં શિક્ષણથી આદિવાસી જાતિ વંચિત રહી છે.

- **આદિવાસી જ્ઞાતિનો પરિચય :**

ગુજરાત રાજ્યના સાબરકાંઠા જિલ્લાના ગામોમાં જે આદિવાસી લોકો વસે છે. તેઓ મૂળ રાજસ્થાન રાજ્યના ઉદયપુર જિલ્લાના જુદાં જુદાં ગામોમાંથી સ્થળાંતર કરીને આવેલા છે. રાજસ્થાન સૂકો પ્રદેશ હોવાથી ત્યાં વારંવાર દુષ્કાળ હોવાથી મજૂરી કરવા અર્થે તેઓ ગુજરાતમાં 10 થી 12 પેઢીથી સ્થાયી બન્યા. દેશ સ્વતંત્ર થતાં જ વસવાટની જગ્યા માલિકીની બની. આ આદિવાસી જાતિમાં ડુંગરી ભીલ, કોળી, કોંકણી, ગરાસિયા એવી જુદી જુદી જ્ઞાતિના લોકોનો સમાવેશ થાય છે, તેઓની બોલી, રહેઠાણ વ્યવસ્થા, રીતરિવાજો, ભૌતિક જીવન, સામાજિક જીવન, માન્યતાઓ આર્થિક જીવન અને ધાર્મિક જીવન પણ ઘણું અલગ પ્રકારનું જોવા મળે છે. આદિવાસી જાતિ વચ્ચે લગ્ન વ્યવહાર થતો નથી, પરંતુ તેની સામે ભાગેડુ લગ્નના કિસ્સાઓ ક્યાંક ક્યાંક જોવા મળે છે, ત્યાં ગોઠણ પદ્ધતિ ઘણી પ્રચલિત છે, પરંતુ શિક્ષણના સ્ત્રોતને લઈને સ્વચ્છતાનો ખ્યાલ આર્થિક જીવન ઊંચું આવ્યું એટલે કે પ્રમાણમાં જે માંસાહારી અને દારૂ પીતા હતા તેનો ત્યાગ, તેમ જ તે અન્ય સમાજના સાથે સંપર્કમાં આવવાથી તેમની બોલી તેમ જ પહેરવેશમાં પણ ઘણા બદલાવ આવી ગયા છે. પહેલા આદિવાસી એ એક જંગલી પ્રાણી જેવું જીવન જવતા હતા, પરંતુ હવે એ અન્ય સમાજ સાથે ભળીને સામાજિક જીવન જીવતા શિખ્યા છે. ટૂંકમાં તેઓ શૈક્ષણિક જ્ઞાન લેતા થયા ત્યારથી તેમની અંદર ઘણા પરિવર્તન આવ્યા છે.

- **શિક્ષણનો વિકાસ અને સંસ્થાઓ ફાળો :**

સાબરકાંઠા જિલ્લો ભૌગોલિક દૃષ્ટિએ પિયત વિનાનો ખાડા ટેકરાવાળો છે, જેથી શિયાળો અને ચોમાસામાં પાક લઈ શકાય છે. જો પાણીને સગવડ ન હોય તો ઉનાળામાં પાક લઈ શકાતા નથી. ઉપરાંત વિજયનગર તાલુકાના બિલડીયા ગામમાં ઈ.સ.1887માં સૌ પ્રથમ ચર્ચ મિશનરી સોસાયટીએ પ્રાથમિક શાળાની શરૂઆત કરી ત્યારબાદ ઈ.સ.1958માં Bombay Fiocesan Society for Educational Medical weltage Society ના સંચાલક શ્રી આર.જી. ભણાત ના પ્રયત્નોથી માધ્યમિક શાળાની મંજૂરી મળી ત્યારબાદ ધીમે ધીમે તાલુકામાં બીજી હાઈસ્કૂલોની સ્થાપના થઈ પરંતુ નબળી ખેતી વગેરેના કારણે શિક્ષણનો અભાવ રહ્યો. આ ઉપરાંત લોકો કામ છોડીને શિક્ષણ મેળવવાનું પસંદ કરતા ન હતા. ઉપરાંત મારની બીક હોવાથી તેમજ ભેદભાવના કારણે આઝાદી પહેલા ખાસ વણકર જ્ઞાતિમાં એકપણ માણસને શિક્ષણ મળ્યું નહોતું કે લીધું ન હતું.

આઝાદી પછી વિજયનગરમાં પ્રાથમિક માધ્યમિક શાળા ચાલુ કરવામાં આવી શિક્ષણનો લાભ આજુ બાજુના ગામમાં લોકોને મળવા લાગ્યો, પરંતુ રહેઠાણની વ્યવસ્થા નહોવાથી દૂરથી લોકો ભણવા આવી શકતા નથી. વાહનવ્યવહાર પણ પ્રમાણમાં નહિવત હતો અથવા ઓછો હતો આમ આઝાદી પહેલાના તબક્કામાં જ્યારે રચનાત્મક સંસ્થાઓએ આદિવાસી સમાજમાં શિક્ષણની પ્રયાપ્ત સગવડો આપવાનું કાર્ય શરૂ કર્યું ત્યારે કશી સગવડો નહતી. તથા શિક્ષણ પ્રત્યે કોઈ રુચિ ન હતી, પરિણામે શાળા સંકુલોમાં બાળકોને માંડમાંડ ભેગા કરી શકાતા અને તેમના કેટલાંક બાળકો નાસી

જતા. આજે સરકારી યોજનાઓએ રચનાત્મક સંસ્થાઓના પ્રયત્નોને પરિણામે ગામે ગામ બાલવાડીઓ પ્રાથમિક શાળાઓ તેમ જ આ વિસ્તારમાં આશ્રમ શાળાઓ અને ઉત્તર બુનિયાદી શાળાઓની સગવડતાઓ વિકસી છે. જેનો પૂરેપૂરો લાભ ભદ્ર સમાજ અને આદિવાસી સમાજના લોકોએ લીધેલો જોવા મળે છે.

- **શિક્ષણ પ્રવાહોની અસર :**

આપણે અગાઉ શિક્ષણનો વિકાસ તેની કક્ષા અને પ્રસારનો વિચાર કર્યો એ શિક્ષણનો જે વિકાસ થયો છે, તેને સ્વરૂપની દૃષ્ટિએ બે ભાગમાં વિભાજિત કરીએ તો (1) વિદ્યાપીઠ કે આશ્રમનું ઉત્તર બુનિયાદી શિક્ષણ (2) સ્કૂલ કે યુનિવર્સિટીનું શિક્ષણ. આઝાદી પહેલા આ વિસ્તારમાં ગાંધી વિચારને જે રચનાત્મક કાર્યકરોએ કામ કરવાનું શરૂ કર્યું તેમાં આશ્રમશાળા કે ઉત્તર બુનિયાદીના ઢાંચાવાળી શિક્ષણ પદ્ધતિને કેન્દ્રમાં રાખીને વિકાસ અને સુધારના કાર્યો કર્યા. પરિણામે આના દ્વારા ખાદીકાંતણ, ખેતી સ્વાવલંબન, છાત્રાલય જીવન વગેરે પર ભાર મૂકવામાં આવ્યો તથા તેમાંથી સેવા ભાવનાવાળા સામાજિક કાર્યકરો તૈયાર કરવાનો મુખ્ય ઉદ્દેશ રહેલો છે. સાબરકાંઠા જિલ્લામાં આ પ્રકારના શિક્ષણનો સામાન્ય પ્રવાહના શિક્ષણ તરીકે ઓળખાવી શકાય જેમાં સ્કૂલો, કૉલેજોની સગવડ વર્તમાન સમયમાં વિકસી છે.

- **શિક્ષણથી વિવિધ પાસાઓમાં પરિવર્તન :**

આદિવાસી જાતિમાં શિક્ષણના કારણે તેમના સમાજ જીવનના વિવિધ ક્ષેત્રોમાં પરિવર્તન આવ્યું છે. શિક્ષણ સાથે વ્યવસાય, સંપર્ક, કાયદાકીય જોગવાઈઓ અનામત જાતિ, જાતિ સ્વચ્છતાનો ખ્યાલ, માંસાહાર અને દારૂનો ત્યાગ, સરકારી યોજનાઓ વગેરે પણ પરિવર્તનના મુખ્ય સ્ત્રોત છે, તેમ છતાં શિક્ષણ પરિવર્તનનો મુખ્ય સ્ત્રોત છે.

- **ભૌતિક જીવન :**

પરંપરાગત રીતે આપણે જોઈએ તો ઘાસના અને વાંસના લીપેલી દિવાલોવાળા છાપરા જેવા ઘરોમાં ગામની બહાર નદીના તટ વિસ્તાર ઉપર એકલા વસવાટ કરતા હતા, પરંતુ વર્તમાન સમયમાં ગામની મધ્યભાગમાં મોટેભાગે પાકા મકાનોમાં સંકીર્ણ અને વિકર્ણ રહેઠાણ વ્યવસ્થાઓમાં જોવા મળે છે. સાથે સાથે તે લોકોમાં પશુપાલનનો વ્યવસાય વિકસતો જોવા મળે છે.

પરંપરાગત સમયમાં તેઓ મુખ્યત્વે માટીના, લાકડાના, એલ્યુમિનિયમ પિતળ અને કાંસાના વાસણનો ઉપયોગ કરતાં હતાં, જે વર્તમાન સમયમાં આ વાસણોની જગ્યાએ સ્ટીલ, કાચ અને ગ્યાસ પ્લાસ્ટિકના વાસણોનો વપરાશ વિશેષ જોવા મળે છે, તેમની ગૃહરચનાની અંદર પાણી, રસોડું, સંડાસ, બાથરૂમ વગેરેની સગવડ જોવા મળ્યા છે. ભૌતિક સગવડોમાં તેઓ ટી.વી., પંખો, ટેલિફોન, ગેસ, મોટરસાઈકલ રેડિયો જેવી વસ્તુઓનો ઉપયોગ કરતાં થયાં છે.

- **આર્થિક જીવન :**

તેઓ વંશ પરંપરાગત જે કામગીરી કરતા હતા તે આજે તેઓ નથી કરતા અથવા કરવાનું ટાળે છે. આમ શિક્ષણથી તેઓના જીવનમાં બૃહદ માળખાંકીય પરિવર્તન આવ્યા છે, પોતે નિરક્ષર હોવાથી પોતાની વાત સમજી ચે અને વિચારી શકે છે. આજે તેઓ આધુનિક સમયમાં તેમનો વ્યવસાય ખેતી છે. ખેતીમાં રાસાયણિક ખાતર, દવાઓ, સુધારેલાં બિયારણોનો ઉપયોગ વગેરેના કારણે સારા પ્રમાણમાં ખેત ઉત્પાદન લઈ શકે છે. તેમ જ શિક્ષણના કારણે સરકારી કે અર્ધસરકારી નોકરીમાં જોડાય છે, તેનું પ્રમાણ એકંદરે ઠીક છે. તદુપરાંત શિક્ષણ લઈને તેઓ પશુપાલન વિવિધ ધંધા રોજગારના વ્યવસાયોમાં જોડાયેલા જોવા મળે છે, જેથી તેમની પરિસ્થિતિ સુધરી છે. તે જો શકાય છે.

- **ધાર્મિક જીવન :**

આદિવાસી સમાજનું ધાર્મિક જીવન જોઈએ તો તેઓ દેવદેવીઓના મંત્ર તંત્ર સ્વરૂપ વગેરે જેવી મૂળભૂત ધાર્મિક માન્યતાઓના પાયા પર જોવા મળતા હતા, પરંતુ આજે જ્યારે શિક્ષણના

સંપર્કમાં આવ્યા ત્યારે તેમની આ પરંપરાગત ધાર્મિક વ્યવસ્થામાં પણ કેટલાંક પરિવર્તન આવ્યા છે. તો કેટલાંક નવા અનુકૂલનો છે. એટલે કે અંધશ્રદ્ધા, વહેમો, ભૂત, ડાકણ, ભગત, ભૂવામાં માન્યતા અને વિશ્વાસ સંપૂર્ણ પણે દૂર કરી શકાયા નથી, પરંતુ તેમના વિકાસને રૂંધનાર રૂઢિઓથી મુક્ત થવા પ્રયાસ કરે છે, તેઓ પોતાની વ્યક્તિગત અને સામાજિક પૂજાવિધિમાં દારૂ, બકરો, મરિયા, પાડી વગેરેના બલિ આપતા હતા. જેની જગ્યાએ શ્રીફળ, કંકુ, અગરબત્તીઓ નો ઉપયોગ કરતાં થયાં છે, તેમ જ તેઓ પણ હવે બ્રાહ્મણ પાસે વિધિ કરાવવાનું વલણ ધરાવવાનો આગ્રહ રાખે છે.

આમ, શિક્ષણના પ્રસારથી આદિવાસી સમાજમાં ઘણાં બધાં પરિવર્તનો આવ્યા, જેથી તેમના સ્વરૂપ અને તેમની વ્યક્તિગત મનોદશા બદલાવવા પામી છે. આમ, શિક્ષણે તેમનામાં પરિવર્તન આણ્યું છે. એ સમાજમાં તેમજ અન્ય સમાજમાં સ્વમાનભેર જીવન જીવવાની તક પુરી પાડે છે.

- **શિક્ષણદ્વારા આદિવાસી સમાજમાં આવેલ પરિવર્તન :**

શિક્ષણદ્વારા આદિવાસી સમાજમાં ખૂબજ પરિવર્તન થયું છે, તેમના જીવનમાં, રહેણીકરણીમાં મોટા ફેરફારો જોવા મળે છે, જે નીચેની બાબતો પરથી સ્પષ્ટ થાય છે.

**(1) ભૌતિક જીવનમાં પરિવર્તન :**

આદિવાસી સમાજ વાંસ અને ઘાસના મકાનોમાં રહેતા હતાં, વર્તમાન સમયમાં ગામના મધ્યમાં પાકા મકાનોમાં રહેવા લાગ્યા છે. લોકોના સંપર્કમાં આવવાથી ભૌતિક જીવનમાં પરિવર્તન શિક્ષણ દ્વારા થયું છે.

**(2) આર્થિક જીવન :**

શિક્ષણ દ્વારા આર્થિક જીવનમાં સુધારો થયો છે. ખેતીમાં હવે સુધારેલ બીયારણ, ખાતર, જંતુનાશક દવાઓ વગેરેનો ઉપયોગ ખેતીમાં કરવા લાગ્યા છે. તેથી ઉત્પાદનમાં વધારો થયો છે. આર્થિક જીવનમાં સુધારો થયો છે.

**(3) ધાર્મિક જીવન વ્યવસ્થામાં પરિવર્તન :**

પહેલા અંધશ્રદ્ધામાં માનતા હતા, સામાજિક પૂજા વિધિમાં દારૂ, બકરો, પાડી વગેરેના બલિ આપતા હતા, હવે શિક્ષણ દ્વારા પરિવર્તન થયું છે, હવે બ્રાહ્મણ પાસે પૂજા વિધિ કરાવતાં થયાં છે. શ્રીફળ, કંકુ અગરબતી વગેરેનો ઉપયોગ કરે છે.

**(4) વ્યવસાયમાં પરિવર્તન :**

શિક્ષણ મળવાને કારણે વ્યવસાયમાં પરિવર્તન આવ્યું છે. ખેતીમાં પરિવર્તન આવ્યું છે, નોકરી કરતા થયા છે.

**(5) જનસંપર્ક :**

શિક્ષણ દ્વારા જનસંપર્ક વધતા સામાજિક જીવનમાં પરિવર્તન થયું . બોલવાની ભાષા, રહેણી કરણી રીત રિવાજમાં પરિવર્તન થયું છે.

**(6) જાતિ સ્વચ્છતાનો ખ્યાલ :**

આદિવાસી લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવી છે. સ્વચ્છ કપડાં, નાવા ધોવામાં ફેરફાર થયો છે, સ્વચ્છતાનો આગ્રહ રાખતાં થયાં છે.

**(7) ખોરાકમાં પરિવર્તન :**

પહેલા માંસાહારી ખોરાકનો ઉપયોગ કરતા હતાં. દારૂ પીતા હતા. શિક્ષણદ્વારા માંસાહાર અને દારૂનો ત્યાગ કરતા થયાં છે. સારો ખોરાક લેતા થયાં છે.

**(8) સરકારી યોજનાનો સ્વીકાર :**

શિક્ષણને કારણે સરકાર યોજનાના જે લોકો મળે છે તેનો સ્વીકાર કરતા થયાં છે.

**(9) પાકા મકાનોમાં રહેઠાણ :**

પહેલા ઘાસ અને વાંસના મકાનોમાં રહેતાં હતાં, હવે પાકા મકાનોમાં રહેતાં થયાં છે. શિક્ષણને કારણો ભૌતિક સગવડતા વાળું મકાન બનાવતા થયા છે.

**(10) વાસણમાં પરિવર્તન :**

કાંસાના વાસણનો ઉપયોગ કરતાં હતાં, હવે સ્ટીલના વાસણો વાપરના થયા છે. કાચ, પ્લાસ્ટિક, ગ્લાસ વગેરે વાપરતા થયાં છે.

**(11) ગૃહરચનામાં પરિવર્તન :**

ઘરમાં હવે ટી.વી. પંખા, ગેસ, રેડિયા, મોટર સાઈકલ વગેરે વસ્તુઓનો ઉપયોગ કરતાં થયાં છે.

**(12) ભૌતિક સગવડોમાં વધારો :**

ભૌતિક સગવડોમાં વધારો થયો તે પાકા મકાનો, ઘરમાં આધુનિક સાધનો વાપરતા થયાં છે.

**(13) ખેતીમાં પરિવર્તન :**

શિક્ષણને કારણે ખેતીમાં પરિવર્તન થયું છે. ખેતી આધુનિક સાધનો દ્વારા કરવામાં આવે છે.

**(14) નોકરીમાં જોડાણ :**

શિક્ષણ મળવાથી ધીમે ધીમે નોકરીમાં જોડાણ કરતા થયા છે. લોકોના સંપર્કમાં વધારો થયો છે. વ્યવસાયમાં સુધારો થયો છે.

**(15) અંધશ્રદ્ધાનો ત્યાગ :**

આદિવાસી લોકો અંધશ્રદ્ધામાં વધુ માનતા હતા. શિક્ષણ દ્વારા પરિવર્તન થયું છે. અંધશ્રદ્ધા નો ત્યાગ કર્યો છે. બ્રાહ્મણ દ્વારા વિધિ કરાવતા થયા છે. મૂર્તિપૂજાનું મહત્ત્વ વધ્યું છે.

**(16) રૂઢિઓમાં મુક્તથવા પ્રયાસ :**

રૂઢિઓમાં મુક્ત થવા પ્રયાસ થઈ રહ્યો છે. શિક્ષણ દ્વારા જૂની રૂઢિનો ત્યાગ કર્યો છે.

**(17) ધંધા રોજગારના વ્યવસાયોમાં પરિવર્તન :**

શિક્ષણ દ્વારા પરિવર્તન થયું છે, ધંધા રોજગારના વ્યવસાયોમાં પરિવર્તન થયું છે. આધુનિક પદ્ધતિઓ ખેતી, પશુપાલનનો ઉપયોગ, વગેરેમાં વધારો થયો છે.

## 11.11 વન વસાહતી આદિવાસીઓનાં વિકાસમાં અવરોધક પરિબળો

આદિવાસી સંસ્કૃતિમાં અને તેમના આર્થિક જીવનક્ષેત્રમાં વનનું સ્થાન અનન્ય છે. વન તેમને ઘર, રહેઠાણ, ખોરાક, કપડાં, સાંસ્કૃતિક સાધનો, આધ્યાત્મિક જીવન અને આનંદ આપે છે. આ આદિવાસીઓને જન્મથી મરણ સુધી વન જ મદદ કરે છે શ્રી હરિસિંગ કમિટિએ (1967) જણાવ્યું હતું કે દેશના 62 ટકા આદિવાસીઓ જંગલમાં વસે છે અને 38 ટકા આદિવાસીઓ જંગલની આસપાસ વસે છે વનને તેઓ 'વન દેવી' કે 'માં દેવી' તરીકે પૂજે છે.

વન વસાહતી આદિવાસી વિસ્તારો હજી આજે પણ અસહ્ય ગરીબી, નિરક્ષરતા અને શોષણના સામ્રાજ્યવાળા ટાપુઓ જેવા રહ્યાં છે. 68% જેટલા આ આદિવાસીઓ ગરીબી રેખાની નીચે જીવે છે તથા 32% આ આદિવાસીઓ હજી અભણ છે. મોટા ભાગના વન-વસાહતી આદિવાસી સમુદાયનું જીવન ધોરણ એમની કફોડી આર્થિક સ્થિતિને કારણે દયાજનક છે.

બંધારણના ઘડનારાઓએ આ આદિવાસી લોકો રાષ્ટ્રના સામાન્ય પ્રવાહમાં ભળી જાય અને એમનામાં જોમ પ્રગટે એ હેતુસર બંધારણમાં જ એમના અધિકારોના જતન તથા કલ્યાણ માટે અનેકવિધ ઉપાયો સમાવી લીધા છે. સ્વતંત્રતા બાદ આ આદિવાસીઓના વિકાસ માટે અનેક કલ્યાણકારી યોજનાઓનું અમલીકરણ તથા બંધારણીય હકો આપવા છતાં હજુ પણ આ વન

વસાહતી આદિવાસીઓનો જોઈએ તેટલો વિકાસ થવા પામ્યો નથી, જેના વિકાસને અવરોધક પરિબળો નીચે મુજબ છે.

- **અવરોધક પરિબળો :**

**(1) વહીવટી અવરોધ :**

વન વસાહતી આદિવાસીઓના પોતાના નામે જમીનો ન હોવાથી પોતાના વિકાસ માટે, ઢોર-ઢાંખરના વિકાસ માટે, ખરીદી માટે, રહેઠાણ ઊભું કરવા માટે અને વિકાસાત્મક કાર્યો માટે બેંકો કે સરકારી એજન્સીઓ પાસેથી નાણાંકીય લોન સહાય મળી શકતી નથી.

જમીનના 7/12 ના ઉતારાઓ પોતાના નામે ન હોવાથી મહેસૂલ રીતે આ આદિવાસીઓને ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે. જમીન સુધારણા, જમીન સ્તરનું લેવલિંગ થઈ શકતું નથી, વન વસાહતી વિભાગ એ રીતે વધુ નાણાંકીય તથા અન્ય મદદ કરી શકતું નથી.

**(2) નબળી આર્થિક પરિસ્થિતિ :**

વન વસાહતી આદિવાસીઓના આવકખર્ચનું પ્રમાણ જોતાં જણાય છે કે આદિવાસીઓની આવક કરતાં ખર્ચ વધુ છે. મોટા ભાગના તો ગરીબી રેખાની નીચે જીવે છે. તદ્ઉપરાંત ઘણા બધા આદિવાસીઓ દેવામાં ડૂબેલા છે. ખેતીની જૂની પદ્ધતિને કારણે ખેત ઉત્પાદન વધી શકતું નથી. આર્થિક પછાતપણાને કારણે સરકારની 90 ટકા સહાય મળવા છતાં શરૂઆતની 10 ટકા રકમ ભરવાની પણ તેમની શક્તિ નથી હોતી. વળી જંગલખાતા તરફથી પણ સહાય સમયસર નથી મળતી. આમ આર્થિક નબળી સ્થિતિ પણ વિકાસમાં મોટો અવરોધ છે.

**(3) નિરક્ષરતા :**

અંતરિયાળ જંગલોમાં વસતા ઘણા આદિવાસીઓ નિરક્ષર છે. શિક્ષણનું સ્તર બહુ જ નીચું હોવાથી વિકાસાત્મક કાર્યક્રમોનો અમલ તેઓ કરી શકતા નથી. સામાન્ય વસ્તી કરતાં આ આદિવાસીઓમાં શિક્ષણ ઓછું હોવાથી વ્યાવસાયિક અને ભૌગોલિક ગતિ મેળવવામાં અંતરાયરૂપ બને છે આવા જ કારણોસર સરકારી યોજનાઓની જાણ ન હોવાથી લાભથી વંચિત રહી જાય છે. પોતે નિરક્ષર હોવાથી બાળકોનો યોગ્ય વિકાસ સાધી શકતા નથી, તેમનું સમગ્ર જીવન આર્થિક રીતે આવક મેળવવામાં જ વીતતું હોવાથી નાના બાળકો પણ ઢોર ચરાવવા કે વનપેદાશ એકઠી કરવામાં વ્યસ્ત બની જાય છે આમ આ કુટુંબો બાળકોના શિક્ષણ પ્રત્યે દુર્લક્ષ સેવતા હોવાથી બાળકો પણ સારું ભણી શકતા નથી. આથી નોકરીઓમાં અનામતની જગ્યાઓ રાખવા છતાં આ જગ્યા ભરાતી નથી અને તેઓની આર્થિક સ્થિતિ સુધરી શકતી નથી.

**(4) જંગલખાતાના અધિકારીઓનું :**

વન વસાહતી આદિવાસીઓ સમાન અને નિરક્ષર હોવાથી યોજનાઓની જાણ તેમને જંગલના અધિકારીઓ કરે તો જ થાય, નહિં તો ન થાય, પરંતુ પોતાના કોઈ સાથી દ્વારા આવી યોજનાઓની માહિતી મળે અને આવો આદિવાસી જંગલખાતાના અધિકારીઓ પાસે સહાય માટે જાય તો તેમને યોગ્ય જવાબ પણ આપવામાં નથી આવતા.

જંગલખાતાના અધિકારીઓ ક્યારેક ગામના સરપંચ કે અગ્રણીઓને બધી સહાય આપે છે જ્યારે અન્ય નાના વસાહતી ખેડૂતોને સહાય આપતા નથી અને ફંડ ખલાસ થઈ ગયું તેવું જણાવે છે. ક્યારેક વનવસાહતી આદિવાસીઓ પોતે ઓફિસમાં જાય અને તેમની તકલીફોનું વર્ણન કરે તો પણ આ અધિકારીઓ તેમને સાંભળતા નથી. વન વસાહતીઓ માટેનું ફંડ ક્રમવાર દરેકને મળે તે જરૂરી છે. આમ, જંગલખાતાના અધિકારીઓનું વર્તન પણ આ આદિવાસીઓના વિકાસમાં અવરોધરૂપ બને છે.

**(5) સિંચાઈની વ્યવસ્થાનો અભાવ :**

વન વસાહતી ગામોમાં વસતા આદિવાસીઓ મુખ્યતઃ વરસાદી ખેતી કરતા હોય છે. જો

સિંચાઈની વ્યવસ્થા થાય તો જ તેઓ બીજા પાક લઈ શકે છે. ઘણીવાર તો વરસાદ ખેંચાઈ જાય કે ઓછો આવે તો ખેતી નિષ્ફળ પણ જાય છે વળી દૂર નદીમાંથી પોતાના ખેતરમાં પાણી વાળવા પાઈપલાઈનો, એન્જિન, મોટર વગેરે ખરીદવાના તેમની પાસે પૈસા ન હોવાને કારણે સિંચાઈનો અભાવ પ્રવર્તે છે. આમ, સિંચાઈની મુશ્કેલીએ વિકાસ માટેનો મોટામાં મોટો અવરોધ છે.

**(6) પાણીની મુશ્કેલી :**

વન વસાહતી ગામો મુખ્ય રસ્તા ઉપરથી ઘણા અંદરના ભાગે ગાઢ જંગલમાં આવેલાં છે. ઘણી જગ્યાએ પીવાના પાણીની વ્યવસ્થા છે કૂવા તથા હેડ પંપોથી પીવાનું પાણી મળી રહે છે પણ ઉંડાણનાં છૂટા છવાયા તથા ઉંચાઈ અને ઢોળાવવાળા પર્વતીય વિસ્તારોમાં પીવાના પાણીની ખૂબ મુશ્કેલીઓ પણ છે. મનુષ્ય જીવનનો, ઢોર-ઢાંખર કે વનસ્પતિનો મુખ્ય આધાર પાણી અને હવા છે. આ વિસ્તારોમાં કોઈક જગ્યાએ પૂરતું પાણી નથી મળતું તો કોઈ જગ્યાએ પાણી દૂષિત હોય છે. અને ઉનાળાના મહિનાઓમાં આ વિસ્તારમાં પાણીની સમસ્યા વિકરાળરૂપ ધારણ કરે છે. ખૂબ દૂર-દૂરથી પાણી ભરી લાવવા સમય-શક્તિનો ઘણો દુરુપયોગ થતો હોય છે.

**(7) ઉદ્યોગ સાહસિકતા અંગેનું અજ્ઞાન અને સગવડનો અભાવ :**

આજે વિકાસાત્મક કાર્યક્રમોમાં ઉદ્યોગ સાહસિકતા પર ભાર મુકાયો છે ઉદ્યોગ શરૂ કરનાર વન વસાહતી આદિવાસીઓને લોન આપવામાં આવે છે પરંતુ વન વસાહતી ગામ મહેસૂલી ગામ ગણાતું ન હોવાથી લોનો મેળવવામાં મુશ્કેલી પડે છે. વળી મુખ્ય રસ્તાથી ઘણા અંદરના ભાગે ગામ આવેલું હોવાથી ઉદ્યોગ માટે કોઈ પણ કુટુંબને પ્રેરણા નથી હોતી તેમજ વન વસાહતી ગામોમાં ઉદ્યોગ સાહસિકતા માટે જંગલ વિભાગ ખાસ કોઈ શિબિર કે પરિસંવાદો યોજતા નથી. કોઈ સભા ભરતાનથી. બહુ જ ઓછા ટકાને ઉદ્યોગ સાહસિકતા અંગેની જાણ છે. ઉદ્યોગ શરૂ કરવાની જાણકારી ન હોવાને લીધે ઉદ્યોગંગે પ્રેરણા નથી મળતી. ઉદ્યોગ શરૂ કરવાની સગવડો ગામમાં ન હોવાને લીધે તેમજ પોતે બનાવેલી ચીજ વસ્તુઓને બજારમાં વેચવા જવાની આવડત ન હોવાને લીધે પણ વિકાસ થઈ શકતો નથી.

**(8) રોજગારીનો અભાવ :**

વન વસાહતી આદિવાસીઓ પોતાના ગામમાંથી બહાર નીકળ્યા ન હોવાથી તેમની પાસે વિશેષ કુશળતા નથી હોતી. વળી ગામમાં તો ખેતી, ખેત મજૂરી કે વન પેદાશ એકત્રિકરણ સિવાય અન્ય કોઈ વ્યવસાયો તેઓ નથી કરતા. આમ વન વસાહતી ગામોમાં વિશેષ રોજગારીનો અભાવ પ્રવર્તિ રહ્યો છે. જો કે હવે પંચમહાલમાંથી ઘણા આદિવાસીઓ કડિયા કામ માટે તો છોટા ઉદેપુર કે અંબાજીની ખાણોમાં રોજી મેળવતા થયા છે. પરંતુ આ રોજગારી નિયમિતરૂપે મળતી નથી વળી ઉપર જણાવ્યું તેમ કુશળતા, જ્ઞાન, પ્રવીણતાનો અભાવ હોવાથી વિશેષ ચાલી શકતા નથી, આમ આર્થિક સ્થિતિ ખરાબને ખરાબ જ થતી જાય છે.

**(9) રૂઢિચુસ્ત સામાજિક પ્રમાલિકા :**

વન વસાહતી ગામો અંતરિયાળ જંગલમાં આવેલાં હોવાથી ગામોમાં વસતા ભૂવા કે બડવાને તેઓ મુખ્ય વ્યક્તિ માનતા હોય છે, ભૂવો જે કહે તે પ્રમાણે આ આદિવાસીઓ વર્તતા હોય છે. તાવ આવે કે શારીરિક તકલીફ હોય, સાપ કરડે વગેરે ગંભીર તકલીફોમાં પણ આ આદિવાસીઓ ડૉક્ટર પાસે ન જતાં પાસે જાય છે જે મંત્રેલા દાણા આપીને કે બોલ આપીને તકલીફ દૂર થશે તેવું સમજાવે છે.

આદિવાસીઓની અમુક રોગો માટેની પોતાની આગવી સારવાર પદ્ધતિ છે. આ પદ્ધતિએ ધર્મ, જાદુ, મંત્ર, તંત્ર વિજ્ઞાન અને પરંપરાનું મિશ્રણ છે. આ આદિવાસીઓ રોગને દેવદેવીઓનો કોપ માને છે. જ્યારે ગામમાં કોઈ રોગચાળો ફાટી નીકળે ત્યારે ભગત બડવો (Medical Man) ઉપચાર માટે મંત્ર અને ધાર્મિક પૂજા વિધિ કરે છે. ઘણીવાર પરંપરાગત ઔષધ પણ સારવાર માટે લાભદાયી નીવડે છે. આ સામાજિક પ્રણાલી સમાજમાં એટલી બધી ઊંડી ઉતરી ગઈ છે કે ઘણીવાર શિક્ષિત આદિવાસીઓ પણ તેને છોડતા નથી. પરંપરાગત ભૂવા ભગતનો હજુ પણ નિરક્ષર આદિવાસીઓ પર કાબૂ છે અને એ જ વિકાસ પ્રક્રિયામાં વ્યાપક બનતો હોય છે.

એક અભ્યાસ મુજબ આજની ભણેલી ગણેલી આદિવાસીની નવી પેઢી ભગત-ભૂવામાં ઓછી માને છે. 65 ટકા આદિવાસી માને છે તો 35% આદિવાસી માનતા નથી. આમ ખેત ઉત્પાદનો, આદિવાસીઓનો વ્યક્તિગત વિકાસ, ઢોર-ઢાંખરનો બચાવ વગેરેમાં અંધશ્રદ્ધાનો પ્રભાવ અને રૂઢિચૂસ્ત પ્રણાલિઓ છે જે આ સમુદાયના કુલ વિકાસમાં અવરોધરૂપ બને છે.

**(10) વ્યસનો :**

વન વસાહતી આદિવાસીઓને બાળપણથી જ વ્યસનોની ટેવ પડી હોય છે. જંગલમાં મહુડા આસાનીથી મળતા હોવાથી બધા જ ભેગા થઈને મહુડાનો દારૂ બનાવે છે. તેમાં તેમને પૈસાનો ખર્ચ નથી અને તેનાથી પૂરતો નશો મળી રહે છે. ઘણા આદિવાસીઓ ખેતી તથા મજૂરીથી પરવારીને સાંજે દારૂ પીવે છે. જ્યારે ઘણા તો દિવસના ભાગમાં પણ દારૂ બનાવીને પીતાં હોય છે. આથી દિવસે વ્યસન કરનાર વનવાસી મજૂરી કરવા જાય નહીં, રોજગારી મેળવે નહીં માટે દયનીય આર્થિક સ્થિતિમાં સપડાય દારૂ સિવાય પણ તેઓને બીડી-સિગારેટ અને તમાકુની ટેવ હોય છે તેના કારણે પૈસાનો તો ખર્ચ થાય અને શરીર સ્વાસ્થ્ય પણ બગડે. જેનું શરીર તંદુરસ્ત ન હોય તેનું મન તંદુરસ્ત ન રહે વિકાસમાં અવરોધરૂપ બને.

**(11) આરોગ્યલક્ષી બાબતો અંગેનું અજ્ઞાન-એક મોટું પરિબળ :**

વન વસાહતી ગામોમાં આજે પણ પૂરતી આરોગ્યલક્ષી સેવાઓનો અભાવ જોવા મળે છે. ભૌતિક સુવિધાઓ અને આરોગ્ય કર્મચારીઓના અભાવને કારણે આ ગામોમાં આરોગ્યની અઢળક સમસ્યાઓ જાગૃત્તિના અભાવે જોવા મળે છે. દા.ત. રસીકરણ અંગેના માતાના અજ્ઞાનને કારણે બાળકને એ રોગો સામે રક્ષણ મળી શકતું નથી ભવિષ્યમાં બાળકી તંદુરસ્ત સાથે જોખમો રહે છે જ્યારે વ્યક્તિ બીમાર પડે તો દવાખાને ડૉક્ટરની સલાહ અને દવા લેવાને બદલે ભગત-ભૂવા કે ઝાડ-મૂળીનો સહારો લે છે જેના લીધે રોગની યોગ્ય દવા ન થતાં વ્યક્તિનું આરોગ્ય જોખમાય છે આમ આરોગ્યલક્ષી બાબતો અંગેનું અજ્ઞાન પણ વિકાસને અવરોધે છે.

**(12) જંગલના કોન્ટ્રાક્ટરો :**

બ્રિટીશ રાજની જંગલ નીતિથી રાજાઓ અને જમીનદારોના જંગલોમાંથી ઈમારતી લાકડું કે વન-પેદાશો લઈ જવા માટે કોન્ટ્રાક્ટરોને છૂટ આપવામાં આવતી હતી. આવા કોન્ટ્રાક્ટરોએ વર્ષોથી આદિવાસીઓનું ભરપૂર શોષણ કર્યું છે. આલભ્ય જંગલ પેદાશો આદિવાસીઓ પાસે એકઠી કરાઈ બદલામાં કોન્ટ્રાક્ટરો તેમને ખૂબ ઓછું વળતર ચૂકવે. હાલમાં પણ વનસંરક્ષણનો કાયદો હોવા છતાં કાયદા વિરુદ્ધ કોન્ટ્રાક્ટરો લાકડું બહાર લઈ જતાં હોય છે. આમ જંગલના કોન્ટ્રાક્ટરો પણ એક અવરોધરૂપ પરિબળ છે.

**(13) રાજકીય પરિબળ :**

આપણા દેશને સ્વતંત્ર થયે 66 વર્ષ જેટલો મોટો સમય પસાર થઈ ગયો છે. આ ગાળા દરમિયાન આવા પછાત વિસ્તાર અને સમુદાયો માટે અઢળક ફંડ પણ ફાળવવામાં આવેલ, તેમના વિકાસ માટે દા.ત. પાણી, રસ્તા, શિક્ષણ, રોજગાર, આરોગ્ય અને કૌશલ્યોના વિકાસ માટે સરકાર દ્વારા ખૂબ પૈસા ખર્ચવાના આયોજનો થયા છતાં લોકલ આગેવાનો અને રાજકારણીઓએ વિકાસના યોગ્ય કામો કરેલ નથી, રાજકારણીઓએ પૂરતું ધ્યાન ન આપ્યું હોઈ, જોઈએ તેટલો સારો વિકાસ શક્ય બન્યો નથી. આમ વિકાસ માટેનું મહત્ત્વનું પરિબળ રાજકારણ પણ આ વન વસાહતી આદિવાસીઓના વિકાસમાં અવરોધક પરિબળ તરીકે જોવા મળે છે.

આમ ઉપરોક્ત વિવિધ અવરોધક પરિબળો જોયા બાદ એમ કહી શકાય કે આદિવાસીઓના મનને ધરપત આપવી જરૂરી છે - કે સરકાર તેમની સાથે છે. જંગલ અધિકારીઓ તેમને મદદકર્તા છે. તથા એકલતાપણા અને અલગતાપણામાંથી બહાર આવી તેઓએ જાતે પણ તેમનો પોતાનો વિકાસ સાધવાનો છે. 1982માં જાણિતા સમાજમાનવ શાસ્ત્રી પ્રોફેસર બી.કે.રોય બર્મને ગૃહમંત્રાલયને આપેલા અહેવાલમાં પણ જંગલનીતિને આદિવાસી વિકાસ સાથે સંકલિત કરી પ્રાદેશિક આર્થિક

સ્થિતિ સુધારીને રાષ્ટ્રીય સ્થિતિ સુધારવાનો મત પ્રદર્શિત કરેલો છે. પ્રોફેસર રોય બર્મને આપેલા અહેવાલને પરિણામે 1988ની જંગલનીતિમાં આદિવાસીઓ તરફ સૂચનોને સ્વીકારી, જંગલ સંરક્ષણમાં અને વિકાસમાં આદિવાસીઓની ભાગીદારી ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

ઉપર જણાવેલ વન વસાહતી આદિવાસીઓના વિકાસમાં અવરોધક પરિબળોને ધ્યાને લઈ, આદિવાસીઓનો વિકાસ સાધવા માટે સૌ પ્રથમ તો એક યા બીજી રીતે એમનું જે શોષણ થાય છે એ બંધ કરવું પડશે. તેમની આર્થિક જરૂરિયાતો સમજી લઈને તેમનું જીવન ધોરણ સુધારવા માટેનાં પગલા નક્કી કરવા જોઈએ. નીતિવિષયક નિર્ણયો લેતી વેળાએ તેમજ વિકાસ કે કલ્યાણ યોજનાઓના અમલ દરમિયાન વન વસાહતીઓને સાથે રાખવા પડશે, તો જ તેમનો વિકાસ થઈ શકે.

## 11.12 આદિવાસી સમુદાયની સ્ત્રીઓના શિક્ષણિક પ્રશ્નો.

ભારતની વસતિ ગણતરી 2011 પ્રમાણે ગુજરાતમાં આદિવાસી બાળકોમાં અધવચ્ચેથી શિક્ષણ છોડવાનું પ્રમાણ 77 ટકા છે. શાળાંથી આદિવાસી છોકરાઓ કરતાં છોકરીઓનું અધવચ્ચેથી શિક્ષણ છોડવાનું પ્રમાણ પણ ઘણું ઊંચું છે તેમજ સાક્ષરતા દરમાં આદિવાસી સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે જેન્ડર ગેપ પણ વધુ છે.

**(1) વધુ ગરીબીનું પ્રમાણ :**

આદિવાસી લોકો વધુ ગરીબ છે. છોકરીઓને ઘરની જવાબદારી સંભાળવી પડે છે. રોજગારી માટે પણ જવું પડે છે. આથી છોકરીઓને શાળાએ મોકલતા નથી.

**(2) નબળી આર્થિક પરિસ્થિતિ :**

આર્થિક પરિસ્થિતિ નબળી છે. મજૂરી માટે પણ જવું પડે છે. ઘરના બધાજ સભ્યો આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી કામે જવું પડે છે. આથી છોકરીઓને શાળાએ વાલીઓ મોકલતાં નથી.

**(3) રોજગારી માટે સ્થળાંતર :**

આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી રોજી રોટી માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થાળાંતર કરવું પડે છે. રોજી રોટી માટે ભટકતું જીવન ગુજારે છે. સ્થાયી ન હોવાથી શાળામાં પ્રવેશનો પ્રશ્ન ઉભો થાય છે.

**(4) શિક્ષણ આપવામાં ભેદભાવ :**

સ્ત્રી-પુરુષને શિક્ષણ આપવામાં ભેદભાવ જોવા મળે છે. છોકરાઓને ભણાવવાનું વાલીઓ પસંદ કરે છે. છોકરીઓને ભણવવાનું પસંદ કરતાં નથી. છોકરીને ભણાવે તો પણ તેને ખાસ કોઈ સગવડ આપવામાં આવતી નથી.

**(5) શૈક્ષણિક વાતાવરણનો અભાવ :**

આદિવાસી લોકોમાં ઘરમાં શિક્ષણ માટેનું વાતાવરણ જોવા મળતું નથી. વાલી અભણ છે તેથી શિક્ષણનું મહત્ત્વ સમજતા નથી, જેથી કરીને છોકરીઓને શાળામાં મોકલતા નથી છોકરીને ભણાવીને શું કરવું, તેને નોકરી કરાવવામાં માનતા નથી.

**(6) શૈક્ષણિક સગવડતાનો અભાવ :**

યોગ્ય અને પૂરતી શૈક્ષણિક સગવડતાઓનો અભાવ જોવા મળે છે. આથી વાલીઓ છોકરીઓને શાળાએ મોકલતા નથી.

**(7) પાયાની ભૌતિક સગવડતાનો અભાવ :**

પાયાની ભૌતિક સગવડતાનો અભાવ જોવા મળે છે. શાળાનું મકાન, બેઠક વ્યવસ્થા, અન્ય શૈક્ષણિક સાધનો, બોર્ડ, કા.પા. બોર્ડ વગેરેનો અભાવ જોવા મળે છે. મકાન થવા ઘણી વખત પતરાના, વર્ગમાં ફેનની પણ વ્યવસ્થા હોતી નથી. પીવાના પાણીની વ્યવસ્થા, વગેરે વ્યવસ્થા જોવા મળતી નથી, આથી વાલીઓ છોકરીઓને શાળામાં મોકલતાં નથી.

**(8) વ્યાવસાયિક શિક્ષણનો અભાવ :**

શાળામાં છોકરીઓને ઉપયોગી થાય તેવો વ્યવસાયલક્ષી શિક્ષણનો અભાવ જોવા મળે છે. વ્યવસાયક્ષી શિક્ષણ માટે તાલીમની પણ કોઈ વ્યવસ્થા નથી. અભ્યાસ કર્યા પછી પણ નોકરી મળતી નથી.

**(9) ભાષાકીય મુશ્કેલી :**

આદિવાસી લોકોની બોલીને કારણે ભાષાકીય મુશ્કેલી ઊભી થાય છે. આદિવાસી શિક્ષણ સિવાય શિક્ષક ભણાવે તો તેની ભાષામાં બરાબર સમજ પડતી નથી. આદિવાસી શિક્ષણનો અભાવ જોવા મળે છે.

**(10) અંધશ્રદ્ધાનું વધુ પ્રમાણ :**

આદિવાસી લોકોમાં અંધશ્રદ્ધા અને અજ્ઞાનતાનું પ્રમાણ વધુ જોવા મળે છે. કોઈ બીમાર પડે તો ડૉક્ટર પાસે જતાં નથી, ભુવામાં વધુ માને છે. આથી છોકરીઓને શિક્ષણ આપવામાં માનતા નથી.

**(11) છોકરીઓના શિક્ષણ પ્રત્યે અજાગૃતતા :**

વાલીઓમાં છોકરીઓના શિક્ષણ પ્રત્યે અજાગૃત્તા અને અસ્વીકતતા જોવા મળે છે. શિક્ષણનું મહત્ત્વ સમજતા નથી. છોકરીઓને શિક્ષણ આપવું જ જોઈએ તેવું સમજતા નથી. સાક્ષરતાનું પ્રમાણ આદિવાસીમાં વધુ જોવા મળે છે. તેથી વધુ વિચારી શકતા નથી. પોતેતો અભણ છે પરંતુ બાળકોને પણ અભણ રાખે છે.

**(12) ઉચ્ચ શિક્ષણ પ્રત્યે ઉદાસીનતા :**

સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણ પ્રત્યે ઉદાસીન વલણ ધરાવે છે. પ્રાથમિક શિક્ષણ સુધી જ માત્ર અભ્યાસ કરાવે છે. ઘણીવાર વચ્ચેથી પણ ઉઠાડીલે છે.

**(13) વ્યાવસાયિક કામમાં રોકાયેલી રાખવી :**

છોકરીઓને વ્યાવસાયિક કામમાં રોકાયેલી રાખે છે. વ્યાવસાયમાં રોકવાથી તેમને આવક થાય છે. છોકરીઓને શાળાએ મોકલવામાં આવે તો આવક મળતી બંધ થાય છે. શિક્ષણનો ખર્ચ કરવો પડે છે.

**(14) અપવ્યયનું વધુ પ્રમાણ :**

આદિવાસી છોકરીઓમાં  વ્યાવસાયિકમાં રોકી રાખવાથી અપવ્યયનું પ્રમાણ વધુ જેવા મળે છે. ખેતીની સિઝનમાં કામ મળતું હોવાથી શાળા અધવચ્ચેથી છોડી દે છે. છોકરીઓનું પ્રમાણ વધુ જોવા મળે છે. ઘણીવાર કામ માટે સ્થળાંતર પણ કરવું પડે છે. શાળામાં વધુ સમય ગેરહાજર રહે છે.

**(15) ખેતીની સીઝનમાં ખેતી મજૂરી :**

ખેતીની સિઝન હોય ત્યારે ખેતી મજૂરી મળી રહે છે. છોકરીઓને શાળાએ મોકલતાં નથી. જ્યાં ખેતીનું કામ મળે ત્યાં સ્થળાંતર કરે છે. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી ખેતીમજૂરી કરવી પડે છે.

**(16) શાળામાં અપૂરતો સ્ટાફ :**

ઘણીવાર પ્રાથમિક શાળાઓમાં પૂરતો સ્ટાફ પણ હોતો નથી. ઘણીવાર આખી શાળા એકાદ બે શિક્ષકો ચલાવતા હોય છે. શિક્ષણ પણ સારુ મળતું નથી. બધા વર્ગમાં ઓછા શિક્ષકો હોવાથી ધ્યાન આપી શકતાં નથી.

**(17) કન્યા શિક્ષણની ઉપેક્ષા :**

આદિવાસી લોકો કન્યા શિક્ષણની ઉપેક્ષા કરતાં જોવા મળે છે, કન્યાઓને ભણાવવાનું પસંદ કરતાં નથી. કન્યા પાસે મજૂરી કામ કરાવે છે, કન્યા કામ પર જાય તો આવક થાય તેવું માને છે. આથી કન્યાઓને શાળાએ મોકલવાનું પસંદ કરતાં નથી.

**(18) આદિવાસી શિક્ષકોનો અભાવ :**

આદિવાસીના પ્રશ્નો, ભાષા સમજી શકે તેવા પોતાની જ્ઞાતિના શિક્ષકોનો અભાવ જોવા મળે છે. ભાષાકીય પ્રશ્નો ઊભા થાય છે.

**(19) પુરુષ શિક્ષક પાસે ભણાવવાનું પસંદ કરતા નથી :**

વાલીઓ પોતાની છોકરીઓ પુરુષ શિક્ષણ પાસે અભ્યાસ કરે તેવું પસંદ કરતા નથી. આથી છોકરીઓને શાળાએ મોકલતાં નથી.

**(20) અલગ કન્યા શાળાનો અભાવ :**

છોકરીઓ માટે અલગ કન્યા શાળાનો અભાવ જોવા મળે છે, અભ્યાસ માટે સંસ્થા વધુ હોતી નથી, તેથી અલગ શાળા થઈ શકતી નથી. મીશ્ર શાળામાં વાલીઓ પોતાની છોકરીઓને મોકલવાનું પસંદ કરતાં નથી.

**(21) નજીકમાં શાળાનો અભાવ :**

આદિવાસી જે વિસ્તારમાં રહે છે તે વિસ્તારમાં નજીકજ શાળા હોય તેવું શક્ય બનતું નથી આદિવાસીઓ જુદાં જુદાં વિસ્તારમાં ફેલાયેલ જોવા મળે છે. એટલે નજીકમાં શાળા હોતી નથી. ચાલીને શાળાએ જવું પડે છે.

## 11.13 આદિવાસી સમુદાયની સ્ત્રીઓના શૈક્ષણિક પ્રશ્નોના ઉકેલો

આદિવાસી સમુદાયની સ્ત્રીઓના કેટલાંક શૈક્ષણિક પ્રશ્નો છે, તેના ઉકેલ માટે નીચેની બાબતો વિચારી શકાય :

**(1) સ્ત્રીશિક્ષણ અંગેની ખોટી માન્યતા દૂર કરવી :**

શાળા-કૉલેજોના શિક્ષકો, શિક્ષણવિદો, સરકારી અધિકારી, સામાજિક કાર્યકારો વગેરેએ આદિવાસી સમુદાયના લોકોમાં રહેલી સ્ત્રી શિક્ષણ અંગેની ખોટી માન્યતાઓ દૂર કરવી અને સ્ત્રી શિક્ષણના મહત્ત્વને સમજાવવું.

**(2) સ્ત્રી શિક્ષણને ઉત્તેજન આપવું :**

આદિવાસી વિસ્તારમાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ વધારવા સ્થાનિક મંડળો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા શાળા-કૉલેજોએ જાગૃતિ રેલીઓ, સાધસો શેરી નાટકો અને ડોક્યુમેન્ટરી ફિલ્મો બતાવી સ્ત્રી શિક્ષણને ઉત્તેજન આપવું. શિક્ષણ વધે તે માટે અવારનવાર જાહેરાત આપવી.

**(3) સરકારી યોજનાની માહિતી આપવી :**

આદિવાસી મહિલાઓને સમાજમાં શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે આદિવાસી વિસ્તારમાં કાર્યરત સરકારી અધિકારી, સામાજિક કાર્યકરો કાર્યશીલો વગેરેએ સરકારશ્રીની વિવિધ યોજનાઓ, કાર્યક્રમો, શિક્ષણ સહાયો વગેરેની અસરકારક માહિતી પૂરી પાડવી.

**(4) રોજગારીલક્ષી તાલીમ આપવી :**

આદિવાસી વિસ્તારમાં સંકલિત ગાળ વિકાસ યોજના, રાષ્ટ્રીય ગ્રામ વિકાસ યોજના સ્વરોજગારી માટે તાલીમ જેવા કાર્યક્રમોમાં સ્ત્રી શિક્ષણને જોડવું, દાખલ કરવું.

**(5) અભ્યાસમાટેની સગવડો પૂરી પાડવી :**

સરકારશ્રીની અનેકવિધ યોજનાઓ જેવી કે મફત અને ફરજિયાત શિક્ષણ, ફી માફી પુસ્તક અને યુનિફોર્મમાં આર્થિક સહાય, બસ પાસની સુવિધા, સાયકલ સહાય, શિષ્યવૃત્તિ, ફેલોશીપ, શાળા-કૉલેજોમાં અનામત જગ્યાઓ, છાત્રાલયો, આશ્રમ શાળાઓ મધ્યાહ્ન ભોજન યોજના વગેરે શૈક્ષણિક યોજનાઓનો આધુનિક ટેકનોલોજીના સાધનો જેવાં કે રેડિયો, ટી.વી. ઈન્ટરનેટ વગેરેમાં જાહેરાત કરી અસરકારક પ્રચાર પ્રસાર કરવો જોઈએ.

**(6) છોકરીઓને દત્તક લેવી**

શાળા - કૉલેજોના શિક્ષકો આદિવાસી વિદ્યાર્થી નીચેની શૈક્ષણિક હેતુસર દત્તક લે અને તેમની શૈક્ષણિક સમસ્યાઓને નિવારણ માર્ગદર્શક અને સ્થાપના અને સ્વૈચ્છિક સંસ્થાઓને આદિવાસી છોકરીઓને દત્તક લેવા માટે પ્રોત્સાહિત કરવી જોઈએ

**(7) વ્યાવસાયિક શિક્ષણ આપવું :**

આદિવાસી સ્ત્રીઓમાં વ્યાવસાયિક કુશળતા અને ક્ષમતાવર્ધન માટે વિભિન્ન વ્યાવસાયિક અભ્યાસો તૈયાર કરવા અને શિક્ષણ આપવાની વ્યવસ્થાઓ ઊભી કરવી.

**(8) ફરતી શાળા શરૂ કરવી :**

સ્થળાંતરિત કુટુંબોની છોકરીઓને ધ્યાનમાં રાખી ફરતી શાળાએ મોબાઈલ શાળા શરૂ કરવી.

**(9) કન્યા માટે ભૌતિક સગવડતાઓ વધારવી :**

શાળા-કૉલેજોમાં કન્યાઓ માટે જરૂરી તમામ ભૌતિક સગવડતાઓ જેવી કે શૌચાલય, પીવાનું પાણી, રમત-ગમતના સાધનો વગેરે કન્યાઓની સંખ્યાના પ્રમાણમાં અલગથી વ્યવસ્થા ઊભી કરવી.

**(10) કન્યા શાળાની સ્થાપના કરવી :**

આદિવાસી વિસ્તારમાં કન્યાશાળા સ્થાપવા પ્રોત્સાહન આપવું જોઈએ. ખાનગી સંસ્થાઓ પણ શાળા શરૂ કરવા તૈયાર થાય.

**(11) સર્વશિક્ષણ અભિયાન પરિણામલક્ષી બનાવવા :**

સર્વશિક્ષા અભિયાન જે જગ્યાએ ચાલે છે તેનું પરિણામ મળે તેવા પરિણામલક્ષી બનાવવા પ્રયત્ન કરવો.

**(12) પ્રૌઢશિક્ષણના કાર્યક્રમોને પરિણામલક્ષી બનાવવા.**

સર્વશિક્ષા અભિયાનની જેમ પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ ખરેખર કાર્ય કરે તેવું આયોજન વિચારવું જોઈએ. અક્ષરતાનું પ્રમાણ વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**(13) સાક્ષરતાનો દર સુધારવો :**

સાક્ષરતાનો દર હાલમાં છે તેમાં સુધારો થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે તો શિક્ષણનું મહત્ત્વ સમજતા થાય, કન્યાઓને શાળાએ મોકલે.

**(14) અવૈધિક શિક્ષણની વ્યવસ્થા :**

આદિવાસી વિસ્તારની કન્યાઓ માટે અવૈધિક શિક્ષણની જોગવાઈઓ કરવામાં આવે તો તેઓ શિક્ષણનો લાભ ચોક્કસથી મેળવી શકશે.

**(15) સ્ત્રી શિક્ષણના પ્રશ્નો જાણવા અને ઉકેલની વ્યવસ્થા :**

આદિવાસી વિસ્તારમાં સ્ત્રી શિક્ષણના પ્રશ્નો જાણવા અને ઉકેલવા માટે હેલ્પલાઈન શરૂ કરવી

**(16) નાણાંકીય ફાળવણી :**

આદિવાસી સમાજમાં ગુણવત્તાયુક્ત શિક્ષણની સુવિધાઓ બાળકોને મળે તે માટે ખાસ પગલાંઓ લઈ અંદાજપત્રીય જોગવાઈમાં વિદ્યાર્થીલક્ષી યોજનાનું આયોજન કરી પૂરતી નાણાંકીય ફાળવણી કરવી જોઈએ.

**(17) આદિવાસી બાળકો સમજી શકે તેવી શિક્ષણની વ્યવસ્થા :**

પ્રાથમિક શાળામાં આદિવાસી બાળકો સમજી શકે તેવા માધ્યમમાં શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ. જેથી રજૂ થયેલી વિષય વસ્તુની માહિતી બાળકો સમજી શકે.

**(18) યોગ્ય રજાઓનું સમય પત્રક :**

શાળાઓની રજાઓનું સમયપત્રક આદિવાસી વિસ્તારની વ્યવસ્થાઓને અનુરૂપ બનાવવું ખેતીકામ ચાલતું હોય ત્યારે પેન્શન આપવું.

**(19) યોગ્ય સ્ટાફની ભરતી કરવી :**

શાળામાં પૂરતા અને યોગ્ય સ્ટાફની ભરતી કરવી એક વર્ગ એક શિક્ષણની નીતિ અમલમાં મૂકવી.

**(20) આદિવાસી બોલીમાં સાહિત્ય તૈયાર કરવું. :**

આદિવાસી બોલીમાં સાહિત્ય તૈયાર કરવું જેથી વાંચીને સમાજી શકે.

**(21) ઉચ્ચ શિક્ષણમાં કન્યાઓની સંખ્યા વધારવા પ્રયત્ન :**

ઉચ્ચ શિક્ષવામાં આદિવાસી કન્યાઓની સંખ્યા વધારવા પ્રોત્સાહક યોજના અને કાર્યક્રમોનું ઘડતર કરવું.

## 11.14 આદિવાસી મહિલાઓમાં સશક્તિ કરણના અભાવના કારણો

- આદિવાસી મહિલાઓને સશક્તિ કરણ કરવા માટે નીચેના કારણોને લીધે સશક્તિકરણ કરવા માટે અવરોધક બને છે.

**(1) સ્ત્રીઓમાં શિક્ષણનો અભાવ :**

આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનો અભાવ અને જેઓમાં શિક્ષણ છે તેઓ મોટે ભાગે સારી નોકરીની શોધમાં શહેરોમાં સ્થળાંતર કરે છે. શિક્ષણનું મહત્ત્વ સમજતા નથી, શિક્ષણ વગર સારુ વિચારી ન શકે. આથી આદિવાસી મહિલાઓમાં સશક્તિકરણ કરવા માટે શિક્ષણના અભાવને કારણે થઈ શકતા નથી.

**(2) નોકરીની શોધમાં શહેરોમાં સ્થળાંતર :**

નોકરીની શોધમાં શહેરોમાં સ્થળાંતર કરે છે. સારી નોકરીની ઈચ્છા ધરાવે છે. જેને શિક્ષણ મેળવેલ છે. ખૂબ જ ઓછી સંખ્યામાં મહિલાઓ શિક્ષણ મેળવે છે. ગ્રામ્ય વિસ્તારમાં રહેવા માગતા નથી.

**(3) કામના સ્થળે જાતીય શોષણ :**

ગામડામાં કામ કરતી સ્ત્રીનું કામના નામે અનેકવાર જાતીય શોષણ કરવામાં આવે છે. આથી સશક્તિ કરવા કરવા માટે અવરોધતું બને છે. સ્ત્રીઓને ઘણું જ સહન કરવું પડે છે.

**(4) કાયદાના જ્ઞાનનો અભાવ :**

શિક્ષણના અભાવે આ સ્ત્રીઓમાં પોતાના માટે બનાવવામાં આવેલ કાયજાઓ અંગે કોઈ ખાસ સમાનતા જોવા મળતી નથી. કાયદા આંગેની માહિતી સ્ત્રીઓ સુધી પહોંચતી નથી. સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવે તો શિક્ષણના અભાવે સ્ત્રીઓ સુધી માહિતી પહોંચતી નથી.

**(5) મત માટે ઉપયોગ :**

રાજકારણમાં આદિવાસી સ્ત્રીઓનો માત્ર મત મેળવવાના ઉદ્દેશ્યથી ઉપયોગ થાય છે. જ્યારે આ વર્ગના ઉત્થાન માટે કોઈ કામગીરી કરવાની હોય ત્યારે કોઈ ખાસ રસ દર્શાવતા નથી, સ્ત્રીઓનો મત મેળવવા માટે જ ઉપયોગ થાય છે. આથી આદિવાસી સ્ત્રીઓનું સશક્તિકરણ થઈ શકતું નથી.

**(6) કન્યાઓનું ખરીદ-વેચાણ :**

સમાજમાં અન્ય વર્ગની સરખામણીમાં આ વર્ગમાં જાતિ પ્રમાણ વધુ જોવા મળે છે, તેથી અન્ય વર્ગના લોકો દ્વારા આદિવાસી કન્યાઓની ખરીદ-વેચાણની કામગીરી કરવામાં આવે છે, આથી મહિલાઓનું સશક્તિકરણ થઈ શકતું નથી.

**(7) સેવાભાવી સંસ્થાઓનો અભાવ :**

આદિવાસી મહિલાઓના વિકાસ માટે સેવાભાવી સંસ્થાઓનો અભાવ જોવા મળે છે. આ અંગે સેવાભાવી સંસ્થાઓ રસ લેતી નથી, જેનું પ્રમાણપણ ઓછું મળે છે.

**(8) સંસ્થાની માહિતીનો અભાવ :**

મહિલા સશક્તિકરણ માટે કામ કરતા વિભાગોથી આદિવાસી મહિલાઓ સદંતર વંચિત હોય એમ લાગે છે. રાષ્ટ્રીય મહિલા આયોગ, મહિલા અને બાળવિકાસ મંત્રાલય જેવા વિભાગો કે જેઓ સ્ત્રીઓને સ્વાવલંબી બનાવવા માટે મહત્ત્વની કામગીરી કરે છે. કામગીરી કરી રહેલ સંસ્થાઓ તેમની પાસે કોઈ માહિતી નથી.

**(9) સ્ત્રીઓ દ્વારા ઘરનું ગુજરાન :**

આ સમાજમાં પુરુષોમા દારુનું વ્યસન ધરાવતા હોય છે, તેથી સ્ત્રીઓ રોજગારી મેળવીને પોતાના કુંટુંબનું ગુજરાન ચલાવતી હોય છે. સ્ત્રીઓ મજૂરી કરતી હોવાથી શિક્ષણ મેલવી શકતી નથી. શિક્ષણના અભાવ તેનો વિકાસ થઈ શકતો નથી.

**(10) અંધશ્રદ્ધાનુ વધુ પ્રમાણ :**

આદિવાસી સમાજમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ વધુ જોવા મળે છે. હજી પણ કોઈ બીમાર પડે તો ડોક્ટર પાસે જતા નથી. ભૂવા પાસે જાય છે. છોકરીઓને શિક્ષણ આપવાનું પસંદ કરતાં નથી. મહિલાનો રોજગારી મેળવવા માટે જે ઉપયોગ કરે છે.

## 11.15 આદિવાસી મહિલાઓને સશક્ત બનાવવા માટેના સૂચનો

આદિવાસી મહિલાઓને સશક્ત બનાવવા માટે નીચેના સૂચનો કરી શકાય.

**(1) ભૌતિક માળખું વધારવું :**

આદિવાસી અને પછાત વિસ્તારોમાં શૈક્ષણિક સુવિધા માટેના ભૌતિક માળખાને વધુ સઘન બનાવવાની જરૂર છે. વળી, શિક્ષણની ગુણવત્તા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. મહિલાઓ વધુ સંખ્યામાં શિક્ષણ લેતાં થાય તે માટેના પ્રયત્નો કરવા જોઈએ.

**(2) સ્થાનિક રોજગારીની વ્યાખ્યા :**

ગ્રામીણ વિસ્તારોમાં જે તે સ્થાનિક પેદાશના આધારે ત્યાંના સ્થાનિક વર્ગ તેમજ સ્ત્રીઓને સ્વ રોજગારી મળી રહે એ રીતની કામગીરી થવી જોઈએ. વધુ પ્રમાણમાં રોજગારી મળે તેવું આયોજન કરવું જોઈએ. ઉદ્યોગ-ધંધા પણ આદિવાસી વિસ્તાર ઊભા થાય તે માટે પ્રયત્નો કરવાં જોઈએ.

**(3) કાયદાકીય જાગૃતિ વધારવી :**

આ સ્ત્રીઓને બંધારણ દ્વારા પોતાના માટે કઈ કઈ કાયદાકીય જોગવાઈઓ કરવામાં આવી છે. તે અંગે જાગૃતતા કેળવવાની આવશ્યકતા છે. આ માટે સેવાભાવી સંસ્થા અને સરકાર દ્વારા જાગૃતિ લાવવા માટે પ્રયત્નો કરવામાં આવે તો સુધારો થઈ શકે.

**(4) કાયદાકીય જ્ઞાન આપવું :**

આદિવાસી સ્ત્રીઓ પરઘરમાં કે કામના સ્થળે કોઈપણ જાતના શારીરિક માનસિક અને જાતિય શોષણ સામે કયા કયા અધિકારોનો ઉપયોગ કરી શકે તે મટેની સમાનતા લાવવાની જરૂર છે. આ અંગેનું કાયદાકીય જ્ઞાન પણ આપી શકાય.

**(5) કડક દારૂબંધીનો અમલે :**

આદિવાસી સમાજમાં દારુનું વ્યસન વધુ જોવા મળે છે. જેના લીધે માત્ર પત્ની જ નહીં તેની સાથે સમગ્ર કુટુંબનું જીવન અંધકારમય બને છે. તેથી આવા વિસ્તારોમાં 353 દારૂબંધીઓનો અમલ થવો જોઈએ.

પુરુષ શિક્ષણ મેળવે તો માત્ર એક વ્યક્તિ શિક્ષણ મેળવે છે. જ્યારે સ્ત્રીને શિક્ષણ આપવામાં આવે તો આખા કુટુંબને શિક્ષિત કરી શકે છે. આ વર્ગને આર્થિક સામાજિક રીતે સદ્ધર બનાવવા માટે સ્ત્રીઓને સ્વાવલંબન અને સશક્તિ બનાવવાની તાત્કાલિક આવશ્યક છે.

આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ વધારીને બંધારણ દ્વારા આપવામાં આવેલા મૂળભૂત હકો અને અધિકારો અંગે જાગૃત કરી શકશે, જે આદિવાસી સમાજના રીત રિવાજો અને પરંપાઓના અમૂલ્ય પાસાંને ટકાવશે.

વળી, આદિવાસી મહિલાઓમાં સશક્તિકરણ થવાથી આદિવાસી સમાજની આવનારી પેઢી માટે મજબૂત સમાજનું નિર્માણ થશે.

આ માટે સંયુક્ત પ્રયાસ કરવા પડે. કોઈ પણ એકલી સંસ્થા કાર્ય ન કરી શકે.

## 11.16 વનબંધુ કલ્યાણ યોજના

- **પરિચય :**

મહાત્મા ગાંધીએ ''ચરિત્ર અને રાષ્ટ્રનિર્માણ'' પુસ્તકમાં વંચિતોની દરકાર કરીને કહ્યું છે કે સમાજના છેવાડાના લોકોને પણ તેમના અકળાવી મૂકે તેવા ભયાનક અળગાપણામાં તેમની પડખે જઈને ઊભા રહેવું જોઈએ. બાપુએ તો સમાજના છેવાડાના માણસની ચિંતા કરવા અને એમને સમાજની મુખ્ય ધારામાં ભેળવવા માટે વખતોવખત કહેવું જ છે. બાપુએ અંત્યજનોના ઉદય માટે અંત્યોદય અને સર્વના ઉદય માટે સર્વોદયના વિચારો પણ સમગ્ર માનવજાતને આપ્યાં છે.

ગુજરાત સરકારની આદિવાસી પ્રજાના સર્વાંગી વિકાસની ભાવના તેના કાર્યો દ્વારા સુપેરે વ્યક્ત થાય છે. આ શુભ આશયને ફલિભૂત કરવા ગુજરાત સરકારે મહાઅભિયાન શરૂ કર્યું છે. જેના પરિણામ સ્વરૂપે આદિજાતિ વિસ્તારોમાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિકક્ષેત્રે કાયાપલટ થઈ રહી છે. ગુજરાત રાજ્ય સરકારના દૃષ્ટિવંત આયોજનના આધારે આદિજાતિ વસ્તી અને વિસ્તારનો વિકાસ સ્થાનિક જરૂરિયાતો અને સ્ત્રોતોને ધ્યાનમાં રાખી સ્થાનિક લોકભાગીદારી મારફતે વિકેન્દ્રીત આયોજનની પ્રક્રિયાથી હાથ ધરવામાં આવ્યું છે. આદિજાતિ વિકાસ ઝડપથી થાય. સ્થાનિક લોકોની જરૂરિયાતો ઝડપથી સંતોષાય તે માટે રાજ્ય સરકાર વર્ષ 2007-08 થી 40,000 કરોડની વનબંધુ યોજના આદિવાસીઓના સર્વાંગી વિકાસની બાબતમાં સમગ્ર દેશ માટે રોલમોડલ માર્ગદર્શક બની છે.

દેશમાં સન 2011ની જનગણના પ્રમાણે કુલ વસ્તી 121 કરોડ છે. જેમાં આદિવાસીઓની વસ્તી 8.43 કરોડ નોંધાઈ છે. જે કુલ વસ્તીના લગભગ 7 ટકા કહેવાય. ગુજરાતમાં આ વસ્તી ગણતરી મુજબ કુલ વસ્તી 6.64 કરોડ નોંધાઈ ચે. જેમાં આદિવાસીઓની કુલ વસ્તી 6.04 કરોડ નોંધાઈ છે. જેમાં આદિવાસીઓની કુલ વસ્તી 90 લાખ નજીક એટલે કે 15 ટકા છે. દેશના જુદાં-જુદાં રાજ્યોમાં વસવાટ કરતા આદિવાસીઓની જનસંખ્યાની રીતે જોઈએ તો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઓરિસ્સા પછી ગુજરાત ચોથા ક્રમે છે.

આપણે ત્યાં ખાસ કરીને આદિવાસીઓની વસ્તી અંબાજીથી ઉંમરગામ સુધી છે. જ્યાં પહાડો અને વનવિસ્તારોના નૈસર્ગિક સૌંદર્યથી ઘેરાયેલો રાજ્યનો પૂર્વપટ્ટીનો વિસ્તાર છે. ગુજરાતમાં પૂર્વપટ્ટીના 12 જિલ્લાઓ અને 43 તાલુકાઓ છે.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સન 2001માં રાજ્યમાં સત્તાના સૂત્રો સંભાળ્યા પછી પહેલા પાંચ વર્ષમાં જે વનબંધુઓના વિકાસ માટે રૂ.6,500 કરોડ વાપર્યા. આમ સન 2001 પહેલાના 42 વર્ષમાં 6,000 કરોડ ખર્ચાયા. તો ન્યુ મિલેનિયમના પ્રથમ પાંચજ વર્ષમાં 6,500 કરોડ ખર્ચવામાં આવ્યા.

- **રૂા. 40,000 કરોડની વનબંધુ કલ્યાણ યોજના :**

પૂર્વમુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તા.27 ફેબ્રુઆરી 2007ના રોજ વનબંધુ કલ્યાણ યોજનાની

જાહેરાત કરી. સન 2007-08 થી સન 2011-12માં રૂા.15,000 કરોડના આયોજન સામે વનબંધુ કલ્યાણ યોજનામાં રૂા.17,000 કરોડથી વધુ રકમ વનબંધુઓના કલ્યાણ અને સર્વાંગી વિકાસ માટે ખર્ચ કરવામાં આવી. 12મી પંચવર્ષીય યોજનામાં વનબંધુ કલ્યાણ યોજનાના ફેઝર માટે રૂા. 40,000 કરોડના ખર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. સન 2012-13 માટે એક જ વર્ષમાં રૂા.6,613 કરોડની જોગવાઈ ગુજરાત સરકારે કરી હતી. જ્યારે સન 2013-14 માટે રૂા.7,102 કરોડની જોગવાઈ કરી છે. જે અગાઉના વર્ષની સરખામણીએ રૂા.489 કરોડ વધુ એટલે કે 7.39 ટકા વધુ છે. આમ, ગુજરાતની રૂા.40,000 કરોડની વનબંધુ કલ્યાણ યોજના આદિવાસીઓના સર્વાંગી વિકાસની બાબતમાં સમગ્ર દેશ માટે રોલમોડેલ બનીને માર્ગદર્શન કરી રહી છે.

- **ગુજરાતના અંદાજપત્રમાં આદિવાસીઓ મુખ્ય ધારામાં :**

ગુજરાત આદિજાતિ વિભાગનું અંદાજપત્ર અને કેન્દ્ર સરકારનું આદિજાતિ વિભાગનું અંદાજપત્ર જોવામાં આવે તો ખ્યાલ આવે કે ગુજરાતનાં અંદાજપત્રમાં વનબંધુઓ મુખ્ય ધારામાં છે. કેન્દ્ર સરકારનું કુલ અંદાજપત્ર સન 2013-14 માટે રૂા.6,80,123 કરોડ છે. જ્યારે આદિજાતિ કલ્યાણ મંત્રાલનું અંદાજપત્ર રૂા.1,762 કરોડ છે. જ્યારે ગુજરાત સરકારે સન 2013-14 માટે રૂા.7,102 કરોડની જોગવાઈ કરી છે.

- **વનબંધુ કલ્યાણ યોજનામાં મુખ્ય 10 મુદ્દાનો કાર્યક્રમ :**

1. પાંચ લાખ કુટુંબ માટે રોજગારી
2. ગુણવત્તામુક્ત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પર ભાર
3. આદિજાતિ વિસ્તારોનો વેગવંતો આર્થિક વિકાસ
4. સૌને માટે આરોગ્ય
5. સૌને માટે ઘર
6. સૌને માટે પીવાનું પાણી
7. સિંચાઈ
8. બારમાસી રસ્તાઓ
9. સાર્વત્રિક વીજળીકરણ
10. શહેરી વિકાસ

**1. ગરીબ કુટુંબોને રોજગરી :**

2013-14 માટે શ્રમ અને રોજગાર માટે રૂા.126.23 કરોડની જોગવાઈ છે. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતિ કુટુંબોને ગરીબી રેખાથી ઉપર લાવવા માટે પશુપાલનના વ્યવસાયમાં જોડાયેલ મુખ્ય વ્યક્તિ તરીકે મહિલા હોય તેવા કુટુંબોને પશુપાલન અને ડેરી ઉદ્યોગની પ્રવૃત્તિઓ વધારી તેમને આવક બમણી કરવાના રોજગારલક્ષી કાર્યક્રમના મુદ્દાને પ્રાધાન્ય આપ્યું છે. અત્યાર સુધીમાં ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ કુલ 190 કરોડના ખર્ચે 60,412 દુધાળા પશુ આદિજાતિ લોકોને પુરા પાડવામાં આવેલા છે. છેલ્લા 3 વર્ષમાં આદિજાતિ વિસ્તારોમાં દૂધ ઉત્પાદનમાં 35 થી 40 ટકા જેટલો સુધારો થયો છે.

- **આદિવાસીઓને પગભર કરવા માટે વિવિધ રોજગારલક્ષી કાર્યક્રમો :**

- આદિજાતિના 43 તાલુકાના 110 આઈ.ટી.આઈ.માં 21,151 બેઠકો.
- 334 ઔદ્યોગિક એકમોમાં 2207 બેઠકોની એપ્રેન્ટિસ તાલીમ સુવિધા.
- દાહોદ, વ્યારા, રાજપીપળા, ગોધરા ખાતે એન્જિનિયરિંગ કૉલેજોની સ્થાપના.
- દાહોદ, દેડિયાપાડા, અમીરગઢ ખાતે નવી કૃષિ કૉલેજની સ્થાપના.

- દાહોદ, વ્યારા રાજપીપળા ખાતે નર્સિંગ તથા ફિઝીયોથેરાપી કૉલેજની સ્થાપના.
- વલસાડ ખાતે 150 બેઠકોની મેડિકલ કૉલેજ અને જનરલ હોસ્પિટલની સ્થાપના.

**2. ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પર ભાર :**

આદિજાતિના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તે હેતુથી ગુજરાતના તમામ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કાર્યરત કરાવાઈ છે. 18 એકલવ્ય રેસિડેન્સિયલ શાળાઓ શરૂ કરી છે. 12 મોડલ સ્કૂલો ધોરણ 6 થી 12 ની શરૂ કરી છે. 38 લૉ લીટરસી ગર્લ્સ રેસિડેન્સિયલ સ્કૂલ શરૂ કરી છે. આ ઉપરાંત 3 ઈજેનેરી કૉલેજો, 10 નવી આઈ.ટી.આઈ. સાથે હાલ કુલ 33 આઈ.ટી.આઈ. કાર્યરત છે. જ્યારે દાહોદ ખાતે એક ફિઝીયોથેરાપી કૉલેજ 3 નર્સિંગ સ્કૂલો દાહોદ, રાજપીપળા અને વ્યારા ખાતે શરૂ કરી છે. તેમજ નવસારી ખાતે વેટરનરી કૉલેજ 2008-09 થી શરૂ કરી છે.

- **સુવિધાયુક્ત શિક્ષણનું વરદાન :**

- ટેલેન્ટગ્રુપ યોજનામાં 330 વનવાસી વિદ્યાર્થીઓને નામાંકિત શાળાઓમાં પ્રવેશ
- રૂા. 2.82 કરોડના ખર્ચ રહેવા-જમવાની ફી સાથેની તમામ સુવિધાઓ
- કુલ 1771 સંસ્થાઓમાં 1,46,664 વિદ્યાર્થીઓને શિક્ષણનો લાભ
- 549 આશ્રમશાળાઓમાં 72,606 વિદ્યાર્થીઓનો અભ્યાસ ચાલુ
- 44 આદર્શ નિવાસી શાળાઓમાં 6,779 વિદ્યાર્થીઓ
- 949 ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં 43,783 વિદ્યાર્થીઓને સુવિધા
- 69 સરકારી ડ્રાય હોસ્ટેલોમાં 3,450 વિદ્યાર્થીઓને સુવિધા.
- 65 કૉલેજ કક્ષાના છાત્રાલયોમાં 6,750 વિદ્યાર્થીઓને સુવિધા.
- 17 કન્યા નિવાસી શાળાઓમાં 4,168 વિદ્યાર્થીનીઓ
- તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં સન 2012-13 માટે રૂા. 388.37 કરોડની જોગવાઈ

**3. આદિજાતિ વિસ્તારોનો વેગવંતો આર્થિક વિકાસ :**

ગુજરાત રાજ્યમાં આદિવાસીઓના કલ્યાણ માટે કૃષિ અને રોજગાર ઉપર ભાર મૂકવામાં આવ્યો. જેમ કે, આદિવાસીઓનાં પાંચ લાખ પરિવારો માટે રોજગારલક્ષી કાર્યક્રમ શરૂ કરવો. કૃષિ ક્રાંતિ માટે સન 2013-14માં કૃષિ અને સહકાર ક્ષેત્રે રૂા.367.51 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આદિવાસી સમાજના ખેડૂતોની આવક બમણી કરવાના હેતુથી આદિજાતિ વિસ્તારોમાં કૃષિ મહોત્સવના માધ્યમથી નવતર પ્રયોગ કરવામાં આવ્યા. જેમાં બી.પી.એલ. કુટુંબોને લાભ આપવાની સાથે ખાતરની કીટ્સ અને લાભાર્થીઓને પ્રાથમિક તાલીમ પણ આપવામાં આવે છે. વનવાસી ખેડૂતો નવસારી અને વલસાડ જિલ્લામાં શાકભાજીની ખેતી, દાહોદ જીલ્લામાં ફળોની ખેતી, ડાંગ જીલ્લામાં કાજુ અને આદુની આધુનિક ખેતી કરતાં થયાં છે, જેની મુંબઈના બજારોમાં અને વિદેશોમાં નિકાસ થાય છે. પરિણામે આદિજાતિ વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બન્યો છે.

**4. સૌને માટે આરોગ્ય :**

આદિજાતિના 7 તાલુકાઓમાં ધોરણ 1 થી 7ની પ્રાથમિક શાળાના 2,00,000 બાળકોને દૈનિક 200 મી.લી. ફ્લેવર્ડ દૂધ આપવાની દૂધ સંજીવની યોજના 2007 થી શરૂ કરી છે. જેના પરિણામે બાળકોની હાજરી જળવાઈ રહે અને તેમનું આરોગ્ય સુધરે છે. આદિજાતિ વિસ્તારમાં 4.19 લાખ જેટલી બહેનોને હૉસ્પિટલોમાં ચિરંજીવ યોજના હેઠળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.

આદિજાતિ લોકોની આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ કુલ 34.60 લાખની આરોગ્ય ચકાસણી કરવામાં આવી છે.

- **સિક્સસેલ એનિમિયા /અન્ય રોગોના નિવારણની પહેલ :**

- સન 2013-14માં આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે રૂા.663.85 કરોડની જોગવાઈ.
- સિક્સસેલ એનિમિયા આદિવાસી સમાજમાં મોટા ભાગે દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લાઓમાં
- રાજ્ય સરકાર દ્વારા સન 2006થી સિક્સસેલ એનિમિયા નિયંત્રણ કાર્યક્રમ અમલમાં.
- ગુજરાતમાં 30 લાખથી વધુ વ્યક્તિઓનું સ્ક્રીનીંગ.
- સ્ક્રિનિંગમાં 14,570 દર્દીઓ અલગ તારવી શકાયા જેમને સરકારી આરોગ્ય કેન્દ્રોમાં મફત સારવાર.
- તા.1-6-2011થી સિક્સસેલ એનિમિયા સોસાયટીની રચના.
- સન 2013-14માં સિક્સસેલ એનિમિયા અને થેલેસેમિયાના દર્દીઓને માસિક રૂા.1000 તબીબી સહાય ચૂકવવાની જોગવાઈ.
- આ માસિક સહાયની ચૂકવણી માટે રૂા.96 લાખની ફાળવણી
- આ ઉપરાંત પણ આરોગ્ય વિભાગ દ્વારા રૂા.5 કરોડની જોગવાઈ
- સિક્સસેલ સોસાયટીને રૂા.8720 લાખની ગ્રાન્ટ

**5. સૌને માટે ઘર :**

ઘરવિહોણા બી.પી.એલ.કુટુંબોને ઈન્દિરા આવાસ, સરદાર આવાસ યોજના અને અન્ય યોજના હેઠળ કુલ 3.81 લાખ જેટલાં વ્યક્તિઓને મકાન ફાળવ્યાં છે.

- **આવાસ યોજના હેઠળ સૌના માટે ઘર :**

- આગામી પાંચ વર્ષમાં ઘરવિહોણા તમામ વનબંધુ પરિવારોને ઘરનું ઘર મળે તે માટે વનબંધુ કલ્યાણ યોજનામાં આવાસ યોજનાને મહત્ત્વ.
- સન 2012-13માં અનુસૂચિત જનજાતિ કલ્યાણ હેઠળ રૂા.9.10 કરોડની જોગવાઈ.
- સન 2013-14 માટે રૂા. 10.19 કરોડની જોગવાઈ સાથે અંદાજે 2,200 વ્યક્તિઓને મકાન સહાયની યોજના.
- અત્યાર સુધીમાં 3.84 લાખ વનવાસી પરિવારોને રૂા.16.70 કરોડના ખર્ચે આવાસોની ફાળવણી.
- સન 2012-13 માં 2.90 લાખ આવાસો
- 16 હજારથી વધારે હળપતિ કુટુંબો માટે ખાસ આવાસ યોજના

**6. સૌને માટે પીવાનું પાણી :**

આદિજાતિ વિસ્તારોમાં પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાનું નમૂનેદાર કામ થયું છે. જેમાં 3113 વસાહતોમાં પ્રાદેશિક પાણી પુરવઠો પૂરો પાડવામાં આવ્યો છે. 5677 વસાહતમાં વ્યક્તિગત નળજોડાણો આપવામાં આવ્યા છે. તથા 6480 મીની પાઈપલાઈનો નાંખવામાં આવી છે. સરકારે વર્ષ 2012માં 43.25% લોકો 6,59,696 કુટુંબોના ઘર સુધી પાણી પડોંચાડ્યું છે.

- **ઘરઆંગણે પીવાનું શુદ્ધ પાણી, નિરામય આરોગ્યનું મળ્યું વરદાન :**

- પીવાના પાણીની સુવિધાઓ ઘેરઘેર પહોંચાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ
- એક સમયે આદિજાતિ વિસ્તારોમાં પીવાના પાણી માટે 34 કિ.મી. દૂર જવું પડતું.
- વનબંધુ કલ્યાણ યોજના કાર્યક્રમના મુદ્દા તરીકે પીવાના શુદ્ધ પાણીને મહત્તા.
- અત્યારે 45.60 ટકા એટલે કે 6.93 લાખ વનવાસી પરિવારોને ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી.
- 7,066 મીની પાઈપલાઈન પાણી યોજનાઓનો અમલ.

- 3,510 ફળિયામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓનો અમલ.
- 7,172 ફળિયામાં વ્યક્તિગત પાણી પુરવઠા યોજના.

**7. સિંચાઈ :**

આદિજાતિ વિસ્તારોના ખેડૂતોને ખેતીમાં સિંચાઈની સુવિધા માટે નોંધપાત્ર કામ થયું છે. હયાત સિંચાઈ યોજનાનું વિસ્તૃતિકરણ કરી કેનાલોની જલવહન 98590 હેક્ટર જમીનમાં ક્ષમતામાં વધારો કરી સિંચાઈ વૃદ્ધિ થઈ છે તથા 2245 તળાવો ઊંડા કરાવવામાં આવ્યા છે.

**8. બારમાસી રસ્તાઓ :**

આદિજાતિ વિસ્તારના ગામોને પાકા રસ્તાની સુવિધા પૂરી પાડવામાં આવી છે. જેમાં આદિજાતિ વિસ્તારના 98% મહેસૂલી ગામોને, પેટાપરાઓને રસ્તાઓથી આવરી લીધા છે. જિલ્લા તાલુકાના મુખ્ય રસ્તાઓ સાથે જોડાણ કરીને સુવિધા આપી છે. આગામી સમયમાં 7210 કિ.મી. રસ્તાઓને ડામરથી રિસરફેસ કરવાનું આયોજન કર્યું છે.

◆ **વનવાસી વિસ્તારોમાં બારમાસી રસ્તાઓ :**

- આદિવાસી વિસ્તારોમાં બનતા રસ્તાઓની ગુણવત્તા સુધારવા હાલના રસ્તાઓની મરામત માટે તેમજ 250 થી ઓછી વસ્તી ધરાવતા તમામ ફળિયાઓને પાકા રસ્તાના જોડાણ મલે તેવા અભિગમથી વનબંધુ કલ્યાણ યોજના કાર્યક્રમના બારમાસી રસ્તાઓની સુવિધા ઉપલબ્ધ કરાવવા આ ગુજરાત સરકાર કટિબદ્ધ છે.
- વર્ષ, 2007-12 દરમ્યાન કુલ રૂા.2696/- કરોડના ખર્ચે 9871 કિ.મી. રસ્તાનું નિર્માણ કર્યું છે.
- રસ્તાઓની કુલ લંબાઈ : રાજ્યમાં 7412 કિ.મી. છે. જ્યારે આદિજાતિ વિસ્તારમાં 16,658 કિ.મી.ના રસ્તા થયાં છે.
- પ્રતિ 100 ચો.કિ.મી. એ રાજ્યના રસ્તાની લંબાઈ 37.81 કિ.મી. જ્યારે આદિજાતિ વિસ્તારમાં 52.55 કિ.મી.ની સરેરાશ થાય છે.
- રાજ્યમાં 1 લાખની વસ્તી દીઠ રસ્તાની લંબાઈ 146.26 કિ.મી. જ્યારે આદિવાસી વિસ્તારમાં 1 લાખની વસ્તીએ રસ્તાની લંબાઈ 227.84 કિ.મી.ની. છે.
- મહેસૂલી ગામોનું જોડાણ રાજ્યમાં 99.81 ટકા જ્યારે આદિવાસી વિસ્તારમાં 99.47 ટકા.

**10. શહેરી વિકાસ :**

વર્ષ 2011 થી ફાયનાન્સિયલ ઈન્કલ્યુઝન પ્રોજેક્ટ શરૂ કર્યો છે. તે અંતર્ગત દેનાબેંક અને IDBI બેંકના સહયોગથી પાયલોટ પ્રોજેક્ટ તરીકે સાબરકાંઠા જિલ્લાના 4 તાલુકાઓમાં અમલમાં છે. જેમાં દેનાબેંક દ્વારા 20 ATM મશીન તથા IDBI બેંક દ્વારા 1 ATM મશીન મૂકી કાર્યક્રમની શરૂઆત કરી છે. તે અંતર્ગત અત્યાર સુધીમાં 59,715 ખાતાઓ ખોલવામાં આવ્યા છે. જે દરેક ખાતેદારને રૂા.50 થી રૂા.2000ની ક્રેડિટની સુવિધા આપવામાં આવી છે. આ યોજનાથી કોઈપણ મધ્યસ્થી વિના લાભાર્થીના ખાતામાં સરકારી સહાય જમા થઈ શકશે.

આદિમજૂર અને હળપતિ જાતિના લોકોને પાયાની સુવિધા પૂરી પાડવા અંતર્ગત વર્ષ 2012-13 માટે આવાસ, પીવાના પાણી, રસ્તાઓ તેમજ આજીવિકા માટે રૂા. 125 લાખનું આયોજન રાજ્યકક્ષાની સમિતિમાં મંજૂર થયું છે. આમ વિવિધ નીતિઓ અને યોજનાઓ દ્વારા શહેરી વિકાસને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

◆ **વનબંધુ કલ્યાણ યોજનાની ટૂંકમાં સમીક્ષા :**

- 1960 થી 2001 સુધીનાં સમયગાળામાં આદિવાસી વિભાગ માટે રૂા. 6,000 કરોડના ખર્ચે જ્યારે વર્ષ 2013-14માં રૂા.7103 કરોડની માતબર જોગવાઈ.
- વર્ષ 2007-08 થી વર્ષ 2011-12 ના વર્ષમાં 15 હજાર કરોડના આયોજનની સામે વનબંધુ

કલ્યાણ યોજના અંતર્ગત 17 હજાર કરોડથી પણ વધુ ખર્ચ કરવામાં આવ્યો.

- ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ કુલ 190 કરોડના ખર્ચે 60,412 દૂધાળા પશુ આદિજાતિ લોકોને પૂરા પાડવામાં આવ્યા છે. છેલ્લા 3 વર્ષમાં દૂધ ઉત્પાદનમાં 40 ટકા જેટલો વધારો થયો છે.
- આદિવાસી વિસ્તારોમાં શાલા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી તેમજ ગુણોત્સવ જેવાં કાર્યક્રમો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હવે ડ્રોપ આઉટ રેશિયો ઘટીને માત્ર 2 ટકા જ રહ્યો છે.
- હાલમાં 18 એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલ (EMRS) માં 4,421 આદિજાતિના હોંશિયાર બાળકોને મફત શિક્ષણ, ભોજન, ગણવેશ, સ્ટેશનરી તથા હૉસ્ટેલની સુવિધાનો લાભ.
- વર્ષ 2001 પહેલા 12 આદિવાસી તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની શાળા ન હતી. વર્ષ 2007 બાદ 43 આદિવાસી તાલુકામાં કુલ 95 વિજ્ઞાન પ્રવાહની શાળાઓની સ્થાપના.
- આદિવાસી વિસ્તારોમાં વર્ષ 1990-2000 દરમ્યાન 20,000 કૂવાઓનું વીજળીકરણ થયું હતું. વર્ષ 2000-2012 દરમ્યાન 92,000 કૂવાઓનું વીજળીકરણ થયું. મહેસૂલી ગામોનું જોડાણ રાજ્યમાં 99.81 ટકા, જ્યારે આદિવાસી વિસ્તારમાં 99,47 ટકા.
- 2001માં માત્ર 48,600 જેટલા કુટુંબોને જ ઘર સુધી પીવાનું પાણી મળતું હતું તેની સામે અત્યારે 6.93 લાખ આદિવાસી કુટુંબોને ઘર સુધી પીવાનું પાણી પહોંચાડી શક્યા છીએ.
- આદિજાતિના 43 તાલુકામાં 110 આઈ.ટી.આઈ. માં 21,151 બેઠકોમાં તાલીમ સુવિધા ઉપલબ્ધ 15 જેટલા આદિવાસી યુવાન દીકરા/દીકરીઓને પાયલોટની તાલીમ માટે રૂા. 135 લાખની લોન સહાય આપવામાં આવી.
- સિંચાઈ નહેર સુધારણા કાર્યક્રમ હેઠળ 1 લાખ 26 હજાર 357 હેક્ટર જમીનને સિંચાઈ 2.64 લાખ 604 હેક્ટરમાં સિંચાઈની સવલતનું નિર્માણ કરવામાં આવેલ છે.
- છેલ્લા પાંચ વર્ષમાં કુલ રૂા.2696 કરોડના ખર્ચે 9871 કિ.મી. રસ્તાનું નિર્માણ કરેલ છે.
- 3.84 લાખ આદિવાસી કુટુંબોને રૂા.16.70 કરોડના ખર્ચે આવાસ પૂરા પાડ્યા છે. ચાલુ વર્ષ 2012-13માં 2.90 લાખ આવાસનું આયોજન કર્યું છે.
- ગુજરાતમાં 1,16,425 એકર જંગલની જમીનો માટે 89,283 સનદો અને અધિકારપત્રો આપવામાં આવ્યા છે.

## 11.17 સારાંશ

- આદિવાસી સમાજ ભટકતું જીવન ગુજારે છે. જ્યાં રોજી રોટી મળે ત્યાં થોડા દિવસ માટે સ્થાયી થાય છે, તેઓનું જીવન સ્થાયી નથી. તેથી ઘણા બધાં પ્રશ્નો આદિવાસી સમાજ માટે ઊભા થાય છે.
- મહિલાઓ માટે શિક્ષણના પ્રશ્નો ઊભા થાય છે. તેના ઉત્કર્ષ માટેના પણ પ્રશ્નો ઊભા થાય છે. મહિલાઓને રોજી રોજી માટે કાર્ય જવું પડે છે. પુરુષો દારૂ પીવાના વ્યસની બની ગયાં છે. તેથી સ્ત્રીઓએ કામે જવું પડે છે. મહિલાઓને શિક્ષણ આપતાં નથી, ઘરની જવાબદારી સંભાળવી પડે છે.
- તેઓ છોકરીઓને શિક્ષણ આપવા માગતા નથી તે અંગે વિચારસરણી ધરાવતાં નથી. લોકો વધુ પ્રમાણમાં અભણ છે.
- આદિવાસી બાળકો માટે શાળામાં પ્રવેશ આપવા માટે પણ મુશ્કેલી પડે છે. તેઓનું જીવન અસ્થાયી હોવાથી કાયમી સરનામું નથી. જન્મનો દાખલો પણ નથી તેથી શાળામાં પ્રવેશ કઈ રીતે આપવો તે એક પ્રશ્ન છે.
- આદિવાસી માટે સંયુક્ત પ્રયાસ હાથ ધરવામાં આવે તો સુધારો લાવી શકાય.

- પ્રૌઢોને શિક્ષણ આપી શિક્ષણનું મહત્ત્વ સમજાવવામાં આવે, તેથી તેમના બાળકોને શાળાએ મોકલે. આ અંગે વધુ પ્રમાણમાં જાહેરાત કરવામાં આવે, ખાલી સંપર્ક કરવામાં આવે, શિક્ષણનું મહત્ત્વ સમજાવવામાં આવે તેને સુધારો લાવી શકાય.
- ઢેબરભાઈ પંચ અને કોઠારી પંચે પણ આદિવાસી સમાજના વિકાસ માટે ભલામણો કરેલ છે. તેનો અમલ થાય ને ખાસ જરૂરી છે.

## 11.18 એકમ સ્વાધ્યાય

**(I) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) આદિવાસીઓની અસ્મિતા અને મુખ્ય લાક્ષણિકતાઓ વર્ણવો.

(2) આદિવાસીઓની સામાજિક, આર્થિક સ્થિતિ વિશે ટૂંકમાં લખો.

(3) સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ આદિવાસી અને પછાત વર્ગોનાં બાળકોના શિક્ષણ માટે થયેલાં પ્રયત્નો જણાવો.

(4) સામાજિક અને આર્થિક પછાત જ્ઞાતિઓના શિક્ષણ માટે કેવા પ્રયત્નો કરવાં જોઈએ.

(5) વિકલાંગ બાળકો માટે કયા શૈક્ષણિક ઉપાયો યોજવાં જોઈએ.

**(II) ટૂંકનોંધ લખો :**

(1) આદિવાસી વિસ્તારનાં બાળકોના શિક્ષણ માટે ઢેબર પંચની ભલામણો.

(2) આદિવાસી બાળકોના શિક્ષણ અંગે કોઠારી પંચની ભલામણો.

(3) આશ્રમશાળાઓની પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ઉપયોગિતા.

(4) આદિવાસીઓની શિક્ષણ સમસ્યાઓ.

(5) લઘુમતીઓનું શિક્ષણ

**(III) નીચેનાં વિધાનો ચર્ચા કરો. :**

(1) આદિવાસી વિસ્તારમાં સારા શિક્ષકો નોકરી કરવા જવા ઈચ્છતા નથી.

(2) આદિવાસી વિસ્તારમાં શાળાનું મકાન બાંધવાની મુશ્કેલી છે.

(3) આદિવાસી વિસ્તારોમાં અર્ધા દિવસની શાળા ચલાવવી હિતાવહ છે.

(4) આદિવાસી કે પછાત વિસ્તારોનાં બાળકોનો શૈક્ષણિક રીતે ઝડપી વિકાસ શક્ય નથી.

## 11.19 તમારી પ્રગતિ ચકાસો

(1) આદિવાસી અને પછાત વિસ્તારના શિક્ષણના પ્રશ્નો ટૂંકમાં જણાવો.

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

(2) આદિવાસી બાળકોમાટે પ્રાથમિક શિક્ષણ અંગે ઢેબર પંચની ભલામણો ટૂંકમાં જણાવો.

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

.............................................................................

.............................................................................

(3) આદિવાસી બાળકો માટે શિક્ષણ અંગે કોઠારી પંચની ભલામણો ટૂંકમાં જણાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

(4) આદિવાસી સમુદાયની સ્ત્રીઓના શૈક્ષણિક પ્રશ્નો ટૂંકમાં જણાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

(5) આદિવાસી સમુદાયની સ્ત્રીઓના શૈક્ષણિક પ્રશ્નોના ઉકેલો કોઈપણ ત્રણ જવાબો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

(6) આદિવાસી મહિલાઓમાં સશક્તિકરણના અભાવના કોઈપણ ત્રણ કારણો જણાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

## 11.20 સૂચિત વાંચન સામગ્રી


(1) રાવલ નટુભાઈ વી : કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધાર શિલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ.

(2) પટેલ સુનિતા : યોજના, યોજના કાર્યાલય, અમદાવાદ. (શિક્ષણ દ્વારા આદિવાસી સમાજમાં આવેલ પરીવર્તન)

(3) કુરેશી બાબર : યોજના, જાન્યુઆરી - 2014, યોજના, કાર્યાલય, અમદાવાદ, (વનવસાહતી આદિવાસીઓનાં વિકાસમાં અવરોધક પરિબળો)

| | | |
|---|---|---|
| (4) રામાણી વિપુલકુમાર સી. | : | યોજના જાન્યુઆરી-2016, યોજના કાર્યાલય, અમદાવાદ (આદિવાસીઓમાં મહિલા શિક્ષણ) |
| (5) વસાવા રુદનકુમાર વી. | : | યોજના, જુલાઈ-2012, યોજના કાર્યાલય, અમદાવાદ (આદિવાસી મહિલાઓમાં સશક્તિકરણ) |
| (6) મુલાણી રાજવી એ. | : | યોજના, જાન્યુઆરી-2015, યોજના કાર્યાલય, અમદાવાદ (વનબંધુ કન્યાઓ યોજના) |

એકમ 12

# અપવાદરૂપ બાળકોનું શિક્ષણ

## : રૂપરેખા :

12.1 અપવાદરૂપ બાળકો

- 12.1.1 પ્રસ્તાવના
- 12.1.2 અપવાદરૂપ બાળકોની વ્યાખ્યા
- 12.1.3 અપવાદરૂપ બાળકોનો અર્થ
- 12.1.4 લક્ષણો
- 12.1.5 સ્વરૂપ
- 12.1.6 પ્રકારો

12.2 પ્રતિભાશાળી બાળકો

- 12.2.1 પ્રસ્તાવના
- 12.2.2 પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યા
- 12.2.3 પ્રતિભાશાળી બાળકોનો અર્થ
- 12.2.4 પ્રતિભાશાળી બાળકોના લક્ષણો
- 12.2.5 પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓ
- 12.2.6 પ્રતિભાશાળી બાળકોનું શિક્ષણ

12.3 શૈક્ષણિક પછાત બાળકો

- 12.3.1 પ્રસ્તાવના
- 12.3.2 શૈક્ષણિક પછાત બાળકોની વ્યાખ્યા
- 12.3.3 શૈક્ષણિક રીતે પછાત બાળકોનો અર્થ
- 12.3.4 શૈક્ષણિક રીતે પછાત બાળકોના લક્ષણો
- 12.3.5 શૈક્ષણિક રીતે પછાત બાળકોનું શિક્ષણ

12.4 મંદગતિના અધ્યેતા

- 12.4.1 મંદગતિના અધ્યેતાની વ્યાખ્યા
- 12.4.2 મંદગતિના અધ્યેતાનો અર્થ
- 12.4.3 મંદગતિના અધ્યેતાના લક્ષણો
- 12.4.4 અધ્યયનગતિ મંદ હોવાનાં કારણો
- 12.4.5 મંદગતિના બાળકોનું શિક્ષણ

12.5 મંદબુદ્ધિના બાળકો

- 12.5.1 મંદબુદ્ધિનાં બાળકોની વ્યાખ્યા
- 12.5.2 મંદબુદ્ધિનાં બાળકોનો અર્થ
- 12.5.3 મંદબુદ્ધિનાં બાળકોનાં લક્ષણો
- 12.5.4 માનસિક મંદતાનાં કારણો

12.5.5 માનસિક મંદતાની કક્ષા

12.5.6 મંદબુદ્ધિ બાળકોનું શિક્ષણ

12.6 સારાંશ

12.7 એકમ સ્વાધ્યાય

12.8 તમારી પ્રગતિ ચકાસો

12.9 તમારી પ્રગતિ ચકાસોના સાચા ઉત્તરો

12.10 સૂચિત વાંચન સામગ્રી

**ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે .....

(1) અપવાદરૂપ બાળકોની વ્યાખ્યા સમજી શકશો.

(2) અપવાદરૂપ બાળકોનો અર્થ સમજી શકશો

(3) પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યા સમજી શકશો.

(4) પ્રતિભાશાળી બાળકોનો અર્થ સમજી શકશો.

(5) પ્રતિભાશાળી બાળકોના લક્ષણો સમજી શકશો.

(6) પ્રતિભાશાળી શાળા બાળકોની સમસ્યાઓ સમજી શકશો.

(7) પ્રતિભાશાળી બાળકોનું શિક્ષણ સમજી શકશો.

(8) શૈક્ષણિક પછાત બાળકોની વ્યાખ્યા સમજી શકશો.

(9) શૈક્ષણિક રીતે પછાત બાળકોનો અર્થ સમજી શકશો.

(10) શૈક્ષણિક રીતે પછાત બાળકોના લક્ષણો સમજી શકશો.

(11) મંદગતિનાં અધ્યેતાની વ્યાખ્યા સમજી શકશો.

(12) મંદગતિનાં અધ્યેતાનો અર્થ સમજી શકશો.

(13) મંદગતિનાં અધ્યેતાનાં લક્ષણો સમજી શકશો.

(14) અધ્યયન ગતિ મંદ હોવાનાં કારણો સમજી શકશે.

(15) મંદગતિનાં બાળકોનું શિક્ષણ સમજી શકશો.

(16) મંદબુદ્ધિના બાળકોની વ્યાખ્યા સમજી શકશો.

(17) મંદબુદ્ધિના બાળકોનો અર્થ સમજી શકશો.

(18) મંદબુદ્ધિનાં બાળકોનાં લક્ષણો સમજી શકશો.

(19) માનસિક મંદતાનાં કારણો સમજી શકશો

(20) મંદબુદ્ધિ બાળકોનું શિક્ષણ સમજી શકશો.

## 12.1 અપવાદરૂપ બાળકો

### 12.1.1 પ્રસ્તાવના

શાળામાં શિક્ષણ મેળવવા માટે આવનારાં બાળકોમાંથી મોટા ભાગનાં બાળકો સામાન્ય મનોશારીરિક ક્ષમતા ધરાવતાં હોય છે. જ્યારેમુક બાળકો ખૂબ જ બુદ્ધિશાળી હોય છે. અમુક બાળકો શૈક્ષણિક રીતે નબળાં તો અમુક મંદબુદ્ધિના જોવા મળે છે. અમુક બાળકો એકદમ સ્વસ્થ તો અમુક બાળકો શારીરિક નબળાઈ ધરાવતાં પણ જોવા મળે છે. શાળાનાં જુદાં જુદાં વર્ગખંડોમાં પણ બાળકો વચ્ચે આવી વિવિધતા જોવા મળે છે. બાળકો વચ્ચે રહેલી આવી ભિન્નતા અમુક વખતે અંતિમ

કક્ષાએ જોવા મળતી હોય છે. જ્યારે કોઈ બાળક અન્ય સામાન્ય બાળકોની તુલનામાં આવો ખૂબ મોટો તફાવત ધરાવતું હોય ત્યારેતેને અપવાદરૂપ બાળકો તરીકે ઓળખવામાં આવે છે.

- શાળામાં આવતા બાળકો જુદાં જુદાં વિસ્તારમાંથી આવતા હોય છે, તેથી શાળામાં આવતા બાળકોમાં વ્યક્તિગત તફાવત જોવા મળે તે સ્વાભાવિક છે. સામાન્ય રીતે આપણે શાળાઓમાં આવતા બધા જ બાળકોને તેમની કક્ષા પ્રમાણે શિક્ષણ આપવાની વ્યવસ્થા કરીએ છીએ, પરંતુ જુદાં જુદાં વિસ્તારમાંથી શિક્ષણ લેવા આવતાં બાળકોમાં વ્યક્તિગત તફાવત હોય છે.
- એક જ વર્ગ ખંડમાં અભ્યાસ કરતાં બાળકોની માનસિક કક્ષા જુદી જુદી હોય છે. આ બાળકો વ્યક્તિગત તફાવત પ્રમાણે રસ, રુચિ, વલણ, અભિયોગ્યતા, સંઘર્ષ વગરેમાં જુદાં જુદાં જોવા મળે છે.
- કેટલાંક બાળકો વધુ શક્તિશાળી હોય છે. જવાબદારી સારી રીતે લઈ શકે છે તો કેટલાંક બાળકોમાં ઓછી શક્તિ હોય છે. વળી કેટલાંક બાળકો સામાન્ય કક્ષાના જોવા મળે છે અને કેટલાંક નિમ્ન કક્ષાનાં જોવા મળે છે.
- વર્ગખંડમાં આપણે જે શિક્ષણ આપીએ છીએ તે સર્વ સામાન્ય Average બાળકો માટેનું સર્વ સામાન્ય શિક્ષણ હોય છે. પરંતુ જે બાળકો સામાન્ય બુદ્ધિ કક્ષા ધરાવતાં નથી, જે બાળકો માનસિક કે બૌદ્ધિક રીતે પછાત હોય છે, જે બાળકો શારીરિક કે માનસિક રીતે વિકલાંગ હોય છે. તેમને માટે સામાન્ય બાળકોને માટે અપાતું શિક્ષણ આપવું હિતાવહ નથી.
- શાળામાં જે બાળકો વર્ગનાં અન્ય બાળકો જેવાં સામાન્ય Normal હોતા નથી, પરંતુ તેમનામાં શારીરિક, માનસિક રીતે કંઈક વિશિષ્ટતા હોય છે. તેવા બાળકોને આપણે અપવાદરૂપ કહીશું.
- અપવાદરૂપ બાળકો વર્ગના અન્ય બાળકો કરતાં અલગ પ્રકારના જોવા મળે છે, તેમનામાં અલગ અલગ લક્ષણો જોવા મળે છે.

### 12.1.2 અપવાદરૂપ બાળકોની વ્યાખ્યા

- અપવાદરૂપ બાળકો શબ્દ એવા બાળકો માટે વાપરવામાં આવે છે કે જેઓ તેમના શારીરિક, માનસિક, સાંવેગિક અથવા સામાજિક લક્ષણોનાં સંદર્ભમાં સામાન્ય બાળકો કરતાં એટલી હદે જુદાં પડતાં હોય છે કે તેમનાં મહત્તમ વિકાસ માટે વિશિષ્ટ સામાજિક અને શૈક્ષણિક સેવાઓની જરૂર પડે છે.

*- ટેલફોર્ડ અને સાવરે*

The term exceptional children refers to those children who deviate from the normal in physical, mental, emotional or social characteristice to such degree that they require special social and educational services to develop their maximum capacity.

***- Telford & Sawrey***

- 'લાક્ષણિક' અથવા 'બઅપવાદરૂપ' શબ્દ વ્યક્તિના એવા ગુણને પ્રદર્શિત કરે છે જે સામાન્ય વ્યક્તિના ગુણોથી એટલો જુદો પડે છે કે જેના કારણે તે વ્યક્તિ તેની આસપાસના લોકોનું વિશિષ્ટ ધ્યાન ખેંચે છે અને (પરિણામે) તેના પ્રતિચારો અને પ્રવૃત્તિઓ પ્રભાવિત થાય છે.

*- ક્રો અને ક્રો*

The term 'a typical' or 'exceptional' is applied to a trait or to a person possessing the trait if the extent of the deviation from normal possession of the trait is so great that because of it the indi-

vidual warrants or receives special attention from his fellows and his behavioural responses and activities are thereby affected.

***- Crow & Crow***

- કોઈ પણ એવું બાળક કે જેનાં સામાન્ય વૃદ્ધિ અને વિકાસ માટે વિશિષ્ટ ધ્યાન આપવાની જરૂર પડે તેને અપવાદરૂપ બાળક કહે છે.

  Any child who needs special attention for his normal growth and development is called exceptional child.

**(1) કર્ક :**

''અપવાદરૂપ બાળકો સામાન્ય બાળકો કરતાં શારીરિક, માનસિક અને સામાજિક લક્ષણોમાં જુદાં પડે છે. જેના કારણે શિક્ષણ વ્યવસ્થા વિશિષ્ટતા હોવી જોઈએ.''

**(2) વાલીન વાઘેસ :**

અપવાદરૂપ બાળકો એટલે સામાન્ય બાળકો કરતા શારીરિક-માનસિક બાબતમાં નબળા હોય. (નિમ્ન) અથવા તો ઉચ્ચ ક્ષમતા ધરાવતાં હોય. દા.ત. એવરેજ છે. IQ 60 % થી 140%

**(3) ભાર્ગવ અને લવાણિયા :**

''અપવાદરૂપ બાળકો એટલે એવા બાળકો જેમની યોગ્યતાઓ, ક્ષમતાઓ, શક્તિઓના વિકાસ માટે પરંપરાગત શિક્ષણ કરતા વિશિષ્ટ શિક્ષણની આવશ્યકતા રહે.''

**(4) અમેરિકન નેશનલ સોસાયટી ફોર સ્ટડી ઓફ એજ્યુકેશન :**

''અપવાદરૂપ બાળક એ છે કે શારીરિક, માનસિક, સાંવેગિક, સામાજિક બાબતોમાં સામાન્ય બાળકો કરતા ભિન્ન હોય છે અને આ ભિન્નતા એટલા પ્રમાણમાં હોય છે કે તેમની ઉચ્ચત્તમ વિશેષતાના વિકાસ માટે વિશેષ શિક્ષણ અને શાળાની વ્યવસ્થા કરવી પડે.''

**(5) ક્રો અને ક્રો :**

''અપવાદરૂપ બાળકોમાં જે વિશેષતાઓ હોય છે તે સામાન્ય બાળકો કરતા વિશિષ્ટ હોય છે. આ વિશિષ્ટતાઓ કારણે જ તેઓ તેમની પ્રતિક્રિયાઓ દ્વારા સામાન્ય બાળકોને પ્રભાવિત કરે છે. સાથીઓના આકર્ષણનું કેન્દ્ર બને છે.'' દા.ત. સર્જનાત્મક બાબત.

**(6) ગીર હર્ટ :**

''અપવાદરૂપ બાળકો એને ગણવામાં આવે છે કે જેની શૈક્ષણિક જરૂરિયાતો સામાન્ય બાળકોથી એટલી બધી જુદી હોય છે કે તેને ખાસ શૈક્ષણિક કાર્યક્રમો, સેવાઓ, સુવિધાઓ, સાહિત્ય વગર અસરકારક રીતે શીખવી શકાય નહી.'' દા.ત. અંધ, બહેરાં, મૂંગા.

**(7) કુન શેન્ક :**

''જે બાળક બૌદ્ધિક, શારીરિક, સામાજિક, સાંવેગિક વિકાસમાં એટલી બધી વિચલિતતા ધરાવે છે કે જેના લીધે શળાના નિયમિત કાર્યક્રમો દ્વારા મહત્તમ લાભ મેળવી શકતાં નથી અને જેને ખાસ કે વધારાના શિક્ષણના કે સેવાની જરૂર પડે તેવા બાળકોને અપવાદ બાળક કહેવાય.'' દા.ત. મંદબુદ્ધિ

**(8)** ''અપવાદરૂપ બાળક માનસિક, શારીરિક, સાંવેગિક, શૈક્ષણિક, સામાજિક અને વ્યવહારિક બાબતોએ એક સામાન્ય બાબત કરતાં ભિન્ન કે વિશિષ્ટ હોય છે.''

**(9) રોનાલ્ડ ટેઈલટ અને લેસ :**

''અપવાદરૂપ બાળક એટલે એવા બાળક જે જેમની શૈક્ષણિક જરૂરિયાતો સામાન્ય પ્રણાલીથી સંતુષ્ટ ન થઈ બલ્કે તેમની શૈક્ષણિક જરૂરિયાતો પૂરી કરવા વિશિષ્ટ શિક્ષણ યોજના જરૂરી બને.''

**(10) પ્રા.એસ.કે. મંગલ :**

- જે બાળકો પોતાની ક્ષમતાઓ, યોગ્યતાઓ, વ્યવહાર, વર્તન તથા વ્યક્તિત્વ અંગેની વિશેષતાઓની દૃષ્ટિએ પોતાની સરખી ઉંમર અન્ય સાધારણ અથવા સામાન્ય બાળકોથી ખૂબ જ જુદાં તરી આવતાં હોય એવા બાળકો અપવાદરૂપ બાળકો કહેવાય.
- આવા બાળકો પોતાના સમવયના બાળકો કે પોતાના ધોરણના વિદ્યાર્થીઓની સરખામણીમાં પોતે આગવા લક્ષણો ધરાવતાં હોય અને તેને પરિણામે તે પોતાના વયજૂથના અન્ય સાથીદારોના સમૂહમાં અલગ તરીકે આવતાં હોય કે તેમની ગણતરી ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થી અથવા નિમ્ન કક્ષાના વિદ્યાર્થી તરીકે થતી હોય છે.
- આ બાળકો પોતાના વયજૂથના સામાન્ય બાળકો કરતા શારીરિક, માનસિક, સામાજિક તથા સાંવેગિક વિકાસની દૃષ્ટિએ એટલા બધા પાછળ રહી ગયા હોય છે કે એટલા બધા આગળ વધી ગયા હોય છે કે જેને પરિણામે તેમને ઘણી અડચણો ભોગવવી પડે છે તથા અનુકૂલન સાધવામાં પણ ઘણું કષ્ટ ભોગવવું પડે છે.
- આવા અપવાદરૂપ બાળકો પોતાની અનુકૂલન સાધી શકે એ માટે તેની વધુ સારસંભાળ લેવાની જરૂર પડે છે તથા શિક્ષણ યોજના લાગુ કરવી પડે છે.

**(11) The Dictionary of Education :**

- અપવાદરૂપ બાળક એટલે એવું બાળક કે જે એક અથવા કેટલાંક માનસિક, શારીરિક કે સામાજિક કે તેમના કોઈ સંયોજિત લક્ષણોની બાબતમાં તેના વયજૂથના ધોરણથી નોંધપાત્ર રીતે વિચલન દર્શાવે છે કે જેને લીધે તેના શિક્ષણ વિકાસ કે વર્તન સંબંધિત ખાસ સમસ્યા સર્જાય છે.

**(12) National Society for the Student of Education Chicage Press-1958 :**

- અપવાદરૂપ બાળકો એ એવાં બાળકો છે કે જેઓ શારીરિક, માનસિક, સાંવેગિક અથવા સામાજિક લક્ષણોના સંદર્ભમાં સરેરાશથી કેટલા પ્રમાણમાં વિચલન દર્શાવે છે કે જેથી તેમની શક્તિઓના મહત્તમ વિકાસ માટે વિશિષ્ટ શૈક્ષણિક સેવાઓની જરૂર પડે છે.

**(13) White House Conference (Special Education) :**

- અપવાદરૂપ શબ્દ એવા લક્ષણો કે એવી વ્યક્તિઓ માટે વપરાય છે કે જેમનામાં તે લક્ષણનું પ્રમાણ સરેરાશ કે સાધારણ કરતા એટલું મોટુ કે વધુ હોય કે જેને લીધે વ્યક્તિ તેના જૂથથી અલગ અને ધ્યાનપાત્ર બને છે અને તેને લીધે તેનું વર્તન પ્રવૃત્તિઓ પર સ્પષ્ટ પડે છે.

**(14) ટેલફોર્ડ અને સારે :**

- જે બાળકો સામાન્ય બાળકો કરતા શારીરિક, માનસિક, સાંવેગિક અને સામાજિક જુદાં પડતાં કે નોખા તરી આવતા લક્ષણો ધરાવે છે, તેઓને માટે અપવાદરૂપ બાળકો શબ્દ પ્રયોગ કરવામાં આવે છે. આવા બાળકોની ક્ષમતાઓનો મહત્તમ વિકાસ કરવા માટે વિશિષ્ટ શિક્ષણ યોજના અને અન્ય સામાજિક સેવાની આવશ્યકતા રહે છે.

◆ **વ્યાખ્યાઓનું તારણ :**

(1) સામાન્ય બાળકો કરતાં જુદાંપણું, અલગતા, વિશિષ્ટતા ધરાવે.

(2) આવા બાળકો પ્રતિક્રિયા બાબતે વિશિષ્ટતા ધરાવતા હોય.

(3) વર્ગના અન્ય સામાન્ય બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર હોય.

(4) આવા બાળકો સાંવેગિક બાબતે વધુ નબળા હોય છે. (કમજોર અને વધુ ગુસ્સો)

(5) પ્રત્યેક બાળકની જુદાંપણાની માત્રા અલગ અલગ હોય છે.

(6) સામાન્ય શાળા અને શિક્ષણ વ્યવસ્થા અનુકૂળ ન આવે.

(7) સામાન્ય બાળકો કરતા 'નિમ્ન' અથવા 'ઉચ્ચ' ક્ષમતા વધુ મોટા પ્રમાણમાં ધરાવતાં હોય.

(8) આવા બાળકો શારીરિક, માનસિક, સાંવેગિક, શૈક્ષણિક, સામાજિક, વ્યાવહારિક બાબતોમાં જુદાંપણું.

(9) જેના શિક્ષણ વિકાસ કે વર્તન બાબતમાં ખાસ ધ્યાન ખેંચતું બાળક.

(10) જેમને વિશિષ્ટ શૈક્ષણિક સેવાઓની જરૂર પડે છે તેવું બાળક.

### 12.1.3 અપવાદરૂપ બાળકોનો અર્થ

અપવાદરૂપ બાળકોનો અર્થ આપવો હોય તો કહી શકાય કે જે બાળકો તેમના લક્ષણોનાં સંદર્ભમાં અન્ય સરેરાશ બાળકો કરતાં સાર્થક રીતે જુદાં પડતાં હોય તેમને અપવાદરૂપ બાળકો તરીકે ઓળખી શકાય છે. આવા લક્ષણોના આવા જુદાંપણાંને કારણે તેઓ સરેરાશ બાળકો કરતાં જુદાં તરી આવે છે, જેના પરિણામે તેમની આસપાસના લોકોનું ધ્યાન તેમની તરફ ખેંચાય છે, તેમની ક્ષમતાઓનો યોગ્ય દિશામાં મહત્તમ કક્ષાએ ઉપયોગ કરવા માટે તેમને વિશિષ્ટ તાલીમ, માર્ગદર્શન અથવા વિશિષ્ટ શિક્ષણની જરૂર પડતી હોય છે.

અપવાદરૂપ શબ્દ એવાં લક્ષણો કે એવી વ્યક્તિઓ માટે વપરાય છે કે જેમનામાં તે લક્ષણનું પ્રમાણ સરેરાશ કે સાધારણ કરતા એટલું મોટું કે વધુ હોય કે જેને લીધે વ્યક્તિને તેના જૂથની અલગ અને ધ્યાન પાત્ર બને છે અને તેને લીધે તેનું વર્તન પ્રવૃત્તિઓ પર અસર પડે છે.

ધારોકે 14 વર્ષના વિદ્યાર્થીઓનો સરાસરી બુદ્ધિઆંક 90 હોય છે. હવે જો 14 વર્ષનું કોઈ બાળક ખૂબ નીચે ધારોકે 60 બુદ્ધિઆંક ધરાવતું હોયતો તે મંદબુદ્ધિ કહેવાય અને જો 14 વર્ષનું કોઈ બાળક 110 બુદ્ધિઆંક ધરાવતું હોય તો તે પ્રતિભાશાળી ગણાય, પણ મંદબુદ્ધિ અને પ્રતિભાશાળી એવા આ બંને બાળકો અપવાદરૂપ ગણાય.

- એ જ રીતે અન્ય શારીરિક, માનસિક, સાંવેગિક કે સામાજિક લક્ષણો લઈ અપવાદ બાળકની સમજ પ્રાપ્ત કરી શકાય.

- અર્થ

- અપવાદરૂપ માટે અંગ્રેજીમાં Exceftional શબ્દ છે. હિન્દીમાં તેને વિશિષ્ટ બાળક કહેવામાં આવે છે. અંગ્રેજીમાં અપવાદરૂપ બાળકો માટે Exceltional children એવો શબ્દ વપરાય છે.

- ખૂબ શરૂઆત તબક્કે Exception શબ્દમાં અત્યંત એવો શબ્દ પ્રયોગ છે. ખૂબ શરૂઆતના તબક્કે Excepetional શબ્દ અત્યંત મેધાવી કે પ્રતિભાશાળી વિદ્યાર્થી માટે વપરાતો હતો. મેધાવી Highly infeligent અને પ્રતિભાશાળી શબ્દ Telented બાળકો માટે પ્રયોજાતો. Telented એટલે સાહિત્ય, કળા કે સંગીતના કોઈ ક્ષેત્રે વિશિષ્ટ પ્રતિભા ધરાવનાર બાળક.

- જે તે વયજૂથના સામાન્ય વિદ્યાર્થીઓ જે વર્તનો રહે કે રજૂઆત કરે તેનાથી જુદાં વર્તનો કે ઊંચી રજૂઆત કે નિમ્ન રજૂઆત કરે તેવા તમામ બાળકોને અપવાદરૂપ બાબતે કહી શકાય.

### 12.1.4 લક્ષણો

Charateristics Excepitional Children

◆ **અપવાદરૂપ બાળકોના લક્ષણો નીચે મુજબ છે :**

**(1) શીખવાની ઝડપ ઓછી :**

- આવા બાળકોની શીખવાની ઝડપ ઓછી હોય છે. આવા બાળકોનો બુદ્ધિઆંક ઓછો હોય છે.

**(2) નકારાત્મક વલણ :**

- આવા બાળકો મોટા ભાગના બાળકો નકારાત્મક વલણ ધરાવતાં હોય છે.

**(3) સમસ્યાનો ઉદ્ભવ :**

- આવા બાળકો સામાન્ય શાળામાં અભ્યાસ કરે તો સમસ્યાઓનો ઉદ્ભવ થાય છે. આવા બાળકો નકારાત્મક વલણ ધરાવે છે, તેથી સમસ્યાનો ઉદ્ભવ થાય છે. એક સમાધાન થાય તો તરત જ બીજી સમસ્યા ઊભી થાય છે.

**(4) અન્ય બાળકોનો અસ્વીકાર :**

- આવા બાળકોને સામાન્ય બાળકો સ્વીકારતા નથી. આથી શૈક્ષણિક કાર્યક્રમોમાં સહભાગીદારી ઓછી જોવા મળે છે.

**(5) અલગ લક્ષણો :**

- આવા બાળકોમાં સામાન્ય બાળકો કરતા એક કે વધુ લક્ષણોમાં જુદાં પડે છે.

**(6) ઘણાં ક્ષેત્રો :**

- અપવાદરૂપ ક્ષેત્રો ઘણાં બધા હોઈ શકે છે.

**(7) શૈક્ષણિક સેવાની જરૂર :**

- જેમને વિશિષ્ટ શૈક્ષણિક સેવાઓની જરૂર પડે છે તેવું બાળક, હોંશિયાર, સર્જનશીલ, કે પછાત બાળકને ખાસ સેવાની જરૂર પડે છે.

**12.1.5 સ્વરૂપ**

અપવાદરૂપ બાળકોનું સ્વરૂપ નીચે મુજબ છે.

(1) શારીરિક, માનસિક, સાંવેગિક, શૈક્ષણિક, સામાજિક, વ્યવહારિક, બાબતોમાં જુદાંપણું જોવા મળે.

(2) આવા બાળકો પ્રતિક્રિયા બાબતે વિશિષ્ટતા ધરાવતા હોય છે.

(3) સામાન્ય બાળકો કરતા આવા બાળકોમાં જુદાંપણું અલગતા વિશિષ્ટતા ધરાવે.

(4) આવા બાળકોને સામાન્ય શાળા અને શિક્ષણ વ્યવસ્થા અનુકૂળ ન આવે.

(5) આવા બાળકો સાંવેગિક બાબતે વધુ નબળા હોય છે. દા.ત. કમજોર, વધુ ગુસ્સાવાળા

(6) આવા બાળકો પ્રત્યેક બાળકની જુદાંપણાની માત્રા અલગ અલગ હોય છે.

(7) સામાન્ય બાલકો કરતા 'નિમ્ન' અથવા 'ઉચ્ચ' ક્ષમતા વધુ મોટા પ્રમાણમાં ધરાવતા હોય.

(8) આવા બાળકોનું વર્ગના અન્ય સામાન્ય બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર હોય.

**12.1.6 પ્રકારો**

Types of Excepitional Children

- **અપવાદરૂપ બાળકોના લક્ષણો નીચે મુજબ છે :**

(1) સમસ્યાત્મક બાળક

(2) સર્જનશીલ બાળક - Creative

(3) તેજસ્વી બાળક - crifete

(4) સાંવેગિક બાબતે નબળું બાળક

(5) શિક્ષણમાં અગ્રેસર બાળક

(6) શારીરિક રીતે સક્ષમ બાળક - અપંગ

(7) અસ્થિર મનવાળું બાળક - Handicapped

(8) મંદબુદ્ધિ વાળું બાળક - Dull

(9) અપાનુકૂલિત બાળક

(10) શિક્ષણમાં પછાત બાળક - Mentally retarded

(11) ગુનાખોરી ધરાવતાં બાળકો - The Delisuent children

(12) સામાજિક રીતે અપાનુકુલિન બાળકો - Socially muladjuseed

(13) અંધ બાળળકો - Blind children

## 12.2 પ્રતિભાશાળી બાળકો

પ્રતિભાશાળી બાળકોનો અર્થ સમજતા પહેલાં આપણે તેની કેટલીક વ્યાખ્યાઓને અભ્યાસ કરીશું.

### 12.2.1 પ્રસ્તાવના

- વિશિષ્ટ બાળકોના વર્ગમાં તેજસ્વી કે મેધાવી બાળકોનો પણ સમાવેશ થાય છે. મનોવિજ્ઞાની ટર્મને આવા બાળકોના શિક્ષણ પર ખાસ ભાર મૂક્યો છે.
- સામાન્ય રીતે અતિ તેજસ્વી કે મેધાવી બાળકનો બુદ્ધિઅંક 140 (લગભગ)કે તેથી વધુ હોય છે.
- તેજસ્વી બાળકો વર્ગમાં સારૂં કાર્ય કરી શકે છે, આવા બાળકો ગણિતશાસ્ત્રમાં વધુ રસ ધરાવે છે. વધુ સારા ટકા લાવવા માટે વધુ નિયમિત રીતે કાર્ય કરે છે. આવા બાળકોનું ધ્યેય નક્કી હોય ચે. મારે શું કરવું ? કયો અભ્યાસક્રમ પસંદ કરવો, તે પહેલે જ નક્કી હોવાથી પોતાના ધ્યેય માટે સતત પ્રયત્નશીલ રહે છે.
- આવા બાળકો શાળામાં અન્ય બાળકો સાથે સારી રીતે અનુકૂલન સાધી, વધુ સારા મિત્રો બનાવવા મદદરૂપ થાય છે. આવા બાળકો ખૂબ જ ચોકસાઈપૂર્વક કાર્ય કરે છે. તેથી તેમની જોડણીની ભૂલો અન્ય બાળકો કરતાં ઓછાં પ્રમાણમાં થાય છે.
- તેજસ્વી બાળકો અન્ય બાળકો કરતાં કંઈક વિશેષ કરી બતાવે છે એટલેતેમને તેજસ્વી બાળકો કહે છે.

### 12.2.2 પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યા

- પ્રતિભાશાળી શબ્દ એવા બાળક માટે વાપરવામાં આવે છે જે તેના જૂથમાં કોઈ ક્ષમતાનાં સંદર્ભમાં ખૂબ ચઢિયાતું હોય જે તેને આપણા સમાજના ઉત્થાન અને જીવનના સ્તરને ઊંચે લઈ જવામાં વિશિષ્ટ ફાળો આપનારા બનાવે.

  ***- ડબ્લ્યુ. બી. કોલેસ્ટિન***

  The term gifted has been applied to every child who in his group is superior in some ability which may make him an outstanding contributor to the welfare and quality of living in our society.

  ***- W.B.Kolesnik***

- પ્રતિભાશાળી બાળકો શારીરિક બંધારણ, સામાજિક અનુકૂલન, વ્યક્તિત્વ લક્ષણો, શાળાકીય સિદ્ધિ, રમત, માહિતી અને રૂચિની બહુરૂપતાને કારણે સરેરાશ બાળકો કરતાં ખૂબ આગળ હોય છે.

  ***- ટર્મન અને ઓડન***

  Gifted children rate far above the average in physique, special adjustment, personality traits, school achievement, play, informatin and versatility of interests.

  ***- Termen & Oden***

- પ્રતિભાશાળી બાળકો બે પ્રકારના હોય છે. (1) એવા બાળકો કે જેમનો બુદ્ધિઆંક 130થી વધુ

હોય અને અસામાન્ય બુદ્ધિ ધરાવતાં હોય છે. (2) એવા બાળકો કે જેઓ કલા, ગણિત, સંગીત અથવા અભિનયમાં વિશેષ યોગ્યતા ધરાવતાં હોય.

***- ક્રો અને ક્રો***

There are two types of gifted children. (i) Those Children whose IQ is more than 130 and possess extraordinary intelligence. (ii) those children who have special ability in art, mathematics, music, actng etc.

***- Crow & Crow***

- પ્રતિભાશાળી શબ્દ એવા એક ટકા બાળકો માટે વાપરવામાં આવે છે જે સૌથી વધુ બુદ્ધિશાળી હોય છે.

***- સ્કિનર અને હેરીમેન***

The term 'Gifted' is used for those one percent children who are the most intelligent.

***- Skinner & Harriman***

### 12.2.3 પ્રતિભાશાળી બાળકોનો અર્થ (Meaning of Gifted Children) :

- **પ્રસ્તાવના**

અમુક મનોવૈજ્ઞાનિકો બુદ્ધિકક્ષાને આધારે પ્રતિભાશાળી બાળકોને વ્યાખ્યાયિત કરે છે.તેમના મતે અસામાન્ય બુદ્ધિક્ષમતા ધરાવતાં બાળકોને પ્રતિભાશાળી બાળકો કહી શકાય. અમુક મનોવૈજ્ઞાનિકો એવા બાળકોને પ્રતિભાશાળી બાળકો કહે છે કે જેઓ તેમના જૂથના અન્ય સરેરાશ બાળકો કરતાં ખૂબ વધુ બુદ્ધિ ક્ષમતા, તકૂનિકી ક્ષમતા, કલા સંગીત અથવા રમત ગમતની ક્ષમતા ધરાવતાં હોય. અમુક મનોવૈજ્ઞાનિકો આવાં બાળકોનાં સામાજિક અનુકૂલન, શારીરિક બંધારણ અને માનસિક સ્વાસ્થ્યને પણ મહત્ત્વ આપે છે. આ દરેક મતોને ધ્યાનમાં લઈને તો ટૂંકમાં કહી શકાય કે

પ્રતિભાશાળી બાળકો મનોશારીરિક કૌશલ્યો અને બુદ્ધિકક્ષા તથા અન્ય હકારાત્મક લક્ષણોનાં સંદર્ભમાં તેમનાં જૂથના બાળકો માટે સ્થાપિત ધોરણો કરતાં ખૂબ આગળ હોય છે જેના કારણે તેઓ અન્ય બાળકો કરતાં જુદાં તરી આવતાં હોય છે.

પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યાઓ અને અર્થને આધારે તેમના કેટલાંક વિશિષ્ટ લક્ષણો તારવી શકાય છે.

- **અર્થ**

- તેજસ્વી બાળકો એટલે એવા બાળકો કે જેઓ અન્ય બાળકો કરતાં કંઈક વિશેષ કાર્ય કરતાં હોય તેવા બાળકો, જેનો બુદ્ધિઆંક વધુ હોય તેવા બાળકોનો સમાવેશ થાય છે.
- તેજસ્વી બાળકો અન્ય બાળકો સાથે અનુકૂલનની માત્ર વધુ જોવા મળે છે.
- Terman

  'Gifterd Child is an Individual with Social Abilities, talents and traits.'
- ''જેનામાં વિશિષ્ટ શક્તિઓ, વિશિષ્ટ બુદ્ધિપ્રતિભા અને વિશિષ્ટ ગુણોનો સમુચ્ચય હોય તેને તેજસ્વી બાળક કહી શકાય''
- અત્યંત વિશિષ્ટ બુદ્ધિશાળી, નોંધપાત્ર સિદ્ધિપાત્ર, ગોડગિફ્ટેડ સર્જનાત્મક, વિચારવંત, ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરનાર.
- બુદ્ધિકસોટીના આવૃતિ વિતરણમાં ઉપલા છેડે રહેલાં બાળકો માટે પ્રચલિત શબ્દ છે.

'પ્રતિભાશાળી બાળકો' અંગ્રેજી ભાષામાં આવા બાળકો માટે Talented, Genius કે Superior વગેરે શબ્દો વપરાય છે. પ્રતિભાશાળી વ્યક્તિમાં કોઈ કાર્યને વિશિષ્ટ રીતે કરવાની શક્તિ કે કૌશલ્ય હોય છે. ''પ્રતિભાશાળી બાળક એને ગણવામાં આવે છે, કે જે યોગ્ય રીતે કરવામાં આવતાં પ્રયત્નોમાં સતત નોંધપાત્ર સિદ્ધિ દર્શાવે. ફક્ત બુદ્ધિઆંક શ્રેષ્ઠ નહિ પરંતુ એવા બાળકો કે જેઓ સંગીત, કલા, સર્જનાત્મક લખાણ, નાટ્યવૃત્તિ, યાંત્રિક કૌશલ્યો અને સામાજિક નેતાગીરીમાં નોંધપાત્ર દેખાવ કરે તેનો પણ સમાવેશ પ્રતિભાશાળી બાળકમાં કરવો જોઈએ.''

- પ્રતિભાશાળી બાળકોમાં બુદ્ધિ, સર્જનાત્મક વિચારશક્તિ મૂલ્યાંકન વિચારશક્તિ તથા સમસ્યા ઉકેલ શક્તિ પુષ્કળ હોય છે. ઉપરાંત સાહિત્ય, નેતાગીરી વગેરે બિનવિદ્યાકીય (Non-Cognitive) પાસાંઓમાં શ્રેષ્ઠ સિદ્ધિ પ્રદાન કરી શકે છે. જેમનો બુદ્ધિઆંક 170 થી 190 સુધીનો હોય છે.

◆ **પ્રતિભાશાળી બાળકોની સંકલ્પના-વ્યાખ્યા**

◆ **વ્યાખ્યાઓ :**

**(1) ટર્મન અને ઓડન :**

- ''પ્રતિભાશાળી બાળક શારીરિક દેખાવ, સામાજિક અનુકૂલન, વ્યક્તિત્વ, શાળાકીય ઉપલબ્ધિ મેદાની રમતો અને રસ-રુચિના ક્ષેત્રમાં સામાન્ય બાળકો કરતા બહુ જ આગળ હોય છે.''

**(2) હેરિપેટ :**

- ''પ્રતિભાશાળી બાળકોમાં બુદ્ધિ, સર્જનાત્મક વિચારશક્તિ મૂલ્યાંકન વિચારશક્તિ તથા સમસ્યા ઉકેલ શક્તિ પુષ્કળ પ્રમાણમાં હોય છે.''

**(3) હોલિંગ વર્થ :**

- ''જેનામાં વિશિષ્ટ શક્તિઓ, વિશિષ્ટ બુદ્ધિ પ્રતિભા અને વિશિષ્ટ ગુણોની સમુચ્ચય હોય તેને પ્રતિભાશાળી બાળક કહેવાય.''

**(4) ક્રો અને ક્રો :**

- ''પ્રતિભાશાળી બાળકો બે પ્રકારના હોય છે.

(1) જેઓનો બુદ્ધિઆંક 120 કરતાં વધુ હોય.

(2) જેઓ કલા, ગણિત, સંગીત, અભિનય વગેરે પૈકી કોઈ ક કે એક થી વધુ બાબતોમાં વિશેષ નોંધપાત્ર પ્રદાન કરી શકે.''

**(5) સ્કિનર અને હેરીમેન :**

''પ્રતિભાશાળી બાળકો એટલે એવું બાળક જે સમૂહમાં (શાળામાં-સમાજમાં) સૌથી વધુ બુદ્ધિશાળી હોય.''

**(6) નેશનલ સોસાયટી ફોર એજ્યુકેશન :**

''પ્રતિભાશાળી બાળક એ છે જેનામાં વ્યવહારના તમામ ઉપયોગી ક્ષેત્રમાં સમાન પ્રતિભા જોવા મળે, જે માત્ર ઉચ્ચ બુદ્ધિઆંક જ ન ધરાવતો હોય પરંતુ કલા, સંગીત, ચિત્ર, કાવ્ય, નૃત્ય, સર્જનાત્મક લેખન, યાંત્રિક ક્ષમતા (કમ્પ્યુટર) તથા નેતૃત્વના ક્ષેત્રમાં ક્ષમતા ધરાવતો હોય''

**(7) લૂસિટો :**

''પ્રતિભાશાળી બાળક એટલે પોતાની આસપાસના સામાન્ય બાળકો કરતાં વધુ બુદ્ધિઆંક (140 કરતાં વધુ) ધરાવતો હોય, (115-180) ઉચ્ચ કક્ષાની સર્જનાત્મક શક્તિ ધરાવતો હોય.''

**(8) હેવીહર્સ્ટ :**

''પ્રતિભાશાળી બાળક એ છે કે જે યોગ્ય કાર્યક્ષેત્રમાં પોતાની અદ્‌ભુત કાર્યકુશળતા અથવા નિપુણતા સતત રીતે દર્શાવ્યા કરતો હોય.''

**(9)**

''પ્રતિભાશાળી બાળકોમાં બુદ્ધિ, સર્જનાત્મક વિચારશક્તિ, મૂલ્યાંકન, વિચારશક્તિ તથા સમસ્યા ઉકેલ શક્તિ પુષ્કળ હોય છે. ઉપરાંત સાહિત્ય, નેતાગીરી વગેરે બિનવિદ્યાકીય પાસાંઓમાં શ્રેષ્ઠ સિદ્ધિ પ્રદાન કરી શકે છે. જેમનો બુદ્ધિઆંક 170 થી 190 સુધીનો હોય છે.''

**(4) તેજસ્વી બાળકોની લાક્ષણિકતાઓ :**

તેજસ્વી બાળકોની લાક્ષણિકતાઓ નીચે મુજબ જોવા મળે છે.

**(1) ઊંચી વિશિષ્ટ શક્તિ :**

તેજસ્વી બાળકોની ઊંચી વિશિષ્ટ શક્તિ જોવા મળે છે. સામાન્ય બાળકો કરતાં તેમની વિશિષ્ટ શક્તિ સારી હોય છે.

**(2) વિશિષ્ટ ગુણ :**

સામાન્ય બાળકો કરતાં તેજસ્વી બાળકોના કેટલાંક વિશિષ્ટ ગુણો હોય છે.

**દા.ત.** સહકારી ભાવના, દરેક પ્રવૃત્તિમાં રસ, પ્રેમાળ, સહનશીલતા, હસમુખો સ્વભાવ વગેરે.

**(3) સહકારની ભાવના :**

સામાન્ય બાળકો કરતાં તેજસ્વી બાળકોમાં સહકારની ભાવના વધુ જોવા મળે છે. વર્ગનાં અન્ય બાળકોને મદદરૂપ થાય છે.

**(4) નેતાગીરીના ગુણ :**

તેજસ્વી બાળકોમાં નેતાગીરી લેવાનો ગુણ જોવા મળે છે. શૈક્ષણિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં આગળ પડતો ભગ લે છે. નેતાગીરી લેવી તેમને ગમે છે.

**(5) વિશાળ મિત્રવર્તુળ :**

તેજસ્વી બાળકોનું મિત્રવર્તુળ મોટું હોય છે. તેમનો સ્વભાવ પ્રેમાળ હોવાથી, સહકારની ભાવના હોવાથી વધુ મિત્રો બનવા તૈયાર થાય છે.

**(6) ધ્યેય સિદ્ધિ તરફ પ્રયાસ :**

તેજસ્વી બાળકોનું ધ્યેય નક્કી કરેલ હોય છે. ધ્યેયને ધ્યાનમાં રાખી કાર્ય કરે છે. ધ્યેય સિદ્ધિ માટે આગળ વધતા પ્રયત્નશીલ રહે છે.

**(7) નિર્ણયશક્તિ :**

તેજસ્વી બાળકોની નિર્ણયશક્તિ વધુ સારી હોય છે. તેમનો તેમનો બુદ્ધિઆંક વધુ હોવાથી, સમસ્યાના ઉકેલ માટે તરત જ નિર્ણયો લેતાં હોય છે.

**(8) નવું જાણવાની વૃત્તિ :**

તેજસ્વી બાળકોને નવું નવું જાણવાની વૃત્તિ વધુ હોય છે. નવી બાબતો સ્વીકારવા હંમેશા તૈયાર હોય છે.

**(9) ઝડપી વાંચન :**

સામાન્ય બાળકો કરતાં વધુ ઝડપથી વાંચન કરી શકે છે. તેમનો બુદ્ધિઆંક વધુ હોય છે.

**(10) ઓછી જોડણીની ભૂલો :**

સામાન્ય બાળકોની સરખામણીએ તેજસ્વી બાળકો ઝડપથી વાંચી શકે છે. તેમજ જોડણીની ભૂલો પણ ઓછી થાય છે.

**(11) અનુકૂલનની માત્રા વધુ :**

તેજસ્વી બાળકો સહકારની ભાવનાવાળા હોવાથી અનુકૂળ ઝડપથી થઈ જાય તેવાં તેમના પ્રયત્નો હોય છે. તેમનામાં અનુકૂલની માત્રા વધુ જોવા મળે છે.

**(12) વધુ પ્રેમાળ અને આનંદિત :**

તેજસ્વી બાળકો વધુ પ્રેમાળ હોય છે તેથી તેમનો સ્વભાવ આનંદિત બની જાય છે.

**(13) સમસ્યા ઉકેલ :**

તેજસ્વી બાળકો ઝડપથી સમસ્યાનો ઉકેલ લાવે છે. તેમનો બુદ્ધિઆંક વધુ હોવાથી સમસ્યાનો ઉકેલ ઝડપી લાવે છે.

**(14) ચોકસાઈ પૂર્વક કાર્ય :**

તેજસ્વી બાળકો પોતાનું કાર્ય ચોકસાઈપૂર્વક અને ચીવટથી કરે છે.

**(15) બધા જ વિષયમાં રસ :**

- આવા બાળકોને બધા જ વિષયમાં રસ હોય છે.
- આવા બાળકોનું ગણિતનું જ્ઞાન પણ સારૂં હોય છે. ગ્રહણ કરવાની શક્તિ પણ સારી હોય છે.

**(16) લાંબો સમય યાદ રાખી શકે :**

- આવા બાળકો ઝડપથી શીખે છે એને લાંબો સમય સુધી યાદ રાખે છે.
- આમ, સામાન્ય કે સરાસરી બાળક કરતાં તે વધુ સુખી, આનંદી અને પ્રફુલ્લિત રહે છે. તેમજ તેઓ પોતાની સમસ્યાઓ જાતે ઉકેલી સકે તેવી શક્તિ ધરાવે છે. આવા બાળકો ગણિત શાસ્ત્રમાં વધુ રસ ધરાવે છે.

**(5) તેજસ્વી બાળકો માટેની શિક્ષણ વ્યવસ્થા :**

તેજસ્વી બાળકોનાં શિક્ષણ અને માર્ગદર્શનની વ્યવસ્થા નીચે મુજબ ગોઠવવી જોઈએ.

**(1) બુદ્ધિ કસોટીનો ઉપયોગ :**

વર્ગમાં જુદાં-જુદાં પ્રકારની બુદ્ધિ કસોટીઓ કે અન્ય કસોટીઓનો ઉપયોગ કરીને આવા બાળકોને અલગ તારવી દેવા જોઈએ.

**(2) અલગ વર્ગની વ્યવસ્થા :**

શક્ય હોય તો તેજસ્વી બાળકો માટે અલગ વર્ગ બનાવીને શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ.

**(3) વ્યક્તિગત ધ્યાન :**

તેજસ્વી બાળકો માટે વ્યક્તિગત ધ્યાન આપી ને તેમના શિક્ષણમાં રસ લેવો જોઈએ.

**(4) વિશિષ્ટ વાંચનસામગ્રી પૂરા પાડવી :**

તેજસ્વી બાળકોને વાંચનનો વધુ શોખ હોય છે. તેથી તેમને માટે વિશિષ્ટ વાંચન સામગ્રી પસંદ કરીને તેમને અભ્યાસમાં મદદ કરવી જોઈએ.

**(5) અભ્યાસક્રમની પસંદગી :**

તેજસ્વી બાળકોને તેમના મનપસંદ વિષયો તેમના રસ-રૂચિને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમના વિષયો પસંદ કરવાની છૂટ આપવી જોઈએ.

**(6) વાલી સંપર્ક :**

તેજસ્વી બાળકોના વાલીઓનો સંપર્ક કરીને બાળકની વિશિષ્ટતાઓ જણાવીને તેમના અભ્યાસ અંગે માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.

**(7) પૂરતી સગવડતાઓ :**

તેજસ્વી બાળકોના અભ્યાસ માટે શાળામાં પૂરતી સગવડતાઓ હોવી જોઈએ. સારા પુસ્તકોવાળું ગ્રંથાલય યોગ્ય દશ્ય-શ્રાવ્ય ઉપકરણો, કેટલીક મનોવૈજ્ઞાનિક કસોટીઓ, વિશ્વકોશ વગેરેની સગવડતાઓ હોવી જોઈએ.

**(8) પ્રવાસ અને પર્યટન :**

તેજસ્વી બાળકોને વધુ જાણવાનો રસ હોવાથી તેમના માટે પ્રવાસ અને પર્યટનો ગોઠવવાં જોઈએ.

**(9) સારી ફિલ્મો :**

શાળામાં શક્ય હોય તો આવા બાળકો માટે મૂલ્યનું ઘડતર થાય તે માટે સારી ફિલ્મો બતાવવી જોઈએ.

**(10) દૂરદર્શનનાં કાર્યક્રમો :**

તેજસ્વી બાળકો માટે દૂરદર્શન પર આવતાં સારા કાર્યક્રમો બતાવવાં માટેની વ્યવસ્થા કરવી જોઈએ.

**(11) વિશાળ પુસ્તકાલય :**

તેજસ્વી બાળકોને રસને ઉત્તેજન મળે તે માટે વિશાળ પુસ્તકાલયની વ્યવસ્થા કરવી જોઈએ.

**(12) સંગ્રહિત પ્રગતિપત્રક તૈયાર કરવું :**

તેજસ્વી બાળકોની પ્રગતિનો સંપૂર્ણ આલેખ દર્શાવતું સંગૃહિત પ્રગતિપત્રક તૈયાર કરીને તેમને અને

### 12.2.4 પ્રતિભાશાળી બાળકોના લક્ષણો

બુદ્ધિનાં સંદર્ભમાં પ્રતિભાશાળી બાળકોની વિશિષ્ટતા નીચે જણાવ્યા પ્રમાણે છે.

- તેઓ સ્મૃતિ, તર્ક, ચિંતન, વિશ્લેષણ અને સંશ્લેષણ જેવી માનસિક પ્રક્રિયાના સંદર્ભમાં તીવ્રતા ધરાવતાં હોય છે.
- તેમનાં દૈનિક કાર્યોમાં વિવિધતા જોવા મળે છે.
- તેમનો શબ્દભંડોળ વધુ હોય છે.
- તેમની જ્ઞાનાત્મક ધારણશક્તિ વધુ હોય છે.
- તેઓ સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ ધરાવતાં હોય છે.
- અધ્યયન કરવામાં તેઓ વિશિષ્ટ રૂચિ ધરાવતાં હોય છે અને તેમની શાળાકીય સિદ્ધિ ઊચ્ચ કક્ષાની હોય છે.
- તેમની આંતરસૂઝ ઉચ્ચ કક્ષાની હોય છે.
- તેઓ દરેક કાર્ય માટે તાર્કિક રીતે વિચાર કરતાં હોય છે.
- યોગ્ય માર્ગદર્શન ન આપવામાં આવે તો તેઓ અભિમાની બની જતાં હોય છે.
- તેમનું સામાજિક અનુકૂલન પ્રમાણમાં નબળું હોય છે.
- સામાન્ય રીતે તેઓ સ્વયં અનુશાસિત હોય છે.

- તેમનો બુદ્ધિઆંક 130 થી વધુ હોય છે.
- તેઓ ઉચ્ચ કક્ષાની રૂચિ ધરાવતાં હોય છે. બૌદ્ધિક રમતોમાંતેમને વિશેષ રસ પડે છે.
- તેમના વિચારો મૌલિક હોય છે.
- તેમની અમૂર્ત ચિંતન કરવાની ક્ષમતા સારી હોય છે.
- આવા બાળકોમાંથી અમુક બાળકો કલા, સંગીત, રમત ગમત, તક્નિકી અથવા અભિનયના ક્ષેત્રમાંથી કોઈ એક ક્ષેત્રમાં પણ પ્રતિભાશાળી હોઈ શકે છે. આવી પ્રતિભા ધરાવતાં બાળકોનો બુદ્ધિઆંક કદાચ 130થી નીચો હોઈ શકે છે.

  આવા બાળકો તેમની આવી વિશિષ્ટતાઓને કારણે શાળામાં સમસ્યારૂપ પણ બનતાં હોય છે.

### 12.2.5 પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓ

પ્રતિભાશાળી બાળકોનાં સંદર્ભમાં શાળામાં નીચે જણાવેલી સમસ્યાઓ ઉદ્ભવી શકે છે.

**(1) શિસ્ત (Discipline) :**

આવા બાળકો અભ્યાસમાં અન્ય બાળકો કરતાં ખૂબ આગળ હોય છે. શિક્ષકો સામાન્ય બાળકોને ધ્યાનમાં રાખીને અધ્યાપન કરતાં હોય છે. તેથી આવા બાળકો વર્ગખંડમાં કંટાળાનો અનુભવ કરતાં હોય ચે. તેથી અમુક વખતે તેઓ અશિષ્ટ વર્તનો કરી બેસતાં હોય છે.

**(2) અનુકૂલન (Adjustment) :**

આવા બાળકો વર્ગખંડમાં નબળા બાળકો અથવા સામાન્ય બાળકો સાથે અનુકૂલન સાધી શકતાં નથી. તેઓ અમુક વખતે તો એકલવાયા પણ બની જતાં હોય છે. ઘણી વખતે એવું પણ જોવા મળે છે કે આવા બાળકો તેમના શિક્ષકો સાથે પણ અનુકૂલન સાધી શકતાં નથી. જો કે પોતાનાં વિષયમાં નિપુણતા અને અસરકારક અધ્યાપન કૌશલ્ય ધરાવતાં શિક્ષકોને આવી સમસ્યા નથી નડતી.

**(3) અભ્યાસમાં અરૂચિ (Disinterest in Study) :**

આવા બાળકો માનસિક પ્રક્રિયામાં ખૂબ જ તીવ્રતા ધરાવતાં હોય છે. તેઓ બીજાં બાળકો કરતાં ખૂબ આગળ હોય છે. તેથી તેમની અનુકૂળતા મુજબ તેમને અભ્યાસ માટેનું વાતાવરણ ન મળતું હોવાથી લાંબાગાળે આવા બાળકો અભ્યાસમાંથી રસ ગુમાવી દે છે. બીજું, જે બાળકો અન્ય ક્ષેત્રમાં પ્રતિભાશાળી હોય છે તે પણ અભ્યાસમાં ઓછી રૂચિ દાખવતાં હોય છે.

**(4) ગુરૂતાગ્રંથિનો વિકાસ (Debelopment of Superiority Complex) :**

અમુક વખતે આવાં બાળકો પોતાની વિશિષ્ટ આવડતોને કારણે અન્ય બાળકોને પોતાનાં કરતાં ઉતરતી કક્ષાનાં ગણવા લાગે છે અને તેમનામાં ગુરૂતાગ્રંથિનો વિકાસ થાય છે.

**(5) સાંવેગિક અસ્થિરતા (Emotional Instability) :**

આવાં બાળકો ઝડપથી તેમનાં સંવેગોને નિયંત્રિત નથી કરી શકતાં. તેમને ન ગમતી વાતોની સામે તરત જ પોતાની પ્રતિક્રિયા આપી દેતાં હોય છે. અથવા તો તેઓ એટલાં બધા એકલવાયા બની જતાં હોય છે કે તેમના સિવાયની કોઈ પણ વાત અંગે પોતાની કોઈ પણ પ્રતિક્રિયા નથી આપતાં. અમુક વખતે આવાં બાળકો આપણને લાગણીહીન લાગતાં હોય છે.

પ્રતિભાશાળી બાળકોને આવી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને જ તેમના માટે શિક્ષણની વિશિષ્ટ વ્યવસ્થા અંગે વિચારવું ખૂબ જરૂરી છે.

### 12.2.6 પ્રતિભાશાળી બાળકોનું શિક્ષણ (Education of Gifted Children)

પ્રતિભાશાળી બાળકોનાં શિક્ષણ માટે નીચે જણાવ્યા મુજબનાં પગલાં લઈ શકાય.

## (1) સામાન્ય રીતે વર્ગબઢતી (Promotion is General) :

ઉચ્ચ બૌદ્ધિક ક્ષમતાં ધરાવતાં બાળકો તેમના વર્ગના અન્ય બાળકો કરતાં અભ્યાસમાં ઘણાં આગળ હોય છે. તેમની બૌદ્ધિક ક્ષમતા એટલી બધી સારી હોય છે કે તેઓ એક જ ધોરણમાં બે ધોરણના અભ્યાસક્રમોનો અભ્યાસ સરળતાથી કરી શકતાં હોય છે. આવા બાળકોને બે ધોરણની પરીક્ષા એક સાથે આપવાની વ્યવસ્થા કરવી જોઈએ. આપણા રાજ્યમાં અને દેશમાં આવી વ્યવસ્થા છે. પરંતુ આવું કરવામાં મુશ્કેલી એ છે કે તે આવા બાળકો પાછળથી તેમના અભ્યાસમાં મુશ્કેલી અનુભવતાં હોય છે. બાળક જે તે સમયે તો અસામાન્ય બુદ્ધિ કક્ષા ધરાવતું હોય છે પરંતુ જ્યારે તેને તેની વયકક્ષા કરતાં ઉપલી કક્ષાના અભ્યાસક્રમોનો અભ્યાસ કરવાનો આવે છે ત્યારે લાંબા ગાળે તેને મુશ્કેલીનો સામનો કરવો પડતો પડતો હોય છે. તે પછી ત્યાં સામાન્ય દેખાવ કરતું થઈ જતું હોય છે. તેથી આ બાબતમાં મનોવૈજ્ઞાનિકો મતભેદ ધરાવે છે. તેમ છતાં મોટાભાગના મનોવૈજ્ઞાનિકોનો મત એવો છે કે તેમને સામાન્ય બાળકોની જેમ જ વર્ગ બઢતી આપવી જોઈએ અને તેમની કક્ષાએ તેમના માટે વિશિષ્ટ અભ્યાસની સગવડો પૂરી પાડવી જોઈએ. જેથી તેમની વયકક્ષા મુજબ તેની પ્રતિભા જળવાઈ રહે.

## (2) વિશિષ્ટ અભ્યાસક્રમ (Special Curiculum) :

મનોવૈજ્ઞાનિકોમાં એક મત એવો પણ પ્રવર્તે છે કે આવા બાળકો માટે વિશિષ્ટ અભ્યાસક્રમની રચના કરવી જોઈએ. આવા અભ્યાસક્રમમાં વિશિષ્ટ અને કઠિન મુદ્દાઓ સામેલ કરવા જોઈએ. સામાન્ય અભ્યાસની સાથે સાથે તેમની પાસે આવા વિષયોનો પણ અભ્યાસ કરાવવો જોઈએ. અને તેમને વિવિધ જાહેર પરીક્ષાઓ માટે તૈયાર કરવા જોઈએ. જેથી તેમની પ્રતિભાનો યોગ્ય ઉપયોગ કરી શકાય. આપણા દેશમાં આવી પ્રબરતાં શોધ પરીક્ષાઓ લેવાતી હોય છે. હાલના સમયમાં વિવિધ ટેલિવિઝન ચેનલ્સ અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા વિવિધ કક્ષાનાં બાળકો માટે જાહેર ક્વિઝ કાર્યક્રમોનું આયોજન થતું હોય છે. આવા કાર્યક્રમો માટે પ્રતિભાશાળી બાળકોને તૈયાર કરવામાં પણ આવા અભ્યાસક્રમો ઉપયોગી થઈ શકે છે.

## (3) વ્યક્તિગત ધ્યાન (Individual Attention):

વર્ગખંડમાં આવા બાળકો પ્રત્યે શિક્ષકે વ્યક્તિગત ધોરણે ધ્યાન આપવું જોઈએ. આવાં બાળકો સાથે સતત્ પરામર્શન કરતાં રહેવું જોઈએ. તેમના દૈનિક કાર્યોનાં આયોજનમાં તેમને મદદ કરવી જોઈએ. તેમને સર્જનાત્મક કાર્યો કરવા માટે પ્રેરિત કરવા જોઈએ. આવા કાર્યો કરવા માટેનું માર્ગદર્શન આપવું જોઈએ. તેમને વિષયનાં ઊંડાણપૂર્વકનાં અભ્યાસ માટે તેમની કક્ષા મુજબનાં પુસ્તકોનું સૂચન કરવું જોઈએ. શક્ય હોય તો આવા પુસ્તકો શોધવામાં તેમને મદદ કરવી જોઈએ. ઈન્ટરનેટ જેવા માધ્યમોનો ઉપયોગ કરીને આવાં બાળકો જુદાં જુદાં વિષયોને લગતી વિશિષ્ટ માહિતી શોધી લાવે તે માટેનું માર્ગદર્શન આપવું જોઈએ. જુદાં જુદાં વિષયનાં પ્રોજેક્ટ કાર્યોમાં તેમને સામેલ કરવાં જોઈએ. તેમના આવા કાર્યોની યોગ્ય રીતે કદર પણ કરવી જોઈએ.

## (4) સામાજિક અનુકૂલન માટેની તકો (Opportunities for Social Adjustment):

આવા બાળકો અન્ય બાળકો સાથે પણ સારી રીતે આંતરક્રિયા કરી શકે તે માટે સામૂહિક કાર્યક્રમોમાં તેમની ભાગીદારિતા વાધારવા માટેનાં પ્રયત્નો કરવા જોઈએ. સમૂહ જીવનની પ્રવૃત્તિઓનું આયોજન કરીને આવાં બાળકોને વિશિષ્ટ જવાબદારીઓ સાંપવી જોઈએ. જૂથ ચર્ચા, સમિનાર, પ્રોજેક્ટ જેવી અધ્યાપન પદ્ધતિઓ અને વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને આવા બાળકોને સતત અન્ય બાળકોનાં સંપર્કમાં રાખવા જોઈએ. શાળામાં યોજાયેલ વિવિધ કાર્યક્રમોમાં પણ આવા બાળકોને એવી વિશિષ્ટ જવાબદારી સોંપવી જોઈએ કે જેમાં વધુમાં વધુ સામાજિક આંતરક્રિયા કરવી પડે.

**(5) સામાન્ય બાળકો સાથે શિક્ષણ (Education along with Common Children):**

આવાં બાળકોને સામાન્ય બાળકો માટેની શાળામાં સામાન્ય બાળકો સાથે જ શિક્ષણ આપવું જોઈએ. આ બાબત અહીં એટલા માટે સ્પષ્ટ કરવી પડે છે કારણ કે ઘણાં મનોવૈજ્ઞાનિકોનો એવો મત છે કે પ્રતિભાશાળી બાળકો માટે વિશિષ્ટ શાળાઓની વ્યવસ્થા કરવી જોઈએ. જો આમ કરવામાં આવે તો તેમની વયકક્ષાનાં બહુમતી ધરાવતાં સામાન્ય બાળકોથી જુદાં પડી જશે. તેમનામાં ગુરૂતાગ્રંથિનો વિકાસ થશે. જે સરવાળે તેમનાં સામાજિક અનુકૂલનની પ્રક્રિયામાં અવરોધ પેદા કરશે. તેથી તેમને સામાન્ય બાળકો સાથે જ શિક્ષણ આપવું જોઈએ અને તેમનું વ્યક્તિગત ધ્યાન રાખીને તેમની પ્રતિભાને પોષે તેવા કાર્યો તેમને સોંપવા જોઈએ.

**(6) અભ્યાસ માટે વિશિષ્ટ સગવડો (Special Facilities for study):**

આવાં બાળકો તેમના વર્ગના બાળકો કરતાં અભ્યાસનાં સંદર્ભમાં ખૂબ આગળ હોય છે. તેથી શિક્ષકની સામાન્ય બાળકો માટેની અધ્યાપન પદ્ધતિ તેમને અકળાવી મૂકે છે. તેથી આવાં બાળકો માટે શાળામાં વિશિષ્ટ પુસ્તકોની વ્યવસ્થા કરવી જોઈએ. શાળાની વિજ્ઞાન પ્રયોગશાળા અને કમ્પ્યુટર પ્રયોગશાળામાં આવા બાળકોને વિશિષ્ટ પ્રાયોગિક કાર્યો કરવા માટેની સગવડ પૂરી પાડવી જોઈએ. શાળામાં ઈન્ટરનેટ જેવી સુવિધા પૂરી પાડીને તેનો વિશિષ્ટ શૈક્ષણિક ઉપયોગ કરવાની છૂટ આવા બાળકોને આપવી જોઈએ.

**(7) નેતૃત્વની તકો (Opportunities for Leadership):**

શાળાનાં અને વર્ગખંડનાં અન્ય સામાન્ય બાળકોને આવાં બાળકો શૈક્ષણિક તથા અન્ય નેતૃત્વ પૂરું પાડી શકે તીવી તકોનું નિર્માણ કરવું જોઈએ. આવું નેતૃત્વ પૂરું પાડવાની સ્પષ્ટ સમજ. માર્ગદર્શન અને પ્રશિક્ષણ પણ આપવું જોઈએ. જેથી આવા બાળકો પોતાને પ્રવૃત્તિશીલ રાખી શકે અને સામાજિક અનુકૂલન સાધવાની દિશામાં આગળ વધી શકે.

**(8) સંસ્કૃતિનું શિક્ષણ (Cultual Education):**

શાળામાં બાળકો સામે આપણી અને અન્ય સાંસ્કૃતિ વિશે શિક્ષણ આપવું જોઈએ. સંસ્કૃતિના વિકાસમાં વિશિષ્ટ ફાળો આપનારાં મહાનુભાવો અને અન્ય વ્યક્તિઓના જીવનચરિત્રની માહિતી આવા બાળકોને આપવી જોઈએ. જેથી સંસ્કૃતિની જાળવણી અને વિકાસનાં સંદર્ભમાં તે પોતાનું સ્થાન અને જવાબદારી નક્કી કરી શકે અને પોતાની પ્રતિભાનો ઉપયોગ જાહેર હેતુ માટે કરવા માટે પ્રેરીત થાય.

## 12.3 શૈક્ષણિક પછાત બાળકો

અંગ્રેજી શબ્દ Backwardનો અર્થ થાય છે. પછાત પરંતુ અહીં આપણે તેનો અર્થ શૈક્ષણિક રીતે પછાત કરીશું શૈક્ષણિક રીતે પછાત બાળકોનો અર્થ સમજતા પહેલાં આપણે તેની કેટલીક વ્યાખ્યાઓનો અભ્યાસ કરીશું.1

### 12.3.1 પ્રસ્તાવના

- સામાન્ય વિદ્યાર્થીઓને જે પરિસ્થિતિમાં શિક્ષણ આપવામાં આવે છે તે પરિસ્થિતિમાં જે બાળકો સામાન્ય ઝડપે શીખી શકતાં નથી, તેવા બાળકોને પછાત બાળકો ગણવામાં આવે છે.
- શાળામાં આવતા બાળકોમાં આ પ્રકારનાં બાળકોનું પ્રમાણ આશરે ચાલીસ ટકા જેટલું હોય છે. શાળામાં અભ્યાસમાં નબળાં દેખાતાં બાળકો પૈકી કેટલાંક ખરેખર નબળાં હોતાં નથી પણ ધીમાં હોય છે.
- પછાત બાળકોએ એવાં બાળકોનું જૂથ છે કે જેમની બુદ્ધિકક્ષા સામાન્ય છે, પરંતુ તેઓની અધ્યયન ઝડપ બુદ્ધિકક્ષાના પ્રમાણમાં ઓછી હોય છે. આથી પ્રથમ આવાં બાળકોને શોધી

કાઢવા જોઈએ અને તેમને માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે તો તેઓ થવા અન્ય બાળકોની કક્ષાએ પહોંચી શકે.

- આવા બાળકોની માનસિક વિકાસ તેની શારીરિક ઉંમરના પ્રમાણમાં થયો હોતો નથી, તેથી આવા બાળકો જ્યારે શિક્ષણ લેવા આવે છે ત્યારે અધ્યયન પ્રક્રિયામાં પણ તેમને મુશ્કેલીઓ અનુભવે છે. સામાજિક અનુકૂલન સાધવામાં પણ તેમને મુશ્કેલીઓ પડે છે. તેઓની તર્કશક્તિઓ વિકસી હોતી નથી, તેથી જ્ઞાનગ્રહણ કરવામાં, સંકલ્પના સમજવામાં, અંકો અને અક્ષરોને ઓળખવામાં તથા અમૂર્ત અનુભવોને સમજવામાં વિલંબ થાય છે. વધુમથા થવાથી શીખે છે.

### 12.3.2 શૈક્ષણિક પછાત બાળકોની વ્યાખ્યા

- એવા બાળકને શૈક્ષણિક રીતે પછાત બાળક કહેવામાં આવે છે કે જે પોતાના શાળાકીય જીવનના મધ્યમાં તેની વયકક્ષાના બાળકો માટે સામાન્ય કહેવાય એવું એના ધોરણ કરતાં નીચલાં ધોરણનું કાર્ય પણ ન કરી શકે.

*- સિરિલ બર્ટ*

The backward child is one who in the middle of his school career is unable to do the work of the class next below that which is normal for his age.

***- Cyril Burt***

- શૈક્ષણિક રીતે પછાત વિદ્યાર્થી તેની વયકક્ષાના વિદ્યાર્થીની તુલનામાં શૈક્ષણિક ન્યૂનતા દર્શાવતો હોય છે.

*- શોનેલ અને શોનેર્લ*

Backward pupil is one who in comparison of other pupils of the same chronological marked educational deficiency.

***- Schonell & Schonell***

- શૈક્ષણિક પછાતપણું સામાન્ય રીતે એવા બાળકોને લાગુ પડે છે કે જેમની શૈક્ષણિક ઉપલબ્ધિ તેમની સ્વાભાવિક ક્ષમતાઓ કરતા ઓછી હોય છે.

*- બર્ટન હૉલ*

Backwardness in general is applied to cases where their educational attainment fall below the level of their natural abilities.

***- Burton Hall***

- **ટ્રેડ ગોલ્ડ :**
- ''બાળકનું માનસિક દૃષ્ટિએ પછાતપણું એ સૂચવે છે કે તેનું મગજ સંપૂર્ણ કે સામાન્ય વિકાસ સાધવામાં નિષ્ફળ ગયું છે. ''
- **સોરેન્સ :**
- ''મંદબુદ્ધિ ના બાળકો એને ગણવામાં આવે છે કે જેઓ હંગામી કે લાંબા સમયથી તેના પોતાના જૂથનાં અન્ય બાળકોથી સામાન્ય કરતા નિમ્ન કક્ષાનાં માનસિક કાર્યો કરે છે, પરંતુ તેમની સામાજિક પુખ્તતા અંગે પ્રશ્નો હોતાં નથી. કદાચિત કોઈ કિસ્સામાં હોય તો પણ તેઓ સમાજમાં સ્વતંત્ર રીતે કાર્ય કરવાની શીખી શકે છે.''

### 12.3.3 શૈક્ષણિક રીતે પછાત બાળકોનો અર્થ

જે બાળકો તેમની વયકક્ષાના બાળકોની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિની તુલનામાં અતિ નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવે છે તેમને શૈક્ષણિક રીતે પછાત બાળક તરીકે ઓળખી શકાય છે.

- વર્ગમાં સામાન્ય વિદ્યાર્થીઓને જે પરિસ્થિતિમાં શિક્ષણ આપવામાં આવે છે તે પરિસ્થિતિમાં જે બાળકો સામાન્ય ઝડપે શીખી શકતાં નથી તેવાં બાળકોને શૈક્ષણિક પછાત બાળકો રહેવામાં આવે.
- ટૂંકમાં મંદબુદ્ધિનો અર્થ છે કે તે વયજૂથમાં જે જે બૌદ્ધિક કાર્યો સામાન્ય બાળકો કરી શકે છે. તે કાર્યો કરવામાં મુશ્કેલીઓ અનુભવવી.

**12.3.4 શૈક્ષણિક રીતે પછાત બાળકોના લક્ષણો**

શૈક્ષણિક રીતે પછાત બાળકોની વિશિષ્ટતા નીચે જણાવ્યા પ્રમાણે છે.

(1) આવા બાળકોની અધ્યયનની ગતિ નિમ્ન હોય છે. એટલે કે આવા બાળકો મંદગતિના અધ્યેતા (Slow Learner) હોય છે.

(2) આવાં બાળકો સાંવેગિક રીતે અસ્થિરતા ધરાવતાં હોય છે.

(3) સરેરાશ બાળકો કરતાં આમની શૈક્ષણિક સિદ્ધિ નિમ્ન હોય છે.

(4) આવા બાળકો તેમના ધોરણથી નીચલાં ધોરણનાં બાળકોની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિ કરતાં પણ નીચી શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં હોય છે.

(5) આવાં બાળકો એક કરતાં વધુ વર્ષમાં એક ધોરણમાંથી ઉપલાં ધોરણમાં જતાં હોય છે.

(6) સામાન્ય શિક્ષણ પદ્ધતિઓ દ્વારા આવા બાળકોને અધ્યયન અનુભવો પૂરા પાડવામાં સફળતા મળતી નથી.

(7) આવા બાળકો મંદબુદ્ધિવાળાં હોય તે જરૂરી નથી, પરંતુ દરેક મંદબુદ્ધિવાળું બાળક શૈક્ષણિક રીતે પછાત તો હોય જ છે.

(8) અમુક વખતે તો અતિ ઉચ્ચ બુદ્ધિક્ષમતા ધરાવતાં બાળકોમાં પણ શૈક્ષણિક પછાતપણું જોવા મળે છે.

(9) આવા બાળકોને બુદ્ધિઆંક લગભગ 70 થી 80 ની વચ્ચે હોય છે.

(10) વર્ગના અન્ય બાળકો કરતાં વધુ શિક્ષણ આપવું પડે.

(11) આાવા બાળકોની ગ્રહણ શક્તિ મંદ હોય છે. નવી બાબતો શીખવા તેમને વધારે સમય લાગે છે.

(12) આવા બાળકોની તર્ક શક્તિ, સ્વતંત્ર વિચાર શક્તિ, મૌલિકતા, પૃથક્કરણ શક્તિ અતિ નિમ્ન હોય છે.

(13) આવા બાળકો ચાલતા અને બોલતા સામાન્ય બાળક કરતાં મોડા શીખે છે.

(14) તેઓને પુસ્તકો, વાંચન, લેખનમાં ઓછો રસ પડે છે.

(15) સામાન્ય વિદ્યાર્થીઓ જેટલી પ્રવૃત્તિ કરી શકે છે. તે બધી જ પ્રવૃત્તિ આવા વિદ્યાર્થી કરી શકતા નથી.

(16) આવા બાળકો ઉંમરના પ્રમાણમાં ઓછા પરિપક્વ હોય છે.

(17) આવા બાળકોમાં ક્યારેક લઘુતાગ્રંથિ જોવા મળે છે.

(18) આવા બાળકોમાં સ્મૃતિ અને ધ્યાન વિસ્તાર ટૂંકો હોય છે.

(19) આવા બાળકોમાં સામાજિકતામિતિ ઓછી હોય છે.

(20) આવા બાળકોને નવીન કાર્યોમાં ઓછો રસ લે છે.

(21) આવા બાળકોની સંકલ્પના ઘડતરમાં મુશ્કેલી પડે છે.

(22) આવા બાળકોને અમૂર્ત બાબતો સમજવામાં તકલીફ પડે છે.

### 12.3.5 શૈક્ષણિક રીતે પછાત બાળકોનું શિક્ષણ

શૈક્ષણિક પછાત બાળકોનું શિક્ષણ નીચેની રીતે કરવું જોઈએ.

(1) વર્ગમાં શૈક્ષણિક રીતે પછાત બાળકોને શોધી કાઢો.

(2) આવા બાળકોને અનુભવો મળે તે પ્રમાણે શિક્ષણની વ્યવસ્થા ગોઠવો.

(3) એકમ શીખવ્યા પછી સ્વાધ્યાય કાર્ય આપો.

(4) જરૂરી શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરો.

(5) એકમને અનુરૂપ જરૂરી પદ્ધતિનો ઉપયોગ કરો.

(6) વિષયવસ્તુ શીખવવા માટે જરૂરી ઉદાહરણ દ્વારા શીખવો.

(7) આવા બાળકોની વિચારશક્તિ, તર્ક શક્તિ, મૌલિકતા અને સ્વતંત્ર વિચારશક્તિ વિકસે તેવા પ્રયત્નો કરો.

(8) આવા બાળકોની મંદગ્રહણ શક્તિ હોવાથી નવી બાબત શીખવતાં વધારે સય આપવો.

(9) શિક્ષકોએ માતા-પિતાના સંપર્કમાં રહીને આવાં બાળકો માટેનાં શિક્ષણકાર્યની યોગ્ય સલાહ આપવી જોઈએ.

(10) આવા બાળકો વર્ગમાં એકલાં-અટૂલાં ન પડી થાય તેની કાળજી લેવાથી જોઈએ.

(11) આવા બાળકોને પ્રેમ અને હુંફ, સહાનુભૂતિની ખાસ જરૂર પડે છે.

(12) શિક્ષકે વ્યક્તિગત રીતે ધ્યાન આપીને શિક્ષણકાર્ય કરે તો આવા બાળકો ધીરે ધીરે આગળ વધી શકે.

## 12.4 મંદગતિના અધ્યેતા

ઘણી વખત મંદગતિનાં અધ્યેતાને શૈક્ષણિક પછાત બાળક તરીકે ગણી લેવામાં આવે છે. પરંતુ આ વાસ્તવિકતા નથી. શૈક્ષણિક રીતે પછાત બાળકો તો તેમના ધોરણના નીચલા ધોરણના બાળકો જેટલું પણ જ્ઞાન નથી ધરાવતાં હોય જ્યારે મંદગતિનાં અધ્યેતાની અધ્યયન કરવાની ઝડપ સરેરાશ બાળકો કરતાં ઓછી હોય છે. મંદગતિનાં અધ્યેતાની વ્યાખ્યાઓનો અભ્યાસ કરવાથી આના વિશે વધુ સ્પષ્ટતા કરી શકાશે.

### 12.4.1 મંદગતિના અધ્યેતાની વ્યાખ્યા

- ''જે બાળકો શાળામાં નબળી (મંદગતિએ) રીતે કામ કરે છે તેમ છતાં તેમને વિશિષ્ટ શિક્ષણની જરૂર નથી તેવાં બાળકો મંદગતિના અધ્યેતા હોય છે. તેમના બુદ્ધિ મોટી પ્રાપ્તાંકો એટલા ઊંચા હોય છે કે તેમને મંદબુદ્ધિ બાળકો તરીકે સ્વીકારી શકાતાં નથી.''

  **- *મેકમિલન***

  ''Slow learners are children who are doing poorly in school, yet are not eligible for special education; their intelliogence test scores are too for consideration as a child with mental retordation''

  **- *MacMillan***

- ''મંદગતિના અધ્યેતાને વિશિષ્ટ શિક્ષણની જરૂર પડે તેમ છતાં તેઓ વિશિષ્ટ શિક્ષણ વ્યવસ્થા માટે સ્પષ્ટ રીતે બંધ બેસતાં નથી.''

  **- *મેકમિલન***

  ''Although slow learners may have special educational needs, they do not fit neatly into the special education system.''

  **- *MacMillan***

- ''એવું બાળક કે જે કોઈ બાબત સમજવામાં સરેરાશ બાળક કરતાં વધુ સમય લે અથવા જેને કોઈ સંકલ્પના સમજવા માટે ઘણી વખત સમજૂતીની જરૂર પડે તેને મંદગતિનો અધ્યેતા કહે છે. આવા બાળકને ખોટી રીતે પ્રસંગોપાત વિષયનું ઓછું જ્ઞાન ધરાવનાર તરીકે દોષિત ઠરાવવામાં આવે છે.''

***- મેકમિલન***

''A child who tends to take longer to understand things than the average child, or someone who requires multiple explanations before they get a concept is called slow learner. He can occasionally be wrongly accused of being a noob.''

***- MacMillan***

**12.4.2 મંદગતિના અધ્યેતાનો અર્થ**

મંદગતિના બાળકો તેમની વયકક્ષાનાં સરેરાશ બાળકો કરતાં અધ્યયન કરવાની બાબતમાં ધીમાં હોય ચે, તેમને કોઈ પણ બાબત સમજવા માટે તેમના જૂથના બાળકોને લાગતાં સરેરાશ સમય કરતાં થોડો વધુ સમય લાગે છે. આવાં બાળકો લાંબા સમય સુધી ધ્યાન કેન્દ્રિત કરી શકતાં નથી, તેમ છતાં તેમના માટે મંદબુદ્ધિનાં બાળકોની જેમ અથવા શૈક્ષણિક રીતે પછાત બાળકોની જેમ અલગ શિક્ષણ વ્યવસ્થાની જરૂર પડતી નથી. આવાં બાળકોને વિશિષ્ટ રીતે શીખવવાની એટલે કે શિક્ષણ આપવાની જરૂર પડે છે, તેમનો બુદ્ધિ આંક પણ મંદબુદ્ધિનાં બાળકો અને શૈક્ષણિક રીતે પછાત બાળકો કરતાં ખૂબ ઊંચો જોવા મળે છે.

- આવા બાળકો ચાલતાં અને બોલતાં સામાન્ય બાળક કરતાં થોડા મોડાં શીખે છે. તેઓનો બુદ્ધિઆંક 75 થી 90 ની વચ્ચે હોય છે. તેઓને પુસ્તકો, વાંચન લેખનમાં ઓછો રસ પડે છે.
- આવા બાળકોને આપવામાં આવતાં અનુભવો કરતાં તેમને ત્રણ ગણો અનુભવ આપવામાં આવે ત્યારે તેમનું સમગ્ર અધ્યયન થાય છે. તેમને વારંવાર ટકોર કરવામાં આવે ત્યારે જ તેઓ પોતાનું કાર્ય પૂર્ણ કરતાં હોય છે.
- આવા બાળકોને યાંત્રિક ઢબે કાર્ય કરવું ગમે છે. આવા બાળકો માટે શિક્ષણ પદ્ધતિ એવી રીતે ગોઠવવી જોઈએ કે જેથી તેને ભણવાનું ગમે.
- તેઓ ઉંમરના પ્રમાણમાં ઓછાં પરિપક્વ હોય છે.
- આવા બાળકોમાં ક્યારેક લઘુતાગ્રંથિ જોવા મળે છે.
- આવા બાળકોમાં સામાજિકતા નિર્મિતિ ઓછી હોય છે.
- આવા બાળકોને યાંત્રિક ઢબે કાર્ય કરવું ગમે છે.
- આવા બાળકો નવીન કાર્યોમાં ઓછો રસ લે છે.
- આવા બાળકો ને સંકલ્પના ઘડતરમાં મુશ્કેલી પડે છે.
- આવા બાળકોને અમૂર્ત બાબતો સમજવામાં તકલીફ પડે છે.

**12.4.3 મંદગતિના અધ્યેતાના લક્ષણો**

મંદગતિનાં અધ્યેતાનાં લક્ષણો નીચે મુજબ છે.

- આવાં બાળકોને બોલવામાં મુશ્કેલી પડતી હોય છે.
- તેઓ ઝડપથી સળંગ વાક્યો બોલી શકતાં નથી.
- તેમનો શબ્દભંડોળ પ્રમાણમાં ઓછો હોય છે.
- તેમને એક જ વાત સમજાવવા માટે એકથી વધુ વખત સમજૂતી આપવી પડે છે.

- તેઓ લેખનકાર્યમાં પણ પ્રમાણમાં ધીમા હોય છે.
- આવાં બાળકો વર્ગખંડમાં શિક્ષકોના પ્રશ્નોને ઓછો પ્રતિચાર આપે છે.
- તેમની માનસિક પ્રક્રિયાની ગતિ ધીમી હોય છે.
- તેઓ તેમના વિષયથી સાવ અજાણ નથી હોતાં.
- આવાં બાળકો પર પૂરતું ધ્યાન ન આપવામાં આવે તો તેઓ શૈક્ષણિક પછાત બાળકોની હરોળમાં આવી શકે છે.
- તેમનું વ્યક્તિગત ધ્યાન રાખવામાં આવે તો તેઓ સામાન્ય બાળકોની હરોળમાં આવી શકે છે.
- તેમની શીખવાની ઝડપ સરેરાશ બાળકોની ઝડપનાં 85 ટકા જેટલી હોય છે. (સંસોધનો કહે છે)
- આવાં બાળકો માટે વિશિષ્ટ શિક્ષણ વ્યવસ્થાની જરૂર નથી હોતી.

  આવા બાળકો તેમની આવી વિશિષ્ટતાઓને કારણે શાળામાં સમસ્યારૂપ પણ બનતાં હોય છે. જો તેમની મંદગતિનાં કારણો જાણી લેવામાં આવે તો આ સમસ્યાને ઉકેલવામાં સરળતા થઈ શકે છે.
- આવા બાળકોનો બુદ્ધિઆંક 75 થી 90 વચ્ચે હોય છે.
- આવાં બાળકો ચાલતાં અને બોલતાં સામાન્ય બાળક કરતાં મોડાં શીખે છે.
- તેઓને પુસ્તક, વાંચન, લેખનમાં ઓછો રસ પડે છે.

### 12.4.4 અધ્યયન ગતિ મંદ હોવાનાં કારણો

અધ્યેતાની અધ્યયનની ગતિ મંદ હોવાનાં કારણો નીચે જણાવ્યા મુજબનાં છે.

**1 ઓછો શારીરિક વિકાસ (Less Physical Development) :**

અમુક બાળકોનો શારીરિક વિકાસ તેમની ઊંમરનાં સંદર્ભમાં ઓછો થતો હોય છે, જેના કારણે તેમની અમુક જ્ઞાનેન્દ્રિયો સંપૂર્ણ ક્ષમતા સાથે કામ નથી કરી શકતી. અને માનસિક પ્રક્રિયાઓ તેમની ઉંમરના પ્રમાણમાં ધીમી થતી હોય છે, તેવી આવા બાળકોની અધ્યયન ક્ષમતા ઘટી જતી હોય છે, પરિણામે તેઓ મંદગતિએ અભ્યાસ કરતાં હોય છે.

**2 શારીરિક ખામીઓ (Physical Defects) :**

અમુક બાળકોનો શારીરિક વિકાસ મહદઅંશે સારી રીતે થાય છે, પરંતુ કોઈ એકાદિ ખામી રહી જતી હોય છે. દા.ત. સાંભળવામાં મુશ્કેલી, જોવામાં મુશ્કેલી, બોલવામાં મુશ્કેલી વગેરે. આ બધી ખામીઓ એવી છે જે તેના અધ્યયન પર અસર કરતી હોય છે, પરિણામે તેઓ તેમના સાથી મિત્રોની તુલનામાં અભ્યાસમાં પાછળ રહી જતાં હોય છે, તે ઉપરાંત ડિસલેક્સિયા (Dyslexia), ધ્યાન ન્યૂનતાનો રોગ (Attention Deficiency/Deficit Disorder-ADD), ધ્યાન ન્યૂનતા સાથે અતિ ક્રિયાશીલતા (Attenetion Defficiency Hyperactive Disorder-ADHD) નો રોગ વગેરે જેવા કારણોસર પણ બાળક અભ્યાસમાં પાછળ રહી જાય છે. (આ ત્રણેય પ્રકારની ખામીઓ અંગે આ પ્રકરણમાં અંતે ચર્ચા કરવામાં આવી છે.)

**3 શારીરિક રોગ (Physical Diseases) :**

કુપોષણ કે કોઈ અન્ય કારણોસર અમુક બાળકો હંમેશાં રોગ ગ્રસ્ત રહેતાં હોય છે, જેથી તેઓ તેમના અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત નથી કરી શકતાં. ઉધરસ, નબળી પાચનશક્તિ, આંતરડાની સમસ્યાઓ, પેટમાં કૃમિનું હોવું, ગ્રંથિઓ (Glands) નું યોગ્ય રીતે કામ ન કરવું વગેરે જેવા રોગોને કારણે બાળક સામાન્ય માનસિક અથવા શારીરિક પરિશ્રમ કરીને થાકી જતું હોય છે. અમુક વખતે તેના માથામાં દુખાવો થાય છે અથવા અન્ય શારીરિક તકલીફો ઊભી થાય છે, તે નિયમિત રીતે

શાળામાં જઈ શકતું નથી. શાળામાં જાય તો પણ ધ્યાન કેન્દ્રિત કરી શકતું નથી. આવા બધા કારણોસર તે અભ્યાસમાં પાછળ રહી જાય છે.

**4 નિમ્ન સામાન્ય બુદ્ધિ (Low General Intelligence) :**

દરેક વ્યક્તિના વિકાસમાં જેટલો તેની વિશિષ્ટ બુદ્ધિનો ફાળો હોય છે તેટલો જ ફાળો તેની સામાન્ય બુદ્ધિનો હોય છે. બાળકની સામાન્ય બુદ્ધિ સરેરાશ કરતાં નિમ્ન કક્ષાની હોય તો સામાન્ય બાબતો સમજવામાં પણ તેને મુકેલી પડતી હોય છે, તેથી નિમ્ન સામાન્ય બુદ્ધિ ધરાવતાં બાળકો સામાન્ય ઝડપે અભ્યાસ કરી શકતાં નથી.

**5 આર્થિક સમસ્યા (Economic Problems) :**

જો બાળક આર્થિક રીતે પછાત કુટુંબમાંથી આવતું હોય તો તેના શૈક્ષણિક વિકાસમાં અવરોધો આવી શકે છે. ખાસ કરીને જયારે બાળક પાસે પોતાની પૂરતી શૈક્ષણિક સામગ્રી ખરીદવાના પૈસા ન હોય ત્યારે આવી સામગ્રીને અભાવે તે સારી રીતે અભ્યાસ કરી શકતું નથી અને અભ્યાસમાં પાછળ રહી જાય છે. બીજું, આવા બાળકોને ઘરની આર્થિક સ્થિતિને સાચવી રાખવા માટે ઘણીવાર પૈસા કમાવાના હેતુથી નાનું મોટું કામ કરવું પડતું હોય છે. પરિણામે તેનું ધ્યાન અભ્યાસમાં કેન્દ્રિત થઈ શકતું નથી. જે તેના નબળા અભ્યાસનું કારણ બને છે. અને તે અન્ય બાળકોની સાથે તાલ મિલાવીને અધ્યયન કરી શકતું નથી.

**6 કૌટુંબિક કારણો (Family Causes) :**

અમુક કુટુંબમાં સભ્યોની સંખ્યા વધુ હોય છે. આવા સંજોગોમાં બાળકને અધ્યયન કરવા માટેનો પૂરતો સમય અને પૂરતી સગવડો મળતી નથી, તેની બાળક શાળાનું અનુકાર્ય અને ગૃહકાર્ય ઘરે કરી શકતું નથી, પરિણામે તે અભ્યાસમાં પાછળ રહી જાય છે. કુટુંબના સંદર્ભમાં બીજું કારણ એ જોવા મળે છે કે કુટુંબનાં સભ્યો એકબીજા સાણે ઝગડતા હોય અથવા તેમની વચ્ચે એકરાગ ન હોય તો બાળક મૂંઝવણ અનુભવે છે અને અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરી શકતું નથી, પરિણામે તે તેની અધ્યયનની ગતિ જાળવી શકતું નથી.

**7 અશિક્ષિત માતા પિતા (Illiterate Parents) :**

જો માતા પિતા બન્ને અશિક્ષિત હોય તો પોતાના બાળકનાં શિક્ષણ પ્રત્યે ગંભીર નથી હોતા. ઘણી વાર આવા માતા પિતા બાળકની શૈક્ષણિક જરૂરિયાતોને સમજી શકતા નથી. તેથી તેઓ તેમના બાળકને જોઈએ તેવો સહકાર આપતાં નથી. બીજું, ઉપલાં ધોરણોમાં તો ઠીક નીચલાં ધોરણોમાં ભણતાં બાળકે પણ તેના વિષયનાં સંદર્ભમાં કોઈ મુશ્કેલી આવે તો તેણે બીજા પર આધાર રાખવો પડે છે. બીજા લોકોની મદદ તેને સમયસર ન મળવાને કારણે તે જે તે વિષયમાં જે તે સમયે સ્પષ્ટતાને અભાવે નીરાશ થઈ જાય છે. જેની અવળી અસર તેના તે સમય પછીના અભ્યાસ પર પણ પડે છે. પરિણામે તે અભ્યાસમાં પાછળ રહી જાય છે.

**8 માતા પિતાનું બિનજવાબદાર વલણ (Irresponsible Attitude of Parents) :**

ઘણી વખતે માતા પિતા શિક્ષિત હોય તેમ છતાં તેમના બાળકના અભ્યાસ પ્રત્યે ગંભીરતા દાખવતાં નથી, તેમનું બાળક શું ભણે છે, તેની શૈક્ષણિક પ્રગતિ કેવી છે, તેના અભ્યાસમાં તેને શું મુશ્કેલી પડે છે, જેવી બાબતો અંગે તેઓ સ્હેજ પણ ધ્યાન રાખતાં નથી, તેથી બાળક પોતાની રીતે પોતાની  સમસ્યાઓ ઉકેલવાનો પ્રયત્ન કરે છે, પરંતુ બાળકને દર વખતે આમાં સફળતા મળતી નથી, પરિણામે તે અભ્યાસમાં પાછળ રહી જાય છે. અમુક માતા પિતા તેમના બાળકને વધુ પડતું લાડ લડાવતા હોય છે તો અમુક માતા પિતા અતિ કઠોર રીતે બાળકો સાથે વર્તન કરતા હોય છે. આ બન્ને પ્રકારનાં વર્તનો બાળકને અભ્યાસથી દૂર લઈ જાય છે, જેની અસર તેની શૈક્ષણિક સિદ્ધિ પર પડતી હોય છે. આજે પણ આપણા દેશનાં અમુક વિસ્તારોમાં અને ગામડાઓમાં કન્યાઓને નિયમિત શાળાએ મોકલવામાં આવતી નથી. અથવા તો માતા પિતા કન્યાઓના શિક્ષણ માટે ગંભીર હોતાં

નથી. પરિણામે કન્યાઓ અનિયમિતતાને કારણે અને અથવા માતા પિતાની ઉદાસીનતાને કારણે અભ્યાસમાં પાછળ રહી જાય છે.

### 9 શાળાનું વાતાવરણ (School Environment) :

બાળક સામાન્ય રીતે તેની શાળા, શિક્ષકો અને આચાર્યને સમર્પિત હોય છે. તેને અને માતા પિતાને શાળા પાસેથી ખૂબ અપેક્ષાઓ હોય છે. બાળક તો સતત શાળામાં રહે છે, તેની શાલા પાસેથી અપેક્ષાઓ પૂર્ણ ન થાય તો તે ખૂબ નીરાશ થાય છે, પરિણામે અભ્યાસમાં તેનું ધ્યાન કેન્દ્રિત થતું નથી અને તે અભ્યાસમાં પાછળ રહી જાય છે. સામાન્ય રીતે શાળામાં નીચે જણાવેલી પરિસ્થિતિ જોવા મળે ત્યારે બાળક અભ્યાસમાં મુશ્કેલી અનુભવે છે.

- શિક્ષકોનો બાળકો સાથેનો સહાનુભૂતિ વિનાનો વ્યવહાર.
- વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવી.
- અધ્યાપન કાર્ય માટે શિક્ષકો દ્વારા અયોગ્ય પદ્ધતિઓ અને પ્રવિધિઓનો ઉપયોગ.
- શિક્ષકો વચ્ચે એકસૂત્રતાનો અભાવ.
- શાળામાં પુસ્તકાલય, પ્રયોગશાળા અને અન્ય ભૌતિક સાધનોની અછત.
- શાળામાં પ્રશિક્ષિત શિક્ષકોની અછત.
- શાળામાં વિષયોની પસંદગીના સંદર્ભમાં માર્ગદર્શનનો અભાવ. (જ્યાં બાળકોને વિષય પસંદગીના વિકલ્પો આપવામાં આવતાં હોય ત્યાં.)
- જુદાં જુદાં વિષયોમાં આવતી પાયાની સંકલ્પનાઓ સ્પષ્ટ કર્યા વગર આગળનું શિક્ષણ આપવું.
- શાળામાં ઉપચારાત્મક શિક્ષણ ન આપવું.
- યોગ્ય સમયમાં અભ્યાસક્રમ પૂરો ન કરવો. અમુક શિક્ષકો શરૂઆતમાં તો ખૂબ જ ધીમે ધીમે અભ્યાસક્રમ ચલાવતાં હોય છે, પછી પરીક્ષા નજીક આવે તો ખૂબ જ ઝડપથી બાકીનો અભ્યાસક્રમ પૂરો કરી દે છે, તેથી નબળા બાળકો વધુ નબળા બને છે.
- શાળામાં, ખાસ કરીને બિનસરકારી શાળાઓમાં, વારંવાર શિક્ષકો બદલાવા.
- વિશિષ્ટ બાળકો પર શિક્ષકો દ્વારા વ્યક્તિગત ધ્યાન ન અપાવું.
- જ્યાં શાળા તરફથી બાળકોને મફતમાં પુસ્તકો આપવામાં આવતાં હોય ત્યાં તેમને યોગ્ય સમયે પુસ્તકો પૂરાં ન પાડવા.
- શાળામાં શિક્ષણનું માધ્યમ બાળકની ભાષા કરતાં જુદું હોય તો બાળકોને અધ્યયન કરવામાં મુશ્કેલી ઊભી થાય છે.

બાળકોની અધ્યયન ગતિ મંદ હોવા માટેનાં આટલાં કારણો ઉપરાંત પણ અન્ય કારણો હોઈ શકે છે, પરંતુ ઉપરોક્ત મુક્ય કારણોની ચર્ચા કર્યા પછી હવે આપણે વિચારીએ કે આવા બાળકોનાં શિક્ષણને સુધારવા માટે કયા પગલાં લઈ શકાય.

### 12.4.5 મંદગતિના બાળકોનું શિક્ષણ

મંદગતિનાં બાળકોનાં શિક્ષણ માટે નીચે જણાવ્યા મુજબનાં પગલાં લઈ શકાય.

- શિક્ષકોએ આવાં બાળકો સાથે સહાનુભૂતિપૂર્વકનો વ્યવહાર કરવો જોઈએ.
- આવાં બાળકોની મંદગતિ માટેનાં કારણોની માહિતી મેળવવી જોઈએ.
- શાળાનાં તમામ શિક્ષકોએ ભેગા મળીને આવા કારણોનું વિશ્લેષણ કરવું જોઈએ.
- આ કારણો દૂર કરવા માટેનાં ઉપાયો શોધવા જોઈએ.
- ઉપાયોનો અમલ કરવો જોઈએ.

- અમલીકરણ પછી પણ બાળકોની પ્રગતિનો અહેવાલ મેળવતાં રહેવું જોઈએ.
- ત્યારબાદ તેમાં કોઈ કચાશ જણાય તો તે કચાશ દૂર કરવાનાં પ્રયત્નો કરવાં જોઈએ.

આવા સોપાનો અનુસરીને મંદગતિનાં બાળકો માટે શિક્ષણ અને માતા પિતાએ ભેગા મળીને પ્રયત્નો કરવાં જોઈએ.

- વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણસર રાખવી જોઈએ. સંશોધનો કહે છે કે વર્ગખંડમાં બાળકોની સંખ્યા 20 થી 25ની હોવી જોઈએ.
- અધ્યાપન કાર્ય માટે શિક્ષકોએ યોગ્ય પદ્ધતિઓ અને પ્રવિધિઓનો ઉપયોગ કરવો જોઈએ.
- શિક્ષકોએ તેમની વચ્ચે એકસૂત્રતા જાળવીને આવાં બાળકોનાં શિક્ષણ માટે એકબીજાને પૂરતો સહકાર આપવો જોઈએ.
- શાળામાં પુસ્તકાલય, પ્રયોગશાળા અને અન્ય ભૌતિક સાધનોની પૂરતી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.
- શાળામાં પ્રશિક્ષિત શિક્ષકોની નિમણૂંક કરવી જોઈએ. અને શિક્ષકોની સંખ્યા પૂરતી હોવી જોઈએ.
- શાળામાં વિષયોની પસંદગીના સંદર્ભમાં બાળકોને પૂરતું માર્ગદર્શન આપવું જોઈએ જેથી બાળકો પોતાની કક્ષા મુજબનાં વિષયો પસંદ કરી શકે.
- જુદાં જુદાં વિષયોમાં આવતી પાયાની સંકલ્પનાઓ સ્પષ્ટ કર્યા બાદ જ આગળનું શિક્ષણ આપવું જોઈએ.
- શાળામાં ઉપચારાત્મક શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ, જેથી જો કોઈ પાયાની સંકલ્પના સમજવામાં બાળકોની કચાશ રહી ગઈ હોય તો તે દૂર કરી શકાય અને તેઓ પછીનું અધ્યયન યોગ્ય રીતે કરી શકે.
- શિક્ષકે વિષયવસ્તુનાં અઘરા મુદ્દાઓ શીખવા માટે પૂરતો સમય ફાળવવો જોઈએ, જેથી બાળકોની તે મુદ્દાઓને લગતી સમસ્યાનો યોગ્ય રીતે નિકાલ લાવી શકાય.
- શાળામાં વારંવાર શિક્ષકો બદલવાથી બાળકોનું અધ્યયનનું સાતત્ય ખોરવાતું હોય છે, તેથી ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન અધવચ્ચેથી શિક્ષકોની બદલીઓ ન કરવી જોઈએ.
- મંદગતિના બાળકો પર શિક્ષકોએ વ્યક્તિગત ધ્યાન આપવું જોઈએ જેથી તેમને અધ્યયનના સામાન્ય પ્રવાહમાં લાવી શકાય.
- આવાં બાળકોને વર્ગખંડમા ઉતારી પાડવાં જોઈએ નહી, તેમની સાથે સહાનુભૂતિપૂર્વક વર્તન કરીને તેમની સમસ્યાઓને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.
- આવાં બાળકોને સમયસર પુસ્તકો મળી જાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- આવાં બાળકોને તેમને સરળતાથી સમજાય તે ભાષામાં શિક્ષણ આપવું જોઈએ.
- આવાં બાળકોની કોઈ પણ પ્રકારની શૈક્ષણિક સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.
- બાળકો કોઈ શારીરિક ખામી ધરાવતાં હોય તો તે ખામી તેમને અધ્યયન કરવામાં નડે નહીં તેવી વ્યવસ્થા શાળામાંગોઠવવી જોઈએ. દા.ત. દષ્ટિની ખામીવાળા અને સાંભળવાની મુશ્કેલી ધરાવતાં બાળકોને આગળની પાટલીએ બેસાડવા જોઈએ.
- માતા પિતાએ બાળકના અભ્યાસમાં પૂરતો રસ લેવો જોઈએ.
- શિક્ષકોએ બિનજવાબદાર માતા પિતાને પણ પરામર્શન પુરું પાડવું જોઈએ.
- ઘરનું વાતાવરણ અભ્યાસ માટે પ્રેરક હોવું જોઈએ.

- બાળકોના શારીરિક રોગોનું નિદાન કરીને ઝડપથી તેનો ઉપચાર કરવો જોઈએ.
- કન્યાઓને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવી જોઈએ.
- બાળકો નિયમિત રીતે શાળાએ જાય છે કે નહી તેની તકેદારી માતા પિતાએ રાખવી જોઈએ.
- શિક્ષકે અને માતા પિતાએ આવાં બાળકની જગ્યાએ પોતાની જાતને મૂકીને તેમની સમસ્યાઓ સમજીને તે સમસ્યાઓને દૂર કરવાના પ્રયત્નો કરવાં જોઈએ.
- જેટલું માન અને પ્રેમ અન્ય બાળકોને આપવામાં આવે છે તેટલું જ માન અને પ્રેમ આવાં બાળકોને તેમનાં શિક્ષકોએ અને માતા પિતાએ આપવું જોઈએ.
- શિક્ષકે અને માતા પિતાએ આવાં બાળકોને એવો અહેસાસ કરાવવો જોઈએ કે તેઓ તેમનાં કામમાં રસ દાખવે છે, તે ઉપરાંત તેમની નાનામાં નાની સિદ્ધિને પણ બિરદાવવી જોઈએ, જેથી તેમનો આત્મવિશ્વાસ વધારી શકાય.

અહીં આપણે એ વાત ધ્યાનમાં રાખવાની છે કે મંદગતિનું બાળક એ મંદબુદ્ધિનું નથી. આ બન્ને પ્રકારનાં બાળકો વચ્ચે ખૂબ મોટો તફાવત છે. મંદગતિનાં બાળકો અંગે ચર્ચા કર્યા પછી, હવે મંદબુદ્ધિનાં બાળક વિશે વિસ્તૃત ચર્ચા કરીને આપણે આ બન્ને પ્રકારનાં બાળકો વચ્ચેનો તફાવત સમજી શકીશું.

## 12.5 મંદબુદ્ધિના બાળકો

Mentally Retarded અને Mentally Handicapped બન્ને શબ્દોનો ઉપયોગ મંદબુદ્ધિના સંદર્ભમાં કરવામાં આવે છે. આ શબ્દો માનસિક મંદતાના સંદર્ભમાં વાપરવામાં આવે છે. માનસિક મંદતા ધરાવતાં બાળકને મંદબુદ્ધિનું બાળક કહે છે. તેનો અર્થ સમજતાં પહેલાં આપણે તેની કેટલીક વ્યાખ્યાઓ જોઈ લઈએ.

### 12.5.1 મંદબુદ્ધિનાં બાળકોની વ્યાખ્યા

- ''માનસિક મંદતા એ સરેરાશ કરતાં ઉતરતી કક્ષાની એવી સામાન્ય બૌદ્ધિક ક્રિયાશીલતા છે જે વિકાસના સમયગાળા દરમિયાન પેદા થાય છે અને વાર્તનિક અનુકૂલનની નબળાઈ સાથે સંકળાયેલી છે.''

  ***- અમેરિકન એસોસિએશન ઓફ મેન્ટલ ડિપ્રસિયન્સી***

  "Mental retardation refers to sub-average general intellectual functioning which originates during the developmenr period and is associated with impairment in adaptive behaviour."

  ***- American Association of Mental Deficiency***

- ''માનસિક મંદતા એટલે સરેરાશ કરતાં ઉતરતી કક્ષાનો એવો માનસિક વિકાસ છે જે જન્મના સમયે અથવા બચપણમાં જોવા મળે છે જે મર્યાદિત બુદ્ધિ અને સામાજિક અપૂર્ણતા દ્વારા વ્યક્ત થાય છે.''

  ***- પેજ***

  "Mental deficiency is a condition of sub-normal mental development present at birth or early childhood and characterized mainly by limited intelligence and social inadequacy."

  ***- Page***

- ''વાર્તનિક અનુકૂલનની મર્યાદાની સાથે સરેરાશ કરતાં સાર્થક રીતે ઓછી સામાન્ય ક્રિયાશીલતાનું અસ્તિત્ત્વ કે જે વિકાસાત્મક તબક્કામાં પ્રદર્શિત થાય છે તેને માનસિક મંદતા કહે છે.''

  ***- રિક હેબર***

"Significantly sub-average general functioning existing concurrently with deficits in adaptive behaviour and manifested during the developmental period"

***- Rick Heber***

- ''માનસિક મંદતા એ એવી ખામી છે જે માનસિક, સામાજિક અને વ્યાવહારિક કૌશલ્યોના પ્રદર્શન દ્વારા બૌદ્ધિક ક્રિયાશીલતા અને વાર્તનિક અનુકૂલન બન્નેની સાર્થક મર્યાદાઓ સ્વરૂપે વ્યક્ત થાય છે.''

  "Mental rerardation is a disability characterized by significant limitations both ins intellectual functioning and in adaptive behavior as expressed in conceptual, social and practical adaptive skills."

### 12.5.2 મંદબુદ્ધિનાં બાળકોનો અર્થ

મંદબુદ્ધિના બાળકો એટલે માનસિક મંદતા ધરાવતાં બાળકો. માનસિક મંદતા એ માનસિક વિકાસની અધૂરપ સૂચવે છે. માનસિક મંદતાને કારણે વ્યક્તિ તેના દૈનિક જીવનમાં માનસિક, સામાજિક અને વાર્તનિક અનુકૂલન સાધવામાં તેમની વયકક્ષાની વ્યક્તિઓ કરતાં સાર્થક રીતે નબળી હોય છે. તેમનો બુદ્ધિઆંક પણ સામાન્ય વ્યક્તિઓ કરતાં ઓછો હોય છે. આટલી ચર્ચાને આધારે કહી શકાય કે મંદબુદ્ધિના બાળકો એટલે એવા બાળકો કે જેઓ તેમની વયકક્ષાનાં સરેરાશ બાળકો કરતાં સાર્થક રીતે ઓછું માનસિક, સામાજિક અથવા વાર્તનિક અનુકૂલન ધરાવતાં હોય અને જેમનો બુદ્ધિઆંક 25 થી 70ની વચ્ચે હોય.

મંદબુદ્ધિનાં બાળકો તેમનાં વિશિષ્ટ લક્ષણોને કારણે અન્ય બાળકોથી જુદાં તરી આવે છે.

### 12.5.3 મંદબુદ્ધિનાં બાળકોનાં લક્ષણો

મંદબુદ્ધિનાં બાળકોનાં લક્ષણો નીચે જણાવ્યા મુજબનાં છે.

- મંદબુદ્ધિનાં બાળકો તેમના દૈનિક કાર્યો ધીમી ગતિએ કરતાં હોય છે અથવા આવાં કાર્યો કરવામાં મુશ્કેલી અનુભવતાં હોય છે.
- તેમનો બુદ્ધિ આંક 25 થી 70ની વચ્ચે હોય છે.
- આવાં બાળકોમાં આત્મવિશ્વાસ ઓછો હોય છે.
- આવાં બાળકોની અધ્યયન ક્ષમતા તેમની વયકક્ષાનાં બાળકો કરતાં ખૂબ જ ઓછી હોય છે.
- લગભગ 18 વર્ષ સુધીનાં વિકાસાત્મક સમયગાળામાં મંદબુદ્ધિનાં લક્ષણો જોવા મળે છે.
- અમુક કિસ્સામાં બાળક જન્મથી જ મંદબુદ્ધિનાં હોય છે.
- આવાં બાળકોની સ્મૃતિ મર્યાદિત હોય છે.
- તેમનો ભાષા વિકાસ સામાન્ય બાળકો કરતાં ઓછો થયેલો હોય છે.
- આવાં બાળકો સાર્થક રીતે તર્ક, ચિંતન અને કલ્પના કરવામાં મુશ્કેલી અનુભવે છે.
- આવાં બાળકો તેમના જ્ઞાનનો ઉપયોગ કરવામાં નિષ્ફળ જતાં હોય છે.
- આવાં બાળકો સાંવેગિક અને સામાજિક રીતે અપાનુકૂલન ધરાવતાં હોય છે.

મંદબુદ્ધિનાં બાળકોમાં વિવિધ કારણોસર માનસિક મંદતા આવતી હોય છે.

### 12.5.4 માનસિક મંદતાનાં કારણો

માનસિક મંદતાનાં કારણો નીચે જણાવ્યા મુજબનાં છે.

- બાળકોને અનુવંશમાં મળેલાં વિશિષ્ટ જમીન તત્ત્વોને કારણ અમુક બાળકોમાં માનસિક મંદતા જોવા મળે છે.

- ગર્ભાવસ્થા દરમિયાન માતાને થયેલાં અમુક ચેપી રોગોને કારણે બાળકોમાં માનસિક મંદતા જોવા મળે છે.
- કોઈપણ કારણોથી જો માતાનાં ગર્ભમાં બાળકનો વિકાસ યોગ્ય રીતે ન થાય ત્યારે બાળકમાં માનસિક મંદતા આવી જતી હોય છે.
- ગર્ભાવસ્થા દરમિયાન જો માતા નશાવાળી વસ્તુઓનું સેવન કરતી હોય તો બાળકોમાં માનસિક મંદતા આવી શકે છે.
- જન્મ સમયે જો બાળકને પૂરતાં પ્રમાણમાં પ્રાણવાયુ લેવામાં મુશ્કેલી અનુભવાતી હોય તો તેઓ માનસિક રીતે મંદ થઈ શકે છે.
- આયોડિનની ઉણપને કારણે બાળકમાં ગોઈટર જેવા જોગના વિકાસની સાથે સાથે માનસિક મંદતાનો વિકાસ થતો જોવા મળે છે.
- ગર્ભાવસ્થા દરમિયાન માતાને થયેલી કોઈ પણ પ્રકારની ઈજા ગર્ભમાં રહેલ બાળકના મસ્તિષ્ક પર નુકસાન પહોંચાડે તો પણ તે માનસિક મંદતાનું શિકાર બની શકે છે.
- બાળકના જન્મ પછી પણ કોઈ પણ ઊંમરમાં જો માથામાં ગંભીર ઈજા થાય તો તે માનસિક રીતે મંદ બની શકે છે.
- કુપોષણને કારણે પણ બાળકો માનસિક રીતે મંદ થઈ શકે છે.
- બાળકનો સામાજિક, શારીરિક, માનસિક વિકાસ યોગ્ય રીતે ન થયો હોય તો પણ તેઓ વ્યથિત થઈ જતાં હોય છે. જેનાં કારણે તેમને માનસિક તાણનો અનુભવ થતો હોય છે. આવો માનસિક તાણ લાંબા સમય સુધી ચાલે તો બાળકોમાં માનસિક મંદતા આવી જતી હોય છે.
- જન્મ પછી બાળકનો યોગ્ય રીત ઉછેર કરવામાં ન આવે અને તેના માનસિક વિકાસ પ્રત્યે બેદરકારી રાખવામાં આવે તો પણ બાળક મંદબુદ્ધિનું બની શકે છે.
- જો બાળકનાં શરીરમાં કાર્બન મોનોક્સાઈડ, લીડ અથવા પારા જેવા પદાર્થો પ્રવેશે તો પણ તે માનસિક રીતે મંદ થઈ શકે છે.
- અમુક વખતે વર્ગખંડમાં શિક્ષક દ્વારા અથવા ઘરે માતા પિતા અને અન્ય વડીલો દ્વારા બાળકને તેની બુદ્ધિનાં સંદર્ભમાં ઉતારી પાડવામાં આવે તો તે માનસિક મંદતાનું શિકાર બની શકે છે.

પૂરતી કાળજી રાખવામાં આવે તો આમાંથી ઘણાં કારણો પહેલાંથી જ દૂર કરી શકાય તેવા છે. તેમ છતાં જો બાળકોમાં માનસિક મંદતા જોવા મળતી જ હોય તો તેમની વિશિષ્ટ લાક્ષણિકતાઓને કારણે તેમના માટે વિશિષ્ટ શિક્ષણની જરૂર પડતી હોય છે. જો કે તેમના માટે શિક્ષણની વ્યવસ્થા કરતાં પહલોઢ તેમની માનસિક મંદતાના સ્તરને જાણી લેવું જોઈએ.

### 12.5.5 માનસિક મંદતાની કક્ષા

મનોવૈજ્ઞાનિકોએ માનસિક મંદતાની તીવ્રતાને આધારે મંદબુદ્ધિ બાળકોનું વર્ગીકરણ કર્યુ છે. અમુક મનોવૈજ્ઞાનિકોએ મંદબુદ્ધિ બાળકોને ચાર સ્તરોમાં તો, અમુકે ત્રણ સ્તરોમાં તો અમુકે તેમને પાંચ સ્તરોમાં વહેંચ્યા છે. તે તમામે આપેલાં વર્ગીકરણોનો તુલનાત્મક અભ્યાસ કરવાની કહી શકાય કે આવાં બાળકોને નીચે જણાવેલાં ચાર સ્તરોમા વહેંચી શકાય છે. આ પ્રકારનાં વર્ગીકરણમાં બાળકોનાં બુદ્ધિઆંકને આધારે તેમની માનસિક મંદતાની તીવ્રતા નિશ્ચિત કરવામાં આવે છે.

**સારણી - 1**

**માનસિક મંદતાનાં સ્તર**

| ક્રમ | સ્તર | બુદ્ધિ આંક |
|---|---|---|
| 1 | અતિ ગંભીર માનસિક મંદતા (Profound Mental Retardation) | 20 થી નીચો |
| 2 | ગંભીર માનસિક મંદતા (Severe Mental Retardation) | 21 થી 35 |
| 3 | સામાન્ય માનસિક મંદતા (Moderate Mental Retardation) | 36 થી 51 |
| 4 | અલ્પ માનસિક મંદતા (Mild Mental Retardation) | 52 થી 67 |

એકવાર બાળકોને માનસિક મંદતાનું સ્તર જાણી લીધાં પછી તેમના શિક્ષણ માટેની વ્યવસ્થા કરવામાં સરળતા રહે છે.

### 12.5.6 મંદબુદ્ધિ બાળકોનું શિક્ષણ

મંદગતિનાં બાળકોનાં શિક્ષણ માટે જે પગલાંઓ સૂચવવામાં આવ્યા છે તેવાં જ પગલાં અલ્પ માનસિક મંદતા ધરાવતાં બાળકો માટે સૂચવી શકાય. પરંતુ તે સિવાયનાં સ્તરોની માનસિક મંદતા ધરાવતાં બાળકોનાં શિક્ષણ માટે નીચે જણાવેલાં વધારાનાં પગલાં પણ સૂચવવામાં આવે છે.

- તેમની બુદ્ધિકક્ષાને ધ્યાનમાં રાખીને તેમના માટે અલગ અભ્યાસક્રમની રચના કરવી જોઈએ.
- બાળકોને તેમની પોતાની સંભાળ લેવા માટેનું શિક્ષણ આપવું જોઈએ.
- ત્યાર બાદ આવાં બાળકોને સામાજિક પ્રશિક્ષણ આપવું જોઈએ. તે માટે તેમને સામૂહિક રમતો, પ્રવાસ પર્યટનો અને સમૂહ જીવનની પ્રવૃત્તિઓમાં જોડવા જોઈએ.
- તેમને લેખન, વાંચન અને નિરીક્ષણ કરવા માટેનું વિશિષ્ટ પ્રશિક્ષણ આપવું જોઈએ.
- તેમને શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનું શિક્ષણ આપવું જોઈએ.
- તેમને સામાન્ય રીતે વર્તન કરવા માટેનું શિક્ષણ આપવું જોઈએ.
- આવાં બાળકો માટેનાં વર્ગખંડમાં તેમની સંખ્યા મર્યાદિત હોવી જોઈએ.

## 12.6 સારાંશ

- શાળામાં આવતાં બાળકો જુદાં જુદાં વિસ્તારમાંથી આવતાં હોય છે, તેથી વ્યક્તિગત તફાવત જોવા મળે છે. વર્ગમાં શિક્ષણ કાર્ય બધા જ બાળકો માટે એક સરખું કહીએ છીએ. એક જ વર્ગખંડમાં અભ્યાસ કરતાં બાળકોની માનસિક કક્ષા જુદી જુદી જોવા મળે છે. આ બાળકો વ્યક્તિગત તફાવત પ્રમાણે દરેકના રસ, રુચિ, વલણ, અભિરૂચિ, સંઘર્ષ વગેરે અલગ અલગ જોવા મળે છે.
- વર્ગના બાળકોનો અભ્યાસ કરતાં વર્ગમાં કેટલાંક બાળકો વધુ શક્તિશાળી જોવા મળે છે. જવાબદારી સારી રીતે લઈ શકે છે, તો કેટલાંક બાળકો ઓછી શક્તિ હોય છે. કેટલાંક બાળકો સામાન્ય કક્ષાના હોય છે. અને વળી કેટલાંક બાળકો નિમ્ન કક્ષાનાં જોવા મળે છે.
- વર્ગમાં જે શિક્ષણ કાર્યકરવામાં આવે છે તે સામાન્ય એવરેજ બાળકો માટેનું શિક્ષણ આવીએ છીએ. વર્ગમાં જે બાળકો નિમ્ન બુદ્ધિ ધરાવે છે, મંદબુદ્ધિના છે શિક્ષણમાં ધીમા છે. જે બાળકો માનસિક અને શારીરિક રીતે વિકલાંગ છે. બધાજ બાળકો માટે એક સરખું શિક્ષણ કાર્ય આવીએ તે બરાબર નથી. દરેક બાળકની શક્તિ અલગ અલગ જોવા મળે છે.
- વર્ગમાં સામાન્ય બાળકો કરતાં કંઈક જુદાં જોવા મળે છે, બીજા કરતાં અલગ જોવા મળે છે. તેવા બાળકોને આપણે અપવાદરૂપ બાળકો કહીએ છીએ.
- અપવાદરૂપ બાળકોના લક્ષણો અલગ અલગ જોવા મળે છે.

- વર્ગમાં અપવાદરૂપ બાળકોને ધ્યાનમાં રાખી શિક્ષણ કાર્યકરવામાં આવે તો વિદ્યાર્થીઓને ફાયદા થાય છે, તે બાબતો રજૂ કરવામાં આવે તે બાબતો સરળતાથી શીખી શકે છે.
- આપણી શિક્ષણ વ્યવસ્થા એવી રીતે ગોઠવવી જોઈએ કે દરેક પ્રકારના વિદ્યાર્થીઓને સરખો ન્યાય મળે અને સારી પ્રગતિ કરી શકે, તેમનો આત્મવિશ્વાસ વધી શકે.

## 12.7 એકમ સ્વાધ્યાય

1. અપવાદરૂપ બાળકોની વ્યાખ્યા લખીને તેનો અર્થ સમજાવો.
2. પ્રતિભાશાળી બાળકોની વ્યાખ્યા આપીને તેનો અર્થ સમજાવો.
3. પ્રતિભાશાળી બાળકોના લક્ષણો જણાવો.
4. પ્રતિભાશાળી બાળકોની સમસ્યાઓ જણાવો.
5. પ્રતિભાશાળી બાળકોને શિક્ષણ આપવા માટે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?
6. શૈક્ષણિક પછાત બાળકોની વ્યાખ્યા લખીને તેનો અર્થ સમજાવો.
7. શૈક્ષણિક રીતે પછાત બાળકોના લક્ષણો જણાવો.
8. મંદગતિનાં અધ્યેતાની વ્યાખ્યા આપીને તેનો અર્થ સમજાવો.
9. મંદગતિનાં અધ્યેતાનાં લક્ષણો જણાવો.
10. બાળકોની અધ્યયન ગતિ મંદ હોવાનાં કારણો જણાવો.
11. મંદગતિનાં બાળકોને શિક્ષણ આપતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાબીશું.
12. મંદબુદ્ધિનાં બાળકોની વ્યાખ્યા લખીને તેનો અર્થ સમજાવો.
13. મંદબુદ્ધિનાંબાળકોનાં લક્ષણો જણાવો.
14. માનસિક મંદતાનાં કારણો જણાવો.
15. માનસિક મંદતાની કક્ષા જણાવો.
16. મંદબુદ્ધિ બાળકોને શિક્ષણ આપતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખીશું.

## 12.8 તમારી પ્રગતિ ચકાસો

- **તમારો જવાબ આપેલ ખાનામાં લખો**

1. અપવાદરૂપ બાળકો એટલે શું ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

2. અપવાદરૂપ બાળકોના કોઈપણ ત્રણ લક્ષણો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

3. અપવાદરૂપ બાળકોની શિક્ષણની કોઈપણ ત્રણ સમસ્યાઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. અપવાદરૂપ બાળકોની શિક્ષણની વ્યવસ્થા કોઈપણ ત્રણ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. પ્રતિભાશાળી બાળકો એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

6. પ્રતિભાશાળી બાળકોના કોઈપણ ત્રણ લક્ષણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

7. પ્રતિભાશાળી બાળકોની શિક્ષણની સમસ્યા કોઈપણ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

8. પ્રતિભાશાળી બાળકોની શિક્ષણની વ્યવસ્થા કોઈપણ ત્રણ બાબતો જણાવો.

..................................................................

..................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

9. પછાત બાળકોનો અર્થ જણાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

10. શૈક્ષણિક રીતે પછાત બાળકોના કોઈ પણ ત્રણ લક્ષણો જણાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

11. મંદગતિના અધ્યેતા એટલે શું.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

12. મંદગતિના અધ્યેતા કોઈપણ ત્રણ લક્ષણો જણાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

13. મંદબુદ્ધિના બાળકો એટલે શું ?

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

14. મંદબુદ્ધિના બાળકોના કોઈપણ ત્રણ લક્ષણો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

◆ **આપેલા વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. જેનો બુદ્ધિઆંક 140 જેટલો હોય એવા બાળકો કયા પ્રકારના ગણાય ?

   (A) અભ્યાસમંદ Slow Learner (B) સામાન્ય Normal

   (C) અતિ સામાન્ય Below Normal (D) તેજસ્વી Gifred

2. વર્ગના તેજસ્વી બાળકોને શિક્ષકે કયા પ્રકારનું કાર્ય સોંપવું જોઈએ ?

   (A) સામાન્ય કાર્ય (B) પડકારરૂપ કાર્ય

   (C) અતિકઠિન કાર્ય (D) અતિ સામાન્ય કાર્ય

3. વર્ગના તેજસ્વી બાળકોને તમે ચોકસાઈથી કઈ રીતે ઓળખશો ?

   (A) બુદ્ધિમાપન કસોટી આપીને (B) સામાન્ય અવલોકન દ્વારા

   (C) અન્ય શિક્ષણના અભિપ્રાયથી (D) વાલી સાથેની ચર્ચા દ્વારા

4. તમારા વર્ગનું એક બાળક કોઈ તદ્દના નવીન રીતે કાર્ય કરે છે. આ બાળક કયા પ્રકારનું બાળક છે.?

   (A) તોફાની (B) મસ્તીખોર

   (C) સર્જનશીલ (D) ટીખળી

5. નીચેનામાંથી કઈ બાબત શારીરિક ખામીઓમાં અપવાદરૂપ બાળકમાં જોવા મળે છે.?

   (A) શારીરિક ખામીઓ (B) શારીરિક તંદુરસ્તી

   (C) અતિ તેજસ્વી બાળકો (D) પછાત બાળકો

6. નીચેનામાંથી કઈ બાબત માનસિક વિચલિતતામાં જોવા મળે છે ?

   (A) અતી તેજસ્વી બાળકો (B) શારીરિક ખામીઓ

   (C) અંધ બાળકો (D) શારીરિક તંદુરસ્તી

7. અપવાદરૂપ બાળકોમાં શું જોવા મળે છે ?

   (A) શારીરિક ખામીઓ (B) શારીરિક તંદુરસ્તી

   (C) શીખવાની ઝડપ વધુ (D) હકારાત્મક વલણ

8. અપવાદરૂપ બાળકોના લક્ષણોમાં કઈ બાબત જોવા મળે છે ?

   (A) શીખવાની ઝડપ ઓછી (B) શીખવાની ઝડપ વધુ

   (C) હકારાત્મક વલણ (D) અન્ય બાળકોનો સ્વીકાર

9. તેજસ્વી બાળકોમાં શું જોવા મળે છે ?

   (A) ઊંચી વિશિષ્ટ શક્તિ (B) વિશિષ્ટ શક્તિ ઓછી

   (C) અસહકારની ભાવના (D) ઓછું મિત્ર વર્તુળ

10. તેજસ્વી બાળકોમાં શું જોવા મળે છે ?

(A) નવું જાણવાની વૃતિ (B) જૂનું જાણવાની વૃત્તિ

(C) કંઈ ન કરવાની વૃતિ (D) ઓછું વાંચન

11. તેજસ્વી બાળકોમાં શું જોવા મળે છે. ?

(A) વધુ પ્રેમાળ (B) વધુ નિરાશ

(C) એક વિષયમાં રસ (D) વધુ જોડણીની ભૂલો

12. તેજસ્વી બાળકો માટે શિક્ષણની કેવી વ્યવસ્થા કરવી જોઈએ ?

(A) અલગ વર્ગની વ્યવસ્થા (B) સમૂહ વર્ગ વ્યવસ્થા

(C) અલગ શાળા વ્યવસ્થા (D) સમૂહમાં ધ્યાન

13. તેજસ્વી બાળકોને કેવી સગવડતાઓ પૂરી પાડવી જોઈએ ?

(A) સારી લાયબ્રેરી (B) ઓછી વાંચન સામગ્રી પૂરી પાડવી

(C) સમૂહમાં ધ્યાન (D) સમૂહ વર્ગ વ્યવસ્થા

14. સર્જનશીલ બાળકોનાં લક્ષણોમાં કઈ બાબત જોવા મળે છે.

(A) વિચારશીલતા (B) આત્મવિશ્વાસનો અભાવ

(C) ડરપોક (D) પાછળ રહેવાની વૃત્તિ

15. સર્જનશીલ બાળકોનાં લક્ષણોમાં કઈ બાબત જોવા મળે છે ?

(A) અહંકારનો અભાવ (B) અહંકાર

(C) ચીડિયાપણું (D) પાછળ રહેવાની ઝંખના

16. સર્જનશીલ બાળકો માટે કેવું શિક્ષણ ગોઠવવું જોઈએ ?

(A) પ્રોત્સાહન પૂરું પાડવું (B) શોષણ કરવું

(C) માંદગીનું ધ્યાન (D) સમૂહ માર્ગદર્શન

17. અપવાદરૂપ બાળકો કોને કહેવાય ?

(A) માત્ર શારીરિક ખોડખાંપણ ધરાવનારાં

(B) માત્ર દૃષ્ટિ ન ધરાવતાં હોય એવા બાળકો

(C) માત્ર મૂક-બધિર બાળકો

(D) જે બાળક શારીરિક, માનસિક કે સામાજિક વિકાસમાં સામાન્ય બાળકો કરતાં ભિન્ન હોય તેવા બાળકો

18. શૈક્ષણિક પછાત બાળકો કોને કહેવાય ?

(A) અન્ય બાળકો કરતાં વધુ શિક્ષણની જરૂર

(B) અન્ય બાળકો કરતાં ઓછાં શિક્ષણની જરૂર

(C) બધુ બુદ્ધિશાળી હોય

(D) રમતગમતમાં વધુ રસ

19. વર્ગમાં શૈક્ષણિક પછાત બાળકોને તમે ચોકસાઈથી કઈ રીતે ઓળખશો ?

(A) બુદ્ધિમાપન કસોટી આપીને (B) સામાન્ય અવલોકન દ્વારા

(C) અન્ય શિક્ષકોના અભિપ્રાયથી (D) વાલી સાથેની ચર્ચા દ્વારા

20. જેનો બુદ્ધિઆંક 70 થી 80 જેટલો હોય એવાં બાળકો કયા પ્રકારના ગણાય. ?

(A) અભ્યાસમંદ (B) સામાન્ય

(C) અતિ સામાન્ય (D) તેજસ્વી

21. કયા પ્રકારના બાળકોની ગ્રહણશક્તિ ખૂબ ઓછી હોય છે ?

(A) શૈ.પછાત બાળકો (B) તેજસ્વી

(C) સર્જનશીલ (D) મૂર્ખ

22. 70 થી નિમ્ન બુદ્ધિઆંક ધરાવતા બાળકોને કેવાં બાળકો ગણવામાં આવે છે ?

(A) સામાન્ય (B) પછાત બાળકો

(C) મધ્યમબુદ્ધિ (D) તેજસ્વી

## 12.9 તમારી પ્રગતિ ચકાસોના સાચા ઉત્તરો

1. (D) તેજસ્વી (Gifted)
2. (B) પડકારરૂપ કાર્ય
3. (A) બુદ્ધિમાપન કસોટી આપીને
4. (C) સર્જનશીલ
5. (A) શારીરિક ખામીઓ
6. (A) અતી તેજસ્વી બાળકો
7. (A) શારીરિક ખામીઓ
8. (A) શીખવાની ઝડપ ઓછી
9. (A) ઊંચી વિશિષ્ટ શક્તિ
10. (A) નવું જાણવાની વૃતિ
11. (A) વધુ પ્રેમાળ
12. (A) અલગ વર્ગની વ્યવસ્થા
13. (A) સારી લાયબ્રેરી
14. (A) વિચારશીલતા
15. (A) અહંકારનો અભાવ
16. (A) પ્રોત્સાહન પુરું પાડવું
17. (C) માત્ર મૂક-બધિર બાળકો
18. (A) અન્ય બાળકો કરતાં વધુ શિક્ષણની જરૂર
19. (A) બુદ્ધિમાપન કસોટી આપીને
20. (A) અભ્યાસમંદ
21. (A) શૈ.પછાત બાળકો
22. (B) પછાત બાળકો

## 12.10 સૂચિત વાંચન સામગ્રી

(1) બારૈયા વી.વી. તથા : બાળપણ અને વિકાસ, પ્રતીક પ્રકાશન, આણંદ
અન્ય

(2) અંધારિયા રવીન્દ્રભાઈ : અધ્યેતા-સ્વરૂપ અને વિકાસ, અમોલ પ્રકાશન, તથા અન્ય અમદાવાદ.

(3) શુક્લ સતીશ કુમાર : અધ્યેતા - પ્રકૃતિ અને વિકાસ, અગ્રવાલ પબ્લિકેશન, આગરા
એસ.

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-232
# સમાજના વિશિષ્ટ વર્ગોનું શિક્ષણ-કન્યા કેળવણી

વિભાગ

# 4

## વિકલાંગ બાળકો, નિરક્ષરતા અને સ્ત્રી શિક્ષણ


એકમ-13 શારીરિક અશક્ત બાળકો

એકમ-14 છેવાડાના બાળકો માટે નીતિ વિષયક માળખાની રચના

એકમ-15 નિરિક્ષરતા નિવારણ કાર્યક્રમ

એકમ-16 સ્ત્રીઓની સમસ્યાઓ

**ES-232, સમાજના વિશિષ્ટ વર્ગોનું શિક્ષણ-કન્યા કેળવણી (વિભાગ-4)**


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. વાઘજીભાઈ વી. બારૈયા (નિવૃત્ત)** | આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ |
| **પરામર્શક અને પુનઃ પરામર્શક (વિષય)** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. દિવ્યેશભાઈ એમ. પટેલ** | વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200

દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-231-5**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-232 સમાજના વિશિષ્ટ વર્ગોનું શિક્ષણ-કન્યા કેળવણી

**વિભાગ-1 : મહિલા શિક્ષણ અને કન્યા કેળવણી**

1. કન્યા કેળવણીની સમસ્યા
2. ભારતીય સમાજમાં સ્ત્રીઓની સમસ્યાઓ અને ઉપાયો
3. મહિલા શિક્ષણ
4. શિક્ષણમાં સમાન તક

**વિભાગ-2 : સ્ત્રી સશક્તિકરણ**

5. સ્ત્રી સશક્તિકરણ - ૧
6. સ્ત્રી સશક્તિકરણ - ૨
7. સ્ત્રી સશક્તિકરણ - ૩
8. સ્ત્રી સશક્તિકરણ - ૪

**વિભાગ-3 : પછાત વર્ગના બાળકોની કેળવણી**

9. પછાત વર્ગોનાં બાળકોનું શિક્ષણ - ૧
10. પછાત વર્ગોનાં બાળકોનું શિક્ષણ - ૨
11. વંચિતો માટેની કેળવણી
12. અપવાદરૂપ બાળકોનું શિક્ષણ

**વિભાગ-4 : વિકલાંગ બાળકો, નિરક્ષરતા અને સ્ત્રી શિક્ષણ**

13. શારીરિક અશક્ત બાળકો
14. છેવાડાના બાળકો માટે નીતિ વિષયક માળખાની રચના
15. નિરિક્ષરતા નિવારણ કાર્યક્રમ
16. સ્ત્રીઓની સમસ્યાઓ

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાંથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાંથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાંથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

**એકમ 13**

# શારીરિક અશક્ત બાળકો

## : રૂપરેખા :


**13.1 પ્રસ્તાવના**

**13.2 શારીરિક અશક્ત બાળકો એટલે શું ?**

**13.3 શારીરિક રીતે અશક્ત બાળકોની સમસ્યાઓ**

**13.4 શારીરિક રીતે અશક્ત બાળકોની સમસ્યાઓનો ઉકેલ**

**13.5 શારીરિક અપંગતાની મનોવૈજ્ઞાનિક અસરો**

**13.6 શારીરિક રીતે અપંગ બાળકોનું માર્ગદર્શન**

**13.7 શારીરિક રીતે અપંગ બાળકોના શૈક્ષણિક અનુકૂલન માટે જરૂરી સગવડો**

**13.8 વિકલાંગો માટે શિક્ષણનીતિ**

**13.9 વિકલાંગો માટેની કલ્યાણકારી યોજનાઓ**

**13.10 વિકલાંગ બાળકોનું શિક્ષણ**

**13.11 સારાંશ**

**13.12 એકમ સ્વાધ્યાય**

**13.13 તમારી પ્રગતિ ચકાસો**

**13.14 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**13.15 સૂચિત વાંચન સામગ્રી**


◆ **ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી, તમે નીચે જણાવેલ બાબતો માટે શક્તિમાન બનશો :

(1) શારીરિક અશક્ત બાળકોને સમજી શકશો.

(2) શારીરિક રીતે અશક્ત બાળકોની સમસ્યાઓ સમજી શકશો.

(3) શારીરિક રીતે અશક્ત બાળકોની સમસ્યાઓનો ઉદ્દેશ સમજી શકશો.

(4) શારીરિક અપંગતાની મનોવૈજ્ઞાનિક અસરો સમજી શકશો.

(5) શારીરિક રીતે અપંગ બાળકોનું માર્ગદર્શન સમજી શકશો.

(6) શારીરિક રીતે અપંગ બાળકોના શૈક્ષણિક અનુકૂલન માટે જરૂરી સગવડો સમજી શકશો.

(7) વિકલાંગો માટે શિક્ષણનીતિ સમજી શકશો.

(8) વિકલાંગ માટેની કલ્યાણકારી યોજનાઓ સમજી શકશો.

## 13.1 પ્રસ્તાવના

શારીરિક અપંગ બાળકો લૂલાં (Crippled) કે અક્ષમ (Disabled), અશક્ત (Challenged) બાળકો તરીકે ઓળખાય છે.

શારીરિક અશક્ત બાળકોનું વર્ણન કરતાં ઉદયશંકર જણાવે છે કે, ×તેઓ અસ્થિતંત્રીય અપંગ હોય છે. ઓછા ચૈતન્ય સાથે નાજુક હોય છે. સ્નાયવિક અક્ષમતાઓ ધરાવે છે. અથવા ચેતાકીય ખામી ધરાવે છે. આથી કહી શકાય કે બાળકમાં શારીરિક અપંગતા તેના અસ્થિતંત્ર, સ્નાયુતંત્ર અને

ચેતાતંત્ર પૈકી એક કે એકથી વધુ તંત્રોમાં ખામીને કારણે ઉદ્‌ભવે છે. આ તંત્રો સાથે સંબંધિત ખામીઓને કારણે મુખ્યત્વે નીચેના પ્રકારના શારીરિક અપંગ બાળકો જોવા મળે છે.×

1. મગજનો લકવો ધરાવતાં બાળકો
2. લકવાગ્રસ્ત બાળકો
3. અવયવની ઉણપવાળા બાળકો

- વિકલાંગ બાળકો પ્રૌઢોના શિક્ષણની ખૂબ મોટી સમસ્યા રાષ્ટ્ર સમક્ષ પડકારરૂપ બનીને ઊભી છે.
- અંધ બાળકો અને પ્રૌઢો પણ ઘણીવાર શિક્ષણથી વંચિત રહે છે. સમાજના સામાન્ય પ્રવાહમાં તેઓ ભળી શકતા નથી.
- જો કે અંધજનોને માટે બ્રેઈલ લિપિ દ્વારા શિક્ષણ મેળવવાનું શક્ય બન્યું છે, પરંતુ આવા લોકોના શિક્ષણ પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. આ પ્રકારનું શિક્ષણ આપતી શાળાઓ પણ અલ્પ પ્રમાણમાં જોવા મળે છે.

**ભારતમાં વિકલાંગો :**

- વિકલાંગ બાળકોને ફૂલવા-ફાલવાનો અધિકાર છે, તેમને પણ અન્ય બાળકોની જેમ અધિકારો મળવા જોઈએ. તેમનામાં કેટલીક વિશિષ્ટ શક્તિઓ પડેલી હોય છે.
- વિકલાંગ બાળકોને જો શિક્ષણની યોગ્ય તકો પૂરી પાડવામાં આવે તો પણ સામાન્ય બાળકોની જેમ વિકાસ સાધી શકે તેમ છે.
- તેઓ પણ ભારતના નાગરિકો છે અને નાગરિકો જેવા સમાન હક્કો ધરાવે છે.
- યુનિફ સેફના અહેવાલ પ્રમાણે વિશ્વમાં જન્મતાં 10 ટકા જેટલાં બાળકો શારીરિક, માનસિક અને સંવેદનાત્મક ખોડ ખાંપણવાળા જન્મે છે.
- આવા બાળકોના વિકાસ થાય તેમજ શિક્ષણ માટે યોગ્ય ઉપાયો યોજવા જોઈએ.
- જો કે ખૂબ વિશ્વસનીય આંકડા ઉપલબ્ધ ન હોવા છતાં વિશ્વ આરોગ્ય સંસ્થાનું સામાન્ય સર્વેક્ષણ જણાવે છે કે વિકાસશીલ દેશોમાં 120 મિલિયન જેટલાં બાળકો લોકસમૂહ અસ્તિત્વ ધરાવતો હશે.
- 1983ના ભારતના સર્વેક્ષણ અનુસાર ભારતમાં લગભગ 12 મિલિયન લોકો એક યા બીજી ખોડખાંપણ ધરાવે છે. આમાંના કેટલાંક અંધત્વની, બહેરાશની, બોલચાલની ખોડખાંપણ ધરાવે છે, કેટલાંક હાડકાંની અને સ્નાયુઓની ખોડખાંપણ ધરાવે છે.
- શારીરિક અશક્ત બાળકોની સંખ્યા જોઈએ તો દિવસે દિસે વધતી જાય છે. શારીરિક અશક્ત બાળકો જન્મ લે છે તેથી તેની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આ બાબત ભારત માટે એક ચિંતાનો વિષય ગણાય.

**શારીરિક રીતે વિકલાંગ બાળકોનો અર્થ (Meaning of Physically Handicapped Children)**

- આવાં બાળકોને હવે શારીરિક રીતે વિકલાંગને બદલે શારીરિક પડકાર ધરાવતાં (Mentally Challanged) બાળકો તરીકે ઓળખવામાં આવે છે.
- કાયમી પ્રકારની કોઈપણ શારીરિક, આંગિક કે ઈન્દ્રિયજન્ય ખામીને કારણે જો બાળક અન્ય સામાન્ય બાળકની જેમ તેના કાર્યો કરવામાં મુશ્કેલી અનુભવે તો તેને શારીરિક રીતે વિકલાંગ બાળક તરીકે ઓળખવામાં આવે છે.
- આલ્બર્ટ આઈન્સ્ટાઈન શીખવાની ખામી ધરાવતા હતા, તેમ છતાં તેમણે સાપેક્ષવાદનો સિદ્ધાંત વિકસાવ્યો હતો. જેણે લોકોની દુનિયાને જોવાની અને સમજવાની દૃષ્ટિ બદલી નાંખી

હતી. તે જ રીતે થોમસ આલ્વા એડિશન બહેરાશથી પીડિત હતા, પણ તેમણે આપણને જે આધુનિક જગતમાં જીવીએ છીએ તેના માટે સૌથી વધુ જવાબદાર વીજળીની શોધ કરી હતી.

- લૂઇ બ્રેઇલ દૃષ્ટિ ધરાવતાં નહોતા, પણ તેમણે તેમના નામે અંધ લોકો વાંચી-લખી શકે તેવી લિપિ બ્રેઇલ વિકસાવી હતી. આ બધાએ એક વાત સાબિત કરી દીધી છે કે કોઇ પ્રકારની શારીરિક ખામી મનુષ્યની પ્રગતિને રૂંધી શકતી નથી. મનુષ્યે કશું પણ નવું કરવા પોતાની ક્ષમતાને જ ધ્યાનમાં લેવાની હોય, કારણ કે છેવટે મનુષ્યની ક્ષમતા જ સર્જન માટે જવાબદાર હોય છે.
- એક સમયે શારીરિક કે માનસિક ખામીને વિકલાંગ વ્યક્તિ અને તેના કુટુંબ બંને માટે અભિશાપરૂપ ગણવામાં આવતી હતી. આવી ખોટ કે ખામીને વ્યક્તિના પૂર્વજન્મના પાપનો બદલો ગણવામાં આવતી હતી. પણ આધુનિક વિજ્ઞાને આ પ્રકારની અંધશ્રદ્ધાઓ કે ખોટી ધારણાનો દૂર કરવામાં મદદ કરી છે. અત્યારે વિકલાંગતાને સારવાર કરી શકાય તેવી તબીબી સ્થિતિ ગણવામાં આવે છે. વિકલાંગ કે ખામી ધરાવતી વ્યક્તિને લાંબો સમય સમાજ બહારની વ્યક્તિ નહીં ગણવામાં આવે તેવી અપેક્ષા છે. વિજ્ઞાન અને નવીનતાએ તેમની વિકલાંગતાને વધતાં ઓછાં અંશે દૂર કરવા પૂરક સાધનો પ્રદાન કર્યા છે. બ્રેઇલ, જયપુર ફૂટ કેટલાંક ઉદાહરણો છે, જે શારીરિક ખામી ધરાવતા લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે આશીર્વાદરૂપ છે.
- વળી વિકલાંગ લોકોની શિક્ષણની વિશિષ્ટ જરૂરિયાતો પર જાગૃતિ કેળવવી અગાઉ કરતાં વધારે મહત્ત્વપૂર્ણ બની છે. હકીકતમાં હવે એવી વિચારસરણી ઊભી થઈ છે કે વિકલાંગ લોકોને વિશેષ શાળાઓમાં મોકલવા ન જોઇએ, પણ સર્વસમાવેશક વાતાવરણ ઊભું કરવાના ભાગરૂપે નિયમિત શાળાઓમાં જ તેમને પ્રવેશ આપો જોઇએ. સામાજિક અને સાંસ્કૃતિક સંકલન પણ મોટી સમસ્યા છે, પણ ટૂંક સમયમાં પરિવર્તન જોવા મળશે અને વિકલાંગ લોકોને આપણા સમાજ અને રાષ્ટ્રના આવશ્યક અંગ ગણવામાં આવશે.
- ઇન્ફોર્મેશન અને કમ્યુનિકેશન ટેક્નોલૉજીએ રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં વિકલાંગ લોકોને સક્રિયપણે સહભાગી બનવા અશક્ત બનાવ્યાં છે. વિકલાંગ લોકોને મુક્ત વાતાવરણ પ્રદાન કરવા અને સ્વતંત્ર રીતે જીવવા સક્ષમ બનાવવા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે. એક્સેસિબલ ઇન્ડિયા અભિયાન સરકારનું સર્વસમાવેશક સમાજની રચના કરવાના સ્વપ્નની નીપજ છે. જેમાં વિકલાંગ લોકોને ઉત્પાદકીય, સુરક્ષિત અને સન્માનજનક જીવન જીવવા વિકાસ સાધવા સમાન તકો પ્રદાન કરવામાં આવે છે.
- તાજેતરમાં વિવિધ કંપનીઓ દ્વારા વિકલાંગ લોકોની ક્ષમતા અનુસાર ભરતીની ટકાવારીમાં પણ વધારો જોવા મળ્યો છે. જે આ પ્રકારના વર્ગના લોકોની નાણાંકીય સર્વસમાવેશકતા તરફનો વધતો જતો ઝોક સૂચવે છે. કૌશલ્ય સંવર્ધનની તકો વધવાથી વધુ લાયક અને સક્ષમ કર્મચારીઓની ફોજ ઊભી થઇ છે, જેના પગલે રોજગારદાતાઓ કે કંપનીઓને વિકલાંગ લોકોની ક્ષમતામાં વિશ્વાસ વધ્યો છે. સરકારે પણ તેમની આજીવિકાને ટેકો આપવા તેમના નવીન વિચારો માટે શિષ્યવૃત્તિ અને નાણાંકીય સહાય આપવાની જોગવાઇ વધારી છે. અત્યારે જીવનના તમાન ક્ષેત્રોમાં વિકલાંગ લોકો કામ કરતાં જોવા મળે છે - પછી તે સરકારી ક્ષેત્ર હોય, મનોરંજન ઉદ્યોગ હોય કે રમતગમત.
- દરેક જીવન કિંમતી છે, દરેકના જીવનનો એક ઉદ્દેશ છે અને દરેકના જીવનની એક યોજના છે કે વિકલાંગ વ્યક્તિઓ સૌથી વધુ પ્રેરણાનો સ્ત્રોત છે, તેમને સમાન તક આપો. પછી જુઓ તેઓ વધુ મજબૂત અને સક્ષમ પુરવાર થઇને બતાવી દેશે તથા સામાન્ય લોકોથી વધારે ક્ષમતા પ્રદર્શિત કરશે. જો આપણે આ હકીકતનો સ્વીકાર કરીશું, તો આપણે સમાજમાં તબક્કાવાર થઈ રહેલાં પરિવર્તનને જોઈ શકીશું.

## 13.2 શારીરિક અશક્ત બાળકો એટલે શું ?

- જે બાળકો શારીરિક ક્ષતિ ધરાવતાં હોય અથવા શારીરિક ખોડખાંપણ ધરાવતાં હોય તેમનો સમાવેશ આ વર્ગમાં કરવામાં આવે છે.
- આવા બાળકોને કેટલીક શારીરિક વિકલાંગતા કાં તો જન્મજાત હોય અથવા કેટલાંક જન્મ પછી પાછળથી શારીરિક ક્ષતિ કે વિકલાંગતાનો તેઓ ભોગ બન્યા હોય છે.
- કેટલીકવાર તેઓ કોઇ અકસ્માતનો ભોગ બન્યા હોય છે તો ક્યારેક કોઇ રોગને લીધે તેઓમાં શારીરિક વિકલાંગતા આવી જાય છે.
- અન્ય બાળકોની સરખામણીમાં જે બાળકો શારીરિક રીતે પોતાના અભ્યાસનું દૈનિક કાર્ય બરાબર રીતે ન કરી શકે તેવા બાળકોનો સમાવેશ શારીરિક અશક્ત બાળકોમાં કરવામાં આવે છે.
- શારીરિક અપંગ બાળકો લૂલાં (Crippled) કે અક્ષમ (Disabled), અશક્ત (Challenged) બાળકો તરીકે ઓળખાય છે. શારીરિક અશક્ત બાળકોનું વર્ણન કરતાં ઉદયશંકર જણાવે છે કે, ×તેઓ અસ્થિતંત્રીય અપંગ હોય છે. ઓછા ચૈતન્ય સાથે નાજુક હોય છે. સ્નાયવિક અક્ષમતાઓ ધરાવે છે. અથવા ચેતાકીય ખામી ધરાવે છે.
- આથી કહી શકાય કે બાળકમાં શારીરિક અપંગતા તેના અસ્થિતંત્ર, સ્નાયુતંત્ર અને ચેતાતંત્ર પૈકી એક કે એકથી વધુ તંત્રોમાં ખામીને કારણે ઉદ્‌ભવે છે. આ તંત્રો સાથે સંબંધિત ખામીઓને કારણે મુખ્યત્વે નીચેના પ્રકારના શારીરિક અપંગ બાળકો જોવા મળે છે.×

  1. મગજનો લકવો ધરાવતાં બાળકો

  2. લકવાગ્રસ્ત બાળકો

  3. અવયવની ઉણપવાળા બાળકો

**1. મગજનો લકવો ધરાવતાં બાળકો**

મગજનો લકવો એટલે મગજને હાનિ થવાને કારણે કે રોગના કારણે મગજના કોષોમાં ફેરફાર થવાથી થતો લકવો. મગજના લકવાવાળા બાળકનાં મગજ અને કેન્દ્રિય ચેતાતંત્રને નુકસાન થવાથી સ્નાયવિક કાર્યમાં ખલેલ પડે છે. આથી તે ચેતા સ્નાયવિક અશક્ત છે.

**2. મગજના લકવાગ્રસ્ત બાળકોનાં લક્ષણો**

આ બાળકોમાં મુખ્યત્વે નીચેની લાક્ષણિકતાઓ જોવા મળે છે.

- સ્નાયુઓની નબળાઇ એ આ બાળકોનું મુખ્ય લક્ષણ છે.
- શારીરિક લચીલાપણું જેમાં અસર પામેલા સ્નાયુઓનું અનૈચ્છિક સંકોચન થાય છે. તેથી હલન-ચલનમાં ચોક્સાઈ રહેતી નથી. સામાન્ય રીતે મગજના લકવાગ્રસ્ત બાળકોમાં આ લાક્ષણિકતા હોય છે.
- વધુ પડતું અનૈચ્છિક હલન-ચલન જેમાં નોંધપાત્ર રીતે અવયવના સંકલનનો અભાવ અને સતત હલન-ચલન જોવા મળે છે. આ લક્ષણનું પ્રમાણ 25,231 જેટલું હોય છે.
- શારીરિક અસમતુલા જેમાં બાળકનાં અવયવો સમતોલ જણાતા નથી. તેઓ આસપાસની વસ્તુ સાથે પોતાની જાતને ગોઠવી શકતાં નથી.
- જડતા (Rigidity) જેમાં સ્નાયુઓમાં સતત તણાવ અને અક્કડપણું જોવા મળે છે. મગજના કેટલાં વિસ્તારને નુકસાન થયું છે, તેનાં પ્રમાણમાં સ્નાયવિક સંકલનના અભાવની માત્રા જોવા મળે છે.

**3. મગજના લકવાનાં કારણો :**

આ પ્રકારની અપંગતાના ભિન્ન કારણો આ પ્રમાણે છે :-

- **ગર્ભાવસ્થા દરમિયાન :**

– ગર્ભાવસ્થામાં બાળક જ્યારે માતાના ગર્ભાશયમાં હોય ત્યારે માતાને કોઇ ચેપ લાગ્યો હોય, લોહીમાં ઝેરી પદાર્થ દાખલ થયેલ હોય તો તે બાળકના મગજને નુકસાન કરી શકે છે.

– માતાને એનિમિયા હોય તો ગર્ભને ઓક્સિજનનો પૂરવઠો મળતો અવરોધાય તેમજ માતાને ડાયાબિટીશ હોય તેવી પરિસ્થિતિમાં ગર્ભસ્થ બાળકમાં મગજનો લકવો ઉત્પન્ન કરવામાં કારણભૂત બની શકે છે.

- **પ્રસૂતિ દરમિયાન :**

– બાળકના જન્મ સમયે શિશુને કોઇ રીતે ઈજા થાય, લાંબી પ્રસવ પીડા, મુશ્કેલી પ્રસૂતિ કે આંતરિક રક્ત સ્ત્રાવ, મગજના લકવા માટે જવાબદાર બની શકે છે.

- **જન્મ પછી :**

– કેટલાંક કિસ્સાઓમાં બાળકના જન્મ પછી શિશુ અવસ્થામાં ઝેરી પદાર્થ કે અકસ્માત મગજના લકવા માટે જવાબદાર બને છે.

**4. મગજના લકવાની અસરો :**

મગજના લકવાગ્રસ્ત બાળકોના અભ્યાસો સૂચવે છે કે આ અપંગતા તેના અન્ય લક્ષણો પર નીચેની જેવી અસરો ઊભી કરે છે.

– આવા બાળકોમાં વાંચનદોષની ખામી જોવા મળે છે.

– આ બાળકો પૈકી 50% બાળકોનો બુદ્ધિઆંક 70 થી ઓછો જોવા મળ્યો છે. કેટલાંક બાળકોમાં દૃશ્ય અને શ્રાવ્ય ખામીઓ જણાઇ છે.

– તેઓ ક્રિયાત્મક મુશ્કેલી અનુભવે છે.

– તેઓ આસપાસના પર્યાવરણ સાથે અનુકૂલનમાં મુશ્કેલી અનુભવે છે.

– કેટલાંક બાળકો આકૃતિ-ભૂમિકા વચ્ચેનો તફાવત પારખવામાં મુશ્કેલી અનુભવે છે.

– આવા બાળકોનું ઘડતર નબળું હોય છે.

**5. મગજના લકવા માટેના ઉપચાર અને માર્ગદર્શન :**

આવા બાળકોના ઉપચાર અને માર્ગદર્શન માટે નીચેનાં પગલાંઓ લઇ શકાય :

– મસાજ ન કરવો, કારણ કે મસાજ કરવાથી ચેતાઓને વધુ નુકસાન થાય છે.

– સ્નાયુઓના સંકલન માટે કેટલીક શરીર સંતુલનની કસરતો કરાવવી.

– વ્યવસાયી વ્યક્તિઓ દ્વારા ઉપચાર કરાવવો.

– જરૂરી ચેતાકીય ઓપરેશન દ્વારા અવયવની જડતા ઓછી કરવી.

– અવયવના મુક્ત હલન-ચલન માટે બળ મળે તે માટે કૃત્રિમ ઉપકરણોનો ઉપયોગ કરવો.

– મગજના લકવામાં અધ્યેતાઓને કમ્પ્યુટર સારી રીતે મદદ કરી શકે.

**2. લકવાગ્રસ્ત બાળકો (Polio)**

બાળકોમાં વધુ ભયજનક ગણાતી બીજી શારીરિક અપંગતા લકવો (Polio) છે. તે એના સ્નાયવિક રોગ છે. અપંગતા લકવો (Polio) છે. તે એના સ્નાયવિક રોગ છે. કરોડરજ્જુના ચેતાકોષના Polio Virus વડે નુકસાન થવાથી થતો આ સ્નાયુઓનો લકવો છે. તેનાથી હાથ, પગ કે ચહેરામાં વિરૂપતા આવે છે.

**3. લકવાગ્રસ્ત બાળકોનાં લક્ષણો :**

લકવાગ્રસ્ત બાળકોમાં લક્ષણો નીચે પ્રમાણે છે :

- લકવાગ્રસ્ત અવયવની સ્નાયવિક ક્ષમતા નબળી હોય છે.
- લકવાગ્રસ્ત અવયવના સ્નાયુઓમાં દર્દ થાય છે અને વિરૂપતા આવે છે.
- 90 ટકા કિસ્સાઓમાં આ રોગ 6 માસથી 5 વર્ષની વય દરમિયાન લાગુ પડે છે, પરંતુ તે 30 વર્ષની વય સુધી પણ થઇ શકે છે.

**3. લકવાગ્રસ્ત બાળકની અન્ય લાક્ષણિકતાઓ પર અસર :**

લકવાગ્રસ્ત બાળકોના અભ્યાસો નીચેનાં તારણો સૂચવે છે :

– આ રોગની બાળકની વૃદ્ધિ પર કોઇ અસર થતી નથી.

– આ રોગની બાળકની અધ્યયન ક્ષમતા પર કોઇ વિપરીત અસર થતી નથી.

– આ બાળકો સામાન્ય બાળકો સાથે અભ્યાસ કરી શકે છે. પરંતુ તેમને બગલ ઘોડી, વ્હીલ ચેર વગેરે સાધનો અને અન્ય સુવિધાઓની જરૂર પડે છે.

**4. લકવો થવાના કારણો :**

બાળકમાં લકવો થવાનું મુખ્ય કારણ બાળકમાં રોગ પ્રતિકારક શક્તિનો અભાવ છે, તે શહેરી વિસ્તારમાં સંક્રામક સ્વરૂપમાં ફેલાતો રોગ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં અને ગંદા વિસ્તારમાં અલ્પ માત્રમાં છૂટો છવાયો જોવા મળતો રોગ છે. કારણ કે શહેરી વિસ્તારનાં બાળકોમાં રોગ પ્રતિકારકતા ઓછી હોય છે. તેનાં ફેલાવાનું માધ્યમ પીવાનું પાણી અને પ્રવાહીઓ છે. તેના વધુ કિસ્સાઓમાં મે માસથી સપ્ટેમ્બર માસ દરમિયાન કે જ્યારે વધુ પ્રદૂષિત પાણી હોય છે ત્યારે ઉદ્ભવે છે.

લકવાના વિષાણુઓ આંતરડામાં વૃદ્ધિ પામે છે અને પછી લોહીમાં ભળે છે અને કરોડરજ્જુને અસર કરે છે. જે આગળ જતાં સ્નાયુકોષોને અસર કરે છે. જેથી અવયવનું હલનચલન થઇ શકતું નથી કે અંગવિન્યાસ ખરાબ થઇ જાય છે. અવયવનું સંકોચન થઈ જાય છે.

**5. લકવાનો ઉપચાર અને માર્ગદર્શન :**

લકવાના અટકાવ, ઉપચાર અને માર્ગદર્શન માટે નીચેનાં પગલાંઓ લઈ શકાય :

1. સ્નાયુઓનું સંકોચન કે જડતા દૂર કરવા ઑપરેશન મદદરૂપ બને છે.
2. યોગ્ય તાલીમથી અને જરૂરી સાધનો પૂરાં પાડવાથી ઉપયોગી નાગરિક બની શકે છે.
3. Physiotherapist ની સલાહ મુજબ કસરતો સૌથી વધુ સફળ ઉપાય છે.
4. બાળકમાં આ રોગ ન થાય તે માટે શિશુ અવસ્થઆમાં પોલિયો વિરોધી રસી મુકાવવી જેથી બાળકની રોગ પ્રતિકારકતા વધે.
5. લકવાની અસર થવાનું નિદાન થતાં 15 દિવસ તદ્દન આરામ આપવો. ત્યારબાદ મસાજ અને કસરતની સારવાર આપવી જેથી જીવંત રોષો અવયવોનું હલન-ચલન કરવા જેટલાં સક્ષમ બને.

**3. અવયવની ઉણપવાળા બાળકો**

જન્મથી પગ કે હાથમાં વિરૂપતા હોય તેવાં બાળકોને અવયવની ઉણપવાળા બાળકો કહે છે. આવાં બાળકોમાં નીચેની ત્રણ પ્રકારની ઉણપો જોવાં મળે છે.

- **અવયવની ઉણપ :** બાળક જન્મથી એક કે બંને હાથ કે પગની સંપૂર્ણ કે અર્ધ અવયવની ઉણપ ધરાવે છે. આવાં બાળકોને કૃત્રિમ અવયવ બેસાડીને કાર્ય માટે હલનચલન માટે સક્ષમ બનવા મદદ કરી શકાય છે.
- **Club Foot :** બાળકના બંને પગ જન્મથી અંતર તરફ વળેલાં હોય છે. આવાં બાળકોનું પ્રમાણ લગભગ 25 ટકા જેટલું હોય છે.

- **Scoliosis :** બાળકની કરોડસ્તંભ જન્મથી આગળ તરફ વળેલી હોય છે. આથી બાળકનું હલનચલન મર્યાદિત બને છે. આથી તેનાં અધ્યયન અનુકૂલન અને અન્ય કાર્યોમાં ઉણપ આવે છે.

**4. અવયવની ઉણપનાં કારણો :**

- માતા દ્વારા LSD નો ઉપયોગ કરવાથી ગર્ભસ્થ શિશુનાં રંગસૂત્રોના બંધારણમાં ફેરફાર થાય છે. જેથી શારીરિક બંધારણમાં વિરૂપતા આવે છે.
- ગર્ભાવસ્થા દરમિયાન માતાએ Thalidonide નો ઉપયોગ કરવાથી આવી વિરૂપતા આવી શકે.
- ગર્ભાવસ્થા દરમિયાન ઝેરી પદાર્થની અસર.

**5. અવયવની ઉણપની અસરો :**

અવયવની ઉણપ બાળકની અન્ય ક્ષમતાઓ અને સામાન્ય વિકાસ પર નીચેની જેવી વિપરીત અસર કરે છે :

- તેમનું જીવન મુશ્કેલ બને છે તેમજ સમાજને પણ તેમને જાળવવામાં મુશ્કેલી પડે છે.
- આવાં બાળકો નાગરિક તરીકેનું પૂર્ણ જીવન જીવી શકતાં નથી.
- સામાન્ય વૃદ્ધિ, સિદ્ધિ, કૌશલ્યોનું અધ્યયન વગેરે પર અસર કરે છે.

## 13.3 શારીરિક રીતે અશક્ત બાળકોની સમસ્યાઓ

શારીરિક રીતે અશક્ત બાળકોની સમસ્યાઓ નીચે મુજબ છે :

1. **હલનચલનની સમસ્યા :** આવા બાળકો શારીરિક હલનચલન સરળતાથી કરી શકતાં નથી. આવાં બાળકો શારીરિક રીતે અશક્ત જોવા મળે છે.
2. **બીજાંનો સહયોગ :** આવા બાળકોનો બીજાનો સહયોગ લેવો પડે છે. સરળતાથી હલનચલન કરી શકતાં નથી.
3. **દૈનિક કાર્યની સમસ્યા :** આવા બાળકો શારીરિક રીતે અશક્ત હોવાથી દૈનિક કાર્યની સમસ્યા અનુભવે છે. દૈનિક કાર્ય સરળતાથી કરી શકતાં નથી. બીજાની મદદ લેવી પડે.
4. **લઘુતાગ્રંથિથી પીડાય :** આવા બાળકો બીજાં બાળકો સાથે કે સમાજ સાથે સરળતાથી ભળી શકતાં નથી. તેથી લઘુતાગ્રંથિથી પીડાય છે.
5. **હતાશાનો અનુભવ :** આવા બાળકો હતાશા અનુભવે છે. આવા બાળકો શારીરિક રીતે અશક્ત છે. સરળતાથી હલનચલન કરી શકતાં નથી. તેથી હતાશાનો અનુભવ કરે છે.
6. **સામાજિકતાનો અભાવ :** આવા બાળકો સામાજિક રીતે અનુકૂલન સાધી શકતાં નથી. મિત્રો, કુટુંબ, ઘર સાથે અનુકૂલન સાધી શકતા નથી. સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકતાં નથી.
7. **માનસિક તંગદિલી :** આવા બાળકો માનસિક રીતે તંગદિલી અનુભવે છે. આવા બાળકો શારીરિક અશક્ત હોવાથી માનસિક અસર થાય છે. માનસિક તણવા અનુભવે છે.
8. **સાંવેગિક વિકાસની સમસ્યા :** આવા બાળકોનો સાંવેગિક વિકાસ અટકી જાય છે. અન્ય વ્યક્તિઓ આવા બાળકો સાથે પ્રેમ, મમતા, લાગણી, સહાનુભૂતિ ધરાવતાં નથી.
9. **પ્રવૃત્તિઓમાં ઓછો રસ :** આવા બાળકોને પ્રવૃત્તિઓમાં ઓછો રસ લે છે. ભાલ લઈ શકતાં નથી. આવા બાળકો શાળામાં અન્ય બાળકો સાથી ભળી શકતાં નથી. અન્ય શાળાના બાળકો આવાં બાળકો પ્રત્યે પ્રેમ, સહાનુભૂતિ વગેરે ધરાવતાં નથી. સહકારની ભાવના ધરાવતાં નથી. આવા બાળકો તરફ શંકાની નજરે જુએ છે. આવા બાળકો અભ્યાસમાં બરાબર ધ્યાન

આપી શકતાં નથી. કારણ કે માનસિક તણાવ અનુભવે છે. અભ્યાસમાં પણ પાછળ રહી જાય છે.

## 13.4 શારીરિક રીતે અશક્ત બાળકોની સમસ્યાઓનો ઉકેલ

શારીરિક રીતે અશક્ત બાળકરોની સમસ્યાઓના ઉકેલ માટે નીચેની બાબતો વિચારવી જોઇએ.

1. **ખોડખાંપણ ધરાવનારને નકલી પગોનું વિતરણ :** ખોડખાંપણ ધરાવનારને નકલી પગોનું વિતરણ કરવા માટે કેન્દ્રનું આયોજન કરવું. આ કાર્ય માટે NGO નો ઉપયોગ કરી શકાય.
2. **સાધન સામગ્રીનું વિતરણ :** સાધન સામગ્રીનું વિતરણ કરવામાં આવે જે સાધનની જરૂરિયાત હોય તે સાધન આપવામાં આવે.
3. **યોગ્ય વ્યવહાર :** આવા બાળકો સાથે યોગ્ય વ્યવહાર કરવો. આવા બાળકોને પ્રેમ, મમતા, હૂંફ, સહાનુભૂતિ વગેરેની જરૂર પડે. તે પૂરાં પાડવા. જેથી માનસિક તાણ દૂર થાય.
4. **અલગ શાળાની વ્યવસ્થા :** આવા બાળકો માટે અલગ શાળાની વ્યવસ્થા થાય તે માટેની વ્યવસ્થા કરવી. તકલીફ પ્રમાણે અલગ શાળા સ્થાપવી.
5. **રાજ્ય સરકારે સગવડ પૂરી પાડવી :** આવા બાળકોને રાજ્ય સરકારે જરૂરી સગવડો અને સહાય પૂરી પાડવી.
6. **ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું :** આવા બાળકોનું ખાસ ધ્યાન રાખવું. આવા બાળકો શાળામાંથી શોધી કાઢવા. ખાસ સંભાળની વ્યવસ્થા ગોઠવવી, તેઓ લઘુતાગ્રંથિથી પીડાય નહીં તે કાળજી રાખવી.
7. **શિક્ષકોને તાલીમ :** આવા બાળકો માટે શિક્ષણ અને તાલીમ માટે શિક્ષકોએ ખાસ તાલીમ મેળવવી જરૂરી છે. તાલીમ મેળવેલ ન હોય તો તે માટેની વ્યવસ્થા કરવી.
8. **હસ્ત ઉદ્યોગોની તાલીમ :** આવા બાળકો પોતાનો અભ્યાસ પૂરો કરે તે માટે ખાસ હસ્ત ઉદ્યોગોની તાલીમની વ્યવસ્થા ગોઠવવી જોઇએ.
9. **ટ્રાઇસિકલનું વિતરણ :** જે બાળકના પગની તકલીફ હોય તેવા બાળકો માટે ટ્રાઇસિકલની વ્યવસ્થા કરવી.
10. **લઘુતાગ્રંથિ :** આ પ્રકારના બાળકો લઘુતાગ્રંથિ ન અનુભવે તે બાબત ધ્યાનમાં રાખી. તેમની સાથે પ્રેમાળભર્યો વ્યવહાર કરવો. આવા બાળકોને પ્રેમ અને હૂંફની ખાસ જરૂર હોય છે.
11. **વાલીઓને બાળકોના વિકાસ અંગે માર્ગદર્શન :** શારીરિક રીતે અશક્ત બાળકોના વાલીઓને બાળકોના વિકાસ માટે સલાહ અને માર્ગદર્શન પૂરાં પાડવાં જોઇએ. બાળકોને યોગ્ય આહાર, કસરત અને દાક્તરી સારવાર ઘર આંગણે ઉપલબ્ધ કરાવવાં.
12. **નિષ્ણાંત વ્યક્તિનું પ્રવચન :** આ ક્ષેત્રના નિષ્ણાંત સલાહકારોને શાળામાં નિયંત્રણ આપી તેઓના જ્ઞાનનો લાભ આવાં બાળકોને આપવો જોઇએ.
13. **શારીરિક અશક્ત સંસ્થાની મુલાકાત :** શારીરિક અશક્ત સંસ્થા જે કામ કરી રહેલ હોય તે સંસ્થાની મુલાકાતે આવાં બાળકોને લઇ જવાં જોઇએ. દા.ત. વિકલાંગ શાળાની મુલાકાત.
14. **વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં પ્રવેશ :** આ પ્રકારના બાળકો માટે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં પ્રવેશ અપાવવો જોઇએ. વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો માટે તેઓને સલાહ અને માર્ગદર્શન પૂરાં પાડવાં.
15. **અન્ય જૂથમાં સામેલ :** વર્ગના વિદ્યાર્થીઓનાં જૂથોમાં તેમને સામેલ કરવાં, જેથી અન્ય બાળકો સાથે સહેલાઇથી હળીભળી શકે.

16. **નાની સિદ્ધિને બિરદાવવી :** શારીરિક રીતે અશક્ત બાળકોની નાની સિદ્ધિને પણ બિરદાવવી જોઈએ. તેઓને સંપૂર્ણ આર્થિક સહાય અપાવવા મદદ કરવી જોઈએ.

આ પ્રકારનાં બાળકો દ્વારા રચાયેલી કૃતિઓનું પ્રદર્શન યોજી તેઓને તેમના પ્રાયોગિક કાર્યોમાં પ્રેરણા પૂરી પાડવી જોઈએ.

17. **ગૃહ ઉદ્યોગોને લગતાં અભ્યાસક્રમો :** આવાં બાળકો માટે સુથારીકામ, લુહારીકામ, ભરત-ગૂંથણ-સીવણ, સંગીત, ચિત્રકામ, ચર્મ ઉદ્યોગ, રેડિયો કે ટીવી રીપેરિંગ કે અન્ય ગૃહઉદ્યોગોને લગતાં અભ્યાસક્રમો શરૂ કરવા જોઈએ. કમ્પ્યુટર જોબવર્કની તાલીમ આપવી જોઈએ. જેથી તેઓ સ્વનિર્ભર બની શકે.

18. **બાળકોની દાક્તરી સારવાર :** શારીરિક રીતે અશક્ત બાળકો માટે નિષ્ણાંત ડૉક્ટર દ્વારા સારવાર કરવી જોઈએ.

તોતડાપણું, ધીમા અવાજે બોલવું, સ્વરમાં કર્કશતા, વગેરે વાણીદોષના કારણે શારીરિક કે માનસિક હોય છે. કેટલાંક વાણીદોષ ચિકિત્સા દ્વારા દૂર કરી શકાય છે, તેથી શાળાઓ, માતા-પિતા કે અન્ય દાતાઓ દ્વારા આવા બાળકોને દાક્તરી સારવાર પૂરી પાડવી.

19. **સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન :** આવા બાળકોને અનુકૂળ આવે તેવી સહઅભ્યાસની પ્રવૃત્તિઓ અને રમતગતમની પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

20. **તકલીફ પ્રમાણે બેઠક વ્યવસ્થા :** શારીરિક અશક્ત બાળકોની તકલીફ પ્રમાણે કે શારીરિક ખામી પ્રમાણે શાળામાં મેજ, ખુરશીઓ, બેઠક, પાટલીઓ વગેરેની જોગવાઈ કરવી જોઈએ.

– શાળામાં જે શારીરિક રીતે અશક્ત બાળકો આવે તે બાળકોને શોધી કાઢવા જોઈએ.

– બાળકોની તકલીફ છે તે શોધીને તે પ્રમાણે દાક્તરી તપાસની વ્યવસ્થા કરવી.

– દા.ત. બહેરાં-મૂંગા, અંધ, બોલવામાં તકલીફ, લૂલાં, લંગડા વગેરે બાળકોને શોધી કાઢવા જોઈએ. તકલીફ પ્રમાણે શાળામાં વ્યવસ્થા કરવી જોઈએ.

## 13.5 શારીરિક અપંગતાની મનોવૈજ્ઞાનિક અસરો

વિવિધ પ્રકારની શારીરિક અપંગતા ધરાવતાં બાળકોની સંભાળ અને અનુકૂલનનો પ્રશ્ન ઘણો વિકટ છે. આવાં બાળકોનાં પ્રશ્નો માત્ર તેમની શારીરિક મર્યાદાના કારણે હોતાં નથી, પરંતુ આ મર્યાદાઓના કારણે તેઓના વર્તન પર થતી મનોવૈજ્ઞાનિક અસરોને કારણે વિશેષ હોય છે. આથી આવાં બાળકોની સંભાળ અને માર્ગદર્શન માટે તેમના પર તેમની આ શારીરિક મર્યાદાઓને કારણે નીપડતી મનોવૈજ્ઞાનિક અસરોને સમજવી જરૂરી છે. શારીરિક રીતે અપંગ બાળકોના અભ્યાસથી કેટલીક મનોવૈજ્ઞાનિક અસરોની નોંધ નીચે પ્રમાણે દર્શાવી શકાય :

1. આ પ્રકારના બાળકો આક્રમકતા અને નકારાત્મક વલણો ધરાવે છે. આ માટે એનિમિયા, લોહીમાં ખાંડ, અંતઃ સ્ત્રાવોમાં અસમતુલા જવાબદાર છે.
2. આ પ્રકારના બાળકો લોકો દ્વારા મશ્કરીના કારણે અસલામતી અનુભવે છે. તેના પરિણામે તેઓ દુઃખી થાય છે અને સાંવેગિક ખલેલ અનુભવે છે.
3. આ પ્રકારના બાળકોના વર્તનો અસામાન્ય હોય છે.

## 13.6 શારીરિક રીતે અપંગ બાળકોનું માર્ગદર્શન

શારીરિક રીતે અપંગ બાળકોના માર્ગદર્શન માટે નીચેનાં મુદ્દાઓ ધ્યાનમાં લેવાં જોઈએ :

1. આ ઉપરોક્ત ત્રણ હકીકતો ધ્યાનમાં રાખી તેઓમાં પ્રેમ વધારવો, ધ્યેય પોતાની રીતે પસંદ કરે તે જરૂરી છે.
2. આ પ્રકારના બાળકો અનુકૂલનના પ્રશ્નો ઓછા બને તે માટે માર્ગદર્શન આપવું.

3. તેઓને તબીબી અને શારીરિક સારવાર આપવા તેમજ શૈક્ષણિક પ્રશ્નો અંગે જરૂરી માર્ગદર્શન આપવું.

4. આ પ્રકારના બાળકો સાથે પ્રેમપૂર્વક અને સહાનુભૂતિપૂર્વક વ્યવહાર કરવો.

## 13.7 શારીરિક રીતે અપંગ બાળકોના શૈક્ષણિક અનુકૂલન માટે જરૂરી સગવડો

અપંગ બાળકોનાં વ્યાવસાયિક અને શૈક્ષણિક અનુકૂલન માટે તેઓને વધુમાં વધુ કૌશલ્યોમાં અધ્યયન માટે સક્ષમ બનવા મદદ કરવી જરૂરી છે. તેઓને તેઓની અપંગતાને અનુરૂપ નોકરી અને અધ્યયન સંબંધિત કેટલીક વહીવટી બાબતો નીચે પ્રમાણે ધ્યાનમાં રાખવી જોઈએ.

1. આ બાળકો માટે શિક્ષકોને તાલીમ આપી તૈયાર કરવા.
2. તેઓની અપંગતાને અનુરૂપ શૈક્ષણિક જરૂરિયાત હોય છે. તેથી તે બાબત ધ્યાનમાં રાખવી.
3. આ પ્રકારના બાળકો માટે ખાસ નિવાસી શાળાઓમાં રાખીને તેમને શિક્ષણ કે જરૂરી ઉપકરણો પૂરાં પાડ્યા બાદ સામાન્ય શાળાઓમાં શિક્ષણ આપી શકાય.
4. આવાં બાળકો માટે શાળાઓમાં ખાસ ભૌતિક સગવડતાઓ જરૂરી બને છે.
5. નાનાં બાળકો માટે હાથ અને આંખોનાં સંકલનના વિકાસ માટે રમતો અને ઉપકરણો પૂરાં પાડવાં.
6. જરૂરિયાત પ્રમાણે Physiotherapist ની સેવાઓ ઉપલબ્ધ બનાવવી.
7. કેટલાંક સાહસિક ઉદ્યોગોની તાલીમની વ્યવસ્થા ગોઠવવી.
8. સલાહદર્શક અને મનોવૈજ્ઞાનિકની સગવડતાઓ પૂરી પાડવી. તેઓ આવા બાળકો સાથે પ્રેમભર્યો વ્યવહાર કરે છે, તેઓની સમસ્યાઓનો અભ્યાસ કરી માર્ગદર્શન આપે છે.
9. આવા પ્રકારના બાળકોની ઓળખ માટે મદદ કરવી.

## 13.8 વિકલાંગો માટે શિક્ષણનીતિ

વિશાળ માનવ સમુદાય વચ્ચે કોઈ શારીરિક કે માનસિક અક્ષમતાના કારણે કોઈ પણ વ્યક્તિને તેની મર્યાદાઓના કારણે વિવશ કે અન્ય પર આધારિત જીવન જીવવા મજબૂર બનવું પડે તે સમગ્ર માનવ સમાજ માટે ચિંતા અને ચિંતનનો વિષય બને છે. આઝાદી પૂર્વથી વિકલાંગ માટે અનેક કલ્યાણકીય પ્રવૃત્તિઓ થતી આવી છે પરંતુ આવા વર્ગના લોકો માટે આ તમામ પ્રવૃત્તિઓ કલ્યાણની ભાવનાઓથી વિશેષ આગળ વધી શકી નથી.

સર્વ પ્રથમ યુનાઈટેડ નેશન દ્વારા ૧૯૮૧નું આખું વર્ષ વિકલાંગવર્ષ તરીકે ઉજવવામાં આવ્યું. જેના પરિણામે વિકલાંગો પ્રત્યે સમાજ અને દુનિયાનાં તમામ દેશોમાં જાગૃતિ આવી. અનેક વિશ્વ પરિષદોમાં વિકલાંગોના શિક્ષણ, રોજગાર અને પુનઃસ્થાપન માટે પરામર્શો યોજાઈ. તજ્જ્ઞો દ્વારા વિવિધ વિષય પર તલસ્પર્શીય અભ્યાસ સાથે અનેક પેપર પ્રસ્તુત થયાં. વિશ્વના દેશોએ વિકલાંગ બાળકોને પણ તમામ અસરકારક સેવાઓનો સમયસર લાભ મળે તે દિશામાં પગલાંઓ લેવા એકમત થયા.

ભારતમાં ૧૯૮૬માં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ તૈયાર કરવામાં આવી. જેમાં સર્વ પ્રથમ વિકલાંગોને અપાતા શિક્ષણને તેના અધિકારના સ્વરૂપમાં સ્વીકારી શિક્ષાનો દરજ્જો આપવામાં આવ્યો. આ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં ચેપ્ટર-૬ વિકલાંગોના શિક્ષણ માટે લખવામાં આવ્યું, જેમાં વિકલાંગો માટેની ખાસ શાળાઓ, સંકલિત શિક્ષણ, વિકલાંગો માટેના શૈક્ષણિક સાધનો અને પદ્ધતિઓનું સંશોધન જેવા અનેક મુદ્દાઓનો સમાવેશ થયેલો જોવા મળે છે. ભારતમાં ૮૦ના દાયકા બાદ વિકલાંગોના પુનઃ સ્થાપનની સેવાઓને વેગ મળે તેવા અનેક પ્રયાસો થયા. ૧૯૮૭માં સર્વ પ્રથમ 'મેન્ટલ હેલ્થ એક્ટ' ઘડવામાં આવ્યો. ભારતની પાર્લામેન્ટે આ બિલને સંમતિ આપી વિકલાંગ વ્યક્તિઓના ઉત્થાન માટેની તેમની પ્રતિબદ્ધતા પુરવાર કરી. ૧૯૮૭માં જ સમગ્ર વિકલાંગ જગતને તમામ અસરકારક સેવાઓનો

લાભ ઉપલબ્ધ બને તેવા ઉપદેશથી અનેક તજજ્ઞ મિત્રોની મદદથી એક વિકલાંગધારાનાં વિધેયક માટે મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો. કેન્દ્રિય મંત્રીમંડળ અને પાર્લામેન્ટ વચ્ચે આ તૈયાર થયેલ મુસદ્દાએ અનેક સંઘર્ષનો સામનો કરવો પડ્યો. આખરે ૧૯૯૨માં વિકલાંગ બાળકોને ગુણવત્તાયુક્ત અને અસરકારક શિક્ષણની સેવાઓદેશભરમાં ઉપલબ્ધ બને તેવા ઉમદા હેતુસર રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની રચના આર.સી.આઈ. એક્ટ દ્વારા કરવામાં આવી. આ ભારતીય પુનર્વસન સંસ્થા દ્વારા વિકલાંગ બાળકો ઉપરાંત તેમને તાલીમ આપતા શિક્ષકો માટે અનેક તાલીમી અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવ્યા. વર્ષોથી કાર્યરત શિક્ષકો માટે સેતુ અભ્યાસક્રમ ઘડી કાઢી તેમને પણ સેવારત તાલીમી અભ્યાસ દ્વારા સુસજ્જ કરવા મહત્ત્વનું પગલું ભર્યું. બાદ વિકલાંગ બાળકોના કૌશલ્ય વિકાસ અને શૈક્ષણિક અભિવ્યક્તિમાં અનેક સારા પરિણામો મળવાની શરૂઆત થઈ.

૧૯૮૭માં તૈયાર કરાયેલ મુસદ્દાને એક વૈધાનિક સ્વરૂપ મળવાની સંભાવનાઓ પ્રજ્વલિત બની. ૨૨ ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ પાર્લામેન્ટમાં ઘણાં સમયથી જેની રાહ જોવામાં આવતી હતી તે બિલ પ્રસ્તુત કરવામાં આવ્યું. આ બિલ એટલે 'પર્સન વીથ ડિસેબિલિટી એક્ટ-૧૯૯૫' (વિકલાંગ ધારો-૧૯૯૫) આ કાયદામાં કુલ ૧૪ ચેપ્ટરની ૭૪ કલમોમાં વિકલાંગોના અધિકાર વિષે વિસ્તૃત પ્રકાશ પાડવામાં આવ્યો છે, જેમાં સાત પ્રકારની ક્ષતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે : (૧) સંપૂર્ણ અંધ (૨) અલ્પ દૃષ્ટિ (૩) મટી ગયેલ રક્તપિત્તવાળી વ્યક્તિ (૪) શ્રવણ ખામી (૫) હાડકાંની ખોડખાંપણ કે હલન-ચલનની વિકલાંગતા (૬) માનસિક પછાત અને (૭) માનસિક બીમારી.

આ કાયદાના ચેપ્ટર-૧માં વિકલાંગતાની વ્યાખ્યાઓ કરવામાં આવેલ છે તેમજ કાયદામાં વપરાયેલ શબ્દોની સમજૂતી પણ આપવામાં આવી છે. કાયદાના અમલ માટે કેન્દ્ર અને રાજ્ય સ્તરે કાનૂન મુજબ કરવામાં આવેલ વ્યવસ્થાની સમજૂતી ચેપ્ટર-૨ અને ૩માં કરવામાં આવી છે. વિકલાંગતાનું સમયસર નિદાન, નિવારણ, વિકલાંગ બાળકોનું શિક્ષણ, રોજગારી, પુનર્વસન, અવરોધમુક્ત વાતાવરણ તેમને મળતી સવલતો વગેરે વિશે સવિસ્તૃત જોગવાઈઓ આ કાયદાને આધીન કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ૧૯૯૯માં કેટલીક ગંભીર વિકલાંગતા માટે 'નેશનલ ટ્રસ્ટ એક્ટ' પણ ભારત સરકાર દ્વારા ઘડવામાં આવેલ છે. ૧૯૯૦ થી ૨૦૦૦ના દાયકાને વિકલાંગોનો સુવર્ણકાળ લેખી શકાય, કારણ કે આ સમયગાળામાં વિકલાંગો માટે સમગ્ર વિશ્વમાં ક્રાંતિનો યુગ આવ્યો, જેના પરિણામે વિકલાંગોને 'ડિસેબલ'ને બદલે લોકો 'ડિફરન્ટલી એબલ' કહેતા થયા. કોઈ પણ વ્યક્તિની શારીરિક કે માનસિક ક્ષમતાને પિછાણીને તેમને આવશ્યક સગવડો પૂરી પાડી. જ્યારે સામાન્ય સમાજની વચ્ચે પોતાની શક્તિઓનો પરિચય કરાવવા સમાજ અને સરકાર દ્વારા ઉત્તમ તક આપવામાં આવે છે. ત્યારે જ તેના માટે વપરાયેલ 'વિકલાંગ' શબ્દનો અર્થ ચરિતાર્થ બને છે. આપણે જોયું વિકલાંગ ધારો ૧૯૯૫માં અવરોધમુક્ત વાતાવરણ માટે આખું એક ચેપ્ટર આપવામાં આવ્યું છે. આ કાયદામાં વિકલાંગો માટે ભૌતિક અવરોધમુક્ત બાબતો પર જેટલું લક્ષ્ય આપવામાં આવ્યું છે તેટલું લક્ષ્ય સમાજની વિચારસરણીની માનસિક અવરોધમુક્ત બાબતો પર આપવામાં આવ્યું હોત તો આજે જે વિકલાંગોએ પ્રગતિ કરી છે તેના કરતા પણ તેઓ અનેકગણા આગળ વધી શક્યા હોત.

યુ.એન.સી.આર.પી.ડી. (યુનાઇટેડ નેશન કન્વિનશન એક્ટ)ની વિભાવનાઓને વિકલાંગોના ઉત્થાન માટે ચરિતાર્થ કરવા વિકલાંગ વિધેયક ૨૦૧૧ તૈયાર કરવામાં આવ્યું. આ બિલ વિકલાંગોની ક્ષમતાઓને તેમની શક્તિઓને ઉજાગર કરી શકે તેવા ઉદ્દેશ્યથી ૨૧મી સદીના પડકારોને ધ્યાનમાં લઈ ઘડવામાં આવ્યું, જેનો ઉદ્દેશ્ય વિકલાંગતાના કારણે કોઈ પણ જાતના ભેદભાવ વિના વિકલાંગ વ્યક્તિઓના માનવ અધિકાર, મૂળભૂત અધિકારો સંપૂર્ણપણે પ્રાપ્ત થાય તે હતો. વિકસિત રાષ્ટ્રની પરિકલ્પનાને સિદ્ધ કરવા જેમણે શારીરિક કે માનસિક અડચણોનો સામનો કરવો પડે છે તેવા વર્ગને પણ અસરકારક સેવાઓનો લાભ મળે છે તે અનિવાર્ય છે. ખાસ કરીને આવા પડકારરૂપ બાળકો અને વ્યક્તિઓને સેવા આપનાર કર્મચારીઓને પણ સમાજની મુખ્ય ધારામાં તેઓ સુવ્યવસ્થિત રીતે કદમ સાથે કદમ મેળવી શકે તેવા આર્થિક ફાયદાઓ સાથે તેમના કલ્યાણ માટે પગલાં ભરવા

રહ્યા. વિશ્વના વિકસિતદેશોની માફક આપણાદેશના વિકલાંગ બાળકોને શિક્ષણના દરેક ક્ષેત્રે આગળ વધવા તક મળે. તેમની સરળ પહોંચને અનુરૂપ જરૂરી સગવડો ઉપલબ્ધ બને તેમના માટે મનોસામાજિક પાસાંઓ સહિત માનવ સંસાધન વિકાસની દિશામાં પણ યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તો સમાન અને ભેદભાવરહિત વાતાવરણ સ્થાપિત થઈ શકશે. વિકલાંગ બાળકો અને વિકલાંગ મહિલાઓ માટે પણ અલગ પગલાં લેવા રહ્યા. તેમજ આ બધી જ અસરકારક સેવાઓ માટે વૈધાનિક સવલતો પણ ઉપલબ્ધ બનાવવી પડશે. વિકલાંગ બાળકોને પણ રાજકીય અધિકારો આપવા રાજકીયપક્ષો અને સરકારે વિચારવું રહ્યું. જેમાં ખાસ કરીને સ્વતંત્રતાનો અધિકાર, ન્યાયપ્રાપ્તિનો અધિકાર, સંમિલિતપણાનો અધિકાર, હિંસા-સતામણી કે શોષણ સામે રક્ષણ મળવાનો અધિકાર, ગોપનીયતાનો અધિકાર, વાણી અને અભિવ્યક્તિનો અધિકાર, ઘર અને કુટુંબનો અધિકાર, મતદાનનો અધિકાર, ચૂંટણી માટે ઉમેદવારી અને જાહેર હોદ્દાઓ પર રહેવાનો અધિકાર જેવા અધિકારો વિકલાંગોને આપણા બંધારણની વિભાવના મુજબ પ્રાપ્ત બને તે જોવાની જવાબદારી સૌ કોઈની બને છે.

## 13.9 વિકલાંગો માટેની કલ્યાણકારી યોજનાઓ

આધુનિક સમયમાં દુનિયાના દરેક દેશમાં વિકલાંગોના મૂળભૂત અધિકારોને સ્વીકારવામાં આવ્યાં છે અને તેઓના સમાજમાં દરજ્જો બદલાવવા લાગ્યો છે. માનવ સંસાધનના એક ભાગ તરીકે વિકલાંગોના કલ્યાણને સરકાર અને સમાન ઓળખાવે છે. 1948ના માનવ અધિકાર પત્રની ઘોષણામાં વિકલાંગોની સલામતીને માન્યતા પ્રાપ્ત કરાઇ છે. 1992માં બેઇજીંગ ખાતે એશિયા અને પેસિફિકના આર્થિક અને સામાજિક પંચ વડે વિકલાંગોની પૂર્વ ભાગીદારી અને સમાનતાની જાહેરાત થઈ હતી.

ભારત દેશ એક કલ્યાણ રાજ્ય છે. ભારતીય બંધારણના આમુખમાં કલમ 38, 39, 46 કલ્યાણ રાજ્ય અંગેની બાબતો છે. સમાજના નબળા વર્ગો કે વંચિત સમૂહના કલ્યાણની બાબતો બંધારણમાં સમાયેલી છે. જેમાં વિકલાંગોનો સમાવેશ થાય છે. ભારતના કલ્યાણ રાજ્યમાં, સંકલ્પનામાં સર્વને વિકાસની તકોના અધિકારો સમાયેલાં છે.

સામાન્ય રીતે જે માનવી શારીરિક-માનસિક ખોડખાંપણ ધરાવતી હોય તેને વિકલાંગ કહેવાય છે જ્યારે આ ખોડખાંપણના પરિણામે ઊભી થતી મુશ્કેલીઓ, અસમર્થતાઓને વિકલાંગપણું કહેવાય છે. જે એક વૈશ્વિક સમસ્યા છે. ભારતમાં 1991માં 16.15 મિલિયન વિકલાંગોની માહિતી પ્રાપ્ત થઇ છે. જે દર અંદાજે 75 લાખનો તેમાં વધારો થાય છે. વર્ષો પૂર્વે આ વિકલાંગ વ્યક્તિ સમાજમાં તેમના અધિકારોની અવગણના થતી.

આધુનિક સમયમાં દુનિયાના દરેક દેશમાં વિકલાંગોના મૂળભૂત અધિકારોને સ્વીકારવામાં આવ્યો છે અને તેઓના સમાજમાં દરજ્જો બદલાવવા લાગ્યો છે. માનવ સંસાધનના એક ભાગ તરીકે વિકલાંગોના કલ્યાણને સરકાર અને સમાજ ઓળખાવે છે. 1948ના માનવ અધિકાર પત્ર ઘોષણામાં વિકલાંગોની સલામતીને માન્યતા પ્રાપ્ત કરાઇ છે. 1992માં બેઇજીંગ ખાતે એશિયા અને પેસિફિકના આર્થિક અને સામાજિક પંચ વડે વિકલાંગોની પૂર્વ ભાગીદારી અને સમાનતાની જાહેરાત થઈ હતી. ભારતે પણ તે બાબત સ્વીકારી છે. તેમણે વિકલાંગોના અધિકારો, સમાનતા, ભાગીદારી માટે સર્વગ્રાહી કાયદો 1995માં ઘડ્યો. જે 1996થી અમલમાં આવ્યો જેમાં વિકલાંગોના તમામ પ્રકારના વિકાસ શિક્ષણો, રોજગારી, સામાન્ય જીવનને લગતી વિવિધ યોજનાઓ રજૂ કરાય છે.

**વિકલાંગ અને વિકલાંગતાનો અર્થ :**

કાનૂની વ્યાખ્યા અનુસાર, તબીબી સત્તા મંડળ દ્વારા પ્રમાણિત 40 ટકાથી ઓછી ન હોય તેવી વિકલાંગતાથી પીડાતી વ્યક્તિને વિકલાંગ કહેવાય.

વિકલ એટલે ખંડિત કે કોઇ કાર્યમાં અસમર્થ, વ્યક્તિ હાથ, પગ, આંખ, કાન, મગજ વગેરે કોઇ એક કે વધુ અંગોમાં ખોડખાંપણ ધરાવતી હોય તેને વિકલાંગ કહેવાય છે. એટલે શારીરિક-માનસિક ખોડખાંપણની સ્થિતિને વિકલાંગ કહેવાય માટે તેમના કલ્યાણ પર વિશેષ ભાર મૂકાયો છે.

1995ના વિકલાંગ ધારા મુજબ અંધત્વ, ઓછી દૃષ્ટિ, મટી ગયેલો રક્તપિત્ત પણ હાથ કે પગમાં સંવેદનશીલતાનો અભાવ, શ્રવણખામી, હાડકાંની ખોડખાંપણ, માનસિક ખોડ અને માનસિક બિમારીને વિકલાંગતા તરીકે વ્યાખ્યાબદ્ધ કરવામાં આવે છે.

સંયુક્ત રાષ્ટ્રોની મળેલ સામાન્ય સભા અનુસાર શારીરિક કે માનસિક ખામીના કારણે પોતાની જાતે સંપૂર્ણ રીતે કે આંશિક રીતે સામાન્ય અને સામાજિક જીવનની જરૂરિયાતો પૂર્ણ કરવા અશક્ત હોય તેવી કોઈપણ વ્યક્તિને વિકલાંગ વ્યક્તિ કહેવાય.

ભારતીય બંધારણમાં 1995માં કાયદા અનુસાર વિકલાંગ કલ્યાણ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી. તેઓને નબળાવર્ગ તરીકે મૂળભૂત અધિકારો, કલ્યાણ યોજનાની જોગવાઈઓ પ્રાપ્ત થઇ. આ જ રીતે અન્ય રાજ્યોના સ્વશાસનની જોગવાઈ કરે છે તો વળી, 1975માં સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાએ વિકલાંગ લોકોના અધિકારોની ઘોષણા કરી. ભારતમાં 1995માં ઘડેલાં ધારા અનુસાર તેઓને પુનર્વસનનો અધિકાર, શિક્ષણનો અધિકાર, શિક્ષણનો અધિકાર, રોજગાર સંબંધી અધિકાર, નવા સહાયક ઉપકરણો અને સાધનોની સગવડો, સામાજિક સુરક્ષાની જોગવાઈ, ગંભીર વિકલાંગતાવાળી વ્યક્તિઓની સંસ્થાઓની માન્યતા વિકલાંગ વ્યક્તિઓ માટે મુખ્ય કમિશ્નરની નિમણૂંક તેમજ વિકલાંગ અધિકારોને રક્ષણ અને સમાજમાં વિકલાંગોની સ્વીકૃતિની બાબતો વિકલાંગ કલ્યાણ યોજનામાં રજૂ કરાઈ હતી.

**વિકલાંગ કલ્યાણ યોજનાઓ**

1995ના વિકલાંગ ધારાના અનુસાર ગુજરાત સરકાર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગે 9મી ઓગસ્ટ 2000ની સાલથી નિયમો ઘડીને અમલમાં મૂક્યા. તેમજ ગુજરાતમાં વિકલાંગો માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી અને આ તમામ યોજનાઓ વડે વિકલાંગ વ્યક્તિઓના પુર્નવસનના પ્રયત્નો થયા છે.

મહર્ષિ અષ્ટાવક્ર યોજના અમલમાં આવી જેમાં વિકલાંગ માટે શિક્ષણ, તાલીમ અને સામૂહિક પુનઃ સ્થાપનની યોજના અમલમાં આવી. જ્યારે શિક્ષણ સંબંધી યોજનામાં જેમાં 18 વર્ષ સુધીના વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ માતા-પિતા સાથે રહીને કે પોતાના ગામ કે વિસ્તારમાં શિક્ષણ પ્રાપ્ત કરે, તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં અંધ, બહેરાં, મૂંગા અને મંદબુદ્ધિના વિદ્યાર્થીઓ માટે અનામત બેઠકોની વ્યવસ્થા જેમાં 3 બેઠકો અનામત રખાઈ. દરેક શૈક્ષણિક અભ્યાસક્રમોમાં તેમની જુદી જુદી બેઠકો અનામત રાખવામાં આવી. આઇ.ટી.આઇ., પી.ટી.સી., ઈજનેરી અને ફાર્મસી, તબીબી શિક્ષણ વગેરેમાં તેમજ તેઓને શિષ્યવૃત્તિની યોજના તેમજ પરીક્ષામાં રાઇટરની વ્યવસ્થા તેમજ ઉચ્ચ શિક્ષણ સહાય યોજનાઓ સાથે સંત સૂરદાસ યોજના અંતર્ગત 75% થી વધુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિને આરોગ્ય અને શિક્ષણ મેળવ્યા બાદ તેઓને રોજગારલક્ષી યોજનાઓ જેમાં સરકારી નોકરીઓમાં અનામત જગ્યાઓ, વયમર્યાદામાં છૂટછાટ અને સ્પર્ધાત્મક પરીક્ષાની ફી માફી તેમજ કારખાનામાં અનામત તે સિવાય શિક્ષક તરીકેની પસંદગીમાં વિકલાંગોને અગ્રતા આપવી. વળી, અપંગ વ્યક્તિઓને ટેલિફોન બૂથ આપવાની યોજના, શ્રી બાજપેયી યુવા રોજગાર યોજના જેમાં વિકલાંગોને પણ આવરી લેવાયા છે. તેમજ આર્થિક પુનર્વસન માટે સંસ્થા વડે સહાય આપવામાં આવે છે.

વિકલાંગો માટે આર્થિક સહાય માટેની યોજનાઓ 1997માં અમલમાં આવી જેમાં સ્વરોજગારી, વિકલાંગ ઉદ્યોગ સાહસિકોને સહાય તેમજ ઉચ્ચત્તર અભ્યાસ કે વ્યાવસાયિક તાલીમ માટે તેઓને સહાય વળી ખેતી વિષયક પ્રવૃત્તિઓ માટે પણ તેઓને સહાય કરવાની યોજના ઉત્પાદનને લગતા સાધનો બનાવવા ધીરાય સહાય યોજના તેમજ નિપુણતા અને ઔદ્યોગિક સાહસનાં વિકાસ માટે સહાય યોજનાઓ તો વળી માનસિક વિકલાંગો માટે સ્વરોજગારી ઊભી કરવા માટેની યોજનાઓ.

વિકલાંગો માટે રાહત યોજનાઓ અમલી બને છે. જેમાં તેઓને રાહત દરથી જમીન તેમજ

વાહન-મકાન બાંધકામ પેશગી, વિકલાંગ વ્યક્તિઓને મુસાફરી ભાડામાં રાહત, વળી વ્યવસાય વેરામાંથી મુક્તિ, આવક વેરા અંગે લાભદાયી કપાતો વગેરે યોજનાઓ છે. વિકલાંગો માટે સાધન સહાય યોજનાઓ પણ છે. જેમાં વિભિન્ન પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિને ભારત સરકારના મંત્રાલય તરફથી આ સાધનોની સહાય આપવામાં આવે છે. જેમાં શ્રવણયંત્ર, કૃત્રિમ પગ, કૃત્રિમ હાથ, ઘોડી, મોચી કામના સાધનો, વ્હીલચેર, સિલાઇ મશીન વગેરે તેમજ અંધ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ટેપરેકોર્ડર અને બ્રેઇલ કીટની સહાય પણ અપાય છે.

આ ઉપરાંત અગત્યની બાબત કે યોજના તે સામાજિક સુરક્ષા સંબંધી યોજનાઓ છે જેમાં સુદામા અપંગતા ધરાવતા વ્યક્તિને નિભાવવા માટે માસિક રૂપિયા 200 ની આર્થિક સહાય નિયમો અને શરતોને આધીન જે અપંગોને સામાજિક સુરક્ષા પૂરી પાડે છે. તેમજ ફેમિલી પેન્શનની જોગવાઈ જેમાં પેન્શનનો લાભ મેળવવા કર્મચારીઓના માનસિક અસ્થિરતાવાળા વારસદારને ફેમીલી પેન્શન અપાય છે. તો વળી ગુજરાત હાઉસીંગ બોર્ડ અપંગો માટે 3% ફ્લેટ અનામત રાખે છે. એટલે મકાન અનામતની યોજના પણ છે.

આ ઉપરાંત યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા અને એલ.આઇ.સી. વડે અપંગોના લાભાર્થે ખાસ યોજના અમલમાં મૂકી છે. અંધજનો માટે કેટલીક સ્પર્ધા યોજનાઓ પણ છે. રાજ્યકક્ષાની ક્રિકેટ સ્પર્ધા વગેરે વિકલાંગોમાં રહેલી કાર્યકુશળતાઓને પ્રોત્સાહન આપવા રાજયકક્ષા, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધા યોજવાના અમલી બનાવાઇ. 2000ની સાલમાં પેરૂ ઝેકોસ્લેવિયા ખાતે યોજાયેલ સ્પર્ધામાં ભારતના ખેલાડીઓ ત્રણ સુવર્ણ ચંદ્રકો, ત્રણ કાસ્ય ચંદ્રકો અને અનેક પ્રમાણ પત્રકો મેળવ્યા. 2003 નવેમ્બરમાં નવી દિલ્હી ખાતે વિકલાંગજનોની એબિલિકલપીક ઓલિમ્પિક યોજાઇ હતી. તેમજ અંતમાં પારિતોષિક યોજનાઓ પણ જેમાં વિકલાંગો માટે કાર્ય કરતી વ્યક્તિઓને પારિતોષિક આપવામાં આવે છે. જે રાષ્ટ્રીય પારિતોષિક યોજના તરીકે પ્રચલિત છે.

**ખાનગી ક્ષેત્રમાં કલ્યાણકારી યોજના :**

કેન્દ્ર સરકારે શારીરિકરૂપ વિકલાંગોને ખાનગી ક્ષેત્રમાં રોજગાર ઉપલબ્ધ કરાવવા માટે 1800 કરોડ રૂપિયાની યોજનાને 17 જાન્યુઓપીએ 2008માં મંજૂરી આપવામાં આવી. તેમજ આ ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહિત કરવામાં આવશે. તેઓ પ્રતિવર્ષે 1 લાખ લોકોને નોકરી ઉપલબ્ધ કરાવે.

11 મી પંચવર્ષીય યોજનામાં સરકારી ખજાના પર 1800 કરોડ રૂપિયાનો ભાર પડશે. ખરેખર પ્રશંસનીય અને ઉલ્લેખનીય છે કે સાર્વજનિક ક્ષેત્રે નોકરીની સંખ્યા ઘટી રહી છે. ત્યારે શારીરિક વિકલાંગો માટે રોજગારી પૂરી પાડવાના પ્રયત્નો એક મહત્ત્વપૂર્ણ સામાજિક પહેલ છે.

સુપ્રિમ કોર્ટે પોતાના એક ચૂકાદામાં વિકલાંગોની ઉપેક્ષા પર નારાજગી દર્શાવતાં કહ્યું કે દેશના બધા સંસાધનો પર તેમના સમાન અધિકારોની વ્યવસ્થા કરી છે. આ વ્યવસ્થા ન્યાયમૂર્તિ જી.પી.માથુર અને આફતાબ આલમની ખંડપીઠે પંજાબ રાજ્ય વિદ્યુત બોર્ડના એક ચતુર્થ વર્ગીય કર્મચારીના પક્ષમાં ચૂકાદો આપ્યો. ચૂકાદામાં 'ધ પર્સન વિથ ડિસેબલ એક્ટ'ની ધારા 47માં વર્ણન વિકલાંગોને ઉપલબ્ધ અધિકાર હેઠળ તેમની ઉપેક્ષાને એક ગંભીર બાબત બનાવવામાં આવી છે.

**'ધ પર્સન વિથ ડિસેબલ એક્ટ'**

આ કાયદામાં જોગવાઇ છે કે જો કોઇ વ્યક્તિ પોતાની સેવાકાળ દરમિયાન વિકલાંગ થઈ જાય તો તેમને સેવામાંથી કાઢી શકાય નહીં. પરંતુ તેમને તે સાથેના બાકીના અધિકારોથી પણ વંચિત રાખી શકાય નહીં. જો વ્યક્તિ વર્તમાન કાર્ય કરવામાં સક્ષમ ન રહે તો તેને પોતાની સગવડ અનુસાર અન્ય સામાન્ય પજ પર નિમણૂંક આપવામાં આવશે. જો જગ્યાઓ ખાલી નહીં હોય તો તે વ્યક્તિને પ્રતીક્ષા સૂચિમાં રાખવામાં આવશે.

ટૂંકમાં આધુનિક સમયમાં શારીરિક માનસિક ખોડખાંપણ ધરાવતી વ્યક્તિઓને સમાજમાં નબળા વર્ગ તરીકેની તમામ સગવડતાઓ પ્રાપ્ત કરાવવા અનેક કલ્યાણ યોજનાઓ અમલી બને છે. જે ખરેખર સાબિત કરે છે કે ભારત દેશ એક કલ્યાણ રાજ્યની પરિભાષા ધરાવે છે.

## 13.10 વિકલાંગ બાળકોનું શિક્ષણ

વિકલાંગ બાળકો માટે નીચે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવી શકાય :

- **સામાન્ય શાળામાં શિક્ષણ :**

  આંગિક વિકલાંગ ધરાવતાં બાળકોને સામાન્ય શાળામાં શિક્ષણ આપવું જોઇએ. જેથી લઘુતાગ્રંથિથી ન પીડાય.

- **વિશિષ્ટ સગવડો પૂરી પાડવી :**

  આવા બાળકોને તેમની વિકલાંગતા મુજબ વિશિષ્ટ સગવડો પૂરી પાડવી જોઇએ. દા.ત. ચાલવાની તકલીફ અનુભવતાં બાળકોને બહુ ચાલવું ન પડે તેવી જગ્યાએ વર્ગખંડમાં બેસાડવાં જોઇએ. બેસવા ઉઠવાની મુશ્કેલી ધરાવતાં બાળકોને વિશિષ્ટ બેઠકો ફાળવણી જોઇએ. બાળકને તેની તકલીફ પ્રમાણે સગવડો પૂરી પાડવી જોઇએ.

- **બેઠક વ્યવસ્થા :**

  જે બાળકો ઓછું જોઇ શકતાં હોય કે ઓછું સાંભળી શકતાં હોય તેવાં બાળકોને વર્ગખંડમાં આગલી પાટલીએ બેઠક વ્યવસ્થા ગોઠવવી જોઇએ. બાળકની તકલીફ હોય તે પ્રમાણે બેઠક વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

- **અલગ શાળાની વ્યવસ્થા :**

  બહેરા મૂંગા અને અંધ બાળકો માટે અલગ વર્ગખંડ કે અલગ શાળાની વ્યવસ્થા થવી જોઇએ. જેમાં વિશિષ્ટ તાલીમ પામેલાં શિક્ષકો અને પ્રશિક્ષકો દ્વારા તેમને શિક્ષણ અને પ્રશિક્ષણ પૂરું પાડવું જોઇએ. આવાં બાળકો માટેનાં વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત હોવી જોઇએ અને તેમને વ્યક્તિગત રીતે શિક્ષણ આપવું જોઇએ.

- **સામૂહિક પ્રવૃત્તિ આપવી :**

  આવાં બાળકોની સામાજિકતાનો વિકાસ કરવા માટે તેમને સામૂહિક પ્રવૃત્તિઓમાં જોડવાં જોઈએ. અન્ય વિદ્યાર્થીઓ સાથે પ્રવૃત્તિ કરવાથી તેમનામાં સામાજિકતાનો વિકાસ થાય.

- **યોગ્ય વ્યવહાર કરવો :**

  શારીરિક વિકલાંગતા ધરાવતાં તમામ પ્રકારનાં બાળકો સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરવો જોઇએ, તેમને સહાનુભૂતિપૂર્વક વ્યવહાર કરવો.

- **સહઅભ્યાસ પ્રવૃત્તિઓ :**

  જે તે બાળકની શારીરિક મર્યાદાને ધ્યાનમાં રાખીને તેમને સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં જોતરવાં જોઇએ.

- **અભિયોગ્યતાના વિકાસની તક :**

  આવાં બાળકોની અભિયોગ્યતા અંગે તપાસ કરીને શાળા અને શિક્ષકે તેમની અભિયોગ્યતાનો વિકાસ કરવાની પૂરતી તકો પૂરી પાડવી જોઇએ.

- **આત્મવિશ્વાસ વધારવો :**

  આવાં બાળકોને દયામણાં બનાવવાને બદલે તેમના આત્મવિશ્વાસને વધારવાનો પ્રયત્ન કરવો જોઇએ.

- **વાલીઓને માર્ગદર્શન :**

  વિકલાંગ બાળકોના વાલીઓને આવાં બાળકોના વિકાસ માટે સલાહ અને માર્ગદર્શન પૂરાં પાડવાં જોઇએ. બાળકોને યોગ્ય આહાર, કસરત અને દાક્તરી સારવાર ઘર આંગણે ઉપલબ્ધ કરાવવાં.

- **નિષ્ણાંત સલાહકારોને શાળામાં આમંત્રણ :**

  આ ક્ષેત્રના નિષ્ણાંત સલાહકારોને શાળામાં આમંત્રણ આપી તેઓના જ્ઞાનનો લાભ આવાં બાળકોને આપવો જોઇએ.

- **વિશિષ્ટ સંસ્થાની મુલાકાત :**

  વિકલાંગ બાળકો માટે કામ કરતી ભિન્ન ભિન્ન સંસ્થાઓની મુલાકાતે આવાં બાળકોને લઇ જવાં જોઇએ.

- **વ્યવસાયલક્ષી અભ્યાસરૂપો :**

  આ પ્રકારના બાળકો માટે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં પ્રવેશ અપાવવો જોઇએ. વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો માટે તેઓને સલાહ અને માર્ગદર્શન પૂરાં પાડવાં.

- **નાના કાર્યની કદર કરવી :**

  વિકલાંગ બાળકોની નાની સિદ્ધિને પણ બિરદાવવી જોઇએ, તેઓને સંપૂર્ણ આર્થિક સહાય અપાવવા મદદ કરવી જોઇએ. આ પ્રકારનાં બાળકો દ્વારા રચાયેલી કૃતિઓનું પ્રદર્શન યોજી તેઓને તેમના પ્રાયોગિક કાર્યોમાં પ્રેરણા પૂરી પાડવી જોઇએ.

- **સ્વનિર્ભરને લગતી તાલીમ :**

  આવાં બાળકો માટે સુથારીકામ, લુહારીકામ, ભરત-ગૂંથણ-સીવણ, સંગીત, ચિત્રકામ, ચર્મ ઉદ્યોગ, રેડિયો કે ટીવી રીપેરિંગ કે અન્ય ગૃહઉદ્યોગોને લગતાં અભ્યાસક્રમો શરૂ કરવા જોઇએ. કમ્પ્યુટર જોબવર્કની તાલીમ આપવી જોઇએ. જેથી તેઓ સ્વનિર્ભર બની શકે.

- **દાક્તરી તપાસ સારવાર :**

  દાક્તરી તપાસ કરાવવી જોઇએ. શાળામાં માતા-પિતા કે અન્ય દાતાઓ દ્વારા આવા બાળકોને દાક્તરી સારવાર પૂરી પાડવી. નાના ઑપરેશનથી સુધારો લાવી શકાય.

## 13.11 સારાંશ

- શારીરિક અશક્ત બાળકોને શિક્ષણ આપવામાં મુશ્કેલીઓ નડે છે. અન્ય બાળકોની સરખામણીમાં કામ કરવામાં મુશ્કેલી નડે છે. વિકલાંગ બાળકો તરફ વધુ ધ્યાન આપવાની જરૂરિયાત છે.
- આવાં વિકલાંગ બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા કરવામાં ખાસ કાળજી રાખવી પડે છે. આંગિક વિકલાંગ ઇન્દ્રિયજન્ય વિકલાંગ, મિશ્ર વિકલાંગ વગેરે બાળકો જોવા મળે છે.
- તમામ પ્રકારનાં બાળકોનાં શિક્ષણ માટે વિશિષ્ટ કાળજી લેવી પડે છે. સામાન્ય તકલીફ હોય તો સામાન્ય બાળકો સાથે શિક્ષણ આપવામાં આવે છે. વધુ તકલીફ હોય તો તેની ખૂબ જ કાળજી લેવી પડે છે.
- અલગ વર્ગ કે અલગ શાળાની વ્યવસ્થા, યોગ્ય બેઠક વ્યવસ્થા, વિશિષ્ટ સગવડો, પ્રેમભર્યો વ્યવહાર, આત્મવિશ્વાસ વધે તે માટે પ્રયત્નો કરવા, દાક્તરી તપાસ, જરૂરી માર્ગદર્શન, નાના કાર્યની કદર, વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો, નિષ્ણાંત સલાહકારોનું નિરીક્ષણ અને માર્ગદર્શન વગેરે બાબતો ધ્યાનપૂર્વક કરવી પડે છે.
- આવાં બાળકોમાં સામાજિકતાનો વિકાસ થાય તે માટે પ્રવૃત્તિઓનું આયોજન કરવું પડે છે. સમૂહમાં પ્રવૃત્તિઓનું આયોજન કરવું પડે છે.

  સમૂહમાં પ્રવૃત્તિઓ થાય તેવું આયોજન વિચારવું પડે છે.
- વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો શરૂ કરી તેને લગતી તાલીમ આપવી, સ્વનિર્ભર બને તેવા પ્રયત્નો કરવા પડે છે.
- વિકલાંગ બાળકોની સમસ્યા જાણી, તેને દૂર કરવા શાળાએ પ્રયત્નો કરવા પડે છે.

## 13.12 એકમ સ્વાધ્યાય

**(1) બહુવિકલ્પ પ્રશ્નો**

આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

1. શારીરિક અશક્ત બાળકો કોને કહેવાય ?

   (અ) શારીરિક ખોડખાંપણ (બ) મગજની ખામી

   (ક) બુદ્ધિની ખામી (ડ) દૃષ્ટિની ખામી

2. નીચેનામાંથી શારીરિક રીતે અશક્ત બાળકોની કઇ સમસ્યા જોવા મળે છે ?

   (અ) હલનચલનની સમસ્યા (બ) જોવાની સમસ્યા

   (ક) સામાજિકતાનો વિકાસ (ડ) પ્રવૃત્તિમાં વધુ રસ

3. નીચેનામાંથી શારીરિક રીતે અશક્ત બાળકોની સમસ્યાનો ઉકેલ કયો છે ?

   (અ) સાધન સામગ્રીનું વિતરણ (બ) ચશ્મા વિતરણ

   (ક) સંયુક્ત શાળા (ડ) અયોગ્ય વ્યવહાર

4. નીચેનામાંથી શારીરિક રીતે અશક્ત બાળકોની સમસ્યાઓના ઉકેલમાં સમાવેશ થતો નથી ?

   (અ) સાધન સામગ્રીનું વિતરણ (બ) અલગ શાળા વ્યવસ્થા

   (ક) યોગ્ય વ્યવહાર (ડ) સંયુક્ત શાળા

5. સાંપ્રદાયિકતાને મજબૂત કરનારું પરિબળ કયું નથી ?

   (અ) બેકારી (બ) અસ્પૃશ્યતા

   (ક) શિક્ષણ (ડ) અંધવિશ્વાસ

**(2) મુદ્દાસર ઉત્તર આપો :**

1. શારીરિક રીતે અશક્ત બાબતો એટલે શું ?
2. શારીરિક રીતે અશક્ત બાળકોની સમસ્યા જણાવો.
3. શારીરિક રીતે અશક્ત બાળકોને માર્ગદર્શન કઇ રીતે આપશો તે જણાવો.
4. શારીરિક રીતે અપંગ બાળકોનાં શૈક્ષણિક અનુકૂલન માટે જરૂરી સગવડો જણાવો.
5. વિકલાંગો માટે શિક્ષણનીતિ જણાવો.
6. વિકલાંગો માટે કલ્યાણકારી યોજનાઓ જણાવો.

## 13.13 તમારી પ્રગતિ ચકાસો

- તમારો ઉત્તર આપેલ ખાનામાં લખો.

1. શારીરિક રીતે અશક્ત બાળકો એટલે શું ?

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

2. શારીરિક રીતે અશક્ત બાળકોની સમસ્યા. (કોઈપણ બે)

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

3. શારીરિક રીતે અશક્ત બાળકોને માર્ગદર્શન કઇ રીતે આપશો ત્રણ બાબત જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. શારીરિક રીતે અપંગ બાળકો માટે શૈક્ષણિક અનુકૂલન માટે જરૂરી સગવડો (કોઈપણ ત્રણ)

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. વિકલાંગો માટેની શિક્ષણની નીતિ જણાવો. (કોઈપણ બે)

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

6. વિકલાંગો માટે કોઈપણ ત્રણ કલ્યાણકારી યોજનાઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 13.14 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**1. બહુવિકલ્પ પ્રશ્નોના જવાબો :**

1. શારીરિક ખોડખાંપણ
2. હલન-ચલનની સમસ્યા
3. સાધન સામગ્રીનું વિતરણ
4. સંયુક્ત શાળા
5. શિક્ષણ

## 13.15 સૂચિત વાંચન સામગ્રી


(1) શુક્લ સતીષકુમાર એસ. : અધ્યેતા પ્રકૃતિ અને વિકાસ, અગ્રવાલ પબ્લિકેશન : આગરા.

(2) દોંગા નાનુભાઈ એસ. : અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ, નિજ્જિન સાયકો સેન્ટર, રાજકોટ.

(3) અંધારિયા રવીન્દ્રભાઈ : અધ્યેતા સ્વરૂપ અને વિકાસ, અમોલ પ્રકાશન, અમદાવાદ

તથા અન્ય

## એકમ 14

# છેવાડાના બાળકો માટે નીતિ વિષયક માળખાની રચના

### : રૂપરેખા :

14.1 પ્રસ્તાવના

14.2 સર્વ શિક્ષણ અભિયાન

- 14.2.1 પ્રસ્તાવના
- 14.2.2 સર્વ શિક્ષણ અભિયાન એટલે શું ?
- 14.2.3 સવ શિક્ષણ અભિયાનના હેતુઓ
- 14.2.4 સર્વ શિક્ષણ અભિયાનની પ્રવૃત્તિઓ
- 14.2.5 સર્વ શિક્ષણ અભિયાન દ્વારા શાળાને આપવામાં આવતી ગ્રાન્ટ
- 14.2.6 સર્વ શિક્ષણ અભિયાન અંતર્ગત શાળાએ માહિતી ભરવા માટેના ઓનલાઈન સોફ્ટવેર
- 14.2.7 સર્વ શિક્ષણ અભિયાન મિશન-પરિચય
- 14.2.8 સર્વ શિક્ષણ અભિયાન સંબંધી જોગવાઈ

14.3 મધ્યાહ્ન ભોજન યોજના

- 14.3.1 પ્રસ્તાવના
- 14.3.2 હેતુઓ
- 14.3.3 મધ્યાહ્ન ભોજનનો અમલીકરણ વ્યવસ્થા
- 14.3.4 દૈનિક ખાદ્ય સામગ્રીના માપદંડ
- 14.3.5 એન.જી.ઓની કામગીરી
- 14.3.6 મધ્યાહ્ન ભોજન અમલવારી ઉપર દેખરેખ અને નિયંત્રણ

14.4 શાળા પ્રવેશ ઉત્સવ

- 14.4.1 પ્રસ્તાવના
- 14.4.2 શાળા પ્રવેશ ઉત્સવના હેતુઓ
- 14.4.3 શાળા પ્રવેશોત્સવ એટલે શું ?
- 14.4.4 શાળા પ્રવેશ ઉત્સવનું મહત્ત્વ
- 14.4.5 આયોજન અને અમલીકરણ
- 14.4.6 શાળા પ્રવેશ ઉત્સવની ઉજવણી
- 14.4.7 શાળા પ્રવેશ ઉત્સવનાં લક્ષ્યાંકો
- 14.4.8 શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમની કાર્યસૂચિ
- 14.4.9 શાળા પ્રવેશ ઉત્સવ માટે કાર્યસૂચિ માટે અન્ય સૂચનાઓ
- 14.4.10 પ્રવેશ ઉત્સવ પ્રસંગના સૂત્રો

14.5 સારાંશ

14.6 એકમ સ્વાધ્યાય

**14.7 તમારી પ્રગતિ ચકાસો**

**14.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**14.9 સૂચિત વાંચન સામગ્રી**

- **ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી, તમે નીચે જણાવેલ બાબતો માટે શક્તિમાન બનશો :

(1) સર્વ શિક્ષણ અભિયાન એટલે શું તે સમજી શકશો.

(2) સર્વ શિક્ષણ અભિયાનના હેતુઓ સમજી શકશો.

(3) સર્વ શિક્ષણ અભિયાનની પ્રવૃત્તિઓ સમજી શકશો.

(4) સર્વ શિક્ષણ અભિયાન દ્વારા શાળાને આપવામાં આવતી ગ્રાન્ટ સમજી શકશો.

(5) સર્વ શિક્ષણ અભિયાન મિશનને સમજી શકશો.

(6) સર્વ શિક્ષણ અભિયાન સંબંધી જોગવાઈ સમજી શકશો.

(7) શાળા કક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિની રચના સમજી શકશો.

(8) શાળા વ્યવસ્થાપન સમિતિના કાર્યો અને ફરજો સમજી શકશો.

(9) મધ્યાહ્ન ભોજન યોજના સમજી શકશો.

(10) મધ્યાહ્ન ભોજન યોજનાના હેતુઓ સમજી શકશો.

**14.1 પ્રસ્તાવના**

- લોકશાહી શાસન પ્રણાલીમાં સમાનતા અને સામાજિક ન્યાયને સિદ્ધ કરવાના પ્રયત્નોને અગ્રતા આપવી જોઈએ. આવા સમાજનું નિર્માણ કરવા માટે ગુણવત્તાયુક્ત શિક્ષણનું સાર્વત્રિકરણ એ અનિવાર્ય બાબત છે.
- અદનાને અદનાને ગરીબમાં ગરીબને પાયાની જરૂરિયાતો હાંસલ કરવા માટે શિક્ષણને ટોચની અગ્રતા આપવા વૈશ્વિક યોજનાઓ હાથ ધરાય છે. શિક્ષણ લીધા વગર માણસ સાચા અર્થમાં માનવી બની શકતો નથી.
- રાજ્યના ગરીબ, પછાત અને છેવાડાના બાળકોના રક્ષણ માટે વિશેષ દરકાર લેવાવી જોઈએ. ભારતના રાજ્ય બંધારણમાં તે માટે વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્યના છેવાડાના નબળા વર્ગોના લોકો ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની ઉન્નતિ વિશેષ કાળજીથી કરશે અને સામાજિક અન્યાય તેમજ તમામ શોષણ માટે તેમનું રક્ષણ કરશે.
- ગુજરાત સરકારે શિક્ષણને અગ્રતા આપી છે. ગરીબ વિદ્યાર્થીઓને સ્નાતક સુધીનું શિક્ષણ મફત આપવામાં આવે છે. આમ છતાં છેવાડાના પછાત વર્ગમાં શિક્ષણનું પ્રમાણ નીચું છે. કન્યા કેળવણીનું પ્રમાણ સંતોષકારક નથી. બાળકો અધવચ્ચેથી શિક્ષણ છોડી દે છે, તેનું મુખ્ય કારણ આર્થિક હોય છે. સામાજિક કારણ પણ હોય છે અને રહેઠાણ વગેરેના કારણે શિક્ષણનું વાતાવરણ નથી હોતું.
- છેવાડાના વર્ગના બાળકોનાં શાળા પ્રવેશ પ્રમાણ ઘણું નીચું અને દરેક કક્ષાએ અપવ્યયનું પ્રમાણ વધારે છે. આ જાતિની કન્યાઓનો આ બાબતે પ્રશ્ન વધુ ગંભીર છે.
- આ દૃષ્ટિએ છેવાડાના બાળકોના શૈક્ષણિક વિકાસ પરત્વે સવિશેષ પદ્ધતિસર પ્રયત્નો હાથ ધરવા જરૂરી છે. કારણ કે વિવિધ આદિવાસી સૂથો તેમજ છેવાડાના બાળકોના જૂથો એમનાં આગવાં સાંસ્કૃતિક લક્ષણો ધરાવતાં હોય છે, તેમની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે.

- પ્રત્યેક જાતિ સામાન્ય રીતે તદ્દન પ્રાથમિક સ્તરે જીવતી હોય છે.
- તેમનું જીવન ધોરણ તદ્દન નીચું હોય છે.
- તેમની ધાર્મિક માન્યતાઓ આગવી હોય છે.
- તેઓ પોતાના જીવન નિર્વાહ માટે જમીન, ગોચર, જંગલો કે પર્વતો પર આધાર રાખે છે.
- ગરીબી, રોગો, નિરક્ષરતા, વહેમો વગેરે તેમની મર્યાદાઓ છે.
- તેમના કુટુંબોમાં પુરુષોની વડીલશાહી, નૈતિક આચાર સંહિતા, પંચાયતોમાં વયોવૃદ્ધ પુરૂષોનું વર્ચસ્વ જોવા મળે છે.
- છેલ્લા દાયકાઓથી ભારતમાં સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે. આમ છતાં છેવાડાના લોકોની સ્થિતિ કંગાળ અને નિરાશાજનક છે.

## 14.2 સર્વ શિક્ષણ અભિયાન

### 14.2.1 પ્રસ્તાવના

- દરેક બાળકને શિક્ષણ મેળવવાનો અધિકાર છે, તેવું બંધારણમાં નક્કી કરવામાં આવેલ છે.. કોઈ બાળક શિક્ષણથી વંચિત રહેવો ન જોઈએ.
- ભારતનું બંધારણ 1950માં અમલી બન્યું. બંધારણની કલમ 45માં ઈ.સ. 1960 સુધીમાં 6 થી 14 વર્ષ જૂથનાં તમામ બાળકો શાળામાં આવે અને કોઈ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહે તે લક્ષ્ય સિદ્ધ કરવાનું હતું.
- કમનસીબે આજે ઈ.સ.2005માં પણ આ લક્ષ્ય સિદ્ધ થઈ શક્યું નથી. ત્યાર પછી આજેપણ આજ પરિસ્થિતિ જોવા મળે છે.
- લાખોની સંખ્યામાં આ વય જૂથનાં બાળકોએ શાળાનું પગથિયું પણ જોયું નથી.
- પ્રથમ આ વિષય રાજ્યનો ગણી, દરેક રાજ્યને જવાબદારી સોંપવામાં આવી હતી, પરંતુ બંધારણમાં સ્વીકારેલી આ બાબતમાંથી કેન્દ્ર સરકાર છટકી શકે નહી, એટલે હવે શિક્ષણ કેન્દ્ર અને રાજ્યની સંયુક્ત યાદીમાં મુકાયું છે.
- મફત સાર્વત્રિક અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણની જવાબદારી કેન્દ્ર સરકારની પણ છે, એટલે છેલ્લાં કેટલાંક વર્ષથી 6 થી 14 વર્ષની જૂથના તમામ બાળકોને શાળામાં લાવવાની ઝુંબેશ શરૂ થઈ છે. કેન્દ્ર સરકારે આ લક્ષ્યાંક સિદ્ધ કરવા સર્વ શિક્ષા અભિયાન શરૂ કર્યું છે.
- સામાજિક જાગૃતિ લાવવા ટીવી., રેડિયો જેવા સમૂહ માધ્યમોનો ઉપયોગ, સામયિકો વર્તમાનપત્રોમાં જાહેરાત દ્વારા ઝુંબેશ.
- પ્રવેશ ઉત્સવ, કાર્યક્રમો, વિદ્યાર્થીઓને સહાય, ફરતી શાળાઓ (Moving School), વૈકલ્પિક શાળાઓ વગેરે પ્રયાસો થાય છે.
- પ્રવેશ ઉત્સવ વખતે જોરદાર કાર્યક્રમ કરવામાં આવે છે, જાહેરાત પણ કરવામાં આવે છે.
- પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ સફળ બને તે માટે દર વર્ષે માર્ચ માસમાં ગામનાં 6 થી 14 વર્ષની વય જૂથનાં શાળામાં પ્રવેશ યોગ્ય બાળકોની નોંધણી થાય છે.
- તેઓ શાળામાં આવે એટલું જ નથી, શાળામાં ટકી રહે, અપવ્યય અને સ્થગિતતા ન થાય એટલે કે અધવચ્ચે શાળા છોડીને ઊઠી ન જાય એ અંગે પ્રયાસો થાય છે.
- શાળામાં બાળકો ટકી રહે તેવો ઉત્સાહ કરવામાં આવે છે. બાળકને જરૂરી પ્રોત્સાહન પણ આપવામાં આવે છે.
- હજુ આપણા દેશમાં કન્યા કેળવણી સંતોષકારક નથી. એટલે 6 થી 14 વર્ષની વય જૂથની કન્યાઓ શાળામાં પ્રવેશે એવાં પ્રયાસો થાય છે. શાળા પ્રવેશ ઉત્સવ જેવા કાર્યક્રમો થાય છે.

- વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે પુસ્તકો, શાળાબેગ તથા ભણવામાં સાધનો ગણવેશ બાળકોને વિના મૂલ્યે અપાય છે.
- પ્રાથમિક શાળાઓ (સરકારી)માં ધો.1 થી 7નાં તમામ પુસ્તકો વિના મૂલ્યે અપાય છે.
- પછાત જ્ઞાતિ, આદિવાસી જાતિ અને આર્થિક સામાજિક પછાત જ્ઞાતિનાં બાળકોને વિશિષ્ટ શિષ્યવૃત્તિ અપાય છે.
- આદિવાસી વિસ્તારમાં આશ્રમ શાળાઓ કન્યા છાત્રાલયો વગેરેની સુવિધા અપાય છે.
- આમ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના હેતુથી ભારતમાં તમામ રાજ્યોમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે મળી કાર્યક્રમ ચલાવે છે.

લોકશાહી પ્રક્રિયામાં શિક્ષણની ભૂમિકા અતિ મહત્ત્વની છે. શિક્ષણએ લોકશાહીના મૂલ્યો સ્થાપિત કરવા તથા દૃઢિભૂત કરવા માટેનું એક સશક્ત સાધન છે. ભારતના પ્રત્યેક નાગરિકને જીવન વિકાસ માટેના સમાન મૂળભૂત હક્કો ભોગવવાનો અધિકાર બંધારણ દ્વારા પ્રાપ્ત થાય છે.

સ્વતંત્ર્ય ભારતના બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ 45 મુજબ આપણે પ્રયાસો કરવાના હતા, જેથી 6 થી 14 વર્ષની વય જૂથના તમામ બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મળે. સ્વતંત્રતા પછી તરત જ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે ઘણું બધુ કામ થયું છે. વર્ષ 1986થી નવી શિક્ષણ નીતિ અને ડી.પી.ઈ.પી. જેવી મહત્ત્વકાંક્ષી યોજનાઓ અને ત્યારબાદ વર્ષ 2001 થી સર્વ શિક્ષા અભિયાનના અમલ દેશવ્યાપી અને સાર્વત્રિક રીતે થયો.

આમ સર્વ શિક્ષા અભિયાન સમગ્ર ભારત દેશમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટેનો કાર્યક્રમ છે. 6 થી 14 વર્ષના તમામ બાળકોને ગુણવત્તાલક્ષી પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાના મુખ્ય આશય સાથે શરૂ થયેલ, આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારનું નાણાંકીય યોગદાન મળે છે. ગુજરાત રાજ્યમાં આ યોજનાઓ અમલ ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ દ્વારા કરવામાં આવેલ છે.

એસ.એસ.એ. કાર્યક્રમ બાળકોમાં માનવીય ક્ષમતાઓનો વિકાસ અર્થે જરૂરી તકો ઊભી કરવાની દિશામાં એક કદમ છે. અભિયાન સ્વરૂપે આ કાર્યક્રમમાં સમુદાયો દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ થાય તેવું પ્રયોજન છે.

### 14.2.2 સર્વ શિક્ષણ અભિયાન એટલે શું ?

- પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે ચોક્કસ સમય રેખાનો કાર્યક્રમ.
- સમગ્ર દેશમાં ગુણવત્તાયુક્ત પ્રારંભિક શિક્ષણની માંગનો પ્રતિભાવ.
- પ્રારંભિક શિક્ષણ દ્વારા સામાજિક ન્યાય માટેની તક ઊભી કરવાનો પ્રયાસ.
- પ્રારંભિક શિક્ષણ સંસ્થાઓના વહીવટ કે વ્યવસ્થાપન ક્ષેત્રે પાયાના સ્તરે સંસ્થાઓ પંચાયતી રાજ સંસ્થાઓ, શાળા વ્યવસ્થાપન સમિતિ, ગ્રામ્ય અને શહેરી ગરીબ વિસ્તારોની શિક્ષણ સમિતિઓ, સ્વાયત્ત સંસ્થાઓને અસરકારક રીતે સંલગ્ન કરવાનો પ્રયાસ.
- દેશભરમાં પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે રાજકીય સંકલ્પ.
- કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સરકાર વચ્ચેની ભાગીદારી.
- મૂળભૂત શિક્ષણ અંગે રાજ્યોના આગવા ખ્યાલ વિકસાવવા માટેની તકોનું નિર્માણ.

**શૈક્ષિણિક મુદ્દાઓ :**

સર્વશિક્ષા અભિયાન

- સર્વ શિક્ષા અભિયાનના હેતુઓ
- સર્વ શિક્ષા અભિયાનની પ્રવૃત્તિઓ

- સર્વ શિક્ષા અભિયાન દ્વારા શાળાને આપવામાં આવતી વિવિધ ગ્રાન્ટ.

**14.2.3 સર્વ શિક્ષણ અભિયાનના હેતુઓ**

- 6 થી 14 વર્ષની વય જૂથના તમામ બાળકોનું નામાંકન થાય.
- શાળા પ્રવેશ પામેલાં તમામ બાળકો આઠ ધોરણ સુધીનું ગુણવત્તાલક્ષી પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે.
- શાળા બહારના વૈકલ્પિક શિક્ષણના માધ્યમ દ્વારા સામાન્ય શાળામાં દાખલ થાય.
- પ્રાથમિક શિક્ષણમાં લોકભાગીદારી વધે.
- શાળા ઉપલબ્ધ ન હોય તેવા વિસ્તારોમાં નવી શાળાની સ્થાપના કરવી.
- શાળાઓમાં પૂરતી ભૌતિક સુવિધાઓ પૂરી પાડવી.
- શિક્ષકોની અછત હોય તેવી શાળાઓમાં વધારાના શિક્ષકોને મૂકવા.
- શિક્ષકોની સજ્જતા વધારવા માટે તાલીમ કાર્યક્રમ તથા અધ્યયન-અધ્યાપન સામગ્રી કલ્સ્ટર, બ્લોક અને જિલ્લા કક્ષાએ વિકસાવવી.
- કન્યાઓ તથા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જીવન કૌશલ્ય આધારિત ગુણવત્તાલક્ષી શિક્ષણ પુરું પાડવું.

**14.2.4 સર્વ શિક્ષણ અભિયાનની પ્રવૃત્તિઓ**

- શાળા-બહારના બાળકો માટે વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા.
- વિકલાંગ બાળકોનું સંકલિત શિક્ષણ (Integrated Education)
- જેન્ડર એજ્યુકેશન
- નાણાં હિસાબનું આયોજન
- મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (MIS)
- શાળા બાંધકામ (શાળાઓ ઓરડાઓ, શૌચાલય, મધ્યાહ્ન ભોજનનું રસોડું વગેરેનું બાંધકામ અને શાળા રીપેરીંગ)
- શિક્ષક તાલીમ અને સમુદાયના સભ્યોની તાલીમ
- લર્નિંગ ગેરંટી પ્રોગ્રામ.
- શાળા કક્ષાએ વિવિધ ગ્રાન્ટની ફાળવણી
- એન.પી.ઈ.જી.ઈ.એલ. (NPEGEL)
- કન્યા શિક્ષણને ઉત્તેજન આપવા માટે નિવાસી શાળા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV)
- શાળા બહારના બાળકો માટે વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા.

**14.2.5 સર્વ શિક્ષણ અભિયાન દ્વારા શાળાને આપવામાં આવતી ગ્રાન્ટ**

| | |
|---|---|
| (1) વર્ગખંડ | (2) ડેટમ - આઠ બાળકો દીઠ |
| (3) કમ્પાઉન્ડ વૉલ | (4) શાળા વિકાસ |
| (5) પીવાનું પાણી | (6) TLE Teaching Learning |
| (7) પ્રયોગશાળા | ધો. 8 Enhancement One time |
| (8) શૌચાલય વ્યવસ્થાપન | (9) પ્રજ્ઞા |
| (10) પ્રવેશોત્સવ | (11) વાંચન પૂર્વ |

(12) પ્રાથમિક ચિકિત્સા
(13) સંકલિત ઉપચારાત્મક કાર્ય
(14) મૉડેલ શાળા
(15) વિશિષ્ટ તાલીમ વગેરે
(16) મરામત
(17) કન્યા શૌચાલય

**ક્ષેત્ર કાર્ય :**

- SSA ની તાલુકા તથા જિલ્લા કક્ષાની કચેરીઓની મુલાકાત. વધુ માહિતી (www.ssa.nic.in)

**14.2.6 સર્વ શિક્ષણ અભિયાન અંતર્ગત શાળાએ માહિતી ભરવા માટેના ઓનલાઈન સોફ્ટવેર**

- ગુણોત્તર વેબસાઈટ
- નવા પાઠ્યપુસ્તકો ધો.6,7,8
- શાળામાં જ જતાં બાળકોની વિગત
- લોકોપયોગી માહિતી
- માઈગ્રેશન મોનિટરીંગ સીસ્ટમ
- સી.આર.સી. મોનિટરીંગ
- ચિલ્ડ્રન વીથ સ્પેશિયલ નીડસ (CWSN)
- રિક્રુટમેન્ટ
- એમ્પલોઈઝ મેનેજમેન્ટ એન્ડ પેરોલ
- સી.આર.સી. ઈન્ફોરમેશન એન્ડ રેસિલીટી સ્ટેટસ
- ઓનલાઈન સરક્યુલર્સ
- SSA Website
- BACAL - Biometric Attendance
- ટ્રાન્સપોર્ટેશન
- ગુણોત્સવ ડેટા એન્ટ્રી
- આધાર અને બલ્ક ડાયસ
- નોટિફિકેશન રાઈટ ઓફ ચિલ્ડ્રન ફ્રી કમ્પલસરી ઍજ્યુકેશન એક્ટ 2012
- UDISE - School Directory
- શાળા બહારના બાળકો માટે Special Training
- DISE Updated file (School Data)
- Whole School Development Plant (WSDP)
- School information & Non Existent School
- Kasturba Gandhi Balika Vidyalaya Assessment

**14.2.7 સર્વ શિક્ષણ અભિયાન મિશન-પરિચય**

સર્વ શિક્ષા અભિયાન સમગ્ર ભારત દેશમાં પ્રાથમિક સાર્વત્રિકરણ માટેનો કાર્યક્રમ છે. 6 થી 14 વર્ષના તમામ બાળકોને ગુણવત્તાલક્ષી પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાના આશય સાથે શરૂ થયેલાં આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારનું નાણાંકીય યોગદાન મળે છે. ગુજરાત રાજ્યમાં આ યોજનાનો અમલ ગુજરાત પ્રાથમિક પરિષદ દ્વારા કરવામાં આવે છે.

**મુખ્ય પ્રવૃત્તિઓ :**

- **પ્રવેશ (નામાંકન) હાજરી, સ્થાયીકરણ :**

પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ, સ્થાયીકરણ અને ગુણવત્તા સુધારણા માટે રાજ્ય સાથેની શાળાની આર્થિક ભાગીદારી સાથેના ભારત સરકારના મહત્ત્વકાંક્ષી કાર્યક્રમ ''સર્વ શિક્ષા અભિયાન'' નું અમલીકરણ સમગ્ર ગુજરાતમાં 2001 થી કરવામાં આવી રહ્યું છે. એસ.એસ.એ અંતર્ગત દરેક બાળકનું શાળામાં નામાંકન, સ્થાયીકરણ કરે અને ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષક મેળવે તે માટે તમામ સ્તરે યથાયોગ્ય પ્રયાસ થાય છે.

- **કન્યા શિક્ષણ :**

સામાન્ય રીતે આપણા સમાજમાં કન્યાઓના શિક્ષણ પ્રત્યે દુર્લક્ષ સેવાતું હોય છે. ખાસ કરીને

કેટલીક જ્ઞાતિઓમાં બાળલગ્ન પ્રથા પ્રચલિત છે તેના કારણે અથવા ઘરના કામકાજને લઈને નાના ભાઈબહેનને સાચવવાની કામગીરીને લઈને તેઓના શિક્ષણને છેલ્લી અગ્રિમતા (Priority) આપવામાં આવે છે.આવા કેટલાંક છુપા કારણોસર કન્યાઓના શિક્ષણનો દર કુમારો કરતા ઓછો જણાય છે. આથી કન્યાઓના વિકાસમાં તથા સમાજના વિકાસમાં આ બાબત બાધારૂપ બને છે. આ માટે કન્યાઓ જે સમુદાયમાંથી (Community) આવતી હોય તે સમુદાયને કન્યા શિક્ષણ પ્રત્યેની જાગૃતતાતેમજ ગંભીરતા હોવી જરૂરી છે. આવા સમુદાયોમાં જે કન્યાઓ થોડુંક પણ ઉદાહરણરૂપ શિક્ષણ મેળવીને કંઈક હોદ્દો હાંસલ કરી શકી છે તેને અન્ય સમુદાયના સભ્યો માટે રોલ મોડલ તરીકે પ્રસ્થાપિત કરવી જેથી સમુદાયમાં અન્ય સભ્યોને પોતાની કન્યાઓની ભણાવાની પ્રેરણા મળે.

- **શાળા પર્યાવરણ :**

શાળા પર્યાવરણમાં કેવળ ભૌતિક નહીં, પરંતુ ભાવાવરણ પણ એમાં સમાવેશ થાય છે. જે પૈકી ભૌતિક બાબતોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(1) શાળાનું મકાન, (2) વર્ગખંડ, (3) રમત માટેનું મેદાન, (4) શાળા સેનિટેશન/સ્વચ્છતા સંકુલ, (5) પીવાના પાણીની વ્યવસ્થા, (6) બાગબાની, (7) શાળા સફાઈ (8) શાળા વાતાવરણ

- **હિસાબી અને નાણાંકીય કામગીરી :**
- SMC ના તમામ સભ્યોએ હિસાબી દફતરને લગતી તમામ માહિતી ઉપર ધ્યાન આપવાનું રહેશે.
- સર્વ શિક્ષા અભિયાનના નાણાંકીય મેન્યુઅલ અનુસાર શાળા કક્ષાએ દરેક નાણાંકીય વર્ષ માટે નીચે મુજબનું હિસાબી દફ્ક્ત નિભાવવાનું હોય છે.

| | | | |
|---|---|---|---|
| (1) | રોજમેળ | (9) | સ્ટોક રજીસ્ટર |
| (2) | ખાતાવહી | (10) | આવક-જાવક રજીસ્ટર |
| (3) | વાઉચર ફાઈલ | (11) | ટી.એલ.એમ. રજીસ્ટર |
| (4) | બિલ રજીસ્ટર | (12) | ખર્ચ પત્રક (પરિશિષ્ટ-8) |
| (5) | ચેક ઈસ્યુ રજીસ્ટર | (13) | બેંક સિલકમેળ (પરિશિષ્ટ-9) |
| (6) | બેંક સ્ટેટમેન્ટ/પાસબુક | (14) | ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર (પરિશિષ્ટ - 10) |
| (7) | ડેડ સ્ટોક રજીસ્ટર | (15) | ઠરાવબુક |
| (8) | સ્થાયી મિલકત રજીસ્ટર | | |

- **ગુણવત્તાલક્ષી શિક્ષણ :**

**પ્રજ્ઞા અભિગમ**

વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે શાળા શિક્ષણમાં અનેકવિધ અભિગમોનો શિક્ષક ઉપયોગ કરતો રહ્યો છે, જે ક્યારેક શિક્ષક કેન્દ્રી, વર્ગખંડ કેન્દ્રી કે પાઠ્યપુસ્તક કેન્દ્રી હોય છે. સમગ્ર તથા વર્ગના તમામ બાળકોને કેન્દ્રમાં રાખીને, તેમની વૈયક્તિક ભિન્નતાઓને ધ્યાનમાં લઈને, તેમની ક્ષમતા-ગતિને આધારે શિક્ષણ આપવાનું હંમેશા મુશકેલ રહ્યું છે. શિક્ષણવિદો અને શિક્ષકો એવા અભિગમની શોધમાં હોય છે, જેમાં વર્ગના તમામ બાળકોને શિક્ષણ પ્રક્રિયામાં જોડી શકાય, તેમની શૈક્ષણિક સિદ્ધિઓનું અભિવ્યક્તિ માપન થઈ શકે. આ તમામ આવશ્યકતાને ઉપકારક અને એવો અભિગમ એટલે પ્રજ્ઞા.

પ્રજ્ઞા એ જૂથ આધારિત પ્રવૃત્તિ જ્ઞાન મેળવવાનો એવો અભિગમ છે કે જેમાં સ્વનિર્મિત અધ્યયન સામગ્રીના નિર્માણ અને ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓ સહપાઠી શિક્ષણ વડે પોતાની ગતિ-ક્ષમતા અનુસાર આનંદદાયી શિક્ષણ મેળવે છે અને મેળવેલ શિક્ષણનું વિદ્યાર્થીઓ તેમજ શિક્ષક

મૂલ્યાંકન કરે છે. આ અભિગમની શૈક્ષણિક પ્રક્રિયા ભાર વગરના ભણતર સાથે સંકળાયેલી છે, જેથી વિદ્યાર્થી માટે આશીર્વાદરૂપ છે.

- **એડેપ્ટ્સ - શિક્ષક સમર્થન દ્વારા ઉત્કૃષ્ટ શૈક્ષણિક અભિવ્યક્તિ :**

શિક્ષણ વિભાગના વિવિધ પ્રયત્નોથી ગુજરાતમાં નામાંકન અને સ્થાયીકરણમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવી છે, ગુણવત્તા અભિવૃદ્ધિ માટે સર્ગગ્રાહી પ્રયત્નો ચાલુ છે. ગુણવત્તા માટેના પરિબળોમાં શિક્ષકોની ઉત્કૃષ્ટ અભિવ્યક્તિ (Performance) અત્યંત મહત્ત્વનું છે. તેના માટે કેન્દ્રિય માનવ સંસાધન વિકાસ મંત્રાલય અને યુનિસેફના સંયુક્ત ઉપક્રમે (Advancement of Educational Performance through Teacher Support) ADEPTS એડેપ્ટ્સ : શિક્ષક સમર્થન દ્વારા ઉત્કૃષ્ટ શૈક્ષણિક અભિવ્યક્તિ કાર્યક્રમ તૈયાર કરવામાં આવેલ છે.

- **વિકલાંગ બાળકો માટેનું સંકલિત શિક્ષણ (આઈડી) :**

વિકલાંગ બાળકોના શિક્ષણ અંગે ઘણા વર્ષોથી કાર્ય થઈ રહ્યું છે. આ શિક્ષણ વિકલાંગ બાળકોની વિશિષ્ટ શાળા (સ્પેશ્યલ સ્કૂલ) સુધી જ મર્યાદિત હતુ.

આ યોજનાની વિશેષતા એ છે કે વિકલાંગ બાળક તેના માતા-પિતા સાથે રહીને પોતાનાજ ગામ કે વિસ્તારની સામાન્ય શાળામાં બાળકો સાથે જ શિક્ષણ મેળવે છે.

ગાળની સામાન્ય શાળામાં સામાન્ય બાળકો સાથે રહીને વિકલાંગ બાળક શિક્ષણ મેળવે, જેમાં અંધ, અલ્પદૃષ્ટિ, બહેરા માનસિક, શાંતિ અને શારીરિક ક્ષતિવાળા તથા અન્ય વિકલાંગતા ધરાવતાં બાળકોનો સમાવેશ થાય છે.

**સંશોધન, મૂલ્યાકન અને મોનિટરીંગ - સુપરવિઝન**

- **સંશોધન**

શાળાના શિક્ષકો દ્વારા ક્રિયાત્મક સંશોધનની કામગીરી કરવામાં આવે છે.

- **મોનિટરીંગ અને સુપરવિઝન :**

સર્વ શિક્ષા અભિયાનના મોનિટરીંગ અને સુપરવિઝનના હેતુથી એનસીઈઆરટી અને દ્વારા NUEPA ફોર્મેટ્સ તૈયાર કરવામાં આવેલ છે. આ ફોર્મેટસનો ગુજરાતીમાં અનુવાદ કરવામાં આવેલ છે. શાળા કક્ષાએ SLF કલસ્ટર કક્ષાએ CLF તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ મોકલવામાં આવે છે. શાળા કક્ષાના ફોર્મેટમાં લોકસમુદાય દ્વારા માહિતી ભરવાની હોય છે. જિલ્લા કક્ષાના ફોર્મેટમાં એકત્રિકરણ કરી તમામ માહિતી બાબત સરકારને મોકલવામાં આવે છે.

- **સિઝનલ હૉસ્ટેસ અને સપોર્ટ સ્કૂલ :**

રાજ્યના અમુક ચોક્કસ વિસ્તારોમાં રોજી રોટી મેળવવા માટે (જેમ કે મીઠું પકવનાર અગરિયાઓ, માછીમાર અને ઈંટોના ભઠ્ઠામાં કામ કરનાર મોસમી સ્થળાંતર કરનાર મજૂરો) સિઝનલ સ્થળાંતર (માઈગ્રેશન) કરતા વાલીઓ સાથે તેમના બાળકો પણ સ્થળાંતર કરવું પડે છે, જેના કારણે બાળકોના અભ્યાસમાં વિક્ષેપ પડે છે. આવા બાળકોનું પ્રાથમિક શિક્ષણ અટકે નહીં અને તેમનો અભ્યાસ ચાલુ રહે તે માટે આવા બાળકોના પ્રાથમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરવાના હેતુથી મોસમી છાત્રાલય (સિઝનલ હૉસ્ટેલ) ની યોજના અમલમાં મુકવામાં આવી છે. રાજ્યમાં મોટાભાગે સપ્ટેમ્બર, ઓક્ટોબર માસમાં સ્થળાંતર થતું હોઈ આ સમય દરમિયાન NGO સ્થળાંતર કરતા બાળકોનો સર્વે કરે છે. આવાં બાળકો માટે સિઝનલ હોસ્ટેલની સુવિધા અને કામકાજના સ્થળે સપોર્ટ સ્કૂલની સુવિધા પૂરી પાડવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ છે.

- **શાળા બાંધકામ અને રીપેરીંગ :**

(1) શાળા વ્યવસ્થાપન સમિતિએ બે પ્રકારના માળખાકીય કામ કરવાના હોય છે.

(2) શાળા અને તેના વિભાગોની મરામતનું કામ.

(3) જુદાં જુદાં સિવિલ કામો જેવાં કે વર્ગખંડો, શૌચાલયો, પીવાના પાણીની સુવિધા, મધ્યાહ્‌ન ભોજન યોજના બાઉન્ડ્રી વૉલનું બાંધકામ.

(4) બાંધકામની પ્રક્રિયા હાથ ધરતા પહેલાં બેન્કમાં ખાતું ખોલાવવા માટે આ કચેરી દ્વારા કરવામાં આવેલા પરિપત્રમાં આપેલ સૂચનાઓ મુજબ ખાતું ખોલાવવું.

(5) બાંધકામ માટે એસએસએ કચેરી તરફથી પ્રથમ હપ્તાનાં નાણાં મળતા પહેલા આ અંગેના એમઓયુ કરવાના હોય છે.

(6) થયેલ કામના હિસાબો રાખવાં, બીજા હપ્તાના નાણાં મેળવવા, નાણાં વપરાશ પ્રમાણપત્ર જેવા હિસાબો અંગેની પદ્ધતિઓ અને તેમાં અનુસરવાની કામગીરી કરવી.

(7) કામના બાંધકામ દરમયાન ટીઆરપી દ્વારા આ અંગે માર્ગદર્શન આપવામાં આવશે તેમના કામની ગુણવત્તા માટે થર્ડ પાર્ટી દ્વારા કામનું નિરીક્ષણ કરવામાં આવશે.

(8) કામપૂર્ણ થયા બાદ નિયમ નમૂનામાં કામ પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર આપવાનું હોય છે.

(9) શાળાનો સમગ્ર રીતે વિકાસ કરવાનો પ્લાન તૈયાર કરી અને જેમ જેમ નાણાંની ઉપલબ્ધિ થાય તે પ્રમાણે આ પ્લાનમાં સમાવિષ્ટ જુદી જુદી એક્ટિવિટી અગ્રિમતાના ધોરણે હાથ ધરવી.

(10) બાળકોને શાળાના જુદાં જુદાં એલિમેન્ટસ અને ખુલ્લી જગ્યાઓમાંથી સતત શિક્ષણ મળી રહે તે માટે આ વિભાગોને BALA તરીકે વિકસાવવા.

- **વૈકલ્પિક શિક્ષણ - સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ :**

સર્વ શિક્ષણ અભિયાન અંતર્ગત 6 થી 14 વયજૂથના શાળા બહારના બાળકોને વૈકલ્પિક શિક્ષણની જુદી જુદી યોજનાઓમાં સાંકળી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવામાં આવી રહ્યાં છે.

6 થી 14 વર્ષથી વય જૂથના દરેક બાળકોને પ્રાથમિક શિક્ષણ સાર્વત્રિકરણના ધ્યેય હેઠળ શાળામાં દાખલ કરાવી ગુણવત્તાવાળું શિક્ષણ પ્રાપ્ત કરવા પ્રેરે તેવું શીખવવાનું હોય છે, પરંતુ વિશિષ્ટ સંજોગોને કારણે બાળકો કેટલીક વખતે અધવચ્ચેથી શાળા છોડી દે છે અથવા તો શાળામાં દાખલ થતાં નથી. આવાં બાળકોને શિક્ષણના સામાન્ય પ્રવાહમાં સમાવી લેવા ખૂબ જ જરૂરી છે. જે બાળકો શાળા બહારના છે. તેમના માટે તેમની વયકક્ષાને ધ્યાનમાં લઈ એસએસએ માર્ગદર્શિકા અન્વયે તેમને જે તે ધોરણમાં દાખલ કરવામાં થાય છે.

Right to Education એક્ટ 2009 ની જોગવાઈ મુજબ રાજ્યમાં 6 થી 14 વયજૂથના બાળકો વયકક્ષા મુજબની ક્ષમતા સિદ્ધ કરી શિક્ષણના સામાન્ય પ્રવાહમાં જોડાય તે માટે સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે.

- **મધ્યાહ્‌ન ભોજન યોજના :**

ગુજરાત રાજ્ય મધ્યાહ્‌ન ભોજન યોજનાનો આરંભ વર્ષ 1984ના નવેમ્બર માસથી કરવામાં આવેલ. આમ, પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહ્‌ન ભોજન આપનાર ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ છે. મધ્યાહ્‌ન ભોજન યોજનાના મુખ્ય હેતુઓ નીચે મુજબ ગણાવી શકાય.

(1) પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને મધ્યાહ્‌ન ભોજન આપવુ એ ગરીબી નિવારણ અંગેના રાજ્ય.

(2) આવી યોજનાના પરિણામે વિકાસશીલ વય જૂથના બાળકોનું પોષણ ધોરણ સારા એવા પ્રમાણમાં ઊંચું આવે છે.

(3) અધવચ્ચે શાળા છોડી જનાર રોકવા અને શાળાઓમાં સામાન્ય હાજરીમાં સુધારો કરવા ઉપરાંત મધ્યાહ્‌ન ભોજન યોજના વધારે વિદ્યાર્થીઓને શાળામાં આકર્ષી શકશે.

(4) આ યોજના સામાજિક અને રાષ્ટ્રીય એકતા સાધવાનું એક પગલું બની રહેશે.

- **શાળાકીય માહિતી અને તેનો ઉપયોગ :**

ભારત સરકારના માનવ સંશાધન અને વિકાસ વિભાગ (MHRD), નવી દિલ્હી દ્વારા સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. જે સર્વ શિક્ષા અભિયાન મારફત વર્ષ 2001 થી કાર્યરત છે. આ સોફ્ટવેર સમગ્ર ભારત દેશની 13 લાખથી પણ વધુ તમામ પ્રકારની પ્રાથમિક શાળાઓની માહિતીનું એકત્રિકરણ કરવામાં આવે છે. જેમાં સરકારી શાળા, અનુદાનિત (ગ્રાન્ટેડ) શાળા, ખાનગીશાળા, સીબીએસસી. બોર્ડ સંચાલિત શાળા તેમજ અન્ય કોઈપણ શાળાઓનો સમાવેશ થાય છે. આ માહિતી દર વર્ષે DISE ફોર્મમાં જે તે વર્ષની 30મી સપ્ટેમ્બરની સ્થિતિએ એકત્રિત કરવામાં આવે છે. ફોર્મની ડેટા એન્ટ્રી સોફ્ટવેરમાં કરી તાલુકા જિલ્લા/રાજ્ય કક્ષાએ નેશનલ (રાષ્ટ્રીય) કક્ષાએ એકત્રિત કરવામાં આળે છે. નેશનલ કક્ષાએ NUEPA (National University of Education Planning and Administration) દ્વારા ડાયસ ડેટા એકત્રિત કરી તમામ પ્રકારની માહિતી (માનવ સંશાધન વિકાસ મંત્રાલય) ને રજૂ કરવામાં આવે છે.

- **DISE અંગે SMC શાળા દ્વારા આપવાની માહિતી**

દર વર્ષે DISE  ફોર્મમાં જે તે વર્ષની 30મી સપ્ટેમ્બરની સ્થિતિએ શાળાને લગતી તમામ માહિતી જે જેવી કે

- શાળાનું નામાંકન (ધોરણવાર/જાતિવાર/ઉમેદવાર)
- શિક્ષકોને લગતી તમામ માહિતી (નામ, ઉંમર, નોકરીમાં જોડાયા તારીખ, શૈક્ષણિક લાયકાત) વગેરે.
- મધ્યાહ્ન ભોજનને લગતી તમામ માહિતી
- બીઆરસી/સીઆરીસીએ વર્ષ દરમિયાન કરેલ શાળાની મુલાકાતોની માહિતી.
- શાળાને દર વર્ષ દરમિયાન મળેલ તેમજ વપરાયેલ તમામ નાણાંકીય ગ્રાન્ટની માહિતી.
- શાળાના બાળકોને મળતા લાભો જેવા કે મફત પાઠ્યપુસ્તક, ગણવેશ, અને વર્કબુકની માહિતી.
- શાળાની તમામ ભૌતિક માહિતી જેમ કે - શાળામાં ઓરડાઓની સંખ્યા, શાળાના ઓરડાઓની પરિસ્થિતિ, શાળામાં વીજળીકરણ માહિતી, શાળામાં બ્લેક બોર્ડની સંખ્યા, શાળામાં ટોઈલેટની સગવડ, પીવાના પાણીની સગવડ, રેમ્પની સંખ્યા, શાળાની હદની દિવાલ, કમ્પ્યુટરની સંખ્યા તેમજ તેની પરિસ્થિતિ વિશેની વિસ્તૃત માહિતી.
- વિકલાંગ બાળકોની લગતી તમામ માહિતી
- **વંચિત જુથમાં બાળકોનું શિક્ષણ :**

સર્વ શિક્ષા અભિયાનનાં મુખ્ય ધ્યેયો - નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તામાં લક્ષિત પરિણામ મેળવવા પ્રોજેક્ટમાં કામગીરી  કરવામાં આવે ચે. ટ્રાયબલ ઍજ્યુકેશન દ્વારા આદિવાસી બાળકોમાં જ્ઞાન, સમજ, રજુઆત, કૌશલ્યોની સિદ્ધિઓ પ્રાપ્ત કરી આત્મવિશ્વાસ કેળવવો જરૂરી છે. તેમજ શિક્ષકો દ્વારા તેમજ શિક્ષકો દ્વારા શાળામાં બાળકોને આ માટે શિક્ષણ આપવામાં આવે છે. શિક્ષકો અને સ્થાનિક પર્યાવરણમાંથી મળતી ચીજવસ્તુઓનો શિક્ષણ આપવામાં આવે છે. શિક્ષકો અને સ્થાનિક પર્યાવરણમાંથી મળતી ચીજવસ્તુઓનો શિક્ષણ કાર્યમાં ઉપયોગ કરવા તાલીમમાં માર્ગદર્શન આપવામાં આવે છે. બધાંજ બાળકોને શાળામાં પ્રવેશ અપાવવો. શાળામાં પ્રવેશ અપાવ્યા પછી તેઓને શાળામાં નિયમિત મોકલવા અનિયમિત બાળકોના વાલી સાથે કાઉન્સેલીંગ કરવું. વાલીને શિક્ષણથી થતા ફાયદા-લાભની જાણકારી આપવી. સરકારની યોજનાઓ જેવી કે ગણવેશ, પાઠ્યપુસ્તકો, શિષ્યવૃત્તિ, મધ્યાહ્ન ભોજનથી વાલીઓને વાકેફ કરવાં.

બાળક શાળામાં નિયમિત આવશે તો જ આગળ ભણી શકશે. એક સારો નાગરિક તૈયાર કરી શકાશે. બાળકનો શિક્ષા મેળવવાનો અધિકાર હોવાંથી તેને તેનાથી વંચિત રાખવો હિતાવહ નથી.

SMCના સભ્યોને ગામના બધાજ બાળકોને શાળામાં પ્રવેશ અપાવવો અને ગુણવત્તાલક્ષી શિક્ષણ મેળવવા દરરોજ નિયમિત શાળામાં મોકલવા વાલીઓને જણાવવું જરૂરી છે.

### 14.2.8 સર્વ શિક્ષણ અભિયાન સંબંધી જોગવાઈ

**આર.ટી.ઈ. 2009 - શાળા વ્યવસ્થાપન સમિતિ**

સ્વતંત્ર ભારતના બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ 45 મુજબ આપણે એવા પ્રયાસો કરવાના હતા, જેથી 6 થી 14 વર્ષના વયજૂથના તમામ બાળકો મફત પ્રાથમિક શિક્ષણ મળે. બંધારણ અમલમાં આવ્યું ત્યારથી દસ વર્ષના ગાળામાં આપણે આ કામ કરવાનું હતું. સ્વતંત્રતા પછી તરત જ આ અંગે ઘણું બધું કામ થયું છે. વર્ષ 1986ની નવી શિક્ષણનીતિ અને ત્યારબાદ ડીપીઈપી (જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ જેવી મહત્ત્વાકાંક્ષી યોજનાઓ વગેરેએ પણ આપણા પ્રયાસોમાં મદદ કરી. ત્યારબાદ 2001 થી સર્વ શિક્ષણ અભિયાનનો અમલ દેશ વ્યાપી અને સાર્વત્રિક રીતે થયો. આ યોજનાઓ અને કાર્યક્રમોના અમલ દરમિયાન એવું લાગ્યુ કે પ્રાથમિક શિક્ષણને બાળકનો મૂળભૂત અધિકાર ગણવામાં આવે તો રાજ્ય સરકારની લઈ શાળા અને સમુદાય સ્તરની તમામ સરકારી સંસ્થાઓ ઉપરાંત નાગરિક સમાજની સંસ્થાઓ પણ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે વધુ સક્રિય બને.

આમ બાળકના પ્રાથમિક શિક્ષણ માટે સામુહિક પ્રયાસ થાય અને જે તે કક્ષાએ જવાબદારી પણ સુનિશ્ચિત થાય એ માટે ''બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009'' સંસદ દ્વારા બનાવવામાં આવ્યો છે. આ કાયદાને ટૂંકમાં આર.ટી.ઈ. (રાઈટ ટુ ઍજ્યુકેશન) 2009 અથવા તો શિક્ષણના અધિકાર તરીકે ઓળખવામાં આવે છે.

શિક્ષણ અધિકાર કાયદા અંતર્ગત પ્રાથમિક શિક્ષણ માટે કેટલીક મહત્ત્વની જોગવાઈઓ કરવામાં આવી છે. આ જોગવાઈઓને આધારે રાજ્ય સરકારે અગત્યના ઠરાવો કર્યા છે. આ ઠરાવોની ટૂંકી વિગત આ મુજબ છે.

શાળામાં દાખલ કરેલ કોઈ પણ બાળકને પ્રારંભિક શિક્ષણ પૂરું થતાં સુધીમાં કોઈપણ ધોરણમાં રોકી શકાશે નહી. અથવા કાઢી મૂકાશે નહીં.

પહેલાં એવું થતું કે બાળક કોઈ એક ધોરણમાં એકાદ - બે વિષયમાં ચાર-પાંચ ગુણ ઓછા આવવાથી નાપાસ થાય તો બાળકે બધાજ વિષયો એક આખા વર્ષ માટે ફરીથી ભણવા પડે. આ ઠરાવને લીધે હવે બાળકોએ આ રીતે પોતાનો સમય બગાડવો નહીં પડે.

કોઈપણ કસોટી લેવાય એ બાળકને પાસ-નાપાસ કરવા નહીં, પરંતુ બાળકને શું અને કેટલું આવડે છે તે ચકાસવાનો છે.

કોઈપણ બાળકને શારીરિક શિક્ષા  અથવા માનસિક કનડગત કે માનસિક ત્રાસ આપી શકાશે નહીં.

શિસ્તના પરંપરાગત ખ્યોલોથી દોરવાઈને શાળાઓમાં કેટલીવાર બાળકને સુધારવા માટે શારીરિક શિક્ષા કરવામાં આવે છે. આવી શિક્ષાથી બાળકનો વિકાસ થતો નથી, પરંતુ તેનો વિકાસ અટકે છે. એની સ્વતંત્ર વિચારશક્તિ કુંઠિત થાય છે. તેથી કાયદામાં શિક્ષા અંગે શિક્ષકને મનાઈ ફરમાવવામાં આવી છે.

શાળાઓમાં વર્ગખંડોમાં કેટલીવાર બાળકનું અપમાન થાય એ રીતે એની જ્ઞાતિના નામે કે પછી બાળક ભણવામાં નબળો હોય તો મૂર્ખ, નકામો વગેરે જેવાં અપમાનજનક શબ્દોથી એને સંબોધવામાં આવે છે. આને લીધે પણ બાળકની સુષુપ્ત શક્તિઓ કુંઠિત થાય છે અને એનો વિકાસ રૂંધાય છે.

કોઈપણ શિક્ષક ખાનગી ટ્યુશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃત્તિ કરી શકશે નહીં.

કોઈપણ શિક્ષક અથવા વ્યક્તિ શાળામાં બાળકને દાખલ કરતી વખતે કોઈપણ પ્રકારની

કેપિટેશન ફી વસુલ કરશે નહિ અને શાળામાં પ્રવેશ માટે બાળક અથવા તેના માતાપિતા-વાલીને તપાસ કે ઈન્ટરવ્યુમાંથી પસાર કરશે નહીં.

ઉપરોક્ત જોગવાઈનો અર્થ એ છે કે કોઈપણ શાળા વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે કોઈપણ પ્રકારની કેપિટેશન ફી / સિક્યોરીટી ડિપોઝીટ, કોઈપણ પ્રકારનું દાન, શાળા દ્વારા નિયત કરેલી ફી ઉપરાંતની કોઈપણ પ્રકારની રકમ વાલી કે બાળક પાસેથી લઈ શકે નહીં.

કેટલીક ખાનગી શાળાઓ બાળકના પ્રવેશ માટેનું ફોર્મ આપવાનો પણ ઈન્કાર કરે છે. હવેથી કોઈપણ બાળકને પ્રવેશ માટેનું ફોર્મ ફરજિયાત રીતે આપવાનું છે અને પ્રવેશ ઈન્ટરવ્યુ પ્રથા ન હોવાંથી જેટલાં બાળકોને પ્રવેશ માટેની અરજીઓ આવી હોય તે પૈકી વહેલા તે પહેલાના ધોરણે અથવા ડ્રો કરીને પ્રવેશ આપવાનો રહેશે.

શૈક્ષણિક વર્ષ દરમ્યાન ધો 6 થી 8 માટે કામકાજના 220 દિવસ અને વર્ષ દીઠ ઓછામાં ઓછા 1000 કલાકનું શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે.

પ્રાથમિક શાળામાં દરેક શિક્ષકે અઠવાડિયાની 45 કલાકની કામગીરી કરવાની રહેશે. એટલે કે દિવસની શાળાઓમાં સોમથી શુક્ર દરમિયાન દરરોજ આઠ કલાક અને શનિવારે પાંચ કલાકની કામગીરી કરવાની રહેશે.

ઉપરોક્ત જોગવાઈઓનો હેતુ એ છે કે બાળક શાળામાં જેટલો સમય રોકાય તે સમય દરમિયાન એને પૂરતું ભણવાનું મળે.

વર્ગકાર્ય ઉપરાંત શાળા સમયમાં શિક્ષકે વર્ગશિક્ષણની તૈયારી, બાળકોની નોટબુક, સ્વાધ્યાય પોથી વિગેરે ચકાસવા જેવી કામગીરી કરવાની છે. આ સમય દરમિયાનમાં શિક્ષકે શાળામાં હાજર રહેવાનું છે.

## 10.3 મધ્યાહ્‌ન ભોજન યોજના

### 10.3.1 પ્રસ્તાવના

- સર્વ શિક્ષણ અભિયાનના ભાગરૂપે મધ્યાહ્‌ન ભોજન યોજનાનો અમલ કરવાનું વિચારવામાં આવ્યું છે.
- બાળકો શાળાએ જુદાં જુદાં વિસ્તારમાંથી આવે છે. તેઓની આર્થિક પરિસ્થિતિ નબળી જોવા મળે છે. તેઓને બે ટાઈમ ભોજન પણ મળતું નથી. શાળાએ ભૂખ્યા પેટે આવે છે. શાળામાં ભૂખ્યા પેટે આવે ત્યારે શિક્ષણમાં ધ્યાન કેન્દ્રિત કઈ રીતે કરી શકે ?
- ભૂખ્યાં બાળકો અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત ન કરી શકવાને કારણે શાળા છોડી ને ઘેર જતાં રહે છે. તેઓની હાજરી અનિયમિત બની જાય છે. તેથી અધવચ્ચેથી શાળા છોડી દે છે.
- આવું ન બને એટલે માટે પ્રાથમિક વિભાગમાં ફરજિયાત રીતે મધ્યાહ્‌ન ભોજન યોજનાનો અમલ કરવામાં આવેલ છે.
- બધાજ બાળકોને રિસેષના સમયે ભોજન આપવામાં આવે છે. ખાસ કરીને સરકારી શાળા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે.
- મધ્યાહ્‌ન ભોજન યોજનાને કારણે બાળકોની હાજરીનું પ્રમાણ વધી ગયું છે. આ એક સારી બાબત ગણી શકાય.
- મધ્યાહ્‌ન ભોજન યોજનામાં એક મર્યાદાઓ છે. ખોરાક હલકી ગુણવત્તાવાળો આપવામાં આવે છે.

- નોબેલ પ્રાઈઝ વિજેતા પ્રો.આમર્ત્ય સેન કહે છે. ''પ્રાથમિક શિક્ષણની સદ્ધરતા વિના સમાજની કરોડરજ્જુ સ્થિર ન રહે, રાષ્ટ્ર ક્યારેય પ્રગતિ ન કરી શકે.'' સાર્વત્રિક અને વૈશ્વિકરણ સંદર્ભમાં માત્ર વ્યાપ પૂરતો નથી. તેમા ગુણવત્તા અને જરૂરિયાત પણ ઉમેરવા જોઈએ. અહી ગુણવત્તા અને જરૂરિયાત શબ્દ મધ્યાહ્‌ન ભોજનમાં અક્ષરશઃ લાગુ પડે છે.

ભારત દેશ વસ્તીની દષ્ટિએ વિશ્વમાં બીજા નંબરનું સ્થાન ધરાવે છે. જેમ વસ્તી વધારે તેમ તેમની રહેવાની, જમવાની, વ્યવસાયની વગેરે સમસ્યાઓ પણ ગંભીર રીતે વિસ્તરતી હોય છે. આમ પણ ભારત દેશ એ ગામડાઓનો બનેલો દેશ છે. મોટા ભાગના લોકો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. આપણા દેશના 40% વિદ્યાર્થીઓ જુદાં જુદાં સામાજિક અને આર્થિક ક્ષેત્રે કહેવાતા નબળા વર્ગોમાંથી આવે છે. ભારતના બંધારણમાં આર્ટિકલ-39 મુજબ રાજ્યમાં રહેતા તમામ લોકો માટે આરોગ્ય અને તંદુરસ્તી માટેની જોગવાઈ કરવાની રહે છે. સામાજિક અને રાષ્ટ્રીય એકતાના મુખ્ય સંદેશ સાથે ભારતમાં સૌ પ્રથમ 1982માં તામિલનાડુમાં મધ્યાહ્ન ભોજન આપવાની શરૂઆત કરવામાં આવી, જ્યારે ગુજરાતમાં તેની શરૂઆત 19 મી નવેમ્બર 1984થી કરવામાં આવી નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર મધ્યાહ્ન ભોજન યોજનાને ફરજિયાતપણે વર્ષમાં ઓછામાં ઓછા 200 દિવસ બાળકોને ભોજન આપવાનું નક્કી કરવામાં આવ્યું. જે અંતર્ગત સરકાર હસ્તકની પ્રાથમિક શાળાઓમાં આ યોજના શરૂ કરવામાં આવી. નેશનલ પ્રોગ્રામ ઓફ ન્યુટ્રિશન સ્કીમ ઓફ ઍજ્યુકેશન હેઠળ આ યોજના કાર્યરત છે.

### 10.3.2 હેતુઓ

- કુપોષણની સમસ્યાઓનો ઉકેલ લાવવો.
- વિદ્યાર્થીઓના આરોગ્ય અને પોષણ મૂલ્યોમાં વધારો કરવો.
- ગરીબ બાળકોને શાળામાં આવા પ્રોત્સાહન આપવું.
- બાળકોના ડ્રોપઆઉટ દરમાં ઘટાડો કરી હાજરીમાં વધારો કરવો.
- બાલ્યાવસ્થાથી જ બાળકોમાં સામાજિક અને રાષ્ટ્રીય એકતાનું જોડાણ કરવું.
- ગ્રામ્ય કક્ષાએ રોજગારીની તકો પૂરી પાડવી.
- પરોક્ષ રીતે રાજ્ય તેમજ રાષ્ટ્રમાંથી ગરીબી દૂર કરવી.
- છેલ્લી NP NSPE ગાઈડ લાઈન મુજબ પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવું.

**વિષયવસ્તુ :**

### 10.3.3 મધ્યાહ્ન ભોજનના અમલીકરણની વ્યવસ્થા

ગુજરાત રાજ્યના સંદર્ભમાં મધ્યાહ્ન યોજનાનું અમલીકરણ શિક્ષણ વિભાગના નેજા હેઠળ કમિશ્નર ઓફ સ્કૂલ્સની કચેરી દ્વારા કરવામાં આવે છે. મધ્યાહ્ન ભોજન યોજનાની રાજ્ય સ્તરથી શરૂ કરી શાળા સુધીની અમલીકરણ સાંકળ નીચે મુજબ છે :-

શિક્ષણ ખાતું
↓
કમિશ્નર

| ↓ | ↓ |
|---|---|
| જોઈન્ટ કમિશ્નર | કલેક્ટર/મ્યુનિ.કમિશ્નર |
| ↓ | ↓ |
| આસિ.કમિશ્નર (અમલીકરણ) | ડેપ્યુટી કલેક્ટર/ડેપ્યુટી મ્યુનિ.કમિશ્નર |
| ↓ | ↓ |
| મામલતદાર | નાયબ મામલતદાર (વહી.) |
| ↓ | નાયબ મામલતદાર (એકા.) |
| એકાઉન્ટ ઓફિસર | ↓ |
| ↓ | નાયબ મામલતદાર (ઈન્સ્પે.) |

રીસર્ચ ઓફિસર → નાયબ મામલતદાર →

નાયબ મામલતદાર (એકા..) → નાયબ જિલ્લા પ્રા.શિક્ષણ અધિકારી → સંચાલક (શાળા)

### 10.3.4 દૈનિક ખાદ્ય સામગ્રીના માપદંડ :

**નોંધ :** ધો.1 થી 5 માં દૈનિક 450 ગ્રામ કેલરી તથા 15 ગ્રામ પ્રોટીન મળવું જોઈએ.

ધો.6 થી 8માં દૈનિક 750 ગ્રામ કેલરી તથા 20 ગ્રામ પ્રોટીન મળવું જોઈએ.

| ક્રમ | વસ્તુ | ધો 1 થી 5 પ્રાથમિક | ધો.6 થી 8 ઉચ્ચ પ્રાથમિક |
|---|---|---|---|
| 1 | અનાજ (ઘઉં, ચોખા) | 100 ગ્રામ / 50 ગ્રામ | 150 ગ્રામ |
| 2 | દાળ-કઠોળ | 20 ગ્રામ | 30 ગ્રામ |
| 3 | શાકભાજી | 50 ગ્રામ | 75 ગ્રામ |
| 4 | ખાદ્યતેલ | 10 ગ્રામ | 10 ગ્રામ |
| 5 | મીઠું અને મરી મસાલા | જરૂરિયાત મુજબ | જરૂરિયાત મુજબ |
| | કુલ | 180 ગ્રામ | 265 ગ્રામ |

ફુડ ગ્રેઈન ફ્લો ચાર્ટ

↓

ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા

↓

ગુજરાત રાજ્ય પુરવઠા નિગમ

↓

જિલ્લા ગોડાઉન

↓

તાલુકા ગોડાઉન

↓

એફ.પી.એસ.

↓

એમ.ડી.એસ. સેન્ટર

↓

સંચાલક

### 10.3.5 એન.જી.ઓની કામગીરી

- અક્ષયપાત્ર, પશ્ચિમ અમદાવાદ, ગાંધીનગર જીલ્લાના ત્રણ તાલુકા, વડોદરા તથા સુરત શહેર
- સ્ત્રી શક્તિ, પૂર્વ અમદાવાદ અને વધારાના ત્રણ તાલુકા
- નાયક ફાઉન્ડેશન નવસારી જિલ્લો.

**મોનિટરીંગ અને ઈવેલ્યુએશન રિપોર્ટ :**

- શંગુઈન મેનેજમેન્ટ સર્વિસ પ્રા.લિ. અમદાવાદ.

- સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રીસર્ચ
- ધી મહારાજ સયાજીરાવ ગાયકવાડ યુનિ. વડોદરા.

### 10.3.6 મધ્યાહ્ન ભોજન અમલવારી ઉપર દેખરેખ અને નિયંત્રણ

- બાળકોને દરરોજ શાળામાં ગરમ (તાજું) જમવાનું મળે તેની કાળજી રાખવી.
- જે તે દિવસના મેનુમાં દર્શાવ્યા મુજબની વાનગી બાળકોને મળે તેની ખાતરી કરવી.
- જે તે દિવસના મેનુમાં દર્શાવ્યા મુજબ દરેક વસ્તુઓ કઠોળ, શાકભાજી અને તેલ વાપરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.
- મધ્યાહ્ન ભોજન સંચાલક દ્વારા વાપરવામાં આવતી ભોજન સામગ્રી પોષક અને ગુણવત્તાયુક્ત હોય તેની ખાતરી કરવી.
- દરેક બાળકને તેઓની જરૂરિયાત પ્રમાણે પૂરતા પ્રમાણમાં ભોજન આપવામાં આવે.
- જો સંચાલક, રસોઈયા કે મદદનીશ આ યોજનાના અમલમાં યોગ્ય કાળજી ન લેતાં હોય તો તેમનો સમજાવવા.
- યોજનાને નુકસાન કરનાર જે તે સંચાલક, રસોઈયા કે મદદનીશને દૂર કરી તેમના સ્થાને નવી વ્યક્તિની નિમણૂંક કરવી.

**વિચારો અને ચર્ચા કરો (જૂથ કાર્ય) :**

- મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત આપના અભિપ્રાયો વ્યક્ત કરો.
- મધ્યાહ્ન ભોજનની આવશ્યકતા અને અનિવાર્યતા જણાવો.
- મધ્યાહ્ન ભોજનની શિક્ષણની ગુણવત્તા પર થતી અસરની ચર્ચા કરો.
- તમારી શાળામાં ચાલતી મધ્યાહ્ન ભોજન યોજનાની ગુણવત્તા જાળવી રાખવા તમારું આયોજન સ્પષ્ટ કરો.

**સંદર્ભ :**


- શિક્ષણનો અધિકાર (શાળા વ્યવસ્થાપન સમિતિ) GCERT દ્વારા પ્રકાશિત મોડ્યુલ.


## 10.4 શાળા પ્રવેશ ઉત્સવ

### 10.4.1 પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણને ગતિશીલ બનાવવા માટે 100% નામાંકન 100% સ્થાયીકરણ અને શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે 'શાળા પ્રવેશોત્સવ' અસરકારક કાર્યક્રમ છે. 1998-99ના વર્ષથી શાળા-પ્રવેશોત્સવ નામનો નવતર કાર્યક્રમ 100% નામાંકનનો લક્ષ્યાંક સિદ્ધ થાય તે માટે અમલમાં મૂકવામાં આવ્યો.

કોઈપણ નાગરિક માટે શિક્ષણ મેળવવાનો ભારતનો બંધારણનો મૂળભૂત અધિકાર છે. (Right to Education) રાજ્યના કોઈપણ વિસ્તારનું, કોઈપણ બાળક, કોઈપણ શાળામાં 6 થી 14 વર્ષની ઉંમરે પ્રવેશ મેળવી શકે. કોઈપણ બાળકના આથી વંચિત ના રહે તેવી સરકારશ્રીનો અડગ નિર્ધાર છે. ધર્મ, જાતિ અને આર્થિક સ્થિરતા ભેદભાવ પર સમાનતાના ધોરણે શિક્ષણ આપવાનો ઉદ્દેશ છે. 2002-03 શૈક્ષણિક વર્ષથી શાળા-પ્રવેશોત્સવ, કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમમાં તમામ સ્તરેથી અધિકારશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓ કન્યા કેળવણી પ્રવેશોત્સવ માટે સામાજિક સેવાની ભાવનાથી સક્રિય રીતે જોડાય છે.

નવીન દાખલ થયેલ બાળકોને તે દિવસે શાળામાં પ્રવેશ આપવામાં આવે છે. તેમજ શાળા છોડી ગયેલ બાળકોને શાળામાં પુનઃપ્રવેશ આપવાની કામગીરી પણ કરવામાં આવે છે. સરકારની અનેકવિધ યોજનાઓની જાણકારી અને દિન-પ્રતિદિન ઘટતા જતાં સ્ત્રી-પુરૂષના અપ્રમાણસર

જન્મદરના ગુણોત્તરને પ્રમાણસર કરવા માટે સ્ત્રી ભ્રૂણ હત્યા અને બેટી બચાવો વિશે જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો પણ કરવામાં આવે છે. કન્યા કેળવણીના વિકાસાર્થે તેમજ શૈક્ષણિક ગુણવત્તામાં સુધારો લાવવા માટે આ કાર્યક્રમની છેલ્લા દસ વર્ષથી શિક્ષણયાત્રાને સમાજના દરેક સ્તરના લોકોએ સહર્ષ સ્વીકાર્યો છે. સ્થાનિક નાગરિકોના રચનાત્મક સહકારથી અભૂતપૂર્વ સફળતા મળેલ છે.

કન્યા કેળવણી મહોત્સવ એ આપણા સૌનો કાર્યક્રમ છે. શાળામાં ભણતા બાળકોને આત્મવિશ્વાસ, હૂંફ અને પ્રેરણા અર્પે છે. સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવવામાં પૂરક બને છે.

### 10.4.2 શાળા પ્રવેશ ઉત્સવના હેતુઓ

**હેતુઓ :**

- શાળામાં 100% નામાંકન થાય.
- બાળકોનો શાળા પ્રત્યેનો ડર દૂર થાય.
- ગામમાં શૈક્ષણિક વાતાવરણનું નિર્માણ થાય.
- વાલીઓ શિક્ષણાભિમૂખ અને શાળાની વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ થાય.
- ગામના લોકો શિક્ષણમાં રસ લેતાં થાય.
- શિક્ષકો બાળકો સાથે આત્મીયતા કેળવે.

**શૈક્ષણિક મુદ્દાઓ :**

- શાળા પ્રવેશોત્સવ એટલે શું ?
- શાળા પ્રવેશોત્સવનું મહત્ત્વ.
- શાળા પ્રવેશોત્સવનું આયોજન-અમલીકરણ.
- શાળા પ્રવેશોત્સવની ઉજવણી.
- શાળા પ્રવેશોત્સવની લોકભાગીદારી.

### 10.4.3 શાળા પ્રવેશોત્સવ એટલે શું ?

શાળા પ્રવેશોત્સવ એટલે ગામડાના 6 થી 14 વર્ષના તમામ બાળકોને શાળામાં પ્રવેશ આપવાનો કાર્યક્રમ. 'શિક્ષણને સંસ્કારોથી સુવાસિત કરવાનો કાર્યક્રમ' કોઈપણ વિસ્તારનું કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટેનો ઉત્સવ. બાળકોનો, બાળકો માટે, બાળકો દ્વારા ઉજવાતો કાર્યક્રમ.

ગામની બધી જ દીકરીઓ શાળામાં પ્રવશ મેળવીને પ્રાથમિક શિક્ષણ લઈને પોતાનું જીવન ગુણવત્તા યુક્ત બનાવે. ગામની દીકરીઓ શિક્ષણથી વંચિત ના રહે તે માટેનો ઉત્સવ એટલે 'કન્યા કેળવણી મહોત્સવ'.

### 10.5.4 શાળા પ્રવેશ ઉત્સવનું મહત્ત્વ

**મહત્ત્વ :**

(1) પ્રાથમિક શિક્ષણને ગતિશીલ ભનાવવા 100% નામાંકન સ્થાયીકરણ માટેનો અસરકારક કાર્યક્રમ છે.

(2) બાળકોનો શાળા અને શિક્ષક પ્રત્યેના ડર દૂર થાય છે.

(3) બાળકો શાળાભિમુખ બને છે.

(4) રાજ્યના તમામ જિલ્લામાં તમામ આંતરિયાળ ગામોમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું હોય ત્યાં ઢોલ, નારા, ઊંટગાડી સાથે રેલી કાઢીને ગામમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવી શકાય છે.

(5) વાલીઓ શાળામાં યોજાતી પ્રવૃત્તિઓમાં સહભાગી બને છે.

(6) શાળામાં પ્રવેશ મેળવીને દીકરીઓ 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' નો લાભ મેળવે છે.

(7) શાળા છોડી ગયેલ બાળકોને પણ શાળામાં પુનઃપ્રવેશ આપવામાં આવે છે.

(8) સ્ત્રી-પૂરૂષના અપ્રમાણસર જન્મદરના ગુણોત્તરને પ્રમાણસર કરવા સ્ત્રી-ભ્રૂણહત્યા અને બેટી બચાવો વિશે સામાજિક જાગૃતિ લાવવામાં અસરકારક નીવડે છે.

(9) ધર્મ, જાતિ અને આર્થિક સ્થિતિના ભેદભાવ વગર સમાનતાના ધોરણે શિક્ષણ મેળવી શકે છે.

**10.4.5 આયોજન અને અમલીકરણ**

- દરેક ગામમાં શાળાના આચાર્ય, ગામના આગેવાનો સી.આર.સી. કો.ઓર્ડિનેટર તથા શિક્ષકોએ એસ.એમ.સીના સભ્યે સાથે રહીને આયોજન કરવું.
- શાળામાં પ્રવેશપાત્ર 6 થી 14 વર્ષની વય જૂથના બાળકોની યાદી બનાવવી.
- શાળામાંથી અધવચ્ચે શાળા છોડી ગયેલ બાળકોને શાળા-પ્રવેશ આપવા આયોજન કરવું.
- આંગણવાડી કાર્યકર્તાઓનો સહયોગ મેળવવો.
- ગામમાં તેમજ ગામથી દૂર અંતરિયાળ વિસ્તારોાં રહેતાલોકોનો સંપર્ક કરી શાળા પ્રવેશ માટે તૈયાર કરવા.
- બાળકોને પાટી-પેન, નોટબુકો, રમકડાં જેવી ભેટ તથા મીઠાઈ આપી શકે તે માટે અગાઉથી સંપર્ક કરી દાતાઓ તૈયાર કરવા.
- સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ સરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ, શિક્ષણ સાથે સંકળાયેલ વ્યક્તિઓને શિક્ષકોની સાથે રહીને ડોર ટુ ડોર સંપર્ક કરી પ્રવેશપાત્ર કન્યાઓના નામાંકન કરી શાળા પ્રવેશ કરાવવો.
- શાળામાં સ્થાયીકરણ થાય તેવું આનંદમયી વાતાવરણ નિર્માણ કરવું.
- વિદ્યાલક્ષી યોજના, મધ્યાહ્ન ભોજન, શિષ્યવૃત્તિ, મફત પાઠ્યપુસ્તક વગેરે જેવી વિવિધ યોજનાઓથી વાલીઓને વાકેફ કરવા.
- ગણિત-વિજ્ઞાન પ્રદર્શન, બાલમેળો, રમતોત્સવ જેવી પ્રવૃત્તિઓથી વાલીઓને માહિતગાર કરવા.
- પ્રચાર-પ્રસાર માટે ગામમાં અને શાળાના પ્રવેશદ્વાર પાસે શાળા-પ્રવેશોત્સવનું બેનર લગાવવું.
- શાળા પ્રવેશ મેળવવા પાત્ર કોઈપણ બાળક વંચિત ન રહે તેની કાળજી રાખવી.

**10.4.6 શાળા પ્રવેશ ઉત્સવની ઉજવણી**

- શાળા પ્રવેશોત્સવના દિવસે શણગારેલું બળદગાડું, ઊંટગાડી, ઘોડાગાડી તેમજ સ્થાનિક સંગીતના સાધનો સાથે રેલી કાઢવી.
- નવા દાખલ થતાં બાળકોને શણગારેલ વાહનોમાં બેસાડી સરઘસના રૂપમાં શાળામાં લાવવા.
- શાળામાં બાળકોને કંકુ-તિલક કરી, ટોપી પહેરાવીને સ્વાગત કરવું.
- શાળામાં બધાંજ બાળકોને ચોકલેટ, બિસ્કીટ કે મીઠાઈની વહેંચણી કરવી.
- શાળામાં રંગોળી પૂરવી, બેનર લગાવવું.
- શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવું.
- શાળામાં મફત પાઠ્ય-પુસ્તકોનું વિતરણ કરવું.
- ગામમાં લોકસહકારથી અથવા દાતાઓ તરફથી મળેલ સ્કૂલ બેગ, પાટી પેનનું વિતરણ કરવું.
- શાળામાં સુશોભન કરીને શાળાને શણગારવી.

- ગામમાં વાલી ભાઈ-બહેનોને આમંત્રણ આપીને બોલાવવા.
- બાળકોને બાળગીતો, બાળવાર્તા જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવીને આત્મીયતા કેળવવા પ્રયાસ કરવો.
- શાળામાં નામાંકન થયેલ બાળકોની યાદી બનાવવી.

**10.4.7 શાળા પ્રવેશ ઉત્સવનાં લક્ષ્યાંકો**

શાળા પ્રવેશ ઉત્સવના લક્ષ્યાંકો નીચે મુજબ છે.

(1) આંગણવાડીમાં બાળકોનું 100% નામાંકન કરવું.

(2) ધોરણ-1 માં 100% નામાંકન કરવું.

(3) ધોરણ-1 થી 8માં ડ્રોપ આઉટ થયેલ બાળકોનું પુનઃ નામાંકન કરવું.

(4) ધોરણ - 8ના બાળકોનું ધોરણ-9માં 100% નામાંકન કરવું.

(5) ડ્રોપ આઉટ થયેલ બાળકોના વાલી સાથે મુલાકાત કરવી.

(6) ડ્રોપ આઉટ થવા માટેના કારણો જાણી સૂચનો મેળવવા.

**10.4.8 શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમની કાર્યસૂચિ**

શાળા પ્રવેશ ઉત્સવની કાર્યસૂચિ નીચે મુજબ છે.

(1) 'મનુષ્ય ગૌરવ ગાન-મનુષ્ય તુ બડા મહાન હૈ.'

(2) રાષ્ટ્રભક્તિ ગીતનું ગાન

(3) યોગ્ય પરિભય નિદર્શન-સ્ટેજ પર ગ્રુપ દ્વારા રજૂઆત.

(4) આંગણવાડીમાં દાતાઓ દ્વારા મળેલ રમકડાંઓનું અર્પણ

(5) વિદ્યાલક્ષ્મી બોન્ડ, ચેક અર્પણ, શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય, અને પાઠ્યપુસ્તક વગેરેનું વિતરણ.

(6) ધો. 3 થી 8 માં શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનું પુસ્તક દ્વારા સન્માન.

(7) વાહન વ્યવસ્થા દ્વારા આવેલ બાળકોનું વાહન સાથે સ્વાગત.

(8) અમૃત વચન -

સ્વચ્છતા અભિયાન, બેટીબચાવો, પાણી બચાવો અને વૃક્ષારોપણ વિષય પર બે વિદ્યાર્થીઓનું વકતવ્ય.

(9) મુખ્ય મહેમાનનું સંબધોધન

(10) વૃક્ષારોપણ (સરગવા, ફળના છોડ) - વિદ્યાર્થી / વાલી દ્વારા

(11) તમામ શાળામાં 8 થી 10 જૂન દરમ્યાન સફાઈ અભિયાન હાથ ધરવાનું રહેશે જેની સમીક્ષા પ્રવેશ ઉત્સવ દરમ્યાન કરવામાં આવશે.

**10.4.9 શાળા પ્રવેશ ઉત્સવ માટે કાર્યસૂચિ માટે અન્ય સૂચનાઓ**

(1) સી.આર.સી. એ. ધો.8 ના વિદ્યાર્થીઓ ધો.9 માં કઈ શાળામાં પ્રવેશ મેળવે છે તેની માહિતી તૈયાર કરવાની રહેશે.

(2) બાળકોને સુખડી સાથે કેળુ, ચીકુ, સફરજન જેવા ફળો આપી શકાય તે માટે ધ્યાન રાખવું.

(3) ''મનુષ્ય ગૌરવગાન'' સંગીત વૃંદ અને અભિનય સાથે રજૂ કરવું.

(4) યોગ્ય પરિચય નિદર્શનમાં દસ-પંદર બાળકો દ્વારા અને અલગ સ્ટેજ પર પ્રદર્શિત કરવું.

(5) પદાધિકારી, અધિકારીશ્રીઓ, પ્રવેશ પામતાં બાળકોનું કંકુ, ચંદન, તિલક, ગુલાબ, પાંદડીથી સ્વાગત કરવું નહીં.

(6) પ્રવેશ પામતા બાળકોના ડ્રેસ પર માત્ર તેમના નામનું બેઈઝ લગાવવું.

(7) પ્રવેશપાત્ર બાળકોના મસ્તક પર કશું પહેરાવવું નહી.

(8) વિદ્યાર્થીઓને આપવાના પાઠ્યપુસ્તકો પર નામ લખવા કે સ્ટીકર લગાવવાના રહેશે.

**10.5.10 પ્રવેશ ઉત્સવ પ્રસંગના સૂત્રો**

- ''આપણા પ્રયત્નો થકી વાતાવરણ પલટાવીએ, બાળકોના ભાવિને સાથે મળી શણગારીએ.''
- ''દેહ માસુમ હો ભલે, તાકાત એની ભવ્ય છે. બાળકોના ભાગ્યના દ્વારે ટકોરો મારીએ.''
- ''ચાલોને ! આપણે નિજ જાત પર ઉપકાર કરીએ, ચમનનાં આ ફૂલોનો પ્રેમથી સત્કાર કરીએ.''
- ''હોય તિમિર, ત્યાં ટમટમતું એક ફાનસ થઈએ, માણસનો અવતાર મળ્યો છે, માણસ થઈએ''
- ''આજનું ભણતર આવતી કાલનું ભવિષ્ય છે.''
- ''શિક્ષણ એ મારું સ્વાભિમાન.''

**10.5 સારાંશ**

- પ્રાથમિક શિક્ષણ માટે મફત, સાર્વગિક અને ફરજિયાત બંધારણમાં જોગવાઈ કરવામાં આવી છે. 6 થી 14 વર્ષના બાળકોને ફરજિયાત શિક્ષણ આપવું. આ બાળકોને શાળાએ આવે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી.
- આ બાબતની જવાબદારી કેન્દ્ર સરકારે સ્વીકારી છે. રાજ્ય સરકાર સંયક્ત યાદીમાં મુકવામાં આવેલ છે.
- વિદ્યાર્થીઓ શાળાાં આવે તે માટે જાહેરાત ટી.વી. કાર્યક્રમ, વર્તમાન પેપરમાં જાહેરાત, રેડિયો, સમૂહ માધ્યમોનો ઉપયોગ કરીને ઝુંબેશ શરૂ કરી.
- આ માટે સરકારે શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ, વગેરે બાબતો ધ્યાનમાં રાખી શિક્ષણના સાર્વત્રિકરણ થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આ પ્રકારના શિક્ષણને સર્વશિક્ષણ અભિયાનના નામે ઓળખવામાં આવે છે.
- સર્વશિક્ષણ અભિયાન માટે શાળામાં કેટલાંક કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે, તેમજ શાળા માટે ગ્રાંટની વ્યવસ્થા કરવામાં આવી છે.
- સર્વ શિક્ષણ અભિયાનને વેગવાન બનાવવા માટે શાળામાં મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા ગોઠવવામાં આપેલ છે.
- વાલીઓની આર્થિક પરિસ્થિતિ નબળી છે. બે ટાઈમનું ખાવાનું થવા મળતું નથી, તે બાબત ધ્યાનમાં રાખી શાળામાં મધ્યાહ્ન યોજના અમલમાં મૂકી છે જેથી બાળકો શાળામાં આવતા થાય.
- મધ્યાહ્ન ભોજન યોજનાને કારણો અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ પણ ઓછું કરવાનો હેતુ છે.
- શાળા વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ આવે તે માટે શાળા પ્રવેશ ઉત્સવ વર્ષની શરૂઆતમાં ઉજવવામાં આવે છે. ઉત્સવ જેવો કાર્યક્રમ ગોઠવવામાં આવે છે. સાંસ્કૃતિક કાર્યક્રમ પણ સાથે રાખવામાં આવે છે.

## 10.6 એકમ સ્વાધ્યાય

(1) સર્વ શિક્ષણ અભિયાન એટલે શું ?

(2) સર્વ શિક્ષણ અભિયાનના હેતુઓ જણાવો.

(3) સર્વ શિક્ષણ અભિયાનની પ્રવૃત્તિઓ જણાવો.

(4) સર્વ શિક્ષણ અભિયાન દ્વારા શાળાને આપવામાં આવતી ગ્રાન્ટ જણાવો.

(5) સર્વશિક્ષણ અભિયાન સંબંધી જોગવાઈ જણાવો.

(6) શાળા વ્યવસ્થાપન સમિતિની રચના જણાવો.

(7) શાળા વ્યવસ્થાપન સમિતિના કાર્યો અને ફરજો જણાવો.

(8) શાળા વ્યવસ્થાપન સમિતિનું માળખું જણાવો.

(9) મધ્યાહ્ન ભોજન યોજનાના હેતુઓ જણાવો.

(10) મધ્યાહ્ન ભોજન યોજનાનું અમલીકરણ વ્યવસ્થા જણાવો.

(11) દૈનિક ખાદ્ય સામગ્રીના માપદંડ જણાવો.

(12) એન.જી.ઓ.ની કામગીરી જણાવો.

(13) શાળા પ્રવેશ ઉત્સવના હેતુઓ જણાવો.

(14) શાળા પ્રવેશ ઉત્સવ એટલે શું ?

(15) શાળા પ્રવેશ ઉત્સવનું મહત્ત્વ જણાવો.

(16) શાળા પ્રવેશ ઉત્સવનું આયોજન અને અમલીકરણ જણાવો.

## 10.7 તમારી પ્રગતિ ચકાસો

- **બહુ વિકલ્પ પ્રશ્નો :**

- આપેલ વિધાનની નીચે જણાવેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

(1) સર્વ શિક્ષા અભિયાનમાં બંધારણમાં કઈ ઉંમર નક્કી કરવામાં આવે છે.

(A) 6 થી 14 વર્ષ (B) 7 થી 12 વર્ષ

(C) 1 થી 6 વર્ષ (D) 12 થી 18 વર્ષ

(2) સર્વ શિક્ષા અભિયાન કઈ બાબત પર ભાર મૂકે છે.

(A) શિક્ષણ (B) સમાજ

(C) શાળા (D) મંડળ

(3) મધ્યાહ્ન ભોજન યોજના કેમ અમલી બની ?

(A) બાળકોને શાળામાં લાવવા (B) બાળક અભ્યાસ કરે તે માટે

(C) બાળકોને ઘરમાં લાવવા (D) બાળક શાળા છોડે તે માટે

(4) રાષ્ટ્રીય જ્ઞાન પંચ ક્યારે અમલમાં આવ્યું ?

(A) 13-6-2005 (B) 15-8-1950

(C) 26-1-1947 (D) 26-1-1948

(5) રાષ્ટ્રીય જ્ઞાન પંચની કઈ ભલામણ કરવામાં આવી છે ?

(A) ભાષા શિક્ષણ (B) સમાજ વિદ્યા

(C) વિજ્ઞાન શિક્ષણ (D) ચિત્રકળા

(6) રાષ્ટ્રીય જ્ઞાન પંચની કઈ ભલામણમાં કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવેલ નથી ?

(A) સાક્ષરતા અભિયાન (B) ગ્રંથાલયનો વિકાસ

(C) ભાષા શિક્ષણ (D) ગણિતનો વિકાસ

(7) શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ કયા વર્ષથી ઉજવવામાં આવે છે ?

(A) 2002-2003 (B) 2004-2005

(C) 2003-2004 (D) 2005-2006

(8) શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ એટલે શું ?

(A) 6 થી 14 વર્ષના તમામ બાળકોને પ્રવેશ

(B) 8 થી 14 વર્ષના તમામ બાળકોને પ્રવેશ

(C) 10 થી 14 વર્ષના તમામ બાળકોને પ્રવેશ

(D) 12 થી 18 વર્ષના તમામ બાળકોને પ્રવેશ

(9) શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ એટલે શું ?

(A) શિક્ષણથી વંચિત ન રહે તે માટેનો ઉત્સવ

(B) કન્યા ઊઠી ન જાય તે માટેનો ઉત્સવ

(C) વાલીને પ્રોત્સાહન આપવાનો કાર્યક્રમ

(D) શાળાને પ્રોત્સાહન આપવાનો કાર્યક્રમ

(10) શાળા પ્રવેશ ઉત્સવની ઉજવી શા માટે કરવામાં આવે છે ?

(A) બાળકોને શાળાનો ડર દૂર કરવા

(B) સમાજનો ડર દૂર કરવા

(C) આચાર્યનો ડર દૂર કરવા

(D) વાલીને બાળકનો સાચવણીમાંથી મુક્ત કરવા

(11) શાળા પ્રવેશ શા વમાટે ઉજવવામાં આવે છે. ?

(A) ગામમાં શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવા

(B) કુટુંબમાં શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવા

(C) પાડોશમાં શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવા

(D) સગામાં શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવા

(12) શાળા પ્રવેશ ઉજવણી વખતે બાબતોને શું આપવામાં આવે છે ?

(A) અભ્યાસ સામગ્રી (B) ઘરની સામગ્રી

(C) રોકડ નાણાં (D) સર્ટિફિકેટ

(13) શાળા પ્રવેશ ઉજવણી સમયે બાળક શાળામાં પ્રવેશ મેળવે કે તરત જ પ્રથમ શું કરવામાં આવે છે ?

(A) કંકુ તિલકથી સ્વાગત (B) વાલીનું સ્વાગત

(C) અભ્યાસ સામગ્રી આપવી (D) મંડળનું સ્વાગત

(14) રાષ્ટ્રીય જ્ઞાન પંચનો કયો હેતુ હતો ?

(A) જ્ઞાનના નવા જ પ્રકારના સ્વરૂપોનું સર્જન

(B) જ્ઞાનના જૂના પ્રકારના સ્વરૂપોનું સર્જન

(C) ગણિત-વિજ્ઞાનનો વિકાસ કરવો.

(D) ચિત્રકળાનો વિકાસ કરવો.

## 10.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

- **બહુવિકલ્પ પ્રશ્નોના સાચા જવાબો**

(1) (A) 6 થી 14 વર્ષ

(2) (A) શિક્ષણ

(3) (A) બાળકોને શાળામાં લાવવા

(4) (A) 13-6-2005

(5) (A) ભાષા શિક્ષણ

(6) (D) ગણિતનો વિકાસ

(7) (A) 2002-2003

(8) (A) 6 થી 14 વર્ષના તમામ બાળકોને પ્રવેશ

(9) (A) શિક્ષણથી વંચિત ન રહે તે માટેનો ઉત્સવ

(10) (A) બાળકોને શાળાનો ડર દૂર કરવા

(11) (A) ગામમાં શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવું

(12) (A) અભ્યાસ સામગ્રી

(13) (A) કંકુ તિલકથી સ્વાગત

(14) (A) જ્ઞાનના નવાં જ પ્રકારના સ્વરૂપોનું સર્જન

## 10.9 સૂચિત વાંચન સામગ્રી

(1) બારૈયા વી.વી : સમકાલીન ભારત અને શિક્ષણ
તથા અન્ય પ્રતીક પ્રકાશન, અમદાવાદ

એકમ 15

# નિરક્ષરતા નિવારણ કાર્યક્રમ

## : રૂપરેખા :

15.1 પ્રસ્તાવના

15.2 નિરક્ષરતાનો અર્થ

15.3 નિરક્ષર વ્યક્તિની લાક્ષણિકતાઓ

15.4 નિરક્ષરતાની સમસ્યા

15.5 નિરક્ષરતાના કારણો

15.6 નિરક્ષરતાની અસરો

15.7 નિરક્ષરતા નિવારણના ઉપાયો

15.8 નિરક્ષરતા નિવારણના કાર્યક્રમો

15.9 સાક્ષરતા વધારવાના ઉપાયો

15.10 મહિલા સામર્થ્ય કાર્યક્રમ

15.11 પ્રાથમિક શિક્ષણમાં પ્રાદેશિક અસમાનતાની સમસ્યા

15.12 પ્રાથમિક શિક્ષણનું સંચાલન

15.13 નિરક્ષરતા નિવારણની આવશ્યકતા

15.14 નિરક્ષરતા નિવારણ ક્યારે થયું ગણાય ?

15.15 નિરક્ષરતા નિવારણને અવરોધતા પરિબળો

15.16 સારાંશ

15.17 એકમ સ્વાધ્યાય

15.18 તમારી પ્રગતિ ચકાસો

15.19 સૂચિત વાંચન સામગ્રી

---

- **ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી, તમે નીચે જણાવેલ બાબતો માટે શક્તિમાન બનશો :

1. નિરક્ષરતાની સમસ્યા સમજી શકશો.
2. નિરક્ષરતા નિવારણ માટેના ઉપાયો અને પ્રયત્નો સમજી શકશો.
3. પ્રાથમિક શિક્ષણમાં અસમાનતાની સમસ્યા સમજી શકશો.
4. પ્રાથમિક શિક્ષણનું સંચાલનની આનુષંગિક સમસ્યાઓ સમજી શકશો.
5. કેન્દ્ર સરકારનું કાર્યક્ષેત્ર અને જવાબદારી સમજી શકશો.
6. પ્રાથમિક શિક્ષણ અંગે રાજ્ય સરકારોનું કાર્યક્ષેત્ર સમજી શકશો.
7. પ્રાથમિક શિક્ષણ અંગે સ્થાનિક સંસ્થાઓની ભૂમિકા સમજી શકશો.
8. પ્રાથમિક શિક્ષણ અંગે સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા સમજી શકશો.
9. પ્રાથમિક શિક્ષણ અંગે નાણાંકીય સમસ્યા સમજી શકશો.
10. નિરક્ષરતાના કારણો સમજી શકશો.

11. નિરક્ષરતાની અસરો સમજી શકશો.

12. નિરક્ષરતા નિવારણના કાર્યક્રમો સમજી શકશો.

13. સાક્ષરતા વધારવાના ઉપાયો સમજી શકશો.

## 15.1 પ્રસ્તાવના

નિરક્ષરતા એ બહુ મોટી સમસ્યા છે. રાષ્ટ્ર માટે કલંકરૂપ છે. નિરક્ષરતા એ અનેક સામાજિક આર્થિક દૂષણોને જન્મ આપ્યો છે. નિરક્ષરતાને કારણે માનવીનો જોઇએ તેવો વિકાસ થતો નથી. વિજ્ઞાન અને સ્વાસ્થ્યના નિયમોથી અપરિચિત અને અજ્ઞાની બને છે. પરિણામે અંધવિશ્વાસ અને રૂઢિવાદિતાનો જન્મ થાય છે. શેઠ શાહુકારના શોષણનો ભોગ બને છે.

નિરક્ષર માનવી પશુ સમાન છે. શિક્ષણ દ્વારા જ સભ્યતા અને સંસ્કૃતિનો વિકાસ અને સમાજની પ્રગતિ થાય છે. જો માનવીએ પોતાનો સર્વાંગી વિકાસ કરવો હોય અને જીવન સ્તર ઊંચું લાવવું હોય તો શિક્ષણ અનિવાર્ય છે.

પ્રત્યેક સમાજ સાક્ષરતાના મહત્ત્વને સમજે છે. ઘણે ભાગે વિકસિત દેશોમાં સાક્ષરતાનું પ્રમાણ ઊંચુ હોય છે. જ્યારે ભારત અને અન્ય વિકાસશીલ દેશોમાં અને અર્ધવિકસિત દેશોમાં સાક્ષરતાનું પ્રમાણ નીચું છે. આઝાદી પૂર્વે ભારતના વિકાસમાં નિરક્ષરતા બાધક બની હતી. આઝાદી પછી ધીમે ધીમે શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થતાં નિરક્ષરતાનું પ્રમાણ ઘટ્યું છે, પરંતુ હજુ સંપૂર્ણ ઘટાડો થયો નથી.

## 15.2 નિરક્ષરતાનો અર્થ

- સામાન્ય અર્થમાં જોઇએ તો સાક્ષરતાનો અભાવ એટલે નિરક્ષરતા જે લોકો લખી, વાંચી શકતા ન હોય કે હિસાબ-કિતાબ કરવાને અસમર્થ હોય તેને નિરક્ષર કહેવામાં આવે છે.
- નિરક્ષર વ્યક્તિઓ અક્ષરો, આંકડાઓ કે શબ્દોને વાંચી શકતી નથી. તેમજ પોતાના વિચારો લેખિત સ્વરૂપમાં વ્યક્ત કરી શકતી નથી.
- ભારતમાં વસતિ ગણતરી વિભાગે જે વ્યક્તિ પોતાની માતૃભાષામાં લખી, વાંચી શકતી નથી તેને નિરક્ષર ગણી છે.
- વસતી ગણતરી કરતી વખતે વ્યક્તિ લખી, વાંચી શકે છે કે નહીં તેની માહિતી મેળવવામાં આવે છે. તેના આધારે વ્યક્તિને અભણ કે નિરક્ષર ગણવામાં આવે છે.
- કાર્યાત્મક સાક્ષરતાનો ખ્યાલ યુનેસ્કોના સાક્ષરતા નિષ્ણાંત જૂથે વિકસાવ્યો છે, તેમના મંતવ્ય પ્રમાણે, ×જે વ્યક્તિ પોતાની માતૃભાષામાં લખી, વાંચી શકતી ન હોય, સાદી ગણતરી કરી શકતી ન હોય તેને નિરક્ષર કહેવામાં આવે છે.×
- અમેરિકામાં 6 ધોરણ સમકક્ષ જ્ઞાન ન ધરાવતી વ્યક્તિને નિરક્ષર ગણવામાં આવે છે.
- કોલંબિયામાં વ્યક્તિ પોતાનું નામ લખી, વાંચી ન શકે તેને નિરક્ષર ગણવામાં આવે છે.
- રાજ્ય બંધારણના સિદ્ધાંત પ્રમાણે 14 વર્ષની ઉંમર સુધીનાં બધા બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવા માટે પૂરતા પ્રયત્નો કરવામાં આવ્યા છે. છતાં પણ દેશમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણનું ધ્યેય હાંસલ કરવામાં સફળતા પ્રાપ્ત થઈ નથી. આપણે સાર્વત્રિક શાળા પ્રવેશીકરણ અને સ્થાયીકરણ ન કરી શકતાં અનેક બાળકો નિરક્ષર રહેવા પામ્યાં, પરિણામે દેશમાં નિરક્ષતાની એક મોટી સમસ્યા પેદા થઈ.
- આપણાં દેશમાં અનેક યુવકો અને યુવતીઓ એવાં છે કે જે શાળામાં ગયા જ નથી, જ્યારે કેટલાંક શાળામાં દાખલ થઈ એકાદ-બે વર્ષ ભણીને ઊઠી ગયા હોય છે અને થોડું ઘણું ભણેલું પણ પાછળથી ભૂલી ગયાં છે.
- આવાં બાળકો પોતાનું નામ લખી ન શકે, લખી, વાંચી ન શકે તેને નિરક્ષર ગણી શકાય છે.

- આવાં બાળકોની સંખ્યા પ્રાથમિક શાળામાં સમસ્યારૂપ પ્રશ્ન બનેલ છે.

## 15.3 નિરક્ષર વ્યક્તિની લાક્ષણિકતાઓ

અક્ષરજ્ઞાનનો અભાવ એ સમાજ માટે એક મોટામાં મોટી સમસ્યા છે. નિરક્ષતાને લીધે વ્યક્તિની પ્રગતિ રૂંધાઈ જાય છે.

- અભણ વ્યક્તિ અક્ષરજ્ઞાનના અભાવે છાપેલાં સાહિત્યને વાંચી શકતા નથી, પરિણામે વિચારોના સંપર્કથી વંચિત રહે છે.
- નિરક્ષર વ્યક્તિનો બૌદ્ધિક વિકાસ અટકી જાય છે.
- નિરક્ષર વ્યક્તિનો વિચાર રૂંધાઇ જાય છે.
- નિરક્ષર વ્યક્તિનું સમાજમાં સ્થાળ મળતું નથી, લોકો અપમાનની નજરે જુએ છે.
- નિરક્ષર વ્યક્તિને કાયમી મજૂરીનું કાર્ય કરવું પડે છે.
- નિરક્ષર વ્યક્તિ લખી ન શકતી હોવાથી પોતાના વિચારોને લેખિત સ્વરૂપે વ્યક્ત કરી શકતી નથી. પરિણામે લાચારી અનુભવે છે.
- અંધશ્રદ્ધાનો ભોગ જલ્દી બને છે.
- અભણ લોકો રાષ્ટ્રની પ્રગતિમાં બાધક બને છે. રાષ્ટ્ર માટે આવી વ્યક્તિઓ ભારરૂપ બને છે.
- ચૂંટણીમાં કોને મત આપવો અને કોને ન આપવો તેનો નિર્ણય લઇ શકતા નથી.
- શાહુકાર પાસેથી પૈસા લીધે હોય તો જીવનભર તેમાંથી મુક્તિ મેળવી શકતા નથી. કારણ કે કેટલું ઋણ લીધું અને કેટલું ચૂકવ્યું તેની જાણકારી રાખી શકતા નથી.
- જૂની પરંપરાઓને વળગી રહે છે એટલે પરંપરાગત જીવન પદ્ધતિમાં પરિવર્તન લાવવાના પ્રયત્નોનો વિરોધ કરતાં હોય છે.
- પરંપરાગત આદતોને છોડી શકતા નથી. વાંચી શકતાં ન હોવાથી નવીન વિચારો અને તેના લાભાલાભનો ખ્યાલ આવતો નથી.
- નિરક્ષર લોકોમાં અલૌકિક માન્યતાઓ, રૂઢિવાદિતા અને સામાજિક નિષેધોનું પ્રભુત્વ હોય છે.
- કોઇપણ નવીનતા પરત્વે શંકા-કુશંકા સેવે છે, પરિણામે નવીન મૂલ્યો, પદ્ધતિઓ, યુક્તિ-પ્રયુક્તિઓ તથા નૂતન વિચારસરણીઓ ઝડપથી અપનાવી શકતા નથી.

## 15.4 નિરક્ષરતાની સમસ્યા

**પ્રસ્તાવના**

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ અંગે રાજ્ય બંધારણે આપેલો આદેશ સ્વીકારાતા દેશમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ થયો. પ્રાથમિક શિક્ષણના વિકાસની સાથે અગાઉ જોઈ તેવી કેટલીક મોટી સમસ્યાઓ ઉદ્દભવી. આ મોટી સમસ્યાઓ ઉપરાંત નીચે દર્શાવ્યા પ્રમાણેની કેટલીક સમસ્યાઓ પણ ઉદ્‌ભવેલી જોવા મળે છે.

રાજ્ય બંધારણના સિદ્ધાંત અન્વયે 14 વર્ષની ઉંમર સુધીનાં બધાં બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવા માટે પૂરતા પ્રયત્નો કરવામાં આવ્યા છે. છતાં પણ દેશમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણનું ધ્યેય હાંસલ કરવામાં સફળતા પ્રાપ્ત થઈ નથી. આ બાબતમાં આપણે ખૂબ પાછળ છીએ . આપણે સાર્વત્રિક શાળા પ્રવેશીકરણ અને સ્થાયીકરણ ન કરી શકતાં અનેક બાળકો નિરક્ષર રહેવા પામ્યાં, પરિણામે દેશમાં નિરક્ષરતાની એક મોટી સમસ્યા પેદા થઈ.

કોઈપણ દેશના વિકાસનો પાયો દેશની સાક્ષરતા છે. એ સૌ કોઈ સ્વીકારવા લાગ્યા છે. લોકશાહી દેશનો દરેક નાગરિક ભણેલો હોય તો જ દેશનો વિકાસ થઈ શકે છે. સ્વતંત્ર ભારતે પણ આ

વાત સ્વીકારીને બંધારણની 45 મી કલમમાં પ્રાથમિક શિક્ષણ 14 વર્ષની વયકક્ષા સુધીનાં સૌને માટે મફત અને ફરજિયાત આપવાનું નક્કી થયું છે, છતાં આજે પણ એમાં સફળતા મળી નથી.

આપણા દેશમાં અનેક યુવકો અને યુવતીઓ એવાં છે કે જે શાળામાં ગયાં જ નથી. જ્યારે કેટલાંક શાળામાં દાખલ થઈ એકાદ-બે વર્ષ ભણીને ઊઠી ગયાં હોય છે અને થોડું ઘણું ભણેલું પણ પાછળથી ભૂલી ગયાં છે. આવાં સૌ આવતી કાલના દેશનું ભાવિ નક્કી કરનારાં છે. આવાં સૌ કે જેમના માથે ભારતીય લોકશાહીનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનું છે, તેઓ શિક્ષણ મેળવી શક્યા જ નથી. આમ, નિરક્ષરતા એ આપણા દેશ સામેની પડકાર રૂપ સમસ્યા છે.

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની-આંશિક સફળતા અને વસ્તી વિસ્ફોટને કારણે દેશમાં દર વર્ષે નિરક્ષરોની સંખ્યામાં વધારો થતો જ જાય છે. નિરક્ષરતા એ લોકશાહી દેશ માટે કલંક સમાન છે છતાં તેના નિવારણનો પ્રશ્ન દેશ માટે મૂંઝવતો પ્રશ્ન છે.

## 15.5 નિરક્ષરતાના કારણો

નિરક્ષરતા માટે અનેક કારણો જવાબદાર છે જેમાં શાલેય અને બિનશાલેય કારણોના સમાવેશ કરી શકાય, જેનું સંક્ષિપ્ત વર્ણન નીચે મુજબ છે.

બિનશાલેય કારણો : શાળા બહારના મુખ્ય કારણો નીચે મુજબ છે.

1. **વર્ણ અને જ્ઞાતિ વ્યવસ્થા :** ભારતમાં પ્રાચીન સમયથી જ્ઞાતિ પ્રથા અને વ્યવસ્થા પ્રચલિત છે. આ વ્યવસ્થાના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એવા ચાર વિભાગો પાડ્યા છે. શિક્ષણનો અધિકાર બ્રાહ્મણોને આપવામાં આવ્યો અને બાકીના લોકો તેનાથી વંચિત રહી ગયા. અંગ્રેજોના શાસનકાળ દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં શાળાઓ શરૂ કરવામાં આવી. તેમાં નિમ્ન જ્ઞાતિના બાળકોને પ્રવેશ મળતો ન હતો. જો કોઈ પ્રવેશ મેળવે તો તેની ટીકા અને અવહેલના કરવામાં આવતી. હડધૂત કરીને કાઢી મૂકવામાં આવતા. સ્ત્રીઓને ઘરની બહાર નીકળી શિક્ષણ મેળવવાનો અધિકાર ન હતો. આઝાદી પછી આ પરંપરા સંપૂર્ણપણે નાબૂદ થઈ ગઈ છે તેમ છતાં એના વલણોમાં સંપૂર્ણ પરિવર્તન આવ્યું નથી. પરિણામે લોકો નિરક્ષર રહ્યા છે.

૨. **ગરીબી :** ભારતમાં અતિશય ગરીબી જોવા મળે છે. ઘણાં લોકો પોતાની ન્યુનતમ જરૂરિયાતોને પૂરતા પ્રમાણમાં સંતોષી શકતાં નથી. લોકોને અન્ન, વસ્ત્ર, રહેઠાણની સુવિધા ઉપલબ્ધ નથી હોતી. લગભગ 40 ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવન ગુજારે છે. તેઓને શિક્ષણ મેળવવા માટે જરૂરી સમય અને નાણાં મળતા નથી તેને લીધે અભણ રહી ગયા છે.

3. **નસીબવાદી વલણ :** દેશના મોટા ભાગના લોકો એવું માને છે કે નસીબમાં લખ્યું હશે એટલું જ મળશે. શિક્ષણ મેળવીને બેકાર બેસી રહેવું પડતું હોય તો પછી એની પાછળ ખર્ચ શું કામ કરવો જોઈએ. એનાથી શું ફાયદો ? એટલે અભણ રહે છે.

4. **વસતિવૃદ્ધિ :** ભારતમાં વસતિ વૃદ્ધિનો દર ઊંચો છે. આઝાદી પછી 1951માં દેશની વસતિ 36 કરોડ હતી તે વધીને 1991માં 84 કરોડ થઈ ગઇ. 2001માં 1012089345 અને 2011માં 1210193422 થઈ ગઈ. છ દાયકામાં વસતિમાં બમણાથી પણ વધારો થયો તેને અંકુશમાં રાખવા માટે કુટુંબ કલ્યાણ કાર્યક્રમોને મહત્ત્વ આપીને જરૂરી નાણાંકીય સહાય આપવામાં આવી છે. આમ છતાં વસતિ વૃદ્ધિને અંકુશમાં રાખી શક્યા નથી. આજે વસતિ એક અબજનો આંક વટાવી ચૂકી છે તેને લીધે અનેક સમસ્યાઓ સર્જાઈ છે. તેમાં નિરક્ષરતા પણ આવે છે. ઝડપી વસતિ વૃદ્ધિને કારણે 6 થી 14 વર્ષના તમામ બાળકો મફત અને ફરજિયાત શિક્ષણ મેળવી શકતાં નથી. જે આગળ ઉપર નિરક્ષર બને છે. આને કારણે સૌને માટે શિક્ષણનું ધ્યેય સિદ્ધ થતું નથી. આને લીધે સાક્ષરતા દર ઊંચો આવતો નથી. તેમાં વસતિ વધારો કારણભૂત છે.

5. **વ્યાવસાયિક માળખું :** દેશની લગભગ 75 ટકા વસતિ ગ્રામીણ વિસ્તારમાં વસે છે. ગામડાના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતી ઉપરાંત પુરક રોજગારી માટે મજૂરી, પશુપાલન,

હસ્ત ઉધ્યોગ સાથે લોકો સંકળાયેલાં છે. આ વ્યવસાયોમાં શિક્ષણની જરૂર હોતી નથી. કુટુંબનો મુખ્ય વ્વવસાય ખેતી હોવાથી બાળકો નાનપણથી જ ખેતીનું કામ કરતાં હોય છે જે તેમને વડીલો અનૌપચારિક રીતે શીખવાડી દે છે. એ જ રીતે પશુપાલન, મજૂરી, હસ્ત ક્લા-કારીગરીના વ્યવસાયોની તાલીમ મળતી રહે છે. પરિણામે શિક્ષણનો વિકાસ અવરોધાય છે, એટલે નિરક્ષરતાનો વ્યાપ વધે છે.

6. **સંયુક્ત કુટુંબ વ્યવસ્થા :** સંયુક્ત કુટુંબમાં ઘણી વખત 3- 4 પેઢીના સગાંઓ સાથે રહેતાં હોય છે. તેમની સાથે પરિવાર બાળકોની સંખ્યા વધુ હોય છે અને દરેક બાળક ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. સંયુક્ત કુટુંબમાં બાળકોને શિક્ષિત બનાવવા માટે ખર્ચ વધુ આવે છે. જે કરવાને શક્તિમાન હોતાં નથી. પરિણામે બાળકો નિરક્ષર રહે છે. ખેડૂતો, હસ્ત ક્લા-કારીગરો, પશુપાલકોમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે ત્યાં નિરક્ષરતાનું પ્રમાણ વધારે હોય છે. ટૂંકમાં સંયુક્ત કુટુંબ પ્રણાલી એક યા બીજી રીતે નિરક્ષરતાને ટકાવી રાખવામાં અગત્યનો ભાગ ભજવે છે.

7. **બાળ લગ્ન :** પહેલાના સમયમાં બાળ લગ્ન પ્રથા જોવા મળતી હતી. હજુ પણ કેટલાંક ગ્રામ્ય વિસ્તારોમાં અને અમુક જ્ઞાતિઓમાં આ પ્રથા જોવા મળે છે. બાળલગ્ન પ્રતિબંધક ધારો અમલમાં હોવા છતાં પણ તેની મર્યાદિત અસરને કારણે નાની વયે છોકરા છોકરીને પરણાવી દેવામાં આવે છે. તેને કારણે શિક્ષણ મેળવવાની સુવિધા મળતી નથી. લગ્ન બાદ સ્ત્રીને ગૃહિણી તરીકેની ભૂમિકા અદા કરવાની હોવાથી શિક્ષણ મેળવવાનું અશક્ય લાગે છે. લગ્ન પછી છોકરાને કોઈને કોઈ પ્રકારના કાર્યમાં જોડાવાનું હોવાથી શિક્ષણ મેળવી શકતાં નથી. બાળ લગ્નને લીધે વ્યક્તિને શિક્ષણથી વંચિત રહેવું પડે છે. એટલા માટે ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાપક નિરક્ષરતા જોવા મળે છે.

8. **ભૌગોલિક પરિસ્થિતિ :** ભૌગોલિક પરિસ્થિતિ પણ શિક્ષણ વિકાસમાં અવરોધક બને છે. પ્રાકૃતિક સંકટો જેવાં કે રેલ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડું, ધરતીકંપથી દુષ્કાળનું સંકટ ઊભું થાય છે. આવી વિપરિત ભૌગોલિક પરિસ્થિતિને કારણ ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારમાં વસતા અન્ય લોકો આર્થિક સંકટમાં આવી જાય છે. જે નિરક્ષરતા માટે કારણભૂત બને છે.

9. **સ્થળાંતર :** ભારત કૃષિપ્રધાન દેશ હોવાને કારણે ચોમાસા સિવાયની ૠતુમાં ગામડાના લોકો રોજીરોટી માટે સહ પરિવાર સ્થળાંતર કરતા હોય છે. જ્યાં પુરુષ, સ્ત્રી અને બાળકો પણ મજૂરી કરતા હોય છે. તેને લીધે લોકો શિક્ષણના મૂલ્ય સમજી શકતાં નથી તેમને બાળકના શિક્ષણના બદલે કમાણીમા રસ હોય છે. એટલે શિક્ષણ લેવા માટે બાળકોને મોક્લતા નથી. ઘણી વખત સમજાવટથી મોકલવામાં આવે તો બાળકો અધવચ્ચેથી શિક્ષણ છોડી દે છે. કારણ કે બાળકને કમાણીમાં રસ હોય છે પણ શિક્ષણ પરત્વે રસ હોતો નથી તેથી નિરક્ષર રહે છે.

10. **શિક્ષણનાં ખોટા ખ્યાલો :** શિક્ષણને વ્યક્તિના સર્વાંગી વિકાસનું સાધન માનવામાં આવે છે. પરંતુ ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં રહેતા લોકો શિક્ષણના મહત્ત્વને સમજતા નથી. શિક્ષણને નોકરી મેળવવાનું સાધન ગણે છે અને જ્યારે નોકરી મળતી નથી ત્યારે તેની પાછળ ખર્ચેલા નાણાંનો વ્યય થાય છે તેવું વલણ ધરવે છે. શિક્ષણના મૂલ્યોને સમજી શકતાં નથી અને ખોટા ખ્યાલો ધરાવે છે કે શિક્ષિત છોકરાઓ શારીરિક શ્રમનું કાર્ય કરવામાં નાનમ અનુભવે છે. આળસુ અને ખર્ચાળ બની જાય છે. આવી ખોટી માન્યતાને લીધે શિક્ષણ અવરોધક બને છે અને નિરક્ષરતા વધે છે. તેથી વિકાસમાં અવરોધ આવે છે.

11. **ખામીયુક્ત શિક્ષણ પ્રણાલી :** અદ્યતન શિક્ષણ વ્યવસ્થાનો આરંભ અંગ્રેજોએ કર્યો. અંગ્રેજી કેળવણીની પદ્ધતિનો વિકાસ કર્યો. આઝાદી પછી આર્થિક સામાજિક કેળવણીની પદ્ધતિમાં પરિવર્તન આવ્યું છે. જરૂરિયાતોમાં પરિવર્તન આવ્યું છે. નવી જરૂરિયાતો વિકસી છે. ગ્રામીણ

વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ગરીબી, બેકારી, શોષણની સમસ્યા દૂર કરવાની આવશ્યકતા ઊભી થઈ છે. તેના સંદર્ભમાં શિક્ષણનો વિકાસ અનિવાર્ય છે. છેલ્લા ત્રણ ચાર દાયકા દરમિયાન શૈક્ષણિક સુધારા કરીને સાક્ષરતાનો દર ઊંચો લાવવાની હિમાયત કરે છે. પરંતુ શિક્ષણ વ્યવસ્થા આપણી જરૂરિયાતો અને ગુણવત્તાને સંતોષી શકાતી નથી. આને લીધે શિક્ષણ તરફ અવિશ્વાસ પેદા થાય છે. એટલે શિક્ષણ લેવાનું પસંદ કરતા નથી.

12. **સ્ત્રી શિક્ષણ પ્રત્યે ઉદાસીનવૃત્તિ :** સ્ત્રી શિક્ષણ વિષે ઉદાસીન વૃત્તિ દાખવવામાં આવે છે એટલે કે સ્ત્રીને શિક્ષણની જરૂર નથી. તેને તો ગૃહિણી બનીને ઘરનું કામ કરવાનું, બાળકોને જન્મ આપીને તેનું લાલનપાલન કરવાનું તેવા ખ્યાલો ધરાવે છે. આને લીધે સ્ત્રી શિક્ષણ મર્યાદિત રહ્યું છે. શહેરી વિસ્તારમાં સ્ત્રી શિક્ષણનો આંક ઊંચો છે. ગ્રામ્ય વિસ્તારમાં પરંપરાગત રૂઢિવાદી વલણને મહત્ત્વ આપવામાં આવે છે એટલે શિક્ષણનો આંક નીચો છે અને નિરક્ષરતાનો આંક ઊંચો છે.

13. **પ્રૌઢ શિક્ષણ મેળવવામાં સમય અને સંકોચ :** ભારત સરકારે ગરીબીની સમસ્યાનો હલ કરવા માટે પ્રૌઢ શિક્ષણને મહત્ત્વ આપવામાં આવ્યું છે. પ્રૌઢોનો અક્ષરજ્ઞાન બાબતે જોઈએ તેવો પ્રતિભાવ મળતો નથી. ગામડાના લોકો પ્રૌઢ શિક્ષણના વર્ગમાં બહુ રસ લેતા નથી. અંગ્રેજી શાસન દરમિયાન લોકશિક્ષણને મહત્ત્વ ન અપાયું તેના માટે કોઈ વ્યવસ્થા ન હતી.

**શાલેય કારણો :**

ભારત વિકાસશીલ રાષ્ટ્ર છે. શિક્ષણ એ આર્થિક અને સામાજિક વિકાસનો આધારસ્તંભ છે. શિક્ષણ એ માનવ વિકાસનું અગત્યનું પરિબળ છે. ભારતના આયોજનકાળ દરમિયાન શિક્ષણનો વિકાસ થાય તે માટે કેટલીક પાયાની સુવિધાઓ ઊભી કરવાની વિચારણા કરવામાં આવી હતી. આમ છતાં કેટલાંક પરિબળોને કારણે સાક્ષરતાનું પ્રમાણ નીચુ જોવા મળે છે.

1. **શાળાનો અભાવ :** ભારતીય આયોજનના 1971માં દર 8 કિ.મી.ના અંતરે 1981માં દર ૫ કિ.મી.ના અંતરે અને 1991માં દર 3 કિ.મી.ના અંતરે શાળા હોવી જોઈએ તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમ છતાં દેશની કરુણ દશા તો એવી છે કે કેટલાંક ગામોમાં પ્રાથમિક શાળાઓ આવેલી નથી આને કારણે અસંખ્ય બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે.

2. **અપૂરતી શૈક્ષણિક સુવિધા :** ભારત આર્થિક દૃષ્ટિએ પછાત દેશ હોવાને કારણે આર્થિક વિકાસના સાધનો મર્યાદિત છે. વસતિ વિસ્ફોટ, ગરીબી અને બેકારીને લીધે સતત નાણાંભીડ અનુભવે છે. ગામડામાં શિક્ષણ સુવિધા હોતી નથી. શિક્ષણ પ્રાપ્ત કરેલ વ્યક્તિને પણ તાત્કાલિક વળતર મળતું નથી. જો કે, લાંબે ગાળે દેશને ફાયદો થાય છે. નિરક્ષરતાને નાબૂદ કરવા માટે પૂરતા શૈક્ષણિક સાધનો હોતાં નથી અને જે ઉપલબ્ધ હોય છે તેની સ્થિતિ અયોગ્ય હોય છે અથવા અપૂરતી હોય છે. હજુપણ કેટલાંક ગામડાંઓ એવા છે કે, જ્યાં શાળાની સુવિધા નથી. કેટલાંક દુર્ગમ અને આદિવાસી વિસ્તારોમાં શાળાની સુવિધા હોવા છતાં પણ બિસ્માર હાલતમાં પડ્યા હોય છે. શિક્ષકો (નિયમિત હાજરી આપતાં નથી. જે તે ગામમાં રહેતા નથી તેમને પગારમાં રસ હોય છે. બાળકોને રસ દઈને ભણાવતા નથી. સરકાર 6 થી 14 વર્ષના બાળકોને માટે મફત અને ફરજિયાત જોગવાઈ કરી છે. છતાં આ બધાં બાળકોનો સમાવેશ કરી શકાય તેવા મકાનો અને શૈક્ષણિક સાધનો નથી. જો કે, આઝાદી પછી સાક્ષરતાના દરમાં સુધારો થયો છે પરંતુ નિરક્ષરતા, વસતિ વૃદ્ધિ જેવી બદીઓને કારણે આ સુવિધા હજુ અપૂર્ણ રહેવા પામી છે.

3. **શૌચાલયનો અભાવ :** દેશની ગ્રામ્ય વિસ્તારની મોટા ભાગની શાળાઓમાં શૌચાલયની સુવિધા નથી. આને કારણે બાળકો અને ખાસ કરીને બાળકીઓ શાળામાં શિક્ષણ લેવા જતી નથી.

4. **પીવાના પાણીની સુવિધાનો અભાવ :** દેશની ઘણી ખરી શાળાઓમાં પીવાના પાણીની સુવિધા નથી. આને કારણે બાળકો શાળાના પગથિયાં ચડતા નથી.

5. **શૈક્ષણિક સાધનોનો અભાવ :** દેશની અસંખ્ય શાળાઓ એવી છે કે, જ્યાં શૈક્ષણિક સાધનોનો અભાવ છે. ચોક, ડસ્ટર, બ્લેક બોર્ડ, રમતનું મેદાન અને રમતગમતના સાધનો, જરૂરી શૈક્ષણિક સાધનો હોતાં નથી. આને લીધે બાળકો શિક્ષણ લેવા આવતાં નથી.

6. **શિક્ષકોની અપૂરતી સંખ્યા :** ઘણી શાળાઓમાં પૂરતા શિક્ષકો નથી. કેટલીક ચાર ધોરણોની શાળાઓમાં એકાદ- બે શિક્ષકો હોય એવું પણ બને છે. શિક્ષકોની સંખ્યા પૂરતી હોય તો તેઓ સમયસર શાળામાં આવતા નથી હોતા.મોડા આવે છે અને વહેલા ઘરે જતાં રહે છે. વાહન વ્યવહારની સવલત ન હોવાથી બસના ટાઇમે જતા રહે છે. આને લીધે બાળકો શિક્ષણ લેવા શાળામાં નથી જતાં.

7. **ભાષાનો અવરોધ :** દેશની લગભઘ તમામ શાળાઓમાં શિષ્ટ ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે. શિષ્ટ ભાષાના શિક્ષણમાં બાળકને કદી સમજણ પડતી નથી અને રસ પડતો નથી એટલે શાળા છોડી દેવાનું પ્રમાણ વધી જાય છે. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં તો બાળકોને શિક્ષક શું બોલે છે તેની સમજ પડતી નથી. આને કારણ બાળકોનું શિક્ષણ અમુક ધોરણ સુધીમાં સ્થગિત થાય છે. નાપાસ થાય એટલે શિક્ષણ છોડી દે છે બીજી તરક શિક્ષકોને પણ ગ્રામીણ અને આદિવાસી સંસ્કૃતિ અને બોલીનું ઉચિત જ્ઞાન હોતું નથી એટલે શિક્ષકને પણ ભણાવવામાં રસ આવતો નથી.

આમ, આવા અનેક કારણાને લીધે બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. શિક્ષણ પ્રાપ્ત કરવું એ માનવીનો મૂળભૂત અધિકાર છે. છતાં આઝાદીના છ દાયકા પસાર થયા પછી પણ આપણા દશમાં હજારો બાળકો શિક્ષણ પ્રાપ્ત કરવા માટે શાળામાં પ્રવેશ કરી શકતાં નથી એટલે કે અક્ષરજ્ઞાનથી વંચિત રહી જાય છે.

દેશની પ્રગતિ સાધવી હોય તો પ્રત્યેક વ્યક્તિને ફરજિયાત શિક્ષણ પ્રાપ્ત થાય તેની જવાબદારી દેશની સરકારે લેવી જોઈએ. શાળામાં પણ બાળકોને પૂરતી બેસવાની સગવડ હોવી જોઈએ. પૂરતી ઓરડાની સંખ્યા સુવિધા હોતી નથી તેને કારણે અનેક બાળકો ટેન્ટમાં શેડ નીચે અથવા ઝાડ નીચે બેસીને ભણે છે એ મોટી દુઃખદ ઘટના છે.

આમ, આવા અનેક કારણોને લીધે નિરક્ષરતાની સમસ્યાનો ઉદ્ભવ થાય છે.

## 15.6 નિરક્ષરતાની અસરો :

નિરક્ષરતા એ રાષ્ટ્રીય કલંક છે. નિરક્ષરતાને કારણે અનેક સમસ્યાઓ ઉત્પન્ન થઇ છે. જે દેશના વિકાસ અને પ્રગતિમાં બાધક બની છે. લોકોના જીવન ઉપર એની માઠી અસર થઈ છે. નિરક્ષરતાની અસરો નીચે મુજબ છે.

1. **વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસમાં બાધક :** શિક્ષણ એ વ્યક્તિના વ્યક્તિત્વના વિકાસનું મહત્ત્વનું અંગ છે. શિક્ષણથી વ્યક્તિનું વ્યક્તિત્વ ખીલે છે. બુદ્ધિ અને તર્કશક્તિ ખીલે છે. શિક્ષણના અભાવે વ્યક્તિની વિચારસરણી સીમિત બની જાય છે. બુદ્ધિ અને તર્કશક્તિના અભાવે પોતાનો વિકાસ થતો નથી.

2. **સામાજિક પરિવર્તનમાં બાધક :** કોઈપણ સમાજના રિવાજો તોડીને પરિવર્તન લાવવું હોય તો શિક્ષણ અનિવાર્ય છે. નિરક્ષર વ્યક્તિઓ પોતાની પરંપરાઓને વળગી રહે છે. એની મર્યાદિત વિચારસરણી કોઈપણ પરિવર્તનનો સ્વીકાર કરવામાં ખચકાટ અનુભવે છે. આને પરિણામે અનેક સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. જેવી કે બાળ વિવાહ, દેવાદારી, સાંપ્રદાયિકતા, દહેજ પ્રથા, વિધવા વિવાહ, પ્રાંતવાદ, ભાષાવાદ, ધાર્મિક કટ્ટરતા, અપરાધ વગેરે.

3. **આર્થિક વિકાસમાં બાધક :** નિરક્ષરતા આર્થિક વિકાસમાં બાધક બને છે. નૂતન આર્થિક નીતિઓને નહીં અપનાવવા પાછળ ખેડૂતોની નિરક્ષરતા છે. પ્રવર્તમાન સમયમાં આર્થિક વિકાસના અવનવા પ્રયોગો થઈ રહ્યાં છે. ખેતીમાં અદ્યતન ટેકનોલોજી આવી રહી છે.

વૈજ્ઞાનિક ઢબે ખેતીના પ્રયોગો, હાઇબ્રિડ બિયારણનો તથા રાસાયણિક ખાતરોનો પ્રયોગ થઈ રહ્યો છે. પરંતુ એની ધારી સફળતા મળતી નથી તેનું કારણ નિરક્ષરતા છે. જેને લીધે નવીન ટેકનોલોજી અને વિચારસરણીને ગ્રહણ કરવામાં વિરોધ ઊભો થાય છે.

4. **લોકશાહી વ્યવસ્થામાં પણ બાધક :** દેશમાં પ્રવર્તતી નિરક્ષરતાને કારણે લોકશાહી વ્યવસ્થામાં સફળતા સિદ્ધ થતી નથી. અજ્ઞાનતા અને જાગૃતિના અભાવે ગ્રામીણજનતા પોતાના હક્કો અને મતાધિકારનો યોગ્ય ઉપયોગ કરી શક્તી નથી. કોઈપણ ચિન્હો ઉપર મતો વિશેષ આપે છે જે તેમને અગાઉથી કહેવામાં આવે છે. જેમ કે, કમળ અથવા પંજો. અનામત બેઠકો પર આવતા ઉમેદવારો સફળતાપૂર્વક કામ કરી શકતાં નથી. આને કારણે લોકશાહી વ્યવસ્થાનો સ્વીકાર કરવામાં મુશ્કેલી અનુભવે છે.

5. **આંતરરાષ્ટ્રીય સંબંધોમાં બાધક :** આજનો યુગ ઔદ્યોગિક યુગ છે. કાચો માલ ખરીદીને ઉત્પાદન કરેલી વસ્તુઓ અન્ય દેશમાં વેચવા માટે પારસ્પરિક નિર્ભરતા વધી છે. ઘણાં દેશો એકબીજાની નજીક આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ આનું ઉત્તમ ઉદાહરણ છે પરંતુ જ્યારે કોઈ રાષ્ટ્રની વ્યક્તિઓ અભણ હોય તો બીજા દેશનો સંપર્ક સાધવા અને એ સંપર્કને જાળવી રાખવામાં અસમર્થ નીવડે છે. શિક્ષણના અભાવને લીધે ભાષાની જાણકારી નથી હોતી આવી સ્થિતિમાં આંતરરાષ્ટ્રીય સંબંધો કાયમ જળવાઈ રહેતા નથી.

6. **અંધશ્રદ્ધા અને વહેમનું પ્રાધાન્ય :** નિરક્ષરતા, અનેક વહેમો, પરંપરાઓ, અંધવિશ્વાસ અને ખોટી માન્યતાઓને જન્મ આપે છે. નિરક્ષર લોકો અનેક બાબતોમાં અંધશ્રદ્ધા ધરાવતા હોય છે. જેમાંથી છૂટી શકતાં નથી. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારના લોકો રોગ થાય તો તબીબી સારવાર કરવાને બદલે ભૂતપ્રેત, મંત્રતંત્ર, દેવી- દેવતા, ભગત-ભૂવાના ચક્કરમાં ફસાઇ જાય છે. નિરક્ષરતાએ જાતિ, ધર્મ, ઇશ્વર પ્રત્યેની અનેક ખોટી માન્યતાઓને જન્મ આપ્યો છે. અજ્ઞાનતાને કારણે વાસ્તવિકતાને સમજીને સ્વીકારી શકતાં નથી એટલે એમના ભોળપણનો લાભ, ભગત, ભૂવા, પૂજારીઓ ઉઠાવીને શોષણ કરે છે.

7. **બેકારી અને ગરીબીને ઉત્પન્ન કરે છે :** નિરક્ષરતાને કારણે યોગ્ય પ્રકારનું શિક્ષણ અને વ્યવસાયલક્ષી તાલીમ મેળવી શકતાં નથી પરિણામે યોગ્ય નોકરી અને વ્યવસાય કરી શકતાં નથી એટલે બેકાર રહે છે કે અર્ધ બેકારીની અવસ્થામાં જીવન ગુજારે છે એટલે ગરીબીનું પ્રમાણ વધે છે.

8. **સામાજિક ગતિશીલતામાં બાધક :** નિરક્ષર લોકોની વ્યાવસાયિક પસંદગીની તકો મર્યાદિત હોય છે. ઘણે ભાગે મજૂરી, હસ્તકલા કારીગરી, મરઘાં ઉછેર, પશુપાલન જંગલમાંથી લાકડા કાપવાની પ્રવૃત્તિઓ કરતાં હોય છે. ખેતી સિવાયની મોસમમાં શહેરમાં મજૂરી કરવા જતાં હોય છે. આવા વ્યવસાયોમાં મર્યાદિત આવક હોવાથી તેમનું જીવનધોરણ ઊંચું આવતું નથી. પરિણામે સામાજિક, ભૌગોલિક ગતિશીલતા બાધક બને છે. નિરક્ષરતા અને અજ્ઞાનને કારણે ઉચ્ચ વ્યવસાયોમાં જોડાઈ શકતાં નથી. પોતાની સલામતી જોખમાશે તેવો ભય સેવતાં હોય છે અને ગામમાં જે કાંઈ મળે તેથી સંતોષ માની બેસી રહે છે. જે સામાજિક ગતિશીલતામાં અવરોધક બને છે.

9. **અન્ય સમસ્યાઓમાં બાધક :** નિરક્ષરતાને લીધે વિવિધ પ્રકારના ભેદભાવોને પ્રોત્સાહન મળે છે. પરિણામે જ્ઞાતિ, સમુદાય, વર્ગ વિગ્રહ ઊભા થાય છે. નિર્ણય પ્રક્રિયામાં સભ્યતા અને સંસ્કૃતિના વિકાસમાં રાષ્ટ્ર નિર્માણમાં અને વિકાસમાં નિરક્ષરતા બાધક બને છે.

આવી અનેક અસરો અસાક્ષરતાએ સર્જી છે તેને દૂર કરવા માટે સઘન ઉપાયો હાથ ધરવાની અત્યંત આવશ્યકતા છે.

## 15.7 નિરક્ષરતા નિવારણ માટેના ઉપાયો

આપણા દેશમાં નિરક્ષરતા નિવારણ માટેસાક્ષરતા ઝુંબેશ ઘણાં વર્ષોથી ચલાવવામાં આવે છે. છતાં પ્રચંડ વસ્તીવધારાને લીધે નિરક્ષરોની સંખ્યા ઘટતી નથી. જોકે આપણા રાજકારણીઓ સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે નિરક્ષરતા નાબૂદ કરવામાં આવશે અને સાક્ષરતા વધારવામાં આવશે એવી પોકળ જાહેરાતો કર્યા કરે છે, તો વળી કેટલાંક તો એવી જાહેરાત કરે છે કે અમુક જિલ્લો સંપૂર્ણ સાક્ષર છે. આ બધી જાહેરાતો ભ્રામક પુરવાર થઈ છે, માત્ર કાગળ પરના આંકડા જ છે. વાસ્તવિકતા તો જુદી જ છે.

દેશમાં નિરક્ષરતા માટે પ્રૌઢશિક્ષણ વર્ગો ચલાવવામાં આવે છે. પ્રૌઢશિક્ષણ માટે પુષ્કળ સાહિત્ય દેશની વિવિધ ભાષાઓમાં પ્રકાશિત કરવામાં આવે છે, છતાં નિરક્ષરતા નિવારણમાં ધારી એવી સફળતા પ્રાપ્ત થઈ નથી. સમાજના જે વર્ગોની જરૂરિયાતોને ધ્યાન પર લઈને તેઓના શિક્ષણની તકો પૂરી પાડવા બાબતે આજ સુધી જે ઉપેક્ષા સેવવામાં આવી છે તે તમામ વિસંવાદિતાઓને દૂર કરવાની બાબત પર રાષ્ટ્રીય શિક્ષણનીતિ ભાર મૂકશે એવું રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986ના મુસદ્દામાં નોધ્યું છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિના મુસદ્દામાં ભાગ 4.10 થી 4.13 સુધી પ્રૌઢશિક્ષણ અંગે નીચે જેવી નોંધ કરવામાં આવી છે.

''જે યુક્તિ અપાવે તે વિદ્યા'' એ આપણું જૂનું સૂત્ર છે. વિદ્યય અજ્ઞાનતા અને જુલમથી મુક્તિ અપાવે છે. વિદ્યાપ્રાપ્તિનું મુખ્ય સાધન વાષન અને લેખન છે. તેથી પ્રૌઢોને શિક્ષિત કરવા માટે તેમને લખતાં-વાંચતાં શીખવવું તે આજના યુગમાં અત્યંત જરૂરી છે. (4.10)

લોકોની કુશળતાઓનો સતત વિકાસ કરી અને તેમની કુશળતાનાં ધોરણોની ઉત્તરોત્તર સુધારણા કરીને સમાજને તેની જરૂરિયાત મુજબની કુશળ માનવશક્તિ પ્રાપ્ત થાય તે જરૂરી છે.

શિક્ષણનાં રાષ્ટ્રીય ધ્યેયોને ધ્યાનમાં રાખીને નવા કાર્યક્રમો પ્રૌઢશિક્ષણને માટે ઘડવામાં આવે અને જૂના કાર્યક્રમોની ફરી ચકાસણી કરવામાં આવે તો પ્રૌઢોમાં પણ ગરીબી નાબૂદી, રાષ્ટ્રીય એ એકતા, પર્યાવરણ અભ્યાસ, નાના કુટુંબની હિમાયત , લોકોમાં રહેલી વારસાગત અને સાંસ્કૃતિક રચનાત્મક શક્તિનો વિકાસ, મહિલાઓનો ઉત્કર્ષ વગેરે બાબતો વિષેની સમજણનાં અને વિચારોનાં બીજ વાવી શકાય. (4.11)

વયજૂથમાંથી નિરક્ષરતા નિવારણ માટેની રાષ્ટ્રવપી ઝુંબેશ હાથ ધરવી જ જોઈએ. કેન્દ્ર અને રાજ્ય સરકારો, રાજકીય પક્ષો અને તેઓની સંસ્થાઓ, સામૂહિક શિક્ષણનાં સાધનો વડે અને શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા નિરક્ષરતા નિવારણ માટેનાં અસરકારક પગલાં લે તે અત્યંત જરૂરી છે. આ કાર્યમાં મોટી સંખ્યામાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, યુવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સંચાલકો વગેરનો સહકાર લેવો જરૂરી બનશે. સમૂહ શિક્ષણ કાર્યક્રમો દ્વારા સાક્ષરતા કેળવવા ઉપરાંત લોકોને જુદું જુદું જ્ઞાન અને કુશળતા પણ આપવાનાં રહેશે અને સામાજિક અને આર્થિક ક્ષેત્રે કેટલાંક પરિવર્તનો પણ લાવવાં જરૂરી છે તે અંગેની સમજણ પણ આપવાની રહેશે. (4.12)

પ્રૌઢ અને સતત શિક્ષણનો કાર્યક્રમ જુદી જુદી રીતે અમલમાં મૂકવાનો છે. જેમકે-

(1) ગ્રામવિસ્તારોમાં સતત શિક્ષણકેન્દ્રો સ્થાપવાં

(2) કારખાને દારો દ્વારા કામદારોને શિક્ષણ; જેમાં ટ્રેડ યુનિયનો અને સરકારી એજન્સીઓ પણ ભાગ લે.

(3) માધ્યમિક શાળાનું શિક્ષણ પૂરું કર્યા પછી શિક્ષણ લેવા માટેની સંસ્થાઓની સ્થાપના.

(4) પ્રૌઢો માટે પુસ્તકાલયો, વાંચનાલયો અને પુસ્તકોની વ્યવસ્થા.

(5) સમૂહ શિક્ષણ માટેનાં સાધનો તરીકે ટી.વી. ફિલ્મો અને રેડિયોનો ઉપયોગ,

(6) વિદ્યાર્થી જૂથ પદ્ધતિ અને તેના સંચાલન માટેની વ્યવસ્થા,

(7) Distance Learning દૂરવર્તી શિક્ષણની વ્યવસ્થા,

(8) સ્વયંશિક્ષણની વ્યવસ્થા.

(9) રસ, વલણ અને જરૂરિયાત પર આધારિત નામ તાલીમી કાર્યક્રમોનું આયોજન (4.13)

આ ઉપરાંત નિરક્ષરતા નિવારણ માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986 માં અવૈધિક શિક્ષણ અંગેની નોંધ પણ તેના ભાગ 5.8 થી 5.11 માં નીચે પ્રમાણે કરવામાં આવી છે.

જે બાળકો કામમાં રોકાયેલાં હોઈ આખા દિવસની શાળામાં હાજરી આપી શકે તેમ નથી તેઓને માટે, અધવચ્ચેથી શાળા છોડી જનારાંઓને માટે અને જે વિસ્તારમાં શાળા જ નથી એવા વિસ્તારનાં બાળકોને માટે અવેધિક શિક્ષણનો એક વિશાળ કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. (5.8)

અવૈધિક શિક્ષણકેન્દ્રોમાં શિક્ષણના પર્યાવરણની સુધારણા માટે આધુનિક ટેક્નોલોજીની મદદ લેવામાં આવશે. સ્થાનિક સમાજમાંથી હોંશિયાર અને બુદ્ધિશાળી સ્ત્રી-પુરુષોને પસંદ કરીને તેમને શિક્ષકો તરીકે રોકવામાં આવશે. આવા શિક્ષકોની તાલીમને માટે ખાસ ધ્યાન દેવામાં આવશે. અને આમાંથી જે વ્યક્તિઓ લાયક જણાશે તેને વૈધિક શિક્ષણ પ્રણાલીમાં દાખલ કરવામાં આવશે. અવૈધિક શિક્ષણ વેધિક શિક્ષણની સરખામણીમાં જરા પણ ઊતરતું ન લાગે તે માટે જરૂરી પગલાં લેવામાં આવશે. (5.9)

**નિરક્ષરતા નિવારણના ઉપાયો**

દેશમાં નિરક્ષરતાની સમસ્યાનું સ્વરૂપ વ્યાપક છે જેને દૂર કરવા માટે તાત્કાલિક ઉપાયો અપનાવવાની જરૂર છે.

1. **લોક સહકાર :** ભારતમાં નિરક્ષરતા દૂર કરવા માટે લોક સહકારની ખૂબ જરૂર છે. જે લોકોને શિક્ષિત કરવાના છે તેમનો સહકાર જરૂરી છે. કોઈપણ યોજના લોકો પર ઠોકી બેસાડવામાં આવે તો તે ક્યારેય સફળ નથી થતી. સાક્ષરતા અભિયાન સફળતાપૂર્વક ચલાવવું હોય તો લોકોનો સહકાર જરૂરી છે. જે લોકો સાક્ષરતા અભિયાનમાં પોતાનું પ્રદાન પ્રાધ્યાપકના સ્વરૂપમાં અથવા શિક્ષક તરીકે આપવાના છે તેમનો સહકાર જરૂરી છે. ગ્રામીણ વિસ્તારોમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું છે, ત્યાં સાક્ષરતા કાર્યનો પ્રચાર કરવાની જરૂ2 છે.

2. **વસતિવૃદ્ધિ પર નિયંત્રણ :** દેશમાં તીવ્ર ગતિએ વસતિ વધારો થઇ રહ્યો છે તેને અંકુશમાં લાવવા કુટુંબ નિયોજન કાર્યનો સાર્વત્રિક સ્વીકાર કરવો જોઈએ. છેલ્લા દાયકામાં વસતિમાં લગભગ ૨૫ ટકા વધારો થયો છે. આને કારણે જેટલા સમયમાં પાછલી વસતિને સાક્ષર બનવાવવાનો પ્રયાસ કરવામાં આવે છે એટલા સમયમાં નિરક્ષરોની સંખ્યામાં સતત વધારો થતો રહે છે. પરિણામે સાક્ષરતાનું લક્ષ્ય સિદ્ધ થતું નથી. એટલે કે સાક્ષરતાની સમસ્યાનો ઉકેલ લાવવાની સાથે સાથે વસતિ વૃદ્ધિ પર નિયંત્રણ રાખવામાં નહીં આવે તો નિરક્ષરતા પર નિયંત્રણ મેળવવું મુશ્કેલ બનશે.

3. **પ્રત્યેક ગામમાં શાળાની સુવિધા :** દેશની તથા કેન્દ્રશાસિત પ્રદેશની તમામ સરકારોએ એવા પ્રયત્ન કરવો જોઈએ કે ભારતનું કોઈપણ ગામડું એવું ન હોવું જોઈએ કે જ્યાં શાળાની સુવિધા ન હોય. 6 થી 14 વર્ષના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરી છે. તો તમામ બાળકો શાળા શિક્ષણથી વંચિત ન રહેવા જોઈએ. જ્યાં માનવ સમુદાયો વસવાટ કરે છે તે વિસ્તારોમાં એક કિલોમીટરના વિસ્તારમાં પ્રાથમિક શાળાઓ ખોલવી જોઈએ. જેથી ગ્રામીણ અને આદિવાસી લોકો પોતાના બાળકોને શાળામાં મોકલી શકે.

4. **બુનિયાદી શિક્ષણ :** મહાત્મા ગાંધીજીએ બુનિયાદી કેળવણી યોજના પ્રસ્તુત કરી હતી જેનો હેતુ શિક્ષણની સાથોસાથ ઉદ્યોગ શિક્ષણ શીખવવાનો હતો. જેથી બાળક પોતાની બનાવેલી વસ્તુઓ વેચીને શિક્ષણ ખર્ચ કાઢી શક અને સ્વાવલંબી બની શકે. આ શિક્ષણ માતૃભાષામાં જ આપવાની હિમાયત કરી હતી. આ બુનિયાદી શિક્ષણ દેશના આદર્શ તથા ચારિત્ર્યવાન નાગરિક બનાવવા પર ભાર મૂકે છે તેનો વ્યાપક પ્રચાર કરવો જોઈએ.

5. **પ્રૌઢ શિક્ષણ :** દેશના લોકોમાં જોવા મળતી નિરક્ષરતા દૂર કરવા માટે સરકારે પ્રૌઢ શિક્ષણની

યોજના ઘડી કાઢી છે. તેને દેશના પ્રત્યેક ગામમાં કાર્યાન્વિત કરવાની જરૂર છે. આને લીધે ગ્રામીણ સમાજમાં રહેતી તમામ પુખ્ત વયની વ્યક્તિઓ સાક્ષર બની શકે. આ લોકોને સાક્ષરતાનું મૂલ્ય અને મહત્ત્વ સમજાવવાની જરૂર છે. પ્રૌઢ શિક્ષણમાં જ્ઞાનની સાથે જીવનમાં ઉપયોગ થાય તેવા વ્યવહારિક શિક્ષણના પાઠો સામેલ કરવા કરવા જોઈએ તથા જ્ઞાનની વૃદ્ધિ થાય તેવા સાધનોનો ઉપયોગ કરવો જોઈએ.

6. **સંચાર અને સંપર્ક માધ્યમો દ્વારા શિક્ષણ :** દેશની જનતામાં જાગૃતિ લાવવા અને તેમને સાક્ષર બનાવવા માટે લોકસંપર્ક અને સંચાર માધ્યમોનો ઉપયોગ કરવો જોઈએ જેમાં રેડિયો, દૂરદર્શન બંને સાધનો અત્યંત શક્તિશાળી સાબિત થઈ શકે છે. લોકોને સાક્ષર બનાવવાથી કાર્ય પૂરું થઈ જતું નથી સાથે સાથે તેમને શિક્ષણમાં રસ અને અભિરુચિ ઉત્પન્ન થાય તે માટે સર્વતોમુખી જ્ઞાનનો વિસ્તાર વધારવો જોઈએ. જેથી સાક્ષરતા ઉપરાંત જ્ઞાનવર્ધક બાબતો માટે સંપર્ક અને સંચાર માધ્યમો પ્રભાવી સાબિત થઈ શકે છે. રેડિયો, દૂરદર્શન અને ફિલ્મ દ્વારા એવા કાર્યક્રમો રજૂ કરવા જોઈએ.જે લોકોને જ્ઞાન મેળવવામાં રૂચિ પેદા કરી શકે.

7. **સ્ત્રી શિક્ષણ :** દેશમાં સ્ત્રી શિક્ષણ માટે વધુ ને વધુ શાળાઓ ખોલવી જોઈએ. કન્યા કેળવણીનો વ્યાપ વધે તે માટે કન્યા વિધાલયો ગ્રામ વિસ્તારમાં ખોલવા જોઈએ. કારણ કે ગ્રામીણ પ્રજા કન્યાને શાળામાં મોકલવામાં ખચકાટ અનુભવે છે. છોકરા સાથે સહશિક્ષણ આપતાં નથી. મુસ્લિમ સમાજ પણ 10-12 વર્ષની છોકરી છોકરા સાથે શિક્ષણ મેળવે તે પસંદ કરતા નથી. જો છોકરીઓ માટે અલગ શાળા ખોલવામાં આવે તો સ્ત્રી શિક્ષણમાં વધારો થઈ શકે.

8. **મફત અને ફરજિયાત શિક્ષણ :** દેશમાં ઘણાં કુટુંબો એવા છે કે જે પોતાના બાળકોને ભણાવી શકતાં નથી. કારણ કે ગરીબ છે. ગરીબીને લીધે અન્ન, વસ્ત્ર અને રહેઠાણની જરૂરિયાતો પૂરી કરી શકતાં નથી. તો બાળકને શિક્ષણ ક્યાંથી આપે. શિક્ષણનો ખર્ચ પરવડતો નથી. એટલે સરકારે મફત અને ફરજિયાત શિક્ષણની ઝુંબેશ શરુ કરી છે. 6 થી 14 વર્ષના તમામ બાળકો શાળામાં જાય તે માટે શિક્ષણ અને ભોજન નિઃશુલ્ક બનાવવા જોઈએ. જ્ઞાન સાથે ગમ્મત મળે તેવો પ્રબંધ કરવો જોઈએ જેથી બાળકો શિક્ષણ પ્રત્યે રસ દાખવે અને શિક્ષણ પ્રત્યે આકર્ષિત થાય. સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ ઉપર ભાર મૂકવો જોઈએ અને તેનો અસરકારક અમલ કરવામાં આવે તો નિરક્ષરતાની સમસ્યા હળવી બને તો એનો ઉકેલ લાવી શકાય. શાળા, કૉલેજ અને યુનિવર્સિટીમાં શિક્ષણ પાછળ કરવામાં આવતા ખર્ચમાંથી અમુક રકમ મફત અને ફરજિયાત શિક્ષણ માટે ફાળવવામાં આવે તો નિરક્ષરતાનો પ્રશ્ન હળવો બની શકે.

9. **અધવચ્ચે શાળા છોડી જતાં બાળકોની સંખ્યા ઘટાડવી :** દેશના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં અનેક બાળકો શાળા શિક્ષણ પૂર્ણ કરવાને બદલે અધવચ્ચેથી છોડી દે છે. તેને લીધે ડ્રોપ આઉટ રેટ ઊંચો આવે છે. ખેતીના સમય દરમિયાન ખેડૂત કુટુંબો બાળકને શાળાએ મોકલતા નથી. કારણ કે મા-બાપ ખેતીના કામમાં રોકાયેલા હોય છે. એટલે મોટા બાળકોએ પૂરતું ધ્યાન અને નાના બાળકોની સંભાળ રાખવાની હોય છે. તેમાંય ખાસ કરીને છોકરીઓને ગૃહકાર્ય ઉપરાંત નાના ભાઈભાંડુની દેખરેખ રાખવાની હોય છે. એટલે શિક્ષણ માટે સમય મળતો નથી. છોકરીઓ શાળામાં ભરતી થાય તો પણ નિયમિત હાજરી આપતી નથી. તેને લીધે શાળા છોડી દે છે. આને કારણે શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા આવી છે. એટલે કે પ્રથમ ધોરણમાં દાખલ થયેલા બાળકોમાંથી બહુ જ થોડા પ્રાથમિક શિક્ષણ પૂરું કરે છે.

10. **પછાતવર્ગ તરફ વિશેષ ધ્યાન આપવાની જરૂર :** ભારતમાં પછાત વર્ગના અનેક સમુદાયો આજે પણ જંગલો, પહાડો, અંતરિયાળ તથા દુર્ગમ વિસ્તારોમાં વસવાટ કરે છે. આવા વિસ્તારમાં રહેતાં લોકો સભ્ય સમાજની સંસ્કૃતિની તદન નિરાળું જીવન જીવી રહ્યા છે. તેમનો ઉત્કર્ષ થાય તેવા પ્રયાસો સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. છતાં પણ તેઓ આગળ આવ્યા નથી. તેમને આગળ લાવવા માટે સાક્ષર બનાવવાની જરૂર છે.

11. **શૈક્ષણિક સાહિત્યની રચના :** શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થાય તે માટે ભારતની તમામ ભાષાઓમાં બાળકો માટે અને પ્રૌઢો માટે શિક્ષણ સાહિત્ય તૈયાર કરવાની જરૂર છે જેથી બાળકોને શું ભણવું છે ? શું શીખવાડવાનું છે ? કેવી રીતે શીખવવાનું છે તેનો ખ્યાલ આવી શકે. એ સાહિત્ય બાળકોને શિક્ષિત કરવામાં મદદરૂપ બની શકે. પ્રૌઢ શિક્ષણ માટે પણ ખાસ સાહિત્ય તૈયાર કરવાની જરૂર છે જેથી સાક્ષરતા અભિયાનમાં મદદરૂપ થાય.

12. **નવોદિત શાળાઓની આવશ્યકતા :** ગ્રામીણ અને શહેરી વિસ્તારની શાળાઓમાં અસમાનતા પ્રવર્તે છે તે દૂર કરવા માટે નવોદય શાળાની યોજના દાખલ કરવામાં આવી છે. તેનો લાભ ગરીબ પ્રજા સુધી પહોચે તેવા સક્રિય પ્રયાસો હાથ ધરવાની જરૂર છે આનાથી નિરક્ષરતા ઓછી થશે.

    આ ઉપરાંત રોજગાર અને વ્યાવસાયલક્ષી શિક્ષણ, મધ્યાહ ભોજન, શિક્ષણ ખર્ચમાં વધારો, સામાજિક જાગૃતિ, સાક્ષરતા અભિયાન જેવા ઉપાયોનું આયોજન કરવામાં આવે અને શિક્ષણની સમસ્યા હળવી બની શકે તો નિરક્ષરતા દૂર થઈ શકે.

## 15.8 નિરક્ષરતા નિવારણના કાર્યક્રમો :

સ્વતંત્ર થયા પછી દેશની સરકારે નિરક્ષરતા નિવારણ માટે શક્ય એટલા પ્રયત્નો કર્યા છે. પરંતુ નિરક્ષરતાની સમસ્યા એટલી વિકટ અને વિશાળ છે કે તેને દૂર કરવા માટે જેટલા નાણાંની જરૂર છે તેટલા નાણાં ભારત જેવા ગરીબ અને વિકાસશીલ દેશ માટે અશક્ય છે. નિરક્ષરતા નિવારણ માટે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે છતાં દેશ સંપૂર્ણ સાક્ષર બન્યો નથી. દેશની સરકારે આ સમસ્યાને નાબૂદ કરવા માટે અનેક કાર્યક્રમોની રચના કરી છે. જેની વિગતો નીચે મુજબ છે.

1. **રાષ્ટ્રીય પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ (National Adult Education Programme)**

    આ કાર્યક્રમનો પ્રારંભ ૨જી ઓક્ટોબર, 1978ના રોજ થયો. જેનો હેતુ 15થી 35 વર્ષની વયજૂથના લોકોને શિક્ષણ આપી સાક્ષરતા માટે પ્રોત્સાહેત કરવાના છે. આ કાર્યક્રમ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, કેન્દ્રશાસિત પ્રદશો, સ્વયંસેવી સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, શાળા, કૉલેજ, યુનિવર્સિટીઓ, યુવક કેન્દ્રોનો સહકારી પ્રયાસ છે. આ કાર્યક્રમ અંતર્ગત નિરક્ષર લોકોને સાક્ષર બનાવીને કલા કૌશલ્યો શીખવવા અને તેમનો વિકાસ કરવો તથા તેમને ઉચિત ન્યાય મળે તેવી રણનીતિ કાર્યાન્વિત કરવાનો સરકારના કાનુનો અને નીતિઓ વિષે જાગૃત કરવાનો વિશેષ કરીને સ્ત્રીઓ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, સમાજના નબળા વર્ગોમાં શિક્ષણનો અભાવ છે તેના ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

    સને 1990ને આંતરરાષ્ટ્રીય સાક્ષરતા વર્ષ તરીકે ઘોષણા કરવામાં આવી છે જેનો હેતુ સાક્ષરતાની જરૂરિયાત પ્રત્યે જાગૃતિ પેદા કરવાનો હતો. વિશ્વ સાક્ષરતા વર્ષનો પ્રારંભ 2 જાન્યુઆરી, 1990ના રોજ દિલ્હી ખાતે થયો હતો. તેમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થી સેવક સંઘોને સાક્ષરતાના સંદેશનો પ્રચાર કરવાનો અને વાસ્તવિક રીતે સાક્ષરતા પ્રદાન કરવાના મહાન લક્ષ્યને સિદ્ધ કરવા માટે પોતાની સામુહિક શક્તિનો ઉપયોગ કરવા માટેના આદેશો આપવામાં આવ્યા હતા.

(2) **ગ્રામીણ પ્રકાર્યવાદી સાક્ષરતા કાર્યક્રમ (Rural Functional Literacy Programme)**

    આ કાર્યક્રમનો સંપૂર્ણ ખર્ચ કેન્દ્ર સરકારે ઉપાડે છે પરંતુ એનું સંચાલન કરવાની જવાબદારી રાજ્ય સરકારોની છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય લોકોમાં લખવા વાંચવાની ક્ષમતાને વિકસિત કરવાનો તથા શીખનાર લોકોમાં એની જાગૃતિ ઉત્પન્ન કરવાનો તથા એમને સરકાર દ્વારા કઈ કઈ યોજનાઓ કાર્યાન્વિત છે, વિવિધ સામાજિક, આર્થિક વિકાસની યોજનાઓથી એમને શું લાભ થશે તેની જાણકારી આપવાનો છે. આ કાર્યક્રમનો પ્રારંભ, 1986ના મે માસમાં થયો હતો તેમાં કૉલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સામેલ કરવામાં આવ્યા હતા. એનું સૂત્ર હતું "Each One, Teach One" પ્રત્યેક વ્યક્તિ, એક વ્યક્તિને ભણાવે. 1990મા 4.5 લાખ

સ્વયંસેવકો આ કાર્ય સાથે સંકળાયેલાં હતા. જેમણે 4. 20 લાખ લોકોને ભણવા લખવાનું શીખવ્યું હતું.

આ કાર્યક્રમમાં શાળા, કૉલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને સામેલ કર્યા હતાં. એમાં સફળતા માટેના સંશોધન અભ્યાસ માટે માપદંડો હતા. આ કાર્યક્રમની યોજના શીખનારની જરૂરિયાતો અને ભાષાઓને ધ્યાનમાં રાખીને બનાવી હતી. સરકારે પ્રૌઢ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે 40 જિલ્લા કેન્દ્રો નક્કી કર્યા હતા. એની અસરનું મૂલ્યાંકન કર્યા પછી આ કાર્યક્રમથી ઓછામાં ઓછા સમયમાં સાક્ષરતાનો પ્રચાર કરવા માટ મોટા પાયે શરુ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના ચરણોમાં પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોને તાલીમ આપીને તૈયાર કરે છે. આવા વિદ્યાર્થીઓ સ્વયંસેવકો જે ખરેખર સાક્ષરતા અભિયાનના કાર્યક્રમમાં રસ ધરાવે છે તે નક્કી કરીને આ વિદ્યાર્થીઓને સંગઠિત કરીને પ્રેરણા આપવી. 15 થી 35 વર્ષની વયજૂથ ધરાવતાં વ્યક્તિઓને ઓળખીને તેમની વચ્ચે સંબંધ સ્થાપિત કરવો, સ્વયંસેવિકાના કાર્યનું મોનિટરિંગ કરવું અને વિવિધ સંગઠનો વચ્ચે સુમેળભર્યા સંબંધો સ્થાપિત કરવાનો છે. સંસ્થાના પ્રતિનિધિઓ જ્યાં સ્વયંસેવકો સાક્ષરતાનું કાર્ય કરી રહ્યા છે ત્યાં જઈને શિક્ષણના લાભો, ચાર્ટ, પોસ્ટરો અને અન્ય સામગ્રીનો ઉપયોગ કરીને બતાવે છે. તેમની મુશ્કેલીઓ જાણી નિરક્ષરોને માટે પુસ્તકાલયો , વાંચનાલયો દ્વારા અનુસાક્ષરતાની પ્રવૃત્તિઓ કરે છે. જનસંપકના માધ્યમ દ્વારા કાર્યક્રમની સૂચના અને સમર્થન મળ્યું એના વ્યાપક પ્રભાવનું યુનિવર્સિટીના પ્રૌઢ અને નિરંતર શિક્ષણના વિભાગો દ્વારા મૂલ્યાંકન કરવું અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

**(3) રાષ્ટ્રીય સાક્ષરતા મિશન (National Literacy Mission)**

રાષ્ટ્રીય શિક્ષણના નિર્દેશો અને કાર્ય યોજનામાં વિચારવામાં આવેલ રણનીતિઓ અનુસાર સરકારે પ્રૌઢ શિક્ષણ ક્ષેત્રે એક વ્યાપક કાર્યક્રમ બનાવ્યો છે જેને રાષ્ટ્રીય સાક્ષરતા મિશનના નામે ઓળખવામાં આવે છે. આ કાર્યક્રમનો પ્રારંભ મે, 1988માં કર્યો એનું લક્ષ્ય ક્રિયાત્મક સાક્ષરતા 15થી 35 વર્ષની વયજૂથના આઠ કરો નિરક્ષરોને પ્રદાન કરવાનું હતું. ત્રણ કરોડને 1990 અને પાંચ કરોડને 1995 સુધીમાં સાક્ષર કરવાનું હતું. આ કાર્યક્રમમાં યુવાન સ્વયંસેવી સંસ્થાઓને સામેલ કર્યા. 1990માં 513 યોજનાઓ વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કાર્યાન્વિત કરી. આજે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ આ કાર્ય સાથે સંકળાયેલી છે. આ ઉપરાંત શ્રમિક વિદ્યાપીઠ અને 16 રાજ્ય સંશોધન કેન્દ્રો વિવિધ રાજ્યોમાં શ્રમિકોને શિક્ષણ આપવાનું અને કાર્યક્રમને ટેકનિકલ સંસાધનોની સહાયતા પ્રદાન કરવાનું છે. ગુજરાતમાં પણ આ કાર્યક્રમને સફળ બનાવવામાં અનેક સંસ્થાઓ કાર્ય કરી રહી છે. રાષ્ટ્રીય સાક્ષરતા મિશને નિરક્ષરતા નાબૂદીના અભિયાનને દેશના 285 જિલ્લાઓ સુધી પહોંચાડ્યું છે. સાક્ષરતાના વિવિધ કાર્યક્રમોને 58.07 કરોડ વ્યક્તિઓએ લાભ લીધો છે. (ભારત સરકાર : 1994-95)

**(4) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ**

દેશમાં 1979માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો દસ્તાવેજ રજૂ કર્યો તેમાં નિરક્ષરતા નિવારણ માટેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને તેનુ અમલીકરણ કરવામાં આવ્યું જેમાં મફત ગણવેશ, પુસ્તકો અને શિષ્યવૃતિની જોગવાઈ કરવામાં આવી જેનો હેતુ શિક્ષણનો વ્યાપ વધારવાનો હતો.

લોકસભાએ 1986માં નવી શિક્ષણ નીતિને સ્વીકૃતિ આપી એમાં એક સમાન રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યોજેમાં પાઠ્યક્રમનું માળખું એવું બનાવવું કે જેથી સમગ્ર દેશમાં શિક્ષણના વિભિન્ન ચરણો દ્વારા યોગ્યતા અને સમાનતા સ્થાપિત થાય. સમાજ અને સંસ્કૃતિના પાયાને સુદઢ કરે અને સમતાવાદી, લોકશાહી અને ધર્મ નિરપેક્ષ સમાજ માટે જરૂરી મૂલ્ય વ્યવસ્થાને સ્થાપિત કરે. નવી નીતિની વિશેષ કાયવાહીમાં શિક્ષણમાં સમાનતા

ઉપર ભાર મૂકવામાં આવ્યો. શૈક્ષણિક પરિવર્તન, અસમાનતા ઘટાડવી, પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ, પ્રૌઢ શિક્ષણ, વૈજ્ઞાનિક અને શિલ્પ વૈજ્ઞાનિક સંશોધનને રાષ્ટ્રીય જવાબદારી માનીને તેને માટે પર્યાપ્ત સંસાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીનો નિશ્ચય એવી અપેક્ષા રાખે છે કે એક નિશ્ચિત કક્ષા સુધી તમામ વિદ્યાર્થીઓ માટે નાતજાત અને લિંગભેદ વગર એક સમાન શિક્ષણ મળે. જે દેશના તમામ ભાગોમાં 10 + ૨ + 3ના સમાન ઢાંચાની કલ્પના કરે છે. પ્રથમ દસ વર્ષના ગાળામાં પ્રાથમિક શિક્ષણ માટે પાંચ વર્ષ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટે 3 વર્ષ અને હાઇસ્કૂલના ૨ વર્ષની જોગવાઈ હતી. પ્રાથમિક શિક્ષણ સંબંધે રાષ્ટ્રીય નીતિમાં એવો પ્રસતાવ રજૂ કર્યો કે જે બાળકોએ 1990 સુધીમાં 11 વર્ષ પૂરાં કર્યા હોય તેમને પાંચ વર્ષનું શિક્ષણ અનૌપચારિક રીતે પૂરું પાડવામાં આવશે એમાં 1995 સુધીમાં 14 વર્ષ સુધીની વય ધરાવતાં તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવામાં આવે એવી જોગવાઈ કરવામાં આવી.

નિરક્ષરતા નિવારણ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં એવો પ્રસ્તાવ રાખવામાં આવ્યો કે, 15થી 35 વર્ષના વયજૂથમાં પ્રૌઢ શિક્ષણ અને નિરંતર શિક્ષણનો વિશાળ કાર્યક્રમ વિવિધ માધ્યમો દ્વારા કાર્યાન્વિત કરવામાં આવશે. વિવિધ માધ્યમોમાં નિરંતર શિક્ષણ માટે ગ્રામીણ ક્ષેત્રોમાં કેન્દ્રોની સ્થાપના, માલિકો અને સરકાર સંબંધિત સંગઠનો દ્વારા શ્રમિકોને શિક્ષણ, રેડિયો, દૂરદર્શન ફિલ્મોના વ્યાપક પ્રમાણમાં સામૂહિક શિક્ષણ માટે ઉપયોગ કરવો, શિક્ષણ મેળવનારાઓને જૂથમાં એકત્ર કરવા, દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમો અને સ્વ-શિક્ષણના આયોજનમાં સહકારનો સમાવેશ કરવામાં આવ્યા. આ કાર્ય યોજનાએ એવો નિર્ણય કર્યો કે, પ્રૌઢ શિક્ષણનો રાષ્ટ્રીય કાર્યક્રમ 1990 સુધી ચાર કરોડ અને 1995 સુધીમાં છ કરોડ લોકોને લાભાન્વિત કરી સાક્ષર બનાવશે. (આહુજા : 1994)

ડિસેમ્બર 1993માં યોજવામાં આવેલ "સૌને માટે શિક્ષણ" શિખર મંત્રણામાં વધુ વસતિ ધરાવતાં નવ દેશોએ ભાગ લીધો હતો જેમાં બાંગ્લાદેશ , બ્રાઝિલ, ચીન, ઈજીપ્ત, ભારત, ઇન્ડોનેશિયા, મેક્સિકો, નાઇજીરિયા અંતે પાકિસ્તાને ભાગ લીધો અને ઐતિહાસિક નિવેદન ઉપર સહી કરી. જેમાં સને 2000 સુધીમાં સૌને માટે શિક્ષણનું ધ્યેય હાંસલ કરવા પર ભાર મૂકવામાં આવ્યો. આ નવ દેશોમાં 70 ટકા પુખ્ત વયના નિરક્ષરો છે. આ નવ દેશોએ રાષ્ટ્રીય સ્તરે વિકાસ, જીવનધોરણમાં સુધારણા, અયોગ્યતા અને વસતિ વૃદ્ધિ પર નિયંત્રણ તથા આંતરરાષ્ટ્રીય સ્તરે સહિષ્ણુતા, સદ્ભાવ અને શાંતિ સ્થાપવા માટે સોને માટે શિક્ષણનું લક્ષ્ય પ્રાપ્ત કરવું જરૂરી છે. પ્રજાની પ્રાથમિક શિક્ષણની જરૂરિયાત જલદીથી પૂરી કરવા માટેની જવાબદારી લીધી. આ શિખર મંત્રણામાં વિચાર વિમર્શ કર્યા બાદ પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવા તથા બાળકો, યુવાનો, પ્રૌઢો માટે શિક્ષણની તક વિસ્તારવા ઉપર ભાર મૂક્યો હતો. (પટેલ મફતભાઈ : 1998)

**(5) જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (District Primary Education Programme - DPEP)**

આ કાર્યક્રમને 1993માં સૈદ્ધાંતિક મંજૂરી મળી અને 1994માં આયોજન પંચે એક કેન્દ્ર પુરસ્કૃત યોજના તરીકે મંજૂરી આપી. આસામ, હરિયાણા, મધ્યપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ અને કેરળ એમ સાત રાજ્યોના 4૨ જિલ્લાઓમાં જિલ્લા પ્રોજેક્ટો તૈયાર કરીને આ યોજનાનો અમલ કરવામાં આવ્યો. આ યોજના અંતર્ગત શૈક્ષણિક રીતે પછાત જિલ્લાઓ જયાં માંહેલા સાક્ષરતાનો આંક રાષ્ટ્રીય સાક્ષરતા કરતા નીચો હોય તથા જે જિલ્લામાં પ્રાથમિક શિક્ષણની વધતી જતી માંગનું સંપૂર્ણ સાક્ષરતા અભિયાન ઝુંબેશનું(TLC : Total Literacy Campaign) સફળતાપૂર્વક સંચાલન થતું હોય તેવા જિલ્લાઓ પસંદ કરવામાં આવ્યા. આ જિલ્લામાં આયોજન પ્રક્રિયા સઘન છે અને સહભાગિતા વધુ છે. તેમાં સિદ્ધાંત અને પ્રયોગનો સમન્વય થયેલો છે. રાષ્ટ્રીય શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ (NCERT) શૈક્ષણિક આયોજન

અને વહીવટની રાષ્ટ્રીય સંસ્થા (IIM) જેવી સંસ્થાઓ સહાયક બની છે. આ સંસ્થાઓ દ્વારા વિકસાવવામાં આવી રહેલી શિક્ષણ અને સંચાલન સંબંધી અનેક વિભાવનાઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમના આયોજનથી પ્રક્રિયાઓની અનેક તકો પૂરી પાડી છે. આયોજન પ્રક્રિયાના ભાગરૂપે નવીન કેડી કંડારે એવા અભ્યાસો પૂરા પાડ્યાં છે.

ઉચ્ચત્તમ ધ્યેય, આયોજન પ્રક્રિયા અને તેની સઘનતા તથા ક્ષમતાલક્ષી ઘડતર ઉપર આ કાર્યક્રમમાં વધુ ભાર મૂકવામાં આવ્યો છે, વિકાસલક્ષી સહકાર ક્ષેત્રો સાકાર થતી એક નવી તરાહ છે જે સાતત્ય, સમાનતા અને સ્થાનિક સમાજની સામેલગીરી ઉપર ભાર મૂકે છે તથા શૈક્ષણિક ક્ષેત્રે સહાયરૂપ બને છે. આ કાર્યક્રમ દ્વારા પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે શાળાઓને ભૌતિક સુવિધાઓથી સુસજ્જ કરવી, ગુણવત્તા સુધારવી, બાળકની ક્ષમતાઓનો વિકાસ કરીને શ્રેઠ ઘડતર કરવું અને બાળકોને ઉન્નત જીવન જીવવા માટે સક્ષમ બનાવવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. (ભારત સરકારઃ 1995)

આંતરરાષ્ટ્રીય વિકાસ સંસ્થા (IDA) દ્વારા 1995- 96ના વર્ષ દરમિયાન ગુજરાતની DPEP જૂન ‘૧૫થી મંજૂરી આપવામાં આવી છે. રાજ્યના બનાસકાંઠા, પંચમહાલ અને ડાંગ એમ ત્રણ જિલ્લાઓમાં આ કાર્યક્રમ અમલી બનાવાયો છે. હવે આ કાર્યક્રમ રાજ્યના તમામ જિલ્લામાં કાર્યાન્વિત થયો છે. આ ઉપરાંત સર્વ શિક્ષા અભિયાન, મધ્યાહ્ન ભોજન યોજના, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં સાક્ષરતાના પ્રસાર માટે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય , નવોદય વિદ્યાલય સંગઠન અલ્પ સંખ્યક શિક્ષણની યોજના અમલી બનાવી છે.

**(9) સ્વૈચ્છિક સંગઠનો દ્વારા પ્રયાસો**

નિરક્ષરતાની વિશાળ સમસ્યાનો ઉકેલ એકલી સરકાર લાવી શકે નહીં. નિરક્ષરતાને નાબૂદ કરવી હોય તો સરકારના પ્રયત્નો અને સ્વૈચ્છિક સંગઠનોના સહિયારા સઘન પ્રયાસોની જરૂર છે. સરકારની નાણાંકીય સહાયથી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા નિરક્ષર વ્યક્તિઓને ઓળખીને સાક્ષર બનાવવામાં પ્રેરકરૂપે કામ કરી શકે છે.

વિદેશની પણ કેટલીક સંસ્થાઓ નિરક્ષરતા નિવારણ માટે કાર્ય કરે છે જેમાં કેનેડાની સંસ્થા (Wrold Literacy of Caneda) પ્રૌઢ શિક્ષણ ક્ષેત્રે કામ કરે છે. આ સંસ્થાએ ભારતમાં 26 સાક્ષરતા યોજનાઓ માટે સહાયતા પૂરી પાડી છે. બીજી સંસ્થા (South Asian Partnership) મહિલા પ્રૌઢ શિક્ષણ માટે કાર્ય કરે છે. આ સંસ્થાએ બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ જેવા પછાત રાજ્યોમાં મહિલા પ્રૌઢ શિક્ષણની યોજનાઓ કાર્યાન્વિત કરી છે. આ સંસ્થા 36 સ્વૈચ્છિક સંગઠનોના સહયોગથી વિકાસના કાર્ય સાથે સંકળાયેલી છે અને સને 2000 સુધીમાં 10 લાખ સ્ત્રીઓ (1 મિલિયન) સાક્ષર બનશે તેવી આશા રાખવામાં આવે છે.

પ્રૌઢ શિક્ષણની સાથે બાળ શિક્ષણ પણ મહત્ત્વપૂર્ણ પાયાની જરૂરિયાત છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ''14 વર્ષ સુધીના તમામ બાળકોને સંતોષકારક ગુણવત્તાવાળું પ્રાથમિક શિક્ષણ વિના મૂલ્યે ફરજિયાતપણે પૂરું પાડવું.'' એવી જાહેરાત કરવામાં આવી છે અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણને મહત્ત્વ આપવામાં આવ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ અને નવી શૈક્ષણિક સંસ્થાઓ ખોલી છે. પરંતુ બધા બાળકોનો સમાવેશ થાય તેમાં થતો નથી. અપૂરતી સંખ્યાને પહોંચી વળવા ‘ઓપરેશન બ્લેક બોર્ડ’ (Operation Black Board) યોજના અમલમાં મૂકી છે. જેમાં પ્રત્યેક ગામડામાં પ્રાથમિક શાળા ખોલવાનું ધ્યેય રાખ્યું છે. પરંતુ હજુ પણ ઘણા ગામડાઓમાં પ્રાથમિક શિક્ષણ માટે શાળાની સુવિધા નથી, નાણાંકીય તંગીને કારણે હજારો શાળામાં પૂરતા શૈક્ષણિક સાધનો નથી. પરિણામે બાળકો શાળામાં જતા નથી. પરિણામે સાક્ષરતા આંક ઊંચો આવતો નથી.

શિક્ષણને મૂળભૂત અધિકાર આપીને સાર્વત્રિક બનાવવું હોય તો સરકાર અને સ્વૈચ્છિક સંગઠનોએ જાહેર જનતા જનાર્દનના સાથ સહકારથી નિરક્ષરતા નિવારણનું કાર્ય કરવું પડશે.

## (7) વિદ્યાર્થી શક્તિનો ઉપયોગ

સાક્ષરતા અભિયાનમાં દેશના યુવાન અને બેકાર વિદ્યાર્થીઓને સાંકળવામાં આવે તો તેઓ નિષ્ક્રિયતામાંથી બહાર આવે. દેશના કેટલાંક રાજ્યોમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ છે ત્યાં પ્રાયોગિક ધોરણે વિદ્યાર્થીઓની સેવા લેવામાં આવે અને તેને તબીબી અને ઇજનેરી વિદ્યાશાખામાં પ્રવેશ મેળવવાના ધોરણોમાં છૂટછાટ આપવામાં આવે તો આ સમસ્યાનું કંઈક અંશે નિરાકરણ લાવી શકાય. યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ એક નમૂનારૂપે આ કાર્ય કરે તો સાક્ષરતા અભિયાનો સફળ બને. દેશના બેકાર યુવાનોને જ્યાં સુધી બીજી નોકરી કે કામ ન મળે ત્યાં સુધી તેમને પ્રૌઢ શિક્ષણના વર્ગો ચલાવવાનું કાર્ય સોંપવું જોઈએ. અને તેના બદલામાં માનદ્ વેતન અથવા આર્થિક વળતર આપવું જોઈએ. તો દેશના યુવાનોની બેરોજગારીની સમસ્યા હળવી બને. આવા કાર્યક્રમોનું સમયબદ્ધ આયોજન કરવામાં આવે તો વેકેશન દરમિયાન તેમની શક્તિનો ઉપયોગ સાક્ષરતા અભિયાનમાં કરી શકાય. વિદ્યાર્થીઓને આ કાર્ય માટે યોગ્ય તાલીમ આપીને તૈયાર કરવાની આવશ્યકતા છે. જે વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક સાક્ષરતા અભિયાનનું કાર્ય કરે તેમને પ્રવેશમાં છૂટછાટ આપવી જોઈએ. અને પરીક્ષા પાસ કરવામાં તેના ગુણાંક બોનસરૂપે આપવામાં આવે તો તેએ વિશ્વાસપૂર્ણ અને ભરોસાપાત્ર કરવામાં પૂરી શક્તિ અને નિષ્ઠાનો ઉપયોગ કરી શકે તેમ છે. શિક્ષકો અને પ્રાધ્યાપકોએ પણ વિદ્યાર્થીઓને આવા કાર્યો કરવા પ્રોત્સાહિત કરવાં જોઈએ.

નિરક્ષરતા નાબૂદી એ પડકારરૂપ કાર્ય છે. એમાં શીખવનારા, શીખનારાઓનો સમન્વય જરૂરી છે. આ કાર્યને સંપૂર્ણ નિષ્ઠાથી અને જનતા જનાદનનો સહયોગ લઈને કરવામાં આવે તો નિરક્ષરતા નાબૂદ કરી શકાય. જો કે, સરકારના અથાગ પ્રયત્નો અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસોથી નિરક્ષરતાની ટકાવારી દિનપ્રદિન ઘટતી જાય છે પરંતુ સંપૂર્ણ સો ટકા સાક્ષરતા સિદ્ધ કરવાને માટે હજુ ઘણી યાત્રા કરવાની છે.

ભારતના વસતિ ગણતરીના વર્ષ 2001ના અહેવાલ અનુસાર સાક્ષરની ટકાવારી 65.38 છે પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ 75.85 ટકા તથા સ્ત્રીઓમાં 54.16 ટકા છે. કેરળમાં સાક્ષરતાની ટકાવારી સૌથી વધુ 90.92 છે ત્યાર પછીના સને 2001ની વસતિ ગણતરી અનુસાર દેશમાં સાક્ષર લોકોની કુલ સંખ્યા 56,67,14,995 છે. ગ્રામીણ વિસ્તારોમાં સાક્ષરતા દર 59 4 ટકા છે. દેશનો કુલ સાક્ષરતા દર 65.36 છે.

2001ની વસતિ ગણતરી પ્રમાણે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 60 ટકાથી વધુ પુરુષો સાક્ષર છે. મહિલાઓમાં સાક્ષરતા દર 50 ટકા કરતા ઓછો હોય તેવા રાજ્યોમાં રાજસ્થાન, અરૂણાચલ પ્રદેશ, દાદરા અને નગર હવેલી, ઉત્તરપ્રદેશ, જમ્મુ, કાશ્મીર, ઝારખંડ અને બિહારનો સમાવેશ થાય છે.

ભારતમાં કુલ નિરક્ષરોની સંખ્યા 29,6૨,08,952 છે. આમાંથી 10,66,54,066 પુરુષો તથા 18,95,54,886 સ્ત્રીઓ છે. નિરક્ષરોની વસતિ ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ , મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં સર્વાધિક છે. આજ સુધીનો અનુભવ એવું બતાવે છે કે કેન્દ્ર સરકાર પોતાના પ્રયત્નોમાં નિરક્ષરતા દૂર કરી શકી નથી. આ કાર્યમાં સ્વૈચ્છિક સંગઠનોનો સહયોગ લેવો જરૂરી છે.

નિરક્ષરતાનું નિવારણ કરવા માટે દેશમાં પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમનો ઉત્સાહપૂર્વક શુભારંભ કર્યો કેટલાંક સારા પરિણામો પણ આવ્યાં પરંતુ આ માધ્યમથી ઇચ્છિત લક્ષ્યોની પૂર્તિ ન થઈ શકી એનું મુખ્ય કારણ એ છે કે આ કાર્યક્રમને સમાન્ય જનતાનો સહયોગ મળ્યો નહીં.

આ ઉપરાંત બાળકોના શિક્ષણ પર ભાર મૂક્યો છે. આ હેતુ માટે શાળામાં બાળકોને મફત ભોજન, કપડાં, પુસ્તકો વગેરે આપવામાં આવે છે. સ્ત્રી શિક્ષણને વધારવા માટે રાજ્યોમાં અલગ શૈક્ષણિક સંસ્થાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્ત્રી શિક્ષણ કેન્દ્રોને આર્થિક સહાયતા

પ્રદાન કરવા તથા સ્ત્રી શિક્ષણ પણ વિચાર વિમર્શ કરવા માટે અનેક કાર્યક્રમોનું આયોજન અને સંચાલન કરવામાં આવી રહ્યું છે. અનેક શૈક્ષણિક યોજનાઓ શરુ કરીને તેનો અમલ કરવામાં આવે છે. આ રીતે શિક્ષણનો પ્રચાર- પ્રસારની દૃષ્ટિએ ગુજરાતમાં ઘણું કરવામાં આવ્યું છે.

## 15.9 સાક્ષરતા વધારવાના ઉપાયો

સાક્ષરતા વધારવા માટે નીચેના ઉપાયો અપનાવવાં જોઈએ.

(1) શિક્ષણનો પ્રચાર- પ્રસાર કરીને સાક્ષરતા વધારવી જોઈએ.

(2) નિઃશૂલ્ક શિક્ષણ આપવું જોઈએ.

(3) શિક્ષણને અનિવાર્ય બનાવવું જોઈએ.

(4) લોકોમાં શિક્ષણનો પ્રચાર પ્રસાર કરી શિક્ષણ પ્રત્યે રુચિ અને જાગૃતિ પેદા કરવી જોઈએ. ગામડાના લોકોને શિક્ષણનું મહત્ત્વ સમજાવવું જોઈએ.

(5) સ્ત્રી શિક્ષણનો પ્રચાર- પ્રસાર કરવો જોઈએ.

(6) વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ગામડામાં શિક્ષણનો પ્રસાર કરવો જોઈએ.

(7) શિક્ષણ પદ્ધતિ રોજગારલક્ષી બનાવવી જોઈએ.

(8) બુનિયાદી શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણને પ્રોત્સાહન આપવું જોઈએ.

(9) મોબાઈલ પુસ્તકાલય અને વાંચનાલયની સંખ્યા વધારવી જોઇએ.

(10) મનોરંજન કાર્યક્રમો દ્વારા શિક્ષણના પ્રસારનું કામ કરવું જોઈએ.

(11) શિક્ષણની પ્રક્રિયામાં સ્ત્રીઓને સામેલ કરવી જોઈએ.

(12) ગ્રામીણ અને પછાત વર્ગની સ્ત્રીઓને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવી જોઈએ.

(13) લોકજાગૃતિ માટે સ્વૈચ્છિક સંસ્થાની મદદ લેવી જોઈએ

(14) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો માટે ખાસ શાળાઓ શરુ કરવી જોઈએ.

(15) આદિવાસી વિસ્તારોમાં રહેતા લોકોને તેમની ભાષા કે બોલીમાં શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

## 15.10 મહિલા સામખ્ય કાર્યક્રમ

આ કાર્યક્રમની શરુઆત 1989થી થઈ છે મહિલા સામાન્ય મહિલાઓને અધિકાર સંપન્ન બનાવવાનો સંબંધ એમના શિક્ષણ સાથે જોડાવાની દિશામાં સૌથી સફળ પ્રયાસ છે. આ કાર્યક્રમ 10 રાજ્યોના 60 જિલ્લાઓ અને 900થી વધુ ગામોમાં ચાલી રહ્યો છે. આ કાર્યક્રમ દ્વારા મહિલાઓનો પોતાના પ્રત્યેનો દૃષ્ટિકોણ તેમજ સમાજમાં એમની પરંપરાગત ભૂમિકામાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આમાં મહિલાઓ માટે એવું વાતાવરણ બનાવવામાં આવે છે કે તેઓ જ્ઞાન અને માહિતી પ્રાપ્ત કરવા માટે એમાં રસ લેતી થાય. આમાં મહિલાઓની સમાનતા પ્રાપ્ત કરવા માટે અને સંઘર્ષ માટે તૈયાર કરવામાં આવે છે. આ કાર્યક્રમ માટે 52 કરોડ રૂપિયા ખર્ચ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

ગુજરાતમાં આ કાર્યક્રમ કેટલાંક જિલ્લામાં કાર્યાન્વિત છે. જેમાં વડોદરા, રાજકોટ, પંચમહાલ, સાબરકાંઠા સુરેન્દ્રનગર તથા ડાંગનો સમાવેશ થાય છે. અમદાવાદ ખાતે મુખ્ય કચેરી કાર્યરત છે.

આ કાર્યક્રમ દ્વારા મહિલાઓને શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવીને સ્વનિર્ભર બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે આ ઉપરાંત કસ્તુરબા ગાંધી બાલિકા વિધ્યાલય દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે સંયુક્ત રાષ્ટ્ર સંઘની સંસ્થા "યુનેસ્કો" શિક્ષણ ક્ષેત્રમાં અનેક નવા પ્રયોગો કરી રહી છે. આ સંસ્થા અર્ધવિકસિત અને પછાત દેશો માટે અનેક કાર્યક્રમો કરી ચૂકી છે.

સરકાર અને અન્ય તમામ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓ નિરક્ષરતાની સમસ્યાના નિરાકરણ માટે કૃત નિશ્ચયી છે. છતાં પણ હજૂ ઘણું કરવાનું બાકી છે. આજે આ ભીષણ સમસ્યાના સમાધાન માટે સંકલિત પ્રયાસોની અત્યંત આવશ્યકતા છે.

અધ્યેતાઓની જરૂરિયાતો અને સ્થાનિક પર્યાવરણને ધ્યાનમાં રાખીને અવૈધિક શિક્ષણના અભ્યાસક્રમનું માળખું તૈયારકરવામાં આવશે, જે માળખું મુખ્ય અભ્યાસક્રમના માળખાંની જેમ જ બધાં શૈક્ષણિક ધ્યેયોની પૂર્તતા કરતું હશે. ઉચ્ચ પ્રકારની ગુણવત્તા ધરાવતું શૈક્ષણિક સાહિત્ય તૈયાર કરવામાં આવશે અને આ સાહેત્ય અવેધિક શિક્ષણ લેનાર બધા જ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે આપવામાં આવશે. અવૈધિક શિક્ષણ પ્રણાલીમાં પણ રમતો, હરીફાઈઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રયાસોનો સમાવેશ થશે. (5.10)

અવૈધિક શિક્ષણકેન્દ્રોનું સંચાલન મહદંશે ખાનગી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અને જિલ્લા પંચાયતો દ્વારા થશે. આ કેન્દ્રોમાં સંચાલનને માટેનાં જરૂરી નાણાં યોગ્ય પ્રમાણમાં અને સમયસર ફાળવવામાં આવશે. સરકાર આ શિક્ષણ પ્રણાલીને જીવંત રાખવા માટેની સર્વ જવાબદારીઓ સ્વીકારશે. (5.11)

આ રીતે આપણા દેશમાં નિરક્ષરતા નિવારવા સઘન પ્રયત્નો થઈ રહ્યા છે, પરતુ પ્રચંડ વસ્તીવધારાને લીધે નિરક્ષરતાની સમસ્યાના ઉકેલ માટે આપણા દેશમાં જોઈએ તેટલી સફળતા પ્રાપ્ત થઈ શકી નથી.

## 15.11 પ્રાથમિક શિક્ષણમાં પ્રાદેશિક અસમાનતાની સમસ્યા

આપણા દેશમાં ભૌગોલિક દષ્ટિએ ખૂબ જ અસમાનતા રહેલી છે. તેનો કેટલોક ભાગ મેદાનભૂમિ ધરાવતો છે, તો કેટલોક ભાગ રણપ્રદેશ છે. વળી તેનો કેટલોક ભાગ ડુંગરાળ કે પહાડી પ્રદેશ છે, તો કેટલોક ભાગ ગીચ જંગલોથી ઘેરાયેલો છે. દેશની ભૌગોલિક અસમાનતાની અસર તેના લોકોનાં જીવન, રીતરિવાજ , સંસ્કારિતા વગેરે પર પણ પડતી જોવામાં માવે છે. પ્રાદેશિક અસમાનતાની અસર પ્રાથમિક શિક્ષણ પર પણ પડે છે.

દેશમાં મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ સ્વીકારાતા ફરજિયાત શિક્ષણનો કાયદો કરવામાં આવ્યો. ફરજિયાત શિક્ષણનો કાયદો અમલમાં આવતાં શાળામાં બાળકોની હાજરી અને નોંધણી આપોઆપ વધશે, પણ આ ધારણા ભારતના બધા જ પ્રદેશોમાં સત્ય ઠરી નહિ. દેશના પછાત વિસ્તારોમાં આ કાયદો સફળ-થઈ શક્યો નહીં. વળી બધાં રાજયોએ 6 થી 14 વર્ષની વયકક્ષા ધરાવતાં બાળકો માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કર્યું પણ નહે. કોઈ રાજ્યે 6 થી 11ની, તો કોઈ રાજ્યે 6 થી 11 વર્ષની વય માટે ફરજિયાત પ્રાથમિક શિક્ષણની જવાબદારી સ્વીકારી. આથી દેશમાં પ્રાથમિક શિક્ષણમાં શિક્ષણના સાર્વત્રિક ફરજિયાતપણા માટે પ્રાદેશિક અસમાનતાની સમસ્યા પેદા થઈ.

આ સમસ્યા પેદા થવાનું કારણ છે રાજ્યોની આર્થિક મર્યાદા. દરેક રાજ્ય પોતાની આર્થિક મર્યાદાને ખ્યાલમાં રાખી પ્રાથમિક શિક્ષણના ફરજિયાતપણાનો અમલ કરે છે. સમગ્ર દેશમાં એકસરખી વયકક્ષા માટે ફરજિયાતપણાનો અમલ કરવો હોય તો ગંજાવર ખર્ચ કરવો પડે. આ માટે રાજ્ય સરકારો એકલે હાથે તે ઉપાડી શકે નહિ. આથી કેન્દ્ર સરકારે સહભાગી બની રાજ્યોને જરૂરી નાણાંકીય સહાય કરવી જોઈએ.

આ સંદર્ભમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1980માં સ્વીકારવામાં આવ્યું છે કે "સમગ્ર દેશમાં શિક્ષણનો ફેલાવો કરવાના કાર્યક્રમો, અસામાનતા દૂર કરવાના કાર્યક્રમો, પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના પ્રયાસો, પ્રૌઢશિક્ષણ કાર્યક્રમ અને વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે સંશોધનોના કાર્યક્રમોના અમલીકરણ માટેનો મુખ્ય આધાર અને જવાબદારી સમગ્રપણે રાષ્ટ્રનાં રહેશે."

સમગ્ર દેશ પ્રાથમિક શિક્ષણમાં અસમાનતાની સમસ્યાના ઉકેલ માટે કટિબદ્ધ થયેલો જણાય છે, પરિણામે આ સમસ્યાનો ઉકેલ ટૂંક સમયમાં આવી જાય તેવી ઘણી શક્યતા રહેલી છે.

**શિક્ષકોનાં રહેણાંકની સમસ્યા**

દેશમાં 6 થી 14 વર્ષની વયકક્ષાનાં તમામ બાળકો માટે મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણની બાબત સ્વીકારાતા પ્રાથમિક શિક્ષણનો વિસ્તાર થયો. દૂર દૂરના અંતરિયાળ પ્રદેશોમાં, છૂટાં છૂટાં રહેઠાણ ધરાવતાં લોકો માટે, ડુંગરાળ પ્રદેશો કે જ્યાં માનવ વસવાટ હતો ત્યાં નાનામાં નાના ગામમાં પ્રાથમિક શાળા શરૂ થઈ. જ્યા જેવું મકાન મળ્યું ત્યાં શાળા શરૂ કરવામાં આવી. જે ગામની માગણી આવી ત્યાં શાળા તો શરૂ થઈ, પરતુ આ સાથે તે શાળામાં નિમાયેલાં શિક્ષકના રહેણાંકની સમસ્યા ઊભી થઈ. કેટલાંક ગામ તો તદ્દન કાચાં ઝૂંપડાં ધરાવતાં ગામ છે, ત્યાં શાળાને પોતાનું મકાન નથી. આવા ગામમાં શિક્ષકને માટે રહેવા યોગ્ય મકાન મળવું મુશ્કેલ બન્યું , રહેવા માટે યોગ્ય મકાનની સુવિધા પ્રાપ્ત ન થતા શિક્ષક ત્યાં મૂંઝાવા લાગ્યો, પરિણામે તેની શાળામાં હાજરી અનિયમિત બની. શિક્ષકની હાજરી અનિયમિત બનતાં બાળકોનું શિક્ષણકાર્ય ખોરંભે પડ્યું.

કેટલાંક ગામડાંઓમાં શિક્ષક માટે રહેણાંકની વ્યવસ્થા ન હોવાને લીધે તે દૂરના પ્રદેશમાં જ્યાં રહેણાંકની સુવિધા ઊભી થાયત્યાંથી પોતાની શાળાએ આવતો હોય છે, પરિણામે આવનજાવનમાં તે થાકી જતાં બાળકોના શિક્ષણકાર્યનું કામ ઉત્સાહથી કરતો નથી.

જે-તે ગામમાં શિક્ષકના રહેણાંકની સુવિધા ન હોય ત્યાં શિક્ષક તે ગામનો લોકસંપર્ક પણ કરી શકાતો નથી. આથી ફરજિયાત વયનાં બાળકોને શાળામાં દાખલ કરાવવામાં સફળ થઈ શક તો નથી.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986માં સ્વીકારવામાં આવ્યું છે કે દરેક ગામની શાળામાં મોટા કહી શકાય તેવા બે ઓરડાઓની સગવડ આપવામાં આવશે જે ઓરડાઓનો દરેક ઋતુમાં ઉપયોગ થઈ શકશે. આ ઉપરાંત દરેક પ્રાથમિક શાળામાં ઓછામાં ઓછા બે શિક્ષકો રાખવામાં આવશે, જેમાંથી એક મહિલા શિક્ષિકા અને એક પુરુષ શિક્ષક હશે. આ સાથે આપણને સૂચન કરવાનું મન થાય કે પ્રાથમિક શિક્ષણનો સારી રીતે વિકાસ કરવો હોય તો દરેક ગામને શાળાના મકાન ઉપરાંત બે શિક્ષક રહેવા માટે રહેણાંક પૂરાં પાડવાં જોઈશે.

શિક્ષકોને રહેણાંક પૂરાં પાડવામાં આવે તો શિક્ષકો જે-તે ગામમાં સ્થિર થઇ રહેશે. પરિણામે ફરજિયાત વયનાં શાળાએ આવતાં બાળકોની સંખ્યા વધશે. ધીમે ધીમે પ્રાથમિક શિક્ષણનું મફત, ફરજિયાત ને સાર્વત્રિકરણનું ધ્યેય સિદ્ધ થશે.

## 15.12 પ્રાથમિક શિક્ષણનું સંચાલન – આનુષંગિક સમસ્યાઓ

**પ્રસ્તાવના**

ભારતીય રાજ્ય બંધારણની કલમ 45 માં જણાવ્યું છે કે, ''સ્ટેટ બધાં બાળકોને 14 વર્ષની વયે પહોંચે ત્યાં સુધીમાં તેમને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા પ્રયત્ન કરશે.'' અહી સ્ટેટ, ભારત સરકાર અને સંસદ, રાજ્ય સરકારો અને બધી સ્થાનિક તથા અન્ય સંસ્થાઓ કે જે ભારત સરકારના નિયમ હેઠળ હોય. પ્રાથમિક શિક્ષણની જવાબદારી રાજ્ય સરકારોની છે. કેન્દ્ર સરકાર તેમને આ જવાબદારી નિભાવવા માટે જરૂરી મદદપૂરી પાડે છે. રાજ્ય સરકારો પ્રાથમિક શિક્ષણની આ જવાબદારી જુદી જુદી સ્થાનિક સંસ્થાઓ જેવી કે મ્યુનિસિપલ કોર્પોરેશનો, શહેર સુધરાઈઓ તેમજ જિલ્લા પંચાયતો દ્વારા નિભાવે છે. આ માટે રાજ્ય સરકારો સ્થાનિક સંસ્થાઓને નાણાંકીય સહાય પૂરી પાડે છે.

**(2) કેન્દ્ર સરકારનું કાર્યક્ષેત્ર અને જવાબદારી**

ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના જુદાં જુદાં વિભાગો પૈકી એક વિભાગ પ્રાથમિક શિક્ષણ અંગેની જવાબદારી ઉઠાવે છે. કેન્દ્ર સરકાર રાજ્ય બંધારણની 45મી કલમમાં આપેલા આદેશની પૂર્તિ માટે રાજ્યો, સ્થાનિક સંસ્થાઓ તથા ખાનગી સંસ્થાઓને માર્ગદર્શન તથા સલાહ આપે છે.

કેન્દ્ર સરકારનો પ્રાથમિક શિક્ષણ વિભાગ રાજ્યોની પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક તથા બુનિયાદી શિક્ષણ અંગેની યોજનાઓ, શિક્ષકોના પગાર, શિક્ષિત બેકારોને રાહત, લઘુમતીઓનાં બાળકો માટે શિક્ષણના માધ્યમનો પ્રશ્ન, ફરજિયાત શિક્ષણ, કન્યાઓનું શિક્ષણ, છાત્રાલયોની સગવડ, બાળકો

માટેનું સાહિત્ય તૈયાર કરાવવું વગેરે જેવી પ્રાથમિક શિક્ષણને લગતી બાબતો અંગે સરકારને સલાહ આપવા કેન્દ્રિય સલાહકાર સમિતિ અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફૉર એલિમેન્ટરી ઍજ્યુકેશન નામની બે મહત્ત્વની સમિતિઓ રાખે છે.

આપણા દેશમાં આ સમિતિઓની સલાહને લીધે પ્રાથમિક અને બુનિયાદી શિક્ષણક્ષેત્રે ઘણી પ્રગતિ થઈ છે. કેન્દ્ર સરકાર રાજ્યોને પ્રાથમિક શિક્ષણ અંગે જરૂરી સલાહ આપે, નાણાંકીય સહાય કરે અને જુદી જુદી યોજનાઓનું સંગઠન કરે છે. રાજ્યો અને કેન્દ્ર વચ્ચે જેટલી વધુ સમજૂતી હોય અને રાજ્ય સરકારો જેટલું વધુ સારું આયોજન કરે તેટલા પ્રમાણમાં પ્રાથમિક શિક્ષણમાં સુધારણા થતી હોય છે.

**(3) રાજ્ય સરકારોનું કાર્યક્ષેત્ર**

શિક્ષણ અંગેની સંપૂર્ણ સત્તા અને જવાબદારી રાજ્ય સરકારો પાસે છે. દરેક રાજ્ય પોતાનું કાર્ય શિક્ષણ વિભાગ મારફતે કરે છે. શિક્ષણ વિભાગમાં શિક્ષણમંત્રી, નાયબ શિક્ષણમંત્રી, શિક્ષણનું સચિવાલય, શિક્ષણ કમિશ્નરની કચેરી તથા રાજ્ય સરકારને શિક્ષણનીતિ અંગે વખતોવખત સલાહ આપવા માટેનાં બિનસરકારી મંડળો અને સમિતિઓનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારોની પ્રાથમિક શિક્ષણ અંગે નીચે જેવી કેટલીક જવાબદારીઓ છે. આ જવાબદારીઓના સંદર્ભમાં પ્રાથમિક શિક્ષણના સંચાલકને આનુષંગિક કેટલાંક પ્રશ્નો હલ કરવાના હોય છે.

- પ્રાથમિક શિક્ષણ માટે નાણાંકીય જોગવાઈ કરવી. રાજ્યના બજેટમાં પ્રાથમિક શિક્ષણ માટે ખર્ચ અંગેની જોગવાઈ કરવી. આ સમસ્યા ઘણાં રાજ્યોને મૂંઝવે છે.
- ફરજિયાત વયકક્ષાનાં જેમ બને તેમ વધુ બાળકોને પ્રાથમિક શાળામાં લાવવાની અને તે માટે પ્રાથમિક શિક્ષણ માટે જરૂરી કાયદો કરવાની તેમજ તેના અમલની જવાબદારી રાજ્ય સરકારોની છે.
- મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના સંદર્ભમાં નાનાં નાનાં ગામડાંઓમાં શાળાઓ સ્થાપવાની જરૂરિયાત ઊભી થઈ. આથી રાજ્યમાં શાળાઓની જોગવાઈ કરવાની સમસ્યા ઊભી થઈ.
- મફત, ફરજિયાત, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણને લીધે કન્યાઓના શિક્ષણની સમસ્યા પેદા થઈ. આ સંદર્ભમાં કન્યાઓના શિક્ષણ માટે પૂરી સગવડો ઊભી કરવાની જવાબદારી રાજ્યોને માથે આવી.
- પ્રાથમિક શિક્ષણનો વિસ્તાર અને વિકાસ થતાં રાજ્યોમાં તાલીમ પામેલાં વધુ શિક્ષકોની જરૂર ઊભી થઈ. પ્રાથમિક શાળાઓની તાલીમ પામેલાં પ્રાથમિક શિક્ષકોની જરૂરિયાત પૂરી પાડવાની જવાબદારી રાજ્યોને માથે આવી. પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવાની જવાબદારી રાજ્યોની છે. રાજ્ય સરકાર જ આ શિક્ષકો માટે નોકરીની શરતો અને પગારધોરણ વગેરે બાબતો નકકી કરે છે.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિચરતી જાતિ, ક્ષતિ ધરાવતાં બાળકો, લઘુમતીઓનાં વગેરેનાં બાળકો માટે પ્રાથમિક શિક્ષણ માટે જોગવાઈ કરવી.
- રાજ્યના પ્રાથમિક શિક્ષણ માટે અભ્યાસક્રમ રચવો તથા તેના સંદર્ભમાં પાઠ્યપુસ્તકો પ્રકાશિત કરવાની જવાબદારી રાજ્યોની છે.

1976ના બંધારણીય સુધારામાં એક દૂરંદેશીભર્યું પગલું સૂચવાયું છે. તેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની વચ્ચે શિક્ષણના ક્ષેત્ર માટેની જવાબદારીઓ નક્કી કરવામાં આવી છે. આમાં શિક્ષણ માટેની રાજ્ય સરકારોની જવાબદારી યથાવત્ રહે છે, જ્યારે કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય શિક્ષણ અને એકસૂત્રતા માટેના શિક્ષણની મજબૂતી માટે, શિક્ષણનું ધોરણ અને ગુણવત્તા જાળવવા માટે, દેશની

શૈક્ષણિક જરૂરિયાતો જાણવા અને તેને પહોંચી વળવા (જેમાં માનવવિકાસ અને માનવશક્તિનો વિકાસ થાય) - ઉચ્ચ શિક્ષણ અને સંશોધનની જરૂરિયાતોને પૂરી પાડવા માટે અને સમગ્ર દેશમાં શિક્ષણના સ્તરને ઊંચો લાવવા માટેની તમામ જવાબદારીઓનું વહન કરશે.

પ્રાથમિક શિક્ષણ અંગેની જવાબદારી સ્થાનિક સંસ્થાઓને સોંપાઈ છે, છતાં પ્રાથમિક શિક્ષણ અંગેની રાજ્ય સરકારોની જવાબદારી ઘણી મોટી છે અને ઘણી મહત્ત્વની છે.

**(4) સ્થાનિક સંસ્થાઓની ભૂમિકા**

પ્રાથમિક શિક્ષણના સંચાલનમાં સ્થાનિક સંસ્થાઓ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ભાગીદાર છે. સ્થાનિક સંસ્થાઓના સહકારથી જ દેશમાં પ્રાથમિક શિક્ષણનું કામ થાય છે. ભારતનાં બધાં રાજ્યોમાં આ બાબતમાં એકસરખી પરિસ્થિતિ નથી.

સ્થાનિક સંસ્થાઓ જેવી કે શહેર સુધરાઈઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા પંચાયતો પ્રાથમિક શિક્ષણના વહીવટ માટે શિક્ષણ સમિતિઓ રચે છે. દરેક રાજ્યમાં પ્રાથમિક શિક્ષણના વહીવટની કેટલીક આંતરિક બાબતો વિશે ભિન્ન ભિન્ન વ્યવસ્થાઓ છે અને તેથી કેટલીક સમસ્યાઓ ઊભી થઈ છે. પ્રાથમિક શિક્ષણના સંચાલનમાં પ્રાથમિક શિક્ષકોની ભરતી તેમજ તેમની બદલીઓનો પ્રશ્ન પાયાનો છે. તેમાં થતી ગેરરીતિઓ અંગે અનેક ફરિયાદો થતી જોવા મળે છે.

**(5) સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા**

ભારતમાં શિક્ષણના વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો ખૂબ જ મહત્ત્વનો છે. પ્રાથમિક શિક્ષણમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ નોંધપાત્ર ભૂમિકા ભજવી છે. બંધારણની કલમ 45 પ્રમાણે દેશમાં દરેક બાળકને તે 14 વર્ષનું થાય ત્યાં સુધી તેને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાનું છે.

દેશમાં પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક કરાતાં, દેશને માથે એક મોટી જવાબદારી આવા પડી. આવડું મોટું કાર્ય કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારો પૂરું કરી શકે નહિ એટલે આવડા મોટા કાર્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર આવશ્યક છે.

બંધારણની કલમ (30) 1પ્રમાણે સ્વૈચ્છિક સંસ્થાઓને શાળા સ્થાપવાની અને ફી લેવાની છૂટ મળેલી છે. આથી સ્વૈચ્છિક સંસ્થાઓ શાળાઓ સ્થાપે તો તેથી સરકારની જવાબદારી થોડી હળવી થાય તથા પ્રાથમિક શિક્ષણ અંગે સરકારનું ખર્ચ પણ થોડું ઘટે. સ્વૈચ્છિક સંસ્થાઓ શાળાઓ સ્થાપતાં લોકોનો સહકાર મળી રહેતા પ્રાથમિક શિક્ષણનું ફરજિયાતપણું સહેલાઈથી અને જલદીથી દાખલ કરવામાં સહાય મળે છે.

દેશમાં હજુ બાળકોની મોટી સંખ્યા શાળાઓમાં લાવવાની છે. આથી સ્વૈચ્છિક સંસ્થાઓની સેવાઓ લેવાની જરૂર છે જ. સ્વૈચ્છિક સંસ્થાઓના સંચાલન અંગે રાજ્ય સરકારોનો અંકુશ રહે છે. આથી આવી સંસ્થાઓની કાર્યક્ષમતા જળવાઈ રહે છે. છતાં શિક્ષકોના શોષણને લગતી કેટલીક ગેરરીતિઓ થતી જોવા મળે છે.

**(6) પ્રાથમિક શિક્ષણ અંગે નાણાંકીય સમસ્યા**

પ્રાથમિક શિક્ષણને મફત, ફરજિયાત અને સાર્વત્રિક કરવા અને તેનો કાર્યક્ષમ અમલ કરવા માટે નાણાંકીય જવાબદારી મોટી રહે છે. બાળક સહેલાઈથી ચાલીને શાળાએ જઈ શકે એ રીતે સમગ્ર દેશમાં શાળાઓની જોગવાઈ કરવી, ગરીબ બાળકો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિચરતી જાતિઓનાં બાળકો માટે પાઠ્યપુસ્તકો, ગણવેશ, લેખનસામગ્રી તથા મધ્યાહ્ન ભોજન વગેરે મફત આપવાનું, આ બધાં માટે નાણાં જોઈએ જ. એ જ પ્રમાણે શિક્ષકોની તાલીમ માટે તાલીમી સંસ્થાઓનાં મકાન બાંધવા, ઉદ્યોગ માટેનાં સાધનો વસાવવાં અને પ્રાથમિક 'શિક્ષણનું ફરજિયાતપણું દાખલ કરવા માટે ઘણું મોટું ખર્ચ કરવું પડે તેમ છે. આ ખર્ચ ઘણું ભારે છે. આથી પ્રાથમિક શિક્ષણનું નાણાંકીય પાસું મજબૂત હોવું જોઈએ કે જેથી કરીને નાણાંના કારણે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના કાર્યક્રમમાં અવરોધ આવે નહિ.

રાજ્ય બંધારણની 45મી ક્લમે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની જવાબદારી કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સંસ્થાઓ ઉપર મૂકેલ છે. આથી આ ત્રણેય ભાગીદારો નાણાંકીય જવાબદારી કેવી રીતે ઉપાડે છે તેના ઉપર પ્રાથમિક શિક્ષણના કાર્યક્રમની સફળતાનો આધાર રહે છે. આ ત્રણેયમાં સૌથી વિશેષ. જવાબદારી કેન્દ્ર સરકારની છે. જો કે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનો 6 થી 14 વર્ષની વય જૂથનાં બાળકો માટે પ્રબંધ કરવો એ દેશ માટે એક અત્યંત ખર્ચાળ બાબત છે. આ ઉપરાંત પ્રાથમિક શિક્ષણમાં વાલીની ગરીબાઈ પણ એક મોટું અવરોધક બળ બની રહે છે.

આપણા દેશમાં નાણાંકીય સમસ્યાને લીધે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના લક્ષ્યાંકોની સિદ્ધિ દૂર ને દૂર ધકેલાતી જાય છે. સ્વતંત્રતાને આટલાં બધાં વર્ષો વીત્યાં છતાં શિક્ષણનું ફરજિયાત સાર્વત્રિકરણ થઈ શક્યું નથી અને ક્યારે થશે તે ચોક્કસપણે કહી શકાય તેમ પણ નથી.

જેવાં મૂલ્યો કેળવાય તે પણ અનિવાર્ય છે. શિક્ષક એ વિદ્યાર્થી માટે પિતૃત્વ અને માતૃત્વનું સંગમતીર્થ છે. તેના સત્યના આગ્રહી બન્યા પછી જ વિદ્યાર્થીઓ સત્યના આગ્રહી બનશે. તેનામાં સ્વ પ્રત્યેની નિષ્ઠા હોવી જરૂરી છે. પોતાના વ્યવસાય માટેનો આદર અને શ્રદ્ધા હોવાં જરૂરી છે. હક્કો માટેની જાગુતિ અને ફરજપાલનની જવાબદારીની સભાનતા તેનામાં હોય તે પણ અનિવાર્ય છે. તે આદર્શોનું મૂર્તિમંત સ્વરૂપ હશે. તે સ્વમતનો આગ્રહી નહીં હોય. સત્યદર્શન માટેની ઉત્કંઠા, સત્યપાલન માટેનો આગ્રહ તેનામાં હશે. તે પોતાના મતો કે મંતવ્યોનું વિદ્યાર્થીઓમાં ગેરવાજબીપણે આરોપણ કરવાનો વિરોધી હશે. આનો ''ભદ્રાં ક્રતવો યન્તુ વિશ્વતઃ'' એ તેનો પ્રેરણામંત્ર હશે. આથી, તે મુક્ત માનસનો હિમાયતી હશે. તે સહાનુભૂતિશીલ અને સમર્પણશીલ હશે. તે વિશ્વશાંતિનો ચાહક અને માનવતાનો ઉપાસક હશે. તેનો ધર્મ એ માનવધર્મ હશે. ''સ્વધર્મે નિધન શ્રેયઃ' એ તેનો જીવનમંત્ર હશે. આમ, શિક્ષણ એ તેનો ધર્મ હશે, વિદ્યાર્થી તેનો આરાધ્યદેવ હશે અને માનવતા તેની ઉપાસના હશે.

## 15.13 નિરક્ષરતા નિવારણની આવશ્યકતા

ઉત્તર : નિરક્ષરતા નિવારણની આવશ્યક્તા નીચે મુજબ છે.

(1) નિરક્ષર વ્યક્તિ એની આસપાસનાં માણસો, પક્ષીઓ બધાંને ઓળખી શકે છે, પરંતુ કાગળ પર લખેલું વાંચી શક્તી નથી. તે અંધ હોય તેવો અનુભવ કરે છે. લખેલું વાંચવા માટે તે લાચાર બની જાય છે.

(2) નિરક્ષર વ્યક્તિ લખેલું વાંચી નહિ શકવાથી તે અન્ય વ્યક્તિઓ સાથે સરળતાથી આદાનપ્રદાન કરી શક્તી નથી. દૂરની વ્યક્તિઓને પોતાના સંદેશાઓ કે ટપાલો લખીને મોક્લી શકતી નથી. તેને બીજા પર આધાર રાખવો પડે છે.

(3) નિરક્ષર વ્યક્તિ પુસ્તકો કે સામયિકોનું લખાણ વાંચી શક્તી નથી. અખબારોનું કે વર્તમાનપત્રોનું વાંચન કરી શક્તી નથી. તેથી તે કેટલીક્વાર વિશ્વના કે રાષ્ટ્રના સામાન્ય બનાવો કે પ્રવર્તમાન પ્રવાહોથી સામાન્Þ રીતે વાકેફ રહી શકતી નથી.

(4) નિરક્ષર વ્યક્તિ પુસ્તકોનું વાંચન કરી શક્તી નથી. તેથી તે પુસ્તકવાંચનનો લાભ કે આનંદ મેળવી શકતી નથી. તે વિશ્વના જ્ઞાનભંડારથી વંચિત રહી જાય છે. પુસ્તકો એ જ્ઞાનના કર્તા છે, જ્ઞાનના ખજાનાની ચાવી છે. નિરક્ષર માણસો તેનાથી વંચિત રહી જાય છે.

(5) પુસ્તકોના વાંચનથી સમયનો સદુપયોગ કરી શકાય છે. નિરક્ષર વ્યક્તિ સમયનો સદુપયોગ કરી શકતી નથી.

(6) નિરક્ષર વ્યક્તિ અન્ય સાક્ષર વ્યક્તિઓની તુલનામાં લઘુતાગ્રંથિ અનુભવે છે. તે લઘુતાગ્રંથિનો ભોગ બને છે.

(7) નિરક્ષર વ્યક્તિને સમાજમાં ઘણી બાબતોમાં છેતરાવાનો ભય રહે છે. તે સારી રીતે પોતાના હિસાબો લખી શકતી નથી, ગણતરી બરાબત કરી શક્તી નથી. આથી તે ઘણીવાર છેતરાઈ જાય છે.

(8) સમાજના અન્ય વ્યક્તિઓના સંપર્ક અને આદાન-પ્રદાન સાક્ષર વ્યક્તિઓ જેટલી સરળતાથી કરી શકે છે, નિરક્ષર વ્યક્તિઓ એટલી સરળતાથી કરી શક્તી નથી.

(9) નિરક્ષર વ્યક્તિઓની પાસે આરોગ્ય સાચવવાનું જ્ઞાન પણ હોતું નથી. પરિણામે તેઓ ઘણીવાર રોગોનો ભોગ બને છે. સ્વચ્છતા, સુઘડતા વગેરેનું મહત્ત્વ જલદી સમજી શકતી નથી.

(10) નિરક્ષર વ્યક્તિઓ સામે સમાજના મોટા વર્ગને - ખાસ કરીને સાક્ષરતાને વરેલાં લોકો પૂર્વગ્રહોથી જુએ છે. તેથી સમાજમાં તે પૂર્વગ્રહોનો ભોગ બને છે.

(11) નિરક્ષર વ્યક્તિઓ સાક્ષરતાયુક્ત ન હોવાથી તેમને સારી નોકરીઓ, સારા વ્યવસાયો પ્રાપ્ત થઈ શકતાં નથી. તેઓને બીજાની મજૂરી કરવી પડે છે. યોગ્ય પ્રમાણમાં આજીવિકા પ્રાપ્ત થતી નથી. આથી તેઓ ગરીબીનો ભોગ પણ બને છે.

(12) નિરક્ષરતાથી વ્યક્તિને સમાજમાં યોગ્ય માન-સન્માન પ્રાપ્ત થતાં નથી. આથી તેમનો આર્થિક અને સામાજિક મોભો નીચે ઊતરે છે.

(13) તેઓ આર્થિક રીતે કેટલીકવાર સંપન્ન ન હોવાથી તેમનાં પરિવાર કે બાળકોના વિકાસમાં પણ જોઈએ તેવું યોગદાન આપી શક્તી નથી. તેમનું જીવનધોરણ કેટલીક્વાર નીચે ઊતરે છે.

(14) નિરક્ષર વ્યક્તિ કદાચ આર્થિક રીતે સંપન્ન હોય તો પણ તે સાક્ષર વ્યક્તિઓની જેમ દૃષ્ટિ વિશાળ ન બનતાં નાણાંનો સદુપયોગ કરી શક્તી નથી. નાણાંનો દુર્વ્યય થતો અટકાવવા અને સુખી જીવન જીવવા માટે સાક્ષરતા - શિક્ષણ જરૂરી છે.

(15) સાક્ષરતા - શિક્ષણ એ લોકશાહીનો પ્રાણવાયુ છે. ભણેલાં કે શિક્ષણ પામેલાં લોકશાહીના આધારસ્તંભો છે. તે લોકશાહીનું મૂલ્ય જાણી - પિછાણી શકે છે. લોકશાહીમાં વ્યક્તિના અધિકારો અને ફરજો પ્રત્યે જાગૃત રહો શકે છે. ભણેલી વ્યક્તિને -સાક્ષરતા પામેલી વ્યક્તિને લોકશાહીમાં મતાધિકારનું મૂલ્ય સમજાય છે. નિરક્ષરતા એ મોટો અભિશાપ છે. નિરક્ષર લોકો મતાધિકારનું પૂરતું મૂલ્ય સમજતા નથી. તેથી રાષ્ટ્રના લોકશાહી વિકાસતંત્રમાં ભાગીદાર બની શકતાં નથી.

(16) વિકાસની યોજનાઓ કેવી હોય, કેવા પ્રકારના વ્યાવસાયો કરી શકાય, તે કેવી રીતે કરી શકાય, કોની મદદ અને માર્ગદર્શન મેળવી રાઝાય. આ બધું નિરક્ષરો સમજી શકતાં નથી. તેઓ રાષ્ટ્રની વિવિધ યોજનાઓનો લાભ લઈ શકતાં નથી. આથી તેઓ રાષ્ટ્રના વિકાસમાં ભાગીદાર બની શકતાં નથી.

(17) આપણા દેશનો સૌથી મોટો પ્રશ્ન વસ્તીવધારાનો છે. એવું પ્રતિપાદિત થયું છે કે વસ્તી વધારાને અને નિરક્ષરતાને સીધો સંબંધ છે. શિક્ષિત સમાજ પોતાની મર્યાદાઓ અને ફરજ સમજે છે, જ્યારે નિરક્ષર સમાજ વરતીવધારાનાં જોખમો પ્રત્યે સંપૂર્ણ દુર્લક્ષ સેવી રહ્યો છે. નિરક્ષર સમાજને સાક્ષર બનાવી વસ્તીવધારાના અજગરને નાથવો જરૂરી છે. તેથી વસ્તીવધારાની મોટી સમસ્યાનો સામનો કરવા માટે અને નાના પરિવારમાં સુખી સમાજની રચના માટે નિરક્ષરતાનિવારણ અત્યંત જરૂરી છે.

(18) નિરક્ષરતા નિવારણથી વ્યક્તિ જ્ઞાન પ્રાપ્ત કરી તેનો જીવનમાં સદુપયોગ કરે. જ્ઞાનના ઉપયોગથી સ્વાવલંબી અને આત્મનિર્ભર બને. વ્યક્તિમાં સારા - નરસાનો વિવેક પેદા થાય, તે કુરિવાજો, અંધશ્રદ્ધા અને વહેમોને તિલાંજલિ આપે, જીવનમાં યોગ્ય વૈજ્ઞાનિક સમજ અને વૈજ્ઞાનિક વલણો વિકસાવીને નિરોગી અને નિરામય જીવન જીવી શકે, સાથે સાથે યોગ્ય વ્યવસાય દ્વારા જીવિકોપાર્જન મેળવી પોતાનું જીવનધોરણ અને જીવનશૈલીમાં સુધારો લાવે. લોકશાહીના એક નાગરિક તરીકે અધિકારોનું જતન કરી, ફરજોનું પાલન કરે. આમ થાય તો રાષ્ટ્રની માનવસપંત્તિના યોગ્ય વિકાસ દ્વારા રાષ્ટ્રનો આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને નૈતિક કે આધ્યાત્મિક વિકાસ શક્ય બને.

## 15.14 નિરક્ષરતા નિવારણ ક્યારે થયું ગણાય ?

કોઈપણ વ્યક્તિને નીચે મુજબ વાંચતાં-લખતાં કે ગણતાં આવડે ત્યારે નિરક્ષરતા દૂર થઈ ગણાય.

(1) વ્યક્તિ મનગમતાં વિષયના લખાણને એક મિનિટમાં 30 શબ્દોની ઝડપથી બોલીને વાંચી શકે.

(2) સરળ ભાષામાં લખાયેલાં ફકરાને એક મિનિટના 35 શબ્દોની ઝડપથી વાંચી શકે.

(3) રસ્તાનાં નામો, જાહેરાતનું લખાણ, સાદી સૂચનાઓ તથા નવશિક્ષિતો માટેના સમાચારો જેવી બાબતોનું વાંચન કરી શકે.

(4) પોતાના અંગત કામકાજ માટેના સરળ પત્રો કે ચિઠ્ઠીઓ કે લખાણો વાંચી શકે.

**લેખન :**

(1) વ્યક્તિ જ્યારે એક મિનિટના 7 શબ્દોની ઝડપથી બીજાના લખાણની નકલ કરી શકે.

(2) કોઈ સરળ લખાણ લખાવે, તો વ્યક્તિ જાતે એક મિનિટના 5 શબ્દો ઝડપથી લખી શકે.

(3) વ્યક્તિ પોતે સીધી લીટીમાં અને બે શબ્દો વચ્ચે જરૂરી જગા રાખીને લખી શકે.

(4) પોતાના રોજબરોજના ઉપયોગના પત્રો, અરજીઓ અને નાનકડી ચિઠ્ઠીઓ લખી શકે.

**ગણન :**

(1) વ્યક્તિ જાતે 1 થી 100 સુધીના આંક વાંચી અને લખી શકે.

(2) વ્યક્તિ જાતે ત્રણ આંકડાવાળા સાદા સરવાળા, બાદબાકી કરી શકે.

(3) વ્યક્તિ જાતે બે આંકડાના ગુણાકાર-ભાગાકાર કરી શકે.

(4) વ્યક્તિ જાતે તોલમાપનાં કાટલાં ઓળખી અને વાપરી શકે, લંબાઈ – પહોળાઈ માપી શકે. રૂપિયાની નોટ કે સિક્કા તથા પૈસાના સિક્કા ઓળખી શકે.

(5) વ્યક્તિને જમીનનું માપ લેતાં તથા ઘડિયાળ જોતાં આવડે.

વાંચન, લેખન અને ગણનમાં આટલી સિદ્ધિઓ જો પ્રાપ્ત થાય તો વ્યક્તિ નિરક્ષરતામાંથી મુક્ત થઈ છે અથવા વ્યક્તિનું નિરક્ષરતા નિવારણ થયું છે તેમ કહી શકાય.

## 15.15 નિરક્ષરતા નિવારણને અવરોધતા પરિબળો :

ઉત્તર : નિરક્ષરતા નિવારણને અવરોધતા પરિબળો જણાવો.

(1) સામાન્ય જનસમૂહમાં કેટલીકવાર ઘણો મોટો જનસમૂહ નિરક્ષર જોવા મળે છે. આવા નિરક્ષર લોકો કેટલાંક વ્યવસાયો હસ્તગત કરીને કે ખેતીવાડી, ઢોરઉછેર દ્વારા જીવનનિર્વાહ ચલાવે છે. આથી ભણીને શું કામ છે ? એવી વ્યાપક માન્યતાં તેમનામાં ઘર કરી ગયેલી હોય છે.

(2) પુરૂષો સામાન્ય રીતે પોતાના વ્યવસાયમાં કે પ્રવૃત્તિમાં વ્યસ્ત હોય છે. તેમને નિરક્ષરતા દૂર કરવાનું ગમે પણ વ્યસ્તતાને લીધે તેઓ સમય ફાળવી શકતાં નથી.

(3) નિરક્ષરતામાં પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ ઊંચું હોય છે. સ્ત્રીઓ ઘરકામ કરે છે, રસોઈ બનાવે છે, ઢોરઉછેર અને ખેતીવાડીમાં ધ્યાન આપતી હોય છે. તેમને ભણવું - અક્ષરજ્ઞાન મેળવવું જરૂરી લાગતું નથી.

(4) કેટલીકવાર મોટી ઉંમરનાં સ્ત્રીપુરુષોને અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરવામાં શરમ અને સંકોચનો અનુભવ થાય છે.

(5) પરંપરાગત માન્યતા અનુસાર છોકરીને ભણાવીને શું કામ છે ? આવી ભ્રામક માન્યતાને લીધે છોકરીઓને કાં તો શિક્ષણ આપતા નથી અથવા અધવચ્ચેથી અભ્યાસ છોડી દે છે. દીકરી તો

પારકી થાપણ, ચૂલો ફૂંક્વો અને બાળકો સાચવવાનું જ એમનું કામ છે એ વિચારથી ભણાવતાં નથી.

(6) સમાજમાં કેટલાંક એવા સાક્ષરો અને એવાં સ્થાપિત હિતો હોય છે કે જે અમુક ખાસ જાતિઓને કે માણસોની પાસે મજૂરી કરાવે- છે, તેમનું શોષણ કરે છે, તેમને ગેરમાર્ગે દોરીને અક્ષરજ્ઞાન આપતાં નથી.

(7) કેટલીકવાર માતા-પિતાની અત્યંત ગરીબ હાલત નાનાં બાળકોને નાનપણથી જ મજૂરી કરવા પ્રેરે છે. આવાં બાળકો પાસે કામ કરાવીને તેમની આર્થિક સ્થિતિ સુધારવાની કોશિશ કરે છે. આવી બાળમજૂરી પણ નિરક્ષરતા – નિવારણમાં અવરોધરૂપ બને છે.

(8) આ માટે સાક્ષરતા અભિયાનના કાર્યક્રમો યોજવા પડે. આ કાર્યક્રમમાં જેઓ સામેલ છે એટલે કે જે લોકો નિરક્ષર છે તેમને સાક્ષર બનાવવા. બીજો વર્ગ નિરક્ષર લોકોને સાક્ષર બનાવવાના કાર્યક્રમમાં જોડાઈ શકે તેવો સાક્ષર વર્ગ છે કે જેમણે નિરક્ષરોને સાક્ષરતા અભિયાનમાં સામેલ કરવાના છે.

પરંતુ, નિરક્ષરતા નિવારણ માટે નિરક્ષર લોકોમાં જાગુતિ નથી અને સાક્ષર વર્ગ આ નિરક્ષર વર્ગ તરફની પોતાની ફરજોની ઉપેક્ષા કરે છે. નિરક્ષરોની નિરક્ષરતા દૂર કરવા માટે પોતાના પડોશી નિરક્ષરોને અથવા પોતાના વિસ્તારના નિરક્ષરોને ભણાવવાં જોઈએ તેવી જાગૃતિ પણ ભણેલાં લોકોમાં હજી સુધી આવી નથી. તેઓ આવી જનસેવા દ્વારા દેશસેવા કરવા તૈયાર નથી. આથી રાષ્ટ્રની નિરક્ષરતા ઝડપથી નાબૂદ થતી નથી.

(9) અવિરત વસતીવધારો પણ નિરક્ષરતા નિવારણમાં અવરોધક નીવડે છે. વસતીવધારા માટે આપણી સામાજિક અને ધાર્મિક માન્યતાઓ પણ જવાબદાર છે. વસ્તી વધારાને લીધે શિક્ષણની સુવિધાઓ ઓછી થતી જાય, નિરક્ષરોની સંખ્યા વધતી જાય, પરિવારની આર્થિક સ્થિતિ કંગાળ થતી જાય આથી બાળકો શાળામાં જઈ શકે નહિ, કમાણીમાં જોડાવું પડે. વધારો અને નિરક્ષરતા એક જ સિક્કાની બે બાજુઓ છે. નિરક્ષરતાને લીધે વસ્તી વધે છે, વસતીવધારાને લીધે નિરક્ષરતામાં વૃદ્ધિ થાય છે.

**(2) સરકારી તંત્ર :**

નિરક્ષરતા નિવારણ માટે સાક્ષરતા અભિયાન ચલાવવું પડે. લોકશાહીમાં શિક્ષણ એ વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર છે. નિરક્ષરતા નિવારણ માટે સરકારી વહીવટતંત્ર અને જનસમુદાયની ભાગીદારી હોવી જરૂરી છે. પરંતુ,

(1) નિરક્ષરતા નિવારણ માટે સરકારીતંત્ર કે વહીવટી તંત્રમાં ખાસ કાર્યક્રમો અને તેમના અમલીકરણની યોજનાઓ હોય છે. સરકારી તંત્રે ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવવી જોઈએ. જિલ્લાના કલેક્ટરથી માંડીને ગ્રામસેવક, તલાટી વગેરેની જવાબદારી હોય છે. કેટલીકવાર આ અધિકારીઓ સ્વેચ્છાએ નિષ્ઠાપૂર્વક કામ કરતા નથી. "કરવા ખાતર કામ' કરે છે. તેમનામાં પ્રતિબદ્ધતાનો અભાવ જોવા મળે છે. શિક્ષણ ખાતું પણ નિરક્ષરતા નિવારણ માટે ઉપેક્ષા સેવતું હોય તેવું કેટલીકવાર જોવા મળે છે.

(2) આ ઉપરાંત આ કાયંક્રમમાં સંલગ્ન એવા નિષ્ઠાવાન અધિકારીઓની બદલીઓ વારંવાર થતી હોય છે. આથી આવા કાર્યક્રમમાં ઝડપ આવતી નથી.

(3) નિરક્ષરતા નિવારણ માટે - સાક્ષરતા અભિયાનને સમજીને કાર્યક્રમો સફળ રીતે પ્રયોજી શકે તે માટે સરકારી અધિકારીઓને તાલી તાલીમનો પણ અભાવ જોવા મળે છે.

(3) સાક્ષરતા સાહિત્ય : સાક્ષરતા અભિયાનના કાર્યક્રમમાં ત્રીજું અવરોધક પરિબળ તેમના માટેનું સાહિત્ય છે.

(1) નિરક્ષર લોકોમાં કેટલાંક પરિપક્વ ઉમરના, જીવનના વ્યવસાયમાં જોડાયેલા લોકો હોય છે. આ લોકો પાસે અનુભવ, ભાષાનું ભંડોળ, મૌખિક અભિવ્યક્તિની આવડત હોય છે. તેથી

આવા લોકો માટે તેમને સાક્ષર બનાવવા માટે તેમની કક્ષાને વયને ધ્યાનમાં રાખી નિરક્ષરતા દૂર કરવાનું સાહિત્ય રચવું જોઈએ. આમ તો કેન્દ્ર સરકારે આવું સાહિત્ય પ્રાદેશિક ભાષાઓમાં તૈયાર કરવાનું જણાવ્યું છે. રાજ્ય સરકારો આ દિશામાં પ્રયત્નશીલ છે, છતાં જોઈએ તેવું સાહિત્ય સર્જાયું નથી.

(2) જે તે પ્રાદેશિક ભાષામાં વિવિધ બોલીઓ હોય છે. રાજ્ય સરકારે આવું સાહિત્ય તૈયાર કરવામાં જે તે વિસ્તારની, જે તે લોકોની બોલીઓ, શબ્દભંડોળનો, સંસ્કૃતિનો ખ્યાલ રાખી સાહિત્ય સર્જવું જોઈએ. માત્ર શિષ્ટ ભાષામાં જ સાહિત્ય સર્જાય તો કેટલાંક પ્રાદેશિક વિસ્તારોના જનસમુદાયને તે અનુકૂળ આવતું નથી, તેથી તેઓ તેની ઉપેક્ષા કરે છે.

## 15.16 સારાંશ :

- નિરક્ષરતા એ બહુ મોટી સમસ્યા છે. નિરક્ષરતાએ અનેક સામાજિક આર્થિક દુષણોને જન્મ આપ્યો છે. નિરક્ષરતાને કારણે માનવીનો જોઈએ તેવો વિકાસ થતો નથી. વિજ્ઞાન અને સ્વાસ્થ્યના નિયમોથી અપરિચિત અને અજ્ઞાની બને છે, પરિણામે અંધવિશ્વાસ અને રૂઢીવાદીતાનો જન્મ થાય છે.
- શેઠ, શાહુકારના શોષણનો ભોગ બને છે. નિરક્ષર માનવી પશુ સમાન છે. શિક્ષણ દ્વારા જ સભ્યતા ને સંસ્કૃતિનો વિકાસ અને સમાજની પ્રગતિ થાય છે. જો માનવીએ પોતાનો સર્વાંગી વિકાસ કરવો હોય અને જીવન સત્ર ઊંચું લાવવું હોય તો શિક્ષણ અનિવાર્ય છે.
- પ્રત્યેક સમાજ સાક્ષરતાના મહત્ત્વને સમજે છે. ઘણો ભાગે વિકસિત દેશોમાં સાક્ષરતાનું પ્રમાણ ઊંચું હોય છે. જ્યારેભારત અને અન્ય વિકાસશીલ દેશોમાં અને અર્ધવિકસિત દેશોમાં સાક્ષરતાનું પ્રમાણ નીચું છે. આઝાદી પૂર્વે ભારતના વિકાસમાં નિરક્ષરતા બાધક બની હતી. આઝાદી પછી ધીમે ધીમે શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થતા નિરક્ષરતાનું પ્રમાણ ઘટ્યું છે. પરંતુ હજુ સંપૂર્ણ સો ટકા સાક્ષરતા સિદ્ધ થઇ નથી.
- નિરક્ષરતાના કારણો જાનને તે અન્તેના ઉપાયો હાથ ધરવા જોઈએ. અમુક સમયના અંતરે તેનું મૂલ્યાંકન થતું રહેવું જોઈએ, તો જ સુધારો લાવી શકાય.

## 15.17 એકમ સ્વાધ્યાય : (Unit Exercises)

(1) નિરક્ષરતાનો અર્થ જણાવો.

(2) નિરક્ષર વ્યક્તિની લાક્ષણિકતાઓ જણાવો.

(3) નિરક્ષરતાના કારણો જણાવો.

(4) નિરક્ષરતાની અસરો જણાવો.

(5) નિરક્ષરતા નિવારણના ઉપાયો જણાવો.

(6) નિરક્ષરતા નિવારણના કાર્યક્રમો જણાવો.

(7) સાક્ષરતા વધારવાના ઉપયો જણાવો.

(8) મહિલા સામર્થ્ય કાર્યક્રમ જણાવો.

(9) નિરક્ષરતા નિવારણની આવશ્યકતા જણાવો.

(10) નિરક્ષરતા નિવારણ ક્યારે થયું ગણાય ?

(11) નિરક્ષરતા નિવારણને અવરોધતા પરિબળો જણાવો.

## 15.18 તમારી પ્રગતિ ચકાસો.

**તમારો ઉત્તર આપેલ જવાબમાં લખો.**

(1) નિરક્ષરતાનો અર્થ જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(2) નિરક્ષર વ્યક્તિની લાક્ષણિકતાઓ જણાવો. (કોઈપણ બે)

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(3) નિરક્ષરતાના કોઈપણ બે કારણો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(4) નિરક્ષરતા નિવારવાના કોઈપણ બે ઉપાયો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(5) નિરક્ષરતા નિવારણના કોઈપણ બે કાર્યક્રમ જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(6) સાક્ષરતા વધારવાના કોઈપણ બે ઉપાયો જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(7) નિરક્ષરતા નિવારણની કોઈપણ બે આવશ્યકતા જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(8) નિરક્ષરતા નિવારણ ક્યારે થયું ગણાય ?

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(9) નિરક્ષરતા નિવારણને અવરોધતા કોઈપણ બે પરિબળો જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

## (20) સૂચિત વાંચન સામગ્રી (Suggest Readings)

(1) દવે હર્ષિદા એચ :સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(2) રાવલ નટુભાઈ વિ. : વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક, નીરવ પ્રકાશન, અમદાવાદ.

એકમ 16

# સ્ત્રીઓની સમસ્યાઓ

## : રૂપરેખા :

16.1 પ્રસ્તાવના

16.2 સ્ત્રી સમસ્યાનો અર્થ

16.3 સ્ત્રી સમસ્યાના સ્વરૂપો

16.4 સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓના પ્રકારો

1. દહેજની સમસ્યા

   પ્રસ્તાવના

2. વેશ્યા સમસ્યા

   1. પ્રસ્તાવના
   2. વેશ્યાવૃત્તિનો વિકાસ
   3. વેશ્યાવૃત્તિને નિયંત્ર કરવાના ઉપાયો
   4. વેશ્યતાવૃત્તિની લાક્ષણિકતાઓ
   5. વેશ્યાવૃત્તિના કારણો
   6. વેશ્યા વ્યવસાયની અસરો
   7. અટકાવવાના ઉપાયો

3. સ્ત્રીઓની આત્મહત્યા

   1. પ્રસ્તાવના
   2. આત્મહત્યા અર્થ અને વ્યાખ્યા
   3. આત્મહત્યાના કારણો
   4. આત્મહત્યાના પ્રકારો
   5. આત્મહત્યાના ખરાબ પરિણામો
   6. આત્મહત્યાની લાક્ષણિકતાઓ
   7. આત્મહત્યાનું સ્વરૂપ
   8. આત્મહત્યાની રીતો
   9. આત્મહત્યાની સમસ્યાનું નિવારણ કરવાના ઉપાયો

4. જાતિય સતામણી

   1. પ્રસ્તાવના

5. સ્ત્રીઓ પર થતા અત્યાચારોના પ્રકારો
6. સ્ત્રી સમસ્યાઓ અને અત્યાચારોને રોકવાના ઉપાયો

7 સ્ત્રી સમસ્યાઓના ઉકેલો

8. સારાંશ
9. એકમ સ્વાધ્યાય

**10. તમારી પ્રગતિ ચકાસો**

**11. તમારી પ્રગતિ ચકાસો**

**12. સૂચિત વાંચન સામગ્રી**

- **ઉદ્દેશો :**

આ એકમનો અભ્યાસ કર્યા પછી, તમે નીચે જણાવેલ બાબતો માટે શક્તિમાન બનશો :

1. સ્ત્રી સમસ્યાનો અર્થ સમજી શકશો.
2. સ્ત્રી સમસ્યાનાા સ્વરૂપો સમજી શકશો.
3. સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓના પ્રકારો સમજી શકશો.
4. દહેજની સમસ્યા સમજી શકશો.
5. વેશ્યા સમસ્યા સમજી શકશો.
6. વેશ્યાવૃત્તિનો વિકાસ સમજી શકશો.
7. વેશ્યાવૃત્તિને નિયંત્રણ કરવાના ઉપાયો સમજી શકશો.
8. વેશ્યાવૃત્તિની લાક્ષણિકતાઓ સમજી શકશો.
9. વેશ્યાઓનું વર્ગીકરણ સમજી શકશો.
10. વેશ્યાવૃત્તિના કારણો સમજી શકશો.
11. વેશ્યા વ્યવસાયની અસરો સમજી શકશો.
12. વેશ્યાવૃત્તિ અટકાવવાના ઉપાયો સમજી શકશો.
13. સ્ત્રીઓની આત્મહત્યા સમજી શકશો.
14. જાતિય સતામણી સમજી શકશો.
15. મહિલા સમસ્યાઓ અને અત્યાચારોને રોકવાના ઉપાયો સમજી શકશો.
16. સ્ત્રી સમસ્યાઓના ઉકેલ સમજી શકશો.

## 16.1 પ્રસ્તાવના

મૂળ 'સ્ત્રી' શબ્દ સ્તૃ ધાતુ પરથી આવ્યો છે. સ્તૃ એટલે વિસ્તારવું, ફેલાવવું. સ્ત્રી દ્વારા કુટુંબનો વિસ્તાર અને વ્યાપકતા વધે છે. સ્ત્રીઓ પાસે જ સમાજ વિવિધ અપેક્ષા રાખે છે. આમ, સ્ત્રીઓ કુટુંબ જીવનની મહત્ત્વની ધરી છે. કુટુંબની તમામ બાબતો અને વિકાસમાં તેમનું યોગદાન મહામુલું છે.

આપણી પરંપરાગત સમાજ વ્યવસ્થામાં તથા આચાર, વિચાર અને વ્યવહારમાં લૈંગિક ભેદભાવ જોવા મળતો હતો. સ્ત્રી પુરુષ અસમાનતા સાર્વત્રિક હતી. સ્ત્રીઓ બંધનયુક્ત જીવન જીવતી હતી. સ્ત્રીઓ દ્વિતીય કક્ષાનું નાગરિકત્વ ધરાવતી હતી. વૈદિક કાળ દરમિયાન સ્ત્રીઓ પર વિવિધ પ્રકારના નિયંત્રણો લાદવામાં આવ્યા, આને કારણે સ્ત્રીનું સામાજિક સ્થાન પુરુષની સરખામણીમાં ઉતરતી કક્ષાનું બનતું ગયું. સ્ત્રીને પરાવલંબી જીવન જીવવું પડતું હતું. સ્ત્રીઓના હક્કોની અવજ્ઞા થતી અને પુરુષોના હક્કો સ્વતંત્ર અને સાર્વત્રિક હતા. પુરુષો તો તમામ ક્ષેત્રે પોતાના અધિકારો ભોગવતા જ્યચારે સ્ત્રીના અધિકારો સીમિત હતા. બ્રિટીશ કાળ દરમિયાન ક્રમશઃ સ્ત્રીઓને અધિકારો આપવામાં આવ્યા, તેને પરિણામે સ્ત્રીના સ્થાન અને દરજ્જામાં સમાનતા, સ્વાતંત્ર્યમાં સૂચિત પરિવર્તન આવ્યું. સ્ત્રી પુરુષ સમાનતાનો પ્રારંભ થયો. સ્ત્રીઓને અધિકાર બક્ષતા વિવિધ કાનૂનો અમલી બનાવવામાં આવ્યા, છતાં પણ સ્ત્રીને કોઇ અધિકારો પ્રાપ્ત થયા ન હતા. પુરુષની તુલનામાં સ્ત્રીને પોતાનો વિકાસ કરવાની કે આત્મનિવેદન કરવા માટેની તક સાંપડી ન હતી. સ્ત્રી તરીકેના જન્મની સાથે જ સ્ત્રીની તમામ અયોગ્યતાઓ ઉદ્ભવી હોવાનું મનાય છે.

ભારતીય સમાજની વિચારસરણીને લીધે સમાજ અને સંસ્કૃતિનો નાશ થઇ રહ્યો છે. આથી પરંપરાને વળગી રહીને ઉચ્ચ ગુણવત્તા અને નીતિમય આદર્શોને જાળવીને જીવન જીવવાની યથાયોગ્ય પરિસ્થિતિ પર ભાર મૂકવામાં આવ્યો હતો. સત્તા અને તાબેદારીના સંબંધો પર ભાર મૂકાતો અને તેના ઉલ્લંઘન બદલ શિક્ષા થતી. પરિવારના સંબંધોમાં સત્તા અને તાબેદારી જોવા મળતી હતી. એમાં મા-બાપની આજ્ઞાનું સંતાનોએ પાલન કરવું એ સામાન્ય ફરજ ગણાતી, તે જ રીતે પતિ-પત્નીના સંબંધોમાં સત્તા અને તાબેદારી જોવા મળતી.

સ્ત્રી-પુરુષ સમાનતા સ્થાપવા પર ભાર મૂકવામાં આવ્યો છે. પરંતુ વ્યવહારમાં આ બાબત જોવા મળતી નથી. સ્ત્રીના સામાજિક સ્થાનમાં પરિવર્તન આવ્યું છે. પરંતુ વાસ્તવિકતા વચ્ચે વિશાળ અંતર છે. કેટલીક રૂઢિગત પરંપરાઓ સ્ત્રીના માર્ગમાં અવરોધક બને છે જેનો સ્ત્રીઓને સામનો કરવો પડે છે, પરિણામે પુરુષ સમોવડી બની શકતી નથી. અસમાનતા, અન્યાય, અવરોધ, નિયંત્રણ, આત્મસન્માનનો અભાવ, લિંગભેદ, સત્તાની તાબેદારી પરંપરા, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, કાનૂનીકરણ, સંપર્ક માધ્યમો, શિક્ષણ જેવા પરિબળોને લીધે સમાનતા, સ્વતંત્રતા, સામાજિક ન્યાય, વ્યક્તિનું ગૌરવ અને લોકશાહીના નૂતન મૂલ્યો અને ધોરણો, જેવા પરિબળો અને સમાયોજન સાધીને અવનવાં તત્ત્વોને સમાવી લેઇને પરિવર્તન લાવવાની ભૂમિકાએ સ્ત્રી સમાનતાની દિશામાં પરિવર્તન આણ્યું છે. તો બીજી તરફ પુરાતન પરંપરાઓ તેમાં અવરોધ પેદા કરી મૂળભૂત સામાજિક રચનાને ટકાવી રાખવાની ભૂમિકા ભજવે છે. આને કારણે સ્ત્રીઓની સમસ્યાઓ પેદા થાય છે. નૂતન પરિમાણોથી ઉદ્‌ભવતી પરિસ્થિતિ અને પ્રાચીન પરંપરા વચ્ચેની પારસ્પરિક ક્રિયાઓ વચ્ચે, પરંપરા અને આધુનિકતા વચ્ચે સુગ્રથન સધાય છે તેની સાથે સ્ત્રીઓની સમસ્યાઓ પણ પેદા થતી જાય છે. સંક્ષેપમાં કહીએ તો પરંપરા અને આધુનિકતા વચ્ચેની આંતરક્રિયાથી પરસ્પર વિરોધી એવા પરિણામો પ્રાપ્ત થાય છે. સ્ત્રીના સ્થાનમાં સુધારો થવા પામ્યો છે. સ્ત્રી પુરુષ સમોવડી બનવા તરફ પ્રગતિ કરી રહી છે. સાથે સાથે સ્ત્રી સમાનતાને પ્રાપ્ત કરવામાં વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે તથા એ સમસ્યાઓની વિપરીત અસરો પણ ભોગવવી પડે છે.

## 16.2 સ્ત્રી સમસ્યાનો અર્થ

વેદકાલીન ભારતીય સમાજમાં સ્ત્રીઓ સમાન સ્થાન અને ગૌરવ ભોગવતી હતી. વિદેશીઓના આક્રમણ બાદ સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતાની શરૂઆત થઇ. પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ થયા બાદ પુરુષો જે આધિપત્ય ભોગવે છે તે સ્ત્રીઓને મળતું નથી. સ્ત્રીઓના જીવન સબંધી પરિસ્થિતિ લોકોનું ધ્યાન ખેંચે તેવી હોય છે.

ટેક્નોલોજી અને વિજ્ઞાનની હરણફાળને કારણે સમાજે તમામ ક્ષેત્રે પ્રગતિ કરી છે, પરંતુ સ્ત્રીની બાબતમાં પીછેહઠ કરી છે. બંધારણે સ્ત્રી-પુરુષના સમાન હક્ક અને અધિકારો આપ્યા છે, પરંતુ તેનો વ્યવહારિક અમલ થતો નથી. સ્ત્રી-પુરુષ સમાનતા જોવા મળતી નથી. વાસ્તવિક જીવનમાં સ્ત્રીઓને અનેક અસમાનતાઓ અને અન્યાયોનો ભોગ બનવું પડે છે. આપણી સંસ્કૃતિમાં જોવા મળતી કેટલીક પ્રથાઓ પણ આને માટે જવાબદાર છે, જેવી કે પુરુષો અને વડીલોની સર્વોપરી સત્તા, સંયુક્ત કુટુંબ પ્રથાને કારણે ઊભી થતી સમસ્યાઓ, બાળ લગ્નો, શિક્ષણનો અભાવ, બંધનકર્તા, રીતરસમોની વિપરીત અસર સ્ત્રીઓના જીવન પર પડતી હોય છે. આને કારણે સ્ત્રીઓની સમસ્યાઓ ઊભી થાય છે.

સ્ત્રીઓના જીવન પર અસર કરતી વિપરીત પરિસ્થિતિઓ, ધોરણો, મૂલ્યો, માન્યતાઓ, અનિચ્છનીય ગણવામાં આવતી હોય તેમજ તેના નિવારણ માટે સામૂહિક પગલાં લેવાતાં હોય તેવી પરિસ્થિતિને સ્ત્રીઓની સમસ્યાઓ કહેવાય છે.

સ્ત્રીઓની સમસ્યાઓ એટલે પુરુષની તુલનામાં સ્ત્રીઓને નીચા સ્થાન અને દરજ્જાને સૂચિત કરતી સમસ્યાઓ, આવી સમસ્યાઓમાં સ્ત્રીઓનું ઓછું પ્રમાણ, ભ્રૂણ હત્યા, નિરક્ષરતા, અસમાનતા, કૌટુંબિક સમસ્યાઓ માટે સાંસ્કૃતિક બાબતો અને ધ્યેયો સામાજિક પરિવર્તન, સ્ત્રીનું

વ્યક્તિત્વ પણ જવાબદાર હોય છે. આર્થિક પરાધીનતા, નિરક્ષરતા પણ સ્ત્રીની સમસ્યાનું કારણ બને છે. આમ, વિવિધ પરિસ્થિતિઓ સ્ત્રીની સમસ્યા માટે કારણભૂત બને છે.

## 16.3 સ્ત્રી સમસ્યાના સ્વરૂપો

સમાજમાં પરાપૂર્વથી સ્ત્રીઓ સિતમ અને શોષણનો ભોગ બનતી આવી છે. જેમાં અનેક સામાજિક વિજ્ઞાનીઓએ અભ્યાસો કર્યા છે. પરંતુ કોઇ એક સમસ્યાને કેન્દ્રિત કરીને તેનો અભ્યાસ કરવા પર બહું ઓછું ધ્યાન અપાયું છે તેમાં ખાસ કરીને મહિલાઓ વિરુદ્ધ થતી હિંસાનો સમાવેશ થાય છે. આ સમસ્યા કોઇ નવી સમસ્યા નથી. અનેક યુગોથી સ્ત્રી અસમાનતા અને અવહેલનાની સાથે સાથે અત્યાચારોનો ભોગ બનતી આવી છે.

સ્ત્રીઓની દરેક ક્ષેત્રમાં ભાગીદારીને લીધે ધીમે ધીમે તેનું યોગદાન વધ્યું છે, પરંતુ કેટલીક સામાજિક વિચારસણીઓ અને પ્રચલિત માન્યતાઓએ મહિલાની સતામણી અને હિંસાને વધારવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. મહિલાઓની તરફેણમાં ઘડવામાં આવેલા કાયદાઓ, શિક્ષણનો પ્રચાર અને પ્રસાર, આર્થિક સ્વતંત્રતા હોવા છતાં આજે પણ સ્ત્રીઓ હિંસાનો ભોગ બની રહી છે. સ્ત્રીઓને હેરાન કરી માર મારવામાં આવે છે. તેમની પર બળાત્કાર કરવામાં આવે છે. બાળી નાખવામાં આવે છે. ખૂન કરવામાં આવે છે જેને માટે કોણ જવાબદાર છે ?

કેટલાંક વિદ્વાનોને પાશ્ચાત્ય સમાજના વિવિધ પાસાંઓનો અભ્યાસ કરીને આ સમસ્યા માટે વ્યક્તિત્વ અને પરિસ્થિતિને કારણભૂત ગણાવ્યા છે. આ બાબતે ચર્ચા વિચારણા કરીને સમાલોચના કરી છે. આમ છતાં આજે અનેક સ્ત્રીઓ અત્યાચારનો ભોગ બને છે.

મહિલાઓ પર થતી હિંસાના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે.

1. ગુનાહિત હિંસા જેમાં બળાત્કાર, અપહરણ, હત્યાનો સમાવેશ થાય છે.
2. ઘરગથ્થું હિંસા જેમાં દહેજ સંબંધી મૃત્યુ, પત્નીને માર મારવો, જાતિય દુર્વ્યવહાર, વિધવાઓ અને વૃદ્ધ મહિલાઓ પર થતાં દુર્વ્યવહારોનો સમાવેશ કરવામાં આવે છે.
3. સામાજિક હિંસા જેમાં પત્ની અથવા પુત્રવધુને બાળકીની ભ્રુણહત્યા માટે ફરજ પાડવી, સ્ત્રીઓની છેડતી, સ્ત્રીઓને સંપત્તિ ન આપવી, વિધવાને સતી થવા માટે ફરજ પાડવી. પુત્રવધૂને વધુ દહેજ લાવવા માટે સતાવવી અને ત્રાસ આપવો વગેરે ગણી શકાય.

એક અહેવાલ પ્રમાણે ભારતમાં દર ચાર મિનિટે મહિલા વિરુદ્ધ અત્યાચાર થાય છે. દર પોણા કલાકે બળાત્કાર અને મહિલાનું અપહરણ થાય છે. બીજી કોઇ સ્ત્રી ઉપર સ્વજનો અને પતિ દ્વારા ત્રાસ ગુજારવામાં આવે છે તથા દરરોજની 17 સ્ત્રીઓના દહેજને લીધે અપમૃત્યુ થાય છે.

## 16.4 સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓના પ્રકારો

સ્ત્રીઓની સમસ્યા પેદા કરવામાં સામાજિક રચનાતંત્ર, સાંસ્કૃતિક રચનાતંત્ર, મૂલ્ય સંઘર્ષ, સ્ત્રીનું વ્યક્તિત્વ અને સામાજિક પરિવર્તન જેવી બાબતો મહત્ત્વનો ભાગ ભજવે છે. આને કારણે વિભિન્ન સમસ્યાઓ જોવા મળે છે. જેવી કે સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ, સામાજિક સમસ્યાઓ, રાજકીય સમસ્યાઓ, આરોગ્ય વિષયક અને શૈક્ષણિક સમસ્યાઓ, લગ્ન વિષયક સમસ્યાઓ, શારીરિક અને જાતિય શોષણની સમસ્યાઓ, સામાજિક આર્થિક અસલામતીની સમસ્યાઓ દૃષ્ટિગોચર થાય છે.

અહીં આપણે સ્ત્રીઓને લગતી સામાજિક સમસ્યાઓ વિશે વિચારણી કરીશું.

1. દહેજની સમસ્યા
2. વેશ્યા સમસ્યા
3. સ્ત્રીઓની આત્મહત્યા

4. જાતિય સતામણી

5. મહિલાઓની વિરુદ્ધ થતી હિંસાઓ અથવા મહિલા વિરુદ્ધ થતાં અત્યાચારો

**1. દહેજની સમસ્યા**

ભારતીય સમાજમાં સ્ત્રી જીવનની વિવિધ સમસ્યાઓમાં દહેજની સમસ્યા ધ્યાન ખેંચે તેવી છે. આ સમસ્યાને કારણે કુટુંબ જીવન તથા આર્થિક, સામાજિક જીવન પર વિપરિત અસર થાય છે. આ સમસ્યાના મૂળ પરંપરાગત લગ્ન પ્રથા, જ્ઞાતિ પ્રથા, સામાજિક પ્રતિષ્ઠા પ્રત્યે વડીલોના ખ્યાલોમાં રહેલાં છે.

ફારસી શબ્દ 'દેજ' ઉપરથી દહેજ શબ્દ ઉતરી આવ્યો છે. દહેજનો અર્થ કન્યા શૂલ્ક એટલે કે કન્યાને વરપક્ષ તરફથી આપવામાં આવતાં દાગીના, કપડાંની ભેટ એવો થાય છે. વર્તમાન સમયમાં દહેજનો અર્થ કન્યા લગ્ન વખતે માતા-પિતા તરફથી વરપક્ષને રિવાજ અનુસાર આપવી પડતી રકમ, ચીજવસ્તુઓ, ભેટ સોગાદો સાથે સંકળાયેલો છે. માતા-પિતા પુત્રીને લગ્ન સમયે અનેકવિધ વસ્તુઓ ભેટ સ્વરૂપે આપે છે.

સમાજવિજ્ઞાનના જ્ઞાનકોષ મુજબ જોઇએ તો દહેજ એ એવી સંપત્તિ છે કે જે પુરુષ લગ્ન સમયે પોતાની પત્ની અથવા તેના કુટુંબ પાસેથી પ્રાપ્ત કરે છે.

નીરા દેસાઇ (1980)ના મતે, ×લગ્ન સંબંધથી જોડનાર એક પક્ષ તરફથી બીજા પક્ષને અથવા એકપક્ષના માતા-પિતા કે અન્ય વ્યક્તિ તરફથી લગ્નમાં જોડાનાર વ્યક્તિને કે અન્ય કોઇને મિલકત કે મૂલ્યવાન અનામત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અપાઇ હોય કે આપવાની હોય અથવા લગ્ન પહેલાં કે લગ્ન પછી લગ્ન અંગે કંઇ પણ (ચીજવસ્તુ) અપાય તો તે બધું દહેજમાં ગણ શકાય. સમાજ કલ્યાણ ખાતાની દૃષ્ટિએ વરપક્ષની માંગણી અનુસાર આપવામાં આવતી રોકડ રકમ અથવા ચીજવસ્તુઓને દહેજ કહેવાય.×

દહેજ પ્રથા ઐતિહાસિક દૃષ્ટિએ સામંત યુગની દેન માનવામાં આવે છે. ધીરે ધીરે આ પ્રથા સમાજના અન્ય વર્ગોમાં પ્રચલિત થવા લાગી. આર્થિક સ્થિતિ બરાબર ન હોય છતાં પણ લોકો પોતાની સામાજિક પ્રતિષ્ઠા જાળવી રાખવા દેવું કરીને દહેજ આપવા લાગ્યા. વરપક્ષને લાલચું બનાવીને છોકરીઓનો વ્યાપાર થવા લાગ્યો. આજે દહેજ એ લેણદેણની પ્રથા બની ગઈ છે. મધ્ય યુગમાં રાજા, મહાજારા અને રાજપૂતોમાં આ પ્રથા જોવા મળતી હતી. શ્રીનિવાસ (1978)ના મતાનુસાર દહેજપ્રથા સમાજના અમુક ઉપલાં વર્ગો પૂરતી સીમિત હતી જે હવે મધ્યમ અને નીચલાં મધ્યમ વર્ગોમાં પણ ફેલાઈ ગઈ છે. આનો વ્યાપ દિનપ્રતિદિન વધતો જાય છે, જેની પાછળ સામાજિક સ્થિતિ, સ્પર્ધાત્મકતા, જ્ઞાતિપ્રથા જેવા કારણો જવાબદાર છે. સમાજના તમામ સ્તરે આ પ્રથા જોવા મળે છે. ઉચ્ચ જ્ઞાતિઓમાં રોકડ રકમ અને દાગીના સ્વરૂપે પ્રચલિત છે. જો છોકરો વધુ શિક્ષિત હોય અને સારી ઉચ્ચ હોદ્દો ધરાવતી નોકરી કરતો હોય તો દહેજની રકમનું પ્રમાણ વધારે હોય છે.

દહેજ પ્રથા માટે કન્યાદાન, સ્ત્રી ધન, લગ્ન સમયે અપાતી ભેટો, કન્યાશૂલ્ક, વર શૂલ્ક, કરિયાવર, પૈઠણ, વાંકડો, હૂંડો વગેરે જેવા શબ્દપ્રયોગો કરવામાં આવે છે. ભારતીય લગ્ન વ્યવસ્થાના દૂષણ સ્વરૂપે આ સમસ્યાનો વિકાસ થયો છે, જેને કારણે અનેક પ્રશ્નો અને પડકારો સર્જાયા છે. હિન્દુ, મુસ્લિમ, રાજપૂત અને ખ્રિસ્તી કોમમાં આ સમસ્યાનો વ્યાપ વધ્યો છે. હવે તો પછાત વર્ગોમાં પણ આ સમસ્યા વ્યાપક બનતી જાય છે.

અનેક ઐતિહાસિક ઉદાહરણ આના સંદર્ભમાં જાણીતા છે, જેમ કે ઔરંગઝેબે પુત્રના લગ્નમાં દહેજરૂપે રામગિરિનો કિલ્લો આપ્યો હતો. સંત તુકારામે દીકરીના લગ્નમાં દહેજ માટે ગામ ફાળો એકત્ર કર્યો હતો. નરસિંહ મહેતાની દીકરી કુંવરબાઈનું મામેરું, દ્રોપદી, સુભદ્રા અને ઉત્તરાએ લગ્ન પછી પોતાની સાથે ઝર-ઝવેરાત, દાગીના, હાથી-ઘોડા જેવી વસ્તુઓ લઇ ગયા હતાં. કુલીનશાહી લગ્નપ્રથાએ આને વિકસાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. ગુજરાતના અનાવિલ બ્રાહ્મણો તથા પાટીદારોમાં આ પ્રથા ઉચ્ચ સામાજિક દરજ્જો પ્રાપ્ત કરવાના હેતુને લીધે વિકાસ પામી છે.

દહેજના પ્રેરક તત્ત્વોમાં ઉચ્ચ અને ધનવાન કુટુંબમાં લગ્નની આકાંક્ષા, આર્થિક સ્થિતિનું પ્રદર્શન, જાતિપ્રથાનું દબાણ, સામાજિક પ્રથા, અનુલોમ લગ્ન વ્યવસ્થા વગેરેનો સમાવેશ થાય છે.

દહેજ પ્રથા સામાજિક પરંપરા સ્વરૂપે ઘર કરી ગઈ છે. લગ્ન સમયે એને અનિવાર્ય સમજવામાં આવતી હતી. આજે એ અભિશાપરૂપ બની ગઇ છે, જેના વિપરીત પરિણામો આપણે જોઇ શકીએ છીએ. દહેજ ન આપી શકવાને કારણે અનેક કન્યાઓ કુંવારી રહી જાય છે, અથવા આત્મહત્યા કરી લે છે, જેના સમાચારો અવારનવાર વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતાં હોય છે. કેટલીક જ્ઞાતિઓમાં આ પ્રથાથી છૂટકારો મેળવવા કન્યા જન્મે કે તરત જ દૂધપીતી કરી દેવામાં આવે છે, અથવા હત્યા કરવામાં આવે છે. ગર્ભ સમયે જો આની જાણકારી થાય તો ગર્ભપાત કરાવવામાં આવે છે કે ભ્રૂણહત્યા કરાવવામાં આવે છે. એવો દુર્વ્યવહાર કરનાર લોકોને ખબર હોતી નથી કે પોતાની બહેન-દીકરી ઉપર શું વીતશે ? આને સમજી લે તો સમાજમાં સમસ્યા હળવી બને. દહેજને કારણે નૈતિક મૂલ્યોનો હ્રાસ, આર્થિક તંગી, સામાજિક મૂલ્યોની પડતી, અધાર્મિક પ્રવૃત્તિઓ અને સ્ત્રીઓની સ્થિતિને ઠેસ પહોંચે છે.

રાષ્ટ્રપિતા મહાત્માં ગાંધીજીએ દહેજ વિશે લખ્યું છે કે, દહેજ પ્રથા વિરુદ્ધ જનમત જાગૃત કરવો જોઇએ અને નવયુવકોએ આ પ્રકારથી લીધેલાં નાણાંનો બહિષ્કાર કરવો જોઇએ. આવા નાણાં લેનારને જ્ઞાતિમાંથી બહિષ્કૃત કરવાં જોઇએ, એમાં જણા પણ અતિશયોક્તિ નથી કે આ એક હૃદયહીન દૂષણ છે .

દહેજ લેવાના વિરોધમાં કેટલાંક સમાજ સુધારકોએ સમાજને ચેતવણી આપી હતી, જેમાં રાજા રામમોહન રાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, દયાનંદ સરસ્વતી, વિવેકાનંદ જેવાનો સમાવેશ થાય છે. આ લોકોએ આ સમસ્યાને અટકાવવા અનેક પ્રયાસો કર્યા. સરકારે પણ પ્રયાસો કર્યા છે. પરંતુ કોઇપણ સમસ્યાને નાબૂદ કરવા માટે જનજાગૃતિ જરૂરી છે. આ પ્રથાને દૂર કરવા માટે અનેકવિધ સામાજિક સંસ્થાઓ, સામાજિક કાર્યકરો કાર્યાન્વિત છે. વિવિધ વર્તમાનપત્રો દ્વારા એના વિરુદ્ધ ઘોષણા કરીને અવાજ ઉઠાવવામાં આવ્યો છે. દહેજ પ્રથાને દૂર કરવા માટે સરકાર સ્વૈચ્છિક સંગઠનો, સામાજિક કાર્યકરો, સામાજિક સંસ્થાઓ, જનતા જનાર્દનનો સહયોગ મેળવીને કાર્ય કરવું પડશે. યુવક યુવતીઓને દહેજ પ્રથાનો વિરોધ કરે એવું શિક્ષણ આપવું પડશે. શિક્ષણમાં માધ્યમ દ્વારા આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપવું પડશે. છોકરા પક્ષે જો કન્યા સુશિક્ષિત હોય તો લગ્ન સમયે દહેજની માંગણી ન કરે તેવી જાગૃતિ આપવી પડશે તો આ પ્રથાનું દૂષણ દૂર થશે. પરંતુ આ સમસ્યાના મૂળ બહુ ઊંડા છે, તેને દૂર કરવામાં સમય જશે. જો કે, સરકારે દહેજ વિરોધી કાયદો બનાવ્યો છે. પરંતુ દહેજની વસ્તુઓનું સાર્વજનિક પ્રદર્શન વર્જ્ય છે, તે નાબૂદ કરવું જોઇએ. કૉલેજ અને યુનિવર્સિટીના છોકરા છોકરીઓ દહેજ ન લેવાની પ્રતિજ્ઞા કરે અને જીવન પર્યંત એનો અમલ કરે તો સમાજમાંથી જરૂર આ પ્રથા દૂર થાય. સ્ત્રી શિક્ષણનો ફેલાવો અને સ્ત્રીનું આર્થિક સ્વાવલંબન આ સામાજિક સમસ્યાને દૂર કરવામાં અગત્યની ભૂમિકા ભજવી શકે તેમ છે. લગ્ન કરનાર યુવતીઓએ દહેજનો સદંતર બહિષ્કાર કરીને આ દિશામાં પહેલ કરવાની જરૂર છે, તો જ સમાજમાંથી આ દૂષણ દૂર થશે. આ કોડભરી કન્યાઓ પોતાના અધૂરા અરમાનોને સાકાર કરી શકશે. દૂરદર્શન, રેડિયો, વર્તમાન પત્રોમાં આને લગતું સાહિત્ય તૈયાર કરી પોતાનું પ્રદાન આપી શકે તો આ સમસ્યા દૂર થાય.

## 2. વેશ્યા સમસ્યા

### પ્રસ્તાવના

સ્ત્રીને હંમેશા પુરુષોના અંકુશ હેઠળ રહેવાની ફરજ પાડી છે. આને કારણે સ્ત્રીનું સામાજિક સ્થાન ઉતરતી કક્ષાનું રહ્યું છે. પુરુષોએ સ્ત્રીની અજ્ઞાનતા, આધારિતતા અને નિરક્ષરતા તથા ભોળપણનો લાભ લીધે છે અને તેનું વિવિધ રીતે શોષણ કર્યું છે. આવા શોષણમાં આર્થિક, શારીરિક અને જાતિય શોષણ એ તેની પરાકાષ્ઠાની પરિસ્થિતિ છે. પુરુષો દ્વારા થતાં સ્ત્રીઓના શારીરિક શોષણને લીધે વેશ્યાવૃત્તિ અને દેવદાસીની પ્રથા જેવી સમસ્યાઓ ઉદ્ભવી છે. ભારતનાં કેટલાંક

મોટા શહેરોમાં સ્ત્રીઓ પોતાનો દેહ વેચીને ગુજરાન ચલાવે છે અને એમનું જીવન ગુજારે છે. કેટલાંક રાજ્યોમાં દેવદાસી પ્રથા પ્રચલિત છે, તેઓ નાચગાન અને વેશ્યાવૃત્તિ કરતી હોય છે.

વેશ્યા વ્યવસાય એ ધન માટે વિભિન્ન વ્યક્તિઓ જોડે સ્થાપવામાં આવતો જાતિય સંબંધ છે, તેમાં સ્ત્રી-પુરુષ વચ્ચે પ્રેમ અને લાગણી સભર સંબંધોને સ્થાન નથી, એ ગેરકાનૂની જાતિય સંબંધ છે. વેશ્યા વ્યવસાય કરતી સ્ત્રીઓ આર્થિક ઉપાર્જન માટે પોતાનું શરીર બીજાને અર્પણ કરે છે. ભારતમાં પુરાણકાળથી આનું વર્ણન થતું આવ્યું છે. વિભિન્ન સમાજોએ વેશ્યાવૃત્તિને વિભિન્ન રીતે પરિભાષિત કરી છે.

જી. આર. સ્ટોકે વેશ્યાવૃત્તિની વ્યાખ્યા આપતાં લખ્યું છે કે, ''કોઇ પણ વ્યક્તિ (સ્ત્રી અથવા પુરુષ) જે કોઇ પણ પ્રકારની આર્થિક અથવા અન્ય કોઇ પ્રકારની અથવા અન્ય પ્રકારના પોતાના સંતોષ માટે અને એક અલપ સમય અથવા પૂર્ણ સમયના વ્યવસાય સ્વરૂપે સજાતિય અથવા વિરુદ્ધ જાતિની વિવિધ વ્યક્તિઓ સાથે સામાન્ય અને અસામાન્ય જાતિય સહવાસ અથવા જાતિય સંબંધ સ્થાપિત કરે તે વ્યવસાય છે.''

ક્લીનાર્ડના મતાનુસાર, ''વેશ્યાવૃત્તિએ ધન માટે કરવામાં આવતો અનિયંત્રિત જાતિય સંબંધ છે જેમાં લાગણીની ઉદાસીનતા જોવા મળે છે.''

ઇલિયટ અને મેરિલની વ્યાખ્યા અનુસાર, વેશ્યા વ્યવસાય એક અનિયંત્રિત અને ધનને માટે સ્થાપવામાં આવતો ગેરકાનૂની જાતિય સંબંધ છે, જેમાં લાગણીની ઉદાસીનતા જોવા મળે છે.

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી સ્પષ્ટ જણાય છે કે, વેશ્યા વ્યવસાય માત્ર આર્થિક લાભ માટે કરવામાં આવતો જાતિય સંબંધ છે, જેમાં ગેરકાનૂની અને અનિયંત્રિત જાતિય સબંધ ધન કે અન્ય વસ્તુઓ કે ભેટ સોગાદો પ્રાપ્ત કરવાની ઇચ્છા અને પ્રેમ અથવા વ્યક્તિગત આનંદનો અભાવ આ ત્રણ બાબતો વેશ્યાવૃત્તિ સાથે સંકળાયેલી છે.

**વેશ્યાવૃત્તિનો વિકાસ**

વેશ્યાવૃત્તિનો ઉલ્લેખ પ્રાચીન કાળમાં જ્યારથી લગ્નનું પ્રચલન થયું ત્યારથી જોવા મળે છે. વેદોમાં પણ વેશ્યાઓનો ઉલ્લેખ છે. આદિવાસી સમુદાયમાં વેશ્યાવૃત્તિ અપનાવવાનું કારણ આર્થિક અને ભૌતિક સમૃદ્ધિ વધારવા તથા વસતી વધારો કરવા માટે હતું. આદિમ યુગમાં ધર્મનું મહત્ત્વ વધતાં મંદિરોમાં દેવદાસી તરીકે સ્ત્રીઓ વેશ્યાવૃત્તિ કરતી હતી. આર્યો ભારતમાં આવ્યા ત્યારે પોતાની સ્ત્રીઓને સાથે લાવ્યા ન હતાં. એ લોકો તેને ખરાબ માનતા હતા. આને કારણે જાતિય સંતોષ મેળવવા વેશ્યાવૃત્તિને ઉત્તેજન મળ્યું. કામસૂત્રમાં વેશ્યાવૃત્તિનું વર્ણન જોવા મળે છે. એ અનુસાર કેટલીક જ્ઞાતિઓની સ્ત્રીઓ બીજા પુરુષો સાથે સહવાસ કરતી. રાજા, મહારાજા, દરબારો, જમીનદારો વગેરે વેશ્યા વ્યવસાયને પ્રોત્સાહન આપતા હતાં. સ્ત્રીઓ શોક્યને નીચી પાડવા યુવાન અને સુંદર સ્ત્રીઓ કે જેના પતિ દેશ વિદેશમાં પરિભ્રમણ કરતાં, જેનો પતિ રોગિષ્ટ અને વિકૃત કે કદરૂપો હોય તે સ્ત્રીઓ વેશ્યાવૃત્તિ કરતી. પદ્મ પુરાણમાં કહ્યું છે કે, સુંદર સ્ત્રીઓ કે કન્યાઓને ખરીદીને મંદિરમાં રાખવામાં આવતી. મંદિરના પૂજારીઓ આ સ્ત્રીઓ સાથે સંભોગ કરતાં હતાં. પ્રાચીન ભારતમાં મહારાજાઓ મનોરંજન મેળવવા તથા તેમનો મોભો જળવાઈ રહે તે માટે સુંદર સ્ત્રીઓને સાથે રાખતા હતા. જે વિભિન્ન પ્રકારનું મનોરંજન, તહેવારો અને પ્રસંગોમાં પૂરું પાડતી હતી. તવંગર વર્ગની સ્ત્રીઓ પોતાને આરામ મળે તે માટે બીજી સ્ત્રીઓને દાસી તરીકે સાથે લાવતી અને આ સ્ત્રીઓ મનોરંજન આપતી અને કામ પણ કરતી. જાતક કથાઓમાં પણ સુંદર સ્ત્રીઓ નાચગાન કરીને મન બહેલાવતી હોવાનો ઉલ્લેખ છે. આના બદલામાં તેનો મોં માંગી રકમ મળતી હતી. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ આનો ઉલ્લેખ છે. રાજાઓ સુંદરીઓને વધુ વેતન આપીને નિયુક્ત કરતા. આ સ્ત્રીઓ રાજાના તમાન કાર્યો કરતી હતી. સ્ત્રીઓ પોતાના જીવન નિર્વાહ માટે યૌન સંબંધો રાખતી હતી. કારણ કે એને નોકરી ધંધા ન હતા. આ સ્ત્રીઓ જો છોકરીને જન્મ આપે તો તેઓ પણ પૈસા માટે વેશ્યાવૃત્તિ કરતી હતી. મોગલકાળમાં આ વૃત્તિને સારું એવું પ્રોત્સાહન મળ્યું.

મોગલો વિવિધ પ્રલોભનો અપીને સુંદર સ્ત્રીઓ સાથે ભોગવિલાસ કરતાં અને જાતિય સંબંધો રાખતા હતા. વિધવા વિવાહને માન્યતા ન હતી અને કારણે જો વિધવા સ્ત્રી ગર્ભવતી બને તો તેને વેશ્યાગૃહમાં રાખવામાં આવતી હતી, તેવી જ રીતે કુંવારી સ્ત્રી ગર્ભવતી બને તો તેને માટે વેશ્યાવૃત્તિ સિવાય અન્ય કોઇ વિકલ્પ ન હતો. અંગ્રેજોના શાસનકાળમાં વેશ્યાવૃત્તિને પ્રોત્સાહન મળ્યું. ઔદ્યોગિકરણ અને શહેરીકરણને કારણે વેશ્યાવૃત્તિમાં વધારો થયો. પુરુષો જાતિય સંતોષ મેળવવા માટે વેશ્યાઓ પાસે જતાં હતાં. કેટલાંક પુરુષ વર્ગની ટુકડીઓને ભગાડીને પ્રલોભનો અને લાલચો આપીને વેશ્યા વ્યવસાયમાં ધકેલી દે છે અને છોડી દે છે. આ સ્ત્રીઓ માટે વેશ્યાવૃત્તિ કરવા સિવાય બીજો કોઇ ઉપાય હોતો નથી. સારાં કુટુંબની છોકરીઓ પૈસાના અભાવે આ વ્યવસાય અપનાવે છે.

એક સામાજિક સમસ્યા તરીકે આ વ્યવસાય સદીઓથી વિશ્વમાં અસ્તિત્વ ધરાવી રહ્યો છે. જો કે, સમાજે એક સંસ્થા તરીકે અસ્વીકાર કર્યો છે. લગ્ન અને કુટુંબ સંસ્થા દ્વારા જાતિય સંબંધને નિયમિત અને નિયંત્રિત કરવાના પ્રયાસો કર્યા ત્યારથી વિશ્વના સૌથી પ્રાચીન વ્યવસાય તરીકે આ વ્યવસાય અસ્તિત્વ ધરાવે છે. સમાજે એને માન્યતા આપી નથી. કારણ કે એની સાથે સંકળાયેલી વ્યક્તિઓનું વિઘટન થતું નથી, પરંતુ કુટુંબ અને સમુદાયના જીવન પર તેની વિપરીત અસર પડે છે.

આજના સમયમાં પુરુષ મિત્ર અને સ્ત્રી મિત્રનું ચલણ વધતું જાય છે. તેમાં પણ વેશ્યાવૃત્તિ જોવા મળે છે. આ લોકો શારીરિક સંબધોને ખરાબ નથી માનતા પરંતુ તાજગી આપનારો ગુણ માને છે, પરંતુ આનું વધતું અને બગડતું સ્વરૂપ નાણાં સાથે જોડાઇ ગયું છે. છોકરીઓ યૌન સંબંધની બદલીમાં પોતાના પુરુષ મિત્ર પાસે ફેશનેબલ વસ્તુની માંગણી કરે છે. હૉટલ અને સિનેમામાં ફરવા ઇચ્છે છે અને પોતાના ખિસ્સા ખર્ચ માટે કેટલાંક નાણાં ખર્ચા માટે માંગે છે એવી રીતે સ્ત્રીઓ પણ અનેક પુરુષ સાથી મિત્રો બનાવે છે જે સૌથી વધુ એમની જરૂરિયાતો અને રુચિઓની પૂર્તિ કરે છે, તેમની સાથે વધુ સમય રહે છે. આધુનિક યુગમાં વેશ્યાવૃત્તિ એક ખૂબ સભ્ય અને શાલીન રીત છે જે ઉચ્ચ વર્ગમાં શરૂ થઈ છે અને મધ્યમ વર્ગમાં ખૂબ ઝડપથી પ્રવેશ કરી રહી છે.

વાસ્તવમાં આધુનિક યુગમાં વેશ્યાવૃત્તિના પરંપરાગત સ્વરૂપો જે પ્રાચીન સમયમાં પ્રચલિત હતા તે સમાપ્ત થતા જાય છે એના સ્થાને વેશ્યાવૃત્તિના આધુનિક સભ્ય, શાલીન અને ગોપનીય રીતે પ્રચલિત થતાં જાય છે, એટલું જ નહીં આજના યુગમાં યૌન સંબંધો વિશેની પ્રાચીન નૈતિક માન્યતાઓ ખૂબ ઝડપથી વિઘટિત થતી જાય છે. આજના પ્રગતિશીલ યુગમાં સ્ત્રી અને પુરુષો યુવક અને યુવતી બંને લૈંગિક સબંધોથી મુક્ત થવા ઇચ્છે છે. આ યુવકોની એવી વિચારસરણી છે કે તેમની ઉપર કોઇ પ્રકારનું બંધન ન હોવું જોઇએ આ માન્યતા સાથે સંબંધિત અનેક ચર્ચાઓ પત્રિકાઓમાં છપાયેલ છે અને વિશ્વ વિદ્યાલયોમાં અભ્યાસ કરતી યુવતીઓના આવા જ વિચારો છે પરંતુ એ પણ એટલું સાચું છે કે યૌન સંબંધી નૈતિકતાના બંધનો તૂટવાથી તે ફરીથી જોડાતાં નથી અને સમાજમાં સ્ત્રી એકવાર પોતાનું શરીર વેચે તો તે ફરીથી સન્માનનીય રહી શકતી નથી. એક વખત સ્ત્રી યૌન સંબંધી નૈતિકતાના બંધોનોથી મુક્ત થવા છતાં સતત પતન થાય છે અને છેલ્લે એને વેશ્યા જ બનવું પડે છે. પછી ભલે તેનું સ્વરૂપ અલગ હોય.

### 3. વેશ્યાવૃત્તિને નિયંત્રણ કરવાના ઉપાયો

વેશ્યાવૃત્તિના વ્યવસાયને નિયંત્રિત કરવા માટે નીચેના ઉપાયો કરવાની જરૂર છે.

1. સમાજના આર્થિક અને સામાજિક માળખામાં પરિવર્તન લાવવું.
2. સ્ત્રીઓની સુરક્ષાનો પ્રયત્ન કરવામાં આવે.
3. એવા પ્રકારના કેન્દ્રો ખોલવામાં આવે જ્યાં સ્ત્રીઓ વિવિધ પ્રકારના કામો શીખીને પોતાની આજીવિકા મેળવી શકે.
4. એવા તાલીમ કેન્દ્રો ખોલવામાં આવે જ્યાં સ્ત્રીઓ વિભિન્ન પ્રકારના કામો શીખીને પોતાની આજીવિકા પ્રાપ્ત કરી શકે.

5. એવા પ્રકારના કેન્દ્રો, આશ્રમોની સ્થાપના કરવામાં આવે જ્યાં પીડિત, વિધવા, ભગાડીને લાવવામાં આવેલી સ્ત્રી, અનાથ, છૂટાછેડા મેળવેલ સ્ત્રીઓને રાખવામાં આવે.

6. જે સ્ત્રીઓ આ વ્યવસાયમાં ફસાયેલી છે એમને પણ સુધારવાના પ્રયત્નો કરવા જોઇએ. આ કાર્ય ત્યારે જ થઈ શકે જ્યારે એની સામે આજીવિકાનું બીજું માધ્યમ રાખ્યું હોય.

7. નૈતિક શિક્ષણ આપતી શાળાઓ ખોલવામાં આવે જ્યાં યુવક યુવતીઓને યૌન સંબંધી શિક્ષણ આપવામાં આવે તથા વિવિધ પ્રકારના રોગથી અને એઇડ્ઝથી એમને માહિતગાર કરવામાં આવે જે યૌન સંબંધથી ઉદ્ભવે છે.

8. ધાર્મિક શિક્ષણની પણ જરૂર છે જેનાથી આ વ્યક્તિ આ વ્યવસાયથી ધૃણા કરવાનું શીખે.

9. જે વેશ્યાઓ જેને આ વૃત્તિથી નીકાળવામાં આવી છે એને અનેક રીતે પુનર્વાસિત કરી શકાય છે, જેમ કે એના કુટુંબમાં પુનર્વાસ કરવામાં આવે અથવા તેના લગ્ન કરાવવામાં આવે અથવા તેમને પગભર કરવામાં આવે જેનાથી તે પોતાની તમામ જીવન જરૂરિયાતોની પૂર્તિ કરી શકે.

10. બાળ માર્ગદર્શન ચિકિત્સાલય ખોલવામાં આવે જ્યાં શરૂઆતથી બાળકોને પોતાના જીવન સંબંધમાં યોગ્ય માર્ગદર્શન મળી શકે.

11. સામાજિક રીતે સ્ત્રી અને પુરુષ બંનેની ટીકા કરવી જોઇએ જે આ વ્યવસાયમાં રસ લે છે અથવા તેને પ્રોત્સાહિત કરે છે.

12. માતા-પિતા અથવા સંરક્ષક અધ્યાપક સમિતિનું નિર્માણ કરવામાં આવે છે. આ સમિતિ વિદ્યાર્થીઓની સમસ્યાઓ પર વિચાર કરે તથા તેના નિરાકરણ માટે ઉપાય શોધે.

કેટલાંક ઉપાયો દ્વારા આ કુરીતિને અટકાવવાના પ્રયાસો કરવામાં આવ્યાં છે. આમાં પણ વેશ્યાવૃત્તિને સંપૂર્ણપણે અટકાવવાનું શક્ય બન્યું નથી. અનેક રાજવીઓ સરકારી મદદથી અધિનિયમ બનાવીને આ વ્યવસાયમાં લાગેલી સ્ત્રીઓને આ બદીમાંથી દૂર કરવા તથા તેના પુર્નવાસન માટે કેટલાંક પગલાં હાથ ધરવામાં આવ્યાં છે, જેમ કે મૈસુરમાં સને 1910માં સૌ પ્રથમ આ પ્રથાને બંધ કરવા માટે કાયદો બનાવ્યો. સને 1929, 1930 તથા 1934માં કેટલાંક રાજ્યોએ આ પ્રથાને બંધ કરવાના કાયદાઓ બનાવ્યા. મુંબઇમાં 1934માં, પંજાબમાં 1935માં, મૈસુરમાં 1926માં, મદ્રાસમાં 1947માં, બિહારમાં 1948માં, યુ.પી.માં 1950માં સૌરાષ્ટ્રમાં 1951માં તથા મધ્યપ્રદેશમાં સને 1953માં વેશ્યાવૃત્તિને ગેરકાયદેસર જાહેર કરી. આઝાદી પછી સ્ત્રીઓ અને બાળકોના વ્યાપારને સમાપ્ત કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું અને 1956માં વેશ્યાવૃત્તિની નાબૂદી માટે (All India Supperession of Immoral Traffic in Women and Girl's Act) અધિનિયમ જાહેર કર્યો. આ અધિનિયમ દ્વારા વેશ્યાવૃત્તિને ગેરકાનૂની જાહેર કરી તથા આવા વ્યવસાયમાં લાગેલાં લોકોને પ્રોત્સાહન આપનારને માટે દંડની વ્યવસ્થા કરવામાં આવી.

વર્ષ 1986માં સરકાર દ્વારા (Indecent Representation of women (Prohibition) Bill) જાહેર કરવામાં આવ્યું સાથે જ (Suppression of Immoral Traffic Act) પણ આ દિશામાં એક આવો જ પ્રયાસ છે, પરંતુ આ અધિનિયમ વેશ્યાવૃત્તિને સ્પષ્ટ શબ્દોમાં ગેરકાનૂની કરાર નથી. આપતો. પ્રેમિલા કપુરના અનુસાર આ અધિનિયમ વેશ્યાવૃત્તિને ગેરકાનૂની અને નિયમની વિરુદ્ધ જાહેર નથી કરતા તથા વેશ્યાઓના પુનર્વાસ તેમજ સામાજિક નિયમથી વિરુદ્ધ ઉત્કર્ષના ઉપાયો તરફ કોઇ ધ્યાન નથી અપાતું જે સ્થળો કે એ ઘરોમાં આ ધંધો કરવામાં આવે છે તેમના માલિકો વિરુદ્ધ કોઇ કઠોર પગલાં ઉઠાવવાની એમાં કોઇ વ્યવસ્થા નથી કરી.

## 4. વેશ્યાતાવૃત્તિની લાક્ષણિકતાઓ

વિવિધ વિચારકોએ વેશ્યાવૃત્તિની કેટલીક લાક્ષણિકતાઓ નીચે મુજબ દર્શાવી છે.

1. મોટા ભાગની સ્ત્રીઓ આજીવિકા મેળવવા માટે વેશ્યાવૃત્તિ અપનાવે છે, કારણ કે આ સ્ત્રીઓને પોતાને માટે જીવનનિર્વાહ કરવા માટે કોઇ વિકલ્પ હોતો નથી.
2. કેટલીક સ્ત્રીઓ પરિસ્થિતિજન્ય કારણોને લીધે વેશ્યાવૃત્તિ કરે છે તેમાં લાગણીનો સંબંધ હોતો નથી.
3. વેશ્યાઓ વિભિન્ન પ્રકારના લોકોના સંપર્કોમાં આવતી હોય છે તેને લીધે એનો સંબંધ અસ્થિર હોય છે. પૈસાના પ્રલોભનને કારણે કોઈપણ વ્યક્તિ સાથે સંબંધ સાધી શકે છે. અથવા તોડી શકે છે.
4. વેશ્યાવૃત્તિનું મૂળ કારણ પૈસાની પ્રાપ્તિ છે. એટલે આ સ્ત્રીઓ બીજાં લોકો સાથે જાતિય વ્યવહાર રાખે છે.
5. આ સ્ત્રીઓ કોઇ ખાસ હેતુને ધ્યાનમાં રાખીને વેશ્યાવૃત્તિ કરે છે. હેતુપૂર્ણ થતાં આવું પણ ન કરે. વેશ્યાવૃત્તિમાં બાધક બનતા કાર્યો ન પણ કરે. પોતાની સ્વૈચ્છાએ પૈસા સાથે સંકળાયેલાં કાર્ય કરે છે.
6. આ વ્યવસાય સાથે સંકળાયેલી સ્ત્રીઓની સ્થિતિ કથળેલી હોય છે. એટલે નૈતિક અને અનૈતિક કાર્યો કરે છે.
7. આ વ્યવસાય સાથે સંકળાયેલી સ્ત્રીઓ અનેક ગુપ્ત રોગોનો શિકાર બનેલી હોય છે તેની સાથે સંપર્કમાં આવતાં પુરુષોને પણ આ બિમારી લાગુ પડે છે.
8. વેશ્યાઓનો સંબંધ અનેક વ્યક્તિઓ સાથે હોય છે. પોલીસો, લશ્કરના જવાનો પણ હોય છે. તેઓ પોતાના શરીરનો ઉપયોગ વેશ્યાવૃત્તિ માટે કરી લે છે. આવી સ્થિતિ રાષ્ટ્રના વિકાસમાં બાધક બને છે.
9. વેશ્યાઓ માટે નાત-જાત, ધર્મ, પ્રજાતિ, પ્રાંત વગેરેનો ભેદભાવ અર્થહીન હોય છે.

## 5. વેશ્યાવૃત્તિના કારણો

વેશ્યાવૃત્તિના અનેક કારણો છે જે નીચે પ્રમાણે છે.

(1) આર્થિક કારણો (2) સામાજિક કારણો

(3) મનોવૈજ્ઞાનિક કારણો (4) જૈવકીય કારણો

(5) ધાર્મિક તથા સાંસ્કૃતિક કારણો

**(1) આર્થિક કારણો :** વેશ્યાવૃત્તિના કારણોમાં આર્થિક કારણો અતિ વ્યાપક છે. આ કારણોમાં ગરીબી, નાની ઉંમરમાં નોકરી, નોકરીમાં ખરાબ દશાઓ, ઔદ્યોગિક કેન્દ્રનું દૂષિત વાતાવરણ તથા સ્ત્રીઓ અને બાળકોના અનૈતિક વ્યાપારનો સમાવેશ થાય છે.

ગરીબી એ વેશ્યાવૃત્તિનું મુખ્ય કારણ છે. ચારે બાજુથી કુટુંબમાં આજીવિકાનો માર્ગ બંધ થઈ ગયો હોય અને કમાણીનું કોઇ સાધન ન હોય અને બાળકો ભૂખે મરતા હોય તેવા સંજોગોમાં સ્ત્રીઓ વેશ્યાવૃત્તિ કરવા વિવશ બની જાય છે. ભણેલી સ્ત્રીઓને નોકરી મળતી નથી અને મળે છે તો અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. એટલે અનેક સ્ત્રીઓ વેશ્યા બને છે. કેટલીક ગરીબ કન્યાઓ પોતાના અરમાનો પૂરાં કરવા માટે વેશ્યાવૃત્તિ તરફ ધકેલાય છે.

ગરીબ અનાથ છોકરીઓ અપરિપક્વ ઉંમરમાં ઘરકામ, કારખાનામાં અને હૉટેલોમાં બાળમજૂરી કરવા જતી હોય છે. કેટલાંક દુકાનદારો પણ આવી છોકરીઓને કામે

રાખતા હોય છે. માલિકો આવી છોકરીઓને પ્રલોભનો આપીને ધાક ધમકી આપીને પતનના માર્ગે વાળે છે. છોકરીઓમાં લાંબી બુદ્ધિ અને સમજશક્તિ ન હોવાને કારણે વિરોધ કરી શકતી નથી અને વેશ્યાવૃત્તિ તરફ વળી જાય છે.

દેશમાં અને રાજ્યોમાં સ્ત્રી શ્રમિકોની સ્થિતિ અત્યંત વિકટ છે. કારખાનાઓ, ફેક્ટરીઓ, બાંધકામ મજૂરી જેવા કામોમાં પુરુષ એજન્ટો સ્ત્રીઓની ભરતી કરે છે. આવા કામોમાં માલિકો એજન્ટોને દલાલી આપતા હોય છે. સ્ત્રીઓ દલાલોને ખુશ રાખવા માટે અને કારખાનાના માલિકોને ખુશ રાખવા માટે આ વ્યવસાય તરફ વળી જાય છે. જો તેઓને ખુશ ન રાખે તો રોજીરોટી ગુમાવવાનો ડર રહેતો હોય છે.

ઔદ્યોગિક કેન્દ્રોનું દૂષિત વાતાવરણ, ગંદા વિસ્તારોમાં વસવાટ, રહેઠાણની અપૂરતી સુવિધા, શહેરનાં વાતાવરણને કારણે નૈતિક પતન થાય છે અને સ્ત્રીઓ વેશ્યાવૃત્તિ તરફ વળી જાય છે. મોકળાશના અભાવે શહેરમાં મજૂરો નાના મકાનમાં રહેતાં હોય છે. જ્યારે બાળકો સૂઇ ગયા હોય ત્યારે માતા-પિતા જાતિય સંબંધો બાંધતા હોય છે પરંતુ અપરણિત છોકરાઓ સૂતા નથી જાગતાં રહે છે. તેઓ માતા-પિતાના આવા દશ્યો જુએ છે. જેની વિપરીત અસર તેના માનસપટ પર પડે છે અને તેઓ જાતિય વ્યવહારોના દુરાચરણમાં પડી જાય છે. ગંદા વસવાટોમાં પણ આવી પ્રવૃત્તિઓ થતી હોય છે, જે પતનનું કારણ બને છે.

ભારતના કેટલાંક શહેરોમાં દારૂ અને જુગારના અડ્ડાઓ હોય છે, જે અજ્ઞાત અને નાદાન છોકરીઓને ઘરમાંથી અપહરણ કરીને વેશ્યાગૃહમાં વેચી દે છે. આમાંથી છૂટવું છોકરીઓ માટે કઠિન હોય છે. આને કારણે સ્ત્રીઓ વેશ્યાવૃત્તિ તરફ વળી જાય છે. સરકારે આના માટે કડક કાર્યવાહી કરી છે. આવા અપરાધમાં સંડોવાયેલાં લોકોને સખત દંડની અને સજાની જોગવાઇ છે, છતાં તેનો ચુસ્ત અને કડક અમલ થતો નથી. પોલીસતંત્ર પણ આમાં સંડોવાયેલું હોય છે એટલે છૂટવું છોકરીઓ માટે કઠિન હોય છે. આને કારણે સ્ત્રીઓ વેશ્યાવૃત્તિ તરફ વળી જાય છે. સરકારે આના માટે કડક કાર્યવાહી કરી છે. આવા અપરાધમાં સંડોવાયેલા લોકોને સખત દંડની અને સજાની જોગવાઈ છે, છતાં તેનો ચુસ્ત અને કડક અમલ થતો નથી. પોલીસતંત્ર પણ આમાં સંડોવાયેલું હોય છે એટલે એની તરફ ધ્યાન નથી આપતું, પરિણામે છાની છપની રીતે વેશ્યાવૃત્તિને આગળ વધારે છે.

**(2) સામાજિક કારણો**

વેશ્યાવૃત્તિના સામાજિક કારણોમાં કુટુંબ સંબંધી કારણો, લગ્ન સંબંધી કારણો, પડોશનું દૂષણ અને ગેરકાયદેસરનું માતૃત્વ (કુંવારી માતા)નો સમાવેશ થાય છે.

પરિવારમાં માતા-પિતાના અને અન્ય સંબંધીઓ દ્વારા થતી ઉપેક્ષા અથવા અત્યાચારને લીધે ગભરાઇને અનેક છોકરીઓ ગૃહત્યાગ કરે છે અને વેશ્યાવૃત્તિમાં પડી જાય છે. કુટુંબમાં માતા-પિતાના પરસ્પરના ખરાબ સંબંધો અને માતાનું ખરાબ ચારિત્ર્ય હોય છે. આને કારણે ઝઘડા, કલેશ થાય છે જેની વિપરીત અસર કુટુંબના અન્ય સભ્યો પર સંબંધીઓ ઉપર પડે છે. આને કારણે છોકરીઓ કામવાસનાનો શિકાર બને છે. અને જાતિય અપરાધો કરવા તરફ કે વેશ્યાવૃત્તિ કરવા તરફ વળી જાય છે.

ભારતમાં લગ્ન પ્રથાના દોષો પણ સ્ત્રીને વેશ્યાવૃત્તિ તરફ વાળે છે. વિધવા વિવાહ નિષેધ જેની ખરાબ અસર થાય છે. કોઇ પુરુષ જલ્દીથી વિધવા સાથે લગ્ન કરવા તૈયાર થતો નથી. યુવતી વિધવા થાય તો તેને સંબંધીઓ ખરાબ કરી નાખે છે. અથવા તો સ્ત્રી પોતાની વાસના સંતોષવા ઘરબહાર નીકળી જાય છે. અનૈતિક

જાતિય સંબંધો પુરુષો સાથે રાખે છે. અનૈતિક જાતિય સંબંધો પુરુષો સાથે રાખે છે. અનૈતિક જાતિય સંબંધો એના પતનનું કારણ બને છે. બાળલગ્ન પણ વેશ્યાવૃત્તિનું કારણ બને છે. ગરીબીને કારણે પૈસા લઈને મા-બાપ કન્યાના લગ્ન દુર્બળ, નપુંસક, વૃદ્ધ અથવા કદરૂપા યુવક કે અપંગ પુરુષ સાથે કરે છે. તેને લીધે સ્ત્રીને જાતિય સુખ નથી મળતું. એટલે અનૈતિક ઉપાયો દ્વારા જાતિય સુખ મેળવવાની ચેષ્ટા કરે છે. દહેજ પ્રથાને કારણે ઘણી છોકરીઓના લગ્ન થતાં નથી. અથવા તો મોટી ઉંમરે થાય છે. આ બંને અવસ્થામાં છોકરીઓ અનૈતિક જાતિય સંબંધો રાખવા તરફ ઢળી જાય છે, અને ઘરેથી ભાગીને વેશ્યાવૃત્તિમાં પડી જાય છે.

ગંદા વિસ્તારો, અપરાધી ક્ષેત્રો તથા વેશ્યાગૃહોની આસપાસ રહેતી છોકરીઓને વેશ્યાવૃત્તિની સામાન્ય વાતની જાણકારી મળી જાય છે. એટલે નાનપણથી જ એને જોવાની અને માણવાની તમન્ના હોય છે અને કારણે એ માર્ગ અપનાવવામાં કોઈ ખચકાટ થતો નથી. વેશ્યાગૃહો ચલાવનાર ઘણે ભાગે પડોશમાં રહેતી છોકરીઓને ફસાવીને વેશ્યા બનાવી દે છે.

અનૈતિક જાતિય સંબંધોને કારણે ઘણી વખતે સ્ત્રી કે છોકરી ગર્ભવતી બને છે. આને કારણે તે સમાજમાં ટીકાનું પાત્ર બને છે અને સમાજમાં તેનો તિરસ્કાર થાય છે. ઘણી વખત માતા-પિતાને પણ મોં સંતાડવું પડે છે જેને કારણે સમાજના દરવાજા બંધ થઈ જાય છે અને વેશ્યાવૃત્તિના અસામાજિક કામમાં લાગી જાય છે.

**(3) મનોવૈજ્ઞાનિક કારણો**

મનોવૈજ્ઞાનિક કારણોમાં તીવ્ર જાતિય વાસના, મનોવિકૃતિ, બુદ્ધિમંદતાનો સમાવેશ થાય છે. અત્યંત તીવ્ર જાતિય વાસના ધરાવતી સ્ત્રીઓમાં લગ્ન ન થાય ત્યાં સુધી જાતિય સંબંધો ટકાવી રાખતી નથી અથવા તો લગ્ન પછી જાતિય સંબંધોથી સંતોષ મળતો નથી. આવી સ્ત્રીઓ અનેક પુરુષો સાથે સંબંધ રાખવા વેશ્યાવૃત્તિ કરે છે. બુદ્ધિહીન છોકરીઓ સહેલાઈથી ખોટા રસ્તે વળી જાય છે. એકવાર પતનની ખાઈમાં પડી ગયા પછી તેમાંથી નીકળવું મુશ્કેલ બને છે એને કારણે વેશ્યા બની જાય છે.

**(4) જૈવકીય કારણો**

કેટલીક સ્ત્રીઓ જૈવકીય કારણોને લીધે વેશ્યાવૃત્તિ તરફ ઢળે છે. કેટલાંક પુરુષોમાં વિવિધતાની ઉત્કટ ઇચ્છા હોય છે તેવી જ રીતે સ્ત્રીઓમાં પણ જાતિય સંબંધોમાં વિવિધતા ઈચ્છે છે એટલે કેટલીક સ્ત્રીઓમાં સજાતિય પ્રવૃત્તિ તથા અન્ય વિકૃત્તિઓ હોય છે. આવી સ્ત્રીઓને જીવનમાં જાતિય સંતોષ અને આનંદ મળતો નથી અને તે વેશ્યાવૃત્તિમાં ફસાઇ જાય છે.

**(5) ધાર્મિક તથા સાંસ્કૃતિક કારણો**

વેશ્યાવૃત્તિ માટે ધાર્મિક અને સાંસ્કૃતિક કારણો પણ મહત્ત્વપૂર્ણ છે. પ્રાચીન સમયથી વેશાયગૃહો ચાલે છે. પ્રાચીન મધ્યકાળમાં ગણિકા અથવા વેશ્યાઓનું સન્માન કરવામાં આવતું હતું, જેને સમાજ અને રાજ્યની સ્વીકૃતિ મળતી હતી. આ ઉપરાંત મંદિરોમાં દેવદાસીઓ વેશ્યાવૃત્તિ કરતી હતી, અને અનૈતિક જીવન ગુજારતી હતી. દક્ષિણ ભારતમાં છોકરીઓને દેવી-દેવતાની સેવા કરવા માટે રાખવામાં આવતી હતી અને પોતાનું જીવન સમર્પિત કરતી હતી. આવી ભાવના પાછળનું કારણ દેવી દેવતાની કૃપાનું હતું. ઘણાં કુટુંબોમાં બાળકો જીવતા ન હોય તો દેવી દેવતાને ખુશ રાખવા માટે આવું કાર્ય કરતાં હતાં. આ રીતે ભારતમાં સાંસ્કૃતિકને ધાર્મિક કારણોને લીધે સ્ત્રીઓ વેશ્યાવૃત્તિ તરફ વળતી હતી.

આમ, આવા અનેક કારણોને લીધે વિશ્વના તમામ દેશોમાં એક યા બીજા સ્વરૂપે

વેશ્યાવૃત્તિનો ફેલાવો થયો હતો. આ બધા કારણોમાં આર્થિક કારણો મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે, છતાં પણ એવું કહેવાય છે કે વેશ્યાની છોકરી વેશ્યા જ બને છે અને વેશ્યા બનીને વેશ્યાગૃહ ચલાવે છે. આ બાબતે જ્યોર્જ રાઇટલ સ્કોટે લખ્યું છે કે, ''અનેકવાર માતા સ્વયં વેશ્યા હોય છે. પિતા દલાલ હોય છે અને કોઈપણ જાતની આનાકાની વગર પોતાની કન્યાઓને ગલીઓમાં મોકલે છે અને ઘણે ભાગે સ્વયં જાતિય સંબંધ રાખવા કે બાંધવા માટે પ્રેરણા આપતા હોય છે.''

**6. વેશ્યા વ્યવસાયની અસરો**

વેશ્યા વ્યવસાયની કેટલીક વિપરીત અસરો જોવા મળે છે. જે નીચે મુજબ છે.

1. સ્ત્રીઓનું આર્થિક, સામાજિક અને જાતિય શોષણ થાય છે, પરિણામે તેમનું આરોગ્ય સ્તર નિમ્ન કક્ષાનું બની જાય છે.
2. આવા વ્યવસાય સાથે સંકળાયેલી સ્ત્રીનો થતો તિરસ્કાર અને બહિષ્કાર સામાજિક વિઘટનનું કારણ બને છે. સામાજિક સંપર્કો તૂટી જાય છે. નિયમભંગને કારણે સામાજિક દરજ્જો ગુમાવવો પડે છે અને નૈતિક અધઃપતન થાય છે.
3. આ સ્ત્રીઓ વિવિધ પુરુષોના જાતિય સંપર્કમાં આવતી હોય છે, પરિણામે તેઓ વિવિધ ગુપ્ત રોગો અને એઇડ્‌ઝ જેવા રોગોનો શિકાર બને છે. આ રોગથી પીડાતા માતા-પિતાના સંતાનો શારીરિક, માનસિક રીતે અપંગ હોય છે.
4. ગેરકાનૂની જાતિય સંબંધને કારણે કુટુંબમાં અવાર-નવાર કલેશ કંકાસ થાય છે, જેને કારણે ઘણીવાર લગ્ન વિચ્છેદ થાય છે અને કૌટુંબિક વિઘટન થાય છે.
5. આ વ્યવસાય સાથે સંબંધિત વ્યક્તિનું સમુદાયમાં વ્યાપક વિઘટન થાય છે, પરિણામે અનેક સામાજિક સમસ્યાઓ સર્જાય છે.
6. આ વ્યવસાયનો ભોગ બનેલી સ્ત્રીઓ ઘણીવાર ગેરકાયદેસર બાળકોને જન્મ આપે છે. આ બાળકો ભવિષ્યમાં વેશ્યાગૃહનો ભોગ બની જાય છે.
7. વેશ્યાગૃહના માલિકો અને એજન્ટો સ્ત્રીઓનો અનૈતિક વ્યાપાર કરતાં હાવાના કિસ્સા બને છે. આવા વ્યાપારમાંથી મળતા નફાના મોહને કારણે પછાત અને આદિવાસી સમાજની સ્ત્રીઓને પ્રલોભન આપીને મોટાપાયે શોષણ કરે છે. નાની બાળાઓના અપહરણ કરે છે.
8. વેશ્યાગૃહની આસપાસ અનૈતિક ધંધાઓ જેવા કે જુગાર, મદ્યપાન, દુરાચરણો વિકાસ પામે છે જે સમાજ અને વ્યક્તિને નુકસાન પહોંચાડે છે.

**7. અટકાવવાના ઉપાયો**

વેશ્યાવૃત્તિની સમસ્યાએ દેવદાસીની સમસ્યા સાથે ઘનિષ્ઠ સંબંધ છે. દેવદાસીની પ્રથા નાબૂદ કરવા માટે (1) Bombay Devdasi Prevention Act. 1934 (2) Madras Devdasi Act. 1947 અધિનિયમો ઘડવામાં આવ્યા. આ સિવાય The U. P. Minor Girls Protection Act. (1929); The Punjab Suppression of Immoral Traffice Act. (1953), The Bihar Suppression of Immoral Traffice Act. (1948), The U. P. Naik Girls Protection Act. (1950) લાગુ પાડવામાં આવ્યાં છે. આ કાનૂન અન્વયે કોઈપણ સ્ત્રીને દેવદાસી સ્વરૂપે અર્પણ કરવામાં આવે તો તે ગુનો બને છે. 16 વર્ષની ઉપરની વ્યક્તિ માટે છ માસની સજા અને 500 રૂપિયા દંડની જોગવાઈ અથવા બંને કરવાની જોગવાઈ કરી. આમ છતાં આજે પણ દેવદાસીની પ્રજા જોવા મળે છે.

ભારતમાં વેશ્યાવૃત્તિને અટકાવવા માટે ભારતીય દંડ સંહિતા હેઠળ વેશ્યાવૃત્તિમાં કોઇપણ પ્રકારનો ભાગ લેનાર અથવા સહાય કરનાર સ્ત્રી પુરુષને દંડ કરવામાં આવશે. ભારતના વિવિધ રાજ્યોમાં વેશ્યાવૃત્તિને અટકાવવા માટે અધિનિયો પસાર કર્યા છે. જેમ કે ઉત્તર પ્રદેશ નાયક કન્યા સુરક્ષા અધિનિયમ, અને 1929નો ઉત્તર પ્રદેશ અલ્પવયસ્ક કન્યા સુરક્ષા અધિનિયમ અન્વયે અલ્પ વયની બાલિકાઓ પ્રત્યે આચરવામાં આવતાં આવા પ્રકારનાં અપરાધો રાકવા માટેનાં પ્રયાસો કરવામાં આવ્યાં.

આઝાદી પછી સરકારે આ સમસ્યાને ડામવા માટે વધુ કડક અધિનિયમો બનાવ્યા. જેમ કે 1956નો All India Supperession of Immoral Traffic in Women and Girl's Act. આ અધિનિયમ અન્વયે કોઇ સ્ત્રી અથવા કન્યાને આ વૃત્તિ માટે પ્રોત્સાહિત કરવી અથવા આ હેતુથી વેચાણ કરવું અથવા બહારના દેશમાંથી લાવનારને અપરાધી ઘોષિત કરીને તેની સામે કાર્યવાહી કરવી. આ કાનૂની કાર્યવાહી ઉપરાંત દેશમાં 80 સુરક્ષા ગૃહો અને 330 સંરક્ષણ આપનાર ગૃહો છે. ત્રીજી પંચવર્ષીય યોજનામાં વેશ્યાઓ માટે નવા સંરક્ષણ ગૃહો ખોલવામાં આવ્યા. આ ઉપરાંત વેશ્યાવૃત્તિને અટકાવવામાં સહાયક બનતી સંસ્થાઓને વધુ સક્રિય બનાવી જેથી સ્ત્રી સદનો, અનાથાશ્રમો, મહિલા પરિષદોની રચના કરવામાં આવી. પરંતુ વેશ્યાવૃત્તિને અટકાવવાના પ્રયત્નો હજી અધૂરાં છે. આ દિશામાં સરકારે અને લોકોએ સાથે મળીને સંયુક્ત પ્રયાસ કરવો પડશે. 1967માં ભારત સરકારના સમાજ કલ્યાણ વિભાગે આનો અભ્યાસ કરીને મહત્ત્વપૂર્ણ સુઝાવો આપ્યાં છે. તેનો અમલ કરવાની જરૂર છે. આ સ્ત્રીઓને સમાજ સ્વીકારવા તૈયાર નથી. એને કારણે ઘણા શહેરોમાં આ સમસ્યા અત્યંત વિકટ બની છે. આ સંબંધે કાનૂનો બનાવીને ચુસ્ત અમલ કરવામાં આવે તો આ સમસ્યા હળવી બને. સરકારે અને જનતાએ આ બાબતે વધુ ઉદાર અને યથાર્થ દૃષ્ટિકોણ દાખવવાની જરૂર છે.

મહાત્મા ગાંધીના શબ્દોમાં વેશ્યાઓની સમસ્યાઓ માટે જ્યાં સુધી કોઇ અસાધારણ શુદ્ધ અને દૃઢ ચારિત્ર્યવાળી સ્ત્રી સાહસ કરીને માનવજાતિના આ પતિત અંગનો ઉદ્ધાર કરવાનું બીડું ન ઝડપે ત્યાં સુધી હલ થઈ શકશે નહીં. આનો ઉચિત ઉપાય છે મહિલાઓ એનો બેવડો પ્રચાર કરે. આ સ્ત્રીઓ પોતાની આજીવિકા માટે પોતાની ઇજ્જત વેચે છે અને પુરુષોને સમજાવે છે કે સ્ત્રીને અજ્ઞાનતાના અથવા અભિમાનના કારણે અબળા ન સમજે અને સ્ત્રીઓ પ્રત્યે સારો વ્યવહાર કરે અને આદરભાવ રાખે તેમને માન સન્માન આપે અને સ્વસ્થ લોકમત કેળવે તો આ સમસ્યા હળવી બને.

વેશ્યા વ્યવસાય અનેક ફેણ ધરાવતો નાગ છે જેનો ઉકેલ વિભિન્ન સ્તરો પર વિભિન્ન દૃષ્ટિકોણથી કરવાનો રહે છે. આના માટે સમાજમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાની જરૂર છે. સામાજિક, આર્થિક પરિસ્થિતિ અને પ્રશ્નો પર પુનઃ વિચારણા કરીને જીવનસ્તર ઉંચુ લાવવાને માટે યોગ્ય કાર્યક્રમો ઘડવા જોઇએ. જેથી સ્ત્રીઓ આ વ્યવસાયના ખોટા પ્રલોભનોથી દૂર રહી શકે. પોતાની મુશ્કેલીઓ દૂર કરી શકે. માતા-પિતા, શિક્ષકે બાળકમાં પ્રેમ અને અસલામતીની ભાવના વિકસે તેવી હકીકતોની માહિતી આપવી જોઇએ. જેથી તેઓ સામાન્ય જીવન જીવી શકે. બાળ ઉછેર, બાળ સંભાળના વિવિધ પ્રશ્નો પર પુનઃ વિચારણા કરવાની જરૂર છે તેવી જ રીતે લગ્ન, લગ્ન વિચ્છેદ, જાતિય શોષણ, સામાજિક રીતરિવાજો ઉપર પણ વ્યાપક વિચારણા કરવાની અત્યંત આવશ્યકતા છે.

## 3. સ્ત્રીઓની આત્મહત્યા

### 1. પ્રસ્તાવના

આપણા સમાજની સામાજિક પરંપરાઓ સ્ત્રીઓનો જન્મ થાય ત્યારથી જ ભેદભાવભર્યું વર્તન કરવાની શરૂઆત થઈ જાય છે. ઉછેર, પોષણ, આરોગ્ય, શિક્ષણ વગેરેમાં તફાવત અને પક્ષપાત જોવા મળે છે. પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રી

શિક્ષણ વગેરેમાં તફાવત અને પક્ષપાત જોવા મળે છે. પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રી સંપૂર્ણ પરાવલંબી હોવાને કારણે ડગલેને પગલે તકરારો, ઘર્ષણો તેમજ અન્યાયોનો સામનો કરવો પડે છે, તેમાંય જો પુરુષ શંકાશીલ સ્વભાવનો હોય, મદ્યપાન અને માદક દ્રવ્યોનું સેવન કરતો હોય ત્યારે સ્ત્રીઓને ખૂબ જ ત્રાસ, અત્યાચાર ભોગવવો પડે છે. જેની પાછળ પુરુષનો અહમ કામ કરે છે.

એક તરફ સ્ત્રીને માથે લાદવામાં આવેલી ઘરની જવાબદારીઓ અને બીજી તરફ તેના ઉપર ગુજારવામાં આવતાં શારીરિક, માનસિક અને જાતિય અત્યાચારોને લીધે ઘણું બધું સહન કરવું પડે છે. નાનપણથી જ શીખવામાં આવેલી સહનશીલતા પરાકાષ્ટાએ પહોંચે છે. સ્ત્રીના અરમાનો ભાંગીને ભૂક્કો થઇ જાય છે, ત્યારે ત્યાંથી મુક્તિ મેળવવા માતા-પિતા પાસે જાય છે. માતા-પિતા શિખામણ આપીને ફરી તેના ઘરે મોકલી આપે છે. ઘરની પરિસ્થિતિમાં કોઇ પરિવર્તન કે સુધારો જણાય નહીં ત્યારે તેની પાસે કોઇ વિકલ્પ રહેતો નથી તેને તો કુવો, હવાડો, કેરોસીન, ઝેરનો ઉપયોગ કરવાનો વિચાર મનમાં ઘોળાયા કરે છે અને આકાંક્ષાઓ ગુમાવી દે છે ત્યારે છેવટના ઉપાય તરીકે આત્મહત્યા કરવાનો માર્ગ અપનાવે છે.

સ્ત્રીની આત્મહત્યા એ તેની પર ગુજારવામાં આવતા અત્યાચારોનું પરિણામ છે. આવા અત્યાચાપોમાં શારીરિક, માનસિક ત્રાસ, જાતિય દુરાચરણ, અપહરણ, બળાત્કાર, છેડતીનો સમાવેશ થાય છે. આવા અત્યાચારોનો સામનો કરવાની અસહ્યતાને કારણે સ્ત્રીઓ આપઘાત કરે છે. આનું પ્રમાણ ભારતમાં દિનપ્રતિદિન વધતું જાય છે. જો એક મોટી ગંભીર સામાજિક સમસ્યા છે.

**2. આત્મહત્યા અર્થ અને વ્યાખ્યા**

આત્મહત્યા એટલે ઈરાદાપૂર્વક પોતાના જીવનનો અંત લાવવાની પ્રક્રિયા અથવા પ્રવૃત્તિ. અંગ્રેજી શબ્દ Suicide નો ઉપયોગ આત્મહત્યા માટે કરવામાં આવે છે. Suicide શબ્દ બે લેટિન શબ્દો Sui અને Cideo ઉપરથી ઉતરી આવ્યો છે. Sui નો અર્થ પોતાની જાત અને Cideo નો અર્થ મારી નાખવું એવો થાય છે. આમ, શાબ્દિક દૃષ્ટિએ જોઇએ તો આત્મહત્યા એટલે પોતાની જાતને મારી નાખવી એવો અર્થ થાય છે. ગુજરાતી શબ્દાર્થ પણ એવો જ થાય છે.

જીવનનો આદર્શ છે હસતાં હસતાં જીવવું અને હસતાં હસતાં મરવું, જે શૌર્ય અને આત્મવિશ્વાસનો પરિચય આપે છે. બહુ થોડાં લોકો એવા છે કે જે વાસ્તવમાં જીવન જીવી જાણે છે અને મરી જાણે છે, જેને જીવતા આવડે છે પણ મરતા નથી આવડતું અને જેને મરતાં આવડે છે તેને જીવતા નથી આવડતું. જ્યારે આત્મહત્યા કરનારા ન તો જીવી જાણે છે કે ન તો મરી જાણે છે. એમને જીવન બોજારૂપ લાગે છે. એટલે અકુદરતી મૃત્યુ દ્વારા પોતાનો બોજ હળવો કરે છે. જીવનની વાસ્તવિકતાઓની સામે પલાયનવૃત્તિ છે. જે લોકો જીવનની સમસ્યાઓ સામે ટક્કર ઝીલવાને અસમર્થ બને ત્યારે હારીને જીવન સમાપ્ત કરી દે છે એને આત્મહત્યા કહે છે. આત્મહત્યા કરવી એ ફોજદારી ગુનો બને છે.

એનસાઇક્લોપીડિયા બ્રિટાનિકા (Encyclopeadia Britanica) અનુસાર "Suicide is the act of voluntary and intentional self destruction" આત્મહત્યા પોતાની ઇચ્છાથી જાણી જોઇને કરવામાં આવેલું પ્રયોજનાત્મક કાર્ય છે. "Suicide is international taking of one’s life or the failure when possible to save one’s self when death threatens"

***– Rath S. Caven (1928 : 3)***

દરખેમના અનુસાર આત્મહત્યા મૃત્યુની એ સમગ્ર ઘટના માટે કરવામાં આવે છે જે સ્વંય મરનારની સકારાત્મક અને નકારાત્મક ક્રિયાનું પ્રત્યક્ષ કે પરોક્ષ પરિણામ હોય છે, જેનું ભાવિ પરિણામ મૃત્યુ છે તે જાણે છે.

આત્મહત્યા વૈયક્તિક વિઘટનનું દુઃખદ અને અપરિવર્તનીય અંતિમ પરિણામ છે. વ્યક્તિના દષ્ટિકોણોમાં આવનારા ક્રમિક પરિવર્તનોનું અંતિમ સ્તર છે. જેમાં વ્યક્તિના મનમાં જીવન તરફ પ્રેમને બદલે લાગણીહીન ઘૃણાની ભાવના ઉત્પન્ન કરે છે. (શર્મા અને શર્મા : 1996)

આ સમસ્યા વિશ્વના અનેક દેશોમાં જોવા મળે છે. પ્રાચીન યુગમાં સજા માટે આપઘાત કરવાની છૂટ હતી.

### 3. આત્મહત્યાના કારણો

આત્મહત્યા જટિલ, માનસિક અને સામાજિક સમસ્યા છે. વિઘટનની ચરમસીમાનું અંતિમ પરિણામ છે. દરખાઈમે આત્મહત્યાની ઘટના માટે સામાજિક કારણોને મહત્ત્વપૂર્ણ ગણાવ્યાં છે. કેટલાંક સામાજિક પરિબળોને લીધે વ્યક્તિ આત્મહત્યા કરવા પ્રેરાય છે. જેમાં સમાજનું પ્રદાન મહત્ત્વનો ભાગ ભજવે છે.

કોઈપણ વ્યક્તિ કોઇ એક કારણથી પ્રભાવિત થઈને આત્મહત્યા નથી કરતી. આત્મહત્યા કરવા પાછળ વિવિધ કારણોને જવાબદાર માનવામાં આવે છે. કેટલાંક મુખ્ય કારણો નીચે મુજબ છે.

- **આત્મહત્યાના માનસિક કારણો :** આત્મહત્યાના કારણોમાં માનસિક કારણો મહત્ત્વનો ભાગ ભજવે છે. માનસિક અસમાનતાઓને લીધે મોટાભાગની આત્મહત્યાઓ થાય છે. વિવિધ પ્રકારની અસાધારણ ભાવનાઓ પ્રબળ બને છે ત્યારે વ્યક્તિ આત્મહત્યા કરે છે. કડક શિસ્ત, માતા-પિતા સંતાન વચ્ચેના સંબંધો, ભેદભાવ, ભય, ચિંતા, ધૃણા, હિંસા, બદલો, નૈતિક મૂલ્યોનું પતન, વેર તથા ઉગ્ર ઉત્તેજનાઓને કારણે આત્મહત્યા કરવાની પ્રેરણા પ્રબળ બને છે. આ ઉપરાંત બૌદ્ધિક કક્ષા, વિવિધ પ્રકારના માનસિક રોગો, વ્યક્તિની ખામીને લીધે તથા વિઘટનને લીધે માનવી આત્મહત્યા કરે છે.
- **આત્મહત્યાના આર્થિક કારણો :** આત્મહત્યા પાછળ આર્થિક કારણો સંબંધ ધરાવે છે. આમાં આર્થિક સ્થિતિ, નાણાંકીય વ્યવહાર, લેવડદેવડ, આર્થિક સમસ્યાઓ સાથે સંબંધિત છે. વ્યાપાર સંબંધી પરિબળોમાં નાણાંનો અભાવ, મોટી ખોટ, પડતી, માલનો ભરાવો, દેવાદારી, પદભ્રષ્ટતા, માનહાનિ, નાદારી, આર્થિક અસલામતી, આત્મગ્લાનિ સહન કરવાની અસમર્થતતા, કાલ્પનિક દુર્દશાથી છૂટકારો મેળવવાનો સમાવેશ થાય છે. આ સિવાય કેટલાંક વિશિષ્ટ વ્યવસાયો અને બેકારીને કારણે વ્યક્તિ આત્મહત્યા કરવા પ્રેરાય છે.
- **આત્મહત્યાના કૌટુંબિક કારણો :** આત્મહત્યાને માટે કૌટુંબિક કારણોને જવાબદાર માનવામાં આવે છે. આવા કારણોમાં પ્રેમસંબંધો, લગ્નની સમસ્યા, ભગ્ન ઘર, પતિ-પત્નિ વચ્ચે ઝઘડા, સાસુ-વહુ વચ્ચે થતાં ઝઘડાં, વૈધવ્ય, સંતાન ન થવા, દહેજ, છૂટાછેડા, કૌટુંબિક દબાણો, કૌટુંબિક વિઘટન, બંધનો, તણાવોને લીધે વ્યક્તિ આત્મહત્યા કરવા પ્રેરાય છે.

આમ આવા અનેક પ્રકારના કારણોને લીધે વ્યક્તિ આત્મહત્યા કરે છે. કયા કારણો વધારે પ્રભાવિત છે અને કયા કારણો ઓછા પ્રભાવિત છે એ બાબતે કોઇ નિવેદન આપવું અશક્ય છે.

- **આત્મહત્યાના શારીરિક કારણો :** ઘણી વ્યક્તિઓ શારીરિક કાર્યને લીધે આત્મહત્યા કરી લે છે આવા કારણોમાં અપરિપક્વ બુદ્ધિ, અસાધ્ય બીમારીમાં જેવી કે કેન્સર, નપુસંકતા, ક્ષય, શારીરિક ખામીઓ જેવી કે અંધાપો, બહેરાશ, અંગવિકૃતિને કારણે વ્યક્તિ આત્મહત્યા કરવા પ્રેરાય છે.
- **આત્મહત્યાના સામાજિક-સાંસ્કૃતિક કારણો :** સામાજિક સાંસ્કૃતિક વ્યવસ્થાની વ્યક્તિના જીવન પર અસર પડે છે. સામાજિક સંબંધો વ્યક્તિને સામાન્ય જીવન જીવવા પ્રેરિત કરે છે. સંસ્કૃતિનો પણ વ્યક્તિના જીવન પર વિશેષ પ્રભાવ પડે છે. સાંસ્કૃતિક મંદતાની સ્થિતિ વ્યક્તિના સાંસ્કૃતિક જીવનને આઘાત પહોંચાડે છે એને પરિણામે વ્યક્તિ આત્મહત્યા કરે છે. આ ઉપરાંત સામાજિક વિઘટનને કારણે હિંસાઓમાં વૃદ્ધિ થાય છે. જેમાં નશો, વેશ્યાવૃત્તિ, ચોરી લૂંટફાટ અને હત્યાનો સમાવેશ થાય છે. આને કારણે સામાજિક જીવન વિઘટિત બની જાય છે. કેટલીક સામાજિક પ્રથાઓ, કુંવારી માતા, પુર્નલગ્ન, અનૈતિક સંબંધોને કારણે વ્યક્તિ આત્મહત્યા કરવા પ્રેરાય છે.
- **અન્ય કારણો :** કેટલાંક અન્ય કારણોને લીધે વ્યક્તિ આત્મહત્યા કરે છે, તેમાં ધાર્મિક નિયંત્રણો, શહેરોમાં જોવા મળતું ઝડપી અને દોડાદોડીવાળું જીવન, વ્યક્તિગત સ્વાર્થ, એકતાનો અભાવ, યુદ્ધમાં વીરગતિ થવાને કારણે જીવનમાં આવેલી અસુરક્ષા, અસમતુલીત આવેગો, વ્યક્તિત્ત્વનું અસમતુલન, ભૌગોલિક પરિસ્થિતિ, વ્યાવસાયિક સંબંધો વગેરેને લીધે વ્યક્તિ આત્મહત્યા કરવા પ્રેરાય છે.

  આમ, આવા અનેક પ્રકારના કારણોને લીધે વ્યક્તિ આત્મહત્યા કરે છે. કયા કારણો વધારે પ્રભાવિત છે અને કયા કારણો ઓછા પ્રભાવિત છે એ બાબતે કોઇ નિવેદન આપવું અશક્ય છે.
- **સ્ત્રીઓની આત્મહત્યાના કારણો :** ભારતમાં અસંખ્ય કુટુંબોમાં સ્ત્રીઓની સ્થિતિ સારી હોતી નથી. એમની સાથે અનેક પ્રકારના દુર્વ્યવહારો કરવામાં આવે છે. આને પરિણામે સ્ત્રીઓ આત્મહત્યા કરવા તરફ પ્રેરાય છે. આવા કારણોમાં લગ્નપ્રથા, દહેજપ્રથા, બાળલગ્ન, સંયુક્ત કુટુંબમાં પ્રવર્તતી તંગદિલી, પરાધીનતા, પરકીય સંબંધો, દાંપત્ય જીવનમાં અનુકૂલનની સમસ્યા, કજોડા લગ્નો, સ્વમાન ભંગ, સ્ત્રીઓ પર ગુજારવામાં આવતી અનેક યાતનાઓ, બળાત્કાર, પ્રેમસંબંધો, વેશ્યાવૃત્તિ, કુંવારી માતા બનવું, સામાજિક અસલામતી, ભય, છૂટાછેડા, સંતાનવિહીનતા, દુઃખી જીવન, સામાજિક પરિસ્થિતિ જોડે સંવાદિતા અને સુમેળનો અભાવ, દીનભાવ સ્ત્રીઓને આત્મહત્યા કરવા પ્રેરે છે.

  આત્મહત્યા કરવાની વિવિધ રીતોમાં ગોળીબાર, ગળે ફાંસો ખાવો, બળી મરવું, બાળી નાંખવું, ઝેર આપવું, ડૂબી મરવું, મકાનોની છત ઉપરથી પડતું મૂકવું, રેલ્વેના પાટા ઉપર ટ્રેન નીચે કચડાઇ જવું, વાહનોની નીચે કચડાઇ જવું અથવા જાણી જોઇને પડતું મૂકાવવું, વિષ પીવું, ખોરાકમાં ઝેરી પદાર્થો ખવરાવી મારી નાંખવા, ઊંઘની ગોળીઓ ખાવી વગેરેનો ઉલ્લેખ કરી શકાય. આત્મહત્યા કરવા માટે વ્યક્તિ કઇ રીતનો ઉપયોગ કરશે તેનો આધાર વ્યક્તિ કઇ પદ્ધતિને આસાન સમજે છે તેના પર રહેલો છે.

## 4. આત્મહત્યાના પ્રકારો

આ સામાન્ય બાબત છે કે વ્યક્તિ પોતાના જીવનથી નિરાશ થઇ આત્મહત્યા કરી જીવનને સમાપ્ત કરી લે છે. ભલે એના માટે કોઇપણ કારણ કેમ ન હોય છતાં આ હેતુ માટે કોઇપણ રીત કેમ ન અપનાવતો હોય પરંતુ આત્મહત્યાના અનેક પ્રકાર છે જેને

દરખાઈમે ત્રણ વિભાગોમાં વિભાજિત કર્યા છે. અહમવાદી આત્મહત્યા, પરોપકારી આત્મહત્યા અને અસ્વાભાવિક આત્મહત્યા, અહમવાદી આત્મહત્યામાં વ્યક્તિ અને સમાજ અને કુટુંબ અવ્યવસ્થિત હોવાને કારણે પોતે એકલાપણું અથવા અપમાનજનક રીતથી જુએ છે. જેનાથી બચવા માટે તે આત્મહત્યા કરી લે છે. પરોપકારી આત્મહત્યામાં વ્યક્તિને એવો અહેસાસ થાય છે કે તેનું જીવન સમાજના ભલા માટે છે અને તેની આત્મહત્યા સમાજ, કુટુંબ, જાતિ અને ધર્મને માટે હિતકારી છે. તે આવું કરવામાં ગૌરવ અનુભવે છે જેમ કે સતીપ્રથા. અસ્વાભાવિક આત્મહત્યામાં વ્યક્તિની આસપાસ ઘટતી ઘટનાઓ એના માટે પ્રતિકૂળ બને છે. જેની સાથે તાલમેળ બેસતો નથી. તેથી વ્યક્તિ નિરાશ થઈને આત્મહત્યા કરી લે છે. આ ઉપરાંત ઉદાસીનતા, નિરાશા, આંતરિક સંઘર્ષ, તીવ્ર વિષાદ, અનિદ્રા, માનસિક-શારીરિક રોગ, ઉંઘમાં ખલેલ થવી, તીવ્ર રોગ થયો હોય જેનો ઉપાય તબીબો માટે પણ પડકારજનક છે તેનાથી બચવા વ્યક્તિ આત્મહત્યાનો આશ્રય લે છે. આ સિવાય ગરીબી, લાચારી, વિવશતા, પરાધીનપણું વગેરેને લીધે વ્યક્તિ આત્મહત્યા કરવા પ્રેરાય છે.

**5. આત્મહત્યાના ખરાબ પરિણામો**

કોઈપણ ઘટના જો અસાાજિક હોય તો તેની વિપરીત અસર પડે તે સ્વાભાવિક હોય છે અને જો તે આત્મહત્યા જેવું અસ્વાભાવિક મૃત્યુ હોય તો એની અસર એ વ્યક્તિના પરિવાર, પડોશી અથવા સંપૂર્ણ સમાજને પ્રભાવિત કરે છે. આત્મહત્યાની ઘટના સામાજિક હોવાને કારણે એના ખરાબ પરિણામો નીચે મુજબ જોવા મળે છે.

- આત્મહત્યાથી સૌ પ્રથમ તો સમાજના એક સભ્યની સંખ્યાને નુકસાન થાય છે, જેના દ્વારા સમાજના વિકાસમાં સહાયતા મળતી હતી.
- એ વ્યક્તિના કુટુંબ પર ભાવનાત્મક ક્ષતિ પહોંચે છે.
- આત્મહત્યાથી કુટુંબના કમાઉ સભ્યને પણ નુકસાન થાય છે. કારણ કે એની આવકથી પરિવાર નભતું હતું.
- આત્મહત્યાથી વ્યક્તિના પડોશમાં મનોવૈજ્ઞાનિક નુકસાન એ આધાર પર થાય છે કે આ ઘટનાની પ્રેરણા બીજી કોઈ વ્યક્તિ ન લે.
- આત્મહત્યાથી અદાલત અને પોલીસ ચોકીના ધક્કા વારંવાર ખાવા પડે છે એની અસર કુટુંબ અને સમાજ પર પડે છે.

**6. આત્મહત્યાની લાક્ષણિકતાઓ**

વિવિધ વિદ્વાનોએ આત્મહત્યા પર આપેલાં સિદ્ધાંતોને આધારે આત્મહત્યાની લાક્ષણિકતાઓ સામે આવી છે જે નીચે મુજબ છે.

- પહેલાં આત્મહત્યાનો દર પ્રતિવર્ષ એક સરખો હતો.
- આત્મહત્યા પર મહિનાઓ, દિવસ અથવા રાત અથવા ઋતુઓની અસર પડે છે.
- વય વધવાની સાથે આત્મહત્યાની સંખ્યામાં વધારો જોવા મળે છે.
- ગ્રામીણ વસ્તી કરતાં શહેરી વસ્તીમાં આત્મહત્યાનું પ્રમાણ વધુ છે.

**7. આત્મહત્યાનું સ્વરૂપ**

આત્મહત્યાના કેટલાંક સ્વરૂપ નીચે મુજબ છે :

1. આત્મહત્યા દ્વારા વ્યક્તિ પોતાના જીવનનો અંત લાવી દે છે એને એ બતાવવું યોગ્ય નથી સમજતાં કે એણે શા માટે આવું પગલું લીધું.

2. વ્યક્તિ આત્મહત્યા દ્વારા સમાજનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરવા ઇચ્છે છે.

3. કેટલીકવાર વ્યક્તિ પોતાની યોજનામાં નિષ્ફળ જવાને કારણે આમરણાંત ઉપવાસ કરીને જીવન ટૂંકાવી દે છે.

4. આત્મહત્યા બાબતે જે અભ્યાસો થયેલાં છે તેનાથી જાણવા મળેલ છે કે, આત્મહત્યાનું મુખ્ય કારણ લૈંગિક કે શારીરિક સંબંધો છે. છોકરા છોકરી પ્રેમમાં પડે અને તેમાં અસફળતા મળતા કે વડીલોની રોકટોક થતાં આત્મહત્યા કરી લે છે. પશ્ચિમના દેશોમાં આત્મહત્યા કરનાર પુરુષોની સંખ્યા વધારે છે જ્યારે ભારતમાં સ્ત્રીઓની સંખ્યા વધારે છે.

5. બાલ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં લોકો આત્મહત્યા કરે છે. બાલ્યાવસ્થામાં બુદ્ધિ અપરિપક્વ હોવાના કારણે પોતાની સમસ્યાનો સુઝાવ લાવી શકતા નથી અને વૃદ્ધાવસ્થામાં શારીરિક શક્તિઓ ક્ષીણ થઈ જાય છે એટલે તેઓ પોતાના જીવનને નિરર્થક સમજવા લાગે છે કારણ કે, યુવાનીમાં આનંદપૂર્ણ જીવન વ્યતીત કર્યું હોય છે એટલે વૃદ્ધાવસ્થામાં બેઠાડું જીવન મહત્ત્વહીન લાગે છે તથા ભવિષ્યના માટે કોઇ આશા નથી રહેતી એટલે તેઓ જીવનનો અંત લાવવાનું યોગ્ય માને છે.

6. વ્યક્તિની શાંતિ અને સુરક્ષા માટે સૌથી મહત્ત્વનું સ્થળ કૌટુંબિક જીવન છે પરંતુ કોઇ કારણોસર વ્યક્તિ એકાકીપણું, પ્રેમનો અભાવ, તણાવ, ક્રોધ, પ્રજનન બાબતને લગતાં રોગોનો સામનો કરવો પડે છે જેનાથી વ્યક્તિ ભાંગી પડે છે અને તેમાંથી મુક્તિ મેળવવા આત્મહત્યાનો સહારો લે છે.

7. આત્મહત્યામાં સંસ્કૃતિનો ફાળો પણ મહત્ત્વનો છે. ભારતમાં સતી પ્રથાને સમાજ દ્વારા સ્વીકૃતિ મળી હતી, જેમાં સ્ત્રી પોતાના પતિના મૃત્યુ પછી એના શબની સાથે જીવતી સળગી જતી હતી તેને શ્રદ્ધાથી જોવામાં આવતી હતી એવી રીતે જાપાનમાં હરાકીરીને સમાજ દ્વારા સ્વીકૃતિ મળી હતી. સન્માનનીય વ્યક્તિ અપમાનિત જિંદગી જીવે એના કરતાં આત્મહત્યા કરી લે તેને શ્રેયસ્કર માનવામાં આવે છે. જો કે હિન્દુઓમાં ધાર્મિક દષ્ટિએ કેટલી એવી અવસ્થાઓ છે જેને આત્મહત્યા માનતા નથી. જેમ કે, સમાધિ લેવી, જળસમાધિ લેવી, હિમાલયમાં હાડ ગાળવા વગેરે ખ્રિસ્તીઓમાં આત્મહત્યા કરવી ધાર્મિક દષ્ટિએ અનૈતિક માનવામાં આવે છે જ્યારે યહુદીઓમાં વ્યક્તિ આત્મહત્યા કરી લે તો તેને કબ્રસ્તાનમાં દફનાવતા નથી એટલે કે આ લોકો આત્મહત્યા દ્વારા લોક-પરલોકને બગાડવાનું પસંદ નથી કરતાં.

   જો કોઇ દેશની સંસ્કૃતિના નૈતિક મૂલ્યો એવા હોય જે વ્યક્તિને આત્મહત્યાનો વિકલ્પ બતાવે તો ત્યાં આત્મહત્યા ઓછી થશે. બીજાં શબ્દોમાં કહીએ તો ખરાબ કામ કરનારી વ્યક્તિ મોં સંતાડીને જીવન વ્યતીત કરે તો તેને નૈતિક દષ્ટિએ ખરાબ નથી માનતા ત્યાં લોકો મરવાના બદલે ભાગવાનું વધુ પસંદ કરે છે.

   જે સંસ્કૃતિમાં મૃત્યુને બીજાં એવા જીવનનું દ્વારા માનવામાં આવે છે જ્યાં આવા જીવનના દુઃખોનો અભાવ હોય છે, ત્યાં પણ મૃત્યુને પ્રોત્સાહન મળે છે. ભારતમાં જળ સમાધિ, સ્થળ સમાધિ, સતી પ્રથા વગેરે એવી વ્યવસ્થા છે જેના અનુસાર મનુષ્યને સુખી જીવનનો માર્ગ પ્રાપ્ત થાય છે ક્યારેક પ્રચલિત મનોવૃત્તિઓ પણ લોકોનો આત્મહત્યા કરવાની સુવિધાઓ પ્રદાન કરે છે. જો કોઇ કુટુંબની વ્યક્તિએ આત્મહત્યા કરી લીધી હોય તો નિર્બળ વ્યક્તિ એવો ભય સમજીને જીવે છે કે તે પણ આત્મહત્યા કરી ન લે. આ રીતે વિચાર જ વ્યક્તિને આત્મહત્યાની સુવિધા પ્રદાન કરે છે.

8. સભ્યતાનો જેમ જેમ વિકાસ થતો જાય છે, તેમ તેમ શહેરની વસ્તી ઝડપથી વધતી જાય છે, પરિણામે ગામડાંની અપેક્ષા જીવનની જટિલતાઓ સાથે ઘણી વધારે વધતી જાય છે. પ્રાથમિક જૂથો અદૃશ્ય થઇ જાય છે. લોકોની સહાનુભૂતિ, દયા, આત્મીયતા અને સહયોગ એ રીતે મળતાં નથી જે ગામમાં મળે છે, એટલે વ્યક્તિ સંકટ સમયે પોતાને નિઃસહાય અનુભવે છે અને આત્મહત્યા કરી મરણને શરણ થાય છે. વિવિધ પ્રકારના અભ્યાસો દ્વારા જાણવા મળ્યું છે કે, જેમ જેમ શહેરીકરણ વધતું જાય છે તેમ તેમ આત્મહત્યાનું પ્રમાણ પણ વધતું જાય છે.

9. ધંધામાં ખોટ અને આત્મહત્યાનો સંબંધ ઘનિષ્ટ છે. જ્યારે કોઇ નૈસર્ગિક અથવા સામાજિક કારણોને લીધે ધંધામાં ખોટા જાય તો ત્યાંના લોકોને આર્થિક નુકસાન પહોંચે છે. આનો વ્યક્તિ પર ત્રણ પ્રકારે પ્રભાવ પડે છે.

   (અ) વ્યક્તિના સામાજિક સ્તરને આઘાત પહોંચે જેનાથી એને સમાજમાં ખૂબ અપમાનિત થયાનો અનુભવ થાય છે. (બ) એમની તમામ સુખ સગવડો છિનવાઈ જાય છે અને વધુ પડતું કષ્ટપૂર્ણ જીવન સહન કરવું પડે છે. (ક) સુરક્ષાનો અભાવ થઈ જાય છે. આમાં પણ ક્યારેક તો એવી સ્થિતિ આવી જાય છે કે લોકો ભોજન, વસ્ત્ર અને રહેઠાણની તથા તબીબી સવલતની વ્યવસ્થા કરી શકતા નથી. ધંધામાં ખોટ જવાને કારણે ઉપરની ત્રણે બાબતોનો સામનો આકસ્મિક રીતે કરવો પડે છે. પરિણામે વ્યક્તિ પોતાનું માનસિક સમતુલન રાખી શકતી નથી અને આત્મહત્યાનું શરણું લઈ લે છે.

10. કેટલાંક માનસિક રોગોનું અંતિમ પરિણામ આત્મહત્યા હોય છે.

11. કેટલાંક એવા શારીરિક રોગોથી પીડિત વ્યક્તિ અનેક ઉપાયો કરવા છતાં પણ રોગમાંથી મુક્ત થઈ શકતી નથી જેવાં કે કેન્સર, કોઢ, લકવો, સિફીલીસ આવી અવસ્થામાં કષ્ટપૂર્ણ જીવન વ્યતીત કરવું યોગ્ય નથી એમ માનીને આત્મહત્યા કરી લે છે.

12. આ ઉપરાંત ધરપકડ, મદ્યપાન, સ્થળાંતર વગેરે કારણોના પ્રભાવથી વ્યક્તિને આત્મહત્યા કરવાની પ્રેરણા મળે છે.

**8. આત્મહત્યાની રીતો**

એક વ્યક્તિ જ્યારે એવો દૃઢ નિશ્ચય કરી લે છે કે, એને આ સંસાર છોડી દેવો છે તો તે પોતાને સમાપ્ત કરવાના હેતુથી વિવિધ પદ્ધતિઓ કે રીતોનો ઉપયોગ કરે છે. જેમાંની પ્રચલિત પદ્ધતિઓ આ મુજબ છે.

– **ઝેર લેવું :** જેમાં સાઇનાઇડ, જંતુનાશક દવાઓ અને અન્ય ઝેરી પદાર્થ મુખ્ય છે. આ સિવાય ખોરાકમાં ઝેર આપવું, ઝેર પીવું, ઝેરી વસ્તુ ખવડાવવી વગેરેનો સમાવેશ થાય છે.

– **ફાંસો ખાવો :** જેમાં દોરડાનો ગાળિયો બનાવીને લટકી જવું, પંખે લટકી જવું, દુપટ્ટાથી ગળે ફાંસો ખાવો પણ આત્મહત્યા કરવા માટે સૌથી ઉપયોગી સાધન છે.

– ઉંઘની વધારે પડતી ગોળીઓ લઈને સૂઈ જવું પણ આત્મહત્યાની રીતમાં આવે છે.

– વ્યક્તિ પોતે કૂવા, નદી, તળાવ, નહેર અથવા બંધમાં કૂદી પડીને પોતાનો જાન ગુમાવીને પણ આત્મહત્યાની રીતમાં આવે છે.

– વ્યક્તિ જાતે અગ્નિસ્નાન કરીને પોતાનો પ્રાણ ગુમાવે તે પણ આત્મહત્યાની આસાન રીત છે.

– ક્યારેક પ્રેમમાં નિષ્ફળ ગયેલ વ્યક્તિ ટ્રેન નીચે પડતું મૂકીને આત્મહત્યા કરી લે છે તે પણ એક આસાન રીત છે.

– કોઇક ઊંચા સ્થાનેથી પડતું મૂકવું, મકાનની છત ઉપરથી પડતું મૂકવું, પહાડથી ગબડીને જાન આપી દેવી એની પણ આસાન રીતોમાં ગણના થાય છે.

– વ્યક્તિ જાતે પિસ્તોલ લઇને ગોળી મારી દે, ગેસ દ્વારા ગુંગળાવીને દમ તોડી દેવો, અખાદ્ય વસ્તુ ખાઈ લઇને જીવ આપી દેવો વગેરેની ગણના આત્મહત્યામાં થાય છે.

– વાહનની નીચે જાણી જોઇને પડતું મૂકીને કચડાઇ જવું અથવા કોઇ વ્યક્તિ સાથે દુશ્મનાવટ હોય તો જાણી જોઇને ધક્કો મારીને આત્મહત્યા કરી લે છે.

– નાણાંકીય પરિસ્થિતિથી તંગ આવીને, બીમારીથી કંટાળીને, સંયુક્ત કુટુંબમાં જોવા મળતી તંગદીલી, લગ્ન બહારના સંબંધો, નિઃસંતાનપણું, સામાજિક તંગદિલી, સ્વમાન ભંગ વગેરેને કારણે આત્મહત્યા કરવા મજબૂર બને છે અને કોઇ પણ રીતનો ઉપયોગ કરી પોતાનો જીવ આપી દે છે.

આત્મહત્યા કરવા માટે વ્યક્તિ કઇ રીતનો ઉપયોગ કરશે તેનો આધાર વ્યક્તિ કઇ પદ્ધતિને સરળ સમજે છે તેના પર પણ રહેલો છે.

**9. આત્મહત્યાની સમસ્યાનું નિવારણ કરવાના ઉપાયો**

આત્મહત્યાની સમસ્યા સમાજ માટે તથા વ્યક્તિ માટે ભયંકર સમસ્યા છે. સમાજની જટિલતાની સાથે આત્મહત્યાના બનાવોમાં ઉત્તરોત્તર વધારો થાય છે. જે દેશ, રાજ્ય અને સમાજ માટે વધુ ખતરનાક છે. સ્ત્રીની આત્મહત્યા એ સ્ત્રીનાં વ્યક્તિત્વ અને વાતાવરણ વચ્ચેની પ્રતિક્રિયા છે. આ સમસ્યાના નિવારણ માટે કેટલાંક સુઝાવો સમગ્ર વાતાવરણને લક્ષમાં રાખી યોજી શકાય જે નીચે મુજબ છે.

– સામાજિક વિઘટનકારી તત્ત્વોનો નાશ કરવો જોઇએ. સમાજમાં અપરાધોની સંખ્યાને વધતી અટકાવવી જોઇએ. હિંસા, ચોરી, લૂંટ, નશીલા દ્રવ્યોનું સેવન, જાતિય દુર્વ્યવહાર વગેરે બનાવોને ઉગતા જ ડામવા જોઇએ.

– આર્થિક વિષમતાઓ અને સમયાંતરે પ્રવચનો ગોઠવીને આત્મહત્યાની લાગણી બળવત્તર ન બને તે માટે સક્રિય પ્રયાસો કરવા જોઇએ.

– સામાજિક કુરિવાજો અને કુપ્રથાઓમાં સુધારો કરવો જોઇએ. બાળવિવાહ, દહેજ પ્રથા, વિધવા વિવાહ નિષેધ, જાતિપ્રથા, ઊંચનીચના ભેદભાવો વગેરેને સમાપ્ત કરવા જોઇએ. આને માટે સામાજિક નિયમોમાં સુધારો કરવો જોઇએ. લગ્નોમાં સ્વ-પસંદગીને સ્થાન આપવું જોઇએ. નહીં કે વડીલોની પસંદગીને. અવિવાહિત સ્ત્રીઓ સમાજમાં સન્માનપૂર્વક પોતાનું જીવન વ્યતીત કરી શકે તેના માટે યોગ્ય પ્રબંધ કરવાની આવશ્યકતા છે.

– સ્વસ્થ મનોરંજન મળે તેવા સાધનો વિકસાવવા જોઇએ. વ્યક્તિ ઉદાસીનતાથી બચે તે માટે સમાજના સ્તરને ધ્યાનમાં રાખીને મનોરંજન કાર્યક્રમો વિકસાવવા જોઇએ.

– સ્ત્રીઓને માટે રક્ષણાત્મક કાયદાઓ ઘડવામાં આવ્યા છે. જેવાં કે, બાળલગ્ન પ્રતિબંધક ધારો, બિંદુ વારસાધારો, સ્પેશ્યલ મેરેજ એક્ટ, દહેજ પ્રતિબંધક ધારો વગેરેનો ચુસ્ત અમલ કરવો જોઈએ.

– સ્ત્રીઓની વિચારસરણીમાં પરિવર્તન લાવવું જોઇએ. સામાજિક ન્યાય, સમાનતા, સલામતી, સ્વતંત્રતા, ગૌરવ, સત્તા, નિર્ણય પ્રક્રિયાની પરિસ્થિતિનું નિર્માણ કરીને સ્ત્રીઓને સામેલ કરવી જોઇએ. આ બાબતને લગતી કાર્યશાળાઓ, પરિસંવાદો, શિબિરોનું આયોજન અવારનવાર કરવું જોઇએ અને સ્ત્રીઓ સક્રિય ભાગ લે તેવા પ્રયત્નો કરવાં જોઇએ.

– સંસ્થાકીય વ્યવહારો અને સામાજિક ધોરણો, કાનૂનોમાં સુધારો કરવો જોઇએ અને પરિવર્તન લાવવું જોઇએ.

– સ્ત્રીઓને શિક્ષણાભિમુખ કરીને તેમના મૂલ્યોમાં પરિવર્તન લાવવું જોઇએ. સમાજના સંબંધો સુમેળભર્યા બને અને વિસંવાદિતા દૂર થાય તેવા મૂલ્યો અને ગુણોને વિકસાવવા જોઇએ જેથી સ્ત્રીઓ વિપરિત પરિસ્થિતિનો મક્કમતાપૂર્વક સામનો કરી શકે.

– આ સમસ્યાના નિવારણ અર્થે જનજાગૃતિ અભિયાનો દ્વારા સામાજિક જાગૃતિ વિકસાવવી જરૂર છે. આના માટે ઝુંબેશો ચલાવવી, અવાજ ઉઠાવવો, સભા સરઘસો યોજવા જેવા સામૂહિક પગલાં લેવાં જોઈએ.

– આપઘાત કરવાની પ્રેરણા આપનારની સામે સખ્ત કાનૂની કાર્યવાહી કરવી જોઈએ. આવી વ્યક્તિને નિર્દોષ છોડવી ન જોઇએ.

– આત્મહત્યા કરવા પ્રેરાય તેવા બનાવોને ઉત્તેજન ન આપતાં તેનો વિરોધ કરવો જોઈએ. કોઇ પણ પરિસ્થિતિમાં વ્યક્તિ આત્મહત્યા ન કરે માટે તેને જરૂરી માર્ગદર્શન આપવું જોઇએ.

– સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા કુટુંબ સલાહ કેન્દ્રો ખોલવા જોઈએ અને સ્ત્રીઓને જરૂરી માર્ગદર્શન અને સલાહ વિના મૂલ્યો મળે તેવી જોગવાઈ કરવી જોઇએ.

આત્મહત્યા એટલે જટિલ વૈશ્વિક સમસ્યા છે. કોઇ એક ઉપાયથી તેનું નિવારણ કરી શકાતું નથી. હકીકતમાં આત્મહત્યા વ્યક્તિના વિઘટનને કારણે સર્જાય છે. આ માટે એવા પ્રયાસો કરવા જોઇએ કે જેના ફલસ્વરૂપે વ્યક્તિના વ્યક્તિત્ત્વનું વિઘટન ઓછું થાય. માનસિક તણાવો, સંઘર્ષો ઓછા થાય. વ્યક્તિ સમાજની સંપત્તિ છે. આ સંપત્તિ નષ્ટ થાય તેવા બનાવો ન બને તેનું ધ્યાન રાખવાની જવાબદારી સમાજની અને વ્યક્તિની છે.

## 4. જાતિય સતામણી

**પ્રસ્તાવના :** આઝાદીના પાંચ દાયકા પસાર થયા પછી પણ પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રીને પુરુષ સમોવડી ગણવામાં આવતી નથી, જે મોટી કમનસીબી છે. સ્ત્રીઓની સલામતી રહી નથી. પરિણામે દેશમાં જાતિય દુરાચારના બનાવો વધતા જાય છે. સ્ત્રીઓની છેડતીનું પ્રમાણ દિન પ્રતિદિન વધતું જાય છે તેને ગુનો ગણીને સંસદમાં 1998માં બિલ પસાર કરીને તેની સામે કાનૂની કાર્યવાહી કરવાની જોગવાઈ કરી છે. આમ છતાં તેનો કડક અમલ થતો નથી, એનો લાભ ગુનેગાર લઇ જાય છે.

કૉલેજોમાં અને યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ વિદ્યાર્થિનીઓને ચીડવીને પજવીને ત્રાસ આપતાં હોય છે, તેની પાસે ન કરવા જેવા કાર્યો કરવાની ફરજ પાડતાં હોય છે અને જો વિદ્યાર્થીઓ આ કાર્ય કરવાની ના પાડે તો તેઓનું અપમાન કરવામાં આવે છે. જાતિય સતામણી કરવામાં આવે છે. અશ્લીલતા આચરવામાં આવે છે. શૈક્ષણિક સંસ્થાઓમાં પણ સ્ત્રીઓને કનડગત, ત્રાસ અને અત્યાચારનો સામનો કરવો પડે છે. વ્યવસાયના અનેકવિધ ક્ષેત્રો સાથે સ્ત્રીઓ સંકળાયેલી હોય છે. નોકરીના સ્થળે અધિકારીઓ અને સહકર્મચારીઓ દ્વારા આવી સતામણી થતી હોય છે. વકીલો, પોલીસો, દાક્તરી ઉચ્ચ વર્ગના અધિકારીઓ, વગદાર માણસો, ઠેકેદારો, વ્યવસાયના સ્થળે સ્ત્રીની એકલતાનો લાભ લઇને તેની સાથે સતામણી અને દુર્વ્યવહાર કરે છે. સ્ત્રી આની સામે વિરોધ ઉઠાવે તો તેની નોકરી જોખમાય છે એટલે આ અત્યાચાર ચૂપચાપ સહન કરી લે છે. કેટલીક સ્ત્રીઓ આવી સતામણીને કારણે નોકરી છોડી દે છે. અધિકારીઓ અને વગદાર માણસો પૈસાના જોરે ગુનો પુરવાર ન થાય તે માટે કાયદાની છટકબારીઓ શોધી કાઢે છે, પરંતુ સ્ત્રીએ બલિનો બકરો બનવાનો વારો આવે છે.

આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાને કરેલા અભ્યાસ અનુસાર જાતિય સતામણીને 60 ટકા સ્ત્રીઓ સહન કરે લે છે, જ્યારે 10 ટકા સ્ત્રીઓ આને કારણે નોકરી છોડી દે છે.

ક્રાઈમ ઈન ઈન્ડિયા (1996)ના અહેવાલ અનુસાર 1995ના વર્ષમાં 4756 સ્ત્રીઓ અને 1996ના વર્ષમાં 5671 સ્ત્રીઓ જાતિય સતામણીનો ભોગ બની હતી. આ તો નોંધાયેલા આંકડા છે પરંતુ વણનોંધાયેલા આંકડા આનાથી પણ વધુ હશે તેમ મનાય છે. અનેક ગ્રામીણ અને આદિવાસી સ્ત્રીઓ આનો ભોગ બને છે. જેની નોંધ ક્યાંક લેવાતી નથી. આ સ્ત્રીઓને આવી ફરિયાદો ક્યાં નોંધાવવી તેની માહિતી હોતી નથી અને કદાચ ફરિયાદ નોંધવામાં આવે તો તેની સામે યોગ્ય કાનૂની કાર્યવાહી કરવામાં આવતી નથી. ગામ લોકો પણ નામ ખરાબ થવાની બીકને કારણે આવા સિતમો સહન કરી લે છે. પરિણામે કાયદાનો કોઇ અર્થ રહેતો નથી. કાયદો કાયદાપોથીમાં જ રહે છે એનો ચુસ્ત અને કડક અમલ કરવામાં આવતો નથી.

દેશમાં સ્ત્રીઓના ક્ષેત્રમાં કાર્ય કરતી સ્વૈચ્છિક અને સરકારી સંસ્થાઓ તથા કાર્યકરો પોતાની મર્યાદાના કારણે આદિવાસી તથા ગ્રામીણ વિસ્તારો સુધી પહોંચી શકતા નથી. ક્યારેક તો રોજગારીના નામે ખોટા પ્રલોભનો આપી જાતિય શોષણ કરવામાં આવે છે. આવી સતામણી એકાંતમાં અને સુરક્ષિત સ્થાનોમાં કરવામાં આવે છે એટલે આવા બનાવો અપ્રગટ રહે છે જેની જાણ પોલીસ તંત્રને અથવા પરિવારજનોને હોતી નથી અને હોય તો પણ તે સંબંધે કોઇ સંતોષજનક કાર્યવાહી કરવામાં આવતી નથી. કારણ કે તેમને સામાજિક પ્રતિષ્ઠા અને માનહાનિ થવાનો ભય સતાવે છે.

**5. સ્ત્રીઓ પર થતા અત્યાચારોના પ્રકારો**

સ્ત્રીઓ પર અનેક પ્રકારના અત્યાચારો આચરવામાં આવે છે. જેની વિશે વિગતવાર માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે.

**છેડતી :**

સ્ત્રીઓ પ્રત્યે છેડતીના બનાવોની સંખ્યા વધતી જાય છે. જાહેરમાં તેની સાથે નિર્લજ્જ વ્યવહાર કરવામાં આવે છે. સ્ત્રીઓને ચીડવવી, અપમાન કરવું, કનડગત કરવી, મશ્કરી કરવી, પજવણી કરવી, સ્ત્રીઓને અમુક કાર્યો કરવા માટે દબાણ કરવું વગેરે છેડતીના પ્રકારો છે.

આવા બનાવો વિદ્યાભવનોમાં વિશેષ બનતા હોય છે. આ સિવાય વકીલો, તબીબો ઠેકેદારો, ઉચ્ચ અધિકારીઓ આવા ગુનાઓમાાં સંડોવાયેલા હોય છે. આવું કૃત્ય ગુનાપાત્ર ગણીને તેમની સામે બે વર્ષની કેદ અને દંડની કાર્યવાહી કરવાની જોગવાઈ કાયદામાં કરવામાં આવી છે, પરંતુ તેમાં જો સ્ત્રીની સંમતિ હોય તો આવી કાર્યવાહી કરવામાં આવતી નથી. કારણ કે તે ગુનો બનતો નથી. કેટલાંક મંત્રીઓએ સ્ત્રીઓ સામે અશિષ્ટ અને અસભ્ય વર્તન કર્યું હતું તેવા બનાવો ભૂતકાળમાં બન્યા છે. આવા કૃત્યો ઉચ્ચ અને નિમ્ન વર્ગમાં બન્યા હોવાની માહિતી પણ મળી છે. પરંતુ તેની સામે કાર્યવાહી પ્રારંભિક તબક્કે જ પૈસા અને વગના જોરે સ્થગિત કરી દીધી. ગુનેગારો નિર્દોષ છૂટી ગયા કારણ કે કોઈ પુરાવા કે બાતમી મળતી નથી.

દિલ્હીમાં છેડતીના બનાવો વધી જવાથી સંસદમાં તેમના માટે બિલ પસાર કરીને છેડતીને બિનજામીન પાત્ર ગુનો ગણવાની ફરજ પાડી છે, જે અન્વયે દંડ અને જેલની સજા 7 થી 15 દિવસ સુધી કરવાની જોગવાઈ કરવામાં આવે છે પરંતુ આનો ચુસ્ત અમલ નહીં થવાથી આવા ગુનાનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જાય છે.

**બળાત્કાર :**

બળાત્કાર એ વૈશ્વિક સમસ્યા છે. સ્ત્રીઓ પર થતાં અત્યાચારોમાંથી સૌથી મોટો અને ગંભીર ગુનો છે. જે સ્ત્રીના વ્યક્તિત્વને તથા સ્વાતંત્ર્યના અધિકારને નુકસાન પહોંચાડે છે. સ્ત્રીની સલામતી, ગૌરવ, માનસિક લાગણી અને પવિત્રતાને હણી નાંખે છે. બળાત્કારનો ભોગ બનેલ સ્ત્રી હતાશ બનીને ક્યારેક આત્મહત્યા કરી બેસે છે.

અમેરિકા, ઇંગ્લેન્ડ, થાઇલેન્ડ, ફિલિપાઇન્સ, જાપાન અને કેનેડા જેવા દેશોમાં અનેક કિસ્સાઓ બળાત્કારના નોંધાયા છે. ફેડરલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટીગેશનના અહેવાલ અનુસાર યુનાઈટેટ સ્ટેટ્સમાં સરેરાશ દર પાંચ મિનિટે સ્ત્રી પર બળાત્કાર થાય છે. આની તુલનામાં ભારતમાં પણ બળાત્કારના અનેક કિસ્સા બને છે. દિલ્હીની મેરી સ્ટીપ્સ સંસ્થાના અહેવાલ મુજબ ભારતમાં દર વર્ષે 20 લાખ સ્ત્રીઓ તથા બાળકીઓ બળાત્કારનો ભોગ બને છે. સરકારે 'મહિલા વિરુદ્ધ અપરાધ' વિશેનો અહેવાલ 1993માં બહાર પાડ્યો છે તેમાં જણાવ્યું છે કે, પ્રત્યેક 54 મિનિટમાં કોઇને કોઇ સ્થાને મહિલા પર બળાત્કાર થાય છે. આ સિવાય ન નોંધાયા હોય એવા કિસ્સાઓની સંખ્યા અનેકગણી છે.

ભગવદ્‌ગોમંડળમાં બળાત્કારનો અર્થ આ રીતે આપ્યો છે : ×બળાત્કાર એટલે બળાત્કાર, બળજોરી, જોરજુલમ, સ્ત્રી ઉપર અત્યાચાર×

સ્ત્રીની ઇચ્છા વિરુદ્ધ સંમત્તિ વગર બળજબરીથી સંભોગ કરવો તેને બળાત્કાર કહેવામાં આવે છે.

લેટિન શબ્દ Rapery ઉપરથી Rape શબ્દ બન્યો છે. જેનો અર્થ લઇ જવું કે ચોરી જવું એવો થાય છે. જે દર્શાવે છે કે, પતિને પોતાની પત્નીને ચોરાતી અટકાવવા માટે બળાત્કાર વિરુદ્ધનો વિશ્વનો સર્વપ્રથમ કાયદો ઘડાયો તેમાં બળાત્કારને સંમત્તિ અથવા તો તેના માલિકના સ્વમાન સામેનો ગુનો ગણવામાં આવ્યો નહીં કે સ્ટંટની સામેનો ગુનો આ ઇતિહાસનું કરુણ સત્ય છે.

"Rape is the illicit carnal knowledge of a woman without her consent effected by force, duress, intimidation or deception as to the nature of act."

***- Webster Dictionary***

ઈન્ડિયન પીનલ કૉડની કલમ 375, 376માં દર્શાવ્યા પ્રમાણે નીચેનામાંથી કોઇપણ એક સંજોગમાં સ્ત્રી સાથે જાતિય સંભોગ કરવામાં આવે તો તેની ઉપર આચરેલો બળાત્કાર છે.

1. જ્યારે આવું કાર્ય તેની ઇચ્છા વિરુદ્ધનું હોય.
2. જ્યારે આવું કાર્ય તેની સંમતિ વિનાનું હોય.
3. જો તેની સંમતિ સાથેનું હોય તો તેની સંમતિ તેને અથવા તો તેને જેમાં હિત છે તેવી વ્યક્તિને મૃત્યુના ભયમાં અથવા તો ઇજાના ભયમાં મૂકીને મેળવેલ હોય.
4. જો તેની સંમત્તિ સાથેનું હોય તો આવું કાર્ય કરનાર વ્યક્તિ જાણતો હોય કે તે તેણીનો પતિ નથી અને સ્ત્રી એમ માનતી હોય કે તે પુરુષ તેનો પતિ છે અને તેથી તેણે એ વિશે સંમત્તિ આપી હોય.
5. જો તેની સંમત્તિ સાથેનું હોય તો પણ તે અસ્વસ્થ મનની હોવાને કારણે અથવા તો કેફી પદાર્થની અસર હેઠળ હોવાને કારણે સંમત્તિ આપવાને અક્ષમ હોય.
6. જ્યારે તે સ્ત્રી 16 વર્ષથી ઓછી વયની હોય ત્યારે તેવું કાર્ય તેની સંમત્તિથી કર્યું હોય કે સંમત્તિ વિના.

બળાત્કારનો ગુનો બનાવવા માટે સ્ત્રીની યોનિમાં પુરુષ લિંગનો પ્રવેશ થવો જરૂરી છે. જો પુરુષ લિંગનો યોનિ પ્રવેશ ન થાય તો બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીએ કોર્ટ સમક્ષ સ્વેચ્છાએ સંમત્તિ આપી હતી કે બળજબરીથી સંમત્તિ લેવામાં આવી હતી તે વિશેનું નિવેદન આપવું અગત્યનું છે. ઘણાં કિસ્સામાં યોગ્ય પુરાવાના અભાવે માત્ર બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીના નિવેદનને આધારે કોર્ટ ગુનેગારોને નિર્દોષ ઠેરવતી હતી. પરંતુ આ બાબતમાં સુધારેલા ફોજદારી કાયદા હેઠળ ભોગ બનેલી સ્ત્રીનું નિવેદન જો કોર્ટને યોગ્ય અને સંતોષકારક લાગે તો તેના ઉપર આધાર રાખીને ગુનેગારને સજા થઇ શકે છે. આવી સજા 7 વર્ષથી માંડીને આજીવન કેદ સુધીની થઇ શકે.

જવાબદાર વ્યક્તિઓ દ્વારા જ્યારે આ ગુનો કરવામાં આવ્યો હોય ત્યારે વધુ સખત સજાની જોગવાઈ ઇન્ડિયન પીનલ કોડની કલમ 376ની પેટા કલમ (2) પ્રમાણે કરવામાં આવે છે.

– જો કોઇ પોલીસ અધિકારીએ તેના પોલીસ સ્ટેશનનની હદમાં અથવા તો તેના સ્ટેશન હાઉસમાં કે તેની હવાલાતમાં હોય તેવી સ્ત્રી પર બળાત્કાર કર્યો હોય ;
– કોઇ રાજ્ય સેવકે તેના સત્તાવાર હોદ્દાનો લાભ લઇ તેની હવાલાતમાં હોય તેવી સ્ત્રી પર બળાત્કાર કર્યો હોય.
– કોઇ જેલ રિમાન્ડ હોય અથવા કસ્ટડી માટેના સ્થળની વ્યવસ્થા સંભાળતો હોય તેના કોઇ કર્મચારીએ કોઇ હોદ્દાનો દુરુપયોગ કરી કોઇ સ્ત્રી ઉપર બળાત્કાર કર્યો હોય.
– કોઇ હોસ્પિટલ વ્યવસ્થામાં હોય તેવા કર્મચારીએ હોસ્પિટલમાં કોઇ સ્ત્રી ઉપર બળાત્કાર કર્યો હોય.
– કોઇ સગર્ભા સ્ત્રી પર બળાત્કાર કર્યો હોય.
– જૂથ બળાત્કાર કર્યો હોય તો તેને 10 વર્ષથી માંડીને આજીવન કેદની સજા અને દંડ કોર્ટ કરી શકે છે.

કેટલાંક કિસ્સાઓમાં અધ્યાપકો કે શિક્ષકો વિદ્યાર્થિનીને વધુ ગુણ આપવાની લાલચમાં, કોન્ટ્રાક્ટરો રોજમદાર તરીકે કામ કરતી ગરીબ સ્ત્રીને વધુ કામ આપવાની લાલચમાં, ડૉક્ટરો સ્ત્રી દર્દીને સાજા કરવાની શરતે, વકીલો અને પોલીસો સ્ત્રી સહકર્મચારીઓ પર બળાત્કાર કરતાં હોય છે. આ સિવાય પરિચિત અને અપરિચિત વ્યક્તિઓ પણ સ્ત્રી ઉપર બળાત્કાર કરતી હોય છે. અશિક્ષિત, શિક્ષિત, ગરીબ, તવંગર, મધ્યમવર્ગની ઘણી સ્ત્રીઓ, ગ્રામીણ અને આદિવાસી વિસ્તારની સ્ત્રીઓ અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાને કારણે ધર્મગુરુ, ભગત, ભૂવા, પૂજારીની હવસનો ભોગ બને છે. તદુપરાંત અપંગ, બહેરી મૂંગી, અંધ અને મંદબુદ્ધિની બાળકીઓ તથા ભીખ માંગતી સ્ત્રીઓ બળાત્કારનો ભોગ બને છે.

બળાત્કાર સાથે ગરીબી, અજ્ઞાનતા, અંધશ્રદ્ધા, સામાજિક-સાંસ્કૃતિક બાબતો, નિમ્ન આર્થિક દરજ્જો, વ્યસનો વગેરે પરિબળો સંકળાયેલા છે. બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીએ તરત જ તબીબી તપાસ કરાવવી. સગા-સંબંધીને લઇ, પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવી, વકીલની સલાહ મેળવવી, સ્થળની સ્થિતિનો અહેવાલ આપવો, ગુનેગારની વસ્તુઓ પોલીસને હવાલે કરવી જેવાં પગલાં તાત્કાલિક ભરવા જોઇએ. કોર્ટમાં ન્યાયાધીશ સમક્ષ આની ફરિયાદ નોંધાવી શકાય છે.

બળાત્કારના વિવિધ પ્રકારોમાં ફોર્સિબલ રેપ, નોનફોર્સિબલ રેપ, કસ્ટોડિયલ રેપ, સેડીસ્ટ રેપ, એક્વેઇન્ટસ રેપ, ડેટ વગેરેનો સમાવેશ થાય છે.

નાની બાળાઓથી માંડીને યુવતીઓ અને વૃદ્ધાઓ પણ બળાત્મકારનો ભોગ બને છે, જેની વિગતો નીચેના કોઠામાં આપી છે.

**9.2 બળાત્કારના આંકડા દર્શાવતો કોઠો (1991-1996)**

| ક્રમ | વર્ષ | 10 વર્ષ કરતાં ઓછી | 10-16 વર્ષ | 16 થી 30 વર્ષ | 30 વર્ષ કરતાં વધુ | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1. | 1991 | 1099 | 2630 | 5377 | 1319 | 10425 |
| 2. | 1992 | 532 | 2581 | 7000 | 1621 | 11734 |
| 3. | 1993 | 634 | 2579 | 7038 | 1792 | 12223 |
| 4. | 1994 | 734 | 3244 | 7442 | 1798 | 13774 |
| 5. | 1995 | 747 | 3320 | 7752 | 1955 | 13774 |
| 6. | 1996 | 608 | 3475 | 8281 | 2485 | 11848 |

Source : Crime in India (1996)

ઉપરનાં આંકડાઓ જોતાં જણાય છે કે, રાષ્ટ્રીય કક્ષાએ સૌથી વધુ બળાત્કારનો ભોગ 10 થી 16 વર્ષની વય ધરાવતી છોકરીઓ છે. 30 વર્ષ કરતાં વધુ વય ધરાવતી સ્ત્રીઓ અને 10 વર્ષ કરતાં ઓછી વય ધરાવતી બાળકીઓ બળાત્કારનો ભોગ ઓછી બને છે. આનો અર્થ એ થયો કે પ્રૌઢ સ્ત્રીઓ અને નાની બાળાઓ કરતાં યુવતીઓ પર વધુ પ્રમાણમાં બળાત્કાર થાય છે. ઉચ્ચ વર્ગ કરતાં નિમ્ન વર્ગની સ્ત્રીઓ વધુ બળાત્કારનો ભોગ બને છે. બળાત્કારના સૌથી વધુ બનાવો મધ્યપ્રદેશમાં નોંધાયા છે જેનું પ્રમાણ 1995માં 3119 અને 1996માં 3264 બનાવો નોંધાયા હોવાનું મનાય છે. ત્યાર પછીના ક્રમે ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. આમ, સમગ્ર દેશમાં બળાત્કારના કિસ્સાઓમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે.

બળાત્કારના કારણોમાં બદલાની ભાવના, એકાંત, ગીચ વસ્તી, વેશ્યા વ્યવસાય, જાતિય શોષણ, પ્રલોભન, જાતિય તૃપ્તિ, યુવાનની ધમકી, ઉત્તેજક પોષાક, મનોરંજનના સાધનો, અશ્લીલ સાહિત્ય, ફિલ્મો, ટેલિવિઝનની અસર વ્યાપક પણે જોવા મળે છે.

બળાત્કાર વિશે વિવિધ વિદ્વાનોએ અભ્યાસ કર્યો છે. વિદેશોમાં પણ આ પરત્વે અભ્યાસો થયા છે. ક્વિન્સ બેંચે (Queen's Bench) આવો અભ્યાસ 19976માં કર્યો હતો તેમાં જણાવ્યું છે કે બળાત્કારને અટકાવવા માટે અપનાવવામાં આવતી ભૌતિક વ્યૂહરચનાઓ ભાગ્યે જ અસરકારક હોય છે. આના બદલે સ્ત્રીઓ તેનો હિંમતપૂર્વક સામનો કરે તો તેઓ ગંભીર ઇજાઓમાંથી બચી જાય અને આ સમસ્યા હળવી બને.

બાર્ટ અને ઓબ્રિન્ર્સ (Bart and Orbin’s) 1984માં બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓનો અભ્યાસ કર્યો હતો. તેમાં સામાજીકરણ, વસતિ વિષયક અને પરિસ્થિતિજન્ય પરિબળોને ધ્યાનમાં રાખ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ સમસ્યાને અટકાવવા માટે આવી બળાત્કારની પરિસ્થિતિનો વિરોધ કરવો જોઇએ. અને ટાળવી જોઇએ. સ્ત્રીઓની ઉપર બળાત્કાર કરીને તેને મારી નાંખવી ન જોઇએ. પરંતુ આવી સ્ત્રીઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવી જોઇએ તો તેઓ ફરી સામાજીકરણની પ્રક્રિયામાં પોતાનું યોગદાન આપી શકે.

રામ આહુજાએ (1987) મહિલાઓ ઉપર થતા અત્યાચારો વિશેના અભ્યાસ રાજસ્થાનમાં કર્યો હતો, તેના અહેવાલમાં જણાવ્યું છે કે બળાત્કારનો શિકાર 16 થી 30 વર્ષની વયજૂથ ધરાવતી સ્ત્રીઓ વિશેષ બને છે. જેનું પ્રમાણ 64 ટકા છે. પરંતુ 10 થી 16 વર્ષની બાળાઓમાં આ પ્રમાણ 20 ટકા છે. પરંતુ 10 વર્ષની નીચેની અને મોટી વયની સ્ત્રીઓમાં આ પ્રમાણ અનુક્રમે 3 ટકા અને 13 ટકા છે.

ગુજરાતમાં પણ યુવતીઓ અને નાની બાળાઓ બળાત્કારનો ભોગ બને છે. ક્રાઇમ ઇન ઇન્ડિયાના અહેવાલ અનુસાર 16 વર્ષની 102 કન્યાઓ, 10 વર્ષ કરતાં ઓછી વય ધરાવતી 15 બાળાઓ અને 16 થી 30 વર્ષની ઉંમર ધરાવતી 161 સ્ત્રીઓ અને 30 વર્ષ કરતાં મોટી વય ધરાવતી 28 સ્ત્રીઓ બળાત્કારનો ભોગ બની હતી. એટલે કે યુવતીઓનો વિશેષ ભોગ બને છે, તેવું આ આંકડા પરથી પૂરવાર થાય છે. બળાત્કાર કરનારા પુરુષો પણ ઘણે ભાગે યુવકો જ હોય છે.

બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓ અને પુરુષો વિવિધ પ્રકારની શારીરિક, માનસિક બિમારીનો ભોગ બને છે. સ્ત્રીઓ માથાનો દુઃખાવો, અનિંદ્રા, ગુસ્સો, ભય, એઇડ્સ, માનસિક અસ્વસ્થતા, સિફિલિસ શરીરનો દુઃખાવો, ગુપ્ત રોગનો ભોગ બને છે. આવી સ્ત્રીઓ કુટુંબમાં તથા સમાજમાં સામાજિક સમાયોજન સાધવામાં મુશ્કેલી અનુભવે છે. પુરુષો પણ જાતિય રોગો, અરૂચિ અને માનસિક બીમારીનો ભોગ બને છે. આવા માણસો સમાજમાં સુમેળભર્યા સબંધો સ્થાપી શકતા નથી.

આ સમસ્યાને નિયંત્રિત કરવા સખત કાનૂની પગલાં લેવાવાં જોઇએ. તેમને માટે ખાસ અદાલત અને સ્વ-બચાવ કરી શકાય તેવા ઉપાયો અજમાવવા જોઇએ. આધુનિક સમાજમાં બળાત્કારનો ગુનો કરનાર આરોપીને શકોનો લાભ આપીને છોડી મૂકવામાં આવે છે. તેની પાછળની

માન્યતા એવી છે કે જો આવી વ્યક્તિને કેદ કરવામાં આવે તો તેઓ વધારે ગુનાઓ કરતાં થઈ જશે. તેના કરતાં તેઓને સ્વતંત્ર અને ગુનામુક્ત રાખવા યોગ્ય છે.

સામાજીકરણની પ્રક્રિયા માટે સામાજિક સાંસ્કૃતિક મૂલ્યોમાં પરિવર્તન લાવવાની જરૂર છે જેથી બળાત્કારના ગુનાઓમાં ઘટાડો થઈ શકે. શાળામાં પણ બાળકોને જાતિય શિક્ષણના પાઠ શીખવવા જોઈએ. સ્ત્રીઓ માટે ખાસ અદાલતોની રચના કરવી જોઈએ અને આવા ગુનાઓનો ભોગ બનેલી સ્ત્રીઓની તપાસ મહિલા પોલીસ દ્વારા, મહિલા તબીબ દ્વારા થવી જોઈએ તો આ સ્ત્રીઓની માનસિક યાતના હળવી બની શકે. મહિલા ન્યાયાધીશો અને મહિલા વકીલો દ્વારા કેસ ચલાવાય તેવી કાર્યવાહી કરવાની જરૂર છે. આવી સ્ત્રીઓ સાથે સહાનુભૂતિપૂર્વક વર્તન કરવામાં આવે તો જરૂર બળાત્કારના કિસ્સાઓમાં ઘટાડો થાય.

**સ્ત્રીનું અપહરણ અને ભગાડી લઈ જવી :**

ભારતીય ફોજદારી કાયદાની કલમ 359 મુજબ અપહરણના ભારતમાંથી અપહરણ અને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ એવા બે પ્રકારો પાડ્યાં છે. કલમ 360 મુજબ કોઈ માણસ સંમતિ વગર અથવા તેના વતી કાયદેસર રીતે અધિકૃત માણસની સંમતિ વગર ભારતની સરહદની બહાર લઈ જાય તો તેનું અપહરણ કર્યું કહેવાય. કલમ 361 મુજબ કોઈ વ્યક્તિ એક સગીર 16 વર્ષથી નાના છોકરાનું અથવા 18 વર્ષથી નાની છોકરીનું અથવા અસ્થિર મગજની વ્યક્તિને તેના કાયદેસરના વાલીની સંમતિ વગર વિના સંરક્ષણમાંથી લઈ જાય કે તેને લલચાવીને ભગાડે તો તેણે કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કર્યું કહેવાય. કાયદેસરના વાલીના અર્થમાં એવી વ્યક્તિ કે જેને કાયદેસર રીતે સગીરના કે બીજાં માણસની સંભાળ માટેની સોંપણી કરી હોય તેનો અને જે હકીકતમાં વાલી હોય તેનો પણ સમાવેશ થાય છે જે વ્યક્તિ શુદ્ધ બુદ્ધિથી માનતી હોય કે પોતે આ બાળકનો કાયદેસરનો કબજો રાખવાનો અધિકાર ધરાવે છે તેને આ કલમ લાગુ પડતી નથી. પરંતુ આવું કૃત્ય તેણે અનૈતિક કે ગેરકાયદેસર હેતુ માટે કર્યું હોય તો અપહરણ ગુનો થાય છે. ભગાડીને લઈ જવાનો અર્થ કોઈ સ્ત્રીને દગાબાજી, બળજબરી કે કપટથી કુમાર્ગે વાળવા અનૈતિક જાતિય સંબંધના હેતુથી લઈ જવી તે ગુનો બને છે. ભગાડીને લઈ જવામાં જો સ્ત્રીની સંમત્તિ હોય તો ગુનો બનતો નથી. કોઈ સ્ત્રીને તેની ઈચ્છા વિરુદ્ધ કોઈ વ્યક્તિ સાથે લગ્ન કરવાની ફરજ પાડવાના ઈરાદાથી કે લગ્ન પછી બાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાના હેતુથી અધિકારનો દુરુપયોગ કરવામાં આવે તો તે ગુનો બને છે. સગીર બાળા, પુખ્તવયની પરણેલી કે કુંવારી સ્ત્રીને લલચાવીને પરદેશમાં મોકલવી અથવા એને વેચી દે તેવી જ રીતે વિદેશની સગીર બાળાઓ કે સ્ત્રીને વેશ્યાવૃત્તિ માટે આયાત કરવી તે પણ ફોજદારી ગુનો બને છે. આવા ગુનાની સાબિતી માટે લઈ જનારનો હેતુ કે ઈરાદાને ધ્યાનમાં લેવાય છે. કલમો 363, 366, 366 એ, 372 હેઠળ 3 થી 10 વર્ષની કેદની સજા અને દંડ થઈ શકે છે.

દેશમાં સ્ત્રીના અપહરણના અને તેને ભગાડી જવાના બનાવો ઉત્તરોત્તર વધતાં જાય છે. ક્રાઈમ ઈન ઈન્ડિયા (1996)ના છેલ્લા કેટલાં વર્ષનાં આકડાં જોઈએ તો 1991માં 12300, 1992માં 12077, 1993માં 11877, 1994માાં 12998, 1995માં 14063 અને 1996માં 14877 કિસ્સા અપહરણ અને ભગાડીને લઈ જવાના બન્યા છે. ભારતમાં આવા બનાવો દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, આસામ અને મધ્ય પ્રદેશમાં વિશેષ બને છે. ભારત સરકારના અહેવાલ અનુસાર 43 મિનિટે એક સ્ત્રીનું અપહરણ થાય છે. અથવા ભગાડીને લઈ જવામાં આવે છે.

આહુજાએ (1987) પોતાના અભ્યાસમાં જણાવ્યું છે કે અપહરણના બનાવોમાં પરિણિત કરતાં, અપરિણિત સ્ત્રીઓનું પ્રમાણ વધુ હોય છે. મોટાભાગના બનાવોમાં અપહરણ કરનાર અને તેનો શિકાર બનનાર, પરસ્પર પરિચિત હોય છે, જેમનો સંપર્ક પડોશમાં અથવા સાર્વજનિક સ્થળોએ થતો હોય છે. આવા બનાવ પાછળનો હેતુ લગ્ન કરવાનો અને જાતિય સંતોષ મેળવવાનો હોય છે. 80 ટકા કિસ્સાઓમાં લૈંગિક આક્રમણ માટે 10 ટકા કિસ્સામાં આર્થિક હેતુ અપહરણ થાય છે. માતા-પિતાનું નિયંત્રણ અને પરિવારમાં સ્નેહપૂર્ણ સંબંધોનો અભાવ આને માટે કારણભૂત બને છે.

ગુજરાતમાં 1995ના વર્ષમાં 974, 1996ના વર્ષમાં 864 બનાવો સ્ત્રીના અપહરણ અને ભગાડી જવાના બન્યા હતા. એનો અર્થ એ થયો કે દરરોજ 3 સ્ત્રીઓનું અપહરણ થાય છે. નાની બાળાઓને શાળામાંથી ઉપાડી જવાના અથવા અપહરણ કરવાના બનાવો પણ અવાર-નવાર બનતા જોવા મળે છે. આવા બનાવો પર નિયંત્રણ લાવવા દેશમાં અસ્તિત્વ ધરાવતા કાનૂન અને વ્યવસ્થાતંત્રને વધુ સક્રિય અને પ્રભાવી બનાવવાની જરૂરી છે.

**ખૂન :**

માનવહત્યા વિશેષ કરીને પુરુષ અપરાધ છે. માનવહત્યાનો ભોગ સ્ત્રીઓ કરતાં પુરુષો પ્રમાણમાં વધુ બને છે. ભારતમાં દર વર્ષે 30,000 થી 35,000 ખૂન થાય છે તેમાંથી 10 ટકા સંખ્યા સ્ત્રીઓની છે. ખૂન કરનારાઓમાં 97 ટકા પુરુષો અને 3 ટકા સ્ત્રીઓ હોય છે.

આહુજાના (1987) અભ્યાસમાં સ્ત્રીની હત્યા કરવા પાછળના કારણોમાં નાના મોટા કૌટુંબિક ઝઘડાઓ, અનૈતિક સંબંધો, અસાધ્ય બિમારી, પ્રેમ સંબંધો વગેરે હોય છે. મોટા ભાગના કિસ્સામાં હત્યાનો ભોગ બનનાર સ્ત્રીઓ એક જ કુટુંબની સંતાનવાળી અને યુવાન હતી. લાગણીમાં આવીને ખૂન થવાની ટકાવારી 66ની હતી. જ્યારે 80 ટકા કિસ્સામાં કોઈની મદદ લઈને ખૂન કરવામાં આવ્યું હતુ.

ખૂનના કારણોમાં અસહ્ય જીવન, કુટુંબની અપેક્ષાઓ, શંકાશીલ સ્વભાવ, સંતાન ન થવા, પુત્ર ન હોવો, સ્ત્રીનું ઉપેક્ષાભર્યું સ્થાન, ક્રુરતા, બદલો લેવાની ભાવના, સ્ત્રીની પ્રતિક્રિયા, વિચારસરણી, દમન, મારઝૂડ કરવી, અપમાન કરવું વગેરેને ગણાવી શકાય.

ભારતીય સંવિધાનમાં સ્ત્રી પુરુષને સમાન ગણવામાં આવે છે, પરંતુ તેનો અમલ વ્યવહારમાં થતો નથી, પરિણામે આઝાદીના છ દાયદા પછી પણ સ્ત્રીને ઘણું બધું સહન કરવું પડે છે.

ખૂન એ ફોજદારી ગુનો બને છે, તેની સામે કાનૂની કાર્યવાહી કરવી જોઈએ. કોઈપણ સ્ત્રીનું સાસરી પક્ષના લોકોની ક્રુરતાથી શારીરિક, માનસિક આરોગ્યને ગંભીર નુકસાન કર્યું હોય તો તેવા સંજોગોમાં કલમ 497 (ક) પ્રમાણે ગુનો દાખલ કરીને કાર્યવાહી કરવી જોઈએ, તેની તપાસ કરીને સમયસર પગલાં લેવાવાં જોઈએ તો આવાં બનાવોનું પ્રમાણ ઘટાડી શકાય. નૂતન સહસ્ત્રાબ્દિમાં મહિલાઓના કાયદાઓનો કડક અને ચુસ્ત અમલ થાય તે જોવાની જવાબદારી સૌની છે.

**હિંસા-દહેજને કારણે થતી હત્યાઓ :**

સ્ત્રી તરફની કોઈપણ પ્રકારની હિંસા સમાજમાં નીંદનીય છે. જો કોઈ સ્ત્રી તેના દૈનિક કાર્યો, વ્યવહારિક કાર્યો, સામાજિક કાર્યો, આર્થિક કાર્યોમાં સહેજપણ ભૂલ કરે તો તેને સુધારવાના બહાને મારઝૂડ કરવાના, ત્રાસ આપીને નબળી પાડવાના આશયથી હિંસા કરવા સુધી હિચકારા બનાવો બનતા જ હોય છે. સ્ત્રીને યમલોકના દ્વારે પહોંચાડવી એ સૌથી અધમ કૃત્ય છે. સ્ત્રીની આવી ઉપેક્ષા અને ક્રુરતાથી કંટાળીને આત્મહત્યા કરે તે પણ સ્ત્રીની હિંસા જ છે. દેશમાં આ મોટી સામાજિક સમસ્યા છે. અનેક સ્ત્રીઓ પર સિતમો ગુજારીને યમસદન સુધી પહોંચાડી દેવામાં આવે છે.

દહેજ પ્રથા પણ સમાજમાં વ્યાપકપણે પ્રસરેલું છે. આ પ્રથાને કમાણીના એક સાધન તરીકે જોવાય છે. દહેજેની રકમથી સ્ત્રીનો સાસરીમાં સામાજિક દરજ્જો નક્કી થાય છે. દહેજની માંગણી સાસરીપક્ષે મૂડીવાદી અર્થવ્યવસ્થાનો પડઘો પાડે છે. પિયરીયાઓ દીકરીને સુખ મળે એવી અપેક્ષા અને આશામાં દહેજની માંગણી સંતોષે છે. જો દહેજની રકમ ઓછી પડે તો વધુ રકમની લાલચમાં સ્ત્રીને શારીરિક, માનસિક ત્રાસ આપીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવે છે. અથવા તો સ્ત્રી જાતે જ મોતના મુખમાં ધકેલાઈ જાય છે.

ભારત સરકારના એક અહેવાલ અનુસાર દર 102 મિનિટે દહેજ સંબંધી હત્યા થાય છે. એક દિવસમાં 33 અને વર્ષે લગભગ 5000 સ્ત્રીઓ દહેજના કારણે થતી હત્યાનો ભોગ બને છે. મોટા ભાગની દહેજ હત્યા ઘરમાં, એકાંતમાં અને કુટુંબના સભ્યોની સંમતિથી થાય છે, એના કારણે પુરાવાઓ નથી મળતા. પોલીસતંત્ર પણ આવા બનાવોની તપાસ કરવામાં નિષ્ક્રિયતા બતાવે છે, એટલે ન્યાયાલયમાં આવા દાવાઓ ચાલતા નથી.

નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના અહેવાલ અનુસાર 1990માં 1298, 1991માં 1310, 1992માં 1370, 1993માં 1486 અને 1994માં 1686 બનાવો દહેજની હત્યા કેસો નોંધાયા છે. આ બતાવે છે કે દેશમાં આવા બનાવોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે. જે ચિંતાજનક છે. દહેજને કારણે થતા સ્ત્રીઓના મૃત્યુને અટકાવવા માટે દહેજ પ્રતિબંધક અધિનિયમની રચના 1961માં કરવામાં આવી હતી, પરંતુ તેમાં કેટલીક બાબતો રહી જવાને કારણે તેમાં જરૂરી સુધારો કરી 1984માં ફરી કાયદો બહાર પાડ્યો. આ કાનૂન અન્વયે દહેજ આપનાર અને દહેજ લેનાર બંનેને ગુનેગાર ગણીને શિક્ષા કરી શકાય છે. ફોજદારી કાયદાની કલમ 704-બી પ્રમાણે દહેજને કારણે થયેલ મૃત્યુના અપરાધો પોલીસ અધિકારના અને જામીન પર ન છોડી શકાય તેવા છે. આના માટે સાત વર્ષથી માંડીને આજીવન કેદની સજા કરી શકાય છે. લગ્ન પછી સાત વર્ષમાં જો કોઇ સ્ત્રી તેના પતિથી અથવા પતિના સગાસંબંધીથી ક્રૂરતા આચરવામાં આવતી હોય કે તેની કનડગત કરવામાં આવી હોય અને એવી સ્ત્રીનું મૃત્યુ કોઇ વિચિત્ર અને રહસ્યમય સંગોજો હેઠળ થયું હોય તો તેને દહેજને કારણે થયેલ મૃત્યુ ગણવામાં આવે છે.

આવા મૃત્યુના કિસ્સામાં તપાસ થતી નથી અને કેટલાંક કિસ્સામાં એના અધિકૃત પુરાવાનો નાશ કરી નાંખવામાં આવે છે અને આવા કિસ્સાને અકસ્માતમાં ગણવામાં આવે છે. દહેજને કારણે કોર્ટમાં દાવો ચાલ્યો હોય તેવાં બનાવો ભાગ્યે જ બનતા હોય છે.

આહુજાને (1987) કરેલાં અભ્યાસમાં જણાવ્યું છે કે નિમ્નવર્ગ કરતાં મધ્યમવર્ગના સ્ત્રીના દહેજને કારણે થતાં મૃત્યુનો આંક ઉંચો છે. મોટાભાગે 21થી 24 વર્ષની વયજૂથમાં આવા મૃત્યુ વધુ બને છે. નિમ્નજ્ઞાતિ કરતાં ઉચ્ચ જ્ઞાતિમાં આ સમસ્યા વધુ વ્યાપક છે. દહેજના મૃત્યુનો ભોગ બનતા પહેલાં સ્ત્રી ઉપર સિતમો ગુજારીને અપમાનિત કરીને તંગદિલી સર્જવામાં આવે છે, તેને લીધે આવા બનાવો વધે છે.

આવા બનાવોની સીધી ફરિયાદ મેજિસ્ટ્રેટ સમક્ષ કરી શકાય છે. સ્ત્રીના સગાંવહાલાં અથવા કોઇ કાર્યકર પણ આવી ફરિયાદ કરે તો તેની સામે કાર્યવાહી કરીને પોલીસ ધરપકડ કરી શકે છે. આવા બનાવોમાં સ્ત્રીઓને સામાજિક ન્યાય મળે તેવા પ્રયાસો જરૂરી છે. સ્ત્રી જાગૃતિ, મિલકતમાં સમાન હક્ક, ભેદભાવનો વિરોધ થાય તો આવા બનાવોની સંખ્યા ઓછી થાય.

**પત્નીને ત્રાસ આપવો :**

આપણું સામાજિક માળખું પુરુષ પ્રધાન હોવાને કારણે આપણે પુરુષો પોતાનું આધિપત્ય જળવાય તે માટે ક્યારેક ક્રૂરતા અપનાવે છે અને સ્ત્રીને ત્રાસ આપે છે. પતિ જ્યારે તેની પત્ની ઉપર હુમલો કરીને તેને માર મારે ત્યારે પત્નીની શારીરિક સલામતી જોખમાય છે. એક સ્ત્રીને માટે પોતાનો માણસ માર મારે ત્યારે સ્વાભાવિક રીતે તેનો વિશ્વાસ ડગી જાય છે અને ઊંડા આઘાતની લાગણી અનુભવે છે. લાફો મારવો, ગડદાપાટુ મારવા, લાકડીથી પ્રહાર કરવો, યાતના આપવી, ડામ દેવો, મારી નાખવાની ધમકી આપવી, એસિડ છાંટવો, બચકા ભરવા, વસ્તુના છુટ્ટા ઘા કરવા વગેરે દ્વારા પત્નીને ત્રાસ આપવામાં આવે છે. ક્યારેક પતિ નશાની અસર તળે આવી જઇને પત્નીને ઢોર માર મારવો અને ખૂન કરવા જેવું કૃત્ય કરી બેસે છે. પત્નીને ત્રાસ આપવાના કે માર મારવાના કૃત્ય સામે રક્ષણ મળે અને આવું કૃત્ય આચરવા માટે શિક્ષા થાય તેવા કોઇ અલગ કાયદા ઘડવામાં આવ્યા નથી. આ અંગે પોલીસ ફરિયાદ કરી શકાય છે. જો પતિ પત્નીને રૂમમાં ગોંધી રાખી હોય કે પૂરી દીધી હોય તો રોંગફૂલ કન્ફાઇન્મેન્ટ માટે પણ ફરિયાદ નોંધાવી શકાય છે. ઇન્ડિયન પીનલ કોડની કલન 498-એ હેઠળ હેરાન કરવા કે ક્રૂરતા આચરવાની ફરિયાદ પત્ની કરે શકે છે. પત્નીને સામાન્ય ઇજા પતિ દ્વારા પહોંચાડવામાં આવી હોય તો કલમ 323 હેઠળ ફરિયાદ નોંધાવી શકાય છે. ગુનો પુરવાર થાય તો પતિને એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને શિક્ષા થઈ શકે છે. ભારતીય બંધારણમાં સ્ત્રી પુરુષને સમાન અધિકાર આપ્યા છે જેમાં પોલીસ રક્ષણનો સમાવેશ થાય છે. કોઇ પણ વ્યક્તિ કોઇ પણ સ્ત્રી ઉપર હુમલો કરે કે ત્રાસ ગુજારે તો તેને રક્ષણ મળવું જોઇએ, પરંતુ પોલીસ તંત્રની નિષ્ક્રિયતા અને ઉદાસીનતાના કારણે આવા બનાવોને ઉત્તેજન મળે છે. પોલીસો આવા બનાવોની

ફરિયાદોને બહુ મહત્ત્વ આપતાં નથી કે તેની સામે કોઇ કાર્યવાહી નથી કરવામાં આવતી, પરિણામે પતિદેવો તેમની પત્ની ઉપર ત્રાસ વર્તાવે છે. કદાચ પત્ની તેનો વિરોધ કરે તો તેની વગોવણી કરી વધુ ત્રાસ ગુજારે છે.

ક્રાઈમ ઇન ઇન્ડિયા (1996)ના અહેવાલ અનુસાર અને 1991માં 15949, 1992માં 19750, 1993માં 22046, 1994માં 25946, 1995માં 31127 અને 1996માં 35246 કિસ્સાઓ સ્ત્રી અથવા પત્નીને ત્રાસ આપવાના નોંધાયા હતા. આ બતાવે છે કે, સ્ત્રીના ઉપર ત્રાસ ગુજારવાના બનાવો દિન પ્રતિદિન વધતાં જાય છે. આવા બનાવો ભારતમાં જ વધુ બને છે એવું નથી. પાકિસ્તાન, શ્રીલંકા તથા અમેરિકા અને અન્ય દેશોમાં પણ બન્યા છે. સ્ત્રીઓ પુરુષોના ત્રાસનો ભોગ બની રહી છે.

પ્રવર્તમાન સમયમાં આવા બનાવો બનતા અટકાવવા માટે કાયદાનું ઘડતર કરીને તેનો અમલ કરવામાં આવે અને સ્ત્રીઓને તેમાં ન્યાય મળે તેવી જોગવાઈ કરવાની જરૂરર છે. સમાજમાં પુરુષોમાં સ્ત્રીઓ પ્રત્યેની જવાબદારી અને સંવેદનશીલતા ઊભી કરવામાં આવે તો સ્ત્રીને ત્રાસ આપવાના અને મારપીટના બનાવોમાં ઘટાડો લાવી શકાય.

**વિધવા સ્ત્રી ઉપર થતી હત્યા :**

સ્ત્રી અને પુરુષ કુટુંબ અને સમાજના રથના બે પૈડાં છે. આ પૈડાં સરખા ચાલો તો જીવન રથ બરાબર ચાલે પણ જો એક પૈડું તૂટી જાય તો જીવન છિન્ન ભિન્ન થઈ જાય છે. જેનો પતિ ગુજરી ગયો છે એવી સ્ત્રીને વિધવા ગણાય છે. તેના તરફ સમાજ દયા ભાવનાની દૃષ્ટિથી જુએ છે. આવી સ્ત્રીઓની અનેક સમસ્યાઓ હોય છે ઘરમાં વડીલોના વર્ચસ્વ નીચે ગુલામીની દશામાં રહેવું પડે છે. શિક્ષિત હોય તો નોકરી કરીને બાળકોને મોટા કરે છે અને સંતાનોને પગભર કરવામાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે અને પોતાની મર્યાદામાં રહીને માર્ગ કાઢવો પડે છે. નિઃ સંતાન હોય તો પુનઃ લગ્ન કરી શકે છે. મોટી વયે વિધવા થાય તો પુત્રના સહારે જીવન વ્યતીત કરે છે. આવી સ્ત્રીઓને સમાયોજનની સમસ્યા સતાવતી હોય છે. કેટલાંક કુટુંબોમાં આવી સ્ત્રીઓને બોજારૂપ માની તેમને મિલકતમાં ભાગ ન આપવો, એના બાળકો તરફ ધ્યાન ન આપવું, તેની ન્યૂનતમ પાયાની જરૂરિયાતો ન સંતોષવી જેવી વૃત્તિઓ દાખવતા હોય છે. આને કારણે વિધવા સ્ત્રીનું કલંક સ્ત્રીને નકારાત્મક રીતે પ્રભાવિત કરે છે. સ્ત્રી નાની વયમાં વિધવા બને તો પિયરમાં તેને આશ્રય આપીને ભણાવીને પગભર કરવા પ્રયત્ન કરતાં હોય છે પણ તે અશક્ય હોય તો તેના તરફ દુર્લક્ષ સેવાય છે. મોટી ઉંમરે વિધવા બને તો શ્વસુર ગૃહે કષ્ટમય પરિસ્થિતિનો સામનો કરવો પડતો હોય છે. ક્યારેક આવી સ્ત્રીઓ પાસે ન કરાવવાના કાર્યો કરાવવામાં આવે છે. કાર્યનો બોજ લાદી દેવામાં આવે છે અને કામ ન કરે તો કાઢી મૂકવાના બનાવો નોંધાયા છે, ત્યારે આવી સ્ત્રીઓ ભિક્ષા માંગીને જીવન ગુજારતી હોય છે. કેટલીક વિધવાઓ વૃદ્ધાશ્રમમાં રહીને જીવન ગુજારે છે. આમ, સ્ત્રીનું વૈધવ્ય સામાજિક-આર્થિક અસલામતીની સમસ્યા સર્જે છે. આવી સ્ત્રીને સમાજ ક્યારેય માનની દૃષ્ટિએ જોતો નથી. વડીલ અને પ્રૌઢ વિધવા કરતાં યુવાન વિધવાને અનેક અપમાનો અને યાતનાઓ સહન કરવી પડે છે.

વિધવાઓ વિરુદ્ધ થતી હિંસાઓમાં મારપીટ કરવી, ગાળો આપીને અપમાનિત કરવી, જાતિય દુર્વ્યવહાર આચરવો, તેની મિલકત હડપ કરી જવી, શારીરિક-માનસિક ત્રાસ આપવો વગેરેનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે સ્ત્રી વિધવા બને અને પતિ જે નોકરી ધંધો કરતો હોય તેના હિસાબો, બચત, વીમો, મૂડીરોકાણ જેવી બાબતોથી અજાય હોય છે, તેની અજ્ઞાનતાનો લાભ સાસરી પક્ષના સભ્યો ઉઠાવતા હોય છે. પ્રપંચ અને છળકપટ કરીને તેની મિલકત પચાવી પાડીને તેના અધિકારોથી વંચિત રાખવામાં આવે છે. વિધવા સ્ત્રી નિષ્ક્રિયતા અને ડરપોકપણાને કારણે વધુ અત્યાચારોનો ભોગ બનતી હોય છે. ઉચ્ચ વર્ગની વિધવાઓ કરતાં મધ્યમ અને નિમ્ન વર્ગની વિધવાનઓ સત્તા, મિલકત અને જાતિય દુર્વ્યવહારનો વધુ ભોગ બનતી હોય છે. જો કે બધી જ વિધવા સ્ત્રીઓ અત્યાચારનો ભોગ બનતી નથી. જો તે સ્વનિર્ભર હોય તો તે પુરુષોના દુર્વ્યવહારનો ભોગ ઓછી બને છે.

આવી સ્ત્રીઓ પ્રત્યે સમાજનો દૃષ્ટિકોણ બદલવામાં આવે તો તેમની યાતનાઓ ઓછી થાય અને તેમનું આત્મગૌરવ જળવાય તો આ સ્ત્રીઓ સમાજમાં સન્માનપૂર્વક જીવી શકે.

**વ્યભિચાર :**

લગ્ન બહારનો જાતિય સંભોગ એટલે વ્યભિચાર. અન્ય સ્ત્રી સાથે તેના પુરુષની સંમતિ વિના બળાત્કારનો ગુનો ન બને તે રીતે તેની સાથે સંભોગ કરવો એ બળાત્કાર છે. આવો સંભોગ પત્નીને અન્યાયકારક છે એટલે એને દોષિત ગણવામાં આવે છે. આવા ગુનાઓની નોંધ લેવાતી નથી, કારણ કે તેમાં બદનામી અને માનહાનિનો ડર હોય છે. ઘણે ભાગે આવા ગુનાઓ એકાંતમાં બનતા હોવાથી તેના કોઇ પુરાવાઓ મળતી નથી. પરિણીત અને અપરિણીત બંને પ્રકારની સ્ત્રીઓ ઉપર આવો વ્યભિચાર આચરવામાં આવતો હોય છે. આની પાછળ પુરુષોની કુદૃષ્ટિ, બે પત્નીઓ હોવી, ગેરકાયદેસરના અનૈતિક સંબંધોને કારણભૂત માનવામાં આવે છે. આને કૌટુંબિક ત્રાસનો ગુનો ગણવામાં આવે છે, તેના માટે જરૂરી કાર્યવાહી કરી શકાય છે.

**ગર્ભપાત :**

સદીઓથી બાળકીને દૂધ પીતી કરવાનો રિવાજ હતો, તેના પર સમાજ સુધારકોની વિચારધારાથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આજે ફરીથી એ જ રિવાજ ગર્ભજાતિ પરીક્ષણના નામે સૌની સામે સ્ત્રીઓના અસ્તિત્વ માટે પડકારરૂપ બન્યો છે. ગર્ભ જાતિ પરીક્ષણનો હેતુ ગર્ભમાં રહેલાં બાળકમાં રહેલી ખોડ ખાંપણને જાણવાનો અને જાતિ પરીક્ષણનો હતો. આવા પરીક્ષણથી ગર્ભમાં રહેલું બાળક સ્ત્રી છે કે પુરુષ તે જાણી શકાય છે એટલે તેનો દુરુપયોગ થવા લાગ્યો છે. ઉચ્ચ વર્ગથી માંડી નિમ્ન વર્ગ સમાજની સ્ત્રીઓ પણ ગર્ભ જાતિ પરીક્ષણ કરાવવામાં બાકાત રહી નથી. પ્રવર્તમાન યુગમાં ગર્ભમાં સ્ત્રી હત્યાના એટલે કે ભ્રૂણ હત્યાના બનાવો વ્યાપક પ્રમાણમાં બની રહ્યાં છે. ગર્ભનો નાશ કરવો ગુનો બને છે.

ભારતીય દંડ સંહિતાની કલમ 312 મુજબ કોઇ વ્યક્તિ સ્વેચ્છાથી સ્ત્રીનો જાન બચાવવાના હેતુથી ગર્ભપાત શુદ્ધ બુદ્ધિપૂર્વકનો ન હોય તો તેના માટે 3 વર્ષની કેદ અને દંડની જોગવાઈ કરવામાં આવે છે. ગર્ભમાં બાળક ફરકતું થાય પછી ગર્ભપાત કરવામાં આવે તો કલમ 313 મુજબ આવી શિક્ષા 7 વર્ષ સુધી કેદ અને દંડ બંને પ્રકારની હોય છે. જો સ્ત્રીની સંમતિ વગર આવો ગર્ભપાત કરવામાં આવે તો કલમ 314 મુજબ તેને 10 વર્ષની કેદ અને દંડની શિક્ષા કરી શકાય છે. ગર્ભવતી સ્ત્રીને બાળક જીવતું ન જન્મે અથવા બાળક જન્મ બાદ મરી જાય તેવા ઈરાદાથી આવું કાર્ય કરે તો તેને 10 વર્ષની કેદ અને દંડ થઈ શકે. જો આ કાર્યમાં માતાનો જાન બચાવવાના હેતુથી શુદ્ધબુદ્ધિથી કરવામાં આવે તો કલન 315/316 હેઠળ એક બચાવ છે. બાળક જીવિત રહે પછી એનું જે વ્યક્તિ મોત નિપજાવે તો કલમ 300 હેઠળ બાળ હત્યા માટે ગુનેગાર ઠરે છે. આપણાં દેશમાં અનેક બાળકીઓની ગર્ભમાં હત્યા થાય છે, તેને કારણે સ્ત્રીઓનો વસતિ દર ઘટી ગયો છે. 1990માં દર હજારે પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા 972 ની હતી તે ઘટીને 1991માં 927 ની થઈ છે. આના કારણોમાં ભ્રૂણહત્યા, અપૂરતી કાળજી અને અત્યાચારને જવાબદાર ઠેરવી શકાય.

કન્યા જન્મની અવગણનાને કારણે સ્ત્રીઓની સંખ્યામાં ઘટાડો થતો રહે છે જે સ્ત્રીના અસ્તિત્વ માટે ભયજનક છે. કેટલાંક કિસ્સાઓમાં તો સ્ત્રીનો પતિ, સાસું સસરા અને અન્ય સગાઓ દબાણ કરીને ગર્ભપાત કરાવવા ફરજ પાડતા હોય છે. જો સ્ત્રી આવું કૃત્ય ન કરે તો તેના માટે આઘાતજનક, પીડાકારક ત્રાસ અને અપમાનનો સામનો કરવો પડે છે, જેને લીધે સ્ત્રીના માતૃત્વને ઠેસ પહોંચે છે.

ધી મેડિકલ ટર્મિનેશન ઑફ પ્રેગનન્સી એક્ટ 1971ની કલમ 3 મુજબ ભારતીય દંડ સંહિતામાં સમાવિષ્ટ હોય છે છતાં રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરે આ અધિનિયમમાં જણાવેલ જોગવાઈઓ અનુસાર ગર્ભનો અંત આણ્યો હશે તો ઈન્ડિયન પીનલ કોડ હેઠળના કોઇ પણ ગુના માટે તત્કાલીન પ્રવર્તમાન કાયદા હેઠળ ગુના માટે ગુનેગાર ઠરશે નહીં. ગર્ભનો સમય બાર અઠવાડિયા કરતાં વધુ ન

હોય એવો અભિપ્રાય બે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરો માનતા હોય તો આવા ગર્ભનો અંત લાવી શકાય. આવા પ્રેક્ટિશનરો એમ આપતાં હોય કે ગર્ભ ચાલુ રહેવાથી સ્ત્રીની જિંદગી જોખમમાં છે અથવા તેની શારીરિક-માનસિક તંદુરસ્તીને ગંભીર ઈજા થાય તેમ હોય અથવા જો બાળક જન્મે તો શારીરિક-માનસિક અસામાન્યતા ધરાવતું હશે કે અપંગ બની જશે તો પણ સ્ત્રીના ગર્ભનો અંત લાવી શકાશે. પતિ-પત્ની ગર્ભનિરોધક સાધનો વાપરવા છતાં પણ સાધનોની નિષ્ફળતાના લીધે ગર્ભ રહે અથવા તો વણજોઇતી ગર્ભાવસ્થાથી સ્ત્રીને શારીરિક-માનસિક દુઃખ થશે અને તેની તંદુરસ્તીને ઈજા થશે એમ માનવામાં આવશે. કોઇ સ્ત્રીને પુરુષના બળાત્કારથી ગર્ભ રહ્યો હોય તો પણ શારીરિક માનસિક દુઃખથી ગર્ભનો અંત લાવતા પહેલાં સંપૂર્ણ તપાસ કરવી જોઇએ. જો સ્ત્રીએ 18 વર્ષ પૂરાં કર્યા હોય પણ તે સ્ત્રી પાગલ હોય તો તેના ગર્ભનો અંત તેના વાલીની લેખિત સંમતિ વગર લાવી શકાશે નહીં. કોઇ પણ સ્ત્રીના ગર્ભનો અંત તે સ્ત્રીની સંમતિ વગર લાવી શકાશે નહીં.

ગર્ભનો અંત સરકારી હોસ્પિટલમાં અથવા તો આ કાયદાના હેતુ માટે મુકરર કરેલ જગ્યાએ જ લાવવો જોઇએ. આ કાયદાના અમલ માટે રાજ્ય સરકારે નિયમો બનાવ્યા છે. આવા નિયમોનું ઉલ્લંઘન કરનારને દંડ થાય છે. જ્યારે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર શુદ્ધ બુદ્ધિપૂર્વક એવો અભિપ્રાય ધરાવતો હોય કે ગર્ભવતી સ્ત્રીની જિંદગી બચાવવા માટે તેના ગર્ભનો તાત્કાલિક અંત લાવવો જરૂરી છે. તો તે કલમ 4 અને 3ની પેટા કલમ (2) તેવી સ્ત્રીને લાગુ પડશે નહીં. ગર્ભનો અંત લાવનાર મેડિકલ પ્રેક્ટિશનર સિવાયની કોઇ વ્યક્તિ હોય તો તેવી વ્યક્તિને ઇન્ડિયન પીનલ કોડની જોગવાઈઓ હેઠળ ગુનેગાર ઠરશે.

સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ ખાતા તરફથી પ્રિનેટલ ડાયોગ્નોસિસ ટેકનિક્સ એક્ટ 1994 પૂર્વે પ્રસૂતિ નિદાન પરીક્ષણ અધિનિયમ હેઠળ 1996થી અમલમાં મૂકવામાં આવ્યો છે. જે અંતર્ગત ભૃણની જાતિ નક્કી કરવા માટે સ્ત્રી ભ્રૂણના ગર્ભપાત માટે એમ્નિઓ એન્ટેસિસ, અલ્ટ્રા સોનોગ્રાફી વગેરે તબીબી નિદાનની પદ્ધતિઓનો ઉપયોગ ગેરકાનૂની છે. આ કાયદા અંતર્ગત આખા ભારતમાં સંસ્થાઓ, હૉસ્પિટલો નર્સિંગ હોમ વગેરેએ ગર્ભ પરીક્ષણ માટેની મંજૂરી માટે અરજી કરવી આવશ્યક છે. માન્યતા મેળવ્યા વગર પરીક્ષણ કરનાર ગુનેગાર ઠરે છે. પ્રથમવાર ગુનેગાર બનનારને ત્રણ વર્ષની સજા અને રૂ. 10,000 નો દંડ, અને બીજીવાર ગુનેગાર બનનારને પાંચ વર્ષની સજા અને રૂ. 50,000 નો દંડ નક્કી કરવામાં આવ્યો છે. આમ છતાં અનેક સરકારી હૉસ્પિટલોમાં નર્સિંગ હોમમાં અંદરખાનેથી ગર્ભપાત થતાં જ રહે છે. આવા કાનૂનનો અમલ કડક બને તો જ ભ્રૂણહત્યા ઓછી થશે. આમ, નહીં થાય તો સ્ત્રીઓ ઉપર થતા અત્યાચારો વધશે અને સ્ત્રીઓની સંખ્યા ઉત્તરોત્તર ઘટતી જશે. સ્ત્રીઓ તરફ આચરવામાં આવતી ભ્રૂણહત્યાઓ અને અન્ય અત્યાચારો પાછળ સ્ત્રીનું માનસ, રૂઢિગત અને પરંપરાગત વલણ, પુરુષ પ્રધાન વલણોને જવાબદાર માનવામાં આવે છે. વારંવારનો ગર્ભપાત સ્ત્રીના આરોગ્યને જોખમમાં મૂકે છે.

**વૃદ્ધાઓ પ્રત્યે દુર્વ્યવહાર :**

સંયુક્ત કુટુંબના વિઘટનને કારણે આ સમસ્યા સર્જાઈ છે એક સમયે વૃદ્ધાઓ કુટુંબમાં અને સમાજમાં માન અને મોભા સાથે જીવતી હતી અને કુટુંબમાં જરૂર જણાય ત્યાં માર્ગદર્શન અને સલાહસૂચન આપવાની અગત્યની ભૂમિકા ભજવતી અને ઘરમાં સૌની સેવા પામતી હતી, પરંતુ સમય પરિવર્તનની સાથે આવા વલણમાં પરિવર્તન આવ્યું છે. અનેક કુટુંબોમાં વૃદ્ધાઓને નકામી ગણીને તેમની સાથે દુરાચારો આચરવામાં આવે છે તેમની જરૂરિયાત પરત્વે દુર્લક્ષ સેવાય છે. કેટલાંક શિક્ષિત પુત્રો અને પુત્રવધૂઓ વૃદ્ધાની સૂચનાઓ અવગણીને તેમનું અપમાન કરે છે. આર્થિક બોજારૂપ માનીને તેમની સેવા-ચાકરી કરવામાં નાનમ અનુભવે છે તેમને અલગ રાખવામાં આવે છે અથવા વૃદ્ધાશ્રમમાં મોકલી આપવામાં આવે છે. વૃદ્ધા માટે આવું જીવન યાતનામય બની જાય છે અને તેમની સલામતી જોખમાય છે. આવી સમસ્યાને દૂર કરવા માટે યુવાન પેઢી અને વડીલોની પેઢીનો દૃષ્ટિકોણ અને વલણમાં પરિવર્તન લાવવાની જરૂર છે.

**વિશ્વાસભંગ :**

લગ્ન સમયે પત્નીને ભેટ આપેલ વસ્તુઓ અને મિલકત સ્ત્રી ધન છે. જ્યારે પત્નીને કાઢી મૂકવામાં આવે ત્યારે તેને આવી મિલકત આપવામાં ન આવે તો તે ગુનો બને છે. ભારતીય દંડ સંહિતાની કલમ 406 હેઠળ ગુનાહિત વિશ્વાસભંગનો ગુનો બને છે. આ માટે પોલીસમાં અથવા મેજિસ્ટ્રેટ સમક્ષ ફરિયાદ કરી શકાય છે. આવા ગુના માટે 3 વર્ષની કેદ અને દંડની જોગવાઈ કરેલી છે. જરૂરી પુરાવાના અભાવે આવા દાવાઓ ચાલતા નથી.

**અશ્લીલતા :**

આ ઉપરાંત સ્ત્રીની અશ્લીલતાનું પ્રદર્શન વિવિધ માધ્યમો દ્વારા કરવામાં આવે છે. એને લગતાં પુસ્તકો, સાહિત્ય, ચોપાનિયાઓ મારફત તેનું અંગપ્રદર્શન કરાય છે. આવા સાહિત્ય પર પ્રતિબંધ મૂકવા માટે ઇન્ડીસન્ટ રેપ્રીઝેન્ટેશન ઑફ વિમેન (પ્રોહિબિશન) એક્ટ 1986 ઘડવામાં આવેલ છે જેનું ઉલ્લંઘન કરનારને 2 વર્ષની કેદ રૂ. 2000 દંડની જોગવાઈ કરવામાં આવી છે. બીજી વાર ગુનેગાર ઠરે તો પાંચ વર્ષની કેદ અને રૂ. 10,000 નો દંડ અને જો કોઈ કંપની દોષિત ઠરે તો તેનું સંચાલન કરનારને દોષિત ગણીને શિક્ષા કરી શકાય છે.

સ્ત્રીના દેહના પ્રદર્શન દ્વારા પુરુષોની વાસના જાગૃત થાય છે, પરિણામે સ્ત્રીઓ પરના અત્યાચારો વધે છે અને દુરૂપયોગ વધે છે તે પરત્વે જાગૃતિ કેળવવાની જરૂર છે. સમાજમાં જોવા મળતી બદીઓ દૂર કરવામાં આવશે તો જ તંદુરસ્ત સમાજનું નિર્માણ થઇ શકશે.

આમ, આવી અનેક પ્રકારની હિંસાઓ સ્ત્રીઓ પરત્વે આચરવામાં આવે છે. હિંસાનો શિકાર બનતી મહિલાઓ સામાન્ય રીતે અસહાયતા, સત્તાવિહીનતા, પરોપકારની વૃત્તિ, તણાવપૂર્ણ પરિસ્થિતિ, સંતાનો તથા માતા-પિતા વચ્ચેના સંબંધો, ભગ્ન ઘર, સામાજિક અપરિપક્વતા, વિકૃત વ્યક્તિત્ત્વ, શારીરિક માનસિક બીમારી, વ્યસન અને મદ્યપાનના કારણે તથા પરિસ્થિતિજન્ય પરિબળોને કારણે સ્ત્રીઓ હિંસાનો ભોગ બને છે.

હિંસાનો ભોગ બનતી મહિલાઓ ખિન્નતા અનુભવે છે. આત્મ સન્માનના અભાવને લીધે શારીરિક માનસિક બીમારી, વ્યક્તિત્વના દોષો, પરિવારના તણાવપૂર્ણ સંબંધો, વ્યસન, કુશળતા અને ચપળતાનો અભાવ, સમાયોજનની સમસ્યા અનુભવે છે.

ધનની લોલુપતા, સત્તા પ્રાપ્ત કરવી, ભોગવિલાસ, અપરાધીવૃત્તિ, તણાવપૂર્ણ કૌટુંબિક પરિસ્થિતિ તથા હેરાન કરવાના હેતુથી સ્ત્રીઓ પર અત્યાચારો કરવામાં આવે છે.

**કારણો :**

સ્ત્રીઓ પર હિંસા કરવાના કારણો નીચે મુજબ છે :

1. પરિસ્થિતિજન્ય કારણોને લીધે સ્ત્રીઓ પર હિંસા કરવામાં આવે છે. આમાં માતા-પિતા અને સંતાનો વચ્ચેના સંબંધો કૌટુંબિક પરિસ્થિતિ મહત્ત્વનો ભાગ ભજવે છે.
2. મદ્યપાન અને નશીલા દ્રવ્યોના સેવનને કારણે સ્ત્રીઓ તરફ હિંસાનું પ્રમાણ વધે છે.
3. વ્યક્તિત્વની ખાસિયતોને કારણે અને માનસિક બીમારીના કારણે સ્ત્રીઓ પર અત્યાચારો થાય છે.
4. વેરભાવ કે બદલો લેવાની વૃત્તિની કારણે સ્ત્રીઓ પ્રત્યે હિંસા આચરવામાં આવે છે.
5. ખોટા પ્રલોભનોને કારણે અને લોભામણી જાહેરાતોને લીધે લાચારી અનુભવતી સ્ત્રીઓ અત્યાચારનો ભોગ બને છે.
6. એકલતાનો લાભ લઈ સ્ત્રીઓ પ્રત્યે હિંસા આચરવામાં આવે છે.
7. જો વ્યક્તિ પર નાનપણમાં હિંસાત્મક વ્યવહાર આચરવામાં આવ્યો હોય તો વ્યક્તિ મોટી થાય ત્યારે તેવો વ્યવહાર બીજા પ્રત્યે આચરે છે. એટલે કે ભૂતકાળના અનુભવો પણ સ્ત્રીની હિંસા માટે જવાબદાર ગણાય છે.

8. કેટલાંક આર્થિક-સામાજિક કારણો હિંસા માટે જવાબદાર ગણાય છે.

હિંસાપૂર્ણ વ્યવહાર માટે સૈદ્ધાંતિક બાબતોમાં સમષ્ટિવાદી અભિગમ, સામાજિક બંધનો અગત્યનો ભાગ ભજવે છે. મનોચિકિત્સકો વ્યક્તિની વિશેષતાઓને મહત્ત્વ આપે છે. સામાજિક મનોવૈજ્ઞાનિક વિચારધારા તણાવપૂર્ણ પરિસ્થિતિને મહત્ત્વ આપે છે, તેમજ બાહ્ય વાતાવરણના કારણોના આક્રમણ પર પ્રભાવ પાડે છે. સમાજશાસ્ત્રીય વિચારધારા અપરાધી હિંસાનું બૃહદ્ સ્તરે વિશ્લેષણ કરે છે. આ ઉપરાંત હિંસાની પેટા સંસ્કૃતિનો સિદ્ધાંત શિક્ષણનો સિદ્ધાંત, એમોમીનો સિદ્ધાંત અને સંસાધન સિદ્ધાંત પણ સામાજિક સાંસ્કૃતિક વિશ્લેષણના ક્ષેત્રમાં આવે છે.

મહિલાઓ ઉપર થતાં અત્યાચારો કુટુંબની અંદર અને કુટુંબની બહાર થતા હોય છે. આવી હિંસાઓ કોઇના દ્વારા કોઇની વિરુદ્ધ કરવામાં આવે છે. વ્યક્તિના પરસ્પરના વ્યવહારો પણ આવા અત્યાચારોમાં અગત્યનો ભાગ ભજવે છે. મહિલાઓના ઉતરતા સ્થાનને આના માટે જવાબદાર માનવામાં આવે છે.

**અપરાધનો ભોગ બનનાર સ્ત્રીઓ તરફ માનવતાલાદી અભિગમો :**

અત્યાચારનો ભોગ બનેલી સ્ત્રીઓ તરફ કુટુંબીજનોએ માનવતાભર્યું વર્તન કરવું જોઇએ, તેના બાળકો પ્રત્યે સહાનુભૂતિ દાખવી સાર સંભાળ લેવી જોઇએ. માર્ગદર્શન કેન્દ્રોમાં આવી સ્ત્રીઓની ફરિયાદ સાંભળીને યોગ્ય ન્યાય મળે તે માટેની કાર્યવાહી કરવી જોઇએ.

અપરાધીઓનો બહિષ્કાર કરવો જોઇએ અને તેની સામે સખ્ત કાનૂની કાર્યવાહી કરવી જોઇએ. જનસંચાર માધ્યમો દ્વારા કરવામાં આવતાં સ્ત્રીઓના દેહપ્રદર્શનને રોકવા જોઇએ. આવી સ્ત્રીઓને માન-સન્માન મળે તેવા પ્રકારના કાર્યક્રમો ગોઠવવા જોઇએ. ખોટા ધર્મોપદેશો સામે સ્ત્રીઓએ બંડ પોકારવું જોઇએ. સ્ત્રીઓને ક્ષેત્ર કાર્ય કરતી સંસ્થાઓએ અત્યાચારનો ભોગ બનેલી સ્ત્રીઓને માટે રહેઠાણની સુવિધા પૂરી પાડવી જોઇએ. શોષણનો શિકાર બનેલી સ્ત્રીઓને માટે ખાસ અદાલતોની સ્થાપના કરવી જોઇએ. આવી અદાલતોએ સ્ત્રીઓના તમામ પ્રકારના અત્યાચારોને અટકાવવા માટેની સક્રિય કાર્યવાહી કરવી જોઇએ. કારણ કે, સ્ત્રીઓ, સ્ત્રીઓ સમક્ષ પોતાની આપવીતી સહેલાઇથી કહેતી હોય છે એને કારણે સ્ત્રીઓની સમસ્યા સહેલીઈથી સમજી શકાય છે. સ્વૈચ્છિક સંસ્થાઓએ માર્ગદર્શન કેન્દ્રો ખોલીને અત્યાચારનો ભોગ બનેલી સ્ત્રીઓને નિઃશૂલ્ક કાનૂની સહાયતા પૂરી પાડવી જોઇએ. સ્ત્રીઓની બાબતમાં માતા-પિતાએ અને સાસરિયાઓએ પોતાના વિચારોમાં પરિવર્તન લાવવું જોઇએ. આવી સ્ત્રીઓના કલંક દૂર કરવા માનવતાવાદી અભિગમ અપનાવવો જોઇએ. સ્ત્રીઓએ પણ અત્યાચારોની આગળ નમતું ન જોખવું જોઇએ. પોતાનું અને પોતાના સંતાનોનું લાલન પાલન કરવાની જવાબદારીઓનો હિંમતભેર સામનો કરવો જોઇએ. મહિલાઓએ પોતાના અધિકારો મળે તે માટે નવી ભૂમિકા સ્વીકારવા તૈયાર રહેવું જોઈએ અને પોતાના જીવન પ્રત્યે આશાવાદી દૃષ્ટિકોણ અપનાવવો જોઇએ. સરકારી અને સ્વાયત્ત સંસ્થાઓએ આવી સ્ત્રીઓને તેની આવડત પ્રમાણે શિક્ષણ અને તાલીમ આપીને તૈયાર કરીને સ્વનિર્ભર બને તે દિશામાં પ્રયાસો કરવાની તાતી જરૂરિયાત છે.

## 6. સ્ત્રી સમસ્યાઓ અને અત્યાચારોને રોકવાના ઉપાયો

સ્ત્રીઓ ઉપર અત્યાચારો ગુજારવાનું એક કારણ આપણી સંયુક્ત કુટુંબ વ્યવસ્થા છે. સાસરિયા પુત્રવધૂ ઉપર ત્રાસ ગુજારવાનું અધમ કૃત્ય કરવાની હલકી મનોવૃત્તિ દાખવે છે અને દહેજને કારણે પુત્રવધૂ પર ત્રાસ ગુજારે છે, તેવા સંજોગોમાં સ્ત્રીએ આવા સંયુક્ત કુટુંબથી અલગ રહેવાની વ્યવસ્થા કરવી જોઇએ. કુટુંબની અન્ય વ્યક્તિઓ સ્ત્રી ઉપર અત્યાચાર ન ગુજારે તેનું ધ્યાન રાકવું જોઇએ. સંયુક્ત કુટુંબ પ્રથા ન હોવી જોઇએ. સ્ત્રીએ પોતાની લઘુતાગ્રંથિ છોડીને બહાર આવવું જોઇએ. મક્કમતાથી પુરુષોનો સામનો કરવો જોઇએ. એ માટેની તમામ ધાર્મિક માન્યતાઓથી અને આદેશોથી સ્ત્રીઓએ મુક્ત થઈ જવું જોઇએ.

સ્ત્રી એ સ્ત્રીની દુશ્મન નહીં બનતા મિત્ર બનીને મદદ કરવી જોઇએ. પરસ્પર સમજાવટથી કાર્ય કરવું જોઇએ. સ્ત્રીઓ પ્રત્યેની અસમાનતા દૂર કરવી જોઇએ. સ્ત્રી પોતે પુરુષ સમોવડી છે એવી ભાવના વિકસાવવી જોઇએ. સ્ત્રીઓએ જાગૃત થઇને પુરુષોની જંજીરોને તોડીને આગળ વધે એ માટે સ્ત્રીની શક્તિને પ્રોત્સાહિત કરવી જોઇએ. સામાજિક ઉત્કર્ષમાં તેઓનો ઉપયોગ કરવો જોઇએ, તો જ સ્ત્રીના અત્યાચારો ઘટશે. આજની ફિલ્મોમાં નારી પ્રધાનતાને સ્થાન આપવું જોઇએ. જાહેર ક્ષેત્રોમાં સ્ત્રીને સ્થાન આપીને તેની શક્તિને ઓળખીને બહાર લાવવાનો પ્રયાસ કરવો જોઇએ. સ્ત્રીઓ પર થતાં અત્યાચારો રોકવા માટે સમાજના મૂલ્યો, રૂઢિઓ અને સંસ્કૃતિને પડકારવી પડશે. દરેક ક્ષેત્રે સ્ત્રી સમાનતાના પર્યાયો શોધવા પડશે. આગામી દાયકામાં બાળકીઓ પ્રત્યે વધુ જાગૃત રહેવું પડશે, તો જ આપણે નિરંતર અથવા ટકાઉ વિકાસને હાંસલ કરી શકીશું. સ્ત્રીઓની જાહેર સંસ્થાઓએ સ્ત્રીનો વિકાસ થાય તે દિશામાં કાર્યવાહી કરવાની જરૂર છે.

સ્ત્રીઓ તરફી કાનૂનોમાં સુધારો કરવો જોઇએ. સ્ત્રીને થતાં અન્યાયો સામે સમાજમાં આંદોલનો ચલાવવા જોઇએ. સ્ત્રીઓને લાભ થાય તેવા પ્રયાસો કરવા જોઇએ. દરેક વાલીએ પુત્ર-પુત્રીની વચ્ચે ભેદ ન રાખવો જોઇએ. સ્ત્રીએ સ્વાવલંબી બનવા માટે આત્મવિશ્વાસ કેળવવો પડશે. તેમનું પોતાનું વ્યક્તિત્વ બહાર આવે એવા પ્રયાસો આચરવા જોઇએ. પુત્ર-પુત્રીને એક જ માપદંડથી જોવા જોઇએ. એમના ઉછેરમાં ભેદભાવ ન રાખવો જોઇએ, તો જ સમાજનો સમતોલ, ભેદભાવરહિત, પૂર્વગ્રહમુક્ત વિકાસ થઇ શકે. સ્ત્રીની શક્તિને ઓળખીને સત્તા અને સામર્થ્યમાં ભાગીદાર બનાવવી જોઇએ. સ્ત્રીને ઉતરતી કક્ષાનો દરજ્જો ન મળે એને માનવી તરીકે તેની ગણના થાય તેવા પ્રયાસો ધરવા જોઇએ.

સંયુક્ત રાષ્ટ્ર સંઘે માનવ અધિકારો વિશે જે ઢંઢેરો સ્વીકાર્યો છે, તેમાં જાતિ, વર્ણ, લિંગ, ભાષા અને અન્ય દરજ્જાનો ભેદ વિના સર્વનું રક્ષણ થાય દરેકને જિંદગીની સ્વતંત્રતા, સ્વાસ્થ્ય, શિક્ષણ અને સલામતીનો અધિકાર છે. કોઇ વ્યક્તિ અત્યાચાર સહન ન કરે જેની પ્રત્યે અત્યાચાર થયો હોય તેવી સ્ત્રી સાથે માનવીય વ્યવહાર કરવો જોઇએ. આજે આઝાદીના પાંચ છ દાયદા પછી પણ સ્ત્રીની સાથે અન્યાય કરવામાં આવે છે તેવો વ્યવહાર ન કરવો જોઇએ. નૂતન સહસ્ત્રાબ્દીમાં સ્ત્રીની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પૂર્ણ થાય તેવું કાર્ય કરવાની દિશામાં આગળ વધવું જોઇએ, તો જ સ્ત્રીઓના અત્યાચારો ઓછા બનશે. સ્ત્રીઓને તેમના અધિકારોથી વંચિત રાખતા અને અસલામતી બક્ષતા સામાજિક દૂષણોને દૂર કરીને કાયદાકીય રક્ષણ મળે તેવું વ્યવસ્થાતંત્ર ગોઠવાય તો જ સ્ત્રીઓ પરત્વે હિંસાની સ્થિતિમાં સુધારો આવી શકશે. આ માટે સહિયારા પુરુષાર્થની જરૂર છે.

## 7 સ્ત્રી સમસ્યાઓના ઉકેલો

સ્ત્રીઓની સમસ્યાઓ અનેકવિધ છે, તે માટેના મૂળ ઘણા ઊંડા છે, જેની વિપરીત અશર સમાજ ઉપર અને સ્ત્રીના જીવન પર પડે છે. સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓના નિવારણના ઉપાયો નીચે પ્રમાણે છે.

1. **કાનૂની ઉપાયો :** કાનૂની ઉપાયો દ્વારા સ્ત્રી-પુરુષ સમાનતા સ્થાપવામાં આવી છે, પરંતુ વાસ્તવિક જીવનમાં ઘણી અસમાનતાઓ જોવા મળે છે તેને દૂર કરવાની જરૂર છે. બાળલગ્ન પ્રતિબંધક કાનૂન, હિન્દુ લગ્ન ધારો, સ્પેશ્યલ મેરેજ એક્ટ, હિંદુ વારસા ધારો, દહેજ પ્રતિબંધક ધારો, સમાન વેતન ધારો, પ્રસૂતિ રાહત કાનૂન જેવા અનેકવિધ કાયદાઓ ઘડવામાં આવ્યા છે. આવા કાયદાઓનું ચુસ્ત અને કડક પાલન કરવાની છે. સ્ત્રઓના દરજ્જા વિષયક રાષ્ટ્રીય સમિતિએ કાનૂની સહાય પૂરી પાડવાની ભલામણ કરી હતી. તે અન્વયે વિવિધ સમસ્યાઓનો ભોગ બનેલી મહિલાઓને માટે કાનૂની સલાહ અને માર્ગદર્શન આપતી શિબિરો અને કાર્યશાળાઓનું આયોજન કરવું જોઇએ. આવા કાયદાઓને લગતાં સાહિત્યને તૈયાર કરીને પ્રચાર-પ્રસાર કરવો જોઇએ. કૌટુંબિક અદાલતો દ્વારા સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓ ઉકેલવાના પ્રયાસો કરવાની જરૂર છે. સ્ત્રીઓના કલ્યાણ, રક્ષણ અને સલામતીને લગતાં કાનૂની પગલાં લેવાની જરૂર છે.

2. **શિક્ષણ દ્વારા જાગૃતિ :** સરકારે શૈક્ષણિક ઉત્કર્ષની વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. આવા કાર્યક્રમોમાં સ્ત્રીની વિવિધ સમસ્યાઓને રજૂ કરતાં પાઠ્યક્રમો તૈયાર કરીને તેનું શિક્ષણ આપવાની જરૂર છે. કેન્દ્ર અને રાજ્ય કક્ષાએ સ્ત્રીઓની સમાનતાના ઉકેલ માટે એક ખાસ સેલની રચના કરવાની જરૂર છે. આવા એકમો દ્વારા સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવે તેવી જોગાવઈ કરવાની જરૂર છે.

   અલ્પશિક્ષિત અને અશિક્ષિત સ્ત્રીઓની વ્યવસાયિક તાલીમ, કુટિર ઉદ્યોગ તથા ગૃહઉદ્યોગની તાલીમ પૂર્ણ સમય અથવા ખંડ સમય માટે મળે તેવી વ્યવસ્થા કરવાની જરૂર છે.

3. **આર્થિક-સામાજિક ઉપાયો :** જે સ્ત્રીઓ વિવિધ સમસ્યાઓનો ભોગ બની છે તેમનું સમાજમાં ફરી પુનઃ સ્થાપન થાય તેવા સઘન પ્રયાસો હાથ ધરવાની જરૂર છે. આવી સ્ત્રીઓને તાલીમ આપીને પોતાના પગ પર ઉપર ઊભા રહે તેવી વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે. જરૂરી ધિરાણ અને નાણાંકીય સુવિધા પણ આ માટે પૂરી પાડવાની જોગવાઇ કરવી જોઇએ. ઉદ્યોગો શરૂ કરી શકે તે માટે યોગ્ય પ્રોત્સાહનો અને પ્રલોભનો પૂરાં પાડવાની જરૂર છે.

   સમાજે પણ આવી સ્ત્રીઓને માટે યોગ્ય પગલાં જોઇએ. પોલીસ તંત્ર, સરદારી અમલદારો, સામાજિક કાર્યકરોએ આવી સ્ત્રીઓ પરત્વે સહાનુભૂતિ દાખવીને તેમની સમસ્યાઓને નિવારવામાં મદદરૂપ બનવાની જરૂર છે. આવી સ્ત્રીઓને સમાજમાં પ્રતિષ્ઠા, ગૌરવ અને આત્મ સન્માન મળે તેવા પ્રયત્નો કરવાની ખાસ જરૂર છે. જેથી સમાજમાં આવી સ્ત્રીઓ પોતાનું સ્થાન જાળવી રાખે અને પુનઃ સ્થાપિત થઇ શકે. પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ અને વિવિધ જનસંચાર કાર્યક્રમોમાં અનેકવિધ માધ્યમો દ્વારા સ્ત્રીઓની સમસ્યાઓ તેની ગંભીરતા અને સમાજ, કુટુંબ તથા રાષ્ટ્ર પર પડતી અસરોથી લોકોને પરિચિત કરાવવાની જરૂર છે, જેથી સમાજમાં સ્ત્રીઓને સમસ્યાઓની સાથે સાથે તેમના હક્કો, સવલતો, વિવિધ કલ્યાણકારી કાર્યક્રમોની જાણકારી આપવાની વ્યવસ્થા કરવાની ખાસ જરૂર છે. આવા ઉપાયો દ્વારા સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓ, સ્ત્રીઓ પર થતા સિતમો, અત્યાચારો રોકવામાં આવે તેવા પ્રયત્નો કરવાની જરૂર છે. સાથે સાથે સ્ત્રીઓએ પણ આવા અત્યાચારો અને સમસ્યાઓ પ્રત્યે માથું ઉંચકવાની જરૂર છે, જે સ્ત્રીઓ પુરુષો દ્વારા થતાં અત્યાચારો, સતામણી, અપહરણ, બળાત્કાર અને વેશ્યાખોરીનો ભોગ બની છે, તેઓએ પોતાની સામે થતાં અત્યાચારો અને અન્યાયો તરફ લોકજાગૃતિની ઝુંબેશો ચલાવવાની ખાસ જરૂર છે, જેથી સમાજની બીજી સ્ત્રીઓમાં આની જાગૃતિ આવે અને તેઓ ભવિષ્યમાં કોઇ પણ પ્રકારની સમસ્યાઓનો ભોગ બને નહીં. આવા અનેકવિધ ઉપાયો માટે સહિયારા પુરુષાર્થની જરૂર છે જેના દ્વારા સ્ત્રીઓની સમસ્યાઓનું નિવારણ લાવી શકાય તેવા ખાસ પ્રયાસો થવા જોઇએ.

## 8. સારાંશ

ટેકનોલોજી અને વિજ્ઞાનની હરણફાળને કારણે સમાજે તમામ ક્ષેત્રે પ્રગતિ કરી છે. પરંતુ સ્ત્રીની બાબતમાં પીછેહઠ કરી છે. બંધારણે સ્ત્રી-પુરુષના સમાન હક્ક અને અધિકારો આપ્યા છે, પરંતુ તેનો વ્યવહારિક અમલ થતો નથી. સ્ત્રી-પુરુષ સમાનતા જોવા મળતી નથી. વાસ્તવિક જીવનમાં સ્ત્રીઓને અનેક અસમાનતાઓ અને અન્યાઓનો ભોગ બનવું પડે છે.

આપણી સંસ્કૃતિમાં જોવા મળતી કેટલીક પ્રથાઓ પણ આને માટે જવાબદાર છે, જેવી કે પુરુષો અને વકીલોની સર્વોપરી સત્તા, સંયુક્ત કુટુંબ પ્રથાને કારણે ઊભી થતી સમસ્યાઓ, બાળલગ્નો, શિક્ષણનો અભાવ, બંધનકર્તા, રીતરસમોની વિપરીત અસર સ્ત્રીઓની જીવન પર પડતી હોય છે. આને કારણે સ્ત્રીઓની સમસ્યાઓ ઊભી થાય છે.

સ્ત્રીઓના જીવન પર અસર કરતી વિપરીત પરિસ્થિતિઓ, ધોરણો, મૂલ્યો, માન્યતાઓ,

અનિચ્છનીય ગણવામાં આવતી હોય તેમજ તેના નિવારણ માટે સામૂહિક પગલાં લેવાતાં હોય તેવી પરિસ્થિતિને સ્ત્રીઓની સમસ્યાઓ કહેવાય છે.

સ્ત્રીઓની સમસ્યાઓ એટલે પુરુષની તુલનામાં સ્ત્રીઓને નીચા સ્થાન અને દરજ્જાને સૂચિત કરતી સમસ્યાઓ, આવી સમસ્યાઓમાં સ્ત્રીઓનું ઓછું પ્રમાણ, ભ્રૂણ હત્યા, નિરક્ષરતા, અસમાનતા, કૌટુંબિક સમસ્યાઓ માટે સાંસ્કૃતિક બાબતો અને ધ્યેયો સામાજિક પરિવર્તન, સ્ત્રીનું વ્યક્તિત્વ પણ જવાબદાર હોય છે. આર્થિક પરાધીનતા, નિરક્ષરતા પણ સ્ત્રીની સમસ્યાનું કારણ બને છે. આમ વિવિધ પરિસ્થિતિઓ સ્ત્રીની સમસ્યા માટે કારણભૂત બને છે.

## 9. એકમ સ્વાધ્યાય

1. સ્ત્રી સમસ્યાનો અર્થ જણાવો.
2. સ્ત્રી સમસ્યાના સ્વરૂપો જણાવો.
3. સ્ત્રી સમસ્યાના વિવિધ પ્રકાર જણાવો.
4. સ્ત્રીની દહેજની સમસ્યા ટૂંકમાં જણાવો.
5. વેશ્યાવૃત્તિને નિયંત્રણ કરવાના ઉપાયો જણાવો.
6. વેશ્યાવૃત્તિની લાક્ષણિકતાઓ જણાવો.
7. વેશ્યાવૃત્તિની લાક્ષણિકતાઓ જણાવો.
8. વેશ્યા વ્યવસાયની અસરો જણાવો.
9. વેશ્યાવૃત્તિને અટકાવવાના ઉપાયો જણાવો.
10. આત્મહત્યાનો અર્થ જણાવો.
11. આત્મહત્યાનાં કારણો જણાવો.
12. આત્મહત્યાના પ્રકારો જણાવો.
13. આત્મહત્યાના ખરાબ પરિણામો જણાવો.
14. આત્મહત્યાની લાક્ષણિકતાઓ જણાવો.
15. આત્મહત્યાનું સ્વરૂપ જણાવો.
16. આત્મહત્યાની રીતો જણાવો.
17. આત્મહત્યાની સમસ્યાનું નિવારણ કરવાના ઉપાયો જણાવો.
18. જાતિય સતામણી ટૂંકમાં જણાવો.
19. સ્ત્રી સમસ્યાઓ અને અત્યાચારોને રોકવાના ઉપાયો જણાવો.
20. સ્ત્રી સમસ્યાઓના ઉકેલો જણાવો.

## 10. તમારી પ્રગતિ ચકાસો

તમારા ઉત્તરો આપેલી લાઇનમાં લખો.

1. સ્ત્રી સમસ્યાનો અર્થ જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

.................................................................

.................................................................

2. સ્ત્રી સમસ્યાના વિવિધ પ્રકારોના નામ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

3. સ્ત્રીની દહેજની સમસ્યા ટૂંકમાં જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

4. વેશ્યાવૃત્તિની લાક્ષણિકતાઓ કોઈ પણ ત્રણ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

5. વેશ્યાવૃત્તિને નિયંત્ર કરવાના ઉપાયો કોઈ પણ ત્રણ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

6. વેશ્યાવૃત્તિના કોઈ પણ ત્રણ કારણો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

..................................................................

..................................................................

7. વેશ્યાવૃત્તિની કોઇ પણ ત્રણ અસરો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................